
या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥



[આ યંત્રના નિત્ય દર્શનથી સર્વ આધિ, વ્યાધિ, ઉપાધિ ટળે છે]

શ્રીમદ્ દેવી ભાગવત ખંડ ૧-૨ સંપૂર્ણ : ત્રીસ રૂપિયા

# શ્રીમદ્ દેવીભાગવત
સચિત્ર ખંડ ૧-૨ સંપૂર્ણ


શ્રી દેવી ભાગવત માહાત્મ્ય .... ૩૩

| અધ્યાય | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | માહાત્મ્ય .... | ૩૩ |
| ૨ | વસુદેવને મળેલું ભાગવતશ્રવણનું ફળ | ૩૬ |
| ૩ | દેવીભાગવત શ્રવણ કરનાર સદ્યુમ્નને કાયમી પુરુષપણું મળ્યું .... | ૪૧ |
| ૪ | પાંચ વાર શ્રી દેવી ભાગવત સાંભળવાથી આદર્શ પુત્રની પ્રાપ્તિ .... | ૪૪ |
| ૫ | દેવીભાગવત શ્રવણ કરવાનો વિધિ .... | ૪૮ |


## શ્રીમદ્ દેવી ભાગવત : ખંડ પહેલો


શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ પહેલો .... ૫૩

૧ ઋષિઓનો પુરાણ અંગે પ્રશ્ન .... ૫૪
૨ ગ્રન્થોની સંખ્યા વિષય-કથન સહિત ૫૫
૩ પુરાણો અને વ્યાસોના નામ .... ૫૭
૪ શુકના જન્મનું વૃત્તાંત .... ૫૯
૫ હયગ્રીવની કથા .... ૬૨
૬ યુદ્ધ માટે મધુ-કૈટભની તત્પરતા .... ૬૭
૭ બ્રહ્માએ કરેલી ભગવતીની સ્તુતિ .... ૬૯
૮ સર્વ ભુતોમાં શક્તિ જ સર્વોત્કૃષ્ટ છે ૭૨
૯ મધુ-કૈટભ દાનવોનો વધ ... ૭૩
૧૦ શિવે વ્યાસને પુત્ર માટે આપેલું વરદાન ૭૬
૧૧ બુધની ઉત્પત્તિનું વર્ણન ... ૭૭
૧૨ પુરૂરવા અને ઈલાનું વૃત્તાંત ... ૮૦
૧૩ ઉર્વશી ચરિત્ર .... ૮૨
૧૪ શુકદેવજીની ઉત્પત્તિ અને ગૃહસ્થધર્મ ૮૪
૧૫ વ્યાસપુત્ર શુકદેવનો વૈરાગ્ય ... ૮૬
૧૬ શુકદેવજીને પુરાણનો ઉપદેશ ... ૮૮
૧૭ મિથિલા નગરીમાં શુકદેવજી ... ૯૦
૧૮ શુકદેવજીને જનક રાજાનો ઉપદેશ ... ૯૧
૧૯ શુકદેવજીનો શુભ વિવાહ ... ૯૩
૨૦ વ્યાસ મુનિએ કરેલાં કાર્યો .... ૯૫

શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ બીજો .... ૯૯

૧ મત્સ્યગંધાના જન્મનું વૃત્તાંત ... ૧૦૦
૨ વ્યાસજીનો જન્મ ... ૧૦૨
૩ વસુઓને વસિષ્ઠ મુનિનો શાપ ... ૧૦૪
૪ આઠ વસુઓનો જન્મ ... ૧૦૭
૫ સત્યવતી સાથે શાંતનુનો વિવાહ .... ૧૦૮
૬ પાંડવોની ઉત્પત્તિનું વૃત્તાંત .... ૧૦૯
૭ પાંડવાખ્યાન .... ૧૧૩
૮ પરીક્ષિત રાજાનું વૃત્તાંત .... ૧૧૬
૯ રુરુ મુનિનું વૃત્તાંત .... ૧૧૮
૧૦ તક્ષક નાગનું આગમન .... ૧૧૯
૧૧ જનમેજયે યોજેલો સર્પયજ્ઞ .... ૧૨૧
૧૨ શ્રીમદ્ ભાગવત પુરાણનું માહાત્મ્ય ૧૨૨

શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ ત્રીજો .... ૧૨૫

૧ જગદંબિકા કોણ ? ... ૧૨૬
૨ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ને ભગવતી ... ૧૨૭
૩ બ્રહ્માદિને જગદંબિકાના દર્શન ... ૧૨૮
૪ વિષ્ણુએ કરેલી ભુવનેશ્વરી દેવીની સ્તુતિ ૧૩૧
૫ શિવ-બ્રહ્માએ કરેલી મહેશ્વરીની સ્તુતિ ૧૩૩
૬ ભગવતી બ્રહ્માનો ઉપદેશ ... ૧૩૪
૭ ત્રણ ગુણોના સ્વરૂપનો વિસ્તાર ... ૧૩૭
૮ ગુણોનાં સ્વરૂપની સ્તુતિ ... ૧૩૯
૯ ગુણોનાં વધારે લક્ષણો ... ૧૪૦
૧૦ વાગ્બીજનો અપૂર્વ મહિમા ... ૧૪૨
૧૧ સત્યવ્રતે પ્રાપ્ત કરેલી સિદ્ધિ ... ૧૪૫
૧૨ દેવી અંબાના યજ્ઞનો વિગેરે ... ૧૪૭

૧૩ આકાશવાણીનો આદેશ ... ૧૫૦
૧૪ રાજગાદી માટે યુદ્ધ .... ૧૫૨
૧૫ યુધાજિત તથા વીરસેન યુદ્ધે ચડયા ૧૫૪
૧૬ યુધાજિત ભરદ્વાજના આશ્રમમાં ... ૧૫૬
૧૭ સુદર્શનને મળેલું કામબીજ ... ૧૫૭
૧૮ સુદર્શન માટે શશિકલાની કામના ... ૧૬૦
૧૯ સ્વયંવરમાં સુદર્શનનું આગમન ... ૧૬૨
૨૦ રાજકન્યા શશિકલાનો અડગ નિશ્ચય ૧૬૪
૨૧ યુધાજિતના ક્રોધે માઝા મૂકી ... ૧૬૬
૨૨ સ્વયંવરમાં વિઘ્ન [illegible]
૨૩ દેવીએ પ્રકટ થઈ સુદર્શનનો બચાવ [illegible]
૨૪ દુર્ગાદેવીનો મહિમા અને કાશીમાં [illegible]
૨૫ અયોધ્યામાં દુર્ગાદેવીની સ્થાપના — [illegible]
૨૬ નવરાત્ર વ્રતનો પૂર્ણ વિધિ — [illegible]
૨૭ નવરાત્રનું મહાત્મ્ય — [illegible]
૨૮ નવરાત્ર વ્રત અને રામાયણ કથા — [illegible]
૨૯ રાવણે કરેલું સીતાનું હરણ — [illegible]
૩૦ શ્રીરામચન્દ્રજીએ કરેલું નવરાત્ર [illegible]


## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ ચોથો .... [illegible]


૧ જનમેજયના શ્રીકૃષ્ણાવતાર અંગે પ્રશ્નો ૧૯૦
૨ ગર્ભવાસનાં દુઃખ .... ૧૯૧
૩ કશ્યપ અને અદિતિને શાપ ... ૧૯૩
૪ અધર્મયુક્ત સમસ્ત જગત .... ૧૯૫
૫ માયાથી વ્યાપ્ત જગત ... ૧૯૬
૬ ઉર્વશી આદિ સ્ત્રીઓની ઉત્પત્તિ .... ૧૯૮
૭ અહંકારથી વ્યાપ્ત વિશ્વ .... ૧૯૯
૮ પ્રહ્લાદ અને નારાયણનો મેળાપ ... ૨૦૦
૯ નર-નારાયણ અને પ્રહ્લાદ વચ્ચે યુદ્ધ ૨૦૨
૧૦ દેવ અને દાનવ વચ્ચે સંગ્રામ .... ૨૦૩
૧૧ મંત્રપ્રાપ્તિ માટે ગયેલા શુક્રાચાર્ય .... ૨૦૪
૧૨ ભૃગુ મુનિનો વિષ્ણુને શાપ .... ૨૦૫
૧૩ કપટથી દૈત્યો ઠગાયા .... ૨૦૭
૧૪ દૈત્યો અને શુક્રાચાર્ય [illegible]
૧૫ દેવ-દાનવના યુદ્ધમાં દેવીની કૃપા .... [illegible]
૧૬ વિષ્ણુના વિવિધ અવતારો ... [illegible]
૧૭ દેવાંગનાઓની કથા .... [illegible]
૧૮ પ્રજાપતિ બ્રહ્માને શરણે પૃથ્વી ... [illegible]
૧૯ ભગવતીની સ્તુતિ કરતા દેવો ... [illegible]
૨૦ ભગવતી દેવીનો મહિમા ... [illegible]
૨૧ દેવકીના સાત પુત્રોને કંસે માર્યા ... [illegible]
૨૨ દેવકીના છ પુત્રોનો પૂર્વ જન્મ .... [illegible]
૨૩ કારાગારમાં શ્રીકૃષ્ણનો જન્મ .... [illegible]
૨૪ શ્રીકૃષ્ણ ચરિત્ર સંક્ષિપ્ત ... [illegible]
૨૫ શ્રીકૃષ્ણે શંકરની કરેલી સ્તુતિ .... [illegible]


## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ પાંચમો .... ૨૨૫


૧ વિષ્ણુ કરતાં શિવ શ્રેષ્ઠ કેમ કહેવાય? ૨૨૬
૨ મહિષાસુર અને રક્તબીજ ... ૨૨૭
૩ મહિષાસુરની યુદ્ધ માટે તત્પરતા .... ૨૨૯
૪ ઇન્દ્રની બૃહસ્પતિ સાથે ચર્ચા-વિચારણા ૨૨૯
૫ ઇન્દ્રનું દૈત્યોના સેનાપતિ સાથે યુદ્ધ ૨૩૦
૬ મહિષાસુર સામે દેવો યુદ્ધે ચડયા ૨૩૧
૭ મહિષાસુરે સ્વર્ગ કબ્જે કર્યું ... ૨૩૨
૮ જગદંબિકાનું પ્રાકટય ... ૨૩૪
૯ દેવોએ દેવીને અર્પણ કરેલા આયુધો ૨૩૬
૧૦ દેવી અને મંત્રી વચ્ચે વાર્તાલાપ ... ૨૩૯
૧૧ મંત્રીઓ સાથે મહિષાસુરની મંત્રણા ૨૪૦
૧૨ યુદ્ધ માટે તામ્ર,બાષ્કલ ને દૂર્ધરનો નિર્ણય ૨૪૨
૧૩ દેવીએ બાષ્કલ અને દુર્મુખનો વધ કર્યો ૨૪૩
૧૪ મહાદૈત્યો તામ્ર તથા ચિક્ષુરનો વધ ૨૪૪
૧૫ અસિલોમા આદિ દૈત્યોનો વધ ... ૨૪૫
૧૬ મહિષાસુર અને દેવી વચ્ચે સંવાદ — ૨૪૭
૧૭ મંદોદરીનું વૃત્તાંત ... ૨૪૮
૧૮ દેવીએ કરેલો મહિષાસુરનો વધ — ૨૪૯
૧૯ દેવીએ કરેલી જગદંબાની સ્તુતિ ... ૨૫૨
૨૦ મહિષાસુરનો વધ થતાં જગત સુખી બન્યું ૨૫૩
૨૧ શુંભ-નિશુંભની કથા-દેવોનો પરાજય — ૨૫૩
૨૨ દેવોની સ્તુતિથી દેવી પ્રકટયાં ... ૨૫૪
૨૩ કૌશિકી દેવીનું પ્રાકટય — ૨૫૬
૨૪ ધુમ્રલોચન અને દેવીનો સંવાદ ... ૨૫૭
૨૫ દેવીએ કરેલો ધુમ્રલોચનનો વધ ... ૨૫૮
૨૬ બળવાન દૈત્યો ચંડ-મુંડનો વધ ... ૨૫૯
૨૭ યુદ્ધ કરવા રક્તબીજ આવ્યો ... ૨૬૧
૨૮ દેવી અને રક્તબીજ યુદ્ધે ચડયા ... ૨૬૨
૨૯ રક્તબીજ રણમાં રોળાયો ... ૨૬૪
૩૦ ચંડિકા દેવીએ નિશુંભનો વધ કર્યો ... ૨૬૫
૩૧ દેવીએ કરેલો શુંભનો વધ ... ૨૬૭
૩૨ સુરથ રાજા અને સમાધિ વૈશ્ય ... ૨૬૯
૩૩ ભગવતી દેવીનો અપૂર્વ મહિમા ... ૨૭૧
૩૪ ભગવતી દેવીની પૂજાવિધિ ... ૨૭૨
૩૫ સુરથ રાજા અને સમાધિ વૈશ્યને ભગવતી દેવીનો સાક્ષાત્કાર ... ૨૭૪

## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ છઠ્ઠો .... ૨૭૭


૧ વૃત્રાસુર તથા ઇન્દ્રના વેરનું વૃત્તાંત ... ૨૭૮
૨ ત્રિશિરા 'વિશ્વરૂપ'નો વધ ... ૨૭૯
૩ વૃત્રાસુરે ઇન્દ્રને પરાજિત કર્યો ... ૨૮૧
૪ દેવો ભગવાન શંકરને શરણે ગયા ... ૨૮૩
૫ દેવીએ દેવોને વરદાન આપ્યું ... ૨૮૫
૬ અસુર વૃત્રાસુરનો વધ ... ૨૮૭
૭ બ્રહ્મહત્યાથી ભયભીત થયેલો ઇન્દ્ર ... ૨૮૯
૮ ઇન્દ્રાણી પર દેવી કૃપાવંત થયા ... ૨૯૧
૯ ઇન્દ્રાણી પર આસકત થયેલો નહુષ ... ૨૯૩
૧૦ પ્રારબ્ધનું પ્રાબલ્ય ... ૨૯૬
૧૧ યુગેયુગના ધર્મ ... ૨૯૭
૧૨ તીર્થનો મહિમા ... ૨૯૮
૧૩ શુનઃશેપની કથા ... ૩૦૧
૧૪ 'વસિષ્ઠ' એજ મૈત્રા-વરૂણિ ... ૩૦૨
૧૫ હૈહય રાજાઓનું વૃત્તાંત ... ૩૦૫
૧૬ હૈહય ક્ષત્રિઓની સંહારલીલા ... ૩૦૭
૧૭ તેજસ્વી બાળકનું પ્રાકટ્ય ... ૩૦૯
૧૮ હૈહયનું વૃત્તાંત ... ૩૧૦
૧૯ લક્ષ્મીને પુત્રરત્નની પ્રાપ્તિ ... ૩૧૨
૨૦ વિષ્ણુના અંશરૂપ 'એકવીર' .... ૩૧૩
૨૧ એકવીરનો રાજ્યાભિષેક ... ૩૧૫
૨૨ એકાવલીનું વૃત્તાંત ... ૩૧૬
૨૩ 'એકાવલી' ને 'એકવીર'નો વિવાહ ... ૩૧૭
૨૪ પ્રારબ્ધકર્મનો પ્રભાવ ... ૩૧૮
૨૫ 'વ્યાસ' અને 'નારદ' વચ્ચે વાર્તાલાપ ૩૨૦
૨૬ મોહથી વ્યાપ્ત નારદજી .... ૩૨૨
૨૭ રાજકુમારી સાથે નારદજીનો વિવાહ ૩૨૩
૨૮ નારદજી એકાએક સ્ત્રી બની ગયા ... ૩૨૫
૨૯ સ્ત્રીરૂપે નારદજી તાલધ્વજને પરણ્યા ... ૩૨૬
૩૦ મહામાયાનો અદ્ભુત મહિમા ... ૩૨૮
૩૧ મા ભગવતીની સહચરી માયા ... ૩૨૯


# શ્રીમદ્ દેવી ભાગવત : ખંડ બીજો

## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ સાતમો .... ૩૩૧


૧ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ ... ૩૩૨
૨ રાજા શર્યાતિની પુત્રી સુકન્યાની કથા ૩૩૩
૩ સુકન્યા અંધ ચ્યવન મુનિને પરણી ... ૩૩૫
√ ૪ પતિ-સેવા કરતી સુકન્યાની કસોટી ... ૩૩૭
૫ ચ્યવન મુનિને યૌવન તથા નેત્રની પ્રાપ્તિ ૩૩૭
૬ શર્યાતિ રાજાએ કરેલ યજ્ઞાનુષ્ઠાન .... ૩૪૦
૭ સૂર્યપુત્રોને સોમરસ પાનનો અધિકાર ૩૪૨
૮ રૈવત રાજાનું વૃત્તાંત .... ૩૪૪
૯ 'કકુત્સ્થ' અને 'માંધાતા'નો જન્મ ... ૩૪૬
૧૦ સત્યવ્રત અને માંધાતાની કથા ... ૩૪૯
૧૧ મા ભગવતીનો પરમ મહિમા ... ૩૫૦
૧૨ ત્રિશંકુનું વધુ વૃત્તાંત ... ૩૫૨
૧૩ ત્રિશંકુ ઉપર વિશ્વામિત્રની કૃપા ... ૩૫૪
૧૪ ત્રિશંકુ સદેહે સ્વર્ગમાં ... ૩૫૬
૧૫ વરુણનો હરિશ્ચંદ્રને શાપ ... ૩૫૯
૧૬ હરિશ્ચન્દ્ર રાજાએ યોજેલો નરમેધ યજ્ઞ ૩૬૧
૧૭ હરિશ્ચંદ્ર રાજા રોગથી મુકત થયો ... ૩૬૩
૧૮ હરિશ્ચંદ્ર રાજા પર વિશ્વામિત્રનો ક્રોધ ... ૩૬૪
૧૯ વિશ્વામિત્રે દાનમાં હરિશ્ચંદ્રનું રાજ્ય લીધું ૩૬૭
૨૦ દક્ષિણા ખાતર હરિશ્ચંદ્રનો શ્રમ .... ૩૭૦
૨૧ શોકાતુર રાજા હરિશ્ચંદ્ર ... ૩૭૨
૨૨ હરિશ્ચંદ્ર રાજાએ રાણી ને પુત્રને વેચ્યા ૩૭૩
૨૩ હરિશ્ચંદ્ર ચાંડાલને ત્યાં વેચાયા ... ૩૭૫
૨૪ હરિશ્ચંદ્ર રાજા સ્મશાનમાં રહ્યા ... ૩૭૭
૨૫ સર્પદંશથી રોહિતનું મૃત્યુ .... ૩૭૮
૨૬ હરિશ્ચંદ્ર ને શૈવ્યાનું અચાનક મિલન ૩૮૨
૨૭ રાજા હરિશ્ચંદ્ર સ્વર્ગે સિધાવ્યા .... ૩૮૬
૨૮ દેવીના દુર્ગા, શતાક્ષી આદિ નામોનો મહિમા .... ૩૮૮
૨૯ ભગવતીના તપ માટે તત્પર દક્ષ .... ૩૯૨
૩૦ સિદ્ધપીઠમાં વસતી દેવીઓ .... ૩૯૪
૩૧ દેવોને દમતો દાનવ તારકાસુર .... ૩૯૯
૩૨ જગદંબાએ કહેલું વેદનું રહસ્ય .... ૪૦૨
૩૩ દેવીનું વિરાટ વિશ્વરૂપ દર્શન .... ૪૦૫
૩૪ ભગવતીનો હિમાલયને ઉપદેશ .... ૪૦૭
૩૫ યોગના અંગોનું વર્ણન .... ૪૦૯
૩૬ બ્રહ્મવિદ્યાની ઉત્તમતા .... ૪૧૨
૩૭ ભકિતના પ્રકાર અને મહિમા .... ૪૧૫
૩૮ દેવીના સ્થાનકો તથા વ્રતોનું વર્ણન ૪૧૭
૩૯ દેવીના પૂજનનો વિધિ .... ૪૧૯
૪૦ બાહ્ય પૂજા વિધિ તથા ફલશ્રુતિ .... ૪૨૧

## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ આઠમો .... ૪૨૫


૧ સ્વાયંભુવ મનુને દેવીનું વરદાન .... ૪૨૬
૨ નારાયણનો વરાહ અવતાર .... ૪૨૭
૩ મનુઓની કન્યાઓનો વંશ .... ૪૨૮
૪ પ્રિયવ્રત રાજાનું વૃત્તાંત .... ૪૩૦
૫ ભુમંડળનો કલ્પિત વિસ્તાર .... ૪૩૧
૬ વૃક્ષો તથા નદીઓનું વર્ણન .... ૪૩૨
૭ ગંગાવતરણ ... ૪૩૪
૮ ઇલાવૃત ખંડનું વર્ણન .... ૪૩૫
૯ શ્રીહરિના અનેક રૂપની ઉપાસના .... ૪૩૭
૧૦ કચ્છપ અને વરાહરૂપની સ્તુતિ ... ૪૪૦
૧૧ ભરતખંડનાં ઉપાસ્ય દેવો .... ૪૪૧
૧૨ પ્લક્ષ, શાલ્મલિ અને કુશદ્વીપનું વર્ણન ૪૪૩
૧૩ ક્રૌંચ, કાક, પુષ્કર આદિ દ્વીપોનું વર્ણન ૪૪૪
૧૪ લોકાલોક પર્વતની રચના .... ૪૪૬
૧૫ સુર્યનું ત્રણ પ્રકારનું ગમન .... ૪૪૭
૧૬ ચન્દ્ર વગેરે ગ્રહો ને ગતિના ફલ .... ૪૪૯
૧૭ ધ્રુવમંડળ અને રાહુમંડળ .... ૪૫૧
૧૮ રાહુમંડળ અને પાતાલનું વર્ણન .... ૪૫૨
૧૯ જુદા જુદા પાતાલોનું વર્ણન ... ૪૫૩
૨૦ તલાતલ આદિ પાતાલોનું વર્ણન ... ૪૫૫
૨૧ નરકલોકનાં નામો ... ૪૫૭
૨૨ નરકની પ્રાપ્તિ કરાવતાં પાપકર્મ ... ૪૫૮
૨૩ અવીચિ વગેરે મુખ્ય નરકોનું વર્ણન ૪૬૧
૨૪ દેવીની આરાધનાનો પ્રકાર ... ૪૬૩


## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ નવમો .... ૪૬૭


૧ પાંચ પ્રકારની પ્રકૃતિઓનું વર્ણન ૪૬૮
૨ પાંચ પ્રકૃતિ કેવી રીતે પ્રકટ્યાં ? ... ૪૭૭
૩ વિરાટ સ્વરૂપનું પ્રાકટ્ય .... ૪૮૧
૪ સરસ્વતી સ્તોત્ર અને પૂજાવિધિ ... ૪૮૪
૫ સરસ્વતીનું સ્તવન–સ્તોત્ર ... ૪૮૮
૬ શાપને લીધે ગંગા પૃથ્વી પર ... ૪૯૦
૭ ત્રણે દેવીઓના શાપનો ઉદ્ધાર .... ૪૯૩
૮ કલિયુગના મનુષ્યોનું વર્ણન .... ૪૯૫
૯ પૃથ્વીની ઉત્પત્તિ .... ... ૫૦૧
૧૦ પૃથ્વીદેવીનો અપરાધ કરવાનું ફળ ૫૦૪
૧૧ શ્રેષ્ઠ ગંગાનું આખ્યાન ... ૫૦૫
૧૨ પરમપાવની ગંગાનાં ધ્યાન–સ્તવન.... ૫૦૯
૧૩ વિષ્ણુના શરણમાં ગંગાનું જવું .... ૫૧૩
૧૪ વિષ્ણુ અને ગંગાનો સંબંધ .... ૫૧૮
૧૫ વૃષધ્વજ રાજાનું પરમ ચરિત્ર .... ૫૨૦
૧૬ મહાલક્ષ્મીનું પ્રાકટ્ય ... ... ૫૨૩
૧૭ તુલસીનું આખ્યાન .... ... ૫૨૭
૧૮ તુલસી ને શંખચૂડ વચ્ચે વાર્તાલાપ ૫૨૯
૧૯ તુલસી અને શંખચૂડનો વિવાહ .. ૫૩૧
૨૦ શંખચૂડ અને દેવો યુદ્ધે ચડ્યા ... ૫૩૨
૨૧ શંખચૂડ અને ભગવાન શંકર ... ૫૩૫
૨૨ શંકરના ગણો અને શંખચૂડ વચ્ચે યુદ્ધ ૫૩૮
૨૩ દૈત્યેન્દ્ર શંખચૂડ બળીને ભસ્મ થયો ૫૪૧
૨૪ તુલસીનો મહિમા ... ... ૫૪૩
૨૫ તુલસીપૂજાનો વિધિ .... .... ૫૪૮
૨૬ સાવિત્રીનું આખ્યાન .... ૫૫૦
૨૭ સાવિત્રીનો જન્મ અને વિવાહ .... ૫૫૪
૨૮ યમરાજ–સાવિત્રીનો સંવાદ .... ૫૫૬
૨૯ સાવિત્રીને યમરાજનું વરદાન ... ૫૫૭
૩૦ દાનનાં પ્રકાર અને ફળ ... ૫૬૧
૩૧ સાવિત્રીએ કરેલી યમરાજની સ્તુતિ ૫૬૬
૩૨ અશુભ કર્મોનાં ફળ .... .... ૫૬૭
૩૩ નરકકુંડમાં જનારા પાપીઓ .... ૫૬૮
૩૪ નરકકુંડમાં જનારા પાપાત્માઓ .... ૫૭૪
૩૫ કુકર્મીઓ માટે બીજા નરકકુંડો .... ૫૭૬
૩૬ દેવોનો ભકત યમપુરીમાં જતો નથી ૫૭૯
૩૭ છયાસી નરકકુંડોનું વર્ણન .... ૫૮૧
૩૮ દેવીનું ઉત્તમ આખ્યાન ... ૫૮૬
૩૯ મહાલક્ષ્મીનું આખ્યાન પ્રાકટ્ય સહિત ૫૯૧
૪૦ શ્રી મહાલક્ષ્મીના પ્રાકટ્યનું કારણ .... ૫૯૩
૪૧ સમુદ્રમાંથી લક્ષ્મી પ્રકટ્યા .... ૫૯૮
૪૨ મહાલક્ષ્મીની પૂજા તથા સ્તોત્ર ... ૬૦૧
[illegible] ભગવતી 'સ્વાહા'નું ચરિત્ર ... ૬૦૫
૪૪ સ્વધાદેવીનું આખ્યાન પૂજનવિધિ સહિત ૬૦૮
૪૫ દક્ષિણાનું આખ્યાન પ્રાકટ્ય સહિત ૬૧૦
૪૬ ષષ્ઠીદેવીનું આખ્યાન ... ... ૬૧૫
૪૭ મંગલચંડીનું આખ્યાન ... ... ૬૧૯
૪૮ મનસાદેવીનું આખ્યાન ... ... ૬૨૨
૪૯ સુરભિનું આખ્યાન ... ... ૬૨૮
૫૦ ભગવતીરાધા તથા દુર્ગાના પૂજાના વિધાન ૬૩૦

## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ દશમો .... ૬૩૬


૧ બ્રહ્માના પુત્ર સ્વાયંભુવ મનુનું આખ્યાન ૬૩૮
૨ પર્વતરાજ વિંધ્યાચળનું વૃતાંત ... ૬૩૯
૩ વિંધ્યાચળે સુર્યનો માર્ગ અવરોધ્યો ૬૪૧
૪ વિંધ્યાચળે દેવોને ત્રાસ પમાડયો ... ૬૪૩
૫ દેવોએ કરેલી ભગવાન વિષ્ણુની સ્તુતિ ૬૪૩
૬ દેવોએ અગત્સ્ય મુનિને કરેલી પ્રાર્થના ૬૪૫
૭ અગસ્ત્ય મુનિ અને વિંધ્યાચળ ... ૬૪૭
૮ સ્વરોચિષ ઉત્તમ આદિ મનુઓની કથા ૬૪૮
૯ છઠ્ઠા મનુ ચાક્ષુષનું ચરિત્ર ... ૬૫૦
૧૦ વૈવસ્વત મનુ ન સાવર્ણિ મનુનું ચરિત્ર ૬૫૨
૧૧ દેવી મહાકાલીનું ચરિત્ર .... ૬૫૩
૧૨ મહાલક્ષ્મી ને મહાસરસ્વતીનો મહિમા ૬૫૫
૧૩ ભ્રામરી દેવીનું ચરિત્ર .... ૬૫૯
૧૪ ભગવતી સ્તુતં .... ૬૬૬


## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ અગિયારમો .... ૬૬૭


૧ પ્રાતઃકાળનાં સદાચાર ... ૬૬૮
૨ શૌચાદિ ક્રિયાઓનું વર્ણન .... ૬૭૦
૩ સ્નાનનો વિધિ અને રુદ્રાક્ષ માહાત્મ્ય ૬૭૩
૪ રુદ્રાક્ષની ઉત્પત્તિ અન ધારણ પદ્ધતિ ૬૭૪
૫ જપમાળા અને તેનું વિધાન ... ૬૭૬
૬ રુદ્રાક્ષના મહિમાનો પાર નથી ... ૬૭૮
૭ વિવિધ મુખવાળા રુદ્રાક્ષનું વર્ણન ... ૬૮૦
૮ ભુતશુદ્ધિ અને તેના પ્રકાર ... ૬૮૨
૯ શિરોવ્રતનું વિધાન ... ૬૮૩
૧૦ ભસ્મનો મહિમા ... ૬૮૫
૧૧ ત્રણ પ્રકારની ભસ્મ ... ૬૮૬
૧૨ ભસ્મ ધારણનો બીજો વિધિ ... ૬૮૭
૧૩ ભસ્મનો પરમ મહિમા ... ૬૮૮
૧૪ ભસ્મનું અપૂર્વ માહાત્મ્ય ... ૬૮૮
૧૫ ત્રિપુંડ ને ઊર્ધ્વપુંડ ધારણનો મહિમા ૬૮૯
૧૬ પાવત્ર સંધ્યાની ઉપાસના ... ૬૯૧
૧૭ સંધ્યાની ઉપાસના — ૬૯૪
૧૮ દેવી પૂજાનો ખાસ વિધિ — ૬૯૪
૧૯ મધ્યાહ્ન સંધ્યા સંક્ષેપમાં — ૬૯૫
૨૦ બ્રહ્મ યજ્ઞનો સંક્ષેપમા મહિમા — ૬૯૬
૨૧ વિશ્વદેવ બલિ ... ૬૯૭
૨૨ પ્રજાપત્ય આદિ વ્રતો ... ૬૯૮
૨૩ ગાયત્રી મંત્રના વિવિધ અનુષ્ઠાનો ... ૬૯૯


## શ્રીમદ્ દેવી ભાગવત : સ્કંધ બારમો .... ૭૦૩


૧ ગાયત્રી માહાત્મ્ય ... ... ૭૦૪
૨ ગાયત્રીના વર્ણો તથા મુદ્રાઓ ... ૭૦૪
૩ કલ્યાણકારી ગાયત્રી કવચ ... ૭૦૫
૪ ગાયત્રી હૃદય ... ... ૭૦૬
૫ ગાયત્રીનું ઉત્તમ સ્તોત્ર ... ... ૭૦૭
૬ ગાયત્રી સહસ્રનામ ... ... ૭૦૭
૭ દીક્ષાવિધિ .... .... ૭૦૭
૮ કેનઉપાનપદની કથા ... ... ૭૦૮
૯ ગૌતમનો બ્રાહ્મણોને શાપ .... ૭૦૯
૧૦ દેવીના ધામ મણિદ્વીપનું વર્ણન .... ૭૧૦
૧૧ દેવીના ધામની અપૂર્વ શોભા .... ૭૧૦
૧૨ દેવીનો ચિંતામણિ આવાસ ... ૭૧૧
૧૩ જનમેજયે અંબિકાનો યજ્ઞ કર્યો ... ૭૧૧
૧૪ દેવી ભાગવતનું ફળ .... ૭૧૨


## ....ચિ....ત્રો....નો........અ....નુ....ક્ર...મ....


૧ દેવીઓની ચિત્રાવલી પા. ૯-૧૧-૧૩
૨ શૈલપુત્રી .... ૧૭
૩ બ્રહ્મચારિણી .... ૧૮
૪ ચન્દ્રઘંટા ... ૧૯
૫ સ્કન્દમાતા ... ૨૦
૬ કાત્યાયની ... ૨૧
૭ કાલરાત્રિ ... ૨૨
૮ મહાગૌરી ... ૨૩
૯ સિદ્ધિદાત્રી ... ૨૪
૧૦ અંબાજી .... ૨૫
૧૧ મહિષાસુર મર્દિની — ૨૬
૧૨ કુષ્માણ્ડા .... ૨૭
૧૩ બહુચરાજી — ૨૮




# સિધ્ધિદાત્રી

પ્રાતર્ભજામિ ભજતામભિલાષદાત્રીં ધાત્રીં સમસ્ત જગતાં દુરિતાપહન્ત્રીમ્ ।
સંસાર બન્ધન વિમોચનહેતુભુતાં માયાં પરાં સમધિગમ્ય પરસ્ય વિષ્ણો : ॥

—પ્રાતઃકાળે હું પરમ પરમાત્મા વિષ્ણુની પરમ માયાને ભાવથી ભજું છું. તે સિદ્ધિદાત્રી દેવી પોતાને ભજનારાઓના સર્વ મનોરથો પૂરે છે; તે દેવી સમસ્ત જગતની ધાત્રી છે; તે દુરિત્ર માત્રને હણનારી છે અને તે સંસારના બંધનમાંથી મુક્ત કરવા માટે કારણ રુપ છે. હે સચ્ચિદાનંદ-રુપા, પરાશકિત, જગદમ્બિકા ! તમે જ જગતના અધિષ્ઠાત્રી સ્વરૂપ છો, તમે જ વિશ્વવ્યાપિની, અનંત વિક્રમરુપિણી મહાશકિત છો, તમારૂં જ સ્વરુપ વિશ્વના મૂળ કારણુરુપ છે. અને તમારી જ માયાથી આ સંસાર વિમોહિત છે. હે દેવી ! તમારો જય હો ! તમને વારંવાર નમસ્કાર હો.



દલસુખ

# કુષ્માણ્ડા

ત્વં સ્વાહા ત્વં સ્વધા ત્વં હિ વષટ્કારઃસ્વરાત્મિકા ।
સુધા ત્વમક્ષરે નિત્યે ત્રિધા માત્રાત્મિકા સ્થિતા ॥

—હે દેવી ! તમે જ સ્વાહા, તમે જ સ્વધા, તમે જ વષટ્કાર અને સ્વરનું સ્વરૂપ છો. તમે જ અમૃત સ્વરૂપિણી જીવનદાતા સુધા છો, તમે જ ત્રણ માત્રા સ્વરૂપે રહેલાં છો. હે દેવી ! જે બિન્દુરૂપ ઉચ્ચારી ન શકાય તેવી અર્ધમાત્રા તે તમે જ છો. તેમ જ કુષ્માણ્ડા, સંધ્યા, સાવિત્રી ને પરમ જનની તમે જ છો. હે દેવી ! તમે જ આ જગતને ધારણ ઉત્પન્ન, પાલન અને અંત સમયે સંહાર પણ તમે જ કરો છો. હે દેવી ! તમારો જય હો ! તમને વારંવાર નમસ્કાર હો.



# શ્રી આશાસુરી અંબાજી

શ્રુતિનામગમ્યં સુવેદાગમાદ્યૈર્મહિમ્નો ન જાનાતિ પારં તવેદમ્ ।
સ્તુતિં કર્તુમિચ્છામિ તે ત્વં ભવાનિ ક્ષમ સ્વેદમંત્ર પ્રમુગ્ધઃ કિલાહમ્ ॥

—હે વિશ્વેશ્વરી ! શ્રુતિઓને પણ તમારો મહિમા અગમ્ય છે અને વેદશાસ્ત્રાદિ તમારા મહિમાનો પાર પામી શકતાં નથી. આવો આપનો અપાર મહિમા છે તો પણ હે જગદમ્બિકે ! હું આપની સ્તુતિ કરવા ઇચ્છું છું કેમ કે આપનો અપાર મહિમા જરાતરા જાણવાથી પણ હું મુગ્ધ બની ગયો છું. હે વિશ્વની માતા ! ભક્તોને દુઃખથી મુક્ત કરનારાં, સર્વ સંકટોને હરનારાં, પરમશક્તિ સ્વરૂપ હે અંબામાતા ! તમારો જય હો ! તમને વારંવાર નમસ્કાર હો.




# શ્રી બહુચરાજી

**મહાવિદ્યા મહામાયા મહામેધા મહાસ્મૃતિ : ।**

**મહામોહા ચ ભવતી મહાદેવી મહેશ્વરી ॥**

હે દેવી ! તમે જ મહાવિદ્યા, મહામાયા, મહામેધા, મહાસ્મૃતિ, મહામોહા, મહાદેવી, અંબાજી અને બહુચરાજી તમે જ છો. હે દેવી ! તમે જ ત્રણ ગુણોઃ સત્વ, રજસ અને તમસના ઉત્પન્ન કરનાર સર્વની પ્રકૃતિ છો. ભયંકર કાળરાત્રિ, મહારાત્રિ અને મોહરાત્રિ તમે જ છો. હે દેવી ! લજ્જા, પુષ્ટિ, તુષ્ટિ, શાંતિ અને ક્ષમા પણ તમે જ છો. તમે જ પર અને અપર સર્વથી દૂર રહેનારાં શ્રેષ્ઠ પરમેશ્વરી છો. હે દેવી ! તમે જ ઇશ્વરી, લક્ષ્મી અને બોધસ્વરૂપ બુધ્ધિ છો. હે દેવી ! તમારો જય હો ! તમને વારંવાર નમસ્કાર હો.

# ભગવતી દેવીના પૂજનનો શાસ્ત્રોક્તવિધિ



વિદ્યા સમસ્તાસ્તવ દેવી ભેદા : ।
સ્ત્રિય : સમસ્તા : સકલા જગત્સુ ॥

જગતમાં જેટલી વિદ્યાઓ છે તે ભગવતીનાં રૂપો છે.
જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે દેવી ભગવતીની મૂર્તિઓ છે.

या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

દેવી ભક્તોએ આ સર્વ મનુષ્યોને કામનાઓ, મોક્ષ અને જ્ઞાન આપનાર, પાપોનો ક્ષય કરનાર તેમ જ દુઃખનો નાશ કરનાર દેવી ભગવતીની પૂજા શ્રદ્ધા ભક્તિથી કરવી જોઇએ તેમજ આરાધના–ઉપાસના પણ જેમ બને તેમ વધુ કરવી જોઇએ, જેથી આ લોકમાં અનેક ભોગ ભોગવવા મળે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## પૂજાવિધિ

દેવીભક્તે પ્રાતઃકાળે ઊઠી દેવી જગદમ્બિકાનું સ્મરણ કરી તેમની મૂર્તિ યા છબીનાં દર્શન કરી, નિત્યકર્મ–સ્નાનાદિથી આચમન કરી પૂજાના સ્થાનની શુદ્ધિ કરવી, પછી લીંપીને સરખી કરેલી જમીન પર ઉત્તમ આસન બરાબર ગોઠવવું, તે આસન પર હર્ષપૂર્વક બેસી શ્રી અંબિકા દેવીનું સ્મરણ કરી, વિધિપૂર્વક ત્રણ વખત આચમન કરવું પછી પોતાની શક્તિ મુજબ પૂજા દ્રવ્ય સ્થાપી પ્રાણાયામ કરી ભૂતશુદ્ધિ કર્યા પછી પ્રાણપ્રતિષ્ઠા કરવી, તે પછી પૂજનની સામગ્રીનું પ્રોક્ષણ કરી સંકલ્પ કરી વિધિપૂર્વક ન્યાસ કરવા. તે પછી શુદ્ધ તાંબાના પાત્રમાં અષ્ટગંધથી ષટકોણ યંત્ર દોરવો અને તેની બહાર આઠ ખૂણાનો યંત્ર દોરવો. તેમાં નવાક્ષર મંત્રનાં બીજો લખવાં. જો યંત્ર ન હોય તો દેવીની ધાતુની પ્રતિમા રાખી ભગવાન શિવે કરેલા પૂજનના મંત્રોથી પ્રીતિપૂર્વક ભગવતીનું પૂજન કરવું અને દેવીના નવાક્ષર મંત્રનો એકધારો એકાગ્રતાથી જપ કરવો. જપના દશાંશથી હોમ કરવો અને હોમના દશાંશથી તર્પણ કરવું અને તર્પણના દશાંશથી બ્રાહ્મણ ભોજન કરવું. આ પ્રમાણે જપની સમાપ્તિ કરી અંબિકા દેવીની મૂર્તિ કે છબી આગળ ત્રણ ચરિત્રોનો પાઠ કરવો. (આ દેવી ભાગવતમાં પ્રથમ સ્કંધમાં બે ચરિત્ર–એમ મળીને ત્રણ ચરિત્ર આપેલાં છે.) દેવી ભક્તે નિત્યપાઠ કર્યા પછી દેવીનું વિસર્જન કરવું.

## નવરાત્ર વ્રત

પોતાનું કલ્યાણ અને સુખ–શાંતિ ઇચ્છતા બાલિકે ભગવતીદેવીના પૂજન ઉપરાંત 'નવરાત્ર વ્રત' પણ વિધિપૂર્વક શ્રદ્ધાભક્તિથી કરવું. શરદઋતુમાં આશ્વિન માસમાં અને વસંતઋતુમાં ચૈત્ર માસમાં શુક્લપક્ષમાં એકમથી નોમ સુધી નવરાત્ર વ્રત લેવાય. આ નવરાત્ર વ્રત શ્રદ્ધાભક્તિથી વિધિપૂર્વક કરવું જોઇએ, તે માતાની પ્રસન્નતા અને સુખ–ભોગ આપનારું છે. વ્રત કરનારે નવરાત્રના

ઉપવાસ કરવા અને જે મંત્રનો જપ થતો હોય તે મંત્ર વડે સાકર, ઘી અને મધ નાખેલા, ઉત્તમ રીતે બનાવેલા દૂધપાક વડે મોટો હોમ કરવો, તેમજ સુદિ આઠમ, નોમ અને ચૌદશના દિવસે લાલ કરેણનાં પુષ્પોથી, બિલ્લીપત્રોથી અથવા સાકર મિશ્ર કરેલા તલથી દેવીનું વિશિષ્ટ પૂજન કરવું, પ્રીતિથી પછી બ્રાહ્મણને ભોજન કરાવવું.

## ફળપ્રાપ્તિ

ભગવતી દેવીના પૂજનનો મહિમા મોટો છે. પૂજન કરનારને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. જેવી શ્રદ્ધા એવું ફળ મળે છે. શ્રી અંબિકા દેવીની પ્રસન્નતાથી નિર્ધનને ધનની પ્રાપ્તિ થાય છે, રોગી હોય તે રોગથી મુકત થઈ તંદુરસ્ત બને છે. જેને ઘેર ઘોડિયું બંધાયું ન હોય તેને આજ્ઞાંકિત પુત્રની પ્રાપ્તિ થાય છે. જો રાજ્યભ્રષ્ટ થયેલો રાજા દેવીનું પૂજન અને આરાધના કરે તો તેને રાજ્ય પાછું મળે છે. જેને શત્રુઓ પીડતા હોય, જે હંમેશાં શત્રુઓથી ભયભિત રહેતો હોય તેને ભગવતી દેવીની પ્રસન્નતાથી ને પરમ કૃપાથી શત્રુઓનો ભય ટળી જાય છે અને શત્રુ વેરભાવ ત્યજી મિત્ર બની જાય છે.

વિદ્યાભ્યાસ કરતો વિદ્યાર્થી શ્રદ્ધાભકિતપૂર્વક અંબિકા દેવીનું પૂજન કરે તો તેને ઉત્તમ વિદ્યાની પ્રાપ્તિ થતાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે. ચારેય વર્ણના મનુષ્યોએ નિત્ય ભગવતીદેવીનું પૂજન કરવું જોઈએ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર ભકિતભાવથી જગદંબાનું પૂજન કરે તો તે સર્વ સુખનો ભોકતા બને છે. જે પુરૂષો અને સ્ત્રીઓ સમુહરૂપમાં ભાક્તા પરાયણ થઈ દેવીનું નવરાત્ર વ્રત કરે છે તેમના સર્વ મનોરથો સિદ્ધ થાય છે. જે ભાવિકો આસો માસના શુકલ પક્ષમાં શુદ્ધ હૃદયથી ભકિત તત્પર થઈ પવિત્ર નવરાત્ર વ્રત કરે છે તે સર્વ કામનાઓ મેળવે છે. ભાવિકોએ પૂજાનું સ્થાન બનાવવા માટે ખેતરમાંથી માટી લાવી તેનું ચોરસ મંડળ વિધિપૂર્વક કરી પૂજાના સ્થાનની રચના કરવી, પછી તેમાં વેદના મંત્રો વડે વિધિપૂર્વક કમળનું સ્થાપન કરવું. પછી એક ઘણું જ સુંદર યંત્ર કરી તેને કળશ ઉપર સ્થાપવું. તે શ્રેષ્ઠ કળશની ચારે બાજુ જવારા વાવી ઉપરના ભાગમાં સુવાસિત પુષ્પોના હારથી વીંટાયેલો ચંદરવો બાંધી, ધુપ તથા દીપ સહિત ચંડિકાનું ઘર કરવું. તેમાં ભાવિકે યથાશક્તિ દેવીની પૂજા સવાર, બપોર ને સાંજે કરવી. ભાવિકોએ દેવી ચંડિકાના પૂજનમાં ધન ખર્ચવામાં કસર ન કરવી. દેવીના પૂજનની સામગ્રી લાવતી વખતે લોભ ન રાખતાં તે ઊંચા પ્રકારની અને શુદ્ધ લાવવી. દેવીના પૂજનમાં છતે પૈસે કંજુસાઈ કરનારને ધાર્યું ફળ મળતું નથી.

આ પ્રસંગે ઉત્તમ પ્રકારના સુવાસિત ધુપો, દીપકો, વિવિધ પ્રકારનાં ઉત્તમ નૈવેદ્યો, ઉત્તમ ફળો, સુવાસિત પુષ્પો લાવવા અને દેવીના યશોગાન ગીતો, વાજિંત્રો ગાવાં-વગડાવવાં, સ્તોત્ર, પાઠો અને વેદપારાયણો કરવા-કરાવવા-આવી રીતે આનંદ ઉત્સવ કરવો. દેવીપૂજનમાં કન્યાઓના પૂજનને ખાસ મહત્ત્વ આપ્યું છે, તેથી ઉત્તમ વસ્ત્રો, અલંકારો, ચંદનો, વિવિધ ખાદ્ય પદાર્થો, સુગંધી તેલો તેમ જ ઉત્તમ પુષ્પોથી આદરથી કન્યાઓનું પૂજન સારી રીતે કરી માતાની આઠમ ને નોમના દિવસે મંત્ર-વિધાનથી વિધિપૂર્વક હોમ કરવો. તે દિવસોએ બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપી સંતુષ્ઠ કરવા અને વ્રતધારીએ દશમ (દશેરા)ના દિવસે પારણું કરવું.

આ પ્રસંગે દરેક વ્રતધારીએ પોતાની શકિત પ્રમાણે દાન અવશ્ય કરવું. ભાવિકોએ નવરાત્રમાં નિત્ય દુર્ગા ભગવતીનો પાઠ કરવો તેમ જ સપ્તશતીચંડીનો જપ કરવો, જેથી નવરાત્ર વ્રતનું વધુ ફળ મળે છે.

## નવરાત્ર વ્રતનો મહિમા

દેવીના આ નવરાત્ર વ્રતનો મહિમા ભાવિકો માટે કલ્યાણકારી અને ન વર્ણવી શકાય એવો મોટો છે. કોઈ પણ પુરૂષ, સધવા કે વિધવા પતિવ્રતા સ્ત્રી પવિત્રપણે શ્રદ્ધાભક્તિપૂર્વક દુર્ગા દેવીનું આ નવરાત્ર વ્રત કરે છે, તે આલોકમાં ઇચ્છિત ભોગો ભોગવી સુખ-શાંતિમાં જીવન ગુજારે છે. વળી નવરાત્ર વ્રતમાં તત્પર રહેનારાં-કોઇને કોઈ પ્રકારે ભાગ લેનારાં ભાવિક સ્ત્રી-પુરુષો મૃત્યુ બાદ ભગવતી દેવીની કૃપાથી દેવીના પરમધામને પામે છે. વળી આ ભવમાં નવરાત્ર વ્રત, દેવીનું પૂજન અને દેવીનું આરાધન કરનાર મનુષ્યને બીજા જન્મમાં પણ અખંડ દેવીભકિત પ્રાપ્ત થાય છે,

તેમ જ શ્રેષ્ઠ કુળમાં અવતરી તે સદાચારી અને સર્વગુણ સંપન્ન થાય છે.

સર્વ વ્રતોમાં ઉત્તમ આ દેવી ભગવતીનું નવરાત્ર વ્રત, દરેકે અવશ્ય કરવું. આ રીતે શિવાદેવીનું પરમ આરાધન કરનાર ભાવિક મનુષ્યોને સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

જગતનું પાલન કરનાર અને બ્રહ્મવિદ્યારૂપ જગદંબાથી જ આ સઘળું સચરાચર ત્રૈલોક્ય વ્યાપ્ત છે, માટે સર્વ મનુષ્યોએ નિત્ય એ પરમકૃપાળુ પરમેશ્વરીનું સેવન અને પૂજન કરવું. જે ભાવિકો આ પ્રમાણે શ્રદ્ધાભક્તિથી પરમેશ્વરીનું નિત્ય પૂજન કરે, આરાધન કરે, તે આ લોકમાં પોતાની ઇચ્છા મુજબ ભોગો ભોગવ્યા પછી દેવીનું સાયુજ્ય પામે છે. જે પુરુષ ભક્તિવત્સલ ચંડિકાદેવીનું પૂજન નથી કરતો, તેના પુણ્યોને બાળી નાખીને ઇશ્વરી તેને પણ બાળી નાખે છે. જેમ સંધ્યા આદિ કર્મ નિત્ય કરવાં પડે છે, તેમ ભગવતીની ઉપાસના પણ નિત્યકર્મ સમજવું.

## નવરાત્ર વ્રતનો સરળ વિધિ

એક સમયે ઇન્દ્રરાજાએ બ્રહ્માને નવરાત્ર વ્રત વિષે પૂછેલું ત્યારે બ્રહ્માએ આ વ્રતના માહાત્મ્યમાં કહ્યું હતું કે :

બ્રાહ્મણોએ યજ્ઞ માટે, ક્ષત્રિયોએ પૃથ્વીના પાલન માટે, વૈશ્યોએ ગાય તથા ધન માટે, શુદ્રોએ પુત્રના સુખ માટે, સ્ત્રીઓએ સૌભાગ્ય માટે અને ધનની ઇચ્છાવાળાએ ધન માટે નવરાત્ર વ્રત કરવું. આ સર્વેએ પૂર્ણ શ્રદ્ધા અને શુદ્ધ ભાવભક્તિથી મહાપુણ્યકારક નવરાત્રનું મહાવ્રત કરવું.

આ નવરાત્ર વ્રત શંકર આદિ દેવો પણ કરે છે. દેવી પર શ્રદ્ધાભક્તિ ધરાવતા નરનારીઓએ આ નવરાત વ્રત અવશ્ય કરવું,

ભાવિકોએ આસો સુદ એકમથી અને ચૈત્ર સુદ એકમના દિવસથી 'નવરાત્ર વ્રત'નો આરંભ કરવો. તેમાં કોઈની પાસે કંઈ માંગવું નહિ. એક વખત જમવું અથવા રાત્રિએ ભોજન કરવું.

વ્રતધારીએ નવરાત્રના પ્રથમ દિવસે પ્રાતઃકાળમાં ઊઠીને સ્નાન કરવું અને ત્રણ વખત શિવ અને પાર્વતીની પૂજા કરવી તથા જપ અને હોમ કરી કન્યાઓ જમાડવી. જ્યારે આસો સુદ આઠમ આવે ત્યારે અને વિશેષ ભક્તિની ઇચ્છા હોય તો લાકડાંનાં નાનકડાં સુંદર નવ ઘરો કરાવવા અથવા એક ઘર કરાવવું. તેમાં સોનાની, રૂપાની, માટીની અથવા કાષ્ટની દેવીની મૂર્તિની પૂજા કરવી. તેમજ ખડગ અને શૂલની પણ પૂજા કરવી. તે પછી વિવિધ પુષ્પોથી મોટી પૂજા કરવી. વ્રત કરનારે અષ્ટમીના દિવસે ઉપવાસ કરવો. પૂજન કર્યા પછી યથાશક્તિ દાન કરવું, બ્રાહ્મણો અને સુવાસિનીઓનું પૂજન કરી તેમને જમાડવા. નવરાત્રમાં આ પ્રમાણે શ્રદ્ધા અને ભક્તિથી દુર્ગાદેવી શક્તિની પૂજા કરનારને 'અશ્વમેધ' યજ્ઞ કર્યા બરાબરનું ફળ મળે છે અને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે.

આ દેવી ભાગવતનું 'નવાહ્ન–નવ દિવસનું પારાયણ' ઘણા જ ઉત્સાહપૂર્વક થાય છે. આ પારાયણ ખાસ કરીને આસો અને ચૈત્ર બન્ને મહિનાઓની નવરાત્રિમાં થાય છે, તેમજ અષાડ, શ્રાવણ, ભાદ્રપદ, કારતક, માગશર, મહા માસ અને ફાગણ સુદિ પડવાના દિવસથી લઇને નોમ સુધી આ કલ્યાણકારી અનુષ્ઠાનનું વિધાન છે. આને 'નવાહ્ન યજ્ઞ' પણ કહેવાય છે. આ અનુષ્ઠાનથી ભગવતી દેવીની પ્રસન્નતાથી કરાવનારાને ત્યાં તેમ જ વક્તા-શ્રોતાઓને ત્યાં દેવી કૃપાથી સદાય સુખ-શાન્તિ પ્રવર્તે છે.

**ભગવતી દેવીના પૂજનનો શાસ્ત્રોક્તવિધિ સમાપ્ત**

ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नम

# શ્રી જગદમ્બાની આરતી

જય આદ્યા શક્તિ મા જય આદ્યા શક્તિ, (૨)
અખંડ બ્રહ્માંડ નીપાવ્યાં (૨) પડવે પ્રગટ્યાં મા. જયો જયો૦
દ્વિતિયા બેય સ્વરૂપ, શિવશક્તિ જાણું મા શિવ (૨)
બ્રહ્મા ગણપતિ ગાયે (૨) હર ગાયે હર મા. જયો જયો૦
તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં મા ત્રિભુવન (૨)
ત્રયા થકી તરવેણી (૨) તું તરવેણી મા. જયો જયો૦
ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં મા (૨)
ચાર ભુજા ચૌ દિશા (૨) પ્રગટ્યાં દક્ષિણ મા. જયો જયો૦
પંચમી પંચ ઋષિ, પંચમ ગુણ પદ્મા મા પંચમ (૨)
પંચ તત્વ ત્યાં સોહિયે (૨) પાંચે તત્વો મા. જયો જયો૦
ષષ્ટિ તું નારાયણી, મહિષાસુર માર્યો મા મહિષાસુર (૨)
નર નારીના રૂપે (૨) વ્યાપ્યાં સર્વે મા. જયો જયો૦
સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી મા સંધ્યા (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા. જયો જયો૦
અષ્ટમી અષ્ટ ભુજા, આઈ આનંદા મા આઈ (૨)
સુરનર મુનિવર જન્મ્યા (૨) દેવો દૈત્યો મા. જયો જયો૦
નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા મા સેવે (૨)
નવરાત્રિના પૂજન, શિવરાત્રિના અર્ચન કીધાં હર બ્રહ્મા મા. જયો જયો૦
દશમી દશ અવતાર, જય વિજયા દશમી મા જય (૨)
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા. જયો જયો૦
એકાદશી અગિયારશ, કાત્યાયની કામા મા કાત્યાયની (૨)
કામદુર્ગા કાલિકા (૨) શ્યામા ને રામા. જયો જયો૦
બારશે બાળા રૂપ, બહુચરી અંબા મા બહુચરી (૨)
બટુક ભૈરવ સોહિયે, કાળ ભૈરવ સોહિયે તારા છે તુજ મા. જયો જયો૦
તેરશે તુળજા રૂપ, તું તારુણી માતા મા તું તારુણી (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા. જયો જયો૦
ચૌદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા મા ચંડી (૨)
ભક્તિભાવ કંઈ આપો, પોતાનો કરી સ્થાપો, સિંહવાહની માતા જયોજયો૦
પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા, મા સાંભળજો (૨)
વસિષ્ઠ ગુરુએ વખાણ્યાં (૨) ગાઈ શુભ કવિતા. જયો જયો૦
સંવત સોળ સત્તાવન, સોળસે બાવીશ મા (૨)
સંવત સોળે પ્રગટ્યાં (૨) રેવાને તીરે જયો જયો૦
ત્રંબાવટી નગરી આઈ, રૂપાવતી નગરી, મા ત્રંબાવટી નગરી (૨)
સોળ સહસ્ર ત્યાં સોહિયે (૨) ક્ષમા કરો ગૌરી. જયો જયો૦
શિવશક્તિની આરતી, જે કોઈ ગાશે, મા જે કોઈ (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપત્તિ થાશે, કૈલાસે જાશે. જયો જયો૦

ॐ

# શ્રીમદ્ દેવીભાગવત

— સરળ ગુજરાતી ભાષાંતર —

या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

## દેવીભાગવત—માહાત્મ્ય

### અધ્યાય : ૧ લો

મંગલાચરણ

સૃષ્ટૌ યા સર્ગરૂપા જગદવનવિધૌ પાલની યા ચ રૌદ્રી ।
સંહારે ચાપિ યસ્યા જગદિદમખિલં ક્રીડનં યા પરાખ્યા ॥
પશ્યન્તી મધ્યમાઽથો તદનુ ભગવતી વૈખરી વર્ણરૂપા ।
સાઽસ્મદ્વાચં પ્રસન્ના વિધિહરિગિરિશારાધિતાઽલંકરોતુ ॥૧॥

સૃષ્ટિવેળા જે ભગવતી ઉત્પત્તિરૂપ છે; જગતની રક્ષા કરવામાં, પાલન કરવામાં શક્તિરૂપ છે; સંહાર કરવાના સમયે રુદ્રસ્વરૂપ ધારણ કરે છે, આ સર્વ જગત જેમની મોટી ક્રીડારૂપ છે; જે દેવી પરા, પશ્યંતી, મધ્યમા તથા વૈખરી વાણીરૂપ તેમ જ વર્ણસ્વરૂપ છે અને જેમની આરાધના બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશે કરી છે; તે ભગવતી પ્રસન્ન થઇ અમારી વાણીને શોભાવો. ૧

નારાયણં નમસ્કૃત્ય નરં ચૈવ નરોત્તમમ્ ।
દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમુદીરયેત્ ॥

શ્રીહરિનારાયણને, નરોત્તમ ભગવાનને, દેવી સરસ્વતીને તથા વ્યાસમુનિને નમી 'જય' શબ્દ ઉચ્ચારવો અથવા 'જય' નામના ઐતિહાસિક ગ્રંથનો આરંભ કરવો. ૨

ઋષિઓ બોલ્યા : હે સૂત ! તમે અસંખ્ય વર્ષો સુધી જીવો; કારણ કે હે મહાબુદ્ધિમાન વ્યાસશિષ્ય ! તમે અમને ભાવસભર પવિત્ર કથાઓ અત્રે સંભળાવો

છો. અમે તમારી પાસેથી સર્વ પાપોના ક્ષય કરનારું વિષ્ણુચરિત્ર જે પવિત્ર, કલ્યાણકારી અને અદ્દભુત છે તે અવતાર કથાઓ સાથે શ્રદ્ધાભક્તિથી સાંભળ્યું, તેમ જ પરમાત્મા શિવનું લીલાઓથી સભર દિવ્ય ચરિત્ર, ભસ્મ તથા રુદ્રાક્ષના મહિમા સહિત સાંભળ્યું. હવે પવિત્રોત્તમ અને જીવાત્માઓને અનાયાસે ભોગ તથા સાયુજ્ય આપનારું હોય તે અમે વિસ્તારપૂર્વક શ્રવણ કરવા ઇચ્છીએ છીએ. હે મુનિશ્વર ! જે વડે કલિયુગમાં પણ મનુષ્યોના કાર્ય સિદ્ધ થાય અને અંતે મોક્ષ મળે તે તમે પ્રેમપૂર્વક કહો. તમારાથી અન્ય અમારો સંશય દૂર કરનાર હોય એવું અમારા ધ્યાનમાં નથી.

સૂત બોલ્યા : હે ઋષિઓ ! લોકોના કલ્યાણઅર્થે તમે આ ઠીક પૂછ્યું છે, એટલે સર્વ શાસ્ત્રોના સારરૂપ છે તે જ હું તમને કહું છું. જ્યાં સુધી ભાવિક મનુષ્યો દેવીના મહિમાને વર્ણવતા દેવીભાગવતને એકાગ્રતાથી સાંભળતા નથી, ત્યાં સુધી તેમની આગળ તીર્થો, પુરાણો તથા વ્રતો ગાજ્યા કરે છે. જ્યાં સુધી મુમુક્ષુએ દેવીભાગવત નામની ફરશી પ્રાપ્ત કરી નથી ત્યાં સુધી મનુષ્યોને પુષ્કળ દુઃખોરૂપી કંટકવાળું પાપરૂપી જંગલ દુઃખદાયી નિવડવાનું છે. જ્યાં સુધી દેવીભાગવતરૂપી સૂર્યનો ઉદય થયો નથી, ત્યાં સુધી જીવાત્માઓને ઉપદ્રવોરૂપી ઘોર અંધકાર દુઃખકર્તા રહેવાનો છે. ૧૧

ઋષિઓએ પૂછ્યું : 'હે મહાભાગ ! તે સર્વ શાસ્ત્રોના સાર-સમાન પુરાણ કેવું છે? તેના શ્રવણનો વિધિ શું છે? કેટલા દિવસો સુધી તે પુરાણ સાંભળવું જોઇએ ? એના પૂજનનો વિધિ કેવો છે ? પૂર્વે કયા ભાગ્યશાળી મનુષ્યોએ તે સાંભળ્યું છે અને કઇ કઇ ઇચ્છિત કામનાઓને તે પામ્યા છે ?'

સૂત બોલ્યા : હવે તે તમે ધ્યાનથી સાંભળો. જેમણે અઢાર પુરાણો રચ્યા તે મુનિ-વેદવ્યાસ વિષ્ણુના અંશરૂપ છે. તે પૂર્વે સત્યવતીમાં પરાશર મુનિથી જન્મ્યા હતા. તેમણે વેદોનું વિભાજન કરી ચાર શિષ્યોને વેદો ભણાવ્યા હતા. તે ભગવાન વેદવ્યાસે જેઓને યોગ્ય સમયે 'ઉપનયન સંસ્કાર' ન થયો હોય તેવા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોને, અધર્મ-આચરતા દ્વિજોને, સ્ત્રીઓને તથા ભ્રષ્ટ બુદ્ધિવાળા મનુષ્યોને જ્ઞાન કેવી રીતે લાધે, એમ વિચારી તેઓમાં ધર્મ દૃઢ થાય તેવા પ્રચારની ઇચ્છાથી પુરાણ-સંહિતા રચવાનો નિર્ણય કર્યો. પછી તો ભગવાન વ્યાસ મુનિએ એક પછી એક પુરાણ રચવા માંડતાં અઢાર પુરાણો રચ્યાં, વધુમાં ભારતાખ્યાન રચી મને તે પ્રેમપૂર્વક ભણાવ્યું. તે સર્વ પુરાણોમાં જીવાત્માઓને ભોગ તથા મોક્ષ આપનારૂં 'દેવીભાગવત પુરાણ' ભગવાન વેદવ્યાસે જ જનમેજય રાજાને સંભળાવ્યું હતું. પૂર્વે આ જનમેજય રાજાના પિતા પરીક્ષિત રાજાને તક્ષક નાગ કરડવાથી તેમનું અકાળ મૃત્યુ થયેલું ત્યારે તેમની સદ્દગતિ

માટે જનમેજય રાજાએ ત્રૈલોક્યની માતા ભગવતી દેવીનું ષોડશોપચારોથી પૂજન કર્યા પછી ભગવાન વેદવ્યાસના મુખેથી દેવીભાગવત લાગલગાટ નવ દિવસ પર્યંત સાંભળ્યું હતું. જ્યારે નવ દિવસની ભક્તિનો એ 'નવાહયજ્ઞ' પૂર્ણ થયો ત્યારે રાજા પરીક્ષિત પણ સદ્‌ગતિ પામ્યા હતા. તે દિવ્યદેહ ધરી તે જ ક્ષણે ભગવતી દેવીનાં સાલોક્યને પામ્યા હતા. પિતાની દિવ્ય ગતિ થયેલી જોઇને હર્ષ પામેલા રાજા જનમેજયે વ્યાસ મુનિને સારી રીતે ભાવથી પૂજ્યા હતા.

ભગવાન વેદવ્યાસે રચેલા અઢાર પુરાણોની મધ્યે આ 'દેવીભાગવત' નામનું પુરાણ સર્વોત્તમ-શ્રેષ્ઠ હોઇ તે મુમુક્ષુઓને ધર્મ, કર્મ, અર્થ તથા મોક્ષ આપનારું છે. ભાવિક નર-નારીઓ દેવી ભગવતીની આ દિવ્ય કથા નિરંતર શ્રદ્ધા-ભક્તિથી સાંભળે છે તેઓ માટે સિદ્ધિ હાથવેંત જ દૂર રહે છે, માટે સુજ્ઞજનોએ તે સદા સેવવા યોગ્ય છે. દેવીભાગવતની કથા આખો દિવસ સાંભળવી જોઇએ, તેમ ન બને તો અર્ધો દિવસ સાંભળવી, તેમ પણ ન બને તો દિવસનો ચોથો ભાગ, એક મુહૂર્ત કે એક ક્ષણ પણ જે ભાવિકો આ દિવ્ય કથા ભકિતપૂર્વક સાંભળે છે, તેઓની ક્યારેય દુર્ગતિ થતી નથી. ઘણા યજ્ઞો કરવાથી, ઘણા તીર્થો ફરવાથી કે ઘણું દાન કરવાથી જે ફળપ્રાપ્તિ થાય છે, તેટલા જ ફળને મનુષ્ય માત્ર એકવાર દેવીભાગવત પુરાણ સાંભળે તો પ્રાપ્ત કરે છે. સત્યયુગ આદિ યુગોમાં અનેક ધર્મ પ્રચલિત હતા. પરંતુ કલિયુગમાં કેવળ પુરાણ શ્રવણ કરવાથી મનુષ્ય તરી જાય છે. તે સિવાય મનુષ્યો માટે અન્ય ધર્મ નથી. કલિયુગમાં મનુષ્યો ધર્મ તથા આચાર-રહિત તથા અલ્પ આયુષવાળા થવા માંડયા તેથી તેઓના હિતાર્થે ભગવાને ત્યારે 'પુરાણ' નામનો અમૃતરસ રચ્યો છે. અમૃતનું પાન કરનાર એક જ મનુષ્ય અમરત્વને પામે છે; ત્યારે આ ભગવતી દેવીની કથારૂપ અમૃત તે પીનારના આખા કુળને અજરામર કરે છે. આ પુરાણ-કથાના શ્રવણ માટે અમુક મહિનાઓ કે અમુક દિવસો જ જોઇએ એવો કોઇ નિયમ નથી. ગમે તે સમયે તે વાંચી કે સાંભળી શકાય છે.

તેમ છતાં વર્ષમાં ચાર નવરાત્ર આવે છે તે સમયે : 'આશ્વિન, ચૈત્ર, અષાડ અને માઘ' માસમાં એ દેવીકથાનું પઠન-શ્રવણ વિશેષ ફળદાયક છે. માટે આ નવરાત્રનો 'નવાહયજ્ઞ' સર્વ પુણ્યદાયક કર્મો કરતાં વધુ ફળદાતા હોવાથી આ યજ્ઞને અતિ પુણ્યકારક કહ્યો છે. ગમે તેવા દુષ્ટો, પાપીઓ, હત્યારાઓ અને નાસ્તિકો પણ કલિયુગમાં નવાહયજ્ઞથી પાવન-પવિત્ર થાય છે. મનુષ્યોને જે ફળ જપ-તપ-દાન અને તીર્થો સેવવાથી મળતું નથી તે ફળ નવાહયજ્ઞથી પ્રાપ્ત થાય છે. હે બ્રાહ્મણો ! આ નવાહયજ્ઞ જેટલી જલદીથી મુમુક્ષુઓને પવિત્ર કરે છે તેટલાં કાશીક્ષેત્ર, નૈમિષારણ્ય, મથુરા,

ગંગા કે બદરીવન' પણ પવિત્ર કરતાં નથી. એટલા માટે જ આ દિવ્ય દેવીભાગવત પુરાણ સૌથી અત્યંત શ્રેષ્ઠ અને મનુષ્યો માટે ધર્મ, અર્થ કામ તથા મોક્ષનું ઉત્તમ સાધન મનાય છે. જે મનુષ્ય આશ્વિન માસના નવરાત્રમાં સૂર્યનો પ્રવેશ જ્યારે કન્યા રાશિમાં થયો હોય ત્યારે અષ્ટમી-મહા અષ્ટમીના દિવસે સોનાના સિંહાસન પર રાખેલું શ્રી દેવી ભાગવતનું પુસ્તક વિધિપૂર્વક પૂજી તેને યોગ્ય બ્રાહ્મણને અર્પવામાં આવે તો તે ભાવિક મનુષ્ય દેવીની પદવી પામે છે. જે ભાવિક મનુષ્ય આ પુરાણના આખા એક શ્લોકનો કે અર્ધા શ્લોકનો સદા ભકિતપૂર્વક પાઠ કરે છે, તે દેવી ભગવતીની પ્રસન્નતાને પામનારો થાય છે, એટલું જ નહિ આ દેવીભાગવત માત્ર સાંભળવાથી જ ઘોર ઉપદ્રવો, અણધારી ઉપાધિઓ, મહામારીથી ઉત્પન્ન થયેલા રોગોના ભયનો તથા આવેલા અને આવનારાં ઉત્પાતોનો પણ નાશ થાય છે. ગ્રહો અને ભુતપ્રેતોનો ઉપદ્રવ ભાગવતના શ્રવણથી દૂર થાય છે. આ દિવ્ય દેવીભાગવતના શ્રવણથી વસુદેવને ઘણા સમય પછી પોતાના પુત્ર શ્રીકૃષ્ણનો મેળાપ થયો હતો ત્યારે તેમને અપાર આનંદ થયો હતો. આ ભાગવતના શ્રવણથી અપુત્રને પુત્રપ્રાપ્તિ ને નિર્ધનને ધનપ્રાપ્તિ થાય છે. રોગી રોગથી મુકત થાય છે અને દુ:ખી દુ:ખમુકત થાય છે. જે સ્ત્રી સંતાનવિહોણી એટલે કે વાંઝણી હોય, જે કાકવંધ્યા એટલે એક જ વાર પ્રસુતિ થઇ હોય તે, અથવા જેનાં સંતાન જીવતાં ન હોય તેવી હોય, આ સર્વ સ્ત્રીઓ દેવીભાગવતનું ધ્યાનથી શ્રવણ કરે તો તેને લાંબા આયુષ્યવાળા પુત્રની પ્રાપ્તિ થાય છે. જે આવાસમાં આ દેવીભાગવતનું પુસ્તક નિત્ય પૂજાય છે ને વંચાય છે તે ઘર તીર્થરૂપ થઇ ઘરમાં રહેનારાંઓના પાપનો નાશ કરનારું થાય છે. દરેક મહિનાની આઠમ, નોમ કે ચૌદશના દિવસે ભાવિકે ભકિતપૂર્વક આ ભાગવતનો પાઠ કરવો. આ ભાગવતનો નિત્ય પાઠ કરનાર બ્રાહ્મણ, વેદવેત્તાઓમાં અગ્રણી ગણાય છે. ક્ષત્રિય પાઠ કરે તો રાજા થાય છે, વૈશ્ય પાઠ કરે તો ધનપ્રાપ્તિ થાય છે, અને શુદ્ર પણ જો પાઠ કરે તો તે કૂળમાં ઉત્તમ ગણાય છે. ૫૦

ઇતિ શ્રીસ્કંદપુરાણમાં માનસખંડ વિષે શ્રી દેવીભાગવત માહાત્મ્યમાં ૧ લો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### વસુદેવને મળેલું ભાગવતશ્રવણનું ફળ

ઋષય ઊચુ:

વસુદેવો મહાભાગ: કથં પુત્ર મવાપ્તવાન્ ।
પ્રસેન: કુત્ર કૃષ્ણેન ભ્રમતાઽન્વેષિત્ત: કથમ્ ॥

ઋષિઓ કહે : ભાગ્યવંત વસુદેવને કેવી રીતે પુત્ર જડ્યો હતો? ક્યાં આગળ ભ્રમણ કરતાં શ્રીકૃષ્ણે પ્રસેનને ક્યાં પ્રકારે શોધી કાઢ્યો હતો? વળી એ પણ જણાવો કે, વસુદેવે કયા વકતા પાસેથી શ્રી દેવીભાગવત, કેવા વિધિથી સાંભળ્યું હતું? આ બધું કહો.

સૂતે કહ્યું : દ્વારકાપુરીમાં ભોજવંશી યાદવરાજ સત્રાજિત સુખરૂપ રહેતો હતો.

તે નિત્ય આદિત્ય–નારાયણની આરાધના કરતો તેથી તે સૂર્યનો પરમ ભક્ત અને મિત્ર થયો હતો. તેની ભક્તિથી પ્રસન્ન થઈ સૂર્યદેવે તેને સૂર્યલોકનાં દર્શન કરાવી સ્યમંતક નામનો મણિ પણ આપ્યો હતો. અને તે મણિને કંઠમાં ધારણ કરી સત્રાજિત જ્યારે દ્વારકામાં આવ્યો ત્યારે તેને જોઇ સૂર્યની ભ્રમણામાં પડેલા દ્વારકાવાસીઓ સુધર્માસભામાં વિરાજેલા શ્રીકૃષ્ણની સમક્ષ જઇ બોલ્યા કે 'હે જગત્પતિ ! આપના દર્શનાર્થે સૂર્ય આવી રહ્યા છે.' એ સાંભળી શ્રીકૃષ્ણે હસીને કહ્યું : 'તમારું જ્ઞાન ક્યાં ગયું ! તમે મોટા ભ્રમમાં કેમ પડી ગયાં ? એ સૂર્ય નથી, પરંતુ સૂર્યે આપેલા તેજસ્વી સ્યમંતક મણિથી ઝળહળી રહેલ સત્રાજિત આવી રહ્યા છે. ત્યારબાદ યાદવરાજ સત્રાજિતે પોતાના આવાસે બ્રાહ્મણોને બોલાવી તેમની પાસે સ્યમંતક મણિને પૂજાવીને પછી તેને આવાસમાં પ્રવેશાવ્યો. આ દૈવી મણિ નિત્ય આઠ ભાર સુવર્ણ આપતો હતો. વળી આ મણિ જ્યાં હોય ત્યાં દુષ્કાળ પડે નહિ તેમ જ રોગોનો ઉપદ્રવ થાય નહિ.

આ સત્રાજિત રાજાને પ્રસેન નામનો એક ભાઇ હતો. આ પ્રસેને એકવેળા મૃગયા ખેલવા માટે વનમાં જવાની તૈયારી કરી ત્યારે તેને સ્યમંતક મણિ યાદ આવ્યો, તે તો પૂજાખંડમાં રાખેલ મણિ લઇ તેને કંઠમાં બાંધી, ઘોડા પર સવાર થઇ વનમાં ચાલ્યો ગયો. પ્રસેનને વનમાં એક પણ મૃગ જોવામાં ન આવતાં તે નિરાશ થઇ પાછો ફરતો હતો ત્યાં પાછળથી આવી એક સિંહે તેના પર તરાપ મારી, પરિણામે તે અને ઘોડો બન્ને ઘાયલ થઇ થોડીવાર તરફડીને મરણ પામ્યા. પછી પેલો મણિ મોંમાં લઇને સિંહ વનમાં ફરવા લાગ્યો. એવામાં રીંછોના પરાક્રમી રાજા જાંબવાને સિંહને ઝળહળતા મણિ સાથે ફરતો જોયો. તેની ઇચ્છા મણિ પડાવી લેવાની થઇ. જ્યારે સિંહ તેની ગુફાના દ્વાર આગળ આવ્યો ત્યારે જાંબવાને સિંહને ગુફાના દ્વારમાં જ મારી નાખી તેની પાસેનો 'સ્યમંતક મણિ' લઇ લીધો ને તે પોતાના પુત્રને રમવા માટે આપ્યો. બીજી બાજુ સત્રાજિત તેના ભાઇ પ્રસેનની ચિંતા કરી રહ્યો હતો કે તેને વનમાં ગયાને ઘણો સમય થયો, છતાં તે પાછો કેમ ફર્યો નહિ ? વળી તે મણિ ધારણ કરીને ગયો છે, તો કોઈ એ મણિ પડાવી લેવા તેને મારી નાખ્યો તો નહિ હોય ?

તે આવી મૂંઝવણમાં હતો ત્યાં તો નગરમાં ફેલાયેલી વાત તેના કાને આવી કે 'સ્યમંતક મણિ' પ્રાપ્ત કરવા માટે શ્રીકૃષ્ણે જ પ્રસેનનો ઘાત કર્યો છે.' શ્રીકૃષ્ણે પણ લોકવાયકા સાંભળી અને તે પોતાના માથે લાગેલા કાળા કલંક (અપયશ)ને ધોઇ નાખવા, ખરી હકીકતની ખાત્રી કરવા શ્રીકૃષ્ણ કેટલાક નગરવાસીઓને સાથે લઇ, પ્રસેન જે માર્ગે વનમાં ગયેલ તે માર્ગે જઇ તેની

શોધ કરવા લાગ્યા. ફરતાં ફરતાં એક સ્થળે પ્રસેનને સિંહે મારી નાખ્યા હોય એવાં ચિન્હો જણાયાં. ત્યાં લોહીનાં ટીપાં પડેલાં જોયાં. તે નિશાનીને આધારે શ્રીકૃષ્ણ બધા સાથે સિંહની શોધ કરતાં જાંબવાન રીંછની ગુફા આગળ આવ્યા ને ત્યાં સિંહને મૃતાવસ્થામાં પડેલો જોયો. શ્રીકૃષ્ણને કંઈક ખ્યાલ આવતાં તેમણે સાથેના નગરવાસીઓને કહ્યું : 'તમે બધા આ ગુફાની બહાર ઊભા રહો, મને લાગે છે કે મણિ લઈ જનાર આ ગુફામાં જ હશે, તેથી હું અંદર જઈ તપાસ કરું છું, કદાચ મને બહાર આવતાં વાર થાય તો પણ તમે જતા રહેતા નહિ, અહીં જ ઊભા રહેજો.'

એ ગુફામાં જાંબવાન કુટુંબ સાથે રહેતો હતો. શ્રીકૃષ્ણે ગુફામાં થોડુંક આગળ વધતાં જ જાંબવાનના પુત્રને મણિ સાથે રમતો જોયો. શ્રીકૃષ્ણ તે મણિ લઈ લેશે એવું સમજી બાળકની ધાવ માતાએ મોટી બૂમ પાડી. તેનો અવાજ સાંભળી જાંબવાન તુરત જ ત્યાં દોડી આવ્યો. તેણે શ્રીકૃષ્ણને પડકાર કર્યો તો પડકારના ઉત્તરમાં શ્રીકૃષ્ણ તેની સાથે લડવા તૈયાર થયા. શ્રીકૃષ્ણ અને જાંબવાન વચ્ચે ગુફાની અંદર લગભગ સત્તાવીસ દિવસ સુધી જોરદાર યુદ્ધ થયું. ગુફાની બહાર શ્રીકૃષ્ણની રાહ જોઇ રહેલા નગરવાસીઓ ચિંતામાં પડી ગયા કે શ્રીકૃષ્ણ બહાર કેમ આવ્યા નહિ? અંદર શું થયું હશે? તેઓએ ત્યાં બાર દિવસ સુધી શ્રીકૃષ્ણની રાહ જોઈ, પછી ગભરાટ અનુભવતા નગરમાં ચાલ્યા ગયા. શ્રીકૃષ્ણને ગયે ઘણો સમય વીતી ગયો એવામાં તેમના પિતા મહાભાગ વસુદેવે નગરવાસીઓની વાત સાંભળી અને તેઓ શ્રીકૃષ્ણ વિષે મહાચિંતામાં પડી ગયા. તેમનો આખો પરિવાર ચિંતા કરવા લાગ્યો. પોતાનું કલ્યાણ કેવી રીતે થાય? એ વિષે વસુદેવ વિચારી રહ્યા હતા ત્યાં બ્રહ્મલોકમાંથી નીકળેલા દેવર્ષિ નારદ તેમની પાસે એકાએક આવી પહોંચ્યા.

વસુદેવે નારદજીનો સત્કાર કરી બેસવા આસન આપી પૂજન કર્યું, પણ વસુદેવના મનનો ઉદ્વેગ નારદજીથી છાનો રહ્યો નહિ, તેમણે તરત જ વસુદેવને પૂછ્યું : હે વસુદેવ! તમે ચિંતામાં છો. તમારા શોકનું કારણ શું છે?

વસુદેવે કહ્યું : 'મારો પુત્ર કૃષ્ણ પ્રસેનની શોધ કરવા વનમાં નગરવાસીઓ સાથે ગયેલો તે હજુ સુધી પાછો ફર્યો નથી.' એમ કહી નગરવાસીઓએ કહેલું સર્વ વૃત્તાંત તેમને સંભળાવ્યું, પછી કહ્યું : હે મુનિ! તમે મારા પુત્રનો મેળાપ થાય એવું કોઇ સાધન બતાવો.

નારદજીએ તે માટે અંબિકાદેવીનું આરાધન કરવા કહ્યું તો વસુદેવ બોલ્યા: હે ભગવન્! તે દેવીનું નામ આજે જ મેં સાંભળ્યું. તે કોણ છે? તેમનો પ્રભાવ કેવો છે? તેમનું આરાધન કયા વિધિથી કરવું? તે સર્વ આપ મને કહો.

નારદે કહ્યું : હે ભાગ્યવંત વસુદેવ!

એ દિવ્ય-દેવીનું અતુલ માહાત્મ્ય તમને સંક્ષેપમાં કહું છું. એ મહેશ્વરી વડે આ જગત વ્યાપ્ત છે. પ્રજાપતિ બ્રહ્મા પણ એ ભગવતી દેવીના આરાધનથી આ ચરાચર જગતને સર્જે છે. જ્યારે બ્રહ્મા મધુ-કૈટભના ભયથી વ્યાકુળ બની ગયા હતા ત્યારે આ દેવીની સ્તુતિથી જ તે ભયમુક્ત થયા હતા. દેવી ભગવતીની કૃપાથી જ સકળ વિશ્વનું રક્ષણ વિષ્ણુ ભગવાન કરે છે અને રુદ્ર જે વિશ્વનો સંહાર કરે છે તે પણ મહેશ્વરી દેવીના કૃપાકટાક્ષના દર્શનથી જ. એ દેવી જ સંસારના બંધન અને મોક્ષનું કારણ છે, તે જ પરમ વિદ્યારૂપ અને સર્વ ઇશ્વરોના ઇશ્વરી છે. માટે તમે નવરાત્ર વ્રતનું વિધાન કરો. એ નવે દિવસ અંબિકાદેવીનું પૂજન કરી, એ નવે દિવસ ભગવતીદેવીનુ-ભાગવત પુરાણ એકાગ્રપણે સાંભળો, જેના શ્રવણથી તમને પુત્રની પ્રાપ્તિ થશે.

વસુદેવે આ સાંભળી હર્ષ વ્યક્ત કરી નારદજીને પ્રણામ કર્યાં પછી કહ્યું: 'હે ભગવન્! આપે આ કહ્યું તેમાં મને એક પ્રસંગ યાદ આવી ગયો જે દેવીમાહાત્મ્યને સંબંધીત છે. પૂર્વે કંસને આકાશવાણી દ્વારા ચેતવણી મળી હતી કે 'હે કંસ! દેવકીના આઠમા ગર્ભથી તારૂં મૃત્યુ થશે.' એ સાંભળી કંસે ભયભીત થઇ મને તથા દેવકીને કારાગારમાં પૂરી દીધાં. ત્યાં દેવકીને જેટલા પુત્ર અવતરતા તે બધાને કંસ પોતાના ઘાતક જાણી મારી નાખતો હતો. ઘાતકી કંસે એ રીતે દેવકીના છ કોમળ પુત્રોને મારી નાખ્યાં, આથી દેવકી ખૂબ કલ્પાંત કર્યાં કરતી હતી. મેં દેવકીનું દુઃખ યાદવોના ગુરુ ગર્ગમુનિને કહ્યું તો તેના નિવારણ માટે ગર્ગમુનિએ ભગવતીદેવી દુર્ગાનું આરાધન કરવા કહ્યું ને વધુમાં જણાવ્યું કે, 'તે કલ્યાણીનું આરાધન તમને કલ્યાણકારી નીવડશે. તેઓ ભક્તોના દુઃખ અને સંકટને ટાળનારાં છે. જે નિત્ય દુર્ગાદેવીનું પૂજન-ભક્તિ કરે છે તેને માટે આ લોકમાં કંઇ પણ દુર્લભ નથી.' ગર્ગમુનિના આ વચન સાંભળી મેં હર્ષિત થઇ મારી પત્નીને પાસે બોલાવી, ને તેને સર્વ હકીકત કહી એટલે તે પણ હર્ષ પામી. પછી અમે બન્નેએ ગર્ગમુનિને પ્રણામ કરી કહ્યું: 'અમે અત્યારે કંસના કારાગારમાં બંધનાવસ્થામાં છીએ એટલે અમારાથી ઉત્સાહપૂર્વક કોઇ કાર્ય થવું અસંભવ છે, માટે આપ જ અમારા માટે ચંડિકાદેવીનું આરાધન કરો.'

મુનિશ્રેષ્ઠ ગર્ગ 'બહુ સારુ' કહી ત્યાંથી નીકળ્યા અને કેટલાક બ્રાહ્મણોને સાથે લઇ આરાધનાર્થે વિંધ્યાચળ પર્વત પર ગયા ને ત્યાં એ મુનિએ સંકટહર્તા ને કલ્યાણકર્તા દુર્ગાદેવીનું આરાધન કરવા માંડ્યું. બરાબર આરાધનની સમાપ્તિ વખતે જ મુનિને આકાશવાણી સંભળાઇ. 'હે મુનિ! તમારા આરાધનથી હું પ્રસન્ન થઇ છું તેથી તમારા ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે. પૃથ્વી પર વધેલા પાપનો

બોજ દૂર કરવા માટે મેં પ્રેરેલા શ્રીહરિ પોતાનાં અંશ વડે વસુદેવની પત્ની દેવકીમાં અવતરશે. તે વખતે તેને કંસ મારી નાખશે એવા ભયથી વસુદેવ તે બાળકને છાબમાં રાખી માથે મૂકીને યમુના પાર કરી ગોકુળમાં નંદને ઘેર પહોંચાડશે અને નંદને ત્યાં બાળકને મૂકી ત્યાંથી યશોદાને અવતરેલી પુત્રીને લઇ પુનઃ કારાગારમાં જશે ત્યારે કંસ બાળકને લેવા કારાગારમાં આવશે, પણ તે કન્યા હોવાથી કંસ ક્રોધે ભરાઇ તેને મારી નાખવા પૃથ્વી પર–પત્થર પર પછાડશે તે વખતે મારા અંશરૂપ તે કન્યા એકાએક આકાશમાં ઊડી દિવ્ય દેહ ધારણ કરી વિંધ્યાચળ પર વસી જગતના લોકોનું કલ્યાણ કરશે.'

આવી અર્થસૂચક આકાશવાણી સાંભળી ગર્ગાચાર્ય મુનિ ભગવતી જગદંબાને પ્રણામ કરી, પ્રસન્નચિત્તે ત્યાંથી નીકળી મથુરા ગયા. ગર્ગાચાર્યને આકાશવાણી મારફત મળેલા દેવીના વરદાનની વાત સાંભળી હું અને મારી પત્ની અત્યંત હર્ષ પામ્યાં. તે દિવસથી દેવીના ઉત્તમ માહાત્મ્ય વિષે મને વધુ જાણવાની તીવ્ર ઉત્કંઠા થઇ છે. અમારા સદ્‌ભાગ્યે આપની અત્રે પધરામણી થઇ છે તો અમને પ્રીતિપૂર્વક કલ્યાણકારી દેવીનું ભાગવત સંભળાવો.'

વસુદેવનો ભાગવત સાંભળવા માટેનો આવો ઉત્કટ ભાવ જોઇ નારદે ઉત્સાહપૂર્વક શુભ નક્ષત્રમાં દેવીભાગવત કથાનો આરંભ કર્યો. આ વખતે કથા શ્રવણ કરવા ઘણા બ્રાહ્મણો ત્યાં આવીને બેઠા હતા. તેઓએ કથામાં વિઘ્ન ન નડે તે માટે નવાક્ષર મંત્રનો જપ કર્યો, પછી માર્કણ્ડેય પુરાણમાં દર્શાવેલા દેવીના ઉત્તમ સ્તોત્રનો પાઠ કર્યો પછી નારદજીએ દેવીભાગવત પુરાણનો આરંભ કરી નવમે દિવસે ભાગવત કથાની સમાપ્તિ કરી. વસુદેવે પ્રથમ વખત ભાગવતામૃતનું પાન કર્યું અને તે આનંદવિભોર બની ગયા. પછી તેમણે વિધિપૂર્વક પુસ્તકનું તેમ જ વકતાનું પૂજન કર્યું. પછી ત્યાં દેવીભાગવત સાંભળનારા બધા પુસ્તકને તેમ જ વકતાને નમન કરીને પોતાને ધન્ય માનતા, દેવીનો મહિમા ગાતા પોતપોતાને સ્થાને જતા રહ્યા.

હવે આપણે ગુફામાં શું બન્યું તે જોઇએ : ગુફામાં શ્રીકૃષ્ણ અને રીંછરાજા જાંબવાન વચ્ચે ઘણા કાળ સુધી યુદ્ધ ચાલ્યું. અંતે શ્રીકૃષ્ણની મુક્કીઓના સતત પ્રહારથી જાંબવાનના અંગો શિથિલ થઇ ગયાં અને એકાએક જાંબવાનને સ્મરણ થયું કે આ તો સાક્ષાત શ્રીકૃષ્ણ ભગવાન છે. એટલે તેણે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને પોતે કરેલા અપરાધ બદલ ક્ષમા માગીને કહ્યું : હે શ્રીકૃષ્ણ ! હવે જ મેં આપને ઓળખ્યા કે તમે બીજા કોઇ નહિ પણ લંકાનગરીમાં ખળભળાટ મચાવી રાવણને મારનાર રામચંદ્ર છો. આજથી હું આપની તાબેદારી સ્વીકારી આપનો સેવક બનું છું,

બોજ દૂર કરવા માટે મેં પ્રેરેલા શ્રીહરિ પોતાનાં અંશ વડે વસુદેવની પત્ની દેવકીમાં અવતરશે. તે વખતે તેને કંસ મારી નાખશે એવા ભયથી વસુદેવ તે બાળકને છાબમાં રાખી માથે મૂકીને યમુના પાર કરી ગોકુળમાં નંદને ઘેર પહોંચાડશે અને નંદને ત્યાં બાળકને મૂકી ત્યાંથી યશોદાને અવતરેલી પુત્રીને લઇ પુન: કારાગારમાં જશે ત્યારે કંસ બાળકને લેવા કારાગારમાં આવશે, પણ તે કન્યા હોવાથી કંસ ક્રોધે ભરાઇ તેને મારી નાખવા પૃથ્વી પર–પત્થર પર પછાડશે તે વખતે મારા અંશરૂપ તે કન્યા એકાએક આકાશમાં ઊડી દિવ્ય દેહ ધારણ કરી વિંધ્યાચળ પર વસી જગતના લોકોનું કલ્યાણ કરશે.'

આવી અર્થસૂચક આકાશવાણી સાંભળી ગર્ગાચાર્ય મુનિ ભગવતી જગદંબાને પ્રણામ કરી, પ્રસન્નચિત્તે ત્યાંથી નીકળી મથુરા ગયા. ગર્ગાચાર્યને આકાશવાણી મારફત મળેલા દેવીના વરદાનની વાત સાંભળી હું અને મારી પત્ની અત્યંત હર્ષ પામ્યાં. તે દિવસથી દેવીના ઉત્તમ માહાત્મ્ય વિષે મને વધુ જાણવાની તીવ્ર ઉત્કંઠા થઇ છે. અમારા સદ્‌ભાગ્યે આપની અત્રે પધરામણી થઇ છે તો અમને પ્રીતિપૂર્વક કલ્યાણકારી દેવીનું ભાગવત સંભળાવો.'

વસુદેવનો ભાગવત સાંભળવા માટેનો આવો ઉત્કટ ભાવ જોઇ નારદે ઉત્સાહપૂર્વક શુભ નક્ષત્રમાં દેવીભાગવત કથાનો આરંભ કર્યો. આ વખતે કથા શ્રવણ કરવા ઘણા બ્રાહ્મણો ત્યાં આવીને બેઠા હતા. તેઓએ કથામાં વિઘ્ન ન નડે તે માટે નવાક્ષર મંત્રનો જપ કર્યો, પછી માર્કણ્ડેય પુરાણમાં દર્શાવેલા દેવીના ઉત્તમ સ્તોત્રનો પાઠ કર્યો પછી નારદજીએ દેવીભાગવત પુરાણનો આરંભ કરી નવમે દિવસે ભાગવત કથાની સમાપ્તિ કરી. વસુદેવે પ્રથમ વખત ભાગવતામૃતનું પાન કર્યું અને તે આનંદવિભોર બની ગયા. પછી તેમણે વિધિપૂર્વક પુસ્તકનું તેમ જ વકતાનું પૂજન કર્યું. પછી ત્યાં દેવીભાગવત સાંભળનારા બધા પુસ્તકને તેમ જ વકતાને નમન કરીને પોતાને ધન્ય માનતા, દેવીનો મહિમા ગાતા પોતપોતાને સ્થાને જતા રહ્યા.

હવે આપણે ગુફામાં શું બન્યું તે જોઇએ : ગુફામાં શ્રીકૃષ્ણ અને રીંછરાજા જાંબવાન વચ્ચે ઘણા કાળ સુધી યુદ્ધ ચાલ્યું. અંતે શ્રીકૃષ્ણની મુક્કીઓના સતત પ્રહારથી જાંબવાનના અંગો શિથિલ થઇ ગયાં અને એકાએક જાંબવાનને સ્મરણ થયું કે આ તો સાક્ષાત શ્રીકૃષ્ણ ભગવાન છે. એટલે તેણે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને પોતે કરેલા અપરાધ બદલ ક્ષમા માગીને કહ્યું : હે શ્રીકૃષ્ણ ! હવે જ મેં આપને ઓળખ્યા કે તમે બીજા કોઇ નહિ પણ લંકાનગરીમાં ખળભળાટ મચાવી રાવણને મારનાર રામચંદ્ર છો. આજથી હું આપની તાબેદારી સ્વીકારી આપનો સેવક બનું છું,

તો મારે યોગ્ય કામ-સેવા ફરમાવો.'

શ્રીકૃષ્ણે પણ પ્રસન્ન થઇ કહ્યું : 'હે રીંછોના રાજા ! હે જાંબવન ! હું સ્યમંતક મણિની શોધ કરતો એકાએક આ ગુફામાં આવી ચડયો છું, જો તારી પાસે તે મણિ હોય તો મને સુપ્રત કરી દે'

જાંબવાને તો સ્યમંતક મણિ સાથે પોતાની જાંબવંતી નામની પુત્રી પણ સપ્રેમ અર્પણ કરી. શ્રીકૃષ્ણે સ્યમંતક મણિ કંઠમાં ધારણ કર્યો, પછી તે સસરા જાંબવાનની રજા લઇ જાંબવંતીને સાથે લઇ દ્વારકા જવા નીકળ્યા. આ બાજુ વસુદેવે ભાગવતકથાની સમાપ્તિ થયા પછી બ્રહ્માણોને મિષ્ટાન્ન જમાડયાં ને ઉપરથી દક્ષિણા આપી સંતુષ્ઠ કર્યા. બરાબર તે જ સમયે શ્રીકૃષ્ણ કંઠમાં મણિ ધારણ કરેલા, પત્ની જાંબવંતી સાથે ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઇ બધા હર્ષિત થઇ ગયા. નારદજીને પણ અતિ આનંદ થયો. બધાને આશીર્વાદ આપી નારદજી ત્યાંથી બ્રહ્મસભામાં જતા રહ્યા. શ્રીહરિનું આ ઉત્તમ દિવ્ય ચરિત્ર મનુષ્યની અપકીર્તિનો નાશ કરનાર તેમ જ યશ વધારનાર છે. જે મનુષ્ય શુદ્ધ થઇ ભક્તિભાવથી આ ભાગવતનું પઠન કે શ્રવણ કરે છે તે સદાય સુખ-ભોગ ભોગવે છે અને અંતે મોક્ષગતિને પામે છે. ૮૨

ઇતિ શ્રીસ્કંદપુરાણમાં માનસખંડ વિષે શ્રી દેવીભાગવત માહાત્મ્યમાં 'વસુદેવને મળેલું ભાગવત શ્રવણનું ફળ' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત



## અધ્યાય ૩ જો

### દેવીભાગવત શ્રવણ કરનાર સુદ્યુમ્નને કાયમી પુરુષપણું મળ્યું

સૂત ઉવાચ:

અથેતિહાસમન્યચ્ચ શૃણુધ્વં મુનિસત્તમાઃ ।
દેવીભાગવત સ્યાસ્ય માહાત્મ્ય યત્ર ગીયતે ॥

સૂતે કહ્યું : હે મુનિઓ ! હવે હું તમને બીજો ઇતિહાસ કહું છું, તેમાં દેવીભાગવતનું માહાત્મ્ય ગવાયેલું છે. એક વેળા અગસ્ત્યમુનિ જે લોપામુદ્રાના પતિ થાય તે કાર્તિકેયકુમાર પાસે ગયા, તેમનું પૂજન કરી વિવિધ પ્રકારની કથાઓ વિષે પૂછવા લાગ્યા. તેમની જિજ્ઞાસા સંતોષવા કુમારકાર્તિકેયે પણ પ્રેમથી અનેક પ્રકારની કથાઓ જેમાં દાન, તીર્થ ને વ્રતનો મહિમા ગવાયેલો હતો તે કહી. વધુમાં કાશી માહાત્મ્ય, ગંગા માહાત્મ્ય, તીર્થ માહાત્મ્ય પણ આદરથી કહ્યા. તે સાંભળી અગસ્ત્ય મુનિએ સંતોષ વ્યક્ત કરી, પછી દેવીભાગવત તથા તેના શ્રવણનો વિધિ જાણવા ઇચ્છા કરી એટલે કાર્તિકસ્વામિએ દેવીભાગવતનું માહાત્મ્ય ટુંકમાં કહેવા માંડયું : દેવીભાગવતમાં સાક્ષાત્ જગદંબા રહ્યાં છે તે આ લોકમાં ભોગ અને અંતે મોક્ષ આપનારાં છે. આ દેવીભાગવત ભગવતી અંબિકાની વાણીમય મૂર્તિ છે એટલે તેના પઠન-શ્રવણથી મુમુક્ષુ માટે કંઇ અસાધ્ય નથી. પૂર્વે શ્રાદ્ધદેવ નામના મનુએ પુત્રપ્રાપ્તિ અર્થે પુત્રેષ્ટિયજ્ઞ કરેલો ત્યારે તેમની પત્ની શ્રદ્ધાએ કન્યારત્નની ઇચ્છા કરેલી

તેથી તેને 'ઇલા' નામે કન્યારત્ન સાંપડેલું પરંતુ શ્રાદ્ધદેવે તો પુત્ર માટે યજ્ઞ કરેલો તેથી તેણે ગુરુને પૂછ્યું : મેં તો પુત્ર માટે ઇચ્છા કરેલી છતાં આપનો સંકલ્પ વિપરીત કેમ થયો ?

એ સાંભળી વસિષ્ઠ મુનિને ક્ષોભ થયો. તેઓ ઇશ્વરનું ધ્યાન ધરી કન્યા-રત્ન ઇલાને પુરુષપણું પ્રાપ્ત થાય તે માટે તુરત જ ઇશ્વરને શરણે ગયા. ઇશ્વર ઋષિના ભક્તિભાવથી પ્રસન્ન થયા, પરિણામે ઇલા પુરુષપણું પામી. તેનું નામ 'સુદ્યુમ્ન' રાખ્યું અને તે જ શ્રદ્ધાદેવ મનુનો પુત્ર કહેવાયો. તેણે જોતજોતામાં ઘણી વિદ્યાઓમાં પ્રવિણતા મેળવી લીધી. વળી તેણે બાણવિદ્યા સાધ્ય કરી હતી તેથી યૌવાવસ્થામાં ઘણી વેળા વનમાં મૃગયા ખેલવા જતો. નિયમ મુજબ એક વેળા તે પોતાના સાથીદારો સાથે ઘોડો દોડાવતો દોડાવતો છેક હિમાલય પર્વત નીચેના પ્રદેશમાં જઈ ચડયો. આ પ્રદેશમાં એકવેળા પરમાત્મા શંકર ને પાર્વતી આનંદક્રીડા કરતા હતા. બરાબર તે જ સમયે કેટલાક મુનિઓ મહેશ્વરના દર્શનાર્થે આવી ચડયા. આથી પાર્વતી શરમાઇને નીચું જોઇ ગયા, અને જ્ઞાની મુનિઓ તે જોઈ ક્ષોભ પામી ત્યાંથી વૈકુંઠમાં ચાલ્યા ગયા. પછી પાર્વતીના શરમ-સંકોચને જોઇ તેનું નિત્ય પ્રિય ઇચ્છતા સદાશિવે તે વનને સંબોધી શાપ આપ્યો : 'આજ પછી આ પ્રદેશમાં જે પુરુષ પ્રવેશશે તે તુરત જ સ્ત્રીસ્વરૂપ બની જશે.' એટલે એ પ્રદેશમાં ભાગ્યે જ કોઈ પુરુષ ફરકતો હતો. પરંતુ મૃગયા માટે નીકળેલો સુદ્યુમ્ન આ બાબતથી અજાણ હતો તેથી તે પોતાના સાથીઓ સાથે આ વન પ્રદે-શમાં પ્રવેશ્યો તે સાથે જ બધા સ્ત્રીસ્વરૂપ બની ગયા અને તેઓના ઘોડા પણ નારી જાતિના 'ઘોડી' બની ગયા. સુદ્યુમ્ન તો પોતાને તેમ જ સાથીઓને સ્ત્રી બનેલા જોઇ આશ્ચર્યચકિત થઈ ગયો. પોતાનો દેખાવ જોબનવંતી સ્ત્રી જેવો ને સર્વાંગ સુંદર હતો. તે હવે મૂંઝવણમાં પડી ગયો. શરમ આવવાથી તે એકલો જ-એકલી જ સ્ત્રીસ્વરૂપે વનેવનમાં ફરવા લાગી. એક વનમાં કોઇ રમણિય આશ્રમ જોવામાં આવતાં તે સ્ત્રી આશ્રમમાં ગઇ. આ આશ્રમ બુધ મુનિનો હતો. બુધ મુનિએ આ જોબનવંતી સ્ત્રીને જોઇ અને તે પોતાનું તપ અને પદ ભૂલીને તેના પર આસક્ત થઇ ગયા, અને તે સ્ત્રી બુધ ઉપર મોહિત થઇ ગઇ. આમ બન્ને એકબીજા ઉપર મોહિત થયા, પછી તો તે સ્ત્રી બુધ મુનિ સાથે આશ્રમમાં રહેવા લાગી.

કેટલાક કાળ પછી બુધથી તે સ્ત્રીમાં એક પુત્ર ઉત્પન્ન થયો, તેનું નામ 'પૂરૂરવા' રાખ્યું. તે સ્ત્રીને કેટલાક સમય પછી પોતાનું પૂર્વવૃત્તાંત યાદ આવવા માંડયું. પોતે પુરુષમાંથી સ્ત્રીરૂપ બની તે બધું યાદ આવતાં તે દુઃખિત હૃદયે બુધના આશ્રમમાંથી નીકળીને વસિષ્ઠ મુનિના

આશ્રમે ગઇ, અને તેમને નમન કરી પોતાનું સર્વ વૃત્તાંત જણાવી કહ્યું : 'મારે પ્રથમની જેમ પુરુષપણું જોઇએ છીએ, માટે તેનો ઉપાય કરો, હું આપને શરણે આવી છું.'

વસિષ્ઠમુનિ તેને આશ્વાસન આપી ત્યાંથી સીધા કૈલાસ પર્વત પર ગયા ને પરમાત્મા શંકરના દર્શન કરી તેમનું વિધિપૂર્વક પૂજન કર્યું, પછી વિવિધ સ્તોત્રોથી શંકરની સ્તુતિ કરવા માંડી:

'હે કૈલાસવાસી ! ત્રિશૂળધારી ! મસ્તકે ચંદ્રરૂપી આભુષણ ધરનારા આપ મંગળમૂર્તિ શંકરને મારા વારંવાર નમસ્કાર હો. હે કલ્યાણમૂર્તિ ! પાર્વતીના અર્ધા અંગરૂપ શરીરવાળા અને શરણ લેવા યોગ્ય આપ પરમાત્માને નમસ્કાર હો !' વસિષ્ઠમુનિની સ્તુતિ સાંભળી ભગવાન શંકર પાર્વતી સહિત ત્યાં પ્રકટ થયા ને બોલ્યા : 'હે બ્રહ્મર્ષિ ! હું તમારા પર પ્રસન્ન થયો છું, તો તમે ઇચ્છિત ફળ માંગો.' ત્યારે વસિષ્ઠમુનિએ મારું સર્વ વૃત્તાંત કહી મારા પુરુષપણા માટે ઇચ્છા વ્યકત કરી તો પરમાત્મા શંકરે કહ્યું, 'તે સ્ત્રી એક મહિનો પુરુષરૂપે રહેશે ને એક મહિનો સ્ત્રીરૂપે રહેશે.' તેમને પ્રણામ કરી વસિષ્ઠમુનિએ જગતના માતા શિવાદેવીનું પૂજન કરી, પ્રાર્થના કરી, પ્રણામ કરતાં કહ્યું : 'હે દેવી ! સુદ્યુમ્ન (પુરુષ)માંથી ઇલા (સ્ત્રી) બનેલીને કાયમ પુરુષપણું પ્રાપ્ત થાય તેવી કૃપા કરો. હે દેવોના પણ ઇશ્વરી ! સંસાર-સમુદ્રને પાર કરવા માટેની નૌકારૂપ, ભક્તિ વડે પ્રાપ્ત કરવા યોગ્ય મહામાયા ! આપનો જય થાઓ, આપને નમસ્કાર હો.' આ સાંભળી પ્રસન્ન થયેલા મહેશ્વરીએ મુનિને કહ્યું: હે મુનિશ્રેષ્ઠ ! તમે તમારા આશ્રમે જાઓ, જ્યાં સ્ત્રીરૂપે સુદ્યુમ્ન છે. ત્યાં જઇ તમે મારું વિધિપૂર્વક પૂજન કરો. ત્યાં નવ દિવસ મારું અનુષ્ઠાન કરી, મને પ્રસન્ન કરનારું દેવી-ભાગવત નામનું પુરાણ તે સ્ત્રીરૂપે રહેલા સુદ્યુમ્નને નવ દિવસ પ્રેમપૂર્વક સંભળાવો. સુદ્યુમ્ન નવ દિવસ તે સાંભળશે એટલે તેને હંમેશ માટે પુરુષપણું પ્રાપ્ત થશે.' એમ કહી શિવ સાથે શિવાદેવી તુરત જ અદ્રશ્ય થયા.

વસિષ્ઠ મુનિ પણ ત્યાંથી પોતાના આશ્રમે ગયા અને સ્ત્રીરૂપે રહેલા સુદ્યુમ્નને સર્વ વૃત્તાંત કહી દેવીના આરાધનનો મહિમા કહ્યો. પછી મુનિએ આશ્વિન માસ બેઠો ત્યારે સુદ ૧ થી ૯ સુધી જગદંબાનું પૂજન કરી, નવરાત્રના વિધિ વિધાન પ્રમાણે સ્ત્રી (સુદ્યુમ્ન)ને દેવી ભાગવત સંભળાવ્યું. તેણે ભાગવતરૂપ સુધાને એકાગ્રતાથી સાંભળી વિધિપૂર્વક પૂજન કર્યું કે તુરત જ તેનું સ્ત્રીસ્વરૂપ પલટાતાં પુરુષપણાને પામ્યો. હવે સુદ્યુમ્ન રાજાને કોઇ સંકોચ રહ્યો નહોતો તેથી મહર્ષિ વસિષ્ઠ તેને તેના રાજ્યમા લઇ ગયા અને તેનો રાજપદે અભિષેક કર્યો. પછી સુદ્યુમ્ન નિત્ય ભગવતીદેવીનું પૂજન-આરાધન કરીને ધર્મનીતિપૂર્વક

રાજ્ય કરવા લાગ્યો. આગળ જતાં દેવીની કૃપાથી તેની રાણીને ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થઇ. તે પુત્ર મોટો થતાં તેને રાજગાદીએ બેસાડી સુદ્યુમ્ન અંતે દેવીની ભક્તિ કરતો દેવીના લોકને પામ્યો.

હે બ્રાહ્મણો ! ભગવતી દેવીનું માહાત્મ્ય દ્રષ્ટાંત સહિત સંક્ષેપમાં મેં કહ્યું. તેનો પાઠ જે ભાવિક ભક્તિપૂર્વક કરે તે આ લોકમાં સર્વ ભોગો ભોગવી અંતે દેવીના ધામને પામે છે. ૫૮

ઇતિ શ્રીસ્કંદપુરાણમાં માનસખંડ વિષે શ્રીદેવી ભાગવત માહાત્મ્યમાં 'દેવીભાગવત શ્રવણ કરનાર સુદ્યુમ્નને ફરીથી પુરુષપણું' મળ્યું" નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### પાંચવાર શ્રીદેવીભાગવત સાંભળવાથી આદર્શ પુત્રની પ્રાપ્તિ

સૂત ઉવાચ :

ઇતિ શ્રુત્વા કથાં દિવ્યાં-
વિચિત્રાં કુમ્ભસંભવઃ ।
શુશ્રુષુઃ પુનરાદેહં વિશાખં વિનયાન્વિતઃ ।।

સૂત બોલ્યા : એવી અદ્દભુત કથા અગસ્ત્યે સાંભળી છતાં પુનઃ સાંભળવાને ઇચ્છતા તેમણે કાર્તિકેય સ્વામીને વિનયથી કહ્યું: હે દેવોના સેનાપતિ ! મેં આ દિવ્ય કથા સાંભળી છતાં હું તૃપ્ત થયો નથી, તો દેવીભાગવતનું બીજું માહાત્મ્ય પણ મને સંભળાવો.

કાર્તિકસ્વામીએ કહ્યું: હે અગસ્ત્યમુનિ ! જેમાં દેવીભાગવતના માત્ર એક જ અંશનો મહિમા કહ્યો છે તે આ કથા તમે એકાગ્રતાથી સાંભળો. જેમાં ગાયત્રીના અધિકાર સહિત ધર્મનો વિસ્તાર વર્ણવાયો છે અને ગાયત્રીનો મહિમા પણ જેમાં ગવાયો છે, તે જ દેવીભાગવત કહેવાય છે. વળી આ ભાગવત ભગવતીના સંબંધવાળું હોઇ દેવી ભાગવતના ચરિત્રરૂપ છે માટે તે 'ભાગવત' કહેવાય છે. તે પરમદેવી ભગવતી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વડે પણ આરાધવા યોગ્ય છે. પૂર્વે 'ઋતવાક્' નામના વિખ્યાત મુનિને ત્યાં રેવતી નક્ષત્રના અંતિમ ભાગમાં ગંડાતયોગમાં પુત્રપ્રાપ્તિ થઈ હતી. તે મોટો થતાં મુનિએ તે પુત્રની જાતકર્માદિ ક્રિયાઓ તેમ જ જનોઇ વગેરે સંસ્કારો પણ કર્યા પરંતુ પુત્રના જન્મ પછી મુનિને કોઈ રોગ લાગુ પડયો, આથી તે દુઃખી દુઃખી થઇ ગયા; વળી તેમની પત્ની પણ કોઇ રોગ લાગુ પડવાથી હેરાન હેરાન થઇ ગઇ. આ બધું દુઃખ હતું તેમાં તેમનો પુત્ર દુરાચારી બન્યો હતો, તે માતા–પિતાની આજ્ઞા પાળતો નહોતો તેથી ઋતવાક્ મુનિ રોજ બળાપો કરતા કે, 'મનુષ્યો અપુત્ર રહે તો કંઇ વાંધો નહિ, પરંતુ કુપુત્ર જન્મે તે ઘણું ખરાબ છે. કારણ કે કુપુત્ર પોતાના કર્મોને લીધે નરકમાં જાય છે, પરંતુ તેના સ્વર્ગમાં ગયેલા પિતૃઓને પણ નરકમાં નાખે છે. તે જીવે ત્યાં સુધી માતા–પિતાને દુઃખકર્તા થઇ પડે છે. જ્યારે જેઓને સુપુત્રની પ્રાપ્તિ થાય છે તેઓની લોકમાં કીર્તિ વધે છે.

પરોપકાર કરનારો પરગજુ પુત્ર માતા–પિતાને સુખદાયક નિવડે છે. કુપુત્રથી કુળનો ક્ષય થાય છે, વંશનો નાશ થાય છે. કુસ્ત્રીથી જન્મારો બગડે છે,

કુભોજનથી આખો દિવસ બગડે છે ને કુમિત્રથી ક્યારેય સુખ સાંપડતું નથી.

આમ દુષ્ટ પુત્રથી દુઃખી થયેલા ઋતવાક્ મુનિ ગર્ગાચાર્ય પાસે ગયા. તેમને પ્રણામ કરીને બોલ્યા : 'ભગવન્! મારો પુત્ર દુષ્ટ આચરણવાળો કયા કારણથી બન્યો છે? હું નિરંતર સાત્ત્વિક રહ્યો છું, મેં ગુરુની સેવા કરી, આજ્ઞા પાળી વિધિપૂર્વક વેદોનો અભ્યાસ કર્યો છે, બ્રહ્મચર્ય વ્રત પુરૂં પાળ્યા પછી વિવાહ કર્યો છે. પત્ની સાથે રૂડી રીતે ગૃહસ્થાશ્રમ પાળ્યો છે અને હંમેશા પાંચ યજ્ઞ કર્યા છે. વળી નરકવાસના ભયને લીધે પુત્રપ્રાપ્તિ અર્થે પત્નીમાં ગર્ભાધાન એ પણ કામસુખની ઇચ્છાથી નહિ પણ વિધિસર કર્યું છે. તેમ છતાં મારો આ પુત્ર મારા દોષથી કે તેની માતાના દોષથી આવો દુઃખદાયક અવતર્યો છે.'

ગર્ગાચાર્ય મુનિ તો જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા હતા. તેમણે કહ્યું : મુને ! આમાં કોઇનો દોષ નથી, પરંતુ તે રેવતી નક્ષત્રના છેલ્લા સમયમાં ગંડાતયોગમાં જન્મ્યો છે. તે યોગ જ તમારા પુત્રની અધમતાનું કારણ છે. એ દુઃખના નિવારણ માટે તમે સર્વની દુર્ગતિનો નાશ કરનારા, જગતની માતા દુર્ગાદેવીનું ભક્તિપૂર્વક આરાધન કરો.

ઋતુવાક્ મુનિએ આ સાંભળતાં જ રેવતી નક્ષત્રને શાપ આપ્યો : 'રેવતી આકાશમાંથી નીચે પડી જાઓ.' અને સર્વના દેખતાં રેવતી નક્ષત્ર આકાશમાંથી 'કુમુદ' નામે પર્વત પર પડ્યું, પછી તે પર્વત રૈવતક (ગિરનાર) નામે લોકમાં પ્રસિદ્ધિ પામ્યો. પછી ઋતવાક્ મુનિએ અંબિકાદેવીનું આરાધન કર્યું. તેથી તે સુખ-શાંતિ તથા સૌભાગ્યને પામ્યા. રેવતી નક્ષત્રના તેજમાંથી એક સ્વરૂપવતી જાણે બીજી લક્ષ્મી હોય તેવી કન્યા ઉત્પન્ન થઇ. પ્રમુચ નામના મુનિએ તેનું નામ પણ રેવતી રાખ્યું. તેને આશ્રમમાં લાવીને પ્રમુચ મુનિએ તેનું સારી રીતે લાલન-પાલન કરવા માંડ્યું. જ્યારે રેવતી યોગ્ય ઉંમરની થઇ ત્યારે તેના વિવાહ કરવા માટે પ્રમુચ મુનિએ તેને યોગ્ય વરની તપાસ આદરી પરંતુ તેને લાયક વર ન મળતાં એક દિવસ તેમણે અગ્નિશાળામાં જઇને અગ્નિહોત્રની સ્તુતિ કરી. અગ્નિદેવે પ્રસન્ન થઈ કહ્યું :

'હે મુને ! તમે હવે કન્યા માટે વરની શોધ ન કરશો, દુર્દમ નામે બળવાન અને ધર્મિષ્ઠ રાજા તેનો પતિ થશે.' મુનિ હજુ અગ્નિશાળામાં હતા ત્યારે તેમના આશ્રમમાં તેમની કન્યા રેવતી એકલી હતી, તે વખતે જ વિક્રમશીલ રાજાનો પુત્ર દુર્દમ અચાનક એ આશ્રમમાં આવી પહોંચ્યો. કન્યાને જોઇ તેણે પૂછ્યું : 'હે પ્રિયે ! અહીં મહર્ષિ કેમ દેખાતા નથી ? હું એમના દર્શનાર્થે આવ્યો છું.'

રેવતીએ વિનયથી કહ્યું : 'રાજન્ ! મહર્ષિ તો ક્યારના અગ્નિશાળામાં ગયા છે, હજુ ત્યાં જ હોવા જોઇએ.' દુર્દમ

રાજા ત્યાંથી અગ્નિશાળામાં ગયો તે વખતે મુનિનું ધ્યાન તેજસ્વી રાજા તરફ દોરાયું. રાજાએ મુનિને પ્રણામ કુશળતા પૂછી, પછી મુનિએ થોડેક દૂર ઊભેલા પોતાના શિષ્યને બોલાવી રાજાને બેસવા આસન મંગાવી કહ્યું : 'આ રાજા ઘણા સમય બાદ આવ્યા છે, વળી તેઓ જમાઇ છે એટલે તેમના માટે અર્ઘ્ય લાવ.' મુનિએ આપેલો અર્ઘ્ય દુર્લભ રાજાએ સ્વીકાર્યો. રાજા આસન પર બેઠા એટલે મુનિએ રાજાને કુશળતા પૂછી કહ્યું : 'તમારા નગરમાં, સેનામાં તેમ જ કુટુંબમાં સુખ-શાંતિ છે ને? તમારી રાણી તો અહીં હોવાથી તે ક્ષેમકુશળ જ છે.'

આ સાંભળી રાજા અચંબામાં પડી બોલી ઊઠયો : 'આપની કૃપાથી સર્વ ક્ષેમકુશળ છે, પણ અહીં મારી રાણી વળી કોણ છે?'

મુનિએ કહ્યું : 'અત્રે અતિ સૌન્દર્ય-વતી 'રેવતી' નામે તમારી રાણી છે, તેની તમને ખબર નથી?' રાજા બોલ્યો : 'મારા અંતઃપુરમાં સુભદ્રા સહિત રાણીઓ છે, પણ આ રેવતી વળી કોણ છે?'

રાજાનો ભ્રમ ભાંગવા ઋષિએ કહ્યું: 'જેને તમે 'હે પ્રિયે!' કહીને સંબોધી હતી તેને તમે શું વિસરી ગયા?' રાજા કહે : 'મેં તેને શુદ્ધ ભાવથી એ રીતે સંબોધી હતી. તેમાં મારો બીજો કોઇ આશય નહોતો, મારી ભુલ બદલ ક્ષમા માંગું છું.'

ઋષિ બોલ્યા : 'રાજન્! તમે 'હે પ્રિયે!' એમ અગ્નિની પ્રેરણાથી બોલ્યા હતા અને તમે જ તે કન્યા 'રેવતી'ના પતિ થશો એમ મને અગ્નિએ કહ્યું છે, માટે તેને તમે પ્રેમસહિત સ્વીકારો. જેને તમે 'હે પ્રિયે!' કહ્યું છે તેનો સ્વીકાર કરવામાં કોઇ વિચાર કરવાની જરૂર નથી.'

રાજાએ મૌન સેવ્યું એટલે તેની ઇચ્છા જાણી મુનિ રાજાને પોતાના આશ્રમે લઇ ગયા ને રેવતીને સર્વ વૃત્તાંત કહ્યું. રેવતીએ કહ્યું : 'હે તાત! રેવતી નક્ષત્રમાં જ મારો વિવાહ કરજો.' પુત્રીની આવી ઇચ્છા જાણી મુનિએ કહ્યું : 'પુત્રી! રેવતી નક્ષત્ર સિવાય વિવાહ માટે ઉત્તમ નક્ષત્રો બીજાં ઘણાં છે. કારણ કે રેવતી નક્ષત્ર આકાશમાંથી તેના સ્થાનેથી નીચે પડી ગયું છે.' પણ રેવતીએ એ નક્ષત્રમાં જ પોતાનો વિવાહ રાજા સાથે કરવાની હઠ પકડી રાખી અને વધુમાં કહ્યું : 'જેમ ઋતવાક્ મુનિ તપસ્વી છે, તેમ તમે પણ મન, વચન કાયાથી કષ્ટદાયક તપ ક્યાં નથી કર્યું? તમે તપના બળે ધારો તે કરી શકો તેમ છો, માટે તમે તમારા તપોબળથી રેવતી નક્ષત્રને પુનઃ આકાશમાં સ્થાપી મારો વિવાહ કરો.' પુત્રીની હઠ આગળ લાચાર થઇ પ્રમુચ મુનિ બોલ્યા : 'સારૂં. આજે જ હું ચંદ્રમાના માર્ગમાં રેવતી નક્ષત્રને સ્થાપીશ.'

સૂતે આગળ કહ્યું : હે અગસ્ત્ય-

મુનિ ! પછી તો તપસ્વી પ્રમુચ મુનિએ પોતાના તપોબળથી આકાશમાં રેવતી નક્ષત્રને પુન: સ્થાપિત કર્યું અને રેવતીને દુર્દમ રાજા સાથે વિધિપૂર્વક પરણાવી રાજાને વર માગવા કહ્યું તો રાજાએ કહ્યું : હે મહર્ષિ ! હું સ્વાયંભુવ મનુનો વંશ જ હોઇ મન્વંતરનો અધિપતિ થાય એવા પુત્રને ઇચ્છું છું. ૬૮

પ્રમુચ મુનિએ કહ્યું : 'તમે દેવીનું આરાધન કરો તો તમારી ઇચ્છા અવશ્ય પૂર્ણ થશે, તે ઉપરાંત તમે દેવી ભાગવત નામના પાંચમા પુરાણના પારાયણને નિત્ય પાંચવાર સાંભળો, એથી તમે મન્વંતરાધિપતિ એવા પ્રતાપી પુત્રને મેળવશો. દેવીના આરાધનથી તમને અજિત, ધર્મિષ્ઠ તથા વેદજ્ઞ 'રૈવત' નામનો પાંચમો મનુ રેવતીથી પ્રાપ્ત થશે અને તે જ 'મનુ' થશે.'

મુનિના આશીર્વાદ લઈ દુર્દમ રાજા તેમને પ્રણામ કરી, પત્ની રેવતી સહિત પોતાના નગરમાં ગયો ને રેવતી સહિત બધી રાણીઓ સાથે સુખરૂપ રહેવા લાગ્યો. એક સમયે મહાસિદ્ધ લોમશમુનિ એકાએક રાજા પાસે આવી ચડયા. રાજાએ તેમનો સત્કાર કરી પૂજન કરી આસન પર બેસાડી કહ્યું : 'હે મહાત્મન્ ! મારા સદ્ભાગ્યે આપના પુનિત પગલાં મારે ત્યાં થયા છે, કારણ કે, આપના મુખેથી દેવીભાગવત સાંભળવાની મને ઘણા વખતથી ઉત્કંઠા હતી.'

લોમશમુનિએ રાજાને કહ્યું : 'રાજન્ ! જગતજનની ભગવતી દેવી પર તમને ભક્તિ થવાથી તમારું શ્રેય થશે. જે જગદંબા દેવો, અસુરો અને મનુષ્યોને નિત્ય સેવવા યોગ્ય છે, તેમની પ્રસન્નતાથી તમારી ઇચ્છા અવશ્ય પૂર્ણ થશે. હવે હું તમને દેવીભાગવત સંભળાવું છું તે તમે એકાગ્રતાથી સાંભળો.'

લોમશ મુનિએ દેવીભાગવત પુરાણ પાંચ વાર દુર્દમ રાજાને સંભળાવ્યું. પારાયણની સમાપ્તિ વેળાએ રાજાએ ભક્તિભાવથી દેવીભાગવત પુરાણનું તથા લોમશ મુનિનું પૂજન કર્યું. તે પછી નવાર્ણમંત્રથી હોમ કરી ઘણી કુમારિકાઓને ભોજન કરાવી, રાણી રેવતી સહિત બ્રાહ્મણોને દક્ષિણા આપી સંતોષ્યા.

દેવી ભગવતીની કૃપાથી કેટલોક સમય જતાં રાણી રેવતીને ચડતા દિવસો થયા, તે જાણી રાજા દુર્દમને અત્યંત હર્ષ થયો. સમય વીતતાં જ્યારે સર્વ ગ્રહો શુભ સ્થાનમાં આવ્યા ત્યારે રેવતીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'રૈવત' રાખ્યું. રાજાએ પુત્રના વિધિ પ્રમાણે જાતકર્માદિ સંસ્કાર કરી, બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપી સંતોષ્યા. જ્યારે પુત્ર યોગ્ય ઉંમરનો થયો ત્યારે તેને જનોઇ આપી વેદોનું અંગ સહિત પઠન કરાવ્યું. આમ શાસ્ત્રાભ્યાસને લીધે 'રૈવત' મહાવિદ્વાન, ધર્મિષ્ઠ, પ્રતાપી બન્યો. રૈવતની યોગ્યતા જોઇ બ્રહ્માએ તેને મનુપદે સ્થાપ્યો. આમ મન્વંતરનો અધિપતિ થવાથી રૈવતરાજા પૃથ્વી પર કુશળતાથી રાજ્ય કરવા લાગ્યો. દેવી-

ભગવતીનો આવો પ્રભાવ છે. આ દેવીભાગવત પુરાણનું માહાત્મ્ય એટલા બધા વિસ્તારવાળું છે કે તેને કહેવા કોઇ સમર્થ નથી. ૮૯

સૂત બોલ્યા : દેવીભાગવતનો આવો અપૂર્વ મહિમા સાંભળી અગસ્ત્ય મુનિને અપાર હર્ષ થયો. પછી તેમણે કાર્તિકેયનું પૂજન કર્યું ને પોતાના આશ્રમે પાછા ફર્યા. હે બ્રાહ્મણો ! આ દેવીભાગવતના માહાત્મ્યનો પાઠ કરનાર કે તેને શ્રવણ કરનાર ભાવિક આ લોકમાં સર્વ ભોગો ભોગવી અંતે પરમ મોક્ષનો અધિકારી બને છે. ૯૧

ઇતિ શ્રીસ્કંદપુરાણમાં માનસખંડ વિષે દેવીભાગવત માહાત્મ્યમાં 'પાંચ વાર શ્રી દેવીભાગવત સાંભળવાથી આદર્શ પુત્રની પ્રાપ્તિ' નામનો ૪થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### દેવીભાગવત શ્રવણ કરવાનો વિધિ

**ઋષય ઊચુઃ**

**સૂત સૂત મહાભાગ શ્રુતં માહાત્મ્યમુત્તમમ્ ।**
**અધુના શ્રોતુમિચ્છામઃ–**
**પુરાણશ્રવણે વિધિમ્ ॥**

ઋષિઓ બોલ્યા : હે મહાભાગ સૂત ! દિવ્ય દેવીભાગવતનું અપૂર્વ માહાત્મ્ય અમે સાંભળ્યું, હવે આ ભાગવત પુરાણને શ્રવણ કરવાનો વિધિ કહો.

સૂતે કહ્યું : હે મહર્ષિઓ ! દેવીભાગવત શ્રવણ કરવા ઇચ્છનાર ભાવિકે કોઈ સારા જોષીને ઘરે બોલાવી તેમની પાસેથી અષાડ મહિનાથી માંડી છ મહિના સુધીમાં શુભ મુહૂર્ત કઢાવવું. ખાસ કરીને હસ્ત, અશ્વિની, મૂલ, પુષ્ય, રોહિણી, અનુરાધા, મૃગશીર્ષ ને શ્રવણ-નક્ષત્રોમાં શુભ તિથિ તથા શુભ વાર આ બધાનો સંયોગ જોઇ દેવીભાગવત પુરાણ સાંભળવું તે સર્વશ્રેષ્ઠ મનાયું છે. આ પુરાણનું વિધિપૂર્વક શ્રવણ કરનાર મનુષ્યોની સર્વ કામનાઓ સિદ્ધ થાય છે.

તદુપરાંત ગુરુના નક્ષત્રથી ચોથા, પહેલા, પાંચમા, છઠ્ઠા, ચોથા તથા ત્રીજા નક્ષત્ર વડે અનુક્રમે ધર્મલાભ ધનલાભ, કાર્યસિદ્ધિ અને જ્ઞાનપ્રાપ્તિ એવાં ફળ મળે છે, માટે પુરાણ સાંભળવા માટે શિવે કહેલા ચક્રને શોધવું અથવા ભગવતીદેવીની પ્રીતિ માટે ચાર નવરાત્રમાં પુરાણ શ્રવણ કરવું. તેમ જ તિથિ, વાર અને નક્ષત્રની શુદ્ધિવાળા કોઇ પણ મહિનામાં શ્રવણ કરવું. વિવાહ આદિ શુભ પ્રસંગોમાં જેમ શોભા–સામગ્રી કરાય છે તેમ આ નવાહયજ્ઞમાં સર્વ સામગ્રી એકત્ર કરવી.

અને 'અહીં દેવીની કથા થશે, માટે અવશ્ય આવજો.' એમ દેવીભક્તિમાં પરાયણ અને ઉદાર મનુષ્યોને તથા આત્મ્યજનોને ખબર પહોંચાડવી. આ દેવીભાગવત પુરાણ ગણપતિના ઉપાસકોએ, સૂર્યભકતોએ, શૈવભકતોએ તથા વૈષ્ણવોએ અવશ્ય સાંભળવું જોઇએ. કારણ કે તે સર્વ દેવો શકિત સાથે જ રહેલા છે. જે ભાવિકોને દેવી ભાગવતરૂપી અમૃતનું પાન કરવાની તીવ્ર ઉત્કંઠા છે તેમણે કથા સાંભળવા અવશ્ય આવવું. આ નવાહયજ્ઞમાં નવ દિવસ કથા સાંભળવા

માટે સમયની અનુકૂળતા ન હોય તો પોતાની સગવડ પ્રમાણે કથા શ્રવણ કરવી; કેમ કે અલ્પ સમય પણ સાંભળેલી દેવી ભાગવતની કથા પુણ્યફળ આપે જ છે.' આ પ્રમાણેના માર્ગદર્શન સહિત વિનયપૂર્વક સર્વ ભાવિકોને કથા શ્રવણ કરવા આવવાનું આમંત્રણ આપવું. સાંભળવા આવનારાઓ માટે ઉતારા વગેરેની ઉત્તમ વ્યવસ્થા કરવી. પારાયણ માટે પસંદ કરેલી જગ્યાને સ્વચ્છ કરી પાણીનો છંટકાવ કરી ત્યાં કેળના સ્તંભ રોપવા, પછી કથામંડપ રચી તેને ધજા-પતાકાથી શણગારી ઉપર સુંદર ભાતીગળ ચંદરવો બાંધવો. કથા કહેનાર વક્તાનું આસન પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ રાખવું. મંડપમાં શ્રોતાઓ માટે પણ વ્યવસ્થિત રીતે આસનો પાથરવાં. ઉત્તમ મધુર વાણીવાળો, શાસ્ત્રજ્ઞ, ઇન્દ્રિયજિત, નિત્ય દેવીનું આરાધન કરનારો, દયાળુ અને ચતુર વકતા ઉત્તમ મનાય છે. વકતાની જેમ શ્રોતા પણ દેવીભકત અને કથામાં રસ ધરાવનાર, નમ્ર ને નિર્લોભી ને ઉદાર હોવો જોઇએ.

પારાયણના યોજકે શ્રોતાઓના સંશયને દૂર કરી શકે તેમ જ વકતાને મદદ કરી શકે તેવો ચતુર સહાયક રાખવો. પારાયણના પ્રારંભના દિવસ પહેલાં વકતા-શ્રોતાએ હજામત (ક્ષૌરકર્મ) કરાવી લેવાં જોઇએ. શ્રોતાઓએ કેટલાક નિયમોનું પાલન કરવું પડે છે. કથારંભના શુભ દિવસે પ્રાતઃકાળે સ્નાનાદિ



કર્મથી પરવારી સંધ્યા-તર્પણ આદિ ટુંકમાં કરી લેવાં. કથાશ્રવણની યોગ્યતાની સિદ્ધિ માટે ગાયોનું દાન કરવું, ને સર્વ વિઘ્નોને હરનાર ગણપતિનું પ્રથમ પૂજન કરવું, ત્યારબાદ કળશોની સ્થાપના કરી તેમાં દિક્પાલોનું, બટુકભૈરવનું, ક્ષેત્રપાલનું, યોગિનીઓનું તથા માતૃકાઓનું પૂજન કરવું, તે પછી તુલસીનું, વિષ્ણુનું, ગ્રહોનું તથા શંકરનું પણ વિધિપૂર્વક પૂજન કરી નવાક્ષરમંત્રથી જગદંબાનું પૂજન કરવું. તે પછી ભગવતી દેવીની વાણીરૂપ દેવી ભાગવતનું યથાયોગ્ય પૂજન કરી, વિઘ્નોની શાંતિ માટે પાંચ બ્રાહ્મણોનું વરણ કરી તેમની પાસે નવાર્ણમંત્રનો જપ કરાવવો, સાથે સાથે સપ્તશતીનો પાઠ કરાવવો. પછી પ્રદક્ષિણા અને નમસ્કાર કરી દેવી ભગવતીની સ્તુતિ કરવી : 'હે કાત્યાયની, ભવાની ભુવનેશ્વરી! આપ સંસાર-સમુદ્રમાં અટવાતા મારો ઉદ્ધાર કરો. હે બ્રહ્મા, વિષ્ણુ તથા સદાશિવને નિત્ય આરાધવા યોગ્ય જગદંબિકા, મારા પર કૃપાવંત થઈ મને ઇચ્છિત વરદાન આપો.' એમ સ્તુતિ કર્યા પછી એકાગ્રતાથી કથા શ્રવણ કરવી. શ્રોતાએ વકતાનું પણ વસ્ત્રો, માળા, અલંકારો વગેરેથી પૂજન કરી પછી પ્રાર્થના કરવી : 'હે સર્વ શાસ્ત્રો તથા ઇતિહાસોને જાણનારા વ્યાસરૂપ! તમને નમસ્કાર હો; કથારૂપ ચન્દ્રનો ઉદય કરી તમે અમારા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરો. આપને અમારા વારંવાર

નમસ્કાર હો.' આમ પ્રાર્થના કર્યા પછી નવાહ્નયજ્ઞના નવ દિવસો સુધી વકતાની પાસે શ્રોતાએ પાળવાના નિયમો જાણી લેવા. ત્યાર બાદ બ્રાહ્મણોનું પૂજન કરી ભાગવત પુરાણ સાંભળવા બેસવું. તે વખતે શ્રોતાએ પોતાનું ઘર, સ્ત્રી, પુત્ર, ધન વગેરેની ચિંતા ન કરતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિ માટે ભક્તિપૂર્વક કથા સાંભળવી.

વકતાએ શુભ દિવસે સૂર્યાસ્તને એક મુહૂર્તવાર હોય ત્યાં સુધી કથા કહેવી. એ વકતા વગેરેએ મળ-મૂત્રને નિયમિત કરવા હલકો ખોરાક લેવો અને કથાના અર્થી વકતા-શ્રોતાએ તો એક જ વાર ઉત્તમ હવિષ્યાન્ન જમવું, અથવા ફલાહાર કરવો, દૂધ ને ઘીનો પણ ઉપયોગ થઇ શકે. આમ કથામાં અંતરાય ન આવે એ રીતે સુજ્ઞજને વર્તવું. હવે કથા સાંભળવા બેસનારા ભાવિકો માટેના નિયમો પણ સાંભળો :

નાસ્તિકો, પાખંડી, લુચ્ચા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં ભેદ રાખનારા, દેવીની ભક્તિ નહિ કરનારા તેમ જ બ્રાહ્મણદ્રોહી મનુષ્યો કથા શ્રવણ કરવાને પાત્ર નથી; વળી પરધન અને પરસ્ત્રી હરનારા તથા દેવદ્રવ્ય લેનારાને કથા શ્રવણ કરવાનો અધિકાર નથી. આ નવાહ્નયજ્ઞમાં વકતા ને શ્રોતાઓ બંનેએ બ્રહ્મચર્ય પાળવું, ધરતી પર સૂવું, સત્ય બોલવું અને જિતેન્દ્રિય રહેવું. કથા સમાપ્ત થયા પછી શ્રોતાએ હંમેશાં પતરાવળામાં જમવું.

ભાવિક શ્રોતાએ રીંગણાં, કાલિંગડાં, તેલ, કઠોળ, મધ, દાઝી ગયેલી વાનગી, ટાઢું વાસી ભોજન તેમ જ રજસ્વલાએ જોયેલું અન્ન જમવું નહિ; વળી કોઇ પ્રકારે દૂષિત થયેલું ભોજન તેમજ માંસ, મદિરા, લસણ, ડુંગળી, કોળું, ગાજર, મસૂર વગેરે આરોગવા નહિ. કામ અને ક્રોધનો સદંતર ત્યાગ કરવો, વળી શ્રોતાએ ચંડાળ, યવન, બ્રાહ્મણદ્રોહી, અને રજસ્વલા સ્ત્રી સાથે વાર્તાલાપ કરવો નહિ, તેમ જ વેદ, ગુરૂ, ગાયો, સ્ત્રીઓ, બ્રાહ્મણો, રાજાઓ, મહાપુરૂષો, દેવો તેમ જ દેવી ભક્તોની નિંદા ક્યારેય ન સાંભળવી.

શ્રોતાએ અંદર ને બહાર પવિત્ર રહેવું, સર્વપ્રત્યે દયા રાખવી, અલ્પ ખપજોગું બોલવું. આ દેવીભાગવતપુરાણ કોઢના રોગીએ, ક્ષયના રોગીએ, દમના રોગીએ, કે ગમે તેવા રોગવાળાએ તેમજ દુર્ભાગી મનુષ્યે, દરિદ્રે, પાપીએ અને સંતાનવિહોણા મનુષ્યે અવશ્ય સાંભળવું. વળી વંધ્યાએ, કાક વંધ્યાએ તથા જેના સંતાનો મરી જતાં હોય તેવી સ્ત્રીએ આ કથા ખાસ સાંભળવી. શ્રોતા આ નવ દિવસમાં જે જપ, તપ, ને દાન કરે તે અનંતગણાં વધી જાય છે. ભાવિકજનોએ આમ નવ દિવસ વ્રત કરી તેનું ભક્તિપૂર્વક ઉદ્યાપન કરવું. દેવીભગવતી આ લોકમાં ભોગ તથા અંતમાં મોક્ષ

આપનાર હોઇ નિષ્કામ મનુષ્યો કેવળ આ દિવ્ય દેવીભાગવતના શ્રવણથી મુક્તિ પામે છે. શ્રોતાએ નિત્ય આ પવિત્ર પુસ્તકનું તથા વકતાનું પૂજન કરવું, અને તેમણે આપેલો પ્રસાદ પ્રેમથી આરોગવો. જે ભાવિકો કુમારિકાઓ, સુવાસિનીઓ તથા બ્રાહ્મણોને ભાવપૂર્વક નિત્ય જમાડે છે તેમની દરેક કામના નિઃસંશય પૂર્ણ થાય છે.

કથાની સમાપ્તિ થતાં સર્વ દોષોની શાંતિ માટે ગાયત્રીસહસ્ર અથવા વિષ્ણુ-સહસ્રનો પાઠ કરવો, તે પછી સપ્તશતી મંત્રોથી, નવાર્ણ મંત્રથી અથવા ગાયત્રી મંત્રથી ઘી સહિત પાયસાન્નનો હોમ કરવો. શ્રોતાએ વકતાને ધન, અલંકાર અને વસ્ત્રોથી સંતુષ્ટ કરવા. બ્રાહ્મણો પૃથ્વી ઉપરના દેવો ગણાતા હોવાથી તેમને દક્ષિણા આપી સંતોષવાથી ઇચ્છિત કાર્ય સિદ્ધ થાય છે. જે ભાવિકો ગાયો, સુવર્ણ, અશ્વો, હાથી તથા પૃથ્વીનું દાન કરે છે તેમને અક્ષય ફળ મળે છે. જે ભાવિકો હસ્તલિખિત સુંદર અક્ષરોવાળા દેવીભાગવત પુરાણને સુવર્ણના સિંહાસન સહિત, તેને વસ્ત્રથી વિંટાળીને અષ્ટમી કે નોમને દિવસે પૂજેલા કથાકારને આપે છે, તે આ લોકમાં ઘણા ભોગો ભોગવી અંતે દુર્લભ એવા મોક્ષને પામે છે. પુરાણ જાણનારો દરિદ્ર, દુર્બલ કે આબાલ વૃદ્ધ હોય તો પણ તે સર્વદા વંદનિય, પૂજ્ય છે. સર્વ ગુરુઓમાં પુરાણ જાણનારો ગુરુ શ્રેષ્ઠ ગણાય છે. જેઓ દિવ્ય દેવીભાગવતની કથાને અભક્તિથી શ્રવણ કરે છે તેઓને પુણ્યફળ મળતું નથી અને દુઃખ-દારિદ્રયના ભોકતા થાય છે. વ્યાસના પવિત્ર આસને બેઠેલા વકતાએ જ્યાં સુધી કથા સમાપ્ત ન થાય ત્યાં સુધી કોઈને નમસ્કાર ન કરવા. જેઓ તાંબુલ, પુષ્પ આદિથી ભાગવતપુરાણની પૂજા કર્યા સિવાય આ કથા સાંભળે છે તે નિર્ધન થાય છે. જેઓ કથા સાંભળવી પડતી મૂકી બીજે સ્થળે જતાં રહે છે તેઓનું ધન તથા સ્ત્રી નાશ પામે છે. જેઓ કથાકાર-વકતા કરતાં ઊંચા આસને બેસીને કિંમતી આસને કે વીરાસને બેસીને કથા શ્રવણ કરે છે તેઓ અનુક્રમે આ લોકમાં નરકયાતના ભોગવી અંતે કાગડા થાય છે અને સાદડના તથા આંજણીના ઝાડ થાય છે. જેઓ ચાલુ કથાએ અઘટિત ઉત્તર-પ્રત્યુત્તર કરે છે તેઓ પ્રથમ ગધેડા ને પછી કાચિંડા થાય છે. નિંદા કરનાર સો જન્મ સુધી શ્વાન થાય છે. કથાકારને પ્રણામ કર્યા સિવાય કથા શ્રવણ કરવા બેસે છે તેઓ ઝેરી ઝાડ થાય છે. સૂતાં સૂતાં જે કથા શ્રવણ કરે છે તે ઘોર નરકયાતના ભોગવી ભૂંડ થાય છે. જેઓ પુરાણ જાણનારને આસન, પાત્ર, દ્રવ્ય, ફળ, વસ્ત્રો તથા કમળો આપે છે, તેઓ અંતે શ્રીહરિના પદને પામે છે. જે ભાવિકો આ પુરાણના પુસ્તકને વ્યવસ્થિત રાખવા માટે પાટિયાં, નવું વસ્ત્ર તથા સુંદર દોરી આપે છે તે સુખભોગ ભોગવે છે. બધાં પુરાણ સાંભ-

ળવાથી જે ફળ મળે છે, તેથી ચોગણું ફળ આ દેવીભાગવત સાંભળવાથી મળે છે. જેમ નદીઓમાં ગંગા ઉત્તમ છે, દેવોમાં શિવ શ્રેષ્ઠ છે. કાવ્યમાં રામાયણ ઉત્તમ છે, તેજસ્વીઓમાં સૂર્ય શ્રેષ્ઠ છે, શીતળતા અર્પનાર પદાર્થોમાં ચંદ્ર ઉત્તમ છે, ધનમાં યશ, ક્ષમાશીલોમાં ભૂમિ ઉત્તમ છે, ગંભીરતામાં સમુદ્ર, મંત્રોમાં ગાયત્રી અને પાપનો નાશ કરવામાં હરિનામ-સ્મરણ ઉત્તમ છે. તેમ અઢાર પુરાણોમાં દેવીભાગવત પુરાણ ઉત્તમ છે.

આ શ્રીમદ્ દેવી ભાગવત ભાવિકો ઉપર ભગવતી દેવીની કૃપા વરસાવનારૂં વળી ભાવિકોનું કલ્યાણ કરનારૂં, સમૃદ્ધિ આપનારૂં તેમ જ સદા સુખ–શાંતિ આપનારૂં છે, માટે આ દિવ્ય દેવી–ભાગવતની અશાતના ન થાય તે માટે પવિત્ર સ્થળે કે પૂજા ખંડમાં તેના પર રેશમી વસ્ત્ર વીંટાળીને રાખવું. કોઇનો અપવિત્ર હાથ તેને અડી ન જાય તેનું ધ્યાન રાખવું. કેટલાક ભાવિકો–દેવી ભક્તો નિત્ય આ દેવી ભાગવતનું પૂજન કરે છે. ભાવિક સ્ત્રી–પુરૂષોને ભાગવત વાંચી સંભળાવવું. જેઓ ભગવતીની કૃપાથી સુખી છે તેઓએ પોતાનાથી બની શકે તેટલા શ્રીમદ્ દેવી ભાગવત બ્રાહ્મણોને અર્પણ કરવા. આ શ્રીમદ્ દેવી ભાગવત, વાંચનાર અને સાંભળનારને સુખ–શાંતિ અને સદ્‌ગતિ આપનાર છે.

જ્યારે પણ નગરજનો પર રાજા કે શત્રુનો ભય આવી પડે તેમ જ મહામારી વગેરે રોગોનો ભય આવી પડે ત્યારે મુમુક્ષુઓએ આ દેવીભાગવત પુરાણ સાંભળવું. જે ભાવિક મનુષ્ય આ પુરાણનો પાઠ કરે છે અથવા તેને સાંભળે છે કે અર્ધોશ્લોક કે શ્લોકનું એક ચરણ ભણે છે કે સાંભળે છે તે પરમગતિને પામે છે. ભગવતીદેવીએ આ પુરાણને અર્ધા શ્લોકથી જ પ્રકટ કર્યું છે. અને તે જ શિષ્ય પરંપરાથી વિસ્તારને પામ્યું છે. ક્ષીર સમુદ્રની અંદર દેવોના કલ્પવૃક્ષોની વાટિકામાં મણિદ્વીપ આવેલ છે, ત્યાં માત્ર ચિંતામણિ રત્નોથી જ બનેલા અદ્‌ભુત મંદિરમાં પરમાત્મા શંકરના હૃદય પર બિરાજેલાં, પ્રફુલ્લ મુખવાળાં જગદંબાનું ધ્યાન કરી મનુષ્ય ભોગો પામે છે અને અંતે મોક્ષ મેળવે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા ઇન્દ્ર આદિ દેવોએ અને મહર્ષિ-ઓએ ઉપાસના કરેલાં તે મણિદ્વીપનાં અધિષ્ઠાત્રી શ્રી દેવી ભગવતી જગતનાં કલ્યાણકારી થાઓ. ૧૦૨

ઇતિશ્રી સ્કંદપુરાણમાં માનસખંડ વિષે શ્રીદેવી ભાગવત-માહાત્મ્યમાં 'દેવીભાગવત શ્રવણ કરવાનો વિધિ' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–માહાત્મ્ય સમાપ્ત

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे नमः**

# શ્રીમદ્ દેવીભાગવત ખંડ-૧



# શ્રી આરાસુરી અંબાજી

સ્કંધ પહેલો

## સ્કંધ પહેલો

## અધ્યાય ૧ લો

### ઋષિઓનો પુરાણ અંગે પ્રશ્ન

ૐસર્વં ચૈતન્યરૂપાં તામાદ્યાં વિદ્યાંચ ધીમહિ । બુદ્ધિં યા નઃ પ્રચોદયાત્ ॥

'ૐ સર્વ ચૈતન્યરૂપ અને આદ્ય-વિદ્યારૂપ તે દેવી ભગવતીનું અમે ધ્યાન ધરીએ છીએ કે, જે ભગવતી અમારી બુદ્ધિને ધ્યાન ધરવાની પ્રેરણા કરે.'

શૌનકે પૂછ્યું : હે મહાસૂત ! તમે ધન્ય છો; કારણ કે તમે પુરાણ-સંહિ-તાઓનું અધ્યયન સારી રીતે કર્યું છે. પાંચ લક્ષણોયુક્ત અને રહસ્યો સહિત તે સર્વ પુરાણો તમે સત્યવતીના પુત્ર વ્યાસમુનિ પાસેથી સાંભળ્યાં છે. અમારા પુણ્યયોગે આ 'વિશ્વસન' નામનાં ઉત્તમ ક્ષેત્રમાં આપનાં પુનિત પગલાં થયાં છે, કે જે ક્ષેત્ર દિવ્ય, પવિત્ર અને કલિયુગના દોષોથી રહિત છે.

હે સૂત ! આ સર્વ મુનિઓ પુણ્ય આપનારી પુરાણસંહિતા સાંભળવા ઇચ્છે છે, માટે તમે સાવધાન થઇ તે અમને કહો. હે મહાભાગ ! ત્રણ તાપોથી મુક્ત થઇ સર્વજ્ઞ તમે દીર્ઘાયુ થાઓ. અને આજે અમને વેદ-તુલ્ય પુરાણ કહો.

હે સૂત ! જે મનુષ્યો સ્વાદ લેવામાં ચતુર છે તેઓ કર્ણેંદ્રિય હોવા છતાં જો પુરાણો સાંભળતા નથી તેઓ ખરેખર, દૈવ વડે ઠગાયા છે. જેમ જિહ્વાને છ પ્રકારના રસથી આનંદ મળે છે તેમ શ્રોત્રેંદ્રિયને વિદ્વાનોનાં વચનોથી આનંદ થાય છે. કાન વિનાના ઝેરી સર્પો પણ આકાશના ગુણ-શબ્દથી મોહ પામે છે, તો જેઓ કાનવાળા હોવા છતાં ઉત્તમ કથાઓ-પુરાણોને સાંભળતા નથી તેમને બ્હેરા કેમ ન કહેવા ?

માટે હે સૌમ્ય ! કલિયુગના ભયથી ગભરાતા સર્વ બ્રાહ્મણો હમણાં આ પવિત્ર ક્ષેત્ર નૈમિષારણ્યમાં આવી ભાગ-વતપુરાણ સાંભળવા ઇચ્છે છે. કોઈ પણ પ્રકારે સમય વિતાવવો જોઇએ. તેમાં મૂર્ખાઓનો સમય વ્યસનથી પસાર થાય છે અને પંડિતોનો સમય શાસ્ત્રના ચિંત-નથી વીતે છે. શાસ્ત્રો પણ વ્યર્થ ભાષ-ણવાળાં, વિચિત્ર વાદવિવાદવાળાં તેમ જ જુદા જુદા હેતુવાળાં હોઈ ઘણાં મોટાં હોય છે. પુરાણો અને બીજાં શાસ્ત્રો સાત્ત્વિક, રાજસ, તામસ....એમ ત્રણ પ્રકારના છે. તેમાંના કેટલાક તો વળી વિતંડાવાદ અને છળ—પ્રપંચવાળા હોઇ ગર્વ અને મત્સર કરાવનારાં હોય છે. તેમાં વેદાંત—શાસ્ત્ર સાત્ત્વિક છે, મીમાંસા-શાસ્ત્ર રાજસ મનાય છે, ને ન્યાયશાસ્ત્ર તામસ મનાયું છે. તેમ જ પાંચ લક્ષ-ણોવાળાં પુરાણો પણ કથાનકોને લઇને ત્રણ ગુણવાળાં તમે કહ્યાં છે તેમાં વેદ-તુલ્ય પાંચમાં ભાગવત પુરાણને તમે સર્વ લક્ષણોથી યુક્ત કહ્યું છે. ભાવિકોને મુક્તિ આપનારું તથા કામ અને ધર્મ આપનારું એ અદભુત ભાગવતપુરાણ તમે નામ કીર્તનથી જ કહ્યું છે, પણ હવે એ પુરાણ વિસ્તારપૂર્વક કહેવા કૃપા

કરો. અત્રે પધારેલા સઘળા બ્રાહ્મણો એ દિવ્ય કલ્યાણકારી ભાગવતને સાંભળવા ઇચ્છે છે. હે ધર્મજ્ઞ! તમે સત્ત્વગુણના આશ્રયરૂપ ગુરૂભક્ત હોવાથી વ્યાસે વર્ણવેલી પુરાણસંહિતાને તમે સારી રીતે જાણો છો. અમે અત્યાર સુધી તમારા મુખમાંથી નીકળેલી અન્ય પુરાણસંહિતા ઘણા આદરથી સાંભળી છે.

તેમાંથી અમને ઘણું જાણવા મળ્યું છે, તે સાંભળીને અમારા જ્ઞાનમાં વધારો થયો છે, છતાં જ્ઞાનમાં હજુ વૃદ્ધિ કરવાની અમારી ઇચ્છા છે. છતાં જેમ અમૃતનું પાન કરવાથી દેવો તૃપ્ત થતા નથી તેમ અમે પણ હજુ તૃપ્ત થયા નથી. હે સુત! અમૃતને ધિક્કાર છે, કેમકે તેનાથી મુકિત થતી નથી, જ્યારે ભાગવાતામૃતનું પાન કરનાર તરત જ સંકટમાંથી મુકત થાય છે. અમૃતનું પાન કરવા નિમિત્તે અમે સહસ્ત્ર યજ્ઞો કર્યા છે છતાં અમે શાંતિ પામ્યા નથી કારણ કે યજ્ઞનું ફળ સ્વર્ગ છે અને સ્વર્ગમાંથી તો ફરી મૃત્યુલોકમાં આવવું પડે છે, એટલે યજ્ઞો વડે તો જીવાત્માને આ સંસારચક્રમાં કાયમ ભમવાનું રહે છે. હે સર્વજ્ઞ! ત્રિગુણાત્મક આ કાળ-ચક્રમાં ભટકતા મનુષ્યોની જ્ઞાન વિના કદી મુકિત થતી નથી. માટે સર્વ રસોથી યુકત અને મુમુક્ષુઓને સદા પ્રિય અને પવિત્ર કરનારૂં ભાગવત તમે કહો. ૨૫

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'ઋષિઓનો પુરાણ અંગે પ્રશ્ન' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### ગ્રંથોની સંખ્યા વિષય-કથન સહિત

સૂત ઉવાચ:

ધન્યોઽહમતિ ભાગ્યોઽહં-
પાવિતોઽહં મહાત્મભિઃ ।
યત્પૃષ્ટં સુમહત્પુણ્યં-
પુરાણં વેદવિશ્રુતમ્ ॥

સૂત બોલ્યા: હું અત્યંત ભાગ્યવાન હોવાથી ધન્ય છું અને આપ સર્વ મહાત્માઓથી હું પવિત્ર થયો છું; કારણ કે વેદવિખ્યાત મહાન પુણ્યકારક પુરાણ તમે મને પૂછ્યું છે, તો હું તમારી જિજ્ઞાસા સંતોષવા તમને સર્વ વેદો-શ્રુતિઓના અર્થથી માન્ય થયેલું અને સર્વ શાસ્ત્ર ને આગમોના ઉત્તમ રહ-સ્યરૂપ તે પુરાણ કહીશ.

હે બ્રાહ્મણો! અતિશય સુંદર, યોગીઓને મુકિતદાયક, બ્રહ્માદિએ પણ ભકિતપૂર્વક સેવેલાં ને નિરંતર સ્તુતિ-પરાયણ મુનિઓએ ધ્યાન કરવા યોગ્ય, તે ભગવતીનાં ચરણકમળને નમસ્કાર કરી, ઘણાં રસવાળું સર્વ રસના સ્થાનરૂપ, ભગવતીનાં નામથી પ્રસિદ્ધ 'શ્રીમદ્ ભગવતી-દેવી ભાગવત' નામનું ઉત્તમ પુરાણ હું ભકિતયુકત થઇને તમને વિસ્તારથી કહું છું: જે આદ્યશકિત શ્રુતિઓના માર્ગમાં 'વિદ્યા' એમ કહેવાય છે. તેમ જ સર્વથી પર, સર્વજ્ઞ, સંસાર-બંધનને કાપનારાં, સર્વનાં હૃદયમાં વસેલાં, નિપુણ, દુષ્ટાત્મા મનુષ્યોને દુર્જ્ઞેય, મુનિઓને ધ્યાન વડે પ્રત્યક્ષ થનારાં દેવી ભગવતી આ લોકમાં હંમેશાં સિદ્ધિ

અર્પનારાં થાઓ. સત્-અસત્ સ્વરૂપ આ અખિલ વિશ્વને પોતાની ત્રિગુણાત્મિકા શક્તિથી સરજીને પાલન કરે છે અને પ્રલયકાળે સંહારી ક્રીડા કરે છે, તે દેવી જગતજનની જગદંબાને હું હૃદયથી સ્મરું છું. 'બ્રહ્મા આ અખિલ જગત સર્જે છે.' એમ પ્રસિદ્ધ છે અને વેદવેત્તાઓ તેમજ પૌરાણિકો પણ તેમજ કહે છે, છતાં તેમનું પ્રાકટ્ય વિષ્ણુના નાભિકમળમાંથી થયું છે એથી તેઓ મરજી પ્રમાણે સૃષ્ટિ કરતા નથી. પ્રલયકાળે વિષ્ણુ, પણ શયન કરે છે અને એમની નાભિમાંથી બ્રહ્માનું પ્રાકટ્ય થાય છે. આ રીતે જોતાં વિષ્ણુના આધાર શેષનાગ થયેલ છે, તો પરતંત્ર વિષ્ણુને પણ વિશ્વના સૃષ્ટા કેવી રીતે કહી શકાય ?

તેમજ એકાકાર થયેલા સમુદ્રનું જળ રસરૂપ હોવાથી તેની સ્થિતિ આધાર વગર સંભવતી નથી, એટલે સર્વ ભુતોના આધાર શક્તિરૂપ, સર્વ ભુતોના જનની દેવી જગદંબાને શરણે હું જાઉં છું. યોગનિદ્રાથી બીડાયેલા નેત્રવાળા વિષ્ણુને જોઇને કમળમાં રહેલા બ્રહ્મા જે દેવીને પ્રાર્થે છે તેમને શરણે હું જાઉં છું. હે મુનિઓ! હું તમને મહામાયાનું ધ્યાન કરી અખિલ પુરાણ કહું છું : ભગવતીનું આ દિવ્ય 'દેવી ભાગવત' નામનું પુરાણ અતિ ઉત્તમ અને પવિત્ર છે. ૧૮ હજાર તેના શ્લોકો છે. વેદવ્યાસે આ ભાગવતના બાર સ્કંધો અને કુલ ૩૧૮ અધ્યાયો રચ્યા છે. પહેલાં સ્કંધમાં વીસ, બીજામાં બાર, ત્રીજામાં ત્રીસ, ચોથામાં પચ્ચીસ. પાંચમાંમાં પાંત્રીસ, છઠ્ઠામાં એકત્રીસ, સાતમાંમાં ચાળીસ, આઠમાંમાં ચોવીસ, નવમાંમાં પચાસ, દશમાંમાં તેર, અગિયારમાંમાં ચોવીસ અને બારમા સ્કંધમાં ચૌદ અધ્યાયો કર્યા છે. આ મુજબ આ પુરાણના ૧૮ હજાર શ્લોકો ને અધ્યાયોની સંખ્યા મેં તમને કહી. પુરાણમાં પાંચ લક્ષણો હોય છે :— (૧) સર્ગ (૨) પ્રતિસર્ગ (૩) વંશ (૪) મન્વંતરો અને (૫) વંશાનુચરિત—આ પાંચ લક્ષણો જેમાં હોય તે પુરાણ કહેવાય. જે સદા નિર્ગુણ, નિત્ય, વ્યાપક, યોગથી મેળવવા યોગ્ય, સર્વ જગતના આધારરૂપ અને તુરીય બ્રહ્મસ્વરૂપ દેવી ભાગવતી સાત્વિકી, રાજસી અને તામસી શક્તિ મહાસરસ્વતી અને મહાકાલી....એમ ત્રણ સ્રીસ્વરૂપ છે. આ ત્રણ શક્તિઓ જગતના સર્જન માટે દેહસ્વરૂપ ધારણ કરે છે. શાસ્ત્રવિશારદો એને 'સર્ગ' કહે છે. ત્યારબાદ જગતનું પાલન, ઉત્પત્તિ અને સંહાર માટે વિષ્ણુ, બ્રહ્મા તથા રુદ્રની જે ઉત્પત્તિ કહેવાઇ છે તેને 'પ્રતિસર્ગ' કહે છે. તેમ જ ચન્દ્ર તથા સૂર્યથી ઉત્પન્ન થયેલા રાજાઓ તથા હિરણ્યકશિપુ આદિના જે વંશો કહ્યા છે તેને 'વંશ' કહે છે. સ્વાયંભુવ વગેરે મનુનું વર્ણન તથા તેમના કાળની સંખ્યા....તેને 'મન્વંતર' કહે છે. અને તેમના વંશોના વર્ણને 'વંશાનુચરિત' કહે છે. આવા પાંચ લક્ષણો જેમાં હોય તે

'પુરાણ' કહેવાય છે. વેદવ્યાસે રચેલું 'મહાભારત' જે સવાલાખ શ્લોકોવાળું છે તે પણ ઇતિહાસરૂપ હોઇ પાંચમા વેદ જેવું છે.

શૌનકે પૂછ્યું : હે સૂત ! અમારે પુરાણોની સંખ્યા તથા તેમનાં નામ જાણવાં છે. કલિયુગથી ભયભીત થયેલા અમે બ્રહ્માની આજ્ઞાથી આ ઉત્તમ ક્ષેત્ર નૈમિષારણ્યમાં આવી રહ્યા છીએ. બ્રહ્માએ અમને કહેલું કે : 'તમે બધા આ ચક્રની પાછળ જાઓ, જ્યાં આગળ એની ધાર ઘસાયેલી માલુમ પડે તે સ્થાનને 'નૈમિષ' જાણવું. એ ક્ષેત્રમાં કયારેય 'કલિ' પ્રવેશશે નહિ. ફરી સત્યયુગ આવે ત્યાં સુધી તમે તે સ્થળે જ રહેજો.' બ્રહ્માના આદેશ મુજબ અમે તે ચક્રની પાછળ ચાલ્યા ને અહીં સુધી આવ્યા તો ચક્રની ધાર બુઠ્ઠી થઇ ગયેલી જણાઇ તેથી આ ક્ષેત્ર 'નૈમિષ' કહેવાયું છે. અને આ પવિત્ર સ્થાને કદી 'કલિ' આવી શકતો નથી તેથી હું અહીં જ રહ્યો છું. મારા સિવાય કલિયુગથી ભય પામતા સિદ્ધોના સમૂહો, મુનિઓ તથા મહાત્માઓએ આ સ્થળે પશુ વિનાના પુરોડાશો હોમીને અત્રે યજ્ઞો કર્યા છે. આ પ્રમાણે અમારે સત્યયુગ આવતાં સુધી સમય પસાર કરવાનો છે. વળી અમારા સદ્‌ભાગ્યે આપનું અહીં આગમન થયું છે માટે વિનાવિલંબે વેદતુલ્ય 'પુરાણ' અમને કહો. વળી આપ બુદ્ધિશાળી વકતા છો અને અમારે અહીં અન્ય કોઈ કાર્ય નહિ હોવાથી અમે એકાગ્રપણે ખૂબ જ ભકિતથી દેવીભાગવત પુરાણ શ્રવણ કરવા ઇચ્છીએ છીએ. આપ ધર્મ, અર્થ ને કામના વર્ણનવાળું કલ્યાણકારક ભગવતી પુરાણ અમને સંભળાવો. અમારે તે વિદ્યા પ્રાપ્ત કરીને મોક્ષ મેળવવો એમ વ્યાસ મુનિએ પણ કહ્યું છે, માટે જીવાત્માઓના પાપસમૂહનો નાશ કરનાર અને કલ્યાણ કરનાર ભગવતીના નામવાળું દિવ્ય દેવીભાગવત તમે કહો. ૪૦



ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'ગ્રંથોની સંખ્યા વિષય–કથન સહિત' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### પુરાણો અને વ્યાસોના નામ

**સૂત ઉવાચ**

**શૃણ્વંતુ પ્રવક્ષ્યામિ પુરાણાનિ મુનિશ્વરાઃ ।**
**યથા શ્રુતાનિ તત્ત્વેનવ્યાસાત્સત્યવતીસુતાત્‌ ॥**

સૂત બોલ્યા : હે મુનિશ્વરો ! સત્યવતીના પુત્ર વ્યાસના મુખે મેં જે જે પુરાણો સાંભળ્યાં છે તે તેમને કહું છું : જુદાં જુદાં ૧૮ પુરાણો છે. 'મ' કારાદિથી શરૂ થતાં બે, 'બ્ર' કારાદિથી શરૂ થતાં ત્રણ, 'વ' કારાદિથી શરૂ થતાં ચાર, 'અ' કારાદિથી એક, 'ના' કારાદિથી એક, 'પ' કારાદિથી એક, લિ' કારાદિથી એક, 'ગ' કારાદિથી એક, 'કૂ' કારાદિથી એક, અને 'સ્ક' કારાદિથી શરૂ થતું એક–એમ જુદાં જુદાં ૧૮ પુરાણો છે. તેમાં પ્રથમ 'મત્સ્યપુરાણ'માં ૧૪ હજાર શ્લોકો છે. બીજા 'માર્કન્ડેય પુરાણ'માં ૯ હજાર

શ્લોકો છે. ત્રીજા 'ભવિષ્ય પુરાણ'માં ૧૪ હજાર ને પાંચસો શ્લોકો છે. ચોથા 'ભાગવતપુરાણ'માં ૧૮ હજાર શ્લોકો છે. પાંચમા 'બ્રહ્મપુરાણ'માં ૧૦ હજાર શ્લોકો છે. છઠ્ઠા 'બ્રહ્માંડ પુરાણ'માં ૧૨ હજાર ને એકસો શ્લોકો છે. સાતમા 'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં ૧૮ હજાર શ્લોકો છે. આઠમા 'વામન પુરાણ'માં ૧૦ હજાર શ્લોકો છે. નવમા 'વાયુ પુરાણ'માં ૨૪ હજાર ને છસો શ્લોકો છે. દશમા 'વિષ્ણુ પુરાણ'માં ત્રેવીસ હજાર શ્લોકો છે. અગિયારમા 'વરાહપુરાણ'માં ૨૪ હજાર શ્લોકો છે. બારમા 'અગ્નિપુરાણ'માં ૧૬ હજાર શ્લોકો છે. તેરમા 'નારદપુરાણ'માં પચીસ હજાર શ્લોકો છે. ચૌદમા 'પદ્મપુરાણ'માં ૫૫ હજાર શ્લોકો છે. પંદરમા 'લિંગપુરાણ'માં ૧૧ હજાર શ્લોકો છે. સોળમા 'ગરુડ-પુરાણ'માં ૧૯ હજાર શ્લોકો છે. સત્તરમા 'કૂર્મપુરાણ'માં ૧૭ હજાર શ્લોકો છે. અને અઢારમા પરમ અદ્‌ભુત 'સ્કંદ-પુરાણ'માં ૮૧ હજાર શ્લોકો છે. આ પ્રમાણે પુરાણોનાં નામ તથા શ્લોકોની સંખ્યા છે. આ ૧૮ પુરાણો છે તેમ બીજા ૧૮ ઉપપુરાણો છે : (૧) સનત્કુમાર–પુરાણ (૨) નૃસિંહપુરાણ (૩) નારદીય-પુરાણ (૪) શિવપુરાણ (૫) દુર્વાસાપુરાણ (૬) કપિલપુરાણ (૭) મનુપુરાણ (૮) શુક્રપુરાણ (૯) વરુણપુરાણ (૧૦) કાલિકા-પુરાણ (૧૧) સાંબપુરાણ (૧૨) નંદિ-પુરાણ (૧૩) સૂર્યપુરાણ (૧૪) પરાશર-પુરાણ (૧૫) આદિત્યપુરાણ (૧૬) મહેશ્વરપુરાણ (૧૭) શ્રીમદ્‌ભાગવતપુરાણ (૧૮) વસિષ્ઠપુરાણ. આ નામવાળા ૧૮ ઉપપુરાણો છે. વ્યાસમુનિએ ૧૮ પુરાણોની રચના કરી ભારતાખ્યાન–મહાભારત રચ્યું હતું. સર્વ મન્વંતરોમાં ધર્મને ઇચ્છતા વેદવ્યાસ દરેક દ્વાપરયુગમાં વિધિપૂર્વક પુરાણોને પ્રકટ કરે છે. દરેક દ્વાપરયુગમાં લોકોનું હિત કરવાની ઇચ્છાથી વિષ્ણુ વ્યાસરૂપે અવતરી વેદના અર્થરૂપ પુરાણો રચે છે. ત્યારબાદ કલિયુગમાં થોડા આયુષ્યવાળા બ્રાહ્મણોને જાણી એ વેદવ્યાસ યુગે યુગે પવિત્ર પુરાણ સંહિતાઓ રચે છે. વળી સ્ત્રીઓ, શુદ્રો તેમજ સામાન્ય દ્વિજોને વેદશ્રવણ શાસ્ત્રસંમત નથી, તેથી તેઓના કલ્યાણાર્થે વ્યાસે આ બધાં પુરાણોની રચના કરી છે. હે મુનિઓ ! વૈવસ્વત નામના સાતમા મન્વંતરમાં જ્યારે અઠ્ઠાવીસમો દ્વાપરયુગ આવ્યો ત્યારે મારા ગુરુ સત્યવતીના પુત્ર વ્યાસ થયા. હવે ઓગણ–ત્રીસમા દ્વાપરયુગમાં દ્રોણના પુત્ર અશ્વત્થામા થશે. આ સત્યવતીના પુત્ર વ્યાસ અગાઉ સત્તાવીસ વ્યાસોએ યુગે યુગે પુરાણસંહિતાઓ રચી છે.

ઋષિઓએ પૂછ્યું : 'હે મહાભાગ સુત ! અગાઉના દ્વાપરયુગોમાં થયેલા વ્યાસોને તમે કહો.

સૂતે કહ્યું : પહેલા દ્વાપરયુગમાં બ્રહ્માએ પોતે જ વેદોના વિભાગ કર્યા હતા. બીજા દ્વાપરયુગમાં પ્રજાપતિએ વ્યાસનું કામ કર્યું હતું. ત્રીજા દ્વાપરમાં શુક્રાચાર્ય વ્યાસ થયા હતા, ચોથા દ્વાપ-

૨માં બૃહસ્પતિ, પાંચમામાં સૂર્ય અને છઠ્ઠા દ્વાપરમાં મૃત્યુ વ્યાસ થયા હતા. તે પછી અનુક્રમે ઈન્દ્ર વ્યાસ થયા, વસિષ્ઠ વ્યાસ થયા, સારસ્વત, ત્રિધામા, ત્રિવૃષ, ભરદ્વાજ વ્યાસ થયા, અંતરિક્ષ, ધર્મ, ત્રય્યારુણિ, ધનંજય, મેધાતિથિ વ્યાસ થયા. વ્રતી, અત્રિ, ગૌતમ, હર્યાત્મા, વાજશ્રવા–વેન, અમુષ્યાયણ સોમ વ્યાસ થયા. તૃણબિંદુ, ભાર્ગવ, શક્તિ, જાતુકર્ણ્ય અને અઠ્ઠાવીસમાં કૃષ્ણદ્વૈપાયન વ્યાસ થયા હતા. વ્યાસની આ અઠ્ઠાવીસની સંખ્યા મેં સાંભળેલી તે પ્રમાણે કહી છે. શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસે રચેલું શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ તેમનાજ મુખેથી મેં સાંભળ્યું છે, જે સર્વ દુઃખોને હરનારું તથા પાપસમૂહનો નાશ કરનારું છે. વળી તે આ લોકમાં સર્વ કામનાઓ પુરનારું તથા અંતે મોક્ષ આપનારું છે, વળી તે વેદના અર્થને વિસ્તારનારું અને મુમુક્ષુઓને અતિ પ્રિય છે. વ્યાસ મુનિએ એ શ્રીમદ્ ભાગવત પુરાણને પોતાના પુત્ર શુકદેવને ભણાવ્યું હતું, એ શુકદેવ અરણીથી ઉત્પન્ન થયેલા હોઇ જ્ઞાન–વૈરાગ્યથી યુક્ત હતા. વેદધર્મથી રહિત અને ગમે તેવો પાપી મનુષ્ય, કપટથી પણ શ્રીમદ્ ભગવતીના નામથી અંકિત આ દિવ્ય ઉત્તમ પુરાણને જો આદરથી સાંભળે છે તે મનુષ્ય આ લોકમાં મોટા ભોગો ભોગવી અંતે અચળ મોક્ષપદને પામે છે. વળી આ દેવી ભાગવત પુરાણને નિત્ય સાંભળનાર મનુષ્યના ચિત્તમાં તેવી વિદ્યા રહ્યા કરે છે કે, જે કેવળ સમાધિથી જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. વળી મહામોંઘો મનખાદેહ મેળવી જે અબુધ જીવાત્મા દુષ્કર સંસાર સાગરને તરી જવા માટે નાવરૂપ, સુખદાયક અને કલ્યાણકારી આ પુરાણ સાંભળતો નથી તે આ જગતમાં ભાગ્યહીન સમજવો. જે મનુષ્ય સાંભળવા માટે બે સારા કાન પામી પરનિંદામાં રાચે છે તે મંદબુદ્ધિ છે. એ મનુષ્ય સર્વ અર્થોને આપનારું અને રસના ભંડારરૂપ આ દેવી ભાગવત પુરાણને શા માટે સાંભળતો નથી? ૪૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'પુરાણો અને વ્યાસોના નામ' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### શુકના જન્મનું વૃત્તાંત

ઋષય ઊચુઃ

સૌમ્ય વ્યાસસ્ય ભાર્યાયાં–
કસ્યાંજાતઃ સુતઃ શુકઃ ।
કથં વા કીદશો યેન પઠિતેયં સુસંહિતા ॥

ઋષિઓએ પૂછ્યું : હે સૌમ્ય! વ્યાસની કઈ પત્નીમાં, શુકદેવ પુત્રરૂપે કેવી રીતે જન્મ્યા હતા? અને તે શુકદેવ કેવા ઉત્તમ ગુણોવાળા હતા કે જેથી આ ઉત્તમ પુરાણસંહિતા ભણ્યા હતા? થોડીવાર પહેલાં જ તમે એમ કહેલું કે શુક અરણીથી ઉત્પન્ન થયા હતા, એટલે અમને સંશય થાય છે, અમે એમ પણ સાંભળ્યું છે કે શુકદેવ ગર્ભથી જ યોગી હતા, તો પછી તેમને

આવું મોટું પુરાણ ભણવાની શી જરૂર હતી?

સૂતે કહ્યું : પૂર્વે એક દિવસ વ્યાસમુનિ સરસ્વતી નદીના કાંઠા પરના પોતાના આશ્રમમાં બે ચકલાં (કલવિંક) પક્ષીઓને જોઇ આશ્ચર્ય પામ્યા. વળી તે ચકલાંઓએ એક માળો બાંધ્યો હતો ને તેમાં એક સુંદર બચ્ચું મૂકયું હતું, તે પીછાં વગરનું અને લાલ મુખવાળું હતું. તે બન્ને પક્ષીઓ જ્યાં ત્યાંથી ખોરાક મેળવી તે બચ્ચાંને વારંવાર આપતાં હતા, બન્ને તે કાર્યમાં જ મગ્ન રહેતા હતા. તેઓ જ્યારે બહારથી માળામાં આવતાં ત્યારે પોતાના શરીરને તે કોમળ બચ્ચાંના અંગ સાથે ઘસતાં અતિ હરખાતા હતા અને વારંવાર તેના મુખને ચૂમતા હતા. એ બચ્ચાં પર ચકલા–ચકલીનો અત્યંત પ્રેમ જોઇ વ્યાસ વિચારવા લાગ્યા કે : 'મૂગાં પશુ-પક્ષીઓ પણ પોતાનાં બચ્ચાં પર આટલો બધો પ્રેમ રાખે છે તો નિત્ય સેવારૂપ ફળની ઇચ્છા રાખનારા મનુષ્યો પોતાના બાળકો પર આવો પ્રેમ રાખે એમાં કહેવાનું શું હોય? આ પક્ષીઓ સુખના સાધનરૂપ તેનાં બચ્ચાંનો વિવાહ કરી વહુના મુખને જોવાના નથી અથવા ઘડપણમાં આ બચ્ચું તેમની સેવા–ચાકરી કરવાનું નથી, અથવા ધનપ્રાપ્તિ કરી મા-બાપને આપવાનું નથી, કે વિધિપૂર્વક પ્રેતકાર્ય કરવાનું નથી. પુત્ર-રહિત મનુષ્યને સ્વર્ગપ્રાપ્તિ થતી નથી. ખરેખર, પુત્ર સિવાય પરલોકનું બીજું કોઇ સાધન નથી. મનુ આદિ મુનિઓએ ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે, પુત્રરહિત મનુષ્ય કયારેય સ્વર્ગ પામતો નથી, જ્યારે પુત્રવાળો સ્વર્ગ પામે છે. પુત્રવિ-હોણો મનુષ્ય મૃત્યુ સમયે મનમાં દુઃખી થઇ ચિંતા કરે છે કે, મારા ધન અને સુંદર આવાસનો ભોગવટો કોણ કરશે? આવા મનુષ્યોની દુર્ગતિ થાય છે. આવા વિચારે ચડી ગયેલા સત્યવતીના પુત્ર વ્યાસ વધારે દુઃખી થયા. તે એટલા બધા વ્યગ્ર બની ગયા કે મેરુ પર્વત પાસે તપ કરવા માટે જતાં રહ્યાં. ત્યાં જઇ તેમણે વિચાર્યું કે મનવાંચ્છિત વર આપવામાં તત્પર અને કુશળ કયા દેવની મારે ઉપાસના કરવી? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇન્દ્ર, સૂર્ય, ગણપતિ, કાર્તિકેયને ઉપાસવા કે અગ્નિ અથવા વરુણને ઉપાસવા? વ્યાસમુનિ આમ વિચાર કરતાં બેઠા હતાં એવામાં જ મહર્ષિ નારદ ત્યાં આવી ચડયા. વ્યાસ-મુનિએ તેમને પ્રણામ કરી, અર્ઘ્ય વગેરે આપીને તેમની કુશળતા પૂછી તો સામે નારદજીએ પૂછ્યું : 'હું તો કુશળ છું, પરંતુ તમે શાની ચિંતામાં પડયા છો?' વ્યાસે કહ્યું : 'પુત્રરહિત મનુષ્યની સદ્‌ગતિ થતી નથી, અને તેને કયારેય સુખ હોતું નથી, એ માટે મનમાં ઘણો દુઃખી થતો હું અહીં આવી કયારનો વિચાર્યા કરું છું કે, હું અહીં કયા દેવની ઉપાસના કરું કે જે મને

તત્કાળ ઇચ્છિત વર આપે? મારા સદ્‌ભાગ્યે આપ મારી પાસે આવ્યા છો તો મને કહો કે હું એવા કયા દેવને આરાધું કે જે મને પુત્રફળ આપે?

મહર્ષિ નારદે કહ્યું: 'હે પરાશરના પુત્ર વ્યાસ! હાલ તમે મને જે પ્રશ્ન કર્યો, બરાબર તેવો જ પ્રશ્ન મારા પિતા બ્રહ્માએ અગાઉ ભગવાન વિષ્ણુને પૂછયો હતો. એક વખત દેવેશ્વર લક્ષ્મીના પતિ શ્રીહરિને ધ્યાનમાં મગ્ન બની તપશ્ચર્યા કરતાં મારા પિતા બ્રહ્માએ જોયા ને તેમને આશ્ચર્ય થયું! તેમણે શ્રીહરિને પૂછયું: આપ તો સર્વ જગતના ઇશ્વર છો, તો આપને તપ કરવાની શી જરૂર? હું આખી સૃષ્ટિને સર્જનારો પણ આપના જ નાભિકમળમાંથી પ્રકટ થયો છું, તો પછી આપનાથી મહાન દેવ કોણ છે, તે મને કહો.'

મારા પિતા બ્રહ્માએ આમ તમારી જેમ જ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું: હે બ્રહ્મા! તમારા પ્રશ્નનો ઉત્તર એકાગ્રપણે સાંભળો: 'આમ તો દેવો, અસુરો, મનુષ્યો આદિ તમને બ્રહ્માને, મહાદેવને તથા મને વિષ્ણુને સર્જન, સંહાર તથા પાલનનું કારણ જાણે છે, પણ વેદના જ્ઞાતા વિદ્વાનો એવો તર્ક કરે છે કે, 'શક્તિએ તમને સર્જક, મને પાલક તથા શંકરને સંહારક કર્યા છે.' સૃષ્ટિને સર્જવા તમારામાં રાજસી શકિત, મારામાં સાત્ત્વિકી શકિત અને રુદ્રમાં તામસી શકિત રહેલી કહી છે. તે શકિત વગરના તમે સૃષ્ટિનું સર્જન કરવા સમર્થ નથી, હું પાલન કરવા સમર્થ નથી અને રુદ્ર સંહાર કરવા સમર્થ નથી. આપણે બધા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એ શકિતના જ તાબામાં રહીએ છીએ. તે માટે એક દ્રષ્ટાંત સમજવા જેવું છે તે તમને કહું છું:

પ્રલયકાળે હું પરતંત્ર થઇ શેષનાગરૂપ શય્યામાં સૂઇ રહું છું ને સૃષ્ટિકાળે નિરંતર તે શકિતને જ આધીન હોઇને હું નિત્ય તપ કરું છું. કોઇ વેળા હું લક્ષ્મી સાથે વિહરૂં છું, તો કોઇ કાળે વળી દાનવો સાથે ઉગ્ર યુદ્ધ કરું છું: હે ધર્મજ્ઞ! પૂર્વે એકાકાર થયેલા તે સમુદ્રમાં તમારી સમક્ષ પાંચ હજાર દેવતાઇ વર્ષ સુધી યુદ્ધ કરીને, મારા કાનના મેલથી ઉત્પન્ન થયેલા દૈત્યો મધુ–કૈટભને ભગવતી દેવીની કૃપાથી મેં સંહાર્યા હતા. પૂર્વે હું સ્ત્રીરૂપે મણિદ્વીપમાં રહેલો એજ શકિતદેવીની ઇચ્છાથી પુરુષ થઇ મહાસમુદ્રમાં ફરૂં છું. વળી હું પ્રત્યેક યુગમાં કચ્છપ, વરાહ, નૃસિંહ તથા વામન અવતાર ધરૂં છું. કોઇને પશુ–પક્ષીની યોનિમાં જન્મવાનું ગમે નહિ. છતાં વરાહ વગેરે પશુઓની યોનિમાં હું કંઇ મારી પોતાની ઇચ્છાથી જન્મ્યો નહોતો. કયો સ્વતંત્ર પુરુષ લક્ષ્મી–સ્ત્રી સાથેનો આનંદદાયક વિહાર ત્યજી મત્સ્ય આદિ હલકી યોનિઓમાં જાય? અને સુખ–શય્યા ત્યજી ગરુડાસને બેસી કોણ પ્રચંડ યુધ્ધ કરે? વળી અગાઉ તમારી સમક્ષ ધનુષની દોરી તૂટતાં જ્યારે મારૂં

મસ્તક ઊડી ગયું હતું ત્યારે તમે અશ્વનું મસ્તક મારા ધડ પર વિશ્વકર્મા પાસે જોડાવ્યું હતું, તે વખતથી હું હયગ્રીવ કહેવાયો. તે તો તમને વિદિત છે. જો હું સ્વતંત્ર હોઉં તો લોકોમાં મારી હાંસી કેમ થાય! માટે હું સ્વતંત્ર નહિ પણ સર્વ રીતે શકિતને આધીન છું અને તેથી જ હું તે શકિતનું નિરંતર ધ્યાન કરું છું. એ મહાશકિતથી શ્રેષ્ઠ હું કોઇને પણ જાણતો નથી.' આ પ્રમાણે શ્રીહરિએ બ્રહ્માને કહ્યું તે સર્વ વૃત્તાંત તેમણે મને જણાવ્યું છે. માટે તમે પણ ઇચ્છિત ફળ મેળવવા માટે હૃદયમાં ભગવતીદેવીના ચરણારવિંદને સેવો, તે દેવી પ્રસન્ન થઇ તમને ઇચ્છિત વસ્તુ આપશે.'

સુત બોલ્યા : નારદે એમ કહ્યું એટલે સત્યવતીના પુત્ર વ્યાસ ભગવતીદેવીના ચરણકમળમાં મગ્ન થઇ તપ કરવા માટે વનમાં જતા રહ્યા. ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શુકના જન્મનું વૃત્તાંત' નામનો ૪થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### હયગ્રીવની કથા

**ઋષય ઊચુઃ**

**સૂતાત્સાકં મનઃ કામં મગ્નં સંશય સાગરે ।**
**યથોકતં મહદાશ્ચર્યં જગદ્વિસ્મયકારકમ્ ।।**

ઋષિઓએ પૂછ્યું : 'તમે જગતને અચંબો પમાડનારું મહાન આશ્ચર્ય કહ્યું તેથી અમારું મન સંશય સમુદ્રમાં અત્યંત ડૂબવા લાગ્યું છે, કેમકે વિષ્ણુનું મસ્તક તેમના દેહથી અલગ થયું હતું અને તેઓ હયગ્રીવ થયા! વળી જે દેવની વેદો પણ સ્તુતિ કરે છે, સર્વ દેવોને જેમનો આશ્રય છે અને જે જગતના નાથ આદિદેવ હોઇ, સર્વ કારણના પણ કારણરૂપ છે તેમનું મસ્તક દૈવયોગે કેમ કપાયું હતું? તે સર્વ તમે વિસ્તારથી કહી સંભળાવો.

સુતે કહ્યું : પરમ તેજસ્વી વિષ્ણુના ચરિત્રને હવે તમે એકચિત્તે સાંભળો. કોઇ કાળે ભગવાન વિષ્ણુ દશહજાર વર્ષ પર્યંત દારૂણ યુદ્ધ લડી ખૂબ થાકી ગયા હતા. થાકને લીધે તે એક સાફ સપાટ જગ્યામાં પદ્માસનવાળી બેઠા હતા. તેમના કંઠમાં પણછ સહિત ધનુષ રહેલું હતું, ધનુષની અણી પર ભાર દઈ ઝોકા ખાતાં હતા. બરાબર એ સમયે જ ઇન્દ્ર, બ્રહ્મા ને શંકર બીજા દેવો સાથે ત્યાં આવ્યા. તેમણે યજ્ઞ યોજવાનો નિર્ણય કર્યો હતો. અને તે કાર્યની સિદ્ધિ માટે તે બધા લક્ષ્મીપતિ વિષ્ણુના દર્શન માટે વૈકુંઠમાં ગયા હતા પણ શ્રીહરિ ત્યાં જોવામાં ન આવતાં જ્ઞાન દ્રષ્ટિથી જોયું તો તેઓ એક સ્થળે ઊંઘતા જણાયા.

બધા જ્યાં વિષ્ણુ પદ્માસનવાળીને ઊંઘતા હતા ત્યાં આવ્યા. તે વખતે ભગવાન યોગનિદ્રાને વશ હોઇ દેવોને ચેતનારહિત લાગ્યા. આથી બ્રહ્મા, રુદ્ર વગેરે દેવો મહાચિંતામાં પડી ગયા. પ્રથમ ઇન્દ્રે કહ્યું : 'આપણે ભગવાન વિષ્ણુને કેવી રીતે જગાડીશું?' શંકર બોલ્યા : 'ઊંઘમાંથી જગાડવામાં દોષ છે, પરંતુ આપણે યજ્ઞ કરવાનો છે એટલે

દોષ નહિ લાગે.' એ સાંભળી બ્રહ્માએ 'વમ્રી' નામનો કીડો ઉત્પન્ન કર્યો, જે પૃથ્વી પર રહેલી ધનુષ્યની અણીને ખોતરી ખાઇ જાય, પરિણામે વિષ્ણુ નિદ્રામાંથી જાગી જાય.

બ્રહ્માએ વમ્રી કીડાને તેમ કરવા કહ્યું તો કીડાએ તે માટે આનાકાની કરતાં કહ્યું : 'મારે વળી ભગવાન વિષ્ણુને ઊંઘમાંથી શા માટે જગાડવા પડે ? કેમકે કોઇની નિદ્રાનો ભંગ કરવો, કથામાં ભંગ કરવો અને બાળકોને તેમના માવિતરથી છૂટા પાડવા એ સર્વ પાપ છે અને તે પણ બ્રહ્મહત્યાથી ઓછા ઉતરતા નથી. આવું હું જાણું છું છતાં ભગવાન વિષ્ણુના સુખમાં હું શા માટે વિક્ષેપ પાડું ? કદાચ હું પૃથ્વી પર પડેલી ધનુષ્યની અણીને ખાઇ જાઉં તો મને તેનું શું ફળ મળવાનું છે? મોટા ભાગના લોકો સ્વાર્થને વશ થઇ લાભે–લોભે પાપ કરે છે, પરંતુ આમાં મારો કયો સ્વાર્થ છે કે હું તેમ કરવા પ્રેરાઉં ?'

બ્રહ્માએ કીડાને કહ્યું : 'તને ફળની ચિંતા છે, તો અમે યજ્ઞ કરવાના છીએ તેમાં તને ભાગ આપીશું, માટે પળનો યે વિલંબ કર્યા વિના વિષ્ણુને તુરત જ જાગ્રત કર.' બ્રહ્માના અતિ આગ્રહથી વમ્રી કીડો પૃથ્વી પર પડેલી ધનુષની અણીને ખાઇ ગયો, પરિણામે ધનુષની દોરી તૂટી અને ઉપરની અણી છૂટી થઇ જવાથી ભયંકર ઘોર અવાજ થયો, સૂર્ય અસ્ત પામ્યો તેને લીધે દેવો ત્રાસ પામ્યા. એ અવાજથી સમસ્ત બ્રહ્માંડ ખળભળી ઊઠયું, પૃથ્વી કંપી ગઇ, સમુદ્રમાં મોટાં મોજાં ઉછળવા લાગ્યા. દેવો ચિંતા કરવા લાગ્યા કે, 'હવે શું થશે ?' દેવો આવી મૂંઝવણમાં હતા તેવામાં ભગવાન વિષ્ણુનું કુંડળ અને મુકુટ સહિતનું મસ્તક કયાંય ઊડી ગયું. અંધકારને લીધે તેની કોઇને ખબર પડી નહિ, પરંતુ જ્યારે અંધકાર દૂર થયો ત્યારે બ્રહ્મા તેમજ વિષ્ણુએ ત્યાં આગળ વિષ્ણુના શરીરને મસ્તક વિહોણું જોયું, તેથી બધાય આશ્ચર્યચકિત થઇ શોકાતુર બની રડતા રડતા વિષ્ણુને કહેવા લાગ્યા : 'હા નાથ ! હે પ્રભો ! આ સર્વને દુઃખ-દાયક એવી અમાનુષી ઘટના શી બની ? તમે તો સર્વકાળ અચ્છેદ્ય અભેદ્ય તથા બાળવા પણ અશકય છો. હે પ્રભો ! તમારા સિવાય અમો દેવોનું શું થશે ? અમને લાગે છે કે, આ વિઘ્ન કરનાર કોઇ રાક્ષસ દૈત્ય કે યક્ષ નથી, પરંતુ ખુદ દેવોએ જ આ કૃત્ય કર્યું છે, એટલે આમાં દોષ કોનો કાઢવો ?'

સર્વ દેવોને આમ વિલાપ કરતા જોઇ દેવોના ગુરૂ વેદવેત્તા બૃહસ્પતિ બધાને આશ્વાસન આપી શાંત કરતાં કહેવા લાગ્યા : આ રીતે વિલાપ કરવાનો કશો જ અર્થ નથી માટે સર્વ મળીને કોઇ બુદ્ધિગમ્ય ઉપાય શોધો. હે ઇન્દ્ર ! દૈવ અને પુરૂષાર્થ બન્ને સમાન છે, માટે દૈવયોગે બરાબર ફળ મળે એવો ઉપાય શોધવો જોઇએ.' એ સાંભળી

ઇન્દ્રે કહ્યું : હું તો પુરુષાર્થ કરતાં દૈવને જ શ્રેષ્ઠ માનું છું, કારણ કે દેવોની નજર સમક્ષ અને તે પણ હમણાં જ વિષ્ણુનું મસ્તક છેદાઇ ગયું છે. બ્રહ્મા બોલ્યા : જીવાત્મા ઉપર કાળબળથી જે આવી પડે તે તેને નિ:સંશય ભોગવવું પડે છે. દૈવ શુભ હોય કે અશુભ હોય પરંતુ તેને ઓળખી શકવા કોઇ સમર્થ નથી. પ્રાણીમાત્રને દુ:ખ ભોગવવું પડે છે, કારણ કે તે સુખ-દુ:ખનો ભોક્તા છે. પૂર્વે કાળને વશ થતાં શંકરે મારું મસ્તક છેદ્યું હતું, અને ત્યારે શાપને પરિણામે શંકરનું લિંગ પડી ગયું હતું, તે મુજબ જ હમણાં વિષ્ણુનું મસ્તક કપાઇને લવણ-સમુદ્રમાં પડયું છે. અગાઉ ઇન્દ્રને હજાર યોનિની પ્રાપ્તિ થતાં પારાવાર દુ:ખ થયું હતું ને તેને સ્વર્ગમાંથી સ્થાનભ્રષ્ટ થઇને માનસરોવરમાં ઊગેલા કમળની અંદર લપાઇ રહેવું પડયું હતું. આમ મોટા દેવોને પણ દુ:ખ ભોગવવું પડયું હતું, અને સંસારમાં દરેકને કંઇ ને કંઇ દુ:ખ ભોગવવું જ પડે છે. માટે આપણે વૃથા શોક કરવો છોડી દઇ સનાતની મહામાયા વિદ્યાદેવીનું ચિંતન કરો. તે જ દેવી આપણું કાર્ય કરી દેશે.

સૂત બોલ્યા : આ પ્રમાણે દેવોને કહ્યા પછી બ્રહ્માએ ત્યાં આગળ શરીર-ધારી થઇ ઊભેલા વેદોને દેવોના કાર્યની સિદ્ધિ માટે કહ્યું : 'તમે સનાતની અને બ્રહ્મવિદ્યારૂપ, જીવાત્માઓના સર્વ કાર્યો તથા અર્થને સિદ્ધ કરનારાં મહામાયાની ભક્તિપૂર્વક સ્તુતિ કરો! ત્યારબાદ બ્રહ્માની આજ્ઞાથી વેદો જગદ્વ્યાપિની મહામાયાની સ્તુતિ કરવા લાગ્યા : 'હે શિવા! હે મહામાયા ! હે જીવમાત્રના ઇશ્વરી ! તમે જ ભુમિરૂપ છો, તમે જ સર્વ પ્રાણીઓના પ્રાણરૂપ છો, તમે જ બુદ્ધિ લક્ષ્મી, કાંતિ, ક્ષમા, શાંતિ, શ્રદ્ધા, મેધા, ધૃતિ ને સ્મૃતિરૂપ છો. તમે જ ૐકારમાં અર્ધમાત્રારૂપ તેમ જ ગાયત્રીમાં ભુ: ભુવ: સ્વ: એ વ્યાહૃતિરુપ તથા જયા, વિજયા, ધાત્રી, લજ્જા, કીર્તિ, સ્પૃહા અને દયા છો. હે અંબ ! સર્વ લોકોની માતા ! કલ્યાણસ્વરૂપ, સકલલોકનું હિત કરનારાં અને સંસારનો નાશ કરનારા તમારી અમે સ્તુતિ કરીએ છીએ. આ જગતમાં તમારા નિર્ગુણ કે સગુણ સ્વરૂપને જાણવા તથા તમારાં અસંખ્ય નામોને ગણવા પણ કોઇ શક્તિમાન નથી. તમારા અનંત સામર્થ્યને કોણ જાણી શકે? તમે એક જ ભુવનેશ્વરી નામે લોકમાતા છો. તમે નિસ્પૃહ હોવા છતાં સર્વ જગતનું કારણ છો. તમારૂં અદ્-ભુત ચરિત્ર અમે કળી શકતા નથી તેથી તે અમારા મનને મુંઝવે છે. વિષ્ણુનું મસ્તક ધડથી અલગ થઇ ગયું એ શું તમે જાણતા નથી ? કદાચ એમ પણ હોય કે તમે વિષ્ણુની શક્તિનું માપ કાઢવા માગતા હોય ? હે માતા! વિષ્ણુનું મસ્તક છેદાયું એ ઘણું જ આશ્ચર્યજનક છે. તમે વિષ્ણુના મસ્તકને પુન: જોડી

દેવામાં ઢીલ શા માટે કરો છો? અમને આનું રહસ્ય સમજાતું નથી.

કેટલાક સમય પહેલાં વિષ્ણુએ યુદ્ધમાં જીત મેળવી હતી તેથી તેમને ગર્વ થયો હોય અને તે ગર્વનું ખંડન કરવારૂપ તો તમારી આ લીલા નથીને? અમને એવી શંકા પણ છે કે યુદ્ધમાં હાર પામેલા અસુરોએ ઉગ્ર તપ કરી તમારી પાસેથી વરદાન પ્રાપ્ત કરી વિષ્ણુના મસ્તકને અદ્રશ્ય તો નહિ કર્યું હોય? હે આદ્યશક્તિ! તમે કદાચ સમુદ્રપુત્રી લક્ષ્મી પર રોષે ભરાયા તો નથી ને? અમે ઇચ્છીએ છીએ કે વિષ્ણુને જાગ્રત કરી લક્ષ્મીનો શોક દૂર કરો. વિષ્ણુનું મસ્તક એકાએક કયાં જતું રહ્યું તેની અમને કંઇ જ ખબર નથી. સ્વામી-રહિત થયેલી લક્ષ્મીને તમે કેમ જોઇ રહ્યા છો? પોતાના અંશથી ઉત્પન્ન થયેલી લક્ષ્મીનો અપરાધ હવે તમારે ક્ષમ્ય કરવો જોઇએ; માટે હે દેવી! સમગ્ર લોકોના દેવ વિષ્ણુને ઊઠાડી સર્વ દેવોને શોકસમુદ્રમાંથી બહાર કાઢો. તેમને જીવન તમે જ આપી શકો તેમ છો, જેમ જીવન આપવામાં અમૃત સમર્થ છે તેમ જગતને જીવન આપવા માટે તમારા સિવાય કોઇ સમર્થ નથી.

મહેશ્વરી પ્રસન્ન થયાં તે સાથે જ આકાશવાણી થઇ: 'હે દેવો! વેદોથી સ્તુતિ કરાયેલી હું પ્રસન્ન થઈ છું, માટે તમે બધી ચિંતા છોડી દો. મૃત્યુલોકમાં જે કોઇ મનુષ્ય શ્રદ્ધા ભક્તિથી મારી સ્તુતિ કરશે તે મનવાંચ્છિત ફળ મેળવશે. જે ભાવિક ત્રણે કાળ મારી સ્તુતિ સાંભળશે તે સર્વ દુઃખોથી મુક્ત થશે. વિષ્ણુનું મસ્તક શાથી છેદાયું તેનું કારણ પણ જાણી લો: જગતમાં કારણ સિવાય-કોઇ કાર્ય ઉદ્દભવતું નથી. એક સમયે વિષ્ણુ અને લક્ષ્મી પાસે બેઠાં હતાં, ત્યારે વિષ્ણુને લક્ષ્મીનું મુખ જોઇ એકા-એક હસવું આવ્યું હતું, આથી લક્ષ્મી એમ સમજ્યાં કે આજે ભગવાને મારા મુખમાં કુરૂપ જોયું હશે અથવા બીજી કોઇ સુંદરી ઉપર મોહી પડીને સપત્ની બનાવવી હશે. લક્ષ્મી આમ વિચાર વમળમાં અટવાતાં હતાં એવામાં તેમના દેહમાં તામસી શક્તિ દાખલ થઇ અને લક્ષ્મીમાં એકાએક ક્રોધ વ્યાપી ગયો. ક્રોધાવેશમાં લક્ષ્મીએ ધીમા સાદે શ્રીહરિને કહ્યું: 'તમારૂં મસ્તક પડી જજો.' લક્ષ્મીએ આવો શાપ સ્રીસ્વભાવને કારણે આપ્યો કારણ કે માથે શોકય આવે તે તેનાથી સહન થાય તેમ ન હતું. લક્ષ્મીજીના શાપને લીધે વિષ્ણુનું મસ્તક લવણ-સમુદ્રમાં પડયું છે. તમારૂં દુઃખ ટાળવા હવે હું વિષ્ણુને પહેલાં હતાં તેમ મસ્ત-કવાળા કરી દઉં છું. આવો બનાવ બન્યો તે તમારા કાર્યની સિધ્ધિ માટે જ, હવે તમારૂં કાર્ય સિધ્ધ થવાનું છે. પૂર્વે મહાબાહુ હયગ્રીવ નામના એક દૈત્યે સરસ્વતીના તટ પર બહુ જ દારૂણ તપ કર્યું હતું. તપમાં તે મારૂં માયાબીજ

'હ્રીં' એકાક્ષર મંત્ર જપ્યા કરતો હતો. તેણે નિરાહાર રહી મનનો સંયમ કર્યો હતો. તે વિવિધ અલંકારોથી શોભતાં મારા તામસી શકિતરૂપનું એકાગ્રતાથી ધ્યાન કરતો હતો. આમ કષ્ટ વેઠીને તેણે એક હજાર વર્ષ સુધી મારા તામસી-સ્વરૂપનું ધ્યાન કર્યું તેથી તેવું જ તામસીરૂપ ધારણ કરી સિંહ ઉપર બેઠેલી હું તેની સમક્ષ પ્રત્યક્ષ થઇ. મેં તેની સામે જોઇ કહ્યું : 'હે ઉત્તમ વરદાનવાળા ! હું તારા તપથી પ્રસન્ન થઇ છું, તારે વરદાનમાં જે જોઇએ તે માગી લે.'

હયગ્રીવે મારૂં વચન સાંભળી હર્ષના આંસુ વહાવતા મુખે મારી સ્તુતિ કરી કહ્યું : 'હે દેવી ! મારી ઇચ્છા છે કે હું અજરઅમર બની દેવો, અસુરો અને યોગીઓથી હાર પામું નહિ અને મારૂં મરણ થાય નહિ. વરદાનમાં આટલું જ માગું છું.' એ સાંભળી મેં તેને કહ્યું : 'જન્મે તે મરે ને મરે તે જન્મે આવો ક્રમ નિશ્ચિત થયેલો છે. એ મર્યાદાનું ઉલ્લંઘન કરી શકાય નહિ. માટે વિચાર કરી તારા મોતનો કોઇ પ્રકાર નક્કી કરી મને કહે.' હયગ્રીવે ખૂબ વિચાર કર્યા બાદ કહ્યું : 'હે મા જગદંબે ! મારૂં મોત ઘોડાની ડોકવાળાથી થાય તેવી મારી ઇચ્છા છે.' મેં તેને તેના આવાસે જવાની આજ્ઞા કરી કહ્યું : 'હે હયગ્રીવ ! તારૂં મોત જેને ઘોડાની ગ્રીવા હશે તેનાથી જ થશે, તે સિવાય કોઇ તને મારી શકશે નહિ.' એમ કહી હું અંતર્ધાન થઇ ગઇ અને તે પણ હર્ષભેર પોતાના રહેઠાણે ચાલ્યો ગયો. વરદાનથી બળિયો થયેલો તે દુષ્ટ દૈત્ય સર્વમુનિઓને તથા દેવોને પીડી રહ્યો છે, કારણ કે તેને મારવા ત્રણ લોકમાં કોઇ સમર્થ નથી. હવે આ ઘોડાનું મસ્તક કાપી તેને વિશ્વકર્મા વિષ્ણુના ધડ પર જોડી દેશે. પછી ભગવાન વિષ્ણુ (હયગ્રીવ) દેવોના હિતાર્થે તે દુષ્ટાત્મા દૈત્ય હયગ્રીવને હણશે.'

સૂત બોલ્યા : ભગવતી દેવીએ આમ કહી દેવોને આશ્વાસન આપ્યું એટલે દેવોએ દેવોના શિલ્પી વિશ્વકર્માને કહ્યું : હે વિશ્વકર્મા ! હવે તમે ઘોડાના મસ્તકને વિષ્ણુના ધડ સાથે જોડી દઇ દેવનું કાર્ય કરો, જેથી તેઓ એ દૈત્યને હણશે. વિશ્વકર્માએ તુરત જ ઘોડાના મસ્તકને તલવારના એક જ ઝાટકે કાપી લઇ તેને તુરત જ વિષ્ણુના ધડ સાથે જોડી દીધું, એટલે તે ભગવાન 'હયગ્રીવ' થયા. કેટલાક સમય પછી ભગવાન હયગ્રીવે મહામાયાની કૃપાથી તે દુષ્ટાત્મા દૈત્યને યુધ્ધમાં મારી દેવોને સુખ ઉપજાવ્યું.

હે મુનિઓ ! જે ભાવિકો હયગ્રીવનું આ આખ્યાન ભાવથી સાંભળશે તેઓ સર્વ સંકટોથી, દુઃખથી મુકત થશે. મહામાયાનું આ પવિત્ર ચરિત્ર, પાઠ કરનાર તથા શ્રવણ કરનારાંઓના પાપોનો ક્ષય કરનાર તથા સંપત્તિકારક છે. ૧૧૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે
'હયગ્રીવની કથા' નામનો
૫ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૬ ઠ્ઠો

## યુદ્ધ માટે મધુ-કૈટભની તત્પરતા

ઋષય ઊચુઃ

સૌમ્ય યચ્ચ ત્વયા-
પ્રોક્તં શૌરેર્યુદ્ધં મહાર્ણવે ।
મધુ-કૈટભયોઃ સાર્ધં-
પંચવર્ષં સહસ્રકમ્ ॥

ઋષિઓએ પૂછ્યું : તમે કહેલું કે વિષ્ણુ ભગવાને પ્રલયકાળમાં મધુ-કૈટભ સાથે પાંચ હજાર વર્ષ સુધી તુમુલ યુદ્ધ કર્યું હતું. તેમાં પ્રલય સમુદ્રના જળમાં અતિ દુર્જય, મહાપરાક્રમી, દેવોથી પણ જિતવા મુશ્કેલ તે બંને દાનવો ક્યાંથી ઉત્પન્ન થયા હતા? તે બંનેને ભગવાન વિષ્ણુએ કેવી રીતે હણ્યા? તે સાંભળવા અમે ખૂબ ઉત્સુક છીએ. અમારા સદ્‌ભાગ્યે અહીં આપ જેવા મહાવિદ્વાન વક્તાનો અમને સમાગમ થયો છે. મૂર્ખ સાથેનો સમાગમ હળાહળ-વિષથી પણ ભયંકર છે. જ્યારે વિદ્વાન સાથેના સમાગમને અમૃતરસ તુલ્ય કહ્યો છે. એમ તો સર્વ પશુ-પ્રાણીઓ પણ જીવે છે, ખાય છે, મળ-મૂત્ર કરે છે, વિષયોના સ્વરૂપને જાણી મૈથુન-સુખ અનુભવે છે, પરંતુ તેઓને સારા-નરસાનું જ્ઞાન જરા યે હોતું નથી કે મોક્ષદાયી વિવેક-વિચાર હોતો નથી, એટલે જેઓને કથા સાંભળવામાં રસ પડતો-આનંદ મળતો નથી તેઓને પશુતુલ્ય સમજવા. શ્રવણ-સુખ મૃગલા-હરણાં પણ અનુભવે છે, જેમને કાન નથી તેવા સર્પો પણ નાદ-શ્રવણથી મોહિત થઈ ડોલવા લાગે છે. શ્રવણના ત્રણ પ્રકાર કહ્યા છે. (૧) સાત્ત્વિક (૨) રાજસ (૩) તામસ. આમાં સાત્ત્વિક શ્રવણને ઉત્તમ ગણ્યું છે. તેના (૧) ઉત્તમ (૨) મધ્ય (૩) અધમ-એમ ત્રણ વિભાગ છે. જે સાંભળવાથી મોક્ષ-ફળ મળે તે શ્રવણ ઉત્તમ ગણાય છે. સ્વર્ગ આપનારું શ્રવણ મધ્ય ગણાય છે, અને ભોગ આપનાર શ્રવણ અધમ ગણાય છે. સાહિત્યમાં પણ ત્રણ વિભાગ કહેલા છે : શ્રી વિષયક શૃંગારાદિ વર્ણન-વાળું સાહિત્ય ઉત્તમ, વીરાંગના વિષયક સાહિત્ય મધ્યમ અને પરસ્ત્રી વિષયક સાહિત્ય અધમ કક્ષાનું ગણાય છે. તેવી જ રીતે યુદ્ધના પણ ત્રણ વિભાગ કહેલા છે: આતતાયી સાથેનું યુદ્ધ ઉત્તમ ગણાય છે, દ્વેષથી શત્રુઓ સાથે કરેલું યુદ્ધ મધ્યમ ગણાય છે, અને કારણ વગર યુદ્ધ કરવામાં આવે તે અધમ પ્રકાર કહેવાય છે. અહીં આ પુરાણનું જે શ્રવણ કરો છો તે ઉત્તમ શ્રવણ છે, કેમકે તે બુદ્ધિને વધારનાર પવિત્ર અને પાપોનો નાશ કરનાર છે માટે બુદ્ધિવંત! પૂર્વે તમે વ્યાસ પાસેથી સાંભળેલી અને સર્વ અર્થને સિદ્ધ કરનારી પવિત્ર પુરાણકથા અમને કહો.

સૂતે કહ્યું : હે મહાભાગ મુનિઓ! તમને અને મને ધન્ય છે. કેમકે તમને કથા શ્રવણ કરવાની ઇચ્છા થઈ છે અને મને કથા કહેવાની બુદ્ધિ થઈ છે. પૂર્વે પ્રલય વેળા ત્રણ જગત વિલિન થઈ એક

સમુદ્રરૂપ થતાં દેવાધિદેવ વિષ્ણુ ભગવાન શેષનાગરૂપ શય્યામાં પોઢયા હતા ત્યારે તેમના કાનના મેલથી મહાબળવાન 'મધુ' તથા 'કૈટભ' નામના બે દાનવો ઉત્પન્ન થયા. તે બન્ને દૈત્યો સમુદ્રના જળમાં ખૂબ જ વધી જઇ આમતેમ ફરતા હતા. એક વખત આ બન્ને દૈત્યોને જળ-રાશિમાં ઘુમતાં વિચાર આવ્યો કે જગતમાં એવી પરંપરા ચાલી આવે છે કે કારણ વિના કોઇ કાર્ય બનતું નથી, અને આધાર વિના આધેય કોઇ પણ રીતે રહી શકતું નથી. છતાં આપણા ચિત્તમાં આધાર તથા આધેય વિષયરૂપે ભાસતું નથી. અહીં આટલું બધું વિપુલ જળ કોના આધારે રહ્યું છે? કોણે તેને સર્જ્યું હશે અને કેવી રીતે ઉત્પન્ન થયું હશે? વળી આપણો જન્મ કેવી રીતે થયો છે અને આપણને ઉત્પન્ન કરનાર કોણ હશે? આપણા માતા-પિતા કોણ હશે? આમાંનું આપણે કશું જ જાણતા નથી. આમ વિચારતાં બન્ને દૈત્યો કંઈ નિર્ણય ન કરી શકયા. થોડી વાર પછી જળમાં ઊભેલા કૈટભે મધુને કહ્યું: હે ભાઇ મધુ! આ જળમાં સ્થિર ઊભા રહેવાને આપણામાં જે મહાબળવંત શકિત છે, તે અચળ શકિત જ આપણા જન્મના કારણરૂપ છે, એમ હું માનું છું. તે શકિત આ વિપુલ જળમાં વ્યાપીને રહેલી છે, તેના આધારે આ જળ રહ્યું છે અને તેજ સર્વ શ્રેષ્ઠ દેવીશકિત આપણા બન્નેનું કારણ છે.

બન્ને અસુરો આમ વિચારમગ્ન બન્યા હતા ત્યારે તેમણે આકાશમાં અતિ મધુર વાણીનું બીજ 'એ' સાંભળ્યું, તેને ગ્રહણ કરીને બન્ને તેનો જપ કરવા લાગ્યા. જપ કરતાં કરતાં તેમણે આકા-શમાં વીજળી ઉત્પન્ન થયેલી જોઇ. તેને જોઇ બન્ને એમ સમજ્યા કે આ પણ કોઇ મંત્ર છે અને તે આપણને તેજરૂપે પ્રત્યક્ષ દેખાય છે. આવો ઉત્તમ વિચાર આવતાં તે બન્ને અસુરો ઇન્દ્રિયોને સંયમમાં રાખી, નિરાહાર રહી તેનું ધ્યાન ધરતા જપ કરવા લાગ્યા. આ રીતે સતત તપ કરતા એક હજાર વર્ષ પસાર થઇ ગયા અને તેમના પર તે પરમ શક્તિ પ્રસન્ન થયા. આ બન્ને અસુરોને સતત તપ કરવાથી અત્યંત થાકેલા જોઇ તેમના પર કૃપા કરવા દેવીએ આકાશવાણીરૂપે કહ્યું: હે અસુરો! તમારા તપથી હું પ્રસન્ન થઇ છું માટે તમે ઇચ્છિત વરદાન માંગો, હું તમને તે જરૂર આપીશ.' એ સાંભળી બન્ને અસુરોએ 'ઇચ્છામૃત્યુ'ની માગણી કરી. આકાશવાણીએ ઉત્તર આપ્યો: 'તમારી એ ઇચ્છા પ્રમાણે જ થશે. તમે બન્ને ભાઇઓ દેવો તથા દૈત્યોથી પણ જિતાવા મુશ્કેલ છો એટલે તમારી ઇચ્છા પ્રમાણે તમે મરશો.'

હવે દેવીના વરદાનથી ગર્વિષ્ઠ થયેલા બન્ને દૈત્યો મદોન્મત બની જળચરો સાથે રમત કરવા લાગ્યા. કેટલોક કાળ વિત્યા પછી તે બન્ને દૈત્યોએ બ્રહ્માને

પદ્માસન પર બેઠેલા જોયા એટલે તેમની સાથે લડવાની ઇચ્છા કરી બ્રહ્માની પાસે જઇ કહેવા લાગ્યા : હે સુવ્રત! તું અમને યુદ્ધ આપ, અમારી સાથે લડવા તૈયાર થા, નહિ તો પદ્માસન છોડીને તારી ઇચ્છા મુજબ ચાલ્યો જા. આ સ્થાન વીર પુરુષોને ભોગવવા લાયક છે, કંઇ તારા જેવા નિર્બળ ને કાયર માટે નથી, માટે આસન તુરત જ છોડી દે.' બન્નેને આમ કહેતાં સાંભળી પ્રજાપતિ બ્રહ્મા હવે હું શું કરૂં ?' એવી ચિંતાથી ઘેરાઇ ત્યાં જ બેસી રહ્યા. ૬૪

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'યુદ્ધ માટે મધુ-કૈટભની તત્પરતા' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### બ્રહ્માએ કરેલી ભગવતીની સ્તુતિ

સૂત ઉવાચ

તૌ લક્ષ્યબલિનૌ બ્રહ્મા-
તદોપાયાન ચિંતયત્ ।
સામાદાનભિદાદીંશ્ચ-
યુદ્ધાંતાન સર્વ તંત્રાવત્ ॥

સૂત બોલ્યા: તે બન્ને બળવાન દૈત્યોને પડકાર કરતા જોઇ સર્વ શાસ્ત્રોના જ્ઞાતા બ્રહ્મા સામ, દામ, અને ભેદથી માંડી યુદ્ધ કરવા સુધીના ઉપાયો વિચારવા લાગ્યા : આ બન્ને કેટલા બળિયા છે તે હું જાણતો નથી એટલે એમની સાથે એકદમ યુદ્ધ કરવું એ યોગ્ય નથી. વળી જો હું આ મદથી છકેલા દુરાત્માઓની સ્તુતિ કરું તો તેથી મારી નિર્બળતા જણાશે અને એવું લાગતાં બન્નેમાંથી એક જરૂર મને મારી નાખશે. જો એમને દાન આપી રીઝવું કે પછી તેમનામાં ભેદ-વિખવાદ કરાવું તો પણ ઠીક નથી, માટે હમણાં શેષશય્યા પર સુતેલા ચતુર્ભુજ શ્રીહરિને જગાડું ને તેમને મારૂં દુઃખ કહું. પણ યોગનિદ્રામાં પડેલા વિષ્ણુને જગાડવા કેવી રીતે ? એમ વિચારી બ્રહ્માએ સ્તુતિ કરવા માંડી : 'હે વિષ્ણો ! હે માધવ ! હે દીનાનાથ ! હે જગતપતિ ! આપ નિદ્રાનો ત્યાગ કરો. હે ચક્ર તથા ગદાને ધારણ કરનારા વિશ્વંભર ! તમે જાગીને મને સહાય નહિ કરો તો આ મદથી છકેલા બન્ને દૈત્યો મને મારી નાખશે. હે વિશાળ નેત્રોવાળા દેવેશ ! સંકટ સમયે તમારે શરણે આવેલા મારી તમે અવગણના કરશો તો તમારૂં પાલકપણું લજવાશે, માટે હે પ્રભો ! જાગો....જાગો....'

બ્રહ્માની સ્તુતિથી શ્રીહરિ જાગ્યા નહિ એટલે બ્રહ્મા મૂંઝવણમાં પડયા કે 'ખરેખર, શક્તિથી મોહિત થયેલા ભગવાન વિષ્ણુ નિદ્રાને વશ થયેલા છે તેથી જાગ્રત થયા નહિ, તો હવે મારા દુઃખનું નિવારણ કેવી રીતે કરવું ? મદથી છકી ગયેલા એ બંને દાનવો મને મારી નાંખવા તત્પર થયા છે, તો હું કયાં જાઉં ? હું અશરણ શું કરૂં ?' બહુ વિચારને અંતે કંઇક નિશ્ચય પર આવી બ્રહ્માએ ધ્યાનમગ્ન થઇ યોગનિદ્રાની સ્તુતિ કરવા વિચાર્યું. તેમના મનમાં થયું કે જે શકિતએ શ્રીહરિને અચેત-

નિશ્ચેષ્ટ કર્યાં છે, તેજ શક્તિ મારું રક્ષણ કરશે. જેમ પ્રાણવિહાણો મનુષ્ય શબ્દાદિ ગુણોને જાણતો નથી, તેમ વિવિધ પ્રકારે સ્તુતિ કરવા છતાં તેઓ નિદ્રાને ત્યાગતા નથી, તેથી એમ લાગે છે કે નિદ્રા શ્રીહરિને વશ નથી, પણ નિદ્રાએ એમને વશ કર્યા છે. ખરેખર. જે કોઈ જેના વશમાં આવે છે, તે તેનો દાસ જ ગણાય છે. માટે આ યોગનિદ્રા પણ લક્ષ્મીપતિ વિષ્ણુનાં સ્વામિનિ છે! જેણે સ્વામીને વશમાં લીધા છે એવાં લક્ષ્મીને પણ આ શ્રીહરિ જે વશ છે, તો તે યોગ નિદ્રાને વશ થાય એમાં નવાઈ નથી. આ સર્વ જગત દેવી ભગવતીને વશ છે. હું બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, તેમ જ સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી—આ અમે બધાં ભગવતીને આધીન છીએ, એમાં બહુ વિચારવા જેવું નથી. માટે હવે હું યોગનિદ્રાની સ્તુતિ કરું, કે જેનાથી મુક્ત થઇ વાસુદેવ વિષ્ણુ યુદ્ધમાં જોડાય.

આવો વિચાર કરી પદ્માસને બેઠેલા બ્રહ્મા વિષ્ણુનાં અંગોમાં રહેલી યોગનિદ્રાની ભાવથી સ્તુતિ કરવા લાગ્યા : હે દેવી ! તમે જ આ જગતનાં કારણરૂપ છો, એમ મેં સઘળાં વેદવચનોથી પ્રમાણ્યું છે. હે અંબા ! પુરૂષોત્તમ વિષ્ણુ જે સમગ્ર લોકને પ્રકટ કરનારા છે તેમને પણ તમે નિદ્રાવશ કરી દીધા છે! હે જનનિ ! તમારા નિર્ગુણ મોહવિલાસની લીલાને કોણ જાણી શકે તેમ છે? તમને જાણી શકવા કરોડો દેવોમાં પણ કોઇ સમર્થ નથી. સાંખ્ય જાણનારા પંડિતો પુરૂષને ચૈતન્યસ્વરૂપ અને પ્રકૃતિને ચૈતન્ય ભાવથી રહિત છતાં જગતની રચયિતા કહે છે.

પણ તમે શું તેવાં જડ છો ? નહિ જ. જો એમ જ હોય તો જગતના નિવાસરૂપ વિષ્ણુને આજે તમે જડ-ચૈતન્ય રહિત કેમ કર્યા છે ? હે ભવાની ! જેનું મુનિગણો 'સંધ્યા' નામ કલ્પી અને તેવા જ ઉત્તમ ગુણો કલ્પી ત્રણેકાળ આપનું ધ્યાન કરે છે, તેજ સગુણસ્વરૂપે તમે આ જગતરૂપ નાટક કરો છો, છતાં તમારા કાર્યનો કારણ સંબંધ જાણવા કોઇપણ સમર્થ નથી. હે દેવી ! તમે જ જગતને સર્વકાળે બોધ કરનારી બુદ્ધિ છો અને દેવોને નિરંતર સુખ આપતી લક્ષ્મી પણ તમે જ છો, તેમ જ સર્વ મનુષ્યોમાં કીર્તિ, મતિ, ધૃતિ, કાંતિ, શ્રદ્ધા તથા રતિ પણ તમે જ છો. આ નિદ્રાધિન થયેલા વિષ્ણુને લીધે તમે માયાશબલ બ્રહ્મરૂપ જગતજનનિ છો એમ મેં પ્રત્યક્ષ તમને જોયાં છે. આનાથી અધિક વધારે તર્કવાળું કોઇ પ્રમાણ મને મળ્યું નથી. હે જનનિ! વેદના જ્ઞાતાઓને પણ તમે જાણવા મુશ્કેલ છો. એ વેદ તો તમારાથી જન્મેલા હોવા છતાં પણ તમારા સ્વરૂપને જાણી શકતા નથી. આ અખિલ જગત તમારું કાર્ય છે એ પ્રત્યક્ષ જ છે. આ પૃથ્વી પર કયો બુદ્ધિશાળી મનુષ્ય આપના સંપૂર્ણ ચરિત્રને જાણે છે? હું બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ તથા અન્ય દેવો, મુનિઓ તથા મારા પુત્રો પણ

તમારા લીલામય ચરિત્રને જાણતા નથી. હે દેવી ! તમારા મહિમાનું સર્વ લોકમાં વર્ણન કરવું અશક્ય છે. હે દેવી ! યજ્ઞોમાં તમારું 'સ્વાહા' એવું નામ હોમ કરતી વેળા જો વેદવેત્તાઓ નથી બોલતા તો તે યજ્ઞભાગને કાયમ મેળવી–જાળવી શકતા નથી.

આ ઉપરથી એમ સમજાય છે કે દેવો જેવા દેવોને પણ આજિવિકા આપનારાં તમે જ છો. હે ભગવતી ! અગાઉ પણ દેવો શત્રુઓના ભયથી દુઃખી દુઃખી થઈ રહ્યા હતા ત્યારે તમે જ તેમને ભયમુક્ત કર્યા હતાં, તેમ હમણાં પણ દાનવો મધુ, કૈટભથી ભયભીત થઇને હું આપને શરણે આવ્યો છું, તો મારા પર કૃપાવંત થઇ આપ મારૂં દુઃખ દૂર કરો તમારે વશ રહેલા વિષ્ણુ અત્યારે શય્યામાં પોઢેલા છે એટલે તે મારૂં દુઃખ જાણતા નથી તો આપ તેમને જાગ્રત કરો અગર એ દાનવોને આપ સંહારો. હે દેવી ! જેઓ તમારા ઉત્કૃષ્ટ પ્રભાવને જાણતા નથી, તે મંદબુધ્ધિ પુરૂષો જ હરિ તથા હરનું ધ્યાન કરે છે. હે જનની ! આજે મેં નજરોનજર જોયું છે કે શ્રીહરિ પણ તમારા વશમાં રહી ઊંઘ્યા કરે છે, તે જાગતા જ નથી. તેમને જગાડવા લક્ષ્મી પણ સમર્થ કયાં છે ? કારણ કે તમે વિષ્ણુની જેમ લક્ષ્મીને પણ વશમાં લઇ ઊંઘાડી દીધાં છે. હે જનનિ ! સર્વ મનુષ્યો આપને જ કામધેનુરૂપ સમજી અન્ય દેવોને સેવવા છોડી તમારામાં જ ભક્તિપરાયણ રહે છે, તેમને ધન્ય છે. હે ભગવતી ! બુધ્ધિ, કાંતિ, કીર્તિ, શુભવૃત્તિ તથા શુભ ગુણ આદિ વિષ્ણુના ગુણો હાલ તેમને ત્યજીને કયાં ગયા છે? જે વિષ્ણુને સૌ પ્રથમ પ્રકટ કરીને તમે તેમને આપેલી સર્વના પાલનની શક્તિ દ્વારા સમસ્ત જગતનું રક્ષણ કર્યું છે, એ વિષ્ણુને તમે જ પરવશ કર્યા છે. એ નક્કી છે કે તમને જે ગમે છે તેજ તમે કરો છો. જેમ કલાકાર નટ પોતે યોજેલા નાટકમાં રમે છે, તેમ તમે પણ યોજેલી મોહજાળમાં રમો છો. હે મા ભગવતી ! મને ઉત્પન્ન કરી તમે મને મારી નાખવા તો ઇચ્છતા નથી ને ? ભલે તેમ હોય તો મને મરવા દો, કેમકે મને મરણનું દુઃખ નથી, પરંતુ ચિંતા એ થાય છે કે સકળ જગતને રચનારાં તમે મને પ્રથમ ઉત્પન્ન કર્યો અને પછી દાનવો દ્વારા મરાવ્યો એવી તમારી અપકીર્તિ ત્રિલોકમાં ફેલાશે, માટે હે દેવી ! તમે અહીં તમારૂં અદ્દભુત સ્વરૂપ પ્રકટ કરીને જેમ ઇચ્છતા હો તેમ કરો. તમે જાતે જ આ બંને રાક્ષસોનો સંહાર કરો અથવા તો એ બંનેનો વધ કરવા વિષ્ણુને જાગ્રત કરો. હે દેવી ! આ સમગ્ર કાર્ય સમુદાય કેવળ તમારાથી જ થાય છે.

સૂતે કહ્યું : આમ બ્રહ્માથી સ્તુતિ કરાયેલા તામસીદેવી યોગનિદ્રા એકાએક વિષ્ણુના શરીરમાંથી નીકળી એકબાજુ ઊભાં રહ્યાં. ફાગણસુદિ બારસનો આ પવિત્ર દિવસ હતો. આ દિવસે દેવી

મધુ અને કૈટભ દૈત્યોનો સંહાર કરવા પ્રગટયા હતા. પછી ચેષ્ટાયુક્ત શરીરવાળા વિષ્ણુ જાગ્રત થયા ત્યારે તેમને જોઈ બ્રહ્માને અત્યંત હર્ષ થયો. ૫૦

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'બ્રહ્માએ કરેલી ભગવતીની સ્તુતિ' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### સર્વ ભુતોમાં 'શક્તિ' જ સર્વોત્કૃષ્ટ છે

ઋષય ઊચુઃ

સંદેહોઽત્ર મહાભાગ કથાયાં તુ મહાદ્ભુતઃ ।
વેદશાસ્ત્ર પુરાણૈશ્ચ નિશ્ચિત તુ સદાબુધૈઃ ॥

ઋષિઓએ પૂછયું : હે મહાભાગ ! આ કથા સાંભળી તે વિષે એક સંદેહ થાય છે; કેમકે વિદ્વાનોએ વેદ, શાસ્ત્ર અને પુરાણોથી નિશ્ચય કર્યો છે કે, બ્રહ્મા, વિષ્ણુ ને રુદ્ર.... આ ત્રણ સનાતન દેવોથી શ્રેષ્ઠ આ બ્રહ્માંડમાં અન્ય કોઇ પણ નથી. વળી આ ત્રણે દેવો અનુક્રમે સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરે છે. આ ત્રણે દેવો એકજ મૂર્તિરૂપ છે, પરંતુ તેઓ રજોગુણ તથા તમોગુણથી યુકત થઇ તેઓ પોતપોતાના કાર્ય કરે છે. તેઓમાં લક્ષ્મીપતિ પુરૂષોત્તમ આદિ દેવ ને જગન્નાથ વિષ્ણુ શ્રેષ્ઠ હોવાથી તે સર્વ કર્મો કરવા સમર્થ છે. આવા તેજસ્વી વિષ્ણુને યોગમાયાએ પરવશ કરી શા માટે નિદ્રાધીન કર્યા છે? તે જીવિત હોવા છતાં તેમની ચેષ્ટા અને વિશેષ જ્ઞાન કયાં ગયા હતાં? આ અમારા સંદેહને દૂર કરવા આપ કૃપા કરો. અમારે એ જાણવું છે કે ભગવાન વિષ્ણુને વશ કરનાર એ શકિત કોણ છે? અને તે કયાંથી ઉત્પન્ન થઇ છે? શ્રેષ્ઠ સર્વેશ્વર વિષ્ણુને યોગનિદ્રાએ પરતંત્ર શા માટે બનાવ્યા? અમારા આ સંદેહને તમે જ્ઞાનરૂપ તલવારથી છેદી નાંખો. ૧૧

સૂત બોલ્યા : સ્થાવર-જંગમ સહિત ત્રૈલોકયમાં બ્રહ્માના પુત્ર સનાતન મુનિઓ પણ મોહ પામે છે ત્યાં આ સંશયને કોણ છેદી શકે? આ પ્રશ્ન સાંભળી નારદ તથા કપિલ પણ મોહ પામે તો આમાં હું તો શું કહું? દેવોમાં માત્ર વિષ્ણુને સર્વવ્યાપક તથા સર્વપાલક કહ્યા છે અને સર્વ દેવો જનાર્દનદેવ નારાયણને નમસ્કારપૂર્વક ઉપાસે છે, કેટલાક દેવો હાથમાં ત્રિશુળ રાખવાવાળા, ભસ્મથી લેપાયેલા શંકરને નમી ઉપાસે છે. સર્વ વેદોમાં જે શંકરદેવ 'ત્રિયમ્બક' નામથી ગવાય છે અને કૈલાસમાં વસે છે તે સદાય તામસી શકિતઓ ને ભુતગણોથી યુકત છે. અને પ્રજાપતિ દક્ષના યજ્ઞનો નાશ કરનારા છે.

વળી કેટલાક ભાગ્યવંત વેદવેત્તાઓ નિત્ય ત્રણેકાળ વિવિધ સ્તોત્રોથી સૂર્યની સ્તુતિ કરે છે. મહાવેદવેત્તાઓએ વેદોમાં સર્વ સ્થળે અગ્નિ અને વરૂણની પણ સ્તુતિ કરી છે. ગંગા એક છે પણ તે જેમ અનેક પ્રવાહોથી વહે છે, તેમ મહર્ષિઓએ દેવોમાં ભગવાન વિષ્ણુને અનેક પ્રકારે વર્ણવ્યા છે. પુરાણો અને વિદ્વાનો કહે છે કે: બ્રહ્મામાં સૃષ્ટિ સર્જ-

વાની શકિત છે, વિષ્ણુમાં પાલનની શક્તિ છે, શિવમાં સંહારવાની શકિત છે, સૂર્યમાં પ્રકાશવાની, શેષનાગમાં પૃથ્વીને ધારણ કરવાની, અગ્નિમાં દહન કરવાની, વાયુમાં પ્રેરણા કરવાની શકિત રહેલી છે એમ સર્વમાં જે આદ્યશકિત રહેલી છે, તેજ શકિતરૂપે પરિણામ પામેલ છે. શિવ પણ જો કુંડલિની શકિત વિનાના થાય છે, ત્યારે શિવપણું પામે છે એટલે કે મડદું થઇ જાય છે. શકિત વિનાના વિષ્ણુ, શિવ, ઇન્દ્ર, બ્રહ્મા, અગ્નિ, સૂર્ય કે વરૂણ પોતાપોતાનાં કાર્ય કરવા સમર્થ થતાં નથી, એટલે તે શકિત જ કારણ તથા કાર્યમાં પ્રત્યક્ષ જણાય છે. પંડિતોએ શકિતનાં બે પ્રકાર વર્ણવ્યા છેઃ- (૧) સગુણ (૨) નિર્ગુણ. સગુણ શકિતને રાગી લોકોએ સેવવી અને નિર્ગુણ શકિતની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે તો તે ઇચ્છીત ફળ આપે છે. જે મનુષ્યો માયાથી મોહિત થયેલા છે તેઓ તેને જાણતા નથી.

આ કલિયુગમાં કેટલાક પંડિતો પોતાના ભરણપોષણ માટે પાખંડો ચલાવે છે. આ કલિયુગમાં અનેક મત-ભેદથી ઉપજેલા જેટલા વેદબાહ્ય ધર્મો છે તેટલા કોઇ પણ યુગમાં થયા જાણ્યા નથી. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એ ત્રણે દેવો કોઇ પણ અચર સ્વરૂપનું ધ્યાન કરી તપ કરે છે અને યજ્ઞો પણ કરે છે. આ રીતે તેઓ 'બ્રહ્મ' નામની શકિત-



દેવીને જ સર્વથી પર, પરાત્પર સ્વરૂપ, નિત્ય તથા સનાતન માનીને સદા સર્વદા તેનું ધ્યાન કર્યા કરે છે, માટે વિદ્વાનોએ નિશ્ચય કરી એ શકિતને જ સેવવાં જોઇએ. વેદવ્યાસ પાસેથી મેં આ પ્રમાણે જાણ્યું છે. વેદવ્યાસે નારદ પાસેથી જાણ્યું, નારદે બ્રહ્મા પાસેથી જાણ્યું ને બ્રહ્માએ વિષ્ણુના કહેવાથી જાણ્યું છે. સુજ્ઞજ-નોએ બીજાનું વચન માનવું કે સાંભ-ળવું નહિ પણ પોતે નિશ્ચય કરી સદા શકિતને જ સેવવી. આ શકિતનું વર્તન પ્રત્યક્ષ પણ નિહાળી શકાય છેઃ માટે સર્વ ભુતોમાં સર્વોત્કૃષ્ટ તો શકિત જ જાણવી. ૫૧

ઇતિ શ્રીદેવી ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'સર્વ ભૂતોમાં 'શકિત' જ સર્વોત્કૃષ્ટ જાણવી' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### મધુ-કૈટભ દાનવોનો વધ

**સૂત ઉવાચ**

યદા વિનિર્ગના નિદ્રાદેહાત્ તસ્ય જગદ્દગુરોઃ
નેત્રસ્ય નાસિકા બાહુ હૃદયેભ્યસ્તથોરસઃ ।।

સૂત બોલ્યા : જગદ્ગુરૂ તે વિષ્ણુના દેહમાંથી નિદ્રાદેવી પ્રકટ થયાં અને તેમનાં નેત્ર, મુખ, નાસિકા, બાહુ, હૃદય તથા વક્ષસ્થળમાંથી તામસી શકિત બહાર નીકળી આકાશમાં ઊભાં રહ્યાં ત્યારે વિષ્ણુ બગાસાં ખાતા....ખાતા ઊભા થયા. ત્યાં પ્રજાપતિ બ્રહ્માને ભય ભરેલી હાલતમાં ઊભેલા જોઇ વિષ્ણુએ મેઘગંભીર વાણીથી કહ્યું : હે ભગવન્ ! તમે તો તપ કરવામાં ધ્યાનસ્થ હતા, તેને છોડીને અહીં કેમ આવ્યા છો ?

તમે ભયભીત અને ચિંતાતુર કેમ દેખાઓ છો ?

બ્રહ્માએ કહ્યું : હે દેવ ! આપના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલા મહાબળવાન બે દાનવો મધુ અને કૈટભ ક્યારના મને મારી નાખવા તત્પર થયા છે, તો તેમનાથી મને ઉગારો, એટલા માટે જ હું આપની પાસે આવ્યો છું, માટે આપ મારી રક્ષા કરો.

વિષ્ણુ બોલ્યા : તમે ભય રાખ્યા વિના ઊભા રહો, તે બન્નેનો હું વધ કરીશ, કેમકે તે બન્ને મૂઢ, યુદ્ધ કરવા માટે જ મારી પાસે આવ્યા છે.

સૂત બોલ્યા : દેવેશ્વર વિષ્ણુ બ્રહ્માને આમ કહી રહ્યા હતા ત્યાં તો બ્રહ્માને શોધતા મધુ–કૈટભ ત્યાં આવી પહોંચ્યા. નિરાધાર જળમાં ઊભેલા તે બંનેએ વિષ્ણુનો ભય રાખ્યા વગર ઉગ્ર સાદે બ્રહ્માને કહ્યું : તું નાસી જઈ આની પાસે આવ્યો છું, તેથી શું અમે તને છોડી દેવાના છીએ ? ચાલ, અમારી સાથે યુદ્ધ કર. અમે હમણાં જ તને મારીશું અને શેષશય્યા પર બેઠેલા આને પણ મારીશું. જો તારી યુદ્ધ કરવાની હિંમત ન હોય તો અમારા પગે પડીને 'તમારો દાસ છું.' એમ કહે.

આ સાંભળી જનાર્દન વિષ્ણુએ તેમને પોતાની સાથે યુદ્ધ કરવા પ્રેર્યા. બંને દાનવોમાંથી પ્રથમ 'મધુ' વિષ્ણુ સાથે બાખડ્યો પણ બાહુયુદ્ધમાં તે થાકી ગયો ત્યારે 'કૈટભ' આવીને વિષ્ણુ સાથે બાહુયુદ્ધ કરવા લાગ્યો. અને કૈટભ લડતાં થાક્યો ત્યારે 'મધુ' લડવા લાગ્યો. વિષ્ણુ એકલા જ બંનેનો સામનો કરી તેઓને થકવી રહ્યા હતા. એ સમયે ત્યાં રહેલા બ્રહ્મા અને આકાશમાં રહેલાં તામસી દેવી આ દેવ અને દાનવના યુદ્ધને જોઇ રહ્યાં હતાં. આ યુદ્ધ ખૂબ લાંબુ એટલે પાંચ હજાર વર્ષ સુધી ચાલ્યું, અંતે વિષ્ણુ થાક્યા ત્યારે વિચાર કરવા લાગ્યા : હજારો વર્ષોથી આ દાનવો સાથે હું લડું છું છતાં તેઓ થાકતા નથી, જ્યારે હું કેમ થાકી ગયો ? મારું અતુલ બળ ને પરાક્રમ ક્યાં ગયાં ? એ બંને થાકતા નથી તેનું કોઈ સબળ કારણ હોવું જોઇએ.'

વિષ્ણુને લડતા રોકાઇ ગયેલા જોઇ મધુ–કૈટભ ઉગ્ર સાદે કહેવા લાગ્યા : વિષ્ણુ ! હવે તારામાં લડવાની હામ નથી લાગતી, તારે લડવું ન હોય તો માથા પર હાથ જોડી નમ્રતાથી કહે કે 'હું તમારો દાસ છું.' તને મારી નાખ્યા પછી અમે આ ચાર મુખવાળા પુરુષને હણીશું.

દાનવોનાં આવા વચન સાંભળી જળરાશિમાં રહેલા વિષ્ણુએ તેમને કહ્યું: લડવામાં થાકી ગયેલા, ભયભીત થયેલા, આયુધ છોડેલા, નીચે પડી ગયેલા તેમજ બાળક ઉપર વીર પુરૂષો કદી પ્રહાર કરતા નથી. વળી યુદ્ધમાં તમે બે છો ને હું એકલો છું. તમારામાંથી એક થાકે એટલે બીજો લડવા આવે છે, આમ પાંચ હજાર વર્ષથી ચાલ્યા કરે છે. તમને બંનેને આમ વારંવાર આરામ મળે છે. જ્યારે હું એકલો અવિરત લડયા કરૂં છું.

માટે મારે પણ થોડો આરામ કરવાની જરૂર છે. આરામ લીધા પછી હું તમારી સાથે અવશ્ય લડીશ, તમે અહીં જ ઊભા રહેજો, હું થોડોક સમય આરામ કરી લઉં.' મધુ, કૈટભને આ વચનો પર વિશ્વાસ બેઠો એટલે તેઓ એક બાજુ જઈને જળમાં નિરાધાર ઊભા રહ્યા. પછી વિષ્ણુએ મધુ, કૈટભ કેમ મરતા નથી તે અંગે ખુબ વિચાર્યું ત્યારે તેમને જ્ઞાન થયું કે, આ બંને દાનવોએ દેવી પાસે 'ઇચ્છા–મૃત્યુ'નું વરદાન મેળવ્યું છે તેથી તેઓ મરતા નથી, અને તેઓ મરવાની ઇચ્છા પણ શું કામ કરે? માટે ભકતોને ઇચ્છિત ફળ દેનારાં તે શકિત ભુવનેશ્વરીને શરણે હું જાઉં ને તેમને પ્રસન્ન કરું.' એવામાં જ આકાશમાં દૃષ્ટિ પડતાં વિષ્ણુએ યોગ-નિદ્રાને ત્યાં જોયાં. તેથી હર્ષ પામી વિષ્ણુએ દેવી ભુવનેશ્વરીની સ્તુતિ કરવા માંડી: હે મહામાયા દેવી! તમે જ જગતનું પાલન તથા સંહાર કરનારાં છો, તેમ જ ભોગ તથા મોક્ષ આપનારાં પણ તમે જ ચંડી દેવી છો, આપને મારા વારંવાર નમસ્કાર છે. તમારો પ્રભાવ કેવો છે તેની મને આજે જ ખબર પડી. કેમકે નિદ્રામાં પડેલા મને બ્રહ્માએ જગાડવા વારંવાર પ્રયત્ન કર્યો, પણ હું જાગ્રત થયો નહિ, કારણ કે હું તમારા પ્રભાવમાં આવી ગયો હતો. જ્યારે તમે મારા દેહમાંથી નીકળી ગયાં ત્યારે જ હું જાગ્રત થયો. તમારી પાસેથી વરદાન પામેલા આ બંને દાનવો વર્ષોથી મારી સાથે લડે છે પણ થાકતા નથી, પણ હું થાકી ગયો એટલે છેવટે તમારે શરણે આવ્યો છું, જો તમે સહાય નહિ કરો તો આ બંને દૈત્યો મને મારી નાખશે.' એમ કહી વિષ્ણુએ દેવી સામે હાથ જોડયા એટલે દેવીએ સનાતન વિષ્ણુને કહ્યું: 'હે હરિ! હવે તમે સર્વ ચિંતા ત્યજી તે દાનવો સાથે યુદ્ધ કરો, પરંતુ આ બંને કપટ કર્યા સિવાય મરશે નહિ. એટલે આ મૂઢ–અબુધ દાન-વોને હું વક્ર-દૃષ્ટિથી મોહ પમાડીશ, અને તે વખતે તમે તુરત જ બંનેનો નાશ કરી નાખજો.'

વિષ્ણુ તુરત જ મધુ, કૈટભ પાસે ગયા અને તેઓને યુદ્ધ કરવા પ્રેર્યા. પુનઃ બાહુયુદ્ધ થયું; પરંતુ દાનવો બહુ પરાક્રમી હતા એટલે વિષ્ણુ તેઓની મુઠીઓનો માર સહન કરી શકતા નહોતા, આથી તેમણે આકાશમાં રહેલા દેવી સામે દીન દૃષ્ટિથી જોયું, વિષ્ણુની વિવશતા સમજી દેવીએ અત્યંત લાલ નેત્રો કરી તે બંને દાનવો પર કામ તથા પ્રેમભાવથી યુક્ત નેત્રબાણનો પ્રહાર કર્યો, પરિણામે બંને પાપીઓ દેવી ઉપર મોહ પામ્યા અને કામબાણથી પીડાતા તે દેવી સામે ટગર ટગર જોતાં ત્યાં જ ઊભા રહ્યાં. વિષ્ણુ દેવીનો સંકેત સમજી ગયા એટલે તે દૈત્યોને કહેવા લાગ્યા: 'તમારી યુદ્ધ-કૌશલ્યતાથી હું તમારા પર પ્રસન્ન થયો છું, માટે ઇચ્છિત વરદાન માંગો.' જો

મધુ, કૈટભ કહેવા લાગ્યા : 'હે વિષ્ણુ! અમે માગતા નથી કે માગીએ, અમે તો દાતા–દેનારા છીએ, માટે તમે જ તમારી ઇચ્છા હોય તે અમારી પાસે માંગો.'

વિષ્ણુએ લાગ મળેલો જોઇ માગ્યું કે: 'હું તમને બંનેને મારી નાંખું તેવા તમે થાઓ.' આ સાંભળતાં જ બંને દૈત્યો જાણે ઠગાયા હોય તેમ ઉદાસ થઇ ગયા. વિચાર કરતાં તેમણે ચારે બાજુ જળજળ બંબાકાર જોઇ વિષ્ણુને કહ્યું: અમે વરદાનમાં તમે અમારી પાસે માગણી કરી છે તેના અનુસંધાનમાં એટલું માગીએ છીએ કે : 'જળ ન હોય તેવા પ્રદેશમાં તમે અમારો નાશ કરો.' આ સાંભળી શ્રી વિષ્ણુએ સુદર્શન ચક્રનું સ્મરણ કરી બંનેને કહ્યું : 'આજે તમારી ઇચ્છા મુજબ નિર્જળ સ્થળ પર તમને હણીશ.' એમ કહેતાં જ શ્રીહરિએ પોતાની બંને સાથળોને વિશાળ કરી, આ રીતે તેમણે ચારે બાજુ પથરાયેલા જળમાં નિર્જળ સ્થાન બનાવ્યું. તે મધુ, કૈટભને દેખાડી કહ્યું : 'અહીં જરા પણ જળ નથી, માટે આ જગ્યાએ તમારાં મસ્તકો મૂકો.'

આ સાંભળી બંને દાનવોએ પોત-પોતાના દેહને એક હજાર યોજન વધારી દીધો, તો સનાતન શ્રીહરિએ પોતાની સાથળોનું પ્રમાણ તેથી બમણું વધારી દીધું, એટલે મોહ પામેલા મધુ–કૈટભે પોતાના મોટા મસ્તકો શ્રીહરિની વિસ્તૃત સાથળો પર મૂક્યાં અને શ્રીહરિએ તુરત જ સુદર્શન ચક્રથી તે બંને મસ્તકોને છેદી નાંખ્યા, આથી પ્રાણરહિત થયેલા મધુ-કૈટભના દેહની ચરબીથી આખો સમુદ્ર ભરાઇ ગયો. તે સમયથી આ પૃથ્વી 'મેદિની' નામે પ્રખ્યાત થઇ, અને એ કારણને લીધે માટી 'અભક્ષ્ય' ગણાય છે.

હે મુનિશ્વરો! તમારે જે જાણવું હતું તે બધું મેં વિસ્તારથી કહ્યું. સુજ્ઞ-જનોએ મહાવિદ્યારૂપ મહામાયાનું સર્વ કાળ આરાધન કરવું જોઇએ. સર્વ દેવોએ તથા અસુરોએ પણ તે પરમ શકિતને નિત્ય સેવવા જોઇએ. કેમકે ત્રૈલોકયમાં એથી મહાન કંઇ જ નથી. વેદો તથા શાસ્ત્રોના અર્થનો આજ નિર્ણય છે કે, સગુણ અથવા નિર્ગુણ પરાશકિત પૂજવા યોગ્ય છે. ૮૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'મધુ–કૈટભ દાનવોનો વધ' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### શિવે વ્યાસને પુત્ર માટે આપેલું વરદાન

ઋષય ઊચુઃ

સૂત પૂર્વં ત્વયા પ્રોકતં વ્યાસેનામિતતેજસા ।
કૃત્વા પુરાણમખિલં શુકાયાધ્યાપિતં શુભમ્ ॥

ઋષિઓએ પૂછ્યું : હે સૂત! તમે અગાઉ કહ્યું હતું કે વ્યાસમુનિએ આ દિવ્ય પુરાણ રચીને તે બધું શુકદેવને ભણાવ્યું, પણ વ્યાસે તપ કરી શુકદેવને કેવી રીતે ઉત્પન્ન કર્યા? તે સર્વ વૃત્તાંત અમને કહો.

સૂતે કહ્યું : વ્યાસમુનિ પુત્રની ઇચ્છાથી મેરૂ પર્વત પર જઇ તપ કરતાં ધ્યાન-

પૂર્વક એકાક્ષર વાગ્બીજ 'ઐં' મંત્રને જપતા હતા. સાથે......સાથે 'શક્તિથી અગ્નિ, પૃથ્વી, વાયુ તથા આકાશ જેવો પુત્ર મને મળો.' એવી ભાવના સહિત સદાશિવ તથા શિવાદેવીનું આરાધન કરતા હતા. તેમણે સો વર્ષ સુધી નિરાહાર રહી તપ કર્યું તેના પ્રભાવથી સચરાચર જગત વ્યાપ્ત થઇ ગયું, આથી ઇન્દ્રને ભય ઉપજ્યો. એની આવી દશા જોઇ મહાદેવે કહ્યું: 'હે દેવરાજ ઇન્દ્ર! તારે ભય પામવા જેવું કશું નથી. શક્તિ સહિત તમારું તપ કરતા મહા મુનિઓ ક્યારેય કોઇનું અહિત ઇચ્છતા નથી.' ઇન્દ્રે પૂછ્યું: 'તો કઇ ઇચ્છાથી વ્યાસ તમને આરાધી તપ કરે છે?' મહાદેવે કહ્યું: 'તે પુત્રની ઇચ્છાથી સો વર્ષથી તપ કરે છે એટલે હું તેને ઉત્તમ પુત્ર આપીશ.' આમ કહી પરમાત્મા શંકર તુરત જ વ્યાસમુનિ પાસે ગયા અને બોલ્યા: 'હે સત્યવતીના પુત્ર વ્યાસ! તમે હવે તપમાંથી જાગ્રત થાઓ. તમને અત્યંત તેજસ્વી, જ્ઞાની, શ્રેષ્ઠ, સાત્વિક ગુણોવાળો, સર્વપ્રિય, સત્યવાદી અને પૂર્ણ પરાક્રમી પુત્રની પ્રાપ્તિ થશે.' ઇચ્છિત વરદાન મળવાથી વ્યાસ પ્રસન્નચિત્તે ત્યાંથી પોતાના આશ્રમે ગયા. તેઓ લાંબા કાળના તપથી ખૂબ શ્રમિત થયેલા હોવા છતાં અરણીકાષ્ટ લઇને તેમણે ગુપ્ત અગ્નિ મંથન કરવા માંડયું. તે વખતે તેમના ચિત્તમાં પુત્રની ઉત્પત્તિ માટેની ચિંતા એકદમ વધી ગઇ: સ્ત્રી વિના પુત્રની પ્રાપ્તિ શી રીતે થશે? જો હું સ્ત્રીરૂપ પાશથી બંધાઉં તો આ લોકમાં મુશ્કેલી ભરેલો ગૃહસ્થાશ્રમ હું કેમ કરું?' વ્યાસમુનિ આમ વિચાર કરતા હતા તેવામાં આકાશમાં એક અતિ સુંદર 'ઘૃતાચી' નામની અપ્સરા તેમના જોવામાં આવી અને તે કામાસક્ત બન્યા. પણ મુંઝવણ એ થઇ કે જો હું આ સ્ત્રીને સ્વીકારું તો ઋષિ-મુનિઓ મારી હાંસી કરશે કે: 'જોયું, સો વર્ષ સુધી નિરાહાર રહી તપ કરનારા વ્યાસમુનિ આ અપ્સરાને જોઇ કેમ મોહી પડયા?' આમ મારી નિંદા થશે. પરંતુ પુત્રફળ આપનાર, સ્વર્ગનું ઉત્તમ સુખ આપનાર તેનો સ્વીકાર કરું, તો પણ આ અપ્સરાથી મને સુખ સાંપડવાનું નથી. અગાઉ મેં મહર્ષિ નારદ પાસેથી આ વિષે એક કથાનક સાંભળ્યું હતું. પુરૂરવા નામે એક રાજા ઉર્વશી નામની અપ્સરામાં મોહાંધ બની પારાવાર દુઃખ પામ્યો હતો. ૩૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શિવે વ્યાસને પુત્ર માટે આપેલું વરદાન' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### બુધની ઉત્પત્તિનું વર્ણન

**ઋષય ઊચુ:**

**કોડસૌ પુરૂરવા રાજા કોર્વંશી દેવકન્યકા।**
**કથં કૃચ્છ્રં સંપ્રાપ્તં તન્નરાજ્ઞા મહાત્મના॥**

ઋષિઓએ પૂછ્યું: 'હે સૂત! એ પુરૂરવા રાજા અને અપ્સરા ઉર્વશી કોણ હતા? બંનેનો મેળાપ કેવી રીતે

થયો? અને શા કારણથી રાજાને દુ:ખી થવું પડ્યું? તે અમને કહો.

સુતે કહ્યું : હે મુનિઓ ! એ કથાનક મુનિ વ્યાસ પાસેથી જેવું મેં સાંભળ્યું છે તેવું જ હમણાં તમને કહું છું : બૃહસ્પતિની રૂપવતી સ્ત્રી તારા એક વેળા ચન્દ્રને ઘેર ગયેલી ત્યારે ચન્દ્રે તેના પર મોહિત થઇ તેને પોતાના પ્રત્યે આકર્ષી અને તારા પણ ચન્દ્ર ઉપર મોહિત થઇ ગઇ, આથી બન્ને કામક્રીડામાં રત રહેવા લાગ્યા. તારા તો પોતાના આશ્રમે જવાનું પણ વિસરી ગઈ હતી. આ બાજુ કામથી પીડાતા બૃહસ્પતિએ આખરે તારાની ખબર કાઢવા એક શિષ્યને ચન્દ્રને ત્યાં મોકલ્યો તો ચન્દ્ર પર મોહિત થયેલી તારાએ આશ્રમે આવવાની ના પાડી. શિષ્યે આ સમાચાર આપ્યા એટલે બૃહસ્પતિ ક્રોધે ભરાઇ જાતે જ ચન્દ્રને ત્યાં જઇ ઉગ્ર સાદે ચન્દ્રને કહેવા લાગ્યા : 'ચન્દ્ર ! મારી સ્ત્રી એટલે ગુરૂપત્નીની સાથે વ્યભિચાર કરતાં તને લાજ ના આવી? સુવર્ણની ચોરી કરનાર, મદિરાપાન કરનાર અને ગુરૂપત્નીને સેવનાર અધમ અને મહાપાપી છે. તારા કુકર્મને લીધે તું હવે સ્વર્ગને લાયક રહ્યો નથી. તું હવે મારી પત્નીને છોડ એટલે તેને મારા આશ્રમે લઇ જાઉં. જો આનાકાની કરીશ તો તું મારા શાપનો ભોગ થઇ પડીશ.'

ચન્દ્રે કહ્યું : 'તમારી પત્નીની ઇચ્છા થશે ત્યારે તે તમારે ત્યાં આવશે. તે અહીં રહી છે તેથી તમે આટલા બધા કેમ અકળાઇ ગયા છો? તમે જ આગાઉ ધર્મશાસ્ત્રનો મત જણાવ્યો હતો કે, વ્યભિચારિણી સ્ત્રી પણ રજોદર્શન પછી દૂષિત રહેતી નથી. બ્રાહ્મણે હિંસા કરી હોય પણ વેદકર્મ કર્યા પછી તે દૂષિત રહેતો નથી.'

ચન્દ્રના આવા ઉત્તરથી બૃહસ્પતિ નિરાશ થઇ ત્યાંથી પોતાના આશ્રમે ચાલ્યા ગયા, પણ ધીરજ ન રહેવાથી થોડા દિવસ પછી પાછા ચન્દ્રના આવાસે ગયા અને જોરજોરથી કહેવા લાગ્યા : 'ઓ ચન્દ્ર ! ઓ દુષ્ટ ! ઘરમાંથી બહાર આવ. મારી પત્નીને રાખીને બેઠો છે તેને મારે સ્વાધીન કર, નહિ તો તું મારા શાપથી ભસ્મ થઇ જઇશ.'

બૃહસ્પતિની ક્રોધિત વાણી સાંભળી ચન્દ્ર તુરત જ ઘરમાંથી બહાર આવી મંદ.... મંદ હસીને બોલ્યો : 'હે બ્રહ્મણ ! તમે ભિક્ષુક જેવાને આવી પદમણિ જેવી સ્ત્રી યોગ્ય નથી. હું તમને આ સ્ત્રી સોંપીશ નહિ, તમને જે યોગ્ય લાગે તે કરો. તમે કામાતુર મને શાપ આપશો પણ તે મને જરાય દુ:ખકર્તા નહિ નિવડે. તમે હવે અહીંથી ચાલ્યા જાઓ.' બૃહસ્પતિ ત્યાં પળવાર ન રોકાતાં ઇન્દ્ર પાસે ગયા ને પોતાનું દુ:ખ વર્ણવ્યું તો ઇન્દ્રએ તેમને આશ્વાસન આપીને ઘટતું કરવા કહ્યું. ઇન્દ્રએ તુરત જ એક દૂત મારફત ચન્દ્રને સંદેશો મોકલાવ્યો કે,

અત્રિ જેવા પિતાના પુત્ર ચન્દ્ર તમે નીતિજ્ઞ છતાં આવું અઘટિત આચરણ કેમ કર્યું છે?

એક, બે નહિ પણ અઠ્ઠાવીશ રૂપવતી દક્ષ–કન્યાઓ તમારી પત્ની હોવા છતાં તમે ગુરુપત્ની તારાને ભોગવવા કેમ ઇચ્છા કરી? તમે તારાને તુરત જ પાછી મોકલી દો, નહિતર પરિણામ સારૂં નહિ આવે. તમારા જેવા ધર્મજ્ઞ અને સમર્થ પુરુષો આવું નિંદનિય કર્મ કરે તો તમારૂં જોઇને અજ્ઞાનીઓ પણ તેવું આચરણ કરે, પરિણામે ધર્મનો નાશ થાય, માટે તુરત જ ગુરુપત્નીને પાછી સોંપી દો.'

ચન્દ્રએ ઈન્દ્રના દૂત મારફત ઉત્તર વાળ્યો કે: 'હે ઇન્દ્ર! તમે ને તમારા ગુરુ બંને આચરણમાં સરખાં છો. બૃહપતિએ પોતાના નાના ભાઇની સ્ત્રીને ઇચ્છી હતી. એટલે તારાની તેમના પ્રત્યે પ્રીતિ ઓછી થઈ હતી, તેથી તારા સ્વયં ચાલીને મારી પાસે આવી છે, માટે તારાને હું પાછી નહિ સોંપું. આ માટે તમે જે પગલાં ભરવા હોય તે ખુશીથી ભરી શકો છો.'

ચન્દ્રનો સંદેશો દૂતે ઇન્દ્રને કહ્યો એટલે ઇન્દ્ર ખૂબ જ ક્રોધિત થયો અને ગુરુને સહાયતા કરવા માટે તેણે ચન્દ્ર સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. આ ખબર બૃહસ્પતિનો દ્વેષ કરનાર શુક્રાચાર્યને પડી એટલે તેઓ ચન્દ્ર પાસે જઇ કહેવા લાગ્યા: 'બૃહસ્પતિની સ્ત્રી તારાને પાછી મેળવવા માટે ઇન્દ્ર તમારી સાથે લડવા આવી રહ્યો છે, પરંતુ તમે ગભરાઇને તારાને પાછી સોંપશો નહિ. યુદ્ધ થશે તો હું મંત્રશકિતથી તમને સહાય કરીશ.'

આ બાજુ કૈલાસમાં શંકરને આ બાબતની જાણ થઇ એટલે તેઓ બૃહસ્પતિને સહાય કરવા તત્પર થયા. પછી તો ઇન્દ્ર અને ચન્દ્રના પક્ષે ભારે યુદ્ધ આરંભ્યું. તે યુદ્ધ ઘણા કાળ સુધી ચાલુ રહ્યું. આ યુદ્ધનો નિકાલ લાવવા બ્રહ્મા હંસારૂઢ થઇ યુદ્ધભૂમિમાં આવ્યા અને ચન્દ્રને સમજાવીને કહ્યું કે 'ચન્દ્ર! તું તારૂં હિત ચાહતો હોય તો ગુરુની પત્નીને છોડી દે, જો તેમ કરવામાં હવે વિલંબ કરીશ તો હું શ્રીહરિ મારફત તારો નાશ કરાવીશ.' તેવી જ રીતે બ્રહ્માએ શુક્રાચાર્યને પણ સમજાવ્યા એટલે શુક્રાચાર્યે ચન્દ્ર પાસે જઇ કહ્યું: 'ચન્દ્ર! તારા પિતા અત્રિની ભલામણથી હું તને કહું છું કે, હવે તું બૃહસ્પતિની સ્ત્રી તારાને છોડી દે.' બહુ સમજાવટને અંતે ચન્દ્રે ગભર્વતી બનેલી તારાને તેના પતિ બૃહસ્પતિને સોંપી દીધી. બૃહસ્પતિ હર્ષપૂર્વક તારાને પોતાના આશ્રમે લઇ ગયા, અને સૌ ત્યાંથી પોતપોતાના સ્થાને જતા રહ્યા. કેટલાક સમય બાદ ગર્ભવતી તારાએ એક શુભ દિવસે ચન્દ્રના જેવા શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો, બૃહસ્પતિએ હર્ષપૂર્વક તે પુત્રના જાતકર્માદિ સંસ્કાર કર્યા. આ

ખબર ચન્દ્રને પડતાં એક દૂત મારફત બૃહસ્પતિને સંદેશો મોકલ્યો કે : 'મારા વીર્યથી ઉત્પન્ન થયેલા પુત્રને જાતકર્માદિ સંસ્કાર કરવાનો તમને શો અધિકાર છે? તે તમારો પુત્ર નથી.'

બૃહસ્પતિએ ઉત્તર વાળ્યો કે, એ પુત્ર આબેહુબ મારા જેવો જ છે એટલે તે નિઃસંદેહ મારો પુત્ર છે, માટે જ મેં તેના જાતકર્માદિ સંસ્કાર કર્યા છે.' આ વાદવિવાદે યુદ્ધનું સ્વરૂપ પકડ્યું. દેવો અને દાનવો પાછા યુદ્ધ કરવા તત્પર થયા. પણ બ્રહ્માની દરમ્યાનગિરિથી તેઓ યુદ્ધે ચડયા નહિ. બ્રહ્માએ પછી ખરૂં રહસ્ય જાણવા તારાને બોલાવી પુત્ર માટે પૂછપરછ કરી તો તે ચન્દ્રથી ઉત્પન્ન થયો છે તેમ કહ્યું.... આથી ચન્દ્રે તે પુત્રનો સહર્ષ સ્વીકાર કરી તેનું નામ 'બુધ' રાખ્યું, પછી તે પોતાના લોકમાં ચાલ્યો ગયો. તે પછી બ્રહ્મા, ઇન્દ્ર આદિ પોતપોતાના સ્થાને જતા રહ્યાં.

હે મુનિઓ! બૃહસ્પતિની પત્નીમાં ચન્દ્રથી થયેલી બુધની ઉત્પત્તિ જે પ્રમાણે મેં વ્યાસમુનિ પાસેથી સાંભળી હતી તેમ જ કહી.

મુનિઓને બુધની ઉત્પત્તિનું વૃત્તાંત સાંભળી હર્ષ થયો, કારણ કે તેમાં તેમને ઘણું જાણવા મળ્યું હતું. હજુ તેઓ વધુ ને વધુ જાણવા ઉત્સુક હતા તેથી સૂત તેમને પ્રેમપૂર્વક આગળ કહી રહ્યા હતા.

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે
'બુધની ઉત્પત્તિનું વર્ણન' નામનો
૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### પુરૂરવા અને ઇલાનું વૃત્તાંત

સૂત ઉવાચ :

તતઃ પુરુરવા જજ્ઞે ઈલાયાં કથયા મિદવ ।
બુધ પુત્રોઽતિધર્માત્મા યજ્ઞકૃદ્દાનતત્પરઃ ॥

હે મુનિઓ! તે પછી 'ઇલા' નામની સ્ત્રીમાં બુધનો પુત્ર પુરૂરવા થયો તે કથા હવે તમે સાંભળો : 'સુદ્યુમ્ન' નામનો સત્યવાદી રાજા એક વખત ઘોડા પર બેસી પોતાના અમાત્યોને સાથે લઈ વનમાં શિકાર કરવા નીકળ્યો. ફરતો ફરતો તે મેરુ પર્વત પાસે આવેલ કાર્તિકેયના રમણિય વનમાં જઇ પહોંચ્યો. અતિ સુંદર આ વનની શોભાને નિહાળતો નિહાળતો રાજા એક સ્થળે આવતાં જ પોતે સ્ત્રી રૂપ થઈ ગયો અને તેનો ઘોડો પણ નારીરૂપ ઘોડી થઇ ગયો, આથી સુદ્યુમ્ન રાજા ચિંતામાં પડી ગયો કે હવે મારે શું કરવું? આમ બનવાનું કારણ-એક વખત સનકાદિમુનિઓ એકાએક શંકરના દર્શન માટે આ સ્થળે આવી ચડયા, તે વખતે પાર્વતી વસ્ત્રરહિત અવસ્થામાં મહાદેવના ખોળામાં બેઠા હતા. બંને ક્રીડા કરતાં હતાં તે જ સમયે દેવી અંબિકા (પાર્વતી)એ મુનિઓને જોયાં એટલે શરમાઇને એકાએક મહાદેવના ખોળામાંથી ઊઠી જેમ તેમ વસ્ત્ર પહેરી લઇ શરમથી કંપતા એક બાજુ નીચે મોઢે ઊભા રહ્યા. જ્ઞાની મુનિઓ પણ નજર પડતાંની સાથે જ મનમાં પસ્તાવો કરતા ત્યાંથી પાછા વળી નારાયણના

આશ્રમે જતાં રહ્યા. પછી ભગવાન શંકરે પાર્વતીની લજ્જા જોઇ કહ્યું કે 'આજ પછી આ વનમાં આજ સ્થળે આવનાર કોઇ પણ પુરૂષ સ્ત્રીરૂપ થઇ જશે.' આ મારો વનને શાપ છે.'

સુદ્યુમ્ન રાજાને મહાદેવના આ શાપની ખબર નહિ તેથી એ સ્થળે પ્રવેશતાં જ તે સ્ત્રી બની ગયો હતો. પછી તે શરમને લીધે પોતાના રાજ્યમાં ન જતાં તે સ્ત્રીપણામાં આમતેમ ફરવા લાગ્યો. તેણે પોતાનું નામ 'ઇલા' રાખ્યું હતું. એક સમયે વનમાં ફરતી ઇલા ઉપર ચંદ્રપુત્ર બુધની નજર પડી અને તેને પત્ની બનાવવાની ઇચ્છા કરી, તેવી જ રીતે ઇલાએ પણ બુધ પર આકર્ષાઇ તેને પતિ બનાવવા વિચાર્યું. આમ પરસ્પર પ્રેમ થવાથી બંને સાથે રહી આનંદ વિનોદ કરવા લાગ્યા. કેટલાક સમય બાદ બુધે એ 'ઇલા'ના સંયોગથી 'પુરૂરવા' નામે પુત્ર ઉત્પન્ન કર્યો.

પુત્રના જન્મ પછી 'ઇલા'ને પોતાના પુરૂષપણાની યાદ આવવા માંડી એથી તે ચિંતાતુર રહેવા લાગી. એવામાં વસિષ્ઠ મુનિ ત્યાં આવતાં ઇલાએ તેમને પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું અને પોતાને પુરૂષપણું પ્રાપ્ત થાય તેવી ઇચ્છા વ્યક્ત કરી તો વસિષ્ઠમુનિએ તેનું કષ્ટ નિવારવા તપ કરી શંકરને પ્રસન્ન કર્યા અને ઇલા માટે ઘટતું કરવા કહ્યું તો ભગવાન શંકરે કહ્યું કે 'તે વ્યક્તિ એક મહિનો સ્ત્રીરૂપે રહેશે



અને એક મહિનો પુરૂષરૂપે રહેશે.' વસિષ્ઠમુનિ તેને તેના રાજ્યમાં લઈ ગયા. હવે તે સુદ્યુમ્ન રાજા સુખરૂપ રાજ્ય કરવા લાગ્યો. પરંતુ એક મહિનો પૂરો થતાં પાછું તેને સ્ત્રીપણું પ્રાપ્ત થયું એટલે તે મહેલની બહાર નીકળતો નહિ. આથી પ્રજામાં કચવાટ પેદા થયો. પ્રજાને સંતોષવા માટે તેણે પોતાના યુવાન પુત્ર પુરૂરવાને રાજગાદીએ બેસાડયો ને પોતે વનમાં ચાલ્યો ગયો. વનમાં નારદજીનો મેળાપ થતાં નારદે તેને નવ અક્ષરોવાળો સર્વોત્તમ નવાર્ણ મંત્ર આપ્યો. તે મંત્રનો સતત જપ કરવાથી તે ઇલા (સુદ્યુમ્ન) પર શિવાદેવી પ્રસન્ન થયાં. દિવ્યરૂપવાળાં તે જગદંબા સિંહ પર સ્વાર થયેલા હતા. ઇલાએ જગદંબાને પ્રણામ કરી સ્તુતિ કરવા માંડી : 'હે ભગવતી ! આપનું પ્રસિદ્ધ સ્વરૂપ આજે મેં પ્રત્યક્ષ જોયું છે. દેવસમૂહોએ નિત્ય સેવવા યોગ્ય, કામનાઓ પૂરનાર તથા મોક્ષને દેનાર આપના ચરણકમળને હું વંદન કરું છું. હે ભગવતી ! દેવો તેમ જ મુનિઓને મોહ પમાડનારા આપના ઐશ્વર્યને જાણી શકવા કોઇ સમર્થ નથી, તેમ છતાં આપ મારા પર કૃપાવંત છો તે જાણીને મને નવાઇ લાગે છે. સમુદ્રથી ઉત્પન્ન થયેલાં અને સર્વ કામનાઓને પૂરનારાં આપને શ્રીહરિ સાત્ત્વિકશક્તિ લક્ષ્મીરૂપે, બ્રહ્મા રાજસીશક્તિ સાવિત્રરૂપે અને મહાદેવ તામસી શક્તિ પાર્વતીરૂપે જ જાણે છે. પણ

નિર્ગુણ તમને તત્ત્વતઃ કોઈ જાણતા નથી. હે ભવાની! હું મંદબુદ્ધિ ક્યાં અને મારા પરનો તમારો પ્રભાવિત અનુગ્રહ ક્યાં? તેમ છતાં તમારા ચરિત્રને હું જાણું છું કે તમારા પર પ્રેમ-ભક્તિભાવ રાખનારા સેવકો પર તમે હંમેશા પ્રસન્ન રહો છો. લક્ષ્મીસ્વરૂપે તમે શ્રીહરિને વર્યાં છતાં મધુ-કૈટભનો નાશ કરનાર શ્રીહરિ હર્ષિત થતા નથી. પોતાને તમારે યોગ્ય નહિ માનતા તે સદા ધ્યાનમાં જ મગ્ન રહે છે અને કયા પ્રકારે હું પવિત્ર થાઉં એવા વિચારથી શ્રીહરિ તમારા કોમળ અને પવિત્ર હાથથી ચંપી કરાવવાના બહાને પોતાના બંને પગને પવિત્ર તથા શુભ કરે છે.

વળી સનાતન શ્રીહરિ અશોકવૃક્ષની જેમ આપના પાદપ્રહારને ઇચ્છે છે, હે દેવી! મેઘમાં જેમ વીજળી રહે છે તેમ શ્રીહરિના વિશાળ વક્ષઃસ્થળ પર તમે વસો છો, એ રીતે જોતાં શ્રીહરિ તમારા વાહન બન્યા છે. હે જગદંબે! જો તમે રોષે ભરાઇને શ્રીહરિને ત્યજી દો તો શક્તિ વગરના તેઓનું કોઈ પૂજન કરે નહિ. તમારી શક્તિ અમાપ છે કારણ કે, બ્રહ્મા આદિ દેવોને પણ તમે પુરુષ બનાવ્યા છે. હે દેવી! તમે સ્ત્રી નથી કે નથી પુરુષ, અથવા નપુંસક પણ નથી, આવો વિતર્ક અવારનવાર મારા મનમાં થયા કરે છે, કારણ કે તમે સ્વયં પરબ્રહ્મ છો. તમે સગુણ હો કે નિર્ગુણ, પરંતુ હું તો નિરંતર તમને ભક્તિભાવપૂર્વક પ્રણામ કરી નમું છું. આપના વિષે દૃઢ ભક્તિ ઇચ્છું છું.

સૂતે આગળ કહ્યું: એમ અંબિકા દેવીની સ્તુતિ કરી રાજા સુદ્યુમ્ન (ઇલા) દેવીને શરણે ગયો. ત્યારે પ્રસન્ન થયેલાં દેવીએ ત્યાં જ તેને પોતાનું સાયુજ્ય આપ્યું. પછી ભગવતી દેવીની કૃપાથી સુદ્યુમ્ન રાજા મોટા મુનિઓને પણ દુર્લભ એવું અચળ પરમપદ પામ્યો. ૫૨

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'પુરૂરવા ને ઈલાનું વૃત્તાંત' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### ઉર્વશી ચરિત્ર

**સૂત ઉવાચ:**

**સુદ્યુમ્ને તુ દિવં યાતે રાજ્યંચક્રે પુરૂરવા ।**
**સુગુણશ્ચ સુરુપશ્ચ પ્રજારંજન તત્પરઃ ॥**

સૂતે કહ્યું: હે મુનિઓ! દેવીની કૃપાથી રાજા સુદ્યુમ્ન સ્વર્ગમાં ગયો, તે પછી તેનો સ્વરૂપવાન પુત્ર પુરૂરવા રાજા તરીકે પ્રજાનું રૂડી રીતે પાલન કરવા લાગ્યો. પોતાના સદ્‌ગુણોથી તેણે પ્રતિષ્ઠાનપુરની રાજગાદી અત્યંત શોભાવી હતી. તે નિત્ય દાન ને ધર્મમાં તત્પર રહેતો, અને મોટા યજ્ઞો કરી પુષ્કળ દક્ષિણા-દાન આપતો હતો.

આ રાજાની પ્રશંસા સાંભળી સ્વર્ગની અપ્સરા ઉર્વશી દાનધર્મી પુરૂરવા રાજાને પતિ તરીકે ઇચ્છવા લાગી. આ અપ્સરા બ્રહ્માના શાપને લીધે સ્વર્ગમાંથી મર્ત્ય-લોકમાં આવી હતી. તે એકવેળા પુરૂરવા રાજા સમક્ષ આવી તો તેના રૂપ લાવ-

રૂપને જોતાં જ રાજા તેના પર મોહ પામ્યો અને બંને પરણી ગયાં. આ ઉર્વશી પોતાની સાથે બે ઘેટાં લાવી હતી. પરણ્યા પછી તેણે રાજા આગળ શરત કરી કે: 'આ મારાં બે ઘેટાં છે તેનું તમારે રક્ષણ કરવાનું, હું આહારમાં માત્ર ઘીજ આરોગીશ. તેમ જ મૈથુન પ્રસંગ સિવાય હું તમને નગ્નાવસ્થામાં જોઇશ નહિ. આ મારી શરતનો જે દિવસે તમારાથી ભંગ થશે તેજ વખતે હું તમારો ત્યાગ કરીશ.'

બ્રહ્માના શાપથી મુક્તિ મેળવવા માટે જ ઉર્વશીએ પુરૂરવા સામે આ શરત મૂકી હતી, ને તે શરત રાજાએ કબૂલ કરી એટલે તે રાજાની પત્ની તરીકે રહી હતી. ઉર્વશી આવ્યા પછી રાજા ધર્મ-કર્મ, દાન-દક્ષિણા વગેરે ભુલીને તેનામાં જ લુબ્ધ રહેવા લાગ્યો. તે એક ક્ષણ પણ તેના વગર રહી શકતો નહિ, આ રીતે સુખ-ભોગમાં તેણે ઘણાં વર્ષો વીતાવી દીધાં.

બીજી બાજુ સ્વર્ગમાં ઇન્દ્રસભામાં ઉર્વશીની ગેરહાજરી જોતાં ઇન્દ્ર રાજાએ વિશ્વાવસુ આદિ ગાંધર્વોને આજ્ઞા કરી કે: 'તમે પ્રતિષ્ઠાનપુરમાં રાજા પુરૂરવાના મહેલે જઇ બે ઘેટાંઓ હરી લાવો એટલે ઉર્વશી પણ તેની પાછળ અહીં આવી જશે, કેમકે ઉર્વશી અપ્સરા સિવાય ઇન્દ્રસભા શોભતી નથી.' દેવરાજ ઇન્દ્રના આદેશથી ગાંધર્વો સંધ્યાકાળે પ્રતિષ્ઠાનપુરમાં પુરૂરવા રાજાના મહેલે પહોંચી ગયા. રાત પડતાં જ્યારે પુરૂરવા ઉર્વશી સાથે આનંદ વિનોદની વાતો કરતો રમણ કરતો હતો તે લાગ જોઇ ગાંધર્વોએ ઉર્વશીના પુત્રસમ પ્રિય બે ઘેટાંઓનું હરણ કર્યું.

તેઓ ઘેટાંઓને ખેંચીને લઇ જવા લાગ્યા એટલે ઘેટાંઓ બરાડા પાડવા લાગ્યા, તે અવાજ સાંભળી ઉર્વશી સમજી કે કોઇ ઘેટાંને ઉપાડી જાય છે. તેથી ક્રોધે ભરાઇ તેણે રાજાને કહ્યું: 'આજે મારી શરતનો ભંગ થઇ રહ્યો છે કારણ કે, અત્યારે કોઇ મારા પુત્ર જેવા ઘેટાંઓને ઊઠાવી જાય છે, છતાં તમે સ્ત્રીની માફક સૂઇ શું રહ્યા છો? તમે વીર ગણાઓ છો, પરંતુ નપુંસક જેવા તમારા લક્ષણ જોઇ હું લાજી મરૂં છું. અત્યારે તમારી મર્દાઇ ક્યાં ગઇ?' ઉર્વશીના આવાં કટુ વચનો સાંભળી પુરૂરવા રાજા જે નગ્નાવસ્થામાં પલંગ પર સૂતો હતો તે કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર પેલા ઘેટાંને ઊઠાવી જનારા ગાંધર્વો પાછળ વસ્ત્રરહિત હાલતમાં દોડયો. આ મોકો જોઇ જઇ રહેલા ગાંધર્વોએ રાજાના મહેલ પર વીજળી ચમકાવી તો તેના પ્રકાશમાં ઉર્વશી અપ્સરાએ પોતાના પતિ પુરૂરવા રાજાને નગ્ન હાલતમાં દોડતો જોયો, એ જોઇને ગાંધર્વો પકડેલા ઘેટાંઓને છોડી મૂકી જતાં રહ્યાં. રાજાએ ઘેટાંઓને પકડી લીધા અને તેમને લઇ નગ્ન હાલતમાં મહેલે પાછો ફર્યો, પણ ત્યારે ઉર્વશી

મહેલમાં નહોતી, તે તો શરતનો ભંગ થવાથી મહેલ ત્યજીને ચાલી ગઇ હતી. જેના વગર ક્ષણ પણ ન રહી શકે તે ઉર્વશીને જતી રહેલી જાણી પુરૂરવા રાજા બહુ જ દુ:ખી થયો અને વ્યાકુળ દશામાં તે જ્યાં ત્યાં આથડવા લાગ્યો. ફરતાં ફરતાં તે કુરુક્ષેત્રમાં જઇ ચડયો ને ત્યાં જ ઉર્વશી તેના જોવામાં આવી. તેને જોતાં જ રાજા હરખભેર તેની પાસે દોડી જઇ કહેવા લાગ્યો, '઼ઓ દેવી! મને ત્યજીને કેમ ચાલી ગઇ? જો તું મારી સાથે નહિ આવે તો હું તારા વિયોગમાં મરી જઇશ અને મારા મૃત-દેહનો વરુ, શિયાળો તથા કાગડા–કૂતરા ભક્ષ કરી જશે.'

રાજાને પોતાને માટે કલ્પાંત કરતો જોઇ ઉર્વશી કહેવા લાગી: 'તું શું કામ શોક કરે છે? તું તો રાજાઓમાં સિંહ સમાન ગણાય છે, પણ તારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે. તારૂં જ્ઞાન ક્યાં ગયું? વરુ જેવી સ્ત્રીઓ સાથે મિત્રતા ટકી શકે નહિ. તારા જેવા રાજાએ ક્યારેય સ્ત્રીઓ તથા ચોરો પર વિશ્વાસ ન કરવો જોઇએ, માટે તું મને ભૂલીને તારા રાજ્યમાં ચાલ્યો જા, ને બધું ભુલી જઇ આનંદથી રહે.' આમ ઘણી રીતે સમજાવવા છતાં મોહવશ થયેલો રાજા સમજ્યો નહિ ને તે સ્વેચ્છા પ્રમાણે વિહાર કરતી સ્વ-ચ્છંદી સ્ત્રીના મોહપાશમાં બંધાઇ ઘણું દુ:ખ પામ્યો.

સુતે કહ્યું: આ રીતે તમને ઉર્વશી-ચરિત્ર સંક્ષેપમાં કહ્યું. આ ચરિત્ર મોટું છે, તેને વેદમાં વિસ્તારથી કહેલું છે. ૩૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'ઉર્વશી ચરિત્ર' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### શુકદેવની ઉત્પત્તિ અને ગૃહસ્થધર્મ

દૃષ્ટ્વા તામસિતા પાંગી વ્યાસશ્ચિંતા-પરોઽભવત્ ।
કિં કરોમિન મે યોગ્યા દેવકન્યેયમપ્સરાઃ ॥

સુત બોલ્યા: હે મુનિઓ! આકાશમાં ઊભેલી શ્યામ કટાક્ષવાળી ઘૃતાચી નામની રૂપાળી અપ્સરાને જોઈ વ્યાસ વિચારવા લાગ્યા કે: 'હું હવે શું કરૂં? આ અપ્સરા મારે યોગ્ય નથી.' ઘૃતાચી અપ્સરાએ વ્યાસ મુનિને ચિંતા કરતા જોયા એટલે તે ગભરાઇ અને મુનિ તેને શાપ દેશે એવા ભયથી શુકી (પોપટી)નું રૂપ લઈ ત્યાંથી જતી રહી. સ્ત્રીરૂપ બદલાઇને પક્ષીસ્વરૂપે તેને જોતાં વ્યાસ અચંબામાં પડી ગયા! પણ ઘૃતાચીના દર્શનથી તે એવા કામવશ થયા હતા કે મનને ધ્યાનમાં પરોવવા છતાં તે અપ્સરા તરફથી મનને વાળી શક્યા નહિ. હવે ભાવિ બનવાકાળ કે તે અગ્નિ પ્રગટાવવા માટે અરણિકાષ્ટ પર મંથન કરવા લાગ્યાં ને એકાએક તેમનું વીર્ય અરણિ ઉપર જ પડયું. પણ વ્યસમુનિ વીર્ય-પાતથી અજાણ હતા એટલે તે અરણી મંથન કરતા રહ્યા તો કેટલીક વારે તે અરણિમાંથી તેમના જેવા જ આકાર અને સ્વરૂપવાળા સોહામણા શુકદેવ

ઉત્પન્ન થયા. તે બાળક પ્રદીપ્ત અગ્નિની જેમ પ્રકાશવા લાગ્યો. એકાએક પુત્રનું પ્રાકટ્ય થયેલું જોઇ વ્યાસને નવાઇ લાગી કે 'આ શું?' એ માટે ઊંડો વિચાર કરતાં વ્યાસને લાગ્યું કે 'મહાદેવે આપેલા વરદાન પ્રમાણે આ 'શુકદેવ' જ પ્રકટ્યા છે.'

પછી તો વ્યાસમુનિ એ તેજસ્વી પુત્ર સામે એકીટસે જોઇ જ રહ્યા. ત્યાં તો પર્વતમાંથી ગંગાએ આવીને શુકદેવને નવડાવ્યા અને અંતરિક્ષમાંથી તેમના પર પુષ્પવૃષ્ટિ થઇ. દેવદુંદુભિ વાગવા લાગ્યાં. પછી વ્યાસમુનિએ શુકદેવના જાતકર્માદિ સંસ્કાર કર્યા. દેવો તથા વિદ્યાધરો પણ અરણિના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા વ્યાસસૂત શુકદેવને જોઇ સ્તુતિ કરવા લાગ્યા: હે ઉત્તમ બ્રાહ્મણો! પછી તો શુકદેવ માટે આકાશમાંથી દંડ, શ્યામ ચામડીવાળું મૃગચર્મ, તેમજ દિવ્ય કમંડલ, પૃથ્વી પર તેમની સમક્ષ પડયાં. બાળક તો જન્મતાંની સાથે જ મોટો થઈ ગયો હતો એટલે વ્યાસમુનિએ તેને જનોઇ દીધું. આ મહાત્મા શુકદેવને તો ઉત્પન્ન થતાંની સાથે જ રહસ્ય તથા સંગ્રહ સહિત વેદો, અગાઉ જેમ વ્યાસ મુનિને પ્રાપ્ત થયા હતા તેમ પ્રાપ્ત થયા હતા. પુત્રની ઉત્પત્તિ વખતે ઘૃતાચી અપ્સરા શુકી (પોપટી) રૂપે ત્યાં ફરતી ફરતી પાછી આવી હતી. અને વ્યાસે તેને તે સ્વરૂપે જોઇ હતી તેથી વ્યાસે પુત્રનું નામ 'શુક' પાડયું.

વ્યાસના પુત્ર શુકદેવ ત્યાર પછી બૃહસ્પતિના આશ્રમે ગયા અને તેમને ગુરુપદે સ્થાપી, આશ્રમમાં જ રહી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી સઘળાં ધર્મશાસ્ત્રોનો પૂર્ણ અભ્યાસ કરીને બૃહસ્પતિને ગુરુદક્ષિણા આપી પોતાના પિતા વ્યાસમુનિ પાસે પાછા આવ્યા ને પછી ત્યાં જ રહ્યા. એક વેળા વ્યાસ મુનિએ શુકદેવને લગ્ન કરીને ગૃહસ્થાશ્રમ શરૂ કરવાનું કહ્યું તો શુકદેવે હાથ જોડીને કહ્યું: 'હે ધર્મવેત્તા! તમે આ શું કહો છો? હું તમારો શિષ્ય છું તો મને તમે સદુપદેશ આપો. આપની આજ્ઞાનું હું અવશ્ય પાલન કરીશ.' તો વ્યાસે કહ્યું: 'હે પુત્ર! તારા માટે મેં સો વર્ષ સુધી નિરાહાર રહી તપ કર્યું છે, ને અતિશય કષ્ટથી શિવના આરાધનથી તું મને આવી મળ્યો છે; માટે તું ગૃહસ્થાશ્રમ શરૂ કર.'

શુકદેવ કહે: હે પિતા! હું પરણીશ તેથી મને કંઇ સુખ ઉપજવાનું નથી. સ્ત્રી કરી હું તેને વશ થાઉં, એવા પરાધીનપણામાં મને શું સુખ મળે? અને સ્ત્રી–પુત્રનું બંધન એવું છે કે તેમાંથી કોઇ છૂટી શકતું નથી. વિષ્ટા તથા મૂત્રથી ભરેલા શરીરમાં કયો પુરૂષ પ્રીતિ કરવા ઇચ્છે? વળી મારો અયોનિ જન્મ છે, તો મારી બુદ્ધિ યોનિ પ્રત્યે કેમ દોરાય? મેં બૃહસ્પતિને ગુરૂ કર્યા, પરંતુ તેઓ પણ ઘરરૂપી સમુદ્રમાં ડૂબેલા અને અવિદ્યાથી ઘેરાયેલા હૃદયવાળા છે, જેથી તે બીજાનો શું ઉદ્ધાર કરી શકે? એટલે ગુરૂને નમસ્કાર કરી, ગુરૂદક્ષિણા આપી

હું ઉધ્ધારની આશાએ તમારી પાસે આવ્યો છું. માટે તમે મને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપો જેથી મારૂં શ્રેય થાય. વેદશાસ્ત્રોનો જ્ઞાતા–પંડિત થઇને જે ઘર અને સ્ત્રી–પુત્રમાં આસકત બને છે તેના જેવું બીજું કોઇ આશ્ચર્ય નથી.

વ્યાસે કહ્યું : 'ઘર કે સ્ત્રી–પુત્ર બંધન નથી, જે મનથી મુકત હોય તે ગૃહસ્થ હોય તો પણ મુકત જ છે. ગૃહસ્થાશ્રમીની પાસે જ બ્રહ્મચારી કે સંન્યાસીએ ભિક્ષા માટે જવું પડે છે માટે ગૃહસ્થાશ્રમથી શ્રેષ્ઠ અન્ય કોઇ આશ્રમ છે નહિ. એટલે તો વસિષ્ઠ વગેરે જ્ઞાની મુનિઓએ પણ ગૃહસ્થાશ્રમનો જ આશ્રય કર્યો છે. ધર્મજ્ઞોએ એવો નિર્દેશ કર્યો છે કે મનુષ્યે એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવું જોઇએ. માટે તું અગ્નિહોત્ર લઇ દેવો–પિતૃઓ તથા મનુષ્યોને તૃપ્ત કરી, પુત્રને ઉત્પન્ન કરી તેને પણ ગૃહસ્થાશ્રમમાં જોડી, પછી ઘરને ત્યજી વનમાં જઇ વાનપ્રસ્થ સ્વીકારજે, ત્યારબાદ સંન્યસ્ત લેજે. હે મહાભાગ! ઇન્દ્રિયો મદ અને વિકાર ઉપજાવનારી છે. સ્ત્રીરહિત પુરુષની મનસહિત પાંચેય ઇંદ્રિયો ખરાબ પરિણામ લાવે છે, માટે મનુષ્યમાત્રે ઇંદ્રિયોને જીતવા માટે લગ્ન કરવું જોઇએ અને ઘડપણમાં તપ કરવું એવું શાસ્ત્રોનું કથન છે.

વિશ્વામિત્ર જેવા મહામુનિ પણ ત્રણ હજાર વર્ષ સુધી જિતેન્દ્રિય રહી મેનકા સાથે વનમાં રહ્યા હતા. તેઓ પછી શકુંતલા નામની પુત્રીના પિતા બન્યા હતા. મારા પિતા પરાશર મુનિએ પણ કાળી માછીકન્યા મત્સ્યગંધા પર કામાસકત થઇ તેને ભોગવી હતી, અરે પ્રજાપતિ બ્રહ્મા પણ કામવેગને લીધે ભાન ભૂલીને પોતાની પુત્રી પાછળ દોડયા હતા ત્યારે પરમાત્મા શંકરે તેમને રોકયા હતા. માટે તું મારા હિતકારી વચનો માનીને સત્કુળમાં જન્મેલી કોઇ કન્યાને પરણી વેદમાર્ગનો આશ્રય કર. ૭૨

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શુકદેવની ઉત્પત્તિ અને ગૃહસ્થધર્મ' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### વ્યાસપુત્ર શુકદેવનો વૈરાગ્ય

**શ્રી શુક ઉવાચ**

**નાહં ગૃહં કરિષ્યામિ દુઃખદં સર્વદા પિતઃ ।**
**વાગુરાસદૃશં નિત્યં બંધનં સર્વ દેહિનામ્ ॥**

શ્રીશુકદેવજી બોલ્યા : હે પિતાજી ! સર્વ કાળે દુઃખદાયી, સર્વ પ્રાણીઓને પરવશ બનાવી બંધનમાં નાખતો ગૃહસ્થાશ્રમ હું નહિ સ્વીકારું. ધન પ્રાપ્ત કરવાની ચિંતામાં પડેલા મનુષ્યને કયાં સુખ છે? નિર્ધન મનુષ્યને સ્વજનો દુખદાયી નિવડે છે. અરે, ત્રણે લોકના વૈભવ-ઐશ્વર્ય ભોગવતો ઇન્દ્ર પણ સુખી નથી, તો સંસારમાં કોણ સુખી હોઇ શકે? જો કોઇ તપ કરતું હોય તો ઇન્દ્ર કોઇ પોતાનું ઇન્દ્રાસન પડાવી લેશે એવા ભયથી દુઃખી થાય છે. ને તે તપસ્વીને ડગાવવા અનેક પ્રકારનાં વિઘ્નો ઊભાં કરે છે. સ્વરૂપવાન લક્ષ્મી મેળવીને વિષ્ણુ

સુખી નથી, કેમકે અસુરો સાથેના યુદ્ધ અંગેનો તેમને નિત્ય ક્લેશ રહેતો. મહાદેવ પણ દુઃખી હોઇ જ્યારે ત્યારે તપ કરતા હોય છે અને દૈત્યો સાથે યુદ્ધ કરે છે. આમ દેવો પણ સુખી નથી. ધનવાન લોભને લીધે નિરાંતે સુતો નથી, તો નિર્ધન મનુષ્યને તો ક્યાંથી સુખ હોય? હે પિતા! આ બધું જાણવા છતાં તમે મને દુઃખમાં નાખવા કેમ ઇચ્છો છો? એક પેટ ખાતર આટલી બધી તે શી ચિંતા કરવી? પેટ તો ફળો, કંદ–મૂળ કે પાંદડાથી પણ ભરી શકાય છે; માટે તમે ગૃહસ્થાશ્રમની વાત પડતી મૂકી મને યોગશાસ્ત્ર ને જ્ઞાનશાસ્ત્ર કહો. સ્ત્રીના હાવભાવ અને કટાક્ષોથી મોહિત થયેલો મૂર્ખ મનુષ્ય એટલું સમજતો નથી કે સ્ત્રી જળોની જેમ વળગીને તેનું લોહી પી રહી છે. સ્ત્રી તો વીર્યરૂપ શ્રેષ્ઠ ધન પણ હરી લે છે ને મધુરાં પણ કપટ ભરેલાં વાર્તાલાપોથી ધન તથા મનને પણ હરી લે છે. તો પછી સ્ત્રીના જેવો બીજો ચોર કોણ હોઇ શકે?

સુતે કહ્યું: હે મુનિઓ! શુકદેવના વચનો સાંભળી વ્યાસમુનિ ચિંતાથી ઘેરાઇ રહ્યા. શરીર કંપવા લાગ્યું અને આંખોમાંથી આંસુ સરવા લાગ્યાં અને મોઢા પર ઉદાસી છવાઇ ગઇ. પિતાની આવી હાલત જોઇ શુકદેવ મનમાં વિચારવા લાગ્યા કે, માયાનું સ્વરૂપ એવું કેવું છે કે પુરાણોના વક્તા, મહાભારતને રચનારા અને વેદોના વિભાગ કરનારા વ્યાસમુનિ જેવા પણ મોહ પામ્યા છે? માટે હું સકળ જગતને મોહિત કરનારાં ભગવતી દેવીને શરણે જાઉં છું. આમ વિચારી શુકદેવ સર્વ દેવોની માતા ઇશ્વરીને નમસ્કાર કરી, શોકમગ્ન થયેલા પિતા વ્યાસને કહેવા લાગ્યા: હે પરાશરના પુત્ર! તમે મહાવિદ્વાન થઇને સામાન્ય મનુષ્યની માફક શોક શા માટે કરો છો? રડો છો કેમ? આ બધી મોહજાળ છે એમ માની શોકને દૂર કરો. સુખનું સાધન પુત્ર નહિ પણ ધન છે, માટે ધન પ્રાપ્ત કરી સુખ મેળવો. મને સંસાર ઉપર રાગ નથી એટલે તમે મને એવું જ્ઞાન આપો કે જેથી મને કાયમ માટે ગર્ભવાસથી મુક્તિ મળે?

વ્યાસે કહ્યું: 'હે પુત્ર! દેવીભાગવત ભણવાથી તને બધું જ્ઞાન મળશે. બાર સ્કંધોવાળું અને પાંચ લક્ષણોવાળું, વેદતુલ્ય, પુરાણોના ભુષણરૂપ મારૂં રચેલું ભાગવત પુરાણ તું એકાગ્રતાથી ભણ, કે જે ભાગવત માત્ર સાંભળવાથી સત્ (બ્રહ્મ) તથા અસત્ (જગત)રૂપ વસ્તુનું જ્ઞાન તથા વિજ્ઞાન થાય છે. તેને તું અવશ્ય ભણ.

વડના પાંદડા પર સૂતેલા બાલમુકુંદસ્વરૂપ વિષ્ણુ એમ વિચારતા હતા કે કયા પદાર્થથી મને બાળક બનાવ્યો છે? એ વખતે મુકુંદ મહાત્માને દેવી ભગવતીએ કહેલું: 'આ સર્વ હું જ છું, બીજું સનાતન ચૈતન્ય નથી.' દેવીએ અર્ધા શ્લોકમાં કહેલા એ વચનને

બરાબર સમજી લીધું, પછી તે વિચારવા લાગ્યા કે: 'અરે! આવું સત્ય વચન મને કહેનાર કોણ હશે? એ બોલનાર સ્ત્રી–પુરુષ કે નપુંસક છે, એમ હું શી રીતે જાણું?' પછી તે બધા શ્લોકરૂપ ભાગવતનો હૃદયથી જપ કરવા લાગ્યા. અને તેમાંજ ચિત્ત જોડી તેમણે વડનાં પાંદડાં પર સુતાં સુતાં જ તેનું ચિંતન-મનન કરવા માંડ્યું. તેજ વેળા શંખ, ચક્ર, ગદા અને પદ્મરૂપ શ્રેષ્ઠ આયુધો ધારણ કરેલાં ચતુર્ભુજા દેવી, દિવ્યવસ્ત્રો અને આભુષણોથી શોભતાં, પોતાની સાહેલીઓથી વીંટળાયેલા શાંત અને કલ્યાણકારી ભગવતી મહાલક્ષ્મી મંદમંદ હસતાં વિષ્ણુ સમક્ષ પ્રકટ થયાં. તે સર્વાંગ સુંદર અત્યુત્તમ દેવીનાં દર્શન કરી વિષ્ણુ વિસ્મય પામ્યા. વળી એ મહાદેવીની ચોપાસ રતિ, બુદ્ધિ, મતિ, કીર્તિ, સ્મૃતિ, ધૃતિ, શ્રદ્ધા, મેધા, સ્વધા, સ્વાહા, સુધા, નિદ્રા, દયા, ગતિ, તુષ્ટિ, ક્ષમા, લજ્જા, જૃંભા તથા તન્દ્રા નામની જુદી જુદી શક્તિઓ ઊભેલી હતી. આથી વધુ વિસ્મય પામેલા વિષ્ણુ વિચારવા લાગ્યા: આ બધી સ્ત્રીઓ ક્યાંથી આવીને આ જળમાં નિરાધાર ઊભી રહી, અને હું પાંદડાંરૂપી શય્યામાં ક્યાંથી આવ્યો? આ મહાસમુદ્રમાં વડ ક્યાંથી પ્રકટ્યો? મને સુંદર બાળસ્વરૂપ કોણે બનાવ્યો? આ મારી માતા તો નહીં હોય? અહીં હું બોલું પણ શું? અને અહીંથી જઉં પણ ક્યાં, અગર જઉં કે નહિ? અથવા તો બાળકભાવે મૌન રાખીને મારે અહીં જ રહેવું? ૬૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'વ્યાસપુત્ર શુકદેવનો વૈરાગ્ય' નામનો ૧૫મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૬ મો

### શુકદેવને પુરાણનો ઉપદેશ

વ્યાસ ઉવાચ:

દૃષ્ટ્વા તં વિસ્મિતં દેવં શયાનં વટપત્રકે ।
ઉવાચ સસ્મિતં વાક્યં વિષ્ણો–
કિં વિસ્મિતોઽસિ ॥

વ્યાસ બોલ્યા: વટપત્ર પર સુતેલા તે બાળસ્વરૂપ દેવ શ્રીહરિને વિસ્મય પામેલા જોઇ દેવીએ હસતાં કહ્યું: હે શ્રીહરિ! તમે આશ્ચર્યમાં કેમ પડ્યા છો? યાદ કરો પ્રથમ જગતની રચના અને પ્રલય વેળાએ વારંવાર ઉત્પન્ન થઇને તમે મહાશક્તિના પ્રભાવને લીધે મને ભુલી ગયા છો. પરાશક્તિ નિર્ગુણ છે અને તમે તથા હું સગુણ છીએ. જે સાત્વિકી શકિત છે, એને તમે મારી શકિત જાણો. હવે તમારા નાભિકમળ-માંથી બ્રહ્મા ઉત્પન્ન થશે, તે રજોગુ-ણથી યુક્ત હોઇ સર્વલોકની રચના કરશે. પછી બ્રહ્મા તપ કરી તે સર્વોત્તમ શકિત પામીને રજોગુણથી લાલવર્ણના ત્રૈલોકયને ઉત્પન્ન કરશે. તેજ સમયે સગુણ પંચભુતોમાં ઉત્પન્ન કરી મહા-બુદ્ધિશાળી તે બ્રહ્મા મનને, ઇન્દ્રિયોને તથા ઇન્દ્રિયોના દેવોને ચારે તરફથી ઉત્પન્ન કરશે. ત્યારબાદ બ્રહ્મા સૃષ્ટિની રચના કરશે એથી તેઓ પ્રજાપતિ–સૃષ્ટિ-

કર્તા કહેવાય છે. મહાભાગ! તમે આ જગતના પાલનકર્તા કહેવાઓ છો.' બ્રહ્માને ક્રોધ ઉપજતાં તેમની ભ્રુકુટિઓની મધ્યમાંથી રુદ્ર ઉત્પન્ન થશે, તે પણ તામસી શકિતવાળા થઇ કલ્પના અંતે જગતનો સંહાર કરશે. તે સૃષ્ટિ આદિના નિમિત્તે હું સાત્ત્વિકી શકિત તમારી પાસે આવી છું. હું હંમેશ તમારી પાસે રહીશ.'

શ્રીહરિએ કહ્યું : હે દેવી ! થોડીવાર પહેલાં મેં જે અર્ધો શ્લોક સાંભળ્યો હતો તે તમે જ કહ્યો હોય તો મને ફરી સંભળાવો.' દેવી મહાલક્ષ્મીએ કહ્યું : 'હે વિષ્ણુ ! તમે મને ચતુર્ભુજા સગુણસ્વરૂપે જાણો છો, પણ મારા નિર્ગુણસ્વરૂપની તમને ખબર નથી. તમે વેદના સારરૂપ પવિત્ર ભાગવત નામક જે અર્ધો શ્લોક સાંભળેલો તે એ દેવીએ અર્ધશ્લોકાત્મક ભાગવત તમને સંભળાવ્યું છે, તે સદા સ્મરણમાં રાખજો. ત્રણે લોકમાં એ સિવાય બીજું કંઈ જાણવા જેવું નથી. દેવી તમારા પર પ્રસન્ન છે તેથી જ તેમણે અર્ધા શ્લોકમાં તે ભાગવતરૂપ વચન કહ્યું છે. ૧૮

મહાલક્ષ્મી દેવીનું કહેવું સાંભળી ચાર ભુજાઓવાળા શ્રીહરિએ તે ભાગવતને સર્વોત્તમ મંત્રરૂપે નિત્ય હૃદયમાં ધારણ કર્યું. શ્રીહરિને તે અર્ધશ્લોકાત્મક ભાગવતનો જપ કરતા જોઇ બ્રહ્મા વિસ્મય પામ્યા. તેમણે પૂછ્યું, 'હે શ્રીહરિ ! તમે



વળી કોનો જપ કરો છો ? તમે તો સર્વથી અધિક મહાન ગણાઓ છો.'

શ્રીહરિએ કહ્યું, 'મારામાં ને તમારામાં જે મંગલરૂપ શકિત ક્રિયા તથા કારણરૂપ છે તે ભગવતીનો તમે વિચાર કરો. જે શકિતના આધારે આ સમુદ્રમાં અખિલ જગત રહેલું છે, જે મહાશકિત વડે સ્થાવર–જંગમ આ જગત સરજાય છે તે મહાશકિત પ્રસન્ન થઇ મનુષ્યોને વરદાન આપનારાં તેમ જ મુકિત આપનારાં છે. તે દેવીએ અર્ધા શ્લોકથી જે ભાગવત કહ્યું છે તેનો વિસ્તાર દ્વાપરયુગ પહેલાં વ્યાસ કરશે અને સત્યયુગમાં તમે બ્રહ્મા તેનો વિસ્તાર કરશો.'

વ્યાસે કહ્યું : પછી બ્રહ્માએ તે અર્ધશ્લોકાત્મક ભાગવત શ્રીહરિ પાસેથી ગ્રહણ કર્યું અને તે બ્રહ્માએ અપાર બુદ્ધિવાળા પુત્ર નારદને કહ્યું. પછી નારદ મુનિએ પૂર્વે તે મને આપ્યું હતું, એ ભાગવતને મેં બાર સ્કંધમાં વિસ્તાર્યું છે. સંસારસમુદ્રથી તારનારું, ભગવતીદેવીના ચરિત્રરૂપ પવિત્ર, વૃત્રાસુર વધ વગેરે અનેક આખ્યાન તથા કથાઓથી પૂર્ણ એ દેવી ભાગવતનું તું અધ્યયન કર. તું એ દિવ્ય ૧૮ હજાર શ્લોકોવાળા ભાગવત પુરાણનો સંગ્રહ કર. આ પુરાણ પાઠ કરનારાઓ તથા શ્રવણ કરનારાઓના અજ્ઞાનનો નાશ કરનાર, સુખ–શાંતિ આપનાર, ધન દેનાર કલ્યાણકારક તથા પુત્ર–પૌત્રોની વૃદ્ધિ કરનાર છે. મારો ધર્માત્મા શિષ્ય લોમહર્ષણ પુત્ર

સૂત તારી સાથે જ આ ભાગવત પુરાણનો અભ્યાસ કરશે. ૩૮

સૂતે આગળ કહ્યું : હે મુનિઓ ! આ રીતે વ્યાસે પોતાના પુત્રને તથા મને આ આખું યે પુરાણ ભણાવ્યું હતું. બીજા સનત્કુમાર જેવા શુકદેવજી હતા તે આ ભાગવત પુરાણ ભણી વ્યાસના આશ્રમમાં જ રહ્યા. તે એકાંતમાં રહેતા અને ગાંડાઘેલાની જેમ શૂન્યમનસ્ક રહેતા હતા. એક વેળા વ્યાસે તેમને પૂછ્યું: 'પુત્ર ! તું ઉદાસ રહીને શા વિચાર કર્યા કરે છે ? હું તારો પિતા હયાત હોવા છતાં તને શી ચિંતા છે ? અહીં તને જો શાંતિ ન થતી હોય તો તું મિથિલા-નગરીમાં ધર્મપરાયણ જનકરાજા પાસે જા તે તારા મોહને દૂર કરશે. તારો સંદેહ તે મટાડશે. તે દેહાભિમાન વિનાના, જીવન્મુકત, સત્યવકતા અને શાંત યોગી છે.' આ સાંભળી શુકદેવે સંદેહ વ્યકત કર્યો કે, જનકરાજા જો જીવન્નમુકત છે તો તેઓ રાજ્ય કેમ કરે છે ? મને આશ્ચર્ય એ થાય છે કે એ રાજા કર્મનો ત્યાગ કર્યા સિવાય જીવન્મુકત શી રીતે કહેવાય ? છતાં હું આ વિદેહ જનક–રાજાને જોવાની ઇચ્છાથી તેમ જ મારા સંશયને દૂર કરવા હવે હું મિથિલા નગરીમાં જાઉં છું. ૬૧

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શુકદેવને પુરાણનો ઉપદેશ' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૭ મો

## મિથિલા નગરીમાં શુકદેવજી

**સૂત ઉવાચ :**

ઇત્યુકત્વા પિતરં પુત્રઃ પાદયોઃ પતિતઃ શુકઃ ।
બદ્ધાંજલિરુવાચેદં ગંતુકામો મહામનાઃ ॥

સૂત બોલ્યા : શુકદેવજી એમ કહીને પિતાજીના ચરણમાં પડયા અને મિથિલા નગરી જવાની રજા માગી તો વ્યાસજી તેને ભેટીને કહેવા લાગ્યા : 'હે પુત્ર શુકદેવ ! તારૂં કલ્યાણ થાવ. તું જનક-રાજાને મળી તારો સંદેહ દૂર કરી અહીં આવી સુખરૂપ રહેજે.'

પિતાની આજ્ઞા મળતાં શુકદેવજી તેમને પ્રણામ કરી તથા પ્રદક્ષિણા કરી આશ્રમમાંથી નીકળી પડયા. ત્રણ વર્ષ પછી તે મિથિલા નગરીમાં પહોંચ્યા, પણ નગરમાં પ્રવેશતાં જ દ્વારપાળે તેમને અટકાવ્યા અને તે કોણ છે વગેરે પૂછ-પરછ કરી, પણ શુકદેવજી મૌન સેવી દરવાજાથી થોડે દુર જઇ સ્થિર થઇને ઊભા રહ્યા અને વારંવાર હસવા લાગ્યા. આથી દ્વારપાળે તેમની પાસે જઇ પૂછ્યું : 'હે મહારાજ ! તમે મુંગા તો નથી ને ? તમે કયાંથી અને શા માટે અહીં આવ્યા છો ? આ નગરીમાં રાજાજીની આજ્ઞા સિવાય કોઇને પ્રવેશવા દેવામાં આવતા નથી. તમે તમારૂં કુળ અને આવવાનું પ્રયોજન જણાવ્યા પછી ખુશીથી નગરીમાં પ્રવેશો.'

શુકદેવે કહ્યું : મારા પિતાએ કરેલી ભલામણથી હું ઘણું કષ્ટ વેઠી એ મોટા

પર્વતો ઓળંગી વ્યર્થ અહીં આવ્યો છું. હું કોઇ જાતની આશા રાખ્યા વિના નાહક આ મોહસમુદ્રમાં ડૂબ્યો છું. મને અત્યંત દુ:ખ એ થાય છે કે જે નગરીનો રાજા જીવન્મુક્ત-વિદેહ છે તે નગરીમાં મારે પ્રવેશ કરવો પણ મુશ્કેલ થઇ પડયો છે ?'

આ બધું સાંભળી દ્વારપાળને લાગ્યું કે આ કોઇ જ્ઞાની બ્રાહ્મણ છે, તેમને રોકીને મેં મહા અપરાધ કર્યો છે....એમ વિચારી તેણે વિનયથી શુકદેવજીને કહ્યું : 'મહારાજ ! આપને મેં રોકયા તે અપરાધ બદલ મને ક્ષમા આપો અને આપ ખુશીથી નગરમાં જ્યાં જવું હોય ત્યાં જાઓ.' પછી દ્વારપાળને ઘણો ઉપદેશ આપી શુકદેવજી નગરીમાં ગયા અને રાજાના મહેલે-રાજગૃહે પહોંચ્યા તો દ્વારપાળે તેમને અંદર જતા અટકાવ્યા એવામાં રાજાના મંત્રીએ તેમને જોયા એટલે તેમને આદરપૂર્વક અતિથિગૃહમાં લઇ ગયો. ત્યાં કેટલીક રૂપાળી સ્ત્રીઓએ શુકદેવની વિધિપૂર્વક પૂજા કરી પછી યોગ્ય ભોજન કરાવી તેમને સંતુષ્ટ કર્યા. તે સ્ત્રીઓએ પછી શુકદેવજીને જ્યાં રાણીઓ હતી તે અંતઃપુર બતાવ્યું, તો કામદેવ સરખા રૂપાળા શુકદેવજીને જોતાં જ રાણીઓ તેમના પર મોહિત થઇ ગઇ, તેઓ વિનયથી તેમની સેવા કરવા લાગી......પણ શુકદેવજી નીચી નજરે માતૃભાવ રાખી બેસી રહ્યા. થોડીવાર પછી શુકદેવજી હાથ-પગ ધોઇ, હાથમાં દર્ભ લઇ સાયં-સંધ્યા કરીને ધ્યાનમાં બેસી ગયા. જ્યારે પ્રાત:કાળ થયું ત્યારે સ્નાનાદિ કર્મોથી પરવારી તે પુન: સમાધિનિષ્ઠ જ રહ્યા. ૬૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'મિથિલા નગરીમાં શુકદેવજી' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### શુકદેવજીને જનક રાજાનો ઉપદેશ

**સૂત ઉવાચ :**

**શ્રુત્વા તમાગતં રાજા મંત્રિભિ:સહિત શુચિ: ।**
**પુરઃ પુરોહિતં કૃત્વા ગુરુપુત્રં સમ્યગાત્ ।।**

સૂત બોલ્યા : પોતાના ગુરૂના પુત્ર શુકદેવજીનું આગમન થયેલું જાણી વિદેહ રાજા જનક પવિત્ર થઇ, રાજપુરોહિતને આગળ કરી મંત્રીઓ સહિત જ્યાં શુકદેવજી હતા ત્યાં આવ્યા. રાજાએ ગુરૂપુત્રનું પૂજન કરી, આસન આપી એક ગાય આપીને કુશળતા પૂછી, તો શુકદેવે પણ પૂજાવિધિને સ્વીકારી પોતાની કુશળતા જણાવી, સામે રાજાની કુશળતા પૂછી આસન પર સ્થાન લીધું. પછી જનકરાજાએ વિનયથી આગમનનું કારણ પૂછયું, તો શુકદેવે કહ્યું : 'હે રાજન્ ! મારા પિતા વ્યાસમુનિએ મને ગૃહસ્થાશ્રમ શરૂ કરવા કહ્યું પણ ગૃહસ્થાશ્રમને બંધનરૂપ માની તેમના વચનથી મને સંશયમાં પડેલો જાણી કહ્યું : 'પુત્ર ! તું બધો શોક ત્યજીને મિથિલા નગરીમાં આપણા યજમાન જનકરાજા પાસે જા. તેઓ વિદેહ તરીકે પ્રખ્યાત હોઇ મોહમાયાથી મુક્ત બની નિષ્કંટક રાજ્ય કરે

છે. તેમને મળીને તું તારા સંદેહને દુર કર. તેમનું કથન તને યોગ્ય લાગે તો તું અહીં આવી સ્રીનો સ્વીકાર કરજે.' આમ પિતાના આદેશથી હું અહીં આવ્યો છું તો મને મોક્ષનું સાધન બતાવો.'

જનકરાજાએ કહ્યું : 'યજ્ઞોપવીત પામેલો બ્રાહ્મણ જે મોક્ષને ઇચ્છતો હોય તો તેણે સૌ પ્રથમ ગુરૂજી પાસે રહી વેદવેદાંતનું અધ્યયન કરવું, પછી ગુરૂને દક્ષિણા આપી સમાવર્તન સંસ્કાર પામ્યા પછી તેણે સ્રી સાથે ગૃહસ્થાશ્રમમાં રહેવું. પછી યજન-યાજનાદિ છ પ્રકારની આજિવિકા કરીને તેમાં સંતોષી થઇ, પાપરહિત થઇ, અગ્નિહોત્ર વગેરે કર્મો કરવા. તે બ્રાહ્મણે પવિત્ર રહી સંતાનપ્રાપ્તિ થયા પછી વાનપ્રસ્થાશ્રમમાં રહેવું. પછી તપ દ્વારા છયે શત્રુઓ કામ, ક્રોધ, મદ આદિને જીતી, પત્નીને પુત્રો સોંપીને પછી સંન્યાસાશ્રમ સ્વીકારવો. પૂર્ણ વૈરાગ્ય ન થયો હોય તેણે સંન્યસ્ત લેવું નહિ એવું વેદવચન છે.'

શુકદેવે પૂછ્યું : વૈરાગ્ય થયો હોય, જ્ઞાન મેળવ્યું હોય તેણે ક્રમવાર આશ્રમમાં જવું કે વનમાં જ વસવું જોઇએ ?'

જનકરાજા કહે: ઇન્દ્રિયોનું બળ અધિક હોવાથી તે અપકવ મનુષ્યને અનેકવિધ વિકારો કરે છે. એવો મનુષ્ય સંન્યસ્ત સ્વીકરી ભોજનસુખ, શય્યાસુખ તથા પુત્રેચ્છા કેમ કરી શકે ? જ્યાં સુધી પૂર્ણ વૈરાગ્ય થયો ન હોય ત્યાં સુધી એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવું પડે. ભ્રષ્ટ થયેલા સંન્યાસી માટે કોઇ પ્રાયશ્ચિત કહેલું નથી. ક્રમેક્રમે આશ્રમોમાં જનારને અવશ્ય મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ થાય છે. આશ્રમોના ક્રમથી મનને જીતી શકાય છે. હું પોતે રાજા હોવા છતાં જીવન્મુક્ત થયો છું અને મારી મરજી પ્રમાણે વર્તું છું. હું વિવિધ ભોગો ભોગવું છું છતાં જેમ મુકત છું તેવા મુકત તમે પણ થાઓ.'

'હું જીવાત્મા બ્રહ્મ જ છું.' એમ સંદેહ રાખ્યા વગર માનવું. લોકવ્યવસ્થા જળવાઇ રહે તે માટે વેદમાં સર્વ પ્રકારની મર્યાદાઓ બતાવેલી છે. જો મર્યાદાનું પાલન ન થાય તો ધર્મનો લોપ થાય, પરિણામે વર્ણોના આચાર નષ્ટ પામે, માટે સૂજ્ઞજને વેદે ચિંધેલા માર્ગે જવું જેથી શ્રેય થાય છે.'

જનકરાજાના વચનો સાંભળી શુકદેવજીએ પૂછ્યું : આપે વેદધર્મો અંગે કહ્યું, પણ તેમાં હિંસા હોય છે અને મોટે ભાગે તે અધર્મવાળી હોય છે, તો વેદોકત ધર્મ મુકિત આપનાર કઇ રીતે ગણાય ? સોમરસનું પાન કરવું, મૂંગા પશુઓની હિંસા કરવી. તથા માંસમાટી ખાવા તે તો પ્રત્યક્ષ રીતે દેખાતા અનાચાર છે.

વળી સૌત્રામણિ યજ્ઞમાં દ્યુત રમવાનું અને મદિરાપાન કરવાનું કહેલું છે, સાથે સાથે અનેક પ્રકારનાં વ્રતો કહેલાં છે, તે અનાચાર નથી તો બીજું

શું છે? વળી મેં એવું સાંભળ્યું છે કે, એક શશબિંદુ નામનો રાજા જે સત્યવકતા અને દુરાચારીને દંડ દેનારો હતો તેણે દક્ષિણાવાળા મોટા ઘણા યજ્ઞો કર્યા હતા. તેથી દર વખતે પશુઓના ચામડાનો મોટા પર્વત જેવડો ઢગલો થયો હતો. તેમાં વારંવાર વરસાદ પડવાથી ત્યાં 'ચર્મણ્વતી' નામે પવિત્ર નદી થઇ છે. તે રાજા સ્વર્ગે જશે, આ બધું જોતાં વેદોકત ધર્મોમાં મારી બુદ્ધિ પ્રવર્તતી નથી.

જનકરાજાએ કહ્યું: હે શ્રેષ્ઠ મુનિ! વેદોકત હિંસાને તમે અહિંસા જાણો. ધર્મના નિમિત્ત સિવાય અન્ય કોઇ પ્રસંગે કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી એ વેદવચનને અનુસરી યજ્ઞોમાં થતી પ્રત્યક્ષ હિંસાને અહિંસા જ કહી છે. જેમ કાષ્ટના સંયોગથી અગ્નિમાં ધુમાડો થાય છે, પરંતુ લાકડું દૂર કરવાથી અગ્નિ ધૂમાડા વિનાનો દેખાય છે તેમ વેદોકત હિંસા એ અહિંસા છે. યજ્ઞમાં ગૃહસ્થોએ જો રાગયુકત હિંસા કરી હોય તો તે પણ હિંસા જ છે. પરંતુ રાગ તથા અહંકાર રહિત કરેલું કર્મ અહિંસારૂપ જ મનાય છે. અહિંસા અનેક પ્રકારે થાય છે. મનથી કોઇનું બુરૂં ઇચ્છવું તે પણ અહિંસા છે, કોઇ મૂર્તિ કે છબીનું ખંડન કરવું તે પણ અહિંસા કહેવાય છે. આમ અહિંસા ઘણા પ્રકારે થાય છે. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શુકદેવજીને જનક રાજાનો ઉપદેશ' નામનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### શુકદેવજીનો શુભ વિવાહ

**શ્રીશુક ઉવાચ:**

**સંદેહોઽયં મહારાજ વર્તતે હૃદયે મમ ।**
**માયા મધ્યે વર્તમાનઃ સ કથં–**
**નિસ્પૃહો ભવેત ॥**

શુકદેવે પૂછ્યું: હે રાજન્! મારા હૃદયમાં આ સંદેહ છે કે માયામાં રાચતો મનુષ્ય નિસ્પૃહ કેમ રહી શકે? શાસ્ત્રજ્ઞાન તથા નિત્ય–અનિત્યનો વિચાર પામીને મનનો મોહ ન છૂટે તો તે મનુષ્ય કેવી રીતે મુકત થાય અને કેવી રીતે મોક્ષ પામે? તમે પોતાને વિદેહ કહો છો પણ તમારી ધન, રાજ્ય, સુખ, કીર્તિ અને જયની ઇચ્છા શાંત થઇ નથી તો તમે જીવન્મુકત કેવી રીતે હોઇ શકો? જેને મન માટી અને સુવર્ણ એકસમાન હોય ને પ્રાણી માત્ર પ્રત્યે હિત (મમતા) રાખનારો જ જીવનમુકત હોઇ શકે છે, હું તો વિરાગી મનવાળો છું તેથી મને ઘર, સ્ત્રી, ધન વગેરે પદાર્થોની કંઇ આવશ્યકતા નથી, હું પાંદડાં અને ફળ–મૂળનો આહાર કરી નિઃસ્પૃહ થઇને એકાકી ફર્યા કરૂં છું. મારૂં મન કોઇ પણ પાદાર્થમાં આનંદ પામતું નથી. જ્યારે તમે અનેક પ્રકારના રાગવાળા હોવાથી તે અંગે તમે જાત જાતના વિચારો કરો છો, તેમ છતાં તમે પોતાને 'વિમુકત' કહો છો. એ તમારો દંભ નહિ તો બીજું શું છે? તમારા વંશમાં જન્મેલા રાજાઓ જે 'વિદેહ'

કહેવાતા હતા. તે કર્મથી નહિ પણ નામથી 'વિદેહ' હતા. હે રાજન્! અગાઉ તમારા જ વંશમાં થયેલા નિમિરાજાએ વસિષ્ઠ મુનિને યજ્ઞ માટે બોલાવ્યા હતા ત્યારે તે મુનિએ રાજાને કહ્યું કે, 'હમણાં દેવેશ્વર ઇંદ્રે મને યજ્ઞ માટે નોતર્યો છે તેથી તેનો યજ્ઞ પૂર્ણ કરું ત્યાં સુધીમાં હે રાજન્! તું ધીમે ધીમે તૈયારી કર.' એમ કહીને મુનિ ઇંદ્રના યજ્ઞમાં જતા રહ્યા હતા, એટલે નિમિરાજાએ બીજા ગુરૂ સ્થાપી યજ્ઞ કર્યો હતો. વસિષ્ઠમુનિને આ ખબર પડતાં રાજાને શાપ આપ્યો હતો કે 'તારો દેહ પડી જાઓ' ત્યારે રાજાએ પણ વસિષ્ઠ મુનિને શાપ આપ્યો હતો કે 'તમારૂં શરીર પડી જાઓ.' આવું વૃત્તાંત મેં સાંભળ્યું છે. આ ઉપરથી તમારૂં કૂળ જે 'વિદેહ' કહેવાય છે તે મને યોગ્ય નહિ પણ હાંસી જેવું લાગે છે.' ૨૭

જનકરાજાએ કહ્યું: 'તમે સાચું જ કહ્યું છે, પરંતુ તમને મારા ગુરૂ વ્યાસ મુનિએ જે કહ્યું છે તે સાચું જ છે. તમારે પિતાનો સંગ છોડી વનમાં જઇને વસવું છે, પરંતુ વનમાં પણ મૃગો સાથે તમારો સંબંધ થશે. કારણ કે સર્વ સ્થળે મહાભૂતો રહેલા છે. એટલે પછી તમે નિસંગ કયાં થશો? જેમ મને રાજ્યની ચિંતા છે તેમ તમને નિત્ય આહારની ચિંતા રહેવાની તેમજ દંડ તથા મૃગચર્મની પણ ચિંતા રહેવાની, તે માટે સંકલ્પ સંદેહને સમૂળગા ત્યજી તમે સુખી થાઓ. 'આ દેહ મારો છે' એમ જાણવું તે બંધન છે, અને આ દેહ મારો નથી, તેમ જ ધન, આવાસ કે રાજ્ય પણ મારાં નથી, આવો નિશ્ચય જ જીવન્મુકતપણું છે.'

સૂત બોલ્યા: જનક રાજાના ઉપદેશાત્મક સારભુત વચનો સાંભળી શુકદેવને હર્ષ થયો. પછી અનુમતિ લઇ ત્યાંથી પોતાના પિતા વ્યાસમુનિના આશ્રમે ગયા. તેમને પાછા આવેલા જોઇ વ્યાસને પણ આનંદ થયો. પિતાની પાસે શુકદેવે ખંતથી વેદાધ્યયન કર્યું તેથી ટૂંક સમયમાં સર્વ શાસ્ત્રોમાં પારંગત થયા. શુકદેવજી આમ તો યોગમાર્ગમાં રહ્યા હતા છતાં તેમણે પિતૃઓની 'પીવરી' નામની ઉત્તમ, ભાગ્યવંત સુંદર કન્યા સાથે લગ્ન કર્યું હતું. તેનાથી તેમને પાંચ સંતાનો પ્રાપ્ત થયાં હતાં, ચાર પુત્રો: કૃષ્ણ, ગૌરપ્રભ, ભુરિ, દેવશ્રુત અને કીર્તિ નામે કન્યા. આ કીર્તિ મોટી થતાં તેને વિભ્રાજ રાજાના પુત્ર અણુહને આપી હતી. તે અણુહને બ્રહ્મદત્ત નામે પ્રતાપી પુત્ર થયો હતો. એ બ્રહ્મદત્ત રાજા થયા પછી નારદના ઉપદેશથી તેના પુત્રને રાજગાદી સોંપી બદરિકાશ્રમમાં ગયો હતો. ત્યાં તેણે નારદજી પાસેથી માયાબીજનો ઉપદેશ પામી તે દ્વારા તેને શીઘ્ર મુકિત આપનારૂં નિર્દોષ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

શુકદેવજીને તો યોગબળથી અપૂર્વ સિદ્ધિઓ મળેલી હતી. એક વેળા તે

પર્વતના શિખર ઉપરથી ઉડયા ત્યારે નીચે ન જતાં આકાશમાં જ અદ્ધર રહ્યા હતા.

શુકદેવજીને આશ્રમમાં ન જોતાં તેનો વિયોગ નહિ વેઠાતાં વ્યાસમુનિ 'હે પુત્ર હે પુત્ર !' એમ વારંવાર બૂમો પાડવા લાગ્યા ત્યારે આકાશમાં રહેલા શુકદેવજીએ પિતાને જે કહ્યું હતું તે હજી પણ એ પર્વતના શિખર પર સ્પષ્ટ સંભળાય છે. 'હે પુત્ર ! હે પુત્ર !' એમ બોલીને શોક કરતાં વ્યાસને જોઇ પરમાત્મા શંકરે તેમને આશ્વાસન સાથે બોધ આપતા કહ્યું હતું કે 'તમે પુત્ર માટે શોક ન કરો, કારણ કે તમારો પુત્ર દુર્લભ ગતિને પામ્યો છે.' તેમ છતાં તમે હમણાં જ તમારા પુત્રની આકૃતિ જેવી છાયા જોશો, પછી તમે શોક ત્યજી દેજો.'

સૂત બોલ્યા : અને તે જ વેળાએ વ્યાસમુનિએ અપૂર્વ કાંતિવાળા પુત્ર શુકદેવની છાયાનાં દર્શન કર્યાં, તે સાથે જ મહાદેવ તેમને વરદાન આપી અંતર્ધ્યાન થઇ ગયા, એટલે વ્યાસમુનિ પણ દુઃખી થતા પોતાના આશ્રમમાં ગયા. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શુકદેવનો શુભ વિવાહ' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### વ્યાસમુનિએ કરેલા વિવિધ કાર્યો

ઋષય ઊચુ :

શુકસ્તુ પરમાસિદ્ધિમાસવાન દેવસત્તમઃ ।
કિં ચકાર તતો વ્યાસસ્તન્નો-
બ્રૂહિ સાવિસ્તરમ ॥

ઋષિઓએ પૂછ્યુ : દેવશ્રેષ્ઠ શુકદેવજીએ યોગબળથી પરમસિદ્ધિ પ્રાપ્ત કરી, તે પછી વ્યાસે શું કાર્ય કર્યું ?

સૂતે બોલ્યા : હે મુનિઓ ! આશ્રમમાંથી શુકદેવજીના ગયા પછી વ્યાસના તપોધન શિષ્યો : 'અસિત, દેવલ, વૈશંપાયન તથા જૈમિનિ' આ બધા નિરંતર વેદાભ્યાસમાં મગ્ન રહેતા શિષ્યો વ્યાસની આજ્ઞા લઇ પૃથ્વી પર ફાવે ત્યાં જતાં રહ્યા, એક તો વ્યાસને પુત્રનો શોક હતો તેમાં સાથે રહેતા શિષ્યો પણ આશ્રમમાંથી ચાલ્યા ગયા એટલે વ્યાસ ઘણા શોકમગ્ન થઇ ગયા અને પોતે પણ આશ્રમ છોડી ગમે ત્યાં જવા તત્પર થયા. તેમને વારંવાર તેમની માતા સત્યવતીની યાદ આવતી હતી. તેથી તેઓ આશ્રમમાંથી સીધા પોતાના જન્મસ્થાન ગંગા નદીના તટ પરના બેટમાં આવી પહોંચ્યા. તેમણે પોતાની માતાને ત્યાં ન જોતાં ત્યાં માછીમારોને પૂછપરછ કરી તો માછીમારોના રાજાએ કહ્યું કે : 'તે તો શંતનું રાજા સાથે પરણી ગયાં છે, તેમને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામના પુત્રો પણ છે. હે મુનિ ! આપના દર્શનથી અમે ધન્ય બન્યા છીએ, આપ હવે અહીં જ રહો.'

વ્યાસમુનિએ પછી ત્યાંજ આશ્રમ બાંધી તપ કરવા માંડયું. મોટા ભાગે તે ધ્યાનાવસ્થામાં જ રહેવા લાગ્યા. કયારેક તેમને માતા સત્યવતી યાદ આવતી હતી. શંતનુ રાજાથી સત્યવતીને રૂપાળા અને સર્વ ગુણવાળા 'ચિત્રાંગદ અને

વિચિત્રવીર્ય' નામના બે પુત્રો થયા હતા તેમને પોતાના ભાઇ જાણી તેઓ મનમાં સુખ પામતા હતા. શંતનુ રાજા અગાઉ ગંગાજીને પરણ્યા હતા, તેમનાથી ગંગાજીને 'ભીષ્મ' નામે પુત્ર જન્મ્યો હતો. ભીષ્મ મોટો થયો ત્યારે શંતનું રાજા મૃત્યુ પામ્યા. હવે રાજગાદી પર ભીષ્મને બેસવાનું હતું. પરંતુ તેણે તે મોહ ત્યજીને ચિત્રાંગદને રાજ્ય સોંપી દીધું, આથી ભીષ્મ 'દેવવ્રત' નામે પ્રસિદ્ધ થયા. રાજગાદી પર બેઠેલો સત્યવતીનો પુત્ર ચિત્રાંગદ અત્યંત બળવાન હતો.

બળને લીધે તે પ્રમાદી બન્યો હતો. એક વખત તે કેટલાક સૈનિકોને સાથે લઇ વનમાં મૃગયા માટે ગયો હતો. બરાબર એજ સમયે તેના જ નામધારી ચિત્રાંગદ નામનો ગાંધર્વ દેવવિમાનમાં ત્યાંથી જઇ રહ્યો હતો. તે ચિત્રાંગદ રાજાને જોઇ વિમાનમાંથી નીચે ઉતર્યો અને લડવા પડકાર ફેંકયો. પછી તો બંને કુરૂક્ષેત્રના મેદાનમાં જઇને ત્રણ વર્ષ સુધી લડયા, અંતે યુદ્ધમાં ચિત્રાંગદ રાજા મરાયો.

ભીષ્મને આ ખબર પડતાં એની સઘળી ઉત્તરક્રિયા કરી તેણે પોતાના બીજા ભાઇ વિચિત્રવીર્યને રાજગાદીએ બેસાડયો આથી સત્યવતી અને વ્યાસને અત્યંત હર્ષ થયો. જ્યારે વિચિત્રવીર્ય પરણાવવા યોગ્ય થયો ત્યારે ભીષ્મે તેનાં લગ્ન કરવા વિચાર્યું. એ અરસામાં જ કાશીનરેશે પોતાની ત્રણ કુંવરીઓના વિવાહ માટે સ્વયંવર રચ્યો હતો, તેમાં ભાગ લેવા હજારો રાજાઓ અને રાજકુમારોને આમંત્ર્યા હતા. તેમાં ભાગ લેવા મહાપરાક્રમી ભીષ્મ પણ ગયો હતો, તેણે માત્ર એક રથથી જ બધા રાજાઓને હરાવી, બળપૂર્વક તે કન્યાઓને રથમાં હસ્તિનાપુર લઇ ગયો હતો. આ ત્રણે કુંવરીઓનું હરણ કરવામાં ભીષ્મનો કોઇ દુષ્ટ આશય નહોતો. આમ કરીને તેણે પોતાનું પરાક્રમ બતાવ્યું હતું. ભીષ્મે તે ત્રણે કુંવરીઓને માતા, બહેન ને પુત્રીઓની પેઠે આદરપૂર્વક રાખી હતી. તે આ કન્યાઓને વિચિત્રવીર્ય માટે હરી લાવ્યો હતો. તેણે માતા સત્યવતીને આ વાત કરી લગ્નક્રિયા માટે વેદ જાણનારા જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવી લગ્નનું મુહુર્ત કઢાવ્યું, અને તે શુભ દિવસે વિચિત્રવીર્યને પરણાવવાની તૈયારી કરી ત્યારે એ ત્રણ કુંવરીઓમાંની સુંદર નેત્રોવાળી મોટી કુંવરીએ શરમ સંકોચ સાથે ભીષ્મને કહ્યું: 'હે ધર્મજ્ઞ! હું સ્વયંવરમાં મહાબળવાન શાલ્વ રાજાને મનથી વરી છું અને તેમણે પણ મનથી મારો સ્વીકાર કર્યો છે, તો હું બીજાને કેમ પરણી શકું? માટે તમારા કુળને શોભે તેમ કરો.'

ભીષ્મે તુરત જ આ અંગે પોતાની માતાનો, પંડિતોનો ને મંત્રીઓનો મત જાણી લીધા બાદ તે કુંવરીને કહ્યું: 'જેમ તારી ઇચ્છા હોય તેમ તું વર્ત.'

પછી તે મોટી કુંવરી હર્ષભેર શાલ્વ રાજા પાસે ગઇ ને હાથ જોડીને બોલી: રાજન્ ! ધર્મજ્ઞ ભીષ્મે મારું મન તમારામાં જાણી મને આદરથી મુક્ત કરી છે તો તમે સહર્ષ મને સ્વીકારો. મારી જેમ તમે મનથી મને સ્વીકારી છે એટલે હું તમારી ધર્મપત્ની થાઉં છું. આ સાંભળી શાલ્વ રાજાએ મોઢું બગાડી કહ્યું: 'મારા દેખતાં જ એ ભીષ્મે તને ખેંચીને રથમાં બેસાડી છે, તો કયો પુરૂષ તારો સ્વીકાર કરે? હું તને માતાતુલ્ય માની તને સહર્ષ સ્વીકારવા તૈયાર નથી.'

મોટી કુંવરી તો આ સાંભળી મૂંઝવણમાં મુકાઇ ગઇ. તે તો રડતી રડતી પાછી ભીષ્મ પાસે આવી કહેવા લાગી: 'રાજન્ ! તમારી આજ્ઞા લઇ તમે મુક્ત કરેલી હું શાલ્વ રાજા પાસે ગઈ તો તેમણે કહ્યું: 'ભીષ્મે તારો હાથ પકડીને રથમાં ખેંચી લીધી હતી એટલે તને હું હવે નહિ સ્વીકારૂં.' માટે તમે જ મને સ્વીકારો.'

આ સાંભળી ભીષ્મે કહ્યું: 'મને સ્વીકારવામાં વાંધો નથી, પરંતુ મનથી બીજાને વરી ચૂકેલી તને હું કેવી રીતે સ્વીકારૂં ? માટે તું તારા પિતા પાસે જઇને રહે. તારી બહેનો અંબાલિકા તથા અંબિકા મારા ભાઇ વિચિત્રવીર્યને પરણી છે, તેઓ આનંદ કરે છે, તારા ભાગ્યમાં પતિસુખ નહિ લખાયું હોય.'

આ મોટી કુંવરી માટે બીજો કોઇ માર્ગ નહોતો એટલે તે વનમાં જઇને તપ કરવા લાગી. આ બાજુ વિચિત્રવીર્ય બન્ને રૂપાળી પત્નીઓમાં એટલો બધો આસક્ત થઇ ગયો હતો કે તેમની સાથે નવ વર્ષ સુધી બહુ ભોગ ભોગવવાને પરિણામે તેને ક્ષય રોગ લાગુ પડયો ને એક દિવસ તે મૃત્યુ પામ્યો. તેની બંને સ્ત્રીઓને સંતાન ન હતાં તેથી સત્યવતીએ એક દિવસ પોતાના પુત્ર ભીષ્મને કહ્યું: 'હે પુત્ર, હવે તું રાજગાદીએ બેસી પિતાનું રાજ્ય ભોગવ ને યયાતિનો વંશ નિર્મૂળ ન જાય એ માટે તું તારા ભાઇની બંને પત્નીનો સ્વીકાર કરી વંશની રક્ષા કર.' ભીષ્મે કહ્યું: 'માતા ! પણ મેં પિતા સમક્ષ પ્રતિજ્ઞા કરી છે તે તમે જાણો છો, એટલે હું રાજ્ય પણ નહિ કરું ને સ્ત્રીનો સ્વીકાર પણ નહિ કરૂં.'

સત્યવતી તો આ સાંભળી અત્યંત દુઃખી થઇ વિચારવા લાગી કે: 'હવે યયાતિનો વંશ શી રીતે રહેશે?' તો ભીષ્મે કહ્યું: 'માતા ! તે માટે એક ઉપાય છે. વિચિત્રવીર્યની પત્નીમાં કોઇ બીજા ઉત્તમ પુરૂષથી 'ક્ષેત્ર જ' પુત્ર ઉત્પન્ન કરાવો, કોઇ કુળવાન બ્રાહ્મણને શોધીને તે સ્ત્રીઓ સાથે સમાગમ કરાવો. એમાં દોષ ગણાતો નથી એમ વેદમાં પણ દર્શાવ્યું છે: આ રીતે તે સ્ત્રીમાં પૌત્ર ઉત્પન્ન કરાવી તમે તેને રાજગાદીએ બેસાડજો. હું તેની આજ્ઞાને સહર્ષ આધીન રહીશ.'

પુત્ર ભીષ્મના વચનો સાંભળી સત્ય–

વતીએ પોતાની કૌમાર્યાવસ્થામાં જન્મેલા દ્વૈપાયન વ્યાસનું સ્મરણ કર્યું ને તરત જ વ્યાસ ત્યાં આવી માતાને પ્રણામ કરી ઊભા રહ્યા. સત્યવતીએ અને ભીષ્મે તેમની કુશળતા પૂછી માન આપ્યું. પછી માતા સત્યવતીએ વ્યાસમુનિને સર્વ વૃત્તાંત જણાવી કહ્યું : 'તમારા ભાઇ વિચિત્રવીર્યની સ્ત્રી અંબિકામાં તમારા વીર્યથી જન્મેલો સુંદર પુત્ર ઉત્પન્ન કરો.'

માતાએ સાચો ઉપદેશ આપ્યો છે એમ માની વ્યાસે 'બહુ સારુ', કહ્યું ને ત્યાં જ રહી તેના ઋતુકાળની રાહ જોવા લાગ્યા. જ્યારે વિચિત્રવીર્યની પત્ની અંબિકા રજસ્વલા થઇ ત્યારે સ્નાન કર્યા બાદ તેણે વ્યાસમુનિનો સંગ કર્યો, સમય જતાં તેણે એક અંધ પુત્રને જન્મ આપ્યો. એ જન્માંધ પુત્રને જોઇ સત્યવતીને પારાવાર દુઃખ થયું. હવે સત્યવતીએ બીજી વહુ અંબાલિકાને કહ્યું : 'તું હવે વ્યાસમુનિના સંગથી જલદી પુત્ર ઉત્પન્ન કર.' જ્યારે તેનો ઋતુકાળ આવ્યો ત્યારે સ્નાન કર્યા પછી અંબાલિકાએ વ્યાસમુનિ સાથે સંગ કર્યો, સમય જતાં તેણે પાંડુવર્ણો પુત્રને જન્મ આપ્યો. પણ તેને રાજ્ય ચલાવવા યોગ્ય ન માનતાં સત્યવતીએ ફરી વ્યાસમુનિને અંબાલિકાના સહવાસ માટે ભલામણ કરી, પરંતુ અંબાલિકાએ પોતે વ્યાસ મુનિ પાસે જવાને બદલે તેની એક દાસીને સમાગમ માટે વ્યાસમુનિ પાસે મોકલી. વ્યાસમુનિના સહવાસથી ગર્ભવતી થયેલી તે દાસીએ સમય જતાં 'વિદુર' નામના પુત્રને જન્મ આપ્યો.

આમ 'વિદુર' દાસીપુત્ર કહેવાયા, તે મહાજ્ઞાની હતા. તેઓ શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. તેમણે ઘણી જાત્રાઓ કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. તેમના અત્યંત ભક્તિ ભાવને લીધે શ્રીકૃષ્ણ ભગવાને તેમને ત્યાં પધારી પ્રેમથી ભાજી આરોગી હતી અને દુર્યોધનના મેવા ત્યાગ્યા હતા.

એમ વ્યાસે યયાતિના વંશની રક્ષા કરવા માટે 'ધૃતરાષ્ટ્ર' વગેરે ત્રણ બળવાન પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. હે જ્ઞાની મુનિઓ ! તેમના વંશમાં બનેલું સર્વ વૃત્તાંત મેં તમને સંક્ષેપમાં કહ્યું છે. ભ્રાતૃધર્મને જાણનારા વ્યાસ મુનિએ આ રીતે વંશનું રક્ષણ કર્યું હતું. ૭૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'વ્યાસમુનિએ કરેલા વિવિધ કાર્યો' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

**શ્રી દેવીભાગવત—સ્કંધ પહેલો સમાપ્ત**

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः**




# કાલરાત્રિ

## સ્કંધ બીજો

# સ્કંધ બીજો

## અધ્યાય ૧ લો

### મત્સ્યગંધાના જન્મનું વૃત્તાંત

ઋષય ઊચુ :

આશ્ચર્યકરમેતન્નો વચનં મર્મહેતુકમ્ ।
સંદેહોઽત્રસમુત્પન્નઃ સર્વેષાંનસ્તપસ્વિનામ્ ॥

ઋષિઓએ પૂછ્યું : હે સૂત ! તમે કહેલાં વચનો આશ્ચર્યજનક ને અસ્પષ્ટ કારણવાળાં છે એટલે અમોને તેમાં સંદેહ થયો છે. હે સૂત ! વ્યાસની માતા સત્યવતી પહેલાં પરાશર મુનિને પરણેલી તે બાબત રાજા શંતનુની જાણ બહાર નહિ હોય, છતાં એવી સત્યવતી સાથે રાજાએ લગ્ન કેમ કર્યું ? વળી વ્યાસ તેણીના પુત્ર પણ કેવી રીતે થાય ? રાજા શંતનુથી તે સત્યવતીમાં બે પુત્રો પણ જન્મ્યા હતા. તે સર્વ પરમપવિત્ર કથા વિસ્તારથી સાંભળવાની અમારી ઇચ્છા છે, તે કહો.'

સૂત બોલ્યા: પરમશક્તિ એજ આદિ શકિત જે ચારે પુરૂષાર્થો આપનારાં ગણાય છે તેમને પ્રણામ કરી હું પુરાણની દિવ્ય કથા કહું છું : વાણીથી ઉત્પન્ન થયેલા 'એ' બીજનું કપટભાવથી ઉચ્ચારણ કરનાર મનુષ્યને પણ મોક્ષ મળે છે. જો તે બીજમંત્રથી ભગવતી દેવીનું ભક્તિપૂર્વક સ્મરણ કરવામાં આવે તો તે ઇચ્છિત પદાર્થોને આપનારાં થાય છે. માટે મુમુક્ષુઓએ પોતાના સર્વ મનોરથો પૂર્ણ કરવા માટે તે બીજમંત્રથી દેવીનું સ્મરણ કરવું. હવે તમે આગળ સાંભળો:

એક ધર્મિષ્ઠ ને સત્યવચની 'ઉપરિચર' નામે રાજા હતો. ચેદિદેશમાં તેની રાજધાની હતી. આ રાજા પાસે પુષ્કળ દ્રવ્ય હતું. એક વેળા તેણે દેવરાજ ઇન્દ્રની આરાધના કરી. તેથી પ્રસન્ન થઇ ઇન્દ્રરાજાએ તેને સ્ફટિક મણિથી બનાવેલું કલાત્મક વિમાન આપ્યું. તેમાં બેસી તે આકાશમાં જ્યાં ત્યાં વિચરતો, તે વિમાનને પૃથ્વી પર ન ઉતારતાં ઉપરના ભાગમાં જ વિચરતો હતો. તેથી તે 'ઉપરિચરવસુ' નામથી પ્રસિદ્ધ થયો. તેને ગિરિકા' નામની સ્ત્રીથી પાંચ પુત્રની પ્રાપ્તિ થઇ હતી. તેઓને જુદાજુદા દેશોના રાજા બનાવી દીધા હતા. એકવેળા રાણી ગિરિકાએ ઋતુકાળ દરમ્યાન સ્નાન કર્યા પછી સુંદર પુત્ર માટે રાજાને સહવાસ માટે કહ્યું, પરંતુ તેજ દિવસે પિતૃઓએ રાજાને કહેલું કે, આજે તમે વનમાં જઇ અમારા શ્રાદ્ધ નિમિત્તો મૃગોને હણી લાવો. એટલે રાજા ઉપરિચર પત્નીની ઇચ્છાને અવગણી મૃગયા માટે જતો રહ્યો પરંતુ તેનું ચિત્ત વારંવાર તેની સુંદર પત્ની ગિરિકા પ્રત્યે ખેંચાતું હતું પરિણામે તેનું શુક્ર સ્ખલિત થઇ ગયું. રાજાએ તે વીર્યને વડના પાંદડાનો દડિયો બનાવી તેમાં સાચવી રાખ્યું. રાજાને પત્નીના ઋતુકાળની ખબર હતી. એણે વિચાર્યું, આ મારું અમોઘ કિંમતી વીર્ય વ્યર્થ જવું ન જોઇએ, એને હું મારી પત્ની માટે મોકલી દઉં. એવામાં ત્યાં એક બાજ પક્ષી જોવામાં આવતાં તે વીર્ય અભિમંત્રીત કરીને બાજપક્ષીને

કહ્યું : હે મહાભાગ ! તમે આ દડિયાને લઈને મારે મહેલે જાઓ, અને મારી ભાર્યા ગિરિકાને આપી દેજો, આજે એનો ઋતુકાળ છે.' આમ પક્ષીને કહી રાજા ઉપરિચરે તે વીર્યવાળો દડિયો બાજ આગળ મૂકયો. બાજ તેને ચાંચમાં બરાબર પકડીને ઊડી ગયો. એવામાં બીજા બાજે તેને જોયો. તે બાજ એમ સમજ્યો કે માંસ લઈ જાય છે, એમ વિચારી તે પેલા બાજ પર તુટી પડયો. પછી બંને લડવા લાગ્યા. લડતાં લડતાં બન્ને યમુના નદી ઉપર આવ્યા એવામાં પેલા બાજની ચાંચમાંથી દડિયો નીચે યમુનાના જળમાં પડયો, પછી બન્ને બાજ છુટા પડીને ત્યાંથી જતાં રહ્યાં. એ સમયે 'અદ્રિકા' નામની અપ્સરા યમુનામાં સ્નાન કરી રહી હતી અને તેની નજીકમાં જ એક બ્રાહ્મણ સંધ્યાવંદન કરી રહ્યો હતો. એવામાં જળમાં તરીને આમતેમ જળ ઉછાળતી તે અપ્સરાએ પેલા બ્રાહ્મણના પગ પકડી લીધા આથી બ્રાહ્મણે ક્રોધે ભરાઈ તે અપ્સરાને શાપ આપ્યો કે 'તું માછલી થઇ જા. કારણ કે તેં મારા ધ્યાનમાં વિક્ષેપ કર્યો છે.' તે અપ્સરા તરત જ માછલી બની ગઈ એ જ વખતે બાજની ચાંચમાંથી વીર્ય ભરેલો દડિયો યમુનાજળમાં પડયો હતો ને તે માછલીએ તે વીર્યને લપકીને ગળી લીધું હતું, કેટલાક સમય બાદ એ માછલી એક માછીમાર (ધીવર)ને હાથ આવી. માછીમારે તેને જાળમાં પકડી લીધી. આ વખતે માછલીના ઉદરમાં રહેલા ગર્ભને દશમો મહિનો ચાલી રહ્યો હતો. માછીમારે હર્ષભેર ઝુંપડીમાં તે ભારે માછલીને લઈ જઈ તેનું પેટ ચીર્યું તો તેમાંથી બે મનુષ્યાકાર બચ્ચાં નીકળ્યા. તેમાં એક સુંદર બાળક હતો, ને બીજી બાળકી. સુંદર ઘાટવાળી પણ રંગે કાળી કન્યા હતી. માછલીના ઉદરમાંથી મનુષ્યાકાર બાળકો નીકળેલાં જોઇ માછીમારના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે તે બન્ને બાળકો ઉપરિચર રાજાને સોંપી દઇને સર્વ વૃત્તાંત કહ્યું. રાજાએ તેમાંથી બાળકને પોતાની પાસે રાખ્યો ને બાળકી માછીમારને પાછી આપી દીધી. ઉપરિચર રાજાના વીર્યથી ઉત્પન્ન થયેલ તે બાળક આગળ જતાં 'મત્સ્યરાજા' તરીકે વિખ્યાત થયો. તે પોતાના પિતાની જેમ ધર્મિષ્ઠ, સત્યવાદી અને બળવાન હતો. અને માછીમાર પાસે જે કન્યા હતી તે 'કાલી' અર્થાત 'મત્સ્યોદરી' નામે પ્રસિદ્ધ થઇ. તેના દેહમાંથી નિરંતર માછલીની ગંધ આવતી હતી તેથી તેનું નામ 'મત્સ્યગંધા' પણ પડયું. પછી તો મત્સ્યગંધા માછીને ત્યાં ઉછરીને મોટી થઇ.

ઋષિઓએ પૂછયું : 'અદ્રિકા' અપ્સરા જે બ્રાહ્મણના શાપથી માછલી બનેલી ને તેને ચીરીને બે બાળકો માછીએ બહાર કાઢેલાં, પછી તે માછલી મરી ગઈ હશે અને માછીમારે તેને રાંધી–ખાંધી હશે, તો તે અપ્સરાનું પછી શું થયું ? તેના શાપનો અંત કેવી રીતે આવ્યો ? અને

તે સ્વર્ગમાં પાછી કેવી રીતે ગઇ તે સર્વ વૃત્તાંત અમને કહો.'

સૂત બોલ્યા : જ્યારે તે માછલી બ્રાહ્મણનો શાપ પામી ત્યારે તેણે શાપના નિવારણ માટે બ્રાહ્મણને પ્રાર્થના કરેલી ત્યારે બ્રાહ્મણે તેને કહેલું કે 'મારા ક્રોધથી તું માછલી બની ગર્ભવતી બનીશ, સમય જતાં બે બાળકોને જન્મ આપ્યા પછી તું શાપથી મુક્ત થઇશ.' એટલે માછીએ તેને મારી નાખી તે વખતે જ તે દિવ્ય દેહ ધારણ કરીને સ્વર્ગમાં જતી રહી હતી, અને માછીમારને ત્યાં રહેલી સુંદર મુખવાળી મત્સ્યગંધા ઉછરીને કિશોર વયની થઇ ત્યારે તે માછીમારને લગતાં સર્વ કાર્યોમાં નિપૂણ બની ગઇ હતી. ૮૮

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'મત્સ્યગંધાના જન્મનું વૃત્તાંત' નામનો ૧૫મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### વ્યાસનો જન્મ

સૂત ઉવાચઃ

**એકદા તીર્થયાત્રાયાં વ્રજન્ પરાશરો મુનિઃ ।**
**આજગામમહાતેજાઃ કાલિંદ્યાસ્તટમુત્તમમ્ ॥**

સૂત બોલ્યા : એક સમયે મહાતેજસ્વી પરાશરમુનિ તીર્થયાત્રા કરવા નીકળેલા તે ફરતા ફરતા યમુના તટ આગળ આવ્યા. એ વખતે નાવ ચલાવવાવાળો કેવટ (માછી) ભોજન કરી રહ્યો હતો. ધર્માત્મા પરાશરે માછી પાસે જઇ કહ્યું: 'તમે મને નાવમાં બેસાડી યમુનાને સામે પાર પહોંચાડી દો.' એ સાંભળી માછીએ પોતાની મત્સ્યગંધા નામની પુત્રીને કહ્યું: 'બેટી! તું નાવ ચલાવવામાં ચતુર છે, તો આ ધર્માત્મા મુનિને નાવમાં બેસાડી તેમને સામે પાર પહોંચાડી દે.' પિતાની આજ્ઞાથી મત્સ્યગંધા જે હવે સત્યવતી નામે ઓળખાતી તે મુનિને નાવ પાસે લઇ ગઇ, ને તેમને નાવમાં બેસાડી, હલેસાં મારતી નાવને હંકારવા લાગી. નાવ જળમાં થોડેક દૂર ગઇ હશે ત્યાં તો મનોહર નેત્રવાળી મત્સ્યગંધા–સત્યવતીને જોઇ પરાશર મુનિના મનમાં પ્રબળ વાસના જાગી અને એકદમ તે માછીકન્યાનો હાથ પકડી લીધો. મત્સ્યગંધા તેમનો વિચાર જાણી ગઇ. તેણે મુનિને કહ્યું, 'આપ તો ઉત્તમ કુળના શ્રોત્રિય બ્રાહ્મણ છો, વળી આપે તપ કર્યું છે. તમે વસિષ્ઠમુનિના વંશજ છો, વળી ધર્મના રહસ્યને તમે બરાબર સમજો છો, છતાં તમે કામાતુર કેમ બન્યા છો?' એમ કહી મત્સ્યગંધા મનમાં વિચારવા લાગી : 'આ મુનિ કામજ્વરથી પીડાઇને મંદબુદ્ધિ થયા છે, જો હું આનાકાની કરીશ તો તેઓ મને શાપ આપશે. માટે તેમને સમજાવું.' આમ વિચારી તેણે મુનિને કહ્યું, 'આપ ધીરજ રાખો, હું હમણાં જ તમને સામે પાર લઇ જાઉં છું.' સામે પાર પહોંચ્યા પછી મત્સ્યગંધાએ કહ્યું, 'આપ ઉત્તમ કુળના છો, હું નીચ કુળની છું, વળી મારા શરીરમાંથી દુર્ગંધ નીકળે છે. બન્ને સમાન કક્ષાના હોય તો સંયોગ વખતે સુખ મળે છે.'

મત્સ્યગંધાએ આવું કહ્યું એટલે મહા સિદ્ધિવાળા પરાશર મુનિએ પોતાના તપોબળથી મત્સ્યગંધાને સુંદર અને કસ્તુરીની ગંધવાળી બનાવી દીધી, પછી મુનિએ તેનો હાથ પકડયો ત્યારે ચતુર મત્સ્યગંધાએ કહ્યું : 'મહારાજ! કંઇ વિચાર તો કરો, સામે કિનારે મારા પિતા ઊભા છે, વળી બીજા ઘણા કેવટો ફરી રહ્યા છે, એટલે આ સમયે પશુધર્મ મૈથુન માટે પ્રીતિ ઉપજશે નહિ, રાતના સમયે જ મૈથુન કરવાનું કહેલું છે, આવી શાસ્ત્રની આજ્ઞા છે. માટે આપની ઇચ્છા અત્યારે રોકી દો, નહિ તો જગતમાં આપણે બન્ને નિંદાને પાત્ર થઇશું.'

પરાશરમુનિએ આ સાંભળી પોતાના તપોબળથી કિનારા પર ઝાકળ ઉત્પન્ન કરી અંધકાર ફેલાવી દીધો એટલે મત્સ્યગંધાએ મુનિને વિનવણી કરતાં કહ્યું : 'હે મુને! હું કુંવારી કન્યા છું, આપ અમોઘ વીર્યવાળા મને ભોગવી, આપની કામતૃપ્તિ કરી, મને મૂકીને જતાં રહેશો, પણ હું ગર્ભવતી થઇશ તો મારી શી દશા થશે ?

પરાશરમુનિએ તેને આશ્વાસન આપી કહ્યું : 'હે મત્સ્યગંધા! મારી સાથે ભોગભોગવવા છતાં તું કન્યા જ રહીશ! હું તારા પર પ્રસન્ન થયો છું તો તું આ પળે જ ઇચ્છિત વરદાન માગી લે.' સત્યવતીએ વિચારીને કહ્યું : 'હું માત્ર એટલું જ ઇચ્છું છું કે, મારા માતા-પિતા જાણે નહિ અને મારું કૌમાર્ય પણ નાશ પામે નહિ, તમારા સંસર્ગથી તમારા જેવો જ તપસ્વી, ઉત્તમ પુત્ર મને પ્રાપ્ત થાઓ. અને મારી આ સુગંધિત યૌવનાવસ્થા સદા એવી જ રહો.'

પરાશર મુનિએ કહ્યું : 'સુંદરી! તારી ઇચ્છા મુજબ વિષ્ણુના અંશથી જન્મેલો તારો શ્રેષ્ઠ પુત્ર ત્રણે લોકમાં વિખ્યાત થશે. હે પ્રિયે! કોઇ અદષ્ટ કારણના પ્રભાવથી હું તારા પર આસક્ત થયો છું, આ પહેલાં કોઇ સ્ત્રી પ્રત્યે મને વિકાર ઉદ્‌ભવ્યો નથી. ભલ....ભલી અપ્સરાઓને જોઇને પણ મારા સંયમની પાળ તૂટી ન હતી, એટલે તું સમજી લે કે આ બનાવ પાછળ કોઇ રહસ્ય-કારણ છુપાયેલું છે, નહિતર તારા જેવી કાળી અને દુર્ગન્ધવાળી સ્ત્રી ઉપર કેમ મોહ પામતે? હે પ્રસન્નવદને! તારો પુત્ર પુરાણોનો રચયિતા થશે. તે વેદવત્તા વેદોના રહસ્યોને ચાર ભાગમાં વહેંચી નાખી ત્રણે લોકમાં પ્રતિષ્ઠિત થશે.'

આ સાંભળી વરદાન પામેલી સત્યવતી (મત્સ્યગંધા) મુનિને અનુકૂળ થઇ. પરાશરમુનિ પણ પોતાને વશ થયેલી સત્યવતીને ભોગવી નદીમાં સ્નાન કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. ત્યારબાદ ગર્ભવતી થયેલી સત્યવતીએ કેટલાક સમય પછી યમુનાના તટ પર જ કામદેવ જેવા તેજસ્વી પુત્રને જન્મ આપ્યો, અને એ પુત્રે જન્મતાંની સાથે જ સત્યવતીને કહ્યું : 'હે માતા! હું તપ કરવા માટે વનમાં જાઉં છું, તમે જ્યારે મારું સ્મ-

રણ કરશો ત્યારે તરત જ હું તમારી પાસે આવી પહોંચીશ,' વ્યાસમુનિ એમ કહી તરત જ ત્યાંથી વનના માર્ગે નીકળી પડયા. પછી સત્યવતી આશ્ચર્ય અનુભવતી પોતાના પિતા પાસે જતી રહી.

સત્યવતીએ યમુના દ્વીપમાં વ્યાસજીને જન્મ આપ્યો હતો તેથી વ્યાસજી 'દ્વૈપાયન' નામથી વિખ્યાત થયા. તે ભગવાન વિષ્ણુના અંશાવતાર હતા તેથી પ્રકટ થતાંની સાથે જ પ્રૌઢ બની ગયા. એમણે પછી પ્રત્યેક તીર્થમાં સ્નાન કર્યા અને ઉત્તમ તપશ્ચર્યા કરી. એ રીતે પરાશરથી સત્યવતીમાં જન્મેલા તેમણે કલિયુગ આવવાનાં એંધાણ વર્તી વેદોની શાખાઓ બનાવી. વેદનો વિસ્તાર કરવાથી એમનું નામ 'વેદવ્યાસ' પડયું. પુરાણ સંહિતાઓ તથા શ્રેષ્ઠ મહાભારત આદિ એમની જ રચનાઓ છે. વેદોના વિભાગ કરીને તેમણે તે શાસ્ત્ર પોતાના શિષ્યોને ભણાવ્યું. સુમન્તુ, જૈમિનિ, પૈલ, વૈશમ્પાયન, અસિત, દેવલ તથા પોતાના પુત્ર શુકદેવજી તે બધાએ તેમના જ્ઞાની શિષ્ય હતા.

સૂતજીએ કહ્યું : હે મુનિવરો ! મારા આ કથનમાં તમારે જરાયે સંદેહ કરવા જેવું નથી, મુમુક્ષુઓએ મહાપુરૂષોના ચરિત્રોમાંથી ગુણો જ ગ્રહણ કરવાના છે. મત્સ્યગંધા અર્થાત સત્યવતીથી વ્યાસનો જન્મ, સત્યવતીનો પરાશર મુનિ તથા શંતનું રાજા સાથે સંયોગ, આ બંધુ દૈવી કારણને લીધે બન્યું હતું, પરાશર મુનિ ધર્મના જ્ઞાતા હતા છતાં એવું કર્મ તેમણે કેમ કર્યું ? કારણ કે એ રીતે વ્યાસજી પ્રકટ થવાના હતા. જે પુરૂષ આ પવિત્ર ઉપાખ્યાન સાંભળે છે તેની દુર્ગતિ થતી નથી અને તે સદા સુખ-શાંતિમાં રહે છે. ૫૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'વ્યાસનો જન્મ' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### વસુઓને વસિષ્ઠમુનિનો શાપ

ઋષય ઊચુઃ :

ઉત્પત્તિસ્તુ ત્વયા પ્રોક્તા-
વ્યાસસ્યામિત તેજસઃ ।
સત્યવત્યાસ્તથા સૂતવિસ્તરેણ ત્વયાઽનઘ ॥

ઋષિઓએ પૂછયુ : હે પુણ્યાત્મા સુત ! મહાતેજસ્વી વ્યાસ તથા સત્યવતીની ઉત્પત્તિની કથા આપે કહી, પરંતુ તેમાં અમને સંદેહ એ છે કે જેને આપે વ્યાસની માતા કહી છે તે સત્યવતી ધર્મજ્ઞ રાજા શંતનુને કેવી રીતે પ્રાપ્ત થઈ? સત્યવતી નિષાદની પુત્રી હતી, વેષ-ભુષામાં પણ તે બરાબર ન હતી, તો પણ જ્ઞાની, પુરૂષવંશી ધર્માત્મા રાજા શંતનુએ સ્વયં તેનો સ્વીકાર કેમ કર્યો ? રાજા શંતુનુની પ્રથમ પત્ની કોણ હતી, કે જેનાથી બુદ્ધિમાન ભીષ્મનો જન્મ થયો હતો. ભીષ્મને વસુનો અંશ કેમ કહે છે ? વળી અગાઉ તમે કહ્યું હતું કે ભીષ્મે ચિત્રાંગદને રાજગાદી સોંપી, તેના મરણ બાદ વિચિત્રવીર્યને રાજગાદી સોંપી, તો તે પાટવી પુત્ર હોવા છતાં તેમણે રાજ્યનો સ્વીકાર કેમ

ન કર્યો? તેમજ વિચિત્રવીર્યના મૃત્યુથી અત્યંત દુઃખી થયેલી સત્યવતીએ પુત્રવધૂઓમાં ગોલોક પુત્રો શા માટે ઉત્પન્ન કરાવ્યા? ભીષ્મે રાજગાદી નહિ સ્વીકારવાનું તેમ જ વિવાહ નહિ કરવાનું કારણ શું? તેમ જ વ્યાસે મોટાભાઇ થઇને પોતાના નાનાભાઇની સ્ત્રીઓમાં બે પુત્રો ઉત્પન્ન કરી આવો અધર્મ કેમ કર્યો? હે સૂત! વેદનું અનુમાન કરાવનાર શિષ્ટાચાર શું આવો હોય? માટે વ્યાસના શિષ્ય! તમે અમારા આ સંશયને મટાડો.'

સુતે કહ્યું: ઇક્ષ્વાકુ વંશમાં 'મહાભિષ' નામનો રાજા એક હજાર અશ્વમેધ યજ્ઞ તથા સો વાજપેય યજ્ઞ કરી દેવરાજ ઇન્દ્રની પ્રસન્નતા પ્રાપ્ત કરી તે સ્વર્ગનો અધિકારી બન્યો હતો. એક વેળા મહાભિષ રાજા બ્રહ્મલોકમાં બ્રહ્માના ભવનમાં ગયો ત્યારે ત્યાં બ્રહ્માની સેવામાં અનેક દેવો ઉપસ્થિત હતા. તથા ગંગાનદી પણ દેવી સ્વરૂપે ત્યાં આવ્યા હત. એવામાં વાયુએ ગંગાના વસ્ત્રોને ઊડાડી એવા અસ્તવ્યસ્ત કર્યાં કે તેઓ નગ્ન સ્થિતિમાં ન જોવાય તેથી સર્વ દેવોએ મસ્તક નીચા કરી દીધા, પરંતુ મહાભિષ રાજા ગંગાને એકીટસે જોઈ જ રહ્યો, એટલે ગંગાએ તેનો પોતાના પરનો પ્રેમ જાણ્યો, તે પણ રાજા પ્રત્યે આકર્ષાયાં. બ્રહ્માએ એ બંનેને મોહિત થઇ કામાવશ બનેલા જોઇ તેમને શાપ આપ્યો કે: 'તમે બંને



મર્ત્યલોકમાં જઇને જન્મ લો, ત્યા તમે બહુ જ પુણ્ય કરશો ત્યારે તેના ફળસ્વરૂપે તમને સ્વર્ગમાં રહેવાની સુવિધા મળશે.'

આ તો બ્રહ્માનો શાપ હતો. તે મિથ્યા કેમ થાય? શાપનો ભોગ બનેલા મહાભિષ રાજાએ બહુ જ વિચાર કરીને પુરુવંશમાં 'પ્રતીપ' નામના રાજાને ત્યાં જન્મ લેવાનું નક્કી કર્યું, બરાબર એ જ વેળાએ આઠ વસુઓ પોતાની સ્ત્રીઓ સાથે વસિષ્ઠ ઋષિના આશ્રમ પર આવ્યા. પૃથુ આદિ તે વસુઓમાં 'દ્યૌ' નામનો એક વસુ હતો. તેની સ્ત્રીએ વસિષ્ઠઋષિની નંદિની નામની ગાયને જોઇ. તે ગાય પતિને બતાવી તેણે પૂછ્યું: 'આ ઉત્તમ કામધેનુ ગાય કોની છે? દ્યૌએ કહ્યું: 'આ ઉત્તમ ગાય વસિષ્ઠજીની છે. આ ગાયનું દૂધ પીવાનો અવસર સ્ત્રી કે પુરુષને મળે તો તે દશ હજાર વર્ષ સુધી જીવી શકે છે ને એની જવાની કાયમ રહે છે.' પતિનું કહેવું સાંભળી તેણે કહ્યું: 'મારી એક ખાસ સખી મર્ત્ય-લોકમાં રહે છે. ત્યાં તે ઉશીનર રાજાની પુત્રી છે, તે બહુ જ અનુપમ લાવણ્યમયી સ્ત્રી છે. હે મહાભાગ! મારી સખીને ખાતર તમે આ નંદિની ગયાને વાછરડા સહિત કોઇ પણ ઉપાયે આપણા આશ્રમમાં લઇ ચાલો. મારી સખી એનું દૂધ પીને રોગરહિત થઇ નિત્ય નવયૌવના રહેશે.' દ્યોના મનમાં પાપ-ભાવના ન હતી છતાં પત્નીના કહેવાથી તેણે મનો-

નિગ્રહી મુનિવર વસિષ્ઠની ગેરહાજરીનો લાભ લઈ એ નંદિની ગાયને ઊઠાવી લીધી. તેના આ કાર્યમાં પૃથુ આદિ વસુઓએ પણ સહાય કરી હતી. તેઓ નંદિની ગાયનું અપહરણ કરી ગયા તે પછી વનમાં ફલ-ફૂલ લેવા ગયેલા વસિષ્ઠ મુનિ આશ્રમ આગળ આવ્યા તો ગાય અને વાછરડો બન્ને જોવામાં ન આવતાં ચારે બાજુ તેની તપાસ કરવા માંડી, પરંતુ ક્યાંય ગાય કે ગાયના વાવડ ન મળતાં તેમના ક્રોધે માઝા મૂકી. તેમને ધ્યાનથી ખબર પડી કે 'ગાય ને વાછરડાને વસુઓ હરી ગયા છે.' તેમણે વસુઓને શાપ આપ્યો કે 'મારી ગેરહાજરીમાં વસુઓ મારી પ્રિય ગાયને ચોરી ગયા છે તેના ફળરૂપે તેઓ બધા મનુષ્યયોનિમાં ઉત્પન્ન થશે.' વસુઓને શાપની ખબર પડી એટલે તેઓ વ્યાકુળ થઈ વસિષ્ઠ મુનિને શરણે આવી તેમને પ્રાર્થના કરી પ્રસન્ન કરવા લાગ્યા. અંતે વસિષ્ઠ મુનિએ તેઓને કહ્યું: 'તમે સર્વ એક વર્ષ સુધી મનુષ્યયોનિમાં રહી શાપ મુક્ત થશો; પરંતુ તમારામાંથી જેણે મારી ગાય હરી લેવાની ઇચ્છા કરી છે તે 'દ્યૌ' નામનો વસુ ઘણા લાંબા કાળ સુધી મનુષ્યદેહમાં રહેશે.'

શાપગ્રસ્ત થયેલા વસુઓ ત્યાંથી નીકળ્યા તો માર્ગમાં નદીઓમાં શ્રેષ્ઠ ગંગાજી જઈ રહ્યાં હતાં. શાપને કારણે ગંગાજી પણ ઉદાસ હતા. વસુઓએ નમ્રતાપૂર્વક ગંગાને કહ્યું: 'દેવી! અમો સર્વ સદા અમૃત આરોગનારા દેવતાઓ મર્ત્યલોકમાં કેવી રીતે ઉત્પન્ન થઈશું? અમારે મનુષ્યોના ઉદરમાં જન્મ લેવો પડે, એ તો મોટી ચિંતાની વાત છે, માટે આપ જ અમારી જનની બનવાની કૃપા કરો. હે કલ્યાણી! તમે શંતનું નામે વિખ્યાત રાજાને પતિ બનાવો. તેનાથી અમે જન્મ પામીએ ત્યારે તમે અમને જળમાં ફેંકી દેજો જેથી અમે શાપમુક્ત બની જઈશું.' ગંગાએ 'બહુ સારુ' કહ્યું એટલે તેઓ સ્વર્ગમાં ચાલ્યા ગયા. બરાબર એ સમયે મહાભિષ રાજા પ્રતીપને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયા. એનું નામ શંતનુ રાખવામાં આવ્યું. આગળ જતાં શંતનુ રાજર્ષિ ધર્માત્મા બન્યો.

એક વેળા પ્રતીપ રાજા ગંગાનદીમાં સૂર્યની સ્તુતિ કરતો હતો ત્યારે તેને ફળરૂપે એક કન્યા મળી. એકાએક વરપ્રાપ્તિની ઇચ્છાવાળી એક સુંદર સ્ત્રી જળમાં પ્રકટ થઈ અને પ્રતીપ રાજાના જમણા સાથળ પર બેસી ગઈ, આથી રાજાએ ચોંકીને કહ્યું: 'અરે, તું કોણ છે? મારી આજ્ઞા લીધા વિના મારા જમણા સાથળ પર કેમ બેસી ગઈ?' તે સ્ત્રીએ મધુર કંઠે કહ્યું: 'હું તમારી પત્ની થવા માંગું છું. માટે મારો પત્ની તરીકે સ્વીકાર કરો.' રાજાએ કહ્યું: 'પરસ્ત્રી પ્રત્યે હું કામભાવથી જોતો નથી, વળી તું મારી આજ્ઞા વિના સંતાનોને બેસવાના સ્થાનરૂપ કે પુત્રવધુઓને બેસવાના સ્થાન જમણા સાથળ પર બેઠી છું, માટે મારે ત્યાં જ્યારે પુત્ર

જન્મે ત્યારે તું તેની પત્ની થઇ રહેજે.'

આ સાંભળી તે સ્ત્રી જતી રહી અને રાજા પણ પછી નદીમાંથી બહાર નીકળી પોતાના આવાસમાં જતો રહ્યો. તેને પછી એક પુત્રની પ્રાપ્તિ થઇ, તે પુત્ર મોટો થતાં જ્યારે રાજ્ય ચલાવવા યોગ્ય થયો ત્યારે રાજાએ વનમાં જવાની ઇચ્છા કરી પુત્રને રાજગાદી સોંપી પેલી જળમાં પ્રકટ થયેલી સુંદરીનું સર્વ વૃત્તાંત તેને કહીને ભલામણ કરી કે: 'ક્યાંય કોઈ સુંદર બાળા તને વનમાં મળે કે તારી પાસે આવે તો તેનો તું સહર્ષ સ્વીકાર કરજે. તેને ધર્મપત્ની તરીકે પામી તું સુખ-શાંતિમાં રહી શકીશ.'

આમ પુત્ર શંતનુને કહી પ્રતીપ-રાજા વનમાં ગયો અને ત્યાં જગદંબિકાની ઉપાસના કરવા માંડી, અંતે શરીરનો પરિત્યાગ કરી તે સ્વર્ગનો અધિકારી બન્યો. ત્યાર પછી શંતનુ રાજા પોતાના પરાક્રમોને લીધે ચક્રવર્તી રાજા બની નીતિધર્મપૂર્વક પ્રજાનું પાલન ને રક્ષા કરવા લાગ્યો. ૬૦

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'વસુઓને વસિષ્ઠમુનિનો શાપ' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### આઠ વસુઓનો જન્મ

સૂત ઉવાચ :

પ્રતીપેડથ દિવં યાતે શતનુઃ સત્યવિક્રમઃ ।
બભૂવ મૃગયા શીલો વિધ્નન્—
વ્યાઘ્રાન મૃગાન્નૃપઃ ।।

સુતે કહ્યું : પ્રતીપરાજા સ્વર્ગે ગયા પછી એક દિવસ શંતનું રાજા મૃગયા રમવા નીકળેલો ત્યારે માર્ગમાં એક રૂપવતી સ્ત્રીને જોઇ તે તેના પર મુગ્ધ બન્યો. તેના મનમાં થયું કે પિતાએ કહેલી તે સ્વરૂપવતી આજ સ્ત્રી લાગે છે. ખરેખર, તે સ્ત્રી ગંગા જ હતી, તે પણ રાજા પ્રત્યે આકર્ષાઇ. રાજાએ તેની પાસે જઈ મધુર વાણીથી તેને પોતાની ધર્મપત્ની બનાવવાનું કહ્યું તો ગંગાએ કહ્યું : 'મારી શરતનું પાલન કરવા તૈયાર હો તો જરૂર તમને પરણું.' રાજાએ શરત પૂછી તો ગંગાએ કહ્યું : 'હું ગમે તે સારું—ખોટું કાર્ય કરું તે માટે તમારે મને અટકાવવી નહિ કે કશું જ કહેવું નહિ, કડવાં વચન બોલવા નહિ.' રાજાએ તેની શરત કબુલ કરી. પછી બંને પતિ—પત્ની તરીકે રહ્યાં.

આનંદ—વિનોદમાં થોડો સમય વિત્યા બાદ ગંગાએ એક પુત્રનો જન્મ આપ્યો, પણ તેને તુરત જ ગંગાએ નદીમાં ફેંકી દીધો. આ રીતે ગંગાએ કુલ સાત પુત્રોને જન્મ આપીને જળમાં ડૂબાડી દીધા, આથી રાજા ગભરાયો કે 'મારો વંશ કેવી રીતે રહેશે ?' પરંતુ શરતને લીધે તે કંઇ જ કહી શકયો નહિ. ફરી ગંગા ગર્ભવતી બની. આ વખતે અગાઉ જેણે પોતાની સ્ત્રીના કહેવાથી નંદિની ગાયનું હરણ કર્યું હતું તે વસુ આઠમા પુત્ર તરીકે જન્મ્યો. આ પુત્રે પોતાને જીવતો રાખવા માટે ગંગાને ઘણું કહ્યું, પરંતુ ગંગા તેને પણ જળમાં ડુબાડી દેવા તૈયાર

થઇ ત્યારે વંશના ઇક્ષ્વાકુ રાજાએ ગંગાને ઘણાં કટુ વચનો કહ્યાં તેમજ પુત્રને સોંપી દેવા કહ્યું તો ગંગા ગુસ્સે થઇને બોલી, 'તમે શરતનો ભંગ કર્યો છે માટે હું આ બાળકને લઇને ચાલી જાઉં છું, હું ગંગા છું અને દેવોના કાર્યની સિદ્ધિ માટે વસિષ્ઠ મુનિના શાપથી તમારી પત્ની બની હતી, અને ત્યારે આઠ વસુઓને આપેલા વરદાન મુજબ મેં તમારાથી આઠ વસુઓને જન્મ આપ્યો. તેમાં સાત વસુઓ ઋષિના શાપથી મુક્ત થયા છે, આ છેલ્લો પુત્ર પછીથી તમારી સાથે જ રહેશે. હાલ તો આ ગાંગેય બાળકને, જ્યાં હું તમને વરી હતી તે સ્થળે લઇ જાઉં છું, જ્યારે તે ઉછરીને મોટો થશે ત્યારે તેને હું તમને સોંપી દઇશ.'

એમ કહેતાં જ ગંગા તે બાળક સાથે અંતર્ધાન થઇ ગઇ, એટલે, રાજા પણ ઉદાસ થઇ મહેલે જતો રહ્યો. કેટલાક કાળ બાદ રાજા શંતનુ મૃગયા રમવા નીકળેલો ત્યારે તેણે એક તેજસ્વી બાળકને ગંગા તટે ધનુષ-બાણ સાથે ખેલતો જોયો. રાજા વિચાર કરતો હતો કે, આ તેજસ્વી પુત્રનો પિતા કોણ હશે? ત્યાં તો ગંગા એકાએક પ્રગટ થઇ તે પુત્રનો હાથ પકડી રાજાને સોંપતા બોલી : 'આ પુત્ર તમારો જ છે, તે વસિષ્ઠ મુનિ પાસે રહી બધી વિદ્યા ભણ્યો છે, તે તમારા કુળની કીર્તિને વધારશે.' રાજા તેને હર્ષભેર હસ્તિનાપુરમાં પોતાના મહેલે લઇ ગયો અને તે પુત્ર ગાંગેય-ભીષ્મ મોટો થતાં તેને યુવરાજપદે સ્થાપ્યો.

'હે મુનિઓ! આ સર્વ તમારી ઇચ્છા મુજબનું ચરિત્ર મેં તમને સંભળાવ્યું. આ આખ્યાન જે મનુષ્ય એકાગ્રતાથી સાંભળે છે તે સર્વ પાપોથી મુક્ત થાય છે. આ પવિત્ર શ્રી દેવીભાગવત, શ્રવણ કરનાર ભાવિકોના પાપોનો ક્ષય કરનારૂં અને કલ્યાણકારક છે. ૬૯

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે
'આઠ વસુઓનો જન્મ' નામનો
૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### સત્યવતી સાથે શંતનુનો વિવાહ

સૂત ઉવાચઃ

**વસૂનાં સંભવઃ સૂત કથિતઃ શાપકારણાત્ ।**
**ગાંગેયસ્ય તથોત્પત્તિ: કથિતા લોમહર્ષણે ।।**

ઋષિઓએ પૂછ્યું : હે લોમહર્ષણ પુત્ર! હવે અમને એ જણાવો કે વ્યાસની માતા સત્યવતીને રાજા શંતનુએ કેવી રીતે પ્રાપ્ત કરી હતી? તેઓ ધર્મિષ્ઠ, સદાચારી હતા છતાં માછીકન્યાને શા કારણથી પરણ્યા હતા?

સૂત બોલ્યા : એક વેળા શંતનુ રાજા વનમાં મૃગયા રમવા નીકળેલો ત્યારે એક ઠેકાણે તેને ઘણી મધુર તીવ્ર સુગંધ આવવા લાગી. સુગંધ ક્યાંથી આવે છે તે તપાસ કરતાં રાજાએ એક ઠેકાણે મલિન વસ્ત્રો પહેરેલી સુંદર સ્ત્રી જોઇ, તેના દેહમાંથી જ કસ્તુરીની સુગંધ આવતી હતી. આ સ્ત્રી જ મત્સ્યગંધા-સત્યવતી હતી. રાજાને પૂછપરછ કરતાં ખબર પડી કે તે સ્ત્રી માછીકન્યા હતી,

તો પણ તેના પર મોહિત થઈ તેની સાથે પરણવાની ઇચ્છા વ્યક્ત કરી. એટલે મત્સ્યગંધા રાજાને પોતાના પિતા પાસે લઇ ગઇ, તો માછીમાર ઊઠીને હાથ જોડી રાજાને કહેવા લાગ્યો : 'રાજન્ ! મારાં ધનભાગ્ય કે મારે આંગણે આપ પધાર્યા ? કહો: હું આપની શી સેવા કરું ?' રાજાએ કહ્યું : 'તારી આ પુત્રીને મારી ધર્મપત્ની બનાવવા માંગું છું.' તો માછીમારે કહ્યું : 'તે માટે 'હું ખુશી છું, પરંતુ મારી શરત એ છે કે તમારા પછી આ મારી પુત્રીનો પુત્ર જ રાજગાદીએ બેસે, બીજો કોઇ પુત્ર રાજગાદીએ બેસે નહિ.'

માછીમારની આવી શરત સાંભળી શંતનુ રાજા કંઇપણ નિર્ણય લીધા વિના મહેલે ગયો, અને રાજગાદીએ બેઠેલા યુવરાજ ગાંગેયનું સ્મરણ કરવા લાગ્યો. પિતાને ઉદાસ ને ચિંતાતુર જોઇ ગાદીએ બેઠેલા ભીષ્મે યુક્તિપૂર્વક તેમના દુઃખનું કારણ જાણી લીધું, પછી તે ગાંગેય-ભીષ્મ પોતાના મંત્રીઓને સાથે લઇ પેલા માછીમારને ત્યાં ગયો. માછીમારે તેને નમન કરીને આવવાનું કારણ પૂછ્યું તો યુવરાજ ગાંગેયે કહ્યું : 'હે કેવટ ! થોડા સમય પહેલાં મારા પિતા અહીં આવ્યા હતા અને તેમણે તારી પુત્રીને ધર્મપત્ની બનાવવાની ઇચ્છા વ્યકત કરી હતી, પણ તારી શરતને લીધે તે નિર્ણય કર્યા વગર પાછા આવ્યા. હું તને કહું છું કે આ તારી પુત્રી મારા પિતાને આપ, તો મારી માતા થાઓ.' માછીમારે કહ્યું : 'જ્યારે મારી પુત્રીને પુત્ર થાય ત્યારે તમારે રાજગાદી પરથી ઊઠી જઇ તેને રાજગાદી પર બેસાડવાનો.' ગાંગેયે તે પ્રમાણે વર્તવા વચન આપ્યું અને હર્ષપૂર્વક મહેલે જઇ તેણે પિતાને સર્વ વૃત્તાંત કહ્યું. પછી મત્સ્યગંધા-સત્યવતીની સાથે શંતનું રાજાના લગ્ન થયાં, પરંતુ એ સત્યવતી-મત્સ્યગંધાએ કન્યાવસ્થામાં વ્યાસને જન્મ આપ્યો હતો તે બાબતથી શંતનુ રાજા અજાણ હતા. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'સત્યવતી સાથે શંતનુનો વિવાહ' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### પાંડવોની ઉત્પત્તિનું વૃત્તાંત

**સૂત ઉવાચ :**

**એવં સત્યવતી તેન વૃતા શંતનુના કિલ ।**
**દ્વા પુત્રૌ ચ તથા જાતૌ મૃતૌ કાલવશાદપિ ॥**

સુતે કહ્યું : એ રીતે શંતનુ રાજા માછીકન્યા સત્યવતીને પરણ્યા હતા તેનાથી તેમને બે પુત્રો થયેલા પરંતુ તે મૃત્યુ પામ્યા હતા. તે પછી વંશ રાખવા વિચિત્ર વીર્યની સ્ત્રીમાં વ્યાસના શુક્રથી ધૃતરાષ્ટ્ર જન્મ્યો હતો, પણ તે જન્માંધ હતો, કેમકે વ્યાસમુનિને જોતાં જ તે સ્ત્રીએ આંખો મીંચી દીધી હતી. જ્યારે વ્યાસ બીજી સ્ત્રીનો સંગ કરવા ગયા ત્યારે વ્યાસને જોતાં જ તે સ્ત્રી ફિકકી–નિસ્તેજ બની ગઇ હતી જેથી તેને પાડું–એટલે ફિકકો પુત્ર જન્મ્યો હતો, પછી કામ–કળામાં પારંગત દાસી સાથે વ્યાસે સંગ કરેલો અને તેણે વ્યાસને

સંતોષેલા એટલે તેને ધર્મના અંશરૂપ અને સત્યવકતા 'વિદુર' નામે પુત્ર જન્મ્યો હતો. ધૃતરાષ્ટ્ર સૌથી મોટો હતો, પરંતુ નેત્રહિન હોવાને લીધે તેને રાજગાદી પર બેસાડયો નહોતો ભીષ્મની સંમતિથી પાંડુને રાજ્યાસન પર બેસાડયો હતો. વિદુર બુદ્ધિમાન હોવાથી તેને મંત્રીપદે નીમ્યો હતો. ધૃતરાષ્ટ્રને બે સ્ત્રી હતી. એક 'ગાંધારી,' બીજી 'વૈશ્યા' ચતુર–વૈશ્યકન્યા હતી. પાંડુને પણ બે સ્ત્રીઓ હતી. એક 'કુન્તી' બીજી 'માદ્રી.' ગાંધારીએ સો પુત્રોને જન્મ આપ્યો હતો, જ્યારે વૈશ્યાએ માત્ર એક જ સુંદર અને યુદ્ધવીર પુત્રને જન્મ આપ્યો હતો. કુન્તી જ્યારે પિતાને ઘેર કન્યાવસ્થામાં હતી ત્યારે તેણે 'કર્ણ'ને જન્મ આપ્યો હતો, સૂર્યની કૃપા–પ્રસાદીથી તેણે એ સોહામણો પુત્ર ઉત્પન્ન કર્યો હતો, એનું નામ કર્ણ રાખ્યું, આગળ જતાં તે 'મહારથી કર્ણ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો. કર્ણને જન્મ આપ્યા બાદ કુન્તી પાંડુની ધર્મપત્ની બની હતી.

ઋષિઓએ પૂછયું : હે સુત મુનિ ! આપે આ કેવી વિચિત્ર વાત કહી કે કુન્તીએ પહેલાં પુત્રને જન્મ આપ્યો, ને પછી પાંડુ સાથે પરણી ? તેને સૂર્યનો સંયોગ કેવી રીતે થયો, પરિણામે કુન્તીને કર્ણની જનની બનવું પડયું ?

સૂતે કહ્યું : હે દ્વિજવરો ! જ્યારે શૂરસેન કુમારી કુન્તી બહુ જ નાની હતી ત્યારે ભોજરાજા કલ્યાણી કન્યા કુન્તીને માંગી લાવ્યો હતો. તેને પોતાની પુત્રીની જેમ પોતાને ત્યાં રાખી પાળીપોષીને મોટી કરી. કુન્તી મોટી થતાં અતિસુંદર લાગવા માંડી. એક વેળા અગ્નિહોત્રનો સમય હતો. કુન્તી ભોજની આજ્ઞાથી ત્યારે સેવાનું કાર્ય સંભાળી રહી હતી.

ચોમાસામાં પ્રાતઃકાળનો સમય હતો, એવામાં મુનિવર દુર્વાસા ત્યાં પધાર્યા. કુન્તીએ મુનિનો રૂડી રીતે સત્કાર કર્યો તેથી પ્રસન્ન થયેલા દુર્વાસામુનિએ કુન્તીને એક એવો ઉત્તમ મંત્ર આપ્યો જેનો પ્રયોગ કરીને આવાહન કરવાથી દેવતા સ્વયં આવીને મનોરથ પૂર્ણ કરે. જ્યારે સેવાકાર્ય પૂર્ણ થયું અને દુર્વાસામુનિ પણ ગયા ત્યારે કુન્તી મહેલમાં પોતાના ખંડમાં ગઇ અને મંત્રનો પ્રભાવ જોવા તેણે વિચાર્યું કે કયા દેવતાનું સ્મરણ કરૂં ? એવામાં સૂર્યનારાયણ આકાશમાં વિરાજ્યા હતા, એમના પર કુન્તીની દ્રષ્ટિ પડી. મંત્રનો પ્રયોગ કરીને તે સૂર્યનું આવાહન કરવામાં મગ્ન બની અને થોડી જ વારમાં તેના ખંડમાં એક સોહામણા પુરૂષનું રૂપ ધરીને સૂર્યનારાયણ આવ્યા ને કુન્તીની સામે ઊભા રહ્યા, તેથી કુન્તીના આશ્ચર્યનો પાર ના રહ્યો. તેનું સર્વ અંગ કંપી ઊઠયું. અને તે સમયે જ ઋતુમતી થઇ, તે સૂર્યનારાયણ સામે હાથ જોડીને કહેવા લાગી : 'આપના દર્શનથી હું ધન્ય બની છું, હવે આપ અહીંથી પધારવાની કૃપા કરો.' સૂર્યનારાયણે કહ્યું :

'હે કુન્તી! તેં મંત્રનો પ્રયોગ કરી મને શા માટે બોલાવ્યો? અને બોલાવીને સ્વાગત કેમ કરતી નથી! તારા મંત્રના પ્રભાવથી હું વિવશ બની ગયો છું.'

કુન્તી બોલી: 'ધર્મનું સર્વ રહસ્ય જાણવાવાળા ભગવાન, તમારાથી કોઇ વાત છાની નથી, પણ હું હજી કન્યા છું અને આપના ચરણોમાં મારૂં મસ્તક ઝુકયું છે.' સુર્યનારાયણે કહ્યું: કુન્તી! જો તું મારો સત્કાર નહિ કરે તો હું તને શાપ દઇશ. તું મારા પર વિશ્વાસ રાખ, તારો કન્યાધર્મ પૂર્વવત્ રહેશે. સાધારણ મનુષ્ય એ રહસ્યને પામી નહિ શકે. તને મારા જેવો તેજસ્વી બાળક ઉત્પન્ન થશે.' એમ કહી લજ્જાવાન કુંતીને ભોગવી તેને વરદાન આપી સુર્યનારાયણ જતા રહ્યા. સુર્યથી ગર્ભવતી થયેલી કુંતી પછી એકાંતમાં ધાવ માતા પાસે રહી. તેણે સુંદર પુત્રને જન્મ આપ્યો, જે બે કુંડલવાળો અને બખ્તરવાળો બીજા સૂર્ય જેવો તેજસ્વી અને દેદિપ્યમાન હતો. પુત્રજન્મ પછી કુન્તીને બહુ જ શરમ આવવા લાગી, તેથી તેની પાસે રહેલી ધાવ માતાએ તેને કહ્યું: 'દીકરી! તું શરમ–સંકોચ ત્યજી દે અને કહે કે હવે શું કરવાનું છે? પછી એક પેટીમાં પુત્રને સુવાડી કુંતી પુત્રને કહેવા લાગી: 'હે પુત્ર! તું મને પ્રાણથી પણ અધિક પ્રિય છે, પરંતુ શરમ અને લોકલાજને લીધે હું તારો ત્યાગ કરૂં છું. માતા ભગવતી અંબિકા તું જ્યાં હોઇશ ત્યાં તારૂં રક્ષણ કરશે.' એમ કહી તેણે પેટી ધાવ માતાને સોંપી ધાવ માતાએ તે પેટીને ગંગા નદીમાં વહેતી મૂકી, તે પેટી ગંગા નદીને કાંઠે ઊભેલા અધિરથ નામના સારથિને હાથ આવી.

તેની સાથે ઊભેલી તેની પત્ની રાધાએ પેટી ખોલી તો તેમાં તેજસ્વી બાળક રમતો હતો. તે કુમારને રાધાએ પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો. સારથિને ત્યાં લાલન–પાલનથી ઉછરતો કર્ણ જોતજોતામાં મોટો થતાં ખૂબ જ બળવાન બની ગયો. આ તરફ કુંતીએ પુત્રને જન્મ આપ્યો તે વાત કોઇ જાણતું નહોતું એટલે પાંડુરાજા કુંતીને સ્વયંવરમાં પરણ્યા, પછી તેમણે મદ્ર દેશની કુંવરી માદ્રી સાથે પણ લગ્ન કર્યું હતું.

એક વખત પાંડુ રાજા વનમાં મૃગયા રમવા ગયેલા ત્યારે એક સ્થળે મૃગ–મૃગલીને ક્રીડા કરતા જોઇ તેમને બાણ મારી ઘાયલ કર્યા....પણ આ તો કોઇ બ્રાહ્મણ–મુનિ મૃગ જેવું શરીર ધારણ કરી પોતાની પત્ની સાથે રમણ કરતા હતા. બાણ માર્યા પછી રાજા મૃગ પાસે આવ્યો તો મૃગરૂપે રહેલા મુનિએ તેને શાપ આપ્યો કે: 'હે રાજા! તું જ્યારે પણ સ્ત્રીસંગ કરીશ ત્યારે તેજ પળે તારૂં મૃત્યુ થશે.'

શાપ મળવાથી પાંડુ રાજાને એટલું બધું દુઃખ થયું કે તે કુંતી ને માદ્રીને

લઇ વનમાં ચાલ્યો ગયો. વનમાં જ્યાં મુનિઓનાં ઘણાં આશ્રમો હતાં ત્યાં એક ખાલી આશ્રમમાં પાંડુ રાજા પોતાની પત્નીઓ સાથે રહ્યો. તે નિત્ય ધર્મ-શાસ્ત્રોનું શ્રવણ કરતો ને તેનું ચિંતન કરતો. એક દિવસ પાંડુએ કથામાં સાંભળ્યું કે: 'અપુત્રનો સ્વર્ગમાં વાસ થતો નથી, તેની સદ્‌ગતિ થતી નથી, માટે સંતાનવિહોણા મનુષ્યે કોઇ પણ ઉપાયથી પુત્રપ્રાપ્તિ કરવી જોઇએ. શાસ્ત્રમાં આઠ પ્રકારના પુત્રોને પિતાના વારસદાર ઠરાવ્યા છે :– (૧) 'અંશજ' પોતાના વીર્યથી ઉત્પન્ન થયેલો. (૨) પુત્રીનો પુત્ર....એટલે કે 'આ મારી પુત્રીને જે પુત્ર થાય તે મને સોંપી દેવો.' એવી શરતે પુત્રી પરણાવી હોય તેનો પુત્ર. (૩) ક્ષેત્રજ. (૪) 'ગોલક'–પતિના મરી ગયા પછી બીજાથી ઉત્પન્ન થયેલો પુત્ર. (૫) 'કુણ્ડ'–પતિ હોવા છતાં અન્યથી ઉત્પન્ન થયેલો પુત્ર (૬) 'સહોઢ'–વિવાહ થયા પહેલાં કન્યા ગર્ભવતી હોય અને પતિના ઘેર ગયા પછી પ્રસવેલો પુત્ર. (૭) 'કાનીન'–કન્યાએ પિતાને ઘેર જ છૂપી રીતે ઉત્પન્ન કર્યો હોય તે પુત્ર. (૮) 'ક્રીત'–જે ધન આપીને ખરીદયો હોય તે પુત્ર. આમાં ઉત્તરોત્તર એક પછી એકને નિષ્કૃટ ગણવામાં આવ્યો છે.'

પાંડુએ કથામાં સાંભળેલી બધી વાત પોતાની પત્ની કુંતીને કહી ત્યારે કુંતીએ કહ્યું : 'પ્રભો ! મારી પાસે મનોરથ પૂર્ણ કરવાનો એક મંત્ર છે. અગાઉ એ મંત્ર દુર્વાસા મુનિએ મને મારા પિતાને ઘેર આપ્યો હતો. જો આપની આજ્ઞા હોય તો હું એ મંત્રપ્રયોગ કરીને દેવતાનું આવાહન કરું તો તે તુરત જ મારી પાસે પ્રત્યક્ષ થઇને મારો મનોરથ પૂર્ણ કરશે.' પાંડુ રાજાની આજ્ઞાથી કુંતીએ મંત્રપ્રયોગ કરીને દેવતા ધર્મનું આવાહન કર્યું કે તુરત જ ધર્મ પધાર્યા. ધર્મદેવની કૃપાપ્રસાદી–સંયોગથી કુંતી પ્રથમ પુત્ર 'યુધિષ્ઠિર'ની માતા બની. પછી વાયુદેવના સંયોગથી 'ભીમ'ને દેવરાજ ઇન્દ્રના સંયોગથી કુંતીએ 'અર્જુન' ઉત્પન્ન કર્યો એકએક વર્ષના અંતરે આ ત્રણે પરાક્રમી પુત્રો પાંડુને ત્યાં કુંતીથી જન્મ્યા. હવે પાંડુની બીજી પત્ની માદ્રીએ પાંડુ આગળ પુત્રેષ્ણા વ્યક્ત કરી તો પાંડુએ કુંતીને પેલો મંત્ર પ્રયોગ માદ્રીને બતાવવાની આજ્ઞા કરી. કુંતીએ સહર્ષ માદ્રીને મંત્રપ્રયોગ બતાવ્યો. માદ્રીએ એક પુત્ર માટે મંત્ર-પ્રયોગ કરી દેવતાનું આવાહન કર્યું તો તેની સમક્ષ બે અશ્વિનીકુમાર આવ્યા. તેઓના સંયોગથી માદ્રી 'નકુલ' અને 'સહદેવ' નામના બે પુત્રોની જનની થઇ.

'હે દ્વિજવરો ! આ પ્રકારે પાંચે ય દેવકુમાર જેવા પાંચ પાંડવ 'ક્ષેત્રજ પુત્ર' થયા. એકએક વર્ષને અંતરે વનમાં આશ્રમમાં આ પાંડવ કુમારો જન્મ્યા હતા. એક સમયે આશ્રમમાં પાંડુ રાજા અને માદ્રી એકલા જ હતા, ત્યારે જેનું નજીક મૃત્યુ આવ્યું છે એ પાંડુ રાજાએ

કામાતુર થઇ માદ્રી સાથે સંયોગ કરવાની ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ માદ્રીને પેલા મૃગવાળા મુનિના શાપનો ખ્યાલ હતો તેથી સમાગમ માટે ઘણી આનાકાની કરી, પરંતુ પાંડુ માન્યા નહિ ને એકાએક માદ્રી પાસે જઇ તેને આલિંગન કર્યું તે સાથે જ તેઓ ચેતના રહિત થઇ પૃથ્વી પર ઢળી પડયા. તે જોઇ માદ્રી પણ શુદ્ધિ ગુમાવી તેમના પર ઢળી પડી. પછી તે ખૂબ કલ્પાંત કરવા લાગી, તે સાંભળી બાળકો સાથે કુન્તી તેમ જ અન્ય મુનિઓ બેબાકળા થઇ ત્યાં દોડી આવ્યા. પતિનું અવસાન થયેલું જોઇ કુન્તીએ પણ ઘણું કલ્પાંત કર્યું. બાળકો પણ ખૂબ રડયા. બધાંને આશ્વાસન આપી મુનિઓએ પાંડુરાજાના મૃતદેહને ગંગાતટ પર લઇ જઇ અગ્નિસંસ્કાર કર્યો.

તે સમયે માદ્રી પણ પોતાના બંને બાળકો કુન્તીને સોંપી ચિતામાં કૂદી પડી પતિ સાથે બળી મરી સતી થઇ. પછી બંનેને જંલાજલિ આપી ત્યાં ઉપસ્થિત થયેલા મુનિઓ કુંતી તથા પાંચ પુત્રોને હસ્તિનાપુર લઇ આવ્યા. કુંતીને પાંચ પુત્રો સહિત નગરમાં આવેલી જાણી ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદુર, અન્ય સંભવિત નગરજનો તેમને લેવા સામા ગયા. પછી પાંડુના શાપનું વૃત્તાંત જાણેલા તેમણે કુંતીને પૂછ્યું કે: 'આ બધા કોના પુત્રો છે ?' આ સાંભળી દુઃખી થયેલી કુંતીએ કહ્યું: 'આ બધા



ગુરૂકુળમાં ઉત્પન્ન થયેલા દેવપુત્રો છે.'

એમ કહી કુંતીએ બધાને વિશ્વાસ બેસાડવા મંત્રપ્રયોગ કરી દેવતાઓનું આવાહન કર્યું એટલે દેવતાઓએ અંતરિક્ષમાં રહીને કહ્યું કે: 'આ પુત્રો અમારા છે.' આ દેવવાણી સાંભળી ભીષ્મે પાંચે પુત્રોને સત્કાર્યા, પછી તે પાંચે પુત્રોને તથા વહુ કુંતીને લઇ ભીષ્મ વગેરે ત્યાંથી પ્રસન્નચિત્તે હસ્તિનાપુરમાં તેમના આવાસે ગયા અને તેમનું રૂડી રીતે પાલન કરવા માંડયું. આ રીતે પાંડવો જન્મ્યા હતા અને ભીષ્મે તેમને પાળ્યા–પોષ્યા હતા. ૭૦

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'પાંડવોની ઉત્પત્તિનું વૃત્તાંત' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### પાંડવાખ્યાન

સૂત ઉવાચ :

પંચાનાં દ્રૌપદી ભાર્યા સામાન્યા-
સા પતિવ્રતા ।
પંચ પુત્રાસ્તુ તસ્યાઃ સ્યુર્ભ-
ર્તુભ્યોડતીવ સુંદરાઃ ॥

સુતે કહ્યું : આદરણિય દ્રૌપદી પાંચે પાંડવોની ભાર્યા–સહિયારી પત્ની હતી છતાં તે પતિવ્રતા સ્ત્રી હતી. એ પાંચે પાંડવોથી દ્રૌપદીને પાંચ સુંદર પુત્રો થયા હતા. શ્રીકૃષ્ણની રૂપાળી બહેન સુભદ્રા અર્જુનની બીજી સ્ત્રી હતી. વીર અર્જુન તે કલ્યાણી સુભદ્રાને ભગવાન શ્રીકૃષ્ણની સંમતિથી હરી લાવ્યો હતો. સુભદ્રાથી મહાન વીર પુત્ર 'અભિમન્યુ' જન્મ્યો

હતો. સમરાંગણમાં મોખરે રહેલો વીર અભિમન્યુ સદાને માટે પોઢી ગયો હતો અને દ્રૌપદીના પાંચ પુત્રો યુદ્ધભૂમિમાં મરાયા હતા. વિરાટ રાજાની અત્યંત સુંદર પુત્રી ઉત્તરા સાથે અભિમન્યુનો વિવાહ થયો. ઉત્તરાએ અશ્વત્થામાનું બાણ વાગવાથી મરેલા પુત્ર પરીક્ષિતને જન્મ આપ્યો હતો, ઉત્તરાના તે બાળકની સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે ઉદરમાં રક્ષા કરી હતી, જ્યારે અશ્વત્થામાના અગ્નાસ્ત્રથી ઉત્તરાના ઉદરમાં તે બાળક બળી રહ્યો હતો ત્યારે શ્રીકૃષ્ણે પોતાની અદ્‌ભુત શક્તિથી તેને ઉગારી લીધો હતો. વંશ સમાપ્ત થવાના વખતે જ તે બાળકની ઉત્પત્તિ થઇ હતી. એજ શ્રેષ્ઠ બાળક પૃથ્વી પર 'પરીક્ષિત' નામથી વિખ્યાત થયો. પુત્રોના હણાવાથી અત્યંત દુઃખી થયેલા ધૃતરાષ્ટ અને ગાંધારી પાંડવોના રાજ્યમાં રહી દિવસો વિતાવતા હતા. યુધિષ્ઠિર નિત્ય તેમની સેવા કરતો હતો. ધર્માત્મા અર્જુન પણ તેઓની સેવામાં તત્પર રહેતો હતો, અને વિદુરજી પણ તેઓનો પુત્રશોક મટાડવા તેમની પાસે જ રહ્યા હતા. પરંતુ ભીમ વારંવાર ધૃતરાષ્ટ્રને કટુવચનનો કહી દુઃખ આપતો હતો. તે કટાક્ષ વચનોથી કહેતો કે : આ દુષ્ટ આંધળાના સર્વ પુત્રોને યુદ્ધમાં મેં હણ્યા છે અને દુઃશાસનનું રક્ત પણ ખૂબ પીધું છે, અહીં આ આંધળો નિર્લજ્જની જેમ પડયો....પાથર્યો રહી મેં આપેલું અન્ન ખાય છે, અને કાગડા–કૂતરાંની જેમ વ્યર્થ જીવે છે.'

આ વખતે ધર્માત્મા યુધિષ્ઠિર 'આ તો મૂર્ખ છે, તેને બોલવાનું ભાન નથી.' એમ કહી તેમને સાંત્વન આપતો હતો. ધૃતરાષ્ટ્ર અઢાર વર્ષ સુધી કડવા ઘુંટડા ગળી ત્યાં રહ્યા. દુઃખી થયેલા ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિર પાસે વનમાં જવાની ઇચ્છા પ્રદર્શિત કરી ને વધુમાં કહ્યું કે : 'અહીં હું બહુ વર્ષો રહ્યો. હવે હું વનમાં જઇને પુત્રોને જલાંજલિ આપું. બધું પ્રેતકાર્ય તો ભીમે કરી દીધું છે. જો તમે મને થોડુંક ધન આપો તો તેમની ઉત્તરક્રિયા વિધિપૂર્વક કરી પછી વનમાં જઇને ઉત્તમ તપ કરૂં.' જ્યારે યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને તેમની ઇચ્છા મુજબ ધન આપવા તત્પર થયો ત્યારે વચમાં ભીમ આડો પડયો ને તેણે આગળ–પાછળની વાતો સંભળાવી ધૃતરાષ્ટ્રને અતિકટુ વચનો કહ્યાં અને પોતે ધન નહિ આપે એમ કહી ત્યાંથી જતો રહ્યો. તેના ગયા પછી યુધિષ્ઠિરે અર્જુન, નકુળ તથા સહદેવની સાથે રહી ધૃતરાષ્ટ્રને તેની ઇચ્છા પ્રમાણે ધન આપ્યું એટલે ધૃતરાષ્ટ્રે હર્ષ પામી બ્રાહ્મણોને બોલાવી વિધિપૂર્વક પુત્રોની ઉત્તર ક્રિયા કરાવી ને બ્રાહ્મણોને ઉત્તમ દાન દીધાં, પછી વનમાં જતી વેળાએ ધૃતરાષ્ટ્ર ગાંધારી સાથે વિદુર ને કુંતીને પણ લઇ ત્યાંથી વનમાં ચાલ્યા ગયા.

તેઓના પ્રસ્થાનની ખબર માત્ર સંજયને જ હતી. કુંતી જવા તૈયાર

થયાં ત્યારે પુત્રોએ તેમને નહિ જવા માટે ઘણા વાર્યા હતા, પરંતુ તે કોઇનું નહિ માનતા ધૃતરાષ્ટ્ર સાથે જતાં રહ્યાં હતાં. અને એમની પાછળ ભીમસેન તથા બીજા પાંડવો વિલાપ કરતા ગંગાતટ સુધી ગયા હતા ને ત્યાંથી ભારે હૈયે હસ્તિનાપુર પાછા ફર્યા હતા. ધૃતરાષ્ટ્ર વગેરે ગંગા કિનારે ચાલતાં.... ચાલતાં શતયુપના પવિત્ર આશ્રમે આવ્યા અને ત્યાં આગળ બધાએ મળી એક સુંદર આશ્રમ બનાવી તેમાં રહ્યાં. બધાં ત્યાં ધર્મધ્યાન અને તપ કરવા લાગ્યા.

હે મુનિઓ! આ બધાંને વનમાં ગયાંને છ વર્ષ વીતી ગયાં. એક દિવસ યુધિષ્ઠિરે પોતાના ભાઇઓને પાસે બેસાડી કહ્યું: 'આજે મને સ્વપ્ન આવ્યું તેમાં કુન્તીને મેં ઘણા અસ્વસ્થ ને દુર્બળ જોયાં માટે તેમને મળવા તેમજ ધૃતરાષ્ટ્ર, ગાંધારી ને વિદુરને મળવા ઇચ્છા થઇ છે. તમે કહો તો આપણે બધાં ત્યાં જઇ કુશળતા પૂછીએ.'

બધા સંમત થયા એટલે તેઓ, સુભદ્રા, દ્રૌપદી, ઉત્તરા વગેરે મળી જ્યાં શતયુપનો આશ્રમ હતો ત્યાં ગયા. નજીકમાં જ ધૃતરાષ્ટ્રનો આશ્રમ હતો. ત્યાં જઇ બધાં પરસ્પર ભેટ્યાં ને કુશળતા પૂછી. પરંતુ આશ્રમમાં વિદુર જોવામાં ન આવતાં યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને વિદુર માટે પૂછ્યું તો તેમણે કહ્યું કે 'વિદુર તો ગંગાતટ પર જઇ શ્રીહરિનું ધ્યાન ધરતા હશે.'

આ સાંભળી યુધિષ્ઠિર વિદુરને મળવા માટે ગંગા કિનારે તપાસ કરવા નીકળ્યા તો એક ઠેકાણે વિદુર તપશ્ચર્યા કરતા જોયા. તેમનું શરીર ક્ષીણ થઇ ગયું હતું યુધિષ્ઠિરે તેમની પાસે જઇ મસ્તક નમાવીને કહ્યું, 'હું યુધિષ્ઠિર આપને નમન કરું છું.' નમન કરી તે વિદુર સામે બેઠો. યુધિષ્ઠિરનો અવાજ વિદુરના કાને પડયો. પરંતુ તેઓ કંઇ જ બોલ્યા નહિ. થોડી વાર પછી વિદુરના મુખમાંથી અદ્દભુત તેજ નીકળીને યુધિષ્ઠિરના મુખમાં સમાઇ ગયું, કારણ કે બન્ને ધર્મનો અંશ હોવાથી પરસ્પર એક જ હતા. પછી વિદુરજીનું પંચભૌતિક શરીર શાંત પડી ગયું. હવે યુધિષ્ઠિર તેમનાં દેહને દાહ દેવાની તૈયારી કરતા હતા તે વખતે આકાશવાણી થઇ: 'યુધિષ્ઠિર! તમે અહીં આ વિદુરના દેહને અગ્નિસંસ્કાર કર્યા વિના તમારી ઇચ્છા હોય ત્યાં જતા રહો.' યુધિષ્ઠિરે ત્યાંથી જઇ ભાઇઓને આ વાત જણાવી. બધાએ ગંગાનદીમાં સ્નાન કર્યું ને ધૃતરાષ્ટ્રને પણ તે ખબર આપી. આ વખતે આશ્રમમાં બધા પાંડવો હાજર હતા, એવામાં ત્યાં આગળ સત્યવતીનંદન વ્યાસ, નારદ અને અન્ય મુનિઓ યુધિષ્ઠિરને મળવા માટે આવ્યા. ત્યારે કુન્તીએ વ્યાસને કહ્યું: 'દ્વૈપાયન! મેં મારા પુત્ર કર્ણને જન્મ્યા પછી જોયો નથી તો તમે એક વાર કર્ણને હું જોઉં તેવો ઉપાય કરો.'

ગાંધારીએ કહ્યું: મારા પુત્રો યુદ્ધમાં

ખપી ગયા, હું એમને આંખ ભરીને જોવા પણ પામી નથી, તો એક વાર મારા પુત્રો મને બતાવવાની કૃપા કરો. સુભદ્રાએ કહ્યું : 'અભિમન્યુના દર્શનની મને ઇચ્છા છે.' સર્વની ઇચ્છા સાંભળી વ્યાસે જગજનની દેવી દુર્ગાની સ્તુતિ કરવા માંડી : હે દેવી ! જે સમયે કોઇ દેવતા પણ નથી રહેતા તે સમયે પણ તમે વિરાજમાન રહો છો....હે મા ! હું તમારાં ચરણોમાં મસ્તક ઝુકાવું છું. હે માતા ! આ બધા પોતાને સંબંધિત મૃત વ્યકિતઓને પુનઃ જોવા માટે મને કહી રહ્યા છે, પરંતુ મારામાં એવું સામર્થ્ય કયાં છે ? માટે તમે તેઓના સ્વર્ગવાસી પરિજનોને તુરત જ બતાવવાની કૃપા કરો.

આમ વ્યાસમુનિએ ભગવતી ભુવનેશ્વરીને સ્તુતિ કર્યા પછી તે સ્થળે બધાને ભેગા કર્યા અને જેમને જે મૃતાત્માઓને જોવાની ઇચ્છા હતી તે ભગવતીની કૃપાથી ત્યાં દ્રશ્યમાન થયા. પોતાના મૃત સ્વજનોને જોઇ કુન્તી, ગાંધારી, સુભદ્રા, ઉત્તરા અને પાંડવો મોહમાં પડી ગયા. પછી વ્યાસ મુનિએ ભગવતીને સ્તુતિ કરી તે સાથે જ ઇંદ્રજાળની જેમ પ્રકટ થયેલા મૃતાત્માઓ અદ્રશ્ય થઇ ગયા. ત્યારબાદ પાંડવો વગેરે હસ્તિનાપુર જવાની રજા લઇ માર્ગમાં વ્યાસ વિષે વાતો કરતા....કરતા હસ્તિનાપુર પહોંચ્યાં. ૬૮

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'પાંડવાખ્યાન' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### રાજા પરીક્ષિતનું વૃત્તાંત

સૂત ઉવાચઃ

તતો દિને તૃતીયે ધૃતરાષ્ટ્રઃ સ ભૂપતિઃ ।
દાવાગ્નિના વને દગ્ધઃસભાર્યઃ કુંતિસંયુતઃ ॥

સૂતે કહ્યું : એ બનાવ પછી ત્રીજા જ દિવસે વનમાં દાવાનળ પ્રગટતાં ધૃતરાષ્ટ્ર ગાંધારી અને કુન્તી બળી ગયાં, પણ એ પહેલાં જ તેમની સાથે રહેલો સંજય તીર્થયાત્રા કરવા ચાલ્યો ગયો હતો.

યુધિષ્ઠિરે નારદદ્વારા આ સમાચાર જાણ્યા ત્યારે તેને બહુ જ દુઃખ થયું. કૌરવોનો સંહાર થયા પછી છત્રીસ વર્ષ બાદ યાદવોનો પણ સંહાર થઇ ગયો. બ્રાહ્મણના શાપથી બધા યાદવો પ્રભાસ–ક્ષેત્રમાં આપસઆપસમાં લડી મરાયા હતા. ભગવાન શ્રીકૃષ્ણે પણ તે પછી લીલા સંકેલી લીધી. શ્રીકૃષ્ણની દ્વારકાપુરીને પણ સમુદ્રે ડુબાડી દીધી. અર્જુને હસ્તિનાપુર જઇ યુધિષ્ઠરને સર્વ વૃત્તાંત ખેદપૂર્વક કહ્યું તે સાંભળી મહારાજા યુધિષ્ઠિરે હિમાલય જવાનો નિર્ણય કરી ઉત્તરાના છત્રીસ વર્ષના પુત્ર પરીક્ષિતને રાજગાદી પર બેસાડયો. એક વખત મૃગયા રમવા નીકળેલો પરીક્ષિતરાજા વનમાં ખૂબ આથડયો પણ શિકાર હાથ ન આવતાં તે ખૂબ થાકી ગયો, વળી ભૂખ અને તરસથી પણ પીડાતો હતો. એવામાં એક આશ્રમ નજરે પડતાં તે ત્યાં ગયો તો મુનિ ધ્યાનમાં બેઠા હતા. તેણે મુનિ પાસે જળ માગ્યું, પણ કંઇ ઉત્તર મળ્યો નહિ તેથી પરીક્ષિત રાજા

ક્રોધે ભરાયો ને દૂર મરેલો પડેલો એક સાપ ધનુષની અણીથી ઊઠાવી મુનિના ગળામાં ભેરવી દીધો, તો પણ તે મુનિ કંઇ જ બોલ્યા નહિ. પછી પરીક્ષિત રાજા પોતાના મહેલે ચાલ્યો ગયો.

આ તપસ્વી મુનિનો 'ગવિજાત' નામનો મહાતપસ્વી અને અપરિમિત શક્તિવાળો પુત્ર હતો. નજીકના જંગલમાં તે રહેતો હતો. તેને પરીક્ષિત રાજાના દુષ્યકૃષ્યની ખબર પડી એટલે તે ક્રોધથી તમતમી ઊઠયો. તે જ વખતે તેણે હાથમાં જળ લઇ પરીક્ષિતને શાપ આપ્યો કે 'જેણે આજે મારા પિતાના ગળામાં મરેલો શાપ લટકાવ્યો છે તે નરાધમને આજથી સાતમે દિવસે તક્ષક નાગ કરડે.' મુનિનો એક શિષ્ય આ સાંભળી પરીક્ષિત રાજાને મહેલે ગયો ને ઋષિપુત્રે દીધેલા શાપની હકીકત કહી.

પરીક્ષિતરાજા એ સાંભળી ગભરાયો. તેણે પોતાના સર્વ મંત્રીઓને કહ્યું: 'મારા અપરાધથી જ એ ઋષિપુત્રે મને શાપ આપ્યો છે, તો હવે મારે શું કરવું ? બ્રાહ્મણનો શાપ અફળ જાય નહિ. આ મારૂં મૃત્યુ નિવારાય તેવું નથી, છતાં શાણા મનુષ્યે તે અંગે શાસ્ત્રોક્ત ઉપાયો કરવા જોઇએ. વળી મણિ, મંત્ર અને ઔષધિનો પ્રભાવ એવો હોય છે કે જેનાથી મરેલા પણ સજીવન થાય છે. પહેલાંની વાત છે : એક મુનિની સ્ત્રીને સર્પ ડસ્યો, તે મરી ગઇ. મુનિએ મંત્રના પ્રભાવથી તેને સજીવન કરી અને પોતાનું અર્ધું આયુષ તેને અર્પણ કર્યું. આ ઉદાહરણ ઉપરથી સમજાય છે કે પ્રયત્ન કરવાથી જરૂર શુભ થાય છે.'

આ સાંભળી મંત્રીઓએ તે મુનિનું વૃત્તાંત જાણવાની ઇચ્છા વ્યક્ત કરી તો પરીક્ષિત રાજાએ કહ્યું: 'ભૃગુઋષિની પુલોમા નામની સ્ત્રી પ્રસિદ્ધ છે, સાંભળ્યું છે : એ પુલોમાના ઉદરમાંથી ચ્યવનઋષિ ઉત્પન્ન થયા હતા. ચ્યવનમુનિની સ્ત્રીનું નામ સુકન્યા હતું. તે સુકન્યા શર્યાતિ રાજાની સુંદર પુત્રી હતી. સુકન્યાના ઉદરથી 'પ્રમતિ' નામે પુત્ર ઉત્પન્ન થયો, જે બહુ પ્રખ્યાત રાજા હતો. પ્રમતિની સ્ત્રીનું નામ 'પ્રતાપી' હતું, તે પ્રતાપીના ગર્ભથી 'રૂરૂ' નામે મુનિ જન્મ્યા જે અત્યંત તેજસ્વી હતા. એ જ અરસામાં 'સ્થૂલકેશ' નામના એક મુનિ તપ કરતા હતા, તે વખતે મેનકા નામની અપ્સરા નદીના કિનારે આવી જલક્રીડા કરવા લાગી. એવામાં વિશ્વાવસુ મુનિ ત્યાં આવ્યા તેમણે મેનકા સાથે સંગ કર્યો, પરિણામે મેનકા ગર્ભવતી થઇ ચાલી ગઇ. મુનિ પણ ચાલ્યા ગયા. કેટલોક સમય વીત્યા બાદ સ્થૂલકેશ મુનિના આશ્રમ નજીક મેનકા ગઇ અને ત્યાં એક કન્યાને જન્મ આપી, કન્યાને ત્યાં રહેવા દઇ જતી રહી. એવામાં સ્થૂલકેશ મુનિએ તે અનાથ કન્યાને જોઇ. દયા આવવાથી પોતાની પાસે રાખી લીધી. તેમણે તેનું રૂડી રીતે પાલન-પોષણ કરવા માંડયું. મુનિએ તેનું નામ 'પ્રમદ્વરા' રાખ્યું. સમય વીતતાં તે કન્યા સર્વાંગ

સુંદર યુવાન સ્ત્રી બની ગઈ. અને સર્વ લક્ષણોથી યુક્ત થઈ. એક વેળા રુરુ-મુનિએ આ સુંદરી 'પ્રમદ્વરા'ને જોઈ અને કામદેવના બાણોથી ઘવાયા. ૪૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'રાજા પરીક્ષિતનું વૃત્તાંત' નામનો
૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### રુરુમુનિનું વૃત્તાંત

પરીક્ષિત ઉવાચ:

કામાર્ત: સ મુનિર્ગત્વા રુરુ: સુપ્તો નિજાશ્રમે ।
પિતા પ્રપચ્છ દીનં તં કિં રુરો વિમના અસિ ॥

પરીક્ષિત રાજાએ કહ્યું : હે મંત્રીઓ! કામબાણથી પીડાતો રુરુ તેના આશ્રમે ગયો અને પિતાને સર્વ હકીકત કહી જણાવ્યું કે: 'મારે તે પ્રમદ્વરા' સાથે પરણવું છે!' આ જાણી રુરુના પિતા પ્રમતિએ સ્થૂલકેશ મુનિ પાસે જઈ કન્યા 'પ્રમદ્વરા'ની માગણી તેમના પુત્ર માટે કરી અને સ્થૂલકેશે તે માટે ખુશી દર્શાવી, પણ વિવાહ થાય તે પહેલાં જ કન્યા 'પ્રમદ્વરા'ને સર્પે દંશ દીધો. કન્યા ઝેર ચડવાથી મરણ પામી ને ત્યાં ભારે રોકકળ મચી ગઈ. આ ખબર પડતાં 'પ્રમદ્વરા'ને ચાહનારો રુરુ પણ ત્યાં આવીને ખૂબ વિલાપ કરવા લાગ્યો: 'અરેરે! મેં હજી પ્રિયાને સ્પર્શ પણ કર્યો નથી, તેને આલિંગી પણ નથી ને, એકાએક આ શું થઈ ગયું? હવે મારે જીવીને શું કરવું છે? પણ આત્મહત્યા તો મહાપાપ ગણાય છે. પછી કંઈક વિચારી તે નદી કિનારે ગયો ને સ્નાન કરી આચમન લઈ હાથમાં જળ રાખી રુરુ બોલ્યો: 'આજ સુધીમાં મેં જે કંઈ પુણ્ય કર્યું હોય, દેવ અને ગુરુને ભક્તિપૂર્વક પૂજ્યા હોય. જે કંઈ જપ-તપ–હોમ કર્યા હોય, સંખ્યા વગરના ગાયત્રી જાપ કર્યા હોય, વેદો ભણ્યા હોય અને સૂર્યને આરાધ્યા હોય તે બધાં સત્કર્મોને પ્રતાપે મારી પ્રિયા સજીવન થાઓ.' આમ કહી રુરુએ પોતાના આરાધ્ય દેવોને સંબોધી હાથમાંનું જળ પૃથ્વી પર નાંખ્યું. ત્યાં તો દેવદૂતે આવી તેને કહ્યું: 'હે બ્રાહ્મણ! હું કહું તે પ્રમાણે કર. પહેલાં દેવોએ જે ઉપાય કર્યો હતો તે કહું છું: તારા આયુષ્યમાંથી અર્ધું આયુષ્ય પ્રમદ્વરાને અર્પણ કર, તું પ્રબળ ભાવથી તેવું કરીશ તો અવશ્ય તે સજીવન થશે.' રુરુએ તેમ કહ્યું તેજ વેળા પોતાની પુત્રીને મરણ પામેલી જાણી વિશ્વાવસુ ગંધર્વ વિમાનમાં બેસી ત્યાં આવ્યો ને તે પેલા દૂતને સાથે લઈને ધર્મરાજા પાસે ગયો. તે દૂતે ધર્મરાજાને કહ્યું: 'મહારાજા! આ વિશ્વાવસુની પુત્રી પ્રમદ્વરા સર્પદંશથી મૃત્યુ પામી છે, તો હે સૂર્યદેવ! તેની પાછળ મૃત્યુ ઇચ્છતા રુરુના અર્ધા ભાગના આયુષથી અને તેના તપ ને પુણ્યનાં પ્રભાવથી તેની પ્રિયા પ્રમદ્વરા સજીવન થાઓ.'

ધર્મરાજાની કૃપાથી તે દૂતે મરણ પામેલી પ્રમદ્વરાને સજીવન કરી રુરુને સોંપી દીધી, પછી શુભ દિવસ, શુભ મુહૂર્ત જોઈ રુરુએ તેની સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં.' પરીક્ષિત રાજાએ આ વાત મંત્રીઓને પૂરી સંભળાવી કહ્યું: 'આ

પ્રમાણે ઉપાયો કર્યા તો તે મરેલી સ્ત્રી જીવતી થઇ હતી માટે મારે પણ મૃત્યુથી બચવા માટે મણિ, મંત્ર કે ઔષધીનો ઉપાય કરવો જોઇએ.' આમ કહી પરીક્ષિત રાજાએ પોતાના મહેલની ચારે તરફ પૂરતો બંદોબસ્ત કરાવ્યો અને પોતે મહેલના સાતમા માળે મંત્રીઓથી વિંટળાઇને બેઠો. એક મંત્રીને તેણે શાપ આપનાર ઋષિપુત્ર પાસે પણ મોકલ્યો હતો. મહેલની ચારે તરફ મોટા હાથીઓ ઊભા રાખી દીધા હતા કે જેથી મહેલમાં કોઇ પ્રવેશી શકે નહિ. સાત દિવસમાં તેનું મૃત્યુ થવાનું હતું તેથી તે દિવસો ગણતો હતો. એવામાં 'કશ્યપ' નામના મંત્રવેત્તા બ્રાહ્મણને રાજાના શાપની ખબર પડી તેથી ધન મેળવવાની લાલચે મુનિઓમાં શ્રેષ્ઠ તે કશ્યપ બ્રાહ્મણ રાજાના મહેલે જવા પોતાના ઘેરથી માર્ગ પર નીકળ્યો. ૫૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'રુરુમુનિનું વૃત્તાંત' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### તક્ષક નાગનું આગમન

સૂત ઉવાચ :

તસ્મિન્નેવ દિને નામ્ના–
તક્ષકસ્ત નૃપોત્તમમ ।
શસં જ્ઞાત્વા ગૃહાત્તુર્ણં–
નિસ્રતઃ પુરુષોત્તમઃ ॥

સૂતે કહ્યું : મંત્રવેત્તા કશ્યપ બ્રાહ્મણ ઘેરથી નીકળી માર્ગમાં આવ્યો તો માર્ગમાં તક્ષકનાગ પુરુષરૂપે તેને મળ્યો.

રાજા પરીક્ષિતને મુનિપુત્રે શાપ આપ્યો છે તે વાતની ખબર તક્ષકનાગને ક્યારની પડી ગઇ હતી. વળી કશ્યપ નામના મંત્રવેત્તા બ્રાહ્મણે ધનના લોભે રાજાને સહાય કરવા હામ ભીડી હતી તે ખબર પણ તેને પડી હતી, તેથી તક્ષકનાગ જે દિવસે કશ્યપ બ્રાહ્મણ પરીક્ષિત રાજા પાસે જવા પોતાના ઘેરથી નીકળી માર્ગમાં આવ્યો ત્યારે તક્ષક પણ સુંદર મનુષ્યનું રૂપ ધારણ કરી પોતાના રહેઠાણેથી નીકળી પડયો હતો. તે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇને જે માર્ગે કશ્યપ જવાનો હતો તે માર્ગ ઉપર આવ્યો, એવામાં પરીક્ષિત રાજા પાસે જઇ રહેલો કશ્યપ બ્રાહ્મણ તેને દેખાયો એટલે તેણે કશ્યપને પૂછ્યું ; 'હે બ્રાહ્મણ! તમે આમ ક્યાં જાઓ છો?' કશ્યપે કહ્યું : 'પરીક્ષિત રાજાને તક્ષકનાગ કરડે તે પહેલાં હું ત્યાં જઇ મંત્રબળથી પરીક્ષિતનો જીવ બચાવવા માગું છું.' આ સાંભળી પુરુષ વેશમાં રહેલા તક્ષકનાગે કહ્યું : 'એ તક્ષકનાગ હું જ છું. મારા ઝેરને ઉતારવા કોઇ સમર્થ નથી, માટે તમે ઘેર પાછા ચાલ્યા જાઓ.' તો કશ્યપે પણ કહ્યું : 'હું એને ઉગારીશ એવી મારામાં શક્તિ છે. તમારે મંત્રશક્તિનું પારખું કરવું હોય તો કરી જુઓ.'

આ સાંભળી પુરુષરૂપે રહેલા તક્ષકે ત્યાં રહેલા એક ઝાડને દંશ દીધો તે સાથે જ ઝાડ બળીને ભસ્મ થઇ ગયું.

આમ મનુષ્યરૂપે રહેલા તક્ષકનાગે એ વૃક્ષને દંશ દઇને વિષાગ્નિથી તેને

રાખ બનાવી દીધું ને અટ્ટહાસ્ય કરી કશ્યપને કહ્યું : 'હે મંત્રવિશારદ! તમે મહાન મંત્રવેત્તા કહેવાઓ છો તો આ બળીને રાખ થયેલા ઝાડને પહેલાં હતું તેવું તમારી મંત્રશક્તિથી કરો.'

તો કશ્યપે તે રાખના ઢગલા પર મંત્ર ભણીને જળનો છંટકાવ કર્યો એટલે તરત જ પહેલાંની જેમ ઝાડ ઊભું થઇ ગયું. આ જોઇ તક્ષક ડઘાઇ ગયો. તેણે વાતવાતમાં કશ્યપ પાસેથી જાણી લીધું હતું કે ધનની આશાએ તે પરીક્ષિત રાજા પાસે જાય છે, અને લોભિયો ધનને ખાતર બધું કરવા તૈયાર થાય. એટલે તેણે બુદ્ધિ લડાવી કશ્યપને ઘણું ધન આપીને રાજી કરીને તેને સત્વર ઘેર પાછો મોકલી દીધો.

જ્યારે સાતમો દિવસ થયો ત્યારે તક્ષકનાગ પોતાની સાથે બીજા નાગોને લઇ હસ્તિનાપુર ગયો. ત્યાં તેને જાણવા મળ્યું કે પરીક્ષિત રાજા મહેલના સાતમા માળે મંત્ર, મણિ અને ઔષધિથી રક્ષાઇ રહ્યો છે.' આ જાણી તક્ષક વિચારવા લાગ્યો કે : 'હવે મારે પરીક્ષિત રાજાના મહેલમાં પ્રવેશવું શી રીતે? બ્રાહ્મણના શાપથી હણાયેલા રાજાને હું છેતરીશ કેવી રીતે? મૃત્યુ કયારેય રોકી શકાતું નથી, કોઈ તેને ટાળી શકતું નથી? દૈવે નક્કી કરેલા મોતને કોઈ રોકી શકતું નથી. તેને ઋષિને કષ્ટ આપવાથી શાપ મળ્યો છે, તે કયારેય નિષ્ફળ જશે નહિ. મારે ત્યાં જવું મુશ્કેલ છે, એટલે કંઇ યુક્તિ કરું.' એમ વિચારી તક્ષકે પોતાની સાથેના નાગોને ફળ-ફુલ વગેરે આપી, એક મોટા ફળમાં પોતે કીડારૂપે પેસી તેઓને તાપસ વેષે પરીક્ષિત રાજાના મહેલે મોકલ્યા. પણ દ્વારપાળોએ તેમને મહેલમાં જવા દીધા નહિ એટલે તે તાપસોએ પોતાની સાથેના ફળો વગેરે રાજાને મોકલ્યા.... રાજાએ તેમાંનું મોટું ફળ જાતે કાપ્યું તો તેમાં એક કાળી ચમકતી આંખોવાળો લાલ કીડો સળવળતો તેણે જોયો.

આ કીડો રંગે લાલ હતો પણ તેની આંખો કાળી હતી. એને ઉત્તરાનંદન પરીક્ષિત રાજાએ એકીટસે જોયો અને મંત્રીઓ પણ તેને ધ્યાનપૂર્વક જોવા લાગ્યા. સર્વના આશ્ચર્યનો પાર નહોતો. કેટલાક તો તેને જોઇને શંકા-આશંકા કરતા દૂર જઇને ઊભા રહ્યા.

તેને જોઇ રાજા વિસ્મય પામ્યો, પછી તેણે મંત્રીઓને કહ્યું : 'અત્યારે સુર્યાસ્ત થવાની તૈયારી છે એટલે ઝેરનો મને ભય નથી, માટે આ કીડો ભલે મને કરડે.' એમ કહી પરીક્ષિત રાજાએ ફળમાંથી તે લાલ કીડાને બહાર કાઢી પોતાની ડોક ઉપર મૂકયો. આ કીડોજ તક્ષકનાગ હતો. જ્યારે સુર્યાસ્ત પામ્યો ત્યારે કીડામાંથી મોટો તક્ષકનાગ થઇ ગયો ને રાજાના શરીરે વીંટળાયો, પછી તેણે રાજાને દંશ દીધો એટલે બધા રડવા લાગ્યા ને મોટા પ્રચંડ કાળા નાગને જોઇ બધા દૂર ખસી ગયા. મહેલમાં કોલાહલ

થઈ રહ્યો. પરીક્ષિત અચેત પડયો હતો.

તક્ષકનાગના બિહામણા શરીર વડે ઉત્તરાના પુત્ર પરીક્ષિત રાજાનું બધું જ પરાક્રમ વિલિન થઇ ગયું હતું જેથી તેનાથી કંઇ જ બોલી શકાયું નહિ, તેનાથી બોલાતું, હલાતું, ચલાતું નહોતું. એવામાં એના મુખમાંથી ઝેરરૂપી પ્રચંડ અગ્નિશિખા નીકળી તે સાથે જ રાજા પ્રાણરહિત થઇ ગયો. તે પછી તક્ષક આકાશમાં અદશ્ય થઇ ગયો. તે વેળા તે જાણે સર્વ જગતને બાળી નાખવા માગતો હોય એવો લાગતો હતો, એવા તેને બધા આશ્ચર્યચકિત થઇને જોઇ રહ્યા. ત્યાં આગળ પરીક્ષિત બળેલા ઝાડની જેમ પ્રાણરહિત થઇ પડયો હતો. અને ત્યાં રહેલા સર્વ મનુષ્યો રાજાને મરણ પામેલો જોઇ કલ્પાંત કરી રહ્યા હતા. ૬૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'તક્ષક નાગનું આગમન' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### જનમેજયે યોજેલો સર્પયજ્ઞ

સૂત ઉવાચઃ

ગતપ્રાણં તુ રાજાનં બાલપુત્રં સમીક્ષ્ય ચ ।
ચક્રુશ્ચ મંત્રિણઃ સર્વે પરલોકસ્ય સત્ક્રિયાઃ ॥

સૂતે કહ્યું : પરીક્ષિત રાજાને મરેલો જોઇ તેમજ તેના પુત્રને હજુ બાળક જોઇ, સર્વ મંત્રીઓએ ભેગા મળી મરણક્રિયાઓ કરી. જો કે રાજા નાગના ઝેરથી બળીને



ભસ્મ જેવો જ થઇ ગયો હતો છતાં તેના દેહને ગંગા તીરે લઇ જઇ ચંદનકાષ્ટની ચિતા પર સુવાડયો અને પુરોહિતોએ વેદમંત્રો વડે તેની મરણક્રિયા કરી. રાજાની પાછળ તેઓએ પુષ્કળ દાન કરી તેના બાળકને રાજગાદી પર બેસાડયો. તેનું નામ 'જનમેજય' રાખ્યું. ધાવમાતાએ તેને સારા સંસ્કાર આપી ઉછેરવા માંડયો, મોટો થતાં તે સર્વ વિદ્યાઓ શીખ્યો....કૃપાચાર્યે તેને પૂર્ણ ધનુર્વેદ આપ્યો. આમ જનમેજય વેદમાં પારગામી, ધર્મશાસ્ત્રોના અર્થમાં કુશળ અને બળવાન થયો. તેની યોગ્યતા જોઇ કાશીનરેશ સુવર્ણવર્માએ 'વપુષ્ટમા' નામની પોતાની કન્યા તેને પરણાવી. રાજ્યનો સર્વ કારોબાર મંત્રીઓને સોંપી તે પત્ની સાથે વિહાર કરી સુખમાં રહેવા લાગ્યો. એક વેળા ઉત્તંક મુનિ જેમના ગળામાં મરેલો સાપ વિંટાળી પરીક્ષિતે તેમને કષ્ટ આપ્યું હતું તે મુનિ વેરનો બદલો લેવા પરીક્ષિતના પુત્ર જનમેજય પાસે આવ્યા. અને તેને કહેવા લાગ્યા :

'હે જનમેજય ! તું અત્યારે સુખભોગ માણી રહ્યો છે, પરંતુ તારા પિતાના વેરનો બદલો લેવાનું કેમ સુઝતું નથી. તને ખબર તો છે કે તારા પિતાનું મૃત્યુ ઋષિપુત્રના શાપથી તક્ષક નાગ મારફતે થયું છે. એ તક્ષકે જ તારા પિતાનો નાશ કર્યો છે. કશ્યપ નામનો મંત્રવેત્તા બ્રાહ્મણ તારા પિતાની રક્ષા કરવા તારા મહેલે આવતો હતો તો તક્ષક-

નાગે મનુષ્યરૂપે તેને મળી, પુષ્કળ ધન આપી તેને પાછો કાઢયો હતો. મણિ, મંત્ર ને ઔષધિના ઉપાયથી અનિષ્ટ થતું અટકી શકે છે. પહેલાં રુરુએ પોતાની સર્પદંશથી મરણ પામેલી પત્નીને પોતાનું અર્ધું આયુષ અને પોતે કરેલું પુણ્ય અર્પણ કરી સજીવન કરી હતી.

તારા પિતા પણ એવા જ કોઇ ઉપાયથી ઉગરી જાત, પરંતુ તક્ષક નાગે તેમ થવા દીધું નહિ અને તેણે પોતાનું ધાર્યું કર્યું. તારે પિતાનો નાશ કરનાર સર્પજાતિ ઉપર શત્રુતા રાખવી જોઇએ તેના બદલે તું તો સુખ ભોગવી રહ્યો છે, માટે તારા પિતાની સદ્ગતિ થાય તે માટે તું અંબાયજ્ઞ નિમિત્તો 'સર્પસત્ર' નામનો યજ્ઞ કર.' આ સાંભળી જનમેજય ખૂબ રડયો અને મુનિને વિશ્વાસ આપ્યો કે પોતે હવે સર્પયજ્ઞ યોજીને પિતાના વેરનો બદલો લેશે.' આ સાંભળી ઉત્તંક મુનિ ત્યાંથી ચાલી ગયા, પછી જનમેજયે સર્પયજ્ઞનું આયોજન કરવા માંડયું તો તેથી ગભરાયેલો તક્ષક નાગ ઇન્દ્રરાજા પાસે ગયો ને તેમને પોતાનું અને સર્પ જાતિનું રક્ષણ કરવા કહ્યું. તો ઇન્દ્રે તેને પોતાના આસન પાસે બેસાડી અભય વચન આપ્યું. આ બાજુ જનમેજયે યોજેલા સર્પ યજ્ઞમાં સર્પોની આહુતિ આપવાનો આરંભ થઇ ગયો હતો. ઉત્તંક મુનિએ જાણ્યું કે તક્ષક નાગ ઇન્દ્રને શરણે ગયો છે એટલે તેમણે ઇન્દ્ર સહિત તક્ષકને આવાહન કર્યું, એટલે તક્ષક નાગે ધર્માત્મા મુનિકુમાર આસ્તિકનું સ્મરણ કર્યું એટલે તે મુનિકુમાર તુરત જ સર્પ યજ્ઞ થતો હતો તે સ્થળે ગયા. તેમને જોઇ જનમેજયે પ્રણામ કર્યા, તો મુનિકુમારે તેને આ યજ્ઞ બંધ કરવાનો આદેશ આપ્યો ને જનમેજયે તેમનું માન તુરત જ રાખી યજ્ઞ બંધ કરાવ્યો. ત્યારબાદ વૈશમ્પાયને જનમેજયને શાંતિ થાય તે માટે મહાભારતની કથા સંભળાવી, પરંતુ જનમેજયને શાંતિ મળી નહિ, તેથી તેણે વ્યાસજીને કહ્યું : 'મારા ચિત્તને પૂર્ણ શાંતિ મળે એવો કયો ઉપાય છે? મારું મન ખૂબ જ બળે છે, તો હું શું કરું? હે મહાભાગ! ક્ષત્રિયો યુદ્ધમાં અગર ઘેર સામાન્ય રીતે મરે તે મરણ સારું ગણાય, પણ મારા પિતાનું મૃત્યુ સારી રીતે થયું નથી. તેઓ ખરાબ રીતે મૃત્યુ પામ્યા છે. માટે હે સત્યવતીના સુપુત્ર! આ માટે તમે એવો અતિ ઉત્તમ ઉપાય બતાવો કે જેથી દુર્ગતિ પામેલા મારા પિતાની તુરત જ સદ્ગતિ થાય. તેઓ સ્વર્ગને પામે. ૬૫

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે
'જનમેજયે યોજેલો સર્પયજ્ઞ' નામનો
૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### શ્રીમદ્ ભાગવત પુરાણનું માહાત્મ્ય

સૂત ઉવાચ :

તચ્છ્રુત્વા વચનં તસ્ય-
વ્યાસઃ સત્યવતી સુતઃ ।
ઉવાચ વચનં તત્ર સભાયાં નૃપતિં ચ તમ્ ।।

સૂત બોલ્યા : જનમેજયનું એ વચન

સાંભળી સત્યવતીના પુત્ર વ્યાસે કહ્યું : 'હે રાજન્ ! તને પૂર્ણ શાંતિ શ્રીમદ્ ભાગવતપુરાણ સાંભળવાથી મળશે, જે ઘણું જ અદ્ભુત, સર્વ વેદોના સારરૂપ, ગુહ્ય અને વિવિધ આખ્યાનોવાળું છે. તું તેને એકાગ્રતાથી સાંભળ.' જનમેજયે તેમને પૂછ્યું કે, યજ્ઞમાં વિઘ્ન કરવા આવનાર આસ્તિક કોણ છે તે જાણવાની મને ઇચ્છા છે, ત્યારે વ્યાસે કહ્યું : એક જરત્કારુ નામના સૌમ્ય સ્વભાવવાળા મુનિ હતા. તેમને પિતૃ મારફત આજ્ઞા મળી કે તે કોઇ સ્ત્રી સાથે વિવાહ કરે તો તેની સદ્ગતિ થાય. પણ જરત્કારુએ કહ્યું કે પોતાને સમાન નામવાળી તથા નિરંતર આધિન રહેનારી કન્યા જો વિના માંગે મળશે તો પોતે અવશ્ય તેની સાથે સહર્ષ વિવાહ કરશે.' આ અરસામાં પોતાની માતાથી શાપ પામેલા વાસુકિ પ્રભુતિ નાગ બ્રહ્માને શરણે ગયા અને શાપથી ઉત્પન્ન થયેલા ભયની વાત કરી તો બ્રહ્માએ તે વાસુકિ નાગને કહ્યું : હે વાસુકે ! જરત્કારુ નામના એક મુનિને તેમના સમાન નામવાળી તારી બહેન જરત્કારુ છે તે તેમને પરણાવી દે. તેના ગર્ભથી જે પુત્ર ઉત્પન્ન થશે તે સર્વ સર્પજાતિનું રક્ષણ કરવા સમર્થ થશે. તે પુત્ર 'આસ્તિક' નામથી જગતમાં વિખ્યાત થશે.' બ્રહ્માજીના આવાં વચનો સાંભળી વાસુકિએ પોતાની બહેન જરત્કારુને તેવું જ નામ ધરાવતાં જરત્કારુ મુનિ સાથે પરણાવી દીધી; પરંતુ તેને સ્વીકારતી વખતે જરત્કારુ મુનિએ વાસુકિને કહ્યું કે : 'આ તમારી બહેન મારે આધીન નહિ રહે અને મારૂં કંઇ પણ અપ્રિય કરશે તો હું તરત જ તેને ત્યજી દઇશ !'

આ સાંભળી વાસુકિ પોતાની બહેનને શિખામણ આપી ત્યાંથી પોતાને સ્થાને જતો રહ્યો. ત્યારબાદ જરત્કારુ મુનિ એક આશ્રમ બાંધી પત્ની સાથે સુખરૂપ રહેવા લાગ્યા.

એકવેળા આ મુનિએ સૂતાં પહેલાં પોતાની પત્નીને ભલામણ કરી કે, 'ગમે તે કારણથી પણ મને ઊંઘમાંથી જગાડીશ નહિ.' પત્નીએ 'સારૂં' કહ્યું, પણ કેટલાક સમય પછી તેણે સૂર્યને આથમતો જોયો ત્યારે ધર્મનો નાશ થવાના ભયે મુનિને જગાડયા. તે સાથે જ મુનિ ક્રોધે ભરાયા અને પત્નીને તેના ભાઇને ત્યાં ચાલ્યા જવાની આજ્ઞા કરી ત્યારે તેણે રડતાં રડતાં કહ્યું : મારાં ભાઇએ મને જે માટે તમને આપી છે, તેનું હવે કેમ થશે ?' તો મુનિએ શાંતિથી પોતાની પત્ની જરત્કારુને કહ્યું : 'તે થઇ ગયું છે.' ને પછી તેને તુરત જ ચાલી જવા આજ્ઞા કરી. જરત્કારુ રૂદન કરતી પોતાના ભાઇ વાસુકિ પાસે ગઇ તો ભાઇએ પૂછ્યું : 'બહેન ! એકાએક કેમ આવવું થયું ? તું ઉદાસ કેમ છે ?' તો બહેન જરત્કારુએ સર્વ વૃત્તાંત કહી જણાવ્યું કે મુનિએ પોતાનો ત્યાગ કર્યો છે અને 'તે થઇ ગયું છે' એટલું કહી તેઓ પણ કયાંય ચાલ્યા ગયા છે. વાસુકિએ પછી બહેનને પોતાના આશ્રમે રાખી, કેટલાક સમય

બાદ તેને મુનિના સંગથી થયેલો પુત્ર જન્મ્યો. તેનું નામ 'આસ્તિક' રાખ્યું.

વ્યાસ મુનિએ આમ 'આસ્તિક' વિષેનું સર્વ વૃત્તાંત સંક્ષેપમાં જનમેજયને સંભળાવી પછી કહ્યું: 'તે મુનિએ જ પોતાના મોસાળપક્ષની રક્ષા અર્થે મુનિ આસ્તિક દ્વારા યજ્ઞને રોકયો છે. હે જનમેજય! તને સારી બુદ્ધિ સુઝી કે, વાસુકિના ભાણેજ આસ્તિકના કહેવાથી તેં યજ્ઞ બંધ રાખ્યો, આ ઘણું જ સારૂં કર્યું છે. તેં પિતા પાછળ પુષ્કળ દાન કર્યાં. આખું મહાભારત સાંભળ્યું, ઋષિ-મુનિઓને પૂજ્યા છતાં તારા એ પુણ્યથી તારા પિતા પરીક્ષિતની સદ્ગતિ થઇ નથી, માટે મારૂં કહેવું માનીને હવે તું ભગવતી જગદમ્બાદેવીનું વિશાળ અને સુંદર મંદિર બંધાવ, જેના પુણ્યથી તને શાંતિ અને સંપૂર્ણ સિદ્ધિ મળશે. ઉત્તમ ભક્તિથી નિત્ય આરાધન કરવાથી ભગવતી ભક્તોની સર્વ અભિલાષાઓ પૂર્ણ કરે છે. હે રાજા! તું નવરાત્રિવ્રત કરીને શ્રીમદ્ દેવીભાગવતનું ભક્તિથી શ્રવણ કર, એ પુરાણ હું જ તને સંભળાવીશ. એ કથા અલૌકિક પરમપવિત્ર સંસારથી ઉદ્ધાર કરનારી અને સર્વ રસોથી પરિપૂર્ણ છે. માટે તું વિધિથી નવરાત્રિ વ્રત-દેવીયજ્ઞ કરી દેવી ભાગવત પુરાણનું શ્રવણ કર.

પૃથ્વી ઉપર આ પુરાણ જેવું શ્રેષ્ઠ બીજું કોઇ પુરાણ નથી અને અંબિકા-દેવીના ચરણારવિંદ સિવાય બીજું કંઇ સેવવા યોગ્ય નથી. જેણે આ ભરતખંડમાં મહામાયા જગદમ્બિકાને પૂજ્યા નથી તેનો જન્મારો વ્યર્થ છે, તે હંમેશ દુઃખી રહે છે. બ્રહ્મા આદિ દેવો પણ નિત્ય જેના પૂજન માટે તત્પર રહે છે તે દેવીને કયો મનુષ્ય ન પૂજે? ભગવતીદેવીએ વિષ્ણુને કહેલું કે આ દિવ્ય પુરાણ શ્રવણ કરનારનાં સર્વ મનોરથો પૂર્ણ થાય છે, માટે હે જનમેજય! તું એ દેવીભાગવત પુરાણનું શ્રવણ કરીશ એટલે તારા ચિત્તને શાંતિ મળશે અને પિતૃઓને અક્ષય-સ્વર્ગ પ્રાપ્ત થશે. ૬૪

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે 'શ્રીમદ્ ભાગવત પુરાણનું માહાત્મ્ય' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત-સ્કંધ બીજો સમાપ્ત

## ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः




# શ્રી મહિષાસૂર મર્દિની

## સ્કંધ ત્રીજો

# સ્કંધ ત્રીજો

## અધ્યાય ૧ લો

### જગદમ્બિકા કોણ ?

જનમેજય ઉવાચ :

ભગવન્ ભવતા પ્રોક્તં-
યજ્ઞમમ્બાભિધં મહત્ ।
કા સા કથં સમુત્પન્ના-
કુત્ર કસ્માચ્ચ કિં ગુણા ।।

જનમેજયે પૂછયું : આપે મને પવિત્ર નવરાત્ર વ્રત—અંબાયજ્ઞ કરીને દેવીનું આરાધન કરવાનું કહ્યું તો અમને કહો કે એ દેવી કોણ છે? કેવી રીતે અને ક્યારે પ્રકટ થયા? તેનું રૂપ કેવું છે? વિધાન શું છે? સાથે....સાથે બ્રહ્માંડની ઉત્પત્તિ પણ સંક્ષેપમાં જણાવો, મેં સાંભળ્યું છે કે બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્ર–એ ત્રણે સગુણ દેવતા છે. ક્રમશઃ સૃષ્ટિ, પાલન અને સંહાર કાર્ય તે કરે છે. આ સંબંધમાં વધુ જાણવાની મને ઇચ્છા છે તો તે કહો.

વ્યાસ બોલ્યા : 'હે રાજન્ ! અગાઉ તમારા જેવોજ પ્રશ્ન મેં નારદજીને પૂછયો હતો. એકવેળા ગંગા તટપર નારદજીને શાંતચિત્તે બેઠેલા જોઇ હું તેમની પાસે જઇ પ્રણામ કરી ઊભો રહ્યો તો નારદે મને તેમની સમક્ષ આસન ઉપર બેસાડયો, પછી મેં તેમને પૂછયું : આ બ્રહ્માંડ કોણે બનાવ્યું છે? તે નિત્ય છે કે અનિત્ય છે? એના રચયિતા એક છે કે વધારે ? કેટલાક કૈલાસપતિ ભગવાન શંકરને જગતના રચયિતા બતલાવે છે. અને તેમને જ સૃષ્ટિ, સ્થિતિ અને સંહારના આદિકારણ કહે છે, કેટલાક વળી ભગવાન વિષ્ણુને પરબ્રહ્મ પરમાત્મા બતલાવે છે. એમની જ કૃપાથી ભક્તિ અને મુક્તિ સુલભ બને છે એવું કહે છે. કેટલાક વળી બ્રહ્માજીને સૃષ્ટિનું પ્રધાન કારણ કહે છે. બ્રહ્માજી જ સર્વવેત્તા પુરૂષ છે એવું કહે છે. કેટલાક વેદવાદી સૂર્યને જગતસ્રષ્ટા કહે છે, અને તેઓ નિત્ય પ્રાતઃસાયં સમયે તેમની સ્તુતિ અને યશોગાન કરે છે. કેટલાક વળી શતક્રતુ ઇંદ્રને મુખ્ય માનીને યજ્ઞમાં તેની ઉપાસના કરે છે. કેટલાક જુદા જુદા સમ્પ્રદાયવાળા વરૂણ, સોમ, અગ્નિ, પવન, યમ, કુબેર અને ગણેશને મુખ્ય માને છે, તો કેટલાક દેવીભવાનીને સમગ્ર વસ્તુની દાત્રી, આદિમાયા, મહાશક્તિ, કલ્યાણસ્વરૂપ, શ્રી વિષ્ણુ, શંકર અને બ્રહ્માની શક્તિ મહાલક્ષ્મી, વેદમાતા, સ્મરણ માત્રથી મનોરથ પૂર્ણ કરનાર, અને મોક્ષદાયક દેવી કહે છે, અને એથી ફળની ઇચ્છાવાળાઓ નિરંતર તે દેવીની ઉપાસના કરે છે. કેટલાક વિદ્વાનો પુરૂષોત્તમને જગતનું કારણ કહે છે ત્યારે કેટલાક અનેક ઇશ્વર છે એમ પણ કહે છે' કેટલાક બ્રહ્માંડને ઇશ્વર વિનાનું સ્વાભાવિક રીતે ઉદ્‌ભવેલું માને છે. વળી સાંખ્યશાસ્ત્રના પ્રણેતા પુરૂષને અકર્તા અને પ્રકૃતિને કર્ત્રી માને છે.

હે મુનિશ્વર ! આવા સંદેહોને લીધે મારૂં મન સ્થિર રહેતું નથી, ધર્મ કયો

અને અધર્મ કયો એ કળાતું નથી. મારા વંશજ પાંડવો ધર્મના રાગી તેમ જ સદાચારી હતા છતાં પારાવાર દુઃખ પામ્યા હતા, તો આમાં ધર્મ માટે શું સમજવું? માટે હે મહામુનિ! તમે મારા વ્યાકુળ ચિત્તને સંશયરહિત કરો. તમે મને સંસારરૂપી સમુદ્રમાંથી જ્ઞાનરૂપી નૌકા વડે પાર ઉતારો. મોહરૂપી મેલથી મેલા થયેલા આ સમુદ્રમાં ડુબકાં ખાતાં પછી અદ્ધર આવતાં ને મધ્યમાં અટવાતા મારું તમે રક્ષણ કરો. ૪૮

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે
'જગદમ્બિકા કોણ?' નામનો
૧ લો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ભગવતી

વ્યાસ ઉવાચ :

યત્ત્વયા ચ મહાબાહો પૃષ્ટોઽહં કુરુસત્તમ।
તાન્ પ્રશ્નાન્નારદઃ પ્રાહ–
મયા પૃષ્ટો મુનીશ્વરઃ ॥

વ્યાસ બોલ્યા : હે મહાબાહો! હાલ તમે પૂછ્યા તેવા જ પ્રશ્નો અગાઉ નારદમુનિને મેં પૂછ્યા હતા, ત્યારે તેમણે ઉત્તરમાં એમ કહ્યું હતું કે, મને પણ બ્રહ્માંડ વિષે સંદેહ ઉપજતાં હું મારા પિતા બ્રહ્મા પાસે ગયો ને તેમને પૂછ્યું કે : 'આ સમગ્ર બ્રહ્માંડનો કર્તા કોણ? તેમાં કારણભુત આપ બ્રહ્મા છો, વિષ્ણુ છે કે રુદ્ર છે? નિત્ય આરાધવા યોગ્ય કોણ છે અને સર્વોત્કૃષ્ટ પ્રભુ કોણ છે? આ સર્વ વૃત્તાંત અમને કહો.

બ્રહ્માએ કહ્યું : 'હે પુત્ર સાંભળ, પૂર્વે પ્રલયકાળ વખતે સમસ્ત વિશ્વ કેવળ સમુદ્રરૂપ થયું હતું અને સર્વ નાશ પામ્યું હતું, પછી પાંચ મહાભુતો જ ઉત્પન્ન થયા, તે વખતે હું કમળમાંથી ઉત્પન્ન થયો હતો. કમળ પરથી મેં જોયું તો મને સૂર્ય, ચંદ્ર, વૃક્ષો, પર્વતો કંઇ જ દેખાયું નહિ. ત્યારે મને આશ્ચર્ય થયું કે ચારે બાજુ જળ પથરાયેલું છે એવા આ સમુદ્રમાં હું જન્મ્યો કઇ રીતે? અહીં આ કમળ પણ ક્યાંથી ઉત્પન્ન થયું? પછી કમળનું મૂળ તપાસવા જળમાં ડૂબકી મારી મેં એક હજાર વર્ષ સુધી શોધ આદરી પણ તેનું મૂળ કે પૃથ્વી જોવામાં આવ્યાં નહિ. હું પાછો કમળ પર આવ્યો ત્યાં આકાશવાણી થઇ કે : 'તું તપ કર.' મેં તપ કરવા માંડ્યું તો મને આકાશવાણી મારફત સૃષ્ટિ રચવાનો આદેશ મળ્યો. મને થયું કે કોને ઉત્પન્ન કરું, કેવી રીતે કરું? આગળ વિચાર કરું ત્યાં તો મારી સામે મધુ–કૈટભ નામના બે દૈત્યો આવીને જળમાં નિરાધાર ઊભા રહ્યા અને તેમની સાથે યુદ્ધ કરવા મને કહ્યું. આથી હું ગભરાઇને કમળના નાળદંડને આધારે નીચે જળમાં સરક્યો તો મેં ત્યાં મેઘશ્યામ, પીતાંબરધારી ચાર ભુજાવાળા, શેષશય્યા પર સુતેલા, શંખ–ચક્ર–ગદા અને પદ્મથી શોભતા એક તેજસ્વી પુરૂષ જોયા, પરંતુ તેઓ યોગનિદ્રામાં પોઢ્યા હતા. હવે મારે તેમને જગાડવા કેવી રીતે? એવામાં

મને યોગનિદ્રા યાદ આવી અને મેં તેમની સ્તુતિ કરી ત્યારે એ કલ્યાણમયી ભગવતી શ્રી વિષ્ણુના અંગમાંથી નીકળીને અચિન્ત્યરૂપ ધારણ કરીને એકદમ આકાશમાં વિરાજમાન થઇ ગઇ....તે સાથે જ શ્રીહરિ આળસ મરડીને ઊઠયા. મેં તેમને મધુ-કૈટભના ભયની વાત કરી એટલે શ્રીહરિ તે મધુ-કૈટભ સાથે પાંચ હજાર વર્ષ સુધી લડયા, પણ તે દૈત્યો મરાયા નહિ. આખરે આકાશમાં રહેલા દેવીએ મધુ-કૈટભ સામે કટાક્ષથી જોયું એટલે દૈત્યો મોહિત થઇ ગયા. એ લાગ જોઇ શ્રીહરિએ પોતાની સાથળ પર તેઓના મસ્તક રાખી તેમનો વધ કર્યો, એવામાં જ અમે હતા ત્યાં એકાએક રુદ્રની પધરામણી થઇ. પછી અમે ત્રણેય....બ્રહ્મા, વિષ્ણુ ને મહેશે દેવીના દર્શન કરી તેમની સ્તુતિ કરી, એટલે પરમશક્તિએ પ્રસન્ન થઇ અમને ત્રણેને કહ્યું: 'હે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ! આ દૈત્યો નાશ પામ્યા છે. હવે તમારા કાર્યમાં અંતરાય નાખવાવાળું કોઇ નથી, માટે તમે હવે આળસ ખંખેરીને સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર....આ પોતપોતાનાં કાર્યો કરવા માંડો અને તમારા રહેઠાણના સ્થાન નક્કી કરી ત્યાં રહો. તમે હવે પોતપોતાના સામર્થ્યથી ચાર પ્રકારની પ્રજા ઉત્પન્ન કરો.'

આ સાંભળી અમે મુંઝવણમાં પડયા કે ચારે બાજુ જળ પથરાયેલું છે, વળી અમારામાં પ્રજા સર્જવાનું સામર્થ્ય પણ કયાં હતું? તેમ જ નહોતી પૃથ્વી કે ભૂતો, ગુણો, તન્માત્રાઓ કે ઇન્દ્રિયો પણ નહોતી. અમારી મુંઝવણ અમે તે શિવાદેવીને જણાવી તો તેઓ હસી પડયા. તે સાથે જ આકાશમાંથી એક વિમાન અમારા આગળ આવી ઉતર્યું, પછી દેવીએ અમારા સામે જોઇ કહ્યું: 'હે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ! તમે ત્રયેય આ દિવ્ય દેવવિમાનમાં બેસી જાઓ. આજે હું તમને એક અદ્‌ભુત દૃશ્ય દેખાડું છું.' અમે ત્રણેય દેવીના આદેશથી તે દિવ્ય રત્ન-મણિઓથી શોભતા મોતીઓની માળાઓથી વિંટાયેલા, અને ચારે બાજુ બાંધેલી ઘુઘરીઓથી થતા મધુર અવાજવાળા, દેવમંદિર જેવા લાગતાં વિમાનમાં બેસી ગયા કે તરત જ દેવીએ પોતાના સામર્થ્યથી વિમાનને આકાશમાં ઉડાડયું. ૪૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ભગવતી' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

બ્રહ્માદિને જગદમ્બિકાનાં દર્શન

વિમાનં મનોવેગં યત્ર સ્થાનાંતરે ગતમ્ ।
ન જલં તત્ર પશ્યામો વિસ્મિતા-
સ્મો વયંતદા ॥

બ્રહ્માએ કહ્યું: મન સમાન તીવ્ર વેગવાળું દેવવિમાન ઊડતું ઊડતું જે અજાણ્યા સ્થાન પર ગયું ત્યાં ફળોથી લચકતાં અસંખ્ય વૃક્ષો હતાં. એ વિસ્તૃત ભૂમિમાં પર્વતો, નદીઓ, વનો, ઉપવનો તે જગ્યાને શોભાવી રહ્યા હતા, વળી ત્યાં આગળ સ્ત્રીઓ, પુરૂષો, પશુઓ-પક્ષીઓ,

ઝરણાં વગેરે પણ હતાં. ત્યાં ચારે બાજુ કોટથી સુરક્ષિત મોટા રમણિય પ્રસાદો-વાળું રમણિય નગર હતું. એ જોઇ અમે મુગ્ધ બની ગયા કે આનો રચનાર કોણ હશે? એ નગરમાં એક દેવાંશી રાજાને ઘોડા પર બેસીને મૃગયા રમવા જતો જોયો ને એક વિમાન જોયું. દેવી અંબિકાને તે વિમાનમાં બેઠેલાં જોયાં. તે પછી ત્યાંથી અમારું વિમાન વેગથી આકાશમાં આગળ વધી ગયું, થોડી જ વારમાં અમારું વિમાન બીજા સુંદર પ્રદેશમાં આવ્યું. અહીં અનુપમ નંદન-વન હતું. પારિજાત વૃક્ષની નીચે સુરભિ-કામધેનુ ગાય બેઠી હતી, તેની બાજુમાં ઐરાવત હાથી સૂંઢ હલાવતો ઊભો હતો. તે ઉપવનમાં સેંકડો અપ્સરાઓ, યક્ષો, ગંધર્વો અને વિદ્યાધરો નાચતાં-ગાતાં વિહાર કરતાં હતાં. વળી ત્યાં અમે ઇંદ્રને પણ ઇંદ્રાણી સાથે જોયો. એ સ્વર્ગીય દ્રશ્ય જોઇને અમે આશ્ચર્યચકિત થઈ ગયા. વળી ત્યાં જળના સ્વામી વરૂણ, કુબેર, યમરાજ, સૂર્ય અને અગ્નિ આદિ દેવતા પણ વિરાજમાન હતા. એ રમણીય નગરનો રાજા ઇંદ્ર હતો.

સ્વર્ગલોકમાં આવ્યા પછી અમારું વિમાન વેગથી બ્રહ્મલોકમાં પહોંચી ગયું. ત્યાં આગળ બીજા બ્રહ્મા વિરાજમાન હતા તે જોઇને ભગવાન શંકર અને વિષ્ણુને બહુ જ આશ્ચર્ય થયું. બ્રહ્મ-સભામાં સંપૂર્ણ વેદો અંગો સહિત સ્વરૂપ ધરી બેઠા હતા. વિષ્ણુએ મને પૂછ્યું 'અહીં આ તમારા જેવા બીજા બ્રહ્મા કોણ છે?' મેં કહ્યું: 'એમને જોઈ હું જ ભ્રમમાં પડી ગયો છું કે હું કોણ છું? અને આ કોણ છે? હું એમને જાણતો નથી.'

અમારું વિમાન બ્રહ્મલોક પછી વેગથી ઊડતું યક્ષગણોથી વિંટળાયેલા, કલ્પવૃક્ષોના સુંદર ઉપવનવાળા કૈલાસનાં સુરમ્ય શિખર પર પહોંચ્યું. અહીં કોયલો ટહુકી રહી હતી, વીણા આદિ વાજિંત્રો વાગી રહ્યા હતા. અમે જોયું તો એક ભવ્ય ભવનમાંથી ત્રિનેત્રધારી શંકર, નંદી વૃષભ પર બેસીને બહાર નીકળ્યા. પાંચ મુખવાળા અને દશ ભુજાઓવાળા, વ્યાઘ્રચર્મ પહેરેલા, ગજ-ચર્મની ચાદર ઓઢેલા અને મસ્તક પર આભુષણરૂપે ચંદ્ર ધારણ કરેલા શંકરની આસપાસ મહાબલી ગણેશ અને સ્વામી કાર્તિકેય હતા. ત્યાં નંદિ વગેરે પ્રથમ ગણો વારંવાર 'જય' શબ્દનો નાદ કરી રહ્યા હતા. હે નારદ! અહીં ભગવાન શંકર તથા એમના ગણોને જોઈ અમારું આશ્ચર્ય ખૂબ વધી ગયું. અમે આ અંગે વિચાર કરતા હતા ત્યાં તો અમારું વિમાન આગળ વધીને પળવારમાં વૈકુંઠ-લોકમાં પહોંચી ગયું. ત્યાં એક શોભાય-માન નગરને જોઇ, વિષ્ણુ તેમજ લક્ષ્મીના વિલાસભવનને જોઇ અમે આશ્ચર્ય પામ્યા. ત્યાં કમલલોચન વિષ્ણુ જોવામાં આવ્યા. તે અલસીના ફૂલ જેવી

કાંતિવાળા, પીતાંબર ધારણ કરેલા, ચાર ભુજાઓવાળા, દિવ્ય આભૂષણો પહેરેલા ગરુડ પર બેઠેલા હતા અને અમે વધુ આશ્ચર્યચકિત થઈએ ત્યાં તો અમારું વિમાન ઝડપથી ઊડતું સુધાસમુદ્ર પર આવી પહોંચ્યું. આ મીઠા અમૃત જેવા જળવાળો સમુદ્ર હતો. તેમાં જળચર જીવજંતુઓ ઉછળતાં કૂદતાં હતાં. ત્યાં એક મનોહર દ્વીપ હતો. મંદાર અને પારિજાત આદિ વૃક્ષો તેને શોભાવી રહ્યા હતા. જાતજાતના ચિત્રોથી દ્વીપને સજાવવામાં આવ્યો હતો. ચારે પાસ મોતીઓની માળા અને પુષ્પોના હાર લટકી રહ્યા હતા. આ મણિદ્વીપમાં એક સુંદર રત્નજડિત પલંગ બિછાવેલો હતો. અમે દૂરથી તે સુંદર સજાવેલા પલંગને જોયો. તે પલંગ પર લાલ રંગની માળા પહેરેલી એક દિવ્ય રમણી બેઠી હતી. તેણે લાલ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. લાલ ચંદનનું લેપન કર્યું હતું. લાલ નેત્રોવાળી તે દેવી ખૂબ જ પ્રભાવિત લાગતી હતી. તે દેવી ભગવતી ભુવનેશ્વરી હતાં. વિવિધ આભુષણો ધારણ કરેલાં તે દેવીના હાથમાં પાશ, અંકુશ, અભય અને વર નામનાં આયુધો શોભતાં હતાં. હ્રીંકારનો જપ કરતા પક્ષીસમૂહોથી સેવાતાં તે કુમારી તથા નવયૌવના હતાં. તેમની પાસે અનેક સાધકો 'હ્રીં' મંત્રનો જાપ કરતા હતા. તે સર્વના હૃદયમાં વાસ કરનારાં અખિલ જગતનાં અધિષ્ઠાત્રી દેવી હતાં. છ ખૂણાવાળા (ષટ્કોણ) યંત્ર પર ભગવતી ભુવનેશ્વરી વિરાજમાન હતાં. તેમની પાસે 'ભુવનેશ્વરી, માહેશ્વરી' આદિ નામોનો ઉચ્ચાર કરતી, કામપુષ્પા, હલ્લેખા, અનંગ કુસુમા આદિ નામોવાળી દેવ–કન્યાઓ બેઠી હતી. આ દેવીના દર્શનથી વિસ્મિત થયેલાં અમે વિચારવા લાગ્યા કે, આ સુંદરી કોણ હશે ? એનું નામ શું હશે ? અમે તો તે કંઈ જ જાણતા નથી. વળી એને હજારો હાથ, હજારો નેત્ર, હજારો મુખ છે. વળી એ કોઈ અપ્સરા કે દેવાંગના પણ નથી.' આવા સંશયમાં અમે પડયા હતા ત્યાં તે દેવીને જોઈ રહેલા વિષ્ણુએ કહ્યું : 'આ દેવી ભગવતી આપણાં સઘળાનું કારણ છે. અને આ દેવીનાં મહાવિદ્યા, મહામાયા, નામ છે. એ પૂર્ણ પ્રકૃતિ છે. કયારેય એનો નાશ થતો નથી. મંદબુદ્ધિવાળા એને જાણી શકતા નથી. યોગદ્વારા એનો સાક્ષાત્કાર થઈ શકે છે. એ દેવી વિશ્વેશ્વરી, વેદગર્ભા અને શિવા કહેવાય છે. એ દેવી નિત્ય તથા અનિત્ય સ્વરૂપવાળાં, વેદોને ઉત્પન્ન કરનારાં, સર્વનાં આદ્ય ઇશ્વરી છે. પ્રલય સમયે સમસ્ત જગતનો સંહાર કરી, સર્વ જીવોમાં લિંગ શરીરોને પોતાના શરીરમાં સ્થાપી લઈ ક્રીડા કરે છે. હે બ્રહ્મા તથા શંકર ! તમે જુઓ તો ખરા, અહીં સર્વ દેવકન્યાઓ ભગવતી જગદમ્બિકાની સેવા કરી રહી છે. જે બહુ જ પુણ્યશાળી, મહાદાની અને તપસ્વી છે. એમને કલ્યાણ–સ્વરૂપિણી ભુવનેશ્વરીનાં દર્શન અવશ્ય થાય છે.

પુરુષ સાથે જોડાયેલાં પ્રકૃતિ આ જ

છે, તેમ જ પરમાત્માને બ્રહ્માંડ રચી બતાવનાર પણ આ જ દેવી છે. આ દેવી આગળ લક્ષ્માંશે પણ આપણી તુલના થઇ શકે તેમ નથી. પરમપુરુષ દૃષ્ટા છે, આ ચરાચર જગત દ્રશ્ય છે અને એ પરમ પુરુષની એ આદિશક્તિ મહામાયા સર્વની અધિષ્ઠાત્રી દેવી છે.

પ્રલય વેળાએ મને આ દિવ્ય દેવીનાં દર્શન થયાં હતાં એ સમયે બાળસ્વરૂપે કોમળ અંગવાળો હું વડના પાંદડારૂપી પારણામાં સૂતો હતો ને જમણા પગના અંગુઠાને ધાવતો, અનેક બાળ ચેષ્ટાઓ કરતો હતો. ત્યારે તે દેવી મને ઝુલાવી ગીત ગાતાં હતાં. તે દેવી આ જ જગદમ્બિકા છે એમ મને લાગે છે. વળી તે આપણાં જનની છે એમ મને એમનાં દર્શનથી જ્ઞાન થયું છે. પૂર્વે મેં જે અનુભવ્યું છે તે જ તમને કહ્યું છે. ૬૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'બ્રહ્માદિને જગદમ્બિકાના દર્શન' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### વિષ્ણુએ કરેલી ભુવનેશ્વરી દેવીની સ્તુતિ

**બ્રહ્મોવાચ :**

**ઇત્યુકત્વા ભગવાન વિષ્ણુ પુનરહ જનાર્દન ।
વયં ગચ્છેમ પાર્શ્વેસ્યાઃ
પ્રાણુમન્તઃ પુનઃ પુનઃ ।।**

બ્રહ્મા બોલ્યા : આ પછી વિષ્ણુએ કહ્યું કે, આપણે પ્રણામ કરતા કરતા એ દેવીની પાસે જઇને એમના ચરણો પાસે બેસી તેમની સ્તુતિ કરીએ. એ મહામાયા પ્રસન્ન થઇને આપણને ઇચ્છિત વરદાનો આપશે. કદાચ ત્યાં રહેલા દ્વારપાળો આપણને રોકશે તો આપણે દૂર ઊભા રહી તેમની સ્તુતિ કરીશું.'

'બહુ સારુ' એમ કહી વિષ્ણુ સાથે હું બ્રહ્મા અને મહેશ વિમાનમાંથી નીચે ઉતર્યા અને દેવીના દર્શનાર્થે દરવાજા તરફ ચાલવા લાગ્યા, પરંતુ અમે દરવાજામાં પગ મૂકયો કે દેવીએ અમને ત્રણેયને સ્ત્રીરૂપ બનાવી દીધા. અમે સ્ત્રીઓ પહેરે છે તેવા સુંદર વસ્ત્રો ને આભુષણો પહેરેલાં હતાં. આથી અમે આશ્ચર્યમાં પડી ગયા. એવામાં દેવીએ અમારા પ્રત્યે અમીભરી નજરે જોયું, પછી અમે ધીમે ધીમે જેના પર દેવી ચરણ મૂકતા હતા એ રત્નજડિત બાજઠ પાસે જઇને સ્ત્રીરૂપે ઊભા રહ્યા. ત્યાં કેટલીક દેવકન્યાઓ દેવીની સેવા કરવામાં મગ્ન હતી. કેટલીક દેવકન્યાઓ નૃત્ય–ગાન કરતી હતી તો કેટલીક વાજિંત્રો વગાડતી હતી. ત્યાં આગળ મધુરી સુવાસ પ્રસરી રહી હતી. આ સિવાય અમે ત્યાં બીજું આશ્ચર્ય એ જોયું કે, દેવીના ચરણકમળના નખરૂપી દર્પણમાં અમે ચરાચર જગતને જોયું. તે ઉપરાંત તે નખરૂપી દર્પણમાં હું બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, યમ, વાયુ, અગ્નિ, સૂર્ય ઉપરાંત વરુણ, ચન્દ્ર, વિશ્વકર્મા, કુબેર, ઇન્દ્રને પણ જોયાં, વળી પર્વતો, સમુદ્રો, નદીઓ, યક્ષો, અપ્સરાઓ, સ્વર્ગના ગંધર્વો વિશ્વાવસુ, ચિત્રકેતુ ચિત્રાંગદ, તુમ્બુરુ, અશ્વિનીકુમારો, વસુઓ, સાધ્યો, સિદ્ધો, પિતૃઓ,

નાગો, સર્પો, રાક્ષસો, કિન્નરો ઉપરાંત ત્રણે લોક: વૈકુંઠ, બ્રહ્મલોક અને કૈલાસ પણ તેમાં નિહાળ્યા, તે ઉપરાંત શેષ-શય્યા પર સુતેલા વિષ્ણુ અને મધુ, કૈટભ રાક્ષસો પણ તેમાં જોયા.

આ બધું જોઇ અમે દેવીને જગન્માતા માનવા લાગ્યા. અમે સ્ત્રીરૂપે એ દ્વીપમાં સો વર્ષ પસાર કરી નાખ્યા. ત્યાંની દેવકન્યાઓ અમને સખીઓ માનવા લાગી. ત્યાંનું આનંદદાયક વાતાવરણ જોઇ અમે ત્રણે એટલા મોહિત થઇ ગયા હતા કે અમને બીજું કશું યાદ આવતું ન હતું.

એક વેળા અમારી સાથે સ્ત્રીરૂપે રહેલા વિષ્ણુએ ભુવનેશ્વરી દેવીની ભક્તિ-પૂર્વક સ્તુતિ કરવા માંડી: હે સૃષ્ટિના રચયિતા, કલ્યાણકારક, પ્રકૃતિરૂપ, વૃદ્ધિ તથા સિદ્ધિરૂપ દેવી! આપને મારા નમસ્કાર છે. હે સચ્ચિદાનંદરૂપા, મહા-માયા! સંસારના ઉત્પત્તિ સ્થાનરૂપ તેમ જ સૃષ્ટિનું સર્જન, પાલન, સંહાર તિરોભાવ તથા અનુગ્રહ....એ પાંચ કૃત્યો કરનારા ભુવનેશ્વરી! આપને નમસ્કાર હો.

હે દેવી! હમણાં જ મારા જાણવામાં આવ્યું કે અખિલ વિશ્વ આપનામાં જ રહેલું છે અને આ સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન ને સંહાર પણ આપનાથી જ થાય છે. આપ તો અમને ઇન્દ્રજાળ જેવા જ જણાઓ છો, કારણ કે આપ સર્વવ્યાપક છો. હે ભુવનેશ્વરી! મધુ, કૈટભ જેવા પ્રચંડ દૈત્યોથી મને બચાવી આપે આપના સામર્થ્યને બતાવ્યું છે.

તેમ જ આ મણિદ્વીપમાં અમને લાવી ઉચ્ચ કોટિએ પહોંચાડયા ત્યારે જ આપના દર્શન થયાં. આપના દ્વીપમાં કેટલાં ભુવનો છે, તેને કોઇ કળી શકે એમ નથી. આ ભુવનમાં અમે બીજા બ્રહ્મા, બીજા વિષ્ણુ તથા મહાદેવને જોયા. તો તેવી જ રીતે તેઓ બીજા ભુવનોમાં પણ હોવા જ જોઇએ. આપના વિશાળ પ્રભાવને અમે શું જાણી શકવાના છીએ? આપને મારી નમ્ર પ્રાર્થના એ છે કે, આપનું આ રૂપ અમારા ચિત્તમાં સદા જડાઇ રહો. આપનું પવિત્ર નામ સદાય અમારા મુખમાં રહો. ને અમને આપના ચરણકમળનાં સદા દર્શન થાય. આપ તો સર્વ જગતનાં અધિષ્ઠાત્રિ છો, તો આપે 'આ મારો દાસ છે' એવી મારા પ્રત્યે ભાવના રાખવી.

અને હું પણ આપના પ્રત્યે 'આ મારા સ્વામિની છે' એમ મનથી માનું છું. આપણો આ સંબંધ માતા--પુત્રની જેમ નિરંતર ટકી રહો. મનુષ્યલોકમાં કીર્તિ, કાંતિ, લક્ષ્મી ને તુષ્ટિરૂપ આપ જ છો. વળી વેદની પ્રથમ કલારૂપ ગાયત્રી અને સ્વાહા, સ્વધા ને ૐકારની અર્ધ-માત્રા પણ આપ જ છો. હે જગદમ્બિકે! મોહરૂપ આ દુષ્કર સંસારમાં મારૂં રક્ષણ આપ સિવાય કોઇ કરે એમ નથી. માટે હું આપને શરણે આવ્યો છું. મોહ—માયા—રાગ વગેરેથી રચાયેલા આ જૂઠા સંસારમાં પારાવાર કષ્ટો ભોગવવા પડે

છે, માટે અંતઃકાળે આપ મારું રક્ષણ કરજો. હે દેવી ! આપને વારંવર નમસ્કાર હો. હું આપના ચરણોમાં નમું છું. હે સર્વ પુરુષાર્થ આપનારા, સર્વ મનોરથ પૂર્ણ કરનારા કલ્યાણમૂર્તિ ! આપ મને સદા સર્વદા જ્ઞાનનો પ્રકાશ આપતા રહેજો. ૪૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'વિષ્ણુએ કરેલી ભુવનેશ્વરીની સ્તુતિ' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### શિવ–બ્રહ્માએ કરેલી મહેશ્વરીની સ્તુતિ

બ્રહ્મોવાચ:

ઇત્યુક્ત્વા વિરતે વિષ્ણૌ દેવદેવ જનાર્દને ।
ઉવાચ શંકરઃ શર્વઃ પ્રણતઃ પુરતઃ સ્થિતઃ ।।

બ્રહ્મા બોલ્યા : જનાર્દન વિષ્ણુ એટલું કહીને અટકી ગયા એટલે તેમની આગળ ઊભેલા પરમાત્મા સદાશિવે સ્તુતિ કરતા કહ્યું : 'હે દેવી ! વિષ્ણુ ને બ્રહ્મા આપના પ્રભાવથી જ ઉત્પન્ન થયા છે, તે પછી હું તમોગુણી આપથી જ ઉત્પન્ન થયો છું એમાં કહેવાનું શું હોય ? સર્વ લોકની રચનામાં આપ ચતુર છો, છતાં બધાં ચરાચર જગતને બ્રહ્મા, વિષ્ણુ તથા મહાદેવે કર્યું છે એમ વિપરિત જ કહે છે. ખરું જોતાં તો આપે રચેલા જગતને અમે ત્રણે રચીએ છીએ.

'હે અંબિકે ! બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપ આકૃતિઓથી કલ્પાયેલ આ સ્થાવર–જંગમ આપ જ છો ને વિવિધ પ્રકારના વિલાસોથી આપ ક્રીડા કરો છો, પ્રાણીઓના કર્મોને અનુલક્ષી આપે રાજા, મંત્રી, સેવકો વગેરે નામધારી મનુષ્યોવાળું આ સમસ્ત જગત રચ્યું છે, તો અમારા પર પણ દયા કરો. આપે જ ત્રણે જગતના કારણરૂપ વિષ્ણુ, શિવ તથા બ્રહ્માને ઉત્પન્ન કર્યાં છે, અને જો એમ ન હોય તો વિમાનમાં બેસીને આવતા અમે જે બીજા ભુવનો જોયાં છે તેને કોણે બનાવ્યા છે ? તે અમને કહો.

'હે દેવી ! સ્ત્રીભાવને પામેલા અમને આપના ચરણ–કમળની સેવા કરવાનો લાભ સદા સર્વદા આપો. આપના ચરણારવિંદની સેવા કરવાથી મળતી નથી. હે દેવી ! હવે આપ કૃપાવંત થઇને મને કલ્યાણકારી નિર્મળ મંત્ર આપો. આજ પહેલા પણ નવાર્ણ મંત્ર જપીને હું સુખી થયો હતો. મને ગુરુ પાસેથી એ મંત્ર મળ્યો હતો. પરંતુ અત્યારે યાદ નથી. તો આપ જ કૃપા કરી એ મંત્ર મને યાદ કરાવીને આ સંસાર સમુદ્રથી તારો....'

બ્રહ્મા બોલ્યા : સદાશિવે દેવીને આમ કહ્યું એટલે દેવી અંબિકાએ તે જ સમયે સ્પષ્ટ રીતે નવાક્ષર મંત્ર કહ્યો. એ મંત્રને હરખભેર યાદ કરી લઇ મહાદેવ અંબિકા દેવીના ચરણોને વંદન કરીને કામ તથા મોક્ષ બન્ને આપનાર એ બીજ સહિતના નવાક્ષર મંત્રને જપતા ત્યાં જ ઊભા રહ્યા.

એ પછી ભગવતીના ચરણ આગળ ઊભા રહી મેં કહ્યું : 'હે માતા ! તમે અખિલ જગતની રચના કરનારા શુદ્ધસ્વરૂપા છો. યજ્ઞોમાં તમારા 'સ્વાહા' નામનો ઉચ્ચાર થાય છે. ત્રણે લોકમાં

એવી કોઇ વસ્તુ નથી કે જેને તમે જાણતા ન હો. આ હું સમસ્ત બ્રહ્માંડનો રચનારો છું. ત્રણે લોકમાં મારા જેવો બીજો કોઇ પુરુષ સૃષ્ટિ રચવામાં સમર્થ નથી, એથી હું સર્વ લોકથી શ્રેષ્ઠ છું, એવા ગર્વરૂપ ભવસાગરમાં ડૂબેલો હું આપની કૃપાને લીધે આપના ચરણ-કમળની રજને સ્વીકારવાના ગૌરવથી ધન્ય બન્યો છું. હવે આપનામાં મારી દૃઢ ભક્તિ થાય એવી કૃપા કરો. જેઓ આપના આદિ ચરિત્રને જાણતા નથી તેઓ મને પ્રભુ માને છે. જો કે આપે જ મને બ્રહ્માપદે યોજ્યો છે, છતાં 'આ સૃષ્ટિ રચના મારા સિવાય કોણ કરી શકે તેમ છે?' એવા અહંકારરૂપ થયેલા મારા અપરાધને આપ ક્ષમા કરો. સંસારમાં મુક્તિ આપનારા આપ જ છો એવું જેઓ જાણે છે તેઓ આપના ચરિત્રને અને 'શિવા, અંબિકા, શક્તિ, ઇશ્વા' એવા નામોચ્ચાર છોડતા નથી.

'હે દેવી! આપ તો દૃષ્ટિ માત્રથી આ ચાર પ્રકારે વિભક્ત થયેલા જગતને ઉત્પન્ન કરવા સમર્થ છો, તેમ છતાં આદિ સૃષ્ટિ વખતે વિનોદ ખાતર મને બ્રહ્મા બનાવી આપ પોતાની મરજી મુજબ આ વિશ્વને રચો છો. વળી જેને આપે મધુ-કૈટભ દૈત્યોથી બચાવ્યા તે વિષ્ણુ પણ સૃષ્ટિના પાલક નથી અને પ્રલય-કાળે રુદ્ર પણ સંહાર કરી શકતા નથી. કેમ કે તે રુદ્ર તો મારી-બ્રહ્માની બે ભ્રમર વચ્ચેથી ઉત્પન્ન થયા હતા. માટે સૃષ્ટિ સ્થિતિ અને સંહાર કરનારાં આપ જ દેવી છો. વળી કોઇએ આપના જન્મને જોયો કે સાંભળ્યો નથી તેમ જ તમારી ઉત્પત્તિને આ લોકમાં કોઇ પણ જાણતું નથી.

જ્યારે ખૂબ વિચારવામાં આવે ત્યારે દ્રશ્ય અને અદ્રશ્ય એવા બે ભેદવાળા આ જગતમાં આપથી એક પુરુષ અને બીજા આપ-એમ માત્ર બે પદાર્થો જ સિદ્ધ થાય છે. આ બે પદાર્થો સિવાય ત્રીજો કોઇ પદાર્થ જ નથી. વેદો તો 'બ્રહ્મ એક જ અદ્વિતીય છે' એમ કહે છે, તો તે બ્રહ્મ શું આપ જ છો કે પછી એ પરમપુરુષ છે? આમ દ્વૈત-અદ્વૈતના વિચારમાં ડૂબેલા મારા સંદેહને આપ દૂર કરો. મારા પૂણ્ય યોગે આપના ચરણનો આશ્રય મળ્યો છે, તો આપ પુરુષ છો કે સ્ત્રી છો, તે મને વિસ્તારથી કહો, જેથી આપને પરમશક્તિ તરીકે જાણી હું સંસારસમુદ્રથી મુક્ત થાઉં.' ૪૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'શિવ-બ્રહ્માએ કરેલી મહેશ્વરીની સ્તુતિ' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### ભગવતીને બ્રહ્માનો ઉપદેશ

**બ્રહ્મોવાચ:**

ઇતિ પૃષ્ઠા મયા દેવી વિનયા વનતેન ચ ।
ઉવાચ વચનં શ્લક્ષ્ણ માધ્યા ભગવતી હિ સા ।।

બ્રહ્મા બોલ્યા : વિનયપૂર્વક નમન કરી રહેલાં મેં એવું પૂછ્યું ત્યારે ભગવતીદેવી કહેવા લાગ્યા : હું અને બ્રહ્મ એક જ છીએ. મારામાં અને બ્રહ્મમાં

જરા પણ ભેદ નથી.

જે બુદ્ધિવંત અમારા ભેદને જાણે તે આ સંસારમાંથી મુક્ત થાય છે. જગતનું નિર્માણ કરવા માટે સૃષ્ટિકાળમાં અમે જ્યારે બે રૂપ ધારણ કરીને કાર્ય કરવામાં મગ્ન બનીએ છીએ ત્યારે દૃશ્ય અને અદૃશ્યમાં એ ભેદ પ્રતીત થાય છે. સંસારના અભાવમાં હું નથી સ્ત્રી કે નથી પુરૂષ, કે નથી નપુંસક, તો પણ સૃષ્ટિનો આરંભ થવાથી તે ભેદની કલ્પના થાય છે. બુદ્ધિ, ધૃતિ, શ્રી, કીર્તિ, સ્મૃતિ, શ્રદ્ધા, મેધા, દયા લજ્જા, ક્ષુધા, તૃષ્ણા, ક્ષમા, કાંતિ, શાંતિ, પિપાસા, નિદ્રા, તન્દ્રા, જરા, અજરા, વિદ્યા, અવિદ્યા, સ્પૃહા, વાંચ્છા, શક્તિ, અશક્તિ, મજ્જા, ત્વચા, દૃષ્ટિ, સત્યા–સત્યવાણી, પરા, મધ્યા, અને પશ્યન્તિ, આદિ વાણીના અન્ય ભેદ તથા જે વિવિધ પ્રકારની નાડીઓ છે તે બધાં મારાં જ રૂપ છે. હું સૃષ્ટિમાં સર્વત્ર વિસ્તાર પામેલી છું. સર્વ દેવોમાં અલગ અલગ નામે શક્તિરૂપે હું જ થઈને પરાક્રમ કરું છું, તે રીતે હું જ દેવોને સંકટ–મુક્ત કરું છું. ગૌરી, બ્રાહ્મી, રૌદ્રી, વારાહી, વૈષ્ણવી, શિવા, વારુણી, કૌબેરી, નારસિંહી તથા ઐંદ્રી, શક્તિ હું જ છું. તે રૂપે જુદા જુદા પ્રસંગે હું જ સર્વ કાર્યો કરું છું. મેં ત્યજેલા મનુષ્યને લોકો દુર્બળ–નિર્બળ કહે છે, શક્તિહીન કહે છે પણ કોઈ એને વિષ્ણુહીન કે શંકરહીન કહેતાં નથી. હું ધારું તે કરી શકું છું. ઇચ્છું તો સઘળું જળ પી જાઉં, પવનને પણ થંભાવી દઉં અને સૂર્યનો પણ નાશ કરું. હે બ્રહ્મા! ટૂંકમાં એટલું સમજો કે સર્વત્ર મારું–શક્તિનું જ પ્રાબલ્ય છે. હવે તમે જેમાંથી ઉત્પન્ન થયેલા છો એ મહત્તત્ત્વને સ્વીકારી તમે અગાઉની જેમ સર્વ ભૂતો રચો, પ્રારબ્ધે ઉત્પન્ન કરેલા તમે ત્રણે પોતપોતાના સ્થાનો રચીને ત્યાં રહી પછી પોતપોતાના કાર્ય કરવા માંડો, હે બ્રહ્મન્! તમે અહીં શ્વેત વસ્ત્રો ધારણ કરેલી, દિવ્ય અલંકારોથી શોભતી, ઉત્તમ રજોગુણવાળી, સુંદર આસન ઉપર બેઠેલી 'મહાસરસ્વતી' નામની શક્તિને સ્વીકારો, તે તમારી સહચારિણી થશે. આ મારી વિભૂતિને પ્રાપ્ત કરી તમે તેનામાં પૂજ્ય બુદ્ધિ રાખજો, ક્યારેય તેને કટુવચનો કહેશો નહિ કે તેનું અપમાન કરશો નહિ. તમે હવે સત્વર સત્યલોકમાં જઈ એ વિભૂતિની સાથે રહી મહત્તત્ત્વમાંથી ચાર પ્રકારના જગતને ઉત્પન્ન કરો. આ મહત્તત્ત્વરૂપ બીજમાં તે તે જીવો તથા કર્મો સાથે લિંગ શરીરો રહ્યાં છે; તેઓને જેમ પહેલાં તમે સર્જ્યાં હતાં તેમ સર્જો. કાળ, કર્મ તથા સ્વભાવ નામક કારણો દ્વારા સમગ્ર ચરાચર જગતને પોતપોતાના સ્વભાવ તથા ગુણો સહિત પહેલાંની માફક જ તમે રચો. વળી તમારે સત્ત્વગુણી વિષ્ણુને માન્ય રાખી હંમેશાં તેમને પૂજવા અને જ્યારે જ્યારે કોઈ વિકટ કાર્ય ઉપસ્થિત થાય ત્યારે તેમને

પ્રાર્થના કરવાથી તેઓ તિર્યંક કે બીજી કોઇ યોનિમાં કે મનુષ્ય યોનિમાં અવતરીને દુષ્ટો–દાનવોનો નાશ કરશે. વળી આ મહાદેવ–શંકર પણ તમને તમારા કાર્યમાં સહાયરૂપ થશે. બ્રાહ્મણો, ક્ષત્રિયો ને વૈશ્યો દક્ષિણા સહિત અનેક જાતના યજ્ઞો કરી, તમો સર્વનું વિધિપૂર્વક નિરંતર પૂજન કરશે. હે દેવો! યજ્ઞોમાં મારા 'સ્વાહા' નામનો ઉચ્ચાર કરવાથી તમે સદાય સંતુષ્ટ રહેશો. આ શિવ તમોગુણી છે તો પણ યજ્ઞ કાર્યોમાં તેમનું પ્રેમથી પૂજન કરજો. કયારેક દૈત્યોનો ઉત્પાત થાય ત્યારે મારી શકિતઓ વારાહી, વૈષ્ણવી, ગૌરી નારસિંહી તથા સદાશિવા પ્રકટ થઇ તેઓનો નાશ કરશે. માટે તમે 'ઐં હ્રીં કલીં ચામુણ્ડાયે વિચ્ચે' એ નવાર્ણ મંત્રનો જપ કરતા કરતા તમારા કાર્યો કરવા માંડો.' એમ બ્રહ્માને કહ્યા પછી જગદમ્બિકાએ વિષ્ણુને એક દેવકન્યા બતાવીને કહ્યું: 'તમે પણ આ સુંદર મહાલક્ષ્મીને સ્વીકારો. ક્રીડા કરવા માટે તમને આ શકિત દરેક પદાર્થો આપનારી ને કલ્યાણકારી છે. તે હંમેશ તમારા વક્ષઃસ્થળમાં રહેશે. મેં ખૂબ વિચારીને આ લક્ષ્મીનારાયણ નામનો યોગ રચ્યો છે, માટે તમારે આ શકિતનું અપમાન કરવું નહિ, પણ હંમેશ તેનું સન્માન કરવું. તમે ત્રણે દેવો મારા ગુણોથી ઉત્પન્ન થયેલા હોઇ સર્વમાં પૂજાશો, તમારે ત્રણેએ કોઇ પ્રકારનો વિરોધ કર્યા સિવાય સંપ કરીને રહેવાનું છે ને એક બીજાને મદદરૂપ થવાનું છે. જે મંદમતિ તમો ત્રણેમાં ભેદભાવ રાખશે તે નરકવાસી થશે.

હે વિષ્ણુ! પરમાત્માનું ચિંતન કરવામાં તમારો સત્ત્વગુણ મુખ્ય થાઓ ને બીજા રજોગુણ તથા તમોગુણ પણ ગૌણ તરીકે પ્રખ્યાત થાઓ. તમે હંમેશ રજોગુણી બની લક્ષ્મી સાથે વિહાર કરો.

હે લક્ષ્મીપતિ! મેં આપેલો વાગ્બીજ 'ઐં' કામબીજ 'કલીં'ને માયાબીજ 'હ્રીં' આ ત્રણ અક્ષરોવાળો ભુવનેશ્વરીનો દિવ્ય મંત્ર મોક્ષદાતા છે, તેને તમે નિરંતર જપજો, ને સુખ ઉપજે તે રીતે વિહાર કરજો. વિશ્વમાં મારી આ ક્રીડા ચાલુ રહેશે ત્યાં સુધી તમને મૃત્યુ કે કાળનો ભય રહેશે નહિ. પરંતુ જ્યારે હું સ્થાવર–જંગમ સર્વ જગતનો સંહાર કરીશ ત્યારે તમે મારામાં લીન થઇ જશો. મેં ત્રણ અક્ષરોવાળો જે મંત્ર બતાવ્યો તે ત્રણ અક્ષર પહેલાં 'ૐ'ના ઉચ્ચાર સહિત મનુષ્યે નિત્ય તેનો જપ કરવો. તમે હવે વૈકુંઠલોક રચી તેમાં સુખરૂપ નિવાસ કરી નિત્ય મારું ચિંતન કરી તમારી ઇચ્છા મુજબ વિહરજો.

દેવીએ વિષ્ણુને આમ કહ્યા પછી શંકરને એક દેવકન્યા બતાવી કહ્યું: તમે આ મહાકાલી–ગૌરીને સ્વીકારો. તમારામાં તમોગુણ મુખ્ય રહેશે, રજસ અને સત્ત્વગુણ ગૌણ રહેશે હે શંકર! ઉત્તમ એવી હું સૃષ્ટિ આદિના સમયે

'સગુણ' છું, અને સમાધિના સમયે 'નિર્ગુણ' છું. હું સદા કારણરૂપ જ છું, કાર્યરૂપ કદી નથી. આદિ સૃષ્ટિવેળા સર્વની ઉત્પત્તિ મારાથી જ થાય છે.

હવે હે ઉત્તમ દેવો! તમે ત્રણેય મારું કાર્ય કરવા માટે વિમાનમાં બેસો, જ્યારે તમને સંકટ જેવું લાગે ત્યારે મારું સ્મરણ કરવાથી તુરત જ હું દર્શન આપીશ. તમારે નિત્ય મારું તથા પરમાત્માનું સ્મરણ કરવું, તેથી કાર્યની સિદ્ધિ નિઃસંદેહ થશે.

બ્રહ્મા બોલ્યા: એમ કહીને તે ભગવતી દેવીએ અમને ત્રણેયને વિદાય કર્યા. ત્યાંથી ત્રણેય શક્તિઓ સાથે અમે બીજે સ્થળે આવ્યા કે તરત જ અમારું સ્ત્રીરૂપ પલટાયું ને અમે પહેલાંની જેમ પુરુષ બની ગયા. પછી દેવીનું તે અલૌકિક સ્વરૂપ અને દેવીના પ્રભાવનો વિચાર કરતા અમે દેવવિમાનમાં બેઠા તે જ વેળાએ ત્યાં અમે એ દ્વીપ ન જોયો, એ દેવીને પણ ન જોયાં કે ન અમૃતનો સુધાસમુદ્ર જોયો અને વિમાન પણ ન જોયું. આ વાત સાચી જ છે. ત્યાંથી નીકળ્યા પછી અમે મહાસમુદ્રમાં જ્યાં વિષ્ણુએ પેલા મધુ–કૈટભ નામના દૈત્યોને માર્યા હતા, તે જગ્યાએ આવી પહોંચ્યા. ૮૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'બ્રહ્માને ભગવતી દેવીનો ઉપદેશ' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત



# અધ્યાય ૭ મો

## ત્રણ ગુણોના સ્વરૂપનો વિસ્તાર

**બ્રહ્મોવાચ :**

**એવંપ્રભાવા સા દેવી–**
**મયા દૃષ્ટાઽથ વિષ્ણુના ।**
**શિવેનાપિ મહાભાગા તાસ્તા–**
**દેવ્યઃ પૃથક્ પૃથક્ ॥**

બ્રહ્મા બોલ્યા : હે મહાભાગ નારદ! મેં, વિષ્ણુએ તથા શંકરે એવી અનુપમ પ્રભાવશાળી દેવીના દર્શન કર્યાં, વળી ત્યાં બીજી અલગ અલગ દેવીઓ પણ ગુપ્તરૂપે અમે જોઇ.

નારદે પૂછ્યું : પિતાજી! જે આદ્ય, અવિનાશી, નિર્ગુણ, અક્ષર અને અવ્યય પરમપુરુષ છે, એ તમે જોયેલા અને અનુભવેલા રૂપનું વર્ણન કરવાની કૃપા કરો. હું ત્રિગુણ શક્તિનું દર્શન કરી ચૂક્યો છું. હવે નિર્ગુણ શક્તિ કેવી છે? એનું રૂપ અને પરમપુરુષનું રૂપ એ બન્ને સાથે મને બતાવો. એ જોવાને માટે શ્વેત દ્વીપમાં જઇને મેં મહાન તપ કર્યું હતું. તે વેળાએ ત્યાં ઘણા સિદ્ધમહાત્મા મારી સામે આવ્યા. પરંતુ એ પરબ્રહ્મ પરમાત્મા મારા જોવામાં ન આવ્યા, માટે તેમનો પરિચય તમે આપો.

બ્રહ્માએ કહ્યું : હે મુને! નિર્ગુણનું સ્વરૂપ પ્રત્યક્ષ જોવામાં આવતું નથી, કેમ કે પ્રત્યક્ષ જોવામાં આવે છે તે વિનાશી હોય છે, એટલે રૂપહીનનું દર્શન કેવી રીતે થાય? મહાત્માઓ જ તેનો અનુભવ જ્ઞાનરૂપી નેત્રોથી કરી શકે છે. પ્રકૃતિ અને પુરુષ બન્ને આદિ-અંત રહિત છે. શ્રદ્ધાથી અવશ્ય એ મેળવાય છે. જે

ભુતોમાં ને જુદા જુદા જીવોમાં ચૈતન્યરૂપે રહેલા છે અને સર્વત્ર જ્યોતિરૂપે રહેલા છે, તેમ જ જે નિત્ય છે તે જ પરમાત્મા છે. એ પરમાત્મા અને શક્તિ સિવાય આ સંસારની કોઇ પણ વસ્તુ નથી, માટે જ મુમુક્ષુઓએ એ બન્નેની સાથે જ ઉપાસના કરવી.

હે પુત્ર! તું ઘણો જ જ્ઞાની છે. માટે તારે સગુણ પરમાત્માની આરાધના કરવી જોઇએ.

નારદજીએ પૂછ્યું: પિતાજી! તમે તો દેવતાઓના પણ આરાધ્યદેવ છો, તો ત્રણે ગુણોનું જે સ્વરૂપ છે, એ વિસ્તારથી જાણવાની મારી ઇચ્છા છે. સાત્ત્વિક, રાજસ અને તામસ ભેદથી અહંકારના ત્રણ રૂપ છે, તે મને કહો.

બ્રહ્મા બોલ્યા: જે સાત્ત્વિક અહંકાર છે તેની જ્ઞાનશક્તિ છે, રાજસ અહંકાર છે તેની ક્રિયાશકિત છે અને તામસ અહંકાર છે તેની અર્થશકિત બનેલી છે. એ ત્રણ શકિતઓના કાર્યો: તામસ અહંકારની અર્થશકિત વડે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ તન્માત્રા ઉત્પન્ન થાય છે. આકાશનો ગુણ 'શબ્દ', વાયુનો ગુણ 'સ્પર્શ', અગ્નિનો ગુણ 'રૂપ', જળનો ગુણ 'રસ', અને પૃથ્વીનો ગુણ 'ગન્ધ' છે. આ શબ્દાદિ પાંચ મહાભુતો છે. અર્થશકિતવાળાં આ દશે ભુતો એકત્ર થઇ પ્રકટ થાય છે ત્યારે તેને તામસ અહંકારથી ઉત્પન્ન થયેલી 'સૃષ્ટિ' કહે છે. કાન, ત્વચા, જીભ, આંખ અને નાસિકા....આ પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા વાણી, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિયો તથા પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એ સર્વ ક્રિયાશકિતથી ઉત્પન્ન થાય છે.

આ સર્વ મળી થતા પંદરના સમુદાયને 'રાજસસૃષ્ટિ' કહે છે. અને તે ક્રિયાશકિતવાળાં હોવાથી 'સાધન' કહેવાય છે. એ સર્વનું ઉત્પાદન કારણ ચિદ્‌વૃત્તિ-બ્રહ્મ જ કહેવાય છે. સાત્ત્વિક અહંકાર સાથે સંબંધ રાખવાવાળી જે જ્ઞાનશકિત છે એના દિશા, વાયુ, સૂર્ય વરૂણ, અશ્વિનીકુમારો...એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના અધિપતિ દેવો છે. અને અગ્નિ, ઇન્દ્ર ઉપેન્દ્ર, મિત્ર તથા પ્રજાપતિ...એ પાંચ કર્મેન્દ્રિયોના અધિપતિ છે, જ્યારે ચન્દ્ર બ્રહ્મા, રુદ્ર તથા ક્ષેત્રજ્ઞ—આ ચાર અંતઃકરણની સંજ્ઞાવાળા બુદ્ધિ વગેરેના અધિપતિ દેવો છે. પરમાત્માના સ્થૂલ—સૂક્ષ્મ વગેરે ભેદથી બે રૂપો છે અને તે જે ઉત્તમ અધિકારી હોય તેને જ્ઞાનથી જણાય છે આકાશનો એક જ 'શબ્દ' ગુણ છે. વાયુના 'શબ્દ' 'સ્પર્શ' અને 'રૂપ' એ ત્રણ ગુણ છે. જળના 'શબ્દ, સ્પર્શ, રૂપ તથા રસ, એ ચાર ગુણો છે. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—આ પાંચ ગુણોથી પૃથ્વી પરિપૂર્ણ છે. આ પ્રમાણે ભેગા થયેલા સૂક્ષ્મભુતોના અંશોના સમન્વયથી પંચીકૃત મહાભુતોરૂપ બ્રહ્માંડની ઉત્પત્તિ કહેવાય છે. એ સર્વ જીવ મળીને બ્રહ્માંડને સ્થિર રાખે છે અને એ

જીવો ચોર્યાસી લાખ કહેવાય છે. ૫૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'ત્રણ ગુણોના સ્વરૂપનો વિસ્તાર' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૮ મો

## ગુણોનાં સ્વરૂપની સ્થિતિ

**બ્રહ્મોવાચ**

**શ્રુતોઽયં કથિતસ્તાત યત્પૃષ્ટોઽહં ત્વયાઽધુના।**
**ગુણાનાં રૂપસંસ્થાં વૈ શૃણુષ્વૈકાગ્રમાનસઃ ॥**

બ્રહ્મા બોલ્યા : હે પુત્ર નારદ ! તેં મને બ્રહ્માંડ વિષે પૂછ્યું હતું તેનું વર્ણન સંભળાવ્યું, હવે ગુણો વિષે કહું છું, સત્ત્વગુણને પ્રીતિકારક સમજવો, તે સફેદ વર્ણનો અને ધર્મમાં રાગ વધારનારો, શ્રદ્ધા ઉત્પન્ન કરનારો તથા અશ્રદ્ધાને અટકાવનારો છે. શ્રદ્ધા ત્રણ પ્રકારની છે. (૧) સાત્ત્વિકી, (૨) રાજસી (૩) તામસી. રજોગુણ લાલવર્ણનો, દુઃખદાયક, અપ્રીતિ કરનાર તથા અદ્‌ભુત છે. રજોગુણથી દ્વેષ, દ્રોહ, ઇર્ષ્યા, ગર્વ, ઉત્કંઠા, નિદ્રા, શ્રદ્ધા, માન, અજિતેન્દ્રિયત્વ ને ગર્વ ઉત્પન્ન થાય છે. શ્યામ વર્ણનો તમોગુણ મોહ ઉપજાવનાર તથા ઉદ્વેગ કરનારો છે. આળસ, અજ્ઞાન, નિંદ્રા, દીનપણું, ભય, વિવાદ, કૃપણતા, રોષ, ભેદભાવ, નાસ્તિકતા ને પારકા દોષો જોવા. આ લક્ષણોથી તમોગુણ નક્કી કરવો. પોતાના કલ્યાણને ઇચ્છનારા મનુષ્યે તમોગુણનો નાશ કરી, રજોગુણને પ્રકટ કરવો. હે નારદ ! જે જાણવા કે અનુભવવાથી તાત્કાલિક ફળ મળે તો તે જાણેલું કે અનુભવેલું ગણાય છે. રાજસી અને તામસી કામ એવા જ હોય છે. પવિત્ર તીર્થનો મહિમા સાંભળવાથી મનુષ્યને રાજસી શ્રદ્ધા ઉત્પન્ન થઇને તે તુરત જ તીર્થયાત્રા માટે નીકળી પડે છે. ત્યાં ગયા પછી તે મનુષ્ય પોતે જેવું સાંભળ્યું હોય છે તેવું જ ત્યાં નિહાળે છે, ત્યાં ભાવથી સ્નાનાદિ કર્મ કરી રાજસ દાન કરે છે અને રજોગુણી થઇ તે તીર્થમાં રહે છે પણ ખરો, તેમ છતાં રાગ–દ્વેષ દૂર ન થવાથી કામ–ક્રોધાદિથી ઘેરાયેલો ને પુનઃ ઘેર આવી અગાઉની જેમ રહે છે. એટલે તેણે તે તીર્થ વિષે સાંભળ્યું કે અનુભવ્યું ગણાય નહિ. કારણ એ કે રજોગુણના સંગથી તેને ફળ મળ્યું નથી. એટલે એમ સમજવું કે તેણે તે તીર્થ વિષે ધ્યાનથી સાંભળ્યું જ નથી, જેમ ખેતરમાં પાકેલું અન્ન ખાવાના ઉપયોગમાં આવે એ જ ખેતીનું ફળ કહેવાય છે, તેમ નિષ્પાપ થવું એ જ તીર્થનું ફળ ગણાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, તૃષ્ણા, દ્વેષ, મદ, ઇર્ષ્યા, અસુયા, ક્ષમા અને અશાંતિ–આ સર્વ પાપી દેહના વિકારો છે, તે મનુષ્ય પાસે પાપ કરાવે છે. આ વિકારો શરીરમાંથી ન નીકળે ત્યાં સુધી મનુષ્ય પાપી ગણાય છે. તીર્થયાત્રા કરવા છતાં મનુષ્યના દેહમાંથી તે દૂર થાય નહિ તો પછી તેણે કરેલો શ્રમ નકામો છે. જેમ ખેડૂતે શ્રમ લઇ ખેતરને ફરતી વાડ કરી હોય, વેરાન જમીનને સારી રીતે ખેડી મોંઘું બિયારણ ઓર્યું હોય અને દિવસ–રાત

ટાઢ-તડકાની પરવા કર્યા વિના ખેતરનું રક્ષણ કરી સારું ફળ પ્રાપ્ત કરવા માટે ઘણું જ દુઃખ પામ્યો હોય, તે ખેડૂત જો આળસુ બનીને હેમંત ઋતુમાં સૂઇ જાય અને જંગલી પશુઓ, પક્ષીઓ, તીડો, ઉંદરો વગેરેથી પાકનું રક્ષણ કરે નહિ તો તે ખેડૂતની તમામ મહેનત અફળ જાય છે. તેવી રીતે રાગ-દ્વેષ દૂર કર્યા વગર કરેલી તીર્થયાત્રા પણ નિષ્ફળ બને છે. વેદાંત શાસ્ત્રનું શ્રવણ-મનન કરવામાં આવે તો સત્ત્વગુણની તીવ્રતા વધતાં તામસી અને રાજસી પદાર્થો પ્રત્યે મનુષ્યને વૈરાગ્ય થવા રૂપ ફળ ઊપજે છે.

મોક્ષને વાંચ્છુ મનુષ્ય હોય તે નિત્ય સાત્ત્વિક ભોગોની જ ઇચ્છા રાખે છે. પણ તે કયારે ય રાજસ કે તામસ પદાર્થોની ઇચ્છા રાખતો નથી, માટે પ્રથમ રજોગુણને કાબુમાં લેવો, તે પછી જ તમોગુણને જીતવાની બુદ્ધિ થાય છે. રજોગુણની વૃદ્ધિ થવાથી રાજસી શ્રદ્ધા ઉત્પન્ન થવાને લીધે સનાતન ધર્મોને ત્યજી દઇ ઊલટા ધર્મો આચરે છે. તમોગુણની તીવ્રતા જ્યારે વધી જાય ત્યારે મનુષ્યને વેદ તથા ધર્મશાસ્ત્રો વિષે અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તમોગુણી શ્રધ્ધા ધનનો નાશ કરે છે. સત્ત્વ, રજ ને તમોગુણ એકબીજા સાથે સંકળાયેલા જ રહે છે, રજોગુણ વિના સત્ત્વગુણ હોતો નથી અને સત્ત્વગુણ વિના રજોગુણ તેમ જ તમોગુણ વિના સત્ત્વ તથા રજોગુણ હોતો નથી અને સત્ત્વગુણ ને રજોગુણ વિના તમોગુણ પણ હોતો નથી. એટલે આ ત્રણે ગુણો જુદા જુદા કાર્યોમાં એકબીજાને ઉત્પન્ન કરી પ્રોત્સાહન આપે છે.

આ પ્રમાણે ગુણોના સ્વરૂપનું વર્ણન વિસ્તારથી મારા પિતાએ કર્યું હતું, તે એકાગ્રતાથી સાંભળ્યા બાદ મેં પિતામહ બ્રહ્માને પૂછ્યું હતું. ૫૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'ગુણોનાં સ્વરૂપનું વર્ણન' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### ગુણોનાં વધારે લક્ષણો

**નારદ ઉવાચ**

**ગુણનાં લક્ષણં તાત ભવતા કથિતં કિલ ।**
**ન તૃપ્તોઽસ્મિ પિબન્ મિષ્ટં ત્વન્મુખાત્ પ્રચ્યુતં રસમ્ ॥**

નારદ બોલ્યા: હે તાત! તમારા મુખેથી મેં ગુણોનાં લક્ષણો જાણ્યાં, ને ગુણોનું વિસ્તારથી વર્ણન કરો.

બ્રહ્માએ કહ્યું: ગુણો એકબીજાને મળેલા હોવાથી કોઇ પણ ઠેકાણે કેવળ સત્ત્વગુણ જણાતો નથી. સોળ શણગાર સજેલી નવવધુ પતિને પ્રીતિ ઉપજાવનારી અને માતા-પિતા તેમ જ બંધુઓને પ્રીતિ ઉપજાવનારી બને છે, પરંતુ તે જ સ્ત્રી શોકયોને દુઃખકારક બને છે. એ રીતે દેહમાં રહેલો ગૌણ સત્ત્વગુણ જ રજોગુણ તથા તમોગુણવૃત્તિ પેદા કરે છે, એવી જ રીતે ગૌણ રજસગુણ તથા તમોગુણ પણ એકબીજાના સાન્નિધ્યને લઇને વિપરિત જણાય છે. ગુણો જો માત્ર એકલા જ રહેતા હોય તો તેઓ પોતપોતાના સ્વ-

ભાવને અનુકૂળ રહેતા હોવાથી બીજાઓનો કેટલીક વાર એકનો એક જ ગુણ સુખરૂપ દેખાય છે. તો ક્યારેક મોહરૂપ દેખાય છે.

કોઇ સ્ત્રી સર્વાંગ સુંદર, શરમાળ, મધુર વદનારી, વિનયી, ધર્મિષ્ઠ તેમ જ કામશાસ્ત્રમાં કુશળ હોઇ પોતાના સ્વામીને પ્રીતિ ઉપજાવનારી થાય છે અને તે જ સ્ત્રી શોક્યને દુ:ખ ઉપજાવનારી થાય છે, અને તે જ સ્ત્રીને બીજા લોકો મોહ ઉપજાવનારી તથા દુ:ખદાયક સ્વભાવવાળી કહે છે, તે જ પ્રમાણે બીજાના ગુણથી વિકાર પામતો સત્ત્વગુણ અલગ ભાવવાળો દેખાય છે. જેમ રાજાના સેવકો ચોરોના ઉપદ્રવથી પીડાતા લોકોને સુખકારક બને છે, તેવી જ રીતે તે ગુણો બીજાના સંબંધને કારણે પોતાના સ્વભાવ કરતા વિપરિત ભાવ કરાવે છે.

પોતાના મૂળ સ્વભાવમાં રહેલા સર્વ ગુણો બીજા ગુણના સંસર્ગથી વિપરિત સ્વભાવવાળા જણાય છે. સત્ત્વગુણ છે તે નિર્મળ, હલકો અને પ્રકાશ કરનારો હોય છે. જ્યારે શરીર હલકું ફૂલ જેવું લાગે, આંખો વગેરે ઇન્દ્રિયો નિર્મળ હોય ને તે તેને ગ્રહણ કરતી નથી ત્યારે શરીરમાં સત્ત્વગુણની તીવ્રતા વધી છે એમ સમજવું. જ્યારે બેઠાં બેઠાં બગાસાં આવે, શરીર ભારે લાગે, આંખો ભારે લાગે તથા આળસ આવે ત્યારે રજોગુણ વધેલો જાણવો. જ્યારે શરીરમાં તમોગુણની વૃદ્ધિ થઇ હોય ત્યારે તેને લડવાનું સૂઝે છે, બહારગામ જવાની ઇચ્છા થાય છે અને તેનું ચિત્ત ચંચળ થઇ જવાથી તે ગમે તે બહાને ગમે તેની સાથે ઝઘડવા તૈયાર થઇ જાય છે. આમ જ્યારે ઘણો ભારે અને આવરણરૂપ તમોગુણ શરીરમાં વૃદ્ધિ પામે છે ત્યારે સર્વ અંગો ભારે લાગે છે. મન શૂન્ય બની જાય છે, ઊંઘવાની ઇચ્છા થતી નથી.

આ પ્રમાણે સર્વ ગુણોના લક્ષણો છે.

નારદે કહ્યું : 'પિતામહ ! ત્રણ ગુણો જુદા જુદા લક્ષણોવાળા છે એવું આપે જણાવ્યું, તો તે બધા એક જ ઠેકાણે ભેગા થઇ પોતાના સ્થાયી કાર્યને શી રીતે કરી શકતા હશે ? જેમ કે જુદા જુદા દુશ્મનો એક જ સ્થળે એકત્ર થઇને એક–બીજાને મળીને કાર્ય કેવી રીતે કરી શકે ?'

બ્રહ્મા બોલ્યા : એ ગુણો 'દીપક' જેવા સ્વભાવવાળા છે. દીપક, દિવેટ, તેલ, જવાળા આ સર્વ પરસ્પર વિરુદ્ધ સ્વભાવના છે, તેમ છતાં તેઓ અગ્નિ સાથે સંબંધીત હોય છે, ને તેલ, દિવેટ તથા અગ્નિ પણ પરસ્પર વિરોધી સ્વભાવના હોવા છતાં એક સ્થળે રહી કાર્ય કરે છે.

નારદજી કહે : મેં એવું સાંભળ્યું છે કે પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણો જ જગતનું કારણ છે. એ શું સત્ય છે ?

વ્યાસે કહ્યું : હે જનમેજય ! નારદે મને ગુણોના લક્ષણ ને તેના કાર્ય પણ વિસ્તારથી જણાવ્યા હતા. આ ચરાચર જગતમાં જે સર્વત્ર વ્યાપ્ત છે તે પરમ

શક્તિને આરાધવાં. દેવી અલગ અલગ કાર્ય વખતે સગુણ અને નિર્ગુણ પણ છે. જ્યારે પરમપુરુષ, નિત્ય, અકર્તા, પૂર્ણ ચેષ્ટારહિત તથા નિર્વિકાર જ છે.

આ મહામાયા જ સત્-અસતરૂપે જગતને રચે છે ને બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સૂર્ય, ચન્દ્ર, ઇન્દ્ર, અશ્વિનીકુમારો, વસુઓ, વિશ્વકર્મા, કુબેર, વરુણ, કાર્તિકેય તથા ગણેશ–આ સર્વ દેવો શક્તિવાળા થઇને જ કાર્યો કરવા સમર્થ બને છે, શક્તિવિહોણા હોય તો તેઓ કંઇ જ સામર્થ્ય બતાવી શકતા નથી, માટે તું અંબામય–દેવીયજ્ઞ કર ને ઉત્તમ ભક્તિથી વિધિપૂર્વક તેમનું પૂજન કર. એ ભગવતી મહાલક્ષ્મી, મહાકાલી તથા મહાસરસ્વતી પ્રાણીમાત્રના ઇશ્વરી છે. વળી તે દેવી સર્વ કારણોનું પણ કારણ છે, મનોરથો પૂર્ણ કરનારા સાથે જ ફળદાયી થનારા છે. એ પરમેશ્વરીનું બ્રહ્મા–વિષ્ણુ અને મહેશે પણ આરાધન કરેલું છે, એ દયાળુ દેવીનું નામ કોઇ પણ સ્થળે, કોઇ પણ પ્રસંગે અસ્પષ્ટ રીતે બોલાયું હોય તો પણ ઇચ્છિત પદાર્થો આપનારું બને છે. જંગલમાં કયારેક હિંસક પશુને જોવાથી ભય પામેલા મનુષ્યથી જો અનુસ્વારરહિત ઐ ઐ એમ બોલી જવાયું હોય તો પણ મનવાંચ્છિત ફળ આપે જ છે.

આ માટે 'સત્યવ્રત'નું દૃષ્ટાંત પ્રમાણભૂત છે: એક મહામૂર્ખ ને નિરક્ષર 'સત્યવ્રત' નામનો બ્રાહ્મણ હતો. એકવેળા વનમાં તેણે ભૂંડના મુખેથી 'ઐ' એવો અક્ષર સાંભળ્યો, તો તેણે પણ અનુસ્વારરહિત તે 'ઐ' 'ઐ' અક્ષરનો ઉચ્ચાર વારંવાર કરવા માંડયો. તેના ફળરૂપે તે શ્રેષ્ઠ પંડિત થયો હતો; તેમ જ તે દયાળુ જગદમ્બાએ તેના મુખેથી નીકળેલા માત્ર 'ઐ' કારના ઉચ્ચારથી તેને કવિરાજ બનાવ્યો હતો. ૪૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'ગુણોના વધારે લક્ષણો' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### વાગ્બીજનો અપૂર્વ મહિમા

જનમેજય ઉવાચ

કોઽસૌ સત્યવ્રતો નામ બ્રાહ્મણો દ્વિજસત્તમઃ।
કસ્મિન્ દેશે સમુત્પન્ન કીદૃશશ્ચ વદસ્વમે ॥

જનમેજયે પૂછયું, તે મૂર્ખ સત્યવ્રત બ્રાહ્મણ કયા દેશનો ને કોણ હતો? તેમ જ તેણે અનુસ્વાર વગરનો 'ઐ' કાર કેવી રીતે અને કયાં સાંભળ્યો હતો? તેમ જ સત્યવ્રતે તેનો ઉચ્ચાર પણ કેવી રીતે કર્યો હતો? અને તેના પર ભગવતી પ્રસન્ન કેવી રીતે થયા હતા?

વ્યાસ બોલ્યા : હે જનમેજય! અગાઉ મેં મહામુનિઓના સમાજમાં પુરાણ સંબંધી પવિત્ર કથા સાંભળી હતી. તે જ અત્યારે કહું છું. એક વેળા તીર્થયાત્રાએ નીકળેલો હું પવિત્ર ક્ષેત્ર નૈમિષારણ્યમાં પહોંચી ગયો. ત્યાં ઘણા આશ્રમવાસી મુનિઓને મળી ક્ષેમકુશળ પૂછી જયાં બ્રહ્માના પુત્રો સનકાદિ વિરાજયા હતા ત્યાં જઇ તેમને પ્રણામ કરીને હું બેઠો. તે વખતે ત્યાં કથાના પ્રસંગો ચાલી

રહ્યા હતા. એવામાં ત્યાં બેઠેલા લોમશ મુનિને જમદગ્નિએ પૂછ્યું : 'મારા એક સંશયનું નિવારણ કરો. બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઇંદ્ર, વરુણ, અગ્નિ, કુબેર, વાયુ, વિશ્વકર્મા, ગણપતિ, કાર્તિકેય, સૂર્ય, ચંદ્ર, તેમ જ ગ્રહો–આ સર્વમાં સારી રીતે આરાધવા યોગ્ય અને ઇચ્છિત ફળ આપનાર કોણ છે?'

લોમશ મુનિએ કહ્યું : હે જમદગ્નિ! સર્વને આરાધવા યોગ્ય પરાપ્રકૃતિ, સર્વ પદાર્થો દેનાર અને કલ્યાણનાં મૂર્તિસ્વરૂપ શક્તિ જ છે. ને તે જ બ્રહ્મા આદિ દેવોના જનની છે, સંસારરૂપ વૃક્ષનું મૂળ પણ તેઓ જ છે. તેમને સ્મરવાથી ને નામનું સ્મરણ કરવાથી તે દેવી ઇચ્છિત પદાર્થ આપે છે. એક વેળા કોઇ બ્રાહ્મણે માત્ર અક્ષરનો ઉચ્ચાર કરવાથી તેને ફળ મળ્યું હતું, તે વૃત્તાંત કહું છું. મહા કોસલ દેશમાં એક બ્રાહ્મણ રહે, તેનું નામ દેવદત્ત, તેની ખૂબ ખ્યાતિ પ્રસરેલી. તે સંતાનવિહોણો હોવાથી એક ઉત્તમ દિવસ જોઇ તેણે પુત્રેષ્ઠિ યજ્ઞ કર્યો. યજ્ઞ સ્થળ તમસા નદીના પટ પર રાખ્યું. ત્યાં તેણે સુશોભિત મંડપ બંધાવી યજ્ઞકર્મમાં કુશળ વેદવેત્તા બ્રાહ્મણોને બોલાવ્યા, પછી વેદી રચી અગ્નિનું સ્થાપન કરીને તેણે પુત્રેષ્ઠિ યજ્ઞ રૂડી રીતે કર્યો હતો. તેમાં સુહોત્ર, બ્રહ્મા, યાજ્ઞવલ્કય અધ્વર્યુ અને બૃહસ્પતિને પોતાના સ્થાને સ્થાપ્યા હતા. પ્રસ્તોતા તરીકે પૈલ મુનિને, ઉદ્દગાતા તરીકે ગોભિલને કર્યા હતા. અને અન્ય મુનિ–બ્રાહ્મણોને સભ્યપદે સ્થાપી તે બધાને ઘણું દ્રવ્ય આપ્યું હતું. યજ્ઞની થતી વિધિ વખતે સામગાન કરનારા ઉદ્દગાતા વારંવાર શ્વાસ લેતા તેથી સ્વરભંગ થતો હતો. આથી યજ્ઞના યોજક દેવદત્તે ઉદ્દગાતા ગોભિલને કહ્યું : 'આ કામ્યકર્મમાં તમે બેદરકાર રહી સ્વરભંગ કર્યો છે જેથી તમે મૂર્ખ છો.' પોતાનું અપમાન થયેલું જોઇ દુઃખી થયેલા ગોભિલે દેવદત્તને કહ્યું : 'તારો પુત્ર મૂર્ખ, મૂંગો તથા શઠ થશે. શ્વાસોચ્છવાસ ક્રિયાને રોકવા કોઇ શક્તિમાન નથી, એટલે સ્વરભંગ થયો હોય તેમાં મારો કોઇ દોષ નથી.!

આ સાંભળી દેવદત્તને દુઃખ થયું. તેણે મહાત્મા ગોભિલને કહ્યું : 'મુનિઓ કયારેય ક્રોધ કરતા નથી, છતાં મારા નજીવા અપરાધ માટે મારા પર ક્રોધે ભરાઇ તમે શાપ આપ્યો તેનું કારણ શું? હું અપુત્ર હોવાને લીધે કાયમ દુઃખી રહું છું. તેમાં આપે શાપ દઇ દુઃખમાં ઉમેરો કર્યો છે. તમે મૂર્ખ પુત્ર થશે એવું કહ્યું તો મૂર્ખ પુત્ર હોય તે કરતાં અપુત્ર હોવું સારું છે. તો હવે મૂર્ખ પુત્ર પૂજા અને દાનને યોગ્ય નહિ ગણાતાં સર્વ કર્મોમાં નિંદવા યોગ્ય છે, મૂર્ખ બ્રાહ્મણ તો પશુ ને શૂદ્રની માફક ઘણો જ નિંદવા યોગ્ય છે. રાજાએ પણ પોતાના રાજ્યમાં રહેતા મૂર્ખ બ્રાહ્મણ પાસેથી શૂદ્રની માફક કરવેરો નહિ લેવો. વળી જેઓ કર્મના ફળને ઇચ્છે છે

તેઓએ મૂર્ખ બ્રાહ્મણને પિતૃકાર્ય કે દેવકાર્ય માટે બોલાવી આસન પર ન બેસાડવો, એટલું જ નહિ તે વેદરહિત મૂર્ખ બ્રાહ્મણને શૂદ્ર સમાન જાણી તેને કોઈ પણ કાર્યમાં નહિ યોજતા ખેતરમાં ખેતી કરનાર ખેડૂત જ બનાવવો. ઉત્તમ બ્રાહ્મણ ન મળે તો દર્ભના ચાટથી શ્રાદ્ધ કરવું સારું, પણ મૂર્ખ બ્રાહ્મણને બોલાવી તેના દ્વારા શ્રાદ્ધકર્મ કદી ય ન કરાવવું. એવા મૂર્ખ બ્રાહ્મણને તે જમે તેથી વધુ અન્ન આપનાર નરકમાં જાય તો, લેનારો નરકવાસી થાય એમાં શંકા રાખવા જેવું છે જ નહિ. જે દેશમાં મૂર્ખ મનુષ્યો વસતા હોય ત્યાં જ મૂર્ખ બ્રાહ્મણો પૂજાય છે. એવા રાજ્યના રાજાને ધિક્કાર છે. જે દેશમાં આસન, પૂજા તથા દાન માટે મૂર્ખ અને પંડિત વચ્ચે કોઈ ભેદ ન રખાતો હોય તો તે દેશમાં પંડિતોએ વસવું નહિ. દુર્જનોની સંપત્તિઓનો ઉપયોગ નહિ. દુર્જનોની સંપત્તિઓનો ઉપયોગ દુર્જનો જ કરે છે. લીંબડાની કડવી લીંબોળીને કાગડાઓ જ ગ્રહણ કરે છે. હે મહાભાગ! સંસારમાં મૂર્ખ પુત્ર તો મૃત્યુ કરતાં પણ વધારે દુઃખદાયક છે. આપે જે શાપ આપ્યો તેનું નિવારણ મને બતાવો.'

લોમશ મુનિ આગળ બોલ્યા: 'એ રીતે આંસુ વહાવતો દેવદત્ત મહાત્મા ગોભિલના ચરણમાં પડયો એટલે શાંત બનેલાં ગોભિલે તેને કહ્યું: મારા શાપ મુજબ તારો પુત્ર પ્રથમ મૂર્ખ થશે, પણ પછી વિદ્વાન થઈ પૂજાશે.' એ સાંભળી દેવદત્તને હર્ષ થયો. પછી વિધિપૂર્વક યજ્ઞની પૂર્ણાહુતિ કરી તેણે બ્રાહ્મણોને દક્ષિણા આપીને વિદાય કર્યા. ત્યાર બાદ કેટલોક સમય વિત્યા બાદ દેવદત્તની પત્ની રોહિણી ગર્ભવતી બની. એટલે હર્ષભેર તેના ગર્ભાધાનાદિ સંસ્કાર, પુંસવનન વિધિ તથા સીમંતોન્નયન સંસ્કાર વેદમાં દર્શાવેલ વિધિ પ્રમાણે કર્યો. પુત્રેષ્ઠિ યજ્ઞની ફળપ્રાપ્તિ મળેલી જાણી દેવદત્તે યાચકોને ઘણાં દાન કર્યાં. જ્યારે રોહિણી નક્ષત્રયુક્ત ઉત્તમ અને શુભ દિવસ આવ્યો ત્યારે રોહિણીને પુત્ર પ્રસવ્યો. તેનું નામ 'ઉતથ્ય' રાખ્યું. દેવદત્ત ને રોહિણી પુત્રને રમાડી તેનું લાલનપાલન સારી રીતે કરતાં હતાં. તે પુત્ર જોતજોતામાં આઠ વર્ષનો થઈ ગયો. એટલે તેને ઉપનયન સંસ્કાર કરી, બ્રહ્મચર્યવ્રતનો આદેશ આપી દેવદત્તે તેને વેદનો અભ્યાસ કરાવા માંડયો. પરંતુ ઉતથ્ય કંઈ ભણતો નહિ, તે તો મૂર્ખ અને મૂઢની જેમ બેસી રહેતો, આથી દેવદત્ત સમજ્યો કે આ મૂર્ખ પુત્રને કંઈ આવડવાનું નથી. તેથી તે પહેલાં કરતાં વધુ દુઃખી રહેવા લાગ્યો. સમય જતાં ઉતથ્ય ખાસ્સો બાર વર્ષનો થઈ ગયો, પણ સંધ્યાદિ વિધિની પણ તેને ખબર નહોતી. આથી તે મૂર્ખ છે એવી બ્રાહ્મણ સમાજમાં બધાને ખબર પડી ગઈ. આથી બ્રાહ્મણો તથા મુનિઓ ઉતથ્યને જ્યાં ત્યાં નિંદવા લાગ્યા. અંતે ઉતથ્યને પોતાની જાતનું ભાન થયું, આથી બધાથી નિંદાતો

તે વૈરાગ્ય થવાથી વનમાં ચાલ્યો ગયો. તેના માતા પિતા વારંવાર કહેતા કે તારા જેવા મૂર્ખ પુત્ર કરતાં આંધળો કે લૂલો પુત્ર સારો.' આ વચનો સાંભળ્યા પછી વૈરાગ ઉપજવાથી તે ગંગા તટ પર જઇ પર્ણકુટિ બાંધી 'હું કયારેય અસત્ય નહિ બોલું' આવો નિયમ લઇ 'સત્યવ્રત' નામ ધારણ કરી તેમાં રહ્યો. ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે
'વાગ્બીજનો અપૂર્વ મહિમા' નામનો
૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### સત્યવ્રતે પ્રાપ્ત કરેલી સિદ્ધિ

**લોમશ ઉવાચ :**

**ન વેદાધ્યયનં કિંચિત્–**
**જાનાતિ ન જપ તથા ।**
**ધ્યાનં ન દેવતાનાં ચ ન ચૈવારાધનં તથા ।।**

લોમશ મુનિ બોલ્યા : સત્યવ્રત બ્રાહ્મણ વેદ ભણ્યો ન હતો. જપ નહોતો જાણતો તેમ જ દેવોનું ધ્યાન તથા આરાધન પણ જાણતો ન હતો. તેને પ્રાણાયામનું જ્ઞાન નહોતું, વિષયો તરફથી ઇન્દ્રિયોને કેવી રીતે પાછી વાળવી તે જાણતો ન હતો. તે ત્રિકાળ સંધ્યા કે સમાધિના હોમને પણ જાણતો નહોતો.

આવો બ્રાહ્મણના આચાર-વિચાર નહિ જાણનારો સત્યવ્રત નિત્ય સવારે ઊઠી કોઇ પણ વૃક્ષનું દાતણ કરી કોગળા કરી શૂદ્રની જેમ મંત્રરહિત ગંગામાં સ્નાન કરતો. મધ્યાન્હ થાય ત્યારે વનમાંથી ફળો તોડી લાવી ભક્ષ્ય-અભક્ષ્યને નહિ સમજનારો તે ફળને ખાતો. તેનામાં માત્ર એક જ ગુણ હતો, તે એ કે તે કયારેય અસત્ય બોલતો નહોતો, એથી લોકો તેને 'સત્યતપા' કહીને પણ બોલાવતા હતા. એકાંતમાં પર્ણકૂટી બાંધીને રહેતો તે 'કોઇનું ખરાબ ન કરવું' એ સમજતો હતો તેથી તે કયારેય અશાસ્ત્રીય કર્મ કરતો નહિ અને કોઇ પ્રકારનો ભય રાખ્યા વગર નિર્ભયપણે રહેતો હતો. તેને પોતાના મૂર્ખપણાનું ભાન થયું હતું તેથી તે ઘણી વેળા પોતાના જીવતરને ધિક્કારતો હતો અને મૃત્યુને ઇચ્છતો હતો. તે વિચારતો હતો કે 'મને ઉત્તમ બ્રાહ્મણકુળમાં જન્મ મળ્યો છતાં મારો જન્મારો વ્યર્થ ગયો છે, કારણ કે મારા ભાગ્યને લીધે હું મૂર્ખ થયો છું. બ્રાહ્મણ તો વેદ તથા શાસ્ત્રનો જ્ઞાતા હોય, પરંતુ તેમાંનું આ કશું જાણતો નહિ. ભાગ્યહીન ગમે તે કર્મ કરે પણ તે નિષ્ફળ જાય છે. આવા વિચારો કરતા સત્યવ્રતના ગંગા તટની પર્ણકુટિમાં ચૌદ વર્ષ વીતી ગયાં. તે જપ, મંત્ર કે ધ્યાન જાણતો નહોતો પણ સત્ય બોલવાનો મહત્ત્વનો ગુણ તેનામાં હતો. એક વેળા શિકારે નીકળેલો કોઇ યમ જેવા પ્રચંડ શરીરવાળો ભીલ આયુધો ધારણ કરેલો તેની પર્ણકુટિના વિસ્તારમાં આવ્યો. ત્યાં એક ભુંડ ફરતું જોવામાં આવતાં ભીલે તેને બાણથી વીંધી નાખ્યું, ભુંડ તો 'એ' એવા ચિત્કારો કરતું લોહી-લુહાણ હાલતમાં

સત્યવ્રત મુનિની પર્ણકુટિમાં પેસી ગયું.

આ વખતે સત્યવ્રત દર્ભાસન પર બેસી ફળ ખાતો હતો. ઘવાયેલા ભુંડને જોઇને તેણે 'ઐં ઐં' એવા સરસ્વતીના બીજનો ઉચ્ચાર કર્યો. દૈવયોગે આવું ઉત્તમ બીજ તેનાથી બોલાઇ ગયું હતું. પેલું ભુંડ ડરનું માર્યું એક ખૂણામાં ભરાઈ બેઠું હતું, એવામાં ભુંડને લઇ જવા ભીલ પર્ણકુટિ આગળ ધસી આવ્યો. તે જાણતો હતો કે અહીં રહેતા મુનિ સત્યપ્રિય છે. તેથી તેણે બહારથી જ પૂછ્યું : હે મુને ! ઘવાયેલું ભુંડ અહીં આવ્યું છે? તમે સત્યવક્તા છો તો મને કહો. મારું કુટુંબ ભુખ્યું છે, તે આ ભુંડના માંસથી તૃપ્ત થશે, માટે ભુંડ ક્યાં છે તે બતાવો.'

આ સાંભળી સત્યવ્રત ધર્મસંકટમાં મૂકાઇ ગયો. તે વિચારવા લાગ્યો : જો હું આ ભીલને કહીશ કે 'મને ભુંડની ખબર નથી' તો મારા સત્યવ્રત-પણાનો ભંગ થશે અને સાચું કહું તો ભુંડની હિંસા થશે. પરંતુ બીજાના શ્રેય ખાતર ક્યારેય અસત્ય વદવું પડે તો તેમાં દોષ ગણાતો નથી. એટલે મારું સત્યવ્રતપણું જળવાય અને જીવહિંસા ન થાય એવો ઉપાય કરું તો જ તે ઉત્તમ ગણાશે, પણ હવે એને ઉત્તર શું આપું? આમ સત્યવ્રત બ્રાહ્મણ દ્વિધામાં પડી ગયો. તેને ભીલને શું કહેવું તે કંઇ સૂઝ્યું નહિ.

પરંતુ ઘવાયેલા ભુંડને જોઈ તેને અનુકંપા થઇ, દયા આવી અને તેને લીધે તેના મુખમાંથી 'ઐં ઐં' એમ બીજનું આકસ્મિક-અજાણપણે ઉચ્ચારણ થયું, તેથી શિવાદેવી તેના પર પ્રસન્ન થયાં અને તેને દુર્લભ એવી વિદ્યાઓ સ્ફૂરી હતી. દેવીના બીજનો માત્ર ઉચ્ચાર કરવાથી આ મુર્ખ સત્યવ્રત બ્રાહ્મણ એકાએક મોટો કવિ બની ગયો. એકાએક જ્ઞાન સ્ફૂરતાં અને સત્યને ઇચ્છતા તે દયાળુ સત્યવ્રત બ્રાહ્મણે સામે આયુધ સાથે ઊભેલા ભીલને આ પ્રમાણે શ્લોક કહ્યો. ૪૦

'યા પશ્યન્તિ ન સા-
શ્રુતે યા શ્રુતે સા ન પશ્યતિ ।
અહો વ્યાધ સ્વકાર્યાર્થિન્-
કિં પૃચ્છસિ પુનઃ પુનઃ ॥

એટલે કે જે આંખ જુએ છે, તે બોલતી નથી અને જે જીભ બોલી શકે છે તે દેખી શકતી નથી, છતાં વિસ્મય એ થાય છે કે પોતાનું કાર્ય ઇચ્છતા હે ભીલ! હે વ્યાધ! તું વારંવાર શું પૂછે છે? આ સાંભળી તે પશુહત્યારો ભીલ ભુંડ માટે નિરાશા સેવતો ત્યાંથી પાછો ફરી ગયો અને આ મૂર્ખ ગણાતો સત્યવ્રત બ્રાહ્મણ ભગવતીની અતિકૃપાથી એકાએક વાલ્મિકી મુનિની જેમ મોટો કવિ બની ગયો અને 'સત્યવ્રત મુનિ' તરીકે તેની ખ્યાતિ થઇ. તે પછી સત્યવ્રતે સરસ્વતીના બીજનો વિધિપૂર્વક જપ કરવા માંડયો, તેના ફળસ્વરૂપે આગળ જતાં મોટા પંડિત તરીકે તેની ગણના થવા લાગી. બ્રાહ્મણો અને મુનિઓ વર્ષમાં આવતા પ્રત્યેક પર્વને દિવસે આ

સત્યવ્રતના આખ્યાનને સાંભળે છે અને પોતાને ધન્ય અનુભવે છે. જ્યારે સત્યવ્રતના પિતા દેવદત્તને આ બધી ખબર પડી એટલે સહર્ષ તેની પર્ણકુટિએ આવી સત્યવ્રતને પોતાને ઘેર તેડી ગયા.

હે જનમેજય ! માટે જ દરેક મુમુક્ષુએ સર્વશ્રેષ્ઠ આદિશક્તિનું નિત્ય પૂજન સાથે આરાધન કરવું જોઈએ. હવે તું સર્વ મનોરથોને પૂર્ણ કરનાર દેવીયજ્ઞ શાસ્ત્રવિધિ પ્રમાણે કર, જે દેવી ભગવતી માત્ર સ્મરણ કરવાથી, ભક્તિપૂર્વક ધ્યાન કરવાથી તેમ જ બીજના ઉચ્ચાર સહિત સ્તુતિ કરવાથી ઇચ્છિત પુરુષાર્થો આપે છે, સર્વ કામનાઓ પૂરે છે. માટે તે 'કામદા' નામે પણ ઓળખાય છે. હે રાજા ! જેમણે શિવાદેવીને આરાધ્યા નથી તેઓ રોગી, ગરીબ, ભુખ્યા, નિર્ધન, મૂર્ખ લુચ્ચા, દાસ, શત્રુઓથી પીડાતા, પારકાની આજ્ઞાને સદા આધિન રહેનારા, ભોજન અને ભોગમાં સદા અતૃપ્ત રહેનારા, ખોડખાપણવાળા હોય છે. જ્યારે શિવાદેવીને આરાધતા લોકો વૈભવી, પુત્ર–પૌત્રાદિવાળા, વેદવેત્તા, લક્ષ્મીવાળા, સ્વજનો સાથે સુખરૂપ રહેનારાં, સન્માન પામનારા અને ઉત્તમ લક્ષણોવાળા હોય છે. જેઓ નિરંતર શિવાદેવીને પૂજે છે તેઓ આ સંસારમાં સુખ-શાંતિમાં રહે છે.

વ્યાસે કહ્યું : લોમશ મુનિના મુખે મેં એકાગ્રતાથી આ દેવીના માહાત્મ્યને સાંભળ્યું હતું. એ મહિમા વિચારી પરમ ભક્તિથી ને ભાવથી નિરંતર ભગવતી-દેવીનું પૂજન કરવું. ૫૮

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'સત્યવ્રતે પ્રાપ્ત કરેલી સિદ્ધિ' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### દેવી અંબાના યજ્ઞનો વિધિ

રાજોવાચઃ

વદ યજ્ઞવિધિં સમ્યગ દેવ્યાસ્તસ્યાઃ સમંતતઃ ।
શ્રુત્વા કરોમ્યહં સ્વામિન્–યથાશક્તિ હ્યતન્દ્રિતઃ ॥

રાજાએ પૂછ્યું : 'હે સ્વામિન્ ! તે ભગવતી દેવીના યજ્ઞનો સંપૂર્ણ વિધિ મને કહો, જેથી તે યજ્ઞ હું વિધિપૂર્વક કરું. એ પણ બતાવો કે, મંત્રો કયા હોય છે ? હોમવાનું દ્રવ્ય શું હોય છે? યજ્ઞનિમિત્તે બ્રાહ્મણો કેટલી સંખ્યામાં જોઈએ ? દક્ષિણા કેટલી જોઈએ ? આ બધું મને કહો.

વ્યાસ બોલ્યા : 'સાત્ત્વિક, રાજસ અને તામસ' એમ ત્રણ પ્રકારનું કર્મ શાસ્ત્રોકત વિધિથી કહ્યું છે. મુનિઓએ સાત્ત્વિક કર્મ કરવું, રાજાએ રાજસ કર્મ કરવું અને રાક્ષસો માટે તામસ કર્મ. જ્ઞાનીઓનું કર્મ ગુણરહિત હોય છે, જ્યારે જીવન્મુકતોનું કર્મ જ્ઞાનમય હોય છે. જેમાં દેશ, કાળ, દ્રવ્ય, બ્રાહ્મણો તથા શ્રદ્ધાપૂર્ણ સાત્ત્વિક હોય તે 'સાત્ત્વિક યજ્ઞ' કહેવાય છે. યજ્ઞકર્મમાં ખાસ દ્રવ્ય-શુદ્ધિ, ક્રિયાશુદ્ધિ તથા મંત્રશુદ્ધિ હોય તો તેનું પૂર્ણ ફળ મળે છે. કોઇ પણ પુણ્યકાર્ય અધર્મથી પ્રાપ્ત કરેલા ધન વડે થાય તો તે પુણ્યકર્મથી આ લોકમાં

કીર્તિ મળતી નથી અને પરલોકમાં પણ તેનું ફળ મળતું નથી. માટે બુદ્ધિમાને ન્યાયી માર્ગે જ મળેલા સાત્ત્વિક દ્રવ્યથી જ પુણ્યકર્મ કરવાથી સુખ, યશ અને પરલોક મળે છે. અગાઉ પાંડવોએ ઘણી મોટી દક્ષિણાઓવાળો રાજસૂય યજ્ઞ કર્યો હતો. જેમાં ભગવાન શ્રીકૃષ્ણ તથા વિદ્વાન દ્રોણાચાર્ય આદિ બ્રાહ્મણો હતા. છતાં યજ્ઞની પૂર્ણાહુતિ પછી એક મહિના બાદ તેમને કષ્ટદાયક વનવાસ વેઠવો પડયો હતો. દ્રૌપદી દુઃખી દુઃખી થઇ હતી, દ્યુતમાં પણ તેઓ હારી ગયા હતા, તો પછી તેમણે યોજેલા રાજસૂય યજ્ઞના કર્મનું ફળ કયાં ગયું? એટલું જ નહિ તેઓને વિરાટ રાજાને ત્યાં દાસત્વ સ્વીકારવું પડયું હતું, તો પછી યજ્ઞ વેળાએ વિદ્વાન બ્રાહ્મણોએ આપેલા આશીર્વાદોએ શું ફળ આપ્યું? તે વખતે તેઓની શ્રીકૃષ્ણ ઉપરની ભકિત કયાં ગઇ? અને કૌરવોની ભરસભામાં દ્રૌપદીના ચીર ખેંચાવા માંડયા. ત્યારે તેનું રક્ષણ કરવા કેમ કોઇ તત્પર ન થયું? આથી એમ મનાય છે કે પાંડવોએ યોજેલા 'રાજસૂય યજ્ઞ'ના ક્રિયાકર્મમાં જરૂર એવી કોઇ ભૂલ થઇ હશે કે તેમને આવા કષ્ટો સહન કરવા પડયા હતા? જો એમ કહીએ કે તેમાં ભાગ્યની પ્રબળતા હશે, તો પછી યજ્ઞસંબંધી શાસ્ત્રો અને વેદમંત્રો વગેરે નકામાં જ કહેવાય. માટે ભાગ્ય અને અને ઉદ્યોગ બન્નેને માનવા પડે, કર્મ બરાબર કરવામાં આવે છતાં તેનું ફળ જો વિપરિત મળે તો સમજવું કે ક્રિયા-કર્મ કરનારા બ્રાહ્મણોથી અવશ્ય કોઇ ભુલ થયેલી હોવી જોઇએ. કર્મ કરનારા વિદ્વાનોએ તે તે કર્મને કર્તાના મંત્રના તેમ જ દ્રવ્યના ભેદથી અનેક પ્રકારે કહ્યું છે: પૂર્વે ઇન્દ્રએ જયારે વિશ્વરૂપને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા ત્યારે તે વિશ્વરૂપે માતાનું, એટલે કે મોસાળ પક્ષના દૈત્યોના હિતાર્થે 'દેવો તથા દાનવોનું કલ્યાણ થાઓ.' એમ વારંવાર ઉચ્ચારી ઊલટું કર્મ કર્યું હતું ને આ રીતે તેણે માતાના પક્ષે રહેલા તે દૈત્યોનું પણ રક્ષણ કર્યું હતું, આથી દૈત્યો બહુ બળવાન બન્યા ને સર્વને પીડવા લાગ્યા ત્યારે તેઓ ઉપર ક્રોધાયમાન થયેલા ઇન્દ્રએ સ્થાપેલા ગુરુ વિશ્વરૂપનું મસ્તક વજ્ર વડે છેદી નાખ્યું હતું. આ પ્રમાણે પાંડવોના આ રાજસૂય યજ્ઞમાં અવશ્ય કંઇક ભુલ થયેલી હોવી જોઇએ.

દ્રુપદરાજાએ દ્રોણાચાર્યનો નાશ કરવા માટે પુત્રની ઉત્પત્તિ સારુ રોષથી ક્રિયા કરેલી. પરંતુ તે ક્રિયા પૂર્ણરૂપે કરેલી એટલે વેદિકામાંથી ધૃષ્ટદ્યુમ્ન નીકળ્યો હતો ને પછી દ્રૌપદી પણ નીકળી હતી. એટલે એક પુત્ર ઉપરાંત એક પુત્રી પણ પ્રાપ્ત થઇ હતી. દશરથરાજાને પણ પુત્રેષ્ટિયજ્ઞના ફળરૂપે ચાર પુત્રોની પ્રાપ્તિ થઇ હતી. માટે કોઇ પણ ક્રિયા સાવધાનીથી પૂર્ણ અંશે કરવામાં આવે તો તે સિધ્ધિદાયક બને છે. પરંતુ તેમાં ક્ષતિ રહી ગઇ હોય તો તે વિપરિત ફળ

આપનારી બને છે. 'સાત્ત્વિક યજ્ઞ' જ દુર્લભ ગણાય છે.

પશુ બાંધવાના ખીલાઓથી રહિત હોય અને મંત્રોચ્ચારપૂર્વક શ્રધ્ધાથી કરવામાં આવતો હોય તે સાત્ત્વિક યજ્ઞ કહેવાય. જે યજ્ઞો ઘણા દ્રવ્યોવાળા, પશુઓ બાંધવાના ખીલાવાળા ને સારી રીતે સંસ્કાર કરેલા હોય તે રાજસૂય યજ્ઞ કહેવાય. છે અને તેવા યજ્ઞો અભિમાન સહિત વૈશ્યોએ તથા ક્ષત્રિઓએ કરવાના હોય છે. દાનવો માટે ક્રોધથી સંસ્કાર કરેલા ક્રૂર તામસ યજ્ઞો કહ્યા છે. જ્યારે મોક્ષની ઇચ્છાવાળા વિરકત મુનિ માટે 'માનસયજ્ઞ'નું આયોજન કરવાનું કહેલું છે. કારણ કે અન્ય યજ્ઞોમાં દ્રવ્ય, શ્રદ્ધા, ક્રિયા, દેશ, કાળ કે વિવિધ સાધનોમાં કંઇક પણ ક્ષતિ રહેલી હોય છે. એટલે સર્વાંશે પૂર્ણ 'માનસયજ્ઞ' જેવો પૂર્ણયજ્ઞ બીજો કોઇ નથી. માનસયજ્ઞ માટે સૌ પ્રથમ મનને નિર્મળ બનાવવું પડે છે, મન શુદ્ધ થાય તો જ દેહની શુદ્ધિ થાય છે. મનની શુદ્ધિ થાય પછી જ મુમુક્ષુ 'માનસયજ્ઞ'નો અધિકારી થાય છે.

મનની શુદ્ધિ થયા પછી મનુષ્યે માત્ર કલ્પનાથી અનેક યોજનના વિસ્તારવાળા મંડપને, યજ્ઞોપયોગી વૃક્ષોના સુંદર મોટા સ્તંભોવાળો માનવો–કલ્પવો, પછી તે કાલ્પનિક મંડપમાં નિર્મળ વેદિકા, અગ્નિ, બ્રહ્મા, અધ્વર્યુ, હોતા, પ્રસ્તોતા, ઉદ્‌ગાતા, પ્રતિહર્તા અને બીજા સભ્યોને મનથી કલ્પીને મનથી તે બધાનું પૂજન કરવું. ત્યાર બાદ પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન-એ પાંચ વાયુઓની, વેદિકામાં અગ્નિ તરીકે કલ્પના કરવી. આમાં પ્રાણને 'ગાર્હપત્ય', અપાનને 'આહ્વનીય', વ્યાનને 'સભ્ય' અગ્નિ તરીકે માન્યા છે, આ પંચવાયુને અગ્નિઓ રૂપે કલ્પીને નિર્ગુણ દ્રવ્ય પણ મનથી જ કલ્પવું. તે વેળા 'મન' જ હોતા રૂપ હોય અને યજમાન તે જ હોય. આ 'માનસયજ્ઞ' ના અધિપતિ દેવ સનાતન નિર્ગુણ બ્રહ્મ જ હોય છે. એ યજ્ઞનું ફળ મંગલમૂર્તિ બ્રહ્મવિદ્યારૂપ નિર્ગુણ શક્તિ જ આપે છે. તેમને ઉદ્દેશી બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યે માનસ દ્રવ્યનો પ્રાણરૂપ અગ્નિઓમાં હોમ કરવો. તે પછી ચિત્તને આલંબન રહિત કરી, પ્રાણોને પણ કુંડલિનીના સુખમાર્ગ દ્વારા, એટલે કે સુષુમ્ણા નાડીના છિદ્ર દ્વારા સનાતન બ્રહ્મમાં હોમવા. પછી પોતાના આત્મરૂપ મહેશ્વરીનું સમાધિયોગ વડે ચિત્તમાં ધ્યાન ધરવું. જે પોતાના આત્માને સર્વ ભુતોમાં રહેલો જુએ અને પોતાના આત્મામાં સર્વ ભુતોને રહેલો જુએ ત્યારે તે ભગવતીનાં દર્શન કરે છે. આ પ્રકારે ભગવતી જગદમ્બિકાને આરાધનાર ધન્ય બને છે. માટે મુમુક્ષુ સુજ્ઞજને ગુરૂના આદેશ મુજબ પ્રયત્નપૂર્વક ભગવતી ભુવનેશ્વરીનું ધ્યાન અને શ્રવણ–મનન કરવું. આ પ્રકારે કરેલો તે 'ધ્યાનયજ્ઞ' મોક્ષદાયક થાય છે. બીજા સકામયજ્ઞો નાશવંત છે, માનસ યજ્ઞ જ શ્રેષ્ઠ અને અવિનાશી

છે. તો પણ વિજયના ઇચ્છુક તમ.રાથી માનસયજ્ઞ સિધ્ધ કરી શકાશે નહિ. વળી તમે તામસ સર્પ યજ્ઞ કરીને તમારા પિતાને પીડનારા દુષ્ટાત્મા તક્ષક નાગનું વેર વાળ્યું છે.

તે યજ્ઞમાં અનેક સર્પોની આહુતિ આપી તેઓને બાળીને ભસ્મ કર્યા છે. માટે મારું કહેવું માનીને તમે અમાઉ વિષ્ણુએ કર્યો હતો એવો અંબાદેવીનો યજ્ઞ કરો. તે યજ્ઞના વિધિ-વિધાન હવે તમને કહું છું : તમારો એ યજ્ઞ ખાસ વેદવેત્તા, માયાબીજના વિધાનના જ્ઞાતા અને મંત્રમાર્ગમાં પ્રવિણ બ્રાહ્મણો જ કરાવશે, તમારે યજમાન થવાનું, તમે વિધિપૂર્વક એ યજ્ઞ કરી તેના પુણ્ય પ્રતાપે-ફળરૂપે દુર્ગતિમાં ગયેલા તમારા પિતાનો ઉધ્ધાર કરો. સર્પદંશથી થયેલું મૃત્યુ નિંદનિય ગણાય છે, તે મનુષ્યની દુર્ગતિ થાય છે. તમારા પિતા પરીક્ષિતનું મૃત્યુ નથી પૃથ્વી ઉપર થયું કે નથી દર્ભ ઉપર થયું, તેમનું મૃત્યુ તો સ્નાન-દાન વિના રાજમહેલના સાતમા માળે અંતરિક્ષમાં થયું છે. તમારા પિતા બ્રાહ્મણનો શાપ જાણવા પછી પણ દેહ ઉપર મમતા રાખી રહ્યા હતા. એટલે મંત્રવેત્તાઓને બોલાવી, ઇચ્છા પ્રમાણે જીવવા માટે 'મણિ, યજ્ઞ, ઔષધિ' વગેરે ઉપાયો કરી મહેલના સાતમા માળે રક્ષણ વચ્ચે રહ્યા હતા. મરતા પહેલાં તેમણે સ્નાન-દાન કે દેવીનું સ્મરણ કરેલ નહિ કે વૈરાગ્ય ઉત્પન્ન થયેલો નહિ, આથી અવશ્ય તેમનો નરકમાં વાસ થયો હશે, તો તમે આ ઉત્તમ યજ્ઞ કરીને તે નરકાગારમાંથી તમારા પિતાનો ઉદ્ધાર કરો.

સૂત બોલ્યા : તેજસ્વી વ્યાસના આવાં વચનો સાંભળી જનમેજય રાજાની આંખો ભીની થઈ ગઈ. કંઠ રુંધાઇ ગયો અને અત્યંત દુ:ખથી પીડાઇ રહ્યો, ગળગળો થઈ તે વિલાપ કરવા લાગ્યો : અરેરે, મારા માતા-પિતા હજુ નરકમાં છે અને તેમના ઉધ્ધાર માટે મેં કશું જ કર્યું નહિ ? તેવા મારા જીવતરને ધિક્કાર છે. હવે મારે કયું સાધન કરવું જોઇએ કે જેથી મારા પિતા નરકમાંથી સ્વર્ગમાં જાય ? ૮૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'દેવી અંબાના યજ્ઞનો વિધિ' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### આકાશવાણીનો આદેશ

રાજોવાચ:

હારણા તુ કથં યજ્ઞઃ કૃતઃ પૂર્વં પિતામહ ।
જગત્કારણરુપેણ વિષ્ણુના પ્રભવિષ્ણુના ॥

જનમેજય રાજાએ પૂછ્યું : 'હે દાદા ! હે વ્યાસમુનિ ! જગતના કારણરૂપ વ્યાપક ભગવાન વિષ્ણુએ એ દેવીયજ્ઞ શા માટે કર્યો હતો તે મને કહો, એટલે તે પ્રમાણે હું પણ યજ્ઞ કરીશ.

વ્યાસે કહ્યું : હે મહાભાગ્યશાળી રાજન્ ! ભગવાન વિષ્ણુએ જે પ્રકારે દેવીનો યજ્ઞ કર્યો હતો તે પરમ અદ્દભુત પ્રસંગ સાંભળો : જ્યારે ભગવતીએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે પોતાની ત્રણ

શક્તિઓને વિદાય કરી, પછી સ્ત્રીરૂપે રહેલા ત્રણે દેવો પુરુષરૂપ બની ગયા. પછી બધાં વિમાનમાં બેઠા, ત્યાંથી મહા સમુદ્રમાં આવી પૃથ્વીને ઉત્પન્ન કરી ત્રણે દેવો પોતપોતાના સ્થાનો રચી પોતપોતાની શક્તિઓ સાથે રહ્યાં. તે પૃથ્વીને શેષ-નાગના મસ્તક પર સ્થાપવામાં આવી અને તે સ્થિર રહે તે માટે મોટા મોટા પર્વતો રચ્યા. આ પર્વતોમાં અનેક યોજનના વિસ્તારવાળો પરમ અદ્‌ભુત તથા મણિમય શિખરોવાળો મેરુ પર્વત રચ્યો, ત્યાર બાદ બ્રહ્માએ સૃષ્ટિ રચવા માંડી. તેમાં બ્રહ્માના મરીચિ, નારદ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, દક્ષ અને વસિષ્ઠ એ વિખ્યાત પુત્રો થયા. તેઓમાંના પુત્ર મરીચિના પુત્ર કશ્યપને દક્ષની તેર કન્યાઓ પરણેલી. તે કન્યાઓથી દેવો તથા દૈત્યો ઉત્પન્ન થયા. ત્યાર બાદ મનુષ્યો, સર્પો વગેરે અનેક જાતિઓના ભેદથી વિસ્તાર પામતી કશ્યપની સૃષ્ટિ થઈ. ત્યાર બાદ પ્રજાપતિ બ્રહ્માના દેહના જમણા ભાગ-માંથી સ્વયંભુવ મનુ ઉત્પન્ન થયા અને ડાબા ભાગમાંથી 'શતરૂપા' નામે સ્ત્રી પ્રકટ થઈ. તે શતરૂપાને પ્રિયવ્રત ને ઉત્તાન-પાદ' નામે બે પુત્રો તથા ત્રણ રૂપાળી કન્યાઓની પ્રાપ્તિ થઈ.

આ રીતે સૃષ્ટિની રચના કરીને બ્રહ્માએ મેરુ પર્વત પર સુંદર બ્રહ્મલોક રચ્યો. વિષ્ણુ ભગવાને તેમની પત્ની લક્ષ્મીને આનંદ ઉપજાવે એવું રમણિય સર્વ લોકોની ઉપર રહેલું વૈકુંઠલોક રચ્યું. તેવી જ રીતે શંકરે પોતાના ધામ તરીકે કૈલાસ પર્વત પસંદ કરી કૈલાસ લોક રચ્યું. ત્યાં પોતાની પત્ની પાર્વતી સાથે રહી આનંદ કરવા લાગ્યા. તેમની આજ્ઞામાં ત્યાં અસંખ્ય ભુતગણો હાજર રહેતા હતા અને મેરુ પર્વત પર ઇન્દ્રે સ્વર્ગલોક રચી તેનો અધિપતિ થયો. સ્વર્ગને શોભાવવા માટે ઇન્દ્રને ઘણી અલૌકિક વસ્તુઓ મળી આવી. દેવો અને દૈત્યોએ સમુદ્રમંથન કર્યું તેમાંથી પારિજાત નામનું કલ્પવૃક્ષ, ઐરાવત, (ગજેન્દ્ર), કામધેનુ (ગાય), ઉચ્ચૈ:શ્રવા (ઘોડો) તથા રંભા વગેરે અપ્સરાઓ નીકળી, તે સર્વ ઇન્દ્રના ભાગે આવવાથી તે બધાથી સ્વર્ગની શોભા ઘણી જ વધી ગઈ, વળી ધન્વંતરી અને ચંદ્ર નીકળેલા તે પણ સ્વર્ગમાં જ રહ્યા. દેવીની આજ્ઞાથી આ પ્રકારે દેવ, મનુષ્ય, પશુ–પક્ષી વગેરેના ભેદથી ત્રણે પ્રકારની સૃષ્ટિ રચી. તેમાં જીવો પણ પોતપોતાના કર્મો અનુસાર અંડજ, સ્વેદજ, ઉદ્-ભિજજ અને જરાયુજ એવા ચાર પ્રકારે ઉત્પન્ન થયા છે.

સૃષ્ટિનો આરંભ થતાં વૈકુંઠ લોકમાં વિષ્ણુ ભગવાન મહાલક્ષ્મી સાથે સુખરૂપ રહ્યા હતા. એક વેળા વિષ્ણુને સુધા-સમુદ્રના મણિદ્વીપમાં પોતાના થયેલા સ્ત્રીરૂપની યાદ આવી, ત્યાં જે જગ્યાએ ભુવનેશ્વરીના દર્શન કરી મંત્ર મેળવ્યો હતો તે પણ યાદ આવ્યું. પછી વિષ્ણુએ ભગવતી દેવીનું સ્મરણ કરી દેવીનો

યજ્ઞ કરવા વિચાર્યું. ત્યાર બાદ વિષ્ણુએ વૈકુંઠમાં બ્રહ્મા, મહેશ્વર, વરુણ, ઇન્દ્ર, કુબેર, અગ્નિ, યમ, વસિષ્ઠ, કશ્યપ, દક્ષ, યક્ષ વામદેવ તથા બૃહસ્પતિને બોલાવી યજ્ઞ અંગે જોઇતી સામગ્રી એકત્ર કરવા માંડી. જોતજોતામાં ત્યાં ભવ્ય મંડપ તૈયાર કરી દેવામાં આવ્યો યજ્ઞ માટે સત્તાવીસ વ્રતનિષ્ઠ ઋષિત્વજોનું વરણ કર્યું, મંડપમાં મોટી વેદિકાઓ તૈયાર થઇ ગઇ એટલે વિદ્વાન બ્રાહ્મણો બીજસહિત દેવીના મંત્રોનો જપ કરવા લાગ્યા; સાથે સાથે વિધિથી તૈયાર કરેલાં હુતદ્રવ્ય યજ્ઞમાં હોમવા લાગ્યા. જ્યારે નિર્વિઘ્ને યજ્ઞની વિધિપૂર્વક પૂર્ણાહુતિ થઈ. તે વેળાએ આકાશવાણી થઇ : 'વિષ્ણુ! તમે કરેલા યજ્ઞથી હું પ્રસન્ન થઇ છું, આજથી તમે દેવોમાં પણ માન્ય અને પૂજવા યોગ્ય થાઓ. બ્રહ્મા, ઇંદ્ર આદિ દેવો તમારી પૂજા કરશે, અને પૃથ્વી પર વસતા સઘળા લોકો તમારી ભક્તિ કરનારાં થશે, તમે તેઓને વરદાન આપનારા થશો, એટલું જ નહિ, તમે સર્વ દેવોને ઇચ્છિત ફળ આપનારા પરમેશ્વર થશો. જેટલા યજ્ઞો થશે તે સર્વમાં તમે યાજ્ઞિકોથી મુખ્ય રીતે પૂજાશો, સર્વ લોકો તમારું પૂજન કરશે, જ્યારે દેવોને દાનવો કષ્ટ આપશે ત્યારે દેવો તમારે જ શરણે આવશે, વળી પુરાણો તથા વેદોમાં તમે પૂજવા, યોગ્ય ગણાશો. પૃથ્વી પર જ્યારે જ્યારે અધર્મીઓથી ધર્મ લોપાતો જણાય, લોકો પીડાતા જણાય ત્યારે ત્યારે તમારે પોતાના અંશથી ઇચ્છિત અવતાર લઇ ધર્મનું અને લોકોનું રક્ષણ કરવું. જુદી જુદી યોનિઓમાં સર્વ અવતારોથી તમે સર્વ લોકમાં પ્રખ્યાત થશો, અને એ દરેક અવતારમાં તમારી શકિત અને બીજી શકિતઓ તમારી સાથે જ રહેશે. તે શકિતઓનું કદી પણ અપમાન ન કરશો. ભરતખંડ પર મૂર્તિઓમાં પૂજાયેલી તે શકિતઓ મનુષ્યની સર્વ કામનાઓ અવશ્ય પૂરશે.'

આકાશવાણી આમ વરદાન આપી બંધ થઇ. તે સાંભળી ભગવાન વિષ્ણુને ઘણો જ આનંદ થયો. યજ્ઞ પૂર્ણ થયો એટલે સર્વ પોતાના સ્થાને જતા રહ્યા. હવે સૌ કોઇને ભગવતી ભુવનેશ્વરી પર અપૂર્વ ભકિતભાવ થયો હતો, તેથી સર્વ ભકિતથી જગદમ્બિકાની પૂજા કરવા લાગ્યા. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'આકાશવાણીનો આદેશ' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### રાજગાદી માટે યુદ્ધ

જનમેજય ઉવાચ

શ્રુતો વૈ હરિણા કલ્પ્તો યજ્ઞોવિસ્તરતો દ્વિજ ।
મહિમાનં તથામ્બાયા વદવિસ્તરતો મમ ॥

જનમેજયે કહ્યું: હે દ્વિજવર! વિષ્ણુએ ભગવતી જગદમ્બિકાનો યજ્ઞ કર્યો તે વૃત્તાંત મેં સાંભળ્યું, છતાં હજુ પણ ભગવતીનો મહિમા વધુ સાંભળવાની ઇચ્છા છે, તો તે તમે વિસ્તારથી કહો, તે સાંભળ્યા પછી હું પણ ઉત્તમ યજ્ઞ કરીશ.

વ્યાસ બોલ્યા: હે રાજન્! ભગવતી દેવીના ઉત્તમ ચરિત્ર સંબંધી એક પ્રાચીન

ઇતિહાસ કહું છું : કોસલદેશમાં એક સૂર્યવંશી રાજા થઇ ગયો. તે મહા તેજસ્વી રાજા પુષ્યનો પુત્ર હતો. તેનું નામ ધ્રુવસંધી હતું. તે ધર્મિષ્ઠ, સત્યવાદી અને વ્રતધારી હતો. અયોધ્યાનગરી તેની રાજધાની હતી. રાજાને બે પત્ની હતી. પ્રથમ સ્ત્રી મનોરમા, રૂપાળી, ગુણવંતી અને પતિઆજ્ઞાનું પાલન કરવા તત્પર રહેતી હતી. બીજી સ્ત્રી 'લીલાવતી' પણ રૂપ અને ગુણોથી સંપન્ન હતી. રાજા ધ્રુવસંધી બન્ને સ્ત્રીઓ સાથે નિત્ય આનંદ-વિનોદ કરતો ને રૂડી રીતે રાજ્ય ચલાવતો હતો. એવામાં બન્ને સ્ત્રીઓ ગર્ભવતી થઈ. સમય થતાં મોટી મનોરમાએ 'સુદર્શન' નામના પુત્રને જન્મ આપ્યો, અને એક મહિના બાદ લીલાવતીએ પણ 'શત્રુજીત' નામના પુત્રને જન્મ આપ્યો. આથી રાજાના સુખમાં વૃદ્ધિ થઈ હતી. તેણે બન્ને પુત્રોના જાતકર્માદિ સંસ્કાર વિધિપૂર્વક કરી બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપી સંતોષ્યા. બન્ને કુંવરો જોતજોતામાં મોટા થઇ ગયા. પરંતુ બન્નેમાં શત્રુજીત ઉપર રાજા વધારે પ્રેમ રાખતો હશે. સુદર્શન કરતાં શત્રુજીત કુંવર બહુ વાચાળ હતો. તેથી જ તે રાજાને વધુ પ્રિય થઇ પડયો હતો. પણ ધ્રુવસંધી રાજા સુખ વધારે સમય ભોગવી શકયો નહિ. એક વેળા તે પોતાના રસાલા સાથે શિકારે ગયેલો ત્યારે એક સિંહે તેને ફાડી ખાધો. રાજાના મૃત્યુથી



બન્ને રાણીઓ અને કુંવરો ખૂબ કલ્પાંત કરવા લાગ્યા. તો વસિષ્ઠ મુનિએ તેમને આશ્વાસન આપી શાંત પાડયા. પછી રાજાના અંત્યેષ્ટિ સંસ્કાર કરાવ્યા ને વસિષ્ઠ મુનિએ રાજાને પરલોકમાં સુખદાયક બને એવી સર્વ ક્રિયાઓ કરાવી. હવે રાજગાદી ખાલી પડી હતી એટલે વસિષ્ઠ મુનિએ અને મંત્રીઓએ મનોરમાના મોટા પુત્ર સુદર્શનને રાજગાદીએ બેસાડવા વિચાર્યું. આ ખબર લીલાવતીના પિતા યુધાજિતને પડી એટલે તે ઉજ્જૈની નગરીમાંથી સૈન્ય સાથે ત્યાં આવ્યો, પુત્રીનું હિત ઇચ્છવા તે શત્રુજીતને ગાદીએ બેસાડવા ઇચ્છતો હતો. એ ખબર કલિંગ દેશના રાજા વીરસેન, જે મનોરમાના પિતા હતા, તેમને પડી એટલે તે પણ પોતાની પુત્રીના હિત માટે સૈન્ય સાથે ત્યાં આવી પહોંચ્યા. તેઓ સુદર્શનને રાજગાદીએ બેસાડવા ઇચ્છતા હતા. પછી તો કયો કુંવર ગાદીએ બેસે તે અંગે મંત્રીઓ સાથે ખૂબ વાદવિવાદ થયો.

યુધાજિત કહે : બન્ને કુંવરોમાં જે ગુણવાન હોય તે ગાદીએ બેસે.'

વીરસેન કહે : પટરાણીનો પુત્ર હોય તે જ ગાદીવારસ ઠરે. વાદવિવાદ બહુ વધી પડતાં ક્રોધે ભરાયેલા યુધાજિતે મંત્રીઓને અને વીરસેનને કહ્યું : 'શત્રુજીત બળવાન અને રાજ્ય ચલાવવાની લાયકાત ધરાવે છે, માટે તેને જ રાજગાદી પર બેસાડો, તેમ છતાં જો સુદર્શનને ગાદીએ બેસાડવામાં આવશે તો મારે ન છૂટકે

યુધ્ધે ચડવું પડશે.' તો વીરસેને પણ લડવાની તૈયારી બતાવી. હવે આ વિકટ સંજોગોમાં સમાધાન કોણ કરી શકે? બન્ને વચ્ચે પ્રચંડ યુદ્ધ થવાના એંધાણ વર્તાઇ રહ્યા હતા. તેથી પ્રજામાં ખળભળાટ મચી ગયો હતો. આ તકનો લાભ લેવા નજીકમાં આવેલા શૃંગવેરપુરમાં વસતા ભીલો, ચોર, લુંટારા, વગેરે રાજ્યનો ખજાનો લૂંટવા માટે ત્યાં આવી પહોંચ્યા હતા. બન્ને કુંવરો બાળક છે અને કોને રાજગાદી આપવી એ માટે ઝઘડો થયો છે, તે જાણી બીજા ખંડિયા રાજાઓ પણ પોતપોતાના સૈન્ય સાથે ત્યાં આવી પહોંચ્યા હતા. યુધાજિત અને વીરસેન બન્ને લડવા માટેની તૈયારી જોરશોરથી કરવા લાગ્યા. ૫૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'રાજગાદી માટે યુદ્ધ' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### યુધાજિત તથા વીરસેન યુધ્ધે ચડયા

**વ્યાસ ઉવાચ**

**સંયુગે ચ સતિ તત્ર ભૂપયો-**
**ર્રાઘવાય સમુપાત્તસૈન્યયોઃ ।**
**ક્રોધલોભ વશ યોઃ સમન્તતઃ-**
**સંબભૂવ તુમુલસ્તુ વિમર્દઃ ॥**

વ્યાસ બોલ્યા : ત્યાં ક્રોધ અને લોભને વશ થયેલા બન્ને રાજા વચ્ચે પ્રચંડ યુધ્ધ થયું. એક પક્ષે પ્રચંડ બાહુ-વાળો ને મોટા સૈન્યવાળો યુધાજિત હતો. તો બીજા પક્ષે ક્ષત્રિયધર્મને અનુ-સરતો તેજસ્વી વીરસેન હતો. બન્ને રાજા પોતપોતાની પુત્રીના હિત માટે યુધ્ધે ચડયા હતા. બન્ને પક્ષમાં સૈનિકો જોરશોરથી લડતા હતા. પરિણામે અસંખ્ય સૈનિકો મરાયા અને ઘવાયા, વીરસેને ઘણી ટક્કર ઝીલી પરંતુ અંતે તે બળ-વાન યુધાજિતના હાથે મરાયો, એટલે વીરસેનના સૈન્યમાં નાસભાગ શરૂ થઇ. સર્વત્ર અંધાધૂંધી ફેલાઇ ગઇ. રાજમહે-લમાં આ ખબર પડતાં મરાયેલા વીર-સેનની પુત્રી મનોરમા ખૂબ કલ્પાંત કરવા લાગી, તેને ભય પેઠો કે હવે યુધાજિત મહેલમાં આવીને મારા પુત્ર સુદર્શનને મારી નાખશે. હવે હું શું કરું ? કયાં જાઉં ? પતિ અને પિતાના મૃત્યુથી હું નિરાધાર બની ગઇ, હવે આ રાજકુંવર સુદર્શનનો એક માત્ર આધાર છે. પરંતુ તેને ય રાજ્યલોભી યુધાજિત મારી નાખશે તો મારી શી દશા થશે? અહીં મારા પુત્રની રક્ષા કરે તેવું કોઇ સમર્થ નથી, વળી મારી શોકય લીલાવતી મારી દુશ્મન બની છે, એટલે પોતાના સ્વાર્થને ખાતર મારા પર દયા નહિ રાખે. માટે યુધાજિત અહીં આવી પહોંચે તે પહેલાં પુત્રને લઇને મહેલમાંથી નીકળી જાઉં તે જ ઉત્તમ છે. અત્યારે મારું ભાગ્ય રૂઠયું છે તેથી મારા પુત્રને રાજા બનાવવા ઇચ્છતા મંત્રીઓ પણ મને મદદરૂપ બની શકે તેમ નથી, કારણ કે તેઓ યુધાજિતને તાબે થયા છે. તેવામાં મંત્રીશ્રેષ્ઠ વિદલ્લ તેને યાદ આવ્યા. તેણે દાસી મારફત વિદલ્લને બોલાવી રડતાં રડતાં પોતાની

મુંઝવણ જણાવી તો ચતુર મંત્રી વિદલ્લે તેને આશ્વાસન આપી કહ્યું: 'તમે શાંત થાઓ, આપણે હવે ઘડીભર પણ અહીં ન રોકાતા વનમાં ચાલ્યા જઈએ. ત્યાં સુબાહુ નામના મારા મામા છે. તેઓ તમારી રક્ષા કરશે. યુધાજિતને મળવાના બહાને હું તમને પુત્ર સહિત રથમાં બેસાડી વનમાં લઈ જઈશ.'

વિદલ્લ મંત્રીએ રથ તૈયાર કરાવ્યો અને મનોરમાને બેસી જવા કહ્યું: એટલે મનોરમા પોતાના પુત્ર સુદર્શન તથા એક દાસીને લઈ રથમાં બેસી ગઈ. તેણે થોડુંક ધન અને ઝવેરાત સાથે લીધું હતું. પછી મંત્રીએ જાતે જ રથ હંકારી તેને બીજે માર્ગે દોડાવી મૂક્યો, પરંતુ રથ જ્યારે ગંગા કિનારે પહોંચ્યો ત્યારે ભીલોએ તેઓને લૂંટી લીધા અને રથ પણ પડાવી લીધો. મનોરમા સમજી કે પોતાની ગ્રહદશા માઠી છે, તેનું આ પરિણામ છે. મંત્રીએ તેને આશ્વાસન આપ્યું અને કહ્યું: 'આપણે સામે પાર જતા રહીએ, પછી ત્યાંથી આગળ આવેલા ચિત્રકુટ ઉપર જઈશું એટલે ભયમુક્ત થઈશું.' ગંગા પાર કરીને તેઓ ધીમે ધીમે ચિત્રકુટ પર્વત પર જઈ પહોંચ્યા. ત્યાં તપસ્વી મુનિઓના ઘણા આશ્રમો હતા. મંત્રી કંઈક વિચાર કરી મનોરમા, તેના પુત્ર સુદર્શનને અને દાસીને ભારદ્વાજ મુનિના આશ્રમમાં લઈ ગયો ને મુનિને પ્રણામ કરી કહ્યું: 'આ પુત્રવતી સ્ત્રી તે ધ્રુવસંધી નામના રાજાની ધર્મપત્ની છે, તેની પાસે છે તે તેનો પુત્ર સુદર્શન અને આ બીજી સ્ત્રી તે દાસી છે અને હું રાજાનો મંત્રી છું. થોડા સમય પહેલાં ધ્રુવસંધી રાજા શિકારે ગયેલા ત્યારે સિંહે મારી નાખ્યા, અને હાલ આ રાણીના ધર્માત્મા પિતા વીરસેન પોતાના ભાણેજના કલ્યાણ માટે યુદ્ધમાં લડતાં લડતાં મરાયા છે. આ રાણીની શોક્યનો પિતા યુધાજિત આ બાળકને મારી નાખે તો? તે ભયથી આ રાણી પોતાના પુત્ર સહિત તમારા શરણે આવી છે, માટે તેને તમારા આશ્રમમાં આશ્રય આપો. તમારા સિવાય તેઓનું રક્ષણ કોઈ કરી શકે તેમ નથી. શરણે આવેલા દુઃખી મનુષ્યનું રક્ષણ કરવાથી યજ્ઞ કરતાં પણ વધારે ફળ મળે છે. અને તેમાંય ભયથી ત્રાસેલા મનુષ્યનું રક્ષણ કરવાથી તેનું ફળ તો અધિકાધિક કહેલું છે.'

આ સાંભળી મુનિવર ભારદ્વાજે કહ્યું: હે પવિત્ર વ્રતનું આચરણ કરનારી કલ્યાણી! તું મારે ત્યાં નિર્ભય થઈને રહે, ને પુત્રનું લાલન પાલન કરી તેને મોટો કર. હવે તું શત્રુનો કે કોઈનો ભય રાખીશ નહિ, તારો આ પુત્ર આગળ જતાં મોટો રાજા થશે. અહીં તને ક્યારેય દુઃખ કે શોક થશે નહિ.

વ્યાસે કહ્યું: આ પ્રમાણે મુનિ ભારદ્વાજના આશ્વાસનથી શોકરહિત થયેલી રાણી મનોરમા મુનિએ આપેલ અલગ પર્ણકુટિમાં પોતાના પુત્ર, દાસી

તથા મંત્રી વિદલ્લ સાથે રહી પોતાના પુત્ર સુદર્શનને રૂડી રીતે ઉછેરવા લાગી. ૬૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'યુધાજિત તથા વીરસેન યુધ્ધ કથા' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૬ મો

### યુધાજિત ભારદ્વાજના આશ્રમમાં

વ્યાસ ઉવાચ :

યુધાજિત્ત્વથ સંગ્રામાદ્-
ગત્વાડયોધ્યાં મહાબલઃ ।
મનોરમાં ચ પ્રપચ્છ-
સુદર્શન જિઘાંસયા ।

વ્યાસ બોલ્યા: યુધાજિતે યુધ્ધમાં જીત મેળવી, સ્વસ્થ થયા પછી અયોધ્યામાં રાજાના મહેલે જઈ સુદર્શનને મારી નાખવા વિચાર્યું, પણ તપાસ કરતાં ખબર પડી કે મનોરમા તેના પુત્ર સુદર્શનને લઇને ભાગી છૂટી છે, એટલે તેણે ચારે દિશામાં સૈનિકોને દોડાવ્યા. પરંતુ કોઇ ઠેકાણે તેઓનો પત્તો લાગ્યો નહિ. પછી તેણે રાજજ્યોતિષિ મારફત શુભ દિવસ અને શુભ મુહૂર્ત કઢાવી, પોતાના ભાણેજ શત્રુજીતને રાજગાદી પર બેસાડયો. આ પ્રસંગે નગરીમાં મહોત્સવ ઉજવાયો, તો પણ નગરજનોને ચિંતા હતી કે: 'રાણી મનોરમા ને કુંવર સુદર્શન કયાં ગયાં હશે?' આમ એક બાજુ પ્રજાજનોને હર્ષ હતો, બીજી બાજુ શોક હતો. યુધાજિત તો ભાણેજને રાજગાદી પર બેસાડી મંત્રીઓને તેનું રક્ષણ કરવાની અને રાજકારોબાર સારી રીતે ચલાવવાની ભલામણ કરી પોતાના રાજ્યમાં ચાલ્યો ગયો. એવામાં તેને ખબર પડી કે, અયોધ્યામાંથી સુદર્શન કુંવરને લઇને ભાગી છૂટેલી રાણી મનોરમા ભારદ્વાજ મુનિના આશ્રમમાં છે. એટલે તે સુદર્શનને મારી નાખવા માટે પોતાના મંત્રીઓને સાથે લઈ ચિત્રકૂટ પર્વત પર જવા નીકળી પડયો. માર્ગમાં શૃંગવેરપુરમાં તેના મિત્ર ભિલ્લરાજ 'દુર્દર્શ'ને પણ સાથે લીધો.

યુધાજિત જયારે તેના મંત્રીઓ અને સાથીઓ સાથે ચિત્રકૂટ પર ભારદ્વાજ મુનિના આશ્રમ નજીક આવ્યો ત્યારે તેને જોતાં જ મનોરમાનું કાળજું ફફડી ઊઠયું. તેણે રડતાં રડતાં ભારદ્વાજ મુનિ પાસે જઇ કહ્યું: 'આ યુધાજિત મારા પુત્રનો દુશ્મન છે. તે મારા પિતાને મારી નાખી, તેના ભાણેજને રાજગાદીએ બેસાડી, વેર વાળવા માટે મારા પુત્ર સુદર્શનને મારી નાખવા અહીં જ આવી રહ્યો છે. માટે મારા પુત્ર સુદર્શનને તેનાથી બચાવી અમારું રક્ષણ કરો. કદાચ તે સુદર્શનને મારી નાખવા ન પણ ઇચ્છતો હોય, તેમ છતાં તેના પર વિશ્વાસ મૂકી શકાય નહિ. અગાઉ પણ વિશ્વાસ રાખી પછી છેતરાવાના ઘણા પ્રસંગો બનેલા છે. આશ્રમમાં રહેલ દ્રૌપદી જે પાંડવો અને મુનિઓથી રક્ષાયેલી હતી છતાં સિંધુદેશનો જયદ્રથ રાજા મુનિઓને વિશ્વાસમાં લઇ દ્રૌપદીનું હરણ કરી ગયો હતો.

માટે શાણા મનુષ્યોએ કોઇનો વિશ્વાસ કરવો નહિ. વિશ્વાસને લીધે બલિરાજાને

પારાવાર દુઃખ વેઠવું પડયું હતું. ભગવાન વિષ્ણુએ બટુક–વામન સ્વરૂપ લઇ બલિરાજા પાસે માત્ર ત્રણ પગલાં પૃથ્વી માગી. તેની પાસેથી સમુદ્ર સહિત આખી પૃથ્વી લઇ લીધી હતી. એમ કહેવાય છે કે વિષ્ણુએ વામન સ્વરૂપે બલિરાજાને વિશ્વાસમાં લઇ છેતર્યા હતા. મનુષ્યો ધન મેળવવા અર્થે દેવ–દેવીઓને પૂજે છે, તો દેવો કંઇ તાત્કાલિક તેઓને ધન આપી શકતા નથી, પણ ગમે તે પ્રકારે એટલે કે વેપાર–ધંધામાં દાનમાં કે ચોરીને માર્ગે તેને ધન મળે એવું કરે છે. લોભી મનુષ્યનો કયારેય વિશ્વાસ કરવો નહિ. લોભી મનુષ્ય કદાચ દાન કરે, તીર્થયાત્રા કરે કે શાસ્ત્રોનું અધ્યયન કરે, પણ તે બધું વ્યર્થ જાય છે. માટે હે મુનિ! તમે કૃપા કરી કોઇ પણ ઉપાયે અહીં આવી રહેલા યુધાજિતને અહીંથી વિદાય કરી દો.

આ સાંભળી દયાળુ ભારદ્વાજમુનિએ આશ્રમ પાસે આવી પહોંચેલા યુધાજિતને કહ્યું : 'હે રાજા! તું બાળક સુદર્શનને લેવા માટે અહીં આવ્યો હોય તો તારી એ ઇચ્છા પાર નહિ પડે, અહીં મનોરમા તેના પુત્રની સાથે મહાદુઃખમાં દિવસો પૂરા કરી રહી છે, તેને વધુ દુઃખી કરીને તું કંઇ સાર નહિ કાઢે, માટે અહીંથી તારે જ્યાં જવું હોય ત્યાં જા.'

પણ યુધાજિતે બાળક સુદર્શનને બળથી પણ લઇ જવાની હઠ પકડી રાખી, ત્યારે ભારદ્વાજમુનિ કહ્યું : તને બળનું અભિમાન છે. તો પહેલાં વસિષ્ઠમુનિની ગાયને જેમ વિશ્વામિત્ર મુનિ લઈ ગયા હતા, તેમ તારામાં જો તાકાત હોય તો આજે તું મનોરમાને મારી હાજરી વચ્ચે મારા આશ્રમમાંથી લઇ જા. ૬૦

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'યુધાજિત ભારદ્વાજના આશ્રમમાં' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

### સુદર્શનને મળેલું કામબીજ

વ્યાસ ઉવાચ

ઇત્યાકર્ણ્ય વચસ્તસ્ય મુનેસ્તત્રાવની પતિઃ।
મન્ત્રિ વૃદ્ધં સમાહૂય પપ્રચ્છ તમતંદ્રિતઃ॥

વ્યાસે કહ્યું, ભારદ્વાજ મુનિનું કહેવું સાંભળી યુધાજિતે પોતાની સાથેના મંત્રીને કહ્યું: 'હવે મારે શો ઉપાય કરવો? હું તો મનોરમાને તેના પુત્ર સાથે લઇ જવા આવ્યો છું, કારણ કે મનુષ્યે પોતાના હિત માટે નાના શત્રુ પ્રત્યે પણ બેદરકાર રહેવું નહિ. અહીં આશ્રમ આગળ આપણને કોઇ અટકાવી શકે એમ નથી, માટે હું મારા ભાણેજના દુશ્મનને અહીંથી લઈ જઇ મારી નાખું તો મારો ભાણેજ નિષ્કંટક રાજ્ય કરી શકે.'

આ સાંભળી મંત્રી સુમતે યુધાજિતને કહ્યું : તમે સાહસ કરતાં પહેલાં પૂરતો વિચાર કરો. તે માટે ભારદ્વાજમુનિએ વિશ્વામિત્ર વિષે ઉદાહરણ આપી તમને ચેતવ્યા છે : એ ગાધિનંદન વિશ્વામિત્ર જ્યારે પ્રસિદ્ધ રાજા હતા તે સમયની આ વાત છે. એક વેળા વિશ્વામિત્ર રાજા

પોતાની સેના સાથે ફરતો....ફરતો વસિષ્ઠમુનિના આશ્રમે પહોંચ્યો. તેણે મુનિને પ્રણામ કર્યા. મુનિએ તેને આવકારી બેસવા આસન આપ્યું.

થોડોક વાર્તાલાપ કર્યા પછી વસિષ્ઠ મુનિએ વિશ્વામિત્ર રાજાને ભોજન કરી લેવા કહ્યું તો રાજાએ કહ્યું : 'મારી સાથે ઘણા સૈનિકો છે તેઓને પણ જમાડવા પડશે.' મુનિએ કહ્યું : 'તે બધાને ભોજન માટે એક હારમાં બેસી જવા કહો.' ને વસિષ્ઠ મુનિ પાસે રહેતી નંદિની ગાયની કૃપાથી વસિષ્ઠ મુનિએ પછી રાજા સહિત તમામ સૈનિકોને તેમની ઇચ્છાનુસાર ભોજન કરાવ્યું. વિશ્વામિત્ર રાજાને આથી આશ્ચર્ય થયું, પછી તેને ખબર પડી કે આ બધો પ્રતાપ નંદિની ગાયનો છે. એટલે તેણે નંદિની ગાય પડાવી લેવાની ઇચ્છા કરી અને ધીરજ ન રહેતાં તુરત જ વસિષ્ઠ મુનિને કહ્યું : 'મહારાજ ! તમારી નંદિની ગાય મને આપો તો હું તમને એક હજાર ગાયો આપીશ. જો તમે તે માટે આનાકાની કરશો તો મારે બળપૂર્વક ગાય લઇ જવી પડશે.'

મુનિ મક્કમ રહ્યા. એટલે વિશ્વામિત્ર રાજાના હુકમથી તેના સૈનિકોએ નંદિની ગાયને પકડી, ત્યારે નંદિની ગાય આંસુ સારીને મુનિને કહેવા લાગી: 'મુને ! તમે આજે મારો ત્યાગ કર્યો કે શું ? આ બધાએ મને શા માટે પકડી છે? વસિષ્ઠ મુનિએ કહ્યું : તું તો મને ઘણી પ્રિય છે, તારો ત્યાગ હું શા માટે કરું ? આ તો મેં જે રાજાનો સારી રીતે આદર કર્યો તેજ રાજા બળજબરીથી તને લઇ જવા તૈયાર થયો છે, એમાં મારો શું દોષ ?'

એ સંભળી નંદિની ગાયને ઘણો ક્રોધ વ્યાપ્યો અને એણે જોરથી મહાભયંકર 'હંભા' એવો ઉચ્ચાર કર્યો, તે જ સમયે એ ગાયના શરીરમાંથી આયુધો સાથે અતિઘોર દૈત્યો 'ઊભો રહે, ઊભો રહે' એમ પ્રચંડ નાદ કરતા ઉત્પન્ન થયા અને તે દૈત્યોએ વિશ્વામિત્ર રાજાના બધા સૈનિકોની હત્યા કરી તેમના પાશમાંથી નંદિની ગાયને મુક્ત કરી. આથી વિશ્વામિત્રને ઘણું જ દુ:ખ થયું, કારણ કે આજે ક્ષત્રિયના બળ કરતાં બ્રાહ્મણનું બળ વધી ગયું હતું, ત્યાંથી તેઓ પોતાના રાજ્યમાં ન જતાં સીધા વનમાં તપ કરવા ચાલ્યા ગયા અને ઘણા વર્ષો સુધી તપ કરી બ્રહ્મર્ષિ 'વિશ્વામિત્ર' નામે વિખ્યાત થયા.

યુધાજિતના મંત્રીએ આ રીતે વિશ્વામિત્ર રાજાનું દ્રષ્ટાંત સંભળાવી કહ્યું : 'હે રાજન્ ! માટે તમે તપસ્વીઓ સાથે કુળનો નાશ કરનારું વેર બાંધો નહિ. અને ભારદ્વાજ મુનિ ક્રોધાયમાન થાય તે પહેલાં તેમને શાંત કરી અહીંથી ચાલી નીકળો. બાળક સુદર્શન ભલે અહીં રહે. આ કોઈ પ્રકારની સંપત્તિ વિનાનો અબોધ બાળક તમારું શું અહિત કરી શકવાનો છે? દરેક પ્રત્યે દયા રાખવી, તેમાંયે બાળક પ્રત્યે તો અવશ્ય દયા રાખવી જોઇએ. ભાગ્ય

પ્રબળ ન હોય તો એક નાનું સરખું તણખલું વજ્ર જેવું બની જાય છે, માટે અત્યારે સાહસ કરવું છોડી દો.' મંત્રીનું કહેવું માની યુધાજિત ત્યાંથી પાછો જતો રહ્યો. પછી મનોરમા નિર્ભયપણે બાળક સુદર્શનને ઉછેરવા લાગી. મંત્રી વિદલ્લ પણ સાથે હતો. તે સુદર્શનને વિદ્યાભ્યાસ કરાવતો હતો. એક દિવસ સુદર્શન મંત્રી પાસે બેઠો હતો. એવામાં ત્યાં એક મુનિપુત્રે આવીને મજાક ખાતર 'ક્લીવ' એવા નામથી સુદર્શનને બોલાવ્યો. આ 'ક્લીવ' શબ્દમાં જે 'ક્લી' અક્ષર હતો તે સુદર્શને સ્પષ્ટ સાંભળ્યો અને તેને યાદ પણ રહી ગયો. હવે તે અનુસ્વાર વગરના તે શબ્દને વારંવાર રટવા લાગ્યો. 'ક્લીં' તો કામબીજ નામક ભગવતી જગદમ્બિકાનો બીજમંત્ર છે. એ જ મંત્ર સુદર્શનના મનમાં જડાઇ ગયો અને તે એ મંત્રનો આદરપૂર્વક જપ કરતો રહ્યો. પાંચ વર્ષનો તે બાળક તે બીજને રમતાં, જમતાં ને સુતાં પણ ભુલતો નહિ. તે મોટો થયો ત્યારે તે અંગ સહિત ધનુર્વેદ, નીતિશાસ્ત્ર અને બીજી ઘણી વિદ્યાઓ શીખી તેમાં કુશળ બની ગયો. જ્યારે સુદર્શન બધી વિદ્યાઓ સંપૂર્ણ ભણી રહ્યો ત્યારે તે અદ્ભુત બાળકે વૈષ્ણવી શક્તિના પ્રત્યક્ષ દર્શન કર્યાં હતાં. ત્યારે ભગવતીએ લાલ વસ્ત્રો અને લાલ આભુષણો ધારણ કરેલાં હતાં અને તેઓ ગરૂડ પર વિરાજમાન હતાં. તેમના દર્શન કરી સુદર્શન ધન્ય બન્યો. ત્યારે ભગવતીએ સુદર્શનને દિવ્ય ધનુષ્ય-બાણ, બખ્તર અને કવચ આપ્યાં હતાં.

આ અરસામાં કાશીરાજની પુત્રી શશિકલા પરણાવવા યોગ્ય ઉંમરની થઇ હતી. પણ તેને યોગ્ય વર મળતો નહોતો. એવામાં ભાટ-ચારણોના મુખે શશિકલાએ વનમાં રહેતાં સુદર્શનની ઘણી જ ખ્યાતિ સાંભળી અને તે સમયે જ તેણે સુદર્શનને વરવાની મનથી ઇચ્છા કરી. તે જ રાતના ભગવતી જગદંબાએ તેને સ્વપ્ન મારફતે કહ્યું : 'હે ચન્દ્ર જેવા મુખવાળી ! હું તારા પર પ્રસન્ન થઇ છું, માટે તારી ઇચ્છા પ્રમાણે વર માગ. તું જેને મનથી વરી ચુકી છું તે મારો ભક્ત સુદર્શન તેને બરાબર યોગ્ય છે, તે તારી સર્વ કામનાઓ પૂરશે.' આ સાથે જ સ્વપ્ન પૂરું થયું, પણ શશિકલાને સ્વપ્નાની વાત યાદ હતી. તે જાગ્રત થતાંની સાથે જ હર્ષઘેલી થઇ ગઇ. આથી તેની બાજુમાં સૂતેલી તેની માતાએ તેના હર્ષનું કારણ પૂછ્યું. તો શરમાળ શશિકલા કંઇ પણ ઉત્તર ન આપતાં માત્ર હસવા જ લાગી, પછી તેણે સ્વપ્નાની સર્વ હકીકત માતાને કહી દીધી. એક વેળા રાજકુંવરી શશિકલા પોતાની સખીઓની સાથે ફરવા માટે ઉપવનમાં ગઇ. ત્યાં ચંપાના ઘણાં વૃક્ષ હતા. તેથી સુગંધ સુગંધ પ્રસરી રહી હતી. ફરતાં ફરતાં શશિકલાએ માર્ગ ઉપરથી એક બ્રાહ્મણને ઉતાવળે ઉપવનમાં આવતો જોયો. તે

બ્રાહ્મણ નજીક આવતાં જ શશિકલાએ તેને પ્રણામ કરીને પૂછ્યું : 'હે મહાભાગ ! તમે કયા પ્રદેશમાંથી આવો છો ?' બ્રાહ્મણે કહ્યું : 'હું ભારદ્વાજ મુનિના આશ્રમેથી એક જરૂરી કામ અંગે આ તરફ આવ્યો છું.'

શશિકલાએ પૂછ્યું : 'ત્યાં આગળ અત્યંત પ્રશંસનીય, સૌથી ઉત્તમ અને ખાસ જોવા લાયક શું છે ?' બ્રાહ્મણે કહ્યું : 'હે કલ્યાણી ! ત્યાં ધ્રુવસંધી રાજાના કુંવર સુદર્શન રહે છે તે તમારે જોવાલાયક છે. મારું ધારવું છે કે જેણે એને જોયો નથી તેનાં નેત્રો નકામાં છે. બ્રહ્માએ તેને સર્વગુણ સમ્પન્ન બનાવ્યો છે. વળી એ કુમાર તમારો સ્વામી થવા સર્જાયો હોય એમ મને લાગે છે. મણિ તથા સુવર્ણના જેવો તમારા બન્નેનો આ યોગ વિધાતાએ નક્કી કર્યો હોય એ બનવા જોગ છે. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'સુદર્શનને મળ્યું કામબીજ' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### સુદર્શન માટે શશિકલાની કામના

વ્યાસ ઉવાચ :

**શ્રુત્વા તદ્વચનં રમ્યા પ્રેમયુક્તા બભૂવ હ ।**
**પ્રતસ્થે બ્રાહ્મણસ્તસ્માત્સ્થાના-**
**દુક્ત્વા સમાહિતઃ ॥**

વ્યાસ બોલ્યા : બ્રાહ્મણનાં એ વચન સાંભળી શશિકલા હર્ષિત થઈ, તેના મનના ભાવો જોઈ બ્રાહ્મણ પણ ખુશ થતો ત્યાંથી ચાલ્યો ગયો. તેના ગયા પછી શશિકલાએ તેની પ્રિય સખીને કહ્યું : 'મેં સ્વપ્નામાં જોયેલો કામદેવ જેવો રૂપાળો કુમાર આ બ્રાહ્મણે કહ્યો તે જ હોવો જોઈએ. વારંવાર તેની યાદ મારા મનને વ્યાકુળ બનાવી રહી છે. તે પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી મને કોઈ ઉપાયથી શાંતિ મળવાની નથી. મને વારંવાર થાય છે કે હું તે વનમાં જઈ તે મારા મનના માનેલા રાજકુમારને મળું, પરંતુ કુળની લાજનો ભય જોતાં અચકાઉં છું. મારું મન ખૂબ જ વ્યાકુળ થઈ ગયું છે. શરીર પર લગાવેલો ચંદનનો લેપ મને ઝેર જેવો લાગે છે, ગળામાં પહેરેલી પુષ્પમાળા સર્પ જેવી લાગે છે ને ચંદ્રના કિરણો અગ્નિ જેવા લાગે છે. તે વનમાં જવા બહુ જ ઇચ્છા છે, પણ હિંમત થતી નથી. પિતાને આધીન રહેલી હું કુળની મર્યાદા પણ કેમ તોડી શકું ? મારો સ્વયંવર રચવા પણ પિતાજી ઉતાવળ કરતા નથી. માટે હું મારા સુંદર શરીરને તે કુમાર સુદર્શનને જ અર્પણ કરીશ. સુદર્શનનું ભાગ્ય પણ કેવું પ્રબળ કે વનમાં રહેતો. કંદ–મૂળ, ફળ–ફળાદિ આરોગતો અને નિર્ધન, તે કુંવરીને ગમી ગયો હતો. આનું સબળ કારણ એ હતું કે શશિકલાને વાગ્બીજના જપથી તે પ્રેરણા થઈ હતી. અને સુદર્શન પણ નિત્ય તે મંત્રને જપ્યા કરતો હતો. તેને નિત્ય સ્વપ્નમાં સર્વ સંપત્તિ આપનારાં વિષ્ણુમાયાનાં દર્શન થતાં હતાં.

એક વેળા શૃંગવેરપુરનો ભિલ્લરાજ પોતાની સાથે ચાર અશ્વો જોડેલો ને

ધ્વજ-પતાકાથી શણગારેલો કલાત્મક રથ લઇ સુદર્શન પાસે આવ્યો. સુદર્શને તેનો વનનાં મધુરાં ફળો ને પુષ્પોથી સત્કાર કર્યો. ભિલ્લરાજાએ તેને પેલો રથ ભેટમાં આપી કહ્યું : હે રાજકુમાર સુદર્શન ! તું હમણાં સાવધ થઇ રહેજે, કારણ કે તને થોડા જ દિવસોમાં રાજ્યપ્રાપ્તિ થવાની છે. તું નિરંતર ભગવતીદેવીનું ધ્યાન કરે છે, તેથી અંબિકાદેવી તારા પર પ્રસન્ન થયેલાં છે; તને મારા જેવો ઉત્તમ મદદગાર મળ્યો છે એટલે કોઇ પ્રકારની ચિંતા કરીશ નહિ. આમ સુદર્શનને કહી ભિલ્લરાજે કુંવરની માતા મનોરમાને કહ્યું : 'હે સુમુખી ! હવે તમારો પુત્ર સુદર્શન સમસ્ત ભૂમંડળનો રાજા બનવાનો છે. હવે તમે થોડો સમય આનંદપૂર્વક પસાર કરી નાખો.'

આ સાંભળી મુનિઓ પણ મનોરમાને કહેવા લાગ્યા : 'સુદર્શનની શ્રેષ્ઠ ઉપાસનાથી અને દેવીની પ્રસન્નતાથી નધારેલું અવશ્ય બની શકે છે. અત્યારે તમારી પાસે બળ નથી, સેના નથી, મંત્રીઓ નથી, મહેલ નથી કે દ્રવ્યભંડાર નથી, તો પણ દેવીની કૃપાથી સુદર્શન અવશ્ય રાજા બનશે.' મનોરમાએ મુનિઓને કહ્યું : 'તમે બધા તપસ્વી અને વિદ્વાન છો એટલે તમારા આશીર્વાદથી મારો પુત્ર રાજા બનશે એમાં મને કોઇ સંદેહ નથી.'

સુદર્શને સર્વ વિદ્યા પ્રાપ્ત કરી હતી એટલે તેનું તેજ વધી ગયું હતું. હવે તે રથમાં બેસીને ફરવા નીકળતો ત્યારે એવું લાગતું કે એક અક્ષૌહિણીસેના તેની સાથે છે. સુદર્શન નિત્ય પ્રસન્નતાપૂર્વક બીજમંત્રનો જપ કરતો હતો. તે મંત્રના પ્રભાવથી એનામાં અપૂર્વ શકિતનો, જ્ઞાનનો અને તેજનો સંચાર થયો હતો.

જે મનુષ્ય 'કલી'એ કામરાજ બીજ મંત્રને ગુરુ પાસેથી વિધિપૂર્વક ગ્રહણ કરી એકાગ્રપણે નિરંતર જપે છે. તેની સર્વ કામના દેવીની કૃપાથી પૂર્ણ થાય છે. જગતમાં એવી કોઇ વસ્તુ દુર્લભ નથી કે શિવાદેવીની પ્રસન્નતાથી ન મેળવી શકાય. જે મનુષ્યો દેવીની ભકિત કરતા નથી, દેવીના પૂજન વગેરેમાં શ્રદ્ધા રાખતા નથી, તેઓ મંદબુદ્ધિ, ભાગ્યહીન અને રોગોથી નિરંતર ઘેરાયેલા જ રહે છે.

તે દેવી યુગના આરંભકાળે જ સર્વ દેવીનાં માતા કહેવાયાં છે, તેથી જ તેઓ 'આદ્યમાતા' નામથી પ્રસિદ્ધ છે. તે જ દેવી સર્વ પ્રાણીઓમાં બુદ્ધિ, કિર્તિ, ધીરજ, લક્ષ્મી, શકિત, શ્રદ્ધા, મતિ, તથા સ્મૃતિથી પ્રત્યક્ષરૂપે જણાય છે. મનુષ્યો માયાથી મોહ પામેલા છે. તેથી તેઓ શિવાદેવીને જાણતા નથી કે આરાધતા નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇન્દ્ર, વરૂણ, યમ, વાયુ, અગ્નિ, કુબેર આદિ સર્વ દેવતાઓ જેઓ ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ કરનારાં છે તેઓ નિરંતર અંબિકાનું ધ્યાન કરે છે.

આવાં સઘળાં પુરુષાર્થને આપનારાં ને સર્વ મનોરથો પૂર્ણ કરનારાં તે દેવીને સુદર્શને સારી રીતે જાણ્યાં હતાં અને ઉપાસ્યાં હતાં. દેવીને શરણે ગયા સિવાય પરમાત્માના સ્વરૂપની કોઇને ઝાંખી થતી નથી.

સુદર્શન વનમાં રહેવા છતાં દેવીના ધ્યાનમાં મગ્ન રહી રાજા કરતાં પણ ઉત્તમ સુખ ભોગવી રહ્યો હતો, બીજી તરફ શશિકલા તેના વિયોગથી પીડાઇ રહી હતી. એવામાં શશિકલાના પિતા સુબાહુ રાજાએ સ્વયંવર રચ્યો. સ્વયંવરના ત્રણ પ્રકાર કહ્યા છે. (૧) રાજકુંવરી પોતાની ઇચ્છા મુજબના વરને વરી શકે તે ઇચ્છાસ્વયંવર કહેવાય. બીજો પ્રણસ્વયંવર-એટલે કે કોઇ અમુક શરતે રાજકુંવરી મેળવી શકાય. જેમ રામચન્દ્રે જનકરાજાની સભામાં જઈ શિવધનુષ તોડી નાખી સીતાજીને મેળવ્યાં હતાં-તે પ્રણસ્વયંવર! અને જેમાં સૌથી વધારે બળ-પરાક્રમ દાખવી રાજકન્યાને લઈ જવામાં આવે તે શૌર્યશુલ્ક સ્વયંવર! આમાંથી સુબાહુએ ઇચ્છા-સ્વયંવર રચ્યો હતો. સ્વયંવર મંડપ બંધાતો જોઇ શશિકલાએ પોતાની સખીને કહ્યું: તું મારી માતા પાસે જઈને કહે કે હું રાજા ધ્રુવસંધીના શ્રેષ્ઠકુમાર સુદર્શનને મનથી વરી ચૂકી છું અને દેવી જગદંબિકાએ પણ તેને જ મારા પતિ તરીકે નક્કી કર્યો છે, એટલે હું બીજા સાથે નહિ પરણું.

શશિકલાની માતા વૈદર્ભીએ આ વૃત્તાંત જાણી તે વાત તેના પતિ રાજા સુબાહુને કહી, તો રાજાને કુંવરીની ઇચ્છા જાણી ખૂબ આશ્ચર્ય થયું. તે હસીને કહેવા લાગ્યો: રાજ્યમાંથી તેની માતા સાથે ભાગી છૂટેલો સુદર્શન તેની માતા સાથે વનમાં રહ્યો છે, અને એના ખાતર તો યુધાજિતે વીરસેનને યુદ્ધમાં હણ્યો છે. એવો રાજ્ય વિનાનો, બળ વિનાનો, નિર્ધન સુદર્શન આપણી શશિકલા માટે યોગ્ય નથી. મારી આ વાત શશિકલાને પસંદ નહિ પડે....તો પણ તું એની પાસે જઇને કહે કે સ્વયંવર મંડપમાં એક એકથી ચડિયાતા અખૂટ સંપત્તિ અને ઐશ્વર્યવાળા રાજાઓ પધારવાના છે, તેમાંથી જ કોઇને ઇચ્છી વરમાળા પહેરાવે. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'સુદર્શન માટે શશિકલાની કામના' નામનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### સ્વયંવરમાં સુદર્શનનું આગમન

વ્યાસ ઉવાચ :

ભર્ત્રા સાઽભિહિતા બાલાં પુત્રીં-
કૃત્વા કસં સ્થિતામ્ ।
ઉવાચ વચનશ્લક્ષ્ણં સમાશ્વાસ્ય-
શુચિસ્મિતામ્ ॥

વ્યાસ બોલ્યા: પતિની આજ્ઞાનુસાર રાણીએ તુરત જ પુત્રી શશિકલાને બોલાવી ખોળામાં બેસાડી મધુર સ્વરે કહ્યું: 'બેટી! તારો વિચાર જાણીને મને અને તારા પિતાને બહુ દુઃખ થયું છે;

કારણ કે સુદર્શન વનમાં રહેનારો, બળ-હીન ને રાજ્ય વિનાનો, સૈન્ય કે દ્રવ્ય–ભંડાર વિનાનો, બંધુઓથી ત્યજી દેવાયેલો, તેની માતા સાથે વનમાં દુઃખદ અવસ્થામાં કંદમૂળ આરોગીને રહે છે. એવો દુર્બળ શરીરવાળો વનવાસી તારે યોગ્ય નથી. તેના કરતાં તો સુદર્શનનો ભાઈ શત્રુજીત જે હાલ કોસલદેશનો રાજા છે તે તારે માટે યોગ્ય છે. વળી રાજા યુધાજિત સુદર્શનને મારી નાખવા પ્રયત્ન કરી રહ્યો છે, એવા સુદર્શનને વરીને તું શું કરીશ ?'

શશિકલાએ કહ્યું : 'હે માતા ! મને તો તે વનવાસી કુમાર જ મારા માટે યોગ્ય લાગે છે. જેવી રીતે રાજા શર્યાતિની આજ્ઞા માનીને તેની પુત્રી સુકન્યા ચ્યવન ઋષિ પાસે ગઈ હતી તેવી રીતે હું પણ તે વનમાં આશ્રમમાં રહેતા સુદર્શનને પતિ તરીકે સ્વીકારી સદાય તેની સેવા કરીશ; કારણ કે સ્ત્રીઓ માટે પતિવ્રતાધર્મ ને પતિસેવા જ સ્વર્ગ ને મોક્ષ આપનારાં છે. વળી ભગવતી ભુવનેશ્વરીએ સ્વપ્નમાં મને દર્શન આપી તે જ વર મારા માટે બતાવ્યો છે, તો પછી બીજા રાજકુમારને હું કેમ પરણું ?'

વૈદર્ભીએ શશિકલાની મનોદશા–ઇચ્છા પોતાના પતિ સુબાહુ રાજાને જણાવી, તેથી તે ચિંતામાં પડી ગયો, તો પણ સ્વયંવર રચવાની કાર્યવાહી ચાલુ રાખી. ચતુર શશિકલાએ સ્વયંવર રચાય તે પહેલાં જ એક બુદ્ધિશાળી વિશ્વાસુ બ્રાહ્મણને બોલાવી બધી સમજ પાડીને કહ્યું કે : 'તમે અહીંથી કોઈ ન જાણે તેમ સત્વર સુદર્શન પાસે જઈને મારો સંદેશ કહો કે 'હે સ્વામિન ! મારા પિતાએ મારા વિવાહ માટે સ્વયંવર રચ્યો છે, પરંતુ મેં તો મનથી 'તમને'જ પતિ માન્યા છે, માટે દૈવને બળવાન માની સ્વયંવરમાં આવજો, જો તમે યોગ્ય સમય ઉપર નહિ આવો તો હું ગમે તે પ્રકારે દેહ પાડી નાખીશ.'

સુદર્શને શશિકલાનો સંદેશ સાંભળ્યો. તેણે માતાને તથા ભારદ્વાજ મુનિને સર્વ વૃત્તાંત કહ્યું તો તેઓએ ખુશીથી તેને સ્વયંવરમાં ભાગ લેવા જવાની સંમતિ આપી. જ્યારે સુદર્શન સ્વયંવરમાં જવા નીકળ્યો ત્યારે તેની માતાએ આશીર્વાદ આપી કહ્યું : 'પુત્ર, તું હોંશથી જાય છે, પરંતુ ત્યાં મોટા રાજાઓ, રાજકુમારો આવશે, વળી સંજોગવશાત તારો દુશ્મન યુધાજિત ત્યાં આવશે તો તને એકલો જોઈ મારી નાખશે, પછી તારા વગર હું શું કરીશ ?'

સુદર્શને કહ્યું : 'મા ! હું તો દેવી જગદંબાની કૃપાથી ને પ્રેરણાથી જાઉં છું, ત્યાં કોઈ મારો વાળ વાંકો કરી શકવાનું નથી. હું જોતજોતામાં તે રાજકુંવરીને વરી તારી પાસે આવી પહોંચીશ.' એમ કહી તે રથમાં બેસવા જતો હતો તો તેની માતા મનોરમાએ કહ્યું : 'બેટા ! તારા વિના હું રહી નહિ શકું, માટે હું પણ તારી સાથે આવું છું.' એમ કહી તે પોતાની દાસીને સાથે લઈ રથમાં

બેસી ગઇ. બધાને ઋષિઓએ આશીર્વાદ આપ્યા અને હર્ષપૂર્વક રથને હંકારી મૂક્યો. જોતજોતામાં રથ કાશીપુરીમાં પહોંચી ગયો. તેના આગમનની ખબર પડતાં જ સુબાહુ રાજાએ આવીને તેનો સત્કાર કર્યો અને તેઓના ઉતારા માટે સુંદર વ્યવસ્થા કરાવી આપી. કાશીપુરીમાં એક પછી એક રાજાઓ પોતાના રસાલા સાથે દમામથી આવી રહ્યા હતા, તેઓમાં પોતાના ભાણેજ શત્રુજીતને લઇ યુધાજિત પણ આવી પહોંચ્યો હતો. હાથીઓ, અશ્વો, રથો, પાલખીઓ ને સૈનિકોથી આખી કાશીપુરી ઉભરાઇ ગઇ હતી. ચારે કોર ઉત્સાહનું વાતાવરણ હતું. ત્યાં આગળ એકલા સુદર્શનને આવેલો જોઇ કેટલાક રાજાઓ કહેવા લાગ્યા, 'જુઓને આ રઘુવંશી રાજકુમાર સુદર્શન એકલો જ તેની માતા સાથે અહીં આવ્યો છે, શું તે સ્વયંવરમાં ભાગ લેવા આવ્યો છે? જો તેમ હોય તો અહીં મોટી સેનાઓ સાથે આવેલા રાજા સામે તેનો ભાવ ક્યાં પૂછાવાનો છે? મોટા રાજાઓ ને રાજકુમારોને છોડી રાજકન્યા શું આ સુદર્શનને વરશે?' આ બધું ત્યાં ઊભેલો યુધાજિત સાંભળતો હતો. તેણે કહ્યું: 'તે શું રાજકન્યાને વરવાનો હતો? તે પહેલાં જ હું સુદર્શનને મારી નાખીશ.' યુધાજિતને આવું કહેતો જોઇ કેરલપતિએ કહ્યું: 'આ તો ઇચ્છાસ્વયંવર છે, તેમાં કન્યાનું હરણ થઇ શકે નહિ, વળી તમે અન્યાયથી તમારા ભાણેજને કોસલદેશના રાજા તરીકે સ્થાપ્યો છે, અને આ સુદર્શન પણ કોસલદેશના રાજાનો પુત્ર છે, એટલે તમે તેને કેવી રીતે મારશો? તમે અનીતિ કરી છે અને હજુ પણ અધર્મ આચરવા તૈયાર થયા છો, તો તેનું કડવું ફળ અવશ્ય તમને ચાખવા મળશે, માટે ધર્મ-નીતિના માર્ગે ચાલો. તમે તમારા રૂપાળા ભાણેજ શત્રુજિતને અહીં લાવ્યા છો, કદાચ રાજકન્યા તેને પણ વરમાળા આરોપે, એનું શું કહી શકાય? આ ઇચ્છા મુજબ વર પસંદ કરવાની છે, માટે આ અંગે વાદવિવાદ કરવાની જરૂર નથી. ખોટી બોલચાલ કરવાથી શો લાભ છે? રાજકન્યા જેને ઇચ્છશે તેને વરમાળા આરોપશે, એટલે તે પવિત્ર કાર્યમાં શાણા પુરુષોએ વિરોધ કરવો ન જોઇએ.' ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'સ્વયંવરમાં સુદર્શનનું આગમન' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### રાજકન્યા શશિકલાનો અડગ નિશ્ચય

વ્યાસ ઉવાચ

ઇતિ વાદિનિ ભૂપાલે કેરલાધિપતૌ તદા ।
પ્રત્યુવાચ મહાભાગ યુધાજિદપિ પાર્થિવઃ ॥

વ્યાસે કહ્યું: હે મહાભાગ! કેરલનરેશે આવાં વચનો કહ્યાં એટલે યુધાજિતે શાંતચિત્તે કહ્યું: 'હે રાજન્! તમે સત્યવક્તા અને જિતેન્દ્રિય છો. પરંતુ આપે આવું કહ્યું તે શું નીતિ-ધર્મ છે? સુંદર કન્યારત્નને કોઇ અયોગ્ય વ્યક્તિ લઇ જાય તેવો ન્યાય શું આપને પસંદ છે?

સિંહના ભાગને શું શિયાળ ખાઇ જાય ? એ પ્રકારને ઉચિત કેવી રીતે મનાય ? બ્રાહ્મણોનું બળ 'વેદ' છે અને રાજાઓનું બળ ધનુષ સાથે સંબંધિત છે, આ હું કહું છું તે શું અયોગ્ય છે ? રાજકન્યાઓના વિવાહમાં બળને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. માટે તમે આ બાબતમાં યોગ્ય ન્યાય નહિ આપો તો રાજાઓ વચ્ચે આપસઆપસમાં ઝઘડો થઇ જશે. તુરત જ કન્યાના પિતા રાજા સુબાહુને બોલાવવામાં આવ્યા એટલે રાજાઓએ તેમને કહ્યું : 'હે રાજન્ ! આ સ્વયંવર–વિવાહમાં તમારે ન્યાયની રીતે વર્તવાનું છે. તમે કોને રાજકન્યા આપવા ઇચ્છો છો તે અમને સ્પષ્ટ જણાવો. લાગે છે કે, તમે વર નક્કી કર્યા પછી માત્ર દેખાવ કરવા ખાતર આ સ્વયંવર યોજ્યો છે, માટે સત્ય હકીકત કહો.' સુબાહુ રાજાએ કહ્યું : 'મેં સ્વયંવર રચ્યો છે, પરંતુ મારી કુંવરી મનથી સુદર્શનને વરી છે, ને ઓહઠ તો તમે જાણો છો, ઘણું સમજાવવા છતાં તે માનતી નથી, તો મારે હવે શું કરવું ? વળી સુદર્શન પણ કોઇ સહાયક વિના એકલો જ હિંમત કરીને અહીં આવ્યો છે. એટલે મારી તો મતિ જ મૂંઝાઇ ગઇ છે.' તુરત જ સુદર્શનને ત્યાં બોલાવવામાં આવ્યો, રાજાઓએ તેને પૂછ્યું : 'તું અહીં કોના બોલાવ્યાથી અને તે પણ એકલો જ આવ્યો છે ? અહીં તો ભલભલા રાજાઓ પોતાના સૈન્ય અને ઐશ્વર્ય સાથે આવ્યા છે. વળી તારો ભાઇ શત્રુજીત પણ અહીં આવ્યો છે અને તેના સહાયક તરીકે સાથે યુધાજિત પણ આવેલ છે, મને લાગે છે કે કન્યા માટે કદાચ ઝઘડો થઇ જશે તો તું એકલો શું કરીશ ? માટે તારું શ્રેય ચાહતો હોય તો અહીંથી જતો રહે.'

સુદર્શને હિંમતથી કહ્યું : 'મારે હાથી, ઘોડા કે સૈન્યની જરૂરત નથી, કારણ કે ભગવતી દેવીના આદેશથી હું સ્વયંવરમાં ભાગ લેવા માટે....જેવા માટે આવ્યો છું. હું કોઇ પણ ઇચ્છા રાખીને અહીં આવ્યો નથી, એ તો ભગવતીની ઇચ્છા હશે તેમ થશે. જગતમાં મારો શત્રુ કોઇ છે નહિ, અને હશે તો મહાદેવી તેને શિક્ષા આપ્યા વગર રહેશે નહિ. તમે વગર ફોગટના મારા માટે શું કામ ચિંતા કરી તમારો જીવ બાળો છો ? ભગવતી દેવી ધારે તો રાયને રંક ને રંક ને રાય બનાવી શકે છે, એટલે હું મારા માટે કોઇ ચિંતા કરતો નથી. હું દરેક રીતે અશક્ત છું છતાં દેવીની પ્રેરણાથી અહીં આવ્યો છું.'

આ સાંભળી રાજાઓએ તેને યુધાજિત મારી નાખશે એવો ભય બતાવ્યો તો સુદર્શને કહ્યું : કોઇને મારી શકવા કોઇ સમર્થ નથી, કારણ કે એ ચાવી ભગવતીને હાથ છે. ત્રણ પ્રકારનાં કર્મ કહ્યાં છે :– (૧) સંચિત (૨) વર્તમાન (૩) પ્રારબ્ધ. વળી આ ચરાચર જગત કાળ, કર્મ અને સ્વભાવથી વ્યાપ્ત છે.

એટલે જ્યાં સુધી મનુષ્યને માથે કાળ ન આવ્યો હોય ત્યાં સુધી દેવ પણ તેનો નાશ કરી શકતા નથી. માટે યુધાજિતનો મને લેશ માત્ર ડર નથી. હું તો સદા સર્વદા ભગવતી ભુવનેશ્વરીનુ સ્મરણ કરું છું એટલે તેઓ મારું રક્ષણ કરશે. હું વેર-ઝેર કે ભયથી મુક્ત છું, તેથી તો સંદેહ રાખ્યા વગર ચંડિકાદેવીની આજ્ઞાથી સ્વયંવર જોવા આવ્યો છું. હે રાજાઓ! યુધાજિત ભલે મારી સાથે શત્રુતા રાખતો હોય, પણ તેના પ્રત્યે મારી એવી ભાવના નથી. તો પણ જે મારી સાથે શત્રુતા રાખશે તેને તેનું ફળ મળી જ રહેશે.' આમ કહી સુદર્શન ત્યાંથી પોતાના ઉતારે ચાલ્યો ગયો. રાજાઓ પણ સુદર્શનના કહેવા ઉપર ચર્ચા કરતા બેસી રહ્યા.

બીજે જ દિવસે સ્વયંવરના મંડપમાં એક પછી એક રાજાઓ, રાજકુમારો આવીને આસનો પર વિરાજવા લાગ્યા, બધાયે સુંદર વસ્ત્રભુષણોથી શોભતા હતા. એક આસન પર સુદર્શન પણ બેઠો હતો. બધા રાજકન્યાના આગમનની રાહ જોઇ રહ્યા હતા. કેટલીક વાર પછી રાજા સુબાહુ પોતાની પુત્રી શશિકલાને વિવાહયોગ્ય ઉત્તમ વસ્ત્રાલંકારોથી સજ્જ કરી મંડપમાં લઇ જતી વખતે કહેવા લાગ્યા: 'હે પુત્રી! તારા વિવાહ માટે આજે સ્વયંવર રચેલો છે, તેમાં દેશ દેશના રાજાએ, રાજકુમારો પોતાના ઐશ્વર્ય સાથે પધારેલા છે, તેમાંથી તને પસંદ પડે તેને વરમાળા આરોપી તેને વર.' આ સાંભળી શશિકલાએ કહ્યું: 'પિતાજી! હું કુળવાન છું. એટલે પુરુષો વચ્ચે જતાં મને સંકોચ થાય તે તમે સમજો છો, સ્વયંવર મંડપમાં બેઠેલા તે વિલાસી રાજાઓ પાસે હું જઇને ફરું તે અયોગ્ય છે. ધર્મશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, સ્ત્રીએ એક જ વર પસંદ કરવો જોઇએ. જે સ્ત્રી અનેક પુરુષોને નિહાળે છે તેનું સતીત્વ નાશ પામે છે, કેમકે તેને જોનારા બધાય એમ ઇચ્છે છે કે 'આ મારી સ્ત્રી થાઓ.' વળી જે મંડપમાં અસંખ્ય પુરુષો વચ્ચે વરમાળા લઇને ફરે તે સ્ત્રી વેશ્યા જેવી જ ગણાય. જેમ વેશ્યા કામી પુરુષને જોઇ હાવભાવ કરે છે તેમ હું મંડપમાં જઇને વેશ્યાની જેમ બધા ઉપર દ્રષ્ટિપાત શા માટે કરું? પિતાજી, તમે જાણો છો કે હું પ્રથમથી જ સુદર્શનને વરી ચૂકી છું એટલે પરપુરુષોને જોવાનો કે તેની વચ્ચે ફરવાનો કંઇ જ અર્થ નથી. માટે તમે મારું હિત ઇચ્છતા હો તો શુભ દિવસ ને ઉત્તમ મુહૂર્ત જોઇ વિવાહ વિધિ સહિત સુદર્શનને મારું કન્યાદાન આપો. ૭૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'રાજકન્યા શશિકલાનો અડગ નિશ્ચય' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૧ મો

### યુધાજિતના ક્રોધે માઝા મૂકી

વ્યાસ ઉવાચ

સુબાહુરપિ તચ્છ્રુત્વા મુક્તમુક્તં તથા તદા।
ચિંતા વિષ્ટો બભૂવાશુ કિં-
કર્તવ્યમતઃ પરમ ॥

વ્યાસ બોલ્યા: કુંવરીના કથનથી

સુબાહુ રાજા મૂંઝવણમાં પડી ગયો, ચિંતાએ તેને ઘેરી લીધો. કેટલાક માથાભારે રાજાઓ પોતાની સેના સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી ખાસ અહીં આવ્યા છે. મંડપમાં તેઓ રાજકુંવરીની રાહ જોઇ રહ્યા હશે. હવે હું સ્વયંવર મંડપમાં જઇને એમ કહીશ કે, 'કુંવરી મંડપમાં આવવા માગતી નથી.' તો તેઓ મેં કપટ કર્યું છે એમ માની મને મારી નાખશે. બહુ વિચાર કર્યા પછી સુબાહુ રાજા હિંમત એકઠી કરીને સ્વયંવર મંડપમાં જઇ વિનયથી સર્વ રાજાઓને સંબોધી કહેવા લાગ્યો : 'આપ મને ક્ષમા કરશો, મારી પુત્રી હઠે ભરાઇ છે અને તે મંડપમાં આવવા ઇચ્છતી નથી, તેની માતાએ તેને ન કહેવાના વચનો કહ્યાં પણ તેની હઠ છોડતી નથી. આપ સર્વ ઉત્સાહભેર સમય અને દ્રવ્યનો વ્યય કરી અહીં પધાર્યા છો, પરંતુ સંજોગ–વશાત મારે આપ સર્વને નિરાશ કરવા પડે છે, આમાં મારો કંઇ જ દોષ નથી, તે માટે હું આપના પગમાં પડું છું, હું આશા રાખું છું કે આપ શાંતપણે પોતપોતાના રાજ્યમાં જતા રહેશો.'

સુબાહુ રાજાના નમ્ર વચનો સાંભળી રાજાઓ તો શાંત રહ્યા, પણ યુધાજિતના ક્રોધે માઝા મૂકી. તેણે સુબાહુ રાજાને કહ્યું, 'હે મૂર્ખ રાજવી! બધાને આમંત્રીને હવે પાણીમાં બેસી જવા માંગે છે? તને પહેલેથી જ સંશય હતો તો તેં આ સ્વયંવર શા માટે યોજ્યો? વળી તેં આમંત્રેલા રાજાઓ અહીંથી કયા મોઢે પાછા જાય? અહીં સર્વ રાજાઓનું અપમાન કરી તું હવે સુદર્શનને તારી કુંવરી આપવા ઇચ્છે છે, ખરું ને? અમારું આનાથી ભયંકર બીજું કયું અપમાન હોય? તારા આ અવિચારી કાર્ય બદલ તારે જીવ ખોવો પડશે. હવે હું તને મારી નાખીશ, તે પછી સુદર્શનને મારી નાખી, મારા ભાણેજ સાથે તારી કુંવરી શશિકલાને પરણાવીશ. હું પણ હવે જોઉં છું કે તારી પુત્રીને કયો માઇનો પૂત પરણી જાય છે? માટે તું તારું કલ્યાણ ઇચ્છતો હોય તો હમણાં મહેલમાં જઇ તારી પુત્રીને સમજાવી તારી કુંવરી મારા ભાણેજને આપ. અરે, કંઈ વિચાર તો કર, એ વનમાં કંદમૂળ આરોગતા ને કોઇ પણ જાતના સાધન વિનાના એકાકી સુદર્શનને તારી કન્યા આપી તું શું સુખી થવાનો છે? હું તારો મિત્ર છું તેથી જ સુબાહુ, તને નમ્રતાથી કહું છું. હવે તું તારી કન્યાને મંડપમાં લઇ આવ, આવીને તે સુદર્શન સિવાય ગમે તે રાજાને વરશે તો તેમાં મારો વિરોધ રહેશે નહિ, પણ જો સુદર્શનને તે વરશે તો હું જીવના જોખમે કન્યાનું હરણ કરી ઊપાડી જઇશ.'

સુબાહુ મહેલમાં ગયો અને પોતાની પત્ની મારફત કુંવરીને ઘણું સમજાવી, યુદ્ધ થવાનો, તેનું હરણ થવાનો ભય પણ બતાવ્યો પણ કુંવરી મક્કમ રહી. તેણે પિતાને તથા માતાને કહ્યું 'તમે

મારું વચન તો જાણો છો, તેમાં હું કોઇ ઉપાયે ડગીશ નહિ. સુદર્શન સિવાય હું કોઇને વરમાળા આરોપીશ નહિ. તમને કોઇ પણ પ્રકારનો ભય રહેતો હોય તો અહીં સુદર્શનને બોલાવી તેની સાથે મને વરાવી દો. એટલે તે મને તેમના રથમાં બેસાડી લઇ જશે, તે પછી અમારું જે થવાનું હશે તે થશે, તે માટે તમારે ચિંતા કરવાની નહિ.'

સુબાહુએ કહ્યું : 'પુત્રી! વેદજ્ઞ મહાપુરુષો પણ કહે છે કે બુદ્ધિશાળી મનુષ્યે ક્યારેય સાહસકર્મ ન કરવું, અને વધુ પડતા માણસો સાથે વિરોધ ન કરવો, તો પછી મારે સુદર્શનને કન્યાદાન કેવી રીતે આપવું? અગાઉ સીતાના સ્વયંવર વખતે જનકરાજાએ ધનુષ ભંગ કરવાની શરત મૂકેલી, એવી કોઇ શરત હું આ સ્વયંવરમાં મૂકું તો જ રાજાઓ શાંત પડે, કારણ કે જે કોઇ શરત પૂરી કરે તે જ કુંવરીને પરણે.' ત્યાં તો કુંવરી શશિકલા બોલી ઊઠી : 'પિતાજી! તમે કોઇ પણ શરત મૂકો તેને હું માન્ય કરીશ નહિ, અને સુદર્શનને જ વરીશ, માટે તમે એ બધી ભાંજગડ મૂકી મને સત્વર સુદર્શન સાથે વિવાહવિધિ કરી વરાવી દો. તમે જો પરમશક્તિ ભગવતી દેવીનું સ્મરણ કરી આ કાર્ય સહર્ષ કરશો તો દેવી અંબિકા અવશ્ય તમારું કલ્યાણ કરશે. તમે હવે જરા યે ડર્યા વિના મંડપમાં જઇને સર્વ રાજાઓને સંબોધી કહો કે 'આવતી કાલે તમે સર્વે કૃપા કરી પુનઃ અહીં પધારજો.' એમ વિનયપૂર્વક બધાને કહીને મંડપમાંથી વિદાય કરી દો. તે બધા રાજીખુશીથી જતા રહે તો પછી આજે રાત્રે સુદર્શન સાથે મારો વિવાહ વેદોક્ત વિધિથી કરી, યોગ્ય પહેરામણી સાથે રાતોરાત મને સુદર્શન સાથે વળાવી દો, એટલે ધ્રુવસંધી રાજાનો ઉત્તમ પુત્ર સુદર્શન અને હિંમતભેર અહીંથી થઇ જશે. કદાચ રાજાઓને આ ગુપ્ત બાબતની ખબર પડે અને તેઓ લડવા આવે તો સુદર્શન બહાદુરીથી તેમની સાથે યુદ્ધ કરશે, અને દૈવયોગે યુદ્ધમાં તે મરાશે તો તેની પાછળ હું પણ મારું બલિદાન આપીશ.' પુત્રીના વચનને સુબાહુ રાજાએ માન્ય રાખ્યું અને તે પ્રમાણે કાર્ય કરવા મનમાં વિચાર્યું. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે
'સુધાજિતના ક્રોધે માઝા મૂકી' નામનો
૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### સ્વયંવરમાં વિઘ્ન

વ્યાસ ઉવાચ

શ્રુત્વા સુનાવાસ્ય નિંદિતાત્મા-
નૃપક્ષિગત્વા નૃપતિર્જગાદ ।
વ્રજંતુ કામં શિબિરાણિ ભૂપા-
શ્વો વા વિવાહ કિલ સવિધાસ્યે ॥

વ્યાસ બોલ્યા : શશિકલાએ કહ્યું તે મુજબ સુબાહુ રાજા મંડપમાં જઇ વિનયથી સર્વ રાજાઓને સંબોધી બોલ્યો : 'હે રાજવીઓ! આજે સ્વયંવરનું કાર્ય નહિ થઇ શકે માટે આપ સર્વે કૃપા

કરી પોતપોતાના ઉતારે જાઓ. આવતી કાલે કુંવરીના વિવાહનો પ્રબંધ થશે; માટે આપ સર્વે કાલે સમયસર અત્રે પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશો.'

સુબાહુ રાજાની વિનવણીથી સર્વે રાજાઓ તુરત જ પોતપોતાના ઉતારામાં જતા રહ્યા. સાંજ પડયા પછી સુબાહુ રાજાએ એક ગુપ્ત સ્થળે કુંવરી શશિકલાને લઇ જઇ ત્યાં સુદર્શનને બોલાવ્યો ને લગ્નવિધિ કરનારા પુરોહિતોને પણ બોલાવ્યા. વરરાજા સુદર્શનને સુગંધિત જળથી નવડાવી તેને વિવાહયોગ્ય સુંદર વસ્ત્રો ને અલંકારો પહેરાવી તેને આસન પર બેસાડી રાજાએ તેની પૂજા કરી. તે પછી આચમન, અર્ઘ્ય વસ્ત્ર, કુંડળ અને ગાય આપીને કન્યાદાન આપ્યું. એ સર્વનો સુદર્શને હર્ષપૂર્વક સ્વીકાર કર્યો. આ વખતે સુદર્શન કુંવરની સાથે રહેલી તેની માતા મનોરમા પણ પોતાની પુત્રવધુ શશિકલાને કુબેરની કન્યાની જેમ માનવા લાગી. ત્યારબાદ વર-કન્યાને વિવાહવિધિ થવાની હતી તે જગ્યામાં લઇ ગયા. ત્યાં ચોરી આગળ પુરોહિતે અગ્નિ સ્થાપન કરી, તેમાં હોમ કરી વર-કન્યાને બોલાવ્યા.

પછી બન્ને વર-વધુને ત્યાં લાજા-હોમ તથા અગ્નિની પ્રદક્ષિણા કરાવી ત્યાર પછી સુદર્શનને તેના સસરા સુબાહુએ પહેરામણી તરીકે વિપુલ દ્રવ્ય, ઝવેરાત અને શણગારેલા અશ્વો, હાથીઓ તથા રથો આપ્યા તથા ઉપયોગી બીજી પાર વગરની સામગ્રી આપી. તે પછી વેવાણ મનોરમાને પ્રમાણ કરી સુબાહુ રાજાએ વિનયથી કહ્યું, 'હે રાજપુત્રી! મેં મારી સ્થિતિ પ્રમાણે આપ્યું છે, છતાં તમારી કંઇ ઇચ્છા હોય તો જણાવો.' તો મનોરમાએ કહ્યું, 'રાજન્! તમે ઘણું બધું આપ્યું છે, તેના કરતાં તમે તમારી રત્ન જેવી સુંદર કન્યા મારા પુત્રને આપી તે ઘણું બધું છે. તમારું કલ્યાણ થાઓ. તમારા વખાણ હું કયા મોઢું કરું? તમે તમારી સદ્ગુણી પુત્રી આપી મારા પુત્રને સુમેરુ જેવો મહાન કર્યો છે. કોઇ પણ સાધન વિનાના ને વનમાં રહેતા મારા પુત્રને તમે તમારી શ્રેષ્ઠ કન્યા આપી એ તમારી કેટલી બધી ઉદારતા છે? રાજાઓ હંમેશાં પોતાના સમાન રાજ્ય, કુળ અને ઐશ્વર્યવાળાને પોતાની કન્યા આપે છે તેમ છતાં તમે બળવાન રાજાઓ સાથે વેર બાંધીને પણ તમારી કન્યા આપી છે એ તમારી ધીરજનું વર્ણન થઇ શકે તેમ નથી.' આ સાંભળી સુબાહુ રાજાએ વધુ આનંદિત થઇ કહ્યું: 'હું તો એમ કહું છું કે તમે મારું આ રાજ સ્વીકારો, અથવા તો અર્ધું રાજ્ય સ્વીકારી તમે તમારા પુત્ર સાથે અહીં રહો. હવે તમે બીજે વસો તે મને રુચશે નહિ. અને જે રાજાઓ મારા પર ક્રોધે ભરાયા હશે તેઓનું હું ગમે તે પ્રકારે સાંત્વન કરીશ, નહિ માને તો તેમની સાથે યુદ્ધ કરતાં પણ અચકાઇ નહિ.'

સુબાહુ રાજાની ભલી લાગણી જોઇ મનોરમાએ તે માટે આભાર વ્યક્ત કરીને કહ્યું : મારા પુત્ર પર દેવી પ્રસન્ન છે એટલે ભગવતીની કૃપાથી સુદર્શન અયોધ્યાનું રાજ્ય મેળવી સુખરૂપ જીવન વ્યતિત કરશે, માટે હવે અમને અહિંથી જવા માટે વિદાય આપો. હું ને મારો પુત્ર નિરંતર ભગવતી દેવીનું ચિંતન કરીએ છીએ એટલે અમને કોઇ કષ્ટ પડવાનું નથી, ને અમને કોઇ પ્રકારનો કોઇ ભય પણ રહેતો નથી.

આમ ને આમ વાર્તાલાપમાં રાત ક્યાં વીતી ગઇ તેની કોઇને ખબર પડી નહિ. સવાર પડતાં જ ઉતારાઓમાં રહેલા રાજાઓને તેમના દૂતો મારફત ખબર પડી ગઇ કે : 'રાતના ગુપ્તપણે સુદર્શન અને શશિકલા પરણી ગયાં છે.' આ સાંભળી બધા રાજાઓ રોષે ભરાઇને એકત્ર થયા અને કહેવા લાગ્યા : 'આપણને નીચું જોવડાવનાર, કલંક આપનાર કાશી નરેશ સુબાહુને ને તેના જમાઇ સુદર્શનને હણીને તેમનું સર્વસ્વ લૂંટી લઇશું. હજુ વર–કન્યા અહીંયા જ છે.'

રાજાઓ આમ વિચારતા હતા ત્યાં જ સુબાહુ રાજા તેના મંત્રીઓ સાથે તેમની પાસે આવી હાથ જોડી બોલ્યો : 'મારી હઠીલી કન્યા આખરે સુદર્શનને પરણી ગઇ છે, જે થવાનું હતું તે થઇ ગયું, હવે આપ સર્વે ભોજન માટે પધારો.' તો રોષે ભરાયેલા રાજાઓએ કંઇ જ જવાબ ન આપતાં અને ઉદ્ધત વર્તન કરતાં, સુબાહુ રાજા મંત્રીઓ સાથે ત્યાંથી ચાલ્યો ગયો પણ તેને મનમાં દહેશત પેઠી કે, જરૂર આ રાજાઓ કંઇ નવાજુની કરશે ખરા. અને બન્યું પણ એમ જ. બધા રાજાઓએ નક્કી કર્યું કે જ્યારે કન્યા લઇને સુદર્શન કાશીમાંથી વિદાય થશે, ત્યારે માર્ગમાં તેને આંતરીને તેને હણીને કન્યાને લઇ જઇશું. માત્ર થોડા જ રાજાઓ તેઓના મતને મળતા નહોતા. હવે સુબાહુ રાજાએ હિંમતપૂર્વક વર–કન્યાને કાશીમાંથી વળાવવા માટે તૈયારી કરવા માંડી. ૪૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'સ્વયંવરમાં વિઘ્ન' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### દેવીએ પ્રકટ થઇ સુદર્શનનો બચાવ કર્યો

વ્યાસ ઉવાચ :

તસ્મે ગારવ ભોજ્યાનિ–
વિધાય વિધિવત્ તદા ।
વાસરાણિ ચ ષડ રાજા–
ભોજ્યામાસ ભક્તિતઃ ।।

વ્યાસ બોલ્યા : બધા રાજાઓ વર–કન્યાને વળાવવાની રાહ જોતા હતા, પણ સુબાહુરાજાએ ઉતાવળ ન કરતાં જમાઇ સુદર્શનને છ દિવસ સુધી પોતાની પાસે રાખ્યો અને છયે દિવસ જુદા જુદા પકવાનો જમાડયાં. જ્યારે વિવાહને લગતાં તમામ કાર્યો પૂર્ણ થયાં ત્યારે સુબાહુએ મંત્રીઓને બોલાવી પેલા રાજાઓ વિષે પૂછયું તો તેઓએ કહ્યું : 'તે રાજાઓ વેર વાળવા માટે વર–કન્યાને જવાનો માર્ગ રોકી સૈન્ય સાથે તંબુ તાણીને

રહ્યા છે' સુબાહુએ જમાઇ સુદર્શનને આ ભય બતાવ્યો તો સુદર્શને અડગતાથી કહ્યું: 'તમે નિશ્ચિંત થઇ અમને વિદાય આપો, અમો સુખપૂર્વક ભરદ્વાજના આશ્રમે પહોંચી જઇશું, પછી ત્યાંથી કયાં જવું તેનો વિચાર કરીશું. દેવી અમારી હરપળે સહાય કરશે.'

સુબાહુએ ભારે હૈયે કન્યા શશિકલાને સુદર્શન સાથે વળાવી, અને પોતે પણ સૈન્ય સાથે તેઓના રથની પાછળ પાછળ ગયો. વર-કન્યાના રથની આસપાસ બીજા રથો પણ હતા. જયારે તેઓ રાજાઓએ રોકેલા માર્ગ આગળ આવ્યા ત્યારે રાજાઓએ કુંવરી સાથે બેઠેલા સુદર્શનને જોયો. સુદર્શન પણ ભય સમજી શિવાદેવીનું ધ્યાન ધરી તેમને શરણે જઇ એકાક્ષરી કામરાજ બીજમંત્ર મનમાં જપવા લાગ્યો.

બધા રાજાઓ શસ્ત્રો સજીને લડવા તૈયાર ઊભા હતા. એટલે સુબાહુ પણ પોતાના સૈન્ય સાથે તેમની સામે લડવા તત્પર થયો. સુદર્શને તેમને શાંતિ ધારણ કરવા કહ્યું એટલે સુબાહુ રોકાઇ ગયો. સામે ઊભેલા રાજાઓમાં સુદર્શનનો ભાઇ શત્રુજીત પણ તેને હણવા માટે તૈયાર થઇ ઊભો હતો.

આખરે યુદ્ધ માટેનાં ઢોલ-નગારાં અને શંખો-ભેરીઓના ઘોર અવાજો જોરશોરથી થવા લાગ્યા અને થોડીજવારમાં બન્ને પક્ષે યુધ્ધનો આરંભ થયો; ત્યાં તો દિવ્ય વસ્ત્રો ધારણ કરેલાં અને સિંહ પર આરૂઢ થયેલાં દુર્ગાદેવી પ્રકટ થયાં. એ જોઇ રાજાઓના અચંબાનો પાર ર્‌હ્યો નહિ. દેવીના દર્શન કરી દેવીભકત સુદર્શને તેના સસરા સુબાહુ રાજાને કહ્યું: રાજન્ ! દયાળુ દેવી મારા પર કૃપા કરવા પ્રકટ થયા છે. માટે તેમનાં દર્શન કરો. હવે હું ભયમુકત થઇ ગયો છું.

એવામાં દેવીના સિંહે એવી પ્રચંડ ગર્જના કરી કે જેથી હાથીઓ ગભરાઇ ગયા અને જોરદાર વાયુ ફુંકાવા લાગ્યો. યોગ્ય વાતાવરણ જોઇ સુદર્શને પોતાની સાથેના સેનાપતિને કહ્યું: 'હવે જયાં આગળ રાજાઓ પોતાના સૈન્યો સાથે અંતરાય નાખીને ઊભેલા છે તે માર્ગે આગળ વધો. આપણને હવે દેવીનું રક્ષણ છે એટલે તેઓનું કંઇ ચાલી શકે તેમ નથી.'

સેનાપતિની આગેવાની નીચે બધા આગળ વધ્યા એટલે યુધાજિત બહુ ક્રોધે ભરાયો અને રાજાઓને કહેવા લાગ્યો: 'તમે બધા કેમ ઠંડા પડી ગયા છો? પેલા રથમાં બેઠેલા સુદર્શનને રાજકુંવરી સાથે ઝટ મારી નાખો. એ નિર્બળની શું તાકાત છે કે આપણા દેખતાં કન્યાને લઇ જાય? તમે આ સિંહ ઉપર બેઠેલી સ્ત્રીથી ગભરાઇ શું ગયા છો?' આમ કહેતાં જ યુધાજીત ને શત્રુજીતે સુદર્શનના રથ તરફ તીરોનો મારો ચલાવ્યો, તો સુદર્શને પણ સામા બાણો છોડીને તે બાણોને અધવચ્ચે જ તોડી પાડયા.

હવે સિંહ ઉપર આરૂઢ થયેલા દેવીથી રહેવાયું નહિ, તેઓ ખૂબ જ રોષે ભરાયાં અને વિવિધ રૂપો લઇ યુધાજીત અને શત્રુજીત તરફ તીરો છોડવા માંડયા અને થોડીવારમાં યુધાજીત અને શત્રુજીત તેમના તીરોનો ભોગ બની ધરતી પર ઢળી પડયા, ત્યારે 'જય જય' શબ્દ થઇ રહ્યો. બીજા રાજાઓ તો દેવીને અને દેવીના અનેક રૂપોને જોઇ ડઘાઇ જ ગયા હતા, તેમાં મામા–ભાણેજને દેવીઓના તીરોથી હણાયેલા જોઇ વધુ આશ્ચર્યમાં પડયા.

સુબાહુરાજા આ બધું જોઇ, પોતાના જમાઇની ભક્તિનું ફળ જોઇ ગળગળો થઇ દેવીની વિવિધ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યો: હે દેવી! આજે તમારા દર્શન કરી હું કૃતાર્થ થયો છું. આપના ભક્ત મારા જમાઇ સુદર્શનના સંસર્ગના લીધે મારૂં ચિત્ત શુદ્ધ બન્યુ ને હું આપના સાક્ષાત દર્શન કરી શકયો. હે દેવી! તમે મહાસંકટમાંથી સુદર્શનને ઉગાર્યો છે અને અતિ બળવાન ગણાતા તેના બે દુશ્મનોને રોળી નાખ્યા છે. હે દેવી! હું કેટલો બધો ભાગ્યશાળી કે હું નથી તમારા બીજને જાણતો, નથી તમારી પૂજા–ભક્તિને જાણતો છતાં મેં તમારો અપૂર્વ મહિમા જાણ્યો છે અને સાક્ષાત્કાર કર્યો છે.

વ્યાસે કહ્યું: એ રીતે સુબાહુ રાજાથી સ્તુતિ કરાયેલા શિવાદેવીએ પ્રસન્ન થઇ સુબાહુ રાજાને ઇચ્છિત વરદાન માગવા કહ્યું. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'દેવીએ પ્રકટ થઇ સુદર્શનનો બચાવ કર્યો' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### દુર્ગાદેવીનો મહિમા અને કાશીમાં વાસ

**વ્યાસ ઉવાચ :**

**તસ્યાસ્તદ્ધ શ્રુત્વા ભવાન્યાઃસ નૃપોત્તમઃ ।**
**પ્રોવાચ વચનં તત્ર સુબાહુ–**
**ર્ભંકિતસંયુત તઃ ॥**

વ્યાસે કહ્યું: દુર્ગાદેવીને વરદાન આપવા તત્પર થયેલાં જોઇ સુબાહુ રાજા હાથ જોડી ભક્તિપૂર્વક બોલ્યો: 'આપના દર્શન મને થયાં એટલે હું બધું મળ્યું સમજું છું, હું માગું છું કેવળ તમારી અવિચળ ભકિત! ને વધુ કૃપા એ કરો કે આપ 'દુર્ગા' નામથી મારી આ કાશીપુરીમાં કાયમ નિવાસ કરો. અને મારા નગરનું તમે સદાય રક્ષણ કરો. વરદાનમાં વધુ એ માંગું છું કે, આ કાશીપુરી જ્યાં સુધી પૃથ્વી પર ખ્યાતિ પામે ત્યાં સુધી આપે અહીં જ વસવાનું, વળી મારા સર્વ મનોરથો પૂર્ણ કરો, શત્રુઓને સંહારો અને લોકોના દુઃખોને દૂર કરો.' ભગવતી દુર્ગાએ કહ્યું: રાજન્! આ કાશીપુરીમાં જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી હું નિવાસ કરીશ ને સર્વની રક્ષા કરીશ.' પછી સુદર્શન જે દેવીનાં દર્શનથી આનંદવિભોર બની ગયો હતો તે દેવી સમક્ષ આવી બે હાથ જોડી કહેવા લાગ્યો:

'હે મા! તમારી કૃપાનો મહિમા હું કેવી રીતે ગાઉં? મારા જેવા સર્વથા

ભક્તિશૂન્યની પણ તમે આશ્ચર્યરૂપે પ્રકટ થઇ સંકટમાં રક્ષા કરી. સારુંયે જગત તમારી કૃપા--શકિત પર અવલંબેલું છે. હે દેવી ! હવે આપ મને આજ્ઞા કરો કે હું તમને પ્રિય એવું કયું કામ કરું અને કયાં જાઉં ? સત્વર આદેશ આપો. હવે તમારી આજ્ઞા ઉપર જ મારે કયાં જવું, કયાં રહેવું અને કયાં ફરવું તે નિર્ભર છે.'

સુદર્શનની પ્રાર્થના સાંભળી ભગવતીએ કહ્યું : મહાભાગ ! તું હવે અયોધ્યા જા, અને કુળની મર્યાદા પ્રમાણે રાજ્ય કરવાનો આરંભ કર. તું સદા મને યાદ કરજે, અને નિત્ય મારી પૂજા કરજે.

હું તારું કલ્યાણ કરીશ અને તારા રાજ્યને અચળ રાખીશ. અષ્ટમી, ચતુર્દશી તથા ખાસ કરીને નોમને દિવસે વિધિ સાથે મારી પૂજા કરવી જરૂરી છે. તારા નગરમાં ભવ્ય મંદિર બનાવી તેમાં મારી પ્રતિમા સ્થાપી દિવસમાં ત્રણે સમય મારી પૂજા થતી રહે તેવો પ્રબંધ કરજે. વળી શરદઋતુમાં આશ્વિન મહિનામાં નવરાત્રમાં મારી વિધિપૂર્વક પૂજા કરવી તેમ જ ચૈત્ર મહિનામાં અને અષાડ મહિનામાં આવતા નવરાત્રમાં પણ મારી વિશેષ પૂજા કરવી. ભાવિક મનુષ્યોએ પ્રત્યેક મહિનાની આઠમ અને ચૌદશે ભક્તિપૂર્વક મારો મહોત્સવ કરવો.'

આમ કહી ભગવતી દુર્ગાદેવી અંતર્ધાન થઈ ગયા. તે જોઇ બધા રાજાઓ દેવીભક્ત સુદર્શન પાસે ધીમે ધીમે આવી જેમ દેવો ઇન્દ્રને પ્રણામ કરે તેમ બે હાથ જોડી પ્રણામ કરવા લાગ્યા. સુદર્શને પણ બધાને પ્રણામ કર્યા. હવે તો બધા રાજાઓનું જોર નરમ પડી ગયું હતું. તેમણે વિનયથી સુદર્શનને કહ્યું : 'હે રાજન્ ! અમે બધા તમારા દાસ છીએ. આપની દરેક આજ્ઞા ઊઠાવીશું. માટે આપ અયોધ્યાનું રાજ્ય કરી અમારું પાલન અને રક્ષણ કરો. તમારા લીધે જ આજે અમે ચારેય પુરુષાર્થ આપનારાં આદ્યશક્તિ શિવાદેવીનો સાક્ષાત્કાર કરવાને દર્શન કરવા ધન્ય બન્યા છીએ. આ દેવીની પ્રસન્નતા પામેલા તમે પૃથ્વી પર મોટા ભાગ્યશાળી છો. તમોગુણી સ્વભાવના અને માયાથી અત્યંત મોહિત થયેલા અમે ચંડિકાદેવીના મહિમાને અત્યાર સુધી જાણતા નહોતા, આજે તે મહિમા અમે જાણ્યો. હવે કૃપા કરી એ કહો કે, આ દેવી કોણ છે ? કયાંથી ઉત્પન્ન થયા છે ? અને તેમનો પ્રભાવ કેવો છે, તે સઘળું અમને કહો.'

સુદર્શને કહ્યું : જે દેવીના ચરિત્રનો મહિમા બ્રહ્માદિ દેવો જાણતા નથી તેને હું કેવી રીતે વર્ણવી શકું ? છતાં જે જાણું છું તે કહું છું : આ દેવી આદ્ય મહાલક્ષ્મી છે. તે સાત્ત્વિકી શક્તિદેવી ચરાચર જગતનું પાલન કરે છે. તે જ રજોગુણવાળા થઇ સૃષ્ટિ સર્જે છે, તે જ સર્વનું પાલન કરતી વેળા સત્ત્વગુણી થાય છે. અને જ્યારે તમોગુણી બને છે ત્યારે સંહાર કરે છે. આ દેવી મહાકાલી

ત્રણ સ્વરૂપોવાળાં છે, તે સર્વોત્કૃષ્ટ નિર્ગુણ શક્તિ સર્વ મનોરથો-કામના પૂર્ણ કરનારાં હોવાથી બ્રહ્માદિ સર્વ દેવોનું કારણ છે. આ નિર્ગુણ શક્તિને માત્ર યોગવેત્તાઓ જ જાણી શકે છે; માટે સુજ્ઞજનોએ હમેશાં સગુણ શક્તિનું જ ચિંતન કરવું.'

આ બધું જોનાર સુદર્શન વિષે રાજાઓને હવે ઘણું માન ઉત્પન્ન થયું. તેઓએ સુદર્શનને પૂછયું : 'હે સુદર્શન ! તમે યુધાજિતના ભયને લીધે વનમાં જઇને રહેલા, તો તમે ત્યાં શક્તિદેવીને કેવી રીતે જાણ્યાં ને પ્રસન્ન કર્યાં ?'

સુદર્શને કહ્યું : નાનપણથી જ મને ભગવતીદેવીનું કામરાજબીજ આકસ્મિક મળેલું તેને નિરંતર જપું છું તેમજ જપ સાથે દેવીનું સ્મરણ કરું છું. અને તમે અહીં જપનો અને સ્મરણનો પ્રભાવ નજરોનજર નિહાળ્યો છે.'

સુદર્શનના ઉત્તરથી પ્રભાવિત થયેલા રાજાઓ દુર્ગાદેવીને પરમ શક્તિરુપ માની, નિર્મળ મનવાળા થઇ ત્યાંથી પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા.

સુબાહુ રાજા પણ સુદર્શનનાં કહેવાથી કાશીપુરીમાં જતો રહ્યો. સુદર્શન ત્યાંથી નીકળી જ્યારે કોસલ દેશ પહોંચ્યો ત્યારે કોસલ દેશમાં બધાને ખબર પડી ગઈ હતી કે સુદર્શન યુદ્ધમાં શત્રુજીતને મારીને વિજય કરીને પોતાની પત્ની તથા માતા સહિત રાજ્યમાં પાછો ફર્યો છે. એટલે રાજ્યના મંત્રીઓએ ને પ્રજાજનોએ સામા આવી બધાને સોના રુપાના ફૂલોથી વધાવ્યા, કુમારિકાઓએ સર્વનું પૂજન કર્યું, પછી ભાટ-ચારણોથી સ્તુતિ કરાતો સુદર્શન બધાની સાથે વાજતે-ગાજતે પોતાના રાજ-મહેલે ગયો. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'દુર્ગાદેવીનો મહિમા અને કાશીમાં વાસ' નામનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૫ મો

### અયોધ્યામાં દુર્ગાદેવીની સ્થાપના

વ્યાસ ઉવાચઃ

ગત્વાડયોધ્યાં નૃપશ્રેષ્ઠો-
ગૃહં રાજ્ઞઃ સુહૃદ્વૃતઃ ।
શત્રુજિન્માતરં પ્રાહ પ્રણમ્ય-
શોક સંકુલામ્ ॥

વ્યાસ બોલ્યા : અયોધ્યામાં સ્વજનો, સ્નેહિઓ અને મંત્રીઓથી વિંટળાયેલો સુદર્શન મહેલમાં પ્રવેશી સૌ પ્રથમ શત્રુજીતની માતા પાસે જઈ તેમને પ્રણામ કરી કહેવા લાગ્યો : માતા ! તમે એમ જાણ્યું હશે કે મેં તમારા પુત્ર શત્રુજીતને ને તમારા પિતા યુધાજીતને માર્યા છે, પરંતુ હું સોગંદપૂર્વક કહું છું કે મેં તેઓને માર્યા નથી. પરંતુ ભગવતી દુર્ગાદેવીએ કોપાયમાન થઇ તેઓ બન્નેને હણ્યા છે. એટલે તેમાં મારો કોઇ દોષ નથી. તેમને તેમના કર્મનું ફળ મળ્યું છે. જીવાત્મા સુખ કે દુઃખ પોતાના કર્મને આધીન બની ભોગવે છે. માટે તમે ગુજરી ગયેલા પુત્રનો શોક કરવો મૂકી દો. હું રાજગાદી પર બેસીશ તો તમને

પણ મારી માતાની જેમ જ સાચવીશ. મારી માતામાં અને તમારામાં મારો સરખો જ ભાવ રહેશે. મારે આ રાજ્ય છોડીને મારી માતા સાથે વનમાં જઇને વસવું પડ્યું ત્યારે અમને જરાયે દુઃખ થયું નહોતું. દૈવને અનુકુળ દરેકને થવું પડે છે.' આમ કહી તેણે વનમાં ગયા ત્યારનું અને તે પછીનું અયોધ્યા સુધી આવ્યાનું સર્વ વૃત્તાંત જણાવ્યું પછી કહ્યું : 'હે માતા ! દેવી ભગવતીની દઢ ભક્તિનો આ પ્રતાપ છે. મનખાદેહ બહુ જ દુર્લભ છે. આહાર વગેરેનું સુખ તો બધી યોનિઓમાં હોય જ છે, માટે મહામોંઘો મનુષ્યદેહ મેળવી, દરેકે મોહ-માયાનો ત્યાગ કરી સ્વર્ગ–મોક્ષદાયક ધર્મ સાધન અવશ્ય કરવાં જોઇએ.'

સુદર્શનનાં બોધવચનો સાંભળી, મૃત્યુ પામેલા શત્રુજીતની માતા લીલાવતી ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગી : હે પુત્ર ! તમને દુઃખ પડ્યું તેમાં ખરેખરી અપ-રાધી હું જ છું. મારા પિતા યુધાજીતે મારા પુત્ર શત્રુજીતને રાજગાદી મળે તે માટે તમારી માતાના પિતા વીરસેનને મારી નાખ્યા અને તમારૂં રાજ્ય હરી લઇ તેમના ભાણેજ શત્રુજીતને રાજા બનાવ્યો. મારા પિતાને તેમ કરતાં હું અટકાવી ન શકી તેનું અને હવે ઘણું જ દુઃખ થાય છે. મારો પુત્ર ભલે નથી, તો હવે તમે જ મારા પુત્ર અને તમારી માતા મારી બહેન છે. હવે મારૂં મન નિર્મળ થઇ ગયું છે, મને હવે તમારા ઉપર દ્વેષ કે વેરભાવ નથી. તમને ભગવતીની કૃપાથી રાજ્ય મળ્યું છે તો હવે રાજગાદીએ બેસી પ્રજાનું રૂડી રીતે પાલન કરો.' આવું સાંભળી સુદર્શન લીલાવતી–માતાને પ્રણામ કરી પોતાના ખંડમાં ગયો. બધા આનંદથી રહેવા લાગ્યા. પછી સુદર્શને મુખ્ય મંત્રીને બોલાવી નગરમાં દેવીનું ભવ્ય મંદિર અને દુર્ગાદેવીની પ્રતિમા બનાવવાનો આદેશ આપ્યો અને તેની જોરશોરથી તૈયારી થવા લાગી.

હવે સુદર્શનને રાજગાદી પર બેસ-વાનું હતું તેથી મંત્રીઓને તથા રાજ્ય જયોતિષિને બોલાવી શુભ દિવસ અને શુભ મુહૂર્ત કઢાવ્યા પછી સર્વને કહ્યું : 'મેં અહીં આવીને તરત જ સોનાનું સુંદર સિંહાસન બનાવવાની વરધી આપી દીધી છે. તે આજ–કાલમાં તૈયાર થઇને આવી જશે. પછી તે સિંહાસન પર દુર્ગાદેવીને પધરાવી હું તેમની વિધિ-પૂર્વક પૂજા કરીશ. એ ભગવતીદેવી ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આપવાવાળાં છે. તે પછી જ હું વિધિપૂર્વક રાજગાદી પર બેસી રાજ્ય કરીશ. જેવી રીતે રામ-ચન્દ્રએ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું હતું તેવી રીતે હું પ્રજાને પાળીશ.

મારી વિનંતિ છે કે પોતાનું કલ્યાણ ઇચ્છતા નગરજનોએ સર્વ કામનાઓ અને અર્થસિદ્ધિ આપનારા દુર્ગાદેવીનું, મંદિરમાં અથવા ઘરમાં અવશ્ય પૂજન કરવું.

થોડાજ દિવસમાં મંદિર, પ્રતિમા ને સિંહાસન તૈયાર થઈ જતાં સુદર્શને બ્રાહ્મણો પાસે મંદિરમાં દુર્ગાદેવીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ અવસર પર અયોધ્યા નગરીમાં મોટો ઉત્સવ ઉજવાયો. વિવિધ પ્રકારના વાજિંત્રોના નાદથી આખી નગરી ગૂંજી ઊઠી. તે પછી સુદર્શને વેદવેત્તા બ્રાહ્મણોને સાથે રાખી ભગવતી દેવીનું વિધિપૂર્વક પૂજન કર્યું અને ભગવતીને અર્ચા કર્યા પછી પોતાના પિતાની સંપત્તિ ગણાતી રાજગાદી પર બેસી રાજા તરીકેની પોતાની આણ વર્તાવી. તે દિવસથી રાજા સુદર્શન અને ભગવતી દુર્ગાદેવી—અંબિકાદેવી કોસલ દેશમાં પ્રસિદ્ધિ પામ્યાં. ત્યારબાદ સુદર્શન રાજાએ પોતાના તાબાના ખંડિયા રાજાઓને પ્રેમથી વશ કરી, તેમને ભગવતી દેવીનો મહિમા સમજાવી ગામેગામ દેવીના મંદિરો બંધાવી તેમાં દેવીની સ્થાપના કરી સર્વને દેવીનું પૂજન કરવાનો આદેશ આપ્યો અને થોડા જ સમયમાં આખો કોસલ દેશ ભગવતી દેવીના ગુણગાન ગાતો થઇ ગયો.

બીજી બાજુ સુદર્શન રાજાના સસરા સુબાહુએ પણ કાશીનગરીમાં દેવીનું ભવ્ય મંદિર બંધાવી તેમાં દુર્ગાદેવીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી પોતે પૂજન કર્યું, પછી નગરજનો કાશીવિશ્વનાથની જેમ દેવીને પણ પૂજવા લાગ્યા. તે પછી ભગવતી દુર્ગાદેવી ધરાતલ પર દેશેદેશમાં વિખ્યાત થઇ ગયા. એમના પર લોકોની શ્રદ્ધા વધવા લાગી. અને ભાવિકો દેવીની ઉપાસના કરવા લાગ્યા. સર્વ લોકો દુર્ગાદેવીની ભક્તિમાં તત્પર રહી શાસ્ત્રોક્ત સ્તોત્રોથી જપ અને ધ્યાન કરવામાં મગ્ન રહેવા લાગ્યા. ત્યારથી ભાવિકો વર્ષ દરમ્યાન આવતા પ્રત્યેક નવરાત્રમાં ભક્તિ પરાયણ બની ભગવતીદેવીનું પૂજન, અર્ચન, આવાહન અને યજ્ઞ વિધિપૂર્વક કરવા લાગ્યા. ૪૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે
'અયોધ્યામાં દુર્ગા દેવીની સ્થાપના' નામનો
૨૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૬ મો

### નવરાત્રવ્રતનો પૂર્ણ વિધિ

**જનમેજય ઉવાચ**

**નવરાત્રે તુ સંપ્રાપ્તે કિંકર્તવ્યં દ્વિજોત્તમ ।**
**વિધાનં વિધિવદ્ બ્રહિ શરત્કાલે વિશેષત ॥**

જનમેજયે પૂછ્યું : હે દ્વિજોત્તમ વ્યાસ ! નવરાત્ર આવતાં અમારે શું કરવું જોઇએ ? ખાસ કરીને શરદઋતુમાં આવતી નવરાત્રીના શા વિધિ-વિધાન છે ? તેને વિસ્તારમાં કહેવાની કૃપા કરો. વળી નવરાત્રવ્રત કરનારને શું ફળ મળે છે ? અને તેનું કેવી રીતે પાલન કરવું જોઇએ ?

વ્યાસજીએ કહ્યું : રાજન્ ! જેમ શરદઋતુના નવરાત્રમાં વિશેષરૂપથી વિધિપૂર્વક ભગવતીની ઉપાસના કરવામાં આવે છે, તેવી જ રીતે વસંતઋતુના નવરાત્રમાં પણ દેવીની પૂજા ભકિતપૂર્વક કરવી જોઇએ. સર્વ પ્રાણીઓ માટે શરદઋતુ અને વસંતઋતુ 'યમદંષ્ટ્ર' (યમનીદાઢ) જેવી કહેવામાં આવી છે.

કારણ કે આ ઋતુઓ જગતના પ્રાણીઓ માટે બહુ કષ્ટદાયક છે. માટે પોતાનું શ્રેય ઇચ્છતા મનુષ્યોએ ત્યારે નવરાત્ર વ્રત અવશ્ય કરવું જોઇએ. શરદ ઋતુ ને વસંત ઋતુમાં રોગોનું પ્રમાણ પુષ્કળ વધી જાય છે. માટે સુજ્ઞજનોએ આસો ને ચૈત્ર માસમાં ચંડિકાદેવીનું નિત્ય પૂજન કરવું જોઇએ. ભાદરવા વદ અમાસને દિવસે પૂજનની સર્વ સામગ્રી તૈયાર કરી રાખવી, તે દિવસે એક વાર હવિષ્યાન્ન કરવું, તેમાં સાદો અને હલકો ખોરાક લેવો. તે દિવસે વિવિધ રંગની ધજાપતાકાઓ અને સ્તંભોથી શોભતો સોળ હાથના માપનો મંડપ કરવો. તે મંડપના મધ્યભાગમાં માટી અને છાણથી લીંપી, ચાર હાથ પહોળી અને એક હાથ ઊંચી વેદિકા રચવી, ત્યાં આગળ આસોપાલવના ને ફૂલોના હારના તોરણો બાંધવા ને સુંદર ચંદરવા પણ બાંધવા: એ અમાસની રાતે દેવીના તત્ત્વને-મહિમાને જાણનારા આચાર-નિષ્ઠ વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રી બીજે દિવસે એટલે કે આશ્વિન સુદિ એકમ–પડવાના દિવસે પોતે નદીએ કે વાવ-કૂવાએ જઇને અથવા ઘરમાં સ્નાન કરવું. નવ-રાત્રિના નવે દિવસ સવારે પ્રથમ બ્રાહ્મણોનું વરણ કર્યા પછી મધુપર્કપૂર્વક અર્ઘ્ય, પાદ્ય વગેરે કર્મ કરવું અને તેઓને પછી યથાશકિત વસ્ત્રાલંકારો આપવા. જો પોતે સુખી–પૈસાપાત્ર હોય તો આપવામાં કંજુસાઇ ન કરવી, કેમકે ભોજન અને દક્ષિણાથી સંતુષ્ઠ થયેલા બ્રાહ્મણો દ્વારા કરેલું કાર્ય સંપૂર્ણ થાય છે. દેવીનો પાઠ કરવા માટે નવ, પાંચ, ત્રણ, કે એક બ્રાહ્મણનો નિર્દેષ કરેલો છે એટલે સુજ્ઞજને પારાયણ માટે ખાસ શાંત બ્રાહ્મણનું વરણ કરવું, ને તેની પાસે વેદમંત્રની ક્રિયાથી સ્વસ્તિ વાચન કરાવવું. જે વેદિકા રચી હોય તેના પર રેશમી વસ્ત્ર સહિત સિંહા-સન ગોઠવી તેના પર આયુધો સહિત ચાર હાથવાળાં, રત્નોના આભુષણો તથા મોતીના હારવાળાં, દિવ્ય વસ્ત્રો ધારણ કરેલાં, સામ્ય, સર્વ લક્ષણોવાળાં, શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરી સિંહ પર આરૂઢ થયેલાં શિવાદેવીની સ્થાપના કરવી. તે સનાતની દેવીને અઢાર ભુજાવાળાં પણ સ્થાપી શકાય છે. જો દેવીની પ્રતિમા ન હોય તો નવાર્ણ મંત્રથી યુકત યંત્રને ત્યાં મૂકેલા પવિત્ર કળશ પર સ્થાપવું, તે કળશ પંચ પલ્લવથી યુકત, પવિત્ર તીર્થ-જળથી ભરેલો હોવો જોઇએ. વ્રતધારીએ આમ પૂજાની સર્વ સામગ્રી તૈયાર રાખી મંગલ માટે વાજિંત્રો વગડાવવા અને ગીતો ગવડાવવાં. જો પડવાને દિવસે હસ્ત નક્ષત્ર હોય તો તે દિવસે વિધિપૂર્વક કરેલું દેવીપૂજન મનુષ્યોને ઇચ્છિત પદાર્થો આપે છે. પ્રથમ ઉપવાસ,, રાત્રિભોજન અથવા એકભુકતનો નિયમસંકલ્પ લઇ પછી દેવીનું પૂજન કરતી વખતે દેવીને પ્રાર્થના કરવી કે:

'હે માતા! હું મારી શકિત મુજબ નવ-રાત્રવ્રત કરીશ એમાં કંઇ ઉણપ, ક્ષતિ જણાય તો તમારો દાસ જાણી નભાવી

લેજો.' તે પછી યોગ્ય નિયમ લઇ, પાસે રાખેલી સામગ્રીથી દેવીનું પૂજન કરવું. ચંદન, કપૂર, પુષ્પો, આસોપાલવ, ચંપો, માલતી, કરેણ, મંદાર, કરંજ, બ્રાહ્મીનાં પુષ્પો તેમજ ધુપ, દીપ ઇત્યાદિથી અંબિકાદેવીનું પૂજન કરવું. તે પછી શ્રીફળ, કેળાં, દાડમ, બિજોરાં, નારંગી, બીલાં તેમ જ જે ઉત્તમ ફળો પ્રાપ્ત થયાં હોય તેનાથી અર્ઘ્ય આપવો. અને ભકિતપૂર્વક અન્નદાન કરવું. પૂજન કરનાર ક્ષત્રિય હોય ને તે માંસાહાર કરતો હોય તેમણે પાડા, બકરા કે ઘેટાનું બલિદાન આપવું, કારણ કે દેવીપૂજા નિમિત્તે પશુનો વધ કરનાર ક્ષત્રિયને હિંસાનો દોષ લાગતો નથી. વળી તે ભોગ લેવાયેલું પશુ પણ સ્વર્ગમાં જાય છે.

હોમ માટે શાસ્ત્રોકત માપ પ્રમાણે ત્રણ ખૂણાવાળો કુંડ બનાવવો અથવા ત્રણ ખૂણાવાળું સ્થંડિલ કરવું. એમાં નિત્ય ત્રણે કાળ વિવિધ પ્રકારનાં ઉત્તમ દ્રવ્યોથી પૂજન કરવું અને ગીત, વાજિંત્ર, નૃત્ય સાથે મહોત્સવ કરવો. વ્રતધારીએ દરરોજ ભોંય પર સૂવું અને પોતાની શકિત મુજબ કુમારિકાઓને વસ્ત્રો, અલંકારો તથા ભોજ્ય પદાર્થો આપી તેમનું પૂજન કરવું. નિત્ય એક એક કન્યાને પૂજવી, અથવા દરરોજ એક કન્યાને વધારતા જઇ પૂજવી, દરરોજ નવ નવ કુમારિકાઓની પણ પૂજા કરી શકાય. સુખી મનુષ્યે યજ્ઞકાર્યમાં દ્રવ્ય વાપરતાં સંકોચ કરવો નહિ. કુમારિકા પૂજન માટે યોગ્ય કેવી હોવી જોઈએ ? એક વર્ષની કન્યા ભોજન-ગંધ વગેરેને સમજતી નહિ હોવાથી દેવીયજ્ઞ માટે તેની પૂજા યોગ્ય ન ઠરે. બે વર્ષની 'કુમારિકા' કહેવાય, ત્રણ વર્ષની 'ત્રિમૂર્તિ' કહેવાય, ચાર વર્ષની 'કલ્યાણી' કહેવાય, પાંચ વર્ષની 'રોહિણી' કહેવાય, છ વર્ષની 'કાલિકા' કહેવાય, ૭ વર્ષની 'ચંડિકા' કહેવાય, ૮ વર્ષની 'શાંભવી', નવ વર્ષની 'દુર્ગા' અને દશ વર્ષની કુમારિકા 'સુભદ્રા' કહેવાય છે. આથી વધુ વયવાળી કુમારિકાના પૂજન માટે નિષેધ કરેલો છે. આ નામો દ્વારા કુમારિકાઓને વિધિપૂર્વક પૂજવી. હવે એ નવ કન્યાઓને પૂજવાથી શું ફળ મળે છે તે કહું છું : કુમારિકાઓનું પૂજન કરનારનાં દુ:ખ, દરિદ્રય અને શત્રુઓ ટળી જાય છે તેમ જ ધન, આયુષ તથા કુળની વૃદ્ધિ થાય છે. તેમાં પણ ત્રિમૂર્તિ કન્યાની પૂજા કરવાથી ધર્મ, અર્થ, કામ એ ત્રિવર્ગના ફળની, ધન-ધાન્યની પ્રાપ્તિ અને પુત્ર-પૌત્રાદિની વૃદ્ધિ થાય છે. જેઓ વિદ્યા ઇચ્છે છે, વિજયી થવા ચાહે છે તેમણે, રાજ્ય ઇચ્છતા રાજાએ સર્વ મનોરથો પૂર્ણ કરનારી કલ્યાણીને હંમેશા પૂજવી, શત્રુના નાશ માટે કાલિકાને પૂજવી, ઐશ્વર્ય તથા ધનપ્રાપ્તિ માટે ચંડિકાને પૂજવી, રાજાને મોહ પમાડવા તથા યુદ્ધમાં વિજયી થવા માટે શાંભવીને પૂજવી, ઉગ્ર કર્મની સિદ્ધિ માટે, શત્રુના નાશ માટે તથા પરલોકમાં સુખપ્રાપ્તિ માટે દુર્ગાને પૂજવી,

ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે સુભદ્રાને પૂજવી, રોગના નાશ માટે રોહિણીને પૂજવી.

વ્રતધારીએ ભક્તિમાં તત્પર થઇ 'શ્રીરસ્તુ' એ મંત્રથી પૂજન કરવું. અથવા શ્રી મંત્રયુક્ત બીજા મંત્રો વડે કે બીજમંત્રો વડે પૂજન કરવું :

કુમારસ્ય ચ તત્ત્વાનિ યા–
સૃજત્યપિ લીલયા ।
કાદીનપિ ચ દેવાસ્તાં–
કુમારી પૂજયામ્યહમ્ ॥

જે દેવી કુમારનાં તત્ત્વોને ને બ્રહ્માદિ દેવોને લીલામાત્રથી સર્જે છે તે કુમારિકાને હું પૂજું છું.

સત્ત્વાદિ ભિ સ્ત્રિમૂર્તિર્યા–
તૈર્હિ નાનાસ્વરૂપિણી ।
ત્રિકાલ વ્યાપિની શક્તિસ્ત્રિ–
મૂર્તિં પૂજયામ્યહમ્ ॥

સત્ત્વાદિ ગુણો વડે જે શક્તિ ત્રિમૂર્તિવાળાં, વળી તેજ ગુણો વડે અનેક સ્વરૂપવાળાં અને ત્રણ કાળમાં વ્યાપ્ત છે, તે ત્રિમૂર્તિનું હું પૂજન કરૂં છું.

કલ્યાણકારિણીં નિત્યં–
ભક્તાનાં પૂજતાઽનિશમ્ ।
પૂજયામિ ચ તાં ભક્ત્યા–
કલ્યાણીં સર્વ કામદામ્ ॥

જે દેવી ભક્તોએ નિરંતર પૂજવાથી કલ્યાણ કરનારાં છે, તે સર્વ કામનાને આપનારા કલ્યાણીદેવીનું હું ભક્તિપૂર્વક પૂજન કરૂં છું.

રોહયન્તી ચ બીજાનિં–
પ્રાગજન્મ–સંચિતાની વૈ ।
યા દેવી સર્વ ભુતાનાં–
રોહિણીં પૂજયામ્યહમ્ ॥

જે દેવી પ્રાણીમાત્રનાં પૂર્વજન્મમાં સંચિત કર્મરૂપ બીજોને ઊગાડનાર છે, તે રોહિણીને હું પૂજું છું.

કાલી કાલયતે સર્વં–
બ્રહ્માંડં સચરાચરમ્ ।
કલ્પાન્ત સમયે યા તાં–
કાલિકાં પૂજયામ્યહમ્ ॥

જે કાલિ દેવી સૃષ્ટિના અંત સમયે સચરાચર સર્વ બ્રહ્માંડનો નાશ કરે છે, તે કાલિને હું પૂજું છું.

ચંડિકાં ચંડિરૂપાં ચ–
ચંડમુંડ વિનાશિનીમ્ ।
તાં ચંડ પાપહારિણં–
ચંડિકાં પૂજયામ્યહમ્ ॥

જે ચંડિકા દેવી ઉગ્ર સ્વરૂપવાળાં ચંડ મૂંડનો નાશ કરનારાં તેમજ ઉગ્ર પાપને હરનારાં છે, તે ચંડિકાને હું પૂજું છું.

અકારણાત્ સમુત્પત્તિર્યન્મયૈઃ
પરિકીર્તિતા ।
યસ્માસ્તાં સુખદાં દેવીં–
શાંભવીં પૂજયામ્યહમ્ ॥

જે દેવીસ્વરૂપ વેદોએ જેમની ઉત્પત્તિ અકારણથી જ કહી છે. જેમની ઉત્પત્તિ પોતાથી જ છે, બીજા કોઇ કારણથી કહી નથી તે સુખદાત્રી શાંભવીને હું પૂજું છું. ૫૯

દુર્ગાત્રાયતિ ભક્ત યા–

સદા દુર્ગાર્તિનાશિની ।

દુર્જ્ઞેયા સર્વદેવાનાં તાં–

દુર્ગાં પૂજયામ્યહમ્ ॥

મોટી પીડાનો નાશ કરનારાં, જે દુર્ગાદેવી પોતાના ભક્તનું સદા સર્વદા રક્ષણ કરે છે, અને જે સર્વ દેવોને જાણવા મુશ્કેલ છે, તે દુર્ગાદેવીનું હું પૂજન કરૂં છું. ૬૦

સુભદ્રાણિ ચ ભક્તાનાં–

કુરુતે પૂજિતા સદા ।

અભદ્રનાશિની દેવી સુભદ્રાં પૂજયામ્યહમ્ ॥

પૂજેલા જે દેવી હંમેશા ભક્તોનું કલ્યાણ કરે છે, તે સર્વ અમંગલોનો નાશ કરનારાં, સુભદ્રા દેવીને હું પૂજું છું. ૬૧

સુજ્ઞજનોએ આ મંત્રો વડે કુમારિકાઓનું વસ્ત્રો, અલંકારો પુષ્પો તથા વિવિધ સુગંધી પદાર્થોથી નવરાત્રમાં નિત્ય પૂજન કરવું. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'નવરાત્રી વ્રતની પૂર્ણ વિધિ' નામનો ૨૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૭ મો

### નવરાત્રનું માહાત્મ્ય

વ્યાસ ઉવાચ

હીનાંગીં વર્જયેત્ કન્યાં કુષ્ઠયુક્તા–

વ્રણાંકિતામ્ ।

ગન્ધસ્ફુરિત હીનાંગી વિશાલકુલ–

સંભવામ્ ॥

વ્યાસ બોલ્યા: મોટા કુળમાં જન્મેલી હોય છતાં ઓછા અંગવાળી, કોઢવાળી, યા કે ગડ-ગૂમડાંની નિશાનીઓવાળી તેમજ દુર્ગંધવાળી, ખોડવાળા અંગવાળી કન્યાનો પૂજનમાં ત્યાગ કરવો. જન્માંધ, તિરછી નજરવાળી, કાણી, કુરૂપા, બહુ વાળવાળી, રોગિષ્ઠ તથા રજસ્વલા કન્યાનો પૂજનમાં ત્યાગ કરવો. જે અત્યંત દુર્બળ હોય, એક વર્ષની અંદર જેની ઉત્પત્તિ થઈ હોય, જેનો જન્મ વિધવા સ્ત્રીથી થયો હોય, અને માતા લગ્ન પહેલાં જ જેનો જન્મ આપી ચૂકી હોય, આવી કન્યાઓનો પૂજનમાં ત્યાગ કરવો. પરંતુ નીરોગી, રૂપવાન, સુંદર અવયવોવાળી, ગડગુમડ આદિ વ્રણોથી રહિત કન્યાનું હંમેશા પૂજન કરવું. સર્વ કાર્યોમાં બ્રાહ્મણની કન્યાને, જય માટે રાજકન્યાને અને લાભ માટે વૈશ્ય કે શુદ્રકન્યાને પૂજવી, તેમાં પણ બ્રાહ્મણોએ ખાસ બ્રાહ્મણકન્યાને, ક્ષત્રિયોએ બ્રાહ્મણકન્યા તથા ક્ષત્રિયકન્યાને, વૈશ્યોએ બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યકન્યાઓને અને શુદ્રોએ ચારે વર્ણની કન્યાઓને પૂજવી. શિલ્પ કર્મ કરનારાઓએ પોતપોતાના વંશની કન્યાઓને પૂજવી. નવરાત્રમાં વિધિપૂર્વક ભક્તિથી નિત્ય પૂજા કરવી જોઇએ. જે નવરાત્રમાં દરરોજ પૂજા કરવા અસમર્થ હોઇએ તો અષ્ટમિને દિવસે વિશેષ રૂપથી પૂજા કરવી આવશ્યક છે.

પ્રાચીન સમયની વાત છે: દક્ષના યજ્ઞનો નાશ કરવાવાળી ભગવતી ભદ્રકાલીનો અવતાર અષ્ટમિને દિવસે થયો હતો, તે દેવીની આકૃતિ ઘણી ભયંકર

હતી. એમની સાથે કરોડો યોગિનીઓ હતી. એટલે અષ્ટમિના ઉત્તમ દિવસે દેવીભક્તોએ ગંધ, પુષ્પો, વિલેપન વગેરે સામગ્રીથી નિત્ય પૂજન કરવું. એ દિવસે હવિષ્ય–હવન, બ્રાહ્મણોને ભોજન તથા ફળ–પુષ્પનો ઉપહાર અને દાન આદિ કાર્યોથી ભગવતી જગદમ્બાને પ્રસન્ન કરવાં. કોઇનાથી નવરાત્રીના નવ દિવસો ઉપવાસ–વ્રત ન થઇ શકે તો માત્ર ત્રણ દિવસ ઉપવાસ કરીને પણ મનુષ્ય સંપૂર્ણ ફળનો અધિકારી બને છે. સાતમ, આઠમ અને નોમ–આ ત્રણ દિવસોએ ઉપવાસ કરીને દેવીનું પૂજન કરવાથી બધાં જ ફળની પ્રાપ્તિ થાય છે. દેવીનું પૂજન, હવન, કુમારિકાઓનું પૂજન અને બ્રાહ્મણ ભોજન–આ ચાર કાર્યો પ્રસન્નતાથી કરવાથી સાંગોપાંગ નવરાત્રવ્રત પૂર્ણ થાય છે એમ મનાય છે. આ નવરાત્રવ્રત સમાન પૃથ્વી ઉપરના વિવિધ વ્રતો તથા દાનો પણ નથી. નવરાત્રવ્રત દેવીભક્તને ધન, સુખ, આયુષ અને આરોગ્ય બક્ષનાર તેમ જ સ્વર્ગ તથા મોક્ષ આપનાર છે. જેઓ વિદ્યા, ધન તથા સંતાનના ઇચ્છુક છે તેઓએ આ વ્રત વિધિપૂર્વક કરવું જેથી ઇષ્ટ ફળ મળે છે. જે મનુષ્યોએ ભગવતીનું આ નવરાત્રવ્રત પૂર્વજન્મમાં કર્યું નથી તેઓ રોગી, દરિદ્રી અને સંતાન વિહોણા થાય છે. એવા મનુષ્યો જોવામાં આવે તો તેઓ માટે એમ જ સમજવું કે તેઓએ પૂર્વજન્મમાં નવ–રાત્રવ્રત નહિ કર્યું હોય. પુષ્કળ ધન અને ઐશ્વર્ય હોવા છતાં જે નવરાત્રવ્રત કરતો નથી તેને આનંદની પ્રાપ્તિ થતી નથી.

જે મનુષ્ય રતાંજલિ સાથે બિલ્વપત્રથી ભવાનીને પૂજે છે તે રાજા થાય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિને દૂર કરનારાં અને સર્વ સિદ્ધિ આપનારાં સનાતની દેવીને જે મનુષ્યે પૂજયા નથી તે અત્યંત દુ:ખી, દરિદ્ર અને શત્રુઓવાળો થાય છે. મોટું આશ્ચર્ય એ છે કે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇન્દ્ર, અગ્નિ, કુબેર, વરૂણ તથા સૂર્ય પણ પ્રસન્નચિત્તે દેવી ચંડિકાનું ધ્યાન કરે છે, તેજ દેવીનું ધ્યાન મનુષ્યો કેમ કરતા નથી? અવશ્ય કરવું જ જોઇએ. જે દેવીની ઇચ્છાથી બ્રહ્મા સર્જન, વિષ્ણુ પાલન અને મહાદેવ સંહાર કરે છે, તે દેવીને મનુષ્ય શા માટે સેવતો–આરાધતો નથી? મહાપાપીએ પણ પાપોથી મુક્ત થવા માટે આ નવરાત્રવ્રત અવશ્ય કરવું.

હે રાજાઓમાં શ્રેષ્ઠ! પુર્વે કોસલ દેશમાં એક 'સુશીલ' નામે વૈશ્ય (વણિક) મોટા પરિવારવાળો હોઇ અત્યંત દુ:ખી અને નિર્ધન હતો. તેનાં સંતાનો નિત્ય ભુખથી પીડાતાં હતાં, તેઓ કોઇને કોઇ પ્રકારે સાયંકાળે થોડુંક ખાવાનું પામતા હતા. બિચારો વણિક ભુખ્યા પેટે પારકાં કામ કરતો અને સાયંકાળે જે કંઇ હોય તે ખાઇ લેતો, તેમ છતાં શાંતચિત્તે કુટુંબનું પાલન કરતો હતો. આ વણિક નિર્ધન હતો છતાં ધર્મિષ્ઠ, સદાચારી, સત્યવક્તા, અક્રોધી, ધૈર્યશીલ અને

ઇર્ષ્યા વગરનો હતો. તેણે નિયમ લીધો હતો તે પ્રમાણે રોજ દેવો, પિતૃઓ તેમજ અતિથિનું પૂજન કરી, ઘરના બધાં જમી રહે તે પછી જ જમતો હતો.

એક વખત કોઇ વિદ્વાન બ્રાહ્મણ આંગણે જોવામાં આવતાં આ સુશીલ વણિકે તેમને પ્રણામ કરીને પુછ્યું : 'હે મહારાજ ! તમે શાસ્ત્રો ભણેલા છો, તો મને એ બતાવો કે દારિદ્રયનો નાશ કેવી રીતે થાય ? મારે તો માત્ર કુટુંબના નભાવ માટે જ ધન જોઇએ છે. મારા સંતાનો ભૂખે ટળવળે છે તે જોઇને મને જીવતર ઉપર ધિક્કાર આવે છે. વળી ધનના અભાવે મારી એક પુત્રીનો વિવાહકાળ પણ વીતી જાય છે, માટે ધનપ્રાપ્તિનો કોઈ ઉપાય મને બતાવો ?'

વ્યાસ બોલ્યા : સુશીલ વણિકે આવી ઇચ્છા વ્યકત કરી એટલે જ્ઞાની બ્રાહ્મણે કહ્યું : 'હું તને બતાવું તે સાધન તું નિત્ય શ્રદ્ધા–ભકિતથી કર. તું હવે દેવીભગવતીનું પુજન, હવન, બ્રાહ્મણોને ભોજન, દેવીના જપ વગેરે વડે તું તારી શકિત પ્રમાણે ઉત્તમ નવરાત્રવ્રત કર, જેથી તારા સઘળા મનોરથ પુર્ણ થશે. આ વ્રત જ્ઞાન ને મોક્ષ આપનારું, સંપત્તિ અને સંતતિને વધારનારું ને સુખ–શાંતિ આપનારું છે. રામચન્દ્ર સીતાના વિયોગથી દુ:ખી થઇ ગયા હતા ત્યારે તેમણે કિષ્કિંધા નગરીમાં આ નવરાત્રવ્રત કર્યું હતું તેથી ભગવતી દેવીની પ્રસન્નતાથી તેમણે મહાસમુદ્ર ઉપર સેતુ બાંધી, લંકામાં જઇ ત્યાં રાવણ તથા કુંભકર્ણને હણીને સીતાને પાછાં પ્રાપ્ત કર્યાં હતાં ને અયોધ્યામાં આવી રાજ્ય મેળવ્યું હતું. હે વણિક ! આ પ્રકારે રામચન્દ્રજી પણ ભગવતી દેવીના નવરાત્રિવ્રતના પ્રભાવથી મહા રાક્ષસોને હણીને પૃથ્વી પર સુખી થયા હતા.

વણિકને બ્રાહ્મણનાં વચન પર આસ્થા બેઠી. બ્રાહ્મણ પાસેથી દેવીનો માયાબીજ નામના શ્રેષ્ઠ મંત્ર લઈ તેણે પૂર્ણ ભકિતથી નવ વર્ષ સુધી નવરાત્રવ્રત કર્યું, નિરંતર તે શ્રદ્ધા–ભકિતપુર્વક તે મંત્રનો જપ કરતો રહ્યો. ત્યારે નવમા વર્ષે અષ્ટમિને દિવસે મધ્યરાત્રિના સમયે ભગવતી મહેશ્વરી તેની સામે પ્રત્યક્ષ આવી ઊભાં રહ્યાં. દેવીના દર્શન કરી વણિક ધન્ય બન્યો. દેવીએ તેના પર કૃપાવંત થઇ તેને અનેક પ્રકારના વરદાનો આપી તેના સર્વ મનોરથો પુર્ણ કર્યા. ૫૭

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'નવરાત્રનું માહાત્મ્ય' નામનો ૨૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૮ મો

### નવરાત્રવ્રત અને રામાયણ કથા

જનમેજય ઉવાચઃ

કથં રામેણ તચ્ચીર્ણં વ્રતં દેવ્યાઃ સુખપ્રદમ્ ।
રાજ્ય ભ્રષ્ટ કથં સોઽભવત્કથં સીતાહૃતા પુનઃ ॥

જનમેજયે પૂછ્યું : રામચન્દ્રે ભગવતીનું નવરાત્ર વ્રત શા માટે કર્યું હતું ? તેમને રાજ્યભ્રષ્ટ થવાનું કારણ શું ? અને સીતાનું હરણ કોણે કર્યું હતું ?

વ્યાસે કહ્યું : અગાઉ સૂર્યવંશી દશરથ રાજા અયોધ્યામાં રાજ્ય કરતાં હતા. તેમને ચાર પુત્રો હતા : રામ, લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન. આ ચારે પુત્રો કિશોર વયના થતાં દશરથ રાજાએ તેમના જનોઇ વગેરે સંસ્કારો કર્યા. તે પછી ચારે પુત્રો ધનુષ્ય–બાણ ધારણ કરી ફરતા ત્યારે તેમને જોઇ દશરથ રાજા આનંદ અનુભવતા. જ્યારે રામ સોળ વર્ષના થયા ત્યારે વિશ્વામિત્ર મુનિએ દશરથ રાજા પાસે આવી, પોતાના યજ્ઞના રક્ષણ માટે રામની માગણી કરી તો રામ સાથે લક્ષ્મણ પણ મુનિના આશ્રમે જવા નીકળ્યા. માર્ગમાં ઋષિ–મુનિઓને દુઃખ દેતી રાક્ષસી તાટકા જોવામાં આવતાં રામે તેના પર એક જ બાણ છોડીને તેને મારી નાખી, ને યજ્ઞમાં અંતરાય કરતા મારિચને પણ પવનવેગી બાણથી દુર હડસેલી દીધો. રામ લક્ષ્મણે યજ્ઞની રક્ષા બરાબર કરી. યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થતાં વિશ્વામિત્ર, રામ ને લક્ષ્મણને લઇ મિથિલાનગરી જવા નીકળ્યા તો રસ્તામાં શલ્યા રૂપે પડેલી અહલ્યાનો રામે ઉદ્ધાર કર્યો. પછી મુનિ બધાને જનકપુરમાં યોજાયેલા સ્વયંવરમંડપમાં લઇ ગયા. ત્યાં રામે શિવ ધનુષ્યને ભાંગી નાખી પોતાનું પરાક્રમ બતાવ્યું.

અને તેઓ સીતાજીને વર્યા. જનક રાજાએ પોતાના ભાઇ કુશધ્વજની બે કન્યાઓ ભરત-શત્રુઘ્નને આપી. આ રીતે ચારે ભાઇઓ ત્યાં પરણ્યા હતા. રામ હવે રાજગાદીએ બેસવા યોગ્ય થયા હતા તેથી તેમનો રાજ્યાભિષેક કરવાની તૈયારી થવા માંડી તે વખતે અદેખી રાણી કૈકેયીએ પોતાના વશમાં રહેતા દશરથ રાજા પાસે અનામત રાખેલાં બે વરદાનમાં એમ માગ્યું કે : 'ભરત રાજગાદીએ બેસે અને રામ ચૌદ વર્ષ વનવાસ ભોગવે.' દશરથ રાજા વચનથી બંધાયા હતા એટલે શું કરે ? તેમની મૂંઝવણ પારખી રામ વનવાસ જવા નીકળ્યા ત્યારે તેમની પત્ની સીતા અને ભાઇ લક્ષ્મણ પણ સાથે ગયા. તેઓ દંડકારણ્યમાં હતા ત્યારે રામના વિયોગથી દશરથ રાજાએ પોતાનો દેહ ત્યજ્યો. હવે ભરતને રાજગાદી પર બેસવાનું હતું. પરંતુ તેને ખબર પડી કે તેની માતા કૈકેયીના લીધે પિતા દશરથરાજાનું મૃત્યુ થયું છે. તેથી તેઓ રાજગાદી પર બેઠા નહિ. આ બાજુ પંચવટીમાં પર્ણકુટી બાંધીને રહેલા રામે ત્યાં ઉપદ્રવ કરવા આવેલી રાક્ષસી રાવણની બહેન શૂર્પણખાને તેનાં નાક–કાન કાપી બેડોળ બનાવી દીધી. તેની એવી દુર્દશા થયેલી જોઇ મહાબળવાન ખર–દૂષણ વગેરે રાક્ષસો પંચવટીમાં રામ સાથે યુદ્ધ કરવા આવ્યા તો રામ-લક્ષ્મણે યુદ્ધમાં ઘણા રાક્ષસોને હણ્યા, આથી કદરૂપી બનેલી શૂર્પણખા પોતાના ભાઇ રાવણને ફરિયાદ કરવા લંકામાં રાજસભામાં ગઇ અને રાવણને બધું વૃત્તાંત કહી સીતાના રૂપના ઘણાં વખાણ કર્યા. આથી ક્રોધે ભરાયેલો રાવણ બહેનનું વેર વાળવા, સીતાનું હરણ કરી લાવવા, મારિચની મદદ લઇ પંચવટીમાં ગયો. ત્યાં મારિચ કાંચનમૃગનું રૂપ લઇ

ફરવા લાગ્યો અને રાવણે સાધુનું રૂપ લીધું. સુવર્ણમૃગને જોઇ તેનું ચામડું લેવાની સીતાને ઇચ્છા થઇ, તેણે હઠ કરી રામને મૃગને મારી નાખવા મોકલ્યા. લક્ષ્મણ સીતાનું રક્ષણ કરવા ત્યાં રહ્યા હતા. રામ મૃગને પકડવા જાય તેમ મૃગ દૂર જતો જાય, આખરે મૃગ જાણી જોઇને રામની નજીક આવ્યો એટલે રામે મૃગને તીર માર્યું એ વખતે માયાવી મૃગે મરતાં મરતાં ખોટી ચીસ પાડી : 'હા લક્ષ્મણ ! હું મરાયો છું !' તેણે રામના જેવો જ અવાજ કાઢયો હતો તે સાંભળી સીતાએ લક્ષ્મણને રામની મદદે જવા કહ્યું. પરંતુ રામ પોતાના ભાઇ લક્ષ્મણને સીતાનું રક્ષણ કરવા મૂકી ગયા હતા. એટલે લક્ષ્મણે જવાની ના પાડી, આથી સીતાએ લક્ષ્મણને ન કહેવાનાં કટુ વચનો ક્રોધાવેષમાં કહ્યાં એટલે ન છૂટકે લક્ષ્મણ સીતાજીને પર્ણકૂટીમાં એકલા છોડી આંસુ સારતા રામનું પગેરૂં જોતાં વનના માર્ગે ચાલવા લાગ્યા. લક્ષ્મણની ગેરહાજરી જોઈ સાધુરૂપે આવેલો રાવણ કપટ કરી સીતાનું હરણ કરી જવા માટે પર્ણકુટીએ આવ્યો અને 'આહલેક' જગાવી એટલે સીતાએ તેને ભિક્ષા આપી, પછી તે દુષ્ટાત્મા દશાનને સીતાને પૂછ્યું : 'હે સુંદરી ! રાજમહેલને શોભાવે તેવી તું અહીં વનમાં એકલી કેમ રહે છે ?' સીતાએ તેને કોઇ સંન્યાસી જાણી ભોળા ભાવે પોતાના વનવાસનું સર્વ વૃત્તાંત તેને કહ્યું : પછી પૂછ્યું : 'હે મહારાજ ! આપ કોણ છો ?' રાવણે કહ્યું : 'હે સીતે ! હું લંકા-પતિ રાજા રાવણ છું. તારા પતિએ મારી બહેન શૂર્પણખાના નાક–કાન કાપી નાખ્યા છે અને ખર-દૂષણનો વધ કર્યો છે. મારી બહેને તારાં ખૂબ વખાણ કર્યાં છે એટલે સાધુરૂપ ધરીને તને લંકામાં લઇ જવા આવ્યો છું. હવે તું મારી સ્વામિની થા. હે જાનકી ! લોકપાલોને જીતનારો હું તારા પગમાં પડું છું. તારા રૂપના વખાણ સાંભળી તને મારી રાણી બનાવવા માટે તને લઇ જવા આવ્યો છું, તો મારો શ્રમ તું સફળ કર. ૬૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'નવરાત્રવ્રત અને રામાયણકથા' નામનો ૨૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૯ મો

### રાવણે કરેલું સીતાનું હરણ

**વ્યાસ ઉવાચ**

**તદાકર્ણ્ય વચો દુષ્ટં જાનકી ભય વિહવલા ।**
**વેપમાના સ્થિરં કૃત્વા મનો વાચમુવાચ હ ॥**

વ્યાસ બોલ્યા : રાવણના અઘટિત વચન સાંભળી સીતા ગભરાઇને ધ્રુજવા લાગ્યાં, પછી સ્વસ્થ થઇને બોલ્યાં : 'રાવણ, તું કોની સામે આવી માગણી કરી રહ્યો છે ? હું જનકકૂળમાં જન્મેલી જાનકી છું, ધિક્કાર છે તને કે મારા જેવી પતિવ્રતા આગળ આવી અધમ વાત કરે છે ? હમણાં જ તું અહીંથી ચાલ્યો જા, રામ આવી પહોંચશે તો તને જીવતો નહિ છોડે.' રાવણની મતિ ફરી ગઇ હતી તેથી સીતાનું કંઇ ન માનતાં તે બળજબરી કરી સીતાને રથમાં બેસાડી તેનું હરણ કરી ગયો. માર્ગમાં

પ્રચંડ જટાયુ પક્ષીએ રાવણને સીતાને લઇ જતો જોયો એટલે તેણે રાવણ સાથે યુદ્ધ કર્યું, તો રાવણે તેને ઘાયલ કરી રથ આકાશમાં ઊડાડી મૂકયો. રાવણે સીતાને લંકામાં લઇ જઇ તેને ઘણાં પ્રલોભન આપ્યાં પણ સીતાએ તેનો તિરસ્કાર કર્યો એટલે રાવણે તેને અશોકવાટિકામાં રાક્ષસીઓની ચોકી વચ્ચે રાખી. આ બાજુ રામ લક્ષ્મણે પર્ણકુટિમાં આવી જોયું તો સીતા ન મળે. તેઓ સીતાને શોધવા નીકળ્યા તો માર્ગમાં ઘાયલ થઇ પડેલા જટાયુએ કહ્યું કે, લંકાપતિ રાવણ જાનકીને હરી ગયો છે, તેને રોકવા મેં પ્રયાસ કર્યો તો તે દુષ્ટ મને ઘાયલ કરી આકાશમાં રથમાં ચાલ્યો ગયો છે. આટલું કહેતાં જ જટાયુ મૃત્યુ પામ્યો. તેના દેહની મરણોત્તર ક્રિયા કરી, ઘણું દુ:ખ અનુભવતા રામ–લક્ષ્મણ ત્યાંથી આગળ ચાલ્યા.

રસ્તામાં કબંધ મળ્યો તો તેનો વધ કરી રામચન્દ્રે તેને શાપથી મુકત કર્યો. મરતાં પહેલાં કબંધે કહ્યા મુજબ સુગ્રીવ સાથે રામે મિત્રતા કરી, તેણે ગુમાવેલું કિષ્કિન્ધાનું રાજ્ય પાછું અપાવ્યું. સીતાનો વિયોગ રામને બહુ સાલતો હતો. તે વારંવાર સીતાને સંભારી રૂદન કરતા હતા. લક્ષ્મણ તેમને ઘણું વારતો પણ રામનો શોક મટતો જ નહિ. સુગ્રીવના કહેવાથી રામ–લક્ષ્મણ વર્ષાકાળમાં ત્યાં જ રોકાઇ રહ્યા. રામ તો જયારે ત્યારે કરૂણ સ્વરે લક્ષ્મણને કહેતા : લક્ષ્મણ ! સીતા વિનાનું મારૂં જીવન વ્યર્થ છે, તે નહિ મળે તો હું જીવીશ નહિ. અને અયોધ્યામાં પુન: પગ મૂકીશ નહિ.

દૈવ પણ કેવું રૂઠયું કે રાજગાદીએ બેસવાને બદલે મને વનવાસ મળ્યો, પિતાજી મૃત્યુ પામ્યા, બાકી રહ્યું હતું તે સીતાનું હરણ થયું, મને એજ સમજાતું નથી કે દુ:ખ દેતું દૈવ આગળ હજુ શું કરશે? રાવણ સીતાને હરી ગયો છે પણ પતિવ્રતા સીતા કોઇ ઉપાયે તેને તાબે નહિ થાય, જો રાવણ તેના પર બળજબરી કરવા જશે તો સીતા પ્રાણ ત્યાગી દેશે. પણ તે અધમ રાવણને વશ નહિ જ થાય.'

લક્ષ્મણ આશ્વાસન આપી કહેતા : 'મહાબાહુ ! તમે ધીરજ રાખો, આપણે રાવણને મારીને સીતાજીને જરૂર પાછા લાવીશું. આપની સહાય માટે અસંખ્ય વાનરો તૈયાર છે. તેઓ ચારે દિશામાં જઇને જાનકીને શોધી લાવશે.

અરે ! હું એકલો જ ભલભલા અસુરોને જીતી લેવા સમર્થ છું તો પછી સહાયતા મળવાથી દુષ્ટ રાવણને અવશ્ય જીતી, સીતાજીને લઇ આવીશ. હે રાઘવ ! દુ:ખમાં મનુષ્યે ગભરાઇ ન જતાં હિંમત રાખવી જોઇએ, ઉદ્યમ કરવાથી દુ:ખ મટી જતાં સુખ સાંપડે છે. આપ જેવા જગત્પતિ સામાન્ય મનુષ્યની જેમ શોક શા માટે કરો છો, આંસુ કેમ પાડો છો ?'

ભાઇ લક્ષ્મણનાં વચનોથી રામચન્દ્ર

શાંત થયા, શોકને ત્યજી દઇ સંતાપથી મુકત થયા. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે
'રાવણે કરેલું સીતાનું હરણ' નામનો
૨૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૦ મો

### શ્રી રામચંદ્રે કરેલું નવરાત્રવ્રત

વ્યાસ ઉવાચ

એવં તૌ સંવિદં કૃત્વયાદ–તુષ્ણી બભૂવતુઃ ।
આજગામ તદાકાશાન્નારદો ભગવાનૃષિઃ ॥

વ્યાસ બોલ્યા : આ પ્રમાણે શ્રી રામ અને લક્ષ્મણ પરસ્પર વિચાર કરીને મૌન બેઠા હતા એવામાં મહાભાગ નારદમુનિ વિણા વગાડતા આકાશમાંથી તેમની સમક્ષ ઉતરી આવ્યા. તેમને જોઇ રામ–લક્ષ્મણે ઊઠીને પ્રણામ કરી તેમને બેસવા માટે આસન આપ્યું. પછી તેમની પૂજા કરીને હાથ જોડી સામે ઊભા રહ્યા. તે બન્નેને સામે બેસી જવા માટે કહી નારદમુનિએ શ્રી રામને પૂછયું : હે રાઘવ ! તમે ઘણા જ શોકગ્રસ્ત લાગો છો, તમારી ચિંતા હું જાણું છું. દુષ્ટાત્મા રાવણ કપટથી સીતાનું હરણ કરી ગયો તે બાબતથી હું અજાણ નથી, પરંતુ સવણને એવી કુબુદ્ધિ સૂઝી તેનું એક કારણ છે. તમારો અવતાર લંકાપતિ રાવણના નાશ માટે થયો છે, અને એથી જ તેને જાનકીને હરી જવાની કુબુદ્ધિ સૂઝી છે. હવે હું તમને સીતાનું પૂર્વજન્મનું વૃત્તાંત કહું છું : પૂર્વજન્મમાં એક વેળા તપ કરી રહેલા સીતાજીને રાવણ જોઇ ગયો અને તેમના પર મોહિત થઇ કહ્યું કે 'તું મારી પત્ની બન !' ત્યારે તેમણે રાવણને ધુત્કારી કાઢયો આથી રાવણ તેનો ચોટલો પકડી તેને ખેંચવા લાગ્યો આથી તે મુનિકન્યાએ રાવણના સ્પર્શથી પોતાના દેહને દૂષિત થયેલો માની તે વખતે જ દેહ ત્યજી દેવાનો નિર્ણય કરી રાવણને શાપ આપ્યો કે 'હે અધમ ! પાપાત્મા ! તારા નાશનું કારણ બનવા માટે હવે હું પૃથ્વી પર અયોનિજ શ્રેષ્ઠ સ્ત્રી થઇશ !' આટલું કહેતાં જ તેણે પ્રાણ ત્યજ્યા હતા. તે જ આ લક્ષ્મીના અંશથી ઉત્પન્ન થયેલી સીતાને રાક્ષસ રાવણે, પોતાના જ કુળનો વિનાશ કરવા મોહવશ થઇ હરી છે.

પરંતુ તમે તેની ચિંતા ન કરશો, રાવણે હજુ તેને ભ્રષ્ટ કરી નથી, તે ત્યાં સતીધર્મમાં તત્પર રહી નિશદિન તમારૂં ધ્યાન કર્યા કરે છે. રાવણનો નાશ થયા વિના તે તમને પ્રાપ્ત થવી મુશ્કેલ છે. માટે રાક્ષસ રાવણનો નાશ કરવાનો ઉત્તમ ઉપાય તમને કહું છું તે સાંભળો : આશ્વિન મહિનામાં શુકલપક્ષમાં તમે શ્રદ્ધાપૂર્વક દેવીના નવરાત્રવ્રતનું અનુષ્ઠાન કરો. નવરાત્રમાં ઉપવાસ, ભગવતીનું આરાધન, વિધિસહિત જપ અને હોમ કરનારને સંપુર્ણ સિદ્ધિ દેવીની કૃપાથી મળે છે.

અગાઉ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઇન્દ્રે પણ નવરાત્ર વ્રતનું અનુષ્ઠાન કરેલું છે, માટે તમે શ્રદ્ધા–ભકિતપૂર્વક આ ઉત્તમ નવરાત્ર વ્રત આદરો. જયારે

કઠિન પરિસ્થિતિમાં મનુષ્ય મુકાય ત્યારે આ વ્રત અવશ્ય કરવું જોઈએ.

હે માધવ! અગાઉ વિશ્વામિત્ર, ભૃગુ, વસિષ્ઠ અને કશ્યપ દ્વારા આ વ્રતનું અનુષ્ઠાન થઈ ચૂકેલું છે. તમે રાવણવધ નિમિત્તે આ વ્રતનું અનુષ્ઠાન કરો. વૃત્રાસુરનાં વધ માટે ઇન્દ્રે તથા ત્રિપુરવધ માટે ભગવાન શંકરે પણ આ સર્વોત્કૃષ્ટ વ્રતનું અનુષ્ઠાન કરેલું હતું. અને પોતાની સ્ત્રીનું હરણ થવાથી તેને પ્રાપ્ત કરવા માટે બૃહસ્પતિએ પણ આ નવરાત્ર વ્રત કર્યું હતું. એટલે આ વ્રત તમારે માટે કલ્યાણકારી બનશે.'

આ સાંભળી શ્રીરામે નારદને પૂછ્યું: આવા અદ્ભુત એ દેવી કેવા સામર્થ્ય-વાળાં છે? ક્યાંથી ઉત્પન્ન થયાં છે? એમનાં આ નવરાત્ર વ્રતનાં વિધિ-વિધાન કેવા છે? તે જાણવાની અમને ઇચ્છા છે.

નારદમુનિએ કહ્યું: 'હે રામ! એ સનાતન આદ્ય શક્તિની કૃપાથી સર્વ કામનાઓ સિદ્ધ થાય છે, એમની આરાધના કરનારનાં દુઃખો દૂર કરવાનો એમનો સ્વભાવિક ગુણ છે. બ્રહ્મા સર્જિત સર્વ પ્રાણીઓના નિમિત્ત કારણરૂપ તેજ છે. તેમની શક્તિ સિવાય કોઈ હલનચલન કરવા પણ સમર્થ નથી. વિષ્ણુની પાલન શક્તિ, મારા પિતા બ્રહ્માની કર્તુત્વશક્તિ અને મહેશ્વરની સંહારશક્તિ એ દેવી જ છે. ત્રણે ભુવનમાં જે કોઈ ઠેકાણે જે કંઈ સત્-અસત્ વસ્તુ છે, તે જે સર્વની શક્તિ છે, તેની ઉત્પત્તિ ક્યાંથી હોય? એટલે કે પરબ્રહ્મસ્વરૂપ એ ભગવતીની ઉત્પત્તિ ન જ હોય.

જે સમયે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સૂર્ય અને ઇન્દ્ર આદિ દેવો તેમ જ પૃથ્વી કે પર્વતો હોતા નથી ત્યારે યુગાદિ સમયે પણ પૂર્ણ પ્રકૃતિરૂપ શિવાદેવી પરમાત્માની સાથે વિહરે છે, ત્યારે તે નિર્ગુણ હોય છે, પરંતુ સૃષ્ટિ સમયે સગુણ થઈ પ્રથમ બ્રહ્મા આદિને સરજી તેમને સર્વ શક્તિઓ આપી એ દેવી ત્રણે ભુવનને સરજે છે. બ્રહ્માઆદિએ તે દેવીના ગુણકર્મનાં આધારે 'અ'થી તે 'ક્ષ' સુધીના સ્વરો તથા વ્યંજનો જોડાવાથી કલ્પેલાં નામો એટલા બધા છે કે તે કહેવાને હું સમર્થ નથી. હવે નવરાત્ર વ્રત વિધિ વિષે સાંભળો: નારદમુનિએ શ્રીરામને વ્રતનો સર્વ વિધિ જણાવી કહ્યું: આ કર્મમાં હું આચાર્ય થઈશ, કેમકે દેવોનું કાર્ય કરવામાં મને ઘણો આનંદ થાય છે.

વ્યાસે કહ્યું: જ્યારે પવિત્ર આશ્વિન માસ આવ્યો ત્યારે શ્રી રામે પોતે રહેતા હતા તે શ્રેષ્ઠ પર્વત પર ઉત્તમ આસન ગોઠવી, જગદંબા શિવાદેવીની સ્થાપના કરી પોતે વ્રતનિષ્ઠ થઈ ઉપવાસ કરી વિધિપૂર્વક તે દેવીનું પૂજન કર્યું. શ્રી રામ અને લક્ષ્મણ બન્નેએ નારદમુનિએ કહ્યા પ્રમાણે વ્રત કરવાથી આશ્વિન સુદિ અષ્ટમિના દિવસે સિંહ ઉપર આરૂઢ થયેલા ભગવતી દેવીએ તેઓને દર્શન આપી કહ્યું: 'હે રઘુનંદન! તમે કરેલા

વ્રતથી હું પ્રસન્ન થઇ છું માટે તમે મનવાંચ્છિત વરદાન માગો, ખાસ દુષ્ટાત્મા રાવણનો વધ કરવા માટે, દેવોથી પ્રાર્થના કરાયેલા તમે મનુના વંશમાં વિષ્ણુના અંશથી અવતર્યા છો. આ પહેલાં પણ તમે દેવોના કલ્યાણ અર્થે મત્સ્યાવતાર લઇ રાક્ષસોને હણીને વેદોનું રક્ષણ કર્યું હતું. આવી રીતે જુદા જુદા અવતારો લીધા પછી તમે હમણાં રાજા દશરથના પુત્ર તરીકે દેવોની પ્રાર્થનાથી અવતર્યા છો. હે કાકુત્સ્થ! જે અસંખ્ય વાનરો છે, તે બધા બળવાન છે, મારી શકિતથી આ વાનરો તમને ઉત્તમ સહાય કરનારા થશે. આ તમારા ભાઇ લક્ષ્મણ શેષનાગના અંશરૂપ હોવાથી તે રાવણના પુત્ર મેઘનાદનો વધ કરશે. તમે શરદ ઋતુમાં નવરાત્ર વ્રત પુર્ણ ભકિતથી પાર પાડયું તેવી જ રીતે વસંત ઋતુમાં પણ નવરાત્રવ્રત પુર્ણ શ્રદ્ધા–ભકિતથી કરજો.

તે પછી તમે લંકામાં જઇ દુષ્ટાત્મા રાવણનો નાશ કરી, અગિયાર હજાર વર્ષ સુધી અયોધ્યામાં રાજ્ય કરી તમે પાછા સ્વર્ગમાં જશો. એમ કહી ભગવતી દેવી અંતર્ધાન થઇ ગયા. તે પછી નવરાત્રવ્રતની પુર્ણાહુતિ કરી દશમ (વિજયાદશમી)ને શુભ દિવસે ભગવાન શ્રી રામચન્દ્રજીએ વિજયાદેવીનું પુજન કરી, વિજયયાત્રાનો પ્રારંભ કર્યો. ત્યારે વાનરોના પ્રચંડ સૈન્યથી વિંટાયેલા શ્રીરામચન્દ્રજીએ પોતાના ભાઇ લક્ષ્મણ સાથે વાનરોની મદદથી સમુદ્ર ઉપર સેતુ બાંધી રાવણની લંકામાં જઇ દેવોના શત્રુ રાક્ષસ રાવણ સાથે યુધ્ધ કરી તેનો નાશ કર્યો હતો.

જે ભાવિક મનુષ્યો! ભગવતીદેવીના આ શ્રેષ્ઠ ચરિત્રને એકાગ્રતાથી સાંભળે છે તે આ લોકમાં ઉત્તમ ભોગો ભોગવી અંતે પરમપદને પામે છે. આ પુરાણ સિવાય બીજા વિસ્તારવાળાં ઘણાં મોટાં પુરાણો છે, પણ તે બધાં શ્રીમદ્ દેવીભાગવત પુરાણ તુલ્ય નથી, એમ હું માનું છું. ૭૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે 'શ્રી રામચન્દ્રે કરેલું નવરાત્રવ્રત' નામનો ૩૦ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–સ્કંધ ત્રીજો સમાપ્ત

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः**



# શ્રી મહાગૌરી

## સ્કંધ ચોથો

# સ્કંધ ચોથો

## અધ્યાય ૧ લો

### જનમેજયના શ્રીકૃષ્ણાવતાર અંગે પ્રશ્નો

જનમેજય ઉવાચ

**વાસવેય મુનિ શ્રેષ્ઠ સર્વજ્ઞાન નિધેઽનઘ ।**
**પ્રષ્ટુ મિચ્છામ્યહં સ્વામિન્નસ્માકકુલવર્ધન ।।**

જનમેજયે પૂછયું : હે મુનિવર વ્યાસ ! આપ સંપૂર્ણ જ્ઞાનોના ભંડાર છો. આપનું અંતઃકરણ અત્યંત પવિત્ર છે, આપની કૃપાથી જ અમારા કુળની વૃદ્ધિ થઇ છે. મારે તમને કઇ પૂછવું છે. મેં એવું સાંભળ્યું છે કે જેમને ત્યાં શ્રીહરિ પુત્ર તરીકે જન્મ્યા હતા તે વસુદેવ ધર્મનિષ્ઠ હોવા છતાં તેમને તેમની પત્ની દેવકી સહિત કંસે કયા અપરાધસર કેદખાનામાં રાખ્યા હતા ? કંસે દેવકીને અવતરેલા છ પુત્રોને શા માટે મારી નાખ્યા હતા ? અને કંસનો જાપ્તો છતાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ કારાગારમાં શી રીતે થયો હતો ? તેમને ગોકુળમાં કેવી રીતે અને શા માટે લઇ જવાયા હતા ?

જેમને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ જન્મ્યા હતા તે દેવકી-વસુદેવનું પૂર્વજન્મનું એવું કયું કર્મ હતું ? કંસે પ્રથમ છ પુત્રોને મારી નાખ્યા તે દેવકીના પુત્રો પૂર્વજન્મમાં કોણ હતા ? ને જે કન્યા ઉત્પન્ન થઇ તેને ક્રોધી કંસે શિલા પર પછાડી ત્યારે તે ઊડીને આકાશમા આઠ ભુજાઓવાળી થઇ ગયેલી તે કોણ હતી ? વળી તેમનો ગૃહસ્થાશ્રમ કેવો હતો, તે અને શ્રીકૃષ્ણના દેહત્યાગ વિષે પણ જાણવાની મને ઇચ્છા છે, માટે ભગવાન શ્રીકૃષ્ણનું મોહ પમાડે તેવું ચરિત્ર જેવું હોય તેવું મને વિસ્તારથી કહો.

ઋષિઓમાં શ્રેષ્ઠ નર-નારાયણ મુનિ વિષ્ણુના અંશરૂપ હોઇ જગતના કલ્યાણ અર્થે બદરિકાશ્રમમાં વરસો સુધી તપ કરવામાં મગ્ન હતા. નારદ આદિ મુનિઓએ પણ મહાબળવાન અર્જુન તથા શ્રીકૃષ્ણને તેઓના અંશાવતાર કહ્યા છે, તો સંદેહ એ થાય છે કે એ બન્ને નર-નારાયણ મુનિ સદેહ હતા છતાં શરીર ત્યજ્યા વિના ફરી શ્રીકૃષ્ણ તથા અર્જુનરૂપે બીજો દેહ કેવી રીતે પામ્યા ? કષ્ટદાયક તપ કરવા છતાં તે બન્ને શ્રેષ્ઠ મુનિઓને મોક્ષ પ્રાપ્ત ન થતાં બીજા શરીરની પ્રાપ્તિ થઇ, તો તેઓને તપનું વિપરીત ફળ કેમ મળ્યું ? અને ઉગ્ર તપથી તવાઇ ગયેલા શરીરવાળા નર-નારાયણ મુનિ કયા કારણથી ક્ષત્રિયવંશમાં જન્મ્યા, કે પછી કોઇના શાપને લીધે જન્મ લેવો પડયો હતો ? વળી બ્રાહ્મણના શાપથી યાદવો નાશ પામ્યા અને ગાંધારીના શાપથી શ્રીકૃષ્ણના કૂળનો ક્ષય થયો, તો ઇશ્વરને કોઇનો શાપ લાગે ખરો ? અને ભગવાન શ્રીકૃષ્ણ હયાત હોવા છતાં શંબરાસુર પ્રદ્યુમ્નને શી રીતે ઊઠાવી ગયો હતો ? અને દિવ્ય દૃષ્ટિ ધરાવતા શ્રીકૃષ્ણને તેની જાણ કેમ ના થઇ. વિષ્ણુના અંશાવતાર શ્રીકૃષ્ણ ભયને લીધે મથુરા છોડી સર્વ સાથે દ્વારિકા શા માટે

ગયા હતા? વધુ આશ્ચર્ય એ થાય છે કે જેમનો અવતાર અધર્મીઓના નાશ માટે થયેલો તેમની જ સ્ત્રીઓને માર્ગમાં ચોરોએ કેમ લૂંટી લીધી? શ્રીકૃષ્ણ ચોરોને કેમ જાણી શકયા નહિ? પાંડવો શ્રીકૃષ્ણના આશ્રિત હતા છતાં તેઓ વારંવાર દુઃખી શા માટે થતા હતા? શ્રીકૃષ્ણ વિષે અપાર ભક્તિ ધરાવતી દ્રૌપદી શા કારણથી બહુ જ દુઃખી થઇ હતી? તો તેનું પૂર્વજન્મનું એવું તે શું મોટું પાપ હતું? હે મહાબુદ્ધિમાન વ્યાસ! ત્યારે તે તમારા પૂર્વજો 'રાજસૂય' નામનો શ્રેષ્ઠ યજ્ઞ કરીને પણ બહુ જ કષ્ટ પામ્યા હતા, તો તે પૂર્વજન્મમાં કરેલા પાપથી જ પામ્યા હતા? જો એમ જ સમજીએ તો પણ તેઓ દેવાંશી જ હતા, તેઓને પૂર્વજન્મ હોય નહિ, તેમ છતાં તેઓને તેવું દુઃખ હોઇ શકે? આ બાબતમાં મને મોટો સંશય છે. કુંતીના સદ્ધર્મી પુત્રોએ ભીષ્મ, દ્રોણ વગેરેને કપટથી કેમ માર્યા હતા? વળી શ્રીહરિની સાથે રહી તેમણે પોતાના કુળનો નાશ શા માટે કર્યો?

હે મુનિશ્રેષ્ઠ! તમારા શત્રુઓનો સંહાર કરવા માટે 'ગોલક' પુત્રો ઉત્પન્ન કરી તમે તરત જ શંતનુના લય થતા વંશની રક્ષા કરી હતી. એ તમારા જેવા પ્રતાપી પુરૂષથી ઉત્પન્ન થયેલા વંશમાં જન્મેલા ઉત્તરાપુત્ર મારા પિતા પરીક્ષિતે તપસ્વી મુનિના ગળામાં મરેલો સાપ કેમ વીંટાળ્યો હતો? એજ મને વિસ્મિત કરે છે. ક્ષત્રિય કુળમાં જન્મેલો કોઇ પણ પુરૂષ બ્રાહ્મણોનો દ્વેષ કે નિંદા કરે નહિ, તેમ છતાં મારા પિતાએ એવું અઘટિત વર્તન શા માટે કર્યું હતું? આવા અને બીજા સંદેહોથી મારૂં મન ખૂબ વ્યાકુળ બન્યું છે, તો તમે દયાના ભંડાર, તેને સ્થિર કરો. ૪૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે
'જનમેજયના શ્રીકૃષ્ણાવતાર અંગે પ્રશ્નો' નામનો
પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### ગર્ભવાસનાં દુઃખ

સૂત ઉવાચ :

એવં પૃષ્ટઃ પુરાણજ્ઞો-
વ્યાસઃ સત્યવતી સુતઃ ।
પરીક્ષિતસુતં શાન્તં-
તતો વૈ જનમેજયમ્ ॥

સૂત બોલ્યા : પુરાણને જાણનાર સત્યવતીપુત્ર વ્યાસને જનમેજયે આવો પ્રશ્ન પૂછ્યો ત્યારે તે પરીક્ષિતના શાંત પુત્ર જનમેજયને તેમણે કહ્યું: 'રાજન્! કર્મની ગહન ગતિને દેવો પણ જાણી-જીતી શકતા નથી, આ ત્રિગુણાત્મક બ્રહ્માંડની રચના થઇ ત્યારે કર્મથી જ સર્વની ઉત્પત્તિ થઇ છે. જીવો તો આદિ અને અંત રહિત છે, છતાં તે કર્મોરૂપી બીજથી જન્મ્યા કરે છે. તેઓ અલગ અલગ પ્રકારની યોનિઓમાં વારંવાર જન્મે છે અને મરે છે; દેહનો સંબંધ કર્મથી રહિત કદી હોતો નથી. સાત્વિક તામસ, રાજસ.... એ ત્રણ પ્રકારના કર્મોથી આ જગત વિંટાયેલું છે. બ્રહ્મા આદિ

આ કર્મને આધિન છે. સુખ અને દુ:ખ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ, હર્ષ અને શોક, તેમ જ કામ–ક્રોધ–લોભ–આ બધા દેહના ગુણો છે. દરેક જીવાત્મા કર્માધીન જ થાય છે. કર્મ વિના પ્રાણીઓની ઉત્પત્તિ થતી નથી. માટે કર્મ જ સર્વ ઉત્પત્તિનું કારણ છે. સર્વ દેવો પણ કર્મને આધીન હોય છે. તેથી તો વિષ્ણુને અનેક યોનિઓમાં અને અધાર્મિક દેશોમાં અવતાર લેવો પડે છે. વિષ્ણુ તો વૈકુંઠમાં સર્વ પ્રકારના ભોગો ભોગવતા હોય, તે બધું ભોગવવાનું છોડી યુગેયુગે અનેક પાપમય યોનિઓમાં જન્મ લે તે કંઇ તેમની ઇચ્છાથી તો નજ હોઇ શકે? કયો સ્વતંત્ર પુરૂષ વિષ્ઠા તથા મૂત્રના બનેલા દેહમંદિરમાં રહેવાનું ઇચ્છે? અરે, અનેક પ્રકારનો વૈભવ–વિલાસ ત્યજી નરકમાં રહેવાનું કોણ પસંદ કરે? કારાગારમાં વર્ષો સુધી બંધનમાં રહેવું સારું, પણ દશ માસ ગર્ભમાં રહેવું એ ખરાબ છે. કારણ કે ગર્ભમાં અનેક કૃમિઓ કરડે છે, નીચે જઠરાગ્નિ તપતો હોય છે અને ચરબીનું આવરણ હોય છે. તો તેમાં શું સુખ સાંપડે? વળી દશ મહિનાના ગર્ભવાસ પછી સાંકડા યોનિમાર્ગમાંથી બહાર નીકળવામાં પણ અપાર કષ્ટ પડે છે. બચપણમાં બોલાય નહિ તેથી ભુખ–તરસ પીડે તો પણ કહી શકાતું નથી, એટલે તે પીડાને લીધે બાળક રડે તો માતા તેને ઔષધ પીવડાવે છે. બાળપણમાં આવા ઘણા કષ્ટો સહેવા પડે છે. આવા કષ્ટદાયક જન્મમાં શું સુખ જોઇ દેવો સ્વેચ્છાથી જન્મ લઇ, સુખ–ભોગ ભોગવવાના ત્યજી દઇ રાક્ષસો સાથે લડવાની ઇચ્છા રાખે? એટલે બ્રહ્માદિ દેવો પોતાના કર્મો અનુસાર સુખ-દુ:ખ પામે છે. આ રીતે બ્રહ્માની પ્રેરણાથી શ્રીવિષ્ણુ યુગેયુગે ધર્મના રક્ષણાર્થે અધર્મીઓનો સંહાર કરવા માટે અવતાર લે છે. હવે હું કૃષ્ણજન્મની અદ્‌ભુત કથા તમને કહું છું: ભગવાન વિષ્ણુએ યદુવંશમાં કૃષ્ણાવતાર લીધો હતો. વસુદેવ કશ્યપમુનિના અંશ હોઇ ગોવાળિયા થયા હતા, એવી જ રીતે કશ્યપમુનિની બે પત્નીઓ 'અદિતિ' તથા 'સુરસા' નામની જે સગી બહેનો હતી તે વરુણના શાપને લીધે 'દેવકી' અને 'રોહિણી' તરીકે જન્મી હતી.'

જનમેજય રાજાએ પૂછ્યું: 'હે મહાબુદ્ધિવંત! કશ્યપ જેવા મહર્ષિને પણ શા કારણથી શાપ અપાયો હતો? વિષ્ણુ વૈકુંઠધામને છોડી ગોકુળમાં કેમ જન્મ્યા હતા? તેઓ અવારનવાર મનુષ્યલોકમાં જન્મ શા માટે લે છે? આ માટે મને સંદેહ અને આશ્ચર્ય થાય છે. મનુષ્યપણામાં પ્રાણી પાર વગરનાં દુ:ખો ભોગવે છે છતાં વિષ્ણુ ભગવાન જ્યારે ત્યારે અવતારો લઇ શા કારણથી આ દુ:ખો ભોગવે છે? વિષ્ણુએ રામાવતાર લઈ વનવાસનું દારૂણ દુ:ખ ભોગવ્યું હતું, તેવી રીતે કૃષ્ણાવતારમાં પણ કારાગારમાં જન્મ, ગોકુળમાં જવું, ગાયોને ચારવી, કંસને મારવો, દ્વારકામાં જવું–આવા

આવાં અનેકવિધ કષ્ટો તેમણે શા માટે સહ્યાં? આ બધા સંશયો મારા ચિત્તને વ્યાકુળ બનાવે છે, માટે આ મારા સંશયોને આપ છેદી નાંખો. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'ગર્ભવાસના પારાવાર દુઃખ' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### કશ્યપ અને અદિતિને શાપ

વ્યાસ ઉવાચ

કારણાનિ બહૂન્યત્રાપ્યવતારે હરેઃ કિલ ।
સર્વેષાં ચૈવ દેવાનામંશાવતરણેષ્વપિ ॥

વ્યાસ બોલ્યા : શ્રીહરિએ લીધેલા અવતારોમાં અને સર્વ દેવોના અંશાવતારમાં કારણરૂપ કર્મ તો ખરૂં, પણ તે સિવાય અન્ય કારણો પણ રહેલાં છે. હવે હું તમને વસુદેવ, દેવકી ને રોહિણીના અવતારનું કારણ કહું છું, ને એકાગ્રતાથી સાંભળો : એક વેળા કશ્યપ મુનિને યજ્ઞ અંગે ગાયની જરૂરત પડી, તેઓ વરૂણ પાસેથી ગાય માગી લાવ્યા, પરંતુ તે ગાય પછી વરૂણને પાછી આપી નહિ. આથી વરૂણે કશ્યપને શાપ આપ્યો. પછી તે બ્રહ્માજી પાસે જઇને કહેવા લાગ્યો : હે મહાભાગ! કશ્યપ મારી પાસેથી યજ્ઞકાર્ય માટે ગાય લઇ ગયેલ, મેં તેની પાસે વારંવાર ગાયની માગણી કરી, પણ તે આપી નહિ, તેથી મેં તેને શાપ આપ્યો કેઃ 'હે કશ્યપ! તું મનુષ્યલોકમાં ગોવાળ થા અને તારી બન્ને પત્નીઓ પણ ત્યાં જન્મી ઘણું દુઃખ પામો, તેમાં અદિતિ મૃતપુત્રોવાળી થઇ બહુ જ દુઃખી થાઓ.'

બ્રહ્માએ વરૂણનું કહેવું સાંભળ્યા પછી કશ્યપને બોલાવી કહ્યું : 'તમે તમારા યજ્ઞ કાર્ય માટે લોકપાલ વરૂણની ગાય લઇ ગયા, પછી તેને પાછી કેમ આપી નહિ, આવો અન્યાય તમે કેમ કર્યો? તમે લોભના લીધે દુરાચારી થયા છો, નીતિધર્મની મર્યાદા તમે તોડી છે તેથી હું પણ તમને શાપ આપું છું કે, 'તમે અને તમારી પત્નીઓ હવે યદુવંશમાં પોતાના અંશથી જન્મ લઇ ત્યાં આગળ ગોવાળિયાનાં કર્મ કરશો.'

આ પ્રમાણે કશ્યપને વરૂણ તથા બ્રહ્મા બન્નેનો શાપ મળ્યો, પછી શોકતપ્ત દિતિએ પણ 'તારા સાત પુત્રો જન્મતાંજ મરણ પામશે.' એવો અદિતિને શાપ આપ્યો હતો. આ સાંભળી જનમેજયે પૂછ્યું : આ વળી કેવી સગાઇ? ઇન્દ્રમાતા અદિતિને તેની જ બહેન દિતિએ શા કારણથી શાપ આપ્યો હતો? વ્યાસે કહ્યું : હે રાજન્! દક્ષની બે કન્યા 'દિતિ' અને 'અદિતિ' નામે હતી તે બન્ને કશ્યપની પત્ની હતી. પરાક્રમી ઇન્દ્ર અદિતિથી જન્મ્યો હતો. એક વેળા દિતિએ કશ્યપ પાસે ઇન્દ્ર જેવા પરાક્રમી પુત્રની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે કશ્યપે તેને આશ્વાસન આપી કહ્યું કે, 'મેં તને જે પયોવ્રત કરવા કહેલું તે વ્રત હવે તું કરવા માંડ, પયોવ્રતની પૂર્ણાહુતિ પછી તને પણ સુંદર પુત્ર અવતરશે.' ત્યાર

બાદ મુનિથી ગર્ભવતી બનેલી દિતિએ ઉત્તમ પયોવ્રત આદર્યું. આ વ્રત માટેના નિયમો પ્રમાણે દિતિ કંઇ પણ પાથર્યા વગર ભોંય પર સુઇ જતી અને પવિત્રપણે સર્વ નિયમનું પાલન કરતી હતી. દિતિ તો દિવસે દિવસે તેજસ્વી બનતી ગઇ તેથી તેની બહેન અદિતિને ચિંતા થઇ કે, જો ગર્ભવતી મારી બહેન દિતિને પણ ઇન્દ્ર જેવો તેજસ્વી અને પરાક્રમી પુત્ર સાંપડશે તો તેના તેજ આગળ મારો પુત્ર ઇન્દ્ર ઝાંખો પડી જશે અને પરાક્રમ વગરનો થઇ જશે. કંઇ વિચારી અદિતિએ પોતાના પુત્ર ઇન્દ્રને કહ્યું : 'ઇન્દ્ર ! તને હજુ ખબર નથી ? તારાથી બળવાન અને તેજસ્વી તારો શત્રુ દિતિના ગર્ભમાં આકાર લઇ ચૂકયો છે માટે કોઇ ઉપાય શોધી તેના ગર્ભનો જ નાશ કર, રોગ અને દુશ્મનને વધતાં પહેલાં જ દબાવી દેવા જોઇએ.'

માતા અદિતિના વચનો સાંભળી ઇન્દ્ર કંઇક ઉપાય વિચારીને દિતિ પાસે જઇ તેના ચરણોમાં પ્રણામ કરી વિનયથી કહેવા લાગ્યો : 'હે માતા ! આપ કષ્ટદાયક વ્રત કરી રહ્યા છો તેથી આપની સેવા-ચાકરી કરવાથી પુણ્યની પ્રાપ્તિ સાથે મોક્ષ મળે છે, માટે મને આજ્ઞા કરો કે મારે શું કરવાનું છે?' આમ કહીને ઇન્દ્ર દિતિના પગની ચંપી કરવા લાગ્યો. દિતિને તે કાર્ય સુખદાયક લાગ્યું તેથી તે તો થોડી જ વારમાં નિદ્રાધિન થઇ ગઇ. આવો સરસ લાગ મળેલો જોઇ ઇન્દ્ર હાથમાં વજ્ર લઇ યોગસિદ્ધિથી સૂક્ષ્મરૂપ લઇ દિતિના ઉદરમાં પેઠો અને તેમાં રહેલા ગર્ભના વજ્રથી સાત કટકા કરી નાખ્યા.

પછી બાળક રડવા માંડશે એ બીકે બાળકને 'તું રડીશ નહિ' એમ કહી ઇન્દ્રે તે સાતે કટકાને ઘા મારી બીજા સાત સાત કટકા કરી નાખ્યા. દિતિને ખબર પડી ગઇ કે ઇન્દ્રએ કપટ કરી તેના ગર્ભના ટુકડે ટુકડા કરી નાખ્યા છે, તેને તુરત જ ખ્યાલ આવ્યો કે આ કર્મ પોતાની બહેન અદિતિનું જ છે. તેથી તેણે ક્રોધે ભરાઇ અદિતિ અને ઇન્દ્રને શાપ આપ્યો કે, 'તારા પુત્ર ઇન્દ્રએ કપટથી મારા ઉદરમાં પ્રવેશી મારા ગર્ભના ટુકડેટુકડા કરી નાખ્યા છે માટે ઇન્દ્રનું ત્રૈલોકયનું રાજય નાશ પામો અને આવું અઘટિત કાર્ય કરાવનાર તું છે માટે તું કેદખાનામાં રહીશ અને તારા પુત્રો જન્મતાંની સાથે જ નાશ પામશે. અને બીજા જન્મે પણ તું મૃત સંતાનોવાળી થઇશ.' તેનો આવો શાપ જાણી દિતિને આશ્વાસન આપી કશ્યપે કહ્યું: 'કલ્યાણી ! તારો ક્રોધ શાંત કર, તારા પુત્રો બળવાન વાયુઓ થશે અને તે ઇન્દ્રના મિત્રો પણ થશે. જયારે અઠ્ઠાવીસમો દ્વાપર યુગ આવશે ત્યારે આ અદિતિ અંશથી મનુષ્ય જન્મ પામી તારા શાપને ભોગવશે. વળી દુઃખ પમાડેલા વરૂણે પણ અમને બન્નેને શાપ આપ્યો છે, એટલે એ શાપના કારણે આ અદિતિ મનુષ્યોમાં સ્ત્રી થશે.

વ્યાસે કહ્યું : પતિના આશ્વાસનથી

એ દેવી શાંત થઇ ને સંતોષ પામી. પરંતુ દિતિ તે વખતે કંઇ પણ અપ્રિય વચન ન બોલી. હે રાજન્ ! આ પ્રમાણે મેં તમને પૂર્વના શાપનું કારણ કહ્યું, આમ અદિતિ પોતાના અંશ વડે દેવકી થયા હતા. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'કશ્યપ અને અદિતિને શાપ' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### અધર્મયુક્ત સમસ્ત જગત

રાજોવાચ:

વિસ્મિતોઽસ્મિ મહાભાગ–
શ્રુત્વાઽઽખ્યાનં મહામતે ।
સંસારોઽયં પાપરૂપઃ કથં–
મુચ્યેત બંધનાત્ ॥

જનમેજયે પૂછ્યું : હે મહાભાગ ! આ આખ્યાન સાંભળીને હું ઘણો આશ્ચર્ય પામ્યો છું, તમે કહો: 'આ પાપરૂ૫ ૫ગણાના સંસારબંધનથી કેવી રીતે છૂટી શકાય ? કશ્યપ પુત્ર ઇંદ્ર જે ઉત્તમ કુળમાં જન્મ્યો હતો છતાં તેણે આવું નિંદનિય ઘાતકી કર્મ કર્યું, તો પછી બીજો કોણ ન કરે ? ધર્મના રક્ષક ગણાતા ઇન્દ્રે પણ માતાની સેવા કરવાના બહાને માતાના ઉદરમાં કપટથી પ્રવેશી જે ઘાતક કર્મ કર્યું, તેવું અધમ કૃત્ય બીજો કોણ ન કરે ? આવી જ રીતે પાંડવોએ પણ કુરૂક્ષેત્રમાં યુધ્ધ કરી અધમ કર્મ કર્યું હતું, ત્યારે શ્રીકૃષ્ણે ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, અને ધર્મના અવતાર યુધિષ્ઠિરને વિરૂધ્ધ ધર્મ માટે પ્રેરણા આપી હતી. એથી પણ આશ્ચર્ય થાય છે કે દેવોના અંશરૂપ તેમણે આવું નિંદનિય કર્મ શા માટે કર્યું હશે? તો પછી ધર્મ પ્રત્યે શ્રધ્ધા ક્યાંથી રહે ? આ કથા સાંભળી મારૂં મન ધર્મથી વિચલિત થાય છે.

'આપ્તવાક્યં પ્રમાણમ્ ।' એટલે કે 'આપ્તોનું વાક્ય પ્રમાણ હોય છે.' તો આપ્ત જ કોણ છે ? જગતમાં મહાન ગણાતો મનુષ્ય પણ વિષયાસક્ત અને રાગી હોય છે, એ ઉપરથી સમજવાનું કે જગતમાં 'આપ્ત' એટલે કે 'હિતૈશ્રી' કોઇ નથી. જેના ઉપર રાગ હોય તે પ્રિય વસ્તુ નાશ પામવાથી દ્વેષ ઉદ્‌ભવે છે ને તેથી સ્વાર્થ સાધવા માટે અસત્ય વદવું પડે છે એટલે કોઇ 'આપ્ત' જ નથી. વિષ્ણુ સત્ત્વગુણી ગણાય છતાં જરાસંધનો નાશ કરવા માટે કપટ કરી બ્રાહ્મણ સ્વરૂપ થયા હતા, જો સત્ત્વગુણી પણ આવા હોય તો પછી આપ્ત કોને ગણી શકાય ? આમાં મને સંશય છે, તો હે પુરાણોના રચનારા, મહાબુધ્ધિમાન, તમે આ અંગે વિસ્તારથી કહો.

ધર્મનું મૂળ 'સત્ય' જ છે. ત્રિગુણી અનેક સ્વરૂપોવાળી માયાએ ત્રણ ગુણોથી મિશ્ર આ જગતને રચ્યું છે માટે જીવાત્માઓ સત્યનું સંપૂર્ણ પાલન કરી શકવા મુશ્કેલ છે. અખિલ જગતમાં ભગવતીએ માત્ર વૈખાનસ મુનિઓ દાખલારૂપે જ કર્યા છે. બાકીનું ચરાચર જગત ત્રણ ગુણોના મિશ્રણવાળું છે. બ્રહ્માથી લઇને વનસ્પતિ સુધીના સર્વ

સચરાચર પ્રાણીઓ માયાથી મોહિત થયેલા છે, મનુષ્ય જ્યારે પોતાની ઇચ્છા પાર પાડી શકતો નથી ત્યારે છળકપટનો આશરો લે છે. મોહને લીધે જ મનુષ્યના ચિત્તમાં આશા, તૃષ્ણા, દંભ અને અધર્મ બુદ્ધિ ઉદ્‌ભવે છે. મનુષ્ય અહંકારથી ઘેરાયલો રહીને યજ્ઞ, વ્રત, દાન આદિ શુભ કર્મો કરે છે, પરંતુ એ કર્મ અશુદ્ધ અને અફળ જ થાય છે. માટે સૌ પ્રથમ સૂજ્ઞજનોએ લોભ ને રાગને ત્યજી દ્રવ્યની શુદ્ધિ કરવી. નીતિથી મેળવેલું દ્રવ્ય ધર્મ કાર્યમાં ઉત્તમ મનાયું છે. જ્યારે અનીતિથી મેળવેલું અશુદ્ધ ધન ને તેનાથી કરેલું શુભ કર્મ વિપરિત ફળ આપે છે. કર્મોનું ફળ શુદ્ધ વસ્તુઓથી જ મળે છે.

દેશ, કાળ, ક્રિયા, દ્રવ્ય, કર્તા, મંત્રો ઋષિત્વ જ—આ દરેકની શુધ્ધતા હોય તો જ કર્મોનું સંપૂર્ણ ફળ મળે છે. આ સર્વ દેવો અને દાનવો કશ્યપથી જન્મ્યા છે તેમ છતાં સ્વાર્થને લીધે તેઓ પરસ્પર વિરોધી છે. મોટા ભાગે એવું જોવામાં આવ્યું છે કે, દેવો હંમેશા દ્રોહી, તપમાં વિઘ્ન કરનાર, અસંતોષી, પરસ્પર વિરોધ કરવાના સ્વભાવવાળા જણ્યા છે. આમ આ સંસાર અહંકારથી જ થયેલો હોઈ રાગદ્વેષ વગરનો શી રીતે હોઇ શકે? ૫૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે
'અધર્મયુક્ત સમસ્ત જગત' નામનો
૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### માયાથી વ્યાપ્ત જગત

વ્યાસ ઉવાચ

અથ કિં બહુનોક્તેન—
સંસારેઽસ્મિન નૃપોત્તમ ।
ધર્માત્માઽદ્રોહબુદ્ધિસ્તુ—
કશ્ચિત્ ભવતિ કર્હિચિત ॥

વ્યાસ બોલ્યા: આ માટે વધારે શું કહેવું? આ સંસારમાં કોઇ સ્થળે જ સત્યવાદી મહાત્મા જોવામાં આવે છે, જેની બુદ્ધિ દ્રોહથી વંચિત હોય. કારણ કે આ ચરાચર સારૂંયે જગત રાગ અને દ્વેષથી ઓતપ્રોત છે. જે વેર કરે છે એની સામે વેર કરવું એ તો સામાન્ય કોટિનું માનવામાં આવે છે, પરંતુ જે કોઇનો દ્વેષ કે દ્રોહ કરતો નથી તેવા શાંત મનુષ્યની સાથે દ્વેષ કરવો તે નીચતા કહેવાય છે. સત્યયુગમાં પણ આ વિશ્વ રાગદ્વેષથી વ્યાપ્ત હતું. તો પછી આ કલિયુગમાં તેવું હોય એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. જ્યારે દેવો પણ દ્વેષી—દ્રોહી—કપટી અને ઇર્ષ્યાળુ હોય છે તો પછી મનુષ્યો અને પશુ—પક્ષીઓની વાત જ શી કરવી? સજ્જનો માટે નિત્ય સત્યયુગ અને દુર્જનો માટે સદાય કલિયુગ હોય છે. જ્યારે સાધારણ વચલા વર્ગના મનુષ્યો અને પશુ પક્ષીઓની વાત જ શી કરવી? સજ્જનો માટે સદાય કલિયુગ હોય છે. વચલા વર્ગના મનુષ્યો માટે દ્વાપર તથા ત્રેતાયુગ જ હોય છે. હવે તમને એ કહું છું કે નરનારાયણને મનુષ્યનો દેહ શા કારણથી લેવો

પડયો હતો. બ્રહ્માના હૃદયસ્થાનમાંથી 'ધર્મ' નામના પુત્રની ઉત્પત્તિ થઇ હતી. આ વેદના જ્ઞાતા 'ધર્મ' દક્ષની દશ પુત્રીઓ સાથે વિવાહ વિધિથી પરણ્યા હતા. તેઓથી 'હરિ, કૃષ્ણ, નર તથા નારાયણ' નામના ચાર પુત્રો જન્મ્યા હતા. આ ચાર પુત્રોમાં 'હરિ' અને 'કૃષ્ણ' યોગાભ્યાસ કરવામાં મગ્ન રહેતા હતાં.

જ્યારે નર અને નારાયણ હતા તે હિમાલયમાં આવેલા બદરિકાશ્રમમાં જઇ તપશ્ચર્યા કરતા હતા. બદરિકાશ્રમમાં આ વિષ્ણુના અંશ રૂપ નર-નારાયણે ગાયત્રી મંત્રના જપ સાથે એક હજાર વર્ષ સુધી તપ કર્યું, તેમના આ મહાતપના પ્રભાવથી સ્થાવર-જંગમ સહિત સમસ્ત જગત તપ્ત થઇ ગયું. આથી ઇન્દ્ર ગભરાયો, તેણે વિચાર્યું કે 'આ નર ને નારાયણ નામના ધર્મના બન્ને પુત્રો તપદ્વારા મારું ઇન્દ્રાસન પડાવી તો નહિ લે? માટે હું એમને કોઇ પ્રકારે વિઘ્ન કરું?' આમ વિચાર કરી ઇન્દ્રે હાથી પર બેસી તેમની પાસે જઇ કહ્યું : 'તમે ઘણાં વર્ષોથી કઇ ઇચ્છાથી તપ કરી રહ્યા છો? હું તમારા તપથી પ્રસન્ન થઇ તમને વરદાન આપવા આવ્યો છું.' ઇન્દ્ર આમ બોલતો ગયો પણ નર-નારાયણ ધ્યાનમાંથી મુક્ત થયા નહિ, આથી ઇન્દ્રે ભયભીત કરનારી મોહિની માયા ઉત્પન્ન કરી : સિંહ, વાઘ, વરૂ, વાયુ, વરસાદ તથા અગ્નિ વડે તે તપસ્વીઓને વારંવાર ડરાવવા લાગ્યો, છતાં નર-નારાયણ તપથી ડગ્યા નહિ, આથી ઇન્દ્ર નિરાશ થઇ સ્વર્ગમાં પાછો જતો રહ્યો. ત્યાં જઇ વિચારવા લાગ્યો કે, ધર્મના મુનિપુત્રોના તપનો ભંગ કેવી રીતે કરવો? તેઓ મહાવિદ્યા, આદિ-શક્તિ ભગવતીનું ધ્યાન કરે છે, એટલે તેઓને પીડા ઉપજાવવા કોણ સમર્થ છે? જેમનું ચિત્ત વાગ્બીજ, કામબીજ તથા માયાબીજમાં ઓતપ્રોત થયેલું છે તેમને કોઇ દુ:ખ આપી શકતું નથી. તેમના તપમાં વિઘ્ન કરવા માટે તેણે 'કામદેવ' અને 'વસંત'ને બોલાવી કહ્યું : હે કામ-દેવ! તું તો ગમે તેને મોહ પમાડવામાં કુશળ છે; તો બદરિકાશ્રમમાં નર-નારાયણ મુનિ તપ કરે છે ત્યાં તું તારી સાથે વસંત. રતિ તથા બીજી અપ્સરાઓને લઇને સત્વર જા, બન્નેના તપનો ભંગ કરવાં તેમના ઉપર કામબાણોના પ્રહાર કરી તેમને વ્યાકુળ કર. તારી મદદમાં રંભા, રતિ, તિલોત્તમા વગેરે અપ્સરાઓ રહેશે તેથી કાર્યસિદ્ધિ અવશ્ય થશે.'

ઇન્દ્રની આજ્ઞા સાંભળી કામદેવે કહ્યું : 'હું જઈ ને અવશ્ય તે કાર્ય સિદ્ધ કરીશ, ત્યાં તે બન્ને મુનિઓ જો બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના ધ્યાનમાં મગ્ન હશે તો કાર્ય અવશ્ય પર પાડીશ, પરંતુ જો તેઓ મહાબીજ કામબીજના ચિંત-નમાં મગ્ન હશે તો તેમને તપથી મુક્ત કરવા તે મારી શક્તિ બહારની વાત છે.

ઇન્દ્રએ કહ્યું : 'મને વિશ્વાસ છે કે તું જરૂર મારું કાર્ય પાડીશ.'

ઇન્દ્રની આજ્ઞાથી કામદેવ તૈયારી

કરી સર્વની સાથે જ્યાં નર–નારાયણ તપ કરી રહ્યા હતા તે સ્થાને ગયો. ૫૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'માયાથી વ્યાપ્ત જગત' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### ઉર્વશી આદિ સ્ત્રીઓની ઉત્પત્તિ

**વ્યાસ ઉવાચ:**

**પ્રથમં તત્ર સંપ્રાપ્તો વસંતઃ પર્વતોત્તમે ।**
**પુષ્પિતાઃપાદપાઃ સર્વેદ્વિરેફાલિવિરાજિતાઃ ।।**

વ્યાસ બોલ્યા : જ્યાં આગળ નર–નારાયણ મુનિ તપ કરી રહ્યા હતા એ ઉત્તમ પર્વતમાં વસંતઋતુનું આગમન થયા પછી સર્વ વૃક્ષો પુષ્પોથી પલ્લવિત થઇ સોહામણાં બની ગયા. ત્યાં ભમરાનો ગૂંજારવ અને કોયલોનો મધુર ટહુકાર વાતાવરણમાં ગુંજી રહ્યો. આવા સોહામણા સમયમાં દરેક પ્રાણીઓ કામાતુર થઇ પોતાની સ્ત્રી સાથે ક્રીડા કરવા તત્પર થયા. આ સમયનો લાગ સાધી પાંચ બાણોને વિસ્તારતો કામદેવ,- વસંત, રતિ અને અપ્સરાઓના સમુદાય સહિત ગયો ત્યાં આગળ તિલોત્તમા, રંભા વગેરે અપ્સરાઓ નૃત્ય–ગાન કરવા લાગી. આ મધુર નાદના શ્રવણથી નર–નારાયણ બંને મુનિઓની સમાધિ છૂટી ગઇ, એકાએક વસંતનું આગમન થયેલું જોઇ, વિચારવા લાગ્યા કે; આ સમય વસંત–ઋતુનો નથી છતાં તેવું વાતાવરણ કેમ જણાય છે? બધાં પ્રાણીઓ પણ કામથી વિહ્વળ દેખાય છે, તો શાથી આ સમયે આવું પરિવર્તન થયુ?' નારાયણે પછી નરને કહ્યું: 'ભાઇ! અત્યારે સમય નથી છતાં આ બદરિકાશ્રમમાં વસંતનું આગમન થયું છે તેથી મને ઘણું આશ્ચર્ય થાય છે, તે ઉપરાંત આપણા ધ્યાનનો ભંગ કરતું અપ્સરાઓનું ગાન પણ થઇ રહ્યું છે. અહીં આ બધું વાતાવરણ વિરૂદ્ધ આચરણ જોઇ મને લાગે છે કે આપના તપમાં વિઘ્ન કરવા કોઇએ આપણી સમક્ષ આવું વિલાસી દ્રશ્ય રચ્યું છે.'

નારાયણ આગળ કંઇ કહે ત્યાં તો સામેથી કામદેવ અપ્સરાઓના સમુહ સાથે તેમના તરફ આવતો દેખાયો, સુંદર અપ્સરાઓ તેમની પાસે આવી પ્રણામ કરી મધુર ગાન કરવા લાગી. તે સાંભળી પ્રસન્ન થયેલા નારાયણ મુનિએ અપ્સરાઓને સંબોધી કહ્યું: 'હે સુંદરીઓ! તમે સ્વર્ગમાંથી અહીં અમને આનંદ પમાડવા આવી છો, તો તમે અહીં બેસો, હું તમારો અતિથિ સત્કાર કરૂં.' આ વેળાએ નારાયણમુનિ અભિમાન યુક્ત થયા હતા કે ઇન્દ્રે અમારા તપમાં ભંગ કરવા માટે આ બધી અપ્સરાઓને અહીં મોકલી છે, પણ મારા આગળ એની શી ગણતરી છે? તો હું આ સર્વ અપ્સરા કરતાં પણ અધિક સુંદર સ્ત્રીઓને ઉત્પન્ન કરી આમને મારા તપનો પ્રભાવ બતાવું.

આમ મનથી વિચારી સંકલ્પ કરીને સાથળ પર હાથ ઠોકીને સાથળમાંથી ઉર્વશી નામની એક સુંદર સ્ત્રી ઉત્પન્ન

કરી, આથી ત્યાં આવેલી સર્વ અપ્સરાઓ આશ્ચર્યમુગ્ધ થઇ તેને એકીટસે જોઇ જ રહી...વળી તે ઉપરાંત મુનિ નારાયણે તે અપ્સરાઓની સેવા કરવા તેટલી જ બીજી સુંદર સ્ત્રીઓ પ્રકટ કરી, તે સર્વ ગાતી, હસતી અને હાથમાં જાતજાતની ભેટો ધારણ કરેલી સ્ત્રીઓએ આદરથી નારાયણ મુનિને પ્રણામ કર્યા, ત્યારબાદ તપના પ્રભાવથી મોહિત થયેલી રંભા વગેરે અપ્સરાઓ તે બન્ને મુનિઓને કહેવા લાગી : 'અહો ! અમારા વિષમિશ્રિત કટાક્ષરૂપી બાણોથી ભલભલા પુરૂષો ભસ્મ થઇ ગયા છે છતાં તમારા મનમાં લેશ પણ વિકાર ઉત્પન્ન થયો નથી, તેથી અમારા આશ્ચર્યનો પાર રહ્યો નથી. દેવરાજ ઇન્દ્રની આજ્ઞાથી તેનું કાર્ય પાર પાડવા અમારૂં અહીં આવવું થયું તો આપના દર્શનનો અમને લાભ મળ્યો. અમે એવો અપરાધ કર્યો છે કે આપ અવશ્ય અમને શાપ આપો, છતાં તમે અમને મોટું મન રાખીને અમારા અપરાધની ક્ષમા આપી છે એવું અમને લાગે છે.' અપ્સરાઓનાં વિનયભર્યાં વચનો સાંભળી બન્ને મુનિઓ તેઓ પર પ્રસન્ન થઇ કહેવા લાગ્યા : 'તમે આ અત્યંત રૂપવતી ઉર્વશીને સ્વર્ગમાં લઇ જઇ તેને અમારા તરફથી ઇન્દ્રને ભેટ ધરો. તમે હવેથી કોઇના તપમાં વિઘ્ન કરવા તત્પર થશો નહિ.'

અપ્સરાઓ હાથ જોડીને બોલી : 'હે મહાભાગ ! આપના ચરણકમળ છોડીને અમે હવે ક્યાં જઇએ ? હે દેવશ્રેષ્ઠ નારાયણ ! તમે અમારા પર પ્રસન્ન થયા હો તો તમે અમારા પતિ થાઓ. આપે ઉર્વશી વગેરે બીજી સુંદરીઓ ઉત્પન્ન કરી છે તેઓ ભલે સ્વર્ગમાં જાય, પણ અમે અહીં તમારી પાસે આવેલી સોળહજાર ને પચાસ સ્ત્રીઓ તો આપના ચરણકમળમાં જ રહીશું.'

આ સાંભળી નારાયણ મુનિએ કહ્યું : 'મેં એક હજાર વર્ષ સુધી કષ્ટદાયક તપ કર્યું છે તેનો ભંગ હું શા માટે કરૂં ? મને કામસુખ–વિષયસુખની ઇચ્છા પણ નથી.' તેમનો નિર્ણય જાણી અપ્સરાઓ બોલી : 'જે શબ્દાદિ પાંચ વિષયો છે તેમાં સ્પર્શનું સુખ જ શ્રેષ્ઠ છે. માટે હે મહારાજ ! તમે અમારી ઇચ્છાને માન આપો, અને પૂર્ણ સુખ ભોગવતા ગંધમાદન પર્વતમાં અમો સર્વ દેવાંગનાઓ સાથે આનંદ કરો. ૫૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'ઉર્વશી આદિ સ્ત્રીઓની ઉત્પત્તિ' નામનો ૬ ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### અહંકારથી વ્યાપ્ત વિશ્વ

વ્યાસ ઉવાચ :

ઇત્યાકર્ણ્ય વચસ્તાસાં ધર્મપુત્રઃ પ્રતાપવાન્ ।
વિમર્શમકરોચ્ચિત્તે કિં કર્તવ્યં મયાધુના ॥

વ્યાસે કહ્યું : અપ્સરાઓનાં આવાં વચન સાંભળી ધર્મપુત્ર નારાયણ મુનિએ વિચાર્યું કે : 'હવે મારે શું કરવું ? જો હું આ સુંદર સ્ત્રીઓના સંગમા રહીશ તો મુનિસમાજમાં મારી હાંસી થશે, મેં અહંકાર કર્યો તો મને આ અણધાર્યું

દુઃખ આવી પડયું છે, અહીં આવેલી અપ્સરાઓ સાથે મેં વાર્તાલાપ કર્યો તેથી હું દુઃખી થયો, અને બાકી રહ્યું હતું તે મેં તપોબળથી બીજી સુંદરીઓ ઉત્પન્ન કરી, તે પણ મારા દુઃખનું કારણ થઇ પડી ! આ તો મારે માટે મોટું ધર્મસંકટ ઊભું થયું ? હવે જો હું ક્રોધ કરી આ અપ્સરાઓને ત્યજી દઇશ તો હું એકાગ્રતાથી તપ કરી શકીશ. માટે ક્રોધ કરી આ બધી સુંદરીઓનો ત્યાગ કરૂં.'

નારાયણ મુનિનો આવો વિચાર જાણી તેમના નાનાભાઈ નર મુનિએ કહ્યું : 'હે નારાયણ ! તમે ક્રોધને વશ કરો તેમાંજ તમારૂં કલ્યાણ છે, અને શાંત ભાવે અહંકારનો પણ નાશ કરો. આપણે પહેલાં અહંકાર કરેલો તેથી અસુરરાજ પ્રહલાદ સાથે એક હજાર દિવ્ય વરસો સુધી યુદ્ધ કરવું પડયું હતું.'

જનમેજયે પૂછ્યું : 'હે મુને ! પ્રહલાદ તો વિષ્ણુભક્ત અને શાંત હતા. વળી નર–નારાયણ પણ સત્ત્વગુણી તપસ્વી હતા છતાં તેઓ વચ્ચે દુશ્મનાવટ થઇ હોય તો તેમણે કરેલું તપ અને ધર્મનું પાલન કર્યું વ્યર્થ જ ગણાયને? સત્યયુગમાં આવું હતું તો કલિયુગમાં એવું બને એમાં આશ્ચર્ય શું ? જો મહાપુરૂષો પણ કામ–ક્રોધ વગેરેથી યુકત હોય છે, તો આ કલિયુગમાં મારા જેવાઓની તો વાત જ શી કરવી ?'

વ્યાસે કહ્યું : આખું બ્રહ્માંડ અહંકારથી વ્યાપ્ત છે. બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર પણ અહંકારવશ થઇ અનંત એવા આ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે, તેવી જ રીતે વસિષ્ઠ, નારદ આદિ જ્ઞાની મુનિઓ પણ અહંકારને લીધે સંસારમાં વારંવાર જન્મ–મૃત્યુ પામ્યા જ કરે છે. અહંકારથી કામ, ક્રોધ અને લોભ જન્મે છે.'

જનમેજયે પૂછ્યું : જે મનુષ્યો ઇન્દ્રિઓને જીતી શકે છે, તેઓ જ ત્રણે ભુવનને જીતી શકે છે. પરંતુ મારા પિતા પરીક્ષિતે વગર વાંકે મુનિના ગળામાં મરેલો સર્પ નાખ્યો તે પાપની યાદ આવતાં હું બહુ જ દુઃખી થાઉં છું, એમની સદ્‌ગતિ માટેનો ઉપાય તેમજ અગાઉ ભક્ત પ્રહલાદ અને નર–નારાયણ મુનિ વચ્ચે યુદ્ધ શા કારણથી થયું હતું, તે જાણવાની પણ મને ઉત્કંઠા છે.

આ સંસારમાં મોટા ભાગના વૈર ધન અને સ્ત્રી માટે બંધાય છે, છતાં ધર્માત્મા પ્રહલાદ ને તપસ્વી નર–નારાયણ વચ્ચે યુદ્ધ એવા તે કયા કારણથી થયું હતું ? તે વિસ્તારથી સંભળાવો. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'અહંકારથી વ્યાપ્ત વિશ્વ' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### પ્રહલાદ અને નારાયણનો મેળાપ

સૂત ઉવાચ :

ઇતિપૃષ્ટસ્તદા વિપ્રોરાજ્ઞા પારીક્ષિતેન વૈ ।
ઉવાચ વિસ્તરાત્ સર્વં વ્યાસઃ
સત્યવતીસુતઃ ॥

સુત બોલ્યા : પરીક્ષિતપુત્ર જનમેજયે વ્યાસ મુનિને આમ પૂછ્યું ત્યારે

તેમણે તે વૃત્તાંત વિસ્તારપૂર્વક કહ્યું, શ્રીહરિએ નૃસિંહાવતાર લઇ હિરણ્યકશિપુને મારી તેના પુત્ર પ્રહલાદને પાતાળ લોકનો રાજા બનાવ્યો હતો. તેના રાજ્યમાં સર્વે ધર્મના રાગી હતા. એકવેળા ભૃગુપુત્ર ચ્યવનમુનિ નદીમાં સ્નાન કરવા ઉતર્યા ત્યારે એકાએક તેમના શરીર પર એક ભયંકર સર્પ વીંટળાઇ ગયો આથી ભયભીત થયેલા ચ્યવન મુનિએ વિષ્ણુનું સ્મરણ કર્યું. તેથી સર્પ ઝેર વિનાનો થઇ ગયો. પછી જ્યારે ચ્યવન મુનિને રસાતળમાં લઇ જવાતા હતા ત્યારે સર્પે વિચાર્યું કે આ તપસ્વી ક્રોધે ભરાઇ મને શાપ આપશે તો? આમ શંકા ઉદ્‌ભવતાં તે સર્પે મુનિને છોડી દીધા રસાતલમાં ગયેલા મુનિ ફરતાં....ફરતાં નાગકન્યાઓથી પૂજાતા તે નાગો તથા દાનવોની નગરીમાં ગયા. ત્યાંના દાનવરાજ પ્રહલાદે આ મુનિને અહીં આવેલા જોઇ પૂછ્યું : તમે પાતાળમાં શા માટે આવ્યા છો? કદાચ ઇન્દ્રે મારું રાજ્ય પડાવી લેવા તમને મોકલ્યા નથી ને.'

ચ્યવનમુનિએ હિંમતથી કહ્યું : હું કોઇ જાતના રાગ–દ્વેષ વગરનો અને નિત્ય ધર્મમાં તત્પર રહેતો ભૃગુઋષિનો પુત્ર 'ચ્યવન' છું. ઇન્દ્ર સાથે મારે કોઇ સંબંધ નથી, કે તેના દૂત તરીકે પણ હું અહીંયા આવ્યો નથી. આ તો હું નર્મદામાં સ્નાન કરવા આવ્યો હતો, એવામાં એક ભયંકર સર્પ મારા શરીરે વીંટળાયો આથી મેં નારાયણનું સ્મરણ કર્યું, કે તરત જ સર્પ વિષ વિનાનો થઇ ગયો અને તેણે તેની પકડમાંથી મને મુકત કર્યો, પછી હું રસાતળમાં ફરતો ફરતો આપની નગરીમાં આવ્યો તો મારા સદ્‌ભાગ્યે મને અહીં આપ વિષ્ણુભક્તના દર્શનનો લાભ મળ્યો.

આ સાંભળી પ્રહલાદે ચ્યવનમુનિને આવકાર આપી આસન આપી બેસાડયા પછી પૂછ્યું : 'પૃથ્વી, આકાશ અને પાતાળમાં જે જે પવિત્ર તીર્થો આવેલા છે, તેનું વર્ણન વિસ્તારથી કહો.' આ સાંભળી ચ્યવનમુનિએ કહ્યું : 'મનુષ્ય જો મન, વચન અને કાયાથી પવિત્ર હોય તો તે જ્યાં જાય ત્યાં–તેને પગલે પગલે તીર્થ છે. પરંતુ જેનું મન મલિન છે તેઓ માટે ગંગા પણ 'કીટક' દેશ કરતાંયે વધારે અપવિત્ર છે. હે પ્રહલાદ! ગંગાનાં કાંઠે થોડા થોડા અંતરે ઘણાં નગરો, ગામો અને નેસડા આવેલા છે. તે સ્થાનોમાં અસંખ્ય ભીલો, માછીઓ તથા મલેચ્છો પણ રહે છે. તેઓ સર્વદા ગંગાજળ પીએ છે અને ગંગામાં સ્નાન પણ કરે છે. છતાં તેમાંના કોઇનું મન શુદ્ધ થયું નથી. એટલે જેનું મન અશુદ્ધ છે તેને તીર્થનું કોઇ ફળ મળતું નથી. મનુષ્ય ભલે તીર્થક્ષેત્રમાં વસતો હોય, પરંતુ કપટ કરી બીજાને છેતરે તો તે મહાપાપી થાય છે. અને તીર્થક્ષેત્રમાં કરેલું પાપ અનેકગણું વધી જાય છે. માટે મનુષ્યે સૌ પ્રથમ મનની શુદ્ધિ

કરવાની જરૂર છે. તીર્થોમાં નૈમિષારણ્ય, ચક્રતીર્થ અને પુષ્કર–આ તીર્થો ઘણાં જ પવિત્ર છે, એ ઉપરાંત પૃથ્વીના પટ પર બીજાં અસંખ્ય તીર્થો આવેલાં છે.'

પ્રહ્લાદને આ સાંભળી નૈમિષારણ્ય ક્ષેત્રમાં જવાની ઇચ્છા થઇ. તેણે પોતાની સેવામાં રહેતા દૈત્યોને કહ્યું : 'આપણે આજે જ તૈયારી કરીને પવિત્ર તીર્થ નૈમિષારણ્યમાં જઇએ, ત્યાં આપણને પીતામ્બરધારી કમળનેત્ર વિષ્ણુના દર્શનનો પણ લાભ મળશે.' અને તે સમયે જ પ્રહ્લાદ સાથે દૈત્યો આનંદની કિકિયારીઓ કરતા પાતાળલોકમાંથી નીકળી નૈમિષારણ્યમાં આવી પહોંચ્યા. અહીં આગળ નિર્મળ જળવાળી સરસ્વતી નદીને જોઈ પ્રહ્લાદે તેમાં સ્નાન કર્યું અને યાચકોને ઘણા દાન કર્યાં. ૪૭

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'પ્રહ્લાદ અને નારાયણનો મેળાપ' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### નર–નારાયણ અને પ્રહ્લાદ વચ્ચે યુદ્ધ

**વ્યાસ ઉવાચ**

**કુર્વંસ્તીર્થવિધિં તત્ર હિરણ્યકશિપોઃ સુતઃ।**
**ન્યગ્રોધં સુમહચ્છાયમપશ્યત્પુર તસ્તદા ॥**

વ્યાસ બોલ્યા : નૈમિષારણ્યક્ષેત્રમાં આવેલા, હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદે ત્યાં ફરતાં ફરતાં એક વિશાળ વટવૃક્ષ જોયું અને ત્યાં અસંખ્ય બાણો પડેલા જોયાં, આથી પ્રહ્લાદને આશ્ચર્ય થયું કે આ પવિત્ર તીર્થધામમાં જયાં ઋષિઓના આશ્રમો આવેલા છે તે ભુમિમાં આટલાં બધાં બાણો કયાંથી આવ્યા? એવામાં એક ઠેકાણે મોટા જટાધારી અને મૃગચર્મ ધારણ કરેલા ધર્મપુત્ર નર–નારાયણને જોયા, તેમની આગળ જ બે ધનુષ્ય અને બે ભાથા પડેલા પણ જોયા, આથી પ્રહ્લાદને ક્રોધ ઉપજયો. તે તો જોયા–જાણ્યા વગર મુનિઓને કહેવા લાગ્યો : 'તમે બન્ને ઢોંગી છો ને તપશ્ચર્યાને બહાને અધર્મ આચરી રહ્યા છો. તપ કરવું અને ધનુષબાણ ધારણ કરવા બન્ને કામ સાથે કેવી રીતે બની શકે ?'

પ્રહ્લાદનાં આવા કટુવચનો સાંભળી નર–નારાયણે કહ્યું : અમારા સામર્થ્યની હજુ તને ખબર નહિ હોય? અમે તપ કરવામાં બળવાન છીએ તેવા જ યુદ્ધ કરવામાં પણ સમર્થ છીએ. અમારા જેવા તેજસ્વી બ્રાહ્મણો સાથે ચર્ચા કરવાને તું લાયક નથી.' પ્રહ્લાદ આવું સાંભળી ક્રોધિત થઇ બોલ્યો : 'હે મંદબુદ્ધિ મુનિઓ! તમારો અહંકાર તમને જ ગળી જશે. આ પવિત્ર તીર્થમાં અધર્મનું આચરણ હું સાંખી નહિ લઉં, તમે યુદ્ધમાં કુશળ છો તો મારી સાથે લડવા તત્પર થાઓ.'

હવે નરમુનિએ પ્રહ્લાદને કહ્યું : 'હે અસુર! તેં લડવા માટે જ આવું કારણ ઊભું કર્યું છે તો ચાલ યુદ્ધ કર, તારૂં મસ્તક ધડથી અલગ કરીને તારી લડવાની ઇચ્છા પૂર્ણ કરીશું.' તો અસુર પ્રહ્લાદે ગર્જના કરીને કહ્યું : 'તમારી શી તાકાત છે મારા પર વાર–ઘા કરવાની? હું યુદ્ધમાં તમને બન્નેને જીતી લઇશ.' આટલું કહેતામાં જ પ્રહ્લાદે પોતાના

ધનુષની પ્રત્યંચા ખેંચી ટંકાર કર્યો, તો નરમુનિએ પણ કોપાયમાન થઈ પાસે પડેલ ધનુષ-બાણ ઊઠાવી પ્રહ્લાદ સામે તીક્ષ્ણ બાણો છોડવા માંડયા, પછી નારાયણ અને પ્રહ્લાદ વચ્ચે બાણોનું યુધ્ધ થયું, તેઓએ છોડેલા બાણોના આવરણથી સૂર્ય પણ ઢંકાઇ ગયો. આ યુદ્ધને અંતરિક્ષમાં જોઇ રહેલા દેવો, ગંધર્વો, ઋષિઓ, વિદ્યાધરો, ચારણો સહિત નારદ ને પર્વતમુનિ પણ નવાઇ પામ્યા હતા. આ રીતે રાત-દિવસ નારાયણ અને પ્રહ્લાદ વચ્ચે જોરદાર યુધ્ધ થતું રહ્યું.

જ્યારે યુદ્ધનો અંત ન દેખાયો ત્યારે ત્યાં પીતામ્બરધારી ચતુર્ભુજ ભગવાન વિષ્ણુ હસ્તમાં શંખ, ચક્ર, ગદા ને પદ્મ ધારણ કરેલા આવી પહોંચ્યા. તેમના પરમભક્ત પ્રહ્લાદે તેમને પ્રણામ કરીને કહ્યું: હે જગન્નાથ! મને આશ્ચર્ય એ થાય છે કે સો વર્ષ સુધી દેવો સાથે યુદ્ધ કરનાર હું આ બે તપસ્વીઓને યુધ્ધમાં કેમ જીતી શકતો નથી?'

વિષ્ણુએ પ્રહ્લાદને કહ્યું: 'ભક્ત! આ નર અને નારાયણ નામના બંને મુનિઓ મારા અંશરૂપ હોવાથી પરાજિત થતા નથી, માટે તું હવે વિતલમાં જઇને મારી ભકિત કર. તારા શ્રેય ખાતર તું આ બંને તપસ્વીઓ સાથે વિરોધ કરવાનું ત્યજી અહીંથી ચાલ્યો જા.'

વ્યાસે કહ્યું: એમ વિષ્ણુ ભગવાનના આદેશથી દૈત્યરાજ પ્રહ્લાદ પોતાના અસુર સેવકો સાથે ત્યાંથી પોતાના સ્થાને જતો રહ્યો, પછી નર-નારાયણ મુનિ પુનઃ તપ કરવામાં મગ્ન બન્યા. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'પ્રહ્લાદ ને નારાયણ વચ્ચે યુદ્ધ' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૦ મો

## દેવ અને દાનવ વચ્ચે સંગ્રામ

**જનમેજય ઉવાચ**

**સંદેહોડયં મહાનત્ર પારાશર્ય કથાન્નકે ।**
**નરનારાયણૌશાન્તૌ વૈષ્ણવવાંશૌ: તપોધનૌ ॥**

જનમેજયે પૂછયું: હે પરાશરના પુત્ર વ્યાસ! આ કથા સાંભળી મને આશ્ચર્ય એ થાય છે કે ધર્મના પુત્ર નર-નારાયણ મુનિએ તપ કરવાને બદલે પ્રહ્લાદ સાથે અનેક વર્ષો સુધી યુધ્ધ શા માટે કર્યું? આ મુનિઓ તો વિરકત હતા છતાં તેઓની યુધ્ધ માટે બુદ્ધિ કેમ થઇ? તેઓ કયું ફળ મેળવવા માટે તપ કરી રહ્યા હતા? કોઇ પણ પ્રકારના અહંકાર વિના યુધ્ધ સંભવતું નથી, તો મુનિઓ શા માટે યુધ્ધના અમંગલ કાર્ય માટે પ્રવૃત્ત થયા? તેમને તપનું શું ફળ મળ્યું?

વ્યાસે કહ્યું: સંસારમાં અહંકાર સર્વત્ર વ્યાપ્ત છે. અહંકારના ત્રણ પ્રકાર છે: (૧) સાત્ત્વિક (૨) રાજસ (૩) તામસ. મોટા મુનિઓ પણ અહંકારને ત્યજી શકતા નથી. સાત્ત્વિક તથા રાજસ અહંકારથી તપ, દાન, યજ્ઞ આદિ ક્રિયાઓ થાય છે, જ્યારે તામસ અહંકારથી લડાઇ ઝઘડો વગેરે થાય છે. કોઇ પણ ક્રિયા અહંકાર સિવાયની હોતી નથી. કોઇ પણ સારીનરસી ક્રિયા અહંકારથી જ

થાય છે. બ્રહ્મા, રુદ્ર અને વિષ્ણુ પણ અહંકારથી યુક્ત છે.'

જનમેજયે પૂછ્યું : 'હે મહાભાગ ! વિષ્ણુએ ભૃગુમુનિનું એવું તે શું અપ્રિય કર્યું હતું કે જેથી તે વિષ્ણુને શાપ આપવા તત્પર થયા હતા ?' એ સાંભળી વ્યાસ બોલ્યા : 'અગાઉ કશ્યપના પુત્ર હિરણ્યકશિપુએ દેવો સાથે યુદ્ધ કર્યું હતું એથી સમસ્ત જગતમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. હિરણ્યકશિપુ મરાયા બાદ તેનો પુત્ર પ્રહ્લાદ રાજગાદીએ બેઠો હતો, પરંતુ તેનું રાજ્ય ઇન્દ્રને ખૂંચ્યું તેથી ઇન્દ્રએ બીજા દેવોની સાથે રહી પ્રહ્લાદ સાથે યુદ્ધ કરી તેને હરાવ્યો હતો. પ્રહ્લાદને રાજ્ય ઉપર આસક્તિ નહોતી તેથી તે પોતાનું રાજ્ય વિરોચનપુત્ર બલિરાજાને સોંપી ગંધમાદન પર્વત પર તપ કરવા ચાલ્યો ગયો હતો. વળી થોડા સમય પછી બલિરાજાએ દેવો સાથે યુદ્ધ કર્યું તેમાં ઇંદ્રએ દૈત્યોને પરાજિત કર્યા. હારેલા દૈત્યો શુક્રાચાર્યને શરણે ગયા, આ ખબર દેવોને પડતાં ઇન્દ્ર વગેરે દેવોએ ફરી દૈત્યો સાથે યુદ્ધ કરી દૈત્યોને ખૂબ ત્રાસ પમાડ્યો ત્યારે તેમની મદદે આવેલા શુક્રાચાર્યે મંત્ર અને ઔષધિના બળથી દૈત્યોને કહ્યું કે : 'તમે જરાયે બીશો નહિ.' આવું શુક્રાચાર્યે દૈત્યોને કહ્યું તે સાંભળી દેવો તુરત જ દૈત્યો સાથે લડવાનું છોડી ત્યાંથી ચાલ્યા ગયા. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'દેવ અને દાનવ વચ્ચે સંગ્રામ' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૧ મો

## મંત્રપ્રાપ્તિ માટે ગયેલા શુક્રાચાર્ય

**વ્યાસ ઉવાચ**

**તથા ગતેષુ દેવેષુ કાવ્યસ્તાન્ પ્રત્યુવાચહ ।**
**બ્રહ્મણાપૂર્વસુક્તં યચ્છૃણુધ્વદાનવોત્તમાઃ ॥**

વ્યાસ બોલ્યા : શુક્રાચાર્યે દૈત્યોને આશ્વાસન આપ્યું, હિંમત આપી. દેવોના જતા રહ્યા પછી શુક્રાચાર્યે દાનવોને કહ્યું, હે દાનવો ! જનાર્દન વિષ્ણુએ પૂર્વે જુદા જુદા રૂપે દૈત્યોને સંહાર્યા છે, તેમ તેઓ તમો સર્વ દાનવોનો નાશ કરશે. મારું મંત્રબળ હતું તે હવે નિસ્તેજ બની ગયું છે એટલે થોડો સમય તમે રાહ જુઓ. આજે જ હું મંત્રપ્રાપ્તિ માટે ભોળાનાથ-મહાદેવ પાસે જાઉં છું, તેઓ મને મંત્ર આપશે તે આવીને હું તમને શીખવીશ.' આમ કહી શુક્રાચાર્ય ત્યાંથી નીકળી પડયા. હવે દૈત્યો દેવો પ્રત્યે કંઇ દ્વેષ રાખતા નથી એ બતાવવા તેઓએ શસ્ત્રો ત્યજી દીધા હતા અને વલ્કલ ધારણ કરીને કશ્યપમુનિના આશ્રમમાં રહી તપ કરવા લાગ્યા. શુક્રાચાર્યે મહાદેવ પાસે જઇ, બૃહસ્પતિ પાસે ન હોય એવા મંત્રની માગણી કરી. મહાદેવ શુક્રાચાર્યની દેવોને હેરાન કરવાથી કપટ-ભાવના તુરત સમજી ગયા તેથી તેમણે શુક્રાચાર્યને કહ્યું : 'એવો મંત્ર મેળવવા માટે તમારે તપ કરવું પડશે. તમારે એક હજાર દિવ્ય વર્ષ સુધી ઊંધા મસ્તકે રહી, આહારમાં માત્ર અનાજના ફોતરાનો ધુમાડો પી તપ કરવાનું, ત્યારે તમને ઉત્તમ મંત્રની પ્રાપ્તિ થશે.'

ભગવાન શંકરના આદેશને માન આપી ઉત્તમ મંત્રની પ્રાપ્તિ અર્થે શુક્રાચાર્યે એકાંતમાં જઈ વ્રત સહિત તપ કરવા માંડ્યું. દેવોને ખબર પડી ગઇ હતી કે દૈત્યો શસ્ત્રો છોડી વલ્કલ પહેરી, તાપસ બનવાનો ઢોંગ કરી તપ કરી દુર્બળ બની ગયા છે, વળી શુક્રાચાર્ય પણ મંત્રપ્રાપ્તિ અર્થે તપ કરી રહ્યા છે. આ તકનો લાભ લઈ દેવોએ દૈત્યો ઉપર ચઢાઇ કરી, પણ આ વખતે દૈત્યો શસ્ત્ર-હીન અને દુર્બળ બની ગયા હતા તેથી દાનવો દેવોને કહેવા લાગ્યા :

'હે દેવો ! તમે અમને શસ્ત્રો વગરના અને દુર્બળ બનેલા જાણી અમારી સાથે લડવા આવ્યા છો, તો તમારું સત્ય અને વેદધર્મ ક્યાં ગયો ?'

આ સાંભળી દેવો બોલ્યા : અમને ખબર છે કે અમને હેરાન કરવા માટે ઉત્તમ મંત્ર મેળવવા શુક્રાચાર્ય તપ કરે છે અને તે આવે ત્યાં સુધી તાપસનો ઢોંગ તમે કરી રહ્યા છો, માટે તમારે અમારી સાથે યુદ્ધ કરવું જ પડશે. આ સાંભળી દૈત્યો ગભરાઇને શુક્રાચાર્યની માતાના આશ્રમમાં જઇ રહ્યા તો દેવો તે આશ્રમે જઇ દૈત્યોને મારવા માંડ્યા, તો શુક્રાચાર્યની માતાના પોતાના તપોબળથી ઇન્દ્ર આદિ દેવો નિદ્રાધીન બની ગયા. વિષ્ણુએ જોયું કે ઇન્દ્ર બેભાન થઇ પડ્યો છે. તેથી તેમણે ઇન્દ્રને કહ્યું, 'હે દેવરાજ ! તું હવે મારામાં પ્રવેશ કર, એટલે હું તને અહીંથી બીજે સ્થળે લઇ જઇશ.'

ઇંદ્ર તુરત જ નિદ્રામાંથી જાગી ગયો અને તેણે વિષ્ણુના શરીરમાં પ્રવેશ કર્યો. આ જોઇ શુક્રાચાર્યની માતાએ ઇંદ્રને કહ્યું, ઇંદ્ર ! તું મારાથી કોઇ ઉપાયે નહિ બચી શકે, હું મારા તપોબળથી તને વિષ્ણુની સાથે ખાઇ જઇશ. એમ કહેતાંની સાથે જ ત્યાં રહેલા બધા દેવો, મુનિઓ અશક્ત બની ગયા અને ઇન્દ્ર તથા વિષ્ણુ પણ શક્તિહીન બની ગયા. આથી ગભરાયેલા ઇન્દ્રે વિષ્ણુને કહ્યું, 'આમ તો શુક્રાચાર્યની માતા તેના તપોબળથી આપણને બાળી નાખશે, માટે અહંકારથી અંધ બનેલી તે દુષ્ટાને તમે મારી નાખો.' અને વિષ્ણુએ તુરત જ સુદર્શન ચક્રને યાદ કર્યું. સુદર્શન ચક્ર હાથમાં આવતાં જ તેના વડે વિષ્ણુએ શુક્રાચાર્યની અહંકારી માતાનું મસ્તક કાપી નાખ્યું. એ જોઇ ઇન્દ્ર આદિ દેવો અને મુનિઓ ઘણો જ હર્ષ પામ્યા. વિષ્ણુથી આમ સ્રીવધ થઇ ગયો હતો પણ પછી તેમને વિચાર આવ્યો કે 'મારા આ કૃત્યથી કદાચ ભૃગુઋષિ શાપ આપશે તો ?' આથી તે હૃદયમાં ઘણાં જ ગભરાવા લાગ્યા. ૫૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'મંત્રપ્રાપ્તિ માટે ગયેલા શુક્રાચાર્ય' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### ભૃગુમુનિનો વિષ્ણુને શાપ

**વ્યાસ ઉવાચ :**

તં દૃષ્ટ્વાતુવધં ઘોરં શુક્રોધ ભગવાન્ ભૃગુઃ ।
વેપમાનોઽતિ દુઃખાર્તઃ પ્રોવાચ મધુસૂદનમ્ ॥

વ્યાસ બોલ્યા : વિષ્ણુએ શુક્રાચાર્યની

માતાનો વધ કર્યો. ક્રોધથી કંપી રહેલા ભૃગુઋષિએ વિષ્ણુને કહ્યું : 'હે વિષ્ણો! તારા જેવા સત્ત્વગુણીએ એક નિરપરાધી સ્ત્રીનો–મારી પત્નીનો વધ કરી ઘોર પાપ કર્યું છે, માટે હું તને શાપ આપું છું કે : 'મૃત્યુલોકમાં ગર્ભથી પીડાતા તારા અવતારો થાઓ.' એમ કહ્યા પછી ભૃગુઋષિ પોતાની સ્ત્રીનાં કપાયેલાં મસ્તકને બરાબર ધડ સાથે જોડી દઇ બોલ્યા : 'જો મેં સદાય ધર્મ પ્રમાણે આચરણ કર્યું હોય, મારામાં વેદોનું તથા તપનું બળ હોય અને હંમેશા હું સત્ય બોલ્યો હોઉં તો આ મારી પત્ની હમણાં જ સજીવન થાઓ.'

એમ કહેતાં હાથમાં જળની અંજલિ લઇ ભૃગુમુનિએ પોતાની સ્ત્રી પર મંત્રોચ્ચાર સાથે જળનો છંટકાવ કર્યો એટલે તેના ધડ (મસ્તક) જોડાઇ ગયાં અને તે સજીવન થઇ આળસ મરડીને બેઠી થઇ ગઇ. તે જોઇ ઇન્દ્રસહિત દેવો ઘણું વિસ્મય પામ્યા; પછી ઇન્દ્રએ પોતાની સાથેના દેવોને કહ્યું: 'ભૃગુએ મંત્રબળથી તેમની પત્નીને સજીવન કરી, તો હવે મંત્રપ્રાપ્તિ માટે ઘોર તપ કરી રહેલા શુક્રાચાર્ય મંત્રવેત્તા થયા પછી કોણ જાણે શું યે કરશે?' આમ બોલ્યા પછી શુક્રાચાર્યના ભયથી ઇન્દ્ર ગભરાયો, પછી કંઇક વિચારી પોતાની સ્વરૂપવતી પુત્રી જયંતીને બોલાવી કહ્યું : 'મેં તને મહાતપસ્વી શુક્રાચાર્યને આપી છે, માટે તેઓ જ્યાં આગળ આશ્રમમાં ઉગ્ર તપ કરી રહ્યા છે ત્યાં જા અને તેમની સેવા કરી તેમને વશ કર, પરિણામે અમને જે તેમનો ભય છે તે દૂર થશે.'

ઇન્દ્રના આદેશથી તેમની પુત્રી જયંતી તુરત જ શુક્રાચાર્ય જે આશ્રમમાં તપ કરી રહ્યા હતા ત્યાં ગઇ. તેણે તપસ્વીની સેવા કરવા માંડી. તે કેળના પાનથી મુનિને વાયુ ઢોળવા લાગી, તેમને પીવા માટે સુવાસિત નિર્મળ જળ તૈયાર રાખતી, ને જ્યારે તડકો પડતો ત્યારે પોતાના વસ્ત્રના આવરણથી તેમને છાયા કરતી, ક્યારેય વળી મુનિને પ્રીતિ ઉપજે તે માટે મધુર વાણીથી તેમની સ્તુતિ પણ કરતી. ઇન્દ્ર પોતાના દૂતો મારફત અવારનવાર પુત્રીની ને મુનિની ખબર કઢાવતો હતો.

શુક્રાચાર્યે તપનાં એક હજાર વર્ષ પૂરાં કર્યા ત્યારે ભગવાન શંકરે પ્રસન્ન થઇ તેમને વરદાન આપ્યું કે, 'હે ભૃગુપુત્ર ! તમે પ્રજાઓના પતિ થશો, અને બ્રાહ્મણોમાં ઉત્તમ થશો. તમે કોઇથી મૃત્યુ નહિ પામો અને તમારી દૃષ્ટિએ પડતી સર્વ વસ્તુઓને તમે વશ કરશો,' આ પ્રમાણે વરદાન આપી ભગવાન શંકર અંતર્ધાન થઇ ગયા. પછી તપસ્વી શુક્રાચાર્યે પોતાની સેવામાં સદાય તત્પર રહેતી જયંતી સામે જોઇ પૂછ્યું : હે સુંદરી ! તું કોની પુત્રી છે? તેં વર્ષોથી મારી ઉત્તમ સેવા કરી છે તેથી હું તારા પર પ્રસન્ન થયો છું, માટે તારી ઇચ્છા પ્રમાણે વરદાન માગ.'

આ સાંભળી જયંતીએ કહ્યું : 'હું

ઇન્દ્રની પુત્રી જયંતી છું, જયંત મારો ભાઈ થાય, મારા પિતાએ અત્યંત હર્ષપૂર્વક મને તમને અર્પણ કરી છે, માટે તમે મારી કામનાને પૂર્ણ કરો.' તેના પર પ્રસન્ન થયેલા શુક્રાચાર્યે કહ્યું : 'તારી તે ઇચ્છા પૂર્ણ થશે. અહીં સર્વ પ્રાણીઓથી અદૃશ્ય રહી તું દશ વર્ષ પર્યંત મારી સાથે તારી ઇચ્છા મુજબ ક્રીડા કરજે.' એમ કહી શુક્રાચાર્યે ઇન્દ્રપુત્રીને સ્વીકારી અને તેઓ તેની સાથે દશ વર્ષ સુધી સર્વ પ્રાણીઓથી અદૃશ્ય રહી ક્રીડા કરતા રહ્યા પછી શુક્રાચાર્ય ત્યાંથી પ્રયાણ કરી જયંતી સાથે પોતાના આશ્રમે ગયા. તે ખબર પડવાથી દૈત્યો તેમના દર્શને આશ્રમે ગયા તો શુક્રાચાર્ય અને જયંતી અદૃશ્યપણે રહેતા હોવાથી તેમના જોવામાં આવ્યા નહિ, તેથી પાછા જતા રહ્યા. ઇન્દ્રને શુક્રાચાર્યના અદૃશ્યપણાની ખબર પડી ગઈ હતી તેથી તેણે દેવગુરૂ બૃહસ્પતિને મળી કહ્યું : 'તમે દેવોનું કાર્ય કરવા માટે સત્વર દૈત્યોની પાસે જાઓ.' એમ કહી તેમને સર્વ હકીક્ત કહી.

આ કાર્ય માટે બૃહસ્પતિએ આબેહૂબ શુક્રાચાર્યનું રૂપ લીધું અને દૈત્યો પાસે ગયા, તો દૈત્યો તેમને સાચા શુક્રાચાર્ય જાણી પ્રણામ કરી ઊભા રહ્યાં. તેમના સામે જોઈ શુક્રાચાર્યરૂપે આવેલા બૃહસ્પતિએ દૈત્યોને કહ્યું : 'તમારા ભયને ટાળવા માટે હું જે વિદ્યા જાણી આવ્યો છું તે તમને શીખવીશ.' આવું સાંભળતાં જ બધાયે દૈત્યો સર્વ ભય ત્યજીને આનંદથી રહેવા લાગ્યા. ૫૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'ભૃગુમુનિનો વિષ્ણુને શાપ' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### કપટથી દૈત્યો ઠગાયા

શજોવાચ

કિં કૃતં ગુરુણા પશ્ચાદ્ ભૃગુરૂપેણ વર્તતા।
છલેનૈવ હિ દૈત્યાનાં પારોહિત્યેન ધીમતા ॥

જનમેજય રાજાએ પૂછ્યું : કપટથી શુક્રાચાર્ય બનેલા બૃહસ્પતિએ પછી શું કર્યું ? મુનિઓ ક્યારેય અસત્ પ્રવૃત્તિ કરે નહિ તેમ છતાં તેઓ અસુરો સામે અસત્ય શા માટે બોલ્યા ? બૃહસ્પતિ જેવા કપટ અને પાપકર્મ કરવા તત્પર થાય તો પછી ધર્મની ગતિ ક્યાં રહેશે ?

વ્યાસે કહ્યું : 'આ સંસાર જ કામ–ક્રોધ વગેરેથી યુક્ત છે, તેનાથી કોઈ વિરલ પુરુષ જ છુટી શકે છે. બૃહસ્પતિની સ્ત્રીને ચંદ્રે ભોગવી હતી ત્યારે બૃહસ્પતિએ પણ કામવશ થઈ પોતાના નાનાભાઇની સ્ત્રીને ભોગવી હતી તો પછી કામ–ક્રોધથી વીંટાયેલો મનુષ્ય કેવી રીતે મુક્ત થાય ?

આ સ્થાવર–જંગમ જગત ભગવતી દેવીની માયાથી ઢંકાયેલું છે. ભુવનેશ્વરી દેવીને ભજ્યા વિના કોઇનો ઉદ્ધાર થતો નથી. બૃહસ્પતિએ શુક્રાચાર્યના સ્વરૂપે દૈત્યોને પાખંડ ધર્મનો ઉપદેશ આપ્યો હતો અને વિદ્યા જાણવા માટે થોડા દિવસ થોભવાનું કહ્યું હતું. દૈત્યો પણ વિદ્યા શીખવાના લોભથી તેમને શુક્રાચાર્ય

જાણી તેમના શરણે વિશ્વાસથી રહ્યા હતા.

આ બાજુ તપસ્વી શુક્રાચાર્યે દશ વર્ષ અદૃશ્ય રહેવાનો જે નિર્ણય કરેલો તે સમય પૂરો થતાં તેમને દૈત્યો યાદ આવ્યા અને તેમની પાસે જવા આતુર થઇ ગયા. એક દિવસ તેમણે તેમની પત્ની જયંતીને કહ્યું: હે સુંદરી, આપણો અદૃશ્યપણાનો દશ વર્ષનો કાળ પૂરો થઇ ગયો છે એટલે હું એકલો જ તે મારા શિષ્યો-અસુરોને મળવા ત્યાં જાઉં છું, જેમ બને તેમ જલદીથી હું તારી પાસે પાછો આવી પહોંચીશ.' જયંતીએ ખુશીથી જવાની રજા આપી એટલે દાનવગુરુ ઉતાવળથી અસુર સમુદાય પાસે ગયા ત્યાં તેમણે પોતાના જેવા જ બીજા દાનવગુરૂ જોયા, તેથી તે ચોંકી ગયા. પરંતુ ધ્યાન કરતાં તેમને ખબર પડી કે બૃહસ્પતિ પોતાના સ્વરૂપે અસુરો આગળ યજ્ઞની નિંદા કરી રહ્યા છે, તેઓને જૈન ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે. તેઓ ગુપ્ત રીતે ઊભા રહી સાંભળવા લાગ્યા: બૃહસ્પતિ પોતાના જેવા રૂપે અસુરોને સમજાવી રહ્યા હતા: 'દાનવો! અહિંસા એ જ પરમ ધર્મ છે, માટે તમારે જીવહિંસા કયારેય કરવી નહિ. બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થ માટે પશુહિંસા કરવાનું વેદમાં બતાવ્યું. છે, પરંતુ ઊંડી રીતે જોતાં અહિંસા જ ઉત્તમ છે.' આવું સાંભળી દાનવગુરૂ વિચારવા લાગ્યા કે આ દેવગુરૂ બૃહસ્પતિ પાખંડ-ધર્મી બન્યો છે. મારો દુશ્મન બની તે અસુરોને ભમાવી રહ્યો છે. તેણે લાભે-લોભે આ કાર્ય કર્યું છે, અને લોભી શું નથી કરતો? લોભે જ લક્ષણ જાય. બ્રાહ્મણોમાં ઉત્તમ દેવોનો ગુરૂ આ બૃહસ્પતિ પણ નટ જેવી ચેષ્ટા કરી મારા યજમાન મૂઢ અસુરોને છેતરી રહ્યો છે. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'કપટથી અસુરો ઠગાયા' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### દૈત્યો અને શુક્રાચાર્ય

વ્યાસ ઉવાચ

ઇતિસંચિંત્ય મનસા તાનુવાચ હસન્નિવ ।
વંચિતામત્સ્વરૂપેણ દૈત્યા: કિં ગુરુણા કિલ ॥

વ્યાસ બોલ્યા: શુક્રાચાર્યે મનમાં બધું વિચારી અસુરોને કહ્યું, 'હે અસુરો! તમને જે ઉપદેશ આપી રહ્યો છે તે તો બૃહસ્પતિ છે અને મારૂં સ્વરૂપ લઇ તમને ભમાવી રહ્યો છે, માટે એ કપટીના વચનો પર જરાયે વિશ્વાસ ન રાખશો, ખરો શુક્રાચાર્ય તો હું જ છું.' તેમને વધુ મૂંઝવવા બૃહસ્પતિએ કહ્યું, 'ખરો શુક્રાચાર્ય તો હું જ છું, શંકર પાસેથી હું જે વિદ્યા શીખી આવ્યો છું તે હવે તમને શીખવવાની છે, જ્યારે આ પાછળથી આવેલો શુક્રાચાર્ય તે બૃહસ્પતિ જ છે.' આથી અસુરો બૃહસ્પતિને જ શુક્રાચાર્ય માનવા લાગ્યા, અને ખરા શુક્રાચાર્યને કહેવા લાગ્યા: 'તું વળી શુક્રાચાર્ય શાનો? અમને દશ વર્ષથી આ શુક્રાચાર્ય જ ઉપદેશ આપી રહ્યા છે. માટે તું અહીંથી જતો રહે.'

અસુરોની મતિ બગડી ગયેલી જોઇ ખરા દાનવગુરૂએ કહ્યુ: 'તમે મારા

વચનનો અનાદર કરો છો, તો તમે થોડા જ સમયમાં દેવોના હાથે પરાજય પામી મારું જે અપમાન કર્યું છે તેનું કડવું ફળ ભોગવશો, ત્યારે જ તમને ખરા–ખોટાની ખબર પડશે.' આમ કહી ગુસ્સે થયેલા ખરા દાનવગુરૂ ત્યાંથી ગયા. પછી દાનવગુરૂના રૂપે આવેલો બૃહસ્પતિ પણ અસુરોને દાનવગુરુએ આપેલો શાપ જાણી તેણે ઇન્દ્ર પાસે જઇ કહ્યું : 'હે ઇન્દ્ર ! દશ વર્ષના અદર-સવાસ પછી દાનવગુરૂ અસુરો પાસે આવ્યો, અને તેણે અસુરો આગળ મને ઉઘાડો પાડયો, પરંતુ અસુરો તો મને જ ખરો દાનવગુરૂ માને છે. એટલે દાનવ-ગુરૂએ અસુરોને શાપ આપ્યો છે. હાલ અસુરો કોઇ પણ જાતના આધાર વગરના છે માટે તમે તેમની સાથે યુદ્ધ કરો તો તે પરાજિત થશે.' આવું જાણી ઇન્દ્ર દેવસમૂહ સાથે વિચારણા કરી અસુરો સાથે યુદ્ધ કરવા નીકળી પડયો, પણ દાનવો પાસે ગુરૂ શુક્રાચાર્ય હતા નહિ એટલે તેઓ ગભરાઇ ગયા. હવે જ તેમને ખાતરી થઇ કે પોતાને ઉપદેશ કરી જનાર બૃહસ્પતિ હતા અને તેનાથી પોતે ઠગાયા છે. આખરે તેઓ અસુરરાજ પ્રહલાદને આગળ કરી ખરા દાનવ–ગુરૂ પાસે તેમના આશ્રમે ગયા ને તેમને પ્રણામ કરી ઊભા રહ્યા પણ દાનવ–ગુરૂનો ક્રોધ હજુ ઉતર્યો નહોતો તેથી તેમણે રોષથી અસુરોને કહ્યું, 'મેં તે વખતે જ તમને કહ્યું હતું કે મારું રૂપ ધરી બૃહસ્પતિ તમને ભમાવવા આવ્યો છે, પરંતુ તમે મારા વચનની અવગણના કરી, ઉપરથી મારું અપમાન કર્યું, જેનું ફળ હવે તમે ભોગવો.'

અસુરરાજ પ્રહલાદે કહ્યું, 'મહાગુરુ ! શાંત થાઓ ! અમે બધા આપના પુત્ર જેવા અને યજમાન જેવા આપને શરણે આવ્યા છીએ, માટે અમો નિરાધાર પર તમે કૃપા કરો. જો તમે અમારો ત્યાગ કરશો તો ન છૂટકે અમે રસાતલમાં જતા રહીશું.' પ્રહલાદના વિનયપૂર્વકનાં વચનો સાંભળી દાનવ-ગુરૂએ કહ્યું: 'તમારે રસાતાળમાં જવાની કંઇ જ જરૂર નથી. હું તમારું રક્ષણ કરીશ. હે અસુરો ! હાલ તમે અશક્ત બની ગયા છો એટલે તમે દેવો સાથેના યુદ્ધમાં પરાજિત થઇ એક વાર પણ પાતાળમાં અવશ્ય જશો જ, કારણ કે અત્યારે તમારો પડતીનો કાળ ચાલે છે. તમે દશ યુગથી ત્રૈલોકયનું રાજ્ય ભોગવ્યું છે, હવે જ્યારે સાવર્ણિ મનુ થશે ત્યારે તમારો પૌત્ર બલિરાજા પુન: રાજ્યને પ્રાપ્ત કરશે. એ બલિરાજા પાસેથી વિષ્ણુ વામનસ્વરૂપે રાજ્ય લઇ લેશે તે પછી બલિરાજા પણ સાવર્ણિ મનુ થશે. હાલ બલિરાજા ગુપ્ત રીતે ફર્યા કરે છે. એક વખત બલિરાજાને ઇન્દ્રનો એટલો બધો ભય લાગ્યો કે તેણે ગધેડાનું સ્વરૂપ લીધું. ઇન્દ્રે તેને ઓળખીને કહ્યું : દાનવરાજ ! આ ગધેડાના સ્વરૂપે રહેતા તમને શરમ નથી આવતી ? ત્યારે બલિરાજાએ ઉત્તર આપ્યો હતો કે,

'એમાં મારે શરમાવા જેવું શું છે? એમ તો વિષ્ણુ પણ મત્સ્ય, કચ્છપ વગેરે રૂપ ધરે છે, અને એક વેળા તું પણ બ્રહ્મહત્યાને લીધે દુ:ખી થઇ કમળમાં છુપાઇને રહ્યો હતો, તેમ આજે હું ગધેડાનું રૂપ લઇ ઊભો છું. હે ઇન્દ્ર! દૈવ–કાળની ઇચ્છા પ્રમાણે જ બધું થયા કરે છે.'

આ પ્રમાણે બલિરાજા તથા ઇન્દ્ર વાર્તાલાપ કરી, પોતપોતાના સ્થાને જતા અકળ રહ્યા હતા. આમ ભાગ્યની ગતિ મેં તમને કહી છે, દેવો, અસુરો તેમ જ મનુષ્યો સહિત સર્વ સ્થાવર–જંગમ જગત ભાગ્યાધીન છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'દૈત્યો અને શુક્રાચાર્ય' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### દેવ–દાનવ યુદ્ધમાં દેવીની કૃપા

**વ્યાસ ઉવાચ:**

**ઇતિતસ્ય વચઃશ્રુત્વાભાર્ગવસ્ય મહાત્મનઃ ।**
**પ્રહ્લાદસ્તુ સુસં હૃષ્ટોબભૂવ નૃપનંદન ॥**

વ્યાસ બોલ્યા : હે નૃપનંદન! આવાં વચન સાંભળી પ્રહ્લાદને ઘણી ખુશી ઉપજી; પછી તેણે અસુરોને કહ્યું : 'હવે તમે દેવો સાથે યુદ્ધ કરશો પણ હારી જવાના છો, કારણ કે, સદા દૈવ બળવાન છે.' આવું સાંભળી કેટલાક અસુરો બોલી ઊઠયા: 'જેઓ ઉદ્યમ કરતા નથી તેઓ જ દૈવને મહત્ત્વ આપે છે. ભાગ્ય વળી શું છે ને એને કોણે જોયું છે? માટે અમે દેવો સાથે અવશ્ય યુદ્ધ કરીશું, માટે તમે સેનાપતિપદે રહી દેવોને યુદ્ધ કરવા માટે આવાહન આપો.' પછી તો દેવોના પક્ષે ઇન્દ્ર ને અસુરોના પક્ષે પ્રહ્લાદ–આ બન્ને પક્ષો વચ્ચે એવું જોરદાર યુદ્ધ ચાલ્યું, કે તે જોનારા દેવો ને મુનિઓ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા, અંતે શુક્રાચાર્યથી રક્ષાયેલા પ્રહ્લાદ વગેરે અસુરો યુદ્ધમાં જીત્યા હતા. આ સમયે બૃહસ્પતિએ ઇન્દ્રને ભગવતી દેવીનો મહિમા સમજાવ્યો. એટલે ઇન્દ્રે સર્વ સંકટોને હરનારાં અને મુક્તિ દેનારાં અંબિકા દેવીનું સ્મરણ કરવા માંડયું : હે મહામાયા! બળહીન થયેલા અમે અસુરોથી પરાજિત થઇ તમારે શરણે આવ્યા છીએ તો અમારી રક્ષા કરો. હે સચ્ચિદાનંદરૂપ જનનિ! આપ અમારા પર કૃપા કરો. હે શંખ, ચક્ર, ગદા, ત્રિશૂળ અને તલવારને ધારણ કરનારાં દેવી અંબિકે, તમે જય પામો.

ઇન્દ્રે વિવિધ સ્તોત્રોથી ભગવતીની સ્તુતિ કરી તેથી તેના પર પ્રસન્ન થઇ ચતુર્ભુજા વિશ્વેશ્વરી દેવી ત્યાં પ્રકટ થયાં. તેમણે દેવોને કહ્યું : 'તમે નિર્ભય રહો, હું તમારું કલ્યાણ કરીશ.' પરંતુ તે દેવી અસુરો પાસે જવા લાગ્યાં તો અસુરો ગભરાઇ ગયા કે આ તો મધુ–કૈટભ, ને ચંડ–મુંડ તેમજ મહિષાસુરને મારવા-વાળાં દેવી ચંડિકા છે, કદાચ આપણને મારી નાખવા જ આવતાં લાગે છે.'

અસુરોને આમ ગભરાયેલા જોઇ દાનવરાજ પ્રહ્લાદે કહ્યું : હે દાનવો!

હવે આપણે યુદ્ધભુમિમાંથી જતા રહીએ તેમાં જ આપણું શ્રેય છે.' આવું હીન પગલું ભરવાની વાત સાંભળી નમુચિએ દાનવોને કહ્યું : 'હે દાનવો ! જો આપણે ભાગવા માંડીશું તો દેવી ક્રોધે ભરાઇ પાછળ પડીને મારી નાખશે, માટે સ્તુતિથી તેમને પ્રસન્ન કરી, તેઓ આજ્ઞા આપે તો આપણે પાતાળમાં જઇને રહીશું.' અને દાનવરાજ પ્રહ્‌લાદે દેવીની સ્તુતિ કરવા માંડી : હે સર્વના માતા ! દેવો અને દાનવોને તમે જ સર્જેલાં છે અમે બધા કશ્યપના જ પુત્રો છીએ તો પછી તમે અમારા પ્રત્યે વેરો–આંતરો કેમ રાખો છો? તમને અમો દાનવોનો જ બધો વાંક દેખાય છે, પણ દેવોએ કપટ ઓછાં કર્યાં છે ? વિષ્ણુએ સમુદ્રને મથ્યો ત્યારે અમૃત પીવા બેઠેલા રાહુનું મસ્તક છેદી નાખ્યું હતું, ને ધર્માત્મા મારા પૌત્ર બલિને વામન સ્વરૂપે છેતરી તેની પાસેથી સમસ્ત રાજ્ય લઇ લીધું હતું, છતાં વિદ્વાનો દેવોને ધર્મનિષ્ઠ કહે છે, તો હે ભગવતી દેવી ! તમને જે યોગ્ય લાગે તે કરો !' દેવીએ આ સાંભળી કહ્યું : દાનવો ! તમે ત્યાગભાવના રાખશો તો સુખી થશો. તમે સમયને વિચારી બધા મારી આજ્ઞાથી પાતાળમાં જઇ રહો.' ભગવતી દેવીની આજ્ઞાથી સર્વ અસુરો ભયમુક્ત થઇ તેમને પ્રણામ કરી પાતાળમાં જતા રહ્યા તે સાથે જ દેવી પણ અંતર્ધાન થઇ ગયા. તે પછી દેવો પણ પોતાના સ્થાને જતા રહ્યા. જે ભાવિકો આ પરમ આખ્યાનને ભક્તિપૂર્વક સાંભળે છે અથવા પાઠ કરે છે તેઓ સર્વ દુઃખથી મુક્ત થઇ મોક્ષના અધિકારી થાય છે. ૭૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'દેવ-દાનવ યુદ્ધમાં દેવીની કૃપા' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૬ મો

### વિષ્ણુના વિવિધ અવતારો

**જનમેજય ઉવાચ**

ભૃગુશાપાન્મુનિ શ્રેષ્ઠ હરેરદ્‌ભુતકર્મણઃ ।
અવતારાઃકથં જાતઃકસ્મિન્ મન્વંતરે વિભો ।।

જનમેજયે પૂછ્યું : વિભો ! ભૃગુમુનિના શાપથી વિષ્ણુના વિવિધ અવતારો કયા મન્વંતરમાં કેવી રીતે થયા હતા ? તે સર્વને સુખ–શાંતિ આપનારી વિષ્ણુની અવતારકથા મને કહો.

વ્યાસે કહ્યું : રાજન્ ! ભગવાન વિષ્ણુના અવતારોનું વર્ણન ઘણું મોટું છે, છતાં તે તમને સંક્ષેપમાં કહું છું : ચાક્ષુસ મન્વંતરમાં ધર્મના પુત્ર નર અને નારાયણ થયા હતા અને વૈવસ્વત મન્વંતરમાં વિષ્ણુનો અત્રિપુત્ર 'દત્તાત્રેય અવતાર' થયો હતો અત્રિઋષિની પત્ની અનસુયાએ પ્રાર્થના કરવાથી 'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ' એ ત્રણે ઉત્તમ દેવો તે ઋષિના પુત્રપણાને પામ્યા હતા. તે સમયે બ્રહ્મા ચન્દ્રરૂપે, વિષ્ણુ દત્તાત્રેયરૂપે અને રુદ્ર દુર્વાસારૂપે થયા હતા. એમ એ ત્રણે દેવો તેમના પુત્રપણાને પામ્યા હતા.

ચોથા યુગમાં વિષ્ણુએ અધર્મી હિરણ્યકશિપુના વધ માટે નૃસિંહાવતાર લીધો હતો. ત્રેતાયુગમાં શ્રીહરિએ કશ્યપથી

વામનરૂપે અવતરી બલિરાજાને ઠગીને ત્રણ પગલાંમાં સમસ્ત રાજ્ય લઇ લીધું અને તેને પાતાળનો રાજા બનાવ્યો હતો. ઓગણીસમા ત્રેતાયુગમાં વિષ્ણુએ પરશુરામાવતાર લઇ પૃથ્વીને નક્ષત્રિ કરી, પછી તે કશ્યપને દાનમાં આપી હતી. ત્રેતાયુગમાં વિષ્ણુ રઘુવંશી દશરથ રાજાના પુત્ર રામચન્દ્ર થયા હતા, અને અઠ્ઠાવીસમા દ્વાપરયુગમાં નર—નારાયણના અંશરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુન નામના બે અવતારો થયા હતા, પૃથ્વીનો ભાર ઉતારવા પૃથ્વી પર જન્મેલા તે કૃષ્ણ અને અર્જુને કુરુક્ષેત્રમાં અતિ ભયંકર મહાયુદ્ધ કર્યું હતું. આ પ્રમાણે હે રાજન્! વિષ્ણુના યુગે યુગે, પ્રકૃતિને ખૂબ અનુસરતા ઘણા અવતારો ભગવતીની ઇચ્છાથી થયા કરે છે. એ રીતે અખિલ જગત પ્રકૃતિરૂપ મહામાયાને વશ છે. એ દેવી પોતાની ઇચ્છા મુજબ જગતને ભમાવે છે અને પુરૂષનું પ્રિય કરવા સમસ્ત જગતને તે રચે છે. સર્વ કામનાઓને આપનારાં મહાકાલી, મહાલક્ષ્મી ને મહાસરસ્વતી-એ ત્રણે રૂપોવાળાં અને વિશ્વને મોહ પમાડનારાં તે દેવી મરજી મુજબ સર્જન કરે છે, તેનું પાલન કરે છે અને કલ્પાંતે સંહારે છે. એમનાથી જોડાઇને જ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ પોતપોતાનાં કાર્ય કરે છે. પ્રથમ દેવીએ જ રાજાઓમાં શ્રી રામને ઉત્પન્ન કરી દાનવોને જીતી લેવા તેમને વનમાં મોકલ્યા હતા. એમ આ સંસારમાં સર્વ પ્રાણીઓ દેવીના તંત્રને આધીન રહી સુખ-દુઃખથી યુક્ત થાય છે. ૨૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે
'વિષ્ણુના વિવિધ અવતારો' નામનો
૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

### દેવાંગનાઓથી કથા

જનમેજય ઉવાચઃ

**વારાંગનાસ્ત્વ યાખ્યાતા નર-નારાયણાશ્રમે ।**
**એકં નારાયણં શાંતં કામયાનાઃસ્મરાતુરા ।।**

જનમેજયે પૂછ્યું : હે મહામુને! નર અને નારાયણ મુનિના આશ્રમમાં આવેલી દેવાંગના (અપ્સરા)ઓ કામાસક્ત થઇ નારાયણ મુનિને પતિ તરીકે ઇચ્છતી હતી. ત્યારે અપ્સરાઓને શાપ આપવા તત્પર થયેલા નારાયણને તેમના ધર્મજ્ઞ ભાઈ નરે કેમ રોકયા હતા ?

વ્યાસે કહ્યું : શાપ આપવા તત્પર થયેલા નારાયણને નરે રોકયા એટલે શાંત પડેલા નારાયણે અપ્સરાઓને કહ્યું : 'અમે બ્રહ્મચર્યવ્રત પાળીએ છીએ અને આ જન્મમાં અમારે પરણવું નહિ એવો અમે સંકલ્પ કરેલો છે, તેથી અમે તમારી સાથે સંબંધ બાંધવા યોગ્ય નથી, માટે તમે સર્વ સ્વર્ગમાં જાઓ. તમે મને તમારો પતિ બનાવવા ઇચ્છો છો તો અઠ્ઠાવીસમાં દ્વાપરયુગમાં દેવોના કાર્ય માટે હું પૃથ્વી પર અવતરીશ ત્યારે તમારો પતિ થઇશ, તે વખતે તમે રાજકુંવરીઓ તરીકે જન્મીને મારી પત્નીઓ થશો.

આ સાંભળી સર્વ અપ્સરાઓ શાંતિપૂર્વક સ્વર્ગમાં જતી રહી હતી. ઇન્દ્ર

તે અપ્સરાઓ પાસેથી નર-નારાયણ મુનિનું સર્વ વૃત્તાંત જાણી લીધું હતું. વળી નારાયણ મુનિએ ઉત્પન્ન કરેલી ઉર્વશી વગેરે સોળ હજાર અપ્સરાઓને સ્વર્ગની અપ્સરાઓ સાથે આવેલી જોઇ ઇંદ્રિએ નારાયણ મુનિની પ્રશંસા કરતા દેવોને કહ્યું: 'અહો! પોતાના ઉત્તમ તપોબળના પ્રતાપે ઉર્વશી જેવી અસંખ્ય અપ્સરાઓને ઉત્પન્ન કરનાર નારાયણ મુનિનું તપ અને તપોબળ આશ્ચર્યજનક છે.' તે પછી ધર્માત્મા મુનિ નારાયણ પણ તપ કરવા તત્પર થયા હતા.' આ પ્રકારે મેં તમને મહામુનિ નારાયણ તથા નરનું અદ્દભુત વૃત્તાંત કહ્યું. ભૃગુઋષિના શાપથી વિષ્ણુ આ પૃથ્વી પર 'નર-નારાયણ' થયા હતા. અને પૃથ્વીનો ભાર દૂર કરવા તેજ બન્ને વીર 'કૃષ્ણ' તથા 'અર્જુન' રૂપે થયા હતા.

જનમેજયે પૂછ્યું : હે મુને! આપ શ્રીકૃષ્ણચરિત્ર વિસ્તારથી મને કહો, પાંડવોનું વૃત્તાંત, તેમ જ ભીષ્મપિતામહે વંશને રક્ષવા માટે પોતાના ભાઇની વિધવા સ્ત્રીમાં પરપુરૂષ દ્વારા ગોલક પુત્રો ઉત્પન્ન કરવાનું નિંદનિય કર્મ શા માટે કર્યું હતું? ગમે તેવા ઉપાયે પુત્ર ઉત્પન્ન કરવારૂપ મુનિઓએ દર્શાવેલો ધર્મ ઘણો જ ધિક્કારવા યોગ્ય છે. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'દેવાંગનાઓની કથા' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### પ્રજાપતિ બ્રહ્માને શરણે પૃથ્વી

જનમેજય ઉવાચઃ

શૃણુરાજન્ પ્રવક્ષ્યામિ કૃષ્ણસ્ય ચરિતં મહત્‌।
અવતારકારણ ચૈવ દૈવ્યાશ્ચરિત અદ્દભુતમ્‌॥

વ્યાસ બોલ્યા : હું તમને શ્રીકૃષ્ણના અદ્દભુત ચરિત્રની સાથે તેમના અવતારમાં કારણરૂપ દેવીનું માહાત્મ્ય પણ કહું છું. એક વેળા ખૂબ જ ભાર વધી જવાને કારણે દુર્બળ અને નિસ્તેજ થયેલી પૃથ્વી ગાય સ્વરૂપે સ્વર્ગમાં ગઇ હતી. ઇન્દ્રે તેની હાલત જોઇ પૂછયું : 'અરે પૃથ્વી! તને વળી શું દુઃખ છે કે આટલી દુર્બળ બની ગઇ છે?'

ગાયરૂપે પૃથ્વીએ આંસુ સારતાં કહ્યું, મગધદેશનો મહાપાપી દુષ્ટ રાજા જરાસંધ, ચેદિદેશનો રાજા શિશુપાલ, કાશીરાજ-રુકમી, ઉપરાંત કંસ, નરકાસુર, શાલ્વ, કેશી, ધેનુકાસુર, વત્સાસુર આદિ રાજાઓ ખૂબ જ દુષ્ટ આચરણવાળા ને અધાર્મિક હોઇ તેમના ભારથી દુઃખી થવાને લીધે હું ઘણી દુર્બળ ને નિસ્તેજ બની ગઇ છું. વળી કશ્યપના પુત્ર હિરણ્યાક્ષે તો મને બળજબરીથી મહાસમુદ્રમાં ડુબાડી દીધી હતી, પણ ત્યાં રસાતળમાં મને કશું જ દુઃખ નહોતું. હું સુખેથી ત્યાં રહેતી હતી. ત્યાર બાદ વિષ્ણુએ વરાહાવતાર લઇ મને રસાતલમાંથી બહાર કાઢી સ્થિર કરી હતી. અને એ કારણને લઇ હું અત્યારે દુઃખી દુઃખી થઇ રહી છું. આગળ ઉપર અહા-

વીસમો કલિયુગ આવશે ત્યારે તો હું દુ:ખી થતી રસાતલમાં જ ચાલી જઇશ. હે ઇન્દ્ર! દુ:ખથી મુક્ત થવા મેં તમારૂં શરણુ લીધું છે તો તમે કોઇ પણ ઉપાયે મને દુ:ખથી છોડાવો.'

ઇન્દ્રે કહ્યું: 'હે પૃથ્વી! આ માટે અહીંથી તું બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે જા, હું પણ ત્યાં તારી સાથે જ આવું છું.' ગાયરૂપે પૃથ્વી અને ઇન્દ્ર ત્યાંથી બ્રહ્મલોકમાં ગયા, પણ બ્રહ્માથી પૃથ્વીનું સ્વરૂપ છાનું રહ્યું નહિ. તેમણે ગાયસ્વરૂપે આવેલી પૃથ્વીને ઓળખી કહ્યું, 'અરે પૃથ્વી! તારે માથે શું દુ:ખ તૂટી પડયું છે કે આટલું બધું રડે છે?'

પૃથ્વીએ કહ્યું: 'દુષ્ટ અને અધમ કલિયુગ આવશે એ ભયથી હું દુ:ખી થઇ છું. કેમ કે તે સમયમાં લોકો લંપટ, દુરાચારી થશે. અત્યારે પણ કેટલાક રાજાઓ અધમ, દુરાચારી, પરસ્પર દ્વેષી, લુંટારા અને રાક્ષસો જેવા ઘાતકી થઇ ગયા છે. તો તે બધા અધમ રાજાઓને સંહારી મને દુ:ખમાથી મુક્ત કરો.'

બ્રહ્મા બોલ્યા: 'પૃથ્વી! એ કામ તો વિષ્ણુ જ કરી શકે તેમ છે. માટે આપણે હમણાં વિષ્ણુ પાસે જઇએ.' એમ કહી બ્રહ્મા પોતાની સાથે દેવો અને પૃથ્વીને લઇને વિષ્ણુલોકમાં વિષ્ણુ પાસે ગયા અને તેમની સ્તુતિ કરી, વિષ્ણુએ બ્રહ્માને બધાની સાથે અહીં આવવાનું કારણ પૂછ્યું તો બ્રહ્માએ ગાયરૂપે આવેલી પૃથ્વીની તમામ હકીકત કહી તેમને પૃથ્વીનો ભાર ઉતારવા ભલામણ કરી.

વિષ્ણુએ કહ્યું: હે બ્રહ્મન્! તમે જાણો છો કે સચરાચર જગત યોગમાયાને વશ છે. એ દેવીની ઇચ્છા પ્રમાણે જ સર્વ થાય છે. આપણે બધા તે પરમેશ્વરીને આધીન રહેલા છીએ. મારા સર્વ અવતારો તે દેવીના આદેશથી જ થયેલા હતા. રામના અવતારમાં પરતંત્ર રહેલા મેં પારાવાર દુ:ખ ભોગવ્યું હતું. હું, તમે બ્રહ્મા, રુદ્ર અને દેવો પરતંત્ર હોવાથી કોઇ પણ કાર્ય આપણી ઇચ્છા મુજબ કરી શકીએ તેમ નથી. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'પ્રજાપતિ બ્રહ્માને શરણે પૃથ્વી' નામનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### ભગવતીની સ્તુતિ કરતા દેવો

**વ્યાસ ઉવાચ**

**ઇત્યુક્ત્વા ભગવાનવિષ્ણુઃ પુનરાહ પ્રજાપતિમ્ ।**
**યન્માયામોહિત સર્વં સ્તવં જાનાતિનો જનઃ ।।**

વ્યાસ બોલ્યા: બ્રહ્માને એમ કહીને જનાર્દન વિષ્ણુએ પુન: બ્રહ્માને કહ્યું: 'જેમની માયાથી મોહિત થયેલા સર્વે પ્રાણી એ જગદ્‌ગુરુને જાણવા અસમર્થ છે. આપણે બધા પણ એ માયાથી મોહિત થયેલા હોઇને એ અવિનાશી, જગદ્‌ગુરૂ, પરમપુરૂષને સ્મરતા નથી. આપણે હું–પણાને લીધે–'હું બ્રહ્મા છું', 'હું વિષ્ણુ છું,' 'હું શિવ છું'–એવા અહંકારથી મોહિત થયેલા હોવાથી એ પરમતત્ત્વને જાણતા નથી. એ પરબ્રહ્મની શક્તિ બહુ જ વિલક્ષણ છે. કલ્પના આરંભ વખતે સુધાસમુદ્રમાં તમે એ શક્તિને

નજરે જોઇ ચૂકયા છો, અને શંકર સાથે મેં પણ એ દેવીની ઝાંખી કરી હતી. પછી મણિદ્વીપમાં પણ એ શકિતનો સાક્ષાત્કાર થયો હતો. તે જ મંગલસ્વરૂપ આદ્યશક્તિ–પરમાત્માની માયાનું તમે સ્મરણ કરો.

બ્રહ્મા આદિ દેવો ત્યારે ભગવતીનું એકાગ્રચિત્તે સ્મરણ કરવા લાગ્યાં, અને થોડી જ વારમાં તે દેવીએ ત્યાં પ્રકટી સૌને પ્રત્યક્ષ દર્શન આપ્યાં, આથી દેવો આનંદિત થઇ તે ભગવતીની સ્તુતિ પુનઃ કરવા લાગ્યા: 'હે મહેશ્વરી ! આપ અધર્મીઓનો નાશ કરી આ દુઃખી થઇ રહેલી પૃથ્વીના ભારને ઉતારો. કંસ, કાલયવન, ભૌમાસુર, કેશી, જરાસંધ, બકાસુર, શાલ્વ આદિ રાજાઓ જે પૃથ્વીના ભારરૂપ છે તેમનો સંહાર કરી આ પૃથ્વીને ભારમુકત કરો. હે દેવી! તમે એવા શકિતમાન છો કે અમે જેઓને યુધ્ધમાં હણી શકયા નહોતાં તેઓને તમે તમારી લીલા માત્રથી જ હણ્યા હતા. તમારી શક્તિ વિના અમે દેવો પણ કશું જ કરવા સમર્થ નથી.'

દેવોની સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવતીએ કહ્યું: 'હે દેવો ! તમારૂં જે દુઃખ નિવારી ન શકાય તેવું હશે તે, અને પૃથ્વીનું જે અસાધ્ય દુઃખ હશે તે, દુઃખને જાણ્યા પછી અવશ્ય હું દૂર કરીશ.' દેવીએ ધીરજ આપી તેથી દેવોએ કહ્યું, હે ભુવનેશ્વરી ! તમારી સામે ગાયરૂપે આંસુ સારતી પૃથ્વી ઊભી છે, તેના દુઃખને દૂર કરો. આ અમો દેવોએ ઇચ્છેલું કાર્ય છે. અગાઉ પણ તમે વિચિત્ર સ્વરૂપવાળા દાનવોને તથા બીજા રાક્ષસો ચંડ, મૂંડ, ધૂમ્રલોચન વગેરે ઘણા ઘાતકી રાક્ષસોને સંહાર્યા છે, તે જ પ્રકારે દુરાચારી અધમ રાજાઓને સંહારી પૃથ્વીનો ભાર ઉતારો.'

આ સાંભળી કલ્યાણમૂર્તિ દેવી અંબિકાએ ગંભીર વાણીથી કહ્યું : પૃથ્વીનો ભાર ઉતારવા માટે મેં મારો અંશાવતાર નકકી કરી રાખ્યો છે, એટલે તમારે સર્વેએ પણ મારી શક્તિઓ સાથે પોતપોતાના અંશોથી પૃથ્વી પર અવતાર લેવાનો છે, અને સહાયરૂપ થઈ આ કાર્ય કરવાનું છે. પ્રથમ તો દેવોના પ્રજાપતિ કશ્યપ પોતાની સ્ત્રી સાથે યાદવકુળમાં વસુદેવરૂપે થશે. તેમ જ ભૃગુમુનિના શાપથી વિષ્ણુ પણ અંશથી તે વસુદેવના પુત્ર થશે. તે જ સમયે હું ગોકુલમાં યશોદા વિષે જન્મીશ. અને દેવોનું સર્વ કાર્ય હું કરીશ. વળી કેદખાનામાં જન્મેલા વિષ્ણુ (કૃષ્ણ)ને ગોકુળમાં હું પહોંચાડીશ, અને શેષનાગને દેવકીના ગર્ભમાંથી ખેંચી લઇ રોહિણીમાં સ્થાપીશ, પછી મારી શકિતને લીધે બળવાન થયેલા તે બન્ને વિષ્ણુ તથા શેષનાગ–દ્વાપર યુગના અંતમાં દુષ્ટોનો નાશ કરશે. વળી ઇંદ્રનો અંશ અર્જુન, ધર્મનો અંશ યુધિષ્ઠિર, વાયુનો અંશ ભીમ તેમજ અશ્વિનીકુમારના અંશ તરીકેના નકુલ તથા સહદેવ અને વસુના અંશ તરીકે ભીષ્મ થશે. તેઓ બધા

અધમ રાજાઓનો રણમાં તેમના સૈન્ય સહિત સંહાર કરશે. માટે તમે બધા મેં જણાવ્યા પ્રમાણે હવે પૃથ્વી પર જઇને રહો.'

હું પૃથ્વી પરના કુરૂક્ષેત્રમાં ક્ષત્રિયોનો નાશ કરીશ, જ્યારે યાદવો છે તે 'ક્ષોભ, કામ, મોહ ઇર્ષ્યા, મદ,' વગેરે દોષોથી આપસ–આપસમાં લડીને નાશ પામશે, ત્યારબાદ તપસ્વી બ્રાહ્મણ મુનિના શાપથી તેમના કુળનો નાશ થશે. અને શાપને લીધે વિષ્ણુ પણ એ શરીરનો ત્યાગ કરશે, માટે તમે સર્વે વિલંબ કર્યા વિના સ્ત્રીઓ સહિત ગોકુળ, મથુરામાં ઉત્પન્ન થઇ શ્રીકૃષ્ણના મદદગાર થાઓ.'

આટલું કહીને દેવી યોગમાયા ત્યાં જ અંતર્ધાન થઇ ગયાં. અને દેવો પણ ગાયરૂપે આવેલ પૃથ્વી સહિત ત્યાંથી પોતપોતાના ધામમાં જતા રહ્યા. દેવીના વચનોથી પૃથ્વી સ્વસ્થ થઇ ને વિવિધ ઔષધિઓ તથા લતાથી યુક્ત થઇ, બ્રાહ્મણોનો ઉદય થયો અને તેથી સંતુષ્ટ થયેલા ઋષિ–મુનિઓ ધર્મકાર્યોમાં તત્પર રહેવા લાગ્યા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'ભગવતીની સ્તુતિ કરતા દેવો' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### ભગવતી દેવીનો મહિમા

વ્યાસ ઉવાચ

શૃણુ ભારત વક્ષ્યામિ ભારાવતરણં તથ ।
કુરુક્ષેત્રે પ્રભાસે ચ ક્ષપિતં યોગમાયયા ॥

વ્યાસ બોલ્યા : રાજન્ ! યોગમાયાએ પોતે કહ્યા મુજબ કુરુક્ષેત્રમાં અને પ્રભાસમાં જે રીતે દુષ્ટોનો સંહાર કરાવી પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો તે વૃત્તાંત હવે તમને કહું છું : ભૃગુમુનિના શાપને લીધે વિષ્ણુ યદુવંશમાં અવતર્યા હતા. દેવીએ આમ વિષ્ણુને પણ ગર્ભવાસનું દુઃખ આપ્યું હતું. અગાઉ રામાવતારમાં દેવીએ દેવોને વાનરયોનિમાં ઉત્પન્ન કર્યા હતા અને વિષ્ણુને રામાવતાર રૂપે દુઃખી દુઃખી કર્યા હતા. એ જ ભગવતીના જરા પણ અંશથી પ્રાણી ભવાટવિમાંથી મુક્ત થાય છે, એવી ભગવતીની ભક્તિ કોણ ન કરે ? દેવી ભુવનેશ્વરી એટલાં બધાં દયાળુ છે કે 'હે ભુવનેશ્વરી ! મારી રક્ષા કરો.' એટલું બોલવાની ઇચ્છા રાખતા મનુષ્યને 'ભુવનેશ્વરી' એટલું જ માત્ર બોલતાનાં ત્રણે ભુવનો આપી દે છે. તો તે આખું વાક્ય બોલે તો દેવી કેટલાં પ્રસન્ન થાય ? દેવીનાં 'વિદ્યા અને અવિદ્યા' એમ બે સ્વરૂપ છે. વિદ્યા વડે પ્રાણી મુક્ત થાય છે, જ્યારે અવિદ્યાથી પ્રાણી બંધન પામે છે. દરેક પ્રાણીના જન્મ–મરણ ચક્રની જેમ થયા જ કરે છે. મનુષ્યની જેમ દેવો પણ ઓછા–વત્તા આયુષવાળા હોય છે, એટલે બ્રહ્મા, રુદ્ર અને વિષ્ણુનો જન્મ, વૃદ્ધિ અને નાશ થયા કરે છે. આમ દેવો પણ મનુષ્યની જેમ છ વિકારવાળા છે. વિધિએ નક્કી કરેલામાં કોઇ ફેરફાર કરી શકતું નથી.

વિધિનાં જે કર્મ નિર્માણ કરેલાં હોય છે તે સર્વને સહન કરવાં પડે છે. વેદને રચનારા બ્રહ્મા પણ પોતાની પુત્રી

પ્રત્યે કામાતુર બન્યા હતા. શંકરના પત્ની સતીએ ક્રોધને લીધે પોતાના શરીરને ભસ્મ કરી દીધું હતું, સર્વનું કલ્યાણ કરનારા શિવજી પણ કામજન્ય પીડાના ઉપદ્રવથી નગ્નાવસ્થામાં જ ભૃગુઋષિના આશ્રમમાં ગયેલા, ત્યાં મુનિએ તેમને નગ્નાવસ્થામાં કામાતુર જોઇ 'તમારૂં લિંગ પડી જાઓ' એવો ઘોર શાપ આપ્યો હતો. ઇદ્રને પણ શાપને લીધે 'બળદ' થઇ પુરંજય રાજાના વાહનનું કાર્ય કરવું પડયું હતું.

હે રાજન્ ! યોગમાયાના પ્રાબલ્યનું વર્ણન થઇ શકે એમ નથી. એ દેવી જેમ નચાવે તેમ જગતના પ્રાણીઓ નાચે છે. એ યોગમાયાની પ્રેરણાથી જ ભગવાન વિષ્ણુ જુદા જુદા અવતારમાં દૈવને વશ રહી સર્વ કાર્યો કરતા રહે છે. હવે દેવોના કાર્ય માટે શ્રીહરિનો કૃષ્ણાવતાર થયેલો તે વિષે કહું છું: અગાઉ યમુનાના કિનારા પર આવેલા મધુવનમાં 'લવણાસુર' નામે અસુર મધુદૈત્યનો પુત્ર રહેતો હતો. તેણે તપ કરીને વરદાન મેળવેલું તેથી અહંકારી બની બ્રાહ્મણો અને મુનિઓને બહુ જ કષ્ટ આપતો હતો. આ અસુરનો વધ શત્રુઘ્ને કર્યો હતો. તે પછી શત્રુઘ્ને તે મધુવનમાં 'મથુરા' નામની રમણિય નગરી વસાવી હતી. તે નગરીની રાજગાદી પર પોતાના બે પુત્રોને સ્થાપી શત્રુઘ્ન કાળવશ સ્વર્ગે સંચર્યો હતો. પૂર્વે જ્યારે સૂર્યવંશનો લય થયો ત્યારે યયાતિના પુત્ર યાદવોએ મથુરાનગરી મેળવી હતી, તેમાં શૂરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાના તાબામાં 'માથુર' ને 'શૂરસેન' નામના બે દેશો હતા. તે સમયે ત્યાં વરુણના શાપથી કશ્યપનો અંશ જન્મ્યો હતો જે 'વસુદેવ' નામથી ઘણો પ્રખ્યાત થયો હતો. પછી પિતાના મરણ બાદ તે વસુદેવ ધન હોવાથી વણિકવૃત્તિવાળો થતાં, રાજગાદી પર ઉગ્રસેન બેઠો હતો. આ ઉગ્રસેનને 'કંસ' નામે એક મોટો પુત્ર હતો. એ કંસને આકાશવાણી થઈ હતી કે દેવકીનો આઠમો પુત્ર તેને મારશે. એથી કંસ તલવાર ખેંચી દેવકીને મારવા તત્પર થયો ત્યારે વસુદેવે કહ્યું કે, જો આઠમો પુત્ર તારો વધ કરવાનો હશે તો દેવકીને જે પુત્રો જન્મશે તે બધા હું તને જ સોંપી દઇશ, પછી તેનું તારે જે કરવું હોય તે કરજે.'

વસુદેવનું કહેવું સાંભળી ત્યાં રહેલા યાદવોએ પણ કંસને સમજાવતાં કંસે તે તે વખતે દેવકીને મુક્ત કરી એટલે વસુદેવ નિર્ભય થઇ સ્વજનોથી વીંટળાઇ પોતાની પત્ની દેવકી સાથે પોતાને ઘેર ગયા ૮૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'ભગવતી દેવીનો મહિમા' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૨૧ મો

## દેવકીના સાત પુત્રોનો ઘાતક કંસ

વ્યાસ ઉવાચ

અથ કાલે તુ સંપ્રાપ્તે દેવકી દેવરૂપિણી ।
ગર્ભદ્વાર વિધિવદ્ વસુદેવેન સંગતા ॥

વ્યાસ બોલ્યા : સમય જતાં સ્વરૂપ-

વતી દેવકીએ વસુદેવના સંગથી ગર્ભ ધારણ કર્યો, દશમો માસ અધવારતા દેવકીએ ઉત્તમ પુત્રને જન્મ આપ્યો, તે વસુદેવે દેવકીને સમજાવી પોતાના વચન મુજબ કંસને સોંપ્યો પણ કંસે આઠમો પુત્ર જ તેનો વધ કરનારી ભવિષ્યવાણી હોવાથી તેને જવા દીધો. આ જોઈ નારદે તેને સમજાવ્યો કે પુત્ર બીજાથી ગણતાં આઠમો જ થાય એટલે કોઈ પણ પુત્રને જીવતો રાખવામાં જોખમ છે. એટલે કંસે તેને પથ્થર પર પછાડી મારી નાખ્યો.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'દેવકીના સાત પુત્રોનો ઘાતક કંસ' નામનો ૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### દેવકીના છ પુત્રોનો પૂર્વજન્મ

જનમેજય ઉવાચ

કિં કૃતં પાતકં તેન બાલેકન પિતામહ ।
યો જાત માત્રં નિહનસ્તથા તેન દુરાત્મા ॥

જનમેજયે પૂછ્યું : હે દાદા ! દેવકીના એ પ્રથમ બાળકે પૂર્વ જન્મમાં એવું કયું પાપકર્મ કર્યું હતું કે જે જન્મતાંની સાથે જ કંસના હાથથી મરાયો ? નારદમુનિ પરમજ્ઞાની હતા છતાં કંસને અવળું સમજાવી તેમણે આવું પાપ કેમ કર્યું ? જેમ પાપ કરનારો પાપી છે તેમ પાપમંથે દોરનારો પણ પાપી છે. મને એ સંદેહ થાય છે કે નારદમુનિએ દુષ્ટાત્મા કંસને એવું ઘોર કૃત્ય કરવાની પ્રેરણા કેમ આપી ?

વ્યાસે કહ્યું : એમાં કારણ રહેલું છે, દેવોના કાર્યની સિદ્ધિ માટે દેવકીના અવતરેલા છયે નવજાત શિશુઓને કંસે મારી નાખ્યા, તે સર્વ બાળકો ષડગર્ભ-નામે દેવો હતા. શાપ પામેલા તેમનું મૃત્યુ નક્કી જ હતું તેથી તેઓ કંસના હાથે મરાયા. તેઓને શા કારણથી શાપ મળ્યો હતો તે વૃત્તાંત હવે કહું છું : આ વૃત્તાંત સ્વાયંભુવ મન્વંતર સમયનું છે: દેવકીને પ્રસવેલા એ છયે પુત્રો પૂર્વે મરીચિના પુત્રો હતા. એક વેળા આ બાળકો પર બ્રહ્માએ ક્રોધે ભરાઈ શાપ આપ્યો કે, 'તમે અહીં રહેવાને લાયક નથી, માટે પૃથ્વી પર જઈ રાક્ષસયોનિમાં જન્મેશો.' તે જ છ પુત્ર પછી કાલનેમિ નામના દૈત્યના પુત્રો થયા હતા. અને તે પછીના જન્મમાં તેઓ હિરણ્ય-કશિપુના પુત્રો થયા હતા.

પરંતુ તેઓને પૂર્વજન્મનું જ્ઞાન-સ્મરણ હોવાથી તેઓએ આ જન્મમાં તપશ્ચર્યા કરી બ્રહ્માને પ્રસન્ન કરતાં બ્રહ્મા પાસે તેમણે વરદાન માગ્યું કે, અમે દેવ, માનવ, સર્પ, ગંધર્વ અને સિધ્ધોથી મરીએ નહીં.

બ્રહ્મા 'તથાસ્તુ' કહી અંતર્ધાન થઇ ગયા. પરંતુ હિરણ્યકશિપુને આ ગમ્યું નહિ. તેણે કહ્યું : 'પુત્રો ! હું તમારો ત્યાગ કરું છું. જગતમાં ષડગર્ભ નામથી પ્રસિદ્ધ થયેલા તમે અત્યારે પાતાળમાં જાઓ. ત્યારબાદ તમે દરેકનો વારંવાર દેવકીના ગર્ભથી જન્મ થશે, અને તમારો પિતા કાલનેમિ એ સમયે 'કંસ' નામથી વિખ્યાત થશે. અને એ કંસના હાથે જ તમારો ઘાત થશે.'

આમ હિરણ્યકશિપુના શાપને લઇને તે ષડગર્ભોને વારંવાર દેવકીના ગર્ભમાં આવવું પડ્યું. અને શાપ પ્રમાણે તે છયે મરાયા. સાતમી વખતે શેષનાગ પોતાના અંશથી દેવકીના ગર્ભમાં પધાર્યા હતાં. પરંતુ સંજોગવશાત્ એ ગર્ભ સ્રવી ગયો. યોગમાયાએ બળથી એ ગર્ભને ખેંચી રોહિણીના ઉદરમાં મૂકી દીધો. પરંતુ પાંચમા મહિને એ ગર્ભનો પાત થયો. આ વાત દુષ્ટ કંસના જાણવામાં આવી ત્યારે તેના આનંદનો પાર રહ્યો નહિ. ત્યારબાદ દેવકીના આઠમા ગર્ભમાં સ્વયં ભગવાન પધાર્યા. એ જ ભગવાન શ્રીકૃષ્ણ દેવોનું કાર્ય કરવા અને ભુમિનો ભાર ઉતારવા પ્રકટ થયા હતા.

જનમેજયે પૂછ્યું : હે મુનિવર ! હવે પૃથ્વીનો ભાર ઉતારવા જે બીજા અવતારો થયા હતા તે કૃપા કરીને કહો.

વ્યાસે કહ્યું : કશ્યપના અંશથી વસુદેવ અને અદિતિના અંશથી દેવકી પ્રકટયાં હતાં 'બળદેવ' શેષનાગના અંશ હતા. ત્યારબાદ મુનિવર નારાયણ શ્રીકૃષ્ણ રૂપે પધાર્યા અને નારાયણના નાનાભાઇ 'નર' અર્જુન થયા. ધર્મના અંશ 'યુધિષ્ઠિર', વાયુના અંશ 'ભીમ' તથા અશ્વિનીકુમારોના અંશ 'નકુલ' તથા 'સહદેવ' તરીકે પ્રસિધ્ધ થયા, 'કર્ણ' એ સુર્યના અંશ તરીકે અને 'વિદુર' એ ધર્મના અંશથી પ્રકટયા હતા. બૃહસ્પતિના અંશથી દ્રોણાચાર્ય અને રૂદ્રના અંશથી 'અશ્વત્થામા' ઉત્પન્ન થયા હતા.

શાંતનુ રાજા સમુદ્રરૂપ હતા, તેમની પત્નીને ગંગારૂપ માન્યા છે. ને ઉગ્રસેન રાજાનો ભાઇ દેવક ગંધર્વપતિ તરીકે, ભીષ્મ પિતામહ વસુરૂપે અને વિરાટ રાજા મરુદ્ગણ તરીકે કહેવાય છે. અરિષ્ટનેમિ દાનવોનો પુત્ર 'હંસ' નામે હતો, તેજ 'ધૃતરાષ્ટ્ર' તરીકે અવતર્યો હતો.

કૃપાચાર્ય ને કૃતવર્માને પણ કેટલાક મરુદ્ગણના જ અંશ કહે છે. કલિનો અંશ 'દુર્યોધન' અને દ્વાપરનો અંશ 'શકુનિ' હતો. ચન્દ્રનો પુત્ર સુવર્ચા તો 'સોમપ્રભુ' નામનો યાદવ કહેવાયો હતો. ધૃષ્ટદ્યુમ્ન અગ્નિનો અંશ અને શિખંડી રાક્ષસનો અંશ હતો. 'પ્રદ્યુમ્ન' સનત્કુમારનો અંશ અને દ્રુપદ વરૂણનો અંશ હતો. દ્રૌપદી તરીકે સ્વયં ભગવતી જગદમ્બા પધાર્યા હતા. દ્રૌપદીનાં પાંચ પુત્રો વિશ્વેદેવાના અંશ હતા. સિદ્ધિ, ધૃતિ અને મતિ એ ત્રણે દેવીઓ કુંતી, માદ્રી અને ગાંધારીરૂપે અવતરી હતી અને જેમને ભગવાન શ્રીકૃષ્ણની ધર્મપત્ની બનવાનું સૌભાગ્ય સાંપડયું હતું તે બધી સ્વર્ગની અપ્સરાઓ હતી. ઇન્દ્રના સંપર્કમાં રહેતા સર્વ દેવો પૃથ્વી પર આવી દુરાચારી બન્યા હતા અને પૃથ્વી પર ભાર વધારી રહ્યા હતા. શુક્રાચાર્યે પ્રેરેલા સર્વ અસુરો રાજાઓ થયા હતા. 'શિશુપાળ' હિરણ્યકશિપુનો અંશ કહેવાતો હતો. 'જરાસંધ' વિપ્રચિત દાનવ હતો. શલ્ય રાજા પ્રહ્લાદ બન્યા હતા.

હયશિરાએ કેશીનો જન્મ મેળવ્યો, ગોકુળમાં બળદરૂપે મરાયેલો અરિષ્ટાસુર તે બલિનો પુત્ર હતો, પ્રલંબાસુર તે લંબદૈત્ય હતો અને ગર્દભાસુર તે ખર દૈત્ય હતો, 'વારાહ' તથા 'કિશોર' નામના દૈત્યો જ કંસના દરબારમાં ચાણૂર અને મુષ્ટિક નામના મલ્લરૂપે પ્રખ્યાત થયા હતા. દિતિનો પુત્ર અરિષ્ટાસુર 'કુવલયાપીડ' હાથીના નામે પ્રખ્યાત થયો હતો. બલિની પુત્રી રત્ના હતી તે 'પૂતના' બની અને એનો નાનો ભાઇ બકાસુર કહેવાયો. મહાબળવાન અશ્વત્થામાનો જન્મ 'યમ, રુદ્ર, કામ અને ક્રોધ' એ ચારેયના અંશથી થયો હતો.

જ્યારે બ્રહ્માદિ દેવો પ્રાર્થના માટે વિષ્ણુ પાસે ગયા હતા, ત્યારે વિષ્ણુએ તેઓને કાળો વાળ ને શેષનાગે ધોળો વાળ આપ્યો હતો. તે પછી પૃથ્વીનો ભાર ઉતારવા માટે કાળા કેશથી ભગવાન શ્રીકૃષ્ણ અને સફેદ વાળથી બલરામ પ્રકટ્યા હતા. જે મનુષ્ય આ અંશાવતારની કથા ભકિતભાવથી સાંભળે છે, તે સર્વ પાપોથી મુકિત મેળવી સ્વજનોથી વીંટળાઇ આનંદ મેળવે છે. ૫૨

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે
'દેવકીના છ પુત્રોનો પૂર્વજન્મ' નામનો
૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### કારાગારમાં શ્રીકૃષ્ણનો જન્મ

હતેષુપડ્સુ પુત્રેષુ દેવક્યા આગ્ર સેનિના ।
અસમેપાતતે ગર્ભે વચનાન્નારદસ્ય ચ ।।

વ્યાસ બોલ્યા : નારદે સમજાવ્યા પ્રમાણે કંસે લાંબો વિચાર કર્યા વિના દેવકીના છ પુત્રોને મારી નાખ્યા. પણ 'આઠમા ગર્ભથી ઉત્પન્ન થનારો બાળક જ મારો કાળ છે.' એવું એના મનમાં વસી ગયું હતું. યોગ્ય અવસર આવતાં ભગવાન શ્રીહરિ વસુદેવમાં પ્રવિષ્ટ થઇ લીલામાત્રથી દેવકીના ગર્ભમાં વિરાજ્યા. તે જ સમયે દેવી યોગમાયાએ દેવોનું કાર્ય સિધ્ધ કરવા પોતાની ઇચ્છાથી યશોદામાં પ્રવેશ કર્યો. એ વેળા રોહિણીના પુત્ર બલરામ ગોકુળમાં જન્મ્યા હતા. કેમકે કંસના ભયથી ત્રાસેલી તે રોહિણી એ વખતે ગોકુળમાં રહી હતી ત્યાં તેના ઉદરથી બલરામ પ્રકટ થઇ ચૂક્યા હતા. ત્યાર બાદ કંસે વસુદેવ–દેવકીને કારાગારમાં પૂરી ત્યાં કંસે ચોકી કરવા ઘણા સેવકો ગોઠવ્યા હતાં. સમય થતાં દેવોના કાર્યની સિદ્ધિ માટે ભગવાન વિષ્ણુ દેવકીના ગર્ભમાં પધાર્યા ત્યારે દેવસમૂહે તેમની સ્તુતિ કરી.

જેમ જેમ સમય નજીક આવતો ગયો તેમ તેમ કંસની ગભરામણ વધવા લાગી; તેણે બધા દાનવ સેવકોને કહ્યું કે 'કારાગારમાં બરાબર ચોકી રાખજો ને બાળક જન્મે કે તુરત જ ખબર આપજો.' થોડા સમય પછી તે પુત્ર જન્મવાનો સમય થયો.

કેટલીક વાર પછી દેવકીએ મધ્યરાત્રિએ પરમ અદ્ભુત બાળકને કારાગારમાં જન્મ આપ્યો. બાળકને જોઇ હર્ષિત થઇ દેવકીએ પતિને કહ્યું, 'હે સ્વામિન્ ! તમે પુત્રનું મુખ જોઇ લો,

પછી તેનું વદન જોવું દુર્લભ થઇ પડશે, કંસને ખબર પડશે કે તુરત જ તે અહીં આવી પુત્રને મારી નાખશે.'

વસુદેવે પુત્રને હાથમાં લઇ તેનું મુખ ધારીધારીને જોયું, પછી ચિંતામાં પડી ગયા કે હવે હું શું કરું? એવામાં આકાશવાણીએ કહ્યું : 'વસુદેવ, તમે સત્વર આ બાળકને લઇ ગોકુળમાં પહોંચી જાઓ, મેં કારાગારના રક્ષકોને નિદ્રાધીન બનાવી દીધા છે, વળી કારાગારના બધા દરવાજા ખુલ્લા થઇ ગયા છે એટલે જવા માટે તમને કોઇ અંતરાય નહિ નડે. તમે બાળકને છાબમાં રાખી યમુના પાર કરી તેને નંદના ભવનમાં મૂકી ત્યાંથી યોગમાયાને અહીં લઇ આવો.' આ પ્રમાણે આકાશવાણી સાંભળી વસુદેવ આશ્ચર્યચકિત થઇ ગયા. તેમણે બહાર જોયું તો રક્ષકો સૂઇ રહ્યા હતા અને કારાગારના બધાએ દરવાજા ખુલ્લા હતા. વસુદેવ એક છાબમાં બાળક મૂકીને કારાગારમાંથી નીકળી પડયા.

તેમને કોઇ જોઇ શકતું નહોતું, તે ઝડપથી યમુનાકિનારે ગયા, જોયું તો નદીમાં પૂર આવ્યું હતું. જળથી ભરપૂર નદીમાં ઉતરવું કેવી રીતે? પણ એવામાં જ નદીમાંનું જળ ઉતરીને કમરપૂર થઇ ગયું. આ બધી યોગમાયાની પ્રવૃત્તિ હતી. હવે વસુદેવ નદીમાં કમરપૂર પાણીમાં ઉતરીને ધીમે ધીમે સામે પાર જવા લાગ્યા, તેમને માથે રહેલી છાબમાં બાળસ્વરૂપે શ્રીકૃષ્ણ ભગવાન હતા. એટલે શેષનાગે આવીને તેમના ઉપર છાયા કરી હતી. સામે પાર ઉતરી વસુદેવ ઝડપથી નંદરાજાને આવાસે પહોંચી ગયા; બરાબર તેજ સમયે ત્યાં યોગમાયાના અંશથી દિવ્ય સ્વરૂપધારી દેવી યશોદાના ગર્ભમાં ઉત્પન્ન થઇ જન્મ પામ્યા.

દિવ્ય સ્વરૂપધારી યોગમાયા કન્યારૂપે હતા. વસુદેવ હાથમાં પુત્ર લઇને ઊભા હતા ત્યાં તો ભગવતીએ દાસીના રૂપે એ દિવ્ય કન્યાને લઇને વસુદેવને આપી અને તેમની પાસેનો પુત્ર લઇ યશોદા પાસે સુવાડી દીધો. વસુદેવ કન્યાને લઇ કારાગારમાં પહોંચી ગયા અને તે કન્યાને દેવકી પાસે સુવાડી દીધી.

પછી વસુદેવે પેલી કન્યાને કંસને આપી દીધી. કંસ તે કન્યાના પગ પકડી શિલા પર પછાડવા જાય ત્યાં તો એ દિવ્ય કન્યા તેના હાથમાંથી છટકીને આકાશમાં ચાલી ગઇ અને ત્યાં દિવ્ય રૂપ ધારણ કરી કંસને કહેવા લાગી : 'કંસ! મને મારી નાખવાથી તારું શું વળશે? તારો કાળ તો કયારનો જન્મી ચૂકયો છે, અને એ જ તને મારશે, તું કોઇ ઉપાયે ઉગરી શકીશ નહિ.'

આ સાંભળી કંસ આશ્ચર્ય પામતો અને ભયભીત થતો ત્યાંથી પોતાને મહેલે ચાલ્યો ગયો. તેના ગભરાટનો પાર નહોતો. તેણે તુરત જ પોતાની સેવામાં રહેતા દાનવો, બકાસુર, ધેનુકાસુર અને વત્સાસુરને બોલાવી આજ્ઞા કરી કે, 'મારો કાળ જન્મી ચૂકયો છે, પરંતુ તે કયાં છે તેની ખબર નથી, માટે જયાં જયાં

તરતનું જન્મેલું બાળક દેખાય તેને મારી નાખો. વળી પૂતનાને પણ ગોકુળમાં જન્મેલા બાળકને મારી નાખવા રવાના કરો.' આમ આજ્ઞા કરી કંસ અત્યંત વ્યાકુળ થઇ ગયો, કેમકે એને વારંવાર પોતાના શત્રુરૂપ શ્રીહરિનું સ્મરણ થઇ રહ્યું હતું. ૫૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'કારાગારમાં શ્રીકૃષ્ણનો જન્મ' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### શ્રીકૃષ્ણચરિત્ર સંક્ષિપ્ત

**વ્યાસ ઉવાચ**

**પ્રાતર્નંદગૃહે જાતઃ પુત્રજન્મમહોત્સવઃ ।**
**કિંવદન્યથ કંસેન શ્રુતા ચારમુખાદપિ ॥**

વ્યાસ બોલ્યા : બીજે દિવસે સવાર પડતાં જ નંદને ત્યાં ઉત્સવ ઉજવાયો એ ખબર કંસને પડી, આથી તેને સંદેહ થયો કે જરૂર મારો શત્રુ ગોકુળમાં જન્મ્યો હોવો જોઇએ. એણે નંદને ઘેર ઉછરી રહેલા શ્રીકૃષ્ણને મારી નાખવા પોતાના અસુર સેવકોને ગોકુળમાં મોકલ્યા પરંતુ તે બધાને શ્રીકૃષ્ણે હણી નાખ્યા. જ્યારે કંસને ખબર પડી કે શ્રીકૃષ્ણે માત્ર ટચલી આંગળીના આધારે ગોવર્ધન પર્વત અદ્ધર રાખ્યો હતો, ત્યારે તેને ખાતરી થઇ કે જરૂર શ્રીકૃષ્ણના હાથે મારો ઘાત થશે. પછી શ્રીકૃષ્ણને કપટથી મારી નાખવાની ઇચ્છાથી તેણે ધનુષ-યજ્ઞ યોજ્યો અને શ્રીકૃષ્ણ અને બલરામ યજ્ઞમાં ભાગ લે તે માટે ખાસ અક્રુરજીને મોકલ્યા અને અક્રુર શ્રીકૃષ્ણ અને બલરામને સમજાવી તેઓને રથમાં બેસાડી મથુરા લઇ આવ્યા.

મથુરામાં આવી બન્ને ભાઇઓમાંથી યજ્ઞમંડપ જોવાના બહાને શ્રીકૃષ્ણે કુવલયાપીડ હાથીને મારી નાખ્યો, પછી બન્ને ભાઇઓએ મળીને કંસના પ્રચંડ મલ્લો ચાણુર અને મુષ્ટિક તેમ જ શલ અને તોશલ નામના પહેલવાનોના પ્રાણ હર્યા, તે પછી શ્રીકૃષ્ણે કંસને સિંહાસન પરથી ખેંચી કાઢી પછાડીને તેનો વધ કર્યો. તે પછી માતા–પિતા દેવકી અને વસુદેવને બંધનમાંથી મુક્ત કરી એમને સુખ ઉપજાવ્યું. વસુદેવે બન્ને બાળકોને જનોઇ આપ્યા પછી બન્ને ભાઇઓ સાંદિપની ઋષિના આશ્રમમાં જઇ વિદ્યાભ્યાસ પૂર્ણ કરી પાછા મથુરા આવ્યા. આ વખતે બન્ને બાર વર્ષની ઉંમરના હતા, અને આટલી ઉંમરે શ્રીકૃષ્ણ મથુરાની રાજગાદી પર આરૂઢ થયા હતા. પણ થોડા સમય પછી કંસના સસરા જરાસંધે પોતાના જમાઇ કંસનું વેર વાળવા જબરા સૈન્ય સાથે મથુરા પર ચડાઇ કરી પણ શ્રીકૃષ્ણ અને બલરામે તેને હરાવીને પાછો કાઢયો. આવી રીતે હારેલા જરાસંધે સત્તરવાર મથુરા પર ચડાઇ કરી અને દરેક વખતે શ્રીકૃષ્ણે તેને હરાવીને તેના દાંત ખાટા કરી નાખ્યા.

થોડા સમય પછી મથુરાવાસીઓ શ્રીકૃષ્ણ અને બલરામને આગળ કરી પોતપોતાના પરિવાર સાથે મથુરાથી દ્વારકા આવી પહોંચ્યા અને સુખરૂપ

રહેવા લાગ્યા.

કેટલાક સમય બાદ શ્રીકૃષ્ણે શિશુપાલ માટેના સ્વયંવરમાંથી રુક્મિણીનું હરણ કર્યું અને રાક્ષસી વિવાહ વિધિથી તેને પરણ્યા, ત્યારબાદ જાંબવતી, સત્યભામા, મિત્રવિંદા, કાલિંદી, લક્ષ્મણા, ભદ્રા, સુંદરી, નાગ્નજિતિ વગેરે જુદી જુદી આઠ સ્ત્રીઓને શ્રીકૃષ્ણ પરણ્યા. સમય જતાં રુક્મિણીના ગર્ભથી પ્રદ્યુમ્નનો જન્મ થયો, પરંતુ શંબરાસુર સુતિકાગૃહમાંથી જ પ્રદ્યુમ્નને હરીને પોતાના નગરમાં લઇ ગયો અને તેને પોતાની પત્ની માયાવતી પાસે રાખ્યો. આ ખબર પડતાં જ શ્રીકૃષ્ણ ઘણા વ્યાકુળ થઇ ગયા, તેમણે ભગવતીદેવીનું શરણ લઇ વિવિધ સ્તોત્રોથી તેમની સ્તુતિ કરવા માંડી : હે માતા ! બદરિકાશ્રમમાં ધર્મપુત્રરૂપે તપ કરી મેં તમને પ્રસન્ન કર્યા હતાં અને મેં તમારું પૂજન કર્યું હતું. તે શું તમે વિસરી ગયાં ? હે માતા ! મારા પુત્ર પ્રદ્યુમ્નને કોઇ માયાથી હરી ગયું છે, તે અત્યારે ક્યાં હશે ? તમે તો સર્વ જાણનારા છો, તો મારું તે દુઃખ દૂર કરો. માતા, તમારા સામર્થ્યનો પાર નથી, તો મારા પર કૃપા કરી મારો પુત્ર પ્રદ્યુમ્ન જ્યાં હોય ત્યાંથી મારી પાસે લાવવા તત્પર થાઓ.'

વ્યાસે કહ્યું : ભગવાન શ્રીકૃષ્ણમાં ઘણું સામર્થ્ય હતું છતાં આ કાર્ય માટે તેમણે ભક્તિપૂર્વક ભગવતીની સ્તુતિ કરી એટલે તેમના પર પ્રસન્ન થઇ જગદમ્બા તેમની સમક્ષ પ્રકટ થયાં અને બોલ્યાં : 'દેવેશ્વર ! આમાં તમારે શોક કે ચિંતા કરવા જેવું નથી, કારણ કે પૂર્વજન્મના શાપને લીધે શંબરાસુર તમારા પુત્રને હરીને તેની પત્ની પાસે લઇ ગયો છે, તે ત્યાં કુશળ છે. જ્યારે તે ત્યાં સોળ વર્ષની વયનો થશે ત્યારે તે શંબરાસુરનો વધ કરી આપમેળે જ તમારી પાસે આવી પહોંચશે.'

શ્રીકૃષ્ણને આવાં વચનો કહીને જગદમ્બા–ભગવતી ચંડિકા ત્યાં અંતર્ધાન થઇ ગયાં, અને દેવીકૃપાથી શ્રીકૃષ્ણ પણ પુત્રનો શોક કરવો છોડી, સંદેહમુક્ત થઇ શાંતિથી રહ્યા. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે
'શ્રીકૃષ્ણચરિત્ર સંક્ષિપ્ત' નામનો
૨૪ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૨૫ મો

## શ્રીકૃષ્ણે શંકરની કરેલી સ્તુતિ

**રાજોવાચ**

**સંદેહો મે મુનિશ્રેષ્ઠ જાયતે વચનાત્તવ ।**
**વિષ્ણુવાશે ભગવતી દુઃખોત્પત્તિં વિલોકય ચ ॥**

જનમેજય રાજાએ પૂછ્યું : હે મુનિવર ! તમારા વચનોથી હું વિચારમાં પડી ગયો છું કે, શ્રીકૃષ્ણ તો નારાયણના અંશથી જન્મ્યા હતા, છતાં તેમના બાળકને શંબરાસુર કેમ હરી ગયો ?

વ્યાસે કહ્યું, માયાની શક્તિ એવી અનુપમ છે કે તે મનુષ્યોને મૂઢ બનાવી દે છે. એથી જ એ 'શાંભવી' તરીકે વિખ્યાત છે. એના પ્રભાવમાં સમસ્ત જગત આવી જાય છે ભગવાને માનવસ્વરૂપે પૃથ્વી પર પધારી માનવલીલા

કરી ઘણાં ઉત્તમ કાર્યો કર્યાં હતા. પ્રથમ કંસના ભયથી ભગવાન મથુરાથી ગોકુળમાં ગયા અને જરાસંધના ભયથી મથુરાથી દ્વારકા ગયા. તેમણે રુકિમણીનું હરણ કર્યું, પછી પોતાના પુત્ર પ્રદ્યુમ્નને શંબરાસુર હરી ગયો તેથી શોકાતુર થઇ ગયા, ને પાછા તેના શુભ સમાચાર મળતાં આનંદિત પણ થઇ ગયા. આ બધી સ્થળાંતરની અને હર્ષ-શોકની પરિસ્થિતિ શ્રીકૃષ્ણે લીલાથી કરી હતી, તે પછી સત્યભામાને વશ રહેલા શ્રીકૃષ્ણ તેની આજ્ઞાથી કલ્પવૃક્ષ લઇ આવવા માટે સ્વર્ગમાં ગયા હતા અને તે માટે સ્વર્ગના અધિપતિ ઇંદ્ર સાથે યુધ્ધ કરી કલ્પવૃક્ષને લઇ આવ્યા હતા.

તે જ પ્રભુ શ્રીકૃષ્ણ સત્યભામાનું અભિમાન જાળવી રાખવા ઝાડ સાથે બંધાયા હતા અને ત્યારે સત્યભામાએ પોતાના પતિ શ્રીકૃષ્ણને નારદજીને આપી દીધા હતા. જ્યારે નારદજીએ શ્રીકૃષ્ણને પાછા આપવાની ના પાડી ત્યારે સત્યભામાએ તેમના વજન જેટલું સુવર્ણ આપી ભગવાનને છોડાવ્યા હતા. જાંબવતીની પુત્રેચ્છા પૂર્ણ કરવા શ્રીકૃષ્ણ તુરત જ શિવભક્ત ઉપમન્યુ મુનિ પાસે ગયા હતા અને તેમને ગુરૂ કરી તેમની પાસેથી પાશુપતી દીક્ષા લઇ કઠિન તપ કર્યું હતું, છ માસના તપ પછી શંકરે પ્રસન્ન થઇ તેમને વરદાન આપ્યું કે, હે મહાબાહો! તમે તો એક પુત્રની ઇચ્છા રાખી રહ્યા છો, પરંતુ તમારે ત્યા ગણ્યા ગણાય નહિ એટલા બધા પુત્રો થશે. સોળહજાર ને પચાસ સુંદરી તમારી સ્ત્રીઓ થશે અને તે દરેક સ્ત્રીથી દશ દશ સંતાનની પ્રાપ્તિ થશે. શ્રેષ્ઠ ઉત્તમ મનુષ્ય તરીકે તમે સંસારમાં સુખરૂપ સો વર્ષનું જીવન વ્યતીત કર્યા પછી તમે સ્વધામ પધારશો.' આમ કહી ભગવાન શંકર અંતર્ધાન થઇ ગયા અને શ્રીકૃષ્ણ પણ ઉપમન્યુમુનિને પ્રણામ કરી દ્વારકા જતા રહ્યા. હે રાજન્! તમારા મનના સંદેહનું સમાધાન મેં સારી રીતે કર્યું છે, હવે બીજું શું જાણવાની ઇચ્છા છે? મેં તમને કહેલું આ પવિત્ર ઉપાખ્યાન પરમ પાવન, સનાતન તેમજ સર્વ પાપોનો નાશ કરનાર છે. આ દિવ્ય દેવી પુરાણને જે મનુષ્યો શ્રવણ કરે છે એના પાપ સમૂહોનો નાશ થાય છે ને અંતે ભગવતીના પરમ ધામમાં જાય છે.

સૂતે કહ્યું: આ શ્રીમદ્ દેવીભગવત નામનું પાંચમું પુરાણ વ્યાસ મુનિ પાસેથી વિસ્તારપૂર્વક મેં સાંભળ્યું છે. ૮૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે 'શ્રીકૃષ્ણે કરેલી શંકરની સ્તુતિ' નામનો ૨૫ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–સ્કંધ ચોથો સમાપ્ત

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः**



# કુષ્માણ્ડા

## સ્કંધ પાંચમો

# સ્કંધ પાંચમો

## અધ્યાય ૧ લો

### વિષ્ણુ કરતાં શિવ શ્રેષ્ઠ કેમ કહેવાયા ?

ઋષય ઊચુઃ

ભવતાકથિતં સૂત મહદાખ્યાનમુત્તમમ્ ।
કૃષ્ણસ્યચરિતં દિવ્યં સર્વપાતકનાશનમ્ ।।

ઋષિઓએ પૂછ્યું : હે સૂત ! તમે શ્રીકૃષ્ણનું દિવ્ય અને સર્વપાતકનો નાશ કરનાર આખ્યાન તો કહ્યું, પરંતુ આ સંક્ષિપ્ત કથામાં અમને એક સંદેહ થાય છેઃ શ્રીકૃષ્ણ વિષ્ણુના અંશાવતાર હતા, પોતે ઇશ્વર હતા છતાં તેમણે શિવ–પાર્વતીની આરાધના શા માટે કરી ?

સૂત બોલ્યા : તેના કારણ માટે મેં વ્યાસ મુનિ પાસેથી જે સાંભળ્યુ છે તે તમને કહું છું. વ્યાસ પાસેથી શ્રીકૃષ્ણનું વૃત્તાંત સાંભળી સંદેહ પામેલા જનમેજયે પૂછ્યું હતું : હે સત્યવતીના પુત્ર, દેવી ભગવતી સર્વનાં કારણ છે તેવું મેં જાણ્યું છતાં મારો સંદેહ દૂર થતો નથી. શ્રીકૃષ્ણે તપ કરીને શંકરને આરાધ્યા એથી મને ઘણું આશ્ચર્ય થાય છે. કારણ કે શ્રીકૃષ્ણ સર્વેશ્વર હોવા છતાં તેમણે મનુષ્યની જેમ તપ શા માટે કર્યું હતું ?

વ્યાસે કહ્યું : રાજન્ ! જનાર્દન શ્રીકૃષ્ણ દેવોના કાર્યની સિદ્ધિ માટે સમર્થ હતા છતાં તેમણે મનુષ્યદેહ ધરી, વડીલોનું પૂજન, ગુરુના ચરણોમાં વંદન બ્રાહ્મણો અને ગાયની સેવા, દેવોની આરાધના કરેલી, વળી મનુષ્યની જેમ હર્ષ–શોક, દીનતા, ક્ષોભ, કામભોગ વગેરે ભાવો યથાસમયે થયા કરતા હતા. વિષ્ણુના અંશાવતાર અને સમર્થ નારાયણ મુનિના અંશથી જન્મેલા શ્રીકૃષ્ણે સર્વેશ્વર શંકરને પૂજ્યા હતા. ૐ કારમાં 'અ'કાર, 'ઉ'કાર, 'મ'કાર અને અર્ધમાત્રા એવા ચાર વિભાગ છે. તેમાં અકાર 'બ્રહ્મા', ઉકાર 'વિષ્ણુ' અને મકાર 'શંકર' તથા અર્ધમાત્રા મહેશ્વરી દેવી છે. તેઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે એટલે શાસ્ત્રોમાં અર્ધમાત્રારૂપે રહેલા દેવીને સર્વથી શ્રેષ્ઠ કહ્યાં છે. આ રીતે જોતાં વિષ્ણુ કરતાં શિવ અને બ્રહ્મા કરતાં વિષ્ણુની અધિકતા છે. માટે શ્રીકૃષ્ણે શિવપૂજન અને શિવની આરાધના કરેલા એમાં સંશય રાખવા જેવું નથી. વળી શિવની ઉત્તમતામાં દેવીતત્ત્વ કારણરૂપ છે· યોગમાયાના પ્રભાવને લઇને યુગેયુગે વિષ્ણુના જે અવતારો થાય છે તેમાં પણ વિચારવા જેવું નથી. ગુપ્તસ્વરૂપે રહેલાં જે દેવી ધારે તે સમયે જગતનું સર્જન, પાલન અને સંહાર કરે છે તે જ દેવીભગવતી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને વિવિધ અવતારો લેવા રૂપ કષ્ટ ઉપજાવે છે. વળી તે જ દેવીએ સોળ હજાર ને પાંચસો સ્વરૂપવતી સ્ત્રીઓ નિમેષમાત્રમાં ઉત્પન્ન કરીને તેમ જ પોતાના અંશરૂપ જન્મેલી આઠ સુંદર સ્ત્રીઓને વશ શ્રીકૃષ્ણને રાખ્યા હતા. એટલે શ્રીકૃષ્ણનો દરેક વ્યવહાર ભગવતીની ઇચ્છા મુજબ હતો. બ્રહ્માથી લઇને વનસ્પતિ સુધીનું, દેવો, મનુષ્યો તથા પશુ–પક્ષીઓવાળું જગત

સર્વ યોગમાયાના વશમાં રહેલું છે. એ માયારૂપી બંધનથી બંધાઇને જ બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ આદિ ભ્રમણ કર્યા કરે છે, અને માયાની લીલાથી જાતે જ કરોળિયાની પેઠે બંધન પામે છે. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'વિષ્ણુ કરતાં શિવ શ્રેષ્ઠ કેમ કહેવાયા ?' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### મહિષાસુર અને રક્તબીજ

રાજોવાચ

યોગેશ્વર્યાઃ પ્રભાવોઽયં કથિતશ્ચાતિ વિસ્તરાત્ ।
શ્રુત્વા તચ્ચરિતં સ્વામિન્શ્રોતું કૌતૂહલં મમ ॥

જનમેજય રાજાએ પૂછ્યું : હે સ્વામિન્ ! આપે મને મહામાયા ભુવનેશ્વરીનો પ્રભાવ કહ્યો, તો તે દેવીચરિત્ર કહો.

વ્યાસે કહ્યું : રાજન્ ! જે ભાવિક શ્રદ્ધાવાન હોય તે ભગવતીની દિવ્ય કથા ન સાંભળે તો તેને મૂઢ જાણવો. અગાઉનું એક દૃષ્ટાંત છે : પૃથ્વી પર મહિષાસુર નામના રાજાનું શાસન હતું, આ મહિષાસુરે સુમેરુ પર્વત પર તપ કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી અમર થવાનું વરદાન માગ્યું હતું.

બ્રહ્માએ આ સાંભળી કહ્યું : 'જન્મે તે મરે અને મરે તે જન્મે, ખીલે તે ખરે અને ખરે તે ખીલે—એ બિલકુલ નિશ્ચિત છે. સમય આવતાં પ્રાણીમાત્ર મરણ પામે છે, મોટા મોટા પર્વતો અને સમુદ્રોનો પણ અંત નિશ્ચિત છે, માટે અમરત્વ સિવાય બીજું જે ઇચ્છે તે માગ.' ત્યારે મહિષાસુરે વિચારીને કહ્યું : પિતામહ ! દેવ, દાનવ કે માનવ એમાંના કોઈ પણ પુરુષથી હું મરું નહિ, પરંતુ સ્ત્રીથી મારું મૃત્યુ થાય.' બ્રહ્માએ કહ્યું 'તથાસ્તુ' તારી ઇચ્છા મુજબ પુરુષથી નહિ પણ સ્ત્રીથી તારું મૃત્યુ થશે. આમ કહી બ્રહ્મા અંતર્ધ્યાન થયા અને મહિષાસુર પણ પોતાના આવાસે જતો રહ્યો.

જનમેજયે પૂછ્યું : એ મહિષાસુર કોણ હતો ? કોનો પુત્ર હતો ? એની ઉત્પત્તિ કયા પ્રકારે થઇ હતી ? એને શા કારણથી મહિષ—પાંડાનું રૂપ મળ્યું હતું ?

વ્યાસે કહ્યું : રાજન્ ! દાનવ 'દનુ'ના પુત્રો 'રંભ' તથા 'કરંભ' નામથી પૃથ્વી પર વિખ્યાત હતા. તે બન્ને સંતાનરહિત હોવાથી તેમણે પંચનદના પવિત્ર જળમાં તપ કરવા વિચાર્યું. જે 'કરંભ' હતો તે પંચનદના જળમાં ડૂબીને ઉગ્ર તપ કરવા લાગ્યો. 'રંભ' હતો તે નદી બહાર વટ-વૃક્ષ નીચે તપ કરવા લાગ્યો. તેઓના તપમાં વિઘ્ન કરવા ઇન્દ્ર ભુંડ સ્વરૂપ લઇને પંચનદના જળમાં પેઠો અને જે કરંભ પાણીમાં રહીને તપ કરતો હતો તેના પગ પકડયા, આથી તે થોડી જ વારમાં મરણ પામ્યો. બહાર તપ કરી રહેલા રંભને ભાઇ 'કરંભ'ના મૃત્યુની જાણ થઇ એટલે ક્રોધાવેશમાં પોતાનું મસ્તક કાપી અગ્નિમાં હોમવા વિચાર્યું, તેણે જમણા હાથમાં ધારદાર તલવાર પકડી અને ડાબા હાથથી માથાના વાળ પકડયા પછી તેણે તલવારથી પોતાનું મસ્તક કાપવા માંડયું તો અગ્નિદેવે તેની

પાસે આવી કહ્યું : હે મૂઢ અસુર ! તું આવું મૂર્ખાઇભર્યું કામ કરવા કેમ તત્પર થયો છે? તારી જે ઇચ્છા હોય તે મને કહે.'

અગ્નિદેવના આશ્વાસન ભરેલા વચનો સાંભળી રંભે તલવાર મૂકી દઇ અગ્નિદેવને કહ્યું : 'હે દેવેશ્વર ! મારી ઇચ્છા મુજબ ત્રણે લોકને જીતે એવો સામર્થ્યવાન પુત્ર આપો. વળી તે ઇચ્છા પ્રમાણે રૂપ લેનારો અને દેવો, દાનવો કે મનુષ્યોથી ન જિતાય તેવો પરાક્રમી હોવો જોઇએ.' અગ્નિદેવે 'તથાસ્તુ' કહી કહ્યું, 'તું જે સ્ત્રીમાં ચિત્ત રાખીશ તે જ સ્ત્રીથી તને તેવો પુત્ર સાંપડશે.' આમ કહી અગ્નિદેવ અદ્રશ્ય થઇ ગયા, પછી તે દૈત્ય રંભ પ્રસન્ન થતો પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો. આ પશુભાવવાળા દૈત્યની નજર એક મહિષી–ભેંસ પર સ્થિર થઈ ને તેનામાં કામભાવ જાગ્યો. એ મહિષી–ભેંસ મદમત્ત હતી તેથી રંભ–દૈત્ય તેના પર આસકત થઇ ગયો ને રંભ દૈત્યથી તે મહિષિ ગર્ભવતી બની. થોડા સમય પછી કોઇ પાડો ફરતો ફરતો તે મહિષિ આગળ આવ્યો અને તેને જોતાં જ કામાંધ બનેલા તે પાડાએ મહિષિ પર આક્રમણ કર્યું.

આ દ્રશ્ય રંભ દૈત્યના જોવામાં આવતાં જ તે પાડાને મારવા માટે દોડયો તો તે ઝનુની પાડાએ તેની સામે ધસી આવી પોતાના બે અણિદાર શિંગડાંથી રંભના મર્મસ્થાનમાં પ્રહાર કર્યો, પરિણામે રંભ પૃથ્વી પર ઢળી પડયો ને તે મૃત્યુ પામ્યો. આ જોઇ પેલી ગર્ભવતિ મહિષિ ગભરાઇને એક વટવૃક્ષ નીચે ઊભેલા યક્ષોને શરણે ગઇ, તો પેલો મદમસ્ત પાડો પણ તેની પાછળ ત્યાં પહોંચી ગયો.

યક્ષોએ પોતાના શરણે આવેલી મહિષિનું રક્ષણ કરવા પાડા સાથે યુદ્ધ કર્યું ને તેમાં યક્ષોના હાથે તે પાડો મરાયો. આ યક્ષોને રંભ દૈત્ય ઉપર ઘણો ભાવ હતો તેથી તેના દેહને અગ્નિદાહ દેવા કાષ્ઠો ગોઠવી ચિતા બનાવી તેના પર રંભના મૃતદેહને ગોઠવ્યો, તો પેલી મહિષિ પણ પતિ પાછળ બળી મરવા તત્પર થઇ. તે ગર્ભવતી હતી તેથી યક્ષોએ તેને અટકાવવા ખૂબ પ્રયાસ કર્યા, પણ તે તો બળતી ચિતામાં કૂદી પડી, ને તે પણ બળવા લાગી. એવામાં એ ચિતામાંથી મહાબલી મહિષાસુર પ્રકટ થયો. તે પછી પુત્રની વાસનાવાળો રંભ પણ એક બીજું શરીર ધારણ કરી 'રકતબીજ'ના રૂપે ચિતામાંથી પ્રકટ થયો. આ પ્રમાણે 'રંભ' દૈત્યથી જ મહિષાસુર' અને 'રકતબીજ'ની ઉત્પત્તિ થઇ. તે પછી દાનવોએ આપસમાં મંત્રણા કરીને તેમના રાજા તરીકે મહિષાસુરનો અભિષેક કર્યો. આ મહિષાસુર વરદાન પામેલો તેથી દેવો, દાનવો કે મનુષ્યોથી મરે તેવો ન હતો. તેનું સર્વ વૃત્તાંત વિસ્તારથી મેં તમને કહ્યું.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'મહિષાસુર અને રકતબીજ' નામનો
૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### મહિષાસુરની યુદ્ધ માટે તત્પરતા

**વ્યાસ ઉવાચ**

**એવં સ મહિષો નામ દાનવો વરદર્પિતઃ ।**
**પ્રાપ્યરાજ્યંજગત્સર્વં વશંચક્રે મહાબલઃ ।।**

વ્યાસ બોલ્યા : મહિષાસુરે ઉગ્ર તપ કરીને વરદાન મેળવ્યું હતું તેથી તે દાનવરાજ અખિલ જગત પર એકચક્રી શાસન કરવા લાગ્યો.

હવે તેને સ્વર્ગ મેળવવાની ઇચ્છા થઇ અને યુદ્ધ કરવા માટે ઇન્દ્ર ઉપર એક દૂત મારફત સંદેશો મોકલ્યો. તેની આ હિંમત જોઇ ઇંદ્રે કહેવડાવ્યું : 'હે ભેંસના બચ્ચા, મહિષાસુર ! તારે લડવાની ઇચ્છા હોય તો સામે આવ.'

ઇંદ્રનો આવો સંદેશો સાંભળીને મહિષાસુર ક્રોધથી તમતમી ઊઠયો. તેણે પોતાના સેનાપતિ સહિત મુખ્ય દૈત્યોને બોલાવીને કહ્યું : 'ઇંદ્રે મારૂં અપમાન કર્યું છે અને યુદ્ધ કરવા તત્પરતા બતાવી છે, તેને પરાજિત કરો. મને ઇંદ્રનો જરાયે ભય નથી. હું ઇંદ્રને પરાજિત કરી તેના સ્વર્ગનો અધિપતિ બનીશ, સાથે સાથે વરૂણ, કુબેર, યમરાજ, અગ્નિ, ચંદ્ર સૂર્યને પણ પરાજિત કરી તેમને મારી સેવામાં રાખીશ.

જો આપણે સ્વર્ગ જીતીશું તો તમને પારિજાતકનાં ફૂલ સુંઘવા મળશે અને તમારી સેવા કરવા માટે દેવાંગનાઓ હાજર રહેશે. ત્યાં તમને રૂપરૂપના અંબારસમી અપ્સરાઓનાં નૃત્ય–ગાન સાંભળવા મળશે. આ બધા લાભો તમારે મેળવવા હોય તો દેવો સાથે લડવા માટે તૈયાર થઇ જાઓ. આપણે અહીંથી કુચ કરીએ તે પહેલાં બધાના રક્ષણાર્થે મોટો યજ્ઞ કરવાની મારી ઇચ્છા છે, તે માટે આપણા ગુરૂ શુક્રાચાર્યને બોલાવી તેમની પાસે યજ્ઞનો આરંભ કરાવીએ.'

હે રાજન્ ! હંમેશાં પાપકર્મોમાં રાચતો દાનવરાજ મહિષાસુર આ પ્રમાણે પોતાના તાબાના દૈત્યોને આદેશ આપી પોતાના મહેલમાં જતો રહ્યો. ૫૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'મહિષાસુરની યુદ્ધ માટે તત્પરતા' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### ઇંદ્રની બૃહસ્પતિ સાથે ચર્ચા–વિચારણા

**વ્યાસ ઉવાચ**

**ગતે દૂતે સુરેન્દ્રોઽપિ સમાહૂય સુરાનથ ।**
**યમવાયુધનાધ્યક્ષવરુણાનિદમૂચિવાન્ ।।**

વ્યાસ બોલ્યા : મહિષાસુરના દૂતના ગયા પછીથી સ્વર્ગમાં દેવરાજ ઇંદ્રે તુરત જ યમ, વરુણ, કુબેર આદિ દેવોને ભેગા કરી કહ્યું: 'હાલ મહિષાસુર નામનો દૈત્ય વરદાનને લીધે ખૂબ અભિમાની થઇ, સ્વર્ગ પ્રાપ્ત કરવા આપણી સાથે યુદ્ધ કરવા તત્પર થયો છે. તેણે તેના દૂત મારફત એવો સંદેશો મોકલ્યો છે, અને મેં તે અધમ દૈત્યનો પડકાર ઝીલી લીધો છે, માટે હવે આપણે શું પગલાં લેવા તેનો નિર્ણય કરવાનો છે.'

આમ વિચારણા કરી ઇન્દ્રે પોતાના એક ચતુર દૂતને મહિષાસુર અંગેની બાતમી લઇ આવવા રવાના કર્યો, ત્યાં જઇને દૂત ચતુરાઇથી બધી બાતમી

મેળવી ઇન્દ્ર પાસે આવ્યો અને મહિષાસુર વિષેની, તેના બળ વિષેની તેમજ સેનાની સંખ્યા વગેરે વિપુલ માહિતિ ઇન્દ્રને આપી. ત્યાર બાદ ઇન્દ્રે આ અંગે ચર્ચા-વિચારણા કરવા મંત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ દેવગુરૂ બૃહસ્પતિને બોલાવી કહ્યું : 'હે દેવગુરૂ ! એ મહિષાસુર મંત્રને જાણનારો, અનેક રૂપ બદલનારો ને નરજાતિથી મરે નહિ તેવા વરદાનવાળો છે, માટે તમારે એવી કાર્યવાહી કરવાની છે કે એની સર્વ શક્તિ કુંઠિત થઇ જાય. જેમ દાનવોના પક્ષમાં શુક્રાચાર્ય વિઘ્નો દૂર કરનારા છે, તેમ દેવોના પક્ષમાં તમારી સહાયથી જ કાર્ય સિદ્ધ થાય છે.'

ઇન્દ્રનું કહેવું સાંભળી દેવગુરૂ બૃહસ્પતિએ કહ્યું : 'દેવરાજ ઇન્દ્ર ! યુદ્ધમાં જય મળે કે પરાજય તે તો ભાગ્યને આધીન છે, કોઇ વેળા તો પુરૂષાર્થ કર્યા વિના આપોઆપ કાર્યમાં સફળતા મળે છે, તો પણ પુરૂષાર્થની ખાસ આવશ્યકતા છે. આપણી પાસે મોટું સૈન્ય, ચાણક્ય મંત્રીઓ, વિવિધ આયુધો, રથો, મંત્રો છે પરંતુ તે બધાં સાધનમાત્ર છે, એનાથી સફળતા મળશે એમ માનવું ભૂલ ભરેલું છે, કાર્યની સિદ્ધિ માટે ભાગ્યની સત્તા પ્રબળ છે. ભાગ્ય અનુકૂળ હોય તો જરૂર સિદ્ધિ મળે. માટે વિવેકી પુરૂષે ઉદ્યમમાં તત્પર રહેવું અને ધીરજ ધારણ કરવી. હે ઇન્દ્ર ! હાલ તો તમે મંત્રીઓ સાથે મંત્રણા કરી પ્રયત્ન કરવા કટિબદ્ધ બનો. અમે તેટલો યત્ન કરવામાં આવે છતાં પણ જે નિર્માણ થયેલું છે તે જ થઇને રહેશે. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'ઇન્દ્રની બૃહસ્પતિ સાથે ચર્ચા-વિચારણા' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત.

## અધ્યાય ૫ મો

### ઇન્દ્રનું દૈત્યોના સેનાપતિ સાથે યુદ્ધ

**વ્યાસ ઉવાચ**

ઇતિ શ્રુત્વા સહસ્રાક્ષઃપુનરાહ બૃહસ્પતિમ્ ।
યુદ્ધોદ્યોગં કરિષ્યામિ હ્યરેર્નાશનાય વૈ ।।

વ્યાસે કહ્યું : પોતાના ગુરૂ બૃહસ્પતિના વચનો સાંભળી ઇન્દ્ર સીધો બ્રહ્માની પાસે ગયો અને તેમને પ્રણામ કરી કહેવા લાગ્યો : 'પિતામહ ! મહિષાસુર નામનો પ્રચંડ દૈત્ય જે તેને મળેલા વરદાનથી અભિમાની બનીને સ્વર્ગ જીતી લેવા મારી સાથે લડવા આવી રહ્યો છે, તે ભયથી ડરીને હું આપના શરણે આવ્યો છું. માટે મને સહાયરૂપ થાઓ.' બ્રહ્માએ ઇન્દ્રને કહ્યું, 'આ અંગે આપણે બધા કૈલાસધામમાં ભગવાન શંકર પાસે જઇએ અને તેમની પાસેથી માર્ગદર્શન લઇએ.' આ સાંભળી દેવરાજ ઇન્દ્ર બ્રહ્માની આગેવાની નીચે બીજા દેવો તથા લોકપાલોને લઇ કૈલાસધામમાં ગયો ને ત્યાં વૈદિકમંત્રોથી સ્તુતિ કરી ભગવાન શંકરને પ્રસન્ન કરી બધી હકીકત જણાવી, તો શંકરે આ માટે વિષ્ણુની સલાહ લેવાનું સૂચન કર્યું. બધા વિષ્ણુ પાસે ગયા. ઇન્દ્રે સ્તુતિ કરી ભગવાન વિષ્ણુને મહિષાસુરનું સર્વ વૃત્તાંત કહ્યું એટલે વિષ્ણુએ યુદ્ધ કરવાની સલાહ આપી

કહ્યું : 'આપણે બધાયે દેવો મળીને મહિષાસુર સાથે એવું યુદ્ધ કરો કે તેમાં બધાયે દાનવો રોળાઇ જાય.'

અને બધા દેવો યુદ્ધની તૈયારીમાં પડયા. વિષ્ણુ, બ્રહ્મા, શંકર વગેરે પ્રમુખ દેવો પોતપોતાના વાહન પર બેસી ગણો સાથે લઈ યુદ્ધ માટે નીકળી પડયા. તેમાં બ્રહ્મા હંસ પર વિરાજ્યા હતા, ઇન્દ્ર ઐરાવત હાથી પર આરૂઢ થયો હતો, કાર્તિકેય સ્વામી મયુર પર વિરાજ્યા હતા. અને યમરાજ પાડા પર વિરાજ્યા હતા. આમ દેવોનું મોટું સૈન્ય મહિષાસુર સામે લડવા જઇ રહ્યું હતું ત્યાં અધવચ્ચે મહિષાસુરની આગેવાની નીચે પ્રચંડ પોકારો કરતું દાનવોનું સૈન્ય મળ્યું. અને જોતજોતામાં બન્ને પક્ષે જોરદાર યુદ્ધ શરૂ થઈ ગયું, બન્ને પક્ષવાળા વિવિધ આયુધો વડે લડતા હતા તેથી બન્ને પક્ષે બહુ જ ખુવારી થતી હતી.

યુદ્ધમાં અસંખ્ય દૈત્યો અને મુખ્ય યોદ્ધાઓ મરાયા હતા છતાં મહિષાસુર યુદ્ધને છોડતો નહોતો. તેણે હવે 'તામ્ર' નામના પરાક્રમી યોદ્ધાને ઇંદ્ર સામે લડવા મોકલ્યો. તેણે તો જતાંની સાથે જ દેવોના પક્ષ પર બાણોનો વરસાદ વરસાવી દીધો. તેને જોરમાં આવેલો જોઈ વરૂણ અને યમરાજા પોતાના આયુધો 'પાશ' અને 'દંડ' લઇ દાનવસૈન્ય પર તૂટી પડયા.

અને પુનઃ દેવો ને દાનવો વચ્ચે ઘોર યુદ્ધ જામ્યું, પરંતુ મહાબાહુ દાનવ 'તામ્ર' યુદ્ધના મોખરે રહેલા દેવો ઉપર પોતાના તિક્ષ્ણ બાણો છોડવા લાગ્યો, એટલે બધા દેવોએ મળીને તેના પર એટલાં બધાં બાણો છોડયાં કે તે ઘાયલ થઇ મૂર્છા પામ્યો. આથી અસુરોના સૈન્યમાં મોટો હાહાકાર અને કોલાહલ મચી ગયો.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'ઇન્દ્રનું દૈત્યસેનાપતિ સાથે યુદ્ધ' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### મહિષાસુર સામે દેવો યુદ્ધે ચડયા

**વ્યાસ ઉવાચ :**

**તામ્રંકથ મૂર્છિતે દૈત્યે મહિષઃ ક્રોધસંતઃ ।**
**સમુદ્યમ્ય ગદાં ગુર્વીં દેવાનુપ જગામ હ ॥**

વ્યાસ બોલ્યા : પોતાના મુખ્ય અસુરો સહિત તામ્ર અસુર ઘાયલ થઇ મૂર્છા પામવાથી મહિષાસુર દેવો પર ખૂબ ક્રોધે ભરાયો અને તે વિચિત્ર દેહવાળો, ગદા ઉગામતો દેવોના સૈન્ય નજીક જઇ ઇન્દ્ર પાસે ધસી જઇ ઇન્દ્રના ખભા પર પોતાની પ્રચંડ ગદાનો પ્રહાર કર્યો ત્યારે સાવધાન રહેલા ઇન્દ્રે પોતાના આયુધ વજ્રથી એની ગદાના ચુરેચુરા કરી નાંખ્યા, અને તલવાર વડે મહિષાસુરને મારી નાખવા ધસ્યો તો મહિષાસુરે પણ તલવાર ખેંચી તેનો સામનો કરવા માંડયો. બન્ને વિવિધ આયુધોનો ઉપયોગ લડવામાં કરવા લાગ્યા પણ કોઇ થાકતું નહોતું. હવે મહિષાસુરે સર્વનો નાશ કરનારી શાબરીમાયા ઉત્પન્ન કરી

એટલે યુદ્ધભૂમિમાં મહિષાસુર જેવા અસંખ્ય મહિષાસુરો વિવિધ આયુધોથી દેવો સાથે લડતા દેખાયા! આ જોઇ દેવો વિસ્મય પામ્યા ને પછી ગભરાઇને નાસી જવા તૈયાર થયા એટલે ત્યાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પોતાના વાહનો પર બેસી આવ્યા ને શંકરનું સ્મરણ કરવા લાગ્યા.

વિષ્ણુએ આ માયાવી મહિષાસુરો જોઇ પોતાનું તેજસ્વી સુદર્શન ચક્ર છોડયું, એટલે તેના પ્રખર તેજથી માયા નાશ પામી, આથી મહિષાસુર વધુ ક્રોધે ભરાઇ લોખંડી મગદળ લઇ પોતાના મહાબળવાન યોદ્ધાઓ સાથે દેવોના સૈન્ય ઉપર ધસી ગયો, અને દેવોને ચારે તરફથી ઘેરી લઇ તેમના તરફ બાણની વૃષ્ટિ કરવા માંડી. દેવોએ પણ સામા બાણો છોડી તેમનો જોરદાર સામનો કરવા માંડયો. થોડી વાર પછી વિષ્ણુ તથા શંકર સાથે મહિષાસુર અને બીજા દાનવ યોદ્ધાઓ વચ્ચે તુમુલ યુદ્ધ ખેલાયું.

યુદ્ધભૂમિમાં મહિષાસુર પાડાના સ્વરૂપે પૂછડું ઉછાળતો અને શિંગડા ઉગામતો પ્રચંડ ગર્જના કરવા લાગ્યો ત્યારે તેના અવાજને દાબી દેવા વિષ્ણુએ જોરજોરથી પાંચજન્ય શંખ ફુંકયો ત્યારે એ શંખના કઠોર અવાજથી દાનવો ભયથી ત્રાસ પામ્યા, જયારે દેવો તથા ઋષિ-મુનિઓ રાજી થયા. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'મહિષાસુર સામે દેવો યુદ્ધે ચડયા' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### મહિષાસુરે સ્વર્ગ કબ્જે કર્યું

**વ્યાસ ઉવાચ**

**અસુરાન મહિષો દ્રષ્ટવા વિષણ્ણ મનસસ્તદા ।**
**ત્યકત્વા તન્માહિષં રૂપં બભૂવ મૃગરાડસૌ ।।**

વ્યાસે કહ્યું : તે સમયે પોતાના પક્ષના અસુરોને વ્યાકુળ મનવાળા જોઇ પાડાના રૂપે રહેલા મહિષાસુરે સિંહનું રૂપ લીધું. સિંહરૂપે તે કેશવાળી ધુણાવતા ઘોર ગર્જના કરી એકદમ દેવોની સેનામાં ધુસી ગયો, તો વિષ્ણુએ સુદર્શન ચક્રથી તેને ઘાયલ કર્યો. મહિષાસુરે સિંહનું રૂપ છોડી પાડાનું રૂપ લઇ તેણે શિંગડાથી વિષ્ણુને ઘાયલ કરવા માંડયાં. આથી વિષ્ણુ પીડા સહન નહિ થવાથી પોતાના લોકમાં જતા રહ્યા. વિષ્ણુને જતા જોઇ બ્રહ્મા અને શંકર પણ યુદ્ધભુમિ છોડીને જતા રહ્યા, પરંતુ તેમના જવાથી ઇન્દ્ર હિંમત હાર્યો નહિ. તે તો હાથમાં વજ્ર લઇ લડવા માટે મેદાનમાં મોખરે ઊભો હતો, તેના પડખે હાથમાં શકિત લઇ વરુણ ઊભા હતા. પછી તો કુબેર અને અગ્નિદેવ પણ ઇન્દ્રને સહાય કરવા તત્પર થયા અને નક્ષત્રોના અધિપતિ ચંદ્ર અને સૂર્ય પણ તેમની પાસે હાજર થઇ ગયા.

હવે તો દૈત્યોની સેના પણ ત્યાં આવી પહોંચી. પાડાના સ્વરૂપે રહેલ મહિષાસુર વારંવાર હુંકારા કરતો હતો તેથી દૈત્યો પણ જાતજાતના અવાજો કરી દેવોને લડવા માટે ઉશ્કેરવા લાગ્યા. અને થોડી જ વારમાં દેવો અને દાનવો વચ્ચે

ભયંકર યુદ્ધનું પુનઃ મંડાણ થયું. ખૂન્નઝેરમાં આવેલો પાડાના સ્વરૂપે રહેલો મહિષાસુર પોતાનાં શિંગડાઓથી મોટા પર્વતોના શિખરો ઉખાડીને દેવસેના પર ફેંકતો હતો આથી ઘણા દેવો ઘાયલ થયા હતા. પછી તે રાક્ષસે પૂંછડું ઘુમાવી દેવસેનામાં ધસારો કર્યો. ત્યાં તેણે પોતાની ખરીઓ અને પૂંછડાના પ્રહારો કરીને ઘણાં દેવગણોને મારી નાખ્યા. આથી દેવગણો ગભરાયા, અને ઇન્દ્ર પણ ગભરાઇને યુદ્ધભૂમિમાંથી પીછેહઠ કરી ભાગી ગયો. રાક્ષસોએ વિજયનાદ કરી વાતાવરણ ગજાવી મૂક્યું. વિજયના ઉન્માદ વચ્ચે મહિષાસુર પોતાના આવાસમાં જતો રહ્યો.

આ યુદ્ધમાં મહિષાસુરે ઇન્દ્રનો ઐરાવત (હાથી), કામધેનુ (ગાય) અને ઉચ્ચૈઃશ્રવા (અશ્વ) કબ્જે કર્યા હતા, આથી તેણે હવે ઉત્તમ એવા સ્વર્ગ પર ચડાઇ કરવાનું નક્કી કર્યું, અને ટુંક સમયમાં મહિષાસુર રાક્ષસોની પ્રચંડ સેના લઇ ઇન્દ્ર સાથે લડવા નીકળ્યો. દેવોને ખબર પડી કે મહિષાસુર મોટી સેના સાથે સ્વર્ગનો કબ્જો લેવા આવી રહ્યો છે, તેથી દેવો સ્વર્ગમાંથી આડા-અવળા જતા રહ્યા. હજુ મહિષાસુર સેના સાથે આવ્યો પણ નહોતો, ત્યાં તો આખું સ્વર્ગ ખાલી થઇ ગયું હતું. એવામાં મહિષાસુર સ્વર્ગ ઉપર ચડી આવ્યો, દેવોને ગભરાઇને નાસી ગયેલા જોઇ તેણે અટ્ટહાસ્ય કર્યું. પછી તે સ્વર્ગનો કબ્જો લઇ પોતે ઇન્દ્રના સિંહાસન પર બેઠો અને મુખ્ય અસુરોને જ્યાં બીજા દેવો બેસતા હતા તે સ્થાન પર બેસાડયા.

દેવો સાથે સો વર્ષ યુદ્ધ લડયા પછી દેવોને પરાજિત કરી મહિષાસુર સ્વર્ગનો ઇન્દ્ર બન્યો. દેવો તો રાક્ષસોના ભયથી સ્વર્ગથી દૂર આવેલા પર્વતોની ગુફામાં ભરાઇ રહ્યા હતા, તે પારાવાર કષ્ટ ભોગવવા લાગ્યા.

હે રાજન્ ! દેવોથી દુઃખ સહન ન થવાથી તેઓ કંઇ ઉપાય કરવા બ્રહ્માને શરણે ગયા. આ સમયે પ્રજાપતિ બ્રહ્મા વેદો રચી રહ્યા હતા. ત્યાં આગળ મુખ્ય દેવોએ આવી બ્રહ્માને પ્રણામ કરી, સ્તુતિ કરીને કહ્યું : 'હે બ્રહ્મન્ ! આપ તો સઘળાં કષ્ટોને નિવારનારા છો. આપને ખબર હશે કે મહિષાસુર નામના અસુરે અમો દેવોને યુદ્ધમાં પરાજિત કરી સ્વર્ગનો કબ્જો લીધો છે અને પોતે ઇન્દ્રાસન પર બેસી ઇન્દ્ર બની સત્તા ચલાવી રહ્યો છે. અમો બધા દેવો તેના ભયથી પર્વતોની ગુફામાં રહી અત્યંત કષ્ટ ભોગવી રહ્યા છીએ, આપ સર્વજ્ઞ આ બધું જાણવા છતાં અમારા પર કૃપાવંત કેમ થતા નથી ? આપ જ અમારા રક્ષક હોવાથી અમે આપને શરણે આવ્યા છીએ....'

બ્રહ્માએ કહ્યું : 'હું બધું ય જાણું છું અને તમારા ઉપર મને દયા પણ આવે

છે, પરંતુ આમાં હું કંઈ કરી શકું તેમ નથી. કારણ કે વરદાન પામેલો મહિષાસુર કોઈ પુરૂષથી મરાશે નહિ, સ્ત્રીના હાથે જ તેનું મૃત્યુ નિર્માણ થયેલું છે. આ માટે તમે બધા મારી સાથે કૈલાસમાં ચાલો, ત્યાં ભગવાન શંકરને બધું વૃત્તાંત કહી તેમની સાથે વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન પાસે જઈએ.' જ્યારે બ્રહ્મા, બીજા દેવો સહિત કૈલાસમાં પહોંચ્યાં ત્યારે સદાશિવ અગાઉથી ખબર પડવાથી તેમની રાહ જોતા જ બેઠા હતા. દેવોએ તેમને મહિષાસુરના ત્રાસની વાત કહી.

આથી શંકર ભગવાન બ્રહ્માને કહેવા લાગ્યા: 'વિભો! આ બધું આપના જ કારણે થયું છે. આપે મહિષાસુરને વરદાન આપ્યું છે કે તે 'પુરૂષથી ન મરે, પણ સ્ત્રીથી તેનું મૃત્યુ થાય.' તો એને મારી શકે એવી પ્રબળ સ્ત્રી કોણ છે? આપણી સ્ત્રીઓ....દેવીઓ એવા અસુરો સામે લડી શકે નહિ, કારણ કે તેમાંથી કોઈ યુદ્ધકળા જાણતી નથી, તો બીજી કઈ સ્ત્રી એવી શકિતશાળી છે કે જે અસુર મહિષાસુર સાથે યુદ્ધ કરી તેને મારી શકે? એટલે આ મોટી મુંઝવણનો ઉકેલ લાવવા માટે આપણે બધા વૈકુંઠમાં વિષ્ણુ પાસે જઈએ અને પ્રાર્થના દ્વારા દેવોનું કાર્ય કરવા માટે તેમને ઉત્સાહિત કરીએ, તેઓ બુદ્ધિથી અગર પ્રપંચથી કંઈ માર્ગ શોધી કાઢશે.' ભગવાન શંકરનું કહેવું બ્રહ્માદિ દેવોને યોગ્ય લાગતાં સૌ ભગવાન વિષ્ણુ પાસે જવા નીકળ્યા. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'મહિષાસુરે સ્વર્ગ કબ્જે કર્યું'' નામનો
૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### જગદંબિકાનું પ્રાકટ્ય

**વ્યાસ ઉવાચ:**

તરસા તેડથ સંપ્રાપ્ય વૈકુંઠ-
વિષ્ણુ વલ્લભમ્ ।
દદશુઃ સર્વ શોભાઢયં-
દિવ્યગૃહ વિરાજિતમ્ ॥

વ્યાસ બોલ્યા: કૈલાસથી નીકળેલા સર્વે દેવો અત્યંત રમણિય ને વિષ્ણુને પ્રિય વૈકુંઠધામમાં પહોંચ્યા.

વિષ્ણુ ભગવાને બધાને બેસવા આસન આપી વૈકુંઠમાં આવવાનું ખાસ કારણ પૂછ્યું તો દેવોએ મહિષાસુરનું સર્વ વૃત્તાંત જણાવી કહ્યું: 'એ મહિષાસુર વરદાનથી ઘમંડી બન્યો છે. એનો ઘમંડ ઉતારવા માત્ર તમે જ સમર્થ છો. બ્રહ્માએ જ એને વરદાન આપ્યું છે કે: 'તને કોઈ પણ પુરૂષ મારી શકશે નહિ.' પરંતુ એવી કોણ સ્ત્રી છે જે એ અસુરને યુદ્ધમાં હણે? માટે આપ કૃપા કરીને આ અભિમાની અસુરનો નાશ કયા પ્રકારે થાય તે વિચારી દેવોને સંકટથી મુકત કરો.'

દેવોની પ્રાર્થના સાંભળી ભગવાન વિષ્ણુએ કહ્યું: 'એ મહિષાસુર માયાવી છે, એટલે બધા દેવોના સમુહ તેજથી—આપણા બધાની એકત્રિત શક્તિના

અંશથી કોઇ તેજસ્વી દેવી પ્રકટે તો જ તેનાથી મહિષાસુર હણાય. આપણા સામુહિક બળ અને તેજથી પ્રકટેલા તે દેવી દિવ્ય આયુધોથી અવશ્ય તે દુષ્ટાત્માનો સંહાર કરશે.' ભગવાન વિષ્ણુ આગળ કંઇ કહે તે પહેલાં જ બ્રહ્માના શરીરમાંથી ત્યાં લાલ વર્ણનો, અતિ પ્રકાશમાન, સુંદર અવયવોવાળો, અસંખ્ય કિરણોની આભાવાળો એક મહાન તેજપૂંજ પ્રકટયો. થોડીવાર પછી ભગવાન શંકરના દેહમાંથી એક અદ્‌ભુત ગૌરવર્ણનું ભયંકર તેજ પ્રકટયું, જાણે તમોગુણથી વ્યાપ્ત કોઇ પર્વત પ્રકટયો હોય તેવી વિશાળ તેની આકૃતિ હતી. થોડીવાર પછી વિષ્ણુનાં શરીરમાંથી પણ તેજસમૂહ નીકળ્યો. તે શ્યામવર્ણનો અત્યંત પ્રકાશિત હતો, અને તેજમાં સત્ત્વગુણ મુખ્ય હતો. પછી ત્યાં રહેલા ઇન્દ્ર, વરૂણ, યમ અને અગ્નિના શરીરમાંથી ભિન્ન ભિન્ન તેજ પ્રકટયું અને ત્યાં હાજર રહેલા અન્ય દેવોના શરીરમાંથી તેજનો પ્રાદુર્ભાવ થયો. આ બધું છૂટું તેજ એકાએક એકત્ર થઇ તેનો એક પ્રજ્વલિત તેજપુંજ થઇ ગયો, તે જોઇ દેવો આશ્ચર્ય અનુભવી રહ્યા હતા, અને તેમને વધુ આશ્ચર્ય ત્યારે થયું કે જ્યારે તેમના દેખતાં જ તે તેજપુંજ એક અત્યંત સુંદર દિવ્ય સ્ત્રીરૂપે થઇ ગયો! સર્વ દેવોના તેજસમૂહથી પ્રકટેલાં તે દેવી ત્રણ વર્ણના અને અઢાર ભુજાઓવાળાં હતાં. આજ દેવી ભગવતી મહાલક્ષ્મી થયા. મહિષાસુરનો વધ કરવા પ્રગટેલા તે દેવી સર્વાંગ સુંદર, આભુષણો અને આયુધો રહિત, અઢાર હાથવાળાં હતાં, છતાં સમય પર તે હજાર હાથવાળાં પણ થઇ જતાં હતાં.

વ્યાસે આગળ કહ્યું: હે કુરુશ્રેષ્ઠ! તે દિવ્ય દેવીનું ચરિત્ર હવે આપને મારી બુદ્ધિ અનુસાર કહું છું:

ભગવતી દેવી નિત્ય સ્વરૂપ છે, સદા સર્વત્ર વિરાજમાન રહે છે. તેઓ એક રૂપવાળાં હોવા છતાં દેવોના કાર્યની સિદ્ધિ અર્થે સમય અનુસાર અનેક પ્રકારનાં રૂપો ધરે છે. જેમ નટનું એક જ રૂપ અને એક જ સ્વભાવ હોય છે તેમ છતાં લોકોને પ્રસન્ન કરવા માટે રંગમંચ પર જાતજાતના વેષ લઇ પાઠ કરે છે, તેમ જ ભગવતી જુદાં જુદાં સ્વરૂપે પોતાની લીલાથી સગુણરૂપ ધારણ કરી લે છે. અને જેવું કાર્ય કરે છે તેવા જ તેનાં નામ પડે છે. હવે દેવોના તેજથી દેવીનું જે પ્રાકટ્ય થયું તે વિષે કહું છું. ભગવાન શંકરના તેજથી દેવીનું મનોહર મુખમંડળ થયું, યમના તેજથી દેવીના મસ્તકના લાંબા, શ્યામલ અને સુંવાળા કેશ થયા, અગ્નિના તેજથી કૃષ્ણ, રક્ત અને શ્વેત–એ ત્રણે વર્ણવાળા ત્રણ નેત્રો થયાં. દેવીના નયનો ઉપરની સુંદર ભ્રમરો જાણે કામદેવનું ધનુષ હોય તેવી લાગતી હતી, વાયુના તેજથી કાન, કુબેરના તેજથી સુંદર નાસિકા, વરુણના તેજથી પરવાળાંસમ અધરોષ્ઠ, વિષ્ણુના

તેજથી અઢાર હાથ, વસુઓના તેજથી બન્ને સ્તનો અને ઇન્દ્રના તેજથી કટિ-પ્રદેશ, વરુણના તેજથી જંઘાઓ અને પિંડલીયો તથા પૃથ્વીના તેજથી નિતંબ પ્રદેશ થયો હતો. આ રીતે સર્વ તેજ-પૂંજ મળી જવાથી સર્વાંગ સુંદર આકારવાળાં તે દેવી પ્રકટયા. મનોહર અંગવાળાં આ દેવીનો સ્વર મધુર હતો. એ દેવીને જોઇ મહિષાસુરના ઉત્પાતથી ત્રાસી ગયેલા દેવો આનંદિત થઇ ગયા.

ભગવાન વિષ્ણુએ પછી સર્વ દેવોને કહ્યું: હવે તમે બધા આ દિવ્ય દેવીને તમારા સઘળાં આભુષણો તથા ઉત્તમ આયુધો આપો, વળી તમારા આયુધો-માંથી જાતજાતના તેજસ્વી હથિયારો ઉત્પન્ન કરી દેવીને અર્પણ કરો. ૭૯

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'જગદંબિકાનું પ્રાકટ્ય' નામનો
૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### દેવોએ દેવીને અર્પણ કરેલાં આયુધો

વ્યાસ ઉવાચ:

દેવાવચણવચઃ શ્રુત્વા સર્વે પ્રમુદિતા સ્તદા ।
દદુશ્ચ ભૂષણાન્યાશુ વસ્ત્રાણિ સ્વાયુધાનિ ચ ॥

વ્યાસજીએ કહ્યું: ભગવાન વિષ્ણુના આદેશથી દેવોએ સહર્ષ પોતાનાં આભુ-ષણો તથા દિવ્ય આયુધો દેવીને આપ્યાં, ઉપરાંત દેવીના પ્રાકટયથી પ્રસન્ન થયેલા ક્ષીરસમુદ્રે સૂક્ષ્મ, રાતાં વર્ણનાં અને કયારેય જુનાં ન થાય તેવાં બે દિવ્ય વસ્ત્રો સહિત એક ચમકતાં હાર ઉપરાંત દિવ્ય ચુડામણિ, બે કુંડલ તથા કડાં દેવીને આપ્યાં, ત્વષ્ટાએ મધુર રણકાર કરતાં નુપૂર, ગળાનો હાર અને રત્ન-જડિત વિંટીઓ વગેરે અલંકારો આપ્યાં. વરૂણે કયારેય કરમાય નહિ એવી કમ-ળનાં પુષ્પોની સુવાસિત 'વૈજયંતી માળા' આપી. હિમાલયે દેવીને સવારી કરવા માટે સુવર્ણના વર્ણનો લાંબી કેશવાળી ધરાવતો સિંહ આપ્યો. દેવીએ તે બધાં આભુષણો ધારણ કરી લીધા. પછી તે બધાં આભુષણો ધારણ કરેલાં તે સર્વેશ્વરી દેવી સિંહ ઉપર બેઠાં ત્યારે ઘણાં જ આકર્ષક લાગતાં હતાં.

હવે દેવીને આયુધો ધારણ કરાવ-વાનાં હતાં. પ્રથમ વિષ્ણુએ પોતાના ઉત્તમ ચક્રમાંથી એક આકર્ષક ચક્ર ઉત્પન્ન કરી દેવીને આપ્યું. ભગવાન શંકરે પોતાના અદ્દભુત ત્રિશુળમાંથી એક ત્રિશુળ ઉત્પન્ન કરી દેવીને આપ્યું, અગ્નિએ અસંખ્ય અસુરોનો વિનાશ કરનારી, મન જેવા વેગવાળી શકિત આપી, વાયુએ બાણથી ભરેલું ભાથું ને કઠોર ટંકાર કરે એવું ધનુષ આપ્યું, ઇન્દ્રે પોતાના વજ્રમાંથી બીજું વજ્ર ઉત્પન્ન કરીને આપ્યું અને ઐરાવ-તને બાંધેલી મધુર અવાજ કરતી ઘંટા ઉતારી દેવીને આપી, યમદેવ જેના દ્વારા પ્રાણીઓનો નાશ કરે છે તે કાળ-દંડમાંથી બીજો દંડ ઉત્પન્ન કરી દેવીની ઇચ્છા મુજબ આપ્યો. બ્રહ્માએ ગંગા-જળ ભરેલું દિવ્ય કમંડળ આપ્યું, વરૂણે પાશ આપ્યો. દેવીને ઢાલ અને

તલવાર કાળે આપ્યાં. વિશ્વકર્માએ ધારદાર ફરશી આપી, કુબેરે સુવર્ણનું મધુથી ભરેલું પાત્ર આપ્યું, વરૂણે વળી સહુના મનને હરી લે તેવો કમળનો હાર આપ્યો. ત્વષ્ટાએ વારંવાર અવાજ કરતી ઘંટડીઓવાળી એક અદ્ભુત દિવ્ય ગદા આપી; ઉપરાંત વિવિધ અસ્ત્રો સહિત અભેદ્ય કવચ આપ્યું, સૂર્યે પોતાનાં કિરણો આપ્યાં. દેવીએ પુનઃ વધારાનાં આભૂષણો તથા આયુધો ધારણ કર્યાં ત્યારે ત્રણે લોકને મુગ્ધ કરનારું એમનું દિવ્ય દર્શન પામી દેવો અત્યંત હર્ષ પામી દેવીની સ્તુતિ કરવા લાગ્યા.

હે મંગલસ્વરૂપ, કલ્યાણમૂર્તિ! શિવા, કલ્યાણી, શાંતિ, બુદ્ધિ, પુષ્ટિ તથા રૂદ્રાણી નામથી પ્રસિદ્ધ ભગવતીને વારંવાર નમસ્કાર હો. હે કાલરાત્રિ, અંબા અને ઇંદ્રાણીરૂપ દેવી, તમને નમસ્કાર હો. સિદ્ધિ, રિદ્ધિ, વૃદ્ધિ તથા વૈષ્ણવી નામથી વિખ્યાત દેવી અંબિકા તમને વારંવાર નમસ્કાર હો. હે દયાળુ દેવી! દાનવ દુશ્મનોથી અમે પારાવાર કષ્ટ ભોગવી રહ્યા છીએ, તો તે સંકટમાંથી અમને ઉગારો. દુરાચારી, અધમ મહિષાસુરને તમારા તેજથી મોહિત કરી તેને પરાજિત કરવા તમે તત્પર થાઓ. કારણ કે વરદાન પામીને અભિમાની થયેલો એ દૈત્ય નરજાતિથી મરાય તેમ નથી. તેને સ્ત્રી જ મારી શકે, માટે આપ એનાથી અમારી રક્ષા કરો.'

દેવીએ દેવોને આશ્વાસન આપતાં કહ્યું: 'હે દેવો! તમારે હવે એ મૂઢ મહિષાસુરનો ભય રાખવાની જરૂર નથી. હું હવે જેમ બને તેમ જલદીથી તે મહિષાસુર રાક્ષસનો યુદ્ધમાં વધ કરીશ. આમ કહી દેવી ખડખડાટ હસ્યાં પછી કહેવા લાગ્યાં: 'આ મોહથી વ્યાપ્ત અને ભમ્યા કરતું જગત કેટલું વિચિત્ર છે! તમે બધા દેવો મહિષાસુરના ભયથી કંપી રહ્યા છો, પણ હવે તમે એ ભયથી મુક્ત થશો.' એમ બોલતાં જ દેવીએ અટ્ટહાસ કરી એવી પ્રચંડ ગર્જના કરી કે જે સાંભળીને દાનવો-દૈત્યો ડરી ઊઠયા, સમુદ્ર ખળભળી ઊઠયો, પર્વતો આમ તેમ ડોલવા લાગ્યા, સુમેરૂ પર્વત પોતાના સ્થાનેથી ખસી ગયો. દેવીની ગર્જનાથી દાનવો ભયભીત થયા હતા પણ દેવોના આનંદનો પાર નહોતો. તેઓ 'દેવી, આપનો જય થાઓ, આપ અમારી રક્ષા કરો.' આમ કહેતાં દેવીની પ્રાર્થના કરવા લાગ્યા.

મહિષાસુરે દેવીની પ્રચંડ ગર્જના સાંભળી હતી તેથી તે બહુ જ ક્રોધે ભરાયો અને તેને સંદેહ પણ થયો. તેણે પોતાના દાનવ સેનાપતિને પૂછ્યું: 'આ શું થઇ રહ્યું છે? આવી મોટી ગર્જના કોણે કરી? તમે હમણાં જ ચારે બાજુ દૂતો દોડાવી તપાસ કરાવો, અને આવી પ્રચંડ ગર્જના કરનાર દેવ, દાનવ ગમે તે હોય, તેને પકડી લાવી મારી સમક્ષ હાજર કરો. દેવોમાં આવી ગર્જના કરવાની હિંમત નથી, વળી દાનવો પણ

મારી હાકથી એમ કરી શકે તેમ નથી. તો પછી કયા મૂઢે આ દુસ્સાહસ કર્યું ?'

મહિષાસુરની આજ્ઞાથી દૂતો ચારે દિશાએ તપાસ કરવા ગયા. તેમાંનો એક દુત જ્યાં આગળ જગદંબા પ્રકટ્યા હતા ત્યાં જઇ પહોંચ્યો. તે તો દેવીનું અદ્ભુત સ્વરૂપ જોઇને આભોજ બની ગયો. દૂર ઊભા રહી તે દુતે મનોહર અંગવાળા, અઢાર ભુજાવાળા, દિવ્ય, સર્વ અલંકારો ધારણ કરેલા, ઉત્તમ આયુધોને હસ્તમાં ધારણ કરેલાં અને હાથમાં પાનપાત્ર લઇ મધુપાન કરી રહેલા દેવીને જોયાં. તે દુત તરત જ મહિષાસુર પાસે જઇ કહેવા લાગ્યો : હે દાનવરાજ ! મેં એક સ્થળે શ્રેષ્ઠ અંગોવાળી પ્રૌઢ દેવીને નજરોનજર જોઇ. તે દેખાવે સુંદર–લાવણ્યવતી છે. તેણે અંગે રત્નજડિત વિવિધ આભુષણો પહેરેલાં છે. તેનું વિલક્ષણ રૂપ જોતાં તે મનુષ્યજાતિની કે આસુરી લાગતી નથી. અઢાર હાથવાળી તે સ્ત્રીના હાથમાં ઘણાં પ્રકારના હથિયારો છે અને તે સિંહ પર આરૂઢ થયેલી છે, તે મધુપાન કરે છે અને તેણે જ ગર્જના કરી હોય તેમ લાગે છે. તેનો દેખાવ જોતાં તેનો વિવાહ થયો હોય એમ લાગતું નથી, ત્યાં દેવોને તે સ્ત્રીની સ્તુતિ કરતાં પણ મેં જોયા હતા. એ સ્ત્રીના શરીરમાંથી એટલું બધું તેજ નીકળતું હતું કે આંખો અંજાઇ જતી હતી. આ મેં જે નજરે જોયું તે કહ્યું.'

મહિષાસુરે પોતાના મંત્રીને બોલાવી દૂતે કહેલી બધી હકીકત કહી કહ્યું 'હે મંત્રી ! તમે હવે આ દુત સાથે તે સ્થળે જાવ અને તે રૂપસુંદરીને કોઇ પણ ઉપાયે મારી પાસે લઇ આવો, હું તેને મારી પટરાણી બનાવીશ. તમે જઇને તેની સાથે પ્રેમભર્યો વર્તાવ કરશો અને મારી મહત્તા બતાવશો તો અવશ્ય તે સુંદરી અહીં આવશે. તેનાં સ્વરૂપનાં વખાણ સાંભળી હું તેને જોયા વગર જ તેના પર મોહિત થઇ ગયો છું માટે તેને યુક્તિ–પ્રયુક્તિથી મારી પાસે લાવો.'

દાનવરાજની આજ્ઞાથી મંત્રી કેટલાક અસુરોને હાથી, ઘોડા, તથા રથ સહિત દેવી પાસે જવા દુત સાથે નીકળી પડયો. તેઓ જે સ્થળે દેવી જગદમ્બા હતાં ત્યાં સુધી જઇ શકયા નહિ, કારણ કે દેવીનું તેજ મંત્રીથી જીરવાયું નહિ. તે દૂર ઊભો રહી દેવીને જોવા લાગ્યો, દેવીએ તેને જોયો ને ખડખડાટ હસી પડયાં, એટલે હિંમત કરી મંત્રી દેવીને કહેવા લાગ્યો: 'હે સુંદરી ! મારા સ્વામી મહિષાસુર એટલા બધા બળવાન છે કે દેવોનું પણ તેમનાં આગળ કંઇ ચાલતું નથી. અત્યારે સર્વત્ર તેમની સત્તા ચાલે છે. વળી તેઓ ગમે તે રૂપ બદલી શકે છે, માયાથી માયાવીસૃષ્ટિ ઉત્પન્ન કરી શકે છે. તેમણે તમારાં રૂપનાં વખાણ એક દૂત મારફત સાંભળ્યા તેથી તેઓ તમને મળવા ઘણા આતુર થઇ ગયા છે. તમે કૃપા કરી મારી સાથે ચાલો, તેથી તેમને ઘણો આનંદ થશે. હે

સુનયને ! આપનો જે વિચાર હોય તે જણાવો, સત્વર આજ્ઞા આપો. આજ્ઞાનું પાલન કરવું એને હું મારૂં પરમ-પવિત્ર કર્તવ્ય સમજું છું.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'દેવોએ દેવીને અર્પણ કરેલાં આયુધો' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### દેવી અને મંત્રી વચ્ચે વાર્તાલાપ

વ્યાસ ઉવાચ :

ઇતિ તસ્ય વચઃશ્રુત્વા પ્રહસ્ય પ્રમદોત્તમઃ ।
તમુવાચ મહારાજ મેઘગંભીરયા ગિરા ॥

વ્યાસ બોલ્યા: મહારાજ ! મહિષાસુરના મંત્રીએ આવાં વચનો કહ્યાં એટલે જગદંબા મેઘગંભીર વાણીથી કહેવા લાગ્યાં: 'હે અસુરરાજના મંત્રી ! હું કોણ છું તે જાણવું છે ? હું દેવોની માતા મહાલક્ષ્મી છું. તમામ અસુરોનો સંહાર કરવા માટે હું પ્રકટી છું. મહિષાસુરના ત્રાસથી પીડાતા દેવોની પ્રાર્થનાથી હવે હું મહિષાસુર સહિત તમામ અસુરોનો સંહાર કરીશ. તું તારા સ્વામીને જઈને કહેજે કે: 'હે મૂઢ મહિષાસુર ! તને ખબર નહિ હોય કે યુગેયુગમાં મેં તારા જેવા અસંખ્ય અસુરોનો સંહાર કર્યો છે, તેવી જ રીતે યુદ્ધમાં તું પણ મારા હાથથી મરાશે હે દુષ્ટ મહિષાસુર ! તેં બ્રહ્મા પાસેથી વરદાન મેળવી એમ માન્યું છે કે 'કોઇ પુરૂષ મને મારી શકવાનો નથી, અને મને મારવાવાળી કોઇ સ્ત્રી મળવાની નથી.' પણ એ તારી ભુલ છે. તને મારવા માટે જ હું પ્રકટ થઇ છું, માટે તારૂં હિત ચાહતો હોય તો તું પાતાળમાં ચાલ્યો જા.'

દેવીનાં વચન સાંભળી અસુરમંત્રી ત્યાંથી મહિષાસુર પાસે ગયો અને દેવીએ તેને કહ્યું હતું તે પ્રમાણે કહ્યું. પછી તેણે દેવીનું વર્ણન કર્યું કે, 'અત્યંત તેજસ્વી ને અઢાર હાથવાળી તે દેવીએ રત્ન જડિત્ર અલંકારો પહેરેલાં છે તેથી બહુ જ સુંદર લાગે છે. વળી વધુમાં કહ્યું કે મહિષાસુરને જીવતા રહેવું હોય તો સત્વર પાતાળમાં ચાલ્યો જાય. રાજન્ ! તે સુંદરી બહુ જ રૂપાળી અને તેજસ્વી છે પણ અભિમાનની ભરેલી છે.

તેણે યુદ્ધ કરવાનો સામેથી પડકાર ફેંક્યો છે, માટે હવે શું કરવું ? તેની સાથે યુદ્ધ કરવું કે પાતાળમાં પહોંચી જવું ? આ બન્નેમાં આપના માટે શું કલ્યાણકારક છે, તે નક્કી કરવામાં મારી બુદ્ધિ ચાલતી નથી.' ૬૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'દેવી અને મંત્રી વચ્ચે વાર્તાલાપ' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### મંત્રીઓ સાથે મહિષાસુરની મંત્રણા

વ્યાસ ઉવાચ :

ઈતિ તસ્ય વચ શ્રુત્વા–
મહિષો મદાવહવલઃ ।
મંત્રિ વૃદ્ધાન્ સમાહુય–
રાજા વચનમબ્રવીત્ ॥

વ્યાસ બોલ્યા : મંત્રીના કહેવા ઉપર કંઈ નિર્ણય ન કરી શકવાથી મહિષાસુરે પોતાના વૃધ્ધ ને ચતુર મંત્રીઓને બોલાવી સર્વ વૃત્તાંત કહ્યું : 'મંત્રીઓ ! એ દેવી કોણ છે તે સમજી શકાતું નથી, કદાચ દેવોએ રચેલી માયા તો આ સ્ત્રી ન હોય ? તમારી બુધ્ધિ તીવ્ર છે એટલે તમે તેનું શોધન કરી મને સલાહ આપો !'

એટલે વિરૂપાક્ષ મંત્રીએ કહ્યું : 'સ્ત્રીની વાત પર ક્યારેય ભરોસો રાખવો નહિ. તે કદાચ આપણને ડરાવવા માટે લડવાની ધમકી આપી રહી હોય. આપ જેવા એક અસાધારણ સ્ત્રીથી ડરી જાય તે આપના માટે કંલકરૂપ છે. હવે હું એકલો જ એ રણચંડી જેવી અભિમાની સ્ત્રી સાથે યુધ્ધ કરીને એને મારી નાખીશ. માટે આપ તે અંગેના વિચારો છોડી દો અને નિર્ભય રહો.

હું એ ચંડિકાને અવશ્ય મારીશ અથવા સર્પમય પાશોથી તેને હું બાંધી તમારી પાસે ખેંચી લાવીશ.'

વિરૂપાક્ષ મંત્રીની આવી વાત સાંભળી મહિષાસુરના બીજા સલાહકાર દુર્ધર્ષે એને ટેકો આપ્યો, પછી તે મહિષાસુરને કહેવા લાગ્યો : 'રાજન્ ! આપ મારું કહેવું પણ સાંભળો. એ સ્વરૂપવાન સ્ત્રી કામવિકારથી પીડાઈ રહી છે. મોટા ભાગે રૂપના અભિમાન–વાળી સ્ત્રીઓ આવો જ ભાવ બતાવે છે. એ આપને ડરાવી–ધમકાવી આપને પોતાને વશ કરવા માગે છે, જે રસજ્ઞ પુરુષ હોય તે તેની ઇચ્છાને તુરત જ સમજી શકે છે. એ સ્ત્રી તમને મોરચા પર બાણોથી વીંધી નાખવા માગે છે એનો અર્થ એ લેવાનો કે તે કટાક્ષ–બાણોથી તમને વશ કરવા ચાહે છે. એ સ્ત્રી પાસે જઇને મધુર વચનોથી સમજાવી તેને તમારી પાસે લઇ આવીશ. હું સત્વર ત્યાં જાઉં છું, ત્યાં જઇને એવી યુક્તિ કરીશ કે તે સ્ત્રી આપમેળે અહીં આવી દાસીની જેમ આપની સેવા કરશે.'

હવે ત્રીજા મંત્રી તામ્રે મહિષાસુરને કહેવા માંડયું : 'રાજન્ ! મારું કહેવું પણ થોડુંક સાંભળો. એ સ્ત્રી કોઇ વિલક્ષણ દેખાય છે. એ કંઇ કામાતુર થઇ આપને ચાહવા નથી આવી, એણે જે વચનો કહ્યાં છે તે સાચાં જ છે, વ્યંગાત્મક નથી. તમે વિચાર કરો કે કોઇની પણ સહાય વિના તે એકલી સ્ત્રી લડવા માગે છે, તો તેનામાં કેટલું બળ હશે ? હજુ સુધી ત્રણે લોકમાં કોઇએ અઢાર ભુજાવાળી સ્ત્રીને જોઇ કે સાંભળી નથી, વળી અઢાર હાથમાં તેણે અઢાર પ્રકારના આયુધો ધારણ કરેલાં છે. મને તો આ બધી કાળની કરામત લાગે છે,

જરૂર કોઇ અવનવી ઘટના બનવી જોઇએ. હવે યમરાજાના ડેરા (તંબુ) અહીં પડવાના. કાલે રાતના પ્રાતઃકાળે મને એક સ્વપ્નું આવ્યું હતું : સ્વપ્નમાં ઘરના ચોકમાં કોઇ સ્ત્રી કાળાં વસ્ત્રો પહેરીને વિલાપ કરી રહી હતી. આ સ્વપ્ન મૃત્યુ–સૂચક ગણાય, અને એ પણ અશુભ થવાની નિશાની છે. એ સ્ત્રી નથી કોઇ ગંધર્વ, નથી અસુર કે નથી મનુષ્ય, પણ દેવોએ રચેલી માયા લાગે છે. છતાં આવા વિચાર કરી આપણે કાયરતા બતાવવી નથી, આપણે તેની સાથે યુદ્ધ કરીએ, જે થવાનું છે તેને કોઇ રોકી શકવાનું નથી.'

મહિષાસુરે યુદ્ધની ઇચ્છાવાળા તામ્રને કહ્યું : 'તું તારી મરજી મુજબ સેના લઇને તેની સામે યુદ્ધ કરવા જા. ત્યાં જઇ પ્રથમ તેના હૃદયનો અભિપ્રાય જાણવા પ્રયત્ન કરજે, તે શા કારણથી આવી છે અને કોની માયા છે, તે જાણ્યા પછી યોગ્ય લાગે તો જ તેની સાથે યુદ્ધ કરજે.'

મહિષાસુરનો આદેશ સાંભળી તામ્ર રાક્ષસ પ્રચંડ સેના સાથે યુદ્ધ કરવા નીકળી પડયો, પરંતુ માર્ગમાં તેને ઘણાં અપશુકનો થવા માંડયા, આથી તે ચિંતામાં પડી ગયો, તો પણ તેને ન ગણકારતાં જે સ્થળે દેવી હતાં ત્યાં આગળ ગયો તો દૂર રહેલા દેવી સિંહ પર આરૂઢ થયેલાં તેની નજરે પડયાં. દેવો હાથ જોડીને તેમની સ્તુતિ કરી રહ્યા હતા. આભુષણો અને આયુધોથી તે દેવી અત્યંત શોભતાં હતા. પરંતુ તેમનું તેજ એટલું બધું હતું કે તે આગળ જઇ શકયો નહિ, એટલે દુરથીજ દેવીને કહેવા લાગ્યો : 'હે દેવી ! જેના મસ્તક પર સુંદર શિંગડા છે તે દાનવોનો અધિપતિ મહિષાસુર તમારા રૂપ અને ગુણોથી આકર્ષાઇ તમારી સાથે વિવાહ કરવા હૃદયથી ઇચ્છી રહ્યો છે. તે એટલો બધો બળવાન છે કે દેવોથી પણ જીતાવો મુશ્કેલ છે. તમે તેને પતિરૂપે મેળવી તેનો મનોરથ પૂરો કરો. સ્વર્ગમાં તમને અપાર સુખ મળશે. તમે યુદ્ધ કરવાની વાત કરી પરંતુ સંસારમાં 'યુદ્ધ'ને જ દુઃખનું મૂળ કારણ ગણવામાં આવે છે. યુદ્ધથી ઘણો જ રક્તપાત થાય છે અને શાંતિ જોખમાય છે.

માટે કૃપા કરી તમે મહિષાસુરને આપના સ્વામી બનાવો. તે તમારા સર્વ મનોરથો પૂરા કરશે. તમે એમના પટરાણી તરીકે અત્યંત શોભશો. તમે પટરાણી થશો તો તમારો ભાવિ પુત્ર રાજ્યનો વારસ થશે. માટે તમે આ યુવાની અને રૂપને વેડફી ન નાખતાં મહિષાસુર સાથે રહી યુવાનીમાં ભોગો ભોગવી જરાવસ્થામાં પણ તમે સુખરૂપ જીવન વીતાવી શકશો.' ૬૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'મહિષાસુર સાથે મંત્રીઓની મંત્રણા' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### યુદ્ધ માટે તામ્ર, બાષ્ક ને દુર્ધરનો નિર્ણય

વ્યાસ ઉવાચ :

તન્નિશમ્ય વચસ્તસ્ય-
તામ્રસ્ય જગદંબિકા ।
મેઘગંભીરયા વાચા હસંતી-
તમુવાચ હ ।।

વ્યાસજી બોલ્યા : તામ્રનાં લલચાવનારા વચનો સાંભળી જગદંબાએ મેઘ જેવી ગંભીર વાણીથી કહ્યું : 'હે તામ્ર રાક્ષસ ! તારા મૂર્ખ રાજાને મરવાનું મન થયું લાગે છે.

તારા સ્વામીને જઇને કહેજે કે, તારે લડવું હોય તો હું તૈયાર છું, હમણાં જ તને યમરાજના દરબારમાં મોકલી આપું. જો મહિષાસુરને, તારે અને બીજા દાનવોને મરવાનું મન ન હોય તો સર્વે અત્યારે ને અત્યારે જ પાતાળ ભેગા થઇ જાઓ.'

આ પ્રમાણે વચનો કહી જગદંબાએ ઘોર ગર્જના કરી એથી તામ્ર અને તેની સાથેના રાક્ષસો ગભરાયા. તામ્ર તો એટલો બધો ડરી ગયો કે તેની સેના લઇને ત્યાંથી ઊભી પૂંછડીયે મહિષાસુર પાસે ભાગી ગયો. દેવીની ગર્જનાથી મહિષાસુર અને ત્યાં વસતા બધા અસુરોના કાન બહેરા થઇ ગયા હતા.

મહિષાસુર પાસે વ્યાકુળ મને આવેલા તામ્ર રાક્ષસે દેવીએ કહ્યા મુજબ બધાં વ્યંગ વચનો કહ્યાં અને તે યુદ્ધ કરવા તૈયાર છે એમ કહ્યું આથી મહિષાસુર તો મોટી ચિંતામાં પડી ગયો. બધા મંત્રીઓને બોલાવી તેણે કહ્યું : 'આપણે હવે તે સ્ત્રી સાથે લડીએ કે પછી ભાગી છૂટીએ ? તમે બધા યુધ્ધકળામાં ચતુર અને કદી પીછેહઠ નહિ કરનારા છો, માટે આ અંગે શું પગલાં લેવાં તે હિતકારક વાત તમે કહો : તે દેવોની ઇચ્છાથી આવેલી સ્ત્રી એકલી હોવા છતાં વારંવાર આપણી સાથે લડવાનો પડકાર કેમ ફેંકે છે ? આપણને પાતાળમાં ચાલ્યા જવાનું કેમ કહે છે ?'

આ સાંભળી મહિષાસુર રાક્ષસનો બીજો મંત્રી બિડાલાક્ષ કહેવા લાગ્યો : 'દેવોના તેજમાંથી પ્રકટેલી તે સ્ત્રી આપણા સંહાર માટે વારંવાર કહ્યા કરે છે, અને યુદ્ધ થાય તે જોવા માટે દેવો પણ ત્યાં અંતરિક્ષમાં રહેલા છે. એક જ બાબતનો વિચાર કરો કે 'તે સ્ત્રી એકલી જ કોઇની પણ સહાય વિના આપણા જેવા પ્રચંડ દૈત્યો સાથે યુધ્ધ કરવા તત્પર છે,' વળી તેને આપણી વિશાળ સેનાની પણ બીક નથી, આ ઉપરથી સમજવું કે તેની પાછળ કોઇ રહસ્ય છૂપાયેલું છે.'

વચમાં જ દુર્મુખ બોલી ઉઠયો : 'હે રાજન્ ! હું તો કહું છું કે આપણે તેની સાથે યુદ્ધ કરીએ, તેમાં આપણે જીતીશું. એક સ્ત્રીથી ડરીને પાછાં ડગ ભરવાં તે કાયરનું કામ છે, એમ કરવાથી આપણે મેળવેલી કીર્તિ ધૂળમાં મળી જશે. માટે યુધ્ધ કરવું જરૂરી છે.'

મહિષાસુર મંત્રીઓનાં સૂચનો સાંભળી

રહ્યો હતો અને 'શું કરવું ?' તે માટે મનમાં બહુ મુંઝાતો હતો. ત્યાં તો વાત કરવામાં ચતુર અસુર બાષ્કલ કહેવા લાગ્યો : 'રાજન્ ! આપ ચિંતા છોડી દો. હું એકલો જ તેની સાથે યુધ્ધ કરીશ. હું ઇન્દ્ર, વિષ્ણુ, શંકર વગેરેથી ડરતો નથી તો મારા આગળ એના શું ભાર છે ? હું એકલો જ એને પહોંચી વળીશ તમારે જાતે ત્યાં લડવા જવાની જરૂર નથી.'

બાષ્કલ અસુરને એકલો લડવા તૈયાર થયેલો જોઇ દુર્ધર અસુર મહિષાસુરને કહેવા લાગ્યો : 'હે દાનવરાજ ! કોઇને લડવા જવાની જરૂર નથી, હું એકલો જ જઇને, એ દેવોએ ઉત્પન્ન કરેલી અઢાર ભુજાઓવાળી અને કોઇ કારણથી આવેલી સુંદર દેવીને હું યુધ્ધમાં જીતીશ.' ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'યુધ્ધ માટે તાસ્ર, બાષ્કલ અને દુર્ધરનો નિર્ણય' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### દેવીએ બાષ્કલ અને દુર્મુખનો વધ કર્યો

વ્યાસ ઉવાચ

ઇત્યુકત્વાતૌમહાબાહુદૈત્યૌબાષ્કલદુર્મુખૌ ।
જગ્મતુર્મદદિગ્ધાંગૌસર્વશસ્ત્રાસ્ત્ર કોવિદૌ ।।

વ્યાસે કહ્યું : મહિષાસુરને આવું કહીને યુદ્ધકળામાં પ્રવિણ દાનવો મહાબાહુ અને દુર્મુખ થોડાક દાનવોને સાથે લઇ દેવી પાસે જઇ પહોંચ્યા અને જગદંબા સામે લડવા તૈયાર થઇ ગયા.

બાષ્કલ અને દુર્મુખ બન્ને ક્રોધે ભરાઇ, ધનુષ–બાણ સજ્જ કરી લડવાને તૈયાર થઇ ગયા, એટલે જગદંબાએ ગર્જના કરી ધનુષની પણછ ચડાવી બાણો ફેંકયા તો બન્ને દાનવો પણ દેવી પર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. પછી એકલા બાષ્કલ અને ભગવતી દેવી વચ્ચે જોરદાર યુધ્ધ થયું. દુર્મુખ દુર ઊભો રહી યુધ્ધ જોઇ રહ્યો હતો. ભગવતીને કોઇ હથિયારો સ્પર્શી શકતા નહોતા. ઘણો સમય બાણયુધ્ધ ચાલ્યા પછી દેવીએ બાષ્કલ સામે એક અર્ધચંદ્ર બાણ મૂકી તેના પ્રચંડ ધનુષને તોડી નાખ્યું.

દેવીની ગદાથી બાષ્કલ યુધ્ધમાં ખપી ગયો એટલે દુર્મુખ દેવી સાથે લડવા તૈયાર થયો. તેણે રક્ષણ માટે કવચ પહેર્યું, પછી ધનુષ બાણ હાથમાં લઇ આગળ ધસ્યો. એને આગળ વધતો જોઇ ભગવતીએ શંખ ફૂંકયો, પછી ધનુષનો ટંકાર કર્યો. તે સાથે જ ઉશ્કેરાયેલા દુર્મુખે દેવી સામે સર્પ જેવાં વિષધર ને તીક્ષ્ણ બાણો છોડવા માંડયા, તો દેવીએ સામાં બાણો છોડી એનાં બાણોને અધવચ્ચે જ કાપી નાખ્યાં. અને જોરદાર ગર્જના કરવા લાગ્યાં.

હે રાજન્ ! બાણયુધ્ધ થયા પછી શકિત અને ગદા તેમજ મુસળો અને તોમરોથી બંને વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું, પરિણામે યુદ્ધ–સ્થળે લોહીની નદી વહેવા લાગી. ઠેર....ઠેર રાક્ષસોના મસ્તકો ને ધડો પડેલાં હતાં, આથી ત્યાં આવી ગીધો માંસની ઉજાણી કરવા લાગ્યા.

પછી તો બંને વચ્ચે વિવિધ આયુધો વડે એવો ઘોર સંગ્રામ મંડાયો કે તે જોનારા દેવો પણ સ્તબ્ધ બની ગયા! ત્યાં તો ભગવતીએ એકાએક એક તીર છોડી દુર્મુખના હાથમાં રહેલા ધનુષને કાપી નાખ્યું અને બીજા પાંચ અગ્નિ જેવા તીરો છોડીને તેના રથને પણ છિન્નભિન્ન કરી નાખ્યો.

આથી ઉશ્કેરાયલા દુર્મુખે પોતાની ગદાથી સિંહના મસ્તક પર જોરથી પ્રહાર કર્યો... પણ સિંહને તેની કંઇ જ અસર થઇ નહિ, તે તો એમને એમ જ સ્થિર ઊભો રહ્યો હતો.

હવે દુર્મુખ ગદાનો પ્રહાર દેવી પર કરવા ધસ્યો તો ભગવતીએ પોતાના હાથમાંની તીક્ષ્ણ તલવાર વડે મુકુટ સહિત તે રાક્ષસ દુર્મુખના મસ્તકને કાપી નાખ્યું....આમ તે મરણ પામ્યો એટલે દેવોએ દેવીનો જયજયકાર કર્યો. દેવોને લાગ્યું કે આજ દેવી હવે મહિષાસુરનો વધ કરશે તેથી તે બધા દેવીની સ્તુતિ સાથે પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. જેવો દેવોને હર્ષ હતો તેવો જ હર્ષ આ યુધ્ધને જોઇ રહેલા વિદ્યાધરો, કિન્નરો, ગંધર્વો તથા ઋષિઓ, સિધ્ધોને હતો. રણના મોખરે બે પ્રચંડ અસુરોને હણાયેલા જોઇ તેમના આનંદનો પાર નહોતો. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'દેવીએ બાષ્કલ અને દુર્મુખનો વધ કર્યો' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૪ મો

## મહા દૈત્યો તામ્ર તથા ચિક્ષુરનો વધ

વ્યાસ ઉવાચ

દુર્મુખં નિહતં શ્રુત્વા મહિષઃ
ક્રોધ મૂર્ચ્છિતઃ ।
ઉવાચં દાનવાન્ સર્વાન્ કિંજાતમિતિ-
ચાસકૃત્ ॥

વ્યાસે કહ્યું : બન્ને મહા અસુરોને દેવીના હાથે યુધ્ધમાં રોળાયેલા સાંભળીને ચિક્ષુર નામે મહિષાસુરનો બળવાન સેનાપતિ એકદમ બોલ્યો: 'હે રાજન્! તમે ચિંતા કરો નહિ, એક સ્ત્રીને મારવી તેમાં શું મોટી વાત છે?' એમ કહી પોતાની અસુર સેનાને સાથે લઈ, પોતાના સહાયક તરીકે મહાબળવાન અસુર તામ્રને સાથે લઇ ભગવતી દેવી સાથે યુધ્ધ કરવા નીકળ્યો. દેવીના સ્થાન નજીક આવતાં અસુરોએ પ્રચંડ ગર્જના કરી, તો દેવીએ પણ જોરથી શંખ ફૂંકયો અને ધનુષનો ટંકાર કર્યો પછી ઘોર અવાજ કરતો ઘંટનાદ કર્યો.

આથી ક્રોધે ભરાઇ ચિક્ષુર દેવી પર તીરો છોડવા માંડયો....તો દેવીએ પણ સામા તીરો છોડવા માંડયા, પછી બંને વચ્ચે જુદા જુદા હથિયારો વડે યુધ્ધ થયું. આ યુધ્ધ જોઇને દેવો વિસ્મિત થઇ ગયા, પણ ત્યાં તો દેવીએ પોતાની પ્રચંડ ગદા રથમાં બેઠેલા ચિક્ષુરને મારી તેથી બેશુદ્ધ થઇ રથ ઉપરથી ભુમિ ઉપર ઢળી પડયો. હવે ક્રોધે ભરાયેલો અને દુર ઊભો રહી યુધ્ધ જોઇ

રહેલો તામ્ર રાક્ષસ દેવી સાથે લડવા માટે મોખરે આવ્યો. તેણે પણ દેવી સામે તીક્ષ્ણ તીરો છોડવા માંડયા, તો ભગવતીએ પણ તેના સામે તીરોનો વરસાદ વરસાવવા માંડયો. બંને વચ્ચે ખરેખરો જંગ મંડાયો હતો ત્યાં તો બેશુદ્ધ થયેલો ચિક્ષુર સ્વસ્થ થઇ દેવી સાથે યુદ્ધ કરવા આવ્યો. બંને દાનવોએ બખ્તર ધારણ કરેલા હતાં. તેને લીધે તેઓનો બચાવ થતો હતો. પણ હવે દેવી વધુ કોપે ભરાયાં હતાં તેથી બે તીક્ષ્ણ તીરો છોડી બન્નેના બખ્તરોને વીંધી નાખ્યા, આથી રોષે ભરાયેલા દાનવો દેવી સામે સર્પ જેવાં તીક્ષ્ણ બાણો છોડવા લાગ્યા. આ બંને દાનવો સામે દેવીને અડગતાથી લડતા જોઇ દેવો આશ્ચર્યચકિત થઇ, હવે તેનું શું પરિણામ આવે છે તે જાણવા ખૂબ જ આતુર થઇ ગયા હતા. એક અબળા સામે પોતાનું કંઇ જ જોર નહિ ચાલવાથી દેવી પર રોષે ભરાયેલા તામ્ર રાક્ષસે જેવું લોખંડનું મુશળ દેવીના સિંહના મસ્તક પર અથડાવ્યું તે વખતે જ ભગવતીએ તલવાર વડે એ તામ્ર રાક્ષસનું મસ્તક છેદી નાખ્યું, તો પણ મસ્તક વગરનું તામ્રનું ધડ હાથમાં મુશળ સાથે કેટલીક વાર યુદ્ધ–ભુમિમાં ઘુમતું રહ્યું, અને એકાએક પૃથ્વી પર ઢળી પડયું. આમ દેવીએ તામ્રનો વધ કર્યો. ચિક્ષુર રાક્ષસે દૂરથી તામ્રનો વધ થયો તે દૃશ્ય જોયું એટલે તે તલવાર ઉગામતો દેવી તરફ દોડયો, તો સાવધ રહેલા દેવીએ તેની સામે પાંચ દિવ્ય બાણો છોડયાં. એક બાણોના ઘાથી તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઇ, બીજા બાણથી તેનો હાથ કપાઇ ગયો, અને બાકીનાં ત્રણ બાણોથી તેનું મસ્તક છેદાઇને નીચે પડયું.

બન્ને મહા રાક્ષસોને રણભુમિમાં રોળાયેલા જોઇને બાકીના દાનવો ગભરાઇને ત્યાંથી ભાગી ગયા, અને મહિષાસુરના બન્ને દાનવોનો દેવીના હાથે વધ થયેલો જોઇ દેવો હર્ષઘેલા 'જય જય' કરવા લાગ્યા અને પુષ્પ–વૃષ્ટિ કરવા લાગ્યા. તેમજ ઋષિ-મુનિઓ, ગંધર્વો, વૈતાલો, સિદ્ધો તથા ચારણો 'હે દેવી ! હે અંબિકે ! હે ભગવતી ! તમે જય પામો' એમ વારંવાર કહેવા લાગ્યા. ૫૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'મહાદૈત્યો તામ્ર તથા ચિક્ષુરનો વધ' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### અસિલોમા આદિ દાનવોનો વધ

**વ્યાસ ઉવાચ :**

**તા તથા નિહતૌ શ્રુત્વા મહિષો વિસ્મયાન્વિતઃ।**
**પ્રેષયામાસ દૈતેયાં સ્તદ્વધાર્થં મહાબલાન્ ॥**

વ્યાસજી બોલ્યા : પોતાના બે મહા દાનવોને દેવીના હાથે હણાયા જાણી ડઘાઇ ગયેલા દાનવરાજ મહિષાસુરે દેવીના નાશ માટે બહુ વિચાર કરીને પોતાના અત્યંત પરાક્રમી સેવકો અસિલોમા અને બિડાલ સાથે મોટી દાનવ-સેનાને દેવી સામે લડવા મોકલી.

બન્ને દાનવો ગર્જના કરતા જ્યાં દેવી હતાં ત્યાં આવી પહોંચ્યા....પણ દેવીનું અઢાર ભુજાવાળું, આયુધો ધારણ કરેલું સ્વરૂપ જોઇ તેમજ સિંહ પર આરૂઢ થયેલાં જોઇ આગળ જવાની તેમની હિંમત ચાલી નહિ, પણ થોડીવાર પછી સ્વસ્થ થઇ અસિલોમા દેવી સમક્ષ જઇ વિનયથી કહેવા લાગ્યો : હે દેવી ! તમારૂં આગમન અહીં રાક્ષસોને મારવા માટે જ થયું છે કે શું ? બિચારા બિન-અપરાધી રાક્ષસોને મારવામાં તમારી શી બહાદુરી છે ? હું તમારી સાથે સુલેહ કરવા આવ્યો છું, માટે જે સત્ય કારણ હોય તે આપ મને કહો. તમારે જોઇએ તો તમને રત્નો, મણિઓ, સુવર્ણ વગેરે આપને હું લાવી આપું, પરંતુ કૃપા કરી તમે અહીંથી ચાલ્યા જાવ....આપ તમારા કોમળ ને સુંદર શરીરને યુદ્ધમાં શા માટે હોમી રહ્યાં છો ?'

દેવી બોલ્યાં : હે મહાબાહુ ! તેં જે પૂછ્યું તેનો ઉત્તર આપું છું : પ્રાણીઓને ન્યાય મળે છે કે અન્યાય, તે સુખી છે કે દુઃખી તે જોતી સાક્ષીરૂપ હું હંમેશ સર્વ લોકમાં વિચરૂં છું. મારામાં લોભ કે કોઇ ઇચ્છા નથી. મને ભોગની ઇચ્છા નથી, વેરભાવ પણ હું રાખતી નથી. કેવળ ધર્મ ખાતર આ સંસારમાં હું ફરૂં છું.

સત્પુરૂષોનું રક્ષણ કરવાનું મેં વ્રત લીધેલું છે. સજ્જનોને રક્ષવા તેમ જ દુષ્ટો-દુર્જનોને મારવા અને વિવિધ અવતારો વડે વેદની રક્ષા કરવી, એ જ મારૂં પરમ કાર્ય છે. હમણાં દુષ્ટ અસુર મહિષાસુર દેવોને પીડવા, દેવોનો નાશ કરવા મહાઉત્પાત મચાવી રહ્યો છે; તેનો નાશ કરવા હું અહીં આવી છું : તારે મારી સાથે લડવું હોય તો હું તૈયાર છું; અને તું થાક્યો હોય તો મહિષાસુર પાસે જઇને કહેજે કે : 'હવે તે જાતે જ લડવા આવે. અને જો સમાધાન કરવું હોય તો તમે બધાય અસુરો દેવોનું લઇ લીધેલું દ્રવ્ય પાછું આપી, જ્યાં પ્રહલાદ રહે છે ત્યાં પાતાળમાં જતા રહો.'

અસિલોમા ને બિડાલે દેવીની વાત સાંભળી, પણ એ બધું મહિષાસુર પાસે જઇને કહેવાની તેમની હિંમત ચાલી નહિ, કારણ કે તે મૂઢમતિનો સમજે નહિ ને ઊલટો ક્રોધે ભરાય, આથી તેમણે મૃત્યુને તૃણવત્ ગણી દેવી સાથે યુદ્ધ કરવાનું જ પસંદ કર્યું.

બન્ને અસુરો આવો મક્કમ નિર્ણય કરી વિવિધ શસ્ત્રો સજી, રથમાં બેસી લડવા માટે તૈયાર થઇ ગયા. પછી તેઓ અને દેવી વચ્ચે બાણયુદ્ધ શરૂ થયું, એવામાં દેવીનાં ત્રણ બાણો બિડાલને વાગતાં જ તે મરણ પામ્યો, પછી અસિલોમા દેવી સાથે લડવા લાગ્યો, તો થોડી વારે તે પણ દેવીના બાણથી ઘાયલ થયો, પણ ક્રોધે ભરાયેલા તેણે પોતાની ગદા વડે સિંહના માથા પર પ્રહાર કર્યો, તો સિંહે તેના પર તરાપ મારી પોતાના મોટા પંજાથી

તેની છાતી ચીરી નાખી; તો પણ બિડાલે હિંમતથી સિંહના મસ્તક પર ચડી જઇ દેવીના મસ્તક પર ગદા ઉગામી ત્યાં તો દેવીએ તલવારનો એક વાર તેના પર કરી તેના મસ્તકને ધડથી અલગ કરી દીધું, આમ દેવીએ બિડાલનો વધ કર્યો. બન્ને પ્રચંડ અસુરો દેવીના હાથે હણાવાથી અસુર સેનામાં હાહાકાર મચી ગયો અને તે બધા ભાગવા લાગ્યા ત્યારે દેવીના સિંહે કેટલાકને ચીરી નાખ્યા ને કેટલાકનો ભક્ષ કરી ગયો.

જ્યારે થોડા બચેલા અસુરોએ ભાગીને મહિષાસુર પાસે જઇને બધી વાત કહી ત્યારે મહિષાસુર અત્યંત વ્યાકુળ બની દુઃખી દુઃખી થઇ ગયો. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'આસિલોમા આદિ દૈત્યોનો વધ' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૬ મો

## મહિષાસુર અને દેવી વચ્ચે સંવાદ

વ્યાસ ઉવાચ

**તેષાં તદ્વચનં શ્રુત્વા ક્રોધયુક્તોનરાધિપઃ ।**
**દારુકં પ્રાહ તરસા રથમાનય મેઽદ્ભુતમ્ ॥**

વ્યાસ બોલ્યા : મહિષાસુરે પછી દારૂક સારથિ પાસે રથ જોડાવ્યો. તેણે રથને ખચ્ચરો જોડયા હતા, તેમાં ઘણાં આયુધો રાખેલા હતા. ધજા–પતાકાથી તે શોભતો હતો. મહિષાસુર યુધ્ધ કરવા જવા રથમાં બેઠો. તેને વિચાર આવ્યો કે, 'હું જો આવાં શિંગડા–પૂછડાંવાળા પાડાના સ્વરૂપે દેવી સામે જઇશ તો દેવીને ગમીશ નહિ, માટે સુંદર મનુષ્યનું રૂપ ધારણ કરૂં.' એમ વિચારી તેણે સુંદર મનુષ્યનું રૂપ ધારણ કર્યું, સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કર્યા એટલે મહિષાસુર દેવાંશી પુરૂષ જેવો શોભવા લાગ્યો. પછી મોટા સૈન્ય સાથે તે વાજતે–ગાજતે દેવી સમક્ષ ગયો. મહિષાસુરને મનુષ્યરૂપે જાતે લડવા આવેલો જોઈ દેવીએ શંખ ફૂંક્યો. પણ મહિષાસુરે જરાયે ન ગભરાતાં દેવી નજીક જઇ કહ્યું : 'દેવી ! આ સંસારમાં દરેક સુખ ભોગવવા ઇચ્છા રાખે છે, અને તે સુખ વિવિધ પ્રકારથી મળે છે. પ્રેમ રાખવાથી સુખ મળે છે.

મેં ઇન્દ્રાદિ દેવોને યુદ્ધમાં જીતીને ઘણું ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે. મારી પાસે એવા ઉત્તમ રત્નો, મણિ માણેકો વગેરે છે જે તારે પહેરવા લાયક છે. તે પહેરવાથી તારૂં રૂપ વધારે ખીલી ઊઠશે. હું ઇચ્છું છું કે તું મારી રાણી થા. તે પછી તરત જ હું દેવો સાથે દુશ્મનાવટ છોડીને મિત્રતા કરીશ. તારા રૂપની પ્રશંસા સાંભળીને, કામબાણોથી પીડાતો હું તારે શરણે આવ્યો છું; હું તારો સેવક થઇને જિંદગીભર તારી તાબેદારી ઊઠાવીશ. હે દેવી ! હું અસ્ત્રોને છોડી તારે પગે પડું છું, મને નિરાશ ના કરીશ. આવું દીનપણું તો મેં દેવો આગળ પણ બતાવ્યું નથી.' મહિષાસુર અસુરના મૂર્ખતાભર્યાં વચનો સાંભળી દેવી મંદ મંદ હસતાં હસતાં તેને કહેવા લાગ્યાં : 'હું તો માત્ર પરમપુરૂષ પરમાત્માની ઇચ્છા રાખું છું. હું કદી વિષય–સુખને ઇચ્છતી નથી.

સ્ત્રીથી તને સુખ મળશે એ તારી ભ્રમણા છે. મનુષ્ય લોખંડની બેડીથી જકડાયેલો હોય તો તે તેનાથી છૂટે છે, પરંતુ સ્ત્રીના પાશથી બંધાયેલો પુરૂષ તેના બંધનમાંથી ક્યારેય મુક્ત થતો નથી. આવી દુઃખરૂપ ગણાતી સ્ત્રીના સંગની તું કેમ ઇચ્છા રાખે છે? મેં તને વારંવાર સંદેશો મોકલ્યો છે કે, તારે જીવતા રહેવું હોય તો સત્વર બધા રાક્ષસોને લઇ પાતાળમાં ચાલ્યો જા. જો તું તે મારા આદેશની અવગણના કરીશ તો મારા હાથે તારો પણ વધ થશે એ નિશ્ચિત છે. તેં મારા પર ચાહના રાખી, મારા પ્રત્યે મિત્રભાવ દર્શાવ્યો છે તેથી હું તારા પર પ્રસન્ન થઇ છું. કારણ કે, સજ્જનો સાથે સાત ડગલાં ચાલવાથી કે થોડોક વાર્તાલાપ કરવાથી મૈત્રી થયેલી ગણાય છે. એટલા ખાતર હું તારા પર કોપાયમાન થઇ નથી, છતાં તારે મરવું જ હોય તો મારી સાથે યુદ્ધ કર.'

મહિષાસુરે કહ્યું: યુદ્ધ કરવા માટે તો હું અહીં આવ્યો છું, પરંતુ તારા જેવી સુંદર ને કોમળ સ્ત્રી પર પ્રહાર કરતાં મારો જીવ ચાલતો નથી. વળી તારૂં રૂપ ભલભલાને મોહિત અને ચળાયમાન કરે તેવું છે એટલે તારા જેવી અબળા સાથે લડવું મને યોગ્ય લાગતું નથી. હજુ પણ તને વિનંતિ કરૂં છું કે, તું તારૂં અભિમાન ત્યજી મારી પત્ની બની મારી સેવામાં લાગી જા, કોઇ પણ સ્ત્રી પતિથી અલગ થઇને ચિરસ્થાયી સુખ મેળવી શકતી નથી. તને કોઇએ લગ્ન ન કરવા માટે ભમાવી તો નથી, કે જેથી તું મારા જેવા ઉત્તમ ઐશ્વર્યશાળી પતિનો અસ્વીકાર કરે છે? જો તું મારી માગણીને ઠુકરાવીશ તો તું પાછળથી પસ્તાઇશ. તારી દશા પણ પેલી મંદોદરી જેવી થશે. એને વરવા એક સુંદર નરેશ તૈયાર હતો પણ મંદોદરીએ તેનો અસ્વીકાર કર્યો હતો, પછી જ્યારે મંદોદરીને કામ વ્યાપ્ત થયો ત્યારે તેને એક 'શઠ' પુરૂષની પત્ની થવું પડ્યું. ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'મહિષાસુર અને દેવી વચ્ચે સંવાદ' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

### મંદોદરીનું વૃત્તાંત

**વ્યાસ ઉવાચ:**

**ઇતિ શ્રુત્વા વચસ્તસ્ય દેવીપ્રપચ્છ દાનવમ્ ।**
**કા સા મંદોદરી નારી કોઽસૌ–**
**ત્યક્તા નૃપસ્તયા ॥**

વ્યાસજીએ કહ્યું: મહિષાસુરે મંદોદરી વિષે કહ્યું એટલે દેવી જગદંબાએ તેને પૂછ્યું: 'એ મંદોદરી કોણ હતી? તેણે કયા નરેશને ત્યજ્યો હતો? પાછળથી જેને તે વરી હતી, તે શઠ–ધુર્ત પુરૂષ કોણ હતો? એ પછી મંદોદરીને કેવું દુઃખ પડ્યું હતું તે વૃત્તાંત મને કહે.

મહિષાસુર બોલ્યો: પૃથ્વી પર પ્રસિદ્ધ 'સિંહલ' નામનો દેશ છે, તેનો રાજા ચંદ્રસેન પ્રજાનું રૂડી રીતે પાલન કરતો હતો. તેને 'ગુણવતી' નામે સર્વ

ગુણ સંપન્ન રૂપાળી રાણી હતી. આ રાણીને પહેલી જ પ્રસુતિએ એક પુત્રી જન્મી હતી, તેનું શુભ નામ 'મંદોદરી' રાખેલું હતું. જ્યારે તે કન્યા મોટી થઇ ત્યારે ચંદ્રસેન રાજાએ તેને માટે વરની શોધ કરતાં આખરે તેણે મદ્રદેશના સુધન્વા રાજાના કુંવર કંબુગ્રીવને મંદોદરી માટે પસંદ કર્યો. અને તે વાત પોતાની રાણીને કહી, રાણીએ તે માટે પોતાની પુત્રી મંદોદરીને પૂછયું તો મંદોદરીએ કહ્યું, 'હું લગ્ન કરવા ઇચ્છતી નથી, હું આખું જીવન કુમારી રહી પ્રભુભકિત તપ દ્વારા કરવા માગું છું. પરતંત્ર રહીને હું કાયાનું કલ્યાણ નહિ કરી શકું. કારણ કે લગ્ન એ એક પ્રકારનું બંધન છે.' પુત્રી મંદોદરીનો આવો નિર્ણય જાણી રાણી ગુણવતીએ ચંદ્રસેન રાજાને પુત્રીની વિવાહ અંગેની મનોવ્યથા કહી.

રાજાએ પછી મંદોદરીના વિવાહની વાતને પડતી મૂકી. આથી મંદોદરી નિશ્ચિંત થઇ રહેવા લાગી, પણ હવે તેની યુવાની ખીલવા માંડી હતી. સ્ત્રીના અંગમાં જ્યારે યૌવનના અંકુર ફૂટે છે ત્યારે તેનામાં કામભાવ જાગે છે. અને જેને વારંવાર વિવાહ કરવાનું કહેવા છતાં જે મંદોદરી લગ્ન કરવા ઇચ્છતી નહોતી તેજ મંદોદરી સંજોગોનુસાર પરપુરૂષ પ્રત્યે આકર્ષાઇ. એક દિવસ મંદોદરી કેટલીક દાસીઓ સાથે ઉપવનમાં ફરવા ગઇ હતી ત્યારે દૈવવશ ત્યાંથી કોસલ-



દેશનો વીરસેન નામનો રાજા સૈનિકો સાથે નીકળ્યો. રાજા રથમાં બેઠો હતો, ને ઘોડેસ્વાર સૈનિકો પાછળ હતા. એવામાં મંદોદરીની એક દાસીએ આ સોહામણા રાજાને રથમાં બેઠેલો જોયો.

રાજાની નજર પણ મંદોદરી પર પડી, તેથી તે કોણ છે તે જાણવા આ તરફ જ તે રથ લઇ આવ્યો અને મંદોદરીને જોઇ મોહિત થઇ ગયો. તેણે રથમાંથી ઉતરી એક દાસીને બોલાવી પૂછયું, 'આ સુંદર યુવતી કોણ છે?'

દાસીએ કુંવરી વિષે બધી માહિતિ આપી એટલે કોસલનરેશે તેને કુંવરીને પોતાની સાથે લગ્ન કરવા સમજાવવા કહ્યું. આથી દાસીએ તેને કોસલનરેશ સાથે લગ્ન કરવા બહુ સમજાવી. પણ કુંવરી તો લગ્ન કરવા ના જ પાડતી રહી. આથી કંટાળી આખરે કોસલનરેશ ત્યાંથી ચાલ્યો ગયો. ૬૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'મંદોદરીનું વૃત્તાંત' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### દેવીએ કરેલો મહિષાસુરનો વધ

**ઋષિ ઉવાચ**

**તસ્યાસ્તુ ભાગનીકન્યા-**

**નામના ચેન્દુમતી શુભા ।**

**વિવાહયોગ્યા સંજાતા સુરૂપાડવરજા યદા ॥**

મહિષાસુરે દેવીને મંદોદરીના વૃત્તાંતમાં આગળ કહ્યું : આ કુંવરી મંદોદરીને એક રૂપાળી નાજણી બહેન હતી. તેનું નામ ઇન્દુમતિ. તે વિવાહ યોગ્ય ઉંમરની

થતાં ચંદ્રસેન રાજાએ તેને માટે સ્વયંવર રચ્યો. સ્વયંવરમાં ઘણા રાજાઓ આવેલા તેમાંના એક સુંદર, કુલીન રાજાને ઈંદુમતીએ વરમાળા પહેરાવી. આ વખતે તેની સાથે ઊભેલી મંદોદરી કામથી વ્યાપ્ત થઇ ગઇ, તેણે ચારે બાજુ નજર કરતાં એક ક્ષુદ્ર નરેશ પર તેની પસંદગી ઉતરી. મંદોદરીએ પસંદ કરેલો રાજા બોલવામાં ચતુર, દેખાવડો પણ તે મહાધુર્ત–શઠ હતો. મંદોદરીએ પિતાને તે નરેશ બતાવી તેની સાથે જ પરણવાની ઇચ્છા વ્યક્ત કરી, આથી રાજાને મનમાં હસવું આવી ગયું, કારણ કે આખરે મંદોદરી લગ્ન કરવા તૈયાર થઇ હતી. એ નરેશ મદ્રદેશનો 'ચારુદેષ્ણ' હતો. ચંદ્રસેન રાજાએ તે નરેશ સાથે પોતાની કુંવરી મંદોદરીને વિધિપૂર્વક પરણાવી દીધી. મંદોદરી રાજા સાથે રાજ્યમાં તેના મહેલે ગઇ ને નિત્ય તેની સાથે આનંદ–વિનોદ કરવા લાગી, એ ચારુદેષ્ણ રાજાએ મંદોદરી સાથે ઘણો આનંદ કર્યો, પરંતુ તેના દુષ્ટ આચરણોની ખબર જ્યારે મંદોદરીને પડી ત્યારે મંદોદરી પારાવાર પસ્તાવો કરવા લાગી. હવે તેને ભાન થયું કે, મોહને લીધે પોતે ઘણો અનર્થ કર્યો છે. આ દેખાવમાં સરળ છતાં અંદરખાનેથી ધુર્ત રાજાએ પોતાની મોહજાળમાં મને ફસાવી છે, એના કરતા હું ન પરણી હોત તે જ સારૂં હતું. તેણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો પણ તે મહાપાપ ગણાય તેથી મન પાછું પડયું, જો પિતાને ત્યાં જતી રહે તો તેમને ભારરૂપ થઇ પડે અને સખીઓ ઉપહાસ કરે. અંતે તેણે વિચાર્યું કે મારે માટે અહીં વિરક્ત થઇ રહેવું યોગ્ય છે. તેને બળવાન–સમયના પ્રભાવથી પુનઃ કામ સંબંધી સુખનો પરિત્યાગ આવશ્યક થઇ પડયો. આમ મૂંઝવણમાં મુકાયેલી મંદોદરી તે દુષ્ટ અને શઠ પતિને ત્યાં જ રહી. પરંતુ તેને એક ક્ષણ પણ સુખ પડતું નહોતું, ઉદાસ રહેતી હતી. તે મોટા ભાગનો સમય શોક અને સંતાપમાં વિતાવવા લાગી. સાંસારિક સુખ એને માટે નામ પૂરતું જ થઇ ગયું હતું.'

મહિષાસુરે દેવી સમક્ષ મંદોદરીનું દ્રષ્ટાંત પૂર્ણ કરીને કહ્યું: 'હે કલ્યાણી! તું પણ મંદોદરીની જેમ મારો અનાદર કરી, કામાસક્ત બની કોઇ મૂર્ખ પુરૂષની તાબેદાર બની તેની સેવામાં રહેવા ઇચ્છે છે? તું મારી વાત માને તો ઠીક છે નહિતર આગળ જતાં તારે ખૂબ પસ્તાવો કરવો પડશે.'

દેવીએ કહ્યું: 'અરે મૂઢ! તને કહ્યું તો ખરૂં કે તારે જીવતા રહેવું હોય તો પાતાળમાં જતો રહે, નહિતર મારી સાથે યુદ્ધ કર. હું અહીંથી જઇશ ખરી, પરંતુ તને અને બધા અસુરોને માર્યા પછી જ જઇશ. જ્યારે સાત્ત્વિક મનુષ્યો ઉપર કષ્ટ આવી પડે છે ત્યારે તેમના રક્ષણ માટે હું દેહ ધારણ કરૂં છું. હું તો અરૂપા અને અજન્મા છું, તો પણ જ્યારે દેવો દુઃખી થતા હોય ત્યારે

તેમના રક્ષણ માટે રૂપ અને જન્મ બન્ને સ્વીકારૂં છું. થોડા સમય પછી હું અહીં અંતર્ધાન થઇ જઇશ. માટે યુદ્ધ કરવું હોય તો લડવા હું તૈયાર છું.'

દેવીના આવા વચનો સાંભળી ક્રોધે ભરાયેલા મહિષાસુરે પછી દેવી સામે બાણો છોડવા માંડયાં, તો દેવીએ તેનાં બધાં બાણોને પોતે છોડેલાં બાણોથી છેદી નાખ્યાં. બાણ યુદ્ધ પછી જુદા જુદા આયુધોથી બન્ને લડવા લાગ્યાં. આમ જગદંબા અને મહિષાસુર વચ્ચે તુમુલ યુદ્ધ થઇ રહ્યું. દેવો આ યુદ્ધને આતુરતાથી નિહાળી રહ્યા હતા. એવામાં મહિષાસુરની મદદે દુર્ધર દોડી આવ્યો. તેણે દેવી પર સણસણતાં સાત તીરો છોડયાં, તો દેવીએ તેના તીરો કાપીને તેને ત્રિશૂળથી વીંધી નાખ્યાં. એવામાં મહાઅસુર અંધકે ગદા સાથે ધસી આવી જોરથી સિંહના મસ્તક પર ગદા મારી, એથી સિંહે ક્રોધે ભરાઇ તેના પર તરાપ મારી તેણે ચીરી નાખ્યો, પછી તેનું માંસ આરોગવા લાગ્યો.

હજી પણ મહિષાસુરને ભાન થયું નહિ કે આટલા બધા અસુરોને મારી નાખનાર દેવી હવે પોતાને પણ હણશે. એટલે તે તો પાછો દેવી પર બાણ છોડવા માંડયો, પણ દેવીએ તેના બાણો નકામા કરી નાખ્યાં. હવે દેવીએ મહિષાસુર ઉપર ગદાનો પ્રહાર કર્યો, તેના આઘાતથી મહિષાસુર થોડીવાર માટે બેશુદ્ધ થઇ ગયો, પરંતુ સ્વસ્થ થતાં જ તેણે પોતાની ગદા સિંહના મસ્તક પર પછાડી તો સિંહ તેને ફાડી નાખવા ધસે તે પહેલાં જ માયાવી મહિષાસુરે સિંહનું રૂપ લીધું. તે દેવીના સિંહને મારી નાખવા તત્પર થયો. દેવીએ જોયું કે મહિષાસુર બચવા માટે રૂપ બદલી રહ્યો છે એટલે દેવીએ સિંહ બનેલા મહિષાસુરને મારી નાખવા બાણ છોડવા માંડયા તો મહિષાસુરે હાથીનું રૂપ લીધું અને તે પર્વત ઉપર જઇ શિખરો તોડવા માંડયો. પછી મનુષ્યનું રૂપ લઇ તે પ્રચંડ શિખરોને ઊઠાવીને દેવી ઉપર ફેંકવા લાગ્યો, તો સાવધાન રહેલા દેવીએ તે શિખરોના અધવચ્ચે જ તલવાર વડે ટુકડે ટુકડા કરી નાંખ્યા અને પછી અટ્ટહાસ્ય કરવા લાગ્યા. ત્યાં તો હાથીનું રૂપ લઇ મહિષાસુર પર્વત પરથી ડોલતો ડોલતો આવવા લાગ્યો, તો દેવીનો સિંહ તે હાથી પર તરાપ મારી, સવાર થઇ તેને ફાડી નાખવા જાય, ત્યાં તો હાથી બનેલા મહિષાસુરે શરભનું રૂપ લીધું. દેવીએ તેના પર તલવારનો વાર કર્યો, તો શરભે જોરથી દેવીને ચોટ લગાવી, પછી તે રૂપમાંથી મહિષાસુર પોતાનું મૂળ 'મહિષ' સ્વરૂપ લઇને પોતાનાં શિંગડા વડે દેવી ઉપર પ્રહાર કરવા લાગ્યો, વળી પૂંછડાની મદદથી પથ્થરો ઊપાડીને દેવી પર ફેંકવા લાગ્યો, આ જોઇ ક્રોધે ભરાઇ ચંડિકા દેવીએ દુષ્ટ મહિષાસુરની છાતીમાં જોરથી ત્રિશૂળનો આઘાત કર્યો, તે સહન ન

થવાથી મહિષાસુર ચિત્કાર કરતો ધરતી પર ઢળી પડયો. એક મુહુર્ત સુધી તેને કળ ન વળી, પણ પછી ભાનમાં આવતાં તે દેવી પર વિવિધ આયુધોથી પ્રહાર કરવા લાગ્યો, એટલે દેવીએ હજાર ધાર-દાર આરાવાળું ચક્ર હાથમાં લીધું અને એ દિવ્ય ચક્રથી મહિષાસુરના મસ્તકને ધડથી અલગ કરી નાખ્યું, એ વખતે એની કંઠ–નળીમાંથી ગરમ ગરમ લોહી વહેવા લાગ્યું. આમ દેવી અંબિકાએ મહિષાસુરનો વધ કર્યો તેથી દેવો વારં-વાર 'વિજય ઘોષણા' કરવા લાગ્યા, મહિષાસુર સાથે આવેલા અસુરો મર-વાના ભયથી નાસવા જતાં હતાં તો દેવીના સિંહે દોડીને તે બધાને ચીરી નાખ્યા, જે રાક્ષસો જીવતા બચ્યા હતા તે બધા પછી પાતાળમાં ચાલ્યા ગયા. આમ ભગવતી દેવીના હાથે રાક્ષસરાજનું નિકંદન નીકળી જવાથી અને બાકીના રાક્ષસો પાતાળમાં ભાગી જવાથી ભુમં-ડળના મનુષ્યોનો ભય ટળી જવાથી તે બધાને આનંદ આનંદ થઇ રહ્યો. પછી દેવોની પ્રાર્થનાથી અસુરોને સંહારવા આવેલાં ભગવતી ચંડિકા પણ યુધ્ધ–સ્થળેથી પોતાના પવિત્ર સ્થાનમાં જઇને બિરાજ્યાં, તો થોડી જ વારમાં સર્વ દેવો ત્યાં ભગવતીની સ્તુતિ કરવા પહોંચી ગયા. ૭૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'દેવીએ કરેલો મહિષાસુરનો વધ' નામનો
૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### દેવોએ કરેલી જગદંબાની સ્તુતિ

વ્યાસ ઉવાચ :

અથ પ્રમુદિતા સર્વે દેવઇન્દ્રપુરોગમા : ।
મહિષં નિહતં દષ્ટ્વાતુષ્ટુવુર્જગદંબિકામ્ ॥

વ્યાસ બોલ્યા : દેવીના હાથે મહિ-ષાસુરનો વધ થયેલો જોઇ અત્યંત હર્ષ પામેલા ઇન્દ્ર વગેરે દેવો જગદંબાની સ્તુતિ કરવા લાગ્યા : હે ભગવતી ! તમારી અપૂર્વ શકિતના પ્રભાવથી બ્રહ્મા આ જગતનું સર્જન કરવામાં, વિષ્ણુ જગતનું પાલન કરવામાં તથા રુદ્ર સંહાર કરવામાં સફળ થાય છે. આ બધું તમારી શક્તિના પ્રતાપે જ થાય છે.

બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ સહિત અન્ય દેવો તમારા ચરણકમળોને નિરંતર ઉપાસે છે. જે મૂઢ મનુષ્ય તમને ભજતો નથી, શકિતની આરાધના કરતો નથી તે મંદ-ભાગી હોવો જોઇએ.

હે માતા ! તમે આ દુષ્ટ દૈત્યરાજ મહિષાસુરને હણી અમો દેવોની રક્ષા કરી છે, તે ઘણું જ રૂડું અને જગતનું મોટામાં મોટું કાર્ય કર્યું છે. આ શુભ કાર્યથી તમારી કીર્તિ ફેલાઇ છે. આપે આ વખતે જેમ અમારી રક્ષા કરી તેમ સંકટ સમયે અમારી રક્ષા કરજો એવી અમારી નમ્ર પ્રાર્થના છે.'

દેવોની સ્તુતિ સાંભળી પ્રસન્ન થયેલાં દેવી ત્યાં જ અંતર્ધાન થયાં, આથી દેવોને ઘણું જ અચરજ થયું. ૪૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'દેવોએ કરેલી જગદંબાની સ્તુતિ' નામનો
૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### મહિષાસુરનો વધ થતાં જગત સુખી બન્યું

જનમેજય ઉવાચ

અથાદ્ભુતં વીક્ષ્ય મુને પ્રભાવં-
દેવ્યા જગચ્છાન્તિકરં વરં ચ ।
ન તૃપ્તિરસ્તિ દ્વિજવર્ય શૃણ્વતઃ
કથાઽમૃતં તે મુખપદ્મ જાતમ્ ॥

જનમેજયે કહ્યું : હે મુને ! ભગવતી જગદંબાનો અદ્‌ભુત પ્રભાવ જગતમાં સુખ-શાંતિ કરનાર કલ્યાણકારી છે. હે દ્વિજશ્રેષ્ઠ ! તમારા મુખેથી આ કથામૃતનું પાન કરવા છતાં મને તૃપ્તિ થતી નથી. 'ધર્મ, અર્થ અને કામ'માં તત્પર રહેતા મનુષ્યોએ તો ખાસ કરી આ અમૃતનું પાન ભકિતથી કરવું જોઇએ.

હે વ્યાસ ! મારે હવે દેવીનું ચરિત્ર સાંભળવાની ઇચ્છા છે. મહિષાસુરનો વધ કર્યા પછી દેવોથી સ્તુતિ કરાયેલાં તે દેવી કયા સ્થળે પધાર્યા હતા ? ભગવતી અંતર્ધાન થઇને સ્વર્ગ, મૃત્યુ કે પછી કયા લોકમાં ગયાં ? કે પછી વૈકુંઠમાં જઈને રહ્યાં કે સુમેરૂ પર્વત પર જઇને વસ્યાં, અથવા તો પોતાના દિવ્ય શરીરનું સંવરણ કરી લીધું ? આ બધું મને કહો.'

વ્યાસે કહ્યું: દેવીને પ્રિય મણિદ્વીપમાં તે પધાર્યાં હતાં. તે સ્થાનમાં ભગવતી જગદંબા વિવિધ સ્વરૂપો ધારણ કરી ત્યાં નિત્ય લીલાલહેર કરે છે, ત્યાં એ દેવીનું અવિચ્છન્ન કિર્તન થયા કરે છે.'

મહિષાસુરનો વધ થવાથી સમસ્ત જગતમાં સુખ-શાંતિ વ્યાપી ગયાં. પ્રજામાં કોઇ પ્રકારનો ઉદ્વેગ નહિ રહેવાથી સુખી હતી અને ચારેય વર્ણના નર-નારીઓ ભગવતી ચંડિકાના ચરણકમળોની સેવામાં નિરંતર તત્પર રહેતા હતા. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'મહિષાસુરનો વધ થતાં આખું જગત સુખી બન્યું'
નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૧ મો

### શુંભ-નિશુંભની કથા-દેવોનો પરાજય

વ્યાસ ઉવાચ

શૃણુ રાજન્પ્રવક્ષ્યામિદેવ્યાશ્ચરિતમદ્‌ભુતમ્ ।
સુખદં સર્વજન્તૂનાંસર્વપાપપ્રણાશનમ્ ॥

વ્યાસ બોલ્યા : હે રાજન્ ! તમે સર્વ જીવાત્માઓને સુખકારક ને સર્વ પાપોનો પ્રલય કરનાર ચંડિકાદેવીના અદ્‌ભુત ચરિત્રને સાંભળો: શુંભ અને નિશુંભ નામના બે બળવાન રાક્ષસો હતા. બન્ને સગા ભાઇઓ હતા. તેમને મળેલા વરદાન મુજબ કોઈ પુરૂષથી તેઓનું મોત નહોતું. તેમની પાસે રાક્ષસોની મોટી સેના હતી. દેવોને દુ:ખી કરવા એ જ એમનું કર્તવ્ય હતું. એક વેળા આ માથાભારે રાક્ષસો શુંભ-નિશુંભ અને દેવી વચ્ચે ઘોર યુદ્ધ થયું તેમાં દેવીના હાથે બન્ને મરાયા. દેવોના હિતાર્થે દેવીએ તેઓને માર્યા હતા. તેઓ સિવાય એ પ્રચંડ યુધ્ધમાં ચંડ, મુંડ, રકતબીજ તથા ધુમ્રલોચન નામના મહાઉપદ્રવી રાક્ષસો પણ મરાયા હતા. આથી દેવો સંપૂર્ણ ભયમુકત થયા હતા. આ પછી ભગવતીદેવી દેવોથી પૂજાઇને હિમાલય પર્વત પર જતા રહ્યાં હતાં.

જનમેજય કહે : 'એ બધા દાનવો કોણ હતા ? તેઓ એટલા બધા બળ-વાળા શાથી થયા હતા ? એવા બહાદુર રાક્ષસો એક સ્ત્રીના હાથે કેવી રીતે મરાયા ? તેઓએ કોનું તપ કરીને વરદાન મેળવ્યા હતા ? આ સર્વ વૃત્તાંત મને કહો.'

વ્યાસે કહ્યું : પ્રથમ હું તમને દેવીના ચરિત્ર સાથે સંબંધ રાખનારી એક વિલક્ષણ કથા કહું છું : આ મંગલમયી અને કલ્યાણકારી કથા.... 'ધર્મ, અર્થ, કામ, મોક્ષ' એ સમસ્ત ફળને આપ-નારી અને સર્વ પાપોને બાળનારી છે. એને સાંભળનાર ઉત્તમ ગતિને પામે છે.

પ્રાચીન સમયમાં બે રાક્ષસ ભાઈઓ 'શુંભ અને નિશુંભ' મહાબળિયા તરીકે ઘણાં જ વિખ્યાત હતા. આ રાક્ષસો પાતાળમાંથી ભુમંડળ ઉપર આવ્યા હતા. બંને રાક્ષસો હતા.... પણ તેમની આકૃતિ સુંદર હતી. તેઓ તપ કરવા પવિત્ર પુષ્કર તીર્થમાં ગયા હતા. ત્યાં આસન જમાવી અન્ન–જળનો ત્યાગ કરી તેમણે દશ હજાર વર્ષ સુધી તપ કર્યું ત્યારે બ્રહ્મા પ્રસન્ન થઈ તેમને વરદાન આપવા આવ્યા. બ્રહ્માએ બંને રાક્ષસોને ઇચ્છિત વસ્તુ વરદાનમાં માગવા કહ્યું. જવાબમાં તેમણે અમર-ત્વ માગ્યું ત્યારે બ્રહ્માએ કહ્યું કે, જન્મે તેને મરવું જ પડે છે અને એ મર્યાદાનું સૌએ પાલન કરવું પડે છે. માટે બીજું કંઈ માંગો.

આ સાંભળી શુંભ–નિશુંભે કંઈક વિચારીને કહ્યું : નરજાતિથી એટલે કે દેવ, માનવ, પશુ, પક્ષી–આમાંથી કોઈ પણ પુરૂષજાતિથી અમારૂં મોત થાય નહિ, એવું વરદાન અમે માગીએ છીએ. કારણ કે જગતમાં કોઇ પણ સ્ત્રી એવી શક્તિમાન નથી કે જે અમને મારી શકે.'

બ્રહ્મા 'તથાસ્તુ' કહી પોતાના સ્થાને જતા રહ્યા. શુંભ એટલો બધો બળવાન હતો કે, તેના જ જેવા બળિયા ચંડ અને મુંડ નામના બન્ને ભાઇઓ પણ શુંભની સેવામા આવીને રહ્યા. ઉપરાંત 'ધુમ્રલોચન' તથા રક્તબીજ નામે પ્રસિધ્ધ અસુરો પણ શુંભ પાસે આવીને રહ્યા. વરદાન પામેલા આ રક્તબીજ પર યુધ્ધમાં જેટલા ઘા થતા તેમાંથી તેના જેવા જ બીજા રાક્ષસો ઉત્પન્ન થતા અને તે બધા યુધ્ધમાં જોડાતા.

આ બધાના બળના પ્રતાપે અસુર શુંભે સમસ્ત ભુમંડળ પર પ્રભુત્વ જમાવ્યું હતું. નિશુંભે સ્વર્ગ જીતી લેવા આ બળનો ઉપયોગ કરવા વિચાર્યું. તેણે અસુરોની પ્રચંડ સેના સાથે ચડાઈ કરી લોકપાલો સાથે ભયંકર યુધ્ધ કર્યું. અને સ્વર્ગ ઉપર પણ અસુરોએ વિજય મેળવ્યો. એટલે શુંભ ઇન્દ્રાસન પર આરૂઢ થઇ સ્વર્ગનો અધિપતિ ઇન્દ્ર બન્યો. સ્વર્ગનું રાજ્ય મળવાથી તે વિવિધ પ્રકારનું સુખ ભોગવવા લાગ્યો અને બીજા અસુરો પણ સુખ ભોગવવા લાગ્યા. હવે શુંભના વશમાં કુબેર, સૂર્ય, ચન્દ્ર હતા અને યમરાજને પણ તાબે કરી

તેનું પદ પોતે લઇ લીધું હતું. શુંભે અગ્નિ, વરૂણ અને વાયુનાં કાર્યો પણ પોતાના હસ્તગત લીધાં હતાં. લાચાર બનીને હારેલાં દેવો નંદનવન જેવા સ્વર્ગમાંથી ભાગીને પર્વતોની ખીણોમાં છૂપાઇ રહ્યા હતા. ૬૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'શુંભ–નિશુંભની કથા તથા દેવોનો પરાજય' નામનો ૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### દેવોની સ્તુતિથી દેવી પ્રગટ થયાં

**વ્યાસ ઉવાચ :**

**પરાજિતા સુરા : સર્વે-**
**રાજ્યં શુંભ શશાસ હ ।**
**એવં વર્ષસહસ્રં તુ જગામ નૃપસત્તમ ॥**

વ્યાસજી બોલ્યા : હે શ્રેષ્ઠ રાજા ! દાનવો સાથેના યુદ્ધમાં હારીને દેવો નંદનવન છોડીને પર્વતોની ખીણોમાં જઇને રહ્યા અને અસુરરાજ શુંભ સ્વર્ગનું રાજ્ય ભોગવવા લાગ્યો.

આખરે રાજ્યભ્રષ્ટ થઇને દુ:ખી થયેલા દેવોએ બૃહસ્પતિ પાસે જઇ પોતાના દુ:ખનું વૃત્તાંત જણાવી તેમને કહ્યું: હે ગુરો ! અમારે માટે કોઇ ઉપાય બતાવો. આપ સર્વજ્ઞ છો.

બૃહસ્પતિએ કહ્યું : તમારી વાત ખરી છે, પરંતુ વેદોકત મંત્રો પ્રારબ્ધ પ્રમાણે ફળ આપે છે. વળી મંત્રોના પ્રધાન દેવતા તમે છો, તો તમારે માટે મારે શો ઉપાય કરવો ?

તો પણ હું તમને એક ઉત્તમ ઉપાય બતાવું છું. અગાઉ તમો દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા દેવી જગદમ્બાએ મહા અસુર મહિષાસુરનો બીજા અસુરો સાથે વધ કર્યો હતો, ત્યારે તમે તેમને સ્તુતિ કરેલી કે, 'હે માતા ! અમારા સંકટ સમયે સહાય કરજો.' ત્યારે દેવીએ તમને વચન આપેલું કે 'હે દેવો ! જ્યારે તમારા પર આપત્તિ આવે ત્યારે મારૂં સ્મરણ કરજો, તે વખતે હું તમારૂં સંકટ જરૂર દૂર કરીશ.'

આવું વરદાન પામેલા તમે બધા હિમાલય પર જઇ ભકિતપૂર્વક દેવીની આરાધના કરો. તમે બધા માયાબીજનો જપ કરવાની સાથે દેવીનું અનુષ્ઠાન કરજો. તમારી શ્રધ્ધાભકિતથી દેવી તમારા પર પ્રસન્ન થશે તો તમારા દુ:ખનો અંત તુરત જ આવી જશે, માટે તમે કોઇ પ્રકારની ચિંતા કર્યા વિના અહીંથી હિમાલય પર જઇ જગદંબાની આરાધના કરવા માંડો.

દેવોએ હિમાલય પર જઇ માયાબીજ હૃદયમાં ધારણ કરી તેનો જપ કરવા માંડયો, સાથે સાથે વિવિધ પ્રકારે સ્તુતિ કરવા માંડી.

દેવોએ કરેલી સ્તુતિ, જપ અને અનુષ્ઠાનથી દયાળુ દેવી અંબિકા તરત જ રૂપ તથા યૌવનથી યુકત સ્વરૂપે પ્રકટ થયાં. તેમણે દિવ્ય વસ્ત્રો અને દિવ્ય આભુષણો ધારણ કરેલાં હતાં. દિવ્ય ચંદનથી લેપાયેલાં અને દિવ્ય માળાથી તે દેવી અત્યંત શોભતાં હતાં. તેમણે દેવોને કહ્યું: 'તમે બધા ચિંતાતુર કેમ જણાઓ છો, મને કેમ યાદ કરી ? તમારૂં

કાર્ય મને જણાવો.' આ સાંભળી દેવોએ પોતાનું સર્વ વૃત્તાંત જણાવી કહ્યું : હે માતા ! અમો દેવો તમારા ચરણને ભજવામાં કાયમ તત્પર રહીએ છીએ, હાલ શુંભ–નિશુંભ નામના બે બળવાન દાનવોએ અમને મહા દુઃખમાં નાખ્યા છે તો તમે જ અમો દુઃખીઓનું શરણ થાઓ. એ અભિમાની દાનવો પોતાના બળના ઘમંડથી આખા જગતને પીડી રહ્યા છે તો એમનો વિનાશ કરી જગતને સુખી કરો. ૫૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'દેવોની સ્તુતિથી દેવી પ્રકટ થયાં' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### કૌશિકી દેવીનું પ્રાકટ્ય

વ્યાસ ઉવાચ

**એવં સ્તુતા તદા દેવી દેવતૈશત્રુતપિતૈઃ ।**
**સ્વ શરીરાત્ પરરુપં પ્રાદુર્ભૂતં ચકાર હ ॥**

વ્યાસ બોલ્યા : તેજ સમયે દેવી ભગવતીએ પોતાના શરીરમાંથી બીજું સ્વરૂપ પ્રકટ કર્યું, પાર્વતીના શરીરમાંથી એક બીજાં દેવી નીકળ્યા. જગત એ સ્વરૂપને 'કૌશિકી' નામથી ઓળખવા લાગ્યું. પણ દેવી–પાર્વતીના શરીરમાંથી 'કૌશિકી' ઉત્પન્ન થવાથી તેમનું રૂપ કાળું થઇ ગયું તેથી તે 'કાલિકા' નામથી પ્રસિદ્ધ થયાં. ભક્તોના સઘળાં મનોરથોને પૂરનારા તે દેવી જગતમાં 'કાલરાત્રિ' નામથી વિખ્યાત થયા.

તે પછી અંબિકા–પાર્વતીએ મંદ હાસ્ય કરી દેવોને કહ્યું, 'હવે તમે સર્વ નિર્ભય થઇ તમારા સ્થાનમાં જતા રહો. તમારૂં કષ્ટ મેં જાણી લીધું છે. તમને સુખી કરવા હું યુદ્ધભુમિમાં શુંભ–નિશુંભ વગેરે વરદાન પામેલા દાનવોનો વધ કરીશ, મારી સાથે 'કાલિકા' પણ આવશે.' એમ કહીને ભગવતી કૌશિકી સિંહ ઉપર આરૂઢ થયા, પછી જે તરફ દાનવો વસતા હતા તે તરફ નીકળી પડયાં. તેઓના વિસ્તારમાં આવ્યા પછી દેવીએ જગતને મોહિત કરનારૂં ગાન–સંગીત શરૂ કર્યું. એવામાં શુંભ–નિશુંભના, ચંડ–મૂંડ નામના બે દૈત્ય સેવકો ફરતા ફરતા ત્યાં આવી ચડયા તેમણે ભગવતીને મધુર કંઠે ગાતાં જોયાં.

તેમની સાથે ઊભેલા કાલિકાને પણ તેમણે જોયાં. આ બે દેવીઓને જોઇ આશ્ચર્ય પામેલા બન્ને દાનવો તુરત શુંભ પાસે જઇ કહેવા લાગ્યા : 'રાજન્ ! એક સુંદર સ્ત્રી સિંહ ઉપર સ્વાર થઇ આપણા પ્રદેશમાં આવી છે. તે મધુર કંઠે ગાન કરી રહી છે. આવી સ્વરૂપવતી સ્ત્રી દેવલોક કે ગંધર્વલોકમાં પણ જોવા ન મળે, બરાબર આપની પત્ની બનવા યોગ્ય છે. વળી દેવોના સઘળાં રત્નો ઉપર આપે કબ્જો જમાવ્યો છે, તો આવા સુંદર સ્ત્રીરત્નને પણ આપની પાસે રાખી સુખરૂપ ભોગવો.'

શુંભને આ બધું સાંભળી તે સ્ત્રીને મેળવવાની લાલસા જાગી, આથી તેણે મંત્રી સુગ્રીવને એ કામ સોંપ્યું.

શુંભની આજ્ઞાથી સુગ્રીવ જે સ્થળે

જગદંબા સિંહ પર સ્વાર થઇ રહેલા હતાં તે તરફ જવા નીકળ્યો. ત્યાં જતાં દુરથી જ તેણે સિંહ પર બેઠેલાં તે તેજસ્વી દેવી જગદંબાને જોયાં. તે હિંમત રાખી તેમની નજીક જઇ પ્રણામ કરીને બોલ્યો: 'હે કમળ જેવા નયનવાળી સુંદરી! હું અમારા સ્વામી શુંભ તરફથી દૂત તરીકે તમારી પાસે તેમનો સંદેશો લઇ આવ્યો છું. મારો અસુરરાજ શુંભ ઘણો બળવાન અને કોઇ પુરૂષથી ન મરાય તેવો પ્રતાપી છે. દેવોનો તે મોટો શત્રુ છે. અત્યારે દેવોના રાજ્યનો તે પૂરો ભોગવટો કરી રહ્યો છે. પહેલાં તમને જોઇ ગયેલા અમારા બીજા દુતોએ શુંભ આગળ આવીને તમારા રૂપના ખૂબ જ વખાણ કર્યાં, એ સાંભળી તે તમારા પર મોહિત થઇ ગયા છે.' એમ કહી સુગ્રીવે દેવી સમક્ષ શુંભના ઐશ્વર્યની અને પરાક્રમની ઘણી વાત કરી. તે સાંભળી ભગવતી જગદંબા દેવીએ મધુર વચનોથી દુત સુગ્રીવને કહ્યું: 'મારે એવો જ પતિ જોઇએ છીએ અને એટલા માટે છેક હિમાલયથી અહીં સુધીના પ્રવાસથી મેં જાણ્યું છે કે બધાં યે શુંભથી ગભરાય છે. હે દુત! તું સામે પગલે તેનો સંદેશો લઇને અત્રે મારી પાસે આવ્યો તે ઘણું જ સારૂં કર્યું છે. હવે તું તેની પાસે જઇ એકાંતમાં મારા વતી કહેજે કે, હે શુંભ! તમારા બહુ જ વખાણ સાંભળી હું તમને વરવા તત્પર થઇ છું. મારે કોઇને પતિ બનાવવો પડશે એટલે તમારા ઉપર પણ મારી પસંદગી ઉતરે. પરંતુ મારા વિવાહમાં એક બાબત અડચણરૂપ છે. મેં બાળપણમાં એવી પ્રતિજ્ઞા લીધી છે કે, 'યુદ્ધ ભુમિમાં મારા સમાન પરાક્રમી પુરૂષ લડવામાં મને જીતી લેશે તો એના બળની ખાતરી થયા પછી હું એને પતિ કરીશ.' આવી મારી પ્રતિજ્ઞા પણ તમારા સ્વામી શુંભને કહેજે ને મારા વતી મારા શબ્દોમાં કહેજે કે, હે શુંભરાજ! તમે મારા પર મોહ પામ્યા હો તો મારી સાથે યુદ્ધ કરી મને જીતી તમારો મનોરથ પૂર્ણ કરો.'

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'કૌશિકી દેવીનું પ્રાકટ્ય' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### ધુમ્રલોચન અને દેવીનો સંવાદ

**વ્યાસ ઉવાચ**

**દૈત્યાસ્તદ્વચનં શ્રુત્વા સ-**
**દૂતઃપ્રાતવિસ્મિતઃ ।**
**કં બૃષે રુચિરાપાંગિ-**
**સ્ત્રીસ્વભાવિ સાહસાત્ ॥**

વ્યાસ બોલ્યા: ભગવતી દેવીના મધુર વચનો ને લીધેલી પ્રતિજ્ઞા સાંભળી વિસ્મિત થતો સુગ્રીવ દુત કહેવા લાગ્યો: હે સુંદર કટાક્ષોવાળી સુનયને! સાહસરૂપ સ્ત્રીના સ્વભાવથી તું આ શું બોલે છે?

જો તું એમની પાસે નહિ જાય તો ક્રોધે ભરાઇ અહીં બીજા બળવાન અસુરો મોકલશે. જે તારો ચોટલો પકડી તને ઢસડીને શુંભાસુર પાસે લઇ જશે,

પછી તારું શું માન રહેશે ? માટે મારી વાત માની તું હમણાં જ મારી સાથે ચાલ.'

દેવીએ કહ્યું : 'હે દુત ! જો તેને મારી બાળપણની પ્રતિજ્ઞા પ્રમાણે યુદ્ધ કરવાની ઇચ્છા ન હોય તો અહીંથી પાતાળમાં જતો રહે. તે ને તમે બધા રાક્ષસો જીવતા રહેવા માગતા હોવ તો અત્યારે ને અત્યારે જ બધા પાતાળમાં ઉચાળા ભરી જાવ, નહિતર મારા કોપથી એક પણ જીવતા રહેશો નહિ.'

દેવીનો ક્રોધ જાણી શુંભાસુરનો દૂત સુગ્રીવ આશ્ચર્યમાં પડી ગયો. તે તુરત જ શુંભાસુર પાસે ગયો ને ગભરાતાં દેવીએ કહેલાં વચનો તેને સંભળાવ્યાં.

આ સાંભળી શુંભે પોતાના ભાઇ નિશુંભને કહ્યું : 'ભાઇ ! તારી બુધ્ધિ સતેજ છે. તો વિચાર કરીને તું જ કહે કે આપણે હવે કેવા પગલાં લેવાં ?'

નિશુંભે વિચાર કરીને પહેલાં ધુમ્રલોચનને તેને સમજાવવા મોકલવા કહ્યું.

નિશુંભનું કહેવું શુંભને વ્યાજબી લાગ્યું તેથી તેણે ધુમ્રલોચનને દેવી પાસે મોકલ્યો....

ધુમ્રલોચન દેવી સાથે લડવા માટે સાઠ હજાર અસુરોની પ્રચંડ સેના લઇને ત્યાં ગયો. આ સમયે ભગવતી જગદંબા ઉપવનમાં બિરાજ્યા હતાં. દેવીએ ધુમ્રલોચનને મોટી સેના સાથે આવેલો જોયો અને મનમાં હસી પડયાં. અત્યારે દેવીનું સ્વરૂપ શાંત હતું તેથી ધુમ્રલોચન એકલો જ દેવી સમક્ષ આવી મધુર વાણીથી કહેવા લાગ્યો : સુંદરી ! આપ એકલાં અહીં આનંદ કરો છો, પણ ત્યાં શુંભાસુર તમારા વિરહથી બહુ જ વ્યાકુળ થઇ ગયા છે, માટે તમે ત્યાં પધારી તેના મનને શાંત કરો.

હે સુંદરી ! તમે યુદ્ધ કરવાને યોગ્ય નથી. પણ કામક્રીડાથી સુખભોગ ભોગવવા લાયક છો. તમે ત્યાં આવી શુંભાસુર રાજારૂપી આસોપાલવના વૃક્ષને તમારા પાદપ્રહારથી કાયમ વિકસિત કરો અને મદિરાના છંટકાવથી શુંભાસુરને બોરસલી તથા કુરબક વૃક્ષ સમાન પ્રફુલ્લિત કરો.'

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'ધુમ્રલોચન અને દેવીનો સંવાદ' નામનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૫ મો

### દેવીએ કરેલો ધૂમ્રલોચનનો વધ

વ્યાસ ઉવાચ

**ઇત્યુક્ત્વા વિરરામા સૌ વચનં ધૂમ્રલોચનઃ ।**
**પ્રત્યુવાચ તદા કાલી પ્રહસ્ય લલિતં વચઃ ॥**

વ્યાસ બોલ્યા : દેવીને મધુર વચનો કહ્યાં પછી ધૂમ્રલોચને મૌન સેવ્યું, પછી કાલિકાએ લીલામાત્રથી હસીને જગદંબાવતી તે દુતને ઉત્તર આપ્યો; 'અરે નીચ ! તું તો મોટી સેના લઇને યુદ્ધ કરવા આવ્યો છે કે નટની જેમ નટખટવેડા કરવા ? વ્યર્થ બકવાદ કરી તું આ દેવીને કોપાયમાન શા માટે કરી રહ્યો છે ? એ શુંભાસુર દેવીને પ્રાપ્ત કરવાના મનોરથ કરી રહ્યો છે, પણ તું જોજે કે, ક્રોધે ભરાયેલાં દેવી શુંભ–નિશુંભને, તને તથા

બીજા બધા બળવાન અસુરોને બાણોના પ્રહારોથી મારીને જોતજોતામાં પોતાના સ્થાને ચાલ્યાં જશે. માટે તું જઇને તારા સ્વામી શુંભાસુરને કહે કે 'મારી સાથે ક્યાં તો યુદ્ધ કરો, ક્યાં તો પાતાળમાં જતા રહો.'

કાલિકાનાં આવા વચનો સાંભળી ધૂમ્રલોચનની આંખો ક્રોધથી લાલ થઇ, તે ઉગ્ર સાદે કહેવા લાગ્યો : 'ઓ કાલિ, તારા મોઢાંનું તો ઠેકાણું નથી, ને આવાં વચનો કહે છે? તમે બન્નેને અબળા જાણી હથિયાર ઉગામતાં વિચાર થાય છે, પરંતુ હવે દયા રાખવી કામની નથી. હવે હું તને અને આ સિંહને મારી નાખી આ સુંદરીને બળજબરીથી શુંભાસુર પાસે લઇ જઇશ.'

આમ કાલિકા અને ધૂમ્રલોચન યુદ્ધે ચડયા. બન્ને બાણ, તલવાર, ખડગ, ગદા, શક્તિ વગેરે આયુધોનો ઉપયોગ કરી રહ્યા હતા. ધુમ્રલોચન જે રથમાં બેસીને આવ્યો હતો તે રથને ખચ્ચરો-ગધેડા જોડેલા હતા તે ગધેડાને મારી નાખી કાલિકાએ રથના પણ ટુકડે....ટુકડા કરી નાખ્યા, હવે ધુમ્રલોચને બીજા રથમાં બેસી કાલિકા પર અગણિત બાણો છોડવા માંડયા, તો કાલિકાએ તે બાણોને અધવચ્ચે તોડી નાખવા માંડયા. ધુમ્રલોચન હાથમાં લોખંડનું પરિઘ લઇ કાલિકાને મારવા માટે ધસ્યો, તે વખતે જ અત્યાર સુધી શાંત રહેલાં દેવી જગદમ્બાએ એક એવો હુંકાર કર્યો કે જેથી પ્રચંડ અસુર ધુમ્રલોચન બળીને ભસ્મ થઇ ગયો, તે સાથે જ અસુરસેનામાં ભારે ભંગાણ પડ્યું. ગભરાયેલા અસુરો 'બાપરે....બાપ' પોકારતા યુદ્ધભુમિમાંથી ભાગવા લાગ્યા.

ભાગેલા અસુરો શુભ-નિશુંભ પાસે જઇને દયામણે મોઢે ઊભા રહ્યા. તેમને ગભરાયેલા જોઇ શુંભાસુરે પૂછ્યું : 'તમે બધા કેમ પાછા આવ્યા? ધુમ્રલોચન ક્યાં છે? તમારા ઉપર ઘા પડેલા છે અને શરીરમાંથી લોહી વહી રહ્યું છે, તો ત્યાં શું બનાવ બન્યો તે તો કહો?'

અસુરોના સરદારે ગભરાતાં ગભરાતાં કહ્યું, 'દાનવરાજ! કાલિકા સાથે યુદ્ધ કરતાં ધુમ્રલોચન મરાયા છે, અને મોટા ભાગની સેના યુદ્ધમાં ખપી ગઇ છે, આ બધો હત્યાકાંડ કાલિકાએ કર્યો છે.'

આ સાંભળી શુંભે પોતાના ભાઇ નિશુંભની સલાહ માગી. નિશુંભે આથી પોતે જ દેવી સામે લડવા જવાનો નિર્ણય કર્યો. પણ શુંભે તેને વાર્યો અને ચંડ તથા મુંડને દેવી સામે લડવા મોકલ્યા ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'દેવીએ કરેલો ધુમ્રલોચનનો વધ' નામનો ૨૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૬ મો

### બળવાન દૈત્યો ચંડ-મુંડનો વધ

વ્યાસ ઉવાચ:

ઇત્યાજ્ઞપ્તૌ તદાવીરૌ ચંડમુંડૌ મહાબલૌ।
જગ્મતુસ્તરસૌ વાજૌ સૈન્યેન મહતાન્વતૌ॥

વ્યાસ બોલ્યા : શુંભાસુરની આજ્ઞાથી મહાબળવાન દૈત્યો ચંડ-મુંડ વિશાળ સેના સાથે યુદ્ધ સ્થળે જઇ પહોંચ્યા.

આ દૂતોને જોઇ દેવી જગદમ્બાએ

તેઓને મેઘગંભીર વાણીથી કહ્યું: અરે ધૂર્ત! તારા જેવા કેટલાયે અસુરો મારાથી હણાઇ ચૂકયા છે અને હવે તમે બાકી રહેલા અસુરો પણ મારા હાથે વધેરાઇ જવાના છો, માટે લડવા આવ્યો હોય તો હવે ઝટ લડવા તૈયાર થા. યુધ્ધમાં તને હણયા પછી બાકીના બધાનો વારો છે. મારે હાથે તારો વધ થયા પછી તારો ભાઇ પણ કાળના મુખમાં હોમાશે, તે પછી શુંભ-નિશુંભ ને રક્તબીજ પણ રણમાં રોળાશે, તે પછી બાકી રહેલાં અસુરોનો સંહાર કરીને હું પ્રસન્નચિત્તે મારા સ્થાને ચાલી જઇશ.'

દેવીનાં આવાં વચનો સાંભળી ચંડ અને મુંડ બહુ જ ઉશ્કેરાઇ ગયા. તેઓ પોતાના ધનુષનો ટંકાર કરવા લાગ્યા, તો દેવીએ પણ શંખનાદ કરી દિશાઓ ગજવી મૂકી. શંખનાદ સાંભળી દેવો, મુનિઓ, યક્ષો, ગંધર્વો, કિન્નરો, સિધ્ધો વગેરે પ્રસન્ન થઇ 'જય....જય' બોલવા લાગ્યા. અને જોતજોતામાં દેવી જગદંબા અને ચંડ અસુર વચ્ચે ભલભલાના કાળજાં કંપાવી નાખે તેવું ઘોર યુદ્ધ થયું. બાણયુધ્ધમાં ચંડને ફાવટ આવી નહિ, એટલે પોતાની સાથેના અસુરોને દેવી પર બાણોનો વરસાદ વરસાવવાનું કહ્યું, એ જાણી દેવીની મુખાકૃતિ ગંભીર બની ગઇ; અને કાલિકાની મુખાકૃતિ તો બહુ જ બિહામણી બની ગઈ.

કાલિકા તો ભયંકર રૂપવાળા થયા, વિશાળ નેત્રો અને લબકારા મારતી રક્તવર્ણી લાંબી જીભવાળાં, ગળામાં ધારણ કરેલી નરમુંડની માળાથી શોભતાં જાણે બીજાં કાલરાત્રિ હોય તેમ દેવી કાલિ શોભવા લાગ્યા, પછી તો કાલિકાએ પોતાનું મુખ એટલું વિશાળ-પહોળું કર્યું કે તેમાં મોટા હાથીઓને હોમવા લાગ્યા, અને ઘોડા અને રથોને પણ મોંમાં લઇ દાંતો વડે ભચડ ભચડ ચાવવા લાગ્યા. આમ દેવી કાલિકાએ ચંડમુંડની સેનાનો વાહનો સહિત કચ્ચરઘાણ વાળવા માંડયો.

આથી ચંડે ગદા ઊઠાવી દેવી પર ગદાનો પ્રહાર કરવા પ્રયત્ન કર્યો તો કાલિકા દેવીએ ગદાના પ્રહારને રોકી બાણપાશનો પ્રયોગ કરી ચંડને બાંધી લીધો. આ દરમ્યાન મુંડે કવચ ધારણ કરી લીધું હતું. પૂરો સ્વસ્થ થતાં તે શક્તિ લઇને દેવી સાથે લડવા આવ્યો તો દેવીએ એના ઉપર પણ બાણપાશનો પ્રયોગ કરી એને પણ બાંધી લીધો. પછી ચંડ-મુંડને દોરડા વડે બાંધી દેવી જગદમ્બા પાસે લઇ ગયાં. ભગવતીએ ચંડ-મુંડ સામે જોયું તો તે ભયથી ફફડી રહ્યા હતા, તેમને જોઇ જગદમ્બાએ કાલિને કહ્યું, 'હે કાલિકા! મારી ઇચ્છા છે કે હવે તું જલદી દેવોનું કાર્ય સિધ્ધ કરવા તત્પર થા.'

ભગવતી જગદમ્બાનો આદેશ સાંભળી કાલિકાએ કહ્યું, 'ખટ્વાંગરૂપી યજ્ઞ-સ્તંભવાળા આ યુધ્ધરૂપી યજ્ઞમાં હું આ બધા પશુઓનો નાશ કરીશ, જેથી હિંસા નહિ

થાય. એમ કહી કાલિકાએ તલવાર વડે મહાદૈત્યો ચંડ-મુંડના મસ્તક છેદી નાખ્યા, પછી એનું રૂધિર પીવા લાગ્યાં. આ પ્રમાણે દેવી કાલિકાએ બન્ને પ્રબળ દૈત્યોનો વધ કરેલો જોઇ જગદમ્બા પ્રસન્ન થઇ કાલિકાને કહેવા લાગ્યાં, 'હે કાલિકે ! આજે તમે દેવોનું મહાકાર્ય સિધ્ધ કર્યું છે, ચંડ-મૂંડને માર્યા છે, માટે હું આજે તમને ઉત્તમ વરદાન આપું છું કે, તમારૂં 'ચામુંડા' નામ પૃથ્વી પર ખૂબ પ્રખ્યાત થશે.' ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'બળવાન અસુર ચંડ-મુંડનો વધ' નામનો
૨૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૭ મો

### યુધ્ધ કરવા રક્તબીજ આવ્યો

**વ્યાસ ઉવાચ :**

**હતૌ તૌ દાનવૌ દૃષ્ટ્વા હતશેષાશ્ચ સૈનિકાઃ ।**
**પલાયનં તતઃકૃત્વા જગ્મુઃ સર્વે નૃપં પ્રતિ ॥**

વ્યાસજીએ કહ્યું: ચંડ-મૂંડ દાનવોને હણાયેલા જોઇ, દાનવસેનામાં બચી ગયેલા દાનવોએ ઘવાયેલી હાલતમાં શુંભ પાસે જઇ બુમાબુમ કરતાં કહ્યું : 'હે રાજન્ ! અમારી રક્ષા કરો....અમને બચાવો....નહિ તો કાળકા આવીને અમને કાચા ને કાચા ચાવી જશે, તેણે આપણા મહા દાનવો ચંડ-મૂંડને મારી નાખ્યા છે અને હાથી, ઘોડા, રથો તથા કેટલાયે અસુરોને મોઢામાં હોમી ચાવી ગઇ છે, આથી ગભરાઇને અમે તમારી પાસે દોડી આવ્યા છીએ, તેણે ચંડ-મૂંડને મારી નાખી તેમનું લોહી ધરાઇને પીધું છે, માટે જીવ બચાવવો હોય અને કુળની રક્ષા કરવી હોય તો અહીંથી પાતાળમાં જતા રહો. અમે બધા પણ તમારી સાથે આવીએ છીએ.

આપ અગાઉ આપને મળેલા વરદાનને યાદ કરો. તમે જ તપ દ્વારા બ્રહ્માને પ્રસન્ન કરી, પ્રાર્થના દ્વારા માગેલું કે : 'દેવ, અસુર, મનુષ્ય, સર્પ, યક્ષ અને કિન્નર એમાંથી કોઇ પણ નર જાતિ મને મારી શકે નહિ, પણ સ્ત્રીથી અમારૂં મૃત્યુ થાય.' તો હવે આ દેવી જ કદાચ આપનો સંહાર કરશે. માટે તેની સાથે વેર બાંધો નહીં.'

પણ આવી કાયર વાણી ઉચ્ચારનાર દાનવોને શુંભે ધમકાવી નાખ્યા અને 'રક્તબીજ'ને શૂરાતન ચઢાવી દેવી સામે લડવા મોકલ્યો.

દેવીએ તેને આવતો જોઇ તુરત જ શંખનાદ કર્યો, આ નાદથી દાનવસેના થરથરી ઊઠી. જયારે દેવોના આનંદનો પાર નહોતો. રક્તબીજ પણ ઘડીભર કંપી ગયો હતો, પછી તે હિંમતથી દેવી પાસે જઇ કહેવા લાગ્યો : હે સુંદરી ! ધુમ્રલોચન જેવો તારા શંખના ધ્વનિથી ડરી જાય, આ રક્તબીજ તેવો કાયર નથી. હું તારી સાથે યુધ્ધ કરવા આવ્યો છું, આજે તને મારા પરાક્રમની ખબર પડી જશે. છતાં મારી વાત સાંભળ : સ્ત્રી કુંવારી રહી શકતી નથી. નર-નારીની જોડથી સંસાર વ્યાપ્ત છે. વૃક્ષ વેલીની સાથે, મૃગ-મૃગલીની સાથે

કબુતર કબુતરી સાથે આનંદ મગ્ન રહે છે એમ સઘળાં પ્રાણી સંયોગ–રસ અનુભવે છે. હે સુંદરી ! તારૂં યૌવન યુધ્ધ કરવામાં જ વેડફાઇ જાય તે પહેલાં તું અમારા સ્વામી શુંભાસુરની પત્ની બની જા. તેથી તને એ અપૂર્વ સુખનો આસ્વાદ લેવાનો લાભ મળશે.'

વ્યાસે કહ્યું : આમ દેવીને સમજાવવાનો પ્રયાસ કરી રક્તબીજ પછી ચૂપ ઊભો રહ્યો. તેનું કહેવું સાંભળી ચાંમુડા, કાશિકી તથા અંબિકા ઘણું જ હસવા લાગ્યાં. ૬૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'યુધ્ધ કરવા રક્તબીજ આવ્યો' નામનો ૨૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૮ મો

### દેવી અને રક્તબીજ યુધ્ધે ચડયા

વ્યાસ ઉવાચ

કૃત્વા હાસ્યં તતો દેવી તમુવાચ વિશાંપતે ।
મેઘગંભીરયા વાચાયુક્તિયુક્તમિદંવચઃ ॥

વ્યાસ બોલ્યા : હવે દેવી શું ઉત્તર આપે છે તે જાણવા રક્તબીજ મૌન સેવી ઊભો હતો. પછી દેવીએ મેઘ-ગંભીર વાણીથી કહ્યું : 'અરે મૂઢ ! તારું અને તારા સ્વામીનું હવે મોત આવ્યું છે એમ નક્કી માનજે. માટે હવે બકવાદ છોડીને લડવા તૈયાર થઇ જા.

રક્તબીજને પોતાના બળનું અભિમાન હતું. તેથી તે દેવી સાથે લડવા તૈયાર થયો. પ્રથમ તેણે દેવીના સિંહ પર સર્પાકાર બાણો છોડવા માંડયાં તો દેવીએ તે બાણોને દિવ્ય બાણોથી તોડી પાડયાં, ને એક બાણ દેવીએ છોડયું તે રક્તબીજને વાગતાં જ રક્તબીજ ઘાયલ થતાં બેશુધ્ધ થઇ ઢળી પડયો. દાનવોની બુમો શુંભાસુરના કાને અથડાઇ, તે સમજી ગયો કે યુદ્ધમાં કંઇ નવા–જુની થઇ લાગે છે, તેથી તેણે અસુરોનાં બાકી રહેલાં સર્વ સૈન્યોને લડવા જવાની આજ્ઞા કરી એટલે અસુરોની ચતુરંગી સેના દેવી સામે યુધ્ધ કરવા ત્યાંથી યુદ્ધગર્જના કરતી નીકળી પડી.

દેવી ચંડિકાએ દુરથી વિશાળ સેનાને પોતાની સામે ધસી આવતી જોઇ સર્વને ભયભીત કરતો ભીષણ ઘંટનાદ વારંવાર કર્યો, પછી જગદમ્બાએ ધનુષનો ટંકાર તથા શંખનાદ પણ કર્યો; તે સાથે કાલિકા પણ મોઢું પહોળું કરી તે બધા અવાજ જેવો મિશ્ર અવાજ કરવા લાગ્યાં, એ સાંભળી દેવીના સિંહે પણ ભય ઉપજાવે તેવી જોરદાર ગર્જના કરી. શરૂઆતમાં આ બધા પ્રચંડ નાદથી દાનવો ખૂબ ગભરાયા, પણ પછી હિંમત કરી એ સઘળા દાનવો દેવી પર અગણિત બાણો છોડવા માંડયા. સામેથી દેવીનાં બાણો પણ ઝડપથી તેમની પાસે આવવા લાગ્યાં આમ બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ મચી ગયું. આ જોરદાર યુધ્ધમાં બ્રહ્મા વગેરે દેવોની શકિતઓ પણ પધારી. જે દેવનું જેવું રૂપ, વાહન ને ભુષણ હતું તેવા જ રૂપ, વાહન, ભુષણવાળી એ શકિતઓ પધારી હતી. તેમને જોઇ દેવો આનંદિત થઇ ઊઠયા હતા. પરંતુ અસુરોમાં ગભરાટ ફેલાયો હતો. ત્યાં તો એ સર્વ દેવી–

શક્તિઓના વચ્ચે જગતનું કલ્યાણ કરનારા શંકર આવી પહોંચ્યા ને દેવી ચંડિકાને કહેવા લાગ્યા: 'હે દેવી! દેવોના કાર્યની સિદ્ધિ માટે તમે હવે આ બધાય અસુરોનો વધ કરો.'

ભગવાન શંકર સંસારના શુભનું ચિંતન કરી રહ્યા હતા એવામાં દેવી ચંડિકાના શરીરમાંથી સેંકડો ગીધના અવાજવાળી, ભયંકર રૂપવાળી એક વિચિત્ર શક્તિ નીકળીને ભગવાન શંકરને કહેવા લાગી: 'દેવેશ્વર! આપ હવે મારા દૂત તરીકે મહાદૈત્યો શુંભ–નિશુંભ પાસે જઈને કહો કે, તમે બધા સ્વર્ગલોકને શીઘ્ર ત્યજી અહીંથી જતા રહો.' આથી દેવો પાછા સ્વર્ગમાં આનંદથી વસશે, ઇન્દ્રને ઇન્દ્રાસન મળશે. દેવો સ્વર્ગમાં રહી યજ્ઞભાગના અધિકારી થશે. દૈત્યોને વધુમાં કહેજો કે: 'તમને જો જીવવાની ઇચ્છા હોય તો તરત જ જ્યાં બીજા દાનવો વસે છે એ પાતાળલોકમાં ચાલ્યા જાઓ, અને જો મરવાની ઇચ્છા હોય તો અમારી સાથે લડવા માટે યુદ્ધભુમિમાં આવો, તમારા મરવાથી આ બધી જોગણીઓ તમારા માંસ–લોહીથી તૃપ્ત થશે.'

ભગવતીદેવીના વચનો સાંભળી શંકર ભગવાન જ્યાં શુંભ સભા ભરીને બેઠો હતો ત્યાં ગયા અને કહેવા લાગ્યા: 'હે રાજન્! હે શુંભાસુર! હું ત્રિપુર-વિનાશક મહાદેવ છું, પણ અત્યારે ભગવતી જગદમ્બાનો દૂત બની તમારા હિત માટે અત્રે આવ્યો છું. દેવીએ તમને ખાસ કહેવડાવ્યું છે કે, 'તમે બધા દાનવો સ્વર્ગ અને ભુમંડળ છોડી એકદમ પાતાળમાં ચાલ્યા જાઓ. અને જો તમારે મરવું જ હોય તો લડવા માટે અમારી સામે આવો. હું તમને બધાને યુદ્ધમાં હણી નાખીશ.' હે શુંભાસુર! તમારા કલ્યાણ માટે ભગવતી દેવીએ આમ કહેવડાવ્યું છે.'

ભગવાન શંકર મારફત દેવીનો સંદેશો શુંભાસુર ને બીજા અસુરોએ સાંભળ્યો, પણ તેની અવગણના કરીને બધાયે અસુરો કવચ ધારણ કરી, આયુધો ધારણ કરી યુદ્ધ–ભુમિમાં દેવી સમક્ષ આવી પહોંચ્યા. અને તીક્ષ્ણ બાણો દેવી પર છોડવા લાગ્યા. એટલે કાલિકા દેવી પણ હાથમાં પોતાનું ત્રિશુળ, ગદા ને શક્તિ લઈ દાનવ સેનામાં ધસી જઈ ચારે બાજુ ઘુમતાં દાનવોને મારવા લાગ્યા અને દાનવો એમનો કોળિયો બનવા લાગ્યા. બીજી બાજૂ વૃષભ પર બેઠેલા માહેશ્વરી ત્રિશુળથી દાનવોને ભુમિ ભેગા કરવા લાગ્યા. બ્રહ્માણી પણ વચ્ચે આવી કમંડળુજળથી દાનવોના પ્રાણ હરવા લાગ્યા. વૈષ્ણવી પણ સમરાંગણમાં ચક્ર ને ગદા લઈ તેના વડે દાનવો પર પ્રહારો કરી દાનવોના પ્રાણ હરવા લાગ્યા, તેવી જ રીતે ઐન્દ્રીના વજ્રના આઘાતથી અસંખ્ય દાનવો ધરાતલ પર સુઈ ગયા. ઐરાવત હાથીએ પણ સૂંઢથી ને પગથી ચગદીને ઘણાં દાનવોનો ઘાણ કાઢ્યો.

આ રીતે માતૃગણનાં પરાક્રમોથી

દાનવોની સેના ગભરાટભરી હાલતમાં નાસવા લાગી, તેઓના રૂદનનો અને ચીસાચીસનો અવાજ છેક દેવોને સંભળાતો હતો. આથી દેવો હર્ષિત થઇ દેવીઓ પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. દાનવોના કરૂણ અને ભયંકર ચિત્કાર અને દેવોનો હર્ષનાદ સાંભળીને અને દાનવોને નાસતા જોઇને ક્રોધે ભરાયેલો રક્તબીજ આયુધો લઇ રથ પર બેસી દેવી સામે યુધ્ધ કરવા સમરાંગણ ભુમિમાં મોખરે આવ્યો. ૬૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'દેવી અને રક્તબીજ યુધ્ધે ચડયા' નામનો
૨૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૯ મો

### રક્તબીજ રણમાં રોળાયો

**વ્યાસ ઉવાચ**

**વરદાનમિદં તસ્ય દાનવસ્ય શિવાર્પિતમ્ ।**
**અત્યદ્ભુતતરં રાજન્ શ્રુણુ–**
**તત્ પ્રબ્રવીમ્યહમ્ ॥**

વ્યાસે કહ્યું: 'રાજન્ ! આ દાનવ રક્તબીજ પોતાના બળ ઉપર બહુ જ ગર્વ કરતો હતો તેનું કારણ એ હતું કે ભગવાન શિવે તેને અદ્દભુત વરદાન આપ્યું હતું. એવું વરદાન કે યુધ્ધમાં રક્તબીજના શરીર પર ઘા લાગે અને લોહીનું ટીપું જમીન પર પડે કે તરત જ એ ટીપાંમાંથી તુરત જ રક્તબીજ જેવો રૂપ ને પરાક્રમવાળો દાનવ ઉત્પન્ન થાય. આવા વરદાનના પ્રતાપે તે ખૂબ ક્રોધે ભરાઇ દેવીને મારવા માટે યુધ્ધ ભુમિમાં આવી પહોંચ્યો. આ વખતે દેવીની સાથે કાલિકા પણ ઊભેલાં હતાં, ગરૂડ પર બેઠેલાં વૈષ્ણવી પણ ત્યાં હતાં. રક્તબીજે આવીને પ્રથમ વૈષ્ણવી પર ગદાનો પ્રહાર કર્યો એટલે વૈષ્ણવી દેવીએ પોતાની ગદાથી તે પ્રહારને ઝીલી લીધો અને તુરત જ રક્તબીજને પોતાના ચક્રથી છેદી નાખ્યો, એટલે રક્તબીજના શરીરમાંથી રક્તની ધારા વહેવા લાગી. એ રક્તબિંદુઓમાંથી એના જ જેવા બીજા બળવાન દાનવો પ્રકટ થવા માંડયાં આથી દેવો ભયભીત થઇ ગયા.

દેવોને ભયભીત થયેલા જોઇ જગદંબાએ કાલિકાને કહ્યું: 'હે ચામુંડા ! મારા આયુધોના પ્રહારથી રક્તબીજના શરીરમાંથી જે રૂધિર નીકળવા માંડે તે બધુંય લોહી તું પીતી જા, ઉપરાંત દાનવોનું ભક્ષણ કરતી યુધ્ધ ભુમિમાં તારી મરજી મુજબ ઘુમ, આ માયાવી ઉત્પન્ન થયેલા દાનવોને હું બાણો, ગદાઓ ને મુસળોથી મારીશ, ત્યારે તું આ દાનવોનું લોહી એવી રીતે પીજે કે એનું એક પણ ટીપું પૃથ્વી પર પડે નહિ, આમ કરવાથી નવા દાનવોની ઉત્પત્તિ અટકી જશે અને બધાં અસુરો ધીમે....ધીમે નાશ પામશે, જ્યારે હું અસુરો પર પ્રહાર કરૂં કે તરત જ તું એનો કોળિયો કરી જજે. ખાસ તો તેનું લોહી પીવાનું કાર્ય તારે કરવાનું છે. એ રીતે આપણે સમસ્ત અસુરોનો વધ કરી સ્વર્ગનું રાજ્ય ઇન્દ્રને સોંપીને

આપણે અહીંથી આપણા સ્થાને ઉલ્લાસપૂર્વક ચાલ્યા જઈશું.' હવે જગદંબા તલવાર અને મુસલથી રક્તબીજ ઉપર પ્રહાર કરવા માંડયા એટલે ભુખી ચંડિકા તુરત જ તેની પાસે જઈ એના કપાયેલા અંગો ખાવા લાગી.

રક્તબીજના રૂધિરથી અગાઉ ઉત્પન્ન થયેલા માયાવી રક્તબીજો ધીમે ધીમે મરાતા ગયા અને કાલિકા એમનું રૂધિર પીતી રહી. આ પ્રકારે અસંખ્ય માયાવી રક્તબીજો કાલિકાનો કોળિયો થઈ ગયા અને જે મુખ્ય રક્તબીજ હતો તે પણ દેવીએ કરેલા જોરદાર પ્રહારથી પૃથ્વી પર ઢળી પડયો તે સાથે જ તલવાર વડે એના શરીરના ટુકડે ટુકડા થઈ ગયા. અસુર સેનાનો મહાવીર ગણાતો યોદ્ધો રક્તબીજ આમ યુદ્ધના રણમાં રોળાતાં બાકીના બધા દાનવોએ ગભરાઈને શુંભ પાસે જઈ યુદ્ધની ભયાનકતાની તથા રક્તબીજ મરાયાની વાત કહી.

આ બધું સાંભળી શુંભાસુર ક્રોધથી કંપવા લાગ્યો. કાળના પ્રભાવથી તેની બુદ્ધિ હવે કુંઠિત થઈ ગઈ હતી તેથી તે ફાવે તેમ બોલવા લાગ્યો: 'તમે તે સ્ત્રીથી ડરી ગયા છો, પણ મને તેનો જરાયે ભય નથી. એને મારવા માટે હું બનતા બધાયે પ્રયત્નો કરીશ. એક સ્ત્રીથી ડરીને હું પાતાળમાં કેમ ચાલ્યો જાઉં? તમે સહુ કાયર છો. હવે તો હું જ એની સાથે લડીને એને હરાવીશ. આ



જોઈ નિશુંભ વચમાં પડયો. અને તેને બદલે પોતે લડવા તૈયાર થયો.

વ્યાસે કહ્યું: આમ પોતાના મોટા ભાઈ શુંભને યુદ્ધ કરવા જતાં અટકાવી પોતે યુદ્ધ માટે તત્પર થઈ નિશુંભ ભવ્ય રથમાં બેસી વિશાળ સેના સાથે યુદ્ધભુમિના સ્થળે દેવી સાથે લડવા ગયો. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'રક્તબીજ રણમાં રોળાયો' નામનો
૨૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૦ મો

### ચંડિકા દેવીએ નિશુંભનો વધ કર્યો

**વ્યાસ ઉવાચ:**

**નિશુંભો નિશ્ચયં કૃત્વા મરણાય જયાય વા ।**
**સોઽધમઃ સબલઃ શૂરોરણે દેવીમુપાયયૌ ॥**

વ્યાસજીએ કહ્યું: કાં મૃત્યુ કાં જય—એવો નિશ્ચય કરી શૂરો અસુર નિશુંભ પ્રચંડ સેના સહિત દેવી આગળ આવ્યો, તેની પાછળ તેનો ભાઈ શુંભ પણ સેના સાથે આવી પહોંચ્યો, પરંતુ તે લડવા નહિ, યુદ્ધ જોવા માટે જ પ્રેક્ષક તરીકે આવ્યો હતો. આ સમયે ઇન્દ્ર વગેરે દેવો, યક્ષો આકાશમાં વાદળમાં છૂપાઈને યુદ્ધ જોવા આતુર થઈ ઊભા હતા. પછી નિશુંભે પોતાનું ધનુષ ઊઠાવી દેવી પર બાણ છોડવા માંડયા. એ જોઈ દેવી ચંડિકા પોતાનું ધનુષ હાથમાં લઈ ખૂબ હસવા માંડયા, પછી કાલિકાને કહેવા લાગ્યા: હે કાલિકા! આ શુંભ નિશુંભની ઇચ્છા મરવાની થઈ છે, માટે જ બંને મારી સાથે લડવા માટે આવ્યા છે, આપણા હાથે ઘણાં અસુ-

શેનો નાશ તેમ જ રક્તબીજનો વિનાશ જોઇને પણ તેમની આંખ ઊઘડી નથી કે હજુયે બંને અસુરો વિજયની આશા રાખે છે? આ બંને આશાના દોરથી બંધાઇને અહીં મારી સામે આવ્યા છે, તો સઘળા દેવોના દેખતાં બંનેને હું આજે મારી નાંખીશ.

આમ કાલિકાને કહેતાં જ ચંડિકાએ ધનુષ ઊઠાવી તેની પણછ કાન સુધી ખેંચી બાણો છોડવા માંડયા, તો નિશુંભે પણ સામા બાણો છોડી તે બાણોને કાપી નાખ્યાં. પછી વિવિધ આયુધો વડે થોડી વાર ઉગ્ર યુદ્ધ થયું, એવામાં દેવીનો સિંહ દાનવ સેનામાં કેશવાળી ધુણાવતો પ્રવેશ્યો અને દૈત્યોને નખો અને દાંતોના પ્રહારોથી ચીરી, તોડી-ફોડી ખાવા લાગ્યો. આથી અસુરોનું સૈન્ય ક્ષીણ થવા માંડયું, એ જોઇ ક્રોધે ભરાયેલો નિશુંભ પોતાનું સર્વોત્તમ ધનુષ ચડાવી દેવી સામે દોડયો, એની પાછળ બીજા દૈત્યો પણ પોતાના ધનુષો અને ભાથાં લઇ દોડયા અને દેવી પર બાણો છોડવા લાગ્યા. આ લાગ જોઇ યુદ્ધ જોવા આવેલો શુંભ પણ કેટલાક દાનવો સાથે એકાએક દોડી આવી કાલિકા પર પ્રહાર કરી દેવી અંબિકાને પકડવા માટે આગળ વધ્યો, પણ નજીક જતાં જ ક્રોધથી લાલ નેત્રોવાળાં, વિકટ ભ્રમરોવાળાં ભગવતી દેવીને જોઇ શુંભની તેમની સાથે વિવાહ કરવાની ઇચ્છા અને તેને પરાજિત કરવાની આશા શાંત થઇ ગઇ. તેને થયું કે હવે મૃત્યુ નિશ્ચિત છે, છતાં હિંમત રાખી તે ધનુષ સાથે ત્યાં ઊભો રહ્યો.

પણ જેનું મોત પોકારતું હતું તે નિશુંભ દેવીના આદેશની અવગણના કરીને ધારદાર તલવાર તથા અષ્ટચંદ્ર નામની ઢાલ લઇને ભગવતી સામે ધસ્યો અને સિંહના મસ્તક પર તલવારનો વાર કર્યા પછી દેવી ભગવતી પર વાર કરવાનો વિચાર કરવા લાગ્યો ત્યાં તો દેવીએ પોતાની ગદાથી નિશુંભની તલવારના વારને રોકી ફરશુથી એના ગળા પર ઘા કર્યો, તો પણ જરાયે ન ડરતાં બળવાન નિશુંભે દેવી પર શસ્ત્ર ચલાવવાં ચાલુ રાખ્યાં, આથી દેવીએ સહુને ભયભીત કરનારો પ્રચંડ ઘંટનાદ કર્યો, અને નિશુંભનો વધ કરવાનો નિર્ણય કરી વારંવાર મધુપાન કરવા માંડયું. પછી દેવી ને નિશુંભ વચ્ચે ઘોર યુદ્ધ થયું. આ દેવાસુર સંગ્રામમાં બધા એક બીજાને જીતી લેવા પ્રયત્ન કરતા હતા.

આ યુદ્ધમાં પણ અસંખ્ય અસુરોના કપાવાથી યુદ્ધભુમિ ઉપર માંસ-ભક્ષી ગીધ, કાગડા વગેરે પક્ષીઓ અને કૂતરા, શિયાળ વગેરે જાનવરો લોહી માંસ ઉડાવી તૃપ્ત થઇ નાચી રહ્યાં હતાં. અસંખ્ય દાનવો હણાયાથી નિશુંભનો ક્રોધ ભભુકી ઊઠયો હતો. તે લાગ જોઇ પોતાની પ્રચંડ ગદા સાથે દેવી પર કુદયો અને સિંહ પર ગદાનો પ્રહાર કરી દેવી પર કોપાયમાન થયેલા દેવી કહેવા લાગ્યાં : મૂર્ખ! તું મને શું મારવાનો હતો, તું જ હવે યમરાજના

દરબારમાં જવા તૈયાર થા....' એમ કહેતાં જ દેવી ચંડિકાએ પોતાની તલવારનો વાર કરી અસુર નિશુંભના મસ્તકને ધડથી જુદું કરી નાખ્યું, પરંતુ નિશુંભનું ધડ હાથમાં ગદા સાથે બધાને ભયભીત કરવા આમતેમ ઘુમવા લાગ્યું એટલે દેવીએ તીક્ષ્ણ બાણો છોડી તે ધડના હાથ–પગ છેદી નાખ્યા, પછી પહાડ જેવા દેહવાળો તે અધમ અસુર નિશુંભ પ્રાણહીન થઇ ધરતી પર ઢળી પડયો. મહાઅસુર નિશુંભનો વધ થયેલો જોઇ અસુરસેનામાં હાહાકાર મચી ગયો, થોડી વાર પહેલાં જ શુંભ અહીંથી પોતાના આવાસે જતો રહ્યો હતો એટલે બધા કરૂણ ચિત્કારો–પોકારો કરતા તેની પાસે જઇ ઊભા રહ્યા. અને નિશુંભ મરાયાના સમાચાર આપ્યા. ૬૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'ચંડિકાદેવીએ નિશુંભનો વધ કર્યો' નામનો ૩૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૧ મો

### દેવીએ કરેલો શુંભનો વધ

વ્યાસ ઉવાચ

**શ્રાત તેષાં વચઃ શ્રુત્વાશુંભોદૈત્યપતિસ્તથા ।**
**ઉવાચ સૈનિકાનાશુ કોપાકુલિત લોચનઃ ।।**

વ્યાસ બોલ્યા : યુધ્ધભુમિમાંથી ભાગી આવેલા અસુરોનું કહેવું સાંભળી અસુરરાજ શુંભ બહુ જ વ્યાકુળ થઇ ગયો, તે ક્રોધાવેશમાં અસુરોને કહેવા લાગ્યો : 'તમે બધા કાયરની જેમ આવી વાત શું કરો છો ? દેવીએ મારા ભાઇને, મારા સેનાપતિ ઉપરાંત અસંખ્ય અસુરોને રણમાં રોળી નાખ્યા છે, તો તે બધા વેરનો બદલો લીધા વિના હું કાયરની જેમ ભાગી જાઉં ? મને કાળનો ડર નથી, કાળને જે કરવું હોય તે કરે. મને હવે મરવાનો ભય નથી, મારી કીર્તિને ગુમાવી હું જીવવાની આશા શા માટે રાખું ? હું હવે દેવી સાથે યુધ્ધે ચડું છું માટે સત્વર મારો રથ આયુધો સાથે તૈયાર કરો. મને જય કે વિજયની પરવા નથી.'

જોતજોતામાં અસુરોની મોટી સેના શુંભાસુર સાથે યુધ્ધે ચડવા તૈયાર થઇ ગઇ. શુંભાસુર રથમાં બેઠો એટલે સેનાએ યુધ્ધભુમિ તરફ પ્રયાણ કર્યું. ત્યાં જઇ શુંભાસુરે સિંહ પર સવાર થયેલાં ઝળહળતાં દેવીને જોયાં. તેમની સુંદરતા જોઇ શુંભાસુર તેમના પર મોહિત થઇ તેને કહેવા લાગ્યો :

'હે સુંદરી ! તું સુખભોગ ભોગવવાને બદલે લડવાનો વ્યર્થ પરિશ્રમ શા માટે ઊઠાવી રહી છે ? સ્ત્રીઓ તો શાંતિચાહક હોય, તે લડે તે શોભે નહિ. તેનાં હાથમાં શસ્ત્રો શોભે નહિ. તેને તો નેત્ર જ બાણ ને ભમ્મરો ધનુષ છે, હાવભાવ તેનાં શસ્ત્ર છે. મનોરથ એ રથ છે. લજ્જા એ સ્ત્રીનું ભુષણ છે. હે દેવી ! તમારે તો વીણા વગાડવી જોઇએ, તેને બદલે તમે શંખધ્વનિ કરી રહ્યાં છો. તમારા હાથમાં તલવાર નહિ પણ પુષ્પ-

માળા જ શોભે. આ બધાં કર્મ તમારાં લાવણ્ય અને યૌવનની વિરૂધ્ધ છે.'

કામથી પીડાતા શુંભે દેવીને આવાં વચનો કહ્યાં એટલે દેવીએ તેને કહ્યું: હે મૂર્ખ! કામની પીડાથી તારી વિવેકશક્તિ લુપ્ત થઇ છે તેથી જ તું આવો વ્યર્થ બકવાદ કરે છે. તને મારા જેવી સુંદરી સાથે લડતા સંકોચ થાય છે તો આ કાલિકા કે ચામુંડા સાથે યુધ્ધ કર, તમારા વચ્ચેનું યુધ્ધ હું જોઇશ.... હવે તું આ બંને દેવીઓ પર તારા શસ્ત્રો ચલાવ અને જો કે અબળા જાત ધારે તો શું કરી શકે છે? આમ કહી દેવી ભગવતીએ પાસે ઊભેલી કાલિકાને કહ્યું: 'કાલિકા! આ શુંભ અસુરની સાથે યુધ્ધ કરીને તેનો સંહાર કર.'

જગદંબાના આદેશથી કાલિકા પ્રચંડ ગદા લઇને મોરચા પર જઇને ઊભાં રહ્યાં, એટલે શુંભે દોડી આવી તેમના પર પોતાની ગદાનો જોરદાર પ્રહાર કર્યો, તો તે પ્રહાર ચૂકાવીને દેવીએ શુંભના રથ પર ગદાનો પ્રહાર કરીને તેના રથના ખચ્ચરોને, સારથીને મારી નાખ્યાં અને રથના કટકે કટકા કરી નાંખ્યા. આથી ક્રોધે ભરાયેલા શુંભે પોતાની ગદાથી દેવોની છાતી પર પ્રહાર કર્યો તો તેને પોતાની ગદાથી રોકી કાલિકા દેવીએ તલવાર લઇ સામા ધસી શુંભનો ડાબો હાથ તલવારના એક જ ઝાટકાથી શરીરથી અલગ કરી નાખ્યો. તો પણ શુંભ દેવી પર ગદા ઉગામવા ગયો તો દેવીએ તલવારથી તેનો જમણો હાથ કાપી નાખ્યો અને જ્યારે શુંભ દેવી પર પોતાના પગથી પ્રહાર કરવા ગયો ત્યારે દેવીએ તેના બંને પગ પણ કાપી નાખ્યા, તો પણ દુષ્ટાત્મા શુંભનું જોર ઝાલ્યું ન રહ્યું. હવે તે હાથ–પગ વિનાનો રગડતો રગડતો 'ઊભી રહે.... ઊભી રહે, ઊભી રહે....' એમ બરાડતો દેવી કાલિકા પાસે જવા લાગ્યો એટલે કાલિકાએ તલવાર વડે તેના મસ્તકને કાપી નાખ્યું. આથી તે રાક્ષસના ગળામાંથી ધોધબંધ લોહી વહેવા લાગ્યું, થોડી જ વારમાં તે પ્રાણરહિત થઈ ગયો.

હે રાજન્! પછી તો શુંભાસુરના મૃત્યુથી ગભરાયેલા, અને દેવીનો ભોગ થતાં બચી ગયેલા અસુરો દેવીને પ્રણામ કરી પાતાળમાં ચાલ્યા ગયા. ભગવતી દેવીનું આ ઉત્તમ ચરિત્ર મેં તમને સંભળાવ્યું જેમાં મહિષાસુર વધ, ધુમ્રલોચન વધ, ચંડ–મુંડ વધ, રક્તબીજ વધ અને શુંભ–નિશુંભ વધનું વર્ણન કરવામાં આવ્યું. ભુમંડળ પર રહેનારા જે મનુષ્યો નિત્ય ભક્તિથી આ સર્વ ઉપાખ્યાનો વાંચે છે કે શ્રવણ કરે છે તેની સર્વ કામનાઓ સિદ્ધ થાય છે, વળી તે ભાવિક મનુષ્યને પુત્રપ્રાપ્તિ, ધનપ્રાપ્તિ તથા આરોગ્ય પ્રાપ્તિ થાય છે. આ દેવાસુર સંગ્રામના પવિત્ર આખ્યાનને સાંભળનારો મનુષ્ય શત્રુથી ભયભીત થતો નથી અને નિત્ય તેનું ચિંતન

કરનાર મોક્ષનો અધિકારી બને છે.' ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'દેવીએ કરેલો શુંભનો વધ' નામનો
૩૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૨ મો

### સુરથ રાજા અને સમાધિ વૈશ્ય

જનમેજય ઉવાચ

મહિમા વર્ણતેસમ્યકચંડિકાયાસ્ત્વયામુને ।
કેન આરાધિતં પૂર્વં ચરિત્રત્રય યોગતઃ ॥

જનમેજયે પૂછ્યું : 'હે મુને ! આપે ભગવતી ચંડિકાનો મહિમા વિસ્તારથી વર્ણવ્યો. હવે એ પણ જણાવો કે એ દેવીને પહેલાં કોણે આરાધ્યા હતા ? સંપૂર્ણ કામનાઓ આપનારાં પૂજાયેલા દેવી પ્રથમ કોના પર પ્રસન્ન થયાં હતા ? અને પરમેશ્વરી ભગવતીની ઉપાસના કેમ કરવી ? પૂજા કેમ કરવી, તે સાથે હોમ વિધિને પણ વિસ્તારથી કહો.

સુત બોલ્યા : જનમેજય રાજાની ઉત્કંઠા જોઇ સત્યવતીનંદન વ્યાસ પ્રસન્ન થઇ મહામાયાનો મહિમા વર્ણવવા લાગ્યા: અગાઉના સમયમાં સ્વરોચિષ મન્વંતરમાં એક પ્રજાપાલક સત્યવાદી, બ્રાહ્મણનો ઉપાસક, ગુરુપ્રેમી અને પત્ની પ્રત્યે ઘણી ચાહના રાખનારો 'સુરથ' નામનો રાજા હતો.

આ સરળ સ્વભાવના રાજાનો કોઇ દ્વેષી નહોતો, છતાં એક વેળા સુરથ રાજાને રાજ્યના રક્ષણ માટે મ્લેચ્છો સાથે યુદ્ધે ચડવું પડ્યું.

પર્વતોમાં રહેનારા મ્લેચ્છો વિપુલ સેના લઇને તેના રાજ્ય પર ચડી આવ્યા. નગરની બહાર મેદાનમાં તેઓની સાથે સુરથ રાજા પોતાના સૈન્યની મદદથી બહાદુરીપૂર્વક લડયો પણ દૈવવશ સુરથરાજા પરાજિત થયો. હારેલા સુરથ રાજાએ નગરીમાં આવી જોયું તો તેના મંત્રીઓ શત્રુપક્ષમાં ભળી ગયા હતા. તેને ભય પેઠો કે કદાચ આ દુરાચારી મંત્રીઓ મને મ્લેચ્છોને સોંપી દેશે તો મારી ભુંડી દશા થશે, માટે નગર છોડીને ચાલ્યો જાઉં. એમ વિચારી નિરાશ થયેલો સુરથ રાજા ઘોડા પર બેસી એકલો જ નગરમાંથી નીકળી દુર....દુર જતો રહ્યો, એવામાં તેને 'સુમેધા' નામના મહાન ઋષિની યાદ આવતાં તેણે તેમના આશ્રમ તરફ ઘોડો દોડાવી મૂકયો. આશ્રમ આગળ આવતાં તેને આશ્રમમાંથી વિદ્યાર્થીઓના અધ્યયનનો સ્વર ગુંજતો સંભળાયો, તથા અગ્નિહોત્રના ધુમાડાથી વાતાવરણ પવિત્ર બની ગયેલું દેખાયું. આશ્રમ આગળ આવતાં જ સુરથરાજા બધું દુઃખ ભુલી ગયો. તે ઘોડા પરથી ઉતરી આશ્રમમાં ગયો, ને વિદ્યાર્થીઓને ભણાવી રહેલા સુમેધા મુનિ પાસે જઈ દંડવત્ પ્રણામ કર્યા એટલે મુનિએ તેના મસ્તકે હાથ મૂકી આવવાનું પ્રયોજન પૂછ્યું.

સુરથ રાજાએ મ્લેચ્છો સાથે યુદ્ધ થયાની વાતથી માંડીને પોતે આશ્રમે આવ્યો ત્યાં સુધીની હકીકત મુનિને કહી. મુનિએ તેને આશ્વાસન આપી પોતાના આશ્રમમાં રહી જવા ભલામણ કરી. આશ્રમમાં રહેલા સુરથ રાજાને

ઘણું ગમી ગયું હતું. એક વેળા સુરથ રાજા આશ્રમ નજીક આવેલા એક ઝાડની છાયામાં બેસી વિચારે ચડી ગયો. એવામાં ત્યાં એક દુઃખી વૈશ્ય થાક ખાવા રાજાની પાસે આવી બેઠો. એટલે રાજાએ તેને કોણ છે તેમ પૂછયું.

આવનાર વૈશ્યે કહ્યું: હું એક વેળાનો ધનપતિ 'સમાધિ' નામે વૈશ્ય છું. એ મારું ધન જ મારું વેરી બન્યું છે. હું ધર્મનો રાગી અને સત્ય વચન વદનારો છું, કોઈની ઈર્ષ્યા કે નિંદા કરતો નથી, છતાં ધનના લોભે મારા સ્ત્રી-પુત્રે મને કંજુસ કહી, કડવાં વેણો સંભળાવી મને ઘરમાંથી કાઢી મૂકયો છે, તેથી ફરતો ફરતો એકાએક અહીં આવી ચડયો. તમે મને એ કહો કે આપ દેખાવે ભાગ્યના બળિયા લાગો છો, છતાં અહીં કેમ આવ્યા છો? આપનું વૃત્તાંત મને કહો.

રાજાએ કહ્યું: ભાઈ! તારી જેમ મારી દશા પણ બેઠી છે. હું 'સુરથ' નામનો રાજા છું, મલેચ્છોએ મારું રાજ્ય પડાવી લેવા મારી સાથે યુદ્ધ કર્યું, પરંતુ મારા મંત્રીઓ તેના પક્ષમાં ભળી જવાથી તેમના કપટથી હું યુદ્ધમાં હારી ગયો, અને જીવ બચાવવાના ભયથી રાજ્યભ્રષ્ટ થઈ અહીં મુનિના આશ્રમે આવી રહ્યો છું. હવે તમે પણ અહીંયા જ રહો, આપણે બન્ને સમાન દુઃખિયા અહીં શાંતિથી જીવન ગાળીશું.'

સમાધિ વૈશ્યે કહ્યું: 'હે ભાઈ! હું અહીં આવ્યો છું પરંતુ મારો જીવ મારા કુટુંબમાં છે. મારી ગેરહાજરીમાં મારું કુટુંબ મારા આશ્રય વિના નિરાધાર થઈને આધિ-વ્યાધિ-ઉપાધિથી ઘેરાઈ ગયું હશે. અરેરે! હવે હું મારી પત્ની, મારા પુત્રો, મારું ઘર ને મારા બંધુ-ઓને કયારે જોઈશ? એવી ચિંતાથી હું ઉદાસ બની ગયો છું.'

સુરથ રાજાએ તે વૈશ્યને ઠપકો આપતાં કહ્યું: તમે પણ કેવા મૂર્ખ છો? જેમણે તમને હડધુત કરીને ઘરમાંથી હાંકી કાઢયા છે તેમની ચિંતા તમે શું કામ કરો છો? તેમને જોઈને તમને શું સુખ મળવાનું છે? માટે પરિવારની ચિંતા છોડી દઈ, સ્થિર મન રાખી તમે અહીં મારી સાથે આશ્રમમાં સુખે રહો. હું પણ રાજ્ય સંબંધી ચિંતા કરીને તમારી જેમ દુઃખી થઈ રહ્યો છું. અહીં આશ્રમના મુનિ શાંત પ્રકૃતિના અને મહાતપસ્વી છે, ચાલો હું તમને તેની પાસે લઈ જાઉં. બન્ને સુમેધા મુનિ પાસે જઈ પ્રણામ કરીને બેઠા. રાજાએ મુનિને સમાધિ વૈશ્યની ઓળખાણ આપી. મુનિએ તેને પણ આશીર્વાદ આપ્યા. રાજા અને વૈશ્ય પોતાના શોકનું કારણ મુનિ પાસે જાણવા માગતા હતા તેથી મુનિને ફરી પ્રણામ કરી બરાબર બેસી સુરથ રાજાએ કહ્યું: ૬૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'સુરથ રાજા અને સમાધિ વૈશ્ય' નામનો
૩૨ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૩૩ મો

## ભગવતીદેવીનો અપૂર્વ મહિમા

રાજોવાચ

મુને વૈશ્યોઽયમધુના વને મે મિત્રતાં ગતઃ ।
પુત્ર દારૈર્નિરસ્તોઽયં પ્રાપ્તોઽત્ર-
મમ સંગમમ્ ॥

સુરથરાજાએ વિનયથી કહ્યું : 'હે મુનિ ! આ સમાધિ નામે વાણિયો (વૈશ્ય) આજે વનમાં અહીં આવ્યો અને તેની સાથે મારે મિત્રતા થઇ છે. તે ધનવંત છે; પરંતુ ધનના લોભે તેની પત્નીએ અને તેના પુત્રોએ તેને ધુત્કારી ઘરમાંથી કાઢી મૂકયો છે, છતાં તે કુટુંબની ચિંતા કરી દુઃખી થઇ રહ્યો છે, ત્યારે મારી પણ એવી જ હાલત છે.

મને પણ મેં ગુમાવેલા રાજ્યની, પરિવારની, હાથી–ઘોડાની બહુ જ ચિંતા થઇ રહી છે. હું જાણું છું કે આ સંસાર અસાર છે, સંસારમાં કોઇ કોઇનું નથી. આ બિલકુલ ભ્રમ છે છતાં મારા મનનો મોહ દૂર થતો નથી. માટે હે દયાનિધિ ! આપ સર્વજ્ઞ છો, તો મારા અને આ વૈશ્યના મોહનું કારણ શું છે ? તે જણાવવા કૃપા કરો.

સુમેધા ઋષિએ તેઓને જ્ઞાનનો ઉપદેશ આપતાં કહ્યું : હે રાજન્ ! બંધન તથા મોક્ષનું કારણ હું તમને કહું છું ! જે 'મહામાયા' જગવિખ્યાત છે તે જ સંસારના સમસ્ત પ્રાણીઓને મોહિત કરે છે. બધા દેવ, મનુષ્ય, ગંધર્વ, નાગ, રાક્ષસ, વૃક્ષ, લતા, પશુ, પંખી એ સર્વ માયાને વશ થઇ બંધન ને મોક્ષને પાત્ર બને છે. મોહજાળથી બંધાયેલું આ જગત મહામાયાને જ વશ વર્તે છે. હે સુરથ રાજા ! તું એક ક્ષત્રિયને ત્યાં જન્મ્યો છું, તારામાં રજોગુણનું પ્રાબલ્ય વધુ છે. તે મહામાયા મહા જ્ઞાનીઓનાં ચિત્તને પણ સદા મોહ પમાડે છે.'

આ સાંભળી સુરથ રાજાએ મુનિને કહ્યું : ભગવન્ ! મારે જગદંબા મહામાયાના સ્વરૂપ અને ઉત્તમ બળ વિષે જાણવું છે. સાથે સાથે તેમના પ્રાકટ્યનું કારણ અને એ દેવો જ્યાં વિહરે છે તે સ્થાનોનું પણ વર્ણન કરો.

સુમેધા ઋષિએ કહ્યું : રાજન્ ! એ દેવી તો સર્વ સ્થળે વિરાજમાન રહેનારા, નિત્ય સ્વરૂપિણી છે. અનાદિ મહામાયાની ઉત્પત્તિ થતી નથી. એજ શકિતમયી દેવી સર્વાત્મારૂપે સર્વ જીવાત્માઓની અંદર બિરાજેલા છે. જો તેઓ અંતઃકરણમાંથી નીકળી જાય તો પ્રાણી મડદા સમાન બની જાય છે. જે સમયે દેવ અથવા મનુષ્ય એ દેવીને સ્તવે છે તે સમયે ત્યાં પ્રાણી માત્રના દુઃખ દૂર કરવા જગદંબા અનેક સ્વરૂપે વિવિધ શકિતઓથી સંપન્ન થઇ, સ્મરણ કરનારાના કાર્યની સિધ્ધિ અર્થે પ્રકટે છે. બીજા દેવોની જેમ દૈવનો અભાવ આ દેવી પર પડતો નથી, એ દેવી પર જ દશ્યાત્મક જગતની રચનાનો ભાર છે. મનોરંજન માટે બ્રહ્માંડની રચના કરી એમાં બ્રહ્મા અવધિ સુધી રંગમંચ પર રહે છે તે પછી સંહારલીલા પણ જલદી

થાય છે. એ કાર્યોને દેવી જગદંબા જ કરે છે. આથી બ્રહ્મા આદિ દેવેશ્વરો પણ આ ભગવતીના ધ્યાન–પૂજન કર્યા કરે છે. હે રાજા! દેવીનું આ સર્વોત્તમ માહાત્મ્ય મેં મારી બુદ્ધિ અનુસાર તમને કહ્યું છે. ખરી રીતે તેમના મહાત્મ્યનો અંત હું જાણતો નથી. એમના ચરિત્રનો પાર પામવો મારે માટે અસંભવ છે. ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'ભગવતી દેવીનો અપૂર્વ મહિમા' નામનો ૩૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૪ મો

### ભગવતી દેવીની પૂજાવિધિ

**રાજોવાચ :**

**ભગવન બ્રુહિ મે સમ્યક્–**
**તસ્યા આરાધને વિધિમ્ ।**
**પૂજાવિધિંચમંત્રાશ્ચ તથા હોમવિધિં વદ ।।**

સુરથ રાજાએ કહ્યું : ભગવન ! હવે તમે દેવીના આરાધનનો વિધિ, પૂજનનો વિધિ, તેના મંત્રો તથા હોમ વિષે કહો.

સુમેધા ઋષિ બોલ્યા : રાજન્ ! તમારી ઇચ્છા છે તો હું હવે ભગવતીના પૂજનનો વિધિ કહું છું, તે પૂજનના પ્રભાવથી મનુષ્યોનાં સર્વ મનોરથો પૂર્ણ થાય છે, ઉપરાંત આ લોકમાં સુખ ભોગવી અંતે મોક્ષના અધિકારી થાય છે. દેવી-પૂજન કરનાર ભાવિકે વિધિવત્ સ્નાન કરીને ધોયેલું વસ્ત્ર પહેરવું, પછી લીંપી રાખેલી સ્વચ્છ ભૂમિ પર આસન બિછાવી, દેવીનું નામ લઈ તેના પર બેસી ત્રણ વાર આચમન કરવું. પૂજકે પોતાની શક્તિ મુજબ પૂજાની સામગ્રી લાવી રાખીને પૂજાસ્થાને રાખવી જેથી તે લેવા ઊઠવું ન પડે. પછી પ્રાણાયામ કરી ભૂતશુદ્ધિ કરવી.

તે પછી મંત્ર બોલી સર્વ વસ્તુ પર પવિત્ર જળ છાંટવું, તે પછી પ્રાણપ્રતિષ્ઠા અને માતૃકાન્યાસ કરવા. તાંબાના એક પવિત્ર પાત્ર ઉપર શ્વેત ચંદન અથવા ગંધથી ષટકોણ કાઢવો.

એની બહાર અષ્ટકોણ લખી નવાર્ણ મંત્રના આઠ બીજ અક્ષર–એ આઠે ખૂણામાં લખવા. નવમો અક્ષર કર્ણિકાની મધ્યમાં લખવો. પછી વેદોક્ત વિધિથી એ યંત્રની પ્રાણપ્રતિષ્ઠા કરવી. યંત્રના બદલે ભગવતીની ધાતુની પ્રતિમા પણ બનાવી શકાય. પછી યામલ આદિ તંત્રગ્રંથોમાં કહેલા પૂજનમંત્રોથી ભગવતીની પૂજા કરવી. પછી નવાર્ણ મંત્રના જપ એકાગ્ર-ચિત્તે કરવા. દશાંશ હોમ, તર્પણ અને એના દશાંશ બ્રાહ્મણને ભોજન કરાવવું. પૂજકે અગાઉ જણાવેલા ત્રણે ચરિત્રોનો પાઠ કર્યા પછી વિસર્જન કરવું.

નવરાત્ર વ્રતનું વિધિવિધાન પણ ભાવિકે જાણવું જોઇએ. પોતાનું કલ્યાણ ઇચ્છતા મનુષ્યે વસંત ઋતુમાં ચૈત્ર માસમાં અને શરદ ઋતુમાં આસો માસમાં સુદ ૧ થી ૯ સુધી નવરાત્ર વ્રત આદરવું, વ્રતધારીએ અનુષ્ઠાનમાં લીધેલા મંત્ર વડે પવિત્ર ખીરથી હોમ કરવો. એ ખીરમાં ઘી, ખાંડ ને મધ મેળવવા. બીલીપત્રથી પણ હોમ થઇ શકે છે અને ખાંડ મિશ્રિત તલથી પણ હોમ થઇ શકે છે

નવરાત્રમાં આઠમ, નોમ અને ચૌદશના શુભ દિવસે દેવી ભક્તે ભગવતીની વિશેષ પૂજા કરવી. ત્યારે બ્રાહ્મણ ભોજન અવશ્ય કરાવવું. આ વિધિ કરવાથી નિર્ધન મનુષ્ય ધનવંત બને છે. રોગી હોય તે રોગથી મુક્ત થાય છે. અને સંતાન-વિહોણાને આજ્ઞાંકિત પુત્રની પ્રાપ્તિ થાય છે. રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજાને રાજ્ય સુલભ થાય છે. નવરાત્ર વ્રતના પ્રતાપે મહામાયાની કૃપાથી શત્રુથી દુ:ખી થયેલી વ્યક્તિમાં પણ શત્રુને હરાવવાની શક્તિનો સંચાર થાય છે. જે વિદ્યાર્થી ઇન્દ્રિયજીત થઇ એકાગ્રતાથી ભગવતીને આરાધે છે તેને ઉત્તમ વિદ્યાની પ્રાપ્તિ થાય છે.

દેવીની પૂજા દરેક કરી શકે છે. બ્રાહ્મણ, વૈશ્ય ક્ષત્રિય અને શુદ્ર....આ બધાયે દેવીપૂજાના અધિકારી છે. દરેક ભાવિકે શ્રદ્ધા–ભક્તિ અને વિધિપૂર્વક દેવીની પૂજા કરવી. જે સ્ત્રી–પુરૂષ ભાવથી નવરાત્ર વ્રત કરે છે એનો મનોરથ અવશ્ય પાર પડે છે, તેની સર્વ કામનાઓ સિદ્ધ થાય છે. દેવીભક્તે વિધિવત્ મંડલ બનાવી પૂજાસ્થાન બનાવવું. તેમાં વેદોક્ત મંત્રથી કલશની સ્થાપના કરી તેના ઉપર યંત્ર રાખવું, તેની આસપાસ જવારા વાવી ઉપર પુષ્પોની માળાઓથી વીંટળાયેલો ચંદરવો બાંધી ધુપ તથા દીપ સહિત દેવી ચંડિકાનું ધર કરવું. તેમાં યથાશક્તિ ત્રણે કાળ દેવીની પૂજા કરવી. ચંડિકાના પૂજનમાં સુખી વ્યક્તિએ ધનનો ખર્ચ કરવામાં કંજુસાઇ ન કરવી.



આ શુભ સમયે અનેક પ્રકારના સુવાસિત ધુપો, દીપકો, ઉત્તમ નૈવેદ્યો ફળો, પુષ્પો, ગીતો, વાજિંત્રો, સ્તોત્ર-પાઠો અને વેદ પારાયણોથી અનેરો ઉત્સવ કરવો. અને કન્યાઓનું વસ્ત્રો, અલંકારો, પુષ્પો અને સુગંધી તેલોથી પૂજન કરવું. એમ ઉત્સાહપૂર્વક પૂજન કરી આઠમ–નોમના દિવસે મંત્ર વિધા-નથી વિધિપૂર્વક હોમ કરવો, પછી સંકલ્પ કર્યા હોય તેટલા બ્રાહ્મણોને ભોજન કરાવવું અને પોતે દશમના દિવસે પારણું કરવું, તે બાદ પોતાની શક્તિ પ્રમાણે દાન કરવું.

આ પ્રમાણે જે કોઈ પુરૂષ અથવા સધવા કે વિધવા સ્ત્રી પવિત્ર રહી વિધિ-પૂર્વક આ નવરાત્ર–વ્રત કરે છે, તે દેવીની પ્રસન્નતાથી આ લોકમાં સુખભોગ ભોગવી અંતે દેવીના દિવ્ય સ્થાનમાં જાય છે. અને બીજા જન્મમાં પણ તેના હૃદયમાં દેવી જગદંબાની તેવી જ ભક્તિ સ્ફુરે છે, તો તે શ્રેષ્ઠ કુળમાં અવતરી સદાચારી જીવન વિતાવે છે. સર્વ વ્રતોમાં ઉત્તમ ગણાતું આ નવરાત્ર વ્રત કરનાર ભાવિક સ્ત્રી–પુરૂષ સર્વ પ્રકારનાં સુખો પ્રાપ્ત કરે છે.

ઋષિએ પછી સુરથ રાજાને કહ્યું : 'હે રાજન! તમે પણ વિધિપૂર્વક દેવી ચંડિકાને આરાધો, એટલે દેવીની કૃપાથી તમારો શત્રુ પરાજિત થતાં તમને તમારૂં રાજ્ય મળશે. તમે શરીરે નિરોગી થશો

અને તમારા મહેલમાં દુઃખ જેવું હશે તો તે ભાગી જશે અને ફરી આવવા પ્રેરાશે નહિ, વળી તમારા સ્ત્રી–પુત્રનો પણ તમને અવશ્ય સંયોગ થશે.' પછી ઋષિએ સમાધિ વૈશ્યને કહ્યું : 'હે વૈશ્ય! મેં દેવી પૂજનનાં વિધિ–વિધાન બતાવ્યાં તે પ્રમાણે તું પણ દેવીનું આરાધન કર, તે પછી ભગવતી પ્રસન્ન થવાથી તું તારે ઘેર જઈશ તો બધાયે તને માન આપશે. ત્યાં તું લાંબો કાળ સાંસારિક સુખ ભોગવ્યા બાદ અંતે દેવીના પવિત્ર લોકમાં તારો વાસ થશે.

જેઓ ભગવતીનું આરાધન–પૂજન કરતા નથી તે નરકમાં જાય છે. જે દેવીને આરાધતા નથી તે અનેક રોગોથી ઘેરાઈ સંસારમાં અપાર દુઃખો ભોગવે છે, વળી તેના શત્રુ વિજય મેળવે છે. અને સ્ત્રી–પુત્રથી વિયોગ પામે છે. જે ભાવિક બીલીપત્ર, કમળ તેમ જ ચંપાના ફુલોથી જગદમ્બાને પૂજે છે એને સપરિવાર સુખી જીવન ભોગવવાનો સુઅવસર મળે છે. જે પુરુષ નિરંતર ભગવતીની ભક્તિમાં તત્પર અને મગ્ન રહે છે તે ધન્યવાદને પાત્ર છે. જે ભાવિક વેદોક્ત મંત્રોથી દેવીને આરાધે છે તે આ લોકમાં ધનપતિ, સર્વ ગુણ સંપન્ન અને રાજાઓનો શિરોમણિ થાય છે. ૪૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'ભગવતી દેવીની પૂજાવિધિ' નામનો
૩૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૫ મો

### સુરથરાજા અને સમાધિ વૈશ્યને ભગવતીદેવીનો સાક્ષાત્કાર

વ્યાસ ઉવાચ

ઇતિતસ્યવચઃશ્રુત્વાદુઃખિતૌવૈશ્યપાર્થિવૌ ।
પ્રણિપત્યમુનિંપ્રીત્યાપ્રશ્રયાવનતૌભૃશમ્ ॥

વ્યાસ બોલ્યા : સુમેધાઋષિનું કહેવું સાંભળી દુઃખી સમાધિ વૈશ્ય અને દુઃખી સુરથરાજા તેમને ભાવપૂર્વક નમન કરી આનંદિત થયા અને તેમના હૃદયમાં દેવી ભગવતી વિષે ભક્તિ ઉત્પન્ન થઇ. પછી બન્ને ઋષિ સામે હાથ જોડી મધુરતાથી કહેવા લાગ્યા : ભગવન્! આપના મુખમાંથી નીકળેલી મધુર અમૃતવાણીએ અમારા હૃદય નિર્મળ બનાવી અમને પવિત્ર કર્યાં છે. હવે અમારા અંતઃકરણમાં પ્રકટ થતી ચિંતારૂપી જવાળાઓ શાંત થઇ છે.

જેમ ભગીરથ રાજા ગંગાથી પવિત્ર થયા હતા તેમ આપના મુખમાંથી વહેતી અમૃતવાણીથી અમે પવિત્ર થયા છીએ. પૂર્વના પુણ્યને લઇને અમે આપના આ પવિત્ર આશ્રમમાં આવ્યા છીએ. અમે બન્ને સંસારથી ઘણા તપ્ત થઇ ગયા હતા પરંતુ આપના સત્સંગથી અમારો તે ખેદ દૂર થયો છે. આપ હવે અમને મંત્ર આપીને આ સંસારરૂપી સાગરમાં ડૂબતા અમારો હાથ પકડી આપ અમારો ઉદ્ધાર કરો. હવે અમે દેવીના કલ્યાણકારી નવાક્ષર મંત્રનો જપ કરીશું.'

વ્યાસે કહ્યું : પછી સુમેધા ઋષિએ તે બન્નેને ધ્યાન તથા બીજપૂર્વક શુભ

મંત્ર આપ્યો, પછી સુરથ રાજા અને સમાધિ વૈશ્ય દેવીનું આરાધન કરવા માટે નદીના કિનારે ગયા. ત્યાં સ્વચ્છ જગ્યામાં આસન જમાવી બન્ને મંત્ર જપમાં તત્પર થઇ ત્રણ ચરિત્રનો પાઠ કરવા લાગ્યા. એક મહિનાના જપ–તપના પ્રતાપે તે બન્નેને ભગવતીના ચરણ–કમળમાં ઘણી જ પ્રીતિ થઇ અને તેમની બુદ્ધિ પણ અત્યંત સ્થિર થઇ. ચાલુ તપમાંથી ઊઠીને તેઓ કેટલીક વેળા આશ્રમે જઈ સુમેધા મુનિનાં દર્શન કરી આવતા. આમ સુરથરાજા અને સમાધિ વૈશ્ય દેવીના ધ્યાનમાં મગ્ન બની નિરંતર જપ કરવા લાગ્યા. આમને આમ તેમણે દેવીના આરાધનમાં એક વર્ષ પસાર કરી નાખ્યું. આ સમય દરમ્યાન તેઓ માત્ર ફળ–ફૂલનો જ આહાર કરતા હતા, પણ હવે તે બન્નેએ માત્ર સૂકાં પાંદડા જ આરોગીને તપ કરવા માંડયું. આ રીતે બીજું એક વર્ષ તેમણે દેવીની આરાધનામાં પસાર કરી નાખ્યું. એક રાત્રે તેમને સ્વપ્નમાં ભગવતી જગદંબાનાં દર્શન થયાં.

સ્વપ્નમાં તેમને લાલ વસ્ત્ર પહેરેલાં, સુંદર આભુષણોથી શોભતાં જગદંબાનાં દર્શન થયાં. એથી એમના મનમાં દેવી-ભક્તિ પ્રત્યે વધારે ભાવ જાગ્યો. ત્યાર બાદ તેમણે જળ લીધા વગર એક વર્ષ સુધી કષ્ટદાયક તપ કર્યું. આમ બન્નેએ ત્રણ વર્ષ સુધી તપ કર્યા પછી તેમનાં મન ભગવતીના સાક્ષાત્કાર માટે–દર્શન માટે તલપવા લાગ્યાં. તેમના મનમાં થયું કે 'દેવીનાં પ્રત્યક્ષ દર્શન વિના શાંતિ મળવાની નથી. જો અમને દેવીનાં દર્શન નહિ થાય તો અમે તે માટે લાયક નથી એમ માનીને દેહ ત્યજી દઇશું.' આવો દૃઢ નિશ્ચય કરી સુરથરાજા અને સમાધિ વૈશ્ય વધુ ને વધુ કઠિન તપ કરવા લાગ્યા, અને આખરે એક વેળા ભગવતીએ બન્નેને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. બન્ને દેવી સામે હાથ જોડી ઊભા રહ્યા. દેવીએ પ્રથમ સુરથરાજાને પૂછ્યું : હે રાજન્ ! તમારી ભક્તિથી હું તમારા પર પ્રસન્ન થઇ છું, માટે તમારી ઇચ્છા મુજબ વરદાન માગો, હવે તમે મારા ભક્ત થયા છો માટે માગતા સંકોચ પામશો નહિ.'

સુરથરાજાએ કહ્યું : હે માતા ! મારા શત્રુએ લીધેલું રાજ્ય મને પાછું અપાવો. દેવી બોલ્યાં : 'તમારી ઇચ્છા મુજબ જ થશે. હવે તમે અહીંથી તમારા રાજ્યમાં જાઓ ત્યાં તમારો શત્રુ શક્તિહીન થવાથી પરાજિત થઇ રાજ્ય છોડીને ભાગી જશે. અને તમારા શત્રુની સાથે ભળી ગયેલા તમારા મંત્રીઓ તેમની બુદ્ધિ સુધરવાથી તમારા ચરણમાં પડી તમને સહકાર આપશે, માટે તમે હવે તમારા નગરમાં જઇ સુખપૂર્વક રાજ્ય કરો. તમે મારી કૃપાથી દશહજાર વર્ષ સુધી ભુમિમંડળનું રાજ્ય કર્યા પછી તમારૂં આ શરીર શાંત થશે. તે પછી તમે સુર્યને ત્યાં ઉત્પન્ન થઇ તમે મનુ થશો.'

દેવીએ સુરથ રાજાને તેની ઇચ્છા

મુજબનું વરદાન આપ્યું, પછી સમાધિ વૈશ્યને કહ્યું: 'હે સમાધિ વંશ્ય શ્રેષ્ઠ ! તમારી ઇચ્છા મુજબનું જ્ઞાન તમને અવશ્ય પ્રાપ્ત થશે.' આમ સુરથરાજા અને સમાધિ વૈશ્યને વરદાન આપી દેવી ત્યાં અંતર્ધાન થઇ ગયાં. પછી સુરથરાજાએ મુનિને ભગવતી દેવીની પ્રસન્નતાનું સર્વ વૃત્તાંત કહ્યું ને મુનિને પ્રણામ કરી પોતાના રાજ્યમાં જવા તૈયાર થયો ત્યાં તો તેના મંત્રીઓ અને અગ્રણી નગરજનો રાજા સામે આવી હાથ જોડી કહેવા લાગ્યાં : 'મહારાજ ! આપના શત્રુઓએ રાજ્યનો કબ્જો છોડી દીધો છે, માટે આપ ત્યાં પધારી રાજ-ગાદી પર બિરાજી નિષ્કંટક રાજ્ય કરો.'

આ શુભ સમાચાર સાંભળી રાજાને અત્યંત હર્ષ થયો. આ ભગવતી દેવીની આરાધનાનું ફળ હતું. પછી તે મુનિને પ્રણામ કરી મંત્રીઓ સાથે ત્યાંથી નીકળી પોતાના નગરમાં પહોંચી ગયો. અને પત્ની સહિત સર્વ પરિવારને મળી કુશળતા પૂછી ખૂબ આનંદિત થયો.

પછી સુરથરાજાએ બહુ જ કુશળ-તાથી સમુદ્રરૂપી મેખલાવાળી સમસ્ત પૃથ્વીનું રાજ્ય કર્યું. સમાધિ વૈશ્ય પણ જ્ઞાન પામી સંસારની માયાનો સંગ છોડી તીર્થોમાં ફરતો અને જ્યાં જાય ત્યાં ભગવતીના મહિમાનાં ગુણો ગાતો સમય ગાળવા લાગ્યો.

જે મનુષ્ય આ દેવીનું ઉત્તમ આખ્યાન નિત્ય સાંભળે છે તે ખરેખર ઉત્તમ સંસાર સુખ પામે છે. આ પવિત્ર અદ્ભુત આખ્યાન સાંભળનારને જ્ઞાન, મોક્ષ, કીર્તિ તથા સુખ સાંપડે છે. તેમજ આ આખ્યાન સર્વ ધર્મોથી સભર હોઇ મનુ-ષ્યોને સમગ્ર પદાર્થો આપનાર તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પરમ કારણ મનાયું છે.

સુત બોલ્યા : સત્યવતીનંદન વ્યાસ સર્વ અર્થના રહસ્યને જાણનારા હતા. જનમેજય રાજાના પૂછવાથી એમણે આ દિવ્ય સંહિતા–પાંચમો સ્કંધ કહેલ છે. દયાળુ ભગવાન વ્યાસ મુનિએ શુંભ અસુરના વધને લગતું દેવી ચંડિકાનું ચરિત્ર કહ્યું છે. હે મુનિવરો ! આમ મેં પુરાણોની સારરૂપ વાતો તમને વિસ્તાર સહિત કહી છે. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'સુરથરાજા અને સમાધિ વૈશ્યને ભગવતીદેવીનો સાક્ષાત્કાર' નામનો ૩૫ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–સ્કંધ પાંચમો સમાપ્ત

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः**




# શૈલપુત્રી

## સ્કંધ છઠ્ઠો

# સ્કંધ છઠ્ઠો

## અધ્યાય ૧ લો

### વૃત્રાસુર તથા ઇંદ્રના વેરનું વૃત્તાંત

ઋષય ઊચુ

સૂત સૂત મહાભાગ નિષ્ટં તે વચનામૃતમ્ ।
ન તૃપ્તાઃ સ્મો વયં પીત્વા દ્વૈપાયન—
કૃતં શુભમ્ ॥

શૌનકાદિ ઋષિઓએ પૂછ્યું : હે મહાભાગ્યશાળી સૂત ! વેદવ્યાસે રચેલા પાવન પ્રસંગો રૂપ અમૃતભર્યાં વચનામૃતનું પાન કરીને હજુ અમે તૃપ્ત થયા નથી, એટલા માટે ફરી એ દિવ્ય પુરાણની કથા પુનઃ તમને પૂછવા ઇચ્છીએ છીએ. તે પાપનો નાશ કરનારી કથા વિષે અમે સાંભળ્યું છે કે, ત્વષ્ટાનો પુત્ર 'વૃત્રાસુર' બહુ જ પરાક્રમી હતો, એ અસુરને દેવરાજ ઇંદ્રે યુદ્ધમાં કેવી રીતે માર્યો હતો ? વૃત્રાસુરનો પિતા 'ત્વષ્ટા' દેવોના પક્ષનો હતો, છતાં બળવાન બ્રાહ્મણ વૃત્રાસુરને ઇંદ્રે કપટથી કેમ માર્યો હતો ? વળી આપે અગાઉ જણાવ્યા મુજબ દેવીએ વૃત્રાસુરનો નાશ કર્યો હતો, તે વાત પણ આ વિષયમાં અમને વધારે વિસ્મિત કરે છે.

સૂત બોલ્યા : તમારી ઇચ્છા છે તો હવે હું તમને વૃત્રાસુરના વધનો પ્રસંગ કહું છું : અગાઉ રાજા જનમેજયે વ્યાસ મુનિને તમે પૂછયો તેવો જ પ્રશ્ન પૂછયો હતો ત્યારે તેમણે જે વૃત્તાંત કહેલું તે જ તમને કહું છું.

જનમેજયે પૂછ્યું : હે મુને ! અસુર વૃત્રાસુરનો દેવરાજ ઇંદ્રે વધ કર્યો, તો તે દૈત્યને દેવીએ પણ કેમ માર્યો હતો ? એક જ અસુરનો નાશ બે વ્યક્તિએ મળી કેવી રીતે કર્યો હતો ?

વ્યાસે કહ્યું : 'રાજન્ ! પ્રાચીન સમયમાં વૃત્રાસુર અને ઇન્દ્ર વચ્ચે યુદ્ધ થયું હતું એ પરસ્પર વિરોધના કારણે થયું હતું. તે વૃત્તાંત તમને કહું છું. તે વખતે દેવોના સર્વ કાર્યની વ્યવસ્થા વૃત્રાસુરના પિતા 'ત્વષ્ટા' પ્રજાપતિ કરતા હતા. તેઓ બ્રાહ્મણ હતા. પોતાને સોંપેલું કાર્ય કુશળતાથી કરવાવાળા હતા, છતાં કોઇ પ્રસંગે ઇન્દ્ર સાથે સાધારણ બાબતમાં તેમને વૈમનસ્ય થયું હતું, આથી ત્વષ્ટાએ ક્રોધે ભરાઈ ત્રણ મસ્તકવાળો એક પુત્ર ઉત્પન્ન કર્યો, જે 'વિશ્વરૂપ' નામથી ત્રણેલોકમાં વિખ્યાત થયો. આ વિશ્વરૂપ એવો શક્તિશાળી હતો કે ત્રણ કાર્ય એકી સાથે કરતો હતો. એક મુખથી વેદપાઠ કરતો, બીજા મુખથી મધુપાન કરતો અને ત્રીજા મુખથી સઘળી દિશાઓનું એકી વખતે નિરિક્ષણ કરતો હતો. એમ ત્રણ મસ્તકોવાળો 'ત્રિશિરા'-વિશ્વરૂપ ભોગો ભોગવવાના ત્યજીને કઠિન તપ કરવામાં પ્રવૃત્ત થયો. ઉનાળામાં પાંચ અગ્નિ સેવવા, ચોમાસામાં વૃક્ષો નીચે રહેવું અને શિયાળામાં ઠંડા જળમાં રહી તપ કરવું. આવું મુશ્કેલ તપ એ જિતેંદ્રિય વિશ્વરૂપ કરતો હતો. તેના આ તપથી ઇન્દ્ર ગભરાયો, તેને અત્યંત ખેદ થયો, તેને દિનરાત ચિંતા થતી કે તપમાં ઘણો જ આગળ વધી ગયેલો

આ ત્રિશિરા–ત્રણ મસ્તકવાળો વિશ્વરૂપ અવશ્ય મારો નાશ કરશે. વળી વિદ્વાનોનો મત છે કે, રોગ અને શત્રુને ઉગતા જ દબાવી દેવા સારાં. તો આના તપમાં ભંગ કરવા માટે કંઇ કપટ કરવું પડશે. માત્ર કામદેવ જ તેના તપનો ભંગ કરી શકે તેમ છે. આમ વિચારી ઇન્દ્રે પોતાની પાસે પ્રથમ ઉર્વશી, મેનકા, રંભા, તિલોત્તમા, ધૃતાચી વગેરે સ્વર્ગની મુખ્ય અપ્સરાઓને તુરત જ બોલાવી કહ્યું: તમારે એકત્ર થઇને મારા એક કાર્યને પાર પાડવાનું છે. એમ કહી તેઓને વૃત્રાસુરના તપનું વૃત્તાંત કહી જણાવ્યું: 'આગળ જતાં એ વૃત્રાસુર મારો શત્રુ બનશે, માટે તમે તેની પાસે જઇ તમારા રૂપથી અને હાવભાવથી તેને લોભાવો, તમે યુક્તિથી અવશ્ય મારો સંતાપ દૂર કરી શકશો. એ ત્રણ મસ્તકવાળાનું તપોબળ જાણી ચિંતામાં હું દુર્બળ બની ગયો છું.

આથી અપ્સરાઓ અવનવા શણગાર સજીને તપ કરી રહેલા ત્રિશિરા 'વિશ્વરૂપ' પાસે ગઇ. અને વિવિધ પ્રકારના તાલ સાથેના ગાન સહિત નૃત્ય કરવા લાગી, ઘણીવાર સુધી તેમણે મુનિને ચળાવવાના ઘણા પ્રયત્નો કર્યા પણ તપસ્વી પર તેની કંઇ જ અસર થઇ નહિ.

વિશ્વરૂપના તપથી ગભરાયેલા ઇન્દ્રની મતિ મૂઢ થઇ ગઇ હતી. અપ્સરાઓને રજા આપી તે પાછો વિચારવા લાગ્યો કે હવે શું ઉપાય કરવો? એવો કયો ઉપાય કરૂં કે જેથી ત્રણ મસ્તકવાળો 'વિશ્વરૂપ' હણાય? આ માટે તે લોકલજ્જા તથા પાપનો ભય છેક જ છોડી દઇ, કોઇની પણ પરવા કર્યા સિવાય ત્રિશિરાના વધ માટે દુષ્ટ વિચાર કરવા લાગ્યો. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'વૃત્રાસુર તથા ઇન્દ્રના વેરનું વૃત્તાંત' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૨ જો

## ત્રિશિરા 'વિશ્વરૂપ'નો વધ

વ્યાસ ઉવાચ:

**અથ સ લોભ મુપેત્ય સુરાધિપઃ ।**
**સમધિગમ્ય ગજાસનસંસ્થિત્ ॥**
**ત્રિશિરસં પ્રતિ દુષ્ટમતિસ્તદ ।**
**મુનિમપશ્ય દમેય પરાક્રમમ્ ॥**

વ્યાસ બોલ્યા: પછી મૂઢ મનિવાળો ઇન્દ્ર પોતાના રાજ્યના લોભને વશ થઇ ઐરાવત પર બેસી તપસ્વી વિશ્વરૂપ પાસે ગયો. ત્યાં તેણે સ્થિર આસન પર બેઠેલા, અમાપ તેજવાળા, ધ્યાનમગ્ન ત્રિશિરા મુનિને જોયા. તેમને જોઇ ઇન્દ્ર વિચારવા લાગ્યો કે: 'અહો! આવા પ્રખર તપસ્વીને હું કયા પ્રકારે મારી શકીશ? એમના તપોબળનું અપૂર્વ તેજ તેમના મુખ પર પ્રકાશી રહ્યું છે. તો પણ ઇન્દ્રાસન પર અધિકાર જમાવવાની ઇચ્છાવાળા આ શત્રુની ઉપેક્ષા પણ કેવી રીતે થઇ શકે?' એમ વિચારી દેવરાજ ઇન્દ્રે પોતાનું તેજસ્વી વજ્ર ત્રિશિરા મુનિ પર ફેંક્યું, ત્યારે સમાધિમગ્ન

રહેલા તે વિશ્વરૂપમુનિ વજ્રના આઘાતથી પ્રાણરહિત થઇ પૃથ્વી પર ઢળી ગયા. એમના મરવાથી ઇન્દ્રને અપાર હર્ષ થયો, પરંતુ ત્યાં રહેલા મુનિઓ ઇન્દ્રના આ કૃત્યને વખોડતા કરૂણ વચનોથી કહેવા લાગ્યા: 'હાય! આ દેવરાજ ઇન્દ્ર તો મહાપાપી જણાય છે, એણે મહા તપસ્વી ત્રિશિરાની હત્યા કરી મહા અનર્થ કર્યો છે, આ અપકૃત્યનું કડવું ફળ અવશ્ય એને ભોગવવું પડશે.'

દેવરાજ ઇન્દ્ર તો પ્રસન્નચિત્તે ત્યાંથી પોતાના ભવનમાં જતો રહ્યો, પણ અહીં તપસ્વી ત્રિશિરા મુનિ ઇન્દ્રથી હણાયા છતાં સજીવ પુરૂષની જેમ પ્રકાશતા હતા અને ચેષ્ટા કરતા હતા.

આ વાતની ઇન્દ્રને ખબર પડતાં વળી પાછો તે ચિંતામાં પડી ગયો કે 'શું આ મરેલો ત્રિશિરા પુનઃ જીવતો તો નહીં થાય!' આ વખતે ઇન્દ્ર પાસે 'તક્ષા' નામે એક વ્યક્તિ ઊભેલી હતી, તેને જોઇ ઇન્દ્રે કહ્યું: 'હે તક્ષા! મેં મારી નાખેલો ત્રિશિરા હજી જીવતો હોય તેમ લાગે છે માટે તું ત્યાં જઇ એ મુનિના મસ્તકને ધડથી અલગ કરી નાખ, એટલે મને ચિંતા રહે નહિ.'

પણ તક્ષાએ એ કાર્ય કરવા આનાકાની કરતાં કહ્યું: 'એ મુનિના ખભા ઘણા મજબુત છે એટલે મારી કુહાડી તેને છેદી શકશે નહિ. વળી આવું નિંદનીય કાર્ય કરવાની મારી ઇચ્છા પણ નથી, મરેલાને ફરી મારવો એને હું મોટું પાપ સમજું છું. મરણ પામેલાનું મસ્તક કાપવાનો શો અર્થ છે?'

પછી તો ઇન્દ્રે તક્ષાને ઘણો સમજાવ્યો, ઘણી લાલચ આપી એટલે તક્ષા તે અઘટિત કાર્ય કરવા કુહાડી લઇને ત્યાં ગયો અને કુહાડીના ઘાથી ત્રિશિરાના મસ્તકોને ધડથી અલગ કરી નાખ્યા. ત્રણે મસ્તકો જેવાં કપાઇને ધરતી પર પડયાં કે તરત જ તેમાંથી કબુતર, ચકલા, તેતર વગેરે જાતજાતનાં પક્ષીઓ પેદા થયા. ત્રિશિરા મુનિ પોતાના જે મુખથી વેદપાઠ કરતા અને સોમરસ પીતા હતા તે મુખમાંથી કબૂતર નીકળ્યાં. વળી એ સોમરસ પીતાં જે મુખથી એકી સાથે સર્વ દિશાઓ જોતા હતા તે મુખમાંથી તેતર નીકળ્યાં અને જે મુખથી મધુપાન કરતા હતા તે મુખમાંથી ચકલાં ઉત્પન્ન થયાં હતાં. ઇન્દ્રે આવીને આ બધું જોયા પછી બ્રહ્મહત્યાની ચિંતા કર્યા વિના પ્રસન્નચિત્તે તે સ્વર્ગમાં પોતાના ભવનમાં ચાલ્યો ગયો. ત્રિશિરા 'વિશ્વરૂપ'ના પિતાને ઇન્દ્રના આ અપકૃત્યની ખબર પડી. તે પોતાના ધર્મિષ્ઠ પુત્રને ઇન્દ્રે મારી નાખ્યો જાણી ક્રોધે ભરાઇ એવો જ શક્તિશાળી બીજો પુત્ર પેદા કરવા અથર્વવેદના મંત્રો ભણી અગ્નિમાં હવન કરવો શરૂ કર્યો. અષ્ટરાત્રિ સુધી એ હોમ ચાલુ રહ્યો, તે પછી યજ્ઞમાંથી નીકળતી પ્રચંડ જ્વાળામાંથી અગ્નિસમાન તેજસ્વી એક પુરૂષ પ્રકટ થઇ હાથ જોડીને ત્વષ્ટા સમક્ષ ઊભો

રહ્યો. આ જ ત્વષ્ટાનો બીજો પુત્ર હતો. તેના સામે જોઇ ત્વષ્ટાએ કહ્યું : 'હે પુત્ર! હે ઇન્દ્રશત્રો! મારા તપના પ્રભાવથી તું અપૂર્વ શક્તિવાળો પરાક્રમી થા.' આ સાંભળીને તે તેજસ્વી પુત્ર ધીમે.... ધીમે પોતાનું શરીર વધારવા લાગ્યો.

કેટલીકવાર પછી એનું પ્રચંડ ને વિકરાળ શરીર જાણે સામે સાક્ષાત્ કાળ પ્રગટયો હોય તેમ આકાશને અડકતા પર્વત સમાન દેખાવા લાગ્યું. તેણે ગભરાયલા પિતા ત્વષ્ટાને કહ્યું : 'પિતાજી! આપના કહેવાથી મેં મારી શક્તિ વધારી દીધી, હવે મારે શું કાર્ય કરવાનું છે? મારૂં નામ શું છે? તે સર્વ મને જણાવો. આપ કોઇ મહા ચિંતામાં હોય તેમ મને જણાય છે, તો તે ચિંતાનું કારણ મને કહો, હું શીઘ્ર આપની ચિંતાને દૂર કરીશ. અને આપ કહો તે કરી બતાવીશ.'

ત્વષ્ટાએ તેની પિતૃભક્તિથી પ્રસન્ન થઇ કહ્યું : 'પુત્ર! આ વેળા તું મને 'વૃજિન' એટલે સંકટથી મુક્ત કરવા માગે છે, માટે જગતમાં તું 'વૃત્ર' નામથી વિખ્યાત થઇશ. તારા પહેલાં તારો એક 'ત્રિશિરા' નામે ત્રણ મસ્તકવાળો ભાઇ હતો, તેને વિશ્વરૂપ પણ કહેતા હતા. વેદ અને વેદાંગનો પારંગત તે ત્રણે લોકને ચકિત કરે એવું કષ્ટદાયક તપ કર્યા કરતો હતો, પરંતુ આજે સ્વર્ગના અધિપતિ ઇન્દ્રે તેના ત્રણે મસ્તક કાપી નાખ્યા છે, તેને વજ્રથી મારી નાખ્યો છે. એ મારા પુત્રનો કોઈ અપરાધ નહોતો છતાં ઇન્દ્રે તેનો વધ કર્યો છે, માટે તું એ બ્રહ્મઘાતી, દુરાચારી ને કપટી ઇન્દ્ર સાથે યુધ્ધ કરી તેને હરાવી દે.' આમ કહી ત્વષ્ટા પછી વિવિધ પ્રકારના દિવ્ય આયુધો બનાવવામાં તત્પર થયા. જ્યારે બધા આયુધો બની ગયા ત્યારે તેમણે પોતાના તેજસ્વી પુત્ર વૃત્રાસુરને તે આયુધોથી સજ્જ કર્યો, પછી એક ઝડપી ગતિવાળો ભવ્ય રથ વધારાના આયુધો સહિત વૃત્રાસુરને આપી તેને ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા જવાનો આદેશ આપ્યો. ૫૩



ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'ત્રિશિરા વિશ્વરૂપનો વધ' નામનો ૨૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### વૃત્રાસુરે ઇન્દ્રને પરાજિત કર્યો

**વ્યાસ ઉવાચ :**

**કૃતસ્વસ્ત્યયનો વૃત્રો બ્રાહ્મણૈર્વેદ પારગૈ ।**
**નિર્જગામ રથારૂઢો હંતું શક્રં મહાબલઃ ॥**

વ્યાસ બોલ્યા : તે પછી વૃત્રાસુર તે ભવ્ય રથ પર બેસી ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા ચાલ્યો, તેની સાથે દેવોએ હરાવેલા ઘણા દાનવો પણ જોડાયા હતા. તેમના આ પ્રયાણની ખબર ઇન્દ્રને તેના ગુપ્તચર મારફત મળી ગઇ. વળી ઇન્દ્રને એ વખતે ઘણા ઘણા અપશુકનો પણ થવા લાગ્યા.

આથી ઇન્દ્રે ગુરૂ બૃહસ્પતિને બોલાવી અપશુકનો માટે પૂછ્યું : હે બ્રહ્મન્! કોઇ વેળા નહિ અને હાલ સ્વર્ગમાં અપશુકનો કેમ થઇ રહ્યાં છે?

આપ અમો દેવોના ગુરૂ હોવાથી આપ સર્વજ્ઞ શત્રુનો ક્ષય કરનારૂં કોઇ શાંતિ-કર્મ કરો જેથી અમારી ચિંતા મટી જાય. અમે ભયમુકત થઇએ.'

બૃહસ્પતિએ કહ્યું : 'હે ઇન્દ્ર ! તું જ્ઞાની હોવા છતાં તેં આ વેળા ઘણું નિંદનીય કર્મ કર્યું છે, એક નિરપરાધી તપસ્વી મુનિનો વધ કરી, બ્રહ્મહત્યા કરી તેં હાથે કરીને મહાપાપ વ્હોર્યું છે. તેં મોહ અને લોભમાં પડી બ્રહ્મ-હત્યા કરી છે અને એ તારા પાપકર્મનું ફળ હવે તારી સામે જ આવી રહ્યું છે, એ વૃત્રાસુર તને મારવા માટે જ અહીં સ્વર્ગમાં આવી રહ્યો છે, તમે બધા દેવો મળીને તેનો વાળ પણ વાંકો કરી શકો તેમ નથી. વૃત્રાસુર દિવ્ય આયુધો સાથે અને બીજા અસુરો સાથે અહીં આવી રહ્યો છે, તેને મારી નાખવા કોઇ પણ સમર્થ નથી.'

દેવગુરૂ બૃહસ્પતિનાં આવાં વચન સાંભળી ત્યાં બહુ ગભરાટ ફેલાઇ ગયો, ઇન્દ્ર વિચાર કરતો રહ્યો અને ત્યાં યક્ષ ગંધર્વ, કિન્નર, દેવ વગેરે હતા તે ગભરાઇને ત્યાંથી નાસી ગયા. ઇન્દ્રે પછી સેવકોને સેના તૈયાર કરવાનો આદેશ આપી કહ્યું : 'તમે બધા વસુઓ, રુદ્રો, અશ્વિનિકુમારો અને આદિત્યોને તાત્કાલિક અહીં બોલાવી લાવો. તેમજ પુષા, ભગ, વાયુ, કુબેર, વરૂણ અને બીજા મુખ્ય મુખ્ય દેવોને કહી આવો કે તેઓ અસ્ત્રો-શસ્ત્રો સજી વિમાનો પર બેસી જેમ બને તેમ ઉતાવળથી અહીં આવી પહોંચે, કેમકે આપણો મોટો શત્રુ સ્વર્ગને છિન્નભિન્ન કરી નાખવા આવી રહ્યો છે.' સેવકોને આમ મોકલી ઇન્દ્ર ભવનમાંથી બહાર નીકળી પોતાના હાથી પર આરૂઢ થયો અને બધાના આવવાની રાહ જોવા લાગ્યો.

બીજી બાજુ ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા નીકળેલો વૃત્રાસુર દાનવોની સાથે માનસ-પર્વતની ઉત્તર સીમા પર જઇ રોકાયો, એટલે ઇન્દ્ર પણ બધા દેવોની સાથે તે સ્થળે લડવા ગયો અને થોડી જ વારમાં દેવ અને દાનવના પક્ષે જોરદાર યુદ્ધ શરૂ થયું, પણ વૃત્રાસુરના બળ આગળ દેવો નાસિપાસ થઇ ગયા, પ્રથમ વરૂણ નિરૂત્સાહી બન્યો, પછી વાયુગણોનો ઉત્સાહ પણ ઓસરી ગયો, આથી બધા દેવો નિરાશ બની ગયા. અંતે યમ, અગ્નિ અને ઇન્દ્ર સહિત બધા જ યુદ્ધભુમિમાંથી ભાગીને પોતાના સ્થાને જતા રહ્યા. આમ વૃત્રાસુર દેવોને પરાજિત કરીને ત્યાંથી નીકળી પોતાના પિતા ત્વષ્ટા પાસે આવ્યો. તે પિતાને પગે લાગીને બોલ્યો : 'પિતાજી ! મેં યુદ્ધભુમિમાં ઇન્દ્ર સહિત સઘળા દેવોને હરાવી આપનું કાર્ય સિદ્ધ કર્યું છે. વળી ઇન્દ્રના ખાસ ઐરાવત-હાથીને પણ હું ત્યાંથી પકડી લાવ્યો છું. પિતાજી ! હવે મારે બીજું શું કાર્ય કરવાનું છે ?'

વૃત્રાસુરના પરાક્રમની વાત સાંભળી તેના પિતા ત્વષ્ટાએ હર્ષ પામી કહ્યું :

'બેટા ! આજે તેં મારૂં જીવન સફળ કર્યું છે, મારો માનસિક સંતાપ હવે દૂર થયો છે. હવે તારે એ કાર્ય કરવાનું કે, તું એક આસન જમાવી તપ કરવા માંડ, તપથી સિદ્ધિ મળશે. આપણો શત્રુ ઇન્દ્ર બહુ જ કપટી છે, તે આપણને હેરાન કરવા જંપીને બેસશે નહિ માટે તું ઉગ્ર તપ કરીને વરદાન મેળવ. શ્રેષ્ઠ રાજ્ય અને લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે તપ જ ઉત્તમ સાધન છે. તપદ્વારા બ્રહ્માને પ્રસન્ન કરી વરદાનમાં અમરત્વ મેળવી લેજે, તે પછી કપટી અને પાપી ઇન્દ્રને હરાવી તેના રાજ્યનો કબજો કરી લેજે.'

પિતાની આજ્ઞાનું પાલન કરનારો વૃત્રાસુર તે વેળાએ જ તપ કરવા માટે ગંધમાદન પર્વત પર ચાલ્યો ગયો. ત્યાં જઇ તેણે સ્નાન કર્યું, પછી દર્ભના આસન પર બેસી અન્નજળનો ત્યાગ કરી તપ કરવામાં મગ્ન બન્યો. સ્થિર બેસી તે બ્રહ્માનું ધ્યાન કરી રહ્યો હતો. એવામાં ઇન્દ્રને વૃત્રાસુરના તપની ખબર પડી એટલે તપમાં અંતરાય કરવા તેણે સ્વર્ગમાંથી ગંધર્વોને ગંધમાદન પર્વત પર મોકલ્યા, ઉપરાંત માયાના જાણકાર યક્ષ, પન્નગ, સર્પ, કિન્નર, વિદ્યાધર, અપ્સરાઓ વગેરે પણ ગંધમાદન પર્વત પર જ્યાં વૃત્રાસુર તપ કરી રહ્યો હતો ત્યાં પહોંચી ગયા અને વિવિધ પ્રકારે તેમના તપમાં ભંગ કરવા પ્રયત્નો કરવા લાગ્યા, પરંતુ વૃત્રાસુર તપમાં મગ્ન બની ગયો હતો એટલે તે પોતાના ધ્યાન-માંથી લેશમાત્ર વિચલિત ન થયો. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'વૃત્રાસુરે ઇન્દ્રને પરાજિત કર્યો' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### દેવો ભગવાન શંકરને શરણે ગયા

વ્યાસ ઉવાચ

નિર્ગતાસ્તે પરાવૃત્તાસ્તપો-
વિઘ્નકરાસુરાઃ ।
નિરાશાઃ કાર્યં સંસિદ્ધયૈ તં-
દ્રષ્ટવા દ્રઢચેતસમ્ ॥

વ્યાસ બોલ્યા : તપમાં અંતરાય કરવા આવેલા તે બધાયે વૃત્રાસુરને મક્કમ–દ્રઢ મનવાળો જોઇ કાર્ય સિદ્ધિ માટે નિરાશ થઇ ત્યાંથી સ્વર્ગમાં જતા રહ્યા. જ્યારે વૃત્રાસુરના તપના સો વર્ષ પૂરા થયા ત્યારે બ્રહ્મા તેના પર પ્રસન્ન થઇ હંસ પર આરૂઢ થઇ ત્યાં તેની પાસે આવ્યા ને બોલ્યા : 'હે ત્વષ્ઠા-નંદન ! તારા તપથી પ્રસન્ન થઇ હું તને વરદાન આપવા આવ્યો છું; માટે ઇચ્છિત વરદાન માગી લે. તપ કરવાથી તારૂં શરીર બહુ જ ક્ષીણ થઈ ગયું છે, માટે તપ કરવું છોડી દઇ વરદાન માગ.'

વૃત્રાસુર આસન પરથી ઊભો થઇ બ્રહ્મા સામે હાથ જોડી કહેવા લાગ્યો : 'પ્રભો ! આપના દુર્લભ એવા દર્શનથી હું ધન્ય બન્યો છું. મારી ઇચ્છા એ છે કે, લોઢાના કે કાષ્ઠના બનેલાં, સુકાં કે લીલાં કોઇ પણ અસ્ત્ર–શસ્ત્રથી મારૂં મૃત્યુ ન થાય, મારા પરાક્રમમાં હંમેશાં વૃદ્ધિ થતી રહે જેથી યુદ્ધમાં મને કોઇ ઉપાયે દેવો પરાજિત કરી શકે નહિ.'

બ્રહ્માએ કહ્યું : 'તારા કહ્યા પ્રમાણે જ થશે.' ઇચ્છિત વરદાન પામેલો વૃત્રાસુર ત્યાંથી પોતાના પિતા ત્વષ્ટા પાસે ગયો અને તેમને પ્રણામ કરી હર્ષ પામી કહેવા લાગ્યો: 'પિતાજી ! મારૂં વ્રત ફળ્યું. બ્રહ્માએ મને ઇચ્છિત વરદાન આપ્યું છે.' ત્વષ્ટાએ પુત્રને આશીર્વાદ આપી કહ્યું : 'મહાભાગ ! તારૂં કલ્યાણ થાઓ. હવે તું તારા ભાઇ ત્રિશિરાનો વધ કરનાર કપટી અને મહાપાપી ઇન્દ્રને યુદ્ધમાં હરાવી તેનો પ્રાણ લે ને પછી સ્વર્ગનું આધિપત્ય ભોગવ, બેટા ! તું આ કાર્ય પાર પાડીશ ત્યારે જ મારૂં પુત્રવધથી થયેલું દુઃખ મટશે.'

પિતાને આમ કહેતાં સાંભળી વરદાન પામેલો વૃત્રાસુર ભવનમાંથી બહાર નીકળી યુધ્ધની તૈયારી કરવા લાગ્યો. જ્યારે અસુરસેના અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ થઇ ગઇ ત્યારે પોતે રથમાં બેઠો અને બધા સાથે સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.

આથી ઇન્દ્રે પણ યુદ્ધની જોરદાર તૈયારી કરવા માંડી. તેની પાસે મોટું સૈન્ય સજ્જ થઇ ગયું ત્યારે વૃત્રાસુર પોતાની સેના સાથે એકાએક ત્યાં ધસી આવ્યો અને જોતજોતામાં દેવો અને દાનવો વચ્ચે પ્રચંડ યુદ્ધ શરૂ થયું. ઇન્દ્ર અને વૃત્રાસુર બંને વિજયમાળા પહેરવા ઇચ્છતા હતા તેથી જોરશોરથી લડી રહ્યા હતા, પછી ક્રોધે ભરાયેલો વૃત્રાસુર પોતાના ભાઇના હત્યારા ઇન્દ્રને પકડીને તેને વસ્ત્ર તથા કવચ વગરનો કરીને પોતાનું મુખ પહોળું કરીને તેમાં મૂકી ગળી ગયો. પછી તે અટ્ટહાસ્ય કરવા લાગ્યો....

આ જોઇને દેવો ડઘાઇ ગયા. અને પાસે જઇ ઇન્દ્રના છૂટકારા માટે કંઇ કરવા વિનંતિ કરવા લાગ્યા. બૃહસ્પતિએ શત્રુઓનો નાશ કરનારી મહા બળવાન જંભિકા-બગાસું કરાવતી આળસુની સ્થિતિ વૃત્રાસુર માટે ઉત્પન્ન કરી, તેથી બગાસું ખાતો વૃત્રાસુર વારંવાર બગાસા ખાવા લાગ્યો, એટલે એકવાર એનું મુખ ખૂબ પહોળું થતાં તેના ઉદરમાં રહેલો ઇન્દ્ર પોતાના અંગો સંકોચી મુખવાટે તુરત જ બહાર નીકળી ગયો. ત્યારથી જગતમાં લોકોને બગાસાં આવવા માંડયા. ત્યાં હાજર રહેલા દેવોએ વૃત્રાસુરના મુખમાંથી ઇન્દ્રને હેમખેમ બહાર આવેલો જોઇ હર્ષ અનુભવ્યો. ઇન્દ્ર પાછો દાનવોની સાથે યુધ્ધે ચડયો. આ દેવાસુર ઘોર સંગ્રામ દશ હજાર વર્ષ સુધી ચાલ્યો, એથી ત્રણે લોક વ્યાકુળ થઇ ગયા. પરંતુ હવે વૃત્રાસુરની શક્તિ પાર વગરની વધી ગઇ હતી તેથી ઇન્દ્ર નિસ્તેજ બની ગયો, પરિણામે તે વૃત્રાસુર સામે હારી ગયો. ઇન્દ્ર પરાજિત થવાથી દેવો ઉદાસ બની ગયા, પછી ઇન્દ્ર સહિત સઘળા દેવો અમરાપુરીમાંથી નાસી ગયા. એટલે વૃત્રાસુરે સ્વર્ગમાં જઇ દેવભવન પર પોતાનો કબ્જો જમાવ્યો. હવે સ્વર્ગના સમસ્ત ઐશ્વર્યનો ઉપભોગ વૃત્રાસુર કરવા લાગ્યો.

દેવવિમાનો પણ તેના કબજે આવ્યા

હતાં. ઐરાવત (હાથી), ઉચ્ચૈઃશ્રવા (અશ્વ), કામધેનુ (ગાય), પારિજાત વૃક્ષ, અપ્સરાઓ પ્રાપ્ત થવાને લીધે વૃત્રાસુર અને બધા દૈત્યો સ્વર્ગના નંદન વનમાં નિત્ય લીલાલ્હેર કરી રહ્યા હતા, ત્યારે સ્વર્ગ છોડીને ભાગી ગયેલા દેવો પર્વતોની કંદરાઓમાં ભરાઇને કષ્ટમય દિવસો પસાર કરી રહ્યા હતા. હવે તો તેમને યજ્ઞમાં મળતો ભાગ પણ બંધ થયો હતો.

એકવેળા બ્રહ્મા આદિ દેવો પોતાના દુઃખનો ઉપાય જાણવા એકત્ર થઇને કૈલાસ પર્વત પર પરમાત્મા શંકર પાસે જઇ તેમને પ્રણામ કરી દીનવદને ઊભા રહ્યા. પછી શંકરને પોતાનાં દુઃખનું વૃત્રાસુરરૂપી....સર્વ વૃત્તાંત જણાવી પોતાની રક્ષા કરવા અને તે અભિમાની વૃત્રાસુરને સંહારવાની ભલામણ કરી.

ભગવાન શંકર સહુને લઇને વૈકુંઠમાં ભગવાન વિષ્ણુ પાસે ગયા. ૬૨

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'દેવો ભગવાન શંકરને શરણે ગયા' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### દેવીએ દેવોને વરદાન આપ્યું

વ્યાસ ઉવાચ :

તથા ચિંતાતુરાન વીક્ષ્ય સર્વાન્-
સર્વાર્થતત્ત્વવિત્ ।
પ્રાહ પ્રેમભરોદ્દ્ ભ્રાન્તાન્ માધવો
મોહિની પતે ॥

વ્યાસ બોલ્યાઃ 'હે રાજન્! ભગવાન વિષ્ણુ તો સર્વજ્ઞ હતા, તેમનાથી અજાણ્યું કશું જ ન હોય, છતાં તેમણે દેવોને કહ્યું: વૃત્રાસુરને તમારે મારવો જ હોય તો એક ઉપાય તમને બતાવું છું. તત્ત્વવેત્તાઓએ સામ, દામ આદિ ભેદથી કાર્ય કરવાના ચાર ઉપાય બતાવ્યા છે, તેમાંથી કોઇ પણ એક પ્રકારનો ઉપાય તમારે અજમાવવો જોઇએ. વરદાન પામેલો તે વૃત્રાસુર સ્વર્ગ પર કબ્જો જમાવી બેઠો છે, તો તમે તેના પર સામનીતિનો પ્રયોગ કરશો તોજ તમારા કાર્યમાં ફળીભૂત થશો.

હું તો એમ કહું છું કે પ્રથમ કોઇ પ્રલોભનથી વૃત્રાસુરને વશ કરી, પછી લાગ જોઇ એને મારી નાખવો જોઇએ. અત્યંત બળવાન તે વૃત્રાસુર જ્યાં રહે છે, ત્યાં ગંધર્વો જાય અને તેની સાથે સામનીતિનો પ્રયોગ કરે, પછી જ તમે એને જીતશો. હે દેવો! તે વખતે હું ઇન્દ્રના ઉત્તમ આયુધ વજ્રમાં પેસી જઇશ અને એ રીતે ઇન્દ્રને સહાય કરીશ. તમે બધા દેવો હમણાં થોડો સમય આમ ને આમ વિતાવો, વૃત્રાસુરનું આયુષ્ય પૂરું થતાં તેનું મરણ થશે, એ સિવાય આપણે ઉપાય યોજીશું તે બધા નિષ્ફળ જવાના છે. તમે જાણો છો કે મેં પોતે પણ વામન સ્વરૂપે બલિને છેતર્યો હતો અને મોહિની સ્વરૂપે સર્વ દૈત્યોને ભુલભુલામણીમાં નાખ્યા હતા. છતાં તમે તમારું હિત સાધવા ભગવતી દેવી પાસે જાઓ, એમને શરણે જઇ મંત્રો વડે તેમની ભક્તિપૂર્વક સ્તુતિ કરશો તો તે દયાળુ દેવી તમને જરૂર

સહાય કરશે. હું પણ એ પરા-પ્રકૃતિ સત્વસ્વરૂપા દેવી ભગવતીને સદાસર્વદા પ્રણામ કરું છું.

માટે તમે બધા એકત્ર થઇ ત્યાં જાઓ. તે યોગમાયા તમારૂં દુઃખ હરશે અને તમને સહાયરૂપ થશે. ઇન્દ્ર પણ તે દેવીનું આરાધન કરીને જ રણમાં શત્રુને મારશે, કેમકે મોહ ઉપજાવતાં તે મહામાયા એ દાનવને પણ મોહ પમાડશે. આમ માયાથી મોહિત થયેલો વૃત્રાસુર સહેલાઇથી જીતી શકાશે. જો તમારી પ્રાર્થનાથી જગદમ્બા પ્રસન્ન થશે તો તમારૂં કાર્ય થઇ જ ગયું સમજજો. સઘળાં કારણોના કારણ તે યોગમાયા સર્વત્ર બિરાજેલાં છે. માટે તમે પ્રચંડ વૃત્રાસુરનો સંહાર કરવા માટે તે દેવીની શ્રધ્ધા-ભક્તિપૂર્વક ઉપાસના કરવા માંડો. પહેલાં મારે પણ મહાદૈત્યો મધુ-કૈટભ સાથે પાંચ હજાર વર્ષ સુધી લડવું પડયું હતું, પણ તે મરાતા નહોતા, એ વખતે મારી સ્તુતિથી પ્રસન્ન થઇ યુધ્ધ-ભુમિમાં પ્રગટેલા જગદમ્બાએ મધુ-કૈટભને મોહિત કર્યા હતા, તે પછી જ હું તેઓને મારવા શક્તિમાન બન્યો હતો.'

વિષ્ણુના આદેશથી સર્વ દેવો સુમેરૂ પર્વતના એક સુંદર શિખર પર જઇ એકાંતમાં બેસી જપ, તપ અને ધ્યાન દ્વારા, ભક્તોની સર્વ અભિલાષા પૂરવાના ઉત્તમ ગુણવાળાં એ જગદમ્બાની ભક્તિ-પૂર્વક આરાધના કરવા લાગ્યા. ત્યાં જઇ દેવોએ જગદમ્બાની સ્તુતિ કરતાં કહ્યું: 'હે દેવી! દુષ્ટ અસુર વૃત્રાસુરે અમો દેવોને પારાવાર કષ્ટ પહોંચાડયું છે, માટે દીનોનાં દુઃખ હરનારા હે દયાળુ દેવી! આપ અમારૂં રક્ષણ કરો. અમે હંમેશા તમારી છત્રછાયામાં રહેલા છીએ તો હે માતા! તમે અમારૂં પુત્રની જેમ રક્ષણ કરો. તમે માતા થઇ અમો બાળકોની રક્ષા કેમ કરતા નથી?

હે જગદમ્બા! અમે તમારૂં પૂજન કરવા માગીએ છીએ, પણ પૂજનનાં સર્વ સાધનો તમારાં જ બનાવેલાં છે, સર્વ પદાર્થોમાં પરમ શકિતરૂપે આપ જ રહેલાં છો. એથી અમે કેવળ તમારા ચરણોમાં મસ્તક ઝુકાવી પ્રાર્થના કરીએ છીએ કે, અમારૂં કાર્ય હવે સત્વર કરી આપો અને અમારૂં રક્ષણ કરો. હે દેવી! ત્રણે લોકનો સારો યે વૈભવ એકમાત્ર તમારે આધીન છે, અને તમે તમારા સેવકો પર કૃપાવંત થઇ તેમને સદા શકિતશાળી બનાવો છો.'

દેવોની સ્તુતિથી પ્રસન્ન થયેલાં દેવી જગદમ્બા સુંદર સ્વરૂપે ત્યાં પ્રગટ થયાં, તેમનું કોમળ શરીર અપૂર્વ વસ્ત્રો-અલંકારોથી કમનીય લાગતું હતું. તેમને પાશ, અંકુશ અને અભય મુદ્રા ધારણ કરેલી ચાર ભુજાઓ હતી.

બીજના ચન્દ્રવાળો મુકુટ ધારણ કરેલા, લાલ વસ્ત્ર પરિધાન કરેલા દયાળુ દેવી પ્રસન્નવદને હસી રહ્યાં હતાં. દેવીને સાક્ષાત પ્રગટ થયેલા જોઇ દેવો પ્રણામ કરી ઊભા રહ્યા. અને પોતાના દુઃખની બધી વાત કહી. તેમની વાત સાંભળી

દેવીએ તેમના દુઃખો દૂર થઇ જશે એવી ધરપત આપી. પછી દેવી અંતર્ધ્યાન થઇ ગયાં. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'દેવીએ દેવોને વરદાન આપ્યું' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### અસુર વૃત્રાસુરનો વધ

વ્યાસ ઉવાચ

એવં પ્રાપ્તવરા દેવઋષયશ્ચ તપોધનાઃ ।
જગ્મુઃ સર્વે ચ સંગમ્ય-
વૃત્રસ્યાશ્રમમુત્તમઃ ॥

વ્યાસ બોલ્યા : રાજન્ ! એ રીતે જગદમ્બા પાસેથી વરદાન મેળવી દેવો તથા મુનિઓ વૃત્રાસુર હતો તે સ્થળે ગયા. તે ત્યારે બહુ જ તેજસ્વી લાગતો હતો. જાણે હમણાં જ ત્રણેલોકને બાળીને ભસ્મ કરી દેશે ને દેવો એનો કોળિયો બની જશે એવો તે વૃત્રાસુર જણાતો હતો. વૃત્રાસુરે પણ દેવોને જોયા હતા. દેવો પરસ્પર મંત્રણા કરી સામ નીતિનો આશ્રય લઇ તેની પાસે જઇ મધુર વચનો કહેવા લાગ્યાં, પછી કપટયુક્ત મધુર ને વિનયભરેલી વાણીથી વૃત્રાસુરને 'સંધિ' કરવા માટે તૈયાર કર્યો. દેવોની વાત સાંભળી વૃત્રાસુરે બહુ વિચાર કર્યા પછી તેમને કહ્યું : 'હે મહાભાગ ! તમે મારૂં કહેવું સાંભળો : સુકા કે ભીના અસ્ત્ર, પથ્થર, તેમ જ ભયંકર વજ્રથી, દિવસે કે રાત્રે, દેવો સહિત ઇન્દ્ર મને મારે નહિ.' આવી શરત કબુલ હોય તો જ હું ઇન્દ્ર સાથે સંધિ કરવા તૈયાર છું.'

'ઘણું સારૂં, તમારી ઇચ્છા મુજબ થશે.' આમ કહી ઇંદ્રએ વૃત્રાસુરની શરત સ્વીકારી, બસ તે સમયથી વૃત્રાસુર ઇંદ્રની વાતોમાં ભરોસો રાખવા લાગ્યો અને બન્ને મિત્રો બની ગયા. મિત્રભાવે ઘણી વેળા બન્ને સાથે ફરવા પણ જતા હતા. ક્યારેક નંદનવનમાં ફરવા જતા, ક્યારેક ગંધમાદન પર્વત પર ફરવા જતા તો ક્યારેક વળી તેઓ સમુદ્ર કિનારે જઇ હર્ષપૂર્વક ઘુમતા.

ધીમે ધીમે બન્ને વચ્ચે ગાઢ મિત્રતા થવા માંડી, આથી વૃત્રાસુર પણ ઘણો આનંદિત રહેવા લાગ્યો. ઇન્દ્ર તો કપટથી તેનો મિત્ર બન્યો હતો. તે વૃત્રાસુરને મારવાનો લાગ શોધતો હતો અને એવા કોઇ સુઅવસરની રાહ જોઇ રહ્યો હતો.

વૃત્રાસુરના પિતા ત્વષ્ટાને ખબર પડી ગઇ હતી કે હમણાંથી ઇન્દ્ર અને વૃત્રાસુર વચ્ચે મિત્રતા થઇ છે. પરંતુ તેમાં તેમને સંદેહ હતો એટલે એક સમયે ઇન્દ્ર ઉપર વિશ્વાસ રાખનાર પોતાના પુત્ર વૃત્રાસુરને ત્વષ્ટાએ કહ્યું :

'વત્સ ! તું મારા હિતકારક વચન સાંભળ : જેની સાથે એકવાર દુશ્મનાવટ થઇ હોય તેના પર ક્યારેય ભરોસો રાખવો નહિ. ઇન્દ્ર ગમે તેમ પણ તારો દુશ્મન છે. એના મનમાં તારા પ્રત્યેનો દ્વેષ કાયમ જ છે, તે મોઢેથી મીઠું બોલે છે તેનું તને ભાન નથી, એક બીજાનાં છિદ્રો જોવા (શોધવા), કપટ

કરવું એ તો ઇન્દ્રનો સ્વભાવિક સ્વભાવ છે, માટે એના પર વિશ્વાસ રાખતાં વિચાર કરજે. જેણે એકવાર પાપ કર્યું છે એને ફરીવાર પાપ કરવામાં સંકોચ ન હોય. માટે મારી શિખામણ માની ચેતીને ચાલજે.'

ત્વષ્ટાએ વૃત્રાસુરને ઘણો સમજાવ્યો પણ હવે તેના માથા પર કાળ ભમતો હતો તેથી તેણે પિતાના ઉપદેશને ગ્રહણ કર્યો નહિ. એક વખતે ઇન્દ્રે વૃત્રાસુરને સમુદ્રના તટ પર નિરાંતે ઊભેલો જોયો, તે વખતે સંધ્યાકાળ હતો. આ વખતે ઇન્દ્રને વૃત્રાસુરને મળેલા વરદાનની યાદ આવી....તે મનમાં વિચારવા લાગ્યો કે, આ સંધ્યાકાળનો સમય એવો હોય છે કે અત્યારે દિવસ પણ ગણાય નહિ. અને અત્યારે રાત પણ ગણાય નહિ; વળી અહીંયા બીજું કોઇ નજરે પડતું નથી માટે મારા આ દુશ્મનને મારી નાખવાનો સરસ લાગ છે. આમ તે વિચાર કરતો હતો, પણ મુંઝવણ એ થઇ કે 'હું અહીં આ અજેય એવા વૃત્રાસુરને કેવી રીતે મારૂં ?' એવામાં ઇન્દ્રની નજર સમુદ્રમાં થતા ફીણ ઉપર પડી. તે ફીણ દેખાવમાં વજ્રના ટુકડા જેવું જ લાગતું હતું, તેથી ઇન્દ્રએ વિચાર્યું કે, સમુદ્રનું આ ફીણ નથી સુકું કે નથી લીલું, વળી એને શસ્ત્ર પણ ગણાય નહિ. તેણે તો કુતુહલતાથી ફીણ હાથમાં ઊઠાવ્યું અને ભગવતીનું ધ્યાન કર્યું. એટલે તુરત જ દેવી જગદંબાએ તેની સમક્ષ પ્રકટ થઇ તેના હાથમાં રહેલા ફીણમાં પોતાનો અંશ સ્થાપ્યો. વળી પ્રથમથી જ ભગવાન વિષ્ણુ અદૃશ્યરૂપે વજ્રમાં રહ્યા હતા એટલે ફીણથી વજ્રને છૂપાવી ઇન્દ્રએ તેને જોરથી વૃત્રાસુર ઉપર ફેંક્યું, એ પ્રહાર થતાંની સાથે જ વૃત્રાસુર વજ્રથી કપાયેલા પર્વતની માફક કિનારાની જમીન પર ઢળી ગયો અને જોતજોતામાં તેના પ્રાણ નીકળી ગયા.

આથી ઇન્દ્ર બહુ જ હર્ષ પામ્યો. પછી ઇન્દ્રે જ્યાં બધા દેવો હતા ત્યાં જઇ પોતે વૃત્રાસુરને માર્યાની હકીકત કહી. વળી આ કાર્ય દેવી જગદંબાની કૃપાથી થયું હતું તેથી સર્વ દેવો એકાગ્રતાથી દેવીની આરાધના કરવા લાગ્યા, તેઓ વિવિધ પ્રકારનાં સ્તોત્રોથી દેવીને પ્રસન્ન કરવા લાગ્યા. પછી તેમણે પદ્મરાગ મણિની ભગવતીની સુંદર મૂર્તિ બનાવી. ઇન્દ્રે પોતાના દિવ્ય ઉપવનમાં તેની વિધિપૂર્વક અને વાજતે ગાજતે સ્થાપના કરાવી, પછી એ મૂર્તિમાં પરાશક્તિની ભાવના કરી દેવીને પ્રસન્ન કરવાનું સૌભાગ્ય મેળવ્યું.

બસ, તે સમયથી માંડી 'શ્રીદેવી' દેવોની કુળદેવી તરીકે સ્થપાયા ને ઘેર ઘેર દેવી જગદંબાની ઉપાસના થવા લાગી. દેવીની મહાપૂજા કર્યા પછી દેવરાજ ઇન્દ્રએ ભગવાન વિષ્ણુની પણ પૂજા કરી હતી. વૃત્રાસુર મરાવાથી દેવોનો બધો ભય ટળી ગયો હતો તેથી દેવો ખુશ-ખુશાલ રહેવા લાગ્યા. વાતાવરણમાં સુવા-

## અધ્યાય ૧૧ મો

### યુગેયુગના ધર્મ

વ્યાસ ઉવાચ:

ભારાવરણાર્થાય કથિતં જન્મ કૃષ્ણયો: ।
સંશયોઽયં દ્વિજશ્રેષ્ઠ હૃદયે મમ તિષ્ઠતિ ॥

જનમેજયે પૂછ્યું : પૃથ્વી પર વધેલા પાપનો ભાર ઉતારવા માટે શ્રીકૃષ્ણ અને અર્જુનનો જન્મ થયો હતો એવું મેં સાંભળ્યું છે, પરંતુ એ માટે મને સંદેહ રહે છે. વળી યુગોના ધર્મ વિષે પણ જાણવાની પણ ઉત્કંઠા છે.'

વ્યાસ બોલ્યા: યુગેયુગે અલગ અલગ માન્યતા જોવામાં આવે છે. જેવો યુગ હોય તેવી જ પ્રજા થાય છે.

ચારે વર્ણના મનુષ્યો પોતપોતાના ધર્મમાં તત્પર રહી ઉત્તમ કર્મો કરે તો તે કર્મના ફળસ્વરૂપે દેવલોકમાં સ્થાન પામે છે. સત્ય વદવું, દયા રાખવી, દાન દેવું, પોતાની સ્ત્રી પ્રત્યે જ પ્રેમ રાખવો, કોઈનો દ્વેષ ન કરવો, કદી પરનિંદા ન કરવી....આ બધાં સત્યયુગના ધર્મના લક્ષણ છે. આ પ્રમાણે વર્તનારા જીવાત્મા પુન: સ્વર્ગલોકમાં જાય છે. નીચ વર્ણના લોકો પણ સદ્ધર્મનું આચરણ કરે તો તેમને માટે સ્વર્ગ સુલભ થાય છે. ત્રેતા-યુગમાં અને દ્વાપરયુગમાં પણ આવી જ વ્યવસ્થા હોય છે. જ્યારે આ કલિયુગમાં ખાસ કરીને પાપી જ મનુષ્ય જન્મ લે છે, એમના માટે નરકનું જ સ્થાન મોટે ભાગે હોય છે. જ્યાં સુધી બીજા યુગનું આગમન ન થાય ત્યાં સુધી તેઓને નરકવાસ સેવવો પડે છે. જ્યારે કલિયુ-ગની મર્યાદા પૂરી થાય છે અને સત્ય-યુગનો આરંભ થાય છે એ સમયે સ્વર્ગમાંથી પુણ્યાત્મા માનવ આવી અવનીની શોભા વધારે છે. એજ પ્રમાણે જ્યારે દ્વાપરયુગ સમાપ્ત થાય છે ત્યારે સર્વ પાપીઓ નરકલોકમાંથી પૃથ્વી પર આવે છે. કલિયુગનું સ્વરૂપ જ પાપમય હોવાથી તે સમયની પ્રજા પણ એવી જ થાય છે. દરેકે દરેક જીવાત્માને પોત-પોતાના શુભ-અશુભ કર્મ પ્રમાણે અનેક પ્રકારના સુખ–દુ:ખ ભોગવવા પડે છે.

દરેક યુગનો પ્રભાવ જ એવો હોય છે કે તે યુગના સ્વરૂપ પ્રમાણે લોકો પણ થઈ જાય છે. હે જનમેજય ! તારા પિતા ધર્માત્મા હતા છતાં તેમના પર કલિનો પ્રભાવ પડયો તેથી તેમની બુદ્ધિ કુંઠિત થવાથી તેમનાથી તપસ્વી બ્રાહ્મ-ણનો તિરસ્કાર થયો હતો, નહિ તો યયાતિના ઉત્તમ કૂળમાં જન્મેલા ક્ષત્રિય પરીક્ષિત રાજા એક તપસ્વીના ગળામાં મરેલો સર્પ કેમ લટકાવે ? આ સર્વ યુગનો અને યુગના સ્વરૂપનો જ પ્રભાવ છે. સત્યયુગમાં બધા જ સત્વગુણી હતા. ત્યારે બ્રાહ્મણો વેદવેત્તા હોવાથી નિત્ય ભગવતી જગદંબાની આરાધના કરતા, જીવનનો મોટો ભાગ ગાયત્રીનું ધ્યાન અને જપ નિરંતર તેઓના મુખે ચાલુ રહેતા, લોકો ઠેક....ઠેકાણે શક્તિની પૂજા કરતા હતા. બધી વર્ણના લોકો સત્ય-ભાષી, દયાળુ અને પવિત્ર મનવાળા

સદાચારી હતા.

ત્યારે ક્ષત્રિયો પ્રજાનું પાલન-પોષણ તથા રક્ષણ કરતા, વૈશ્યો હતા તે ખેતી કરતા, વેપાર કરતા અને ગાયોની સેવા પણ કરતા હતા. તે સમયમાં શૂદ્રો પણ બીજાની સેવા કરવાની ભાવના રાખતા. ત્યારે ચારે વર્ણના લોકો મોટે ભાગે જગદંબાની પૂજા કરતા હતા. ત્રેતાયુગમાં પણ ધર્મનું પાલન થતું હતું પણ તે યુગમાં નીતિ-ધર્મમાં થોડીક ક્ષીણતા આવી હતી. પ્રાચીન યુગમાં જેઓ રાક્ષસો તરીકે ઓળખતા હતા તેઓને જ કલિયુગમાં બ્રાહ્મણો માનવામાં આવે છે. કેમકે કલિયુગના કેટલાક બ્રાહ્મણો ઘણેભાગે પાખંડી, અસત્ય વદનારા અને વૈદિક ધર્મ-કર્મથી અલગ રહેનારા હોય છે. તેઓ વેદનું પઠન કરતા નથી ને શૂદ્રોની સેવા કરવામાં તત્પર રહે છે. કલિયુગમાં દંભીઓની ચતુર તરીકે ગણતરી થાય છે. બ્રાહ્મણો ધર્મનું પાલન કરવાનું બાજુએ મૂકી પોતાની પંડિતાઇ બતાવવા વ્યર્થ વાદવિવાદમાં લાગ્યા રહે છે. બ્રાહ્મણોની જેમ વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્ર પણ અધાર્મિક થતા જાય છે. કલિયુગમાં પાપ કરવામાં અને અસત્ય વદવામાં કોઇને આંચકો લાગતો નથી.

જેમ જેમ કલિયુગ આગળ વધતો જશે તેમ તેમ સ્ત્રીઓ પણ સ્વેચ્છાચારી બનતી જશે, તે પતિની આજ્ઞા નહિ પાળે, જૂઠી વાતો વદયા કરશે અને નિત્ય ક્લેશ કરનારી થશે. કલિયુગનો સ્વભાવ જ પાપમય છે એટલે તેના પ્રભાવમાં આવેલા મનુષ્યો પણ નિરંતર પાપ કરનારા થશે, તેમના પાપોનું પ્રાયશ્ચિત સાધારણ ઉપાયથી પણ થવું મુશ્કેલ છે, છતાં પાપોનું પ્રાયશ્ચિત કરવા માટે એક જ ઉપાય છે. પાપોને ભસ્મ કરવા માટે-ભગવતી જગદમ્બાના ચરણકમળોનું ચિંતન કરવાથી અને પૂજન કરવાથી પાપો બળી જાય છે. કોઇનાથી જાણે-અજાણ્યે, રમત-વાતમાં કે વિવશતાથી જગમ્બાનું નામ બોલાઇ જાય તોયે માત્ર એ નામના પ્રભાવથી જીવાત્માઓને ઘણો લાભ થાય છે. એ દેવીના મહિમાને જાણવા રુદ્ર આદિ દેવો પણ અસમર્થ છે. શ્રી દેવીના નામોનું સ્મરણ કરવું એજ પાપોનું પ્રાયશ્ચિત છે. માટે સુજ્ઞજનોએ કલિના ભયને લીધે કોઇ પુણ્યક્ષેત્રમાં વસી ત્યાં નિરંતર જગદમ્બાના નામનું સ્મરણ-ચિંતન એકાગ્રતાથી કર્યા કરવું. જે જીવાત્મા ભગવતી જગદમ્બાને શ્રદ્ધા ભક્તિથી પ્રણામ કરે છે તેના બધાંયે પાપોનો નાશ થાય છે.' ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે
'યુગેયુગના ધર્મ' નામનો
૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### તીર્થનો મહિમા

રાજોવાચ

તીર્થાનિ ભુવિ પુણ્યાનિ બ્રૂહિ મે મુનિસત્તમ ।
ગમ્યાનિ માનવૈર્દેવૈઃ ક્ષેત્રાણિ સરિતસ્તથા ॥

જનમેજય રાજાએ પૂછ્યું : હે

મુનિવર ! હવે મને પૃથ્વી ઉપર આવેલા પવિત્ર તીર્થો, ઉત્તમ ક્ષેત્રો અને પુણ્યકારી નદીઓનો મહિમા કહો, જ્યાં દેવો, મનુષ્યોએ અવશ્ય જવું જોઈએ. વળી તે તીર્થોમાં તથા નદીઓમાં સ્નાન કરવાથી શું ફળ મળે છે, તે સાથે તીર્થયાત્રાનો વિધિ પણ કૃપા કરીને કહો.

વ્યાસે કહ્યું : રાજન્ ! આ સર્વને હિતકારક બાબત જાણવાની તને ઇચ્છા થઈ છે, તને ધન્ય છે ! નદીઓ ઘણી છે પણ તેમાં સૌથી શ્રેષ્ઠ ગંગા નદી છે, તે સિવાય તેના જ જેવી મોટી નદીઓ : યમુના, સરસ્વતી, નર્મદા, ગંડકી, ગોમતી, તમસા, સિંધુ, કાવેરી, પુણ્યા, ચંદ્રભાગા, વેત્રવતી, સરયુ, ચર્મણ્યવતી, તાપી અને સાબરમતી નદી છે. આ સિવાય નાની નદીઓ તો પાર વિનાની છે.

જે નદીનો સમુદ્ર સાથે સંગમ થાય છે તે નદી અધિક પવિત્ર મનાય છે, જે સમુદ્રને મળતી નથી તે પુણ્યકારક તો ખરી જ, પરંતુ અલ્પ પુણ્યવાળી ગણાય છે. આ સર્વ નદીઓ શ્રાવણ અને ભાદ્રપદ મહિનામાં રજસ્વલા થાય છે; કારણ કે વરસાદ થવાથી ગામડાંનાં ગંદાં, દુષિત પાણી વહીને તેમાં ભળે છે.

ક્ષેત્રોમાં 'પુષ્કર, કુરુક્ષેત્ર અને ધર્મારણ્ય' આ ત્રણ પરમપવિત્ર ક્ષેત્રો છે. તેના જેવો જ શ્રેષ્ઠ મહિમા 'પ્રભાસક્ષેત્ર, પ્રયાગક્ષેત્ર, નૈમિષારણ્યક્ષેત્ર અને અર્બુદારણ્યક્ષેત્ર'નો પણ વર્ણવવામાં આવ્યો છે. પર્વતોમાં 'શ્રીશૈલ, ગંધમાદન અને સુમેરૂ' એ પુણ્યકારક પર્વતો છે, જ્યારે સરોવરોમાં 'માનસરોવર' સર્વોત્કૃષ્ટ મનાય છે. એમ તો 'બિંદુ સરોવર અને અચ્છોદક સરોવર' પણ પરમ પાવન કહ્યાં છે. એ પવિત્ર સરોવર પાસે મુનિઓના ઘણાં આશ્રમો આવેલા છે. આશ્રમોમાં 'બદરિકાશ્રમ' અત્યંત પ્રસિધ્ધ અને પવિત્ર સ્થાન મનાય છે, આ પવિત્ર સ્થાનમાં અગાઉ નર અને નારાયણ નામના બે મુનિઓએ કષ્ટદાયક તપ કરી વરદાન મેળવ્યા હતા. બદરિકાશ્રમ સિવાય 'વામનાશ્રમ ને શતયુપાશ્રમ' પણ વિખ્યાત છે. આશ્રમોના નામ એવી રીતે પડયાં છે કે જે ઋષિ જ્યાં રહીને તપ કરી ચૂકયા હોય, તેમના નામથી તે પ્રસિદ્ધ થયા છે, આવા આવા તો અસંખ્ય પવિત્ર સ્થાનો પૃથ્વીના પટ પર આવેલા છે, અને તે બધાંયે પવિત્ર અને ઉત્તમ છે, આ દરેક સ્થાનોમાં મોટે ભાગે ભગવતી જગદંબાના મંદિરો આવેલાં છે.

હે રાજન્ ! જીવાત્માઓના શ્રેય માટે દાન, વ્રત, યજ્ઞ અને તપ....આ બધા પુણ્યકારક કર્મ છે. મન નિર્મળ હોય તોજ મનુષ્યને ઉત્તમ કર્મનું ઉત્તમ ફળ મળે છે. કામ, ક્રોધ, લોભ, મદ અને માયા....આ બધાં તપ, તીર્થ અને વ્રતમાં અંતરાય નાખનારાં છે. માટે જ ભાવિક મનુષ્યોએ પ્રાણીઓની હિંસા ન કરવી, સાચું બોલવું, ચોરી ન કરવી, મન પવિત્ર રાખવું, ઇંદ્રિયોને કાબુમાં રાખવી....આવો સદાચારનો વ્યવહાર રાખવો. જો મનુષ્ય ધર્મનું પૂર્ણ પાલન કરતો હોય તો તેને ઘેર બેઠાં સર્વ તીર્થનું

ફળ મળે છે. તીર્થયાત્રા કરવા જતી વખતે માર્ગમાં જો સંગદોષ થાય તો બુદ્ધિમાં વિકાર થવાથી તીર્થ યાત્રા નિષ્ફળ જાય છે, કંઈ નહિ તોયે પાપ તો લાગે જ છે. તીર્થયાત્રા દેહના મેલ ધોઈ નાખે છે, પરંતુ મનના મેલ ધોવામાં તે સમર્થ નથી. જો મનુષ્યના ચિત્તની શુદ્ધિ થયેલી હોય તો તે ગંગા આદિ તીર્થોથી પણ અધિક પવિત્ર મનાય છે. બ્રહ્માના પુત્ર વસિષ્ઠ વેદ અને વિદ્યા સારી રીતે ભણ્યા હતાં છતાં દ્વેષભાવને લીધે એમને વિશ્વામિત્ર સાથે વૈમનસ્ય થયું હતું. અને તેથી બન્ને એક બીજાને શાપ આપી યુદ્ધે ચડયા હતા.

જનમેજયે પૂછ્યું : એ બંને મુનિઓ તો ધર્મપરાયણ હતા, ત્યાગી હતા છતાં તેમણે શા કારણથી એક બીજાને શાપ આપ્યો હતો, એટલું જ નહિ યુદ્ધે પણ શા કારથી ચડયા હતા ?

વ્યાસે કહ્યું : 'તમારી ઇચ્છા છે તો તે વૃત્તાંત હવે તમને કહું છું. અમારા સૂર્યવંશમાં 'હરિશ્ચંદ્ર' નામે રાજા થઈ ગયો. તેણે સંતાન-પ્રાપ્તિ અર્થે વરૂણને પ્રસન્ન કરવા 'નરમેધ' યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો હતો, અને તેના સંકલ્પથી વરૂણદેવ તેના પર પ્રસન્ન થયા હતા. તેની રાણીને ચડતા દિવસો થયા અને સમય થતાં એક સુંદર પુત્રને જન્મ આપ્યો. આ પ્રસંગે રાજાએ પુષ્કળ દાન આપ્યું અને ઉત્સવ ઉજવ્યો, પણ રાજા 'નરમેધ' યજ્ઞ કરવાનું ભુલી ગયો હતો તેથી વરૂણે તેને તેની યાદ દેવડાવી તો હરિશ્ચંદ્ર રાજાએ મુંઝવણ અનુભવતા કહ્યું : 'મારી પત્ની જ્યારે એક મહિનાનું નાહી શુદ્ધ થશે પછી હું યજ્ઞ કરીશ.' આ સાંભળી વરૂણદેવ ચાલ્યા ગયા, આમને આમ એક મહિનો પૂરો થયો એટલે પાછા વરૂણદેવ બ્રાહ્મણવેષે રાજા હરિશ્ચન્દ્રની પરીક્ષા કરવા આવ્યા, ને વાતવાતમાં નરમેધ યજ્ઞની યાદ દેવડાવી તો રાજાએ કહ્યું : 'બાળકના સમાવર્તન સંસ્કાર કર્યા પછી હું અવશ્ય યજ્ઞ કરીશ.' આ સાંભળી વરૂણદેવના મનમાં થયું કે રાજા આમ કરીને મને છેતરી રહ્યો છે, જો આ વખતનું તેનું વચન ખોટું પડશે તો હવે તેને શાપ આપીશ. આમ વિચારી તે ચાલ્યા ગયા.

હરિશ્ચન્દ્ર રાજાએ પુત્રનું નામ 'રોહિત' રાખ્યું હતું. તે દિવસે દિવસે મોટો થવા લાગ્યો. પછી તે ઘણી વિદ્યાઓ શીખી ચતુર બની ગયો. તેને વિદ્યાના પ્રતાપે પોતાના મરણની ખબર પડી એટલે તે કોઈને કહ્યા વિના મહેલમાંથી નાસી જઈ એક ગુફામાં જઈને રહ્યો.

આ બાજુ વરૂણદેવ હરિશ્ચન્દ્ર રાજા પાસે આવ્યા અને 'નરમેધ યજ્ઞ' વિષે પૂછ્યું તો રાજાએ કહ્યું : 'હું યજ્ઞ કરવા તૈયાર છું, પરંતુ મારો પુત્ર ક્યાંક જતો રહ્યો છે. એટલે તેના વિના યજ્ઞ શી રીતે કરૂં ?' ફરી પણ રાજાએ બહાનું કાઢયું એટલે ક્રોધે ભરાયેલા વરૂણે હરિશ્ચન્દ્ર રાજાને શાપ આપ્યો : 'તેં

મને છેતર્યો છે તેના ફળરૂપે તને જલોદરનો રોગ થાઓ.' આમ શાપ આપી વરુણદેવ જતા રહ્યાં અને પછી હરિશ્ચન્દ્ર રાજાને મહાકષ્ટ આપનાર 'જલોદર'નો રોગ લાગુ પડયો. ગુફામાં રહેલા 'રોહિત'ને એક વટેમાર્ગુ મારફત ખબર પડી કે તેના પિતાને જલોદરનો રોગ લાગુ પડયો છે, તેથી તે પિતા પાસે જવા તૈયાર થયો, તો તે વખતે દેવરાજ ઇન્દ્રે બ્રાહ્મણ સ્વરૂપે તેની પાસે આવી કહ્યું : હે રાજપુત્ર! તું કેવો મૂર્ખ છે? તારા પિતા રોગથી પીડાઇ રહ્યા છે એની તને ખબર આપી નથી, તો ત્યાં શું કરવા તું જાય છે? તારે જવાની જરૂર નથી. ૭૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'તીર્થનો મહિમા' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### શુનઃ શેપની કથા

ઇન્દ્ર ઉવાચ :

સાહસં કૃતવાન રાજાપૂર્વં યત્-
કથિતો મખઃ ।
વરુણાય પ્રતિજ્ઞાતઃ પુત્રં-
કૃત્વા પશું પ્રિયમ્ ॥

ઇન્દ્રએ રોહિતને સમજાવતાં કહ્યું : રાજાએ પહેલાં પુત્રપ્રાપ્તિ અર્થે વરૂણને સંબોધી નરપશુ યજ્ઞની પ્રતિજ્ઞા કરીને મોટું સાહસ કર્યું છે. 'હે રાજપુત્ર! જો તું તારા પિતાની ખબર કાઢવાના બહાને ત્યાં જઇશ તો રોગથી પીડાતા તારા પિતા તને પુત્રને પશુરૂપ કરી, પશુ બાંધવાના ખીલે બાંધીને મારી નાખશે.' ઇન્દ્રએ આવું કહ્યું એટલે માયાથી મોહિત થયેલો રાજપુત્ર રોહિત ગુફામાં જ રહ્યો. હરિશ્ચંદ્રને રોગની બહુ પીડા થવા લાગી ત્યારે તેણે જોવા આવેલા વસિષ્ઠ મુનિને દુઃખ નિવારણ માટે પૂછ્યું.

વસિષ્ઠમુનિએ કહ્યું : રાજન્! તમે રોગથી મુક્ત થાવ એવો એક ઉપાય છે. પુત્રથી યજ્ઞ થાય તો જ ઉત્તમ ફળ મળે છે, પણ તમારો પુત્ર કયાંક ચાલ્યો ગયો છે, તમે કોઇ બ્રાહ્મણ પાસેથી તેના પુત્રને ખરીદી લાવી યજ્ઞ કરો તો જરૂર રોગ મટી જાય અને તમને કષ્ટમાંથી મુક્તિ મળે.'

રાજાએ તુરત જ મંત્રીને બોલાવી કોઈ બ્રાહ્મણના પુત્રને ખરીદી લાવવાની આજ્ઞા કરી. પ્રધાન તપાસ કરતો કરતો એક ગામમાં ગયો. ત્યાં અજિગર્ત નામના બ્રાહ્મણને ત્રણ પુત્ર હતા તેમાંથી તેના 'શુનઃશેપ' નામના પુત્રને ખરીદી લાવી તેને હરિશ્ચંદ્ર રાજાને સોંપી દીધો, એટલે રાજાએ યજ્ઞ કરવાની તૈયારી કરાવી વેદવેત્તા બ્રાહ્મણોને બોલાવી યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞના સ્થળે પેલા ખરીદ કરેલા બ્રાહ્મણપુત્ર શુનઃશેપને યજ્ઞપશુ તરીકે થાંભલે બાંધી રાખ્યો હતો.

એ દ્રશ્ય વિશ્વામિત્રે જોયું ને તેમનું હૃદય દ્રવી ગયું, કારણ કે તે બાંધેલો બ્રાહ્મણપુત્ર કરૂણ ચીસો પાડતો હતો. વિશ્વામિત્રે રાજાને તે છોકરાને છોડી દેવા કહ્યું, પણ જલોદરના રોગથી પીડાતા હરિશ્ચંદ્ર રાજાએ શુનઃશેપને બંધનથી

મુક્ત કર્યો નહિ. આથી વિશ્વામિત્રે ક્રોધે ભરાઇ મંત્રદ્વારા વરૂણને ત્યાં બોલાવ્યા એટલે વરૂણે પોતેજ શુન:શેપને બંધનથી મુકત કર્યો અને તેણે રાજાને પણ રોગથી મુકત કર્યો. પછી તે બ્રાહ્મણપુત્ર શુન:શેપને વિશ્વામિત્ર મુનિ પોતાના આશ્રમે લઇ ગયા. અને તેને પોતાના પુત્રની જેમ રાખ્યો.

વિશ્વામિત્ર ઋષિને રાજા પર દ્વેષ થયો હતો. એક વખત હરિશ્ચંદ્ર રાજા તેમના લાગમાં આવી ગયો. એક દિવસ શિકારે નીકળેલો હરિશ્ચંદ્ર રાજા ઘોડો દોડાવતો દોડાવતો કૌશિકી નદીના કિનારે આવ્યો. ત્યાં તેને વિશ્વામિત્ર ઋષિ મળ્યા. તેની સાથે વાતચીત કરતાં વિશ્વામિત્ર ઋષિએ હરિશ્ચંદ્ર રાજાને વચનથી બાંધી લઇ, તેને ઠગીને તેનું રાજ્ય લઇ લીધું હતું.

એવામાં ફરતાં....ફરતાં વસિષ્ઠમુનિ રાજા બનેલા વિશ્વામિત્ર પાસે દૈવેચ્છાથી આવી ચડયા. તેમને રાજાને આપેલા શાપની ખબર પડી હતી તેથી વિશ્વામિત્રને કહેવા લાગ્યા : હે બગમુનિ! તેં મારા યજમાન રાજા હરિશ્ચંદ્રને વિના અપરાધે ઠગીને તેનું રાજ્ય પડાવી લીધું છે, આ તેં ઘણું અધમ કૃત્ય કર્યું છે. તું બગ જેવું ધ્યાન ધરે છે એટલે તને શાપ આપું છું કે 'તું બગલો થઈ જા.' તો વિશ્વામિત્ર ઋષિએ પણ વસિષ્ઠમુનિને શાપ આપ્યો કે 'જ્યાં સુધી હું બગલા તરીકે રહું ત્યાં સુધી તું 'આડી' નામનું પક્ષી બનીને રહેજે.'

આમ બન્નેએ પોતાના તપોબળથી એકબીજાને શાપ આપ્યો એટલે તે બન્ને મુનિઓ 'બગલો' અને 'આડી' પક્ષી થઇ માનસરોવર નજીક આવેલાં જુદાંજુદાં ઝાડ પર માળો બાંધીને રહ્યા. અહીં પણ તેઓ વારંવાર એકબીજા સાથે લડતા-ઝગડતા હતાં તો પણ ઘણો સમય ત્યાં રહ્યા. એક વખત આ બન્ને પક્ષીઓ લડતા હતા ત્યાં બ્રહ્મા તેમને જોઇ ગયા. તેઓને ઉપદેશ આપી લડતા અટકાવી બન્નેને શાપમુકત કર્યા. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે 'શુનઃશેપની કથા' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### 'વસિષ્ઠ' એ જ મૈત્રાવરુણિ

જનમેજય ઉવાચ

મૈત્રાવરુણિ રિત્યુકતં-
નામ તસ્ય મુનેઃ કથમ્ ।
વસિષ્ઠસ્ય મહાભાગ બ્રહ્મણસ્તનુ જસ્ય હિ ॥

જનમેજય રાજાએ પૂછ્યું : બ્રહ્માના પુત્ર વસિષ્ઠ 'મૈત્રાવરુણિ' નામથી કેમ સંબોધાતા હતા? એ નામ પડવા પાછળ શો હેતુ હતો? તે મને કહો.

વ્યાસ બોલ્યા : રાજન્! એવું નામ પડવાનું કારણ એ કે, વસિષ્ઠ બ્રહ્માના પુત્ર હતા છતાં તેમને નિમિએ શાપ આપેલો, તેથી પોતાનું તેજસ્વી શરીર ત્યજ્યા બાદ 'મિત્ર' અને 'વરુણ'થી એમનો પુનર્જન્મ થયો હતો. આથી તેઓ 'મૈત્રાવરુણિ' નામથી વિખ્યાત થયા હતા.

રાજાએ પૂછ્યું : વસિષ્ઠમુનિ જેવા

ધર્માત્માને નિમિએ શા કારણથી શાપ આપ્યો હતો? વ્યાસે કહ્યું : આ સમસ્ત જગત ત્રણ પ્રકારના માયિક ગુણોથી વ્યાપ્ત છે. રાજા હોય તે ધર્મ—નીતિપૂર્વક રાજ્ય કરે, કે તપસ્વીઓ તપ કરી ધ્યાન કરે એ સ્વાભાવિક કર્મ છે. જે શાસક રાજાઓ હોય છે તેઓ કામ-ક્રોધથી વ્યાપ્ત હોય છે. કષ્ટદાયક તપ કરનારા તપસ્વીઓના હૃદયમાંથી પણ લોભ અને અહંકાર પૂરેપૂરો નષ્ટ થતો નથી, તો પછી તેમને ઉત્તમ ફળ ક્યાંથી મળે? વસિષ્ઠ મુનિ જેવા બ્રાહ્મણ હતા, તેવા જ નિમિરાજા ક્ષત્રિય હતા.

એ બન્ને રાજસ ગુણોવાળા થઈ યજ્ઞ કરતા હતા, એમાં કોઈ કારણથી વસિષ્ઠે નિમિને શાપ આપ્યો, તો નિમિએ વસિષ્ઠને શાપ આપ્યો હતો, પણ આવી દ્વેષ બુદ્ધિથી બન્ને સંકટમાં મૂકાયા. નિમિરાજા ધર્મજ્ઞ, સત્યવાદી અને પ્રજાપાલક હતો. તે નિત્ય દાન કરતો હતો. યજ્ઞ કરવા માટે તે ઉત્સાહિત રહેતો હતો. તે જયંતપુર નામના નગરનો રાજા હતો. તેનું નગર ગૌતમ મુનિના આશ્રમ પાસે જ આવેલું હતું. એક વેળા આ નિમિરાજાએ લાંબા કાળ સુધી ચાલનારો અને ઘણી દક્ષિણાવાળો મહાયજ્ઞ યોજવાનું વિચાર્યું. એ માટે પ્રથમ તેણે પોતાના પિતા ઇક્ષ્વાકુની આજ્ઞા લઈ યજ્ઞ માટેની તૈયારીઓ કરવા માંડી.

પછી નિમિરાજાએ ભૃગુ, અંગિરા, ગૌતમ, વામદેવ, વસિષ્ઠ, પુલસ્ત્ય, ઋચીક, પુલહ અને ક્રતુ આદિ યજ્ઞ કરાવવામાં કુશળ વેદવેત્તા મહામુનિઓને નિમંત્રણ મોકલ્યા. વસિષ્ઠમુનિ આવતાં તેમની પૂજા કરી યજ્ઞની વાત કરી.

નિમિરાજાનો મનોરથ જાણી વસિષ્ઠ મુનિએ કહ્યું, 'રાજેન્દ્ર! તમારા યજ્ઞમાં આચાર્યપદે રહેવા હું બહુ જ રાજી છું. પરંતુ હાલમાં ઇન્દ્રે પાંચસો વર્ષ ચાલે એવો 'પરાશક્તિ' નામનો યજ્ઞ યોજવાનું વિચાર્યું છે અને તેમાં તેણે યજ્ઞ કરાવવા માટે ખાસ મારું વરણ કરેલું છે. માટે એ યજ્ઞ પૂરો થાય તે પછી જ હું અહીં આવીશ.'

આ સાંભળી નિમિરાજા મૂંઝવણમાં પડી ગયો. કારણ કે તેણે તો યજ્ઞ માટે ઘણા મુનિઓને બોલાવી મંગાવ્યા હતા. આથી તેણે વશિષ્ઠ મુનિને ઘણાં સમજાવ્યા. પણ વસિષ્ઠે ઇન્દ્રને વચન આપેલું હોઈ પોતાની અશક્તિ દર્શાવી.

આથી રાજા ઉદાસ બની ગયો. પછી નિમિએ યજ્ઞના આચાર્ય ગૌતમ મુનિને બનાવી, હિમાલય નજીક સમુદ્રના કિનારે જઈ એ યજ્ઞમાં બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી તેમ જ ઘણું દ્રવ્ય તથા ગાયો આપીને ઋત્વિજોની પૂજા કરી. સમય પાણીના રેલાની જેમ ઝડપથી વહેવા લાગ્યો અને ઇન્દ્રે યોજેલો પાંચસો વર્ષની અવધિવાળો મોટો યજ્ઞ પૂર્ણ થયો. હવે યજ્ઞકાર્યથી આચાર્ય વસિષ્ઠમુનિ નિવૃત્ત થયા હતા. તેથી નિમિએ યોજેલો યજ્ઞ જોવા વસિષ્ઠ મુનિ ત્યાંથી નિમિરાજાના

યજ્ઞસ્થળે આવ્યા, પણ ત્યાં નિમિરાજા ન જોવામાં આવતાં તેને મળવાની ઇચ્છાથી ત્યાં રોકાયા. આ વખતે થાકેલો નિમિરાજા સૂઇ ગયો હતો, તે ભર ઊંઘમાં પડયો હતો. વસિષ્ઠ મુનિએ તેની ઘણી રાહ જોઇ પણ ભરઊંઘમાં સૂતેલો રાજા શી રીતે આવે? વળી તેને સેવકોએ જગાડયો પણ ન હતો.

આથી રાહ જોઇ કંટાળેલા વસિષ્ઠ મુનિએ તેના પર ક્રોધે ભરાઇ તેને શાપ આપ્યો કે 'હે નિમિ! તેં મારા જેવા કુળગુરૂને ત્યજી યજ્ઞમાં બીજાને આચાર્ય બનાવી મારૂં હડહડતું અપમાન કર્યું છે. એથી તું આજથી વિદેહ થઇ જા, તારૂં આ શરીર નાશ પામો.'

મુનિનો ક્રોધ જોઇ રાજાના સેવકો જે તેમની આસપાસ ઊભા હતા તેમણે રાજાને જગાડી મુનિએ આપેલા શાપની વાત કરી. નિમિ રાજાને વસિષ્ઠ પ્રત્યે માન હતું. પણ વગર વિચાર્યે તેમણે શાપ આપ્યો તેથી ક્રોધે ભરાઇ રાજાએ પણ તેમને સામે શાપ આપ્યો કે, હે વસિષ્ઠ! આપનું ક્રોધભાજન શરીર સત્વર નાશ પામો.'

આ રીતે વસિષ્ઠમુનિ અને નિમિ-રાજાએ પરસ્પર શાપ આપ્યો હતો, પરંતુ પછીથી બંને ચિંતામાં પડી ગયા કે હવે કરવું શું? પ્રથમ વસિષ્ઠમુનિ પોતાના પિતા બ્રહ્માની પાસે ગયા અને તેમને પ્રણામ કરી પોતાને નિમિએ આપેલા શાપની હકીકત કહી.

બ્રહ્માએ પોતાના માનસ પુત્ર વસિ-ષ્ઠને કહ્યું : હે પુત્ર! હે મુને! હમણાં તમે મિત્રાવરૂણના તેજમાં પ્રવેશી શાંતિ ધારણ કરો. યોગ્ય સમય આવતાં તમે એમના દ્વારા પ્રકટ થશો. તમે નિઃસં-દેહ અયોનિ જ થશો અને બીજો દેહ ધારણ કરવા છતાં તમને હાલ છે તેવી ધાર્મિક બુદ્ધિ પ્રાપ્ત થશે. આગળ જતાં તમે સૌથી વધુ સન્માન મેળવવાના અધિકારી થશો.'

પિતા બ્રહ્માનાં વચનો સાંભળી વસિષ્ઠને હર્ષ થયો, પછી તે બ્રહ્માને પ્રણામ કરી તેમ જ પ્રદક્ષિણા કરી ત્યાંથી વરુણના આશ્રમમાં ચાલ્યા ગયા. આ આશ્રમમાં 'મિત્ર' અને 'વરુણ' બન્ને ઋષિઓ એક સાથે રહેતા હતા, ત્યાં જતાં જ વસિષ્ઠ મુનિ પોતાના સ્થૂલ શરીરનો ત્યાગ કરી સૂક્ષ્મ શરીરે મિત્રા–વરૂણના શરીરમાં પ્રવેશી ગયા.

એક વેળા ઉર્વશી નામની અપ્સરા એકાએક આ મિત્રાવરૂણના આશ્રમમાં આવી ચડી. તેના રૂપ–સૌન્દર્યને જોઇ મિત્રાવરૂણનું ચિત્ત ચલાયમાન થયું, તેઓ અપ્સરાને કહેવા લાગ્યા : 'હે સુંદરી! હે દેવકન્યા! તું સામે પગલે અમારા આશ્રમમાં આવી છે તો અમને વરીને અહીંયા જ રહી યથેચ્છ વિહાર કર.'

ઉર્વશીએ એમના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરી થોડોક સમય એ આશ્રમમાં એમની સાથે રહેવા સ્વીકાર્યું. મિત્રાવરૂણ જયાં ઊભા હતા ત્યાં એક ખાલી ઘડો હતો,

તેમાં એકાએક મિત્રાવરૂણનું વીર્ય સ્ખલિત થઇ કુદરતી રીતે એ ઘડામાં જ પડ્યું. અને થોડીવારે એમાંથી બે મુનિકુમારો પ્રકટ થયા, તેમાં જે પહેલો બાળક પ્રકટ થયો તેનું નામ 'અગસ્ત્ય' રાખવામાં આવ્યું. અને બીજાનું નામ 'વસિષ્ઠ' રાખ્યું. મિત્રાવરૂણના શુક્રથી ઉત્પન્ન થયેલા એ બન્ને મુનિ આગળ જતાં મહાન તપસ્વી અને ઋષિઓમાં મુખ્ય થયા. જે અગસ્ત્ય હતા તે તો નાનપણમાં જ જ્ઞાન લાધવાથી તપ કરવા વનમાં ચાલ્યા ગયા હતા, અને બીજા બાળક વસિષ્ઠ હતા તેને ઇક્ષ્વાકુ રાજાએ પોતાના પુરોહિતપદે સ્થાપ્યા હતા.

હે રાજન ! આ મારો વંશ નિરંતર સુખી રહે એ વિચારથી વસિષ્ઠના પાલન પોષણની સર્વ વ્યવસ્થા ઇક્ષ્વાકુએ કરી હતી. આ બધી કથા મેં તમને પ્રસંગોપાત સંભળાવી છે. આ પ્રમાણે શાપને લીધે વસિષ્ઠને મિત્રાવરૂણના કુળમાં બીજું શરીર ધારણ કરવું પડ્યું. ૯૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ટમ સ્કંધ વિષે 'વસિષ્ઠ એ જ મૈત્રાવરૂણિ' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### હૈહય રાજાઓનું વૃત્તાંત

જનમેજય ઉવાચ :

દેહ પ્રાપ્તિર્વસિષ્ઠસ્ય કથિતા ભવતાકિલ ।
નિમિઃ કથં પુનર્દેહં પ્રાપ્તવાનિતિ મેવદ ॥

જનમેજયે પૂછ્યું : 'હે મુને ! મેં આપના મુખેથી વસિષ્ઠના પુનર્દેહ ધારણની વાત સાંભળી, હવે નિમિરાજાના પુનઃ શરીર ધારણનો પ્રસંગ વર્ણવો.

વ્યાસે કહ્યું : રાજન ! જેમ વસિષ્ઠને પુનઃ શરીર મળ્યું તેમ નિમિ માટે બન્યું નહિ. કારણ કે જે વેળા વસિષ્ઠ મુનિએ નિમિ રાજાને શાપ આપ્યો હતો તે વેળાએ નિમિરાજાએ યજ્ઞદીક્ષા લીધેલી હતી, વળી એ યજ્ઞમાં જોડાયેલા જેટલા ઋત્વિજ બ્રાહ્મણો હતા તે આ સંબંધી વિચાર કરવા લાગ્યા : 'અહો ! આ ધર્માત્મા નિમિરાજા યજ્ઞમાં દીક્ષિત છે. હજુ યજ્ઞ પણ અધુરો છે, એમાં વચમાં એ મુનિના શાપથી બળી રહ્યા છે, તો હવે શો ઉપાય કરવો ? તે પછી ઋત્વિજોએ બહુ જ વિચાર કર્યા પછી વિવિધ પ્રકારના મંત્રપ્રયોગથી રાજા નિમિના દેહને સુરક્ષિત રાખ્યો, એનો શ્વાસ સમાપ્ત ન થયો. મંત્રબળથી નિર્વિકાર આત્મા શરીરમાં રહ્યો. પછી બ્રાહ્મણોએ જુદી જુદી જાતની પુષ્પમાળાઓ ને ચંદનોથી, સુવાસિત પદાર્થોથી એ આત્માને પૂજી રાખ્યો હતો.

યજ્ઞ સમાપ્ત થતાં ઇન્દ્ર આદિ દેવો ત્યાં આગળ આવ્યા એટલે ઋત્વિજોએ સ્તુતિ કરી દેવોને પ્રસન્ન કર્યા પછી રાજાની દશા વિષે કહ્યું, એથી દુઃખી નરેશ પ્રત્યે દેવો કહેવા લાગ્યા : હે ઉત્તમ વ્રતવાળા રાજન્ ! અમે તમારા પર પ્રસન્ન થયા છીએ, તો ઇચ્છા પ્રમાણે વરદાન માગો.'

દેવોને આમ કહેતાં સાંભળી નિમિનો

આત્મા પ્રસન્ન થઇ ઊઠયો. તેણે કહ્યું : 'હે દેવો ! જન્મ ને મરણના ધર્મવાળા શરીરમાં રહેવા હું રાજી નથી, પણ મારી ઇચ્છા સમસ્ત પ્રાણીઓના નેત્રોમાં વાયુ રૂપે વિચર્યા કરવાની છે.' આ સાંભળી દેવોએ કહ્યું: 'એ માટે તો સર્વ પર શાસન કરનારાં દેવી જગદંબાની તમે પ્રાર્થના કરો, તમારા યજ્ઞથી પ્રસન્ન થયેલાં તેમની કૃપાથી તમારી ઇચ્છા પૂર્ણ થશે.'

દેવોના કહેવાથી નિમિએ ગદ્‌ગદ વાણીમાં વિવિધ સ્તોત્રોથી દેવીની સ્તુતિ કરી એથી પ્રસન્ન થયેલાં ભગવતી દેવીએ નિમિ રાજાને સાક્ષાત્ દર્શન આપ્યાં. તે વેળા દેવી કરોડો સૂર્ય સમાન પ્રકાશતા હતાં. દેવીનાં અપૂર્વ દર્શન પામી સર્વ આનંદમાં ડુબી ગયા, અને સહુ પોતાને ધન્ય માનવા લાગ્યા.

નિમિએ દેવી સમક્ષ હાથ જોડી વરદાન માગતાં કહ્યું, 'માતા ! મારે જોઇએ છીએ કે, મને મુક્તિ મળે એવું નિર્મળ જ્ઞાન આપો, બીજું એ માગું છું કે બધા પ્રાણીઓનાં નેત્રોમાં મને રહેવાનું મળે.' દેવી બોલ્યાં 'રાજન્ ! તારો પ્રારબ્ધ યોગ પૂરો થતાં સુધી સમસ્ત પ્રાણીઓના નેત્રના પલકારામાં તારે રહેવું પડશે અને તું ઇચ્છે છે તેવું શુદ્ધ જ્ઞાન તને અવશ્ય મળશે એથી મનુષ્ય, પશુ અને પક્ષી એ પલકારાવાળાં પ્રાણીઓ કહેવાશે. દેવોની આંખોનો પલકારો નહિ થતાં તેઓ (અનિમિષ) નામથી ઓળખાશે.

આમ નિમિને વરદાન આપી જગદમ્બા ત્યાં અંતર્ધાન થઇ ગયાં તે પછી ત્યાં રહેલા મુનિઓએ પરસ્પર વિચારણા કરીને નિમિના શરીરમાંથી હવે કોઇ રાજકુમાર પેદા થાય એ દ્રષ્ટિથી તેના શરીરમાં કાષ્ટ નાખી મંત્રોચ્ચારપૂર્વક તેને મથવા લાગ્યા, સાથે મંત્રપૂર્વક હવન પણ થતો રહ્યો.

એમ અરણિમંથન કરવાથી સર્વ લક્ષણોવાળો જાણે બીજો નિમિ હોય એવો એક સુંદર બાળક પેદા થયો. તે અરણિમંથનથી પ્રકટયો એટલે 'મિથિ' અને પિતાના શરીરમાંથી નીકળવાથી જનક નામથી જગતમાં વિખ્યાત થયો. નિમિના વિદેહ થવાથી એના કુળમાં જેટલા જેટલા રાજાઓ થયા એ બધાયે 'વિદેહ' કહેવાયા. આ રીતે નિમિથી રાજા જનકની ઉત્પત્તિ મેં વિસ્તારથી કહી. એમણે ગંગાકિનારે 'મિથિલા' નામની એક રમણિય નગરી વસાવી. આ વંશમાં જે જે રાજાઓ થયા અને થતા ગયા તે બધા 'જનક' કહેવાયા, લોકો એમને વિદેહ પણ કહે છે, આમ મેં તમને નિમિની કથા સંભળાવી.

જનમેજયે કહ્યું : 'ભગવન્ ! નિમિને વસિષ્ઠે શાપ આપ્યો તેનું કારણ તમે કહ્યું, પરંતુ પોતાના પુરોહિત ગુરૂ વસિષ્ઠને નિમિ રાજાએ ક્ષમાભાવ રાખવાને બદલે શાપ કેમ આપ્યો ?'

વ્યાસે કહ્યું: રાજન્ ! જગતમાં અપકાર કરવા છતાં ક્ષમાશીલ મનુષ્ય મળવો મુશ્કેલ છે. મુનિઓએ નિદ્રા ને ભૂખ–તરસ જીતી યોગાભ્યાસમાં આસકિત–રહિત થઇ તત્પર રહેવું. કામ, ક્રોધ, લોભ અને અહંકાર આ પ્રબળશત્રુઓ

માનવના શરીરમાં સદા રહે છે તેને તે સમજી શકતો નથી. વળી બ્રહ્માના પુત્ર તથા અન્ય ઘણા તપસ્વીઓ થઇ ગયા તે પણ ત્રણે ગુણોથી મુક્ત રહી શકયા નથી તો પછી મર્ત્યલોકનાં માનવોની તો વાત જ શી કરવી! સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા કપિલ મુનિ જે નિરંતર યોગાભ્યાસમાં નિમગ્ન રહેતા હતા છતાં દૈવનું વિધાન ટાળી ન શકવાથી તેમના દ્વારા પણ સગરના સાઠ હજાર પુત્રો બળીને ભસ્મ થઇ ગયા.

સર્વ પ્રાણીઓના ગુણોની વ્યવસ્થા કરનારા પરમાત્મા શંકર છે. તેમની ઇચ્છા પ્રમાણે પ્રાણીઓમાં કયારેક સત્ત્વગુણની તો કયારેક તમોગુણની અધિકતા દેખાય છે. અને કયારેક તો વળી સર્વ ગુણો એક સમાન થઈ રહે છે. વળી જેને કરવાથી પ્રાણી બંધનમાં ન પડે તે કર્મ કહેવાય છે અને જેનાથી મુક્તિ મળે એ વિદ્યા છે. અન્ય કર્મ કરવાથી માત્ર પરિશ્રમ જ થાય છે તથા વિદ્યા માત્ર કારીગરી શિખવાડે છે. એનાથી પ્રાણી વાસ્તવિક લાભ ઊઠાવતો નથી. સદાચાર પાળવો, બીજાના હિતમાં તત્પર રહેવું, મનમાં ક્રોધ ન આવવા દેવો, ક્ષમા, ધૈર્ય અને સંતોષ રાખવો—એ વિદ્યાનાં ઉત્તમ ફળ છે. વિદ્યા, તપ અથવા યોગાભ્યાસ સિવાય કામાદિ શત્રુઓનો નાશ થતો નથી. કામ–ક્રોધાદિનું ઉત્પત્તિસ્થાન ચિત્ત છે. જયારે મન વશ રહે ત્યારે એ બધા વિકારો પેદા થવા પામતા નથી. રાજન્! આ જ કારણથી રાજા નિમિ વસિષ્ઠ મુનિ પ્રત્યે ક્ષમા ન રાખી શકયા. યયાતિએ, અપરાધ કરવા છતાં શુક્રાચાર્યને શાપ આપ્યો નહોતો તેવી સ્થિતિ નિમિની નહોતી.

એક વેળા દૈત્યોના ગુરુ શુક્રાચાર્યે યયાતિને 'તું વૃદ્ધ થઇ જા' એવો શાપ આપ્યો હતો છતાં યયાતિ રાજાએ કંઇ પણ આનાકાની કર્યા સિવાય તેને સ્વીકાર્યો હતો. પહેલાં ઘણાં ભૃગુવંશી બ્રાહ્મણો હૈહય કુળના ક્ષત્રિયોના પુરોહિત હતા. તે ક્ષત્રિયોએ બ્રાહ્મણો પર ક્રોધે ભરાઇ વગર વિચાર્યે ધનના લોભથી સઘળા બ્રાહ્મણોની હત્યા કરી હતી. એ વખતે બ્રહ્મહત્યા કરવાથી મોટું પાપ થશે તેનો પણ તેમને વિચાર કર્યો નહોતો.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'હૈહય રાજાઓનું વૃત્તાંત' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૬ મો

### હૈહય ક્ષત્રિયોની સંહારલીલા

**જનમેજય ઉવાચ**

**કુલે કસ્યા સમુત્પન્ના: ક્ષત્રિય હૈહયાશ્ચ યે ।**
**બ્રહ્મહત્યામનાદૃત્ય નિજઘ્નુર્ભાર્ગવાંશ્ચ યે ।।**

જનમેજયે કહ્યું : હે પિતામહ! બ્રહ્મહત્યાની પણ દરકાર રાખ્યા વિના ભાર્ગવ બ્રાહ્મણોનો વધ કરનારા હૈહય ક્ષત્રિયોમાં એવું કેવું વૈમનસ્ય ઊભું થયું હતું? જે આદરણીય વ્યક્તિ હોય તે અકારણ ક્રોધ કેવી રીતે કરે?

વ્યાસ બોલ્યા : રાજન્! તમે ક્ષત્રિય સંબંધી આ કથા સાંભળો : એ હૈહય વંશમાં ધર્માત્મા અને કલ્યાણ કાર્તવીર્ય

નામે એક રાજા થઇ ગયો. તેને હજાર ભુજાઓ હોવાથી લોકો તેને 'સહસ્રાર્જુન' પણ કહેતા. એક વેળા એ રાજાએ ભગવાન વિષ્ણુના અવતાર દત્તાત્રેય પાસેથી દીક્ષા લીધી હતી અને જગદંબા ઇષ્ટદેવી હતા. તે પરમસિદ્ધ ભૃગુવંશી બ્રાહ્મણોનો યજમાન હતો. એણે ઘણા મોટા યજ્ઞો કરી ઘણું દ્રવ્ય અને સોનું દાનમાં આપી દીધું હતું. તેથી ત્યારના ભાર્ગવો ઘણા ધનવાન કહેવાતા.

એ સહસ્રાર્જુને લાંબા કાળ સુધી પૃથ્વી પર એકચક્રી રાજ્ય કર્યું. પરંતુ એના સ્વર્ગવાસ પછી હૈહયો બિલકુલ નિર્ધન થઇ ગયા.

એક વેળા ધનની જરૂર પડતાં તેમણે ભાર્ગવો પાસે જઇ નમ્રતાથી ઘણું ધન માગ્યું, પરંતુ બ્રાહ્મણોએ કંઇ પણ આપ્યું નહિ અને વારંવાર કહેવા લાગ્યા કે અમારી પાસે ધન નથી; પછી હૈહયોએ બ્રાહ્મણોના ઘરમાંની જમીન ખોદી, જે દ્રવ્ય નીકળ્યું તે બધું લઇ ગયા. બિચારા બ્રાહ્મણો રડવા–કકળવા લાગ્યા અને છેવટે ક્ષત્રિયોને આધીન થયા.

બ્રાહ્મણો શરણે આવ્યા હોવા છતાં ક્રોધી ક્ષત્રિયો એમને મારવા લાગ્યા એથી દુઃખી થતા તેઓ ત્યાંથી નાસી પર્વતોની ગુફામાં ચાલ્યા ગયા. તો ક્ષત્રિયો પણ ત્યાં પહોંચી જઇ ભૃગુના વંશજોને તીક્ષ્ણ બાણો મારી મૃત્યુના મુખમાં હોમી દેવા લાગ્યા. ક્ષત્રિયોના નિંદિત કર્મથી ગર્ભવતીના ગર્ભ ગળી જવા લાગ્યા અને તે સ્ત્રીઓ ટીટોડીની જેમ વિલાપ કરવા લાગી ત્યારે તીર્થવાસી બીજા મુનિઓએ એ હૈહયોને કહ્યું, 'ક્ષત્રિયો! પૂજ્ય ગણાતા બ્રાહ્મણો પર આટલો બધો ક્રોધ ન કરો. તમે તેમની સ્ત્રીઓનાં ગર્ભનો પણ નાશ કરી નાખો છો, આવું નિંદ્ય કાર્ય તમારે ન કરવું. પાપ–પુણ્ય જ્યારે સીમાને ઓળંગી જાય છે, ત્યારે તેનું ફળ આ જન્મમાં જ મળે છે. માટે કલ્યાણકારી પુરૂષે આવું નિંદિત કર્મ કરવું નહિ.'

એ સાંભળી દુષ્ટ હૈહયો તે દયાળુ મુનિઓને કહેવા લાગ્યા : 'તમે સજ્જનો આ પાપકર્મ કેમ કરવામાં આવે છે, તેનું રહસ્ય જાણતા લાગતા નથી. અમારા પૂર્વજ મહાત્મા પુરુષ હતા તેમને છેતરી આ બ્રાહ્મણોએ, મુસાફરને ઠગીને ઠગ ધન પડાવી લે તેમ–સઘળું ધન પડાવી લીધું છે. બ્રાહ્મણોનું કર્તવ્ય છે કે વિધિવત્ યજ્ઞ કરવા, દાન આપવું અને સુખની સુવિધા માટે ખાન–પાનમાં વાપરવું, પણ ધનનો સંચય ન કરવો. આ બધા નિયમો જાણવા છતાં અમારા પુરોહિતો લોભને લીધે પ્રમાદમાં રહ્યા. એથી અમે આ બ્રાહ્મણોને મારવા તૈયાર થયા છીએ. માટે આ ધૂર્ત બ્રાહ્મણોના સંબંધમાં તમે આમ ચિંતા ન કરશો.'

વ્યાસે કહ્યું : 'આ પ્રમાણે હેતુપૂર્ણ વચનોથી મુનિઓને આશ્વાસન આપી હૈહયોએ પોતાનું કુકાર્ય ચાલુ રાખ્યું. અને હૈહયોએ ભાર્ગવ બ્રાહ્મણોનો સંહાર કરી નાંખ્યો. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પષ્ઠમ સ્કંધ વિષે 'હૈહય ક્ષત્રિયોની સંહારલીલા' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

### તેજસ્વી બાળકનું પ્રાકટ્ય

જનમેજય ઉવાચ

કથં તાશ્ચ સ્ત્રિયઃસર્વા-
ભૃગુણાં દુઃખસાગરાત્ ।
મુકતા વંશઃ પુનસ્તેષાં-
બ્રાહ્મણાનાં સ્થિરોઽભવત્ ॥

જનમેજયે પૂછ્યું : હે મુને ! ભાર્ગવોની સ્ત્રીઓનો ઉદ્ધાર શી રીતે થયો ? એ બ્રાહ્મણોનો વંશ જગતમાં શી રીતે કાયમ રહ્યો ? લોભમાં રચ્યાપચ્યા રહેનારા દુરાચારી ક્ષત્રિયોએ બ્રાહ્મણોને માર્યા પછી શું કર્યું ? એ કૃપા કરીને કહો.

વ્યાસે કહ્યું : રાજન્ ! જ્યારે હૈહયો ભાર્ગવોની સ્ત્રીઓને (કષ્ટ) દુઃખ આપવા લાગ્યા ત્યારે ડરી ગયેલી તે સ્ત્રીઓ હિમાલય પર ચાલી ગઇ. ત્યાં જઇ માટીની ગૌરીની સુંદર મૂર્તિ બનાવી તેને નદી તટે સ્થાપી અને નિરાહાર રહી ગૌરી દેવીને ઉપાસવા લાગી. એ સ્ત્રીઓના સ્વપ્નમાં દેવીએ આવી કહ્યું : 'તમારામાંથી કોઇ એક સ્ત્રીની જાંઘમાંથી મારા અંશભૂત એક પુરૂષ ઉત્પન્ન થશે અને તમારા કાર્યની સિદ્ધિ કરશે.'

એમ કહી જગદંબા અંતર્ધાન થઇ ગયાં. જાગૃત થતાં સર્વ સ્ત્રીઓ સ્વપ્નની વાત યાદ આવતાં ઘણી રાજી થઇ. એમાંની એક બુદ્ધિશાળી સ્ત્રી ગર્ભવતી થઇ અને વંશવૃદ્ધિ માટે ત્યાંથી તે નાસવા લાગી પણ કેટલાક ક્ષત્રિયો એને નાસતી જોઇ ગયા. એટલે તેઓ એની પાછળ દોડયા. એમને પાછળ પડેલા જોઇ ભયથી ગભરાયેલી એ સ્ત્રી રડવા લાગી. એના રુદનને સાંભળી ગર્ભમાંના દૈવી બાળકે તેની દયાજનક હાલત જોઇ.

અને આંખોમાં આંસુ ભરી ધ્રુજતી પોતાની માતાને જોઇ, આથી તે બાળક ક્રોધે ભરાઇ તેની જાંઘ ફાડી તરત જ ઉદરમાંથી બીજા સૂર્ય જેવો પ્રકાશતો બહાર નીકળ્યો. પછી એ સોહામણા બાળકે પોતાના તેજથી ક્ષત્રિયોના નયનોની જ્યોતિ હરી લીધી. એ બાળક તરફ નજર કરતાં જ બધાં ક્ષત્રિયો આંધળા થઇ ગયા.

અંધપણાથી દુઃખી થતા તે હૈહયો પછી એ બ્રાહ્મણીને શરણે આવ્યા અને બે હાથ જોડી બ્રાહ્મણીને પ્રણામ કરી ગદ્‌ગદ્ કંઠે પોતાના નેત્રની જ્યોતિ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

હે રાજન્ ! હૈહયોની પ્રાર્થના સાંભળી આશ્ચર્યચકિત થઇ બ્રાહ્મણીએ તેમને કહ્યું : 'મેં કંઇ તમારી દૃષ્ટિ નથી હરી, તેમજ હું તમારા ઉપર ગુસ્સે પણ થઇ નથી પરંતુ ભૃગુકુલદીપક આ બાળક મારી જાંઘમાંથી ઉત્પન્ન થયો છે તેના ક્રોધના ભોગ તમે થયા છો. એ બાળકે જ તમારી દૃષ્ટિ હરી લીધી છે; કેમકે એ જાણી ગયો છે કે અગાઉ મારા બંધુઓનો-ગર્ભસ્થ બાળકોનો પણ આ ક્ષત્રિયોએ નાશ કર્યો છે. મેં ભૃગુના વંશના આ બાળકને સો વર્ષ સુધી ગર્ભમાં ધારણ કર્યો છે. એ ષડંગ વેદો ભણ્યો છે. અને ભૃગુવંશના ઉત્થાન માટે આ બાળક ગર્ભમાંથી જ રક્ષાયેલો

છે. પિતૃઓના વધથી કોપે ભરાયેલો અને જગદંબાની કૃપાથી ઉત્પન્ન થયેલો અને તમારા પર કોપાયમાન થયેલો એ બાળક તમને મારવા માટે ઉત્સુક છે. એના દિવ્ય અને પ્રખર તેજથી તમારી આંખોની જ્યોતિ હરાઇ ગઇ છે. માટે પુનઃ નેત્રજ્યોતિ માટે મને પ્રાર્થના કરવા કરતાં તમે એ બાળકને પ્રાર્થના કરો. તમારા સદ્‌ભાગ્યે એ પ્રસન્ન થશે તો તમને જરૂર દેખતા કરશે.'

પછી મુનિસ્વરૂપે ત્યાં બિરાજેલા એ બાળકના ચરણોમાં તેમણે મસ્તક ઝુકાવ્યાં અને નમ્રતાથી નેત્રજ્યોતિ માટે પ્રાર્થના કરી. એથી પ્રસન્ન થયેલા મુનિકુમારે તેમને દેખતા કર્યાં.

જનમેજયે પૂછ્યું : વ્યાસમુને ! જે 'હૈહય' ક્ષત્રિયો હતા તે એ નામથી શાથી વિખ્યાત થયા ? વળી એમની ઉત્પત્તિ કોનાથી થઇ અને તે ક્ષત્રિયો કયા કર્મથી 'હૈહય' કહેવાયા હતા ? તે મને કહો. ૬૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'તેજસ્વી બાળકનું પ્રાકટ્ય' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### હૈહયનું વૃત્તાંત

જનમેજય ઉવાચ :

ઇતિ શપ્તા ભગવતા-
સિંધુજા કોપયોગતઃ ।
કથં સા વડવા જાતા-
રેવંતેન ચ કિં કૃતમ્ ॥

જનમેજયે પૂછ્યું : ભગવાન વિષ્ણુએ કોપને કારણે શાપ આપેલાં લક્ષ્મીજી ઘોડી કેવી રીતે થયાં ? અને રેવંતે શું કર્યું હતું ?

વ્યાસે કહ્યું : હે રાજન ! એકવેળા ભગવાન વિષ્ણુએ લક્ષ્મીને ઘોડી બનવાનો શાપ આપ્યો હતો. લીલામય તેમની લીલાના રહસ્યને તેઓ જ જાણે છે. પતિના શાપથી લક્ષ્મીને ઘણો ક્લેશ થયો પરંતુ સ્વસ્થ થઇ તેઓ ભગવાનને પ્રણામ કરી તેમની આજ્ઞા લઇ મૃત્યુલોકમાં ગયાં ને ત્યાં પહેલાં સૂર્યની પત્ની છાયાએ જ્યાં અતિ ઉગ્ર તપ કર્યું હતું ત્યાં ઘોડીનું રૂપ લઇ તેઓ રહેવા લાગ્યા. ત્યાં સુપર્ણાક્ષ નામક સ્થાનની ઉત્તરે યમુના ને તમસા નદીનો સંગમ હતો. મનોરથ સફળ કરનાર એ સ્થાન સુંદર વનથી સુશોભિત હતું.

ત્યાં રહી લક્ષ્મીજી સર્વની કામના પૂરનારા, અર્ધચન્દ્રથી અલંકૃત મસ્તકવાળા ત્રિશૂલધારી ચન્દ્રશેખર મહાદેવનું એકાગ્રચિત્તે ધ્યાન કરવા લાગ્યા. એ પાવન તીર્થમાં રહી ઘોડીસ્વરૂપે તેમણે કઠિન તપ કર્યું. ભગવાન શંકરનું ધ્યાન કરતાં તેમને પૂર્ણ વૈરાગ્ય થયો અને એ રીતે દેવતાઇ હજાર વર્ષ સુધી એમની તપસ્યા ચાલતી રહી. તે પછી ત્રિનેત્ર ભગવાન શંકરે પ્રસન્ન થઈ પોઠિયા પર બેસી ત્યાં પાર્વતી સાથે લક્ષ્મીને સાક્ષાત દર્શન આપ્યાં. ત્યાં એ વખતે વિષ્ણુપત્ની લક્ષ્મી ઘોડી સ્વરૂપે તપશ્ચર્યા કરી રહ્યા હતા. ત્યાં જઇ શંકરે કહ્યું : 'હે

કલ્યાણી, હે જગદંબે ! તમે શા કારણથી તપ કરો છો એનું રહસ્ય મને કહો. કેમકે તમારા પતિ તો સર્વ મનોરથ પૂર્ણ કરનારા તથા અખિલ લોકના અધ્યક્ષ છે. હે દેવી ! શ્રીહરિ સમસ્ત જગતના સ્વામી છે. એવા મુક્તિદાતા ભગવાન વાસુદેવને છોડી તમે મારું ધ્યાન કરી મને કેમ આરાધો છો? પતિની સેવા એજ ધર્મ. સ્ત્રીએ સદા એની સેવામાં તત્પર રહેવું. વળી આ નારાયણ તો સર્વના સર્વદા પરમ પૂજ્ય છે. એવા શ્રીહરિને છોડી તમે મારી ઉપાસના શા માટે કરો છો ?'

લક્ષ્મીએ કહ્યું: 'હે મહેશાન, હે શિવ, દયાસિંધો ! મારા પતિદેવે મને શાપ આપ્યો છે, એમાંથી આપ મારો ઉદ્ધાર કરો. એમણે શાપમાંથી છૂટવાનો ઉપાય પણ બતાવ્યો છે કે: 'જ્યારે તને એક પુત્ર થશે ત્યારે તું શાપમાંથી મુક્ત થઇ વૈકુંઠમાં આવીશ.'

આ વખતે હું મારા પતિદેવથી તરછોડાયેલી છું. મને ધર્મપત્નીને છોડી તેઓ વૈકુંઠમાં રહે છે, તો તેમના વિના હું પુત્રવતી શી રીતે થાઉં ? જો આપ મારા પર પ્રસન્ન થયા હો તો મને વરદાન આપો. આપમાં ને શ્રીહરિમાં કિંચિત્‌માત્ર ભેદભાવ નથી. હું મારા પતિદેવ પાસે હતી ત્યારથી જ મને એ રહસ્યની જાણ છે.'

ભગવાન શંકરે કહ્યું : દેવી ! હું અને શ્રીહરિ એક છીએ એ રહસ્ય તમે શી રીતે જાણ્યું મને સાચી વાત કહો. મારા ઘણા ભક્તો વિષ્ણુની ને એમના ભક્તો મારી નિંદા કરે છે, દેવી ! મારામાં અને શ્રીહરિમાં સારી રીતે એકતા છે, એ રહસ્ય જાણવું સર્વને માટે ઘણું જ કઠિન છે, તો પછી તમે તે રહસ્ય શી રીતે જાણ્યું ?

લક્ષ્મીએ કહ્યું : હે આશુતોષ ! એક સમયની વાત છે. ભગવાન વિષ્ણુ ધ્યાન કરી રહ્યા હતા, તે જોઇ મને ઘણું આશ્ચર્ય થયું હતું. જ્યારે તેમની સમાધિ છૂટી ત્યારે મેં તેમને વિનયથી પૂછ્યું : ભગવન ! આપ દેવોના સર્વ અધ્યક્ષ અને જગતના સ્વામી છો. વળી જ્યારે દેવો અને દાનવો તથા બ્રહ્મા વગેરે સર્વેએ મળીને સમુદ્રમંથન કરતાં હું નીકળી હતી ત્યારે મારા મનમાં વિચાર થયો કે, કોને પતિ તરીકે પસંદ કરું ? મેં બધા તરફ દૃષ્ટિ દોડાવી. એ વખતે આપ જ બધા દેવોમાં શ્રેષ્ઠ છો એવો નિર્ણય કરી મેં આપને પતિ બનાવ્યા હે દેવેશ ! તો પછી આપ કોનું ધ્યાન કરો છો ? આથી મારા મનમાં ઘણું આશ્ચય થાય છે.

ભગવાન વિષ્ણુએ કહ્યું : પ્રિયે ! હૃદયથી ધ્યાન કરનારનો હું તને પરિચય આપું છું. પરમાત્મા શંકર સૌથી મુખ્ય છે ને તેમનો તરત જ પ્રસન્ન થવાનો સ્વાભાવિક ગુણ છે. એમના પરાક્રમની કોઇ સીમા નથી. કયારેક તો એવું બને છે કે ત્રિપુરારિ દેવેશ મારું ધ્યાન કરે

છે તો ક્યારેક હું એમનું ધ્યાન કરું છું. તેમનો પ્રિય પ્રાણ હું છું અને મારા પ્રિય પ્રાણ તે છે. અમારા બંનેનું ચિત્ત પરસ્પર સંકળાએલું છે. એથી અમારા બંનેમાં કિંચિત્‌માત્ર પણ ભેદ ન સમજવો.

વ્યાસે કહ્યું : લક્ષ્મીનું એ કહેવું સાંભળી ભગવાન શંકરે મધુર વચનમાં કહ્યું : 'સુંદરી ! ધીરજ ધરો, હું તમારી તપસ્યાથી પ્રસન્ન છું. તમારા પતિદેવ તમને અવશ્ય મળશે. તે જગદીશ્વર મારી પ્રેરણાથી અશ્વરૂપે અહીં આવી તમારી કામના પૂર્ણ કરશે. તમે એમના જ જેવા પુત્રની જનની જરૂર થશો. તમારા પુત્ર આગળ સઘળા લોકો મસ્તક ઝુકાવશે અને તે ભુમંડળનો રાજા થશે. પુત્ર પ્રસવ્યા પછી તમે તરત જ પોતાના પતિદેવ સાથે વૈકુંઠમાં જશો અને પુનઃ તમને તેમના પ્રાણપ્રિયરૂપે રહેવાનું સૌભાગ્ય સુલભ થઇ જશે. તમારો તે પુત્ર વિશ્વમાં 'એકવીર' નામથી પ્રસિદ્ધ થશે. એનાથી ભૂમંડળ પર હૈહય સંજ્ઞક ક્ષત્રિયોનો વંશ વધશે. તમારા હૃદયમાં બિરાજતી દેવી ભગવતી જગદંબાનું તમે સારી રીતે શરણ સ્વીકારો.' એમ કહી પાર્વતીપતિ ભગવાન શિવ લક્ષ્મીને વરદાન આપી પાર્વતી સહિત ત્યાં અંતર્ધાન થયા અને લક્ષ્મી પણ પવિત્ર દેવીના ચરણકમળનું ધ્યાન કરવા લાગ્યા અને અશ્વસ્વરૂપે પતિદેવ ક્યારે પધારશે એની પ્રતીક્ષામાં અત્યંત પ્રેમથી વારંવાર ગદ્‌ગદ્ વાણીથી શ્રીહરિની સ્તુતિ કરતાં રહ્યાં. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે
'હૈહયનું વૃત્તાંત' નામનો
૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### લક્ષ્મીને પુત્રરત્નની પ્રાપ્તિ

વ્યાસ ઉવાચ :

તસ્મૈ દત્વા વરં શંભુઃ
કૈલાસં ત્વરિતો યયા ।
રમ્યં દેવગણૈર્જુષ્ટ-
મપ્સરોભિશ્ચ માંડતમ્ ॥

વ્યાસે કહ્યું: લક્ષ્મીને વરદાન આપી પરમાત્મા શંકર દેવગણોથી સેવાતા કૈલાસમાં ગયા. ત્યાં જઇ શંકરે પરમ બુદ્ધિશાળી ચિત્રરૂપને દુત તરીકે લક્ષ્મીના કાર્ય માટે વૈકુંઠમાં મોકલ્યો.

ભગવાન શિવે કહ્યું: 'ચિત્રરૂપ ! તું શ્રીહરિ પાસે જઇને મારો સંદેશો કહી આવ, ને તેઓ તેમની પત્ની લક્ષ્મીનો શોક દૂર કરે એવો પ્રયત્ન કરજે.'

ભગવાન શંકરે એમ કહ્યું એટલે તરત જ ચિત્રરૂપ વૈકુંઠ જવા માટે નીકળ્યો.

વૈકુંઠ જઇ દુતે ભગવાન વિષ્ણુને કહ્યું : હે ગરૂડધ્વજ ! આપ તો ત્રણે કાળના જ્ઞાતા છો, છતાં કહું છું : ભગવાન શંકરે એક ઊભી થયેલી સમસ્યા વિષે આપને જણાવવા મને અહીં મોકલ્યો છે. પ્રભો ! આપના પત્ની લક્ષ્મી હાલમાં તમસા-યમુના નદીના સંગમ પર તપ કરી રહ્યાં છે, પરંતુ એ ઘોડી સ્વરૂપે છે. સર્વ કામના સિદ્ધ કરનારાં એ

દેવીનું ધ્યાન દેવો, યક્ષો, કિન્નરો અને માનવો નિશદિન ધરે છે. એમની કૃપા ન હોય તો સંસારમાં કોઇને સુખ સાંપડતું નથી. તેમ છતાં આપ આપના પત્નીને ત્યજીને શી રીતે સુખ પામો છો? આપે લક્ષ્મી દેવીને શા કારણથી ત્યજ્યાં છે?

આપ પત્નીથી અલગ રહો છો તો બધામાં હાંસીપાત્ર ઠરશો, તો આપ તમારૂં હિત વિચારી લક્ષ્મીને પાસે બોલાવી લો અથવા તેમની પાસે જાઓ. હાલ આપ અશ્વસ્વરૂપે ઘોડી બનેલાં લક્ષ્મી પાસે જાઓ ને ત્યાં જઇ તેમના મનનું સમાધાન કરી પુત્રપાપ્તિ થયા પછી એમને લઇ વૈકુંઠમાં પધારજો.'

વિષ્ણુ ભગવાને પછી સુંદર અશ્વનું રૂપ લીધું અને તે સ્વરૂપે ઘોડી સ્વરૂપે તપ કરી રહેલાં લક્ષ્મી પાસે જઇને ઊભા રહ્યાં. તપ કરી રહેલાં લક્ષ્મીની નજર એકાએક સામે ઊભેલા સુંદર અશ્વ પર પડી અને તે સમજી ગયાં કે મારા પતિ શ્રી વિષ્ણુ આ અશ્વ સ્વરૂપે મને મળવા આવ્યા છે. પછી બન્નેના સમાગમથી એક પુત્રની પ્રાપ્તિ થઇ. તે પુત્રને ત્યાં જ રહેવા દઇ બન્નેએ તુરત જ દિવ્ય દેહ ધારણ કર્યો અને દેવવિમાનમાં બેસી વૈકુંઠમાં જવા તૈયાર થયા ત્યારે દેવો તેમના યશોગાન ગાઇ રહ્યાં હતાં.

પણ લક્ષ્મીનો જીવ પુત્રમાં રહી ગયો હતો તેથી તેમણે પુત્રને પણ સાથે લઈ લેવા શ્રીહરિને કહ્યું તો શ્રીવિષ્ણુએ કહ્યું: 'આ બાળક અહીં એકલો સુખરૂપ રહેશે, કારણ કે તેના ભરણ–પોષણની વ્યવસ્થા અગાઉથી જ થઇ ગયેલી છે. આ પુત્ર મેં હરિવર્મા રાજા માટે ઉત્પન્ન કર્યો છે. પુત્રપ્રાપ્તિ અર્થે યયાતિ વંશનો રાજા હરિવર્મા સો વર્ષથી ઉગ્ર તપ કરી રહ્યો છે એના તપની અવધિ હવે પૂરી થઈ જવાથી તેના પર પ્રસન્ન થઇ મેં આ પુત્ર તેને માટે ઉત્પન્ન કર્યો છે. આ બાળક મોટો થતાં આપણે તેને હરિવર્માને સોંપીશું, માટે તેની ચિંતા કરીશ નહિ.' આમ લક્ષ્મીને આશ્વાસન આપી તે બાળકને ત્યાં જ રહેવા દઇ, તેની રક્ષાનો પ્રબંધ કરી ત્યાંથી વિષ્ણુ લક્ષ્મી સાથે વૈકુંઠમાં ગયા. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'લક્ષ્મીને પુત્રરત્નની પ્રાપ્તિ' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### વિષ્ણુના અંશરૂપ 'એકવીર'

**જનમેજય ઉવાચ :**

**સંશયોડયં મહાનત્ર જાતમાત્રઃ શિશુસ્તથા ।**
**મુક્તઃકેન ગૃહીતો સાવેકાકી વિજને વને ॥**

જનમેજય રાજાએ પૂછ્યું: 'વ્યાસ મુને! આમાં મને મોટો સંશય થાય છે કે તરતના જન્મેલા તે બાળકને, આશ્રયવિહોણાને પછી કોણે સંભાળ્યો?

વ્યાસ બોલ્યા: રાજન્! ત્યાંથી દેવવિમાનમાં બેસી લક્ષ્મીનારાયણ ગયા કે થોડીજ વારે તે સ્થળે 'ચંપક' નામનો એક વિદ્યાધર પોતાની પત્ની 'મદના-લસા' સાથે રથમાં બેસી વિહાર કરવા

આવ્યો, એવામાં તેણે આ નિઃસહાય નાનકડા શિશુને હાથ–પગ ઉછાળીને રમતો જોયો, તે તો આનંદિત થતો રથમાંથી ઉતરી તે બાળક પાસે આવ્યો અને તેને સાવધાનીથી ઉપાડી પોતાની પત્નીને સોંપ્યો. મદનાલસાએ એ બાળકને ચુંબનોથી નવડાવી પોતાના ખોળામાં લીધો, પછી તેના પતિને પૂછ્યું : 'અહીં વળી આ બાળક ક્યાંથી ? મને લાગે છે કે, આપણી પ્રાર્થનાથી શંકર ભગવાને જ આપણા માટે મોકલ્યો છે.' પત્નીને હર્ષઘેલી થયેલી જોઈ ચંપક વિદ્યાધરે કહ્યું : તારી ઇચ્છા હશે તો આપણે ઇન્દ્ર મહારાજને પૂછ્યા પછી જરૂર તેને પુત્ર તરીકે રાખીશું.

વિદ્યાધરે તુરત જ ઇન્દ્ર મહારાજ પાસે જઇ તે બાળક કોણ છે તે વિષે પૂછ્યું તો ઇન્દ્રે કહ્યું : હે ચંપક ! આ બાળક તે અશ્વરૂપધારી ભગવાન વિષ્ણુનો લક્ષ્મીથી થયેલો પુત્ર છે. એનું શુભ નામ 'હૈહય' છે. યયાતિનો વંશજ તુર્વસુ (હરિવર્મા) પુત્ર માટે તપ કરી રહ્યો છે, તેને આ પુત્ર સોંપવો જોઇએ. હવે શ્રીહરિ એ ધર્મિષ્ઠ રાજાને પુત્રપ્રાપ્તિ માટે તે પવિત્ર સ્થળે જવાનો આદેશ આપશે માટે તમે જ્યાંથી આ બાળકને ઉપાડી લાવ્યા છો તે સ્થળે હમણાં જ તેજ જગ્યાએ તેને મૂકી આવો, આ બાળક ભૂમંડળમાં 'એકવીર' એવા નામે વિખ્યાત થશે.'

ઇન્દ્રની આજ્ઞાથી ચંપક વિદ્યાધર તે બાળકને તુરત જ તેની મૂળ જગ્યાએ મૂકી આવ્યો. આ બાજુ શ્રીવિષ્ણુ પેલા તપ કરી રહેલા રાજા હરિવર્મા પાસે ગયા અને તેને તપમાં મુક્ત થવાનું કહી બોલ્યા : 'રાજન્ ! તારા તપથી હું પ્રસન્ન થઇ તને પુત્રફળ આપવા આવ્યો છું. તું હવે અહીંથી યમુના ને તમસા નદીના સંગમ સ્થળે જા, તેં જેવા પુત્રની ઇચ્છા કરી છે તેવો જ પુત્ર ત્યાં તને મળશે. મારા વીર્યથી ઉત્પન્ન થયેલો એ પુત્ર અસીમ શક્તિવાળો ને પરાક્રમી થશે, તારા માટે જ મેં તેને ઉત્પન્ન કર્યો છે, માટે તેને સ્વીકારીને તું મહેલે લઇ જા.' આ સાંભળી રાજા હરિવર્મા હર્ષભેર ત્યાં ગયો તો રૂપાળો બાળક એકલો જ રમી રહેલો જોવામાં આવ્યો. તેણે આનંદવિભોર બની તે બાળકને હળવેથી ઉપાડી લઇ તેનું મસ્તક સુંઘ્યું, પછી તે બાળકને લઇ પોતાના નગરમાં પ્રવેશ્યો, તો રાજાને પુત્ર સહિત આવેલ જોઇ તેના પર ચારે તરફથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. તેણે મહેલે જઇ તે પુત્રને પોતાની રાણીને સોંપ્યો તો રાણીએ તેને લઇ ખોળામાં રાખી પૂછ્યું : 'મહારાજ ! આપ તો પુત્રપ્રાપ્તિ અર્થે તપ કરવા ગયા હતા તો વરદાનને બદલે આ સુંદર નવજાત બાળક ક્યાંથી લઇ આવ્યા ? મને જલદી કહો કે આ સુંદર પુત્ર તમને ક્યાંથી મળ્યો ? કોણે આપ્યો ?' રાજાએ કહ્યું : 'પ્રિયે ! આ પુત્ર નારાયણ લક્ષ્મીના સંગની પ્રસાદી છે. મારા તપથી પ્રસન્ન થઇ લક્ષ્મીનારાયણે જ

મને આ પુત્ર આપ્યો છે. ભગવાન શ્રી વિષ્ણુના અંશથી આ બાળક પ્રકટયો છે.'

રાણીને આથી ઘણી જ પ્રસન્નતા ઊપજી. હરિવર્મા રાજાએ આ પ્રસંગે ઘણું દાન કર્યું અને આખા નગરમાં ઉત્સવ ઉજવાવ્યો. તે પુત્રનું શુભનામ 'એકવીર' રાખવામાં આવ્યું. આવા દેવાંશી પુત્રની પ્રાપ્તિ થવાથી હરિવર્મા રાજા પિતૃઋણથી મુકત થઇ, રાણી અને બાળક સાથે સુખરૂપ સમય ગુજારવા લાગ્યો. ૫૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'વિષ્ણુના અંશરૂપ એકવીર' નામને
૨૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૧ મો

### એકવીરને રાજ્યાભિષેક

**વ્યાસ ઉવાચ :**

**જાતકર્માદિ સંસ્કારાંશ્ચકાર નૃપતિસ્તદા ।**
**દિનેદિને જગામાશુ વૃદ્ધિંબાલઃ સુલાલિતઃ॥**

વ્યાસજી બોલ્યા : રાજા તુર્વસુ (હરિવર્મા)એ પુત્ર 'એકવીર'ના જાતકર્માદિ–સંસ્કારો કર્યા, પછી લાડકોડમાં તે ઉછરવા લાગ્યો.

એ મોટો થતાં રાજા એને ગાદી સોંપી પોતાની રાણી સહિત મંનાક પર્વત પર જઇ વાનપ્રસ્થાશ્રમમાં રહેવા લાગ્યા. ત્યાં ભક્તિમય સમય ગુજારતા તેઓ અંતે પોતાના શુભ કર્મોના પ્રભાવથી સ્વર્ગે સીધાવ્યા.

એક સમયે રાજા એકવીર પોતાના મંત્રીઓ સાથે ગંગાજીને કિનારે ફરવા ગયેલો ફરતાં....ફરતાં તે જ્યાં આગળ ઋષિઓનાં આશ્રમો આવેલા હતા ત્યાં જઇ પહોંચ્યો. એવામાં દુર....દુર એક ઝાડ નીચે એક સુંદર કન્યાને રૂદન કરતી બેઠેલી જોઇ, રાજાએ તેની પાસે જઇ કહ્યું કે : 'હું આ રાજ્યને રાજા એકવીર છું. હું તારૂં દુઃખ અવશ્ય દૂર કરીશ. તું કોણ છે, અને અહીં કયાંથી આવી છે ?'

તે કન્યાએ કહ્યું : અહીંથી નજીક 'રૈભ્ય' નામે રાજા તેની રાણી 'રૂકમરેખા' સાથે રહે છે. તેઓને બધું સુખ હતું પરંતુ એક પુત્રસુખ નહોતું. તેથી રૂકમરેખા રાણી બહુ ઉદાસ રહેતી હતી, આથી રૈભ્ય રાજાએ પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. યજ્ઞનાનિમિત્તે પુત્રની અભિલાષાવાળા રાજાએ પુષ્કળ દાન આપ્યું. એવામાં વારંવાર ઘીની આહુતિઓ આપવાથી સતત પ્રજવલિત રહેતા અગ્નિકુંડમાંથી એક સુંદર કન્યા નીકળી. હોતાએ તે કન્યાને આદરથી પાસે બેસાડી રૈભ્ય રાજાને કહ્યું : 'રાજન્ ! અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલી આ કન્યા આપના માટે જ છે, માટે તેનો સ્વીકાર કરો. આગળ જતાં આ કન્યા 'એકાવલી' નામથી વિશ્વમાં વિખ્યાત થશે. પુત્રના જેવી જ પુત્રસમોવડી આ કન્યાને પ્રાપ્ત કરી તમે ઘણાં જ સુખી થશો, ભગવાન વિષ્ણુએ પ્રસન્ન થઇ તમને આ કન્યા આપી છે.' 'એકાવલી' દિવસે દિવસે મોટી થવા લાગી....તે રાજાના મંત્રીની પુત્રી યશોવતી પણ તેની જ ઉંમરની હતી, આથી અમે

બન્ને સહીપણીઓ થઇ. એકાવલીને ગમે તે માટે રાજાએ મને પણ મહેલમાં તેની સાથે રાખી હતી. અમે બંને ત્યાં સુખથી રહેતાં, ખાતાં, પીતા અને રમતાં હતાં. ક્યારેક અમો બંને બહેનપણીઓ સાથે ફરવા બહાર પણ જતી હતી.

જ્યાં ગંગા નદીના કિનારા આગળ સુવાસિત કમળ જોવામાં આવતાં ત્યાં ફરવાનું રાજકુમારી એકાવલીને બહુ ગમતું એટલે ત્યાં ફરવા આવી. ૬૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં વષ્ઠમ સ્કંધ વિષે 'એકવીરનો રાજ્યાભિષેક' નામનો ૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### એકાવલીનું વૃત્તાંત

**યશોવતી ઉવાચ :**

માતરુત્થાય તન્વંગી-
ચલિતા ચ સખીયુતા ।
ચામરૈર્વિજય માના-
સારક્ષિતા બહુરક્ષિભિ ।।

યશોવતી બોલી : એકવેળા રાજકુમારી એકાવલી, હું અને રક્ષકો દુર દુર જ્યાં સુંદર કમળો ઊગ્યા હતાં ત્યાં ગયાં, એવામાં ત્યાં 'કાલકેતુ' નામે રાક્ષસ આવ્યો, સુંદર રાજકુમારીને જોઇ તેણે રક્ષકોને મારી નાંખી એકાવલીને હસ્તગત કરી લીધી એટલે એકાવલી ખૂબ રડવા લાગી.

આથી મેં રાક્ષસ પાસે જઇ કહ્યું : 'તું આ છોકરીને છોડી દે, તેને બદલે મને લઇજા, હું ખુશીથી આવવા તૈયાર છું.' પરંતુ મારૂં કંઇ જ ન સાંભળતાં રાક્ષસ એકાવલીને લઇ જવા લાગ્યો, હું પણ તેની પાછળ પાછળ ગઇ હતી. મને જોઇને રાજકુમારીમાં હિંમત રહે એટલા ખાતર જ હું ગઇ હતી. રાક્ષસે પોતાના મહેલે અમને બંનેને લઇ જઇ એક અલાયદા ખંડમાં રાખી અને તે ખંડ ઉપર રાક્ષસોનો પહેરો ગોઠવ્યો. બીજે દિવસે રાક્ષસે રાજકુમારીને પોતાની પત્ની બનવા ઘણું ઘણું સમજાવીને કહ્યું તો એકાવલીએ રાક્ષસને વિનંતિ કરતાં કહ્યું : 'હે કાલકેતુ! મારો વિવાહ થોડા જ દિવસોમાં કુમાર હૈહય (એકવીર) સાથે થવાનો છે, હું એમને મનથી વરી ચુકી છું, તો પછી હું સનાતન ધર્મનો ત્યાગ કરી બીજાની પત્ની શી રીતે બનું ? પણ રાક્ષસને સારાસારનો વિચાર ન હોય, તે જડબુદ્ધિએ અમને એ ખંડમાં પૂરી રાખ્યા. વળી એનું નગર પાતાળમાં કિલ્લા ને ખાઇઓથી રક્ષાયેલું છે. ત્યાં મારી સખી એકાવલી રડીરડીને દુ:ખમાં દિવસો વિતાવી રહી છે, અને એનો વિયોગ થવાથી દુ:ખી થયેલી હું અહીં વિલાપ કરી રહી છું.'

આ સાંભળી એકવીરે યશોવતીને પૂછયું : 'તમે બંને એક જ ખંડમાં પૂરાયેલાં હતાં, તો પછી તું એકલી જ ચોકી ( પહેરા ) વચ્ચેથી કેવી રીતે છટકી આવી ?

યશોવતી બોલી : 'એ બધો જગદંબા માતાની ભકિતનો પ્રભાવ છે. હું બચપણથી જ ભગવતી-જગદંબા માતાના

બીજમંત્રનો એકાગ્રતાથી જપ કરૂં છું. એક સિદ્ધ બ્રાહ્મણે મને તે મંત્ર આપ્યો હતો. કાલકેતુએ જે ખંડમાં અમને પૂરી દીધેલાં ત્યાં રહી મેં સતત બીજ-મંત્ર જપવા માંડયો, આ રીતે એક મહિના સુધી મારાથી દેવીની આરાધના થઇ, મારી ભકિતથી પ્રસન્ન થયેલા ચંડિકા દેવીએ એક દિવસ મને સ્વપ્નમાં આવી કહ્યું: 'યશોવતી! તું હમણાં જ અહીંથી ગંગા નદીને કિનારે જતી રહે, થોડીવાર પછી ત્યાં તારી પાસે એકવીર (હૈહય) રાજા આવશે તે હૈહયને દત્તાત્રેયે મારો બીજમંત્ર બતાવ્યો છે. તારી જેમ એકવીર પણ નિત્ય બીજમંત્રના જપ કરી મારી ઉપાસના કરે છે, એટલે એજ તારા સંકટને દૂર કરશે. ભગવતી લક્ષ્મી-દેવીનો વિષ્ણુના અંશથી ઉત્પન્ન થયેલો તે પુત્ર છે. એ એકવીરના હાથે જ આ કાલકેતુ રાક્ષસ મરાશે અને રાજકુંવરી એકાવલીના વિવાહ ને રાજકુમાર સાથે તેના પિતાને કહી તું કરાવજે.' આ પ્રમાણે ચંડિકા દેવીએ મને સ્વપ્નમાં માર્ગદર્શન આપ્યું છે. મારૂં સ્વપ્નું પૂરૂં થયા પછી મેં રાજકુમારીને સ્વપ્નની હકીકત કહી તો એણે હર્ષ પામીને કહ્યું: 'તારી આરાધનાથી દેવી આપણા પર પ્રસન્ન થયા છે, માટે તું હવે જલદીથી અહીંથી ચાલી જા, દેવીની કૃપાથી તને જતી કોઇ જોઇ શકશે નહિ.' અને ખરેખર, ભગવતીની કૃપાથી હું ત્યાંથી નીકળી હેમખેમ અહીં આવી પહોંચી મને રાજકુમારીની યાદ આવવાથી રડતી હતી, ત્યાં તમે મારી પાસે આવી પહોંચ્યા. હવે આપ મને કહો કે આપ કયાં રહો છો? આપના પિતાજીનું નામ શું? ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પષ્ઠમ સ્કંધ વિષે 'એકાવલીનું વૃત્તાંત' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### એકાવલી અને એકવીરનો વિવાહ

વ્યાસ ઉવાચ :

તસ્યાસ્તુ વચનં શ્રુત્વા રમાપુત્રઃ પ્રતાપવાન્ ।
પ્રફુલ્લવદનામ્ભોજસ્ત સુવાચ વિશાંપતે ॥

વ્યાસજી બોલ્યા: રાજન્! લક્ષ્મી-નારાયણના નંદન એકવીરે યશોવતીનું કહેવું સાંભળી પછી કહ્યું: 'હું જ જેને રાજકુમારી પરણવાની છે તે 'હૈહય' છું. મારૂં નામ 'એકવીર' પણ છે.

હું જ એકાવલીનો પતિ બનવાનો છું, માટે તું હવે મને રાક્ષસ કાલકેતુના આવાસમાં લઇ જવાની વ્યવસ્થા કર. દેવીની કૃપાથી હું એ રાક્ષસને એકલે હાથે હણી નાખીશ.'

ચતુર યશોવતીએ કહ્યું: 'હે હૈહય! તમે પ્રથમ ભગવતીના સિદ્ધિદાયક બીજ-મંત્રીની દીક્ષા લો પછી હું તમને ત્યાં લઇ જઉં છું.' આ વાતચીત ચાલતી હતી એવામાં દૈવયોગે ત્યાં ભગવાન દત્તાત્રેય પધાર્યા અને તેમણે યોગેશ્વરીના મહામંત્રનો ઉપદેશ એકવીરને આપ્યો તે જ ક્ષણે એકવીરે મંત્ર–દીક્ષા લીધી.

ભગવતીના એ મંત્રના પ્રભાવથી એકવીરમાં સર્વત્ર ગમન કરવાની સિદ્ધિ આવી ગઇ, પછી તે પોતાના રાજ્યમાં જઇ વિશાળ સૈન્ય લઇ આવી યશોવતી સાથે કાલકેતુને મારવા માટે ને એકાવલીને છોડાવવા માટે તેના નગરમાં ગયો. અને યુધ્ધ કરી રાક્ષસને મારી નાંખ્યો. આ જોઇ બધા રાક્ષસો મરવાના ભયથી આમ-તેમ ભાગી ગયા, પછી યશોવતી એકવીર-હૈહયને રાજકુમારી એકાવલી પાસે લઇ ગઇ અને તેના પરાક્રમની વાત કરી, તેમજ તે તેનો ભાવિ ભરથાર 'હૈહય' છે એવું જણાવ્યું. એટલે રાજકુમારી ખૂબ જ પ્રસન્ન થઇ તેણે એકવીરને પ્રણામ કર્યા.

હવે યશોવતીએ કહ્યું : 'આપણે બધા અહીંથી આપણા નગરમાં જઇએ.' પછી બધા રાજા રૈભ્યના નગરમાં આવ્યા. પુત્રી એકાવલી અને યશોવતી હેમખેમ આવી ગયાં છે તે જાણી રાજા સામે લેવા આવ્યો. યશોવતીએ રાજાને એકવીર-હૈહયે કરેલા પરાક્રમની સર્વ હકીકત જણાવી તેથી રાજાની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. રાજા અને એકવીર પરસ્પર ભેટી પડયા. રાજા બધાને મહેલે લઈ ગયો. ભાવી જમાઇ એકવીરનું તેણે બહુ જ સન્માન કર્યું, પછી એક શુભ દિવસ જોઇ રાજાએ એકાવલીને એકવીર સાથે પરણાવી. તે પછી ત્યાં એકવીર ને એકાવલીએ ઘણા ભોગો ભોગવી આનંદમય દિવસો વિતાવ્યા, આગળ ઉપર એકાવલીના ગર્ભથી એક સુંદર પુત્ર ઉત્પન્ન થયો, જે 'કૃતવીર્ય' નામે વિશ્વમાં વિખ્યાત થયો. એજ 'કૃતવીર્ય'નો પુત્ર 'કાતવીર્ય' છે. આ રીતે મેં વંશવર્ણન કર્યું છે. ૯૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'એકાવલી અને એકવીરનો વિવાહ' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### પ્રારબ્ધ--કર્મનો પ્રભાવ

રાજોવાચ :

ભગવંસ્તવમ્સુખામ્ભોજાચ્ચ્યુતં-
દિવ્ય કથારસમ્ ।
ન તૃપ્તિ અધિગચ્છામિ-
પિબસ્તુ સુધયા સમમ્ ॥

રાજાએ કહ્યું : હે ભગવન ! આપે કહેલી દિવ્ય કથા બહુ જ આશ્ચર્ય ઉપજાવનારી છે, મને એજ સમજાતું નથી કે મોટા દેવોને પણ મોહ કેમ થાય છે ?

વ્યાસજી બોલ્યા : એકવેળા બ્રહ્માના માનસપુત્ર નારદજી વિણાવાદન કરતાં ભુમંડળ પર વિચરતા હતા. તેઓ એકાએક મારા આશ્રમે આવ્યા. મેં ઊભા થઇ એમનો સત્કાર કર્યો, પછી અર્ધ્ય, પાદ્ય વગેરે સ્વીકારી નારદજી શાંતચિત્તે આસન પર બિરાજ્યા. વાતવાતમાં મેં તેમને પૂછ્યું : હે મુને ! આ જગતમાં પ્રાણીઓને શું સુખ છે ? મને તો કયાંય સુખ જોવામાં આવતું નથી. હું બેટમાં જન્મ્યો હતો, પછી તરત જ મારી માતાએ મને ત્યજી દીધો હતો, કર્મ અનુસાર વનમાં હું મોટો થયો. પુત્ર-પ્રાપ્તિ અર્થે મેં પર્વત પર

જઇ ભગવાન શંકરનું આરાધન કરી તપ કર્યું, તેના ફળરૂપે મને 'શુકદેવ' નામના પુત્રની પ્રાપ્તિ થઈ. તે મારો જ્ઞાની પુત્ર પણ મને ત્યજીને ક્યાંક ચાલ્યો ગયો છે. એના વિયોગથી દુ:ખી થતો હું મારી માતાને મળવા કુરૂજાંગલ દેશમાં ગયો તો મને ખબર પડી કે, મારી માતા સત્યવતી તો શાંતનુ રાજાને પરણી છે.

આમ બધી બાબતનું દુ:ખ અનુભવતો હું સરસ્વતી નદીના તટે આશ્રમ બાંધી રહ્યો છું: થોડા સમય પછી મને સમાચાર મળ્યા કે, મારી માતા જેને પરણેલી હતી તે શાંતનુ રાજાનો સ્વર્ગવાસ થયો છે. ત્યાં આગળ મારી માતા પોતાના બે પુત્રો સાથે ગાંગેય ભીષ્મથી રક્ષાયેલી રહેતી હતી. પરંતુ જેને રાજગાદીએ બેસાડેલો તે મારો ભાઇ ચિત્રાંગદ અચાનક મૃત્યુ પામ્યો એટલે મારી માતા બહુ કલ્પાંત કરવા લાગી, આથી માતાને આશ્વાસન આપવા હું તેની પાસે ગયો અને માતાને સાંત્વન આપ્યું. ભીષ્મે ચિત્રાંગદ પછી વિચિત્રવીર્યને રાજગાદી પર બેસાડયો હતો. વિચિત્રવીર્ય કાશીરાજાની બે પુત્રીઓને પરણ્યો હતો....પરંતુ પરણ્યા પછી તેને ક્ષયરોગ લાગુ પડયો અને તે સંતાનરહિત મૃત્યુ પામ્યો. આમ મારી માતા વળી પાછી દુ:ખી થઇ. દુ:ખ તેનો પીછો જ છોડતું નહોતું. વિચિત્રવીર્યના મૃત્યુ વખતે તેની બંને પત્નીઓ પણ તેની પાછળ બળી મરવા તૈયાર થઇ, પરંતુ તેને તેમ કરતાં રોકવામાં આવી. આ વખતે હું મારા આશ્રમમાં હતો. ત્યાં મારી માતાએ મને યાદ કર્યો એટલે હું માતા પાસે ગયો ને તેમને સાંત્વન આપી કંઇ કામ (સેવા) બતાવવા જણાવ્યું તો મારી માતા સત્યવતીએ મને કહ્યું: 'પુત્ર! તું આજ્ઞાંકિત છે. અને મારી પાસે આવ્યો છે તો મારી મુંઝવણ દુર કર. તું જાણે છે કે બે પત્નીઓ છતાં તારો ભાઇ વંશરહિત મરણ પામ્યો છે અને તે ચિંતા નિત્ય મારૂં કાળજું કોરી રહી છે.

હું એમ ઇચ્છું છું કે, તું હવે મારી અને ભીષ્મની સંમતિથી તું તારા મૃત્યુ પામેલા ભાઇની બંને પત્નીઓમાં પુત્ર ઉત્પન્ન કરી ભરતવંશનું રક્ષણ કર. માતાના મુખેથી આવાં વચનો સાંભળી હું ખૂબ શરમાઇ ગયો. પછી સ્વસ્થ થઇ મેં કહ્યું: માતા, તમે મને પાપકર્મમાં કયાં પ્રેરો છો? પરસ્ત્રીના સમાગમ જેવું કોઇ પાપ નથી. વળી હું વેદ–શાસ્ત્રોનો પારંગત હોવા છતાં ભાઇની સ્ત્રી જે પુત્રી–તુલ્ય ગણાય છે, તેની જ સાથે હું વ્યભિચાર કેમ કરૂં?

મારૂં કહેવું સાંભળી વંશની રક્ષા ઇચ્છતી મારી માતા આંસુ સારતી કહેવા લાગી: 'પુત્ર! વડીલોની આજ્ઞા માનવી એ પુત્રનું કર્તવ્ય છે. તેમાં સારા–નરસાપણું જોવાય નહિ, હું તને તેવી

આજ્ઞા કરું છું એટલે એમાં તને કોઇ દોષ નહિ લાગે. વળી ભીષ્મે પણ તે કાર્ય કરવા સંમતિ આપી છે.' આથી હું જ્ઞાની હોવા છતાં તે નિંદનિય કર્મ કરવા તત્પર થયો. પછી હું મારા ભાઇની ઋતુમતી પત્ની અંબિકા સાથે સંગ કરવા તૈયાર થયો, પરંતુ તપથી મારો ચહેરો કદરૂપો બનેલો હતો તે જોઇ તેણે આંખો મીંચી દીધી. આમ તેણે મારા પ્રત્યે તિરસ્કાર કર્યો એટલે મેં તેને શાપ આપ્યો કે: 'તને અંધ પુત્ર અવતરશે.'

આમ કહી તેની સાથે સંગ કરી હું છૂટો પડયો. બીજે દિવસે મારી માતાએ મને બોલાવી પૂછ્યું કે: 'અંબિકાને પુત્રફળ મળશે ને?' આ સાંભળી શરમને લીધે મેં નીચે મોઢે કહ્યું કે: 'પુત્ર અવશ્ય થશે....પણ મારા શાપથી તે આંધળો પુત્ર થશે.' આ સાંભળી માતા સત્યવતીએ મને ઠપકો આપ્યો કે: તારે એવો શાપ આપવાનું કારણ શું હતું? ૬૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પષ્ઠમ સ્કંધ વિષે 'પ્રારબ્ધ કર્મનો પ્રભાવ' નામનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૫ મો

વ્યાસજી અને નારદજી વચ્ચે વાર્તાલાપ

વ્યાસ ઉવાચ:

વાસવી ચકિત જાતા-
શ્રુતા મે વાક્યમીદશમ્ ।
દાશેયી માસુવાચેદં પુત્રાર્થં ભૃશમાતુરા ॥

વ્યાસજી બોલ્યા: મેં શાપની વાત કરી એટલે મારી માતા સત્યવતી ગભરાઇ ગઇ, પછી મને કહેવા લાગી: પુત્ર! હવે વિચિત્રવીર્યની બીજી પત્ની અંબાલિકા સાથે સંયોગ કરી સુંદર પુત્ર ઉત્પન્ન કર. કારણ કે, અંધ પુત્રને રાજગાદી કેવી રીતે સોંપાય?

અંબાલિકા જ્યારે ઋતુમતી થઇ ત્યારે મારી માતાએ તેને મારી પાસે મોકલી. તે મારી પાસે ધ્રુજતી....ધ્રુજતી ફિક્કા વદને આવી. મેં તેને પૂછ્યું: 'તું મને જોઇ ફિક્કી પડી ગઇ છે માટે તને ફિક્કો પાંડુ પુત્ર થશે.' અને પછી તેને ભોગવી હું જતો રહ્યો. સમય વિતતાં અંબિકા ને અંબાલિકાએ એક એક પુત્રને જન્મ આપ્યો. અંબિકાએ અંધ પુત્રને જન્મ આપ્યો, ને અંબાલિકાએ પાંડુ પુત્રને જન્મ આપ્યો. તેઓ આગળ જતાં 'ધૃતરાષ્ટ્ર' અને 'પાંડુ' નામે પ્રસિદ્ધ થયા.

મારી માતાને આ બન્ને પુત્રો જોયા પછી ઉત્સાહ રહ્યો નહોતો એટલે એક વર્ષ પછી પુન: મને પોતાના આવાસે બોલાવી કહેવા લાગી: પુત્ર! તેં ઉત્પન્ન કરેલા બંને પુત્રો રાજગાદી ભોગવવાને લાયક નથી, માટે તું હવે અંબિકામાં એક સુંદર પુત્ર ઉત્પન્ન કર.' એમ કહી મારી માતાએ અંબિકાને પણ તે માટે તૈયાર કરી, પરંતુ શરમને લીધે અંબિકાએ પોતે ન આવતાં તેને બદલે એક દાસીને મારી પાસે મોકલી. એ દાસી જ્યાં હું બેઠો હતો તે પલંગ પર પ્રેમથી આવીને બેઠી અને મધુરતાથી વાર્તાલાપ કરવા લાગી, તે મને બહુ અનુકૂળ લાગી

પ્રસન્નતાથી તેને ભોગવ્યા, પછી મેં તેને વરદાન આપ્યું કે : 'તને ઉત્તમ લક્ષણોવાળો સત્યવક્તા પુત્ર થશે.' સમય જતાં તે દાસીને જે પુત્ર અવતર્યો તે 'વિદુર' નામે વિશ્વમાં વિખ્યાત થયો.

આ રીતે પરસ્ત્રીમાં મારાથી ત્રણ પુત્રો થયા હતા. આમાં શુકદેવજીની યાદ મને આવતી નહોતી. માયાથી હું મોહિત થઇ ગયો હતો, ઘણી વેળા મારા મનમાં થતું કે વ્યભિચારથી ઉત્પન્ન થયેલા પુત્રો મને શું સુખ આપવાના છે? પરંતુ પાંડુ મોટો થઇને રાજા થયો ત્યારે મને આનંદ ઉપજ્યો. પાંડુને 'કુંતી' અને 'માદ્રી' નામે બે પત્નીઓ હતી. પરંતુ એક વેળા પાંડુને કોઇ મુનિએ શાપ આપ્યો હતો કે 'જ્યારે પણ તું પત્ની સાથે સંગ કરીશ તે વેળાએ જ તારું મૃત્યુ થશે.' આથી પાંડુનું મન ખૂબ જ વિરક્ત થવાથી તે પોતાની બંને પત્નીઓ સાથે વનમાં જઇ રહ્યો. પછી પાંડુ રાજાએ પોતાના વાનપ્રસ્થાશ્રમમાં બે પત્નીઓથી પાંચ ક્ષેત્ર જ પુત્રો ઉત્પન્ન કરાવ્યા. ધર્મદેવથી 'યુધિષ્ઠિર' થયો. વાયુદેવથી 'ભીમ' થયો. ઇન્દ્રથી 'અર્જુન' થયો. ને બે આશ્વિનીકુમારોથી 'નકુલ' તથા 'સહદેવ' થયા. તેમાં કુંતીથી યુધિષ્ઠિર, ભીમ, અને અર્જુન થયા હતા. અને માદ્રીથી નકુલ અને સહદેવ થયા હતાં.

એક સમયે એકાંત જોઇ પાંડુ રાજાએ



માદ્રી સાથે આલિંગન કર્યું, એટલે શાપને લીધે તે તુરત જ મૃત્યુ પામ્યા. તેમની પાછળ માદ્રી બળી મરીને સતી થઇ, ત્યાંથી મુનિઓ કુંતીને તેના પુત્રો સાથે હસ્તિનાપુર લઇ ગયા ને તેઓને ભીષ્મ તથા વિદુરને સોંપી તેમનું પાલન કરવાની ભલામણ કરી ચાલ્યા ગયા. આ બાબતની મને ખબર પડી ત્યારે મારું દુઃખ એકદમ વધી ગયું. પાંડવો પોતાને ત્યાં રહ્યા હતા તે કૌરવોને ગમતું નહોતું તેથી કૌરવો તેમનો દ્વેષ કરવા લાગ્યા. ભીષ્મે દ્રોણને પણ નગરમાં જ રાખ્યા. કુંતીએ કન્યાવસ્થામાં કોઇ ભુલને કારણે સૂર્યથી ઉત્પન્ન થયેલા કર્ણને નદીમાં વહેતો મૂકી દીધેલો તે કર્ણ ભાગ્યયોગે પછી 'અધિરથ' નામના સારથિને ત્યાં ઉછર્યો હતો. એ કર્ણ અંતે દુર્યોધનને સારો મેળ હતો. પાંડવો કૌરવોને બનતું નહોતું તેથી ધૃતરાષ્ટ્રે વારણાવતમાં રહેવા મોકલવા નક્કી કર્યું એટલે દુર્યોધને તેઓને રહેવા માટે લાક્ષાગૃહ બનાવ્યું. એવામાં મને ખબર મળી કે, લાક્ષાગૃહમાં રહેતા કુંતી અને પાંડવો બળી મર્યા છે. તે જાણી હું બહુ દુઃખી થયો, પરંતુ તે વાત ખોટી નીકળી. મેં તે બધાને એકાએક નગરીમાં રહેલા જોયા, તેમને બળીને મેં દ્રુપદ રાજાના નગરમાં જતા રહેવા કહ્યું : તે બધા બ્રાહ્મણના વેષમાં દ્રુપદ રાજાની સભામાં ગયા. ત્યાં અર્જુને મત્સ્યવેધ કરી દ્રૌપદીને જીતી ને માતાના કહેવાથી

દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની બની; તે પછી પાંડવોનો વૈભવ તથા મયદાનવે કરેલી તેમની સભા જોઇ દ્વેષી દુર્યોધને જુગટું રમવાની ગોઠવણ કરી. શકુની જુગટામાં કપટ કરવાનું જાણતો હતો, યુધિષ્ઠિરને રમતાં આવડતું નહિ તેથી દુર્યોધને પાંડવોને જુગટામાં હરાવી પાંડવોનું રાજ્ય તથા ધન પડાવી લીધું અને દ્રૌપદીને બહુ જ દુઃખ આપ્યું. બાકી રહ્યું હતું તે પાંડવોને ૧૨ વર્ષનો વનવાસ આપી તેમને પારાવાર દુઃખી કર્યા.

આ બધા અપાર દુઃખો જોઇ હું દુઃખના દરિયામાં ડુબી ગયો છું. પણ સંસારની માયાથી મોહિત થયેલો હું રાત–દિવસ ભ્રમણ કરૂં છું, મારૂં ચંચળ મન ભમ્યા કરે છે. મુનિશ્રેષ્ઠ! તમે બધું જાણો છો, તો કોઇ પણ ઉપાયે આપ મારો સંદેહ દૂર કરો. તમે એવો ઉપાય કરો કે, જેથી હું સંતાપ–રહિત થઇ સુખી થાઉં. ૬૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે 'વ્યાસજી અને નારદજી વચ્ચે વાર્તાલાપ' નામનો ૨૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૬ મો

### મોહથી વ્યાપ્ત નારદ

**વ્યાસ ઉવાચ**

ઇતિ મેં વચનં શ્રુત્વા નારદઃ પરમાર્થવિત્ ।
આમાહ ચ સ્મિતં કૃત્વા-
પૃચ્છન્તં મોહકારણમ્ ॥

વ્યાસજી બોલ્યાઃ મારૂં કહેવું સાંભળી જ્ઞાની નારદજી મનમાં હસીને મને કહેવા લાગ્યા: આ સંસારમાં મોહથી અલગ કોઇ રહી શકતું નથી. મોહને લીધે હું સ્ત્રી મેળવવા કેવો ફસાયો હતો તે કહું છું.... એક વખત હું અને પર્વત મુનિ પૃથ્વી પર ફરવા સ્વર્ગમાંથી નીકળી પડયા. અમે એવી શરત કરી હતી કે 'જેના મનમાં જે વિચાર ઉદ્ભવે તે તેણે બીજાને કહેવો.'

પૃથ્વીમાં અમે જાતજાતનાં તીર્થધામ જોતાં આનંદથી ફરતા હતાં. વર્ષાઋતુમાં અમે ફરતાં ફરતાં સંજય રાજાની નગરીમાં આવ્યા. સંજય રાજાએ અમારો આદર સત્કાર કર્યો અને એણે પોતાના મહેલમાં અમને રાખ્યાં. ત્યાં જ અમારૂં ચોમાસું વીતી ગયું. રાજાને દમયંતી નામે એક સુપુત્રી હતી, રાજાએ તેને અમારી સેવામાં રાખી હતી. હું અને રાજકુમારી એક–બીજા પર મોહિત થઇ ગયાં. તેથી તે સેવામાં ભેદભાવ રાખવા લાગી, આથી પર્વતમુનિને આશ્ચર્ય થયું. તેમનાથી સહન ન થતાં તેમણે એક વેળા મને પૂછયું: 'નારદ મામા! હમણાંથી રાજકુમારી તમારી સેવા પ્રેમથી કરે છે. અને મારા પ્રત્યે જેમતેમ વર્તે છે, તો શી વાત છે? જે કારણ હોય તે મને સ્પષ્ટ જણાવો. હાલ રાજકુમારી તમારા પ્રત્યે વધુ અનુરાગ રાખે છે તેથી મારા મનમાં સંદેહ ઉપજ્યો છે? મને લાગે છે કે દમયંતી તમને પતિ બનાવવા ઇચ્છે છે. તમે સ્વર્ગમાંથી નીકળતી વખતે આપણે કરેલી શરત ભુલી ગયા, મામા? કોઇ પણ વાત ગુપ્ત રાખવી નહિ, એક-

બીજાને પોતાના મનની વાત જણાવવી. આ પ્રતિજ્ઞા યાદ કરો.

પર્વતમુનિએ આવું કહ્યું એટલે મેં તે મારા ભાણેજને સાચી વાત કહી : 'તમારી વાત ખરી છે, અમો બન્ને એકબીજા પ્રત્યે આકર્ષાયાં છીએ, તે મને પતિ બનાવવા ઇચ્છે છે, અને હું પણ તેને પત્ની બનાવવા ચાહું છું.' આમ મેં સત્ય વાત કહી તો પર્વતમુનિ મારા પ્રત્યે ક્રોધાયમાન થઇ બોલી ઊઠયા : 'નારદ! તમને ધિક્કાર છે. આપણે શરત કરેલી છતાં તમે મને ઠગ્યો છે. આમ કરીને તમે 'મિત્રદ્રોહ' કર્યો છે, તેના ફળરૂપે હું તમને શાપ આપું છું કે તમે હમણાં જ 'વાનરમુખા' થઇ જાઓ.' અને તરત જ મારૂં મોઢું વાંદરા જેવું થઇ ગયું. મેં પણ પર્વતમુનિને શાપ આપ્યો કે 'હે પર્વત! તારે હવે સ્વર્ગમાંથી મૃત્યુલોકમાં જઇને વસવું પડશે.' આવો મારો શાપ સાંભળી પર્વતમુનિ મારી પાસેથી તે નગરમાંથી ચાલ્યા ગયા. પછી હું વાનરમુખો વીણાવાદન કરી રહ્યો હતો એવામાં રાજકુંવરી દમયંતી મારી સેવા કરવા આવી, અને મારૂં વિચિત્ર સ્વરૂપ જોતાં જ તે મારા પર અપ્રસન્ન થઇ ચાલી ગઇ.

વ્યાસે પૂછ્યું : બ્રહ્મન! આપ વાનરમુખા બની ગયા, પછી હતા તેવાં સુંદર કયારે અને કેવી રીતે બની ગયા? રાજકુંવરીએ શું કર્યું? પર્વતમુનિ કયાં ગયા? તે સર્વ વૃત્તાંત કહો.

નારદે કહ્યું : મહાભાગ! માયાની જાળ જ એવી છે કે તેમાં ભલભલા અટવાઇ જાય છે. પર્વતમુનિ મને ત્યજીને જતા રહ્યા. હું એકલો જ વાનરમુખો મહેલમાં રહ્યો. મારૂં મુખ વાનર જેવું થવાથી દમયંતી આવતી ત્યારે હું ઘણો સંકોચ અનુભવતો હતો. મારા દુઃખનો પાર નહોતો, તો પણ દમયંતી મારી સેવા કરવા આવતી હતી તેથી મને થોડોક આનંદ રહેતો હતો. સમય જતાં દમયંતીનું યૌવન પાંગર્યું. તે હવે પરણાવવા યોગ્ય ઉંમરની થઇ હતી તેથી રાજાએ મંત્રીને બોલાવી તેને લાયક વર શોધી લાવવાની આજ્ઞા કરી.

આ વાતની જાણ દમયંતીને થઇ એટલે તેણે પોતાની ધાવ મારફત પિતાને કહેવડાવ્યું. ધાવે રાજા પાસે જઇ હાથ જોડીને કહ્યું : 'મહારાજ! રાજકુમારી દમયંતીએ એમ કહેવડાવ્યું છે કે : 'હું આપણા મહેલમાં રહેલા બુદ્ધિમાન નારદને મનથી વરી ચૂકી છું.'

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં પષ્ઠમ સ્કંધ વિષે 'મોહયા વ્યાસ નારદજી' નામનો ૨૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૭ મો

### રાજકુમારી સાથે નારદજીનો વિવાહ

નારદ ઉવાચ :

તત્પુત્ર્યા વચનં શ્રુત્વા-
રાજા ધાત્રીમુખાત્તતઃ ।
ભાર્યાં પ્રોવાચ કૈકેયીં-
સમીપસ્થાં સુલોચનામ્ ॥

નારદજી બોલ્યા : ધાવમાતા મારફત દમયંતીની ઇચ્છા જાણી સંજય રાજાએ

પોતાની પત્ની કૈકેયીને કહ્યું : પ્રિયે ! દમયંતીની બુદ્ધિ બગડી ગઈ છે કે શું ? તેણે વાંદરા જેવા મુખવાળા નારદને પતિ તરીકે મનથી માની લીધો છે, તું વિચાર તો કર. કયાં એ ભીખમંગો અને કયાં આપણી રૂપરૂપના અંબારસમી દમયંતી ? તે શું જોઈને એ નારદ પર મોહી પડી છે, તે જ સમજાતું નથી, માટે તું દમયંતીને એકાંતમાં બોલાવી યુક્તિથી નારદ પ્રત્યેથી તેનું મન પાછું વાળ.'

રાણી કૈકેયીએ પછી કુંવરી દમયંતીને બોલાવી ઘણી સમજાવી, ઘણાં દૃષ્ટાંતો કહ્યાં પણ કુંવરી એકની–બે ના થઈ, તેણે મને નારદજીને વરવાની હઠ પકડી જ રાખી.

અને થોડા જ દિવસમાં હું દમયંતિને પરણી ત્યાં મહેલમાં જ તેની સાથે રહ્યો, પરંતુ મારૂં મોઢું વાંદરા જેવું હોવાથી મારી પત્ની દમયંતી મારી સેવા કરતી ત્યારે હું બહુ સંકોચ ને દુઃખ અનુભવતો હતો. પરંતુ દમયંતી મારાથી જરાયે ધૃણા કરતી નહોતી એ મારૂં સદ્‌ભાગ્ય હતું. આથી અમે બંને સુખરૂપ દિવસો વ્યતિત કરતા હતા.

એક દિવસ મહેલમાં હું અને દમયંતી વાર્તાલાપ કરતા આનંદથી બેઠા હતા એવામાં મારાથી શાપ પામેલા પર્વતમુનિ જે મારા ભાણેજ થાય તે એકાએક મહેલમાં અમારા ખંડમાં આવી ચડયા. તે તીર્થાટન કરીને ફરતા ફરતા આ બાજુ નીકળેલા તે ખાસ મને મળવા આવ્યા હતા. મેં એમને સત્કારી આસન ઉપર બેસાડયા. પરંતુ મને વાનર–મુખાને દમયંતી સાથે આનંદ કરતો જોઈ તેઓ મનમાં વિસ્મિત થયા. કારણ કે, આવા સ્વરૂપે પણ હું કુંવરી સાથે લગ્ન કરી આનંદથી રહેતો હતો. તેમને કુંવરીની સૌજન્યતા બદલ માન થયું. તેમણે મને આપેલો શાપ પાછો ખેંચી લેવા વિચાર્યું, પછી મને કહ્યું : 'હે નારદ ! તે વખતે ક્રોધને લીધે મારાથી તમને શાપ અપાઈ ગયો હતો તેને હવે હું દૂર કરૂં છું. મામા, મેં જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે તેના પ્રભાવથી તમે સુંદર મુખવાળા થઈ જાઓ.'

અને હું તરત જ સુંદર મુખવાળો થઈ ગયો. આ જોઈ મારી પત્ની દમયંતી હર્ષઘેલી થઈ ગઈ. તેણે માતા–પિતાને આ વાત કહી ત્યારે તેઓને પણ ઘણો જ હર્ષ થયો. રાજાએ પછી મારા ભાણેજ પર્વતમુનિને ઘણું ધન આપ્યું અને મને તો તેમનું બધું જ ઐશ્વર્ય ભોગવવા મળ્યું હતું. આ બધો મહામાયાનો જ પ્રભાવ હું સમજું છું.

હે મહાભાગ ! હવે મારો બીજો અનુભવ પણ તમે સાંભળો : એકવેળા હું નારાયણ સાથે વનમાં ફરી રહ્યો હતો, અમે બંને આનંદ–વિનોદની વાર્તા કરી રહ્યા હતા, એવામાં હું પુરૂષ મટીને સ્ત્રી બની ગયો. મારૂં સ્ત્રી સ્વરૂપ એટલું બધું સોહામણું હતું કે, એક

રાજા મને પરણ્યો અને મેં ઘણાં બાળકોને જન્મ આપ્યો હતો.

નારદજીના આવા વચન સાંભળી વ્યાસ મુનિએ કહ્યું : મુને ! તમે તો આ આશ્ચર્ય પમાડે તેવી વાત કહી, તમે પુરૂષમાંથી એકાએક સ્ત્રી કેવી રીતે બની ગયા અને સ્ત્રીમાંથી પાછા પુરૂષ કેવી રીતે બની ગયા ? મહામાયાના એ અદ્‌ભુત ચરિત્રને સંભળાવો. ૫૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'રાજકુમારી સાથે નારદનો વિવાહ' નામનો ૨૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૮ મો

### નારદ એકાએક સ્ત્રી બની ગયા

**વ્યાસ ઉવાચ :**

**નિશામય મુનિશ્રેષ્ઠ ગદતો મમ સત્કથામ્ ।**
**માયાબલં સુદુર્જ્ઞેયં મુનિભિર્યોગિવિત્તમૈઃ ॥**

નારદજી બોલ્યા : હવે તમને એ અદ્‌ભુત પ્રસંગ કહું છું : એક વેળા હું ભગવાન વિષ્ણુના દર્શનાર્થે શ્વેતદ્વીપમાં ગયો, તે વખતે નારાયણ લક્ષ્મીજી સાથે ક્રીડા કરી રહ્યા હતા. એકાએક મને આવેલો જોઇ લક્ષ્મીજી શરમાઇને ત્યાંથી ચાલ્યા ગયા આથી મેં ભગવાનને હાથ જોડીને કહ્યું : હે પદ્મનાભ ! મારા આગમનથી દેવી રોષ કરીને કેમ જતા રહ્યાં ? હું તો તપસ્વી, ઇંદ્રિયજીત છું, વળી માયાથી મોહિત થાઉં તેવો પણ નથી. માયા મને કંઇ જ કરી શકતી નથી. મારાથી સંકોચ રાખવાનું ન હોય.

મારા ગર્વ ભરેલાં વચન સાંભળી શ્રીહરિ મંદ હાસ્ય કરીને કહેવા લાગ્યા : નારદજી ! તમે જાણો છો કે પરપુરૂષના દેખતા સ્ત્રી પતિની સેવા કરે તે નીતિ–વિરૂદ્ધ કાર્ય ગણાય છે. વળી માયા એવી છે કે તેને ભલભલા યોગીઓ પણ જીતી શકયા નથી, તે માયામાં લપટાયા છે તો તમારી તથા બીજા દેવોની તો ગણતરી જ શી ?

નારાયણના વચનોમાં મને સંદેહ થવાથી મેં તેમને પૂછ્યું : રમાપતે ! તે માયા આટલી બધી અદ્‌ભુત છે, તો તેનું રૂપ, તેની આકૃતિ કેવી છે અને શકિત કેટલી છે ? એ મને જણાવો. માયાનું આટલું બધું પ્રાબલ્ય જોઇ એ માયા–મોહને જોવાની મને ઘણી જ ઉત્કંઠા થઇ છે.'

ભગવાન વિષ્ણુ કહે, સમસ્ત જગતને ધારણ કરવાની શક્તિ ધરાવનારી માયા અનેક રૂપવાળી છે, સંસારમાં સર્વત્ર એ વ્યાપ્ત છે, તમે એ માયાને જોવા આતુર છો તો આપણે બંને ગરૂડ પર બેસીને બીજા લોકમાં જઇએ, ત્યાં તમને અજેય માયા બતાવીશ, એટલે તે વિષેનો તમારો સર્વ સંદેહ મટી જશે.'

તુરત જ ગરૂડ પર બેસીને અમે બંને વૈકુંઠમાંથી નીકળ્યાં. નીચેના સર્વ પ્રદેશોની રમણિયતા જોતાં જોતાં અમે કાન્યકુબ્જ નજીક આવેલા એક રમણિય સરોવર આગળ ઊતર્યા. શ્રીહરિએ પ્રથમ એમાં સ્નાન કર્યું, પછી મને

સરોવરમાં સ્નાન કરવા કહ્યું અને મારી પાસેના મૃગચર્મ તથા વીણા લઇ લીધા, પછી સરોવરમાં જઇ સ્નાન કરતી વેળા મેં ડુબકી મારી મોઢું જળમાંથી બહાર કાઢ્યું તો હું પુરૂષ મટી સુંદર સ્ત્રી બની ગયો હતો. શ્રી વિષ્ણુ ત્યારે કિનારે જ ઊભા હતા, પરંતુ હું તેમને કંઇ કહેવા જાઉં ત્યાં તો શ્રીહરિ મારી વિણા ને મૃગચર્મ લઇ ગરૂડ પર બિરાજી આકાશમાર્ગે વૈકુંઠમાં ચાલ્યા ગયા.

આથી હું તો ભારે મુંઝવણમાં પડી ગયો. હું સ્ત્રીરૂપે સંકોચ અનુભવતો જળમાંથી કિનારે આવ્યો તે સાથે જ સુંદર વસ્ત્રો અને આભુષણોથી સજજ સુંદરી હું દેખાવા લાગ્યો. એવામાં ત્યાં આગળ કામદેવ જેવો સ્વરૂપવાન તાલ-ધ્વજરાજા ઘોડો દોડાવતો સરોવર કાંઠે આવી પહોંચ્યો. મને સ્વરૂપવતી સ્ત્રી રૂપે જોઇ તે મારા પ્રત્યે મોહ પામી મને પૂછવા લાગ્યો : હે કલ્યાણી ! તું આ નિર્જન પ્રદેશમાં ક્યાંથી આવી છો ? તું કોણ છો ? પરણેલી છો કે કુંવારી ? અહીંયા ઊભી ઊભી તું શું વિચારી રહી છે ? જો હજુ સુધી તારા વિવાહ ન થયા હોય તો તું મારા જેવા પતિને મેળવી જીવનભર યથેચ્છ સુખ-ભોગ ભોગવી શકે છે. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'નારદ એકાએક સ્ત્રી બની ગયા' નામનો ૨૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૯ મો

### સ્ત્રીરૂપે નારદ તાલધ્વજને પરણ્યા

નારદ ઉવાચ :

ઇત્યુક્તોઽહં તદા તેન રાજ્ઞા તાલધ્વજેન ચ ।
વિમૃશ્ય મનસાત્મર્થં તમુવચવિશાંપતે ॥

નારદ બોલ્યા : હું સુંદરીરૂપે સરોવર કાંઠે ઊભો હતો ત્યાં તાલધ્વજ-રાજાએ મારા પર મોહ પામી મને પૂછપરછ કરી ત્યારે મેં તેને ઉત્તર આપ્યો કે : 'રાજન ! હું અહીંયા ક્યાંથી આવી તેની તેમજ મારા માતા-પિતાની મને કંઇ જ ખબર નથી.

આશ્રય વિહોણી હું ઊભી....ઊભી વિચારતી હતી કે : 'મારે હવે અહીંથી ક્યાં જવું અને કોના આશ્રયે રહું ? આમ મારૂં કોઇ ન હોવાથી હું તમારે જ આધીન છું, તમારી ઇચ્છા પ્રમાણે હું વર્તીશ.'

તાલધ્વજ રાજા મને પાલખીમાં બેસાડી પોતાના નગરમાં લઇ ગયો. ત્યાં તેણે અગ્નિની સાક્ષીએ મારી સાથે લગ્ન કર્યું. આમ હું તાલધ્વજ રાજાની રાણી બન્યો. રાજાએ મારૂં નામ 'સૌભાગ્ય સુંદરી' રાખ્યું. અમે બને ભોગ-વિલાસમાં મગ્ન રહેતા તેથી સમય કેટલો વહી ગયો તેનું પણ રાજાને ભાન રહેતું નહિ. ભોગ-વિલાસ ને આહાર-વિહારે મારી વિવેકશક્તિ નષ્ટ કરી નાખી હતી. પહેલાં હું પુરૂષ હતો (નારદમુનિ હતો) એમાંનું કંઇ જ મને યાદ આવતું નહોતું.

આમને-આમ બાર-તેર વર્ષ પસાર

થયા ત્યાં હું ગર્ભવતી બની અને મેં એક પુત્રને જન્મ આપ્યો. રાજાના હર્ષનો પાર રહ્યો નહિ, તે પ્રસંગે તેણે ઘણું દાન કર્યું. મને પણ બહુ જ આનંદ થયો. વળી બે વર્ષ પછી મેં બીજા પુત્રને જન્મ આપ્યો. રાજાએ મોટા પુત્રનું નામ 'વીરવર્મા'ને નાનાનું નામ 'સુધન્વા' રાખ્યું હતું; રાજા ખૂબ વિલાસી હતો, તે મારાથી વિખુટો પડતો નહોતો પરિણામે રાજાના સંસર્ગથી બધા મળીને મને બાર પુત્રો થયા. તે બધાના પાલન માટે અમે પૂરતું ધ્યાન રાખતા હતા.

પરંતુ વિલાસી રાજાના સંસર્ગથી ક્રમે ક્રમે મારાથી બીજા આઠ પુત્રો ઉત્પન્ન થયા. આમ અમે પૂરેપૂરા ગૃહસ્થી બની ગયા હતા. છોકરાઓ જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ રાજાએ પરણાવવા માંડયા, પછી તેમને ય સંતાનો થવા લાગ્યા. આમ અમો રાજા–રાણી બે જણમાંથી બાવીસ જણનું વિશાળ કુટુંબ જોતજોતામાં થઇ ગયું.

આ બધા સુખમાં એકાએક વિઘ્ન આવી પડયું. કોઇ દુશ્મન રાજા અમારા રાજ્ય પર ચડી આવ્યો એટલે તેની સાથે લડવા મારા પતિ સિવાય પુત્રો–પૌત્રો બધા જ ગયા ને લડતા મરાયા ત્યારે હું બહુ કલ્પાંત કરવા લાગ્યો.... એટલામાં ભગવાન વિષ્ણુ બ્રાહ્મણ સ્વરૂપે મારી પાસે આવી કહેવા લાગ્યા : હે સુંદરી! તું શા માટે વ્યર્થ વિલાપ કરે છે? જગતમાં કોઇ કોઇનું નથી, બધી સ્વાર્થની સગાઇ છે.

મોહને લીધે બધા 'આ મારૂં છે, આ તારૂં છે, આ મારો પતિ છે, આ મારો પુત્ર છે.' એમ સમજે છે.

'માટે તું બધો ય શોક ત્યજી પ્રથમ નદીએ જઇ સ્નાન કરી લે, જેથી તને શાંતિ થશે.' હું નજીક આવેલા પેલા જ સરોવરમાં સ્ત્રીરૂપે જઇ સ્નાન કરવા પ્રવેશ્યો અને જળમાં ડૂબકી લગાવી માથું બહાર કાઢયું તો હું સ્ત્રી મટી પુરૂષ નારદ બની ગયો હતો. કિનારા પર જોયું તો ભગવાન વિષ્ણુ મૃગચર્મ અને વીણા લઇ ઊભા હતા. ભગવાનનાં દર્શન કરી હું જળમાં જ ઊભો વિચાર કરવા લાગ્યો કે હું તો જેવો હતો તેવો નારદ જ છું પણ માયાના પ્રભાવથી સ્ત્રી બની ઘરસંસાર માંડયો હતો. ત્યાં તો ભગવાને મને બૂમ પાડી : 'નારદ! ઝટ બહાર આવો કયારના જળમાં ઊભા રહી શું વિચાર કર્યા કરો છો?' મેં બહાર આવી કહ્યું : 'પ્રભો! હું એમ વિચારતો હતો કે, હું હમણાં તો સ્ત્રીરૂપે હતો, તો એકાએક પુરુષ કેવી રીતે બની ગયો? મારી જાતિનું રૂપાંતર એકાએક કેવી રીતે થઇ ગયું? મને જેણે સ્ત્રીરૂપે જોયો હશે તે પુરુષ રૂપે જોઈ ને શું વિચારશે? આથી હું આશ્ચર્યમુગ્ધ બની વિચાર કરતો હતો. ૬૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'સ્ત્રીરૂપે નારદ તાલધ્વજને પરણ્યા' નામનો ૨૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૦ મો

મહામાયાનો અદ્‌ભુત મહિમા

નારદ ઉવાચ:

**આંદષ્ટવાનારદંવિપ્રંવિસ્મિતોઽસૌમહીપતિઃ**
**કવગતામમભાર્યાસાકુતોઽયંમુનિસત્તમઃ ॥**

નારદ બોલ્યા : તાલધ્વજ રાજાને ખબર પડી કે તેની રાણી રૂપે રહેલો હું સરોવરમાં સ્નાન કરવા ગયો છું. તેથી સરોવર આગળ આવ્યો ને પોતાની સ્ત્રીને બદલે મને જોઇ આશ્ચર્ય પામ્યો. અરેરે, મારી રાણી અહીં સ્નાન કરવા આવી હતી તે કયાં ગઇ. અને અહીં નારદ મુનિ કયાંથી આવ્યા ? રાજા તો રાણી ન જોવામાં આવતાં વિલાપ કરવા લાગ્યો. 'હે પ્રિયે ! તારા વિના મારી સમૃધ્ધિ નકામી છે, તારા વિના હું એક ક્ષણ પણ નહીં જીવી શકું ? શું તું પાણીમાં ડૂબી ગઇ કે પછી કાચબા-માછલાં તને ખાઇ ગયા કે કોઇ તારૂં હરણ કરી ગયું છે ? અથવા તો એમ લાગે છે કે મારા દુર્ભાગ્યને કારણે તું વરૂણને હાથે જઇ પડી છું ? તેનો વિલાપ સાંભળી ભગવાન શ્રી વિષ્ણુએ તેને પૂછ્યું : 'રાજન્ ! તમારી પત્ની કયાં ગઇ છે કે આટલું બધું કલ્પાંત કરો છો. રડવાથી શું વળશે ? બધું પ્રારબ્ધને આધિન છે. મનુષ્યોના સંયોગ-વિયોગ સદા દૈવ પર આધાર રાખે છે. તને આજ સ્થળે તે મા-બાપની વગરની સુંદરીનો ભેટો થયો હતો, તેની સાથે તેં બહુ ભોગ-ભોગવ્યા ને આનંદ કર્યો છે. હવે એ ગુજરી ગુઇ ભુલી જા કાળ એનું કામ કર્યે જાય છે. આ બધી ભગવતી જગદમ્બાની માયા છે. જેનાથી આ બધું જગત મોહિત છે તું હવે એ મોહમાયાના આવરણને હટાવી જગદમ્બાની ભકિત કર.'

'સારૂં ભગવાન ! એમ જ થશે.' કહી તાલધ્વજ રાજા સરોવરમાં સ્નાન કરીને ત્યાંથી મહેલે ચાલ્યો ગયો. તે પછી મેં નારદે ભગવાન વિષ્ણુને કહ્યું: 'ભગવન્ ! તમે મારી ખરી અવદશા કરી, મને બરા-બરનો ઠગ્યો ? માયાની શક્તિ કેટલી બધી છે તે હવે મેં જાણ્યું.'

ભગવાન વિષ્ણુએ કહ્યું: 'નારદ ! આ બધું મહામાયાનું મનોરંજન છે. એના પ્રભાવથી પ્રાણીઓના શરીરમાં અનેક પ્રકારની સ્થિતિ ઉત્પન્ન થાય છે. કયારેક સ્વપ્નાવસ્થામાં જાતજાતના દ્રશ્યો જોવામાં આવે છે અને તે વખતે તે બધું સાચું જ લાગે છે. પરંતુ તે ભ્રમ હોય છે. તેવી રીતે મહામાયાનું એશ્વર્ય સમજવું કઠિન છે. માયાના પ્રભાવને જાણવા માટે બ્રહ્મા પણ સમર્થ નથી. તમે પોતે જ માયાનો પ્રભાવ જોયો. સ્ત્રીરૂપે કેટલાય પ્રકારના ભોગો તમારી સામે આવ્યા ને તમે એનો ભોગવટો પણ બહુ કર્યો, અને તે તેનું અદ્‌ભુત ચરિત્ર તમે જાણ્યું છે, છતાં તે વિષયમાં મને શું પૂછો છો ? ૫૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ટમ સ્કંધ વિષે

'મહામાયાનો અદ્‌ભુત મહિમા' નામનો

૩૦ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૩૧ મો

## ભગવતીની સહચરી માયા

વ્યાસ ઉવાચ

નિશામ્ય મહારાજ પ્રવીભિ વિશદા ક્ષરમ્ ।
માહાત્મ્યં ખલુ મયાયાનારદા-તુમવાશ્રુતમ્ ॥

વ્યાસ બોલ્યા : 'હે મહારાજા જનમેજય ! નારદ પાસેથી યોગમાયાનું માહાત્મ્ય મેં સાંભળ્યું છે તે વિસ્તારથી કહું છું. મેં નારદને પૂછ્યું: સરોવર કિનારેથી વિષ્ણુ ભગવાનના ઉપદેશથી રાજા ચ લ્યો ગયો. પછી ભગવાને તમને શું કહ્યુ ? તેઓ ત્યાંથી આપની સાથે ક્યાં પધાર્યા ?

નારદે કહ્યું : 'પછી ભગવાને મને કહ્યું કે નારદ, હું હવે વૈકુંઠમાં જાઉં છું, તમે પણ તમને ઠીક લાગે ત્યાં જાઓ.' એમ કહી તેઓ ગરુડ પર બેસી જતા રહ્યા. હું પણ ત્યાંથી બ્રહ્મલોકમાં ગયો. મારા પિતા બ્રહ્મા ત્યાં બ્રહ્મભવનમાં હતા. તેમની પાસે જઇ પ્રણામ કરીને એક આસન પર હું બેઠો, પણ મારો ચહેરો ચિંતાતુર જોઇ તેમણે મને પૂછ્યું : 'વત્સ ! આટલો બધો સમય તું ક્યાં હતો ? તારૂં મન ડામાડોળ લાગે છે, શું કોઇએ તને ઠગ્યો છે ? કંઇ અવનવું તારા જોવામાં આવ્યું છે ? જે કંઇ કારણ હોય તે મને કહે.'

નારદજીએ કહ્યું: 'મારા પિતા બ્રહ્માએ આમ કહ્યું એટલે મેં તેમને મહામાયાના પ્રભાવનું સઘળું વૃત્તાંત કહ્યું, પછી જણાવ્યું કે, ભગવાન વિષ્ણુએ પાથરેલી પ્રપંચજાળમાં હું એવો ફસાયો કે ઘણાં વર્ષો સુધી મારે સ્ત્રીરૂપે રહેવું પડ્યું, મારાથી ઘણાં પુત્રો ઉત્પન્ન થયા, તે બધા યુદ્ધમાં મરાયા એટલે પુત્રશોકથી મારે બહુ જ ક્લેશ ભોગવવો પડયો. પછી વિષ્ણુએ માયા સંકેલી લીધી એટલે સ્ત્રીસ્વરૂપે મેં સરોવરના જળમાં ડુબકી મારી તે સાથે જ પાછો હું પુરૂષ સ્વરૂપે નારદજી બની ગયો. આ માયાનું પ્રાબલ્ય બહુ છે, તો માયાને જીતવાનો કોઇ ઉપાય મને બતાવો.' તો મારા પિતા બ્રહ્મા બોલ્યા: 'વત્સ ! એ અતિ સામર્થ્યવાળી માયાને સારી રીતે જાણવા મારી બુદ્ધિ પણ કામ કરતી નથી. એવી માયાથી તારે શોક કરવા જેવું કે આશ્ચર્ય પામવા જેવું નથી, કારણ કે અમે બધા દેવો પણ માયાના પ્રભાવથી તેને વશ છીએ.'

નારદે કહ્યું : 'હે વ્યાસ મુને ! મારા પિતા બ્રહ્માના કહેવાથી મારો શોક મટી ગયો ને આશ્ચર્ય પણ મટી ગયું, પછી એમની આજ્ઞા લઇ હું તીર્થ કરવા નીકળેલો તે ફરતો....ફરતો અચાનક અહીં તમારી પાસે આવી પહોંચ્યો તો આપણા બન્ને વચ્ચે સત્સંગ થયો. હવે તમે પણ કૌરવોના નાશથી થયેલું દુઃખ અને મોહ ત્યજી દઇ ભગવતી જગદમ્બાની ઉપાસનામાં ચિત્ત પરોવી સુખરૂપ સમય વ્યતિત કરો. કર્મના ફળ દરેકને અવશ્ય ભોગવવા પડે છે.

વ્યાસે કહ્યું : હે જનમેજય રાજન !

આ પ્રમાણે મને ભલામણ કરી નારદ આગળ ચાલ્યા ગયા. અને હું તેમના કથન પર વિચાર કરતો સરસ્વતી તીરે રહ્યો. એ વેળા સારસ્વત કલ્પ ચાલતો હતો. એટલે સમય વીતાવવા માટે મેં ત્યાં રહી એકાગ્રતાથી દેવી ભાગવત રચવા માંડ્યું. આ દેવીભાગવત પુરાણ જીવાત્માઓના સર્વ સંશયોને છેદનારૂં, અનેક પ્રકારના ઉપાખ્યાનોવાળું તથા વેદના પ્રમાણોથી સભર છે. જેમ કોઇ મદારી કઠપૂતળીને પોતાની મરજી પ્રમાણે નચાવ્યા જ કરે છે. તેમ આ માયા પણ આ ચરાચર જગતને પોતાને વશ રાખી નચાવવામાં મગ્ન રહે છે. દેવ, દાનવ અને માનવ વગેરે સમસ્ત પ્રાણી જગત માયાને વશ રહે છે.

બ્રહ્માથી લઇ વનસ્પતિ સુધી જેટલા પંચેન્દ્રિયો સાથે સંબંધ રાખનારા દેવ, દાનવ તથા માનવ છે તે બધા મન અને ચિત્તને અનુસરે છે. સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો જ સર્વમાં કારણ છે. કાર્ય કારણને લઇને જ થાય છે. માયાથી ઉત્પન્ન થયેલા ત્રણે ગુણો અલગ અલગ સ્વભાવના હોય છે, કારણ કે શાંત, રૌદ્ર અને મૂઢ....એ ત્રણ પ્રકારના ભેદ એમાં જોવા મળે છે. એ બધા ગુણોના આશ્રયે રહેલો પુરૂષ એના સિવાય કેવી રીતે કાયમ રહી શકે? દેવ, માનવ કે પશુ-પક્ષી કોઇનું પણ શરીર ગુણરહિત થતાં જેમ માટી સિવાય ઘડો રહી શકતો નથી, તેમ તે તેવું કાયમ રહેતું નથી. ગુણોનો સંયોગ થવાથી જ બ્રહ્મા વગેરે પ્રધાન દેવોના ચિત્ત ક્યારેક પ્રસન્ન દેખાય છે, ક્યારેક ઉદ્વેગવાળાં દેખાય તો ક્યારેક ઉદાસ થઇ જાય છે. એજ રીતે સૂર્યવંશી તથા ચન્દ્રવંશી ચૌદ મનુ પ્રત્યેક યુગમાં ગુણોના વંશમાં રહી કાર્યભાર સંભાળે છે, તો પછી જગતમાં રહેનારી અન્ય સાધારણ વ્યક્તિઓની તો વાત જ શું કરવી? આ ચરાચર જગત માયાને જ વશ છે. જીવાત્માએ એમના ધ્યાન, પૂજન, નમસ્કાર અને જપમાં નિરંતર તત્પર રહેવું જોઇએ.

ભગવતી જગદંબાનું આ ચરિત્ર-માહાત્મ્ય અમે તેને ન સંભળાવવું પણ દેવી ભક્તિના પ્રેમી મોટાપુત્ર, ઉત્તમ શિષ્ય ને સદાચારીને જ સંભળાવવું. જે ભાવિક મનુષ્ય આ દેવી ભાગવત પુરાણનો ભક્તિપૂર્વક પાઠ કરે છે અથવા પરમ-ભાવથી તેને સાંભળે છે તે મનુષ્ય આ લોકમાં ધનવાન તથા જ્ઞાની થાય છે. ૬૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે
'ભગવતીની સહચરી માયા' નામનો
૩૧ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત-સ્કંધ છઠ્ઠો સમાપ્ત

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे नमः**

# શ્રીમદ્ દેવીભાગવત ખંડ-૨




## સ્કન્દ માતા

સ્કંધ સાતમો

# સ્કંધ સાતમો

## અધ્યાય ૧ લો

### સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ

સૂત ઉવાચ

શ્રુત્વૈતાંતાપસાદિવ્યાં કથાં રાજામુદાન્વિતઃ ।
વ્યાસંપપ્રચ્છધર્માત્માપરીક્ષિત્તસુતઃપુનઃ ॥

સૂત બોલ્યા : હે મહામુનિઓ! વ્યાસ મુનિના મુખેથી ભગવતી દેવીના મહિમાની એ દિવ્ય કથા સાંભળી અત્યંત હર્ષિત થયેલા, પરીક્ષિત રાજાના પુત્ર જનમેજય રાજાએ પુનઃ વ્યાસને પૂછ્યું: 'હે સ્વામિન્! હવે મારે સૂર્યવંશી તથા ચંદ્રવંશી રાજાઓનો ઇતિહાસ જાણવો છે, તો સર્વ પાપનો ક્ષય કરનારી તે રાજાઓની ચરિત્રો સહિતની કથા મને સંભળાવો. મારા જાણવામાં આવ્યું છે કે તે બન્ને વંશના રાજાઓ પરાશક્તિ ભગવતી દેવીના ભક્ત હતા.' આ સાંભળી સત્યવતીના પુત્ર મુનિશ્રેષ્ઠ વ્યાસ પ્રીતિ-પૂર્વક તે કહેવા લાગ્યા:

'હું તમને સુર્યવંશના, ચંદ્રવંશના તેમ જ બીજા વંશના રાજાઓની કથા કહું છું : ભગવાન વિષ્ણુ શેષશય્યા પર સૂતા હતા ત્યારે તેમની નાભિમાંથી ચતુર્મુખ બ્રહ્મા પ્રકટયા, તેમણે ઉગ્રતપ કરીને મહાદેવીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું, તે વરદાનના પ્રતાપે બ્રહ્માએ સૃષ્ટિ રચવાનો વિચાર કરી સાત માન-સપુત્રો ઉત્પન્ન કર્યા. તેઓના નામઃ મરીચિ, અંગિરા, અત્રિ, વસિષ્ઠ, પુલહ, ક્રતુ અને પુલસ્ત્ય હતા. એક વેળા બ્રહ્માના રોષથી તેમની ભ્રુકુટિમાંથી રુદ્ર પ્રકટયા, ખોળામાંથી નારદ પ્રકટયા, અંગુઠામાંથી દક્ષ ઉત્પન્ન થયા, એ જ પ્રકારે સનકાદિ માનસપુત્રો પણ ઉત્પન્ન થયા. તે પછી ચારમુખવાળા બ્રહ્માના ડાબા અંગથી સ્વરૂપવતી દક્ષની પત્ની ઉત્પન્ન થઈ, આજ શ્રી પુરાણમાં 'વીરિણી' અને 'અસિકની' નામથી પ્રસિદ્ધ છે. બીજા જન્મમાં મહર્ષિ નારદ દક્ષ પ્રજાપતિથી વીરિણીમાં જન્મ્યા હતા.'

જનમેજય કહે : હે બ્રહ્મન્! પ્રથમ આપે નારદને બ્રહ્માના માનસપુત્ર તરીકે કહ્યા. અને પછી જણાવ્યું કે: વીરિ-ણીથી જન્મ્યા હતા, તો આમાં મારે શું સમજવું? વળી નારદે કોના શાપથી પોતાનો પૂર્વનો દેહ કેવી રીતે ત્યજી પુનઃજન્મ લીધો હતો? આ સર્વ વૃત્તાંત સંભળાવો.

વ્યાસે કહ્યું : બ્રહ્માની ઇચ્છા પાર વગરની પ્રજા ઉત્પન્ન કરવાની હતી તેથી તે કાર્ય કરવા તેમણે દક્ષ પ્રજા-પતિને આજ્ઞા આપી. પછી દક્ષે પોતાની પત્ની વીરિણીમાં અત્યંત પરાક્રમી પાંચ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. પછી બ્રહ્માએ દક્ષના એ પાંચ હજાર પુત્રોને અગણિત પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી તો એકાએક નારદે આવીને એ પાંચ હજાર પુત્રોને કહ્યું કે: 'તમે વગર વિચાર્યું કામ ન કરશો. પૃથ્વી કેટલી મોટી છે તે તમે પ્રથમ ફરીને જાણી લો, પૃથ્વીની સીમા જાણ્યા પછી તમે તે કાર્ય કરશો તો અવશ્ય સફળ થશો, નહિતર તમે

હાંસીપાત્ર થશો.'

નારદનું વચન સાંભળી દક્ષના પાંચ હજાર પુત્રો 'હર્યશ્વો' કહેવાતા હતા તે તેમના વચન ઉપર વિશ્વાસ રાખી પૃથ્વીની સીમા જોવા નીકળી પડયા. તેઓ જુદી જુદી દિશાએ નીકળી પડયા.

જ્યારે દક્ષપ્રજાપતિને આ ખબર પડી ત્યારે તેમને ઘણું દુઃખ થયું. કારણ કે પ્રજાસૃષ્ટિનું કાર્ય તેઓ વગર સંભવિત નહોતું, આથી તેમણે બીજા ઘણા પુત્રો ઉત્પન્ન કર્યા પરંતુ નારદે તે બધાયને આડુંઅવળું સમજાવી પૃથ્વીના પટ પર મોકલી દીધા. આથી દક્ષપ્રજાપતિએ ક્રોધે ભરાઇ નારદને શાપ આપ્યો કે 'હે નારદ! તેં મારા બધાંય પુત્રોને વિનાશના માર્ગે મોકલ્યા છે, તેમ તારો પણ નાશ થાઓ. તેં કરેલા આ અધર્મને લીધે તારે ગર્ભવાસ કરવો પડશે, અને દક્ષના એ શાપને લીધે નારદ વીરિણીના ઉદરમાં ગર્ભવાસનું દુઃખ વેઠી પ્રકટયા. ત્યાર બાદ દક્ષપ્રજાપતિએ વીરિણીથી સાંઠ પુત્રીઓ ઉત્પન્ન કરી, આ બધી કન્યાઓમાંથી તેર કન્યા કશ્યપમુનિને પરણાવી, દસ કન્યા ધર્મને પરણાવી, સત્તાવીસ કન્યા ચન્દ્રને પરણાવી, બે કન્યા ભૃગુને આપી, ચાર કન્યા અરિષ્ટનેમીને પરણાવી, બે કન્યા અંગિરાને આપી અને બાકી રહેલી બે કન્યાઓને પણ અંગિરામુનિ સાથે પરણાવી દીધી.

જે બધા દેવો અને દાનવો જોવામાં આવે છે તે બધા જ દક્ષની એ કન્યાઓના પુત્રે પૌત્રો છે, પરંતુ તે બધાએ અતિ બળવાન, પરસ્પર વિરોધ કરનારા રાગ-દ્વેષથી યુક્ત, માયાવી અને શત્રુતા રાખનારા હતા. ૩૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'સૂર્યવંશી અને ચન્દ્રવંશી રાજાઓ' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### રાજા શર્યાતિની પુત્રી સુકન્યાની કથા

જનમેજય ઉવાચઃ

સમાખ્યાહિ મહા-ભાગ-રાજ્ઞા-
વંશં સુવિસ્તરમ્ ।
સૂર્યાન્વય પ્રસૂતાનાં ધર્મજ્ઞાનાં વિશેષતઃ ॥

જનમેજય રાજાએ પૂછ્યું: હે મહાભાગ! સૂર્યવંશના રાજાઓનો વિસ્તાર ઘણો મોટો છે, તેઓમાં જે ધર્મના રાગી રાજાઓ હતા તેઓના વંશ વિષે ખાસ જણાવો.

વ્યાસજીએ કહ્યું: સૂર્યવંશ વિષે નારદજી પાસેથી મેં જે શ્રવણ કર્યું છે તે તમને કહું છું: એક વખત પૃથ્વી પર વિચરી રહેલા નારદજી જ્યાં સરસ્વતી નદીને તીરે મારો આશ્રમ હતો ત્યાં આવ્યા, મેં તેમને પ્રણામ કરી આસન પર બેસાડી તેમની પૂજા કરી, પછી મેં પૂછ્યું: હે મુનિવર! આપે જ્યારે આપના પુનિત પગલાં મારા આંગણામાં કર્યા છે, તો મને સાતમાં મન્વંતરમાં થઇ ગયેલા વિખ્યાત રાજાઓ સંબંધી પવિત્ર કથા કહો.

નારદજી બોલ્યા: હે સત્યવતીના

પુત્ર વ્યાસજી ! તે રાજાઓની વંશાવલિ સાંભળો : ધર્મ અને જ્ઞાનથી સભર એ કથાઓ પુરાણોમાં પ્રસિદ્ધ છે. વિષ્ણુની નાભિમાંથી પ્રકટેલા બ્રહ્માએ જ્યારે સૃષ્ટિની રચનાનો વિચાર કર્યો ત્યારે સૌ પ્રથમ તેમણે દશહજાર વર્ષ તપ કરી શ્રેષ્ઠ શક્તિ જગદંબાનું ધ્યાન કર્યું હતું તે પછી જ તેમણે માનસપુત્રો પ્રકટ કર્યા હતા. તેમાં સૌ પ્રથમ માનસપુત્ર મરીચિ થયા, તે મરીચિથી કશ્યપનો જન્મ થયો. કશ્યપ સાથે દક્ષની તેર કન્યાઓ પરણી તે કન્યાઓથી 'દેવ, દાનવ, યક્ષ, સર્પ, પશુ અને પક્ષી ઉત્પન્ન થયા. એ સૃષ્ટિ 'કાશ્યપી સૃષ્ટિ' કહેવાય. સૂર્યવંશમાં 'વિવસ્વાન' નામે સૂર્ય થયા. તેમના પુત્રનું નામ વૈવસ્વત. જગતના શાસન કર્તા આ વૈવસ્ત મનુથી સૂર્યવંશમાં વૃદ્ધિ કરનાર ઇક્ષ્વાકુ થયા અને તે ઇક્ષ્વાકુથી પાછળ જન્મેલા નવ પુત્રો પણ તે મનુના હતા.

તેઓના નામ : 'ઇક્ષ્વાકુ, નાભાગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યન્ત, પ્રાંશુ, નૃગ, કરૂષ અને પુષધ્ર....આ નવ ભાઇ થયા. આ બધાએ 'મનુપુત્રો' તરીકે વિખ્યાત છે. આમાં સૌથી મોટા ઇક્ષ્વાકુને ૧૦૦ પુત્રોની પ્રાપ્તિ થઇ, તે ૧૦૦ પુત્રોમાં 'વિકુક્ષી' નામનો પુત્ર શ્રેષ્ઠ ગણાયો, જે નાભાગ હતો તેનાથી અંબરીષ ઉત્પન્ન થયો, આ અંબરીષ સત્યવાદી અને પ્રજાપાલક હતો. જે ધૃષ્ટ હતો તેનાથી ધાર્ષ્ટ ઉત્પન્ન થયો, આ ધાર્ષ્ટ ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણ થઇ બ્રાહ્મણનું કર્મ કરતો હતો, જે શર્યાતિ હતો તેનાથી 'આનર્ત' નામનો પુત્ર અને 'સુકન્યા' નામની પુત્રી ઉત્પન્ન થયા. આ સુકન્યાને શર્યાતિએ અંધ ચ્યવન મુનિને આપી હતી. એ પતિવ્રતા સુકન્યાના શીલ અને ગુણોના પ્રભાવથી અશ્વિનીકુમારોએ અંધ મુનિને નેત્રો આપી દેખતા કર્યા હતા.

હવે એ સુંદર સુકન્યાને શર્યાતિએ અંધમુનિને કેમ આપી તે વૃત્તાંત કહું છું : રાજા શર્યાતિને ચારહજાર કન્યાઓ પરણી હતી. તેમ છતાં તે બધાંની વચ્ચે રાજાને એક માત્ર 'સુકન્યા' નામે કન્યા–રત્નની જ પ્રાપ્તિ થઇ હતી. આથી તે સર્વને પ્રિય હતી.

શર્યાતિ રાજાના નગરથી થોડે દુર એક સુંદર સરોવર આવેલું હતું તેની નજીક એક પવિત્ર જગ્યા પર ચ્યવન મુનિ તપ કરતા હતા. તેઓ અન્ન–જળ ત્યાગીને ભગવતી જગદંબાના ધ્યાનમાં એટલા બધા મગ્ન રહેતા કે, એમના દેહ પર ચારે તરફથી વેલીઓ ચઢી ગઇ હતી, ને કીડીઓ પણ એટલી બધી ચડી ગઇ હતી કે ત્યાં જાણે માટીનો રાફડો હોય એવું જોનારને લાગે. એક વેળા શર્યાતિ રાજા પરિવાર સાથે તે બાજુ ફરવા નીકળ્યો....સાથે સુકન્યા પણ હતી. સખીઓ સાથે રમતી સુકન્યા એકાએક આ તપ કરી રહેલા મુનિ પાસે આવી. પણ ત્યાં રાફડાનું સ્વરૂપ થઇ ગયેલું એટલે કોઇને ખબર

ન પડે કે, અહીં કોઇ મુનિ બેસીને તપ કરી રહ્યા છે! રાફડામાંથી મુનિની બે ચમકતી આંખો જોઇ સુકન્યાને ખૂબ આશ્ચર્ય થયું.

આ શું ચમકી રહ્યું છે?' એમ કહી મુનિના બે નેત્રોમાં શૂળ (કાંટો) ભોંકી દીધી. જો કે, સુકન્યાથી રમત....રમતમાં આ દુષ્ટ-કૃત્ય થઇ ગયું હતું. પરંતુ તે કાર્ય દૈવપ્રેરણાથી થયું હતું. ચ્યવન મુનિ તો પોતાની બન્ને આંખો ફુટી જવાથી બહુ જ કષ્ટ પામ્યા, પણ એજ વખતે મુનિના તપથી એવી ઘટના બની કે શર્યાતિ રાજાના સૈનિકો. મંત્રીઓનાં મળ-મૂત્ર બંધ થઈ ગયા, સ્વયં રાજા અને તેના પરિવારનાં દરેકને આ કષ્ટ અણધાર્યું ઊભું થયું.

આથી રાજાએ સૈનિકોને પૂછયું: તમારાથી કોઈ અઘટિત દુષ્ટ-કૃત્ય થયું હશે તેથી આમ બન્યું છે, મને લાગે છે કે, સરોવર નજીક વર્ષોથી તપ કરી રહેલાં ચ્યવન મુનિને કોઇએ જાણતા કે અજાણતા હેરાન કર્યા લાગે છે, તેમના કોપથી બધાની આ દશા થઇ છે.' ત્યારે સૈનિકોએ કહ્યું કે: 'મન, વચન અને કાયાથી તેમનો કોઇથી કંઇ અપરાધ થયો હોય, એની અમને કંઇ જ ખબર નથી.' ૬૫

ઇતિ શ્રી દેવી ભાગવત મહાપુરાણમાં ષષ્ઠમ સ્કંધ વિષે 'રાજા શર્યાતિની પુત્રી સુકન્યાની કથા' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### સુકન્યા અંધ ચ્યવન મુનિને પરણી

વ્યાસ ઉવાચ:

ઇતિ પપ્રચ્છતાન્ સર્વાન્-
રાજા ચિન્તાકુલસ્તથા।
પર્યપૃચ્છત સુહૃદ્વર્ગં-
સામ્ના ચોગ્રતયાઽપિ ચ ॥

વ્યાસ બોલ્યા: મહાચિંતામાં પડેલા શર્યાતિ રાજાએ સૈનિકોને આમ કહ્યા પછી મહેલમાં સ્વજનોને પૂરપરછ કરી ત્યારે રાજકુમારી સુકન્યાએ સાચું કહ્યું કે 'હું ત્યાં આગળ રમતી હતી અને રાફડામાં રહેલા મુનિની બે આંખોમાં મેં અજાણપણે શૂળ ભોંકી દીધી, પછી તે કાંટા મેં જોયા તો લોહીવાળા ભીના હતા અને 'હા....હા' એવો ત્યાં કરૂણ ચિત્કાર પણ સાંભળ્યો હતો. આ કામ મારાથી રમત-રમતમાં થઇ ગયું છે, મારાથી શું થઈ ગયું તેનું મને હજુ સુધી ભાન નથી.'

જ્ઞાની રાજા આ સાંભળી સમજી ગયો કે સુકન્યાથી ચ્યવન મુનિનો અપરાધ થયો છે, તેથી જ આપણે બધા કષ્ટ પામી રહ્યા છે. પછી શર્યાતિ રાજા સુકન્યાને લઇ તે રાફડા-ચ્યવનમુનિ પાસે ગયો અને મુનિને પ્રણામ કરી કહેવા લાગ્યો: 'હે તપસ્વી મુનિ! મારી કન્યા સુકન્યાએ રમત-રમતમાં અજાણતામાં આપની આંખોમાં શૂળ ભોંકી આપને દુ:ખી કર્યા છે, તો આપ કૃપા કરી તેને ક્ષમા કરો.'

આ સાંભળી ચ્યવન મુનિએ કહ્યું:

'રાજન્ ! ક્રોધ કરવાનું મારા સ્વભાવમાં નથી, તારી પુત્રીને મેં તે દુષ્કૃત્ય કરતાં જોઇ હતી છતાં મેં તેને શાપ આપ્યો નથી, હું નિર્દોષને આથી ઘણું કષ્ટ ભોગવવું પડયું છે, ને તે કારણે જ તમે બધા દુઃખી થઇ રહ્યા છો. મારા જેવા દેવીભક્તને હેરાન કરનાર કયાંથી સુખી રહી શકે ? મને હવે એ ચિંતા થાય છે કે મારા આ અંધાપામાં હું શું કરીશ ? મારી સેવા કોણ કરશે ?'

રાજાએ કહ્યું : 'હે મહારાજ ! બધી ચિંતા આપ ન કરો. મારા સેવકો તમારી સેવા સારી રીતે કરશે.'

ચ્યવન મુનિએ કહ્યું : સેવકો મારી સેવા શું કરી શકવાના છે ? જો તું સાચા હૃદયથી મને ક્ષમા આપવા માટે કહેતો હોય તો તારી કમળ જેવા નયનોવાળી કન્યા મારી સેવા અર્થે આપ. હું તારી પુત્રી સુકન્યા પર પ્રસન્ન છું, એ હશે તો હું સારી રીતે તપ કરી શકીશ; એમ કરવાથી આપણે બંને સુખી થઇશું. પછી તમો સર્વને જે આકસ્મિક કષ્ટ આવી પડયું છે તે તુરત જ દુર થઇ જશે અને મારી સેવા માટે તારી કન્યા મળશે એટલે મારૂં દુઃખ પણ દૂર થઇ જશે.'

શર્યાતિ રાજાને માથે તો ધર્મસંકટ આવી પડયું. સુંદર આશા ભરી સુકન્યાને આવા અંધ-ચ્યવન મુનિને કેમ અપાય ? તો તો બિચારીની જિંદગી જ ધુળધાણી થઇ જાય ને ?

સુકન્યા ઘણી ચતુર અને દયાળુ હતી. પિતાજીની મુંઝવણ જોઇ તે પાસે આવી કહેવા લાગી : 'પિતાજી ! આપ ચિંતા ત્યજી દો. હું પોતે રાજી-ખુશીથી તે અંધાપાથી વ્યાકૂળ બનેલા મુનિ પાસે જઇશ, એમને આશ્વાસન આપીશ અને આત્મદાન કરી એમને પ્રસન્ન રાખવા મારાથી બનતા પ્રયત્નો કરીશ.'

પછી શર્યાતિ રાજાએ ચ્યવન મુનિ સાથે સુકન્યાને વિધિપૂર્વક પરણાવી. હવે મુનિ પ્રસન્ન થયા હોવાથી બધાને જે મળ-મૂત્ર રોકાઇ ગયા હતાં તે કષ્ટમાંથી સૌ નિવૃત્ત થયાં. રાજાએ પછી મુનિને અને સુકન્યાને ઘણું દ્રવ્ય વસ્ત્રો, અલંકારો આપવા માંડયા તો શાણી સુકન્યાએ કહ્યું : 'પિતાજી ! અમારે આમાંનું કંઇ જ જોઇતું નથી, અમારે વલ્કલ અને મૃગ-ચર્મની જરૂર પડે માટે તે આપો; મારે હવે મુનિ પત્નીના વેષમાં રહી મુનિની સેવા કરવાની છે.'

શર્યાતિ રાજાએ પછી સજળ નયને સુકન્યાને વલ્કલ અને મૃગચર્મ અર્પણ કર્યાં એટલે સુકન્યાએ પોતાના કુંવરી તરીકેનાં વસ્ત્રો-આભુષણો ત્યજીને મુનિ-પત્નીનો વેષ ધારણ કર્યો.

આ વખતે ત્યાં હાજર રહેલાં સર્વની આંખો આંસુભીની થઇ ગઇ. આ વખતે ત્યાં રાજાનો સર્વ પરિવાર હાજર હતો. સુકન્યાએ છાલનાં વસ્ત્રો ધારણ કર્યાં ત્યારે બધી રાણીઓ ખૂબ જ રડી પડી. જયારે બધા સ્વસ્થ થયાં ત્યારે સર્વ પરિવારથી વીંટળાયેલા તે

રાજા અંધ ચ્યવનમુનિને અર્પણ કરેલી પુત્રી સુકન્યાને પૂછી તેને ત્યાં મૂકી શોકાતુર વદને પોતાના મહેલે પાછો ફર્યો. ૬૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'સુકન્યા અંધ ચ્યવનમુનિને પરણી' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### પતિ–સેવા કરતી સુકન્યાની કસોટી

વ્યાસ ઉવાચ :

ગતેરાજનિ સા બાલા પતિસેવા પરાયણા ।
બભૂવ ચ તથાગ્નીનાં સેવને ધર્મ તત્પરા ॥

વ્યાસ બોલ્યા : માતા–પિતા તથા સર્વ કુટુંબીઓ ત્યાંથી મહેલે ગયા પછી સુકન્યા પતિ–સેવા કરવામાં તત્પર થઇ.

એક સમયે સૂર્યના બંને પુત્રો–અશ્વિનીકુમારો ફરતા ફરતા ચ્યવનમુનિના આશ્રમ સમિપ આવી પહોંચ્યા. આ વખતે સુકન્યા નદીએ સ્નાન કરીને આશ્રમ તરફ આવી રહી હતી. તેને જોઇ અશ્વિનીકુમારો આશ્ચર્યમુગ્ધ થઇ તેની પાસે જઇને કહેવા લાગ્યા : 'સુંદરી ! જરાક થોભી જાઓ, અમે બંને સૂર્યપુત્રો અશ્વિનીકુમારો છીએ, હે સુનયને ! તમે કોનાં સુપુત્રી છો, તમારા ભાગ્યશાળી પતિ કોણ છે ?

લજ્જાશીલ સુકન્યાએ કહ્યું : હું શર્યાતી રાજાની કુંવરી છું, ચ્યવનઋષિ મારા પ્રાણપતિ છે. મારા પિતાએ સ્વેચ્છાથી મને તે અંધ મુનિને સોંપી છે, હું પતિવ્રતા ધર્મ પાળું છું. આશ્રમમાં આપ પધારો, આપને મળીને મારા પતિને આનંદ થશે.

સુકન્યાએ આમ કહ્યું એટલે અશ્વિનીકુમારો જે તેના પર મોહ પામ્યા હતા તેમણે સુકન્યાને કહ્યું : 'તારા જેવી સુંદરીને આ વલ્કલ, મૃગચર્મ શોભતાં નથી, તારું યૌવન તારા અંધપતિની સેવામાં જ વેડફાઇ જશે, માટે તું તે વૃદ્ધ અને અંધ મુનિને છોડી અમારા બન્નેમાંથી એકને પસંદ કરી જિંદગીભર સુખભોગ ભોગવ. આ નિર્જન વનમાં વૃદ્ધ પતિ સાથે તને શું સુખ મળવાનું છે ? હે ચંદ્રમુખી ! તારી કાયા અત્યંત કોમળ અને સોહામણી છે. તું જાતે કંદમૂળ, ફળ તેમજ જળ લઇ આવે તે તને શોભતું નથી. ૬૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'પતિસેવા કરતી સુકન્યાની કસોટી' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### ચ્યવનમુનિને યૌવન તથા નેત્રની પ્રાપ્તિ

વ્યાસ ઉવાચ

તયોસ્તદ્ભાષિતં શ્રુત્વા વેપમાના નૃપાત્મજા ।
ધૈર્યમાલંબ્ય તૌ તત્ર બભાષે–મિતભાષિણી ॥

વ્યાસ બોલ્યા : સૂર્યપુત્ર બંને અશ્વિનીકુમારોનું કહેવું સાંભળી રાજકન્યા સુકન્યા ધ્રુજવા લાગી, પછી સ્વસ્થ થઇને કહેવા લાગી : 'દેવો ! તમે ભગવાન સૂર્યના પુત્રો હોઇ સર્વજ્ઞ તેમજ દેવોના શિરોમણિ છો. હું ધર્મની મર્યાદાનું નિત્ય પાલન કરતી એક સતી સ્ત્રી છું. મને તમારે આવી અઘટિત વાત કહેવી ન જોઇએ. મારા પિતાએ મારી ઇચ્છાથી જ

આ યોગધર્મીં મુનિને મને સોંપી છે, પછી દુષ્ટ સ્ત્રીઓ જે માર્ગે જાય છે તે માર્ગ પર હું પગ કેવી રીતે રાખું? આ મિથ્યા જગતના ધાર્મિક નિર્ણયને જાણનારા તમે આડી અવળી વાત કર્યા વિના બન્ને જ્યાં જવા ચાહતા હો ત્યાં ચાલ્યા જાઓ, નહિ તો તમે મારા શાપનો ભોગ બની જશો. હું પતિવ્રતાધર્મને પાળતી રાજા શર્યાતિની કન્યા સુકન્યા છું.'

સુકન્યાના કથનથી અશ્વિનીકુમારો આશ્ચર્યમાં પડી ગયા. મુનિવર ચ્યવન શાપ આપશે એ ભયથી હૃદયમાં શંકિત થઇ ઊઠયા. એમણે સુકન્યાને કહ્યું : 'હે સર્વાંગ સુંદર રાજકુમારી! તારા આ ધર્મપાલનથી અમારું હૃદય દ્રવિત થયું છે. તું તારા કલ્યાણઅર્થે અમારી પાસે ઇચ્છિત વરદાન માગ. અમે દેવોના વૈદ્ય છીએ. તારા વૃધ્ધ પતિને સુંદર યુવક પુરૂષ બનાવવાની અમારામાં શકિત છે. તારી ઇચ્છા હશે તો તારા પતિને અમે અમારા જેવા જ બનાવીશું, પછી અમારા ત્રણમાંથી તું કોઇ એકને પતિ તરીકે ચૂંટી લેજે.' અશ્વિનીકુમારોને આમ કહેતા સાંભળી સુકન્યા આશ્ચર્ય અનુભવતી ત્યાંથી પોતાના પતિ ચ્યવનમુનિ પાસે જઇ તેમને કહેવા લાગી : 'ભગવન્! હમણાં આપના આશ્રમમાં સુર્યના સુપુત્રો બન્ને અશ્વિનીકુમારો પધારવાના છે. મને જોઇ તેઓ કામાસકત થઇ ગયા છે. તેમણે મને કહ્યું કે 'અમે તારા વૃદ્ધ પતિને નવયુવક, દિવ્ય શરીરવાળા અને નેત્રોવાળા બનાવી દઇશું. પરંતુ એક શરત છે કે જયારે અમે તારા પતિને અમારા જેવા યુવાન બનાવી દઇએ ત્યારે અમારા ત્રણમાંથી એકને પતિ તરીકે તારે સ્વીકારવો.' એમની આવી વાત સાંભળી હું આપને પૂછવા માટે આવી છું. માટે આપ સર્વજ્ઞ મને આજ્ઞા આપો તે પ્રમાણે કરવા હું તૈયાર છું.'

ચ્યવનમુનિએ કહ્યું : સુનયને! મારા કહેવાથી તું દિવ્ય ચિકિત્સકો અશ્વિનીકુમારો પાસે જા અને તેમને મારી પાસે જલદી બોલાવી લાવ. અને કંઇ પણ વિચાર્યા સિવાય તેમની વાત સ્વીકારી લે.

વ્યાસે કહ્યું : ચ્યવનમુનિએ આજ્ઞા આપી એટલે સુકન્યા દેવકુમારો અશ્વિનીકુમારોને આશ્રમમાં બોલાવી લાવી. તેમણે સુકન્યાને કહ્યું: 'તારા પતિ સામેના જળાશયના પાણીમાં ઊતરે.' સુંદર બનવાની ઇચ્છાવાળા ચ્યવનમુનિ એ સાંભળી તરત જ પાણીમાં ઊતર્યા. પછી એ બન્ને અશ્વિનીકુમારો પણ એ સરોવરમાં ઊતર્યા. પછી તરત જ ત્રણ પુરુષો સરોવરમાંથી નીકળ્યા. તે ત્રણે એકસરખાં દિવ્ય કુંડળો અને અલંકારોથી શોભતા હતા. તેઓ એકસાથે બોલી ઊઠયા : 'ભદ્રે! અમારા ત્રણમાંથી તને જે ગમે તેને પતિ તરીકે સ્વીકારી લે. જેના તરફ તને વધુ પ્રેમ હોય તેને તું વર.'

વ્યાસમુનિ બોલ્યા : દેવકુમારો જેવી

એ ત્રણે વ્યકિત રૂપ, રંગ, અવસ્થા, સ્વર અને વેષભુષામાં બિલકુલ એક સરખી જ જણાતી હતી.

દરેકની આકૃતિ એકસરખી હતી. એમને જોઇ સુકન્યા વિચારમાં પડી ગઇ. તેના પતિ કોણ છે તે બરોબર સમજી શકી નહિ અને ગભરાઇને વિચાર કરવા લાગી : 'હું શું કરૂં ? આ ત્રણે એક-સરખા છે. આમાં મારા પતિ કોણ હશે ? અરે ! મારા આગળ આ ઘણી કઠિન સમસ્યા આવી પડી છે. દેવોએ ફેલાવેલી આ ઇન્દ્રજાળ મારા માટે તો મૃત્યુ સરખી છે. આમાં મારે શું કરવું ? મારા પતિને છોડી હું બીજાને કોઇ પણ રીતે સ્વીકારીશ નહિ.' આમ મનમાં વિચારી સુકન્યા ભગવતી જગદંબાનું ધ્યાનપૂર્વક સ્તવન કરવા લાગી.

સુકન્યા બોલી : હે જગદમ્બા ! અત્યંત દુઃખથી ઘેરાયેલી હું તમારે શરણે છું. હે કમલાસન પર બિરાજતાં શંકરપ્રિયે દેવી ! આપના ચરણમાં હું વારંવાર મસ્તક નમાવું છું. મારા સતી-ધર્મની રક્ષા તમારા પર રહેલી છે. હે લક્ષ્મી ! વેદમાતા ! સરસ્વતી ! હું તમને પ્રણામ કરૂં છું.

આ સ્થાવર-જંગમ જગત તમે રચ્યું છે માટે સાવધાનીથી તેનું રક્ષણ કરવું એ તમારો સ્વાભાવિક ગુણ છે. જ્યારે સંસારને સમેટી લેવા વિચારો છો ત્યારે તમે એને પોતાનામાં લીન કરી દો છો. વળી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનાં આપ જનની છો. અજ્ઞાનીઓને આપ ઉત્તમ બુદ્ધિ આપો છો. જ્ઞાનીઓ તમારી ઉપા-સના કરીને સદાયને માટે મુકત થાય છે. પરમપુરૂષ ને પ્રિય એનારાં પૂર્ણ પ્રકૃતિ-રૂપ દેવી તમને બધા જાણી શકતા નથી. શ્રેષ્ઠ વિચારક વ્યકિતઓને તમારી કૃપાથી ભોગ અને મુકિત સદા સુલભ બને છે. પ્રાણી માત્રનાં સુખના સાધન આપ છો. અજ્ઞાનીઓ દુઃખ પામે છે. એ પણ તમારી જ લીલા છે. હે માતા ! તમે યોગીઓને સિદ્ધિ, વિજય અને કિર્તિ આપો છો. હાલમાં વિસ્મયમાં પડેલી હું તમારેજ શરણે છું. માતા ! હું આ શોક–સાગરમાં ડુબકીઓ ખાઇ રહી છું. માટે મને આમાંથી મારા પતિદેવ બતાવો, કારણ કે, આ દેવોએ ફેલાવેલી કપટજાળથી મારી બુદ્ધિ બ્હેર મારી ગઇ છે. હું આમ ત્રણમાંથી પતિ કોને ગણું ? મારા પ્રાણપતિને તમે જ બતાવો. હું સતી–ધર્મને પૂર્ણ રીતે પાળું છું તે તમે સારી રીતે જાણો જ છો.'

સુકન્યાની ભકિતપૂર્વકની સ્તુતિથી પ્રસન્ન થયેલાં દેવીએ તેના હૃદયમાં જ્ઞાન ઉત્પન્ન કર્યું જેથી તે પોતાના સ્વામિને ઓળખવામાં સફળ થઇ. તેણે પછી ત્રણે યુવાન પુરૂષો પર દષ્ટિપાત કર્યો તે સાથે જ એણે પોતાના સાચા પતિ ચ્યવન મુનિને ઓળખી બતાવ્યા. એથી અશ્વિનીકુમારો સુકન્યાનું સતી-પણું જોઇ પ્રસન્ન થયા. તેઓ સુકન્યાને વરદાન આપી, ચ્યવન મુનિની આજ્ઞા લઇ જવા માટે તૈયાર થયા, ત્યારે

ચ્યવનમુનિ પ્રેમથી કહેવા લાગ્યા: 'દેવવરો ! સૂર્યપુત્રો ! આપે મારા પર ઘણો ઉપકાર કર્યો છે. અંધ, વૃદ્ધ ને મંદભાગી હું સુંદર સ્ત્રીને મેળવ્યા છતાં નિર્જન વનમાં પડ્યો હતો તેને આપે નેત્ર, યુવાની અને અદ્દભુતરૂપ આપ્યું છે. એથી મારી હાર્દિક ઇચ્છા છે કે હું આપને કોઇ અભીષ્ટ પદાર્થ આપું. આપે મને નવીન શરીર (નવજીવન) આપ્યું છે એ ઋણમાંથી છૂટવા માટે દેવો અને દાનવોને અલભ્ય એવો પદાર્થ હું તમને આપીશ. આપ મને આપના મનની ઇચ્છા કહો.'

અશ્વિનીકુમારોએ કહ્યું: 'મુનિવર ! દેવોની સાથે બેસીને સોમપાન કરવાની અમારી ઇચ્છા બાકી રહી ગઇ છે, જ્યારે યજ્ઞમાં સોમપાન કરવાનો અવસર આવે છે ત્યારે દેવો અમને વૈદ્ય સમજી પાન કરવા દેતા નથી. સુમેરૂ પર્વત પર બ્રહ્માજીએ યજ્ઞ કરેલો તેમાં ઇન્દ્રના વિરોધથી અમને સોમરસ પીવા મળ્યો નહોતો, તો આપ સોમરસ પાનનો અધિકાર અમને મળે એમ કરો.'

ચ્યવન મુનિ બોલ્યા : 'તમે મારા પર ઉપકાર કર્યો છે એટલે હું ટૂંક સમયમાં આપને બંનેને સોમરસનાં અધિકારી બનાવીશ. હાલમાં શર્યાતિ રાજાને ત્યાં યજ્ઞ થઇ રહ્યો છે તેમાં ઇન્દ્રને છેતરીને હું તમને સોમપાન કરાવીશ.' એ સાંભળી આનંદિત થયેલા અશ્વિનીકુમારો સ્વર્ગમાં ગયા ને ચ્યવન ઋષિ પણ સુકન્યા સાથે પોતાના આશ્રમમાં ગયા. ૫૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે ચ્યવન મુનિને યૌવન તથા નેત્રની પ્રાપ્તિ' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### શર્યાતિ રાજાએ કરેલું યજ્ઞાનુષ્ઠાન

જનમેજય ઉવાચ :

ચ્યવનેન કથં વૈદ્યો તો કૃતૌ સોમપાયિનૌ ।
વચનં ચ કથં સત્યં જાતં-
તસ્ય મહાત્મનઃ ।।

જનમેજયે પૂછ્યું : ચ્યવન મુનિએ તે બંને અશ્વિનીકુમારોને શી રીતે સોમપાનના અધિકારી બનાવ્યા ? ઇન્દ્રે જેમને સોમપાન વગરના રાખ્યા તેવા તે વૈદ્યોને અધિકારી બનાવવામાં ચ્યવનમુનિ શી રીતે સફળ થયા ? તે મને કહો.

વ્યાસજીએ કહ્યું : 'રાજન્ ! રાજા શર્યાતિના યજ્ઞમાં ચ્યવન મુનિ પધાર્યા હતા તે કથા હું સંભળાવું છું. એક વખત શર્યાતિ રાજાની પત્ની પોતાની પુત્રી સુકન્યા સંબંધી ચિંતામાં રડતી રાજાને કહેવા લાગી : 'રાજન્ ! આપે એક અંધ મુનિ સાથે આપણી પુત્રીને આપી દીધી છે, તેની કેવી હાલત છે તેની તપાસ તો કરો !'

શોકથી ઘેરાયેલી પત્નીને સાથે લઇ રથમાં બેસી રાજા પોતાની પુત્રીને મળવા માટે મુનિના આશ્રમ તરફ જવા નીકળ્યો. પરંતુ આશ્રમ પાસે આવતાં એક દેવકુમાર જેવા યુવાન મુનિ તેમના જોવામાં આવ્યા.

એથી તેઓ ભ્રમણામાં પડયા કે

સુકન્યાએ લોકમાં નિંદા થાય એવું કર્મ તો નથી કર્યું ને? વૃદ્ધ ચ્યવન મુનિ કદાચ મરણ પામ્યા હોય અને પુત્રીએ કોઇ બીજો પતિ કર્યો હોય, કારણ કે શાંતચિત્તવાળો કે નિર્ધન મનુષ્ય પણ કામની પીડાથી નિંદિત કર્મ કરી બેસે છે.

આમ ચિંતા કરી રહેલા રાજા શર્યાતિ પર એકાએક સુકન્યાની નજર પડી. પોતાના પિતાને વ્યાકૂળ જોયા એટલે તરત જ તેમની પાસે દોડી આવી પૂછવા લાગી : 'પિતાજી! અહીં બેઠેલા આ નવયુવક મુનિને જોઇને આપ મનમાં મારા પ્રત્યે ખરાબ વિચારો છો? પણ એ જ મારા પતિદેવ ચ્યવનમુનિ છે, માટે આપ ચિંતા–વિષાદ છોડીને મારા આ પતિદેવને પ્રણામ કરો.'

પુત્રી સુકન્યાની વાત સાંભળી તેના પિતાએ મુનિ પાસે જઇ પ્રણામ કરીને પૂછ્યું : 'મુને! આપનું સઘળું વૃત્તાંત મને વિસ્તારથી કહો. આપની આંખો શી રીતે સારી થઇ ને વૃદ્ધાવસ્થા ક્યાં ચાલી ગઇ? બ્રહ્મન્! આપનું આવું સુંદર રૂપ જોઈ મને ઘણો સંદેહ થયો છે.'

ચ્યવનમુનિ બોલ્યા: દેવવૈદ્ય અશ્વિની-કુમારોએ અહીં આવી મારા પર ઉપકાર કર્યો છે. અને એના બદલામાં મેં એમને વરદાન આપ્યું છે કે 'તમને બન્નેને રાજા શર્યાતિના યજ્ઞમાં સોમરસપાનના અધિકારી બનાવીશ.' મહારાજ! આ રીતે એ સુર્યપુત્રો પાસેથી નેત્રો અને આ યુવાની મને મળી છે. આપ શાંતિથી આ આસન પર બેસો.'

ચ્યવનમુનિએ એક કહ્યું એટલે રાણી સાથે રાજા આસન પર બેઠો. મુનિએ પછી સઘળી હકીકત રાજાને સંભળાવી પછી આશ્વાસન આપતાં ચ્યવનમુનિએ શર્યાતિને કહ્યું : 'મહારાજ! આપને ત્યાં આચાર્ય થઇને હું યજ્ઞ કરાવીશ. તમે સઘળી સામગ્રી એકઠી કરો. 'મારા પ્રયાસથી તમે લોકો સોમરસપાન કરશો.' આવી પ્રતિજ્ઞા મેં અશ્વિનીકુમારો આગળ કરી છે અને તે આપના વિશાળ યજ્ઞમાં જ તે પૂર્ણ થશે. અને એ યજ્ઞમાં ઇંદ્ર કોપશે તો મારા તપના પ્રભાવથી હું તેને શાંત કરી દઇશ. પછી અશ્વિનીકુમારો સહેલા-ઇથી સોમરસ પી શકશે.'

ચ્યવનમુનિનું કહેવું સાંભળી શર્યાતિ-રાજા પ્રસન્ન થયો અને ચ્યવનમુનિનો આદરસત્કાર કરી પછી રાણીના સાથે પોતાના નગરમાં જવા માટે નીકળ્યો. તે પછી રાજા શર્યાતિએ શુભ મુહૂર્તમાં એક ભવ્ય યજ્ઞમંડપ બનાવડાવ્યો. અને યજ્ઞ માટે વસિષ્ઠ વગેરે મુનિઓને નિમં-ત્રણ આપ્યાં. એ રીતે બધી તૈયારી થયા પછી ભૃગુવંશી ચ્યવનમુનિએ આચાર્ય-પદે રાજા શર્યાતિના યજ્ઞનો પ્રારંભ કર્યો. એ મહાયજ્ઞમાં ઇંદ્ર વગેરે બધા દેવો આવ્યા હતા. પરંતુ સોમરસ પીવાની ઇચ્છાથી આવેલા અશ્વિનીકુમારોને ત્યાં જોઇ ઇંદ્રને મનમાં શંકા થઇ આવી. તે બધા દેવોને પૂછવા લાગ્યો : 'આ અશ્વિ-નીકુમારો તો વૈદ્યો છે માટે સોમરસ

પીવાના અધિકારી નથી તો પછી એમને અહીં કોણે બોલાવ્યા છે ?'

ઇંદ્રના પૂછવા છતાં કોઇએ પણ કંઇ ઉત્તર આપ્યો નહિ. પછી ચ્યવનમુનિ અશ્વિનીકુમારોને સોમરસ આપવા લાગ્યા ત્યારે ઇન્દ્રે વચ્ચે પડી તેમને રોકીને કહ્યું : 'એમને સોમરસ આપો નહિ.' ત્યારે ચ્યવનમુનિએ કહ્યું : 'શચિપતિ ! આ સુર્યકુમારો સોમરસના અધિકારી નથી એ તમે સિદ્ધ કરો. તેઓ સુર્યની ધર્મપત્નીથી જન્મેલા છે અને એ વૈદ્યોમાં એવો કયો દોષ છે કે જેથી તમે તેમને સોમરસ પીતાં અટકાવો છો ? વળી આ યજ્ઞમાં પધારેલા બધા દેવો આ બાબતનો નિર્ણય કરે. હું એમને સોમરસ પીવડાવીશ; કારણ મેં એમને તેના અધિકારી બનાવ્યા છે અને મારી જ પ્રેરણાથી શર્યાતિ રાજા યજ્ઞ કરી રહ્યા છે. અને એ સાચું છે કે અશ્વિનીકુમારોને સોમરસ પીવાનો અધિકાર મળે એ માટે જ આ બધો પ્રયત્ન છે. મને નવયૌવન આપીને મારા ઉપર એમણે ઘણો ઉપકાર કર્યો છે. અને એ માટે તેમનો બદલો વાળવો એ મારી ફરજ છે.'

ઇંદ્રે કહ્યું : તેઓ બન્ને વૈદ્ય હોવાથી દેવોએ તેમને અવગણ્યા છે એથી એ બન્ને સોમરસના અધિકારી નથી માટે તમે એમને માટે ભાગ રાખો નહિ.

ચ્યવનમુનિએ કહ્યું : 'તમારો ક્રોધ બિલકુલ વ્યર્થ છે; કારણ કે દેવપુત્ર અશ્વિનીકુમારોને સોમરસના અનધિકારી સમજવા જેવું કોઇ કારણ દેખાતું નથી.'

રાજન્ ! એ રીતે ઇંદ્ર અને ચ્યવનમુનિનો વાદવિવાદ થતાં બીજા કોઇ દેવ મુનિને કંઇ કહી શકયા નહિ. પછી તપના પ્રભાવથી તેજસ્વી બનેલા ચ્યવનમુનિએ સોમરસ અશ્વિનીકુમારોને પાયો. ૬૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'શર્યાતિ રાજાએ કરેલું યજ્ઞાનુષ્ઠાન' નામનો
૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### સૂર્ય-પુત્રોને સોમરસ પાનનો અધિકાર

વ્યાસ ઉવાચ :

દત્તં ગ્રહે તુ રાજેન્દ્ર-
વાસવ કુપિતોભૃશમ ।
પ્રોવાચ ચ્યવનં તદ-
દર્શયન્ બલમાત્મનઃ ॥

વ્યાસજી બોલ્યા : રાજેન્દ્ર ! ચ્યવન મુનિએ બંને અશ્વિનીકુમારોને સોમરસનું પાત્ર આપ્યું એટલે ક્રોધે ભરાયેલો પોતાનું બળ બતાવતો ઇન્દ્ર ચ્યવન મુનિ પાસે આવી કહેવા લાગ્યો : 'અરે નીચ બ્રાહ્મણ, આવી મર્યાદા સ્થાપવી સર્વથા અયોગ્ય છે. જો તારે આમ કરીને મારો વિરોધ કરવો હોય તો તને એક બીજો વિશ્વરૂપ સમજી તેની માફક તને હણી નાખીશ.'

ચ્યવન મુનિએ કહ્યું: ઇન્દ્ર ! જેમણે મને આવું મનોહર તારુણ્ય આપ્યું છે એ અશ્વિનીકુમારોનું તમે અપમાન કરો નહિ. દેવરાજ ! તમારા સિવાય આ બધા દેવો સોમપાન કરે છે તે રીતે આ અશ્વિનીકુમારો પણ દેવો જ છે.

ઇન્દ્ર રાજાએ કહ્યું : ચિકિત્સા કરનારી વ્યક્તિને દેવ ન કહી શકાય, તેવી વ્યક્તિ ક્યારેય યજ્ઞમાં ભાગ મેળવવા અધિકારી થઇ શકતી નથી. છતાં તું જો હઠથી તેમને સોમરસ પાન કરાવીશ તો બધાની વચ્ચે તારૂં માથું ધડથી છૂટું કરી નાખીશ.'

વ્યાસજી બોલ્યા : રાજન્ ! ઇંદ્રના કહેવાની અવગણના કરીને ચ્યવન મુનિએ અશ્વિનીકુમારોને યજ્ઞભાગ આપી દીધો. પછી સોમરસ પાનની ઇચ્છાથી તેમણે પાત્ર લીધું એટલે ઇન્દ્ર રાજાએ પુન: ક્રોધિત થઇ ચ્યવન મુનિને કહ્યું : 'મુને ! તમે જો આમને સોમરસ આપશો તો તમારૂં આવી બન્યું સમજજો. વિશ્વરૂપની જેમ તમારો હું આ વજ્રથી અવશ્ય નાશ કરીશ.' ઇન્દ્રે એમ કહેતાં વધારે કોપાયમાન થયેલા ચ્યવન મુનિએ સોમરસ વિધિપૂર્વક અશ્વિનીકુમારોને પીવડાવ્યો, તો ઇન્દ્રના ક્રોધે માઝા મૂકી, તેણે કરોડો સુર્ય જેવા ચમકતા વજ્રને મુનિ પર ફેંક્યું એટલે મુનિએ પણ પોતાના તપના પ્રભાવથી એ વજ્રને અધવચ્ચે થંભાવી દીધું અને ઇન્દ્રને મારવાની ઇચ્છાથી અગ્નિમાં મંત્રપૂર્વક આહુતિ આપવા માંડી, એટલે યજ્ઞકુંડમાંથી ભયંકર કૃત્યા ઉત્પન્ન થઇ. તેને જોઇ સંસારમાં સમસ્ત પ્રાણીઓ કંપી ગયાં. પર્વત જેવા વિશાળ દેહવાળી તીક્ષ્ણ અને લાંબા દાંતવાળી દૂર સુધી ફેલાયેલી લાંબી ભુજાવાળી, આકાશ અને પાતાળ બંનેને ચાટતી લાંબી જીભવાળી, વાઘ જેવા તીક્ષ્ણ નખવાળી, કાજળ જેવા રંગે કાળી, ભયંકર વિકરાળ મુખવાળી, દાવાનળ જેમ અંગાર વરસાવતાં નેત્રોવાળી તે હતી. એનો એક હોઠ પૃથ્વી પર અને બીજો હોઠ આકાશ સુધી પહોંચેલો હતો, તેવી ચિત્ર-વિચિત્ર આકૃતિવાળી કૃત્યાને જોઇ સઘળા દેવો ભય પામ્યા. ઇન્દ્ર પણ ખૂબ ગભરાઇ ગયો. વજ્રને મોઢામાં રાખી તે દૈત્ય આકાશને વ્યાપ્ત કરતો ઊભો હતો, જાણે એ દૈત્ય ત્રણ લોકને ખાઇ જવા માગતો હોય તેમ તે ઇન્દ્રને ગળી જવા લાગ્યો. એ જોઇ બધા દેવો જોરજોરથી બૂમો પાડવા લાગ્યા. ઇન્દ્રની ભુજાઓ કામ કરતી થંભી ગઇ હતી. આ ભયથી ઉગરવા એણે મનથી દેવગુરૂ બૃહસ્પતિનું સ્મરણ કર્યું એટલે તરત જ બૃહસ્પતિ ત્યાં આવ્યા અને ઇન્દ્રને આપત્તિમાં આવી પડેલો જોઇ કૃત્યા સામે દષ્ટિપાત કરી કંઇક વિચારીને તેમણે ઇન્દ્રને કહ્યું : 'હે દેવેશ્વર ! 'મદ' નામક આ બળવાન દૈત્ય 'કૃત્યા' મંત્ર કે વજ્રથી મરવો અસંભવ છે; કારણ કે ચ્યવન ઋષિની તપસ્યાના પ્રતીક જેવો આ ભયાનક દાનવ યજ્ઞમાંથી ઉત્પન્ન થયો છે. આ શત્રુ મારાથી, તારાથી કે દેવોથી રોકાય કે હણાય એમ નથી, માટે તું ચ્યવન મુનિને શરણે જા. તેઓ જ આ કૃત્યાને શાંત કરશે. ભગવતી જગદંબાના રોષને

વિફલ કરવા જગતમાં કોઈ સમર્થ નથી.'

બૃહસ્પતિના કહેવાથી ભયભીત થયેલા ઇન્દ્રએ ચ્યવન મુનિની પાસે જઇ નમ્રતાથી મસ્તક ઝુકાવીને પ્રણામ કરી કહ્યું: 'મુનિવર! મને ક્ષમા કરો અને આ પ્રકટ થયેલા દાનવને શાંત કરો. આપ પ્રસન્ન થાઓ. આપની આજ્ઞા પાળવા માટે હું તૈયાર છું. ભાર્ગવ! આજથી આ અશ્વિનીકુમારો સોમરસના પાનના અધિકારી બન્યા છે. માટે આપ હવે પ્રસન્ન થાઓ. આપનો બધો જ પરિશ્રમ સફળ થયો છે. મારે તો માત્ર તમારી પરીક્ષા જ કરવી હતી. તો આપ મારા હિતેચ્છુ થઇ આ મદ નામક દાનવ (કૃત્યા)ને તરત જ શાંત કરો. કેમ કે સઘળા દેવોનું કલ્યાણ આપના જ ઉપર રહ્યું છે.'

ઇન્દ્રની પ્રાર્થનાથી ચ્યવન મુનિએ ક્રોધને શાંત કરી ગભરાયેલા દેવોને આશ્વાસન આપી મદને રહેવા માટે સ્ત્રી મદિરાપાન, જૂગાર ને શિકાર વગેરેના વ્યવસ્થા કરી આપી, પછી ઇન્દ્રને નિર્ભય રહેવા આશ્વાસન આપી બધા દેવોને યજ્ઞકાર્યમાં નિયુક્ત કરી મુનિએ શર્યાતિ રાજાનો યજ્ઞ પૂરો કર્યો. યજ્ઞ પૂરો થતાં ચ્યવન મુનિએ ઇન્દ્રને સોમરસનું પાન કરાવ્યું તે પછી અશ્વિનીકુમારોને સોમરસ પીવાની આજ્ઞા કરી.

રાજન્‌! આ રીતે ચ્યવન મુનિના તપના પ્રભાવથી સૂર્યપુત્ર અશ્વિનીકુમારોને સોમરસનો અધિકાર મળ્યો. યજ્ઞમંડપના સ્થંભોથી શોભતું ત્યાંનું સરોવર પણ ત્યારથી વિખ્યાતિ પામ્યું અને ચ્યવન મુનિનો આશ્રમ પણ ભુમંડળ પર પ્રસિદ્ધિ પામ્યો.

આ કાર્યથી શર્યાતિ રાજા પણ ઘણો પ્રસન્ન થયો. પછી શર્યાતિનો પુત્ર આનર્ત અને આનર્તનો પુત્ર રેવત થયો. આ રેવતે સમુદ્રની અંદર કુશસ્થલી નામની નગરી વસાવી ને ત્યાં રહી તે આનર્ત દેશ પર શાસન ચલાવવા લાગ્યો. એને ૧૦૦ પુત્રો થયા તેમાં સૌથી મોટાનું નામ કકુદ્મી હતું. વળી તેને આગળ જતાં રેવતી નામની સુંદર ને શુભ લક્ષણોવાળી એક પુત્રી પ્રાપ્ત થઇ હતી. તે વિવાહ યોગ્ય થતાં તેણે મનથી વિચાર્યું કે: 'આ કન્યા કોને આપવી?' પછી આ અંગે બ્રહ્માજીને પૂછવાનું વિચારી તે રેવતીને સાથે લઇ તરત જ બ્રહ્મલોકમાં ગયો જ્યાં દેવો, યજ્ઞો, વેદો, પર્વતો, નદીઓ દિવ્યરૂપે ઊભાં હતાં ને ઋષિઓ, સિદ્ધો, ગંધર્વો તથા ચારણો વગેરે વિવિધ સ્તોત્રોથી સ્તુતિ કરતા ઊભા હતા. પર

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'સૂર્યપુત્રોને સોમપાનનો અધિકાર' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### રેવત રાજાનું વૃત્તાંત

જનમેજય ઉવાચ :

સંશયોઽયં મહાનત્ર બ્રહ્મન્‌–
વર્તતે મમ માનસે ।
બ્રહ્મલોકં ગતો રાજા–
રેવતીસંયુતઃ સ્વયમ્‌ ॥

જનમેજય રાજાએ પૂછ્યું: 'હે બ્રહ્મન્‌! રેવતીને સાથે લઇ રેવત રાજા પોતે બ્રહ્મ-

લોકમાં શી રીતે ગયો એ મારા મનમાં મોટો સંશય રહે છે. કારણ કે બ્રહ્મલોકમાં બ્રહ્મજ્ઞાની અને શાંત બ્રાહ્મણો જ જઈ શકે છે. વળી સત્યલોક પૃથ્વીલોકથી ઘણે દૂર ને દુષ્પ્રાપ્ય છે. રાજા રેવત પોતાની પુત્રી રેવતીની સાથે ત્યાં શી રીતે જઈ શક્યો? તે મને કહો.

વ્યાસે કહ્યું : 'રાજન્! દિવ્ય સુમેરુ પર્વતના શિખર પર ઇંદ્રલોક, બ્રહ્મલોક, સંયમની પુરી, સત્યલોક, કૈલાસ ને વૈકુંઠ વગેરે લોક આવેલા છે. વૈકુંઠને જ વૈષ્ણવધામ કહે છે. જેવી રીતે માનવશરીરથી ધનુર્ધારી કુંતીપુત્ર અર્જુન ઇન્દ્રલોકમાં ગયો હતો તેમ કકુત્સ્થ વગેરે રાજાઓ પણ સ્વર્ગલોકમાં ગયેલા છે. માટે આ અંગે કોઈ સંદેહ ન કરવો. પુણ્યાત્મા અને તપસ્વી પુરુષ હોય તે તો અવાર નવાર બધા લોકમાં આવ-જા કરી શકે છે. પુણ્ય અને સદ્‌ભાવને બ્રહ્મ વગેરે લોકમાં જવામાં કારણ માનવામાં આવે છે, તેવી જ રીતે યજ્ઞશીલ પવિત્રાત્મા પુરુષ યજ્ઞના પ્રભાવથી ત્યાં જવા ભાગ્યવાન થાય છે.'

જનમેજય રાજાએ પૂછ્યું : બ્રહ્મન્! રાજા રેવતે પોતાની કન્યા રેવતી સાથે બ્રહ્મલોકમાં જઈને શું કર્યું? તેમને બ્રહ્માજીએ શું કહ્યું? પછી રેવત રાજાએ પોતાની કુંવરી રેવતી કોને આપી? આ બધા પ્રસંગો મને વિસ્તારથી કહો.

વ્યાસે કહ્યું : 'રાજન્! રાજા રેવત જ્યારે બ્રહ્મલોકમાં પહોંચ્યો તે વેળા ત્યાં ગંધર્વોનું સંગીત ચાલતું હતું. એટલે તે દૂર ઊભો રહ્યો ને સંગીત પૂરું થયું ત્યારે સભાભવનમાં બેઠેલા બ્રહ્માજી પાસે જઈ પ્રણામ કરી પોતાની પુત્રી રેવતીને બતાવી અત્રે આવવાનું કારણ જણાવતાં કહ્યું : 'આ મારી પુત્રી છે. એને માટે મને કોઈ યોગ્ય વર બતાવો. હું એ અંગે ખાસ આપની સલાહ લેવા આવ્યો છું. મેં આજ દિન સુધીમાં ઘણા ઉત્તમ કુળનાં રાજકુમારો જોયા પણ મને કોઈ તેને યોગ્ય જણાયો નહીં, માટે આપની પાસે આવ્યો છું, તો કોઈ કુલીન, બળવાન અને ધર્માત્મા હોય તેવો વર બતાવો.' પ્રજાપતિ બ્રહ્મા એ સાંભળી હસ્યા. પછી બ્રહ્માએ રાજાને કહ્યું, 'અત્યારે પરમાત્મા શ્રીકૃષ્ણ પોતાના સઘળાં બાંધવો સાથે દ્વારિકામાં બિરાજે છે. શ્રીકૃષ્ણના મોટાભાઈ 'બલરામ' ઘણા પરાક્રમી ને શેષના અવતાર છે, બલરામ જ તારી કન્યા રેવતી માટે યોગ્ય વર છે. ત્યાં જઈ તેમને તું તારી આ પુત્રી આપ. પછી તું તપ કરવા માટે બદરિકાશ્રમમાં ચાલ્યો જજે.'

પ્રજાપતિ બ્રહ્માના આદેશથી તે જ વખતે રેવત રાજા રેવતીને લઈ દ્વારકા ગયા અને ત્યાં બલરામ સાથે રેવતીને પરણાવી. પછી રેવતરાજા ગંગા કિનારે રહી કઠિન તપસ્યા કરીને દેહ ત્યજી દિવ્ય લોકમાં ગયા.

જનમેજય રાજાએ પૂછ્યું : 'ભગ-

વન્ ! મેં સાંભળ્યું છે કે, કન્યાના વર માટે બ્રહ્મલોકમાં બ્રહ્માને પૂછવા ગયેલા રૈવત રાજા ૧૦૮ યુગ સુધી ત્યાં રહ્યા હતા, તો તે કન્યા અને રાજા એટલાં બધાં વર્ષો સુધી જીવિત શી રીતે રહ્યા ?'

વ્યાસે કહ્યું : રાજન્ ! તેનું કારણ છે : બ્રહ્મલોકમાં ભુખ, તરસ, મૃત્યુ, ભય, વૃદ્ધાવસ્થા તેમ જ ગ્લાનિ, દુઃખ વગેરે હોતા નથી. રાજા રૈવત સ્વર્ગમાં ગયા તે પછી રાક્ષસોએ શર્યાતિના વંશનો ઉચ્છેદ કરવા માંડયો એટલે બધા જ દ્વારકા ત્યજી દઇ જ્યાં ત્યાં સમય વીતાવવા લાગ્યા. તે પછી વૈવસ્વત નામક મનુને છીંક આવતાં તેમના નાકમાંથી એક પ્રતાપી પુત્રનો જન્મ થયો તે 'ઇક્ષ્વાકુ' નામથી પ્રસિધ્ધ થયો. તે સુર્યવંશનો મુખ્ય પ્રવર્તક મનાય છે. વંશવૃદ્ધિ માટે તે હંમેશાં ભગવતી જગદંબાના ધ્યાનમાં રહેવા લાગ્યો. નારદજીએ એને દીક્ષા આપી હતી. રાજન ! એ ઇક્ષ્વાકુને સો પુત્રો થયા તેમાં સૌથી મોટો વિકુક્ષિ હતો. મહારાજા ઇક્ષ્વાકુ અયોધ્યાના રાજા હતા. શકુનિ વગેરે પચાસ પુત્રોને તેણે ઉત્તર દેશ, અને અડતાલીસ પુત્રોને દક્ષિણ દેશ સોંપ્યો તેમ જ બાકીના બે પુત્રો તે રાજાની સેવા કરવા તેની પાસે રહેવા લાગ્યા. ૫૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'રૈવત રાજાનું વૃત્તાંત' નામનો

૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### કકુત્સ્થ અને માંધાતાનો જન્મ

વ્યાસ ઉવાચ

કદાચિદષ્ટકાશ્રાદ્ધે વિકુક્ષિં પૃથિવીપતિઃ ।
આજ્ઞાપયદસંમૂઢો માંસમાનય સત્વરમ્ ॥

વ્યાસે કહ્યું : એક વખતે વિદ્વાન ઇક્ષ્વાકુ રાજાએ અષ્ટકા નામના શ્રાદ્ધ માટે જલદીથી પવિત્ર માંસ લાવવા માટે તેના મોટા પુત્ર વિકુક્ષિને કહ્યું; એટલે તરત જ હથિયાર લઇ વનમાં જઇ તેણે ત્યાં ભુંડ, હરણ, કુક્કર, સસલા વગેરે ઘણાં પશુઓનો શિકાર કર્યો. પણ બહુ રખડવાથી તે ભુખ્યો થયો અને થાકી ગયો, એટલે અષ્ટકા શ્રાદ્ધને ભૂલી જઇ તેણે એક સસલાના માંસને ખાધું બાકીનું માંસ પિતાને આપ્યું, તેમણે તે માંસ વસિષ્ઠને આપ્યું. માંસને પ્રોક્ષણ કરતાં વસિષ્ઠ મુનિએ કહ્યું : આ માંસ ઉચ્છિષ્ટ છે અને તે શ્રાધ્ધમાં ઉપયોગી નથી, એ જાણી રાજાએ ગુસ્સે થઇને પુત્ર વિકુક્ષિને દેશપાર કર્યો. ત્યારથી લઇ એ રાજપુત્ર 'શશાદ' નામથી ઓળખાવા લાગ્યો. પછી તે વનમાં જઇ માત્ર ફળ-ફૂલનો આહાર કરીને તપ કરવા લાગ્યો. પિતાનું મૃત્યુ થતાં તે અયોધ્યાનો રાજા થયો તે સમયે સરયૂના કિનારે ઘણા યજ્ઞો થયા હતા. એ શશાદના પુત્રનું નામ કકુત્સ્થ હતું તેનાં ઇન્દ્રવાહ અને પુરંજય એવા બીજાં બે નામ પણ હતાં.

શશાદનો સ્વર્ગવાસ થયા પછી કકુત્સ્થ અયોધ્યાનો રાજા થયો. એ વેળા સઘળા દેવો દૈત્યો સાથે લડતાં પરાજિત

થઇ ભગવાન વિષ્ણુને શરણે ગયેલા, ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું :

'દેવો ! તમે શશાદપુત્ર કકુત્સ્થને તમારો મિત્ર બનાવો, પછી તેની મદદ લઇ દૈત્યો સાથે લડો, તો તે જ યુદ્ધમાં દૈત્યોને મારશે, કારણ કે દેવી જગદંબાની કૃપાથી તે ઘણો જ શક્તિશાળી છે.'

ભગવાન વિષ્ણુના આદેશથી ઇન્દ્ર વગેરે સઘળા દેવો ત્યાંથી અયોધ્યામાં કકુત્સ્થ પાસે ગયા. તેમનો આદર-સત્કાર કરી કકુત્સ્થે પૂછ્યું : 'દેવો ! આપે આજે અચાનક મારે ત્યાં પધારી મને દર્શન આપ્યાં છે તેથી મારું જીવન ધન્ય બન્યું છે. આપ કંઇ કાર્ય માટે આવ્યા હોવ તો તે મને વિના સંકોચે કહો. આપનું કાર્ય મનુષ્યથી બનવું દુર્લભ હશે તો પણ તે હું પાર પાડી આપીશ.' દેવોએ કહ્યું : રાજેન્દ્ર ! અમે તમારી પાસે સહાય માટે આવ્યા છીએ. અમારી તમને પ્રાર્થના છે કે ઇન્દ્રના મિત્ર બની તમે યુદ્ધમાં દૈત્યોને હરાવો. હમણાં તેઓ અજેય થઇ ગયા છે. આપના ઉપર મહાશક્તિ જગદંબાની કૃપા છે એથી તમારા માટે કોઇ કાર્ય મુશ્કેલ નથી. વળી ભગવાન વિષ્ણુની પ્રેરણાથી, અને તેમના આદેશથી જ અમે અહીં આવ્યા છીએ.

રાજાએ કહ્યું : હું સહાય માટે તૈયાર છું પણ ઇન્દ્ર યુદ્ધમાં મારું વાહન બને તો જ હું તેમાં સફળ થાઉં. હું દેવોના કાર્યની સિદ્ધિ માટે ઇન્દ્ર પર સવાર થઇને સંગ્રામમાં જઇશ અને દૈત્યો સાથે મારું યુદ્ધ થશે.

દેવોએ આ સાંભળી ઇન્દ્રને કહ્યું : 'શચીપતિ ! તમે શરમ છોડી આ અયોધ્યા નરેશનું વાહન બનો.' એ સાંભળી ઇંદ્ર ઘણો મુંઝવણમાં પડી ગયો. પછી વિષ્ણુની વારંવારની પ્રેરણાથી ઇન્દ્ર ભગવાન શિવના નંદી જેવો બીજો પોઠીયો બન્યો. પછી યુદ્ધ કરવા જવા માટે રાજા તેના પર સવાર થયો. વૃષભ રૂપધારી ઇંદ્રના કકુદ્દ પર બેસવાથી એનું નામ 'કકુત્સ્થ' પડયું, અને ઇન્દ્રને પોતાનું વાહન બનાવવાથી બીજું નામ 'ઇન્દ્રવાહ' પણ થયું અને દૈત્યોના પુર પર વિજય મેળ-વવાથી 'પુરંજય' નામથી પણ તે પ્રસિદ્ધ થયો. તે પછી મહાબાહુ કકુત્સ્થે ઘોર યુદ્ધમાં દૈત્યોને જીતી લઈ તેમની પાસેની સઘળી સંપત્તિ દેવોને સોંપી. આ રીતે રાજર્ષિ કકુત્સ્થનાં અનેક નામ થયાં. મહારાજા કકુત્સ્થના વંશજો 'કાકુત્સ્થ' નામથી વિખ્યાત થયાં છે. કકુત્સ્થને પોતાની ધર્મપત્નીથી 'અનેના' નામક પુત્ર થયો. અનેનાને સુવિખ્યાત પરાક્રમી જગદંબાનો પરમ ઉપાસક 'પૃથુ' નામે પુત્ર થયો. આ પૃથુ તે ભગવાન વિષ્ણુનો અંશ કહેવાય છે. પૃથુનો પુત્ર વિશ્વરંધિ થયો અને વિશ્વરંધિનો પુત્ર ચંદ્ર થયો.

આ ચંદ્રના તેજસ્વી પુત્રનું નામ યુવનાશ્વ અને યુવનાશ્વથી શાવંત ઉત્પન્ન થયો. એણે પોતાના પરાક્રમથી અમરા-વતી જેવી રમણિય શાવંત નામની નગરી

વસાવી. મહાત્મા શ્રાવંતનો પુત્ર બૃહદશ્વ અને બૃહદશ્વનો પુત્ર કુવલાશ્વ થયો જેણે ધુંધુ નામક મહાદૈત્યને સંહાર્યો હતો તેથી તે 'ધુંધુમાર' નામથી વિખ્યાત થયો. કુવલાશ્વનો પુત્ર દઢાશ્વ, દઢાશ્વનો પુત્ર હર્યશ્વ, તેનો પુત્ર નિકુંભ થયો અને તે નિકુંભનો પુત્ર બર્હણાશ્વ અને બર્હણાશ્વનો પુત્ર કૃશાશ્વ થયો. તેનો પરાક્રમી પુત્ર પ્રસેનજિત થયો. પ્રસેનજિતનો સુંદર પુત્ર યૌવનાશ્વ અને તેનાથી માંધાતા થયો. તેણે જગદંબાની સતત ભક્તિ કરીને તેમની પ્રસન્નતા માટે મોટાં મોટાં તીર્થસ્થળોમાં મંદિર બનાવ્યાં હતાં. તેનો જન્મ પિતાના ઉદરથી થયો હતો. જનમેજયે પૂછયું : મહાભાગ ! માંધાતા સંબંધી આવી વાત મેં સાંભળી નથી, તો એ નરેશના જન્મનું રહસ્ય મને કહો. એ યુવનાશ્વરાજાના ઉદરથી જે પ્રકારે ઉત્પન્ન થયો તે પ્રસંગ મને કહો.

વ્યાસે કહ્યું: રાજન્ ! રાજા યુવનાશ્વને સો રાણીઓ હતી છતાં કોઇથી તેને સંતાન થયું નહીં એથી તે ઘણો ઉદાસ રહેતો હતો. પછી સંતાન માટે તે વનમાં ચાલ્યો ગયો અને ઋષિઓના સત્સંગમાં સમય વીતાવવા લાગ્યો. ત્યાં ઘણા મુનિઓ તપ કરતા હતા.

એક દિવસે મુનિઓએ આ રાજાને બોલાવી પૂછયું : 'હે રાજન્ ! તમે આવ્યા ત્યારથી ચિંતાતુર કેમ દેખાવ છો ? તમને કયો માનસિક સંતાપ છે. તે કહો. તમારુ દુઃખ દૂર કરવા અમે કોશિષ કરીશું.'

યૌવનાશ્વે કહ્યું : 'હે મુનિઓ ! મને સંતાન નથી. તો આપ મને સંતાન–ફળ મળે એવો ઉપાય બતાવો.'

બ્રાહ્મણોએ યૌવનાશ્વની પાસે એક યજ્ઞ કરાવ્યો જેમાં મુખ્ય દેવ ઇંદ્ર હતો. તેમાં એક જળ ભરેલો કળશ વૈદિક-મંત્રોથી મંત્રીને સંતાન–પ્રાપ્તિ માટે મૂકયો હતો. રાતે યૌવનાશ્વનો કંઠ પાણી વગર સુકાવા લાગ્યો. તેથી તે યજ્ઞશાળામાં ગયો. પરંતુ કયાંય પાણી મળ્યું નહિ ત્યારે તરસથી પીડાતા તેણે પેલા મંત્રેલા કળશનું પાણી પી લીધું.

બ્રાહ્મણોએ તો એ જળને સંતાનપ્રાપ્તિ અર્થે રાણી માટે રાખ્યું હતું પરંતુ અજાણતાં તે રાજાના ઉદરમાં ચાલ્યું ગયું. સવારમાં બ્રાહ્મણોએ તે કળશમાં જળ જોયું નહિ....તેથી તેમણે રાજાને પૂછયું: 'આ કળશનું જળ કોણે પીધું છે ?' પછી રાજાએ જ આ જળ પીધું છે એ જાણી તેઓ ભાગ્યને જ બળવાન માનવા લાગ્યા. પછી યજ્ઞની પૂર્ણાહુતિ કરાવી મુનિઓ પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. આ મંત્રેલા જળના પ્રભાવથી સ્વયં રાજાના ઉદરમાં ગર્ભ રહ્યો. સમય પૂરો થતાં યૌવનાશ્વનું જમણું પડખું ચીરી તેમાંથી મંત્રીઓએ પુત્રને કાઢયો. રાજાનો વેદના બહુ થઇ પણ દેવોની કૃપાથી તેના પ્રાણ બચી ગયા. પછી મંત્રીઓ કહેવા લાગ્યા કે : 'હવે આ કુમાર કોને ધાવશે ?' એટલામાં ત્યાં દેવરાજ ઇંદ્રએ એકાએક આવી પોતાની

તર્જની આંગળી તે બાળકના મોંમા આપી કહ્યું કે : 'તમે ચિંતા કરશો નહિ, આનું હું રક્ષણ કરીશ.' પછી તો તે પુત્ર સારી રીતે ઉછરવા લાગ્યો. અને સમય આવતાં તે જ કુમાર મહાન માંધાતા રાજા થયો. રાજન ! તે રાજાની ઉત્પત્તિ મેં તમને વિસ્તારથી કહી.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'કકુત્સ્થ અને માંધાતાનો જન્મ' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### સત્યવ્રત અને માંધાતાની કથા

વ્યાસ ઉવાચ :

**બભૂવ ચક્રવર્તી સ નૃપતિઃ સત્યસંગરઃ ।**
**માંધાતા પૃથિવીંસર્વામજયન્નૃપતીશ્વરઃ ॥**

વ્યાસ બોલ્યા : તે માંધાતા સત્ય–પ્રતિજ્ઞાવાળો ચક્રવર્તી રાજા થયો. સમસ્ત પૃથ્વી પર તેની આણ વર્તાઇ રહી હતી. તેની હાકથી ચોર–લુંટારાઓ પર્વતોની કંદરામાં ભરાઇ રહેતા હતા. એથી જ ઇન્દ્રએ 'ત્રસદ્દસ્યુ' એવું નામ પાડી તેને વિખ્યાત કર્યો. માંધાતાની ધર્મપત્ની બિંદુમતી હતી. તે રાજા શશબિંદુની પુત્રી હતી. તેનાથી માંધાતાએ બે ઉત્તમ પુત્ર ઉત્પન્ન કર્યા. એક પુત્ર 'પુરુકુત્સ' નામથી ને બીજો પુત્ર 'મુચુકુંદ' નામથી પ્રસિદ્ધિ થયો.

પુરુકુત્સથી પિતૃભકત અરણ્ય નામે પુત્ર થયો. અને એનો પુત્ર બૃહદશ્વ; બૃહદશ્વનો પુત્ર પરમજ્ઞાની હર્યશ્વ થયો. હર્યશ્વનો પુત્ર ત્રિધન્વા અને ત્રિધન્વાનો પુત્ર અરૂણ થયો અને અરૂણનો પુત્ર સત્યવ્રત થયો. આ સત્યવ્રતની પાસે પુષ્કળ સંપત્તિ હતી. તે સ્વેચ્છાચારી, કામી, લંપટ, દુરાચારી, મૂર્ખ ને અત્યંત લોભી નીકળ્યો. એ રાજકુમારને તેના સર્વ અવગુણોને કારણે એના પિતાએ રાજ્યમાંથી કાઢી મૂકયો હતો. બન્યું એવું કે તેણે એક બ્રાહ્મણની સ્ત્રીનું અપહરણ કર્યું હતું તેથી કોપે ભરાયેલા પિતાએ તેને કહ્યું : 'ચાંડાલ'ની સાથે રહી તું ગુજારો કર. દુષ્ટકર્મી તેં મારી કીર્તિનો નાશ કર્યો છે માટે તારી ઇચ્છા પ્રમાણે અહીંથી ચાલ્યો જા.'

પિતાની આજ્ઞાથી સત્યવ્રત નગરમાંથી નીકળી જઇ ચાંડાલો પાસે જઇને તેમના વાસમાં રહ્યો. તે વેળા વસિષ્ઠ મુનિએ રાજાને તેમ કરતાં રોકેલા નહિ તેથી સત્યવ્રત મુનિ પર ક્રોધે ભરાયો હતો. કેટલાક સમય પછી તેનો પિતા અરુણ નગર છોડી અરણ્યમાં તપ કરવા ગયો હતો. ત્યારે અધર્મ વધવાને લીધે તેના દેશમાં બાર વર્ષ સુધી વરસાદ પડયો નહોતો. એવામાં પોતાની પત્ની કૌશિકીને બાળકો સહિત એ નગરમાં રાખી, વિશ્વામિત્રમુનિ નદીતટે તપ કરતા હતા. બાળકોને ભુખથી ટળવળતા જોઇ તે સાધ્વી કૌશિકી દુઃખી થઇને વિચારવા લાગી કે, 'રાજા નગરમાં છે નહિ તો મારે કોની પાસે યાચના કરવી ? મારા પતિ પણ તપ માટે ગયા છે. આ બાળકો ભુખથી પીડાય છે, તો હવે આમાંથી એક બાળકને વેચી દઇ આ બીજા બાળકોનું જીવન બચાવું.' એમ

વિચાર કરી વિશ્વામિત્રની પત્ની કૌશિકી વચેટ બાળકના ગળે દોરડું બાંધી નગરમાં નીકળી. તેને પુત્ર સાથે ફરતી સત્યવ્રતે જોતાં પૂછ્યું: 'હે પતિવ્રતા સ્ત્રી! તું આ રડતા બાળકને ગળે દોરડું બાંધી ક્યાં લઇ જાય છે? આવું કૃત્ય કરવાનું કારણ શું છે?'

ઋષિપત્નીએ કહ્યું : 'હું વિશ્વામિત્ર ઋષિની પત્ની છું અને આ પુત્રને વેચવાની ઇચ્છાથી ગળે દોરડું બાંધી નગરમાં નીકળી છું. મારા પતિ કોઇ સ્થળે તપ કરવા ગયેલા છે. ભુખની પીડાથી મારા ઘણાં બાળકો પીડાઇ રહ્યાં છે, તેમના બચાવ માટે આ પુત્રને હું વેચવા માગું છું.'

સત્યવ્રતે કહ્યું : 'હે પતિવ્રતે! પુત્રને તમે વેચશો નહિ. તમારા પતિ ન આવે ત્યાં સુધી આશ્રમ નજીકના ઝાડ પર હું હંમેશા કંઇક ને કંઇક ખાવાનું બાંધી જઇશ. એનાથી તમે તમારા પુત્રની રક્ષા કરજો.' એ સાંભળી વિશ્વામિત્રની પત્ની પુત્રના ગળેથી તરત દોરડું છોડી નાખી બાળક સાથે આશ્રમમાં ગઇ. એ વચેટ પુત્રને ગળે દોરડું બાંધવાથી તે 'ગાલવ' નામે પ્રખ્યાત થઇ મહાતપસ્વી થયો. સત્યવ્રત પણ ભક્તિથી તેમનું પોષણ કરવા લાગ્યો હતો. તે વનમાંથી પશુઓને મારી તેનું માંસ લાવી તેને એક લુગડામાં રાખી તેની પોટલી ઝાડ પર બાંધી જતો. એને ઋષિપત્ની લઇ લેતી. એ રીતે ઋષિપત્ની પોતાના બાળકોનું પોષણ કરતી હતી. અરુણ રાજા વનમાં તપ કરવા ગયો હતો એથી અયોધ્યાનું રાજ્ય વસિષ્ટ મુનિ ચલાવતા હતા. સત્યવ્રત પહેલાંથી જ તેમના પર ક્રોધે ભરાયેલો હતો જ એટલે એક દિવસે તેણે મુનિની માનિતી દુઝણી ગાયને વનમાં મારી નાખી તેનું માંસ ઝાડ પર બાંધી ગયો અને પોતે પણ ખાધું. આ ખબર પડતાં મુનિ વસિષ્ઠે સત્યવ્રતને શાપ આપ્યો કે, હે દુષ્ટ! ગાયના નાશથી, સ્ત્રીને હરવાથી અને પિતાના ક્રોધથી તને માથામાં ત્રણ શંકુ–ખીલા ઉત્પન્ન થાઓ અને એથી તું 'ત્રિશંકુ' નામે પ્રખ્યાત થઇશ. આ રીતનો પોતાને શાપ મળવાથી સત્યવ્રત પણ તેજ આશ્રમમાં તપ કરવા લાગ્યો અને કોઇ મુનિબાળક પાસેથી સર્વોત્તમ મંત્રની દીક્ષા લઇ પરમ પ્રકૃતિ ભગવતી શિવા-દેવીનું ધ્યાન કરવા લાગ્યો. ૫૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'સત્યવ્રત અને માંધાતાની કથા' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### ભગવતીનો પરમ મહિમા

જનમેજય ઉવાચ

વસિષ્ઠેનચસપ્તોડસાત્રિશંકુર્નૃપતેઃ સુતઃ ।
કથં શાપાદ્ વિનિર્મુક્તસ્તન્મે-
બ્રૂહિ મહામતે ॥

જનમેજયે પૂછ્યું : 'હે મહાબુદ્ધિમાન! વસિષ્ઠે શાપ આપવાથી તે રાજકુમાર ત્રિશંકુ અંતે શાપથી કેવી રીતે મુક્ત થયો? તે મને કહો.

વ્યાસે કહ્યું : રાજન્! શાપને લઇને પિશાચપણું પામેલા કુમારે ભગવતીની

આરાધના શરૂ કરી. જ્યારે નવાક્ષર મંત્રના જપ પૂરા થયા ત્યારે હોમ કરવા માટે સત્યવ્રત બ્રાહ્મણો પાસે જઇ ભકિતથી પ્રણામ કરી તેમને કહેવા લાગ્યો : 'ભૂદેવો ! આપને શરણે આવેલા મારી વાત તમે સાંભળો. વેદ જાણનારાઓ આપ સર્વ મારા યજ્ઞમાં પધારી મારા ઋત્વિજો થાઓ અને વિધિપૂર્વક દશાંશથી હોમ કરાવો. હું સત્યવ્રત નામનો રાજકુમાર છું. હું સર્વ રીતે સુખી થાઉં એ પ્રકારે આ હોમ તમે મને કરાવો.'

રાજકુમાર સત્યવ્રતની વાત સાંભળી બ્રાહ્મણોએ કહ્યું : 'તારા ગુરુના શાપથી પિશાચપણું પામેલા તને યજ્ઞ કરવાનો અધિકાર નથી.' આ સાંભળી દુઃખી થઇ તે પોતાના જીવનને ધિક્કારવા લાગ્યો અને કહેવા લાગ્યો કે 'પિતાએ ત્યજી દીધેલો અને ગુરુએ શાપ આપેલો હું હવે વનમાં રહીને શું કરૂં ? રાજ્ય પર પણ હવે મારો કોઇ જ અધિકાર નથી અને શાપથી ભયંકર પિશાપણું હું પામ્યો છું તો હવે મારે શું કરવું ? એમ વિચારી મરવાનો નિર્ણય કરી આસપાસથી સુકાં લાકડાં એકઠાં કરી એક મોટી ચિતા તૈયાર કરી. પછી જળાશયમાં સ્નાન કરી, ચિતા સળગાવી હાથ જોડી ભગવતીનું સ્મરણ કરી તેમાં પડવા જાય ત્યાં તો તે સ્થળે સિંહ પર સવાર થયેલાં જગદંબા પ્રત્યક્ષ થયાં અને મેઘગંભીર વાણીથી સત્યવ્રતને કહેવા લાગ્યાં 'ત્રિશંકુ ! તું આ શું કરી રહ્યો છે ? તારે મરવાની જરૂર નથી, તારા પિતા હવે વૃદ્ધ થયા છે, એ તને રાજ્ય સોંપી તપ કરવા વનમાં જવાના છે. ધ્યાન રાખજે, આજથી ત્રીજે દિવસે તારા પિતાના મંત્રીઓ તને તેડવા માટે તારી પાસે આવશે. અને મારી કૃપાથી પછી તારા પિતા બ્રહ્મલોકમાં પધારશે.'

આ રીતે મરવા તૈયાર થયેલા સત્યવ્રતને કહી દેવી જગદમ્બા ત્યાં અંતર્ધાન થઇ ગયાં. રાજકુમાર ચિતામાં પડતાં રોકાયો એ જ સમયે નારદમુનિએ અયોધ્યામાં જઇ સત્યવ્રતના પિતા રાજાને સઘળી હકીકત કહી. પોતાના પુત્રને મરવા તૈયાર થયેલો જાણી રાજા બહુ જ દુઃખી થયો, પછી વિચાર કરી તેણે મંત્રીઓને બોલાવી કહ્યું : 'તમે મારા પુત્ર સત્યવ્રતના ઉત્તમ કાર્યથી સારી પેઠે પરિચિત છો. મેં જ એને વનમાં જવાની આજ્ઞા કરી હતી. તમે એની પાસે જઇ તેને કોઇ પ્રકારે અહીં લાવો. મારો તે પુત્ર પ્રજારક્ષણમાં કુશળ છે. અને મેં તેને રાજ્યભાર સોંપી હવે તપ કરવાનો નિર્ણય કર્યો છે. તો મારી હાજરીમાં રાજગાદી પર સત્યવ્રતનો અભિષેક કરી હું શાંતિથી વનમાં ચાલ્યો જઇશ.'

અરૂણ રાજાએ આ પ્રમાણે મંત્રીઓને કહી રાજકુમારને તેડી લાવવા વનમાં મોકલ્યા. મંત્રીઓ તરત જ વનમાં જઇ સત્યવ્રતને સમજાવી આશ્વાસન આપી, નગરમાં તેડી લાવ્યા. રાજાએ પોતાના દુર્બળ કુંવરને મેલા વસ્ત્રવાળો,

જટા બાંધેલો અને ચિંતાતુર જોઇને વિચાર્યું કે, મેં નિષ્ઠુર બની રાજકુમારને વનમાં મોકલી તેની આવી દુર્દશા કરી છે. આમ પસ્તાવો કરી રહેલા અરૂણ રાજાએ રાજકુંવર સત્યવ્રતને હૃદયે લગાવીને આશ્વાસન આપી પાસે બેસાડયો. પછી તેને કહ્યું : પુત્ર ! આજથી તારી બુધ્ધિ હંમેશાં ધર્મમાં અટલ રહો. તારે વડીલોનું સદા સન્માન કરવું. ન્યાયનીતિથી મળેલા ધનને જ પોતાના ખજાનામાં રાખવું. તારા વહીવટમાં પ્રજા હંમેશાં સુરક્ષિત રહો. તારે કયારેય અસત્ય ન વદવું અને નિંદિત માર્ગે પગ મુકવો નહિ. શ્રેષ્ઠ અને વડીલ પુરૂષોની આજ્ઞા પ્રમાણે જ તારે સર્વ રાજ્યનું કાર્ય કરવું. હંમેશાં બ્રાહ્મમુહુર્તમાં ઊઠવું. સ્નાન વગેરે નિત્ય કર્મથી નિવૃત્ત થઇ વિધિપૂર્વક ભગવતી જગદંબાની પૂજા કરવી. નિત્ય પરાશક્તિના ચરણોની આરાધના કરવી એ જ આ જન્મની સફળતા છે.'

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'ભગવતીનો મહિમા' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### ત્રિશંકુનું વધુ વૃત્તાંત

**વ્યાસ ઉવાચઃ**

એવંપ્રબોધિતઃપિત્રા ત્રિશંકુઃપ્રણતો નૃપઃ ।
તથેતિ પિતરં પ્રાહ પ્રેમગદ્ગદયા ગિરા ॥

વ્યાસે કહ્યું : રાજન્ ! એ રીતે પિતાના બોધથી રાજકુમાર ત્રિશંકુએ હાથ જોડી પિતાને કહ્યું : 'બહુ સારૂં એમ જ કરીશ.' ત્યારબાદ અરૂણ રાજાએ એ રાજકુમારનો વિધિપૂર્વક અભિષેક કરી તેને ઉત્તમ રાજ્યાસન આપ્યું. પછી પોતે ધર્મપત્ની સહિત વાનપ્રસ્થાશ્રમ (પવિત્ર ત્રીજો આશ્રમ) સ્વીકારી વનમાં ગંગાકિનારે રહી કઠિન તપ કરવા લાગ્યા. આયુષ્ય પૂર્ણ થતાં તેઓ સ્વર્ગમાં ગયા ને સ્વર્ગમાં ઇંદ્રાસનની પાસે સ્થાન મેળવી નિરંતર સૂર્ય સમાન શોભવા લાગ્યા.

પછી સત્યવ્રતે અનેક પ્રકારના યજ્ઞો દ્વારા દેવી ભગવતીનું વિધિપૂર્વક પૂજન કર્યું, પછી તેને હરિશ્ચંદ્ર નામના પુત્રની પ્રાપ્તિ થઇ.

કેટલાક દિવસો બાદ સત્યવ્રત એટલે કે ત્રિશંકુને પોતાના પુત્રને યુવરાજ બનાવી સદેહે સ્વર્ગમાં જવાની ઇચ્છા થઇ આવી. તે માટે તે વસિષ્ઠ મુનિના આશ્રમે જઇ પ્રણામ કરી તેમને કહેવા લાગ્યો : 'મહાભાગ ! આપ આ ત્રિશંકુની પ્રાર્થના સાંભળવા કૃપા કરો. હવે હું સદેહે સ્વર્ગમાં જવા ઇચ્છું છું, તો મારી પાસે કોઇ એવો યજ્ઞ કરાવો જેથી તેના ફળરૂપે હું આ માનવ શરીરે જ સ્વર્ગમાં જઇને ત્યાંના ભોગો ભોગવી શકું. સર્વ કાર્યમાં સમર્થ એવો કઠિન યજ્ઞ મારી પાસે કરાવી મને સદેહે સ્વર્ગમાં મોકલો.'

વસિષ્ઠ મુનિ બોલ્યા : હે રાજન્ ! મનુષ્યદેહે સ્વર્ગમાં જવું અત્યંત દુર્લભ છે, કારણ કે, મૃત્યુ બાદ પુણ્ય કર્મનું પ્રાબલ્ય વધારે હોય તો જ સ્વર્ગ મળે છે. માટે તારા આ દુર્લભ મનોરથને પૂર્ણ કરવામાં મને આશંકા રહે છે;

કારણ કે જીવતા પુરૂષને અપ્સરાઓની સાથે રહેવાનો સુઅવસર મળે એ બનવું અશક્ય છે. મહાભાગ ! તું તારી ઇચ્છા મુજબ યજ્ઞ કર. અને તારૂં આ શરીર શાંત થશે પછી તને સ્વર્ગની અવશ્ય પ્રાપ્તિ થશે.'

વ્યાસે કહ્યું : હે રાજન્ ! વસિષ્ઠ મુનિએ આવું કહ્યું તેથી ત્રિશંકુનું મન વ્યાકુળ થઇ ગયું. ક્રોધે ભરાઇ તેણે વસિષ્ઠ મુનિને કહ્યું : 'મુનિવર્ય ! જો આપ અહંકારને લઇને મને યજ્ઞ નહિ કરાવો તો પણ હું કોઇ બીજાને પુરોહિત બનાવી યજ્ઞ કરીશ.'

ત્રિશંકુએ આવી વાત કહી એટલે વસિષ્ઠ મુનિએ તેને શાપ આપ્યો : 'દુર્બુદ્ધે ! તું હમણાં જ ચાંડાલ થઇ જા. તારા આ શરીરમાં જ ચાંડાલવૃત્તિ પ્રવેશો. સન્માર્ગને દૂષિત કરનારા રાજા તું ઘણો અધમ અને પાપી છે, તેથી મૃત્યુ પછી પણ તું કોઇ પ્રકારે સ્વર્ગમાં જઇ શકવાનો નથી.'

વ્યાસે આગળ કહ્યું : રાજન! વસિષ્ઠ મુનિના શાપથી ત્રિશંકુ એ જ શરીરથી ચાંડાલ થઇ ગયો. એના કાનમાં રત્નનાં કુંડલો પહેરેલાં હતાં તે પથ્થરનાં થઇ ગયાં. દેહ પર લેપાયેલ સુગંધીત ચંદન દુર્ગંધવાળું થઇ ગયું. દિવ્ય પીતાંબર રંગે કાળુ થઇ ગયું. ને શાપને લઇને તેના કાન હાથીના કાન જેવા (સુપડા જેવા) થઇ ગયા.



ભગવતી જપદંબાના ઉપાસક વસિષ્ઠના રોષનું ફળ તરત જ ત્રિશંકુને મળી ગયું. માટે સુજ્ઞજનોએ ભગવતીના ભક્તનું, અંબિકાના ઉપાસકનું ક્યારેય અપમાન કરવું નહિ. વળી વસિષ્ઠ મુનિ નિત્ય એકાગ્રચિત્તે ગાયત્રીના જપ કરતા હતા.

શાપ પામેલો ત્રિશંકુરાજા પોતાના નિંદનીય શરીરને જોઇને દુ:ખી દુ:ખી થઇ ગયો અને ત્યાંથી સીધો વનમાં ચાલ્યો ગયો. તે એક ઝાડ નીચે બેસી વિચારવા લાગ્યો, 'હવે હું શું કરૂં અને ક્યાં જાઉં ? મારો આ દેહ નિંદનીય બની ગયો છે. હવે આ જંગલમાં રહીને આ જ શરીરથી કરેલા કર્મને ભોગવીશ. મારે કરેલા શુભ અને અશુભ કર્મને ભોગવી જ લેવા જોઇએ માટે હું કોઇ પવિત્ર આશ્રમની પાસે રહી તીર્થોનું સેવન, ભગવતી જગદંબાનું સ્મરણ અને સંત-મુનિઓનો સત્કાર કરીશ. મારા આ ઉત્તમ આચરણથી મારું સંચિત કર્મ અવશ્ય પૂરૂં થઇ જશે અને ભાગ્યવશ આ સ્થળે જ કોઇ મહાત્મા પુરૂષને મળવાનો અવસર પણ દૈવયોગે પ્રાપ્ત થશે.'

આમ વિચારી ત્રિશંકુ નગરને છોડી ગંગાકિનારે જઇ રહેવા લાગ્યો. પરંતુ તેને મળેલા શાપની ખબર તેના પુત્ર હરિશ્ચંદ્રને થઇ અને તે ઘણો અશાંત થઇ ઊઠયો. તેણે મંત્રીઓને વનમાં જઇ વસેલા પિતા ત્રિશંકુ પાસે મોકલ્યા. તેમણે ત્રિશંકુ રાજા પાસે જઇ નમ્રતાથી કહ્યું : રાજન્ ! અમે આપના પુત્ર રાજા હરિ-

ચંદ્રના મંત્રીઓ છીએ. તેમની આજ્ઞાથી અમે તમારી પાસે આવ્યા છીએ. યુવરાજ હરિશ્ચંદ્રએ જે સંદેશો કહ્યો છે તે સાંભળો. 'તમે મારા પિતાજીને અહીં લઇ આવો. અને સર્વ ચિંતા છોડી પોતાના રાજ્યમાં ચાલો. અહીં મંત્રીઓ અને પ્રજા તમારી સેવા કરશે. તેમજ તમારા પર ક્રોધિત થયેલા ગુરૂ વસિષ્ઠને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરીશું તો તેઓ તમારા પર અનુકંપા દર્શાવી તમારું આ દુઃખ દૂર કરશે.' હે રાજન! આપના પુત્ર યુવરાજે આમ વારંવાર કહ્યું છે તો આપ શોક ત્યજી દઇ મહેલે પધારવાની કૃપા કરો.'

રાજન! મંત્રીઓએ ઘણું ઘણું કહ્યા છતાં ચાંડાલ વેષવાળો રાજા નગરમાં જવા તત્પર થયો નહીં. એણે નામરજી દર્શાવી મંત્રીઓને કહ્યું : 'તમે નગરમાં જઇ મારા પુત્ર હરિશ્ચંદ્રને કહો કે તું સાવધાનીથી રાજ્ય ચલાવ, હું ત્યાં આવીશ નહિ. એ અનેક યજ્ઞો દ્વારા બ્રાહ્મણોની પૂજા કરે. મહાત્માઓએ મારા આ ચાંડાલ વેષની ખૂબ નિંદા કરી છે તો હું આ શરીરથી હાંસીપાત્ર થવા અયોધ્યામાં નહિ આવું. માટે તમે અહીંથી શીઘ્ર અયોધ્યા જઇને પરાક્રમી હરિશ્ચંદ્રને રાજગાદી પર બેસાડો.'

ત્રિશંકુનો નિર્ણય સાંભળી પ્રણામ કરી મંત્રીઓ અયોધ્યામાં આવ્યા. અને એક શુભ દિવસે તેમણે રાજાની આજ્ઞા પ્રમાણે રાજકુમાર હરિશ્ચંદ્રનો રાજ્યાભિષેક કર્યો. હરિશ્ચંદ્રે જ્યારે રાજ્યસત્તા પોતાના હાથમાં લીધી તે વખતે પિતાની અવદશા પર તેને વારંવાર વિચાર આવતા હતા. ૬૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'ત્રિશંકુનું વધુ વૃતાંત' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### ત્રિશંકુ ઉપર વિશ્વામિત્રની કૃપા

જનમેજય ઉવાચ

**હરિશ્ચન્દ્રઃ કૃતો રાજા સચિવૈર્નૃપશાસનાત્ ।**
**ત્રિશંકુસ્તુકથંમુક્તાસ્તસ્માચ્ચાંડાલદેહતઃ ॥**

જનમેજય રાજાએ પૂછ્યું : હરિશ્ચંદ્ર રાજા થયા પછી ચાંડાલ દેહથી ત્રિશંકુ કેવી રીતે છૂટયો? તે વનમાં મૃત્યુ પામ્યો કે ગંગામાં ડૂબી મર્યો કે પછી ગુરુ વસિષ્ઠે દયા લાવી એનો શાપથી ઉધ્ધાર કર્યો? આ વૃત્તાંત મને કહો.

વ્યાસે કહ્યું : હે જનમેજય! પુત્રને રાજા બનાવી ત્રિશંકુ પ્રસન્ન ચિત્તે જગદંબાનું ધ્યાન કરતાં દિવસો વિતાવવા લાગ્યો. કેટલાક સમય પછી તપથી નિવૃત્ત થયેલા વિશ્વામિત્રમુનિ પોતાનાં સ્ત્રી–પુત્રને જોવા માટે ત્યાં પધાર્યા. અત્રે પોતાના કુટુંબીઓને સુખી જોઇ હર્ષ પામી, તેમણે સામે આવેલી પત્નીને પૂછ્યું : 'સુલોચને! મારા ગયા પછી દેશમાં ભયંકર દુષ્કાળ પડયો હતો ત્યારે અન્નની તંગીમાં તમે કેવી રીતે દિવસો વીતાવ્યા? હું તપ કરતો હતો તેથી અહીં આવી શકયો નહોતો. વળી તારી પાસે કંઇ પણ ધન નહીં હોવાથી એ વેળાએ તેં શું કર્યું હતું? એક વેળા

ભૂખના દુઃખે હું ચાંડાલના ઘરમાં ઘુસી ગયો હતો, ઘરમાં તેને ઊંઘતો જોઇ રસોડામાં તપાસ કરતાં ત્યાં એક મોટા વાસણમાં કૂતરાના પકાવેલા માંસને મેં જોયું અને તે લેવા જાઉં એવામાં ખડખડાટથી જાગી જતાં ચાંડાલે મને પૂછ્યું કે 'તું કોણ છે? રાતે મારા ઘરમાં શા માટે આવ્યો અને વાસણને કેમ અડક્યો?' મેં ગદ્‌ગદ્‌ વાણીથી તેને કહ્યું: 'હું ચોર નથી, પણ તપસ્વી બ્રાહ્મણ છું. ભૂખથી પીડાયેલો હું અહીં ખાવાનું શોધતો હતો, જો કે હું ચોરી કરવા જ આવ્યો છું છતાં, મારા પર દયા લાવી મને આ માંસ ખાવાની રજા આપ.' એ સાંભળી ચાંડાલે કહ્યું: 'અરે બ્રાહ્મણ, હું ચાંડાલ છું. તું બ્રાહ્મણ છો. મનુષ્યોમાં ઉત્તમ બ્રાહ્મણ થઇને તારે આવો અધમ ખોરાક ન ખાવો; કેમ કે મનુએ સાત પ્રકારના અંત્યજો કહ્યા છે તેમાં હું ચાંડાલ હોઇ કર્મને લઇને ત્યાજ્ય છું. અને આ દોષ તને ન લાગે એટલા માટે તને રોકું છું.' એ સાંભળી મેં તેને કહ્યું કે તારું કહેવું સાચું છે.

પરંતુ પ્રાણ સંકટમાં આવી પડયા હોય ત્યારે કોઇ પણ પ્રકારે રક્ષણ કરવું અને દેહને ઉગારવા પાપ કર્યા પછી પ્રાયશ્ચિત કરી લેવું. ભૂખથી મૃત્યુ થાય તેને નરકમાં જવું પડે છે માટે કોઇ પણ ઉપાયે પ્રાણીમાત્રે ભૂખની પીડાને શાંત કરવી જોઇએ. અને વૃષ્ટિના અભાવે ચોરી કરવી પડે તો જે પાપ લાગે છે તે વરસાદ નહીં વરસાવનારને લાગશે. એમ મેં કહ્યું ત્યાં તો મોટી મોટી ધારાથી ત્યાં વીજળી ત્રાટકવા સાથે વરસાદ વરસવો શરૂ થઇ ગયો, એથી આનંદમગ્ન બની હું તરત જ તે ચાંડાલના ઘરમાંથી બહાર નીકળી ગયો. હે પ્રિયે! આવો કપરો સમય બાળકો સાથે તેં શી રીતે વીતાવ્યો? પતિની કથની સાંભળી પત્નીએ કહ્યું: 'આપના ગયા પછી દુકાળ પડતાં અન્ન માટે બધાં જ બાળકો ખૂબ દુઃખી હતા. ભૂખથી પીડાતા તેમને જોઇ ખોરાક મેળવવા માટે હું જ્યાં ત્યાં ભટકવા લાગી, એમ કોઇ રીતે આહાર મળતાં તેને સહારે કેટલાક મહિના વીતાવ્યા, પણ પછી હું દુઃખમાં ઘેરાઈ ગઇ. જંગલમાં હવે આહાર મળવાની આશા નહોતી. વૃક્ષો બધાં ફળ વગરનાં થઈ ગયા હતાં અને જમીન ખોદવાથી કંદમૂળ પણ મળતાં નહોતાં.

ભૂખથી પીડાતા મારાં બાળકોને રડતાં જોઇ મેં વિચાર કર્યો કે, હવે હું ક્યાં જાઉં અને શું કરું? પણ કોઇ રસ્તો ન સુઝતા કોઇ ધનવાનને એકાદ પુત્ર વેચી દઇ એના દ્રવ્યથી આ બીજાં બાળકોને બચાવું, એમ મનમાં નક્કી કરી એક બાળકને વેચવા માટે હું તેને લઇ નીકળી ત્યારે એ બાળક ખૂબ રડવા લાગ્યો. એવામાં રાજર્ષિ સત્યવ્રતે મને ગભરાયેલી જોઇ અને પૂછ્યું: 'આ તારી પાસેનું બાળક કેમ રડે છે?'

ત્યારે મેં કહ્યું કે : 'રાજન ! હું ભુખના દુઃખે આ બાળકને વેચવા માટે જાઉં છું.' એ સાંભળી દયાળુ નરેશે મને કહ્યું : 'આહારની વ્યવસ્થા હું કરી આપીશ. તમે આ બાળકને લઈ ઘેર પાછા જાઓ.' પછી કોઈ પણ રીતે તે દયાળુએ આ આપણાં બાળકોને ભુખથી મરતાં બચાવ્યા.

અને મારે કારણે જ વસિષ્ઠ મુનિએ એ દયાળુ રાજાનું 'ત્રિશંકુ' એવું નામ રાખી તેને ચાંડાલ થવાનો શાપ આપ્યો. એ રાજાને દુઃખી થતો જોઈ મને ઘણો સંતાપ થાય છે કારણ કે, મારે લીધે એ ભલા રાજાને ચાંડાલ થવું પડયું છે. માટે આપણા પર ઉપકાર કરનારને તપોબળથી કોઈ પણ ઉપાયે બચાવવો એ આપનું પરમ કર્તવ્ય છે.'

પત્નીએ આમ કહ્યું એટલે તેને આશ્વાસન આપતાં વિશ્વામિત્ર બોલ્યા : 'ભયંકર દુકાળમાં આપણને મદદ કરનારા એ પરગજુ રાજાને હું અવશ્ય મુનિના શાપમાંથી મુક્ત કરીશ. મંત્રવિદ્યા અને મારા તપોબળથી જેમ બને તેમ જલદીથી એના સંકટને દૂર કરીશ.'

હે રાજન ! વિશ્વામિત્ર મુનિ પોતાની પત્નીને આશ્વાસન આપી એકાંતમાં બેસી કંઈ વિચાર કરી પ્રથમ ત્રિશંકુ પાસે ગયા. ચાંડાલના ઘરમાં મુનિને આવેલા જોઈ ત્રિશંકુ આશ્ચર્ય પામ્યો તેણે દંડવત્ પ્રમાણ કરી મુનિના ચરણો પકડી લીધા. એટલે ત્રિશંકુને ઊભો કરી વિશ્વામિત્રએ આશ્વાસન આપતાં કહ્યું : 'રાજન ! મેં મારી પત્ની પાસેથી સર્વ વૃત્તાંત સાંભળ્યું છે. અમારે લીધે તમારે શાપના ભોગ બનવું પડયું છે માટે હું તમારી ઇચ્છા કોઈ પણ ભોગે પૂરી કરીશ. કહો મારે હમણા શું કરવાનું છે ?'

રાજાએ કહ્યું : મુને ! એક વેળા જેના પ્રભાવથી સદેહે સ્વર્ગમાં જવાય એવો યજ્ઞ કરાવવા માટે મેં વસિષ્ઠ મુનિને કહ્યું, ત્યારે વસિષ્ઠે ક્રોધે ભરાઈ મને કહ્યું : 'અરે મુર્ખ ! તું આ માનવ શરીરથી સ્વર્ગમાં નહિ જઈ શકે.' ત્યારે સ્વર્ગના લોભથી મેં તેમને ફરીથી કહ્યું કે : 'આપ યજ્ઞ માટે તૈયાર ન હોવ તો હું કોઈ બીજાને આચાર્ય કરીને એ ઉત્તમ યજ્ઞ કરીશ.' એ સાંભળી ક્રોધિત થયેલા એમણે મને શાપ આપ્યો કે : 'તું હમણાં જ ચાંડાલ થઈ જા.' આમ મને તે મુનિનો શાપ લાગ્યો છે. હે મુનિશ્વર ! મને શાપ મળવાનું આ સર્વ કારણ મેં તમને કહ્યું. મારા આ શાપને અને દુઃખને આપ ધારો તો દૂર કરવા સમર્થ છો. એમ કહી દુઃખથી વ્યથિત થયેલો એ રાજા બોલતો બંધ થયો એટલે વિશ્વામિત્ર પણ તેનો શાપ દુર કરવા વિચારવા લાગ્યા. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'ત્રિશંકુ ઉપર વિશ્વામિત્રની કૃપા' નામનો
૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### ત્રિશંકુ સદેહે સ્વર્ગમાં

વ્યાસ ઉવાચ :

વિચિંત્યમનસાકૃત્યંગાધિસૂનુર્મહાતપાઃ ।
પ્રકલ્પ્યયજ્ઞસંભારાન્મુનીનામંત્રયન્તદા ॥

વ્યાસ બોલ્યાઃ મહા તપસ્વી ગાધિ-

પુત્ર વિશ્વામિત્રમુનિએ મનમાં યજ્ઞના કાર્યનો નિશ્ચય કરી યજ્ઞ અંગે જોઈતી સામગ્રીઓ એકઠી કરી પછી મુનિઓને યજ્ઞમાં પધારવા નિમંત્રણ મોકલ્યા. પરંતુ યજ્ઞનો અભિપ્રાય જાણી તેમણે નિમંત્રણનો અસ્વીકાર કર્યો. વસિષ્ઠે એ બધાંને યજ્ઞમાં જતાં અટકાવ્યા હતા.

વિશ્વામિત્રે આવું જાણી ત્રિશંકુ રાજા પાસે જઈને કહ્યું : 'રાજન્! વસિષ્ઠે બધા બ્રાહ્મણોને યજ્ઞમાં આવતા રોકયા છે, એથી યજ્ઞ માટે કોઈ બ્રાહ્મણો આવ્યા નથી. હવે હું તને મારા તપોબળથી સ્વર્ગમાં મોકલું છું. મેં તને વચન આપ્યું છે એટલે તારી ઇચ્છા મારે પૂરી કરવી જ જોઈએ.' એમ કહી વિશ્વામિત્ર મુનિએ હાથમાં જળ લઈ ગાયત્રી જપથી મેળવેલું બધું પુણ્ય સંકલ્પ કરી રાજાને આપતાં કહ્યું, 'હવે તું સ્વર્ગમાં ખુશીથી જઈ શકે છે. ઘણા દિવસના પરિશ્રમે આ પુણ્ય મેં મેળવ્યું હતું એ પુણ્યના પ્રભાવથી તું હમણાં જ ઇંદ્રલોકમાં જા, ત્યાં તારું કલ્યાણ થશે.'

જ્યારે તે ઇંદ્રલોકની નજીક ગયો એટલે તેને જોઈ દેવો ઇંદ્રને કહેવા લાગ્યા: 'પ્રભો! જુઓ તો ખરા? દેવોની જેમ વાયુના જેવા તીવ્ર વેગથી આકાશમાં ઊડતો આ વળી કોણ આવી રહ્યો છે? ચાંડાલના જેવો આ જોવામાં ઘણો દુષ્ટ લાગે છે.' ઇંદ્રએ ધારીને જોયું તો એક નીચ પુરૂષને તેણે સ્વર્ગમાં આવતો જોયો, પછી ત્રિશંકુને ઓળખીને તેને ધિક્કારતો તે ઉગ્ર સાદે કહેવા લાગ્યો : 'અરે! નીચ ચાંડાલ! તું આ સ્વર્ગમાં કેમ આવે છે? તારે માટે ઇન્દ્રલોકમાં સ્થાન નથી માટે તું ત્યાંથી જ પૃથ્વી પર પાછો ચાલ્યો જા.' ઇંદ્રિએ એમ કહેતાં જ જેમ પુણ્ય પરવારતાં દેવો સ્વર્ગમાંથી નીચે પડે છે તેમ ત્રિશંકુ ધીમે....ધીમે નીચે પડવા લાગ્યો, એટલે રડતાં....રડતાં તે વિશ્વામિત્રનું સ્મરણ કરી કહેવા લાગ્યો: 'મુનિશ્રેષ્ઠ! હું સ્વર્ગમાંથી નીચે પડું છું મને બચાવો.' આમ નીચે પડતાં ત્રિશંકુનું રુદન સાંભળી વિશ્વામિત્રે ઊંચે જોયું તો તે નીચે આવી રહેલો દેખાયો. તરત જ એમણે કહ્યું : 'ઊભો રહે.' એમ કહેતાં જ વિશ્વામિત્રના તપના બળે તે અધવચ્ચે અટકી સ્થિર થઈ ગયો. તે પછી મુનિએ એક બીજું સ્વર્ગ રચવાની ઇચ્છાથી હાથમાં પાણી લઈ આચમન કર્યું ને એક મોટા વિસ્તારવાળા યજ્ઞની યોજના બનાવી. વિશ્વામિત્રના એ ઉદ્યમને જાણી ઇંદ્ર તરત જ તેમની પાસે આવીને કહેવા લાગ્યો : 'બ્રહ્મન્! આ તમે શું કરો છો? આટલા રોષે ભરાવાનું શું કારણ છે? નવી સૃષ્ટિરચના તમે ન કરો, કારણ કે, સૃષ્ટિરચનાથી કોઈ કાર્ય સધાવાનું નથી. કહો મારે આપનું શું કાર્ય કરવાનું છે.'

વિશ્વામિત્રે કહ્યું : 'હે સમર્થ ઇંદ્ર! દુઃખી રાજા ત્રિશંકુ તમારા સ્થાન સ્વર્ગમાંથી નીચે પડયો છે તો તેને પ્રેમથી ફરી સ્વર્ગલોકમાં તમારા રહેઠાણે લઈ જાઓ.'

વ્યાસે કહ્યું: વિશ્વામિત્ર મુનિના નિશ્ચ-

એને જાણી ઇંદ્રના મનમાં શંકા થઇ, પરંતુ મુનિના તપોબળને ઉગ્ર જાણી તેણે તેનો સ્વીકાર કર્યો. અને તે જ વખતે ત્રિશંકુને દિવ્ય દેહવાળો બનાવી ઉત્તમ વિમાન પર બેસાડી વિશ્વામિત્રની રજા લઇ પોતાની નગરી અમરાવતીમાં ત્રિશંકુને લઇ ગયો. ત્રિશંકુ સાથે ઇંદ્રના સ્વર્ગમાં ગયા બાદ વિશ્વામિત્રમુનિ પોતાના આસન પર બિરાજ્યા.

હરિશ્ચંદ્ર રાજાએ જાણ્યું કે, 'પિતાજી પોતાની ઇચ્છા મુજબ સ્વર્ગમાં ગયા છે અને આ ઉપકાર વિશ્વામિત્ર મુનિએ કર્યો છે' એ જાણી એને ખૂબ આનંદ થયો, પરંતુ તેને એક ચિંતા સતાવ્યા કરતી હતી. ઘણો સમય જવા છતાં તેની પત્ની ગર્ભવતી નહોતી થતી તેથી હરિશ્ચંદ્ર રાજા મનથી દુઃખી રહેવા લાગ્યો. એક સમયે તેણે વસિષ્ઠ મુનિના આશ્રમે જઇ પોતાનું દુઃખ જણાવી સંતાનપ્રાપ્તિ માટે કોઇ ઉપાય કરવાની પ્રાર્થના કરી તો વસિષ્ઠે હરિશ્ચંદ્રને કહ્યું કે, રાજન ! તું હવે જળના દેવ વરૂણની એકાગ્રતાથી ઉપાસના કર. એથી તે તારો મનોરથ પૂર્ણ કરશે; કેમ કે સંતાન આપવામાં વરૂણથી અધિક કોઇ દેવ નથી, ઉદ્યમ કર્યા સિવાય કોઇ કાર્ય સિદ્ધ થતું નથી. પ્રયત્ન કરવાથી કાર્યમાં સફળતા મળે છે એમાં કોઇ સંદેહ નથી.

તેજસ્વી ગુરૂદેવ વસિષ્ઠનાં વચન સાંભળી રાજા હરિશ્ચંદ્ર તેમને પ્રણામ કરી, તપ કરવાનો નિશ્ચય કરી ત્યાંથી સીધો ગંગાકિનારે એક પવિત્ર સ્થળે જઇ પદ્માસન વાળીને મનમાં વરુણનું ધ્યાન ધરી તપ કરવા લાગ્યો. એની ભક્તિથી જળચરોના અધિપતિ વરૂણદેવ પ્રસન્ન થઇ તેના આગળ પ્રત્યક્ષ થયા ને બોલ્યા : 'ધર્મજ્ઞ ! તારી ઇચ્છા મુજબ વરદાન માગ, હું તારા તપથી પ્રસન્ન છું.'

હરિશ્ચંદ્ર રાજાએ કહ્યું: મારું વાંઝિયા-મેણું ટાળો, મારે કોઇ સંતાન નથી તો મને સુખ આપે એવો એક પુત્ર આપો. હું પુત્રને પશુરૂપ કરી યજ્ઞ કરીશ.' વરૂણદેવે કૃપા કરી તેને પુત્રફળનું વરદાન આપ્યું અને કહ્યું: તારે મારો યજ્ઞ કરવો અને એમાં એ પુત્રને પશુરૂપ કરવો. આ તારા વચનનું પાલન કરજે.

હરિશ્ચંદ્ર ત્યાંથી ઉમળકાભેર મહેલે ગયો. અને પોતાની રાણીને એ સઘળી હકીકત જણાવી. હરિશ્ચંદ્રને સો રાણીઓ હતી તેમાં 'શૈબ્યા' નામની રાણી પટ-રાણી હતી. કેટલાક સમય પછી પટરાણી 'શૈબ્યા' ગર્ભવતી થઇ. એ ખબર દાસી મારફત પડતાં હરિશ્ચંદ્ર રાજા ઘણો પ્રસન્ન થયો. પછી તેણે વિધિ પ્રમાણે ગર્ભાધાન સંસ્કારો કરાવ્યા અને રાણીએ દશમો મહિનો પૂરો થતાં દેવાંશી પુત્રને જન્મ આપ્યો. આ પ્રસંગે રાજાએ બ્રાહ્મણોને ઘણાં દાન આપ્યાં. રાજાને પુત્રજન્મથી ઘણો આનંદ થયો. એ રીતે ગીત, વાજિંત્રોથી ગાજતો ત્યાં મહા મહોત્સવ થઇ રહ્યો. ૧૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'ત્રિશંકુ સદેહે સ્વર્ગમાં' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૫ મો

## વરુણનો હરિશ્ચંદ્રને શાપ

વ્યાસ ઉવાચ

પ્રવૃત્તો સદને તસ્ય રાજ્ઞઃ પુત્રમહોત્સવે ।
આજગામ તતઃ પાશી–
વિપ્રવેશધરઃ શુભઃ ॥

વ્યાસે કહ્યું : 'હરિશ્ચંદ્ર રાજાના મહેલે પુત્રજન્મના મહોત્સવમાં પુષ્કળ દાન અપાતું હતું, એવામાં ત્યાં વરુણ બ્રાહ્મણવેષે આવ્યા અને 'તારું કલ્યાણ થાઓ.' એમ બોલી હરિશ્ચંદ્ર રાજાને કહેવા લાગ્યા : 'હું વરુણ છું. મારા વરદાનથી પુત્રજન્મ થયો છે તો તારા કહેવા પ્રમાણે એ પુત્રથી તું તત્કાળ મારો યજ્ઞ કર.' એ સાંભળી રાજા ચિંતામાં પડી વિચારવા લાગ્યો કે, આ તરતના જ જન્મેલા કમળ સમાન મુખવાળા કોમળ પુત્રને હું શી રીતે હણું? એક બાજુ વરુણ દેવ ઘણા શક્તિશાળી છે, જ્યારે બીજી તરફ પુત્રપ્રેમ હૃદયને વ્યાકુળ કરે છે. આમાં શું પસંદ કરવું? બહુ વિચારને અંતે હરિશ્ચંદ્રએ વરુણદેવને કહ્યું : 'ભગવન્! મેં આપેલા વચન મુજબ હું 'નરમેધ યજ્ઞ' હાલ નહિ કરું, પણ એક મહિના પછી જરૂર કરીશ. કારણ કે પુત્ર દશ દિવસનો ન થાય ત્યાં સુધી પિતા સુતકથી મુક્ત થતો નથી, વળી પુત્રની માતા પણ એક માસનું સ્નાન કર્યા પછી પવિત્ર થાય છે અને યજ્ઞ જેવાં પવિત્ર કાર્યમાં દંપતિ–પતિ અને પત્ની સાથે બેઠેલાં હોવાં જોઈએ, માટે એક મહિના સુધી થોભી જાઓ.'

વરુણદેવ તો 'બહુ સારું એક મહિના પછી યજ્ઞ કરજો' એમ કહી અદૃશ્ય થઈ ગયા. રાજાને હવે નિરાંત હતી તેથી તે પ્રસન્નચિત્તો રહેવા લાગ્યો. તેણે પુત્રનું નામ 'રોહિત' રાખ્યું. સમય તો જોતજોતામાં વીતી ગયો. જ્યાં એક મહિનો પૂરો થયો એટલે રાજાને યજ્ઞની યાદ દેવડાવવા વરૂણદેવ તેની પાસે આવ્યા. તો એમને જોતાં જ રાજા ચિંતામાં પડી ગયો. તેમાં ય વરૂણદેવ યજ્ઞ કરવાની ઉતાવળ કરવા લાગ્યા એટલે રાજા તો પુરેપુરો મુંઝાઈ ગયો. પછી તેણે યુક્તિ વિચારી વરૂણદેવને હાથ જોડીને કહ્યું : 'ભગવન! હું યજ્ઞ કરવા તૈયાર છું પરંતુ બાળકને હજુ દાંત પણ ફૂટયા નથી અને દાંત વગરનો બાળક યજ્ઞપશુ તરીકે યોગ્ય ગણાય નહિ. વેદના જ્ઞાતાઓનું આ મંતવ્ય છે. માટે ભગવન! બાળકના દાંત ફૂટે ત્યાં સુધી રાહ જુઓ, તે વખતે હું અવશ્ય 'નરમેધ યજ્ઞ કરીશ.' 'બહુ સારૂ' કહી વરૂણદેવ ચાલ્યા ગયા. સમય પાછો પાણીના રેલાની જેમ વહેવા લાગ્યો ને બાળક રોહિતને દાંત પણ ફૂટયા. વળી પાછા વરૂણદેવ હરિશ્ચંદ્ર રાજા પાસે આવીને કહેવા લાગ્યા : 'રાજન! બાળકને દાંત ફૂટયા છે માટે તારા વચન મુજબ નરમેધ યજ્ઞનો પ્રારંભ કર.' આ સાંભળી હરિશ્ચંદ્ર રાજાએ હાથ જોડીને કહ્યું : ભગવન! મેં ત્યારે એવું કહ્યું હતું, પરંતુ વૃદ્ધ પુરુષોની માન્યતા છે કે, જ્યાં સુધી બાળકની બાબરી ઉતરાવી ન હોય ત્યાં સુધી તેને યજ્ઞપશુ

કહી શકાય નહિ, એટલે બાળકને ચૌલ-સંસ્કાર થઇ જાય કે પછી તુરત જ હું યજ્ઞ આરંભીશ.'

આ વખતે વરુણદેવ કોપાયમાન થઇ ગયા. તેમણે રાજાને કહ્યું : 'રાજન ! તું જાતજાતનાં બ્હાના કાઢી વારંવાર મને છેતરે છે, તે મારું અપમાન કર્યા બરાબર છે. આ વખત હું તારું કહેવું માન્ય રાખું છું. પરંતુ હવે બાળકની બાબરી ઉતરાવ્યા પછી યજ્ઞ માટે બહાનું કાઢીશ તો તું અવશ્ય મારા શાપનો ભોગ બની જઇશ.' આમ કહી વરુણદેવ ત્યાંથી તુરત જ ચાલ્યા ગયા. થોડા સમય બાદ હરિશ્ચંદ્રરાજાએ બાળક રોહિતના 'ચૌલસંસ્કાર' વિધિપૂર્વક કરાવ્યા, તે પછી વરૂણદેવ તેની પાસે આવી બોલ્યા : 'રાજન ! હવે યજ્ઞ કરે છે ને ?' તેનો ઉત્તર આપવાને બદલે રાજાએ વરૂણદેવનું ભાવથી પૂજન કર્યું, પછી તેણે વિચારી રાખેલી યુકિત મુજબ કહ્યું : 'ભગવન ! ક્ષમા કરશો, હજુ બાળકના એક મહત્ત્વના સંસ્કાર બાકી રહી જાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ઉપવીત સંસ્કાર કર્યા પછી જ 'દ્વિજ' કહેવાય છે, અત્યારે મારો બાળક 'શુદ્ર' ગણાય. પરંતુ તેને અગિયારમે વર્ષે જનોઇ આપીશ એટલે તે શુદ્ર મટી દ્વિજ થઇ જશે, પછી હું ઉલ્લાસપૂર્વક 'નરમેધ યજ્ઞ' કરીશ.' એ સાંભળી વરૂણદેવ ક્રોધ દબાવી 'બહુ સારૂં' કહી ત્યાંથી જતા રહ્યા.

આ વખતે પણ રાજા ચિંતામુક્ત થઇ ગયો એટલે તે આનંદથી રહેવા લાગ્યો. પુત્ર 'રોહિત' તો દિવસે ન વધે એટલો રાતે વધે અને રાતે ન વધે એટલો દિવસે વધે. આમ કરતાં તે દશ વર્ષનો થઇ ગયો અને રાજાએ તેને જનોઇ આપવાની તૈયારી કરવા માંડી. જ્યારે રોહિતના જનોઇસંસ્કાર પતી ગયા એટલે વરૂણદેવે આવી રાજાને યજ્ઞ કરવા કહ્યું તો રાજાએ વળી પાછી કોઇ યુકિત લડાવીને કહ્યું : 'ભગવાન ! ખરેખર, આ સંસ્કાર પછી મારો પુત્ર હવે 'યજ્ઞપશુ' તરીકે યોગ્ય થયો છે, પરંતુ એને સમાવર્તન સંસ્કાર કરવો પડશે ને ? તે કર્યા પછી હું યજ્ઞ કરીશ. કૃપા કરી આપ ત્યાં સુધી રાહ જુઓ.' વરૂણદેવ રાજાની મેલી રમત સમજી ગયા હતા, છતાં તેમણે શાંતિથી રાજાને કહ્યું : 'રાજન ! પુત્રવાત્સલ્યને લીધે તું વારંવાર બ્હાનાં કાઢી મને છેતરે છે, આ વખતે પણ તેં બ્હાનું કાઢયું. ભલે, પરંતુ સમાવર્તન સંસ્કાર થયા પછી તારે અવશ્ય યજ્ઞ કરવો પડશે, તે વખતે આનાકાની કરીશ તો તારૂં અહિત થશે.' આમ કહી તે ચાલ્યા ગયા.

હે રાજન ! અને સમય થતાં રોહિતના સમાવર્તન સંસ્કાર પણ થઇ ગયા અને બીજે જ દિવસે રાજાના આંગણામાં વરૂણદેવનું આગમન થયું. તેમને જોઇ ચતુર કુંવર 'રોહિત' ગભરાઇ ગયો. કારણ કે યજ્ઞમાં તેને બલિ બનાવવાનો છે તે ખબર તેને સેવકો મારફત પડી

ગઇ હતી, પિતા પણ એથી જ હંમેશ ચિંતાતુર રહેતા હતા તેની જાણ પણ તેને થઇ ગઇ હતી....તે સમજી ગયો કે હવે મારો નાશ થશે, માટે અહીંથી ભાગી જાઉં.

આમ વિચારી તે પ્રધાનના પુત્ર સાથે મંત્રણા કરી તે એકલો જ રાજ્યમાંથી દુર દુર જતો રહ્યો આ બાજુ વરૂણદેવ હરિશ્ચંદ્રરાજાને યજ્ઞ કરવા માટે દબાણ કરી રહ્યા હતા. આ વખતે પણ રાજાને બ્હાનું મળી ગયું હતું. તેણે હાથ જોડી વરૂણદેવને કહ્યું : 'ભગવન! હું યજ્ઞ કરવા તૈયાર છું, પરંતુ મારો પુત્ર અહીંયા છે નહિ, તે ગભરાટનો માર્યો કયારનો કયાંક જતો રહ્યો છે, તેને શોધવા માટે ચારે બાજુ સૈનિકો દોડાવ્યા પરંતુ કયાંય તેનો પત્તો મળ્યો નહિ, હવે આમાં મારે શું કરવું? મારું ભાગ્ય જ વાંકું કે હું આપની ઇચ્છા ને મારું વચન પુરું કરી શકતો નથી.'

આ વખતે વરૂણદેવે જરાયે દયા રાખ્યા વગર રાજાને શાપ આપ્યો કે 'તને જલંદરનો અસાધ્ય રોગ થાઓ.' પછી તે જતા રહ્યા ને તુરત જ હરિશ્ચંદ્રરાજાને તે રોગ લાગુ પડયો, રોગથી તેને બહુ કષ્ટ પડવા લાગ્યું. આવો મોટો રોગ પામી રાજા અત્યંત દુઃખી થયો. ૬૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'વરૂણદેવનો હરિશ્ચંદ્રને શાપ' નામનો
૧૫ મો અધ્યાય સમાપ્ત



## અધ્યાય ૧૬ મો

### હરિશ્ચંદ્રએ યોજેલો નરમેધ યજ્ઞ

વ્યાસ ઉવાચ :

ગતેડથ વરુણે રાજા રોગેણાતીવ પીડિતઃ ।
દુઃખાદ્ દુખં પરં પ્રાપ્ય
વ્યથિતોડભૂદ્ ભૃશંતદ ॥

વ્યાસ બોલ્યા : વરૂણદેવના ગયા પછી હરિશ્ચંદ્રરાજા જલંદરના રોગથી બહુ જ પીડાવા લાગ્યો આ ખબર પડતાં પુત્ર રોહિત પિતા પાસે જવા વનમાંથી નીકળ્યો તો ઇન્દ્રે બ્રાહ્મણદેષે આવી તેને જતા રોકતા કહ્યું : 'રાજકુમાર! તું લાગણીથી તારા પિતા પાસે જવા તૈયાર થયો છું, પરંતુ ત્યાં જતાં જ તું યજ્ઞનો બલિ થઇ જઇશ. પોતે રોગમુકત થવા માટે તારા પિતા તને યજ્ઞમાં હોમાવશે, માટે તું વનમાં રહે તેમાં જ તારું શ્રેય છે, તારા પિતાના મૃત્યુ બાદ ખુશીથી રાજ્યમાં જજે.'

ઇન્દ્રના કહેવાની અસર રોહિત ઉપર થઇ અને તે પિતા પાસે ન જતાં વનમાં જ આશ્રમ બાંધીને રહ્યો. આમ ને આમ તેણે એક વર્ષ વીતાવી નાખ્યું, ત્યાં તો તેને ખબર મળી કે હજુ તેના પિતા રોગથી બહુ પીડાઇ રહ્યા છે, તેથી તેણે વિચાર્યું કે, 'ભલે મને યજ્ઞમાં હોમવામાં આવે, પરંતુ પિતા પાસે હવે જાઉં.' આમ તેણે પાકો વિચાર કર્યો, ત્યાં તો પુનઃ ઇન્દ્રે તેની પાસે આવી ગમે તે પ્રકારે સમજાવી તેને રાજ્યમાં જતા રોકયો. આ બાજુ રોગથી પીડતા હરિશ્ચંદ્ર રાજાએ એક વેળા પોતાની

ખબર કાઢવા આવેલા કુલગુરુ વસિષ્ઠ મુનિને રોગથી મુક્ત થવાનો ઉપાય પૂછયો ત્યારે તેમણે કહ્યું : 'જ્યાં સુધી તું નરમેધ યજ્ઞ નહિ કરે ત્યાં સુધી તારો રોગ મટવાનો નથી, તારો પુત્ર અહીં નથી તો પછી કોઇ બ્રાહ્મણનો પુત્ર ખરીદી તેનાથી યજ્ઞ કરી વરુણને પ્રસન્ન કર. કોઇ ધનલોભી બ્રાહ્મણ પાસેથી તેનો પુત્ર વેચાતો મળી આવશે.'

રાજાએ મંત્રીને બોલાવી આજ્ઞા કરી એટલે મંત્રીને તપાસ કરતાં એક બ્રાહ્મણનું ઘર ધ્યાનમાં આવ્યું. આ બ્રાહ્મણને ત્રણ પુત્ર હતા. તે ત્રણેના નામ શુનઃશેપ, શુનઃપુચ્છ, શુનોઃલાંગુલ હતાં. મંત્રીએ બ્રાહ્મણને કહ્યું : 'ભૂદેવ ! તમારે ત્રણ પુત્રો છે તો તેમાંથી એક પુત્ર રાજાના કાર્યને માટે વેચાતો આપો, તે એક પુત્રના બદલામાં હું તમને ઉત્તમ સો ગાયો આપીશ.' લોભી બ્રાહ્મણે સો ગાયો લઇને પોતાના વચેટ પુત્ર શુનઃશેપને મંત્રીને સોંપી દીધો. મંત્રીએ શુનઃશેપને રાજાને સોંપ્યો એટલે રાજાએ તેને યજ્ઞના પશુ તરીકે યજ્ઞસ્થળે ખીલે બાંધ્યો. છોકરો તો આથી ગભરાઇને ખૂબ જ રડવા લાગ્યો, પણ અહીં તેને મુક્ત કરે તેવું કોઇ ન હતું. જ્યારે યજ્ઞનો પ્રારંભ થયો ત્યારે ખીલે બંધાયેલો શુનઃશેપ એટલું બધું રડવા લાગ્યો કે ત્યાં યજ્ઞ કરવા આવેલા બ્રાહ્મણોનાં કાળજાં કંપી ગયાં. અને જેને યજ્ઞપશુનું વધ કરવાનું કામ સોંપ્યું હતું તે પણ જોરથી બોલી ઊઠયો : 'હું આને મારીશ નહિ.' એમ કહી તેણે હાથમાંનું શસ્ત્ર નીચે રાખી દીધું.

બધાયનો વિરોધ જોઇ હરિશ્ચંદ્રરાજા મુંઝાયો કે હવે શું કરવું ? આ વખતે શુનઃશેપનો લોભી બાપ અજીગર્ત ત્યાં આવી ઊભો હતો. તે સ્વાર્થનો સગો હતો. ધનનો લોભી તે પોતાના તે પુત્રને જાતે જ વધ કરવા તૈયાર થયો. તેણે પછી આ વાત કરી તો હરિશ્ચંદ્ર રાજાએ તેને બીજી ઉત્તમ સો ગાય આપી. ત્યાં રહેલા બ્રાહ્મણો આ લોભી અજીગર્ત બ્રાહ્મણને ધિક્કારવા લાગ્યા કે 'અરે, તું બ્રાહ્મણ જેવો બ્રાહ્મણ થઇને એક ઘાતકી પિચાશ જેમ પેટના દીકરાને જાતે મારવા તૈયાર થયો છે?' આમ યજ્ઞસ્થળે મોટો કોલાહલ થતાં વિશ્વામિત્ર મુનિએ રાજાને કહ્યું : 'રાજન! આ બાંધી રાખેલા શુનઃશેપને બંધનમુક્ત કરો, આ બાળક તારો કોઇ વેરી નથી, પરંતુ બાળક દયાને પાત્ર હોય છે. રાજન ! તારા ચાંડાલ થયેલા પિતાને સ્વર્ગમાં મોકલનાર હું જ છું, જો તું આ બાળકને છોડી નહિ મૂકે તો તને મોટું પાપ લાગશે.'

વિશ્વામિત્રને આમ કહેતા જોઇ રાજા હરિશ્ચંદ્ર બોલી ઊઠયો : 'રોગની સતત પીડા અનુભવતો હું રોગમુક્ત થવા માટે આ 'નરમેધ' યજ્ઞ કરી રહ્યો છું, માટે કોઇ પ્રયત્ને પણ આ યજ્ઞપશુ તરીકે રહેલા બાળકને છોડીશ નહિ. એ સિવાય હે વિશ્વામિત્ર, તમે બીજું કંઇ માગો, મારા આ કાર્યમાં તમારે કોઇ

અંતરાય ઊભો ન કરવો જોઈએ તેમ જ કોઈ આગ્રહ પણ ન કરવો જોઈએ. આ સાંભળી અત્યંત ક્રોધી સ્વભાવના વિશ્વામિત્રમુનિ તે રાંક અને કંપતા બાળકને જોતાં અત્યંત દુ:ખી થયા. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'હરિશ્ચંદ્રએ યોજેલો નરમેધ યજ્ઞ' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

### હરિશ્ચંદ્ર રોગથી મુક્ત થયો

વ્યાસ ઉવાચ

રુદન્તં બાલકં વીક્ષ્ય વિશ્વામિત્રો દયાતુરઃ ।
શુનઃ શેફમુવાચેદં ગત્વા
પાર્શ્વેઽતિદુઃખિતમ્ ॥

વ્યાસ બોલ્યા : ખીલે બાંધેલા બાળક શુનઃશેપને જોઈ કરૂણાર્દ્ર બનેલા વિશ્વામિત્ર તેની પાસે જઈ કહેવા લાગ્યા : 'તું ગભરાઈશ નહિ, હું તને વરૂણનો ઉત્તમ મંત્ર આપું છું તેનો જપ કરતો રહેજે તેથી તારું કલ્યાણ થઈ જશે.' એમ કહી તે બાળકને મંત્ર આપ્યો એટલે શુનઃશેપ મંત્ર જપવા લાગ્યો. થોડી વારે ત્યાં વરુણદેવ પ્રગટ થયા. તેમને જોઈ બધા દર્શન કરી કૃતાર્થ થયા, રાજા હરિશ્ચંદ્ર પણ આસન પરથી ઊઠી આશ્ચર્યમુગ્ધ થઈ બે હાથ જોડી તેમની સ્તુતિ કરવા લાગ્યો : હે પ્રભો ! પુત્રપ્રેમને લીધે મેં વારંવાર ખોટું બોલી આપને છેતર્યા, પરિણામે આપના કોપથી હું આ અસાધ્ય રોગથી પીડાઈ રહ્યો છું. યજ્ઞપુત્ર તરીકે મારા પુત્ર રોહિતને રાખવાનો હતો તે મૃત્યુના ભયથી ક્યાંક ચાલ્યો ગયો છે એટલે યજ્ઞદ્વારા આપને પ્રસન્ન કરવા આ શુનઃશેપ નામના બ્રાહ્મણપુત્રને વેચાતો લઈ યજ્ઞપશુ તરીકે રાખી યજ્ઞ આરંભ્યો છે. વળી આપના દર્શન માત્રથી જ મારો રોગ મટી ગયો છે.'

આ સાંભળી વરુણદેવે રાજાને કહ્યું : 'પ્રથમ તું આ મારો જપ કરી રહેલા શુનઃશેપને બંધનથી મુક્ત કર. તું હવે સંપૂર્ણ રોગમુક્ત થા, મારા વચનથી તારો નરમેધ યજ્ઞ પૂરો થયો છે.'

તુરત જ બ્રાહ્મણપુત્ર શુનઃશેપને બંધનથી મુક્ત કરવામાં આવ્યો ને યજ્ઞની પણ પૂર્ણાહુતિ કરવામાં આવી: હવે બ્રાહ્મણપુત્ર શુનઃશેપ ત્યાં હાજર રહેલા સર્વ સામે દ્રષ્ટિ કરી હાથ જોડીને બોલ્યો, 'તમે બધા સત્યવક્તા છો, તો મને એ જણાવો કે હું કોનો પુત્ર ગણાઉં?' આ સાંભળી દરેક જુદું જુદું કહેવા લાગ્યા : કોઈ અજીર્ગતને તેનો પિતા કહે, તો કોઈ રાજાને તેનો પિતા કહે. આમ બધાના મંતવ્યો જાણ્યા પછી વસિષ્ઠ મુનિ કહેવા લાગ્યા : હું જે કહીશ તે વેદમાન્ય હશે. ધનના લોભથી બ્રાહ્મણે વેચી દીધેલો આ બાળક તેને ખરીદનાર રાજાનો ગણાય, પરંતુ રાજાએ તેને યજ્ઞપશુ તરીકે ખીલે બાંધ્યો એટલે તેનો પુત્ર રહેતો નથી. તેમ જ તે બાળકની સ્તુતિથી પ્રસન્ન થયેલા વરૂણે ભલે એને છોડાવ્યો, પણ તે વરૂણનો પણ ગણાય નહિ, કારણ કે મંત્રના જપ કરી મનુષ્યો દેવોને પ્રસન્ન કરી તેમની પાસેથી ઇચ્છિત પદાર્થ મેળવે

છે. એટલે ખરી રીતે જોતાં આ શુનઃશેપ વિશ્વામિત્રનો જ પુત્ર ગણાય, કારણ કે તેમણે જ આ બ્રાહ્મણપુત્રને મંત્ર આપી બંધનમુક્ત કરાવ્યો છે.' અને હર્ષનાદ વચ્ચે વિશ્વામિત્ર મુનિ શુનઃશેપને પોતાના આશ્રમે સાથે લઇ ગયા. બીજા બધા પણ ત્યાંથી પોતપોતાના સ્થાને જતા રહ્યા, પછી તો વનમાં રહેલો રોહિત પણ આ બધી ખબર પડવાથી મહેલે હરિશ્ચંદ્ર રાજા પાસે આવી ગયો તેથી રાજાને અત્યંત હર્ષ થયો. ત્યારબાદ હરિશ્ચંદ રાજાએ વસિષ્ઠ મુનિના આચાર્યપદે રાજસૂય યજ્ઞ કરાવ્યો, તેમાં વિશ્વામિત્ર મુનિ પણ પધાર્યા હતા.

એક સમયે ઇન્દ્રસભામાં એ બન્ને પ્રખર મુનિઓ—વસિષ્ઠ અને વિશ્વામિત્ર બેઠા હતા ત્યારે વસિષ્ઠમુનિને પૂજાયેલા જોઇ વિશ્વામિત્રે ભરસભામાં તેમને પૂછ્યું : હે મુનિશ્રેષ્ઠ ! તમારી આવી મોટી પૂજા કોણે કરી ? આ સાંભળી વસિષ્ઠમુનિ બોલ્યા : 'મહા પ્રતાપી રાજા હરિશ્ચંદ્ર મારો યજમાન છે. તેણે મોટી દક્ષિણા-વાળો રાજસૂય યજ્ઞ કર્યો હતો, તેના યજ્ઞમાં આ પૂજા મેં મેળવી છે, ખરેખર, હરિશ્ચંદ્ર જેવો સત્યવાદી, દાની, શૂરો અને ધર્મનો રાગી રાજા બીજો થયો નથી અને થશે પણ નહિ.'

વ્યાસે કહ્યું: વસિષ્ઠમુનિના મુખેથી હરિશ્ચંદ્રરાજાની આટલી બધી પ્રશંસા સાંભળી વિશ્વામિત્રમુનિને રોષ ઉપજ્યો. તે ક્રોધાવેશમાં બોલ્યા: તમે મારા આગળ વરૂણને વારંવાર છેતરનારા, અને પોતે રોગથી મુક્ત થવા બ્રાહ્મણપુત્રને ખરીદી યજ્ઞપશુ તરીકે ખીલે બંધી રાખ્યો હતો તે રાજાના તમે બારોબાર વખાણ કરો છો ? તમે અત્યંત વખાણેલા એ રાજા-હરિશ્ચંદ્રને જો હું અસત્યવાદી, અદાની અને મહાનીચ ન કરું તો મેં જન્મથી અત્યાર સુધી એકત્ર કરેલું મારૂં સર્વ પુણ્ય નાશ પામે. અને જો હું હરિશ્ચંદ્ર-રાજાને મારી ધારણા મુજબ કરૂં તો તમારૂં સર્વ પુણ્ય નાશ પામે એવી શરત આપણે કરીએ. પછી ઇંદ્રસભામાં વિવાદ કરતા એ બન્ને ક્રોધી મુનિઓ એ પ્રમાણે શરત કરી સ્વર્ગલોકમાંથી પોતપોતાના આશ્રમે જતા રહ્યા. ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'હરિશ્ચંદ્ર રોગથી મુક્ત થયો' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### હરિશ્ચંદ્ર રાજા પર વિશ્વામિત્રનો ક્રોધ

વ્યાસ ઉવાચ:

કદાચિતુ હરિશ્ચંદ્રો મૃગયાર્થં વનં યયૌ ।
અપશ્યદ્રુદતીં બાલાંસુંદરીંચારુલોચનામ્‌॥

વ્યાસે કહ્યું : રાજન્ ! એક સમયે હરિશ્ચંદ્રરાજા મૃગયા ખેલવા માટે વનમાં ગયો હતો. ત્યાં તેને એક અત્યંત રૂપાળી અને કમળ જેવા નેત્રોવાળી બાળા રડતી જોવામાં આવી. તેને દયા આવવાથી તેણે બાળા પાસે જઇ મીઠાશથી પૂછ્યું : 'હે બાળા ! તું આટલું બધું કેમ રડે છે ? તને શું દુઃખ પડ્યું કે આ વનમાં એકાન્તમાં આવી રડે છે ? તું કોણ છે,

તારા પિતા કોણ છે? તને જે દુઃખ આપતો હોય તેનું નામ મને કહે, તેને જીવતો ન રહેવા દઉં.'

રાજાનાં આશ્વાસનભર્યાં વચનો સાંભળી તે સ્ત્રી બોલી: 'રાજન્! આ વનમાં જ્યાં હું રહું છું ત્યાં જ વિશ્વામિત્ર મુનિ કઠિન તપ કરી રહ્યા છે તેથી હું બહુ દુઃખી થઈ છું. મારૂં નામ કમના છે. તે મુનિથી સતાયેલી હું કોઈ ન ઉપાય સૂઝવાથી રડી રહી હતી. આપના રાજ્યમાં ભલે કોઈ દુઃખી ન હોય, પરંતુ મારા દુઃખનો પાર નથી.'

આ સાંભળી હરિશ્ચંદ્રરાજાએ તેને છાની રહેવા જણાવી કહ્યું: 'હે વિશાલક્ષી! તું તારે જ્યાં રહેતી હોય ત્યાં સુખરૂપ રહે, તને દુઃખ ન પડે એવી વ્યવસ્થા હું કરૂં છું. તે મુનિને તપ કરવાનું બંધ કરાવીશ.'

આમ કહી હરિશ્ચંદ્ર રાજા ઘોડા પર બેસી સીધા વિશ્વામિત્ર મુનિ પાસે જઈ તેમને પ્રણામ કરી બોલ્યો: 'મુનિવર! આપ અહીં કઠિન તપ કયા હેતુથી કરી રહ્યા છો? જે હોય તે મને સત્ય હકીકત કહો, તે કાર્ય મારાથી બને તેવું હશે તો અવશ્ય હું કરી આપીશ. મારી આપને પ્રાર્થના છે કે આવું શરીરને કષ્ટ આપે તેવું તપ છોડી દો.'

આમ મુનિના તપમાં અંતરાય નાખી હરિશ્ચંદ્ર રાજા ઘોડા પર બેસી મહેલે ચાલ્યા ગયા, પણ પછી વિશ્વામિત્રનો ક્રોધ ભભુકી ઊઠયો, તેઓ ત્યાંથી પોતાના આશ્રમે જઈ રાજા ઉપર બદલો લેવા વિચારવા લાગ્યા. આખરે તેમને એક યુક્તિ સૂઝી આવી. તેમણે એક ભયંકર દાનવને ભુંડના સ્વરૂપે હરિશ્ચંદ્ર રાજાના બાગમાં બધું ઉજ્જડ કરવા મોકલ્યો. તે ભુંડ ભયંકર નાદ કરતો બાગમાં પેઠો ને ત્યાંના રક્ષકો અને માળીઓ ગભરાઈ ગયા, તેને મારવાની કે પકડવાની કોઈની હિંમત ચાલી નહિ.

ભુંડ બની ત્યાં આવેલા દાનવે તો બાગમાંના બધાં છોડ-ઝાડોને જડમૂળથી ઉખેડી નાખ્યા એટલે સર્વ રક્ષકો અને માળીઓ હિંમત કરીને 'હોંકારા-પડકારા' કરતા તે ભુંડ ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા, પણ ભુંડને તેની કંઈ જ અસર ન થઈ આથી તે બધા હરિશ્ચંદ્ર-રાજા પાસે કંપતા કંપતા ગયા અને 'બચાવો....બચાવો....' એમ કહી હાથ જોડી ઊભા રહ્યા. આથી વિસ્મય પામેલા રાજાએ તેમને પૂછયું: 'તમને કોણ ભયભિત કરે છે? કોનાથી તમે ડરી ગયા છો? મને દેવો કે રાક્ષસોનો ડર નથી, જેણે તમને હેરાન કર્યા હોય તે મને બતાવો, આવીને ખડથી તેનું મસ્તક અલગ કરી નાંખું.'

માળીઓએ કહ્યું: 'મહારાજ! આજે અચાનક કોઈ વિશાળ કાયાવાળો ભુંડ ભયંકર નાદ કરતો બાગમાં ઘુસી ગયો છે અને તેણે આખા બાગનું સત્યાનાશ વાળી નાખ્યું છે, તેને મારવા અમે તેના પર બાણોનો વરસાદ વરસાવ્યો

પણ તેને કંઇ જ અસર થઈ નહિ, પછી અમને મારી નાખવા ધસી આવ્યો એટલે અમે ત્યાંથી ભાગી અહીં આવ્યા છીએ.' રાજા તુરત જ ભુંડને મારવા ઘોડા પર બેસી સાથે સશસ્ત્ર સૈનિકોને લઇ બાગમાં ગયો તો ત્યાં પ્રચંડ ભુંડ ધુરકાટ કરતું બાકી રહેલા છોડ-ઝાડોને પોતાના દાંતોથી ઉખેડી રહ્યું હતું. આખા બાગને ઉજ્જડ થઇ ગયેલો જોઇ ક્રોધે ભરાયેલા હરિશ્ચંદ્ર રાજાએ ભુંડ ઉપર એક તિક્ષ્ણ બાણ છોડયું, તો ભુંડ નિશાન ચૂકાવી ભયાનક અવાજ કરતું રાજા ઉપર ધસી આવ્યું. તો તે વિકૃત મુખ અને દેહવાળા વરાહ પર રાજાએ બાણો પર બાણો છોડવા માંડયા એટલે તે ભુંડ ત્યાંથી ભાગી ગયું.

રાજાએ તેનો પીછો કર્યો ને તેના પર બાણો છોડવા માંડયો, ભુંડ તો આડું અવળું થતું વનના માર્ગે દોડતું હતું. રાજા પણ તેની પાછળ પૂરપાટ ઘોડો દોડાવી રહ્યો હતો આથી રાજાના સૈનિકો બહુ પાછળ રહી ગયા. રાજા એકલો જ ભુંડની પાછળ જવા લાગ્યો, બપોરનો સમય હતો, તાપ સખ્ત પડતો હતો. ભુંડનો પીછો કરી રહેલો રાજા ખૂબ થાકી ગયો અને રખડી-રઝળીને અને ભુખ-તરસથી તેનો જીવ ગભરાવા લાગ્યો, તે જંગલનાં ઊંડાણમાં એવા ભાગમાં આવ્યો હતો કે કોઇ જળાશય જોવામાં આવતું નહોતું કે ફળોવાળા વૃક્ષો પણ દેખાતા નહોતા. પેલું ભુંડ તો કયાંયનું કયાં નાસી ગયું હતું. રાજા મૂંઝાયો કે હું જંગલમાં કયે રસ્તેથી આવ્યો છું તે કંઇ સમજાતું નથી, હવે અહીંથી બહાર નીકળવાનો માર્ગ મને કોણ બતાવશે? આમ વિચારતો હરિશ્ચંદ્રરાજા જળાશયની શોધ કરતો હતો એવામાં એક જળાશય જોવામાં આવતાં તે ઘોડાને ત્યાં દોરી ગયો ને ઘોડાને પાણી પાઇ પોતે પણ પાણી પી હાથ પગ-મોઢું ધોઇ સ્વસ્થ થયો, એટલામાં તેના પર દ્વેષ રાખનારા વિશ્વામિત્રમુનિ બ્રાહ્મણવેષે એની પાસે આવ્યા. તેમને જોઇ રાજાએ ઘોડા પરથી ઉતરીને મસ્તક નમાવી તેમને પ્રણામ કર્યા. એટલે વિશ્વામિત્રે જમણો હાથ અદ્ધર કરી કહ્યું : મહારાજ, તમારૂં કલ્યાણ થાઓ, પરંતુ મને નવાઇ લાગે છે કે તમે એકલા જ જંગલના ઊંડાણમાં અહીં સુધી શા પ્રયોજનથી આવ્યા છો? તે મને કહો.'

હરિશ્ચંદ્રએ કહ્યું : મુનિવર! આજે એક વિશાળકાય ભુંડ કયાંકથી મારા બગીચામાં ઘુસી ગયું અને તેણે બધા છોડ-ઝાડોને જડમૂળથી ઉખેડી નાખી આખા બાગને ઉજ્જડ બનાવી દીધો, મને ખબર પડતાં હું તેને બાગમાંથી હાંકી કાઢવા સૈનિકો લઇને બાગમાં ગયો, ને તેના પર ઘણાં બાણો છોડયા, પણ તેને કંઇ અસર થઇ નહિ અને તે મારા દેખતાં જ બાગમાંથી નાસી ગયું, તેનો પીછો કરતો કરતો હું અહીં સુધી આવી ગયો, તે ભુંડ તો કયાંય

દેખાતું નથી. સૈનિકોથી વિખૂટો પડી ગયેલો હું મૂંઝાઇ ગયો છું કે મારે હવે નગરમાં કયા માર્ગે જવું? હું ભુલો પડી ગયો છું. મારા ભાગ્યયોગે આપ અહીં આવી મળ્યા છો તો કૃપા કરી મને નગરમાં જવાનો માર્ગ બતલાવો. હું અયોધ્યાનો રાજા હરિશ્ચંદ્ર છું, અને હાલ હું રાજસૂય યજ્ઞમાં દીક્ષિત છું જેથી દરેકની ઇચ્છા હું પૂર્ણ કરી શકું છું. હે દ્વિજશ્રેષ્ઠ! જો આપને ધનની ઇચ્છા હોય તો આપ મારી સાથે મારી અયોધ્યા નગરીમાં પધારો, ત્યાં હું આપના ચરણોમાં માંગશો એટલું દ્રવ્ય ધરી દઇશ. ૫૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'હરિશ્ચંદ્રરાજા પર વિશ્વામિત્રનો ક્રોધ' નામનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### વિશ્વામિત્રે દાનમાં હરિશ્ચંદ્રનું રાજ્ય લીધું

વ્યાસ ઉવાચ :

**ઇતિ તસ્ય વચઃશ્રુત્વા ભૂપતેઃ કૌશિકોમુનિ ।**
**પ્રહસ્ય પ્રત્યુવાચેદં હરિશ્ચંદ્ર તદા નૃપમ્ ॥**

વ્યાસ બોલ્યા : હરિશ્ચંદ્ર રાજાની વિનંતિ સાંભળી વિશ્વામિત્રમુનિ તેને કહેવા લાગ્યા : હે રાજન્! આપણે ઊભા છીએ તે સ્થળે પાપોનો નાશ કરનારું મહા પુણ્ય નદી-તીર્થ છે. તું એમાં સ્નાન કરી પિતૃતર્પણ કર. હાલ સમય ઉત્તમ છે, તો તું સામે દેખાતી નદીમાં સ્નાન કરી આવ્યા પછી તારી શક્તિ પ્રમાણે દાન કર; પછી હું તને નગરમાં જવાનો માર્ગ બતાવીશ.'

હરિશ્ચંદ્રરાજાને વિશ્વામિત્રના કપટની ખબર નહિ તેથી તેણે નદીમાં સ્નાન કરી પછી પિતૃઓ અને દેવોનું તર્પણ કર્યું તે પછી વિશ્વામિત્ર પાસે આવી કહ્યું : સ્વામિન! આપને ઇચ્છિત દાન આપીશ. ગાયો, હાથી, ઘોડા, રથ, પૃથ્વી, સોનું વગેરેમાંથી તમારી ઇચ્છા હોય તે માગો.' વિશ્વામિત્રે મધુર વચનોથી કહ્યું: રાજન્! આપની કીર્તિ ત્રણે લોકમાં પ્રસરેલી છે. વસિષ્ઠમુનિએ પણ કહ્યું હતું કે 'પૃથ્વી પર સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્ર જેવો કોઇ દાની જન્મ્યો નથી, એના અગાઉ પણ કોઇ તેના જેવો દાનેશ્વરી રાજા થયો નથી અને ભવિષ્યમાં પણ થશે નહિ.' હે રાજન્! આપ જ્યારે આગ્રહ કરી રહ્યા છો ત્યારે આપને મારી પ્રાર્થના છે કે, 'હાલ મારે પુત્રને પરણાવવો છે, માટે જરૂર પૂરતું ધન આપવાની કૃપા કરો.'

હરિશ્ચંદ્રરાજા કહે : 'મહારાજ! આપ ખુશીથી વિવાહ કાર્યનો આરંભ કરો, આપ માગશો તેટલું ધન હું આપીશ.' રાજાને વચનથી બાંધી લઇ મુનિ વિશ્વામિત્રે હરિશ્ચંદ્રને છેતરવા માટે માયા ઉત્પન્ન કરી : એકાએક રાજા સમક્ષ એક સોહામણો પુત્ર અને એક રૂપાળી દશ વર્ષની કન્યા ઉપસ્થિત થઇ. તે પછી વિશ્વામિત્ર મુનિ બોલ્યા : 'રાજન! મારે તો આજે જ આ બન્નેનાં લગ્ન કરવાની ઇચ્છા છે. કોઇનાં પુત્ર–પુત્રીના વિવાહ કરાવવાથી રાજસૂય

યજ્ઞ કરતાં પણ ઘણું વધારે પુણ્ય મળે છે. જો તું ઉલ્લાસથી આ લગ્ન કરાવીશ તો મોટા પુણ્યનો અધિકારી થઈશ.'

મુનિની માયાથી રાજાની વિવેકશક્તિ નષ્ટ થઈ ગઈ હતી એટલે તેણે તરત જ માગે તેટલું ધન આપવાની પ્રતિજ્ઞા કરતાં કહ્યું : 'ઠીક, આપને મેં જે કહ્યું છે તે પ્રમાણે જ થશે.' ને પછી હરિશ્ચંદ્રરાજા મુનિએ ચિંધેલા માર્ગે પોતાના નગરમાં પહોંચી ગયો. અને વિશ્વામિત્રમુનિ પણ પોતાના આશ્રમના પંથે પરવર્યા. રાજા પછી રાજ્ય કાર્યમાં લાગી ગયો, પછી થોડા દિવસ રહીને વિશ્વામિત્ર મુનિ હરિશ્ચંદ્ર રાજા પાસે આવી કહેવા લાગ્યા : રાજન્ ! તેં કહ્યું હતું તો હવે વેદીનું કાર્ય પૂરું થાય એ માટે આજે જ તું મને દાન આપ.

હરિશ્ચંદ્રએ તે માટે ખુશી દર્શાવી કહ્યું : દ્વિજવર ! આપની ઇચ્છા હોય તે માગો, આપની તે ઇચ્છા હું અવશ્ય પૂરી કરીશ. મારે માટે જગતમાંની કોઇ વસ્તુ નહિ આપવા જેવી નથી.

વિશ્વામિત્ર મુનિએ તુરત કહ્યું : 'હું તો 'હાથી, ઘોડા, રથ અને રત્નોથી ભરેલા તારા સંપૂર્ણ રાજ્યને દહેજરૂપે માગું છું.'

વ્યાસે કહ્યું, 'હે રાજન્ ! વિશ્વામિત્ર મુનિની માયાથી મોહિત થયેલા રાજા હરિશ્ચંદ્રે કંઇ પણ ઊંડો વિચાર કર્યા વિના તુરત જ કહ્યું કે, 'ઘણું સારું. આપની ઇચ્છા પ્રમાણે મેં મારું સમગ્ર રાજ્ય સાધન-સામગ્રી સહિત આપી દીધું.'

વિશ્વામિત્રે કઠોર હૃદયથી કહ્યું: 'હા, તેં આપ્યું ને મેં લીધું. પણ દક્ષિણા વગર દાન પૂર્ણ કહેવાય નહિ, મારે દક્ષિણા જોઇએ, કારણ કે દક્ષિણા વગરનું ગમે તેટલું મોટું દાન હોય તે નિષ્ફળ ગણાય છે, આવો મનુનો અભિપ્રાય છે. માટે તારે દીધેલા દાનને સફળ કરવું હોય તો યોગ્ય દક્ષિણાની વ્યવસ્થા કર.'

વિશ્વામિત્રે આવી માગણી કરી એટલે રાજાએ પૂછયું, 'આપ જણાવો, દક્ષિણામાં શું આપું ?' વિશ્વામિત્રે અઢી ભાર સુવર્ણ દક્ષિણામાં માગ્યું, અને એ જ વેળા ત્યાં આગળ સૈનિકો આવી પહોંચ્યા, ને રાજાને ચિંતાતુર જોઇ સ્તબ્ધ બનીને ઊભા રહ્યા, પછી સેનાપતિએ આગળ આવી રાજાને ચિંતાનું કારણ પૂછયું, પરંતુ રાજાએ કંઈજ ઉત્તર આપ્યો નહિ.

અને પોતે વિચાર્યા વગર કરેલા કાર્ય અંગે ચિંતા કરતા મહેલમાં અંતઃ-પુરમાં ચાલ્યા ગયા. તે વિચારવા લાગ્યા કે, મેં મૂઢમતિએ જેમાં સર્વસ્વ હોમાઇ જાય એવું દાન આપવાનું કબૂલ્યું જ શા માટે ? આ બ્રાહ્મણે તો જેમ ઠગો ભોળા લોકોને ઠગે તેમ મને બરાબરનો ઠગી લીધો, મેં આખુંય રાજ્ય સમગ્ર સાધન-સામગ્રી સહિત આ બ્રાહ્મણને અર્પવાની પ્રતિજ્ઞા લીધી અને બાકી રહ્યું હતું તે એણે દક્ષિણામાં અઢીભાર સોનું માગ્યું તો તે આપવા મેં કબુલ્યું ? વિશ્વામિત્ર મુનિની કપટકળાને હું જ્ઞાની

સમજી શકયો કેમ નહિ ? ખરેખર, દૈવની અકળ કળાને કોઇ જ કળી શકતું નથી. વિધિનું વિધાન જાણવા કોઇ સમર્થ નથી. મેં બ્રાહ્મણને બધું અર્પણ કરી દીધું તો હવે પછી મારી શી દશા થશે. આમ ચિંતા કરી રહેલા રાજાને જોઇ રાણીએ પૂછયું : પ્રભો ! આજે આપ ઉદાસ કેમ દેખાઓ છો ? લાગે છે કે આપ કોઇ મોટી ચિંતામાં ઘેરાઇ ગયા છો ? તો મને સત્ય વાત કહો.

પત્નીને ચિંતાનું કારણ કહેવા રાજાનું મન માન્યું નહિ, તેમણે 'કંઇ નથી' એમ કહી વાત ઉડાવી દીધી. રાજાએ પડખાં બદલીને આખી રાત વીતાવી. પ્રાતઃકાળ થતાં હરિશ્ચંદ્ર રાજા નિત્યકર્મ કરતા હતા. એવામાં તેમને વિશ્વામિત્ર મુનિ બહાર આવ્યાની સૂચના દ્વારપાળે આપી રાજાએ તેમને માનથી અંદર લઇ આવવા દ્વારપાળને કહ્યું, તુરત જ વિશ્વામિત્રમુનિ હરિશ્ચંદ્રરાજા પાસે આવી ઊભા રહ્યા એટલે રાજાએ એમને વારંવાર પ્રણામ કર્યા. ત્યાં તો વિશ્વામિત્રમુનિએ કહ્યું : 'રાજન્ ! હવે તું રાજ્યની મમતા ત્યજી રાજ્ય મને આપી દે. કારણ કે તું વચનથી તે આપવા બંધાઇ ચૂકયો છો. હવે દાન ઉપર દક્ષિણાનું સોનું આપી તારું સત્યવાદીપણું સિદ્ધ કર.'

આ સાંભળી હરિશ્ચંદ્રરાજા સ્તબ્ધ બની ગયો. તેણે હાથ જોડી વિશ્વામિત્રને કહ્યું: 'પ્રભો ! હું કયાં કહું છું કે આ



મારું રાજ્ય છે ? તે તો તમને દાનમાં આપી ચૂકયો છું, હવે અહીંથી બીજે ચાલ્યો જઇશ.... મેં મારું સર્વસ્વ આપને અર્પણ કરેલું છે, હવે આપ તેને તમારા અધિકારમાં લઇ લો. હમણાં આપે દક્ષિણામાં માગેલું સોનું હમણાં હું આપી શકું તેમ નથી, જ્યારે મારી પાસે મહેનત–મજુરીનું ધન આવશે. ત્યારે અવશ્ય હું આપની દક્ષિણા આપી દઇશ.'

ત્યાર બાદ રાજા હરિશ્ચંદ્ર પોતાની રાણી શૈબ્યા, પુત્ર રોહિતને પાસે બોલાવી કહ્યું : 'આપણું સઘળું રાજ્ય વિશ્વમિત્ર મુનિને મેં આપી દીધું છે. હવે અહીં આપણું કંઇ જ નથી. હાથી, ઘોડા, રથ, પાલખી, રત્ન, સુવર્ણ વગેરે બધીય સામગ્રી રાજ્યના દાનમાં આવી જાય છે, એટલે તેના પર આપણો અધિકાર નથી. આપણા ત્રણના શરીર સિવાય સર્વસ્વ એ બ્રાહ્મણનું થઇ ગયું છે. માટે આપણે ત્રણેય આ અયોધ્યાનગરી છોડીને વનમાં જઇને વસીએ. હવે અહીં વિશ્વામિત્રમુનિ રાજ્ય કરશે.'

આમ સત્યની કસોટીએ ચડેલો સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર પહેર્યે લુગડે પોતાની પત્ની તથા પુત્ર રોહિત સાથે મહેલમાંથી બહાર નીકળ્યો, એ વખતે વિશ્વામિત્ર મુનિ ઊભા હતા તેમને પ્રણામ કરી ત્રણે આગળ ચાલી નીકળ્યા.

રાજા, રાણી અને રાજકુમારની આ હાલત જોઇ નગરના નર–નારીઓનાં હૃદય દ્રવી ઊઠયાં, બધાયની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં, તેઓ કહેવા લાગ્યાં:

'રાજન્! આપે આ કેવું પગલું ભર્યું? દૈવવશ આપને કપટી બ્રાહ્મણ વિશ્વામિત્રે વચનથી બાંધી લઈ ઠગી લીધા છે.' રાજા આ બધું સાંભળતો હતો પરંતુ તેના મનમાં જરાયે ઉદ્વેગ નહોતો. કારણ કે સત્યને ખાતર તેણે સર્વસ્વ સહર્ષ અર્પણ કર્યું હતું.

હરિશ્ચંદ્ર રાજા, રાણી અને રાજકુમાર ચાલતાં....ચાલતાં નગરના દરવાજે પહોંચ્યા ત્યાં તો નિષ્ઠુર વિશ્વામિત્ર મુનિ ત્યાં દોડી આવી રાજાને કહેવા લાગ્યા: 'રાજન્! તું દાન ઉપરની દક્ષિણા આપ્યા વગર ક્યાં જાય છે? જો ન આપવાની ઇચ્છા હોય તો સ્પષ્ટ ના કહી દે એટલે હું એને છોડી દઉં. હે રાજન્! તારા હૃદયમાં હજુ રાજ્ય માટે વસવસો રહી ગયો હોય તો ખુશીથી તે પાછું લઈ શકે છે. તું સત્યવાદી છે તો મારું દક્ષિણાનું સોનું મને આપી દે.' એમ કહેતા વિશ્વામિત્રને, અત્યંત દુઃખ અનુભવતો હરિશ્ચંદ્ર રાજા પ્રણામ કરી હાથ જોડી કહેવા લાગ્યો. ૬૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'વિશ્વામિત્રે દાનમાં હરિશ્ચન્દ્રનું રાજ્ય લીધું' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### દક્ષિણા ખાતર હરિશ્ચન્દ્રનો શ્રમ

વ્યાસ ઉવાચ:

અદત્વા તે હિરણ્યં વૈ ન-
કરિષ્યામિ ભોજનમ્ ।
પ્રતિજ્ઞા મે મુનિશ્રેષ્ઠ વિષાદત્યજ સુવ્રત ॥

હરિશ્ચંદ્રે કહ્યું: હે મુનિશ્રેષ્ઠ! તમને દક્ષિણાનું સુવર્ણ આપ્યા વિના હું ભોજન નહિ કરું, આ મારી સત્ય પ્રતિજ્ઞા છે. તમે તે અંગે ઉદ્વેગ છોડો છે. હું સૂર્યવંશમાં જન્મેલો ક્ષત્રિય રાજા છું. ને મેં જ મનુષ્યોની તમામ કામના પૂરનારો....'રાજસૂય યજ્ઞ' કર્યો છે, આવો હું ઇચ્છાનુસાર દાન આપ્યા પછી 'ના' કેમ કહી શકું? આપે માગેલું અઢીમણ સોનું આપી હું આપનું ઋણ અવશ્ય ચૂકવીશ? પરંતુ મને એટલું દ્રવ્ય મળે ત્યાં સુધી ધીરજ ધરો.

આ સાંભળી વિશ્વામિત્ર તાડુકી ઊઠયા, 'રાજન્! હવે તારી પાસે પહેરેલાં લુગડાં સિવાય બીજું છે પણ શું, કે તું મને એટલું સોનું આપીશ? તારાથી એ બનવાનું નથી, તો તને નિર્ધનને એટલા માટે દુઃખી કેમ કરું? માટે તું તારા મુખેથી કહે કે: 'હવે હું દક્ષિણા આપી શકીશ નહીં.' એમ કહી સ્ત્રી ને પુત્ર સાથે તારે અહીંથી જ્યાં પગ લઈ જાય ત્યાં જવું જોઇએ.

હરિશ્ચંદ્રે કહ્યું: 'મેં સોનું આપવાની ના ક્યાં કહી છે? થોડી ધીરજ રાખો, તે આપને હું જરૂર આપી જઇશ. હાલ મારી પાસે મારું કંઈજ રહ્યું નથી એ તો તમે જાણો છો, પરંતુ મારી પત્ની અને પુત્ર મારી પાસે છે. તેઓને વેચીને આપનું ઋણ અવશ્ય ચૂકવીશ. હે દ્વિજેન્દ્ર! આપને ધીરજ ના રહેતી હોય તો આપ કાશીપુરીમાં જઇ કોઇ ગ્રાહકને શોધી કાઢો, એને ત્યાં અમે ત્રણે રહીને એની સેવા-ચાકરી કરીશું.

અમે બધા વેચાઇને પણ આપને અઢીમણ સોનું અવશ્ય આપીશું.'

વિશ્વામિત્ર કંઇ બોલ્યા નહિ એટલે હરિશ્ચંદ્ર બધાંને લઇ કાશીમાં આવ્યો, આ ક્ષેત્રમાં ભગવાન શંકર ઉમા સાથે વિરાજે છે. આ સોહામણી નગરી જોતાં જોતાં ત્રણેય ગંગા કિનારે જઇ સ્નાન, તર્પણ અને દેવાર્ચન વગેરે કરી આવ્યા, તે પછી ચારે તરફ ઘુમવા લાગ્યા.

તે ત્રણેય કાશીની ભવ્યતા જોતા હતા. એવામાં જ તેમની પાસે વિશ્વામિત્ર મુનિ આવી પહોંચ્યા. તેમને પ્રણામ કરી હરિશ્ચંદ્રે કહ્યું: 'મહામુને! અમે બધા ય તમારી સેવામાં હાજર છીએ, અમારામાંથી જેને લીધે તમારું કાર્ય સરે તેમ હોય તેનો સ્વીકાર કરો. અગર અમારે લાયક જે કામ ચીંધશો તે અમે કરીને તમારું ઋણ ચૂકવીશું.'

વિશ્વામિત્રે કહ્યું: 'હે રાજન્! તેં દક્ષિણા આપવા માટે એક મહિનાની અવધિ માંગેલી તે સમય આજે પૂરો થાય છે, તો તારી પ્રતિજ્ઞા મુજબ આજે દક્ષિણા આપી દે હરિશ્ચંદ્રે કહ્યું: 'હે તપસ્વી મુનિ! મને તેની ખબર છે, પરંતુ હજી અર્ધ દિવસ બાકી છે, હું પ્રયત્ન કરું છું, ત્યાં સુધી તમે રાહ જુઓ.' આ સાંભળી વિશ્વામિત્રે કહ્યું: 'સારું, હું પછી આવીશ, પરંતુ એ વખતે દક્ષિણા નહિ આપે તો તું મારા શાપનો ભોગ બનીશ.' આમ કહી વિશ્વામિત્ર ચાલ્યા ગયા. પછી રાજા ખૂબ ચિંતામાં પડી ગયો કે, કયા પ્રકારે મુનિને દક્ષિણા આપું? આ પ્રદેશમાં કોઇ મારું સ્નેહી કે સ્વજન નથી કે જેની પાસે ધન માગીને કાર્ય પતાવું? હું સત્યવાદી છું તો મારે વિશ્વામિત્રને આપેલું વચન પાળવું જ જોઇએ. સત્યથી સૂર્ય તપે છે, સત્યના આધારે આખી પૃથ્વી રહેલી છે, સત્યમાં જ સ્વર્ગ રહેલું છે. એક હજાર અશ્વમેધ યજ્ઞ કરતાં એક સત્ય વધી જાય છે.

રાજાને ચિંતામાં પડેલા જોઇ રાણીએ કહ્યું: 'તમને કોઇની પાસે હાથ લાંબો કરતાં સંકોચ થતો હોય, માગણી કરવા તમારું મન જો સમર્થ ન હોય તો તમે મને ભલે ત્યાં વેચી મારું મૂલ્ય લઇ મુનિને દક્ષિણા આપી દો.'

રાણીનું કહેવું સાંભળી રાજા અવાચક થઇ ગયો. થોડી વારે સ્વસ્થ થતાં દુ:ખને લીધે વિલાપ કરતો રાણીને કહેવા લાગ્યો: હે પ્રિયે! તારા મુખેથી આવા કઠોર વચનો સાંભળી મારું કાળજું કંપી જાય છે. અરે, હું દાની ને જ્ઞાની તને કંઇ વેચું?' પત્નીને વેચવાની વાત આવતાં રાજાની ધીરજ ખૂટી ગઇ. ને તે પાછા બેશુદ્ધ થઇ ઢળી પડયા, આથી રાણીએ તેમનાં મુખ પર જળ છાંટતા કહેવા માંડયું: 'પ્રાણપતિ! આપ જેવા સમર્થ કયા કારણથી નિરાશ્રિતની જેમ પૃથ્વી પર પડયા છો? જેમણે બ્રાહ્મણોને લખલૂટ દ્રવ્ય દાનમાં આપ્યું તે મારા પતિદેવ તમારી આવી દશા? હે દૈવ!

મારા પતિએ તમારું શું બગાડ્યું છે, કે જેનાથી કોપાયમાન થઈ તમે એમની આવી અવદશા કરી નાખી છે?' આમ કહેતાં જ રાણીને મૂર્છા આવી અને તે પૃથ્વી પર ઢળી પડી, પતિના અસહ્ય દુઃખથી તે ખૂબ પીડાતી હતી, એ વેળા અત્યંત ભુખ્યા થયેલા પુત્ર રોહિતે માતા-પિતા તરફ જોઈને કહ્યું: મને ખાવાનું આપો, મને ભુખ લાગી છે, મારો કંઠ સુકાઇ રહ્યો છે. ૪૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'દક્ષિણા ખાતર હરિશ્ચન્દ્રનો શ્રમ' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૧ મો

### શોકાતુર રાજા હરિશ્ચન્દ્ર

વ્યાસ ઉવાચ

એતસ્મિન્નન્તરે પ્રાપ્તો–
વિશ્વામિત્રો મહાતપાઃ ।
અંતકેનસમઃ ક્રુદ્ધો ધનંસ્વં યાચિતં તદા ।।

વ્યાસ બોલ્યા: 'રાજન! રાજા, રાણી અને કુંવર આમ વ્યાકુળ બન્યાં હતાં. એવામાં યમ જેવા ક્રોધિત વિશ્વામિત્ર મુનિ ત્યાં આવી પહોંચ્યા, પણ તેમને જોતાં જ રાજા શુદ્ધિ ગુમાવી જમીન પર ઢળી પડયા, એટલે વિશ્વામિત્રે તેના મુખ પર જળની અંજલિનો છંટકાવ કરી તેને શુદ્ધિમાં લાવી પૂછ્યું, 'હવે મને કહેલી દક્ષિણા સત્વર આપી દો. ઋણ તુરત જ ચૂકવી દેવું જોઇએ, કારણ કે તે તો દિનપ્રતિદિન વધતું જ જાય છે. માટે મને દક્ષિણા આપી દે.'

એ વખતે એક વેદજ્ઞ બ્રાહ્મણ ઘણા બ્રાહ્મણો સાથે આ લોકો હતા એ તરફ આવી રહ્યો હતો, તેથી રાણીએ પોતાના પતિ રાજાને કહ્યું : પ્રભો ! ત્રણે વર્ણના પિતા બ્રાહ્મણ ગણાય છે, અને તેના ધન પર પુત્રના હક્ક છે તો તમે આમની પાસે ધનની માગણી કરો. તો હરિશ્ચન્દ્રે કહ્યું, 'હું ક્ષત્રિય કોઇની પાસે દાન લઉં તે ઇષ્ટ નથી, મારું કામ દાન આપવાનું. ક્ષત્રિયે તો દાન આપવું, રક્ષવું, આ બધાં ક્ષત્રિયનાં કર્મ છે. માટે દેવી, હું ગમે તે ઉપાયે ધન પ્રાપ્ત કરી મુનિને દક્ષિણા આપીશ.'

રાણી કહે : નાથ ! કાળની ગતિ એવી છે કે એક જ પુરુષને દાતા બનાવે છે, ને પછી યાચક બનાવે છે ! એક તપસ્વી બ્રાહ્મણ રાજા પર કોપે, જેથી રાજાને સપરિવાર પહેર્યે લુગડે રાજ્યમાંથી નીકળી જવું પડે અને દુઃખી થવું પડે એ બધું કાળનું જ કામ છે. કાળ જ કઠપુતળીની જેમ બધાને નચાવે છે.

રાજા કહે, 'તીક્ષ્ણ તલવારથી મારા ટુકડા થઇ જાય તેનું મને દુઃખ ન થાય, પણ કોઇની આગળ યાચના કરું કે, 'મને ધન આપો....મને ધન આપો.' એમ કહેતા મારો જીવ ગભરાય. હું ક્ષત્રિય હોવાથી કોઇની પાસે યાચના નહિ કરું પણ મહેનત–મજુરી કરી ધન પ્રાપ્ત કરી મહામુનિનું ઋણ અદા કરીશ.'

રાણીએ કહ્યું, 'તો મેં તમને વારંવાર કહ્યું છે કે મને વેચીને તમારી

મુંઝવણ. ટાળો આપ મારી આ પ્રાર્થના સ્વીકારો, નહીં તો બ્રાહ્મણના શાપથી પુનઃ અધમ યોનિમાં જન્મ લેવો પડશે.'

આ સાંભળી હરિશ્ચંદ્ર રાજાને બહુ અફસોસ થયો, તે બહુ જ દુઃખી થયા. ફરી રાણીએ કહ્યું, 'તમે મને જુગાર, મદિરાપાન, રાજ્ય કે સુખ ભોગ માટે ના વેચો, પણ ગુરુની દક્ષિણા માટે આપ ચિંતા ત્યજીને મારા દ્વારા તમે તમારું સત્યવાદીપણું સફળ કરો.'

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'શોકાતુર રાજા હરિશ્ચન્દ્ર' નામનો ૨૧ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૨૨ મો

## હરિશ્ચંદ્રે રાણી અને પુત્રને વેચ્યાં

વ્યાસ ઉવાચ :

સંતપ્તા નોદ્ય માનસ્તુ-
રાજા પત્ન્યા પુનઃ પુનઃ ।
પ્રાહ ભદ્રે કરોમ્યેષ વિક્રયસ્તે સુનિર્ઘૃણ ॥

વ્યાસજી બોલ્યા : રાણી વારંવાર પોતાને વેચવાની વાત રાજાને કરવા લાગી એટલે રાજા હરિશ્ચંદ્ર પત્ની અને પુત્રને લઇ નગરમાં ફરવા લાગ્યો. નગરના ચોકમાં એક ઓટલા પર પત્ની અને પુત્રને બેસાડી તે જતા આવતા લોકોને કરુણ સ્વરે કહેવા લાગ્યો : નાગરિકો ! મારું કહેવું તમે સાંભળો : આ બેઠેલી મારી પ્રાણપ્રિય પત્ની કોઇને દાસી તરીકે રાખવી હોય તો દામ નક્કી કરી તેને ખુશીથી રાખી લો.

આ સાંભળી બે ચાર સમજુ માણસો રાજાને કહેવા લાગ્યા : તું કોણ છે, આ નગરીમાં પોતાની પત્નીને વેચવા માટે શા દુઃખે આવ્યો છે ?

હરિશ્ચંદ્રરાજાએ કહ્યું : આપ મને એક રાક્ષસ જ સમજી લો. મેં માનવતાને કોરાણે મૂકી છે, એટલે તો હું આવું અઘટિત કર્મ કરવા તૈયાર થયો છું, કૃપા કરી મને તેનું કારણ ન પૂછશો ?

આ વખતે વિશ્વામિત્ર મુનિ બ્રાહ્મણનું રૂપ લઇ ત્યાં આવેલા હતા. પરંતુ રાજાની રાણીને દાસી તરીકે રાખવા કોઇ તૈયાર ન હતું એથી તે જ બોલી ઊઠયા : 'મારે મારી પત્ની માટે એક દાસીની જરૂર છે. એટલે ધન આપીને હું તારી પત્નીને ખરીદવા તૈયાર છું. કારણ કે, મારી પત્ની ખૂબ કોમળ હોવાથી કામ કરતાં થાકી જાય છે, તો તારી પત્ની મારે ત્યાં દાસી તરીકે રહી કામ કરશે તો તેને આરામ મળશે. હવે મને એ કહો કે, તેના બદલામાં તમને કેટલા દામ આપું ? પણ હરિશ્ચન્દ્ર રાજા એટલો બધો વ્યથિત થયો હતો કે તેના ગળે ડુમો બાઝી ગયો, તેનાથી કંઇ જ બોલી શકાયું નહિ, એટલે બ્રાહ્મણે કહ્યું: 'તું ન કહે તો હું આ તારી સ્ત્રીની અવસ્થા રૂપ, શીલ અનુસાર તને જે ધન આપું છું તેનો સ્વીકાર કરી તે મને સોંપી દે. ધર્મશાસ્ત્રોમાં સ્ત્રી-પુરુષનું મૂલ આ રીતે આંકવાનો નિર્દેશ કરેલો છે.' આમ કહી બ્રાહ્મણે રાજાએ ઓટલા પર રાખેલા મૃગચર્મ ઉપર ધન મૂકયું અને રાણીનો ચોટલો પકડી તેને

લઇ જવા માટે ખેંચવા માંડી તો પુત્ર રોહિત 'મા....મા' કરતો તેની પાસે આવ્યો એટલે રાણી આંસુ સારતી કહેવા લાગી : 'પુત્ર ! આજે તારી માતા હું દાસી તરીકે બીજાને ત્યાં જાઉં છું, માટે તું મને અડકીશ નહિ.' પરંતુ રોહિત તો 'મા....મા હું એકલો નહિ રહું.' કહેતો તેની સાડીનો છેડો પકડી તેની સાથે જવા લાગ્યો ત્યારે બ્રાહ્મણે તેને ધમકાવી પાછો કાઢયો, તો પાછો તે 'મા....મા' કહેતો માતાને વળગી પડયો. આથી રાણીએ બ્રાહ્મણને કહ્યું : 'હે સ્વામીન્ ! આપ સમજો છો કે મા વિના બાળક ન રહી શકે, તો આપ કૃપાવંત થઇ મારી જેમ મારા પુત્રને પણ ખરીદી લો. કારણ કે, એની ચિંતાને લીધે હું દાસી તરીકેનું કાર્ય સારી રીતે કરી શકીશ નહિ.'

આ સાંભળી બ્રાહ્મણે રાણીના પુત્રનું પણ મૂલ્ય મૃગચર્મ પર મૂકી દીધું. આમ તેણે માતા સાથે પુત્રને પણ ખરીદી લીધો. આ વખતે રાણીએ રાજાને પ્રણામ કર્યા અને પ્રદક્ષિણા કરી કહેવા લાગી : 'જો મેં સદ્‌ભાવથી દાન કર્યું હોય, યજ્ઞ કર્યા હોય, બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હોય તો એ પુણ્યના પ્રભાવથી મહારાજા હરિશ્ચંદ્ર પુનઃ મને સત્વર પતિરૂપે પ્રાપ્ત થાઓ.' આમ કહી તે રાજાને પગે પડી એટલે હરિશ્ચંદ્ર રાજાની આંખમાંથી આંસુ સરી પડયાં. પછી બોલ્યા : 'જેમ વૃક્ષની છાયા વૃક્ષને છોડીને જાય તેમ તું શીલવતી નારી મારાથી અલગ થઈ રહી છે તેનું મને દુઃખ છે, પરંતુ સત્ય જળવાઇ રહ્યું એનો પરમ સંતોષ છે. પછી તે પુત્ર રોહિતને કહેવા લાગ્યા : પુત્ર રોહિત ! તું મને છોડીને જાય છે, તો હું એકલો કયાં જઇશ, મારી સેવા કોણ કરશે ? એક તો રાજય છોડી વનવાસ વેઠું છું, તેમાં તારો ને તારી માતાનો વિયોગ થયો, તો આ દુઃખ હું કેવી રીતે સહન કરી શકીશ ?

બ્રાહ્મણરૂપે આવેલા વિશ્વામિત્ર મુનિએ તે બધા સાથે બહુ કઠોર વ્યવહાર કર્યો, આ પછી રાણી અને કુંવરને બળજબરીથી લઈ જવા લાગ્યા ત્યારે હરિશ્ચંદ્ર રાજાની આંખમાંથી દડદડ આંસુ સરવા લાગ્યાં. અને થોડી જ વારમાં વિશ્વામિત્ર-મુનિ પોતાના અસલ સ્વરૂપે એક શિષ્યની સાથે ચોકમાં એકલા ઊભેલા ને વિલાપ કરી રહેલા હરિશ્ચંદ્ર રાજા પાસે આવી ઉગ્ર સાદે બોલ્યા : 'રાજન્ ! તું સત્ય-પાલક હોય તો રાજસૂય યજ્ઞની દક્ષિણા આપવા કહેલું તે વચન પૂરું કર.' આ સાંભળી રાજાએ મૃગ ચર્મ પર પડેલું ધન તેમને આપવા માંડયું તો તે લેવાની આનાકાની કરતાં મુનિએ કહ્યું : આ બધું ધન કયા માર્ગે આવ્યું છે તે જાણ્યા વગર હું તેનો સ્વીકાર નહિ કરું.' મુનિની આટલી બધી નિષ્ઠુરતા જોઇ રાજાએ કહ્યું : 'મહારાજ ! મેં મારી સાધ્વી પત્ની અને પુત્ર રોહિતને વેચ્યાં તેની બદલીમાં મળ્યું છે. બધી

મળીને અગિયાર કરોડ સોના મ્હોરો છે. તેનો આપ સ્વીકાર કરો, જેથી હું ઋણમાંથી મુક્ત થાઉં. સુત બોલ્યા : હે રાજન ! રાજા હરિશ્ચંદ્રના સત્યની કસોટી કરી રહેલા વિશ્વામિત્ર મુનિને આટલું બધું ધન પણ ઓછું પડયું તેથી ક્રોધે ભરાઇ તે રાજા હરિશ્ચંદ્રને કહેવા લાગ્યા: રાજન્ ! રાજસુય જેવા યજ્ઞની દક્ષિણા આટલી ન હોય ? હજુ બીજું ધન હોય તો જ દક્ષિણા પૂરી થાય. જો તું આટલી જ દક્ષિણાથી પતાવવા માગતો હોય તો મારા તપનું બળ તને બતાવવું પડશે. રાજાએ કહ્યું : આપ શાંત થાઓ, હવે થોડો સમય રાહ જુઓ. હવે હું પોતે વેચાઈ ને દક્ષિણા પૂરી આપીશ.

આ સાંભળી વિશ્વામિત્ર બોલ્યા : રાજન્ ! દિવસનો ચોથો પ્રહર વીતી રહ્યો છે અને મારી પ્રતિજ્ઞાનો આ અંતિમ સમય છે. એ પછી તારે બીજા સમયની અવધિ કરવી નહિ ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'હરિશ્ચંદ્રે રાણી અને પુત્રને વેચ્યા' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### હરિશ્ચંદ્ર ચાંડાલને ત્યાં વેચાયા !

વ્યાસ ઉવાચ :

તસ્મૈ વસુક્ત્વા રાજાનં નિર્ઘુણ નિષ્ઠુરં વચઃ ।
તદાદાય ધનં પૂર્ણં કુપિતઃ કૌશિકો યયૌ ॥

વ્યાસ બોલ્યા : વિશ્વામિત્રમુનિ રાજાને આમ કહી પેલું બધું યે ધન લઇ ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી દુ:ખી રાજા કરુણતાથી મોટે સાદે ભરબજારમાં બોલવા લાગ્યો : ભાઇઓ ! કોઇ ને સેવા માટે માણસ જોઇ તો હોય તો હું વેચાવા તૈયાર છું. જેમની ઇચ્છા હોય તે દિવસના આ ચોથા પ્રહરમાં મારી પાસે આવી નક્કી કરી મને ખરીદી લે.'

જતા આવતા લોકો આ સાંભળતા હતા પણ કોઇ તેને ખરીદવા તૈયાર ન હતું, આથી રાજા નિરાશ થઇ ગયો હતો, એવામાં ધર્મ ચાંડાલરૂપે ત્યાં આવી પહોંચ્યા. તેમના કાળા રંગના શરીરમાંથી દુર્ગંધ નીકળતી હતી. મોટામોટા દાંત હતા, દાઢી પણ ખુબ વધી ગઇ હતી. ચરબીથી ભરેલા તે ચાંડાલના ગળામાં ખોપરી લટકતી હતી ને હાથમાં મોટો દંડ હતો. તેણે હરિશ્ચંદ્ર રાજા પાસે આવી કહ્યું : 'મારે એક નોકરની જરૂર છે, માટે તું તારી કિંમત કહે, મને યોગ્ય લાગશે તો ખરીદી લઇશ. હું પ્રવીર નામનો ચાંડાલ સ્મશાનમાં રહું છું; તારે મારા નોકર તરીકે રહી મડદાં ઉપરથી કફન કાઢી લેવાનું કામ કરવાનું.'

ચાંડાલનું કહેવું સાંભળી હરિશ્ચંદ્ર રાજા વિચારવા લાગ્યો કે, આ ચાંડાલ મને ખરીદી લે તેવો છે. અને હું તેનો નોકર બનું પછી તે જે કહે તે કાર્ય મારે કરવું જ પડે તે આમ વિચારતો હતો એવામાં વિશ્વમિત્ર મુનિ તેની અંતિમ કસોટી કરવા આવી પહોંચ્યા ને હરિશ્ચંદ્રને કહેવા લાગ્યા : 'હે રાજા ! તારી દાનત બાકીની દક્ષિણા ચૂકવવાની લાગતી નથી. કારણ કે, આ ચાંડાલ તારા કહેવા પ્રમાણે ધન આપીને તને

નોકર તરીકે લઈ જવા તૈયાર છે છતાંય તું વિચાર કરે છે ?'

હરિશ્ચંદ્ર રાજાએ કહ્યું : 'ભગવન્ ! ઉત્તમ ગણાતો સૂર્યવંશી હું ચાંડાલને ત્યાં શી રીતે વેચાઉં ?'

વિશ્વામિત્રે ઘાંટો પાડીને કહ્યું : 'એમાં હું શું કરું ? વચનને પાળવા માટે બધું જ કરવું પડે: માટે તું ચાંડાલ પાસે ધન લઈ, તેને વેચાઈ તે ધન મને આપી ઋણમુકત થા, જો તેમ કરવામાં વિલંબ કરીશ તો હું તને શાપ આપીશ. જો તું અત્યારે જ ધનની સગવડ નહિ કરે તો ચોથા પ્રહરની અર્ધી ઘડી વીતી જતાં હું શાપરૂપી અગ્નિથી તને બાળીને ભસ્મ કરી દઈશ.'

વ્યાસ બોલ્યા: રાજન ! એ સમયે હરિશ્ચંદ્રરાજા શબની જેમ નિશ્ચેષ્ટ બની ગયો, પછી 'મારા પર પ્રસન્ન થાઓ.' એમ કહી તેણે વિશ્વામિત્રમુનિનાં બન્ને ચરણો પકડી લીધાં ને બોલ્યો : હે મુનિવર ! હું આપનો પરમભકત અને દુઃખી સેવક છું. ચાંડાલને ત્યાં રહેવું મારે માટે દુઃખકારક થઈ પડશે, તો બાકી રહેલી દક્ષિણા ચૂકવવા માટે હું આપને ત્યાં દાસ તરીકે રહું. આપ જે કામ ચીંધશો તે પ્રેમથી કરીશ.' વિશ્વામિત્રે કહ્યું : 'મને તેમાં કંઈ જ વાંધો નથી, ભલે તું મારો સેવક થા, પરંતુ મારી આજ્ઞાનો વિરોધ કર્યા વગર તારે તેનું પાલન કરવું પડશે.'

આ સાંભળી હરિશ્ચંદ્ર જાણે પોતાનો પૂનર્જન્મ થયો હોય તેમ આનંદિત થઈ ઊઠયો અને બોલી ઊઠયો : 'દ્વિજવર ! અત્યારથી જ હું આપનો સેવક બની ગયો, આપ જે આજ્ઞા કરશો તેનું પાલન કરીશ. હવે મારે શું કાર્ય કરવાનું છે ?' તો વિશ્વામિત્ર મુનિએ પેલા દૂર ઊભેલા ચાંડાલને પાસે બોલાવી કહ્યું : 'હે ચાંડાલ ! આ મારો સેવક છે તને વેચી દેવા માગું છું, તું એનું કેટલું દ્રવ્ય આપીશ ? કારણ કે મારે સેવકની નહિ ધનની જરૂર છે.'

ચાંડાલે કહ્યું : 'જે દશ યોજનનો પ્રયાગનો સીમાડો છે. તેને રત્ન સભર બનાવી હું આપને આપીશ. આપ આને મને સોંપશો તો મારું મોટું દુઃખ દૂર થઈ જશે.' વિશ્વામિત્રે તે કબૂલ કર્યું એટલે ચાંડાલે મુનિને સુવર્ણ, મણી–મોતી, પરવાળાં વગેરે અનેક પ્રકારનાં રત્નો આપ્યાં. હરિશ્ચંદ્રે વિચાર્યું કે વિશ્વામિત્ર મારા સ્વામિ છે એટલે તે જે આજ્ઞા કરશે તેનું પાલન કરીશ. આમ તે વિચારતો હતો એવામાં જ આકાશવાણી થઈ. 'મહારાજ ! દક્ષિણા આપી તમે હવે ઋણમુકત થયા છો.' અને તે સમયે જ સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા પર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી અને ઇંદ્ર આદિ દેવો વારંવાર 'ધન્ય છે.... ધન્ય છે' એમ ધન્યવાદ આપવા લાગ્યા. પછી આનંદિત થયેલા હરિશ્ચંદ્રે વિશ્વામિત્રને કહ્યું: 'હે મુનિવર ! મારા માતા, પિતા, બંધુ જે ગણો તે આપ જ છો, કારણ

કે પળવારમાં આપે મને ઋણરૂપી બંધનમાંથી મુક્ત કરાવ્યો છે. હવે મારે શું કરવાનું છે?'

વિશ્વામિત્રે કહ્યું : હે રાજા ! આજથી લઈને તારે આ ચાંડાલને ત્યાં જઈ તે આજ્ઞા કરે તેનું પાલન કરવાનું છે. તારું કલ્યાણ થાઓ.' એમ રાજાને કહી મુનિ બધુંય દ્રવ્ય લઈ ત્યાંથી જતાં રહ્યા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'હરિશ્ચંદ્ર ચાંડાલને ત્યાં વેચાયા !' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### રાજા હરિશ્ચંદ્ર સ્મશાનમાં રહ્યા

**શૌનક ઉવાચ**

**તતઃ કિમ કરોદ્ રાજા ચાંડાલસ્ય ગૃહે ગતઃ ।**
**તદ્ બ્રૂહિ સૂતવર્ય ત્વં-**
**પૃચ્છતઃ સત્વરં હિ મે ॥**

શૌનકે પૂછયું : હે ઉત્તમ સૂત ! એ ચાંડાલને ઘેર નોકર તરીકે રહેલ. રાજાએ તે પછી શું કર્યું ? તે વૃત્તાંત મને આપ જલદી કહો.

સુતે કહ્યું : દ્વિજવર ! ચાંડાલ પાસેથી ધન લઈ વિશ્વામિત્રના ગયા પછી ચાંડાલે રાજાને બાંધી લીધો. હવે તું કયાં જઈશ. એમ કહી ચાંડાલે હરિશ્ચંદ્રને લાકડી ફટકારી, વાગવાથી રાજાને બહુ જ પીડા થઇ. પ્રિયજનોના વિયોગથી એનું હૃદય સંતપ્ત તો હતું જ. પરંતુ તે કંઇ જ બોલ્યા નહિ. પછી ચાંડાલે પોતાના ઘેર લઇ જઇ તેને ચાંડાલવાડામાં પૂરી પોતે શાંતિથી સુઇ ગયો. હવે રાજાનો સમય બંદિવાન અવસ્થામાં વીતવા લાગ્યો. તે અન્ન-જળનો ત્યાગ કરી વિચારતો કે, 'દયાને પાત્ર મારી રાણી દીન પુત્ર રોહિતને જોઇને વિચારતી હશે કે, રાજા ધન મેળવી નક્કી કરેલી રકમ બ્રાહ્મણને ચૂકવી અમને બોલાવશે. ત્યારે જે મિલન થશે તે બહુ જ સુખદ હશે.' મારી એ પ્રિયાને હું ચાંડાલ થઇ ગયો છું. એની કંઇ ખબર નથી. રાજય ગયું, સ્વજનો અલગ થઇ ગયા. મેં ભરબજારમાં સ્ત્રી તથા પુત્રને વેચી દીધા. ને મારે ચાંડાલનું કાર્ય સ્વીકારવું પડયું, અહો ! વિધિની પણ કેવી વિચિત્રતા છે.'



એમ ચાંડાલને ઘેર બંધનાવસ્થામાં રહેલ હરિશ્ચંદ્ર હંમેશ સ્ત્રી-પુત્રને સંભારતા હતા. એ રીતે ચાર દિવસ વીતી ગયા. પાંચમા દિવસે બપોરે ચાંડાલે રાજાનાં બંધન છોડી સ્મશાનમાં લઇ જઇ શબનું કફન લેવાનો હુકમ કરી કહેવા લાગ્યો : 'જો, કાશીની દક્ષિણે એક મોટો સ્મશાનઘાટ છે. ત્યાં જઇ તારે તેની સંભાળ રાખવાની છે અને ત્યાં જ તારે રહેવાનું છે. મારી પાસેના આ જુના દંડને લઇને તું હમણાં ત્યાં જા અને કોઇ પૂછે તો તારે કહેવું કે 'આ દંડ મહાબાહુ પ્રવીરનો છે.'

ચાંડાલની આજ્ઞાથી તેના નોકર બનેલા રાજા તે સ્મશાનમાં આવતાં હતાં. ત્યાં ચિતાઓમાંથી ઘણી દુર્ગંધ મારતો ધુમાડો નીકળતો હતો. શિયાળો, ગીધો અને સમડીથી સ્મશાનની જગ્યા ભરાઇ

ગઈ હતી. ચારે તરફ મડદાં જ મડદાં દેખાતાં હતાં. અડધાં બળેલાં મડદાંના મોઢાં દાંતોથી ઘણાં બીભત્સ લાગતાં હતાં. મૃત્યુ પામેલાના સંબંધીઓ ત્યાં આગળ બેસી કરુણ ચિત્કાર કરતા હતા જેથી ત્યાં ભારે કોલાહલ મચી ગયો હતો. હૃદયને ચીરી નાખનારા આક્રંદથી વ્યાપ્ત તે સ્મશાનમાં વારંવાર બળી રહેલા મડદાંમાંથી માંસ, મજ્જા, મેદ બળતી વખતે ઝાંય-ઝાંય એવો અવાજ નીકળતો હતો. ચિતાના અગ્નિમાંથી ચટચટ એવો ભયંકર શબ્દ થતો હતો. તે વેળા એ સ્મશાનઘાટ જાણે ભુતાવળ હોય તેવો જણાતો હતો.

રાજા ચિતા પર બળતાં મડદાંને જોતો સ્મશાનમાં આમતેમ ફરવા લાગ્યો. એના શરીર પર મેલ જામી ગયો હતો. 'આ મડદાં પરથી આટલું કફન મળ્યું, વળી આ મડદાં પરથી આટલું મળશે. આ મારું છે અને આ ચાંડાલનું છે–' એવી ભાંજગડમાં રાજા વ્યસ્ત રહેવા લાગ્યો, એના શરીર પર જુનું ફાટેલું અને ગાંઠોવાળું એક જ વસ્ત્ર હતું.

સુવા માટે એક ગંધાતી ગોદડી હતી. હાથ, પગ, મોઢું ને પેટ બધાયે અંગો ચિતાની રાખવાળાં થઈ ગયાં હતાં. હાથનાં દશેય આંગળાં મલિન-માંસ, લોહી ને મજ્જાવાળાં થઈ ગયાં હતાં. અનેક શબોનો પ્રબંધ કરવાનો હોવાથી એની ભૂખ મરી ગઈ હતી. અને તે રાત્રે કે દિવસે ઊંઘતો ન હતો. એ રીતે હરિશ્ચંદ્ર રાજાના બાર મહિના વિત્યા પણ તે તેને સો વર્ષ જેવા લાગ્યાં. ૩૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'રાજા હરિશ્ચંદ્ર સ્મશાનમાં રહ્યા' નામનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૫ મો

### સર્પદંશથી રોહિતનું મૃત્યુ

સૂત ઉવાચ :

એકદા તું ગતો રંતુ બાલકૈ:–
સહિતો બહિઃ ।
વારાણસ્યા નાતિદૂરે–
રોહિતતાખ્યઃ કુમારકઃ ॥

સુત બોલ્યા : 'હે શૌનક ! એક વખતે બ્રાહ્મણને ઘેર રહેલો કુમાર રોહિત બીજાં બાળકો સાથે રમવા માટે કાશીની બહાર ગયો. રમત રમતમાં તે દર્ભને ઉખાડવા લાગ્યો. તેણે ઘણા કોમળ દર્ભ ઉખાડયા. આનાથી મારા ગુરુ રાજી થશે. એમ કહી ત્યાં ઘણી સમિધાઓ ને દર્ભ તેણે એકઠાં કર્યાં, વળી અગ્નિહોત્ર માટે ખાખરાનાં કાષ્ટ પણ તેણે વીણીને એકઠાં કર્યાં. પછી બધાનો એક ભારો બાંધી તેને સાવધાનીથી માથે મૂકી પછી ચાલવા લાગ્યો. કોમળ શરીરવાળો તે ચાલતાં ચાલતાં ખૂબ થાકી ગયો ત્યારે એક જલાશય આગળ માથા પરથી ભારો ઉતારી પાણી પી થોડોક વિશ્રામ કરી ભારો ઊપાડવા ગયો, ત્યાં જ સાપનો રાફડો હતો. તે વખતે વિશ્વામિત્રની પ્રેરણાથી એક સાપ રાફડામાંથી નીકળીને રોહિતને કરડયો. સર્પદંશ થતાં જ રોહિત ભાન ગુમાવી ઢળી પડયો તેની સાથેના

બાળકો તેને મરેલો સમજી તે રહેતો હતો તે બ્રાહ્મણને ઘેર આવીને રોહિતની માતાને કહેવા લાગ્યા : 'વિપ્રની દાસી ! તારો પુત્ર સર્પ કરડવાથી મરી ગયો છે.' આ સાંભળી રાણી બેશુદ્ધ થઇ પૃથ્વી પર ઢળી પડી. ત્યારે તેના પર ક્રોધે ભરાયેલો બ્રાહ્મણ તેના મુખ પર પાણી છાંટી ભાનમાં લાવી તેને કહેવા લાગ્યો. દુષ્ટા ! સાયંકાળે રડવું એ અશુભ છે. એથી ઘરમાં દરિદ્રતા આવે છે. તો તું શા માટે રડે છે ?

રાણીએ મૌન સેવ્યું. પુત્રના શોકથી તે રડી રહી હતી, મોઢું આંસુઓથી ખરડાઇ ગયું હતું. છતાં ક્રોધે ભરાયેલા બ્રાહ્મણે રાણીને કહ્યું: 'દુષ્ટા ! મેં તને કિંમત આપીને ખરીદી હોવાથી તું મારું કાર્ય કરવામાં આનાકાની કરે છે? તારાથી કામ થતું નથી તો પછી તારા પતિએ મારી પાસેથી ધન કેમ લીધું ?'

રાણીએ કરૂણ વાણીમાં રડવાનું કારણ જણાવતા કહ્યું, 'સ્વામિન ! મારો પુત્ર બહાર ગયો હતો ત્યાં સર્પદંશ થવાથી તેનું મૃત્યુ થયું છે. હું એને જોવા ઇચ્છું છું તો મને આપ ત્યાં જવાની આજ્ઞા આપો; કેમ કે હવે એ પુત્રનું દર્શન મારા માટે દુર્લભ બન્યું છે.' આમ કહી રાણી ફરીથી રડવા લાગી, ત્યારે ક્રોધી બ્રાહ્મણ બોલ્યો: 'મારે તારું કંઇ જ સાંભળવું નથી. તારું કાર્ય કરવા માંડ. સાંભળ ! જે વ્યક્તિ સ્વામી પાસેથી મહેનતાણું લઇ એનું કામ સારી રીતે કરે નહિ તે રૌરવ નરકમાં પડે છે. જો તારા હૃદયમાં લેશ માત્ર પણ પરલોકનો ભય હોય તો મારા કાર્યમાં લાગી જા.'

બ્રાહ્મણનું કહેવું સાંભળી વ્યથિત રાણી બોલી: 'નાથ ! હું મારા બાળકને જઇને જોઇ આવું એટલો સમય મને ત્યાં જવાની આજ્ઞા આપો.' એમ કહી તે અત્યંત વિલાપ કરતી રડવા લાગી.

બ્રાહ્મણ કહે : તારા પુત્રનું મારે શું કામ છે? આડી-અવળી વાતો છોડીને તું પહેલાં ઘરનું કામ કર. શું તું મારા ક્રોધને નથી જાણતી !

લાચાર બનેલી રાણી ઘરનું કામ કરવા લાગી. બ્રાહ્મણીના પગ દબાવવા, અંગે તેલનું મર્દન કરવું વગેરે કામ પતાવતાં અડધી રાત વીતી ગઇ ત્યારે નિષ્ઠુર બ્રાહ્મણે રાણીને કહ્યું : 'હવે તું તારા પુત્ર પાસે જઇ શકે છે. ત્યાં જઇ એનો અગ્નિસંસ્કાર કરી જલદી પાછી આવ.' બિચારી રાણી અડધી રાતે બ્રાહ્મણના ઘરમાંથી એકલી રડતી આખડતી પુત્ર રોહિત જ્યાં મરેલો પડેલો હતો ત્યાં ગઇ ને તેને જોઇ શોકથી સંતપ્ત થઇ કકળી ઊઠી. તે રાણી જ દુઃખી થઇ વિલાપ કરવા લાગી : 'બેટા ! તું મારી પાસે આવ. કહે, તું મારાથી કેમ રિસાયો છે. તું તો વારંવાર 'મા....મા' કહી મારી પાસે આવતો હતો.'

આમ કહી રાણી થોડુંક આગળ વધી પુત્ર રોહિતના મૃતદેહ પર બેભાન થઇને પડી. પછી સ્વસ્થ થતાં તેણે બન્ને હાથથી રોહિતના શબને લઇ તેના

મુખે-મુખ અડકાડી જોરજોરથી માથું અને છાતી કુટતી તે કરુણ વિલાપ કરવા લાગી : 'હા પુત્ર ! હા વત્સ ! હા બેટા ! હા મારા કોમળ પુત્ર ! તું મને મૂકીને ક્યાં ચાલ્યો ગયો?

હા રાજન્! આપ અમારી અવદશા કરી ક્યાં ચાલ્યા ગયા છો ! ભલા એકવાર અહીં આવી આપણા આ બાળકને તો જોઇ લો. પ્રાણોથી પણ અધિક પ્રિય પુત્ર આજે સંસારનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવ્યો છે.'

આમ કહેતાં તે પાછી બેભાન થઇ ગઇ, થોડીવારે ફરી ભાનમાં આવતાં તે બાળકનું મુખ પકડી કહેવા લાગી : 'બેટા ! આ ભયંકર નિદ્રામાંથી તું ઊઠ, અત્યારે અડધી રાતથી પણ વધુ સમય વીતી ગયો છે. સેંકડો શિયાળો બોલી રહ્યાં છે. ભુત, પ્રેત, પિશાચ ને ડાકણો વગેરેનાં ટોળાંનો ભયંકર અવાજ આવી રહ્યો છે. હવે હું શું કરું ?'

સુત બોલ્યા : હે શૌનક ! એ રીતે રાણી રડતી રડતી કહેવા લાગી : 'હા બેટા ! તું નથી જાણતો કે હું તારી મા છું, મારા તરફ એકવાર તો જો. પુત્ર આપણે નગરમાંથી પહેર્યે લુગડે નીકળી જવું પડયું. રાજ્યસત્તા તારા પિતાના હાથમાંથી ચાલી ગઇ. તારા પિતાએ મને બીજાને વેચી દીધી અને હું દાસીનું કામ કરવા લાગી. આટલી બધી વિપત્તિઓ સહન કરવા છતાં હું તારું સુંદર મોઢું જોઇને દિવસો વીતાવતી હતી. બેટા, તારા જન્મ વખતે જ્યોતિષના જાણકાર બ્રાહ્મણોએ ભવિષ્ય ભાખ્યું હતું કે આ બાળક દીર્ઘાયુ, પૃથ્વીનો શાસક, પુત્રપૌત્રવાળો, શૂરવીર, દાની, દેવ, બ્રાહ્મણ, ગુરુનો ઉપાસક, માતાપિતા પર પ્રેમ રાખનારો, સત્યવાદી અને જિતેન્દ્રિય થશે. પરંતુ અત્યારે એમના એ સર્વ વચનો ખોટાં સાબિત થઇ રહ્યાં છે. હે સત્યવાદી રાજન્ ! તમે જ્યાં હો ત્યાંથી એકવાર અહીં આવી આપના પુત્રને તો જુઓ, જે રમતમાં તમારી છાતી પર ચડી કંકુથી એને રંગી દેતો હતો, ક્યારેક ખોળામાં બેસીને તમારા મસ્તક પર રહેલા ચંદનને ભુંસી દેતો હતો. જેના મેલાઘેલા મુખને સ્નેહવશ થઇ આપ વારંવાર ચૂમતા હતા.

આપનો તે પ્રિય પુત્ર આજે મૃત્યુ પામી નિરાધારની જેમ પૃથ્વી પર અચેત પડયો છે, એને એકવાર નજરે જુઓ તો ખરા !'

વારંવાર મોટા અવાજે રડતી રાણીના વિલાપથી નાગરિકો જાગી ગયા અને 'શું થયું ?' કહેતાં, આશ્ચર્ય પામી દોડતા રાણીની પાસે આવી કહેવા લાગ્યા : 'તું કોણ છે ? આ મરણ પામેલો બાળક કોનો છે ? તારા પતિ ક્યાં છે ? મધરાતે તું એકલી અહીં આવીને કેમ કલ્પાંત કરે છે ?' પણ રાણી કંઇ બોલી નહિ એટલે ભયને લઇ તેમના શરીરનાં રુંવાટાં ઊભાં થઇ ગયાં. હાથમાં હથિયારો લઇ આપસઆપસમાં કહેવા લાગ્યા : 'જરૂર આ કોઇ બાળકો ખાઇ જનારી પિશાચિની

છે માટે એને મારી નાખવી જોઈએ. માનો ન માનો પણ આ દુષ્ટ પિશાચિની કોઈના બાળકને ખાવા માટે અહીં આગળ ઊઠાવી લાવી છે.'

પછી તો સંદેહ પામેલા કેટલાકે રાણીના વાળ પકડયા. કોઈએ તેના બંને હાથ પકડયા અને ધાંટા પાડીને કહેવા લાગ્યા : 'રાક્ષસિની ! હવે તું અહીંથી નાસી જઈ શકીશ નહીં.' એમ કહી તેને ઘસડતા ઘસડતા પેલા ચાંડાલની પાસે લઈ ગયા અને તેને ચાંડાલને સોંપી દીધી. સાથે સાથે કહ્યું કે, 'ચાંડાલ ! આ બાળકોને ખાઈ જનારી રાક્ષસી છે. તું એને જેમ બને તેમ જલદી મારી નાખ.'

ચાંડાલે રાણીને બરાબર જોઈને બધાને કહ્યું, 'હું તો એને સારી રીતે ઓળખું છું. લોકોના બાળકોને એ ખાઈ જાય છે એવું મેં ઘણીવાર સાંભળ્યું છે, હજુ સુધી કોઈએ એને નજરે જોઈ નહોતી. તમે એને પકડીને ઘણું ઉત્તમ કામ કર્યું છે. હવે તમે બધા ચિંતા છોડીને અહીંથી પધારો. જે મનુષ્ય ગાય, બ્રાહ્મણ, સ્ત્રી અને નિર્દોષ બાળકોનો વધ કરે છે, સોનું ચોરે છે, આગ લગાડે છે, જવાઆવવાનો રસ્તો રોકે છે, મદિરા પીએ છે, ગુરુની શય્યામાં સૂએ છે તથા સજ્જનોનો વિરોધ કરે છે–આ બધાનો વધ કરવાથી પુણ્ય થાય છે. આથી આ બ્રાહ્મણીને મારતાં મને કંઈ દોષ લાગવાનો નથી.'

એમ કહી ચાંડાલે રાણીને મજબૂત દોરડાંથી ઝાડ સાથે બાંધી દીધી. અને એના વાળ પકડી કોરડા માર્યા. પછી ચાંડાલે હરિશ્ચંદ્રને બોલાવીને કહ્યું કે, 'હે સેવક, કંઈ પણ બોલ્યા સિવાય તું આ અધમ સ્ત્રીને મારી નાખ.'

ચાંડાલનું કહેવું સાંભળી સ્ત્રીહત્યાનું પાપ પોતે વ્હોરવું પડશે, એ વિચારથી રાજાનું શરીર ધ્રુજી ઊઠયું. એણે કહ્યું, 'માલિક હું આ કામ કરવા અશક્ત છું. મને કોઈ બીજું કાર્ય બતાવો. આ સિવાય તમારા ગમે તેવા અસાધ્ય કાર્યને જરૂર હું કરીશ.' એ સાંભળી ચાંડાલ બોલ્યો : 'અરે, તું તારે ડર્યા સિવાય તલવારથી આ સ્ત્રીના ટૂકડા કરી નાખ, બાળકોનો સંહાર કરતી આ રાક્ષસણીને મારવાથી તને ઘણું પુણ્ય થશે.'

ચાંડાલની વાત સાંભળી રાજાએ કહ્યું, સ્ત્રીવધ એ મહાન પાપ છે. જે પુરુષ જાણતાં કે અજાણતા સ્ત્રીનો વધ કરે છે એને રૌરવ નરકમાં જવું પડે છે.

ચાંડાલે કહ્યું : મારે કંઈ જ સાંભળવું નથી, તું હવે હાથમાં આ ચમકતી તલવાર લે. જેને મારવાથી બીજાંઓને સુખ થતું હોય, તેનો નાશ કરવાથી જરૂર પુણ્ય મળે છે. આ ડાકણ આજ સુધીમાં ઘણાં બાળકોને ખાઈ ગઈ છે, એટલે એને તો તાત્કાલિક જ મારી નાખવી જોઈએ. તેના મરવાથી જગતમાંથી એક પાપિણી સ્ત્રી ઓછી થશે.

ચાંડાલની હઠ જોઈ રાજાએ કહ્યું : 'હે ચાંડાલરાજ ! મેં જીવનમાં કયારેય સ્ત્રીનો વધ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી છે. એથી સ્ત્રીવધરૂપી ઘોર કર્મ મારાથી નહીં થાય.'

ચાંડાલે કહ્યું, 'અરે દુષ્ટ! તને મહેનતાણું અને ખાવાનું આપવા છતાં તું મારું ચિંધેલું કામ કેમ કરતો નથી? જે સ્વામીનું કાર્ય આજ્ઞા પ્રમાણે કરતો નથી, એને અધૂરું રાખે છે એનો કરોડો વર્ષો સુધી નરકમાંથી ઉદ્ધાર થતો નથી.'

રાજા કહે: ચાંડાલરાજ! મેં કહ્યું તો ખરું કે મને કોઇ બીજું ભયંકર કાર્ય કરવાની આજ્ઞા આપો. તમે તમારા શત્રુને બતાવો, એને હું તરત જ મારી નાખીશ. અરે....દેવો, નાગો, સિદ્ધો અને ગંધર્વોથી વીંટળાએલા ઇંદ્રને પણ તીક્ષ્ણ બાણો મારીને પરાજિત કરું એવી મારામાં તાકાત છે.

હરિશ્ચંદ્રને આમ કહેતો જોઇ ચાંડાલ ક્રોધથી તમતમી ઊઠયો: સેવક જેવો તારો વ્યવહાર જણાતો નથી. ચાંડાલની વૃત્તિ સ્વીકારીને તું મારા આગળ દેવોની વાતો કરે છે? જો તારે ધર્મનું જ રટણ કરવું હતું તો પછી ચાંડાલના ઘેર આવી તેં દાસત્વ શા માટે સ્વીકાર્યું? માટે ધર્મ-કર્મની વાતો ત્યજીને ઝટ તલવાર ઊઠાવ અને આ સ્ત્રીના કમળ જેવા માથાને ધડથી અલગ કરી દે.' એમ કહી ચાંડાલે હરિશ્ચંદ્ર રાજાના હાથમાં તલવાર આપી. હરિશ્ચંદ્ર રાજાએ તલવાર લીધી ત્યારે હૃદય કંપી ઊઠયું, તેનો હાથ કંપતો હતો. ૮૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'સર્પ-દંશથી રોહિતનું મૃત્યુ' નામનો
૨૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૬ મો

### હરિશ્ચંદ્ર અને શૈબ્યાનું અચાનક મિલન

વ્યાસ ઉવાચ

તતોઽથ ભૂપતિઃ પ્રાહ રાજ્ઞીં
સ્થિત્વા હ્યધોમુખઃ ।
અત્રોપવિશ્યતાં બાલે પાપસ્ય પુરતો મમ ॥

વ્યાસ બોલ્યા: શૌનક! તે પછી રાજા હરિશ્ચંદ્રએ નીચા મુખે રાણીને કહ્યું, 'હે સ્ત્રી! પાપી અને અધમ એવા મારી આગળ તું બેસ. જો મારો હાથ તને મારવા માટે તત્પર થશે તો હું તારું મસ્તક છેદવા વિચારું છું.' એમ કહી રાજા હાથમાં તલવાર લઇ રાણીને મારવા માટે તૈયાર થયો. અત્યાર સુધી રાજા-રાણી વેષ બદલાવાને લીધે એકબીજાને ઓળખી શક્યાં નહોતાં. હવે મરવા તૈયાર થયેલી રાણીએ પતિને નહિ ઓળખવાથી કહ્યું: હે ચાંડાલ! મારી એક વાત સાંભળ. આ નગરની બહાર થોડે દૂર મારો પુત્ર મૃતાવસ્થામાં પડયો છે. તો હું એ મૃત બાળકને તારી પાસે લાવી એનો અગ્નિદાહ કરી લઉં ત્યાં સુધી તું રાહ જો. પછી તારી આ તલવારથી મારા કટકા કરી નાખજે.

એ સાંભળી દયાળુ રાજાએ તેને મૃતપુત્ર પાસે જવાની અનુમતિ આપી. રાણી રડતી રડતી ત્યાંથી ચાલી ગઇ અને જ્યાં પુત્રનું શબ પડયું હતું ત્યાંથી 'હા વત્સ, હા પુત્ર, હા શિશુ,' એમ કહેતી તેને લઇ સ્મશાનમાં પાછી આવી તેને નીચે જમીન પર સુવાડયો. એ વખતે રાણી કંપી રહી હતી. આંખો-

માંથી આંસુની ધારા વહેતી હતી. રાણી વિલાપ કરતી બોલી રહી હતી. 'રાજન્ ! આપણો રોહિત મિત્રો સાથે રમતો હતો ત્યાં સર્પ દંશ થવાથી એના પ્રાણ ઊડી ગયા. તે મૃતપુત્ર હવે અહીં જમીન પર રાખ્યો છે. આપ એને જુઓ.' એવા શબ્દો રાણીના મુખમાં એકાએક નીકળ્યા. એ સાંભળી હરિશ્ચંદ્રએ કંઇક વિચારી મડદાની પાસે આવી એના મુખ પરથી કપડું ખસેવ્યું તો પણ તે પુત્રને કે રાણીને ઓળખી શકયો નહિ, કેમકે અસહ્ય દુ:ખ ભોગવવાથી રાણીનો દેહ સાવ બદલાઇ ગયો હતો. તેવી જ રીતે હરિશ્ચંદ્રનાં કેશ પહેલાં ઘણા સુંદર હતા તે હમણાં જટા જેવા થઇ ગયા હતા એથી રાણી પણ એને નહિ ઓળખી શકી. સર્પનું ઝેર ચડવાથી મરેલો બાળક ધરતી પર પડયો હતો. એને જોઇ મહારાજા હરિશ્ચંદ્ર વિચાર કરવા લાગ્યા : 'આ બાળકનું મુખ પૂનમના ચંદ્ર જેવું છે. એનામાં બધાં રાજવંશી લક્ષણો જણાય છે. આ બાળક કયા ભાગ્યહીન રાજાના કુળમાં ઉત્પન્ન થયો છે કે ઘણી ઝડપથી યમરાજાએ પોતાના કાળપાશમાં તેને જકડી લીધો છે.

માતાના ખોળામાં રહેલા એ મૃત બાળકને જોઇ રાજાને પોતાના પુત્રનું સ્મરણ થયું અને તે રડવા લાગ્યા. કદાચ 'મારા બાળકની તો આવી દશા નહીં થઇ હોય ?' એમ તેના મુખથી નીકળી પડયું. મનમાં થયું કે કદાચ એ પણ યમરાજાના ફંદામાં પડી ગયો તો એની પણ આવી જ દશા થાય. રાજા હરિશ્ચંદ્ર આમ વિચારતા ત્યાં ઊભા રહ્યા રાણી ફરી ફરીને કહેવા લાગી : 'હા વત્સ, કયાં પાપને લઇને મારે માથે આવું અસહ્ય દુ:ખ આવી પડયું છે, એ સમજાતું નથી ! હા રાજન્ ! આપ મને તમારી અર્ધાંગનાને છોડી કયાં ચાલ્યા ગયા છો ? આપના સત્યવ્રતથી રાજય ચાલ્યું ગયું, સજજનો પણ વિખૂટા પડી ગયા. બાકી રહ્યું હતું તે સ્ત્રી અને પુત્રને વેચી દેવાં પડયાં. હા દૈવ ! તેં સત્યવાદી, દાની મહારાજા હરિશ્ચંદ્રની આ કેવી અવદશા કરી નાખી ?'

હરિશ્ચંદ્રરાજાએ આ બધું સાંભળ્યું અને તેણે રાણીની પાસે આવી પૂછ–પરછ કરી તો તેને પોતાની સાધ્વી રાણી અને મૃતપુત્ર સંબંધી ઘણું બધું માલુમ પડી ગયું. તે મનમાં કહેવા લાગ્યો: 'હાય, દુ:ખની વાત એ છે કે આ મારી પત્ની છે ને બાળક પણ મારો જ છે.' આમ વિચારતાં જ તે તરત જ બેશુદ્ધ થઈ પૃથ્વી પર પડી ગયો આથી રાણી પણ દુ:ખથી મૂર્ચ્છા પામી ધરતી પર ઢળી પડી. થોડીવાર પછી બંને ભાનમાં આવતાં દુ:ખથી વિલાપ કરવા લાગ્યા. રાજા કહે : હા વત્સ ! વાંકડિયા વાળથી શોભતું તારું સુંદર મુખ હું જોયા કરતો હતો, તું પોપટ જેવી મધુરી બોલીથી 'પિતાજી' કહી મારી પાસે આવતો હતો, હવે હું ફરીથી 'વત્સ વત્સ, કહીને કોને બોલાવીશ ? હે દઇ-

યને પ્રફુલ્લિત કરનારા પુત્ર! તું મારી ઇચ્છા પૂરી ન કરી શકયો, જેણે એક સામાન્ય વસ્તુની જેમ તને વેચી દીધો હતો. પ્રતિકુળ દૈવને લઇને મને તું આજે જીવતો નહિ પણ મરેલો મળ્યો. વિષધર સાપે કરડેલા તારા કમળ જેવા મુખને જોઇ હું અત્યારે ઘણી વિષમ પરિસ્થિતિમાં મુકાઇ ગયો છું.'

આખરે સ્વસ્થ થઇ રાજા હરિશ્ચંદ્રે પુત્રના મૃતદેહને ઊઠાવી છાતીએ લગાવ્યો, તે સાથે જ પોતે બેભાન થઇ નીચે પડી ગયો. એ વખતે પૃથ્વી પર પડેલા રાજાને જોઇ રાણીને વિચાર થયો કે આ પરમ આદરણીય પુરુષનો અવાજ સાંભળતાં જ લાગે છે કે આ હરિશ્ચંદ્ર જ છે એમાં કોઇ સંદેહ નથી. એમની નાસિકા તિલપુષ્પ સમાન છે. ફૂલોની અર્ધખીલી કળીઓ જેવા એમના દાંત છે. જો એ જ હોય તો તેઓ અહીં સ્મશાનમાં કયાંથી? હવે પુત્રના શોકને ત્યજી રાણી નીચે પડેલા હરિશ્ચન્દ્ર જોવા લાગી. એ વેળા પુત્ર અને પતિ બન્નેના દુ:ખથી ગભરાયેલી રાણી કયારેક આશ્ચર્યમાં પડી જતી તો કયારેક પ્રસન્નતા અનુભવતી.

એનાં નેત્રો પતિ પર પડયાં કે તે બેભાન થઇ પૃથ્વી પર પડી ગઇ. ધીરે ધીરે જયારે મૂર્છા દૂર થઇ એટલે તે ગદ્દગદ્દ વાણીથી કહેવા લાગી: 'અરે નિર્દય દૈવ! તને ધિક્કાર છે. તેં દેવ જેવા આ રાજાને ચાંડાલ બનાવ્યા છે. એ પોતાના રાજયથી ભ્રષ્ટ થયા, ભ્રષ્ટ મિત્રોએ એમને છોડી દીધા. એમણે સ્ત્રી અને પુત્રને વેચી દીધાં. તારા પ્રભાવથી આવી દશામાં પડી એ રાજા ચાંડાલ થઇ ગયા. આજે હું છત્ર કે સિંહાસન કંઇ પણ જોતી નથી. પહેલાં જેમની યાત્રા વખતે રાજાઓ સેવક બનતા હતા તથા પોતાના ખેસથી રસ્તામાંની ધૂળ સાફ કરતા હતા તે રાજા આજે દુ:ખી થઇ અપવિત્ર સ્મશાનભુમિમાં ભટકી રહ્યા છે.

અહીં ચારે તરફ બળેલાં મડદાંઓની ખોપરીઓ પડી છે. આમતેમ ફૂટેલા ઘડા પડયા છે, કયાંક ચિરાયેલાં કપડાં પડયાં છે. જયાં ત્યાં પડેલા રાખના ઢગલા, બુઝાયેલા ને સળગતા અંગારા, અડધાં બળેલાં હાડકાં અને મજ્જાથી આ સ્થાન બહુ જ બિહામણું લાગે છે. વારંવાર ગીધ ને શિયાળ બોલી રહ્યાં છે, ચિતાના ધુમાડાથી ચારે તરફ વાતાવરણ ધુંધળું બની ગયું છે.

આમ બોલતી રાણી રાજા હરિશ્ચંદ્રના ગળે વીંટળાઇને પુન: કરૂણ વિલાપ કરવા લાગી: 'નાથ! ધર્મ અને સત્યનું ઉત્તમ ફળ મળે છે. જો આ વાત સાચી જ હોય તો ધર્મ ને સત્યનું પાલન કરવાથી તેમજ બ્રાહ્મણ ને દેવનું પૂજન કરવાથી આપણને ફળ શું મળ્યું? એ જોતાં લાગે છે કે હવે ધર્મ, સત્ય ને નીતિમતા માટે કયાંય સ્થાન નથી; કેમ કે આપ જેવા ધર્મપરાયણ સજ્જન પરિવાર સાથે પોતાના રાજયથી ભ્રષ્ટ થયા.'

રાણીનું એ વચન સાંભળી રાજાએ

ગદ્ગદ્ વાણીમાં પોતે ચાંડાલ થયો તે હકીકત કહી સંભળાવી. એ સાંભળી રાણી ઘણા સમય સુધી રડતી રહી. પછી તેણે પણ પુનઃ રોહિતના મૃત્યુની બધી હકીકત રાજાને કહી. એ સાંભળતા હરિશ્ચંદ્ર રાજા એકદમ મૂર્છિત થઇ ગયો. પછી માંડમાંડ ઊભા થઇ કંપતા હાથે તેણે પુત્રના શબને ઊઠાવ્યું. ત્યારે રાણીએ ગદ્ગદ્ કંઠે કહ્યું, 'રાજન ! હવે આપ આપના સ્વામી ચાંડાલનું કાર્ય સફળ કરો. તેમના કહેવા મુજબ તમે હવે મારું મસ્તક કાપી સ્વામીના દ્રોહથી ને અસત્યથી બચો. પ્રાણપતિ ! આપની વાણી અસત્ય ન બને અને બીજાનો વિશ્વાસઘાત ન થાય તે બન્ને જાળવવાનાં છે. વિશ્વાસઘાત પણ મહાપાપ છે.'

રાજાએ કહ્યું, 'પ્રિયે ! તારા મુખથી આવું નિષ્ઠુર વચન શાથી નીકળ્યું ? જે વાત કહી શકાય નહિ તે અમલમાં શી રીતે મૂકી શકાય ! આવતે ભવે આપણે ભેગાં થઇશું, મેં ગૌરીદેવીની ઘણી આરાધના કરી છે. દેવ અને બ્રાહ્મણને મેં ભક્તિથી પૂજ્યા છે. હું તો માનું છું કે એ ભગવતીના આશીર્વાદથી તું આ જ જન્મમાં પુનઃ મારી પત્ની થશે.'

રાજાએ ફરી કહ્યું, 'પ્રિય ! તારા મરવા પછી હું પણ મારા આ શરીરને ત્યજી દઇશ. વંશને ચલાવનારો આપણો આ એકનો એક પુત્ર રોહિત હતો તે પણ દૈવના પ્રાબલ્યથી કાળવશ બન્યો છે. તો હવે આ અસહ્ય દુઃખથી હું મારું શરીર છોડી દઇશ. આ સળગતી ચિતામાં પુત્રના શબ સાથે હું કૂદી પડીશ માટે તું મને ક્ષમા કરજે. હવે તારે કંઇ પણ બોલવું યોગ્ય નથી. સ્વસ્થ થઇ મારી વાત સાંભળી લે. મારી આજ્ઞાથી તું હવે તારા માલિક બ્રાહ્મણને ઘેર જા. જો તેં દાન, હોમ અને બ્રાહ્મણોને સંતોષ્યા હશે તો એના ફળસ્વરૂપ બીજા લોકમાં આપણા પુત્ર સાથે તારો અને મારો મેળાપ થશે. આ લોકમાં હવે એવો સંયોગ સંભવિત નથી. માટે પુત્ર સાથે હું આ લોકને ત્યજી દઉં છું. 'હું આ રાજાની રાણી છું' એવા અભિમાનથી તું જેને ત્યાં રહી છે તે બ્રાહ્મણનો તિરસ્કાર ન કરીશ. કારણ કે પોતાના માલિકને દેવ સમાન સમજી એમના આદેશને માન આપી એમને સર્વ રીતે સંતોષ આપવો એ સેવક—સેવિકાની પવિત્ર ફરજ છે.'

રાણી કહે, 'તો પછી હું પણ એ ચિતામાં પડી બળીને ભસ્મ થઇ જઇશ. હવે મારાથી વિયોગનું આ દુઃખ સહન થતું નથી. હવે હું આપની સાથે રહીને સ્વર્ગ કે નરક સર્વ કંઇ ભોગવી લઇશ. આપ આવી મળ્યા એટલે મને સ્વર્ગનું સુખ મળ્યું સમજીશ, આપનાં નિત્યનાં દર્શનથી હું આનંદિત થઇ જઇશ, મારું જીવન ધન્ય બની જશે.' રાણીની વાત સાંભળી રાજા હરિશ્ચંદ્રે 'તથાસ્તુ—એમ જ થાઓ.' એમ કહ્યું. ૭૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'હરિશ્ચંદ્ર અને શૈબ્યાનું અચાનક મિલન' નામનો
૨૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૭ મો

### રાજા હરિશ્ચંદ્ર સ્વર્ગે સિધાવ્યા

સૂત ઉવાચ

તતઃ કૃત્વા ચિતાં રાજા–
આરોપ્ય તનયં સ્વકમ્ ।
ભાર્યયા સહિતો રાજા–
બદ્ધવાંજલિપુટસ્તદા ॥

સુત બોલ્યા : ત્યાર પછી રાજાએ સ્વસ્થચિત્તે ચિતા તૈયાર કરી તેના પર પુત્ર રોહિલને સુવડાવ્યો. પછી રાણીની સાથે હાથ જોડી જગદંબાનું ધ્યાન કરવા લાગ્યો : 'જે ભગવતી પરમ શોભનીય, પંચકોશી અંદર સદા બિરાજનારાં, બ્રહ્મસ્વરૂપા, લાલ વસ્ત્ર ધારણ કરેલાં, કરુણાસાગર, ભુજાઓમાં ભિન્ન ભિન્ન આયુધ ધારણ કરેલાં તથા જગતના રક્ષણ માટે હમેશાં તત્પર રહેનારાં છે, તે દેવી અમારા પર પ્રસન્ન થાઓ.' એમ રાજા ધ્યાનમાં હતો ત્યારે ઇંદ્ર સાથે બધા દેવો ધર્મને આગળ કરી તરત જ ત્યાં પધાર્યા ને બધા એકી સાથે કહેવા લાગ્યા : 'રાજન ! સાંભળો....આ બ્રહ્મા, ધર્મ, સાધ્યગણ, મરૂદગણ, વિશ્વેદેવા, ચારણો સાથે લોકપાલ, નાગ, સિદ્ધ, ગંધર્વો સાથે રૂદ્રગણ, અશ્વિનીકુમાર તથા એવા બીજા ઘણા દેવો અહીં આવ્યા છે. ધર્મથી ગૌશાકની સાથે મૈત્રી કરવાની ઇચ્છાવાળા જે 'વિશ્વામિત્ર' નામથી વિખ્યાત છે તે મુનિ પણ અહીં પધાર્યા છે અને તે તમારી અભિલાષા પૂરી કરવાની ઇચ્છા રાખે છે.'

ધર્મ બોલ્યા : 'રાજન ! તારે આવું સાહસ કરવું યોગ્ય નથી, કારણ કે તારાં સહનશીલતા, ઇંદ્રિયો વશમાં રાખવાની પૂર્ણ યોગ્યતા તથા સત્ય વગેરે સદ્‌ગુણોથી હું સંતુષ્ટ થઇ તારી આગળ ઊભો છું.'

ઇંદ્રએ કહ્યું, 'મહાભાગ હરિશ્ચંદ્ર ! હું ઇંદ્ર તમારી સામે ઊભો છું. રાજન ! આજે સ્ત્રીપુત્ર સાથે તેં આ સનાતન વિશ્વ ઉપર વિજય મેળવ્યો છે. રાણી અને રાજકુમારને સાથે લઇ તમે સ્વર્ગમાં પધારવાની કૃપા કરો. તમારા સિવાય બીજો કોઇ કર્મશીલ મનુષ્ય આ સ્વર્ગ પર વિજય મેળવે એ ઘણું દુષ્કર છે.'

સુત બોલ્યા : તે પછી ઇંદ્રએ આકાશમાં રહી ચિતાની વચ્ચે સુતેલા રાજકુમાર રોહિત પર અમૃતવૃષ્ટિ કરી, સાથે પુષ્પવૃષ્ટિ થઈ અને દુંદુભિ પણ વાગી ઊઠયાં. મહાત્મા હરિશ્ચંદ્રનો મરેલો સુકુમાર પુત્ર રોહિત સ્વસ્થ થઇ પ્રસન્નતાપૂર્વક ઊઠીને બેઠો થયો. રાજાએ પોતાના પુત્રને હૃદય સરસો ચાંપ્યો. રાણી પણ પાસે જ ઊભી હતી. બધી સંપત્તિઓ પુનઃ પાછી મળી. દિવ્ય માળા અને વસ્ત્ર મહારાજાને શોભાવવા લાગ્યાં. એમના મનમાં અપાર શાંતિ થઇ, અને હૃદયનો ખૂણેખૂણો પરમ આનંદથી ભરાઇ ગયો. ક્ષણ માત્રમાં અદ્‌ભુત પરિવર્તન થઇ ગયું. પછી ઇંદ્રએ રાજા હરિશ્ચંદ્રને કહ્યું, 'મહારાજ ! હવે સ્ત્રી–પુત્ર સાથે તમે સ્વર્ગમાં ચાલો, આવી શ્રેષ્ઠ ગતિ મળવી એ તમારા કર્મનું જ ફળ છે.'

હરિશ્ચંદ્રે કહ્યું, 'મારા સ્વામી ચાંડા-

નની આજ્ઞા લીધા સિવાય મારાથી ક્યાંય જવાય નહિ.'

ધર્મ બોલ્યા : 'રાજન્ ! તારા ભાવિ દુઃખનો વિચાર કરી હું માયામય ચાંડાલ બન્યો હતો. ને તને જે ચાંડાલનું રૂપ અને સ્થાન દેખાતું હતું તે પણ મારી માયા જ હતી.'

ઇંદ્રે કહ્યું, 'હે સત્યવાદી હરિશ્ચંદ્ર ! પૃથ્વીના સઘળા મનુષ્યો જેને પ્રાર્થે છે, તે પવિત્ર સ્થાન સ્વર્ગ પર આપ પધારો. પુણ્યાત્મા પુરુષ જ એ પરમ–પુનિત પદના અધિકારી થઇ શકે છે.'

હરિશ્ચંદ્રે કહ્યું. 'દેવરાજ ! આપને નમસ્કાર છે. મારી એક પ્રાર્થના સાંભળો : અયોધ્યાના ઘણાં માનવ મારા કારણે દુઃખી થઇને દિવસો વીતાવી રહ્યાં છે. એમને એવી દુઃખદ સ્થિતિમાં છોડી હું સ્વર્ગે શી રીતે જાઉં ? પોતાના ભક્તોનો ત્યાગ કરવો એ પણ મોટાં પાપ જેવું જ મહાપાપ કહેવાય છે. તો શ્રદ્ધાળુ વ્યક્તિનો ત્યાગ કરનારો શી રીતે સુખી થઇ શકે ? માટે હું સ્વર્ગમાં આવી શકીશ નહિ. જો મારી સાથે એ બધાંની સ્વર્ગમાં આવવાની વ્યવસ્થા થતી હોય તો આવવા હું ખુશી છું.'

ઇંદ્રે કહ્યું, 'રાજન્ ! એ નાગરિકો જુદાં જુદાં પુણ્ય–પાપોવાળા છે. સાધારણ મનુષ્યને પણ સ્વર્ગ મળે એવું તમે કેમ ઇચ્છો છો ?'

હરિશ્ચંદ્રે કહ્યું, 'દેવરાજ ! પ્રજા એ રાજાનું અંગ છે. એની જ કૃપાથી રાજાને રાજ્ય ભોગવવાનો અવસર મળે છે. પ્રજાની સહાયતાથી મોટા મોટા યજ્ઞો દ્વારા દેવતાઓની તથા કૂવા–તળાવ વગેરે ધાર્મિક પ્રતિષ્ઠાનોની સ્થાપના કરવામાં રાજાને સફળતા મળે છે. એવા મારા સહાયક એ નગરજનોને મારા સ્વર્ગના લોભથી હું છોડીશ નહિ. એ માટે અત્યાર સુધી જે કંઇ ઉત્તમ કાર્ય મેં કર્યું છે. દાન, યજ્ઞ અને જપ આદિ કર્મોનું મને જે ફળ મળવાનું છે તથા જે કર્મના ફળસ્વરૂપ આપ ઘણા દિવસો સુધી સ્વર્ગ ભોગવવાનો અધિકારી મને બનાવો છો, તે બધાંયે સુકૃત વહેંચી દઇ એક દિવસ પણ એ નાગરિકો સાથે સ્વર્ગમાં રહેવાનો મને અવસર મળે એવી મારી ઇચ્છા છે.'

ઇન્દ્રે રાજાની પ્રાર્થના સ્વીકારી, બધાંયે ચારેવર્ણોથી સભર અયોધ્યાપુરીમાં આવ્યા. ત્યાં જઇ ઇંદ્રે રાજા હરિશ્ચંદ્રની સામે જ બધાંને કહ્યું. 'નાગરિકો, તમે બધા દુર્લભ સ્વર્ગમાં જવા જલદી તૈયાર થાઓ. ધર્મની કૃપાથી તમને આવા સુઅવસર મળ્યો છે.'

દેવરાજ ઇંદ્રની વાત સાંભળી રાજા પ્રત્યે નાગરિકોને ઘણી પ્રસન્નતા ઉપજી. જેઓ સાંસારિક કાર્યોથી વિરક્ત થયા હતા તે ઘરનો ભાર પુત્રોને સોંપી સ્વર્ગમાં જવા માટે તૈયાર થઇ ગયા. સર્વેને લઇ જવા માટે મોટા મોટા દેવવિમાન આવ્યા હતા. સ્વર્ગમાં જનારા લોકોનાં શરીરો પણ સૂર્ય જેવા તેજસ્વી થયાં હતા. પછી રાજા હરિશ્ચંદ્રએ પોતાના

પુત્ર રોહિતનો અયોધ્યાના રાજ્ય પર અભિષેક કર્યો. એ સમયે પુષ્કળ દાન કરવાથી કોઈ પણ વ્યક્તિ નિર્ધન રહી નહીં. પછી રાજા, દેવોને માટે પણ પરમ દુર્લભ એવા નાની નાની ઘંટડીઓથી શોભતા વિમાન પર બેઠા. તે વખતે ત્યાં હાજર રહેલા દૈત્યાચાર્ય શુક્રાચાર્યે એક શ્લોક કહ્યો : 'તિતિક્ષાનો મહિમા અને દાનનું ફળ સૌથી શ્રેષ્ઠ છે. એથી રાજા હરિશ્ચંદ્રને ઇંદ્રલોકમાં જવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.'

સુત બોલ્યા : 'હે શૌનક! સત્યવાદી અને મહાદાની રાજા હરિશ્ચંદ્ર સંબંધી વૃત્તાંત વિસ્તારપૂર્વક મેં તમને કહ્યું : આ પરમ પવિત્ર આખ્યાન જે કોઈ દુઃખી મનુષ્ય સાંભળે છે અથવા વાંચે છે તે ઘણો સુખી થાય છે. સ્વર્ગની અભિલાષા રાખી અને શ્રવણ કરનારો પુરુષ સ્વર્ગને અને પુત્રની અભિલાષાવાળો પુત્રને મેળવે છે. આના પ્રભાવથી સુંદર સુશીલ સ્ત્રી ઇચ્છનારો સ્ત્રીને પ્રાપ્ત કરે છે તથા રાજ્યની અભિલાષાવાળો રાજ્ય પામે છે. ૪૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'રાજા હરિશ્ચંદ્ર સ્વર્ગે સિધાવ્યા' નામનો ૨૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૮ મો

### દેવીના દુર્ગા શતાક્ષી આદિ નામનો મહિમા

જનમેજય ઉવાચ

વિચિત્રમિદમાખ્યાનં હરિશ્ચંદ્રસ્યકીર્તિતમ્ ।
શતાક્ષીપાદભક્તસ્યરાજર્ષેર્ધાર્મિકસ્ય ચ ॥

જનમેજય રાજાએ પૂછ્યું : મુનિ! આપે હરિશ્ચંદ્ર રાજાની ચડતી–પડતીવાળી ઘણી અદ્ભુત કથા સંભળાવી છે. આપે વાતવાતમાં કહેલું કે એ ધાર્મિક રાજાએ ભગવતી શતાક્ષીની ઉપાસના કરી હતી, તો એ ભગવતી શતાક્ષીની ઉત્પત્તિ સંભળાવશો તો મારો જન્મ સફળ થશે.

વ્યાસે કહ્યું, 'રાજન! તમારો વિચાર ઉત્તમ છે. ભગવતીનું પવિત્ર ચરિત્ર હવે કહું છું સાંભળો : પૂર્વે દુર્ગમ નામે ભયંકર દૈત્ય હતો. બિહામણી આકૃતિવાળા તેનો જન્મ હિરણ્યાક્ષના વંશમાં થયો હતો.

એનો પિતા રુરુ નામનો મહાઅધમ દાનવ હતો. તે જાણતો હતો કે વેદ એ દેવોનું બળ છે અને એનો નાશ થવાથી દેવો પણ નાશ પામશે. માટે સૌ પ્રથમ મારે વેદનો જ નાશ કરવો જોઈએ. એમ વિચારી દૈત્ય દુર્ગમ તપ કરવા માટે હિમાલય પર્વતના ઉત્તમ શિખર પર ગયો. મનમાં બ્રહ્માજીનું ધ્યાન કરી રહેલા તેણે કેવળ વાયુનું ભક્ષણ કરીને એક હજાર વર્ષ સુધી કષ્ટદાયક તપ કર્યું. એના તપના પ્રભાવથી દેવો અને દાનવો સાથે સઘળાં પ્રાણીઓ સંતપ્ત થઈ ઊઠયાં. તેમનું દુઃખ જાણી ચતુર્મુખ બ્રહ્મા હંસ પર બેસી તે દાનવ દુર્ગમની પાસે વરદાન આપવા માટે આવ્યા. સમાધિમાં બેઠેલા દુર્ગમને તેમણે કહ્યું : 'ભક્ત, તારું કલ્યાણ થાઓ. તારા મનમાં જે પદાર્થની ઇચ્છા હોય તે માગ. હું તે ઇચ્છા પૂરી કરીશ. હું તારા તપથી

પ્રસન્ન થઇને અહીં તમે વરદાન દેવા આવ્યો છું.'

હે રાજન્! બ્રહ્મા પ્રસન્ન થયા જાણી દુર્ગમ દૈત્ય સમાધિમાંથી મુકત થયો. તેણે પિતામહ બ્રહ્માની પૂજા કર્યા પછી વરદાન માગ્યું : 'સુરેશ્વર ! મને સઘળા વેદ સાથે સમસ્ત દેવોને જીતી શકું તેવું બળ પણ આપો.'

દુર્ગમ દૈત્યની માગણી સાંભળી વેદોના અધિષ્ઠાતા બ્રહ્મા 'તથાસ્તુ' કહી સત્યલોકમાં ચાલ્યા ગયા. બસ. તે સમયથી લઇ બ્રાહ્મણો સઘળા વેદો ભુલી ગયા. ત્યારથી સ્નાન, સંધ્યા નિત્યહોમ, શ્રાદ્ધ, યજ્ઞ અને જપ વગેરે વૈદિક કર્મો નાશ પામ્યાં. આથી સમગ્ર ભુમંડળ પર હાહાકાર વર્તી ગયો. એથી સર્વે બ્રાહ્મણો આશ્ચર્ય પામી એકબીજાને કહેવા લાગ્યા: 'આ એકાએક શું થયું ? આ શું થઇ ગયું ? હવે વેદ વિના અમે શું કરીએ ?'

દૈત્યના ઉત્પાતથી જગતમાં અનર્થ ઉત્પન્ન કરનારી ભયંકર અરાજકતા વ્યાપી ગઈ. દેવોને હવિર્ભાગ મળતો બંધ થઇ ગયો અને તેઓ અકાળે વૃદ્ધ થઇ ગયા. બાકી રહ્યું હતું તે, એ દુર્ગમ દૈત્યે સ્વર્ગની અમરાવતીને ઘેરી લીધી, પરિણામે યુદ્ધ કરવામાં કાયર બની દેવો ત્યાંથી નાસીને પર્વતોની કંદરાઓમાં–ગુફાઓમાં નિવાસ કરીને ભગવતી પરાશક્તિ જગદંબાનું ધ્યાન કરવા લાગ્યા. રાજન્ ! દૈત્યોના અત્યાચારથી હોમ ન થવાથી વરસાદ વરસતો બંધ થવાથી દુકાળ પડયો. પૃથ્વી પરનાં કૂવા, વાવ, નદીઓ, સરોવરો બિલકુલ સૂકાઈ ગયાં. સો વરસ સુધી વૃષ્ટિ ન થઇ આથી પ્રજા તથા ગાય, ભેંસ વગેરે પશુઓ મોટાં પ્રમાણમાં મૃત્યુ પામ્યાં.

આવો વિષમ સમય જોઇ ઘણા બ્રાહ્મણો જગદંબાની ઉપાસના કરવા માટે હિમાલય પર્વતના ઉત્તમ શિખર પર ગયા. સમાધિ, ધ્યાન અને પૂજા દ્વારા તેમણે દેવીભગવતીની સ્તુતિ કરી. તેઓ નિરાહાર રહી મનને એકમાત્ર ભગવતીમાં જોડી તેને શરણે જઇ સ્તુતિ કરવા લાગ્યા: 'હે પરમેશ્વરી! પામર અને દુ:ખી એવા અમારા પર આપ દયા કરો. અંબિકે ! અમે સર્વ પ્રકારે આપના અપરાધી છીએ. છતાં અમારા પર કૃપાવંત ન થાઓ એ, દયાળુ દેવી, તમને શોભતું નથી. હે દેવી ! તમારી પ્રેરણાથી–વરદાનથી જ તે દૈત્ય સર્વ કંઇ કરી શકયો છે, નહીં તો તે કશું જ કરવા સમર્થ નહોતો. મહેશ્વરી ! તમે તો જેમ ઇચ્છો તેમ કરવા સમર્થ છો, માટે આવી પડેલા ઘોર સંકટથી અમને બચાવો. અનંતકોટી બ્રહ્માંડનું શાસન કરનારાં દેવી ! જગદંબિકે અમારા પર પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. અમે તમને પ્રણામ કરીએ છીએ.

'હે દેવી ! સઘળાં આગમ–શાસ્ત્ર 'નેતિનેતિ' વાકયોથી જેનો સંકેત કરે છે એ સર્વનાં કારણ ભગવતીને અમે શરણે આવ્યા છીએ.'

બ્રાહ્મણોની પ્રાર્થનાથી જે દેવી, 'ભુવનેશ્વરી' તથા 'મહેશ્વરી' નામથી પ્રસિદ્ધ

છે તે દેવી પાર્વતીએ અનંત આંખો-વાળા પોતાના દિવ્ય સ્વરૂપનું બ્રાહ્મણોને દર્શન કરાવ્યું. એ દેવીનું શરીર કાજળના પર્વત જેવું હતું, નીલકમળ જેવાં નેત્રો હતાં. ઊંચા સ્કંધ, વિશાળ વક્ષઃસ્થળ, હાથેમાં બાણુ, કમળનાં પુષ્પ ને મૂળ ઉપરાંત શાક અને ફળો હતા. કરોડો સૂર્ય સમાન ચમકતું તે અદ્દભુત સ્વરૂપ કરૂણરસનો અથાગ સમુદ્ર હતો. પોતાનું આવું સુંદર અને વિશાળ રૂપ બતાવી ભગવતી પોતાનાં નેત્રોથી હજારો જળધારા વહાવવા લાગ્યાં. એ ધારાઓથી નવરાત્રિ સુધી ત્રણે લોક પર વૃષ્ટિ થઇ રહી. બધાય જીવાત્માઓને દુઃખી જોઇ ભગવતીની આંખમાંથી આંસુરૂપે આ જળની વૃષ્ટિ થઇ હતી. જળ મળવાથી સર્વ પ્રાણીઓ હર્ષિત થયાં અને તૃપ્ત થયાં. રાજન્ ! એ જળથી નદી અને સમુદ્ર ચિક્કાર ભરાઇ ગયાં. જે દેવો પર્વતોની કંદરાઓમાં લપાઇ (છુપાઇ)ને રહ્યા હતા તે હવે બહાર નીકળી આવ્યા. અને બ્રાહ્મણો સાથે મળીને ભગવતી જગદમ્બાની સ્તુતિ કરવા લાગ્યા :

'બ્રહ્મસ્વરૂપિણી દેવી ! તમને વારંવાર નમસ્કાર છે. પોતાની માયાથી જગતને ધારણ કરનારાં તથા ભક્તો માટે કલ્પવૃક્ષ તેમ જ શ્રદ્ધાળુજનો માટે દિવ્ય શરીર ધરનારાં દેવી ! તમને અમારા વારંવાર પ્રણામ છે.

'હંમેશ તૃપ્તને સંતુષ્ટ રહેનારી અને અનુપમ રૂપોથી શોભતી દેવી તને નમસ્કાર છે. અમારું સંકટ દૂર કરવા માટે તેં સહસ્ત્ર નેત્રવાળું રૂપ ધારણ કર્યું છે એથી તું 'શતાક્ષી' નામથી ત્રણેલોકમાં પ્રસિદ્ધ થઇશ. માતા ! ભૂખથી પીડાતા અમે તમારી વધુ સ્તુતિ કરવા અશક્તિમાન છીએ. હે દયાળુ દેવી ! હવે તમે દુર્ગમ દૈત્ય પાસેથી વેદોને લઇ લો.'

વ્યાસ બોલ્યા : 'રાજન્ ! બ્રાહ્મણો અને દેવોનું વચન સાંભળી ભગવતી શિવાએ અનેક પ્રકારનાં શાક તથા સ્વાદિષ્ટ ફળો જે તેમની ભુજાઓમાં હતાં. તે પોતાને હાથે તેમને ખાવા માટે આપ્યાં, અનેક પ્રકારનાં અન્ન તેમની આગળ હાજર કર્યાં. પશુઓ માટે કોમળ અને અનેક રસોવાળું તાજું ઘાસ ઉત્પન્ન કર્યું. એ દિવસથી એ દેવી ભગવતી 'શાકંભરી' નામથી ત્રણેલોકમાં ઘણાં વિખ્યાત થયાં.

ત્રણેલોકમાં ભારે કોલાહલ ને હોહા થઇ રહી છે, એવી ખબર દૂતો મારફત મળવાથી દુર્ગમ આ બધી હકીકત સમજી ગયો, એણે પોતાની દૈત્ય સેનાને સજ્જ કરી, અસ્ત્ર–શસ્ત્ર ધારણ કરી દેવો સાથે યુદ્ધ કરવા માટે નીકળી પડયો. પોતાની અક્ષૌહિણી સેનાને ચારે બાજુ ગોઠવી દેવોની સેનાને ઘેરી લઇ તે પોતે ભગવતીની આગળ આવી ઊભો. બ્રાહ્મણો પણ ઘેરાઇ ગયા. એથી દેવોમાં કોલાહલ મચી ઊઠયો. અને બધા બ્રાહ્મણો સાથે તેઓ 'રક્ષણ કરો, રક્ષણ કરો' એમ બોલવા લાગ્યા, તે પછી ભગવતી શિવાએ તેમની રક્ષા માટે ચારે તરફ તેજોમય ચક્ર ઊભું કરી દીધું અને પોતે વર્તુળ-

માંથી બહાર નીકળી ગયાં. તે પછી દેવી અને દૈત્યો વચ્ચે ભારે યુદ્ધ થયું. બાણોની વર્ષાથી સૂર્ય ઢંકાઇ ગયો અને એકબીજા સાથે ટકરાવાથી બાણોમાંથી અગ્નિના તણખા ઝરતા હતા. વારંવાર થતાં ધનુષ્યના કઠોર ટંકારથી સર્વ દિશાઓ ભરાઇ ગઇ.

તે પછી દેવીના શરીરમાંથી એકાએક ઘણી ઉગ્ર શક્તિઓ પ્રકટી : કાલિકા, તારણી, બાલા, ત્રિપુરા, ભૈરવી, રમા, બગલા, માતંગી, ત્રિપુરસુંદરી, કામાક્ષી. તુળજા, જંભિની, મોહિની, છિન્નમસ્તકા, અને દશસહસ્ત્રબાહુકા વગેરે નામવાળી બધી મળીને બત્રીસ શકિતઓ પ્રગટ થઇ. તે પછી ચોસઠ શકિતને ફરી અગણિત શકિતઓનો પ્રાદુર્ભાવ થયો. બધી શકિતઓ આયુધોથી શોભતી હતી. તે પછી યુધ્ધ-ભૂમિમાં મૃદંગ, શંખ વગેરે વાજિંત્રો જોરજોરથી વાગવા લાગ્યાં. એ શકિતઓએ દાનવોની ઘણી સેનાનો ઘાણ વાળી નાખ્યો. ત્યારે દૈત્યોનો સેનાપતિ દુર્ગમ સ્વયં શકિતઓની આગળ આવી તેમની સાથે યુધ્ધ કરવા લાગ્યો. પાછું બન્ને વચ્ચે ઘોર યુદ્ધ મચ્યું. લોહીની નદીઓ વહેવા લાગી દશ દિવસમાં તો રાક્ષસોની અક્ષૌહિણી સેના મરી ફીટી તે પછી દૈત્યો માટે ભયંકર અગિયારમો દિવસ ઊગ્યો. એ દિવસે દુર્ગમે પોતે લડવાની પ્રચંડ તૈયારી કરી. એણે હવે લાલ માળા, લાલ વસ્ત્ર અને લાલ ચંદનથી શરીરને સજાવ્યું અને મોટી ગર્જના કરતો યુદ્ધમાં જવા માટે તે રથ પર બેઠો. શરૂઆતમાં ઘણા ઉત્સાહ સાથે તેણે બધી શક્તિ-ઓને જીતી લીધી. તે પછી તે દેવીના રથ સામે પોતાનો રથ લાવ્યો, એટલે ભગવતી જગદંબા અને દુર્ગમ દૈત્ય વચ્ચે તુમુલ યુદ્ધ મચી ગયું. કાળજાને કંપાવી મૂકે એવું તે યુદ્ધ લગભગ બે પ્રહર સુધી ચાલતું રહ્યું. એ પછી દેવીએ દુર્ગમ ઉપર પંદર ઉત્તમ બાણ મુક્યાં. તેમાં ચાર બાણથી ચાર ઘોડાને, એક બાણથી સારથીને ઘાયલ કર્યા અને બે બાણોથી દુર્ગમનાં બન્ને નેત્રો અને બન્ને ભુજાઓને વીંધી નાખ્યાં પછી એક બાણથી ધજા કાપી નાખી અને પાંચ બાણોથી એની છાતી ચીરી નાખી. એટલે લોહી ઓકતો દુર્ગમ દૈત્ય ભગ-વતી જગદમ્બાની આગળ પ્રાણરહિત થઇને ઢળી પડયો. અને એના પ્રચંડ દેહમાંથી નીકળેલું તેજ દેવીમાં સમાઇ ગયું. આવો પરાક્રમી દૈત્ય મરાવાથી ત્રણેલોકમાં શાંતિ થઇ ગઇ, બ્રહ્મા વગેરે સઘળા દેવો વિષ્ણુ અને શંકરને આગળ કરી ભગવતી જગદંબાની ગદ્‌ગદ્‌ વાણીથી સ્તુતિ કરવા લાગ્યા: 'હે સમસ્ત જગતનાં એકમાત્ર કારણ પરમેશ્વરી, શાકંભરી, શતલોચને ! આપને અમારા વારંવાર પ્રણામ હો.

'હે દુર્ગમ નામક દૈત્યને સંહારનારી તેમજ પંચકોશમાં રહેનારી કલ્યાણસ્વરૂપા, જેમનું સ્વરૂપ જ પ્રણવનો અર્થ છે, એ ભુવનેશ્વરી દેવી તમને નમસ્કાર છે.

માંથી બહાર નીકળી ગયાં. તે પછી દેવી અને દૈત્યો વચ્ચે ભારે યુદ્ધ થયું. બાણોની વર્ષાથી સૂર્ય ઢંકાઇ ગયો અને એકબીજા સાથે ટકરાવાથી બાણોમાંથી અગ્નિના તણખા ઝરતા હતા. વારંવાર થતાં ધનુષ્યના કઠોર ટંકારથી સર્વ દિશાઓ ભરાઇ ગઇ.

તે પછી દેવીના શરીરમાંથી એકાએક ઘણી ઉગ્ર શક્તિઓ પ્રકટી : કાલિકા, તારણી, બાલા, ત્રિપુરા, ભૈરવી, રમા, બગલા, માતંગી, ત્રિપુરસુંદરી, કામાક્ષી, તુળજા, જૃંભિની, મોહિની, છિન્નમસ્તકા, અને દશસહસ્ત્રબાહુકા વગેરે નામવાળી બધી મળીને બત્રીસ શક્તિઓ પ્રગટ થઇ. તે પછી ચોસઠ શક્તિ ને ફરી અગણિત શક્તિઓનો પ્રાદુર્ભાવ થયો. બધી શક્તિઓ આયુધોથી શોભતી હતી. તે પછી યુદ્ધ-ભૂમિમાં મૃદંગ, શંખ વગેરે વાજિંત્રો જોરજોરથી વાગવા લાગ્યાં. એ શક્તિઓએ દાનવોની ઘણી સેનાનો ઘાણ વાળી નાખ્યો. ત્યારે દૈત્યોનો સેનાપતિ દુર્ગમ સ્વયં શક્તિઓની આગળ આવી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. પાછું બન્ને વચ્ચે ઘોર યુદ્ધ મચ્યું. લોહીની નદીઓ વહેવા લાગી દશ દિવસમાં તો રાક્ષસોની અક્ષૌહિણી સેના મરી ફીટી તે પછી દૈત્યો માટે ભયંકર અગિયારમો દિવસ ઊગ્યો. એ દિવસે દુર્ગમે પોતે લડવાની પ્રચંડ તૈયારી કરી. એણે હવે લાલ માળા, લાલ વસ્ત્ર અને લાલ ચંદનથી શરીરને સજાવ્યું અને મોટી ગર્જના કરતો યુદ્ધમાં જવા માટે તે રથ પર બેઠો. શરૂઆતમાં ઘણા ઉત્સાહ સાથે તેણે બધી શક્તિ-ઓને જીતી લીધી. તે પછી તે દેવીના રથ સામે પોતાનો રથ લાવ્યો, એટલે ભગવતી જગદંબા અને દુર્ગમ દૈત્ય વચ્ચે તુમુલ યુદ્ધ મચી ગયું. કાળજાને કંપાવી મૂકે એવું તે યુદ્ધ લગભગ બે પ્રહર સુધી ચાલતું રહ્યું. એ પછી દેવીએ દુર્ગમ ઉપર પંદર ઉત્તમ બાણ મુક્યાં. તેમાં ચાર બાણથી ચાર ઘોડાને, એક બાણથી સારથીને ઘાયલ કર્યા અને બે બાણોથી દુર્ગમનાં બન્ને નેત્રો અને બન્ને ભુજાઓને વીંધી નાખ્યાં પછી એક બાણથી ધજા કાપી નાખી અને પાંચ બાણોથી એની છાતી ચીરી નાખી. એટલે લોહી ઓકતો દુર્ગમ દૈત્ય ભગ-વતી જગદમ્બાની આગળ પ્રાણરહિત થઇને ઢળી પડયો. અને એના પ્રચંડ દેહમાંથી નીકળેલું તેજ દેવીમાં સમાઇ ગયું. આવો પરાક્રમી દૈત્ય મરાવાથી ત્રણેલોકમાં શાંતિ થઇ ગઇ, બ્રહ્મા વગેરે સઘળા દેવો વિષ્ણુ અને શંકરને આગળ કરી ભગવતી જગદંબાની ગદ્ગદ્ વાણીથી સ્તુતિ કરવા લાગ્યા: 'હે સમસ્ત જગતનાં એકમાત્ર કારણ પરમેશ્વરી, શાકંભરી, શતલોચને ! આપને અમારા વારંવાર પ્રણામ હો.

'હે દુર્ગમ નામક દૈત્યને સંહારનારી તેમજ પંચકોશમાં રહેનારી કલ્યાણસ્વરૂપા, જેમનું સ્વરૂપ જ પ્રણવનો અર્થ છે, એ ભુવનેશ્વરી દેવી તમને નમસ્કાર છે.

દરેક ભાવિકે ભુવનેશ્વરીના ધ્યાનમાં તત્પર બનવું જોઈએ.

જેઓ કોઈ પણ નિમિત્તથી સૂતાં, બેસતાં અથવા ચાલતાં ભગવતીનું નિરંતર સ્મરણ–કીર્તન કરે છે એ સંસારના બંધનથી છુટે છે. માટે રાજન્ ! તું પણ શ્રદ્ધાભક્તિપૂર્વક દેવી ભગવતીની ઉપાસના કર. ભગવતીમાં ચિત્તને મગ્ન કરવાનો જે પ્રયાસ છે તે જ એમની આરાધના કહેવાય છે. હે રાજન્ ! સૂર્ય અને ચંદ્રવંશના ભગવતીના ઉપાસક જે રાજાઓ થઇ ગયા એમનું પરમ પાવન ચરિત્ર મેં તમને કહ્યું. હવે તમે બીજું શું સાંભળવા ઇચ્છો છો ?

જનમેજયે પૂછ્યું, 'મહામુને ! ત્રીજા સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં સાંભળેલું છે કે મણિદ્વીપ–નિવાસીની દેવી જગદંબાએ ગૌરી, લક્ષ્મી ને સરસ્વતીને પ્રકટ કરી તેમને અનુક્રમે શંકર, વિષ્ણુ ને બ્રહ્મા પાસે પત્ની સ્વરૂપે રહેવાની આજ્ઞા આપી, વળી એ પણ સાંભળ્યું છે કે, ગૌરી હિમાલય અર્થાત દક્ષ પ્રજાપતિની કન્યા છે તથા મહાલક્ષ્મી ક્ષીરસમુદ્રની કન્યા છે, તો પછી મૂલપ્રકૃતિ ભગવતી જગદંબાથી પ્રકટેલી દેવીઓ બીજાની કન્યા શી રીતે થઇ ? એ બધું ચરિત્ર કૃપા કરીને કહો.'

વ્યાસ બોલ્યા, 'રાજન્ ! ભગવતીના અનન્ય ઉપાસક તમારાથી ભગવતીના કોઇ રહસ્ય છૂપાવવા જેવું નથી. ભગવતી જગદંબાએ ત્રણે દેવીઓને ત્રણ દેવતાઓ પાસે રહેવા મોકલી ત્યારથી તે દેવો સૃષ્ટિ સર્જવાના કર્મમાં જોડાયા. પૂર્વનો એક પ્રસંગ છે : ત્યારે હલાહલ નામના પ્રસિદ્ધ ઘણા દૈત્યો થયા તે બધા અપાર બળવાન હોઇને તેમણે ત્રૈલોક્ય ઉપર વિજય મેળવ્યો હતો. ઉગ્ર તપ કરી બ્રહ્માજી પાસેથી વરદાન મેળવી તેઓ ઘણા ઘમંડી થઇ ગયા હતા. એમણે દૈત્યની સેના લઇ કૈલાસ અને વૈકુંઠને ઘેરી લીધું ત્યારે શંકર અને વિષ્ણુ એમની સાથે યુધ્ધ કરવા લાગ્યા. એમનું યુધ્ધ ઘણા લાંબા કાળ સુધી ચાલ્યું તેથી દેવસેના અને દૈત્યસેનામાં હાહાકાર મચી ગયો. ભારે ઘમસાણના અંતે શંકર અને વિષ્ણુ ઘણા પ્રયત્ને તેમને મારવામાં સફળ થયા, પરંતુ મહાશક્તિના પ્રભાવથી જ તેઓ દાનવોને હણવામાં સફળ થયા હતા. પરંતુ તેઓ પોતાના જ બળની જ્યાં ત્યાં વાત કરવા લાગ્યા અને શક્તિની અવહેલના કરવા લાગ્યા, તે જાણી મહાગૌરી અને મહાલક્ષ્મી હસી પડયાં. એથી એ બન્ને દેવોએ શક્તિઓનો તિરસ્કાર કર્યો. ત્યારે લીલામાત્રથી એ જ વખતે ગૌરી ને મહાલક્ષ્મી બન્ને શક્તિઓ શંકર ને વિષ્ણુથી અલગ થઇ અંતર્ધાન થઇ ગઇ. આમ શક્તિઓ અંતર્ધાન થવાથી બન્ને મુખ્ય દેવો શક્તિ અને તે જ વિહોણા થઇ ગયા.

એમની વિચારશક્તિ મંદ પડી ગઇ ત્યારે બ્રહ્માએ વ્યથા અનુભવતા ગભરાટના માર્યા આંખો બંધ કરી ધ્યાન કર્યું

ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે આ પરાશક્તિના ત્યાગનું પરિણામ છે. રાજન્! આ પરમ તત્ત્વને જાણતાં જ ચેતી જઇને બ્રહ્મા એ શંકર અને વિષ્ણુના કાર્યને સ્વયં સંભાળી લીધું. પોતાની શક્તિ પ્રમાણે તેઓ ઘણા સમય સુધી એ અઘરું કાર્ય સંભાળી શકયા પછી શંકર અને વિષ્ણુના હિત–કલ્યાણ માટે તેમણે પોતાના પુત્ર મનુ અને સનકાદિ વગેરેને બોલાવ્યા. તેમને તપેનિધિ બ્રહ્માએ કહ્યું, 'હમણાં હું ખૂબ કાર્યરત છું. વળી ભગવતીને સંતુષ્ટ કરવા માટે તપ કરવાની શક્તિ મારામાં નથી. કારણ કે હમણાં જગતનો બધો જ ભાર મારા પર લદાયેલો છે. શંકર અને વિષ્ણુનું કાર્ય પણ મારે કરવું પડે છે. તેઓ શક્તિ વિહીન થઇ ગયા છે. માટે વિષ્ણુ અને શિવ પુનઃ શક્તિશાળી બને એ માટે મારે બદલે તમારે પ્રયત્ન કરવાનો છે. એમ કરવાથી જગતમાં તમારો યશ ફેલાશે અને જેના કુળમાં મહાગૌરી અને મહાલક્ષ્મી એ બંને શક્તિઓનો જન્મ થશે તે કુળ પોતે ધન્ય–કૃતકૃત્ય થવાની સાથે આખી પૃથ્વીને પણ પાવન કરશે.

પિતામહ બ્રહ્માના તે વચન સાંભળી તેમના દક્ષ વગેરે બધા પરમપવિત્ર પુત્રો નિર્મળ અંતઃકરણવાળા થઈ ભગવતી જગદંબાનું આરાધન કરવા માટે વનમાં ચાલ્યા ગયા. તે બધા વનમાં ગયા પણ ત્યાં ધ્યાન કરવા જેવું યોગ્ય સ્થાન તેમને જણાયું નહિ, ભગવતીને પ્રસન્ન કરવા માટે તેઓને ઘણાં વર્ષો સુધી આરાધના કરવાનું હતું તેથી હિમાલય પ્રત્યે ગયા....' ૪૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિશે 'ભગવતીના તપ માટે તત્પર દક્ષ' નામનો ૨૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૦ મો

### સિદ્ધિપીઠમાં વસતી દેવીઓ

**વ્યાસ ઉવાચ**

તતસ્તે તુ વનોદ્દેશે હિમાચલતટાશ્રયાઃ ।
માયાબીજજપાસક્તાસ્તશ્ચેરુ સમાહિતાઃ ।।

વ્યાસ બોલ્યા, રાજન્! ચતુર્મુખ બ્રહ્માના આદેશ પ્રમાણે વનમાં ગયેલા મુનિઓ હિમાલયની તળેટી ઉપર જઇ એકાગ્રચિત્તે ભગવતી ભુવનેશ્વરીનો માયા-બીજ મંત્ર જપવા લાગ્યા. પરમશક્તિનું ધ્યાન કરતાં તેમનાં એક લાખ વર્ષ વીતી ગયાં ત્યારે જગદંબા પ્રસન્ન થઇ ત્યાં પ્રકટ થયાં. પાશ, અંકુશ, વર અને અભયમુદ્રા તેમણે ચાર બાહુમાં ધારણ કર્યાં હતાં. ત્રણ નેત્રવાળાં, કરુણારસથી ભરેલાં, સત્, ચિત્ અને આનંદમય શરીરવાળાં, સમસ્ત જગતને ઉત્પન્ન કરનારાં પરમેશ્વરીને જોઇ પવિત્ર અંતઃ-કરણવાળા મુનિઓ તેમની સ્તુતિ કરવા લાગ્યા, 'હે દેવી! વિશ્વરૂપા, વૈશ્વનરરૂપ, તેજરૂપા અને સૂત્રરૂપા, આપને વારંવાર નમસ્કાર હો. હે પ્રાજ્ઞ, અવ્યાકૃત અને પરબ્રહ્મ સ્વરૂપને ધારણ કરનારાં વૈશ્વાનર મૂર્તિ, તમને વારંવાર પ્રણામ હો. સર્વ સ્વરૂપ અને સર્વલક્ષ્યાર્થરૂપમાં શોભતાં દેવી, તમને નમસ્કાર હો.'

એ રીતે ભક્તિથી ગદ્ગદ્ કંઠે જગદંબાની સ્તુતિ કરી દક્ષ વગેરે મુનિઓએ દેવીનાં ચરણકમળમાં પ્રણામ કર્યા. ત્યારે દેવી પ્રસન્ન થઇ મધુર વાણીમાં બોલ્યાં, 'મહાભાગ ! તમે વરદાન માગો, હું તે આપવા માટે સદા તૈયાર છું.' ભગવતીની અમૃતવાણી સાંભળી મુનિઓએ વરદાન માગતાં કહ્યું, 'દેવી ! કૃપા કરી આપ શંકર અને વિષ્ણુ એ દેવોને પુન: પોતાની શક્તિઓ આપો.' પછી દક્ષે પ્રાર્થના કરતાં કહ્યું, 'દેવી ! મારા કુળમાં તમારો જન્મ થાઓ. જેથી હું કૃતાર્થ થાઉં. પરમેશ્વરી તમે તમારા સ્વમુખે જ જપ, ધ્યાન, પૂજન અને તમારા વિવિધ સ્થાનો વિષે કહો.'

દેવીએ કહ્યું, 'મારી એ શક્તિઓનું અપમાન કરવાથી જ શિવ અને વિષ્ણુની એ સ્થિતિ થઇ છે, માટે શક્તિરૂપ મારો ક્યારેય અપરાધ ન કરવો. ઠીક, હવે મારી લેશમાત્ર કૃપાથી એ બન્નેનાં શરીર સ્વસ્થ થશે અને શક્તિ આવશે. ગૌરી અને લક્ષ્મી નામની મારી શક્તિઓ તારે ત્યાં જન્મશે અને બીજી ક્ષીરસમુદ્રમાં ઉત્પન્ન થશે. મારી પ્રેરણાથી એ શક્તિઓ એમની પાસે જશે. મને પ્રસન્ન કરનાર માયાબીજ જ મારો મુખ્ય મંત્ર છે. તમારે નિરંતર મારા વિરાટ સ્વરૂપનું અથવા તમારી આગળ રહેલા મારા આ રૂપનું કે સચ્ચિદાનંદરૂપનું ધ્યાન કરવું. મારી પૂજા માટેનું સ્થાન સારુંય જગત છે. માટે મારી પૂજા અને ધ્યાનમાં સદા તત્પર રહેવું.'

વ્યાસે કહ્યું, 'રાજન્ ! એમ કહી મણિદ્વીપમાં વસનારા જગદંબા અંતર્ધાન થયાં. તે પછી દક્ષ વગેરે બધા મુનિઓએ પિતામહ બ્રહ્માની પાસે આવીને સર્વ વૃત્તાંત જણાવ્યું. આ તરફ દેવીની કૃપાથી ભગવાન શિવ અને વિષ્ણુ સ્વસ્થ થવાથી તેમને પોતપોતાનું કાર્ય કરવાની શક્તિ તેમજ યોગ્યતા પુન: મળી ગયાં.

મહારાજ ! કેટલાક સમય બાદ દક્ષને ઘેર પરાશક્તિનું તેજ અવતર્યું. એ વેળા ત્રણે લોકમાં મહોત્સવ થયા. દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. પવિત્ર અંત:કરણવાળા સજ્જનોનાં મન પ્રસન્ન થઇ ઊઠયાં. નદીઓ નિર્મળ જળ વહાવવા લાગી. સુર્યનારાયણ અત્યંત તેજસ્વી થઇ પ્રકાશ ફેલાવવા લાગ્યા. બધું મંગલમય થઇ ગયું. તે પરબ્રહ્મસ્વરૂપિણી જગદંબાનો સત્યાંશ હોવાથી દક્ષે એમનું નામ 'સતી' રાખ્યું. સમય આવતાં એ સતી શિવનાં પત્ની બન્યાં. કેમકે પૂર્વે એમની જ શક્તિ તરીકે તેઓ રહ્યાં હતાં. દૈવવશ સતીએ પોતાના શરીરને દક્ષના યજ્ઞમાં પ્રજ્વલિત અગ્નિમાં ભસ્મ કરી દીધું.'

જનમેજયે પૂછ્યું, 'મુનિ ! જેમના નામસ્મરણ માત્રથી મનુષ્ય લૌકિક અગ્નિના ભયથી મુક્ત બને છે. તેવાં પરમ વિભૂતિ સતી અગ્નિમાં શી રીતે ભસ્મ થઇ ગયાં ? એવું શું બન્યું કે દક્ષ પ્રજાપતિને ત્યાં આવી દુર્ઘટના બની ?

વ્યાસે કહ્યું, 'રાજન્ ! આ કથા પ્રાચીન છે. એક વેળા મહાક્રોધી દુર્વાસા

મુનિ જાંબુનદ નામનું સોનું થાય છે તે સ્થાને વિરાજતાં જગદંબાની પાસે ગયા. ત્યાં તેમને ભગવતીનું સાક્ષાત દર્શન થયું. તે પછી તેમણે માયાબીજ મંત્રનો જપ કરવા માંડયો, એથી પ્રસન્ન થઇને દેવીએ તેમને પોતાના કંઠની પુષ્પમાળા પ્રસાદી રૂપે આપી. દિવ્ય પુષ્પોની સુગંધીથી એ માળા પર ભમરાઓ ગણગણતા હતા. એ માળાને મસ્તક નમાવી સ્વીકાર કરી મુનિ દુર્વાસા આકાશ માર્ગે ત્યાંથી સતીના પિતા દક્ષ પ્રજાપતિને ત્યાં જઇ પહોંચ્યા. એ વખતે દક્ષે દુર્વાસામુનિને પૂછ્યું, 'પ્રભો! આ દિવ્ય માળા કોની છે? જગતના મનુષ્યો માટે દુર્લભ એવી આ માળા આપે શી રીતે અને કયાંથી મેળવી?'

દક્ષ પ્રજાપતિનું એ વચન સાંભળી દુર્વાસામુનિની આંખમાં હર્ષના આંસુ આવી ગયાં, એમણે કહ્યું, 'ભગવતી જગદંબાની આ પ્રસાદી છે.' ત્યારે દક્ષે મુનિને કહ્યું, 'આ માળા મને ગમી ગઇ છે, તો તે મને આપ કૃપા કરીને આપો' દુર્વાસામુનિએ એ માળા સહર્ષ દક્ષને આપી, ત્યારે દક્ષે મસ્તક ઝુકાવી તેનો સ્વીકાર કર્યો. તે પછી દક્ષે અંતઃપુરમાં જઇ પોતાની સુખશય્યા પર તે માળાને મૂકી ને રાત્રીનાં દક્ષે તે શય્યા પર જ રતિક્રીડા કરી, એ પાપકર્મના પ્રાબલ્યથી શંકર અને સતી પ્રત્યે દક્ષને દ્વેષ થયો, અને એ અપરાધના તથા ઉદ્વેગના પરિણામે સતીએ સતીધર્મ બતાવવા માટે દક્ષથી ઉત્પન્ન થયેલો પોતાનો દેહ યોગાગ્નિથી ભસ્મ કરી દીધો, અને એજ જયોતિ પુનઃ પર્વતરાજ હિમાલયને ત્યાં પ્રકટી.

દક્ષ ઉપરના પરમાત્મા શંકરના ક્રોધાગ્નિએ ત્રણે લોકમાં હાહાકાર વર્તાવી દીધો, દક્ષ પ્રજાપતિના યજ્ઞમંડપમાં જયારે વીરભદ્ર પ્રચંડ સ્વરૂપે કાલિને સાથે લઇ નાશ કરવા ગયો ત્યારે તેનાથી ડરીને બ્રહ્માદિ દેવો શિવને શરણે ગયા. ત્યાં દક્ષ મરાયો અને એનો યજ્ઞ પણ નષ્ટ થઇ ગયો. તે વખતે ભગવાન શંકરે દેવોને અભય આપ્યા. અને ભગવાને દક્ષનું ધડ પડયું હતું તેને બકરાનું મસ્તક જોડી દઇ તેને જીવિત કર્યો. તે પછી શંકરે પોતાની પત્ની સતીના શરીરને યોગાગ્નિમાં બળતું જોયું તે વખતે 'હા સતી' એમ બોલી સતીના બળતા શરીરને ઉપાડી ખાંધે ઊઠાવી જાણે ઉન્માદ થયો હોય તેમ આમતેમ ઘુમવા લાગ્યાં. એ સમયે ભગવાન વિષ્ણુએ જયાં જયાં તેનાં અંગ પડયા હતાં તે બધાંને બાણ વડે છેડી નાખ્યાં.

અને ત્યાં આગળ અંગના જે ટુકડા પડયા હતા. તેમાંથી શંકરની અસંખ્ય મૂર્તિઓ ઉત્પન્ન થઈ. એ જોઇ દેવોને આશ્ચર્ય થયું. શંકરે ત્યારે દેવોને કહ્યું જે કોઇ આ સ્થાન પર શ્રદ્ધાભક્તિથી શિવાદેવીની ઉપાસના કરશે તેના સર્વ મનોરથ સિદ્ધ થશે. જયાં જયાં સતીનાં અંગ પડયાં છે ત્યાં ત્યાં ભગવતી જગદમ્બા રહેશે. એ પવિત્ર સ્થાનોમાં રહી જે ભાવિક મનુષ્ય બીજ મંત્રનું પુરશ્ચરણ કરશે એને અવશ્ય મંત્ર સિદ્ધિ મળશે.

માયાબીજ મંત્ર જપવા માટે આ સ્થાનો ઉત્તમ ગણાય છે. પછી તો ભગવાન શંકરે તે જ સ્થાનોમાં જપ, ધ્યાન અને સમાધિ કરવા માંડયાં.

જનમેજયે પૂછ્યું : એ બધાં સિદ્ધિ-પીઠમાં સ્થાન કયે કયે સ્થળે છે અને એનાં નામ શું છે? વળી ત્યાં બિરાજતાં દેવીનાં નામ પણ કહો.

વ્યાસ બોલ્યા : જેને માત્ર શ્રવણ કરવાથી જીવાત્વાઓનાં પાપસમૂહ દૂર થાય છે તે દેવીપીઠોનો મહિમા સાંભળો, જે સ્થાનો દેવીની ઉપાસના કરવા ઉત્તમ મનાયાં છે. ગૌરીનું મુખ વારાણસીમાં પડેલું તેથી તે પીઠનાં દેવી 'વિશાલાક્ષી' કહેવાયાં. જે દેવી નૈમિષારણ્યમાં વિરાજ્યા છે તે દેવી 'લિંગધારી' કહેવાયાં. પ્રયાગમાં વિરાજેલાં દેવી 'લલિતા' કહેવાયાં; ગંધમાદન પર્વત પર રહેલાં દેવી 'કામુકા' કહેવાયા, માનસમાં વસનારા દેવી 'કુમુદા' કહેવાયા, દક્ષિણમાં વસતાં દેવી વિશ્વકામા' તરીકે વિખ્યાત થયાં, ઉત્તરમાં વિરાજતાં દેવી 'વિશ્વકામપ્રપૂરણી' તરીકે ઓળખાયાં, ગોમંત પર વસનારા દેવી 'ગોમતી' કહેવાયા, મંદરાચળ પર વિરાજેલા દેવી 'કામચારિણી' તરીકે પ્રસિદ્ધ થયા, ચૈત્ર-રથમાં રહેલા દેવી 'મદોત્કટા' કહેવાયા, હસ્તિનાપુરમાં દેવી 'જયંતી' કહેવાયા, કાન્યકુબ્જમાં રહેતા દેવી 'ગૌરી તરીકે વિખ્યાત થયા. મલયાચલ પર્વતમાં વિરા-જેલા દેવી 'રંભા' નામે ઓળખાયાં. એકામ્રપીઠમાં રહેલાં દેવી 'કીર્તિમતી' નામે પ્રસિદ્ધ થયાં.

વિશ્વપીઠમાં રહેલાં દેવી 'વિશ્વેશ્વરી' તરીકે પૂજાવા લાગ્યાં. પુષ્કરમાં વિરાજેલાં દેવી 'તુરુહુતા' નામથી સેવાયાં, કેદારમાં રહેલાં દેવી 'સન્માર્ગ-દાયિની' તરીકે ઓળખાયાં અને હિમાલયમાં વિરાજેલા દેવી 'મંદા' નામે ઓળખાયાં. જ્યારે ગોકર્ણપીઠમાં 'ભદ્રકર્ણિકા' નામથી દેવી પૂજાયા. આ ઉપરાંત સ્થાણેશ્વરમાં ભવાની તરીકે, બિલ્વકપીઠમાં બિલ્વપત્રિકા તરીકે શ્રી શૈલમાં વિરાજેલા દેવી 'માધવી' નામે પ્રસિદ્ધ થયાં.

ભદ્રેશ્વરમાં 'ભદ્રા', વરાહપીઠમાં 'જયા' કમલાલયપીઠમાં વિરાજેલા દેવી 'કમલા' નામે સેવાવા લાગ્યા, રુદ્રકોટિમાં રુદ્રાણી તથા કાલંજરમાં વિરાજતાં દેવી 'કાલી' નામે વિખ્યાત થયા. શાલગ્રામપીઠમાં રહેતા દેવી 'મહાદેવી' તરીકે પૂજાયા, શિવલિંગમાં 'જલપ્રિયા' ને મહાલિંગમાં 'કપિલા' તરીકે વિખ્યાત થયા. માકોટમાં મુકુટેશ્વરી, માયાપુરીમાં 'કુમારી' તરીકે વિખ્યાત થયા. સંતાનપીઠમાં વિરાજેલા દેવી 'લલિતાંબિકા', ગયામાં વિરાજેલા દેવી 'મંગલા' નામે પ્રસિદ્ધ થયા. પુરુ-ષોત્તમપીઠમાં 'વિમલા', સહસ્રાક્ષમાં 'ઉત્પલાક્ષી' ને હિરણ્યાત્રમાં 'મહોત્પલા' નામે જાણીતા થયા. વિપાશામાં વિરા-જેલાં દેવી 'અમોઘાક્ષ' નામે પૂજાયા. પુંડવર્ધનમાં રહેલા દેવી 'પાડલા' કહેવાયા, સુપાર્શ્વમાં 'નારાયણી' ને રુદ્રમાં 'સુંદરી' નામે જાણીતા થયાં.

વિપુલક્ષેત્રમાં વિપુલા, મલયાચલ ઉપર 'કલ્યાણી', સહ્યાદ્રિ ઉપર 'એકવીરા' અને હરિશ્ચંદ્રપીઠમાં 'ચંદ્રિકા' નામે પ્રસિદ્ધ થયા. રામતીર્થમાં 'રમણા', યમુનાપીઠમાં 'મૃગાવતી', કોટિતીર્થમાં 'કોટવી', માધવવનમાં 'સુગંધા', ગોદાવરીમાં 'ત્રિસંધ્યા' ને ગંગાદ્વારમાં 'રતિપ્રિયા' નામે પૂજાયા. શિવકુંડમાં શુભાનંદા નામથી, દેવિકાતટમાં નંદિની, દ્વારકામાં રુક્મણિ, વૃંદાવનમાં 'રાધા' અને મથુરામાં 'દેવકી' તરીકે પ્રસિદ્ધ થયા. પાતાલમાં 'પરમેશ્વરી' નામથી, ચિત્રકુટમાં 'સીતા', વિંધ્યાચળ ઉપર 'વિંધ્યવાસિની' અને કરવીરક્ષેત્રમાં 'મહાલક્ષ્મી' તરીકે પૂજાવા લાગ્યા. વિનાયકક્ષેત્રમાં 'ઉમા', વૈદ્યનાથ ધામમાં 'આરોગ્યા', મહાકાલીપીઠમાં 'માહેશ્વરી', ઉષ્ણતીર્થમાં 'અભયા' અને વિંધ્ય પર્વત પર વિરાજેલા દેવી 'નિતંબા' નામે ઓળખાયાં, માંડવ્યપીઠમાં 'માંડવી', માહેશ્વરીપુરીમાં 'સ્વાહા', છગલંગમાં 'પ્રચંડા' ને અમરકંટકમાં 'ચંડિકા' નામે વિખ્યાત થયા. સોમેશ્વરપીઠમાં 'વરારોહા', પ્રભાસમાં 'પુષ્કરાવતી' અને સરસ્વતી તીર્થમાં દેવમાતા', તટપીઠમાં 'પારાવારા', મહાલયમાં 'મહાભાગા' અને પયોષ્ણીમાં વિરાજેલા દેવી 'પિંગલેશ્વરી' નામથી પૂજાયા. કૃતશૌચતીર્થમાં 'સિંહિકા', કાનિક ક્ષેત્રમાં 'અતિશાંકરી,' વર્તક તીર્થમાં 'ઉત્પલા' અને 'સુભદ્રા' તથા શોણાના સંગમ પર 'લોલા' દેવી તરીકે પૂજાયા. સિદ્ધવનમાં 'લક્ષ્મી' ભર્તાશ્રમ તીર્થમાં 'અનંગા', જાલંધર પર્વત પર 'વિશ્વમુખી', કિષ્કિન્ધા પર્વત ઉપર 'તારા', દેવદારુના વનમાં 'પુષ્ટિ' નામથી, કાશ્મીરમાં 'મેધા', હિમાચળ પર 'ભીમા' અને વિશ્વેશ્વર ક્ષેત્રમાં 'તુષ્ટિ', કપાલમોચન તીર્થમાં 'શુદ્ધિ,' કાયાવરોહણ તીર્થમાં 'માતા' અને શંખોદ્ધાર તીર્થમાં 'ધરા' દેવી નામે પ્રસિદ્ધ થયાં. પિંડારકમાં 'ધૃતિ', ચંદ્રભાગામાં 'કલ' અચ્છોદક્ષેત્રમાં 'શિવધારિણી', વેણા નદીના કિનારે 'અમૃતા' અને બદરીવનમાં 'ઉર્વશી' નામે વિખ્યાત થયાં. કુબેરના સ્થાનમાં 'નિધિ' ઉત્તર કુરુપ્રદેશમાં 'ઔષધિ', કુશદ્વીપમાં 'કુશોદકા', હેમકુટ પર્વત પર 'મન્મથા' અને કુમુદવનમાં વિરાજેલા દેવી 'સત્યવાદિની' નામે પ્રસિદ્ધ થયાં અશ્વત્થતીર્થમાં 'વંદનીયા', વૈષ્ણુવાલય ક્ષેત્રમાં 'નિધિ' અને વેદના મુખમાં 'ગાયત્રી' તરીકે વિખ્યાત થયા. ભગવાન શિવની નિકટમાં 'પાર્વતી' તરીકે પ્રખ્યાત થયા. દેવલોકમાં 'ઇંદ્રાણી' તરીકે વિખ્યાત થયાં, બ્રહ્મલોકમાં 'સરસ્વતી' અને સૂર્યના બિંબમાં 'પ્રભા' દેવી તરીકે પૂજાયા. માતૃકાઓમાં 'વૈષ્ણવી', સતીઓમાં 'અરૂંધતી', અપ્સરાઓમાં 'તિલોત્તમા', ચિત્તમાં 'બ્રહ્મકલા', અને સર્વ પ્રાણીમાં 'શકિતદેવી' રહે છે.

હે જનમેજય! આવાં એકસો ને આઠ દેવીના પીઠો છે. અને તેટલી જ સંખ્યાવાળી ત્યાંની ઇશ્વરી દેવીઓ મનાય છે. આમાંના લગભગ બધા પીઠો, સતી

દેવીના અંગના અવયવોથી થયેલાં કહ્યાં છે. તો પણ બીજા જે પૃથ્વી પર મુખ્ય ગણાય છે તે પણ પ્રસંગોપાત કહ્યાં છે જે ભાવિક મનુષ્ય દેવીનાં આ એકસો ને આઠ ઉત્તમ નામોનું સ્મરણ કરે અથવા સાંભળે છે તે સર્વ પાપોથી મુક્ત થઇ 'મણિદ્વીપ' નામના દેવીના પરમ ધામમાં જાય છે. સુજ્ઞજનોએ આ સર્વ પીઠોમાં ભક્તિપૂર્વક યાત્રાએ જવું. ત્યાં શ્રાદ્ધ આદિ ક્રિયાઓ કરી પિતૃ વગેરેને તૃપ્ત કરવા અને ભગવતીની મહાપૂજા વિધિપૂર્વક કરવી, પછી સર્વનું વારંવાર રક્ષણ કરતાં ભગવતી જગદંબાની ક્ષમા માગવી અને પોતાના આત્માને 'ધન્ય' માનવો. ત્યાં સઘળાં બ્રહ્મણોને ભક્ષ્ય અને ભોજ્ય આદિ પદાર્થોથી તૃપ્ત કરવા તેમ જ સુવાસિની–કુંવારી કન્યા તથા બ્રહ્મચારીઓને ભોજન કરાવવું, એ ક્ષેત્રમાં રહેનારો દુષ્ટાત્મા, ચાંડાલ પણ દેવીથી રક્ષાયેલો થાય છે. અહીં આવેલા કે વસતા ભાવિકોએ શક્તિના અનુપમ મંત્રનું અનુષ્ઠાન કરવું. 'માયા બીજ' એ મંત્રરાજ છે એટલે સમસ્ત પીઠમાં વિરાજતા ભગવતી જગદંબાનું આ મંત્રથી પૂજન કરવું. અનુષ્ઠાન કરનારે ખર્ચમાં કસર કરવી નહિ. જે ભાવિક જીવાત્મા દેવીના સિદ્ધપીઠની યાત્રા શ્રદ્ધાપૂર્વક કરે છે તેનાં પિતૃઓ એકહજાર કલ્પ સુધી બ્રહ્મલોકમાં વસે છે અને પોતે પણ મૃત્યુ બાદ દેવીના પરમ પુનિત લોક મણિદ્વીપમાં જાય છે.

આ એકસો આઠ નામનો એકાગ્રતાથી જપ કરવાથી ઘણા મહાપુરુષો સિદ્ધપણું પામ્યા છે અને જે સ્થળે સાક્ષાત્ અથવા પુસ્તકમાં પણ આ એકસો આઠ નામો લખ્યા હોય તે સ્થળે ગ્રહો તથા મરકી વગેરે પીડતા નથી અને પર્વના દિવસે જપ કરવામાં આવે તો સૌભાગ્ય નિત્ય વધે છે.

વળી આ એકસો આઠ નામોનો જપ કરતા મનુષ્યને કંઇ પણ દુર્લભ રહેતું નથી; એટલું જ નહિ તેને દેવતાઓ પણ નમે છે, કેમકે તે દેવરૂપ જ કહેવાય છે. શ્રાદ્ધપક્ષમાં આ એકસો આઠ નામનો પાઠ કરવાથી સઘળા પિતૃ તૃપ્ત થઇ ઉત્તમ ગતિને પામે છે. આ મુક્તિ ક્ષેત્રે સાક્ષાત ભગવતી સ્વરૂપ છે. એથી એ 'સિદ્ધપીઠ' કહેવાય છે. સુજ્ઞજનોએ એને અવશ્ય સેવવાં જોઇએ. હે રાજેન્દ્ર ! આ મુક્તિક્ષેત્રો સાક્ષાત જ્ઞાનમય છે માટે બુદ્ધિમાન મનુષ્યોએ એનો આશ્રય કરવો, તમે જે પૂછ્યું હતું તે સર્વ મહેશ્વરીનું અતિગુપ્ત રહસ્ય મેં તમને કહ્યુંઃ હવે તમે બીજું શું સાંભળવા ઇચ્છો છો ? ૧૦૨

ઇતિ શ્રી દેવીભાગવતત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'સિધ્ધિપીઠમા વસતી દેવીઓ' નામનો ૩૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૧ મો

### દેવોને દમતો દૈત્ય તારકાસુર

જનમેજય ઉવાચ

ધરાધરાધીશમૌલાવાવિરાસીલ્ પરં મહઃ।
યદુક્તં ભવતા પૂર્વં વિસ્તરાત્ તદ્વદસ્વ મે ॥

જનમેજયે પૂછ્યું : હે મુને! અગાઉ

આપે એકવેળા કહેલું કે હિમાલયના શિખર પર પ્રકાશના પૂંજ રેલાયા હતા મહા તેજ પ્રકટયું હતું, તો એ પ્રસંગ મને વિસ્તારથી કહો.'

વ્યાસ બોલ્યા : રાજન્ ! દક્ષપુત્રી સતીનું શરીર જ્યારે યોગાગ્નિથી બળી ગયું ત્યારે ભગવાન શિવ પારાવાર દુઃખ અનુભવતા એક સ્થાન પસંદ કરી જગદમ્બાનું ધ્યાન કરવા લાગ્યા આ સમયે ત્રિલોકના પ્રાણી નિસ્તેજ બની ગયાં, સમસ્ત જગત શક્તિહીન બની ગયું, બધાનો ઉત્સાહ ઓસરી ગયો. દુઃખ ને રોગનું સામ્રાજ્ય સર્વત્ર જામી ગયું, ભગવતી સતીની ગેરહાજરીને લીધે દેવો અને માનવો મોટે ભાગે સ્વચ્છંદી બની ગયાં હતાં. આ સમયે જ 'તારક' નામનો એક પ્રંચડ અસુર ઉત્પન્ન થયો જે 'તારકાસુર' નામે વિખ્યાત થયો. તેણે તપ કરેલું ત્યારે બ્રહ્માએ તેને વરદાન આપેલું કે; 'જ્યારે શંકરનો ઓરસ પુત્ર ઉત્પન્ન થશે તેજ તને મારી શકાશે, બીજા કોઇના હાથે તારું મૃત્યુ નહિ થાય.' આથી તારકાસુર દેવોને ખૂબ રંજાડવા લાગ્યો. તેના ભયથી દેવો પોતાના સ્થાન છોડી ગમે ત્યાં જતાં રહ્યા.

દેવોને મોટી ચિંતા એ પેઠી કે શિવજીને પત્ની નથી, પછી પુત્રની આશા શી રીતે રાખવી ? તેમનો પુત્ર તારકાસુરને સંહારે, પરંતુ પુત્ર ક્યાંથી પ્રકટ થવાનો છે? આ માટે બધા દેવો મળીને વૈકુંઠમાં શ્રી વિષ્ણુ પાસે ગયા ને પોતાનું દુઃખ કહ્યું, શ્રીહરિએ તેમને આશ્વાસન આપી કહ્યું, 'તમે મોટી ચિંતા કર્યા વગર ભગવતીના શરણે જાઓ. આપણા દોષને લીધે દેવીએ ઉપેક્ષા કરી છે. પુત્રથી તો ડગલે ને પગલે અપરાધ થાય, તો એને સહન માતા જ કરે છે, એ આપણી માતા જ મદદ કરશે ને તમારું દુઃખ મટાડશે. માટે તમે હવે ભગવતીનું પૂજન-આરાધન કરી તેમને પ્રસન્ન કરો.' અને બધા દેવો સાથે વિષ્ણુ ભગવાન પણ હિમાલય પર જઇને જગદંબાનું પૂજન આરાધન કરવા લાગ્યા. કેટલાક દેવો બીજમંત્રના પ્રયોગથી પરમેશ્વરીની પૂજા કરવા લાગ્યા. તેમની સતત આરાધના કરી, પછી જ્યારે ચૈત્ર સુદિ નોમનો શુભ દિવસ આવ્યો ત્યારે ત્યાં સર્વોત્કૃષ્ટ લાલ જ્યોતિ પ્રકટી તે સાથે ચારે વેદો મૂર્તિમાન થઇ ચારે દિશાઓમાં રહી, દેવીની સ્તુતિ કરવા લાગ્યા. જ્યોતિ લાલ રંગની અત્યંત પ્રકાશિત તેમ જ અત્યંત શીતળ હતી, તે કદમાં ઊંચી નહિ કે નીચી નહિ, પણ મધ્યમ હતી. એ તેજને હાથ-આંગળાં કશું જ નહોતું. તેમ જ તે સ્ત્રીરૂપે છે, પુરુષરૂપે છે કે નપુંસક છે તે પણ કળાતું નહોતું.

એ તેજનો પ્રકાશ એટલો બધો હતો કે દેવોની આંખો અંજાઇ ગઇ. તેઓ બ્હાવરા બનીને આમતેમ જોવા લાગ્યા તો તેમણે તેજસ્વી દેવીને જોયાં તે દેવી કુમારી, સર્વાંગ સુંદર, વિશાળ વક્ષઃસ્થળ-

વાળાં, હાથે, પગે આભુષણોથી શોભતાં હતાં. મસ્તક પર રત્નજડિત મુકુટ ધારણ કરેલો હતો. ત્રણ નેત્રોવાળાં, પાશ, અંકુશ, વર અને અભય મુદ્રાથી યુક્ત ચાર ભુજાવાળા હતા. આ જ દેવી દેવોથી નમસ્કાર કરાયેલાં, સર્વના મનોરથો પૂરનારાં, સર્વને મોહિત કરવામાં સમર્થ તથા સર્વના જન્મદાત્રી જગદંબા હતા, દેવોએ જગદંબાના દર્શન કર્યા. પણ તેમનાથી કંઇ બોલી શકાયું નહિ. પછી સ્વસ્થ થઇ દેવીની સ્તુતિ કરવા લાગ્યા: 'હે સંસાર–સાગરમાંથી તારનારાં, કર્મ-ફળની પ્રાપ્તિ માટે સેવાતાં, અગ્નિ જેવા વર્ણવાળાં દુર્ગાદેવી ! આપને અમારા વારંવાર નમસ્કાર છે. હે વેદોએ સ્તવેલા વિષ્ણુશક્તિ, સ્કંદ માતા, કાત્યાયની માતા, શિવશક્તિ, સરસ્વતી, કલ્યાણ-કારિણી ભગવતીને અમે પ્રણામ કરીએ છીએ. હે પ્રણવરૂપ હ્રીંકારમૂર્તિ અને અનેકવિધ મંત્રમયી દેવીને અમારા નમસ્કાર છે.'

આ પ્રકારે દેવોની સ્તુતિ સાંભળી મણીદ્વીપમાં વસનારા ભગવતી જગદંબા કહેવા લાગ્યાં : તમે બધા દેવો અહીં સુધી શા અર્થે આવ્યા છો ? મને કેમ યાદ કરી ? જે કારણ હોય તે સ્પષ્ટ કહો. હું ભક્તોની અભિલાષા પૂરનાર કલ્પ-વૃક્ષરૂપ છું. વરદાન આપવું એ મારું પરમ કર્તવ્ય છે, હું હોવા છતાં તમે ચિંતા શા માટે કરો છો ? હું મારા ભક્તોને દુઃખરુપ દરિયામાંથી સત્વર બહાર કાઢું છું. માટે તમારું દુઃખ કહો.

આ સાંભળી દેવો હાથ જોડીને બોલ્યા : હે પરમેશ્વરી ! આપ સર્વજ્ઞથી કોઇ બાબત અજાણી નથી, છતાં અમે કહીએ છીએ. ઘણા સમયથી તારકાસુર નામનો રાક્ષસ અમને ઘણું જ કષ્ટ આપી રહ્યો છે. માત્ર ભગવાન શંકરના પુત્રના હાથે જ તે મરે તેમ છે. બ્રહ્માએ તે અસુ-રને તેવું વરદાન આપેલું છે. પરંતુ શંકરને પત્ની તો છે નહિ, પછી પુત્રની આશા ક્યાંથી રાખવી ? એટલે કંઇ ન સૂઝતાં અમે બધા આપના શરણે આવ્યા છીએ....

ભગવતી પરમેશ્વરી બોલ્યા : દેવો ! તમે થોડી ધીરજ રાખો, થોડા જ સમ-યમાં 'ગૌરી' નામની મારી શક્તિ પર્વ-તરાજ હિમાલયને ત્યાં પ્રકટશે; તે પછી તમારે એવો પ્રયત્ન કરવાનો કે શિવનો વિવાહ એ ગૌરી સાથે જ થાય. તમે બુદ્ધિપૂર્વક કાર્ય કરશો તો તમારું કામ અવશ્ય સફળ થશે. હિમાલયને પણ મારી ઉપાસના કરવાનું જણાવજો, જેથી એને ત્યાં 'ગૌરી'નો જન્મ થશે.

આ વાર્તાલાપ હિમાલય ઉપર જ થઇ રહ્યો હતો એટલે હિમાલયે દેવીનાં વચન બરાબર સાંભળ્યા હતાં. તે ગદ્‌-ગદ્‌ કંઠે દેવીને કહેવા લાગ્યો : હે જગદંબે ! તમે ચેતન ઉપર કૃપા કરો છો પરંતુ મારા જેવા જડ ઉપર પણ તમે કેટલાં બધાં કૃપાવંત થયાં છો કે,

તમે મને 'મહાન' બનાવવાના પ્રયત્નમાં લાગી રહ્યાં છો.

ક્યાં હું જડ પર્વત અને ક્યાં તમે સત્‌ચિન્મયી ભગવતી? હું સેંકડો જન્મ લઇ અશ્વમેધ યજ્ઞ કરું ને સતત ધ્યાન કરું તો પણ હું તમારો પિતા બનું એ શક્ય નથી. આ તો આપ જ કૃપાવંત થયા છો. તેથી બધા કહેશે કે, 'દેવી જગદંબા હિમાલયના પુત્રી થયાં, જેના ઉદરમાં કરોડો બ્રહ્માંડ રહેલાં છે તે ભગવતી જગદંબા જેને ઘેર પુત્રીરૂપે પ્રકટ્યાં છે, એની બરોબરી જગતમાં બીજું કોણ કરી શકે એમ છે?' હું નથી જાણતો કે અમારા એ પિતૃઓને રહેવા માટે કયું ઉત્કૃષ્ટ સ્થાન નિર્માણ કરાયું હશે કે જેમના વંશમાં મારા જેવો મહાભાગ્યશાળી પુત્ર જન્મ્યો છે. હે દેવી! તમે મારા પર કૃપાવંત થઇ જેમ મને આ વરદાન આપ્યું છે, તેજ પ્રમાણે સર્વ વેદાંતોથી સિદ્ધ તમારું સ્વરૂપ તમે મને કહો: વળી હે પરમેશ્વરી! મને ભક્તિ સહિત યોગ અને વેદમાન્ય જ્ઞાન પણ તમે કહો, જેથી હું તમારા સ્વરૂપે જ થઇ જાઉં.

ઉત્તમ જ્ઞાન વિના કોઇ કાર્ય સિદ્ધ થતું નથી; હિમાલયના વચન સાંભળી પ્રસન્ન થયેલાં ભગવતી જગદંબાએ શ્રુતિઓમાં ગુઢરૂપ રહેલું રહસ્ય કહેવાનો આરંભ કર્યો. ૭૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'દેવોને દમતો દૈત્ય તારકાસુર' નામનો ૩૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૨ મો

### જગદંબાએ કહેલું વેદનું રહસ્ય

દેવ્યુવાચ:

શૃણ્વંતુનિર્જરાઃ સર્વે-
વ્યાહરન્ત્યા વચો મમ ।
યસ્ય શ્રવણ માત્રેણ-
મદ્રૂપત્વં પ્રપદ્યતે ॥

શ્રીદેવી બોલ્યા: હે દેવો! હવે હું તમને જે વચન કહું છું તે સર્વ એકાગ્રપણે સાંભળો: જેને કેવળ સાંભળવાથી મારી સાથેની એકતા પ્રાપ્ત થાય છે. હે પર્વતરાજ હિમાલય! પહેલાં કેવળ હું જ હતી. તે વેળા બીજી કોઇ વસ્તુ સત્તા હતી નહિ. એ સમયનું મારૂં રૂપ સત્, ચિત્, તેમ જ આનંદમય પરબ્રહ્મ હતું. એ રૂપથી કોઇ એક શક્તિ સ્વયં પ્રકટ થઇ અને એ 'માયા' નામથી ઓળખાઇ. તે માયા બ્રહ્મજ્ઞાનથી દૂર થઇ શકે છે માટે સત્ય નથી અને તેની વ્યવહારિક સત્તા છે જ તેથી તે અસત્ય પણ નથી. તે માયા કોઇ એક વિલક્ષણ વસ્તુ હતી. અગ્નિની ઉષ્ણતા, સૂર્યના કિરણ અને ચન્દ્રની ચંદ્રિકાની પેઠે એ મારી માયાશક્તિનો જ અંશ છે. એટલે એ શક્તિ (માયા)ને મારી સહચરી રૂપે જ સમજવી. જીવાત્માઓને જન્મ-મરણ થવાં એ પણ શક્તિના જ કર્મ છે. જેમ નિદ્રાવસ્થામાં દરરોજનો વ્યવહાર લીન થાય છે, તેમ પ્રલયકાળે કંઇ પણ ભેદ ન રહેતાં સર્વ કંઇ શક્તિમાં સમાઇ ગયા પછી પોતાની એ શક્તિની મદદથી હું બીજરૂપે

રૂપે પરિણત થઈ, એના કંઈક અવગુણે-દોષે મારામાં પણ પ્રવેશ કર્યો, કેમકે એ શક્તિ જ તે વેળા મારો આધાર અને આવરણ હતી. કેટલાક લોકો એ શક્તિને 'તપ' કેટલાક 'તમ' તો કેટલાક 'જડ' પણ કહે છે. શૈવશાસ્ત્રના તત્ત્વદર્શી પુરુષોના મંતવ્ય પ્રમાણે એને 'જ્ઞાન' 'માયા' 'પ્રધાન' 'પ્રકૃતિ', 'શક્તિ' અથવા 'અજા' કહી શકાય, જ્યારે વેદાંત સિદ્ધાંતનું ચિંતન કરનારાના મંતવ્ય પ્રમાણે તેને 'અવિદ્યા' કહી શકાય. આમ વેદોમાં પણ શક્તિનું વિવિધ નામે વર્ણન જોવા મળે છે. માયા 'દૃશ્ય' હોવાથી 'જડ' છે અને જ્ઞાન વડે તેનો નાશ થાય છે તેથી ખોટી છે. ચૈતન્ય દૃશ્ય નથી; જો તે પણ દૃશ્ય હોય તો જડ જ કહેવાય. કારણ કે ચૈતન્ય સ્વયં પ્રકાશે છે, તે કોઈ બીજાથી પ્રકાશિત થતું નથી. એથી મારું જે રૂપ છે તે દીપકના જેવું સ્વયં પ્રકાશ છે. માટે હે હિમાલય! એમ સ્વયં પ્રકાશ ચૈતન્ય બીજા પ્રકાશતા પદાર્થોથી પ્રકાશે છે એમ તમે જાણો, માટે મારા સંવિત શરીરની નિત્યતા સ્પષ્ટ સિદ્ધ છે. જો દૃશ્ય માને તો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ વગેરે અવસ્થામાં જ્ઞાનનો વ્યભિચાર કોઈ સમયે અનુભવ્યો નથી.

ઉત્તમ શાસ્ત્રોના વિદ્વાનોએ જ્ઞાનને 'નિત્ય' કહ્યું છે અને એ જ જ્ઞાન પરમ પ્રેમનું સ્થાન હોવાથી તેને આનંદરૂપ કહ્યું છે. જેમ દોરડામાં ભ્રાંતિથી સર્પ દેખાય છે, પરંતુ તેને સર્પ વગેરેનો સંબંધ જ નથી. તેમ આત્માને પ્રપંચનો કંઈ સંબંધ નથી. એટલે આત્મા 'નિસંગ' છે એમ સ્પષ્ટ થાય છે. વળી જ્ઞાન એ આત્માનો ધર્મ નથી, કેમકે જો જ્ઞાન 'ધર્મ' હોય તો જડપણું પ્રાપ્ત થાય. વળી જ્ઞાન કોઈ જડ પદાર્થનું અંગ હોય એવું જોયું નથી. અને સંભવતું પણ નથી, કેમકે જ્ઞાન ચૈતન્યનો ધર્મ નથી. કેમકે જ્ઞાન જ ચૈતન્યરૂપ છે; આત્મા જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્ય, પૂર્ણ, અસંગ અને દ્વૈતરહિત છે. તે જ આત્મા પુનઃ કામ તેમજ કર્મ સાથે સંબંધ રાખનારી પોતાની માયાશક્તિ વડે પૂર્વે પોતે અનુભવેલા જગતના સંસ્કારથી કાલ–કર્મના વિપાક તેમ જ તત્ત્વના અજ્ઞાનને લીધે તે તત્ત્વોને જુદાં કરવાં સૃષ્ટિને ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળો થાય છે: હે હિમાલય! તમને આ મેં જે કહ્યું તે મારું મુખ્ય અલૌકિક રૂપ છે; તેને સર્વ શાસ્ત્રોમાં અવ્યાકૃત, અવ્યક્ત અને માયાશબલ એવાં નામોથી પણ સંબોધાય છે. મારા આ રૂપથી શબ્દ તન્માત્રક આકાશ, સ્પર્શતન્માત્રક વાયુ તથા રૂપ તન્માત્રક તેજની અનુક્રમે ઉત્પત્તિ થઈ છે. તેજથી રસ તન્માત્રારૂપ જળ ઉત્પન્ન થાય છે, અને તે જળથી ગંધ તન્માત્રા રૂપ પૃથ્વી ઉત્પન્ન થાય છે. આકાશમાં કેવળ 'શબ્દ' ગુણ થયો. 'સ્પર્શ' અને 'શબ્દ' એ બે ગુણો વાયુના. શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણો તેજના. શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણો જળના.

અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ ગુણો પૃથ્વીના કહેવાય છે. તે આ સુક્ષ્મ ભુતોમાંથી વ્યાપક સૂત્ર ઉત્પન્ન થયું છે, જેને લિંગદેહ કહે છે. એ જ આત્માનું સુક્ષ્મ શરીર છે, જેમાં આ જગત બીજરૂપે રહે છે, જેનાથી લિંગ-દેહ થયો છે. એ રીતે અપંચીકૃત ભુતોની ઉત્પત્તિ થાય છે. તે પછી પંચીકરણ માર્ગથી પાંચ સ્થૂલ ભુત થયાં એની સ્થિતિ વર્ણવું છું. પૂર્વોક્ત પાંચ ભુતોના એક એકના બે બે ભાગ કરવા, તેમાંથી એક અર્ધા ભાગને બાજુએ રાખી બાકીના બીજા અર્ધા એક એક ભાગના પાછા ચાર–ચાર ભાગ કરવા; તે ભાગોને પોત પોતાથી જુદા, બીજા જે અર્ધા ભાગો બાકી રાખ્યા હોય, તેઓમાં મેળવી દેવાથી તે પાંચે પાંચ અવયવોવાળા થાય છે. આ ભુતોનું પંચીકરણ કર્યું કહેવાય છે, તે જ કાર્ય રૂપે પરિણત થઇ વિરાટ દેહ બન્યો. આ પરમાત્માનો સ્થૂલ દેહ છે. પાંચે ભુતોના સત્ત્વાંશથી શ્રોત વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થઇ. તે સઘળી ઇંદ્રિયો પરસ્પર સંબદ્ધ રહી વૃત્તિભેદથી ચાર પ્રકારનું એક અંતઃકરણ થયું. પરંતુ જ્યારે તે બહુ સંકલ્પ–વિકલ્પરૂપ કાર્ય કરે ત્યારે એ 'મન' એવા નામવાળું થાય છે.

પરંતુ જ્યારે કોઇ પ્રકારના સંદેહ-રહિત નિશ્ચિત કરેલી વસ્તુ જાણવાની યોગ્યતા આવે છે ત્યારે એ જ અંતઃકરણ 'બુદ્ધિ' કહેવાય છે, જ્યારે તે અનુસંધાન રૂપે થાય છે ત્યારે ચિત્ત કહેવાય છે અને 'અહંકાર' સ્વરૂપ વૃત્તિને લીધે તેજ 'અહંકાર' કહેવાય છે. એ પાંચે ભુતોના રજોગુણના અંશોમાંના એક એકથી અનુક્રમે પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે અને તે બધા અંશો એકત્ર થતાં તેમાંથી પાંચ પ્રકારનો પ્રાણ થાય છે. તેમાંનો 'પ્રાણ' હૃદયમાં, 'અપાન' ગુદામાં, 'સમાન' નાભિમાં, 'ઉદાન' કંઠમાં તથા 'વ્યાન' આખા શરીરમાં વિરાજ્યો. એ રીતે પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેંદ્રિયો તથા બુદ્ધિ સહિત મન એ સત્તર સુક્ષ્મ શરીરના રૂપમાં પરિણમ્યા અને તે જ મારો એટલે આત્માનો લિંગદેહ કહેવાય છે. તેમાં જે પ્રકૃતિ પ્રથમ કહી છે તેના બે પ્રકાર છે. 'માયા' અને 'અવિદ્યા' એ બે પ્રકાર છે, 'માયા' એ શુદ્ધ સત્ત્વ પ્રધાન છે. અને જે ગુણ મિશ્ર–મલિન સત્ત્વગુણ પ્રધાન છે, તે 'અવિદ્યા' કહેવાય છે, જે પોતાને આશ્રયે આવેલાનું રક્ષણ કરે છે તેને 'માયા' કહે છે, એ શુદ્ધ સત્ત્વપ્રધાન માયાની સાથે જે રહે છે તે 'ઇશ્વર' કહેવાય છે.

એ ઇશ્વર પરબ્રહ્મના 'જ્ઞાતા' પર, સર્વજ્ઞ, સર્વના કર્તા અને સર્વના ઉપર અનુગ્રહ કરનાર છે. હે પર્વતરાજ ! મલિન સત્ત્વપ્રધાન 'અવિદ્યા'માં જે પ્રતિ-બિંબ પડે છે તેને 'જીવ' કહે છે. જીવમાં સઘળાં સુખ અને દુઃખનું ભાન થાય છે. પૂર્વોક્ત ત્રણ શરીરો દ્વારા ઇશ્વર ને જીવ બંનેનો સંબંધ છે, આ બંનેને અનુક્રમે માયા તથા અવિદ્યાને લીધે ત્રણ

ત્રણ દેહો કહ્યા છે. વળી એ બંનેને પોતપોતાના ત્રણે દેહોમાં અભિમાન હોય છે, તેથી તેઓના નામો પણ ત્રણ થયાં છે: દેહાભિમાની જીવ 'પ્રાજ્ઞ', સૂક્ષ્મ દેહાભિમાની 'તૈજસ' અને સ્થૂલ દેહાભિમાની 'વિશ્વ' કહેવાય છે.

એ રીતે ઇશ, સૂત્ર ને વિરાટપદથી ઇશ્વર પણ ત્રણ નામથી પ્રસિધ્ધ છે. તે ઇશ્વર સર્વનો નિયંતા હોઇ સાક્ષાત જીવોનો અનુગ્રહ કરવાની ઇચ્છાથી મારી માયા શક્તિથી પ્રેરિત થઇ અનેક ભોગોના આશ્રયરૂપ વિવિધ વિશ્વને નિત્ય સર્જે છે. તે ઇશ્વર મારી શક્તિથી પ્રેરાઇને નિરંતર કાર્ય કરે છે. હે રાજન! બ્રહ્મરૂપ મારાં વિષે તે કલ્પિત છે. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'જગદંબાએ કહેલું વેદનું રહસ્ય' નામનો ૩૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૩ મો

### દેવીનું વિરાટ વિશ્વરૂપ દર્શન

દેવ્યુવાચ:

મન્માયાશક્તિ સંકલૃપ્તં-
જગત્ સર્વં ચરાચરમ્ ।
સાપિ મતઃ પૃથક્ માયા-
નાસ્ત્યેવ પરમાર્થતઃ ।।

દેવી બોલ્યા: હે હિમાલય! સ્થાવર-જંગમ સર્વ જગત એ મારી માયા-શક્તિની રચના છે, અને ખરી રીતે તે માયા મારાથી અલગ નથી. વ્યવહાર-દૃષ્ટિએ તે 'માયા' તથા 'અવિદ્યા' નામથી પ્રસિધ્ધ છે, પણ તત્ત્વ દૃષ્ટિએ તો કેવળ એક જ તત્ત્વ છે અને તે હું જ છું. હું જ સમસ્ત જગતને રચીને પુનઃ પોતાના અસલ સ્વરૂપ તત્ત્વમાં વિલીન થાઉં છું. મારો પ્રવેશ માયા તેમ જ વિદ્યા સંજ્ઞક કર્મોની સાથે પ્રાણીઓને આગળ કરી થાય છે. એમ કરવાથી જ જીવાત્માઓની જન્મ અને મરણની પરંપરા ચાલુ રહે છે. તે બધાં જ કાર્ય માયાના ભેદથી થાય છે.

આકાશ એક છે છતાં તેનો 'ઘટાકાશ' અને 'મઠાકાશ' વગેરે અનેક નામોથી વ્યવહાર થાય છે. તે પ્રમાણે હું એક હોવા છતાં પણ ઉપાધિ ભેદથી ભિન્ન છું.

હું સર્વ જગત રચીને તેની અંદર માયા-કર્મ વગેરે સહિત પ્રાણને આગળ કરીને પ્રવેશું છું. તેથી એ પ્રાણ બીજા દેહમાં પ્રવેશે છે ત્યારે જન્મ થાય છે, દેહનો ત્યાગ કરે છે ત્યારે મૃત્યુ અને બીજા લોકમાં જવું એ સર્વ સિધ્ધ થાય છે. મારામાં જ આ સમસ્ત સંસાર ઓતપ્રોત છે, કારણ કે દેહાભિમાની ઇશ્વર હું છું. લિંગાભિમાની વિષ્ણુ તેમ જ સ્થૂલ દેહાભિમાની બ્રહ્મા હું છું અને હું જ સરસ્વતી, લક્ષ્મી તથા ગૌરી છું. સૂર્ય, ચંદ્ર, તારા એ હું છું અને પશુ-પક્ષી સ્વરૂપે પણ હું જ છું. ચોર અને ચાંડાલ તેમ જ ઘાતકીકર્મ કરનાર પારધી પણ હું જ છું. ધનનો સદ્વ્યય કરી સત્કર્મ કરનાર મહાજન પણ હું જ છું અને નર-નારી તેમ જ નપુંસકનો આકાર પણ હું જ છું એમાં સંદેહ રાખવા જેવું નથી. જે કોઇ

વસ્તુ બહાર કે અંદર જ્યાં જોવામાં આવે છે તેમ જ સાંભળવામાં આવે છે, ત્યાં નિરંતર હું જ સ્થિર રહું છું. કોઇ પણ વસ્તુ મારાથી અલગ નથી. કોઇ પણ વસ્તુ મારાથી રહિત હોય, તો તે વાંઝણીના પુત્રની પેઠે શુન્ય રૂપ જ હોય છે.

જેમ એક જ દોરડી ભ્રમણાને લીધે સર્પ, માળા વગેરે ભેદોથી જુદી જુદી દેખાય છે; તે જ પ્રમાણે હું એક જ ઇશ્વર–જીવ આદિરૂપે ભાસું છું. માટે મારી સત્તાથી જ આ ચરાચર જગત વિદ્યમાન છે.

હિમાલયે કહ્યું: 'દેવી! તમે જે વિરાટસ્વરૂપનું વર્ણન કર્યું છે તે સમષ્ટિ-રૂપ શરીરને, હું જોવા ઇચ્છું છું, એટલી મારા પર આપ કૃપા કરો.'

વ્યાસજી બોલ્યા : હિમાલયનું કહેવું સાંભળી વિષ્ણુ સહિત સર્વ દેવો આનંદિત થઇ ઊઠયા. દેવોની ઇચ્છા જાણી ભક્તોની કામધેનુ–ભક્તોની કામનાઓ પૂરનાર શિવાદેવીએ તેઓને પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. દેવીના એ વિરાટ સ્વરૂપનું મસ્તક 'સત્યલોક' હતું. સૂર્ય-ચન્દ્ર એમના બે નેત્રો હતાં, દિશાઓ કાન હતાં, વેદો વચન હતાં, મહાવાયુ પ્રાણ હતો, અવ્યક્ત હૃદય હતું અને જાંઘ રૂપે પૃથ્વી હતી.

વળી આકાશ 'નાભિ', જ્યોતિચક્ર 'છાતી', મહર્લોક 'ડોક' અને જનલોક 'મુખ' હતું, ઇન્દ્ર વગેરે દેવો 'બાહુ', તપલોક એ 'લલાટ', શબ્દ એ 'શ્રોત' અશ્વિનીકુમારો એ 'નાસિકા' ને ગંધને વિદ્વાનો 'ઘ્રાણેંદ્રિય' કહે છે, અગ્નિ એ 'મુખ', દિવસ અને રાત બંને પલકો, ભ્રમરના સ્થાને બ્રહ્મા, તાલુસ્થાને જળ, રસ એ જિહ્વા, યમરાજ એ દાઢરૂપે, સ્નેહરૂપે દાંત ને સૃષ્ટિ એ તેના કટાક્ષ, લજ્જા એ ઉપરનો હોઠ. લોભ એ નીચેનો હોઠ. અધર્મ એ પીઠ અને પૃથ્વી પર સૃષ્ટિ કરનારા પ્રજાપતિ લિંગરૂપે હતા. સમુદ્ર એ ઉદર, પર્વત એ અસ્થિ, નદીઓ નાડીઓરૂપે, વૃક્ષો એ રોમ તથા કુમારાવસ્થા, યૌવનાસ્થા અને વૃદ્ધાવસ્થા એ મહેશ્વરીનું આયુષ્ય હતું. મેઘો એ કેશ અને બે સંધ્યા તે ભગવતીના વસ્ત્રો છે, તે વેળા જગદંબાનું 'મન' ચંદ્ર હતો. વિવેકશક્તિ 'શ્રીહરિ' હતા અને અંતઃકરણરૂપે રૂદ્ર હતા. અશ્વ વગેરે સર્વ જાતિઓ એ દેવીની કેડના પાછલા પ્રદેશોમાં રહી હતી. અતલથી લઇ પાતાલ સુધીના જેટલા મહાનલોક છે તે તેમની કમ્મરનો નીચેનો ભાગ હતો.

દેવીના આવા વિરાટ સ્વરૂપને સર્વએ આશ્ચર્યમુગ્ધ થઇ જોયું. તે સ્વરૂપ જવાળાઓની સહસ્ર પંક્તિઓથી યુક્ત હતું. તે વારંવાર જીભથી હોઠ ચાટતાં હતાં, તેને લીધે કટ....કટ શબ્દ થતો હતો, આંખોમાંથી જાણે આગ વરસતી હોય તેમ લાગતું હતું, તેમની ભુજાઓમાં વિવિધ પ્રકારનાં આયુધો શોભતાં હતાં, હજારો મસ્તકો, નેત્રો તથા ચરણોવાળું એ સ્વરૂપ અતિ તેજસ્વી કરોડો વીજળીઓ જેવી કાંતિવાળું ભયંકર હોઇ તેને

જોતાં દેવો હાહાકાર કરવા લાગ્યા અને કંપતા કંપતા બેશુદ્ધ થઇ ગયા અને 'આ જગદમ્બા છે' એવું તેઓનું સ્મરણ પણ તેને જોતાં જ જતું રહ્યું. એ વિરાટ સ્વરૂપની ચારે દિશામાં જે વેદો ઊભા હતા, તેઓએ મૂર્છા પામેલા દેવોને મોટા ઘાંટા પાડી પાડીને મુર્છામાંથી જાગ્રત કર્યા. એટલે સ્વસ્થ થયેલા દેવો, જેઓના કંઠો રૂંધાઇ ગયા હતા તે બધા ગળગળી વાણી વડે દેવીની સ્તુતિ કરવા લાગ્યા:

હે માતા ! અમે તમારાં દીન બાળકો છીએ, તો અમારો અપરાધ માફ કરો. તમારું વિરાટ રૂપ જોઇ અમે બહુ ડરી ગયા છીએ, એટલે અમે તમારી સ્તુતિ પણ સ્વસ્થતા વગર કેવી રીતે કરીએ ? દેવી, તમારાં પરાક્રમને જાણવા કોઇ સમર્થ નથી. ભુમંડળ પર શાસન કરનારાં, પ્રણવરૂપથી શોભતાં દેવી ભુવનેશ્વરી તમને અમારા વારંવાર નમસ્કાર છે. જેમાંથી સુર્ય, ચંદ્ર તથા ઔષધિઓ ઉત્પન્ન થઈ છે તે સર્વસ્વરૂપિણી ભગવતીને અમે પ્રણામ કરીએ છીએ. હે દેવી ! અમારી ઇચ્છા છે કે હવે આપ આપનુ આ અલૌકિક રૂપ સમેટી લઇ, પ્રથમ હતું તેવું સુંદર ને સૌમ્યરૂપ પુનઃ બતાવવા કૃપા કરો.

વ્યાસે કહ્યું: રાજન્ ! કૃપાના સાગર ભગવતી જગદમ્બાએ દેવોની પ્રાર્થનાથી તેજ સમયે પોતાનું ભયંકર વિરાટ રૂપ સમેટી લઇ પોતાનાં સૌમ્ય મનોહર રૂપના દર્શન કરાવ્યાં. પ્રથમની માફક દેવીનું મંદ હાસ્ય કરતું સુંદર રૂપ જોઇ દેવો નિર્ભય થઇ ગદ્ગદ્ કંઠે ભગવતીને પ્રણામ કરવા લાગ્યા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'દેવીનું વિરાટ વિશ્વરૂપદર્શન' નામનો
૩૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૪ મો

### ભગવતીનો હિમાલયને ઉપદેશ

**દેવ્યુવાચ:**

ક્વ ચાહં મંદભાગ્યા–
વૈ ક્વેદં રૂપં મહાદ્ભુતમ્ ।
તથાપિ ભક્ત વાત્સલ્યા–
કીદૃશં દર્શિતં મયા ॥

શ્રીદેવી બોલ્યાં : મંદભાગ્યવાળા તમે ક્યાં અને મહાઅદ્ભુત આ સ્વરૂપ ક્યાં ? આ સ્વરૂપ કોઇને જોવા ન મળે, આ તો ભક્ત વત્સલતાને લીધે મેં તમને મારું આવું વિરાટ સ્વરૂપ બતાવ્યું છે, મારી પ્રસન્નતા સિવાય કોઇને પણ આ સ્વરૂપ જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી.

હવે તમે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ એકાગ્રતાથી સાંભળો : ઉપાધિના યોગથી પરમાત્મા 'જીવ' સંજ્ઞા મેળવે છે પછી તેમાં કર્તવ્યગુણ આવે છે. ધર્મ–અધર્મ હેતુક વિવિધ પ્રકારના કર્મો કરવાનું એનામાં બળ આવે છે. જીવ હોવાને લીધે તે અનેક જાતની યોનિમાં જન્મ લઇ સુખ દુઃખ ભોગવે છે, પછી જેવા સંસ્કાર પડે તે પ્રમાણે અનેક કર્મોમાં એની પ્રવૃત્તિ થાય છેઃ એટલે ભિન્ન-ભિન્ન જાતના દેહ એને ધારણ કરવા પડે છે. એ રીતે રહેંટના યંત્રની પેઠે આ સંસારનો વિરામ કદી થતો નથી. અને

તેનું મૂળ કારણ અજ્ઞાન જ છે, તે અજ્ઞાનથી ઇચ્છા થાય છે અને તે ઇચ્છાથી ક્રિયાઓ થાય છે. માટે એ અજ્ઞાનને નાશ કરવા મનુષ્યે અવશ્ય યત્ન કરવો જોઇએ. અજ્ઞાનનો નાશ કરવો એ જ જન્મની સાર્થકતા છે. હે હિમાલય ! અજ્ઞાનથી પેદા થયેલું કર્મ અજ્ઞાનને દૂર કરવામાં પણ અંતરાય નાખે છે; કારણ કે એ પરસ્પરનો વિરોધી ધર્મ છે. એટલે કર્મદ્વારા અજ્ઞાન નાશ પામશે એવી આશા રાખવી નહિ, કારણ કે અનર્થકારી કર્મ આકસ્મિક આવે છે. રાગ, દ્વેષ અને અનર્થનો ક્રમ ચાલુ જ રહે છે. માટે સુજ્ઞજને જ્ઞાન ઉપાર્જન માટે સદાય તત્પર રહેવું. આ લોકમાં સો વર્ષ જીવવું એ શ્રુતિ અનુસાર કર્મ આવશ્યક છે, તો મોક્ષ માટે જ્ઞાનની પણ વધુ આવશ્યકતા છે. કર્મ હિતચિંતક બની જ્ઞાનને મદદરૂપ થાય છે. તેમનું આવું મંતવ્ય યોગ્ય નથી, કારણ કે જ્ઞાન હૃદયગ્રંથિ ભેદવામાં સાધક છે અને ગ્રંથિ બનવામાં કર્મસાધક છે. એમ એ બન્ને વિરોધાભાસી અંધકાર અને પ્રકાશની જેમ એક સાથે કેમ રહી શકે ?

એટલે એ પૂર્વોક્ત શ્રુતિ અજ્ઞાનીને ઉદ્દેશીને જ કહેવાઇ છે. માટે ચિત્તની શુદ્ધિ થાય ત્યાં સુધી જ સર્વ વૈદિક કર્મો સાવધાનીથી કરવાં. અંદરની ઇંદ્રિયોનો નિગ્રહ ટાઢ–તાપ વગેરેને સહન કરવા પણું, વૈરાગ્ય અને અંતઃકરણની શુદ્ધિ આટલું જ્યાં સુધી સિદ્ધ થાય ત્યાં સુધી જ કર્મો કરવાં યોગ્ય છે. તે સિદ્ધ થયા પછી કર્મો કરવાની જરૂર નથી.

હે રાજન્ ! મેં આ બધું કહ્યું તે ઉપરથી તું પોતે પોતાને બરોબર રીતે જાણી લે, પછી આસન જમાવી એકાગ્ર-ચિત્તે આત્માનું ચિંતન કર. પ્રથમ યોગાભ્યાસ કરી અક્ષરત્રયમંત્રનું ચિંતન કરવું. એ મંત્ર 'દેવીપ્રણવ' કહેવાય છે. એ મંત્રનું અર્થસહિત ધ્યાન કરવું જોઇએ. ધ્યાન કરતાં પહેલાં મારા આ સ્વરૂપને ચિંતવી, તે પછી આંખો મીંચી મારૂં ધ્યાન કરવું. પછી અખંડ અને સચ્ચિદાનંદ પરબ્રહ્મનું ચૈતન્યરૂપ દીવાની શિખાના મધ્યમાં ચિંતન કરવું. હે રાજન્ ! એમ સતત ધ્યાન કરવાથી મારો સાક્ષાત્કાર કરે તે ઉત્તમ મનુષ્ય મારા સ્વરૂપ જ થાય છે; કારણ કે એની બુદ્ધિમાં પછી દ્વૈતભાવ રહેતો નથી.

આ પ્રમાણે યોગાભ્યાસ કરી જે મારા સર્વોત્તમ રૂપનો સાક્ષાત્કાર કરે છે એનું કર્મ સંબંધી અજ્ઞાન તરત જ નાશ પામે છે. ૫૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'ભગવતીનો હિમાલયને ઉપદેશ' નામનો
૩૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૫ મો

### યોગના અંગોનું વર્ણન

હિમાલય ઉવાચ

યોગં વદ મહેશાનિ સાંગં સંવિત્પ્રદાયકમ્ ।
કૃતેન યેન યોગ્યહં ભવેયં તત્ત્વ દર્શને ॥

હિમાલયે કહ્યું: મહેશ્વરી ! તમે યોગા-ભ્યાસ માટે કહ્યું, તો તે જ્ઞાન આપનારા યોગને અંગો સહિત મને સંભળાવો.

જેના સાધન વડે હું તમારા તત્ત્વદર્શનનો અધિકાર પ્રાપ્ત કરું.

શ્રીદેવી બોલ્યા : 'હે હિમાલય ! યોગ એ કંઇ આકાશમાં, પૃથ્વીમાં કે પાતાળમાં નથી, પણ જીવ-આત્માની એકતા સધાય તેને યોગવેત્તાઓ 'યોગ' કહે છે. એ યોગ સાધવામાં વિઘ્ન કરનારા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.... આ છ છે. માટે તે તજી દેવા જેથી યોગમાં સફળતા મળે છે. યોગના આઠ અંગ છે : યમ, નિયમ, આસન પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ એ યોગના અંગોનું સમજુ સાધકે પાલન કરવું પડે છે. 'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા, નિખાલસતા, ક્ષમા, ધૃતિ, પરિમિત આહાર અને પવિત્રતા..'આ દસ યમ છે. દસ નિયમ છે તેમાં 'તપ, સંતોષ, સાત્ત્વિકભાવ, દાન, દેવોનું પૂજન, શાસ્ત્રશ્રવણ, અધમ કર્મોમાં લજ્જા, સદ્બુદ્ધિ, જપ અને હવન.' ક્રમથી પાંચ આસન ગણવામાં આવ્યાં છે : પદ્માસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન, વજ્રાસન, અને વીરાસન. સાધકે આસન જમાવી બંને પગનાં તળિયાંને જાંઘ ઉપર રાખી, હાથોને પીઠ તરફ લઇ જઇ જમણા હાથથી જમણા પગના અંગુઠાને અને ડાબા હાથથી ડાબા પગનો અંગુઠો પકડવો આ આસન "પદ્માસન" કહેવાય છે. જાંઘ અને ઘુંટણોની વચ્ચે પગનાં તળિયાંને બરાબર રાખી શરીરને સીધું ટટાર રાખી બેસવું. આ આસન 'સ્વસ્તિકાસન' કહેવાય છે. ભદ્રાસનમાં અંડકોશની શિરાની નીચે સીવણીની બંને તરફ પગની બંને એડીઓને રાખી તથા અંડકોશની નીચે રહેલા બંને પગ પકડીને બેસવું. આ ભદ્રાસનનો પ્રકાર છે. યોગીઓ મોટે ભાગે આ આસન વધુ પસંદ કરે છે. વજ્રાસનમાં બંને પગ અનુક્રમે જાંઘ પર મુકી, બંને ઘુંટણોની નીચે આંગળીઓ રાખી બંને હાથ રાખી બેસવું...આ વજ્રાસનનો પ્રકાર છે. વીરાસનમાં એક જાંઘની નીચે એક પગને અને બીજી જાંઘ નીચે બીજા પગને રાખી શરીર સીધું રાખી બેસવું આ વીરાસનનો પ્રકાર છે.



ઉત્તમ યોગસાધકે મનમાં સોળવાર પ્રણવના ઉચ્ચાર કરતા રહી ડાબા નસ્કોરાંથી બહારના વાયુને ખેંચવો, પછી બંને નસ્કોરાં બંધ કરી ચોસઠ વાર પ્રણવનો ઉચ્ચાર કરતા રહી એ પૂરેલા વાયુને અંદર રોકી રાખવો, પછી સુષુમ્ણાનાડીની વચ્ચે પહોંચેલા તે વાયુને બત્રીસ પ્રણવનો ઉચ્ચાર કરતાં રહી પિંગલા નાડી દ્વારા જમણા નાકેથી ધીમે ધીમે બહાર કાઢવો, આ ક્રિયા 'પ્રાણાયામ' કહેવાય છે. એમ વારંવાર ડાબા નસ્કોરાથી બહારના વાયુને ખેંચી અનુક્રમે જમણા નસ્કોરામાંથી બહાર કાઢવો, પછી જમણા નસ્કોરાંથી ખેંચી ડાબા નસ્કોરાંથી બહાર કાઢવો, તેમ જ અનુક્રમે પ્રણવની સંખ્યામાં પણ વધારો કર્યે

જવો. પ્રથમ બાર પ્રાણાયામ, પછી સોળ પ્રાણાયામ એમ પ્રાણાયામમાં પણ વધતાં જવું. જપ, ધ્યાન વગેરે સહિત જે પ્રાણાયામ કરવામાં આવે છે તે 'સગર્ભ' નામનો 'પ્રાણાયામ' કહેવાય છે, જ્યારે જપ–ધ્યાન વગરના પ્રાણાયામને 'વિગર્ભપ્રાણાયામ' કહે છે. પ્રાણાયામનો અભ્યાસ કરતાં પ્રારંભમાં પરસેવો વળે તો તે 'અધમ પ્રાણાયામ' ગણાય છે. જો કંપારી થાય તો તે 'મધ્યમ પ્રાણાયામ' કહેવાય છે, અને જે પ્રાણાયામ કરતાં જમીનથી અદ્ધર થઇ જવાય તે 'ઉત્તમ પ્રાણાયામ' ગણાય છે. જ્યાં સુધી સાધકથી આ ઉત્તમ પ્રાણાયમની કક્ષા સુધી ન પહોંચાય ત્યાં સુધી પ્રાણાયામની ક્રિયા ચાલુ રાખવી હિતાવહ છે. ઇન્દ્રિયો સ્વચ્છંદરૂપે પોતાના વિષયમાં મગ્ન રહે તેને બળજબરીથી વિષયોમાંથી હઠાવવી એ પ્રત્યાહાર કહેવાય છે. સાધકે 'અંગુઠો, એડી, ઘુંટણ, જાંઘ, ગુદા, લિંગ, નાભિ, હૃદય, ડોક, કંઠ, ભ્રુકુટિનો મધ્યભાગ અને મસ્તક....એ બાર સ્થાનોમાં પ્રાણવાયુને વિધિપૂર્વક ધારણ કરી રાખવો એને 'ધારણા' કહે છે. મનને ચેતન આત્મામાં જોડી એમાં પોતાના ઇષ્ટદેવનું ધ્યાન કરવું એ 'ધ્યાન' કહેવાય છે. તથા જીવાત્મા અને પરમાત્મામાં નિત્ય સમત્વભાવ–બંનેની એકતાને મુનિઓ સમાધિ કહે છે. આ મેં કહ્યો તે 'અષ્ટાંગયોગ.' હવે હું મંત્રયોગનું વર્ણન કરું છું.

હે હિમાલય ! આ પંચમહાભુતનાં શરીરને પિંડ–બ્રહ્માંડની ઉકિત પ્રમાણે 'વિશ્વ' (બ્રહ્માંડ) કહે છે. ચન્દ્ર, સૂર્ય ને અગ્નિના તેજથી તે યુકત થવાથી જીવ–બ્રહ્માનું ઐક્ય થાય છે. શરીરમાં સાડા ત્રણ કરોડ નાડીઓ રહેલી છે. એમાં દસ નાડીઓ મુખ્ય છે તેમાંય વળી ત્રણ મુખ્ય છે. એ ત્રણ નાડીઓ મેરુદંડમાં ચન્દ્ર, સૂર્ય અને અગ્નિરૂપ થઇને રહે છે. ડાબી તરફ સફેદ ચન્દ્રરૂપ ઇડા નામક નાડી છે તે સાક્ષાત્ અમૃતમયી શક્તિ છે. જમણી બાજુ પિંગલા નામની નાડી છે જે પુરુષરૂપ સૂર્યમૂર્તિ છે અને એમની વચ્ચે સર્વતેજોમય અગ્નિરૂપ સુષુમ્ણા નામની નાડી છે. એના મધ્યમાં ચિત્રા નામક નાડી છે જેમાં ઇચ્છા–જ્ઞાન તથા ક્રિયારૂપ કરોડો સૂર્યસમાન પ્રભાસંપન્ન 'સ્વાયંભુલિંગ છે. તેના ઉપર 'હ્રીં' માયાબીજ છે તથા તેના ઉપર લાલ વર્ણવાળી શિખાના આકારની કુંડલિની છે, એ મારાથી ભિન્ન નથી. એના બહારના ભાગમાં સુવર્ણ જેવા પીળા વર્ણના કમલનું ધ્યાન કરવું. એની ચાર પાંખડી છે તેમાં બ થી ય સુધીના ચાર અક્ષરોનું ધ્યાન કરવું. એ અગ્નિ જેવાં દળોવાળું હીરા જેવું ચમકતું કમળ છે એમ ચિંતવવું.

જ્યાં બ, ભ, મ, ય, ર, લ એ છ અક્ષરોવાળું સર્વોત્તમ સ્વાધિષ્ઠાન ચક્ર છે. તે 'સ્વ' શબ્દથી ને 'પરમલિંગ' રૂપે જાણવું. એના ઉપર નાભિપ્રદેશમાં મહાન કાંતિવાળું મેઘ તથા વીજળી જેવું તેજોમય 'મણિપૂરક' નામક અત્યંત તેજોમય ચક્ર છે. તે મણિ જેવું પ્રભાવવાળું હોવાથી

'મણિપદ્મ' પણ કહેવાય છે.

જે દસ પાંખડીઓવાળું છે અને ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ એ દસ અક્ષરોથી યુક્ત છે, એ કમલ વિષ્ણુ દ્વારા અધિષ્ઠિત હોવાથી વિષ્ણુના દર્શનનું સાધન છે. એના ઉપર સુર્ય સમાન પ્રભાવવાળું 'અનાહત ચક્ર' છે.

જે ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ એ બાર અક્ષરોથી યુક્ત છે. એની વચમાં દસ હજાર સુર્યોની સમાન કાંતિવાળું 'બાણલિંગ' રહેલું છે, એ કમળમાં કોઇ પણ આઘાત સિવાય નાદ–શબ્દ થાય છે. એથી એ શબ્દ-બ્રહ્મમય ચક્રને મુનિઓ 'અનાહત પદ્મ' કહે છે. આ ચક્ર આનંદસદન છે. અને એમાં પુરુષ રહેલ છે. એના ઉપર વિશુદ્ધ પદ્મ નામ સોળ દળવાળું કમળ છે.

જે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, લ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ– એ સર્વ અક્ષરોથી યુક્ત છે, એનો તેજસ્વી ધૂમ્ર વર્ણ છે, એમાં સત્સ્વરૂપ પરમાત્માના દર્શનથી જીવ વિશુદ્ધ આત્મ-સ્વરૂપ મેળવે છે એથી એ 'વિશુદ્ધ પદ્મ' કહેવાય છે. એ મહાન અદ્‌ભુત કમલને 'આકાશચક્ર' પણ કહે છે. એના ઉપર પરમાત્માની આજ્ઞાનું સંક્રમણ થાય છે એથી એ 'આજ્ઞાચક્ર' કહેવાય છે. જે હ, ક્ષ થી યુક્ત છે એને બાર પાંખડીઓ હોઇ ઘણું સુંદર છે.

એના ઉપર 'કૈલાસ' નામક ચક્ર છે, તેના ઉપર 'રોધિનિ' ચક્ર છે. હે ઉત્તમ વ્રતવાળા, એ રીતે આધાર ચક્રોનું મેં વર્ણન કર્યું છે. એના ઉપર 'સહસ્રાર-ચક્ર' છે જે બિંદુ–મૂલ પરમાત્માનું સ્થાન છે. એથી એને 'શૂન્યચક્ર' કહે છે, એમાં સહસ્રદળ છે. આ મેં તમને સંપૂર્ણ યોગમાર્ગ કહ્યો.

પછી શું કરવું તે કહું છું. પહેલા પૂરક પ્રાણાયામથી આધારમાં મન જોડી તે પછી ગુદા અને લિંગની વચ્ચે મુલા-ધાર ચક્રમાં વાયુદ્વારા કુંડલિની શક્તિને સમેટી તેને જાગ્રત કરવી. પછી લિંગ-ભેદન દ્વારા સ્વયંભુલિંગથી આકર્ષી ચક્રો દ્વારા તે કુંડલીની શકિતને 'શૂન્ય-ચક્ર' સહસ્રાર સુધી લઇ જવું, પછી તે પરાશકિતનું સહસ્રારમાં રહેલા પરમે-શ્વર શંભુ સાથે એકયભાવથી ધ્યાન કરવું. ત્યાં શિવ–શકિતના સંમિલનથી ઓગળેલી લાખ જેવા વહેતા અમૃતને લઇ યોગમાં સિદ્ધિ આપનારી માયા નામની શકિતને પાન કરાવવું. પછી તે અમૃતદ્વારા ષટ્ચક્રોમાં રહેલાં દેવોને તૃપ્ત કરવા. પછી ઉપર્યુકત માર્ગથી જ સાધકે તે કુંડલિની શકિતને મૂલાધાર સુધી પાછી લાવવી. એ રીતે જે સાધક પ્રતિદિન અભ્યાસ કરે છે એને બધા મંત્રો સિદ્ધ થાય છે. એથી બુઢાપો, મૃત્યુ વગેરે દુઃખોવાળા સાધક ભવબંધ-નથી છૂટે છે અને મારા સઘળા ગુણોને મેળવે છે. આ રીતે વાયુની ઉત્તમ ધારણા મેં તમને કહી.

હવે તમે ચિત્તની ધારણાને સાવધાન

થઇ સાંભળો : દિશા, કાળ અને દેશ આદિ દ્વારા અપરિચ્છિન્ન મારા દેવી સ્વરૂપમાં ચિત્ત સ્થિર કરી તન્મય બનવાથી જલદીથી જીવ–બ્રહ્મની એકતાનું જ્ઞાન મળે છે. કદાચિત્ ચિત્તમાં મળદોષ રહેવાથી જલદીથી સિદ્ધિ ન થાય તો યોગી સાધકે અવયવ યોગ દ્વારા અભ્યાસ કરવો.

હે પર્વતરાજ ! મારા હાથ–ચરણ વગેરે સુંદર અંગમાં ચિત્તને સ્થિર કરી એક–એક અંગનો પૂર્ણરૂપે અભ્યાસ કરતા રહી વિશુદ્ધ ચિત્તથી મારા સમગ્ર રૂપમાં મનને સ્થિર કરવું અને મારા સમસ્ત સ્વરૂપનું ધ્યાન કરવું. જ્યાં સુધી મારા સ્વરૂપમાં સાધકના મનનો લય ન થાય ત્યાં સુધી ઇષ્ટમંત્રનો જપ અને હવન વગેરે કરતા રહેવું. સાધકને મંત્રાભ્યાસ યોગ દ્વારા જ્ઞેયતત્ત્વનું જ્ઞાન થાય છે. યોગ સાધ્યા વિના મંત્રની સિદ્ધિ થતી નથી અને મંત્રસિદ્ધિ સિવાય યોગ સિદ્ધ થતો નથી. માટે મંત્ર અને યોગ બન્નેના સમન્વયરૂપ અભ્યાસ જ બ્રહ્મસંસિદ્ધિમાં કારણ છે. જે ઘરમાં અંધારું હોય છે તેમાં વાસણ દેખાતું નથી પરંતુ દીવો કરવાથી તે દેખાય છે તે રીતે માયાથી વીંટળાયેલો આત્મા પણ મંત્ર દ્વારા દૃષ્ટિગોચર થવા લાગે છે.'

પર્વતરાજ ! મેં અંગો સાથે યોગની સઘળી ક્રિયા દર્શાવી છે. પરંતુ આ યોગવિદ્યા અનુભવી ગુરુના ઉપદેશથી જ જાણી શકાય છે, કરોડો શાસ્ત્રોથી જાણી શકાતી નથી માટે સાધકે યોગસિદ્ધ ગુરુદેવની પાસે રહીને યોગનો અભ્યાસ કરવો. ૬૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સ્કંધ વિષે સપ્તમ 'યોગના અંગોનું વર્ણન' નામનો ૩૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૬ મો

### બ્રહ્મવિદ્યાની ઉત્તમતા

દેવ્યુવાચ

ઇત્યાદ યોગયુક્તાત્મા–
ધ્યાયેન્માં બ્રહ્મરુપિણીમ્ ।
ભક્ત્યા નિર્વ્યાજયા–
રાજન્નાસને સમુપસ્થિતઃ ॥

શ્રીદેવી બોલ્યા : 'હે રાજન ! એ રીતે આસન પર બેસી યોગયુક્ત થઇ મારું બ્રહ્મરૂપ દેવીનું ધ્યાન કરવું. એ બ્રહ્મનું સ્વરૂપ કહું છું. જે વિશ્વરૂપે સદા પ્રકાશમાન જ છે, સર્વની અત્યંત નજીક રહેલ, હૃદયરૂપ ગુફામાં રહેતું હોવાથી 'ગુહાચર' નામથી પ્રસિદ્ધ અને મહાન પદ અર્થાત્ પરમ પ્રાપ્ય છે.

જેટલાં પણ ચેષ્ટા કરનારાં, શ્વાસ લેનારાં, આંખો ઉઘાડમીંચ કરનારાં જીવાત્મા છે તે સર્વ એ બ્રહ્મમાં જ સમર્પિત છે, એમાં જ રહેલા છે. સત્, અસત સઘળું તે જ છે, તે બધાં દ્વારા વરણ કરવા યોગ્ય સર્વોત્કૃષ્ટ છે, તે સમસ્ત પ્રજાના જ્ઞાનથી પર છે–અર્થાત્ કોઇની બુદ્ધિમાં આવતું નથી, જે પરમ પ્રકાશ રૂપ છે, જે સુક્ષ્મથી પણ અત્યંત સુક્ષ્મ છે, જેમાં સમસ્ત લોક અને એ

લોકમાં વસતાં પ્રાણી રહેલાં છે, તે આ 'અક્ષરબ્રહ્મ' છે. સર્વના પ્રાણ, સર્વની વાણી અને સર્વના મન છે. તેઓ પરમ સત્ય અને અમૃત–અવિનાશી તત્ત્વ છે. હે સૌમ્ય ! તે વિંધવા યોગ્ય લક્ષ્યને વિંધી તમે મનથી એમાં તન્મય થઈ જાઓ.

પર્વતરાજ ! ઉપનિષદોએ જણાવેલું મહાન ધનુષ લઈને એની ઉપાસના દ્વારા તીક્ષ્ણ કરેલું બાણ સાંધો અને તેને આકર્ષી એના પછી ભાવાનુગત ચિત્ત દ્વારા એ બાણને ખેંચી તે અક્ષરરૂપ બ્રહ્મને લક્ષ્ય બનાવી વીંધો. પ્રણવ (ॐ) ધનુષ છે, જીવાત્મા બાણ છે અને બ્રહ્મ તેનું લક્ષ્ય છે. પ્રમાદરહિત થઈ એને વીંધવું જોઈએ ને બાણાવલિની જેમ તેમાં તન્મય થવું જોઈએ.

જે બ્રહ્મમાં સ્વર્ગ, પૃથ્વી, અંતરિક્ષ (સ્વર્ગ ને પૃથ્વીની વચ્ચેનું આકાશ) સમસ્ત પ્રાણો સહિતઇન્દ્રિયયુક્ત મન–બુદ્ધિરૂપ અંતઃકરણ ઓતપ્રોત છે, તે એકમાત્ર પરમાત્માને જાણવા, બીજી બધી વાતો છોડી દેવી. પરમાત્મા પાસે પહોંચાડનારો આજ અમૃતરૂપ પુલ છે. સંસારસમુદ્રને પાર કરી અમૃતસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરાવનારું આજ સુલભ સાધન છે.

જે રીતે રથના ચક્રમાં આરા રહેલા છે, તેમ જ હૃદયમાં બધી નાડીઓ રહેલી છે. તે હૃદયમાં જ આત્મા અંતર્યામી રૂપથી રહે છે. એ આત્માનું કેવળ ॐના જપ સાથે ધ્યાન કરવું. એનાથી અજ્ઞાનમય અંધકાર અવિદ્યાથી સર્વથા પર, મોક્ષરૂપ સંસાર સમુદ્રથી પેલી પાર જે બ્રહ્મ છે તેને પામશો. જે જાણવાવાળો, બધી બાજુથી સર્વ કંઇ જાણનારો, જેનો જગતમાં આ મહિમા છે, તે આ સર્વનો આત્મા બ્રહ્મલોકરૂપ દિવ્ય આકાશમાં રહેલ છે તે મનોમય છે એટલે મનની વૃત્તિઓ વડે જ જણાય છે અને સર્વના પ્રાણ તથા શરીરનું નિયમન કરનાર નેતા છે. સઘળાં પ્રાણીઓના હૃદયનો આશ્રય કરી અન્નમય સ્થૂલ શરીરમાં રહેલ છે. ધીર અને બુદ્ધિશાળી પુરુષ વિજ્ઞાન દ્વારા જે આનંદસ્વરૂપ અમૃત અવિનાશી બ્રહ્મ સર્વત્ર પ્રકાશિત છે તેને બરોબર જોઇ લે છે. આ કાર્ય કારણરૂપ પુરુષોત્તમને જોવાથી જીવાત્માની હૃદયરૂપી ગાંઠ–અવિદ્યા છુટી જાય છે અને બધાએ સંશયો નાશ પામે છે.

અને પ્રારબ્ધ સિવાયનાં કર્મો નાશ પામે છે, બધું શુભાશુભ કર્મ ક્ષીણ થઈ જાય છે. તે નિર્મળ ને નિષ્કલ બ્રહ્મ જ્યોતિર્મય અને આનંદમય દિવ્ય પરમધામમાં વિરાજિત છે, તે સર્વથા વિશુદ્ધ ને સુર્ય વગેરે પ્રકાશમય વસ્તુઓનો પણ પ્રકાશક છે. એને આત્મજ્ઞાની પુરુષ જ જાણી શકે છે. આત્મરૂપ બ્રહ્મ, સુર્ય, ચન્દ્ર કે તારા પ્રકાશિત થતા નથી કે વીજળી ચમકતી નથી તો પછી અગ્નિની તો વાત જ શી ? એના પ્રકાશિત થવાથી એના પ્રકાશથી જ આ સઘળું જગત પ્રકાશિત છે, તે અમૃતસ્વરૂપ બ્રહ્મ જ

સર્વ દિશાઓમાં આગળ પાછળ, જમણી-ડાબી તરફ, નીચે–ઉપર ફેલાયેલ છે. આ સમગ્ર વિશ્વ કેવળ સર્વ શ્રેષ્ઠ બ્રહ્મ છે. આવો અનુભવ જેને થાય છે તે શ્રેષ્ઠ પુરુષ કૃતાર્થ–ધન્ય છે. બ્રહ્મરૂપ થયેલો તે મનુષ્ય નિત્ય પ્રસન્ન અંતઃકરણવાળો રહે છે. તે કોઇનો શોક કરતો નથી તેમ જ તેને કોઇ વિષયની આકાંક્ષા પણ રહેતી નથી. પર્વતરાજ ! પ્રાણીને બીજાથી જ ભય થાય છે. પણ જ્યાં દ્વૈતભાવ રહેતો નથી ત્યાં ભય હોતો નથી. વસ્તુતઃ એવા બ્રહ્મવેત્તાને મારો વિયોગ થતો નથી. અર્થાતઃ 'તે હું છું અને હું તે છે.' જ્યાં આવા જ્ઞાની વસે છે ત્યાં મારા દર્શન થાય છે. હું તીર્થમાં, કૈલાસમાં કે વૈકુંઠમાં કદી વસતી નથી પણ મારા જ્ઞાની ભક્તોના હૃદયકમલમાં જ રહું છું. જે મારા જ્ઞાનપરાયણ ભક્તને માત્ર એક જ વાર પૂજે છે તે મારી પૂજા કરતાં કરોડગણું ફળ પામે છે. જેનું ચિત્ત સ્વરૂપ બ્રહ્મમાં લય પામ્યું છે તેનું સારું ય કુળ પવિત્ર, જનની કૃતકૃત્ય અને પૃથ્વી ધારણ કરવાથી પુણ્યવતી થઇ છે. તેવા મનુષ્યને લીધે પૃથ્વી પુણ્યશાળી છે. આ બધું જ્ઞાન શિલવાન જ્યેષ્ઠ પુત્રને કહેવું અને એ રીતે શિષ્યને બતાવવું. જેની ઇષ્ટદેવમાં ઉત્તમ ભક્તિ છે અને જેવી દેવમાં હોય છે તેવી જ ગુરુમાં હોય છે તેવા મહાત્મા પુરુષને માટે જ શ્રેષ્ઠ પુરુષ આ બ્રહ્મવિદ્યાને ઉપદેશે છે અને જે આ બ્રહ્મવિદ્યા ઉપદેશે છે તે ઇશ્વર જ છે. આ વિદ્યાનો બદલો ચુકવાતો નથી.

એથી ગુરુનો શિષ્ય સદા ઋણી રહે છે. એ રીતે બ્રહ્મજ્ઞાન આપનાર ગુરુ તો જન્મદાતા માત-પિતાથી પણ અધિક પૂજ્ય છે, કેમ કે પિતાથી પ્રાપ્ત જીવન નાશ પામે છે પણ બ્રહ્મ જન્મ ક્યારેય નાશ પામતો નથી, માટે બ્રહ્મદાતા પરમ-ગુરુનો ક્યારેય દ્રોહ ન કરવો, બ્રહ્મદાતા ગુરુ સહુથી શ્રેષ્ઠ છે. શિવ કોપાયમાન થતાં શિવ બચાવી શકતા નથી, માટે તન–મનથી સર્વ રીતે તત્પર રહી ગુરુને પ્રસન્ન રાખવા. એમ ન કરવાથી કૃતઘ્નને કોઇ પણ પ્રાયશ્ચિત નથી. પહેલાં ઇંદ્ર પાસે અથર્વણ મુનિએ બ્રહ્મવિદ્યા માટે જ્યારે માગણી કરી, ત્યારે દેવરાજ ઇંદ્રે કહ્યું, હું તમને વિદ્યા આપું છું પણ એટલું ધ્યાન રાખજો, કોઈ બીજાને એ વિદ્યા તમે આપશો તો તમારું મસ્તક કાપી નાંખીશ. મુનિએ એ માટે સંમતિ દર્શાવી. તે પછી અશ્વિનિકુમારોએ મુનિ પાસે વિદ્યા માગી અને મસ્તક કાપી નાખવાની વાત કહી ત્યારે અશ્વિનિ-કુમારોએ કહ્યું કે, 'ઇંદ્ર કદાચ ક્રોધથી મસ્તક કાપી નાખશે તો અમે બીજું મસ્તક જોડી દઇશું.' એ પછી મુનિએ તેમને બ્રહ્મવિદ્યા આપી ત્યારે ઇંદ્રે, અશ્વિનિકુમારોએ પ્રથમથી જ મુનિનું મૂળ મસ્તક કાપીને, સાચવી રાખી તેના બદલે ચડાવેલા તેમના ઘોડાના મસ્તકને કાપી-નાખ્યું. તે પછી દેવવૈદ્ય અશ્વિની-કુમારોએ મુનિના મૂળ મસ્તકને પુનઃ સાંધી લઇ તેમને જીવાડયા હતા. એ રીતે

ઘણા કષ્ટથી મળનારી આ 'બ્રહ્મવિદ્યા'ને જેણે પ્રાપ્ત કરી છે તે મનુષ્ય ધન્ય ને કૃતકૃત્ય છે. ૩૦

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'બ્રહ્મવિદ્યાની ઉત્તમતા' નામનો ૩૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૭ મો

### ભક્તિના પ્રકાર અને મહિમા

હિમાલય ઉવાચ

**સ્વીયાં ભક્તિં વદસ્વામ્બ-**
**યેન જ્ઞાનં સુખેન હિ ।**
**જાયેત મનુજસ્યાસ્ય-**
**મધ્યમસ્યાર્ડાવરાગિણઃ ॥**

હિમાલયે પૂછ્યું : હે જગદંબિકે ! મારા જેવા સ્વાર્થપરાયણ સાધારણ હૃદયમાં પણ સહેલાઈથી જ્ઞાનોદય–જ્ઞાનનો પ્રકાશ થાય એવી આપની ભક્તિ મને વિસ્તારપૂર્વક કહો.

દેવી બોલ્યા : રાજેન્દ્ર ! મોક્ષપ્રાપ્તિ અર્થેના સાધનભુત મારા કર્મયોગ, જ્ઞાનયોગ ને ભક્તિયોગ એ ત્રણ માર્ગ, પ્રસિદ્ધ છે. એ ત્રણેમાં આ ભક્તિયોગ મેળવી શકાય છે; કેમ કે તે સુલભ અને મનને અનુકુળ છે તથા શરીર અને ચિત્તને પણ કોઈ પ્રકારનું કષ્ટ થતું નથી. મનુષ્યોના ગુણભેદ અનુસાર તે ભક્તિ ત્રણ પ્રકારની માનેલી છે.

જે બીજાને પીડવાના ઉદ્દેશથી દંભપૂર્વક દ્વેષ તેમ જ ક્રોધથી ભક્તિ કરે છે તે ભક્તિ તામસી છે. જે બીજાને દુઃખ આપતો નથી પણ પોતાનું જ હિત ઈચ્છે છે અને જેનું હૃદય કામનાથી ભરપૂર છે, જે હંમેશાં યશ અને ભોગની લાલસા રાખે છે તથા ફળ મેળવવાની ઈચ્છાથી જ મને ઉપાસે છે એ મંદબુદ્ધિ માનવે કરેલી ભક્તિ રાજસી ભક્તિ કહેવાય છે. જે પોતાનું બધું જ કર્મ પરમાત્માને અર્પણ કરે છે, પોતાના પાપ ધોવા માટે જ કર્મ કરે છે તેની ભક્તિ સાત્ત્વિકી છે. પૂર્વોક્ત રાજસને તામસ કર્મથી હું મળી શકતી નથી.

હવે હું શ્રેષ્ઠ ભક્તિ કોને કહે તે બતાવું છું. હંમેશાં મારા ગુણનું શ્રવણ અને નામનું કીર્તન કરતા રહેવું. મારામાં ચિત્તને સદા જોડી રાખવું. મારી સેવાથી અધિક કોઈ કામ ન સમજવું. અચળ શ્રદ્ધા રાખી સાવધાન થઈ માત્ર મારું જ ચિંતન કરવું. સર્વ જીવ મારૂં રૂપ છે એવી ધારણા હંમેશાં રાખવી. પોતામાં અને પારકામાં એક સરખી પ્રીતિ રાખવી. હિમાલય ! દુષ્ટાત્મા ચાંડાલ પણ મારું ભગવતીનું રૂપ છે એવી ભાવના રાખવી. ઊંચ નીચના ભેદ ત્યજી દઈ કોઈના ઉપર દ્વેષભાવ ન રાખવો. મારા સ્થાનના દર્શનમાં, મારા ભક્તને મળવામાં, મારા શાસ્ત્ર-શ્રવણમાં તથા મારા મંત્ર–તંત્રાદિમાં શ્રદ્ધા રાખવી.

હે પર્વતરાજ ! હું જગતને ઉત્પન્ન કરનારી ઈશ્વરી છું. સઘળા કારણોની કારણ છું. મારા નિત્ય અને નૈમિત્તિક બધાં વ્રત દિવ્ય છે. ભાવિકે ધન ખર્ચવામાં કસર કર્યા વિના ભક્તિથી હંમેશાં મારાં વ્રતો હોમ–હવન વગેરે કરવાં.

મારો ઉત્સવ ઉજવવો અને એવો–એવો સ્વભાવ જ થઈ જવો જોઈએ નિત્ય ઊંચે સાદે મારાં નામોનું કીર્તન કરવું અને નૃત્ય કરવું, મનમાં અહંકાર ન લાવવો, શારીરિક અભિમાન ત્યજી દેવું. પ્રારબ્ધ અનુસાર જે કંઈ મળે છે તે બરાબર છે એમ માનવું. શરીર રહે કે જાય તેની ચિંતા ન રાખવી. આ પ્રકારની ભકિતને પરાભકિત કહે છે. જેમાં દેવી સિવાય અન્ય દેવોનું સ્મરણ પણ ન થાય તે પરાભક્તિ છે. આ રીતે જે ભાવિકના હૃદયમાં વિશુદ્ધ ભક્તિ ઉદ્દભવે છે તે પુરૂષ તે જ ક્ષણે મારા ધામમાં પ્રવેશ મેળવવાનો અધિકારી બને છે.

ભક્તિની પરાકાષ્ટા જ્ઞાન કહેવાય છે, વૈરાગ્યની પણ પરમ સીમા જ્ઞાન છે; કારણ કે જ્ઞાન ઉત્પન્ન થવાથી ભક્તિ તો આપોઆપ સિદ્ધ થઈ જાય છે. હે હિમાલય! મારી ભક્તિ કરવા છતાં કોઇ ભકતનું અજ્ઞાન ન મટે તો તે પણ મારા દિવ્ય મણિદ્વીપમાં જઇને ભોગોમાં આસક્તિ રાખ્યા સિવાય પોતાનો સમય વીતાવે છે. અંતે તેને મારા રૂપનું યથાર્થ જ્ઞાન થાય છે.

અને તેના પ્રભાવથી તે મોક્ષ પામે છે. જ્ઞાન એ મુક્તિનું સાધન છે. બધાં જ મારા રૂપ છે અને હું સર્વમાં રહેલ છું, મારા આ રહસ્યને જે જાણે છે તેના પ્રાણ ઉત્ક્રમણ કરતા નથી. જે બધામાં બ્રહ્મ જુએ છે તે બ્રહ્મનું ચિંતન કરતા કરતા બ્રહ્મને મેળવે છે. સોનાનો હાર ગળામાં હોવા છતાં ભ્રમથી ખોવાઇ ગયો સમજી બુદ્ધિ ઠીક થવાથી ભ્રમ દૂર થતાં તે મળી જાય છે; કેમ કે તે પહેલેથી જ મળેલો હતો. એવી જ રીતે વસ્તુતઃ હું સર્વરૂપ છું. અજ્ઞાનથી જ પૃથકત્વ લાગે છે. વૈરાગ્ય થવા છતાં જ્ઞાન થયા સિવાય જેનું મૃત્યુ થાય છે તે બ્રહ્મલોકમાં એક કલ્પ સુધી રહી પછી શુદ્ધ આચરણવાળા શ્રીમંત પુરૂષને ત્યાં જન્મે છે. પછી સાધન દ્વારા તે જ્ઞાન મેળવી લે છે. રાજન્! અનેક જન્મોના પ્રયત્નથી જ્ઞાન મેળવવા પ્રયત્ન કરતા રહેવું. જો પ્રયત્નમાં શિથિલ બન્યા તો તેથી ઘણું નુકસાન થાય છે; કેમકે આ મનુષ્ય જન્મ પુનઃ મળવો દુર્લભ છે. જો કોઇ રીતે માનવજન્મ મળી જાય તો પણ વર્ણોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ અને તેમાંય વેદપાઠી થવું ઘણું દુર્લભ છે. સાથે સાથે શમ, દમ, તિતિક્ષા વગેરે છ સંપત્તિઓ, યોગસિદ્ધિ તથા ઉત્તમ ગુરુ એ બધાનું મળવું સુલભ થતું જ નથી. ઇંદ્રિયોમાં કાર્ય કરવાનું સામર્થ્ય આવવું અને શરીરમાં સદા પવિત્રતા રહેવી એ સહેજ નથી. જ્યારે અનેક જન્મોનું પુણ્ય સહાયક થાય છે ત્યારે પુરૂષના મનમાં મુક્ત થવાની ઇચ્છા થાય છે. જે મનુષ્ય આ રીતના સફળ સાધનોથી યુક્ત હોવા છતાં જ્ઞાન માટે પ્રયત્ન કરતો નથી એને જન્મ લેવો જ વ્યર્થ છે. માટે ભકિતથી જ્ઞાન મેળવવા માટે યત્ન કરતા રહેવું. જ્ઞાન માર્ગે ચાલતા એક એક પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. દૂધમાં છૂપાયેલા ઘીની જેમ પ્રત્યેક જીવાત્માના હૃદયમાં

જ્ઞાન ગુપ્તરૂપે રહેલું છે.

જે મનરૂપી રવૈયાથી મથીને મેળવી લેવું, કેમ કે જ્ઞાન મેળવવાથી માનવ કૃતાર્થ થઇ જાય છે, આવો વેદાંતનો ઢંઢેરો છે. હે હિમાલય! આ બધી વાતો મેં સંક્ષેપમાં કહી છે, આથી વધારે શું સાંભળવા ઇચ્છો છો? ૪૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'ભક્તિના પ્રકાર અને મહિમા' નામનો ૩૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૮ મો

### દેવીના સ્થાનકો તથા વ્રતોનું વર્ણન

હિમાલય ઉવાચ:

કતિ સ્થાનાનિ દેવેશિ દ્રષ્ટવ્યાનિ મહીતલે ।
મુખ્યાનિ ચ પવિત્રાણિ દેવીપ્રિયતમાનિ ચ ।।

હિમાલયે પૂછ્યું: હે દેવેશ્વરી! આ ભૂમંડલ પર આપને અત્યંત પ્રિય, જગપ્રસિદ્ધ તેમજ દર્શન કરવા લાયક સ્થાનો કેટલાં છે તે આપ કહો. માતા! એ સાથે આપને પ્રસન્ન કરનારા વ્રત તેમજ ઉત્સવ પણ કહો જે જાણીને સર્વ મનુષ્યો કૃતાર્થ થાય.

દેવીએ કહ્યું: નજરે પડતા બધા સ્થાન મારા છે. દરેક સમયે મારું વ્રત સમજવું તથા સર્વ કાળે મારો ઉત્સવ મનાવી શકાય છે, કારણ કે હું સર્વરૂપ છું. તો પણ પર્વતરાજ! ભક્તો ઉપરના પ્રેમને લીધે કેટલાક સ્થાનો હું કહું છું તે સાંભળો:

દક્ષિણમાં કોલાપુર મારું મોટું સ્થાન છે, જ્યાં કાયમ 'લક્ષ્મી' રહે છે. બીજું સ્થાન સહ્યાદ્રિમાં છે, જ્યાં સદા 'રેણુકા' રહે છે, તે માતુઃપુર મારું પરમ સ્થાન છે. ત્રીજું સ્થાન તુલજાપુર છે, તેમજ સપ્તશૃંગ સ્થાન, હિંગુલા દેવીનું મોટું સ્થાન, જ્વાલામુખીનું સ્થાન, શાકંભરીનું ઉત્તમ સ્થાન, ભ્રામરી દેવીનું ઉત્તમ સ્થાન, શ્રી રક્તદંતિકાનું સ્થાન, દુર્ગા દેવીનું સ્થાન, વિંધ્યાચલ નિવાસિનીનું ઉત્તમોત્તમ સ્થાન, અન્નપૂર્ણાનું મહાસ્થાન, કાંચીપુર, ભીમાદેવીનું સ્થાન, વિમલાદેવીનું સ્થાન, કર્ણાટક દેશમાં શ્રી ચંદ્રકલાદેવીનું શ્રેષ્ઠ સ્થાન, કૌશિકીનું સ્થાન, નીલપર્વત પર નીલાંબાનું સ્થાન, જામ્બુનદેશ્વરીનું સ્થાન, ગુહ્ય કાલીનું મહાન સ્થાન નેપાલ દેશમાં આવેલું છે.

મીનાક્ષીનું સ્થાન ચિંદમ્બરમ્‌માં છે. દેવી સુંદરી વેદારણ્યમાં, પરાશક્તિ એકાંબરમાં છે અને મહાલસા તેમજ યોગીશ્વરીનું સ્થાન એ નામથી પ્રસિદ્ધ છે. નીલ સરસ્વતીનું સ્થાન ચીનમાં છે. બગલા વૈદ્યનાથમાં છે. ભુવનેશ્વરી મારું સ્થાન મણિદ્વીપ પર્વત પર છે. શંકર સતીના શરીરને લઇને ઘુમતા હતા ત્યારે મહાદેવી સતીનું યોનિમંડળ જ્યાં પડ્યું હતું તે સ્થાન કામરૂદેશ કહેવાય છે. ત્યાં ત્રિપુરભૈરવીનું સ્થાન છે અને તે જગતના બધા સ્થાનોમાં ઉત્તમ સ્થાન છે ત્યાં પ્રત્યેક મહિને દેવીની પ્રતિમા રજસ્વલા થાય છે. એ વેળા ત્યાં રહેતા મુખ્ય મુખ્ય દેવો પર્વત પર ચાલ્યા જાય છે. તે વખતે ત્યાંની સઘળી ભૂમિને વિદ્વાનોએ દેવીરૂપ કહી છે, માટે સતીના

યોનિમંડળરૂપ એ સ્થાનથી વિશેષ કોઈ સ્થાન નથી. સઘળાં અંશ્વર્યોવાળું પુષ્કર ક્ષેત્ર ગાયત્રીનું ઉત્તમ સ્થાન કહેવાય છે. અમરકંટકમાં ચંડિકાદેવીનું સ્થાન છે. પ્રભાસક્ષેત્રમાં પુષ્કરેક્ષણીદેવી વસે છે. નૈમિષારણ્યમાં લિંગધારિણીદેવી, પુષ્કરમાં પુરુહુતા તથા અષાઢીમાં રતીદેવીનું ઉત્તમ સ્થાન છે. ચંડમુંડી નામક સ્થાનમાં ચંડ-મુંડને મારનારી પરમેશ્વરી દંડિની-દેવી રહે છે. ભારભૂતિમાં દેવીભુતિનું અને નાકુલમાં નકુલેશ્વરીનું સ્થાન છે. હરિશ્ચંદ્ર નામના સ્થળમાં ચંદ્રિકાદેવી તેમજ શ્રીગિરિ પર્વત પર શાંકરી પ્રસિદ્ધ છે. જપ્યેશ્વરમાં ત્રિશૂલાદેવી અને આમ્રાતકેશ્વરમાં સૂક્ષ્માદેવી રહે છે.

ઉજ્જૈનિયમાં મહાકાલ, નામના ક્ષેત્રમાં ભગવતી શાંકરીદેવી, મધ્યમ, સંજ્ઞક સ્થળે શર્વાણી તથા કેદારમાં માર્ગદાયિની વસે છે. ભૈરવ નામના સ્થળે ભૈરવી, ગયામાં મંગલા, કુરુક્ષેત્રમાં સ્થણુપ્રિયા અને નાકુલમાં સ્વાયંભુવી વસે છે.

કનખલમાં ઉગ્રાનું, વિમલેશ્વરમાં વિશ્વેશાનું, અટ્ટહાસમાં મહાનંદાનું, મહેન્દ્ર પર્વત પર મહાંતકાનું, ભીમા પર્વત પર ભીમેશ્વરીનું, વસ્ત્રાપથમાં શાંકરીનું, અર્દ્ધકોટી પર્વત પર રુદ્રાણીનું અવિમુક્ત ક્ષેત્રમાં વિશાલાક્ષીનું, તેમજ મહાલય નામના સ્થળમાં મહાભાગાનું સ્થાન છે. ગોકર્ણમાં ભદ્રકર્ણીનું, ભદ્રકર્ણકમાં ભદ્રાસ્યાનું, સુવર્ણાક્ષ નામક સ્થળે ઉત્પલાક્ષીનું, સ્થાણુ નામના સ્થળમાં સ્થાણવીશીનું, કમલાલયમાં કમલાનું, છાગલંકમાં પ્રચંડાનું, કુરંડલમા ત્રિસંધ્યાનું, માકોટમાં મુકુટેશ્વરીનું, મંડલેશમાં શાંડકીનું, કાલંજર પર્વત પર કાલીનું, શંકુકર્ણ પર્વત પર ધ્વનિનું તથા સ્થૂલકેશ્વર પર્વત પર સ્થૂલાનું ધામ કહેલું છે. પરમેશ્વરી હલ્લેખા જ્ઞાનીઓના હૃદયકમલમાં બિરાજે છે.

હિમાલય! આ બધા સ્થાનો દેવીને ઘણા પ્રિય છે. હવે એનું માહાત્મ્ય કહું છું તે સાંભળ: તે પછી શાસ્ત્રોક્ત વિધિથી દેવીપૂજનમાં તત્પર થા. અથવા તો આ બધાં ક્ષેત્ર કાશીમાં રહેલા છે. માટે દેવીના શ્રદ્ધાળુ પુરુષે કાશીવાસ કરવો.

અને ત્યાં રહી દેવીના સ્થાનોમાં દર્શન કરી દેવીમંત્રનો જપ તથા તેમના ચરણકમલનું ધ્યાન કરવું. એ પુણ્ય-કર્મના પ્રભાવથી પુરુષ સંસારબંધન-માંથી મુકત થાય છે. હે હિમાલય! જે પુરુષ પ્રાત:કાળે ઊઠી ભગવતીના આ નામો બોલે છે તેના સઘળા પાપો એ જ ક્ષણે બળીને ભસ્મ થઇ જાય છે. શ્રાદ્ધમાં સૌ પહેલાં આ નામોનો પાઠ કરવો જોઇએ, એથી સઘળા પિતૃઓ મુક્તિ પામે છે.

ઉત્તમવ્રતી હિમાલય! હવે હું વ્રતો કહું છું, જે મત્સ્યપુરાણમાં વિસ્તારથી કહ્યાં છે. એ વ્રતો સ્ત્રી--પુરુષે બધાએ કરવા જોઇએ. તૃતીયા વ્રતના અનંત-તૃતીયા, રસકલ્યાણિ તથા આર્દ્રાનંદકરી એમ ત્રણ નામ છે. મંગળવારે પણ દેવીનું વ્રત થાય છે. તે પદ્દોપદેવીનું વ્રત છે.

જે વખતે નિશીથ સમયે શંકર ભગવાન પોતાની પ્રિયાને આસન પર બેસાડી એમની આગળ દેવો સાથે નૃત્ય કરે છે, તે વખતે સાયંકાળે પ્રદોષ વખતે દેવીની પૂજા કરવી. દેવીને પ્રસન્ન કરનારાં બીજાં વ્રત કરતાં પણ આ વ્રત તેમને વધુ પ્રિય છે. એ દિવસે ઉપવાસ કરી દેવીનું પૂજન કર્યા પછી રાત્રે જમવું. વળી ચૈત્ર ને આસોનાં બન્ને નવરાત્ર મને પ્રિય છે.

રાજન્ ! આ રીતે અન્ય પણ નિત્ય અને નૈમિત્તિક વ્રતો છે તેને મનુષ્યો રાગદ્વેષ રાખ્યા સિવાય અને પ્રસન્ન કરવા કરે છે તેને મારું સાયુજ્ય પદ મળે છે. એને મારો પ્રિય ભક્ત માનું છું. વ્રતોના સમયે હિંડોળા સજાવી મારો ઉત્સવ કરવો. શયનોત્સવ, જાગરણોત્સવ, રથોત્સવ તથા દમનોત્સવ વગેરે અનેક ઉત્સવ છે. શ્રાવણ માસમાં એક પવિત્રોત્સવ થાય છે એ ઉત્સવ કરવાથી હું ઘણી પ્રસન્ન થાઉં છું.

મારા ભક્તોએ એ વ્રત હંમેશાં કરવું. એવા બીજા પણ ઘણા મહોત્સવો છે. ઉત્સવ વખતે મારા ભક્તોએ સુવાસિની સ્ત્રીઓને જમાડવી, કુમારી કન્યાઓ અને બ્રહ્મચારીઓને મારા સ્વરૂપ સમજી જમાડવા. તેમાં કન્યાઓ અને બ્રહ્મચારીઓની પૂજા કરવી. જે આ રીતે પ્રત્યેક વર્ષે કરે છે તે ધન્ય, કૃતકૃત્ય તથા મારો પ્રેમપાત્ર થાય છે. આ બધી હકીકત મેં ટૂંકમાં કહી છે. જે મારી આજ્ઞા ન માનતો હોય અને મારામાં શ્રદ્ધા ન રાખતો હોય તેને આ પ્રસંગ કયારેય કહેવો નહિ. ૪૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'દેવીના સ્થાનકો તથા વ્રતોનું વર્ણન' નામનો ૩૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૯ મો

### દેવીના પૂજનનો વિધિ

હિમાલય ઉવાચ

દેવદેવી મહેશાનિ કરુણાસાગરેઽમ્બિકે ।
બ્રૂહિ પૂજાવિધિં સમ્યગ્-
યથાવદધુના નિજમ્ ॥

હિમાલયે કહ્યું : હે દેવેશ્વરી ! હે જગદમ્બિકા ! હવે તમારી પોતાની પૂજાનો વિધિ બરાબર રીતે કહો.

દેવી બોલ્યા : રાજન્ ! જગદંબાને જે પ્રિય છે તે તેમને પ્રસન્ન કરનારો પૂજાવિધિ કહું છું, મારી પૂજાના બે પ્રકાર છે : બાહ્ય અને આભ્યંતર. એમાં બાહ્યપૂજાના પણ બે પ્રકાર છે. 'વૈદિકી અને તાંત્રિકી.' મૂર્તિભેદને લીધે વૈદિકી પૂજા પણ બે પ્રકારની છે. વૈદિકી મંત્રનો જ્ઞાતા તે મંત્રો બોલી પૂજા કરે છે તે વૈદિક પૂજા, અને તંત્રોક્ત મંત્રોથી પૂજા કરે છે તે તાંત્રિકપૂજા કહેવાય છે. આ પ્રકારે પૂજાના રહસ્યને સમજ્યા સિવાય જે મૂઢમતિ ઊલટી રીતે પૂજા કરે છે તેનું સર્વથા પતન થાય છે. હવે વૈદિક પૂજાનો વિધિ સાંભળો : તમે મારા જે વિરાટરૂપને જોયું છે તેને જ ઉત્કૃષ્ટ માની તેનું જ પૂજન કરો, તેને જ શરણે જાઓ, તેનો જ જપ કરો અને નિરંતર તેનું જ ધ્યાન કરો, તમે યજ્ઞો વડે મારું

યજન કરો અને તપ તથા દાનોથી મને સંતુષ્ઠ કરો, તમારી સતત ભક્તિથી મારી કૃપા થવાથી તમે સંસારરૂપ બંધનથી મુક્ત થશો. જેઓ મારામાં આસક્ત ચિત્તવાળા ભક્તો છે તેઓનો હું તુરત જ આ સંસારમાંથી ઉધ્ધાર કરું છું. હું ધ્યાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ અથવા જ્ઞાનયોગ, એમાંથી ગમે તે એક દ્વારા સાધકને પ્રાપ્ત થઇ શકું છું. કર્મ નિરર્થક નથી, કેમકે સત્કર્મનો પ્રભાવ એવો હોય છે કે મનુષ્યના પાપનો નાશ થઇ ધર્મ પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે. ધર્મથી ભક્તિનો પ્રાદુભાવ થાય છે. પરબ્રહ્મના જ્ઞાનમાં ભક્તિ એ સાધન છે. શ્રુતિ અને સ્મૃતિએ તો પ્રતિપાદિત સત્કર્મને જ ધર્મ કહ્યો છે. હું સર્વ કંઇ કરવા સમર્થ છું. મારાથી ઉત્પન્ન થવાને લીધે વેદમાં પણ એ બધા સદ્ગુણો છે. વેદથી ઉત્પન્ન થયેલી શ્રુતિ પણ અપ્રમાણિત નથી, શ્રુતિના અર્થને લઇને સ્મૃતિઓ થઇ છે, જે મનુસ્મૃતિ વગેરે નામથી વિશ્વમાં વિખ્યાત છે.

મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યે સર્વ પ્રકારે વેદનો આશ્રય કરવો; વેદનાં વચનને મારા રહસ્યરૂપ જાણવું. જ્યારે જ્યારે જગતમાં ધર્મ ઘટતો જાય છે અને અધર્મ વધતો જાય છે ત્યારે ત્યારે દુષ્ટોને દંડવા હું અવતારો લઉં છું.

જેઓ વેદધર્મનું આચરણ કરતા નથી, તેઓને કાયમ શિક્ષા કરવા માટે મેં નરકો ઉત્પન્ન કર્યાં છે. વેદમાં કહેલાં ધર્મને ત્યજી અન્ય અવલંબન લેનાર મનુષ્યોને રાજાએ પોતાના રાજ્યમાંથી હાંકી કાઢવા જોઇએ. બ્રાહ્મણોએ એવા નાસ્તિકો સાથે વાત પણ ન કરવી અને તેમની સાથે બેસવું પણ નહિ. જગતમાં અલગ અલગ પ્રકારનાં જે શાસ્ત્ર છે તે બધાં જ શ્રુતિ અને સ્મૃતિ વિરૂધ્ધ હોવાથી તામસી ગણાય છે: જેમકે વામ, કાપાલિક, કૌલક અને ભૈરવાગમ એ શાસ્ત્રોનું પ્રતિપાદન પાપીઓને મારી નાખવા માટે ભગવાન શિવે કર્યું છે. એમાં કોઇ કોઇ ઠેકાણે વેદ વિરૂધ્ધ અંશ પણ છે. વળી પૂર્વે દક્ષ, ભૃગુ તથા દધીચના શાપથી જે ઉત્તમ બ્રાહ્મણો વેદબાહ્ય કરાયા હતા તેઓનો પગથિયે પગથિયે ઉધ્ધાર કરવા માટે પણ શંકરે, શૈવ, વૈષ્ણવ સૌર, શક્તિ તથા ગણપત્ય વગેરે શાસ્ત્રો અને સંપ્રદાયો રચ્યાં છે. વૈદિક પુરૂષે વેદનો જ આશ્રય લેવો અને એજ શાશ્વત ધર્મ છે. જે સઘળી ઇચ્છાઓને ત્યજી મારે શરણે આવેલ છે, જેનું ચિત્ત મારામાં લાગેલ છે અને મારા વિરાટ રૂપને સદા ઉપાસે છે તે પુરુષના અજ્ઞાનજન્ય અંધકારનો જ્ઞાનમય સૂર્ય દ્વારા હું તરત જ નાશ કરૂં છું.

એ રીતે વેદાંતના સિધ્ધાંત પર નિર્ભર રહેનારી મારી પ્રથમ પૂજા થાય છે. એનું સ્વરૂપ મેં સંક્ષેપમાં કહ્યું છે, હવે બીજી પૂજાનો પ્રકાર પણ જાણી લો : ગમે તે વસ્તુ પર એટલે કે, મૂર્તિ, વેદી, સુર્ય ચન્દ્ર જળ, બાણલિંગમાં, ચિન્હ, યંત્ર, ચિત્ર અથવા હૃદયરૂપી કમલ પર મારૂં

પરમેશ્વરીનું ધ્યાન કરી પૂજન કરવું. જ્યાં સુધી આભ્યંતર પૂજામાં અધિકાર ન થાય ત્યાં સુધી આ બાહ્ય પૂજા જ કર્યા કરવી. પછી આભ્યંતર પૂજામાં અધિકાર થાય એટલે આ બાહ્યપૂજા છોડી દેવી. જે આભ્યંતર પૂજા છે તે તો જ્ઞાન-રૂપ બ્રહ્મમાં ચિત્તનો લય કરવા રૂપે જ કહેવાય છે. ઉપાધિશૂન્ય જ્ઞાન જ મારૂં પરમરૂપ છે. એથી મારા જ્ઞાનમયરૂપમાં પોતાના આશ્રયહીન ચિત્તને જોડી દેવું. એ જ્ઞાનમયરૂપથી અતિરિક્ત આ પ્રપં-ચમય માયામય જગત સર્વથા અસત છે. માટે સંસારનો નાશ કરવા સારૂ સાક્ષી-રૂપ તથા આત્મરૂપ મારૂં ભક્તિયોગથી યુક્ત અને નિર્વિકલ્પ ચિત્તથી ચિંતન કરવું. હું સર્વ સાક્ષિણી તેમજ આત્મ-સ્વરૂપિણી છું, માટે ધ્યાન યોગપૂર્વક ચિત્તથી મારૂં સ્મરણ કરવું. ૪૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે
'દેવીના પૂજનનો વિધિ' નામનો
૩૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૦ મો

### બાહ્યપૂજાવિધિ તથા ફલશ્રુતિ

દેવ્યુવાચ :

પ્રાતરુત્થાય શિરસિ સંસ્મરેત્-
પદ્મમુજ્જ્વલમ્ ।
કર્પૂરાભંસ્મરેત્ તત્રશ્રીગુરુંનિજરુપિણમ્ ॥

દેવી બોલ્યા: હિમાલય! પ્રાતઃકાળમાં ઊઠી પોતાના મસ્તકમાં રહેલ બ્રહ્મરંધ્રમાં ઉજ્જવળ કમળનું સ્મરણ કરવું અને આ રીતે ધ્યાન કરવું : કપુર જેવી કાંતિવાળા, આત્મસ્વરૂપ મારા લૌકિક ગુરૂ જેવા આકારવાળા, ઝળકતા આભૂ-ષણોથી શણગારેલા એવા પોતાની પત્ની સહિત શ્રી ગુરુનું ધ્યાન કરવું. પછી ગુરુને નમસ્કાર કરી વિદ્વાન મનુષ્યે કુંડલિની શકિતનું સ્મરણ કરવું. પહેલી વખતે જ્યારે આ દેવી બ્રહ્મરંધ્રમાં આવ્યા હતા ત્યારે એમનું સ્વરૂપ એક પ્રકાશના પૂંજ—સમૂહ જેવું હતું, પછી કુંડલિનીમાં જવાથી તે અમૃતસ્વરૂપ થઇ ગયાં છે. સુષુમ્ણા નાડીમાં વિરાજતી વખતે જ એ પરમ—શકિત એક સ્રીના સ્વરૂપે પરમ આનંદમય દર્શન આપી રહ્યાં છે એને શરણે હું જાઉં છું. આમ કુંડલિ-નીનું ધ્યાન કર્યા પછી તે કુંડલિનીના મધ્યમાં સચ્ચિદાનંદ સ્વરૂપ મારૂં ધ્યાન કરવું, પછી શૌચ વગેરે સર્વ ક્રિયાઓ પતાવવી. આ બધી ક્રિયાઓ સંધ્યા-વંદન કર્યા પછી પૂરી કરવી, તે પછી હોમ કરવો, અને આસન પર બેસી મારી પૂજા કરવી.

પ્રથમ ભુતશુદ્ધિ તથા માતૃકાન્યાસ કરી દરેક અક્ષરે માયાબીજ મૂકી કાયમ માતૃકાન્યાસ કરવો. દરરોજ આ ન્યાસ થવો જોઇએ. મૂલાધારમાં 'હ' કારનો, હૃદયમાં 'ર' કારનો બે ભ્રમરની મધ્યમાં 'ઇ' કારનો તથા મસ્તકમાં 'હ્રીં' કારનો ન્યાસ કરવો. તે તે મંત્ર પ્રમાણે બીજા ન્યાસ કરવા. પછી મારા આ શરીરમાં જ એક દિવ્ય પીઠ છે તેમાં ધર્મ વગેરે સર્વ મૂર્તિરૂપે ત્યાં વિરાજેલા છે.' એવી કલ્પના કરવી.

અને તે પછી પ્રાણાયામથી વિકસિત થયેલા હૃદયકમળમાં પાંચ મહાપ્રેતોવાળા આસનરૂપ મારા સ્થાનમાં સુજ્ઞ પુરૂષે મહાદેવીનું ધ્યાન કરવું.

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇશ્વર ને સદાશિવ એ પાંચેય દેવો 'પંચ મહાપ્રેત' કહેવાય છે, તે મારા આસનના પાયાના મૂળમાં રહ્યા છે. આ પાંચ દેવો પાંચ મહાભુતોના અધિપતિ છે. એ પાંચ મહાપ્રેતો : પૃથ્વી, જલ, તેજ, વાયુ ને આકાશ....એ પાંચ ભુતો તથા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયા તેમ જ અતીત એ પાંચ અવસ્થાઓના એ વ્યવસ્થાપક છે. મારૂં ચિન્મયરૂપ વ્યકત છે. આ જ અવસ્થાઓથી હું પર છું.

હું દેવી તો તુરીયાતીતા અવસ્થાથી પણ સર્વ પ્રકારે અધિક બ્રહ્મરૂપ છું, તેથી એ પાંચે દેવો મારા આસનપણાને પામ્યા છે. તેમાં બ્રહ્માદિ ચાર દેવો આસનના પાયાઓરૂપ અને સદાશિવ આસનના પાટિયારૂપ છે એમ સમજવું.

એમ ધ્યાન કરી મારી માનસિક ભોગ સામગ્રીઓથી પૂજા કરવી અને જપ કરવા. પછી અને શ્રીદેવીને જપ અર્પણ કરી અર્ઘ્ય આપવો. પૂજકે સર્વ પ્રથમ પૂજાના સઘળાં પાત્ર આગળ રાખવા અને પૂજા અંગે લાવેલી સામગ્રીને અસ્ત્રમંત્ર.... 'ૐફટ' એ મંત્રથી શુધ્ધ કરવી, દિગ્બંધ પણ 'ૐ' એમ મંત્રથી કરી જાણે પોતાની ચારે બાજુ અગ્નિનો કિલ્લો છે, એવી ભાવના કરી ગુરુઓને નમસ્કાર કરી તેમની સંમતિ લઇને મારી આજ્ઞા પ્રમાણે બાહ્ય પૂજા કરવી.

સાધકના હૃદયમાં મારી જે દિવ્ય મૂર્તિ અંકાઇ ગઇ હોય તેનું બાહ્યપીઠ પર આવાહન કરવું. પછી વેદમંત્રોથી પ્રતિષ્ઠા કરવી. ત્યાર બાદ આસન, આવાહન, અર્ઘ્ય, પાદ્ય, આચમન સ્નાન અને વસ્ત્રદાન, આભુષણો, ગંધ–ચંદન એ વસ્ત્ર વગેરે દેવીને યથાયોગ્ય અર્પણ કરી મંત્રમાં રહેલા આવરણ દેવતાઓનું સારી રીતે પૂજન કરવું. જે ભાવિક પ્રતિદિન આવરણ દેવતાઓની પૂજા કરી ન શકે તેણે શુક્રવારે તો અવશ્ય પૂજા કરવી. આ આવરણ દેવતાઓનું મૂળદેવીની પ્રભારૂપે ચિંતન કરવું. અને તે પ્રભાના મંડળોથી ત્રણે લોક વ્યાપ્ત છે એમ ચિંતવવું, પછી આસન પાદ્ય વગેરે ઉપચારોથી અંગ દેવતાઓનું પૂજન કરવું, તે પછી પુન: મારી પૂજા કરવી તેમાં પુષ્પ, ચંદન, ધુપ, વસ્ત્ર, નૈવેદ્ય, તાંબુલ અને દક્ષિણા આદિથી સંતુષ્ઠ કરવી. પછી તમારે હિમાલયે રચેલાં મારા એક હજાર નામોનાં પાઠ કરવો. આ દેવી સહસ્ત્રનામ કુર્મ પુરાણના બારમા અધ્યાયમાં છે.

તેનો પાઠ કરવો, પછી કવચ તથા 'અહંરુદ્રેભિઃ'એ સૂકતથી તેમ જ 'દેવી અથર્વશીર્ષ'ના મંત્રો અને મહાવિદ્યા સંજ્ઞક મુખ્ય મંત્રોથી વારંવાર મને પ્રસન્ન કરવી, પછી પ્રીતિપૂર્વક મારી જગદંબા પ્રત્યે અપરાધની ક્ષમા માટે પ્રાર્થના

કરવી તેમાં હૃદય એવું પુલકિત થવું જોઈએ કે કંઠથી બોલી ન શકાય અને આંખમાં આંસુ પણ આવી જાય. ત્યારે ગીત અને નૃત્યથી મને સંતુષ્ઠ કરવી. વળી વેદોના પારાયણો તથા સર્વ પુરાણો મારું પ્રતિપાદન કરે છે, તેથી એ વેદ પારાયણો તથા પુરાણો વડે મને પ્રસન્ન કરવી. એ ઉપરાંત પોતાનું સર્વસ્વ મને અર્પણ કરવું. પછી નિત્ય હોમ કરવો. ત્યારે બ્રાહ્મણ તથા સુવાસિની સ્ત્રીઓને પ્રેમથી ભોજન કરાવવું, નાના બાળકોને પણ આ પ્રસંગે જમાડવા, તે પછી નમસ્કાર કર્યા બાદ હૃદયમાં જે ક્રમથી આવાહન કર્યું હોય તેનાથી ઊલટા ક્રમે વિસર્જન કરવું. મારી સર્વ પૂજા 'હ્રીં' એ માયાબીજથી જ કરવી, કેમકે સર્વ મંત્રોમાં 'હ્રીં' શ્રેષ્ઠ મુખ્ય મંત્ર મનાયો છે. ત્યાર બાદ આભુષણો વગેરેથી ગુરૂને પૂજી કૃતાર્થ થવું. જે ભાવિક એમ શ્રીમદ્ ભુવનસુંદરી દેવીનું પૂજન કરે છે તેને કોઈ પણ સ્થળે કંઈ પણ વસ્તુ કદી દુર્લભ નથી.

આયુષ્ય પુરૂં થતાં તે ભાગ્યવંત વ્યક્તિ સીધી મારા પુનિતધામ મણિદ્વીપમાં જઈને વસે છે. તેને મારૂં સ્વરૂપ જ સમજવું. દેવો પણ તેને હંમેશાં પ્રણામ કરે છે. એ રીતે મહાદેવીની પૂજાનો પ્રસંગ તને કહ્યો. આ પૂજનના પ્રભાવથી તું ધન્ય બનીશ. આ પ્રસંગને 'ગીતાશાસ્ત્ર' કહેવાય છે. જે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરતો હોય, મારા પ્રત્યે જેને શ્રધ્ધા ભકિત ન હોય તેમજ જે ધૂર્ત અને અધમ વિચારનો હોય તેને આ પ્રસંગ કયારેય કહેવો નહિ. માટે સમજુએ પ્રયત્નપૂર્વક આ રહસ્યની ગુપ્તતા જાળવવી; પરંતુ જયેષ્ઠ પુત્ર આજ્ઞાંકિત હોય, શ્રધ્ધાળુ તેમજ દેવીભક્ત હોય તેને આનો ઉપદેશ અવશ્ય કરવો. શ્રાદ્ધના પ્રસંગે બ્રાહ્મણો દ્વારા આનો પાઠ કરાવવવાથી અને સાંભળવાથી શ્રાધ્ધકર્તાના બધા પિતૃઓ તૃપ્ત થઇ પરમધામના અધિકારી થાય છે.

વ્યાસે કહ્યું : આ પ્રમાણે કહી ભગવતી જગદમ્બા અંતર્ધાન થઇ ગયા. તે પછી ભગવતી સતી પર્વતરાજ હિમાલયને ત્યાં જન્મ લઇ ત્યાં 'હૈમવતી' નામથી પ્રસિધ્ધ થયાં, જે દેવી અગાઉ 'ગૌરી' હતા અને જેમને ભુવનેશ્વરીદેવીએ ભગવાન શંકરને સોંપ્યા હતા. તે પછી જ કાર્તિકેય સ્વામિનો જન્મ થયો હતો અને એમના હાથે અધમ અસુર તારકાસુર હણાયો હતો.

હવે લક્ષ્મીના પુનઃ પ્રાકટય વિષે જાણો: પહેલાં જયારે દેવો અને દાનવોએ મળીને સમુદ્રમંથન કર્યું ત્યારે તેમાંથી અનેક પ્રકારના રત્નો નીકળયાં હતા. એ વખતે લક્ષ્મીના પ્રાકટય માટે દેવોએ ભગવતી જગદમ્બાની ભાવપૂર્વક સ્તુતિ કરી હતી. તે સમયે એમના પર કૃપા કરવા માટે શ્રીદેવી જ પુનઃ લક્ષ્મીરૂપે સમુદ્રમાં પ્રકટયા હતા અને દેવોના આગ્રહથી વિષ્ણુ ભગવાન સાથે રહેવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

હે રાજન્ ! આ પ્રકારે દેવીનું દિવ્ય

માહાત્મ્ય મેં તમને સંભળાવ્યું. મેં જે ગૌરી અને લક્ષ્મીના પ્રાકટ્યનો પ્રસંગ વર્ણવ્યો તે ભાવિકોની સમસ્ત કામનાઓ પૂરનારો છે. પરંતુ આ રહસ્ય સામાન્ય માણસને કહેવું નહિ, તે ગુપ્ત રાખવા જેવું છે.

સુજ્ઞજનોએ દેવીના ભક્તોનો હંમેશા આદર કરવો. જેઓના કેવળ સ્પર્શથી મનુષ્યના પાપો નાશ પામે છે, તેવા દેવી ભક્તો મોટા ભાગ્યશાળી હોઇ, પોતાના હજારો કુળોને પવિત્ર કરે છે. જેમ બળતા અગ્નિમાં સુકું ઘાસ બળી જાય, તેમ દેવીના ભક્તના સ્પર્શથી મનુષ્યના સર્વ પાપો બળી જાય છે. અરે, દેવીના ભક્તોને જોતાંની સાથેજ મોહ પણ જાણે ભય પામ્યો હોય તેમ ગભરાઇ જાય છે. કામી પાસે કામદેવ જાય પણ દેવીભક્ત પાસે તે જઇ શકતો નથી. ભક્તના સ્પર્શથી લોભ, ક્રોધ, મોહ, મદ, રોગ, શોક વગેરે પણ છૂપાઇ જાય છે, પ્રપંચ પણ ભક્તોને લીધે ભાગી જાય છે, તો પછી દેવીનું પૂજન-આરાધન કરવાથી શું ન થાય? માટે મુમુક્ષુએ નિરંતર ભગવતી દેવીને સેવવા જોઇએ.

જે મુમુક્ષુઓ પોતાનું કલ્યાણ ઇચ્છતા હોય, મોહ (માયા)થી દુર થવા ઇચ્છતા હોય તેણે નિરંતર હિમાલયે રચેલ 'દેવીસહસ્ત્ર નામ'નો પાઠ એકાગ્રતાથી કરવો. વારંવાર દેવીનાં દિવ્ય નામોનું સ્મરણ જે ઘરમાં થાય છે તે ઘરમાં સદાય સુખ–શાંતિ રહે છે, ત્યાં રોગ–શોકનો પ્રવેશ થતો નથી અને નામનું રટણ કરનાર ભાવિક આ લોકમાં સુખ ભોગ ભોગવી અંતે દેવીના દિવ્ય ધામનો અધિકારી બને છે.

જ્યાં આગળ દુઃખ દારિદ્રય અને રોગ શોક જેવા મળે છે, તેને માટે જાણવું કે ત્યાં દેવીનું પૂજન-આરાધન થતું નથી. તેઓની દેવી પ્રત્યે ભક્તિ નથી. માટે દરેક ભાવિકે સુખ-શાંતિ ને આત્માના કલ્યાણ માટે ભગવતી જગદમ્બાને નિત્ય અચૂક પૂજવાં ને આરાધવાં. પરમકૃપાળુ દેવી પોતાના ભક્તોનું નિરંતર ધ્યાન રાખે છે અને રક્ષણ કરે છે.

હે નિષ્પાપ રાજન! તમે જે પૂછ્યું હતું તે સર્વ પવિત્ર, પાવન તથા દિવ્ય જ્ઞાન મેં તમને આદરથી ટુંકમાં કહ્યું, હવે આથી વધારે તમે શું સાંભળવાની ઉત્કંઠા રાખો છો? ૪૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે 'ધામ પૂજાવિધિ તથા ફળશ્રુતિ' નામનો ૪૦ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–સ્કંધ સાતમો સમાપ્ત

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे नमः**



# સિધ્ધિદાત્રી

## સ્કંધ આઠમો

# સ્કંધ આઠમો

## અધ્યાય ૧ લો

### સ્વાયંભુવ મનુને દેવીનું વરદાન :

જનમેજય ઉવાચ

સૂર્ય-ચન્દ્રાન્વયો ત્થાનાં-
નૃપાણાંસત્કથા શ્રિતમ્ ।
ચારતંભવતા પ્રોકતં શ્રુતં તદમૃતાસ્પદમ્ ॥

જનમેજયે કહ્યું : હે બ્રહ્મર્ષિ ! તમે મને સૂર્યવંશ અને ચન્દ્રવંશમાં થયેલા રાજાઓની કથાને લગતું અમૃતપાન સમ ચરિત્ર કહ્યું, હવે મને તે દયાળુ દેવી જગદંબાનું વિસ્તૃત વર્ણન સાંભળવાની ઇચ્છા છે. સર્વ મન્વંતરોમાં જ્યાં જ્યાં જે જે સ્થાન પર, જે જે કર્મથી તથા જે જે બીજમંત્રથી તાત્કાલિક ફળ આપતી દેવીની પૂજા થાય છે તે સર્વ અદ્‌ભુત પ્રસંગ સહિત દેવીના વિરાટ સ્વરૂપને પણ આપ વર્ણવો જેથી તે સાંભળીને હું કૃતાર્થ થાઉં.

વ્યાસ બોલ્યા : હવે હું તમને દેવીનું ઉત્તમ આરાધન કહું છું, જે આરાધન કરવાથી તથા શ્રવણ કરવાથી મનુષ્યનું આ જગતમાં કલ્યાણ થઇ જાય છે. અગાઉ આવો જ પ્રશ્ન નારદ મુનિએ ભગવાન નારાયણને પૂછયો હતો, તેનો નારાયણ ભગવાને જે ઉત્તર આપ્યો હતો તે હું તમને કહું છું :

એક વખત બ્રહ્માના પુત્ર નારદ ફરતા ફરતા એકાએક ભગવાન નારાયણના આશ્રમે આવી ચડયા. વાતવાતમાં નારદે ભગવાનને પૂછયું : હે પુરાણ પુરુષોત્તમ ! આપ કૃપા કરીને મને જણાવો કે, આ જગત કેવી રીતે થયું ? એનું રક્ષણ કોણ કરે છે ? તેનો સંહાર કોણ કરે છે ? કયા સમયે કર્મોના ફળનો ઉદય થાય છે અને કયા જ્ઞાનના સાધનથી આ મોહ-મયી માયાને દુર કરી શકાય છે ? આ બધા પ્રશ્નોના ઉત્તર આપો જેથી જગતના જીવાત્માઓનું અજ્ઞાન દૂર થાય અને જગતના મહિમાને જાણી શકે ?

વ્યાસ બોલ્યા : હે રાજન ! નારદના ઉત્તમ પ્રશ્નો સાંભળી નારાયણે કહ્યું : નારદ ! જગતનું એકમાત્ર તત્ત્વ દેવી જગદંબા છે. દેવો, ઋષિઓ, ગંધર્વો અને શાસ્ત્રના જ્ઞાતાઓ પણ એમ જ કહે છે. એ ત્રિગુણાત્મક દેવી જ જગ-તનું સર્જન, પાલન તથા સંહાર કરે છે, તે દેવીના સ્વરૂપને હવે સાંભળો : બ્રહ્માના પહેલા પુત્ર સ્વાયંભુવ મનુ જે શતરૂપાના પતિ હતા તે મન્વંતરોના પ્રવર્તક છે. એક સમયે સ્વાયંભુવ મનુ પોતાના પિતા બ્રહ્માની પાસે ગયા અને પૂછયું : પિતાજી ! કોની ઉપાસના કરવી કલ્યાણકારક છે ? તો બ્રહ્માએ કહ્યું : તારે ભગવતી જગદંબાની ઉપાસના કરવી જોઇએ. એ દેવીને પ્રસન્ન કરવાથી તારી આ પ્રજાસૃષ્ટિ સરળતાથી ચાલશે. પિતાના આવા આદેશથી સ્વાયંભુવ મનુ જગદં-બાને પ્રસન્ન કરવા માટે એકાંત સ્થાનમાં જઇ તપસ્યામાં મગ્ન બન્યા. તેઓ દેવોની અધિષ્ઠાત્રી, આદ્યમાયા ભગવતી દેવીની સ્તુતિ કરવા લાગ્યા: હે શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનારાં, જગતના કારણના

પણ કારણ ભગવતી, આપને વારંવાર નમસ્કાર છે. હે પરબ્રહ્મ પરમેશ્વરી ! મહાદેવપ્રિયા, મહામાયા, આપ દેવોથી પૂજાયેલા છો. સર્વ પુરુષાર્થોને સિદ્ધ કરનારાં, ત્રણ નેત્રોવાળાં ગૌરી તમને મારા નમસ્કાર છે. જેમના સંકેતથી બ્રહ્મા વિશ્વનું સર્જન કરે છે, વિષ્ણુ પાલન કરે છે, રુદ્ર સંહાર કરે છે. જેમણે મધુ-કૈટભને હણ્યા છે તે જગદમ્બાને મારા નમસ્કાર હો.'

સ્વાયંભુવ મનુની સ્તુતિ સાંભળી ભગવતીદેવી પ્રસન્ન થઇ તેને કહેવા લાગ્યા : હે બ્રહ્માપુત્ર ! તારી ઇચ્છા પ્રમાણે વરદાન માગ. તારી આરાધનાથી પ્રસન્ન થઈ હું તને વરદાન દેવા આવી છું.

મનુએ કહ્યું, હે દયાળુ દેવી ! મારી એ ઇચ્છા છે કે આ પ્રજાસૃષ્ટિ વિઘ્ન-રહિત સંપન્ન થાઓ.

દેવી બોલ્યા : 'તથાસ્તુ—તારી ઇચ્છા મુજબ જ થશે, વળી તારા બનાવેલા આ સ્તોત્રનો જે કોઇ ભાવિક નિરંતર શ્રદ્ધા-ભક્તિથી પાઠ કરશે એની વિદ્યા, પ્રજા, સંપત્તિ, કાંતિ નિત્ય વધતા રહેશે.'

ભગવાન નારાયણે કહ્યું, આ પ્રમાણે બ્રહ્માપુત્ર મનુને વરદાન આપી ભગવતી દેવી એ સ્વાયંભુવ મનુના દેખતાં જ અંતર્ધાન થયા હતા. ત્યાર બાદ વરદાન પામેલા મનુએ બ્રહ્મા પાસે આવી કહ્યું, હે તાત ! તમે મને હવે એકાંત સ્થાન બતાવો, જ્યાં રહીને હું પાર વગરની પ્રજાઓ ઉત્પન્ન કરું અને યજ્ઞો વડે પરમાત્માનું પૂજન કરું.'

આ સાંભળી બ્રહ્મા વિચારમાં પડી ગયા કે આ કાર્ય કેવી રીતે સિદ્ધ થાય ? મને સૃષ્ટિ કરતાં ચિર કાળ વીતી ગયો છે અને સર્વના આશ્રયરૂપ આ પૃથ્વી તો પ્રલયને લીધે જળમાં ડૂબીને રસાતલમાં ગઇ છે, માટે આ કાર્ય અંગે જો આદિ પુરુષ ભગવાન વિષ્ણુ મને સહાય કરે તો મારું આ કાર્ય અવશ્ય પૂર્ણ થાય.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'સ્વાયંભુવ મનુને દેવીનું વરદાન' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### નારાયણનો વારાહઅવતાર

નારાયણ ઉવાચ :

એવં મીમાંસતસ્તસ્ય પદ્મયોનેઃ પરંતપ ।
મન્વાદિભિર્મુનિવરૈર્મરીચ્યાદ્યૈઃ—
સમં તતઃ ॥

નારાયણ બોલ્યા : હે નારદ ! આ પ્રમાણે પ્રજાપતિ બ્રહ્મા વિચારી રહ્યા હતા, તેમની આસપાસ તેમના પુત્રો મનુ, મરીચિ વગેરે બેઠેલા હતા. તેટલામાં બ્રહ્માના નાકના આગળના ભાગમાંથી એક આંગળ માપનું વારાહનું બચ્ચું પ્રકટ્યું અને સર્વના દેખતાં જ એકદમ હાથી જેવું વિશાળકાય થઇ ગયું. એ જોઇ બ્રહ્માના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. 'અહો ! મારા નાકમાંથી નાનકડા વરાહ રૂપે નીકળીને એકદમ મોટું થઇ ગયેલું પ્રાણી કયું હશે ? ખરેખર લાગે છે કે આ રૂપે ભગવાન શ્રીહરિ--યજ્ઞ પુરુષ જ પ્રકટ્યા છે.' બ્રહ્મા આમ વિચારી રહ્યા તેવામાં વારાહરૂપધારી શ્રીહરિએ પ્રચંડ ગર્જના કરીને બ્રહ્મા તેમજ ત્યાં બેઠેલા-

ઓને આનંદ આપવા લાગ્યા. દિશાઓને ભરી દેતો એ પ્રચંડ ધ્વનિ આશ્રમોમાં જપ–તપ કરી રહેલા મુનિઓએ તથા દેવોએ સત્યલોકમાં સાંભળ્યો એટલે તેઓ વિવિધ સ્તોત્રોથી એ આદિ પુરુષ વારાહ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. તેઓની સ્તુતિ સાંભળી વારાહ અવતારે રહેલા ભગવાન વિષ્ણુ તેઓના પર કૃપા કરી તુરત જ જળમાં પેસી ગયા ત્યારે તેમની કેશવાળીના આઘાતથી પીડાતો સમુદ્ર બોલી ઊઠ્યો : 'હે શરણાગતો પર દયા રાખનાર દેવ, મારી રક્ષા કરજો.'

એ સાંભળી વારાહરૂપ વિષ્ણુ જળ-ચરોને આમતેમ હટાવતા જળમાં ઊંડે ઊંડે જવા લાગ્યા. તેઓ ધીરે....ધીરે સુંઘી સુંઘીને જળમાં રહેલી પૃથ્વીને શોધતા હતા. કારણ કે તે વેળાએ સમસ્ત પ્રાણીઓને આશ્રય આપનારી પૃથ્વી જળમાં ડૂબેલી હતી. અંતે પૃથ્વી શોધી તેને વારાહ ભગવાને દાઢના આગલા ભાગથી ઊંચકી દાંત ઉપર રાખી દીધી આથી ભગવાન અત્યંત શોભવા લાગ્યા. તેમને જોઈને સ્વાયંભુ બ્રહ્મા તે દેવેશ્વરની મનુની સાથે સ્તુતિ કરવા લાગ્યા : હે કમળ જેવા નેત્રોવાળા ! હે સર્વ ઇષ્ટ ફળને આપનારા, તમારો જય થાઓ. આપની આગળ સર્વ દેવો તુચ્છ છે. દાંત ઉપર પૃથ્વીને ધારણ કરવાથી, હાથીએ ઉખાડીને અદ્ધર કરેલા કમળની જેમ શોભતા આપને મારા નમસ્કાર છે. હે પ્રભો ! પૂર્વે આપની સહાયથી જ દેવો અમૃત મેળવવામાં સફળ થયા હતા. સમસ્ત વિઘ્નોને દૂર કરનારા તથા પ્રાણીઓના કર્મને જોનારા યજ્ઞપુરુષ આપનાથી જ પ્રકટયા છે. હે જગતશાસક ભગવાન ! આપને વારંવાર પ્રણામ છે.

નારદ બોલ્યા : બ્રહ્માની સ્તુતિ સાંભળી વારાહ ભગવાન લીલા બતાવવા, તેમના પર કૃપા કરવા તત્પર બન્યા, એવામાં ત્યાં માર્ગ રોકીને ઊભેલો પ્રચંડ હિરણ્યાક્ષ દેખાયો. તો ભગવાને ગદાનો પ્રહાર કરી તેને મારી નાખ્યો, પછી દાંતથી પૃથ્વીને ઊંચકી, તેને જાણે રમત કરતા હોય તેવી રીતે જળ ઉપર ગોઠવી, સ્થિર કરી દઈ શ્રીહરિ પોતાના ધામમાં ચાલ્યા ગયા. આ પ્રમાણે રસાતલમાં ડૂબેલી પૃથ્વીને અદ્ધર લાવવાની લીલા વારાહ અવતારે શ્રી વિષ્ણુએ કરી હતી. જે પુરુષ આ વારાહ અવતારના ઉત્તમ ચરિત્રને વાંચે છે કે સાંભળે છે તેના સર્વ પાપનો ક્ષય થાય છે અને અંતે તે ભગવાન વિષ્ણુના લોકમાં જવાનો અધિકારી થાય છે. ૩૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'નારાયણનો વારાહ અવતાર' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### મનુની કન્યાઓનો વંશ

નારાયણ ઉવાચ

અહીં દેવ પ્રતિષ્ઠાપ્ય યથાસ્થાને ચ નારદ ।
વૈકુંઠલોકમગમદ્ બ્રહ્મોવાચસ્વમાત્મજમ્ ॥

નારાયણે કહ્યું: નારદ ! આમ શ્રીહરિ પૃથ્વીને રસાતલમાંથી બહાર લાવીને વૈકું-

કમાં ગયા, તે પછી બ્રહ્માએ પોતાના પુત્ર સ્વાયંભુવ મનુને કહ્યું: 'મહાબાહો ! હવે તમે આ પૃથ્વી પર રહી સૃષ્ટિનું સૃજન કાર્ય કરો. સૌ પ્રથમ દેશકાળ અનુસાર યજ્ઞ અંગેની ઉત્તમ તથા મધ્યમ સર્વ પ્રકારની સામગ્રી એકત્ર કરી તેનાથી યજ્ઞના સ્વામી શ્રીહરિની ઉપાસના કરો. તમે શાસ્ત્રોક્ત ધર્મ આચરશો અને વર્ણાશ્રમ વ્યવસ્થા સ્વીકારશો તો પ્રજાની વૃદ્ધિ જરૂર થશે. તમે હવે તમારા જેવા વિદ્વાન, સદાચારી ને ઉદાર પુત્રો ઉત્પન્ન કરો. અને કન્યાઓ ઉત્પન્ન થાય તેને ગુણવાન પુરુષોને આપજો.'

પ્રજાપતિ બ્રહ્મા પોતાના પુત્ર સ્વાયંભુવ મનુને આ રીતનો ઉપદેશ આપી પોતાના ધામમાં ચાલ્યા ગયા. અને પિતાની આજ્ઞાથી સ્વાયંભુવ મનુ એ કાર્યમાં જોડાઈ ગયા. પ્રથમ એમનાથી પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામક બે તેજસ્વી પુત્રો થયા અને આકુતિ, દેવહૂતિ અને પ્રસૂતિ નામની ત્રણ કન્યાઓ થઈ. તેમાં આકુતિને રુચિની સાથે પરણાવી, દેવહુતિને કર્દમની સાથે પરણાવી અને પ્રસૂતિને દક્ષ પ્રજાપતિ સાથે પરણાવી, જેનાથી ઉત્પન્ન થયેલી સારીય પ્રજા જગતમાં વિખ્યાત છે. તે પછી રૂચિને ત્યાં આકુતિના ગર્ભથી આદિપુરુષ પ્રકટ્યા જે 'યજ્ઞપુરુષ' તરીકે કહેવાયા. કર્દમના સહયોગથી દેવહુતિ સાંખ્યશાસ્ત્રના આચાર્ય કપિલમુનિનાં માતા બન્યાં. દક્ષથી પ્રસૂતિને ઘણી કન્યાઓ અવતરી, જે કન્યાઓનાં સંતાનો દેવ, મનુષ્ય અને પશુ વગેરે નામથી વિશ્વમાં વિખ્યાત છે. આ રીતે સ્વાયંભુવ મન્વંતરમાં ભગવાન યજ્ઞપુરુષનો અવતાર થયો. એ સમયે એમણે દેવોની મદદથી પોતાના પિતાને રાક્ષસોના ઉપદ્રવથી બચાવ્યા હતા. મહાન યોગી ભગવાન કપિલે પણ પોતાના આશ્રમમાં રહી માતા દેવહુતિને પરમ જ્ઞાનનો ઉપદેશ આપ્યો. એમણે ધ્યાન, યોગ તથા અધ્યાત્મજ્ઞાનના સિદ્ધાંતનું વિશેષ રીતે પ્રતિપાદન કર્યું. સમસ્ત અજ્ઞાનને દૂર કરનાર એ શાસ્ત્ર જગતમાં 'કપિલશાસ્ત્ર' નામથી વિખ્યાત છે. કપિલ મહાન યોગી તેમ જ સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક અને ઘણા ઉદાર હતા. તેઓ માતાને ઉપદેશ આપ્યા બાદ તરત જ પુલહમુનિના આશ્રમે ચાલ્યા ગયા. અને હાલમાં પણ તેઓ ત્યાં જ રહે છે. જેમના પવિત્ર નામના સ્મરણ માત્રથી સાંખ્યયોગ સિદ્ધ થઈ જાય છે એ સમસ્ત વરદાન આપનારા યોગાચાર્ય કપિલમુનિને હું પ્રણામ કરું છું.

હે નારદ ! આ પ્રમાણે સ્વાયંભુવ મનુના વંશની કન્યાઓનું ચરિત્ર મેં વર્ણવ્યું, જે શ્રોતા અને વકતાનાં પાપો નાશ કરનારું છે. હવે પછી હું સ્વાયંભુવ મનુના પુત્રોની વંશાવલી કહીશ. મનુના પુત્રોએ પછી પ્રાણીઓને સુખ મળે તે માટે દ્વીપ, ખંડ અને સમુદ્ર વગેરેની ઉત્તમ વ્યવસ્થા કરી છે. ૨૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'મનુની કન્યાઓનો વંશ' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### પ્રિયવ્રત રાજાનું વૃત્તાંત

નારાયણ ઉવાચ :
મનોઃ સ્વાયંભુવસ્યાસીજ્જ્યેષ્ઠઃ
પુત્રઃ પ્રિયવ્રત ।
પિતુઃ સેવાપરો નિત્યં સત્યધર્મપરાયણઃ ॥

નારાયણ બોલ્યા : હે નારદ ! સ્વાયંભુવ મનુનો મોટો પુત્ર પ્રિયવ્રત હતો તે સત્યધર્મી ને પિતાની સેવામાં તત્પર રહેતો, ને વિશ્વકર્મા પ્રજાપતિની ગુણવતી કન્યા બર્હિષ્મતી સાથે પરણ્યો હતો.

તે કન્યામાં તેમણે આગ્નીધ્ર, ઇધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, રુક્મબાહુ, ધૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, અગ્નિહોત્ર અને કવિ એ દસ પુત્રો તથા ઊર્જસ્વતી નામની કન્યાને ઉત્પન્ન કર્યાં. એમાંના કવિ, સવન ને મહાવીર એ ત્રણ પુત્રો સંસાર ત્યાગી વૈરાગી થઇ આત્મવિદ્યામાં પારંગત બન્યા. તે બાલબ્રહ્મચારી ને નિઃસ્પૃહ રીતે પરમહંસ નામના આશ્રમમાં સુખેથી રહેવા લાગ્યા.

પ્રિયવ્રતને બીજી સ્ત્રી હતી તેનાથી તેને ઉત્તમ, તામસ અને રૈવત નામથી પ્રખ્યાત પુત્રો થાય, જેઓ એકાએક મન્વંતરના અધિપતિઓ બન્યા. ભુમંડળ પર પ્રિયવ્રતે ઘણાં વર્ષો સુધી ઉત્તમ રીતે રાજ્ય કર્યું. એક વખત સૂર્ય પૃથ્વીના પહેલા ભાગમા ઊગ્યો ત્યારે પ્રકાશ હતો અને બીજા ભાગમાં ચાલ્યો ગયો ત્યારે અંધકાર થઇ ગયો એ જોઇ પ્રિયવ્રત વિચારવા લાગ્યો : 'પૃથ્વી પરના મારા રાજ્યમાં અંધકાર રહેવો ન જોઇએ, હું તપોબળથી અધંકારને અટકાવીશ.'

એમ નિશ્ચય કરી તેણે સુર્ય જેવા તેજસ્વી રથ પર બેસી પૃથ્વીની સાત વાર પ્રદક્ષિણા કરી. એ રથના પૈડાંની ધારથી જે ખાડા પડ્યા તે સાત સમુદ્ર કહેવાયા, અને પૃથ્વી સાત દ્વીપોમાં પલટાઇ ગઇ ને સમુદ્રો એની ખાઇરૂપે થઇ ગયા. ત્યારથી પૃથ્વી પર જંબૂદ્વીપ પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ ને પુષ્કરદ્વીપ એ નામથી સાત દ્વીપ પ્રસિદ્ધિ પામ્યા, જેઓ એક એકથી બે–ગણા માપના થયા. એમની ચારે તરફ ક્ષારોદ (ખારા પાણીનો), ઇક્ષુરસોદ (શેરડીના રસ જેવા પાણીનો), સુરોદ (દારૂ જેવા પાણીનો), ધૃતોદ, ક્ષીરોદ, દધિમંડોદ અને શુદ્ધોદ (શુદ્ધ જળનો) નામથી સાત સમુદ્રો પ્રખ્યાત થયા. ક્ષારોદસમુદ્રથી ઘેરાયેલો પહેલો દ્વીપ જંબુદ્વીપ કહેવાય છે, પ્રિયવ્રતે પોતાના પુત્ર આગ્નીધ્રને ત્યાંનો રાજા બનાવ્યો હતો.

શેરડીના રસથી ઘેરાયેલા પ્લક્ષદ્વીપના રાજા તરીકે ઇધ્મજિહ્વને, મદિરાના સમુદ્રથી ઘેરાયેલા શાલ્મલિદ્વીપના શાસક તરીકે યજ્ઞબાહુને, ધૃતોદસમુદ્રથી કુશદ્વીપના રાજકર્તા તરીકે હિરણ્યરેતાને, ક્ષીર સમુદ્રથી વીંટળાયેલા ક્રૌંચદ્વીપના શાસક તરીકે ધૃતપૃષ્ઠને, દધિમંડોદ સમુદ્રથી શાકદ્વીપના રાજકર્તા તરીકે મેધાતિથિને અને સાતમા શુદ્ધોદ મધુર

જળથી વીંટળાયેલા પુષ્કરદ્વીપના રાજા તરીકે વીતિહોત્રને નીમ્યા. અને પ્રિયવ્રત રાજાએ પોતાની પુત્રી ઊર્જસ્વતીને શુક્રાચાર્ય સાથે પરણાવી જેનાથી દેવયાની નામની પ્રખ્યાત શુક્રકન્યા જન્મી છે.

આ રીતે મહારાજા પ્રિયવ્રત પોતના પુત્રોને સાતે દ્વીપો વહેંચી આપી વિવેકને વશ રહી પોતે યોગમાર્ગનો આશ્રય લઇ સંન્યાસી થઇ ગયા. ૨૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે
'પ્રિયવ્રત રાજાનું વૃત્તાંત' નામનો
૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### ભુમંડળનો કલ્પિત વિસ્તાર

**નારાયણ ઉવાચ**

**દેવર્ષે શૃણુ વિસ્તારં દ્વીપવર્ષવિભેદતઃ ।**
**ભૂમંડલસ્ય સર્વસ્ય યથા દેવ પ્રકલ્પિતમ્ ॥**

શ્રી નારાયણ બોલ્યા : 'હે દેવર્ષિ ! હવે દ્વીપોના વર્ગ–વિભાજનનો પ્રસંગ જે રીતે ઇશ્વરે કલ્પ્યો છે તે વિસ્તારપૂર્વક સાંભળો : કમલબીજના કોશ જેવા ગોળ આકારનો લાખ યોજનના વિસ્તારવાળો પ્રથમ જંબુદ્વીપ થયો....એમાં ચોત્રીસ–ચોત્રીસ હજાર યોજન સુધી ફેલાયેલા પર્વતોથી વીંટળાયેલા નવ ખંડ છે, જે મોટા મોટા ચાર પર્વતોથી જુદા પડેલા છે.

ધનુષાકારના બે ભાગ દક્ષિણથી ઉત્તર સુધી ફેલાયેલા છે. બીજા ૪ મોટા ભાગ છે. ચતુષ્કોણ ઇલાવૃત નામક ખંડ છે જે સૌની વચ્ચે રહેલો છે; જે જંબુદ્વીપની નાભિના સ્થાન પર રહેલ છે. તેમાં એક લાખ યોજન ઊંચો સોનાનો સુમેરુ પર્વત છે, જેના શિખરો બત્રીસ હજાર યોજન વિસ્તારમાં છે. એ પર્વતનો નીચેનો ભાગ સોળ હજાર યોજનમાં ફેલાયેલ છે અને સોળ હજાર યોજન ઊંડો છે. ઇલાવૃત ખંડની ઉત્તરે નીલ, શ્વેત અને શૃંગવાન નામક ત્રણ મર્યાદા પર્વતો છે. બીજો સુવર્ણમય ખંડ જે રમ્યક નામથી પણ પ્રસિદ્ધ છે. ત્રીજો કુરુખંડ છે. ઉપર કહેલો પર્વત એ બધા ખંડોની સીમા સૂચવે છે. આ ખંડ આગળ ફેલાયેલ છે. બન્ને બાજુની સીમા પર ક્ષાર સમુદ્ર છે. એની પહોળાઈ બે હજાર યોજનથી પણ અધિક છે. ક્રમશઃ એક એક પૂર્વ તરફ વધતા ગયેલા છે. ઉત્તરમાં એક એક દશાંશનું અંતર પડતું ગયું છે અને પહોળાઇ ક્રમશઃ ઓછી થતી ગઇ છે. આ ખંડ ઘણી નદીઓ અને ઘણા સમુદ્રવાળો છે. ઇલાવૃત ખંડની દક્ષિણે નિષધ, હેમકૂટ અને હિમાલય નામક ઘણા લાંબા–પહોળા ત્રણ વિશાળ પર્વતો રહેલ છે, જેઓ દશ હજાર યોજન ઊંચા છે. હરિવર્ષ, કિંપુરૂષ અને ભારત–વર્ષ એ ત્રણ ખંડોનું વિભાગનુસાર યથાર્થ વર્ણન મળે છે. નિષધ, હેમકુટ અને હિમાચલ એ ત્રણે પર્વતો એની સીમામાં છે. ઇલાવૃતની પશ્ચિમે માલ્યવાન અને પૂર્વ તરફ ગંધમાદન પર્વત છે. એ બંને પર્વત નીલગિરિથી લઇ નિષધ પર્વત સુધી બે હજાર યોજનમાં ફેલાયા છે. એમની પહોળાઇ પણ એટલી

છે. એ બંને ખંડની સીમા નક્કી કરે છે. કેતુમાલ અને ભદ્રાશ્વખંડની સીમાઓ માલ્યાવાન અને ગંધમાદન પર્વત પર આધાર રાખે છે. દશ હજાર યોજનના વિસ્તારવાળા મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ એ ચારે પર્વત ઉપર અગિયારસો યોજન ઊંચા ધ્વજ તરીકે રહેલા ક્રમશઃ આમ્ર, જાંબુ, કદંબ અને વડ એ ચાર વૃક્ષો છે, જે પર્વતના સમસ્ત વિસ્તારમાં ફેલાયેલ છે. તેમાં દૂધ, મધ, શેરડીનો રસ અને મધુર જળવાળાં ચાર તલાવો છે. જેમાં સ્નાન આચમન કરવાથી દેવોને યૌગિક સંપત્તિ મળે છે. વળી ત્યાં સ્ત્રીઓને સુખકારક નંદન, ચૈત્રરથ, વૈભ્રાજ અને સર્વભદ્ર ચાર ઉપવનો આવેલા છે જેમાં સ્ત્રીઓ સાથે દેવો વસે છે.

મંદરાચળની વચ્ચે અગિયારસો યોજન ઊંચુ એક દિવ્ય આમ્રવૃક્ષ છે. જેના અમૃતમય ફળ ત્રિકુટ જેવા વિશાળ, અત્યંત સ્વાદુ અને કોમળ છે. એ ફળ ઝાડ પરથી પડતાં જ અરુણ જેવા લાલ રંગનો રસ ચારે તરફ ફેલાઇ જાય છે, જેમાંથી સુરમ્ય જળવાળી અરુણોદા નામક એક નદી વહે છે. એ પર્વત પર ભગવતી અરુણા વિરાજે છે. મુખ્ય દેવો તથા રાક્ષસો તેમની ઉપાસના કરે છે. સઘળા મનોરથ પૂરનારી તે દેવી હંમેશાં પાપોનો નાશ કરવા તત્પર રહે છે. અનેક જાતની ભેટ તથા બલિદાનથી પ્રસન્ન થઇ તે પાપોને દૂર કરી ભક્તોને નિર્ભય બનાવે છે. આ ભુમંડલ પર એ દેવી આદ્યા, માયા, અતુલા, અનંતા, પુષ્ટિ, ઇશ્વર–માલિની, દુષ્ટનાશકરી અને કાંતિદાયિની આ નામોથી વિખ્યાત છે. એ દેવીના પૂજનના પ્રભાવથી જગતમાં સુવર્ણ નીકળ્યા કરે છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'ભૂમંડળનો કલ્પિત વિસ્તાર' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### વૃક્ષો તથા દેવીઓનું વર્ણન

નારાયણ ઉવાચ

અરુણોદા નદી યા તુ મયા પ્રોક્તા ચ નારદ ।
મંદરાન્નિપતંતિ સા પૂર્વેણેલાવૃતં પ્લાવેત્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! મેં કહેલી અરુણોદા નદી મંદર પર્વતમાંથી નીકળી ઇલાવૃતના પૂર્વ ભાગમાં વહે છે. જગદંબાની સેવિકાઓ તથા યક્ષો તેમ જ ગંધર્વોની પત્નીઓ તેમાં સ્નાન કરે છે અને તે વખતે તેઓના શરીરની સુગંધથી જળ સુવાસિત બને છે.

એ રીતે મેરુ પર્વત પર હાથીના શરીર સમાન ફળોવાળું જાંબુનું વૃક્ષ ઊગેલું છે. તેના ઊંચેથી પડેલા ફળમાંથી નીકળેલા રસથી જંબુ નામની નદી નીકળી ઇલાવૃતની દક્ષિણે વહે છે. જાંબુના સ્વાદથી સંતોષ પામતી ત્યાંની દેવીને 'જંબ્વાદિની' કહે છે. ત્યાં રહેતા દેવો, નાગો, ઋષિઓ અને રાક્ષસો–સર્વ પ્રાણીઓ એ દેવીને પૂજે છે. એ દયાળુ દેવીનું સ્મરણ કરનાર પાપી પવિત્ર બને છે અને રોગીઓ રોગમુક્ત થાય છે. એ દેવીના કોકિલાક્ષી,

કામકલા, કરુણા, કામપૂજિતા કઠોર-વિગ્રહા, ધન્યા, નાકિમાન્યા અને ગભ-સ્તિની એ નામોનું કીર્તન કરવું. જંબુ નદીના બન્ને કિનારાની માટી જાંબુના રસથી પલળીને સૂકાઈ ગયા પછી બનેલી માટીથી વિદ્યાધરીઓ અને દેવાંગનાઓ પોતાને શણગારે છે. એને જ જાંબુદ સુવર્ણ કહે છે. સ્ત્રીઓની અભિલાષા પૂરવા માટે એ સુવર્ણમાંથી દેવો મુકુટ, કેયુર, કુંડલ વગેરે બનાવે છે.

સુપાર્શ્વ પર્વત ઉપર કદંબનું મોટું વૃક્ષ છે. એમાં પાંચ ઊંડી ખાઈઓ જેવું છે તેમાંથી પાંચ મધની ધારાઓ નીકળે છે, તેને મધુધારા કહે છે. ઇલાવૃતની પશ્ચિમે એ વહે છે. ભક્તોના કાર્ય સિદ્ધ કરવા ત્યાં ધારેશ્વરી નામની મહાદેવી વસે છે. એમની, દેવપૂજ્યા, મહોત્સાહા, કાલરૂપા, મહાનતા, કર્મફલદા, કાંતાર-ગ્રહણેશ્વરી, કરાલદેહા, કાલાંગી અને કામકોટિપ્રવર્તિની એ નામોથી પૂજા કરવી જોઈએ.

એ રીતે કુમુદ પર્વત ઉપર શતબલ નામક વડના વૃક્ષમાંથી ઘણી નદી પૃથ્વી પર આવેલ છે. એ નદીઓ દૂધ, દહીં, ઘી, મધ, ગોળ, અન્ન, વસ્ત્ર, શય્યા, આસન અને આભરણ વગેરે સઘળી વસ્તુઓથી ભરપૂર છે. એ નદીઓ ઇલાવૃતથી ઉત્તરે થઈને સઘળી ભુમિને પ્લાવિત કરે છે. એના તટ પર ભગવતી મીનાક્ષીનું મંદિર છે. દેવો અને દાનવો સઘળા તેમને પૂજે છે. સ્વર્ગવાસી દેવોને ફળ આપવા તત્પર રહેતાં એ દેવીના નીલાંબરા, રૌદ્રમુખી, નીલાલકયુતા, નાકિની, દેવ-સંઘા, ફલદા, વરદા, અતિમાન્યા, અતિ-પૂજ્યા, મત્તમાતંગગામિની, મદનોન્મ-દિની, માનપ્રિય, માનપ્રિયાંતરા, મારવે-ગધરા, મારપૂજિતા, મારમાદિની, મયુર-વરશોભ ઢયા અને શિખિવાનગર્ભભુ એવા નામ છે. આ નામોવાળા પદો બોલી દેવીને વંદન કરવું. એમનું એક નામ મીનલોચના પણ છે. પરબ્રહ્મનો સંપર્ક રાખનારા એ દેવીના જે રૂપ તેમ જ ધ્યાન કરે છે તેનું તેઓ સ્વાભાભાવિક રીતે સન્માન કરે છે.



હે નારદ! ઉપર કહેલી નદીનું જળ પીવાથી નસેનસમાં ચેતન આવે છે અને એને પીનારા પ્રાણીઓ કયારેય વૃદ્ધ થતાં નથી શ્રમ, પરસેવો, કળતર, દુર્ગંધી, જરા, વ્યાધિ, મૃત્યુ, ઠંડી, ગરમી તેમજ વાયુથી ઉદ્વિગ્નતા તથા અનેક જાતની આપત્તિ વગેરે કોઈ પણ વિષમ પરિસ્થિતિ આવતી નથી. એટલું જ નહિ પણ એ જળના પ્રભાવથી પ્રાણી જીવતાં સુધી સુખી રહે છે.

હવે સુમેરુગિરિના અવતાર પર્વતો કહું છું. આ સુમેરુ પર્વતને સ્વર્ણમય પર્વત કહે છે. એનાથી અલગ કર્ણિકા સમાન રહેલા વીસ પર્વતોનું વર્ણન આવે છે. એ બધાનું મૂળ સુમેરુ પર્વત છે. શૃણવત, કુરંગ, કુરગ, કુશુંભ, વિકંકત, ત્રિકૂટ, શિશિર, પતંગ, રુચક, નિષધ, શિતી, વાસ, કપિલ, શંખ, વૈદૂર્ય,

ચારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ નામના એ વીસ પર્વતો છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'વૃક્ષો તથા નદીઓનું વર્ણન' નામનો ૬ ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### ગંગાવતરણ

શ્રી નારાયણ ઉવાચ

ગિરી મેરું ચ પૂર્વેણ દ્વૌ ચાષ્ટાદશયોજનૈઃ।
સહસ્ત્રૈરાયતૌ ચોદગૂદ્વિસહસ્ત્રં પૃથુચ્ચકૌ॥

શ્રી નારાયણ બોલ્યા : નારદ! સુમેરુ ગિરિની પૂર્વમાં અઢાર હજાર યોજન લાંબા અને એટલા જ પહોળા જઠર અને દેવકૂટ નામના પર્વતો છે. પશ્ચિમે એટલા જ વિસ્તારના પવમાન અને પારિયાત્ર આવેલા છે. દક્ષિણે એટલા જ વિસ્તારના કૈલાસ અને કરવીર રહેલા છે. ઉત્તરે ત્રિશૃંગ અને મકર નામના પર્વતો આવેલા છે. આ આઠ પ્રસિદ્ધ પર્વતોથી સુમેરુ વીંટળાયેલો છે. આ ગિરિને કાંચનગિરિ પણ કહે છે જે સૂર્ય જેવો પ્રકાશે છે. એ પર્વતના મસ્તક પર દશ હજાર યોજનના વિસ્તારવાળો બ્રહ્મલોક આવેલો છે. તત્ત્વજ્ઞો તેમજ મહાત્મા પુરુષોનું કહેવું છે કે એ નગરી સોનાની છે આઠ લોકપાલોની અઢી હજાર યોજન લાંબી પહોળી બીજી આઠ નગરીઓ પણ ત્યાં આવેલી છે. એ પણ સોનાની બનેલી છે. આ રીતે સુમેરુ પર્વત પર મનોવતી, અમરાવતી, તેજોવતી, સંયમની, કૃષ્ણાંગના, શ્રદ્ધાવતી, ગંધવતી, મહોદયા અને યશોવતી એ નવ પુરીઓમાં અનુક્રમે બ્રહ્મા, ઇંદ્ર, અગ્નિ તેમજ યમ વગેરે લોકપાલો બિરાજેલા છે.

બલિરાજાના યજ્ઞ વખતે શ્રી વિષ્ણુ વામનરૂપે આવ્યા હતા, એમના ડાબા પગના અંગુઠાના નખથી બ્રહ્માંડમાં છિદ્ર પડ્યું હતું એની વચ્ચેથી ગંગાજી પ્રકટ થઇને તેજ સ્થળે મેરુના શિખર પર ઉતરી ત્યાં અટકી ગયાં. અખિલ જગતના લોકોના પાપોને દૂર કરવાના સામર્થ્યવાળા, પાપોને દૂર કરનારા, જળથી ભરપૂર, દિવ્ય નદીઓનાં સ્વામિની ગંગા સાક્ષાત ભગવત્પદી કહેવાય છે. હજાર યુગ વીત્યા પછી તે ગંગા સ્વર્ગના મસ્તક પરથી વિષ્ણુપદીમાં આવ્યા, જ્યાં ઉત્તાનપાદના પુણ્યાત્મા પુત્ર ધ્રુવ રહે છે. શ્રીહરિનાં બન્ને ચરણ-કમલોના પરાગને ધારણ કરતા રાજર્ષિ ધ્રુવ આજે પણ એજ અવિચલ સ્થાન પર બિરાજે છે. વળી ગંગાના પ્રભાવને જાણતા જગતનું કલ્યાણ કરવાની ઇચ્છાવાળા ઉદાર સપ્તર્ષિઓ પણ ત્યાં રહીને સિદ્ધસ્વરૂપા ગંગામાં પ્રદક્ષિણાપૂર્વક પ્રતિદિન સ્નાન કરે છે.

તે પછી વૈકુંઠ વિષ્ણુપદથી નીચે ઉતરી અસંખ્ય દેવવિમાનોથી ભરપૂર દેવયાન માર્ગ પર થઇને ગંગા ચન્દ્રમંડલને ભીંજવી બ્રહ્મલોકમાં આવ્યા. હે નારદ! ત્યાંથી પછી ગંગાના ચાર ભાગ થઇ ગયા અને તે સીતા, અલકનંદા, ચક્ષુષ અને ભદ્રા એ ચાર નામોથી પ્રસિદ્ધ થઇ ચારે દિશામાં વહીને સમુ-

દ્રને મળે છે. તેમાં સઘળાં પાપોને દૂર કરનારા સીતા નામથી પ્રસિદ્ધ ગંગા બ્રહ્મલોકમાંથી ઊતરી કેસરાચલ નામક પર્વત પર આવીને ગંધમાદન પર્વતના શિખર પર પડયા છે ને ત્યાંથી તે પાપ હરનારી નદી વહીને ભદ્રાશ્વ ખંડની વચ્ચે થઇને પૂર્વ દિશામાં વહેવા લાગ્યાં. એ પછી દેવોથી પૂજાયેલાં તે નદી ખારા સાગરમાં જઇ મળ્યા. પછી ચક્ષુષ નામથી પ્રસિદ્ધ બીજાં ગંગા માલ્યવાન પર્વતના શિખર પરથી નીકળી વેગપૂર્વક કેતુમાલ ખંડમાં આવી પશ્ચિમ દિશામાં જઇ સમુદ્રને મળે છે. નારદ ! ત્રીજી અલકનંદા નામની પવિત્ર ગંગાધારા બ્રહ્માંડની દક્ષિણેથી નીકળી હેમકુટ પર્વત પર પહોંચી ત્યાંથી વેગપૂર્વક વહીને ભરતખંડમાં આવીને દક્ષિણ સાગરને મળે છે. તે પછી ચોથી ધારા શૃંગવામ પર્વત પરથી નીકળીને ભદ્રા નામક પ્રસિદ્ધ તે ત્રણે લોકને પવિત્ર કરતી નદી સમુદ્રમાં જઇ મળે છે.

નારદ ! દરેક ખંડમાં ઘણાં સમુદ્ર અને નદીઓ વહે છે. પરંતુ મોટે ભાગે બધાંનું ઉદ્‌ગમસ્થાન મેરુ અને મંદાર પર્વત છે. એ નવખંડમાં ભરતખંડ 'કર્મક્ષેત્ર' કહેવાય છે. બીજા આઠ ખંડ પૃથ્વી પર હોવા છતાં સ્વર્ગનું ફળ આપે છે. નારદ ! સ્વર્ગમાં રહેનારાઓ તો પુણ્ય પરવારતાં સ્વર્ગમાંથી પાછા ભોગ ભોગવવાના સ્થાનમાં આવે છે. તેમનું આયુષ્ય દશહજાર વર્ષનું હોય છે. વજ્ર સમાન કઠિન અંગવાળા, હજાર હાથીઓ જેટલા બળવાન, ક્રીડામાં આસકત તેમને સઘળા સુખ સુલભ બને છે. ત્યાં આયુષ્ય એક વર્ષનું બાકી રહેતાં સ્ત્રીઓ ગર્ભધારણ કરે છે. વળી તે આઠે ખંડોમાં હંમેશાં ત્રેતાયુગના જેવો કાળ રહે છે. ૩૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે "ગંગાવતરણ" નામનો
૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### ઇલાવૃત ખંડનું વર્ણન

નારાયણ ઉવાચ

તેષુ વર્ષેષુ દેવેશાઃપૂર્વોકતૈઃસ્તવનૈઃ સદા ।
પૂજયંતિ મહાદેવીં જપધ્યાનસમાધિભિઃ ॥

શ્રી નારાયણ બોલ્યા: નારદ ! જંબુદ્વીપમાં ઇલાવૃત આદિ નવ ખંડ છે તેમાં બ્રહ્મા વગેરે ભિન્ન ભિન્ન દેવો જપ, ધ્યાન અને સમાધિમાં જોડાઇને પહેલાં કહેલાં સ્તોત્રો દ્વારા હંમેશાં મહાદેવીને ઉપાસે છે. એ ખંડોમાં સુગંધી પુષ્પો, ફળો તેમ જ પલ્લવોથી શોભતા ઘણા વનો, પર્વતો અને સ્વચ્છ જળથી ભરેલી ગુફાઓ આવેલ છે. એ નવખંડોમાં આદિપુરૂષ ભગવાન નારાયણ સઘળા લોકો પર અનુગ્રહ કરવા ભગવતી શ્રીદેવીની ઉપાસના કરતા બિરાજેલા છે. પૂજન ચાલુ રહે એ માટે પોતાની ભિન્ન ભિન્ન મૂર્તિઓ બતાવીને રહેવું એ એમનો સ્વભાવ છે.

ઇલાવૃત શ્રીહરિ બ્રહ્માની ભમરથી પ્રકટેલા રુદ્રરૂપે પોતાની પ્રિયા સાથે છે.

એ ક્ષેત્રમાં કોઇ અન્ય પુરૂષ જઇ શકતો નથી. જો કોઇ પુરૂષ ત્યાં જઇ ચડે તો ભવાનીના શાપથી તે તરત જ સ્ત્રીરૂપે બની જાય છે. ત્યાં ભવાનીની સેવામાં તત્પર રહેનારી અસંખ્ય સ્ત્રીઓ રહે છે. એ સ્ત્રીઓથી વીંટળાઇ ભગવાન રુદ્ર સંકર્ષણની ઉપાસના કરે છે. એ સંકર્ષણ ભગવાન શ્રીહરિની તામસી પ્રકૃતિવાળી ચોથી મૂર્તિ કહેવાય છે. કેવળ પ્રાણી માત્રના કલ્યાણ માટે રુદ્ર દ્વારા આ સંકર્ષણ પૂજાય છે. એના પૂજક રુદ્રદેવ અજન્મા હોઇ હંમેશા શાંત ચિત્તવાળા છે.

ભગવાન શંકર બોલ્યા: 'ૐ નમો, ભગવતે મહાપુરૂષાય સર્વ ગુણ સંખ્યા-નાયાનંતાયાવ્યાકતાય નમ:' જેનાથી સર્વ ગુણો અભિવ્યકત થાય છે તે અનંત અને ઓમકાર સ્વરૂપ પરમપુરૂષ શ્રી ભગવાનને નમસ્કાર હો. હે પ્રભો! આપના ચરણકમલ ભકતોને આશ્રય આપનારા છે તથા આપ સ્વયં ઐશ્વ-ર્યોના પરમઆશ્રય છો. ભકતોની આગળ આપ આપનું ભુતભાવન સ્વરૂપ બરોબર પ્રકટ કરીને એમને સંસાર–બંધનમાંથી છોડાવો છો; પરંતુ જે અભકતો છે તેમને બંધનમાં નાખો છો. આપ જ સર્વેશ્વર છો હું આપનું ભજન કરૂં છું. પ્રભો! અમે ક્રોધના આવેગને જીતી શકયા નથી તથા અમારી દૃષ્ટિ પાપથી તરત જ લેપાઇ જાય છે, પરંતુ આપ સંસારને નિયમમાં રાખવા નિરંતર સાક્ષીરૂપે એના સારાયે વ્યાપારને જોતા રહો છો તો પણ અમારી જેમ આપની દૃષ્ટિ પર માયિક વિષયો તથા ચિત્તની વૃત્તિઓનો નામ માત્રનો પણ પ્રભાવ પડતો નથી.

આવી પરિસ્થિતિમાં પોતાના મનને વશ કરવાની ઇચ્છાવાળો કયો પુરૂષ આપને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ કહે છે; પરંતુ આપ સ્વયં એ ત્રણે વિકારોથી રહિત છો, એ માટે આપ અનંત કહેવાવ છો. આપના હજારો મસ્તક પર આ ભુમંડળ સરસવના દાણાની જેમ રહેલ છે. આપને તો એ પણ માલુમ નથી પડતું તુ કે તે કયાં રહેલું છે. જેનાથી ઉત્પન્ન થયેલો હું અહંકારરૂપ પોતાના ત્રિગુણમય તેજથી દેવો, ઇન્દ્રિયો અને ભુતોને રચું છું, તે વિજ્ઞાનના આશ્રય બ્રહ્મા પણ આપના જ મહત્તત્ત્વસંજ્ઞક પ્રથમ ગુણમય સ્વરૂપ છે.

હે મહાત્મન્! મહત્તત્ત્વ, અહંકાર, ઇન્દ્રિયાભિમાની દેવતા, ઇન્દ્રિયો અને પંચભુત આદિ અમે સર્વે દોરીથી બંધા-યેલા પક્ષીની જેમ આપની ક્રિયાશકિતને વશ રહી આપની કૃપાથી આ જગત રચીએ છીએ.

સત્ત્વાદિગુણોની સૃષ્ટિથી મોહ પામેલો આ જીવ તમારી રચેલી તથા કર્મબંધનમાં નાખનારી માયાને તો કદાચિત્ જાણી લે છે; પરંતુ એનાથી છૂટવાનો ઉપાય એને સરળ રીતે જણાતો નથી. આ જગતની ઉત્પત્તિ ને પ્રલય પણ આપ-નાજ રૂપ છે. એવા આપને હું વારંવાર

પ્રણામ કરું છું.

શ્રી નારાયણે કહ્યું : હે નારદ! આ રીતે રુદ્ર સંકર્ષણને ઉપાસે છે. એ જ રીતે ભદ્રાશ્વખંડમાં ધર્મપુત્ર ભદ્રશ્રવા અને એના કુળના મુખ્ય મુખ્ય સેવકો ભગવાન વાસુદેવની 'હયગ્રીવ' નામક સુપ્રસિદ્ધ મૂર્તિને હૃદયમાં ધારણ કરી તેમની સ્તુતિ કરે છે.

સેવકો સાથે ભદ્રશ્રવા કહે છે : 'ૐ નમો ભગવતે ધર્માયાત્મવિશોધનાય નમઃ' ચિત્તને વિશુદ્ધ કરનારા ૐ કાર સ્વરૂપ ભગવાન ધર્મને નમસ્કાર છે. અહો! ભગવાનની પણ લીલા ઘણી વિચિત્ર છે. જેને લઈ આ જીવાત્મા સમગ્રલોકના સંહારક કાળને જોવા છતાં પણ સમજતો નથી અને તુચ્છ વિષયોને સેવતો પાપમય વિચારોમાં રચ્યોપચ્યો રહી પોતાનાં પુત્ર અને પિતામહ વગેરેના શબને સ્મશાનમાં બળતાં જોવા છતાં પોતે જીવવાની ઇચ્છા રાખે છે. જ્ઞાનીઓ જગતને નશ્વર કહે છે, તો પણ પ્રભો! આપની માયાથી લોક મોહ પામે છે. પરમાત્મન્! આપનું સ્વરૂપ મનુષ્ય અને ઘોડા જેવું છે. પ્રલય વખતે દૈત્યો વેદો ચોરી ગયા હતા ત્યારે બ્રહ્માની પ્રાર્થનાથી આપે વેદોને રસાતલથી લાવીને આપ્યા હતા. આવી અમોઘ લીલા કરનારા પ્રભો, આપને વારંવાર નમસ્કાર છે.

આ રીતે ભગવાન હયગ્રીવની સ્તુતિ કરવા ભદ્રશ્રવા વગેરે મુનિઓએ ભગવાન શ્રીહરિના ગુણો વર્ણવ્યા છે. જે પુરુષ આ પરમ પાવન ચરિત્રને જાણે છે કે સાંભળે છે તે સર્વ પાપથી મુક્ત થઈ અનેક ભોગો ભોગવી અંતે દેવીના દિવ્યધામમાં જાય છે. ૧૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'ઇલાવૃત ખંડનું વર્ણન' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### શ્રીહરિના અનેક રૂપની ઉપાસના

શ્રી નારાયણ ઉવાચ

હરિવર્ષે સ ભગવાન્ નૃહરિઃ પાપનાશનઃ ।
વર્તતે યોગયુક્તાત્મા ભક્તાનુગ્રહકારકઃ ॥

શ્રી નારાયણ બોલ્યા: હે નારદ! હરિવર્ષ ખંડમાં પાપનો નાશ કરનાર અને પોતાના ભક્તો પર કૃપા કરનાર ભગવાન નૃસિંહ યોગમાં આત્માને યોજીને રહે છે. ભગવાનના મહાન ભક્ત પ્રહલાદ એમના ગુણોને યથાર્થ જાણે છે. આથી પરમયોગી ભગવાન નૃસિંહના એ પ્રિયરૂપનાં દર્શન કરીને પ્રહલાદ એમના ગુણોને જાણતા હોઇ વર્ણવે છે :– 'ૐ નમો ભગવતે નરસિંહાય નમસ્તે જસ્તેજસે આવિરાવિર્ભવ વજ્રદંષ્ટ્ર કર્માશયન્ રંધય રંધય તમોગ્રસગ્રસ ૐ સ્વાહા, અભયં મમાત્મનિ ભુયિષ્ઠાઃ, ૐ ક્ષૌમ્.'—દરેક તેજના પણ તેજસ્વરૂપ ભગવાન શ્રી નૃસિંહને નમસ્કાર છે. વજ્રનખ વજ્રદંષ્ટ્ર! આપ મારી આગળ પ્રકટ થાઓ, મારી કર્મવાસનાને બાળી નાખો, બાળી નાખો. મારા અજ્ઞાનરૂપ અંધકારનો આપ નાશ કરો.

જે ભગવદ્ ભક્તોના સંગથી તીર્થ-

તુલ્ય પવિત્ર ચરિત્ર સાંભળવા મળે છે, જે એમની અસાધારણ શક્તિ તેમ જ પ્રભાવનાં સૂચક છે, એને વારંવાર સાંભળવાથી કાનો દ્વારા ભગવાન હૃદયમાં પ્રવેશે છે ને એના સર્વ પ્રકારના દૈહિક અને માનસિક મળોનો નાશ કરે છે. ભગવદ્ ભક્તોનો કોણ સંગ ન કરે? માછલીઓને જીવનના આધાર સમું જળ અત્યંત પ્રિય હોય છે તેમ સાક્ષાત્ શ્રીહરિ જ. સમસ્ત પ્રાણીઓના પ્રિય આત્મા છે. એમને ત્યજી જે કોઇ મહત્વાભિમાની પુરુષ ઘરમાં આસક્તિ રાખે છે તો તેમાં સ્ત્રી-પુરુષોની મોટાઇ કેવલ ગુણદષ્ટિથી નહીં માનતાં આયુષ્યને લઇને માનવામાં આવે છે. માટે અસુરો! તમે હવે સમજીને તૃષ્ણા, રાગ, વિષાદ, ક્રોધ, વિરોધ, અભિમાન, ઇચ્છા, ભય, દીનતા અને માનસિક સંતાપનું મૂળ તથા જન્મ મરણરૂપ સંસારચક્રને વહેનાર ગૃહ વગેરેની આસક્તિ ત્યજી દઇ ભગવાન નૃસિંહનાં નિર્ભય ચરણ-કમલનો આશ્રય લો.

હે નારદ! આમ ભક્તરાજ પ્રહ્લાદ પાપરૂપી હાથીઓ માટે નરસિંહ પ્રભુને પોતાના હૃદયકમલ પર રાખીને ભક્તિ-પૂર્વક તેમની નિત્ય સ્તુતિ કર્યા કરે છે.

કેતુમાલ ખંડમાં ભગવાન શ્રીહરિ કામદેવરૂપે બિરાજે છે. ત્યાંના અધિકારી પુરુષો તેમને માન આપે છે. ને ત્યાંની અધિશ્વરી સમુદ્રપુત્રી લક્ષ્મી છે. ભગવતી લક્ષ્મી શ્રીહરિની આ સ્તોત્રથી નિત્ય ઉપાસના કરે છે.

લક્ષ્મી કહે છે : 'ૐ હ્રાં હ્રીં હ્રું, ૐ નમો ભગવતે હૃષીકેશાય સર્વગુણ વિશેષૈ ર્વિલક્ષિતાત્મને આકુતીનાંચિત્તીનાં ચેતસાં વિશેષાણાં આધિપતયે ષોડશકલાયચ્છન્દે મયાયાન્ન-મયાયામૃત-મયાય સર્વમયાય મહસે ઓજસે બલાય કાંતાય કામાય નમસ્તે ઉભયત્ર ભુયાત્'-ઇંદ્રિયોના નિયંતા, સર્વ શ્રેષ્ઠ ગુણોના આશ્રય, જ્ઞાન, ક્રિયા તેમજ સંકલ્પશક્તિ તથા એના વિષયોના વ્યવસ્થાપક, સોળ કલાઓવાળા, વેદોક્તકર્મોથી પ્રાપ્ત કરવા યોગ્ય, અન્નમય અમૃતમય તેમજ સર્વમય થવાની યોગ્યતાવાળા, મન, ઇંદ્રિય અને શરીરની શક્તિરૂપ. પરમ સુંદર ભગવાન કામદેવને 'ૐ હ્રીં હ્રીં હ્રું' એ બીજ મંત્રો સાથે સર્વ તરફથી નમસ્કાર કરું છું.

ભગવન્! આપ સ્વયં ઇંદ્રિયોના સ્વામી છો. અન્ય લૌકિક પતિને મેળવવા સ્ત્રીઓ અનેક પ્રકારનાં વ્રતોથી આપને આરાધે છે પરંતુ તેથી મેળવેલ પતિ તેનાં પ્રિય પુત્ર, ધન અને આયુષ્યને રક્ષવામાં નિષ્ફળ જાય છે; કેમ કે તે પરતંત્ર છે. પ્રભો! જે પોતે સર્વ તરફથી નિર્ભય બની બીજા દુઃખીજનોની રક્ષા કરે છે તે જ પતિ કહેવાય છે અને એવા પતિ તો કેવળ આપ જ છો. જો કોઇ અન્ય પતિ હોય તો પરસ્પર ભયની સંભાવના રહે છે. ભગવન્! જે સ્ત્રી આપના ચરણકમલોને નહીં ઇચ્છતી કોઈ અન્ય વસ્તુ મેળવવા આપને ઉપાસે

છે તેને સમય આવતાં નાશ પામનારી અભીષ્ટ વસ્તુ આપ આપો છો. અને એથી એને પસ્તાવો થાય છે. અપરાજિત ભગવન્ ! ઇંદ્રિયસુખમાં બુદ્ધિવાળા બ્રહ્મા રુદ્ર દેવો તથા અસુરો મને મેળવવા કઠિન તપસ્યા કરે છે; પરંતુ આપના ચરણકમળોની ઉપાસના કરનાર સિવાય હું અન્ય કોઈને સહજ રીતે મળી શકતી નથી. કેમ કે નિરંતર આપના હૃદયમાં જ વસું છું. હે અચ્યુત ! ભક્તોના મસ્તક પર શોભતા આપનાં હસ્તકમળ હંમેશાં મારા શિર પર રહે એવી કૃપા કરો. હે પ્રભો ! આપ મને છાતીમાં ચિન્હરૂપે ધારણ કરો જ છો. માટે તમારી ઇશ્વરી માયાને લીધે તમારી પોતાની લીલાઓને કોણ જાણી શકે છે ?

હે નારદજી ! એ રીતે કામદેવરૂપે વિરાજતા વિશ્વબંધુ ભગવાન શ્રીહરિની લક્ષ્મી કેતુમાલ ખંડમાં ઉપાસના કરે છે. એ ખંડમાં બીજા પણ પ્રજાપતિ વગેરે અધિકારી દેવો કામનાની સિદ્ધિ માટે કામદેવની ઉપાસનામાં તત્પર રહે છે.

રમ્યક નામના ખંડમાં દેવો તથા અસુરોને વંદન કરવા યોગ્ય ભગવાન શ્રીહરિ 'મત્સ્ય'રૂપ ધારણ કરીને બિરાજે છે. એ સર્વશ્રેષ્ઠ મૂર્તિનું સ્વાયંભુવ મનુ કાયમ સ્તવન કરે છે.

મનુ કહે છે: ૐ નમો મુખ્યતમાય નમઃ સત્ત્વાય પ્રાણાયૌજસે બલાય મહામત્સ્યાય નમઃ સર્વમાં મુખ્ય સત્ત્વપ્રધાન મનોબલ, ઇન્દ્રિયબલ ને દેહબલ ૐકારના અર્થરૂપ સર્વશ્રેષ્ઠ ભગવાન મહામત્સ્યને વારંવાર નમસ્કાર હો. સર્વને પ્રેરણા આપનાર ભગવન્ ! આપ સર્વ જીવાત્માઓની અંદર અને બહાર પ્રાણરૂપે વિચરો છો. સર્વ લોકપાલોની દષ્ટિ આપને જોવામાં કુંઠિત થઇ જાય છે. ઇશ્વર નામથી પ્રસિદ્ધ પરમપુરૂષ આપના વશમાં રહીને ચરાચર જગત બાજીગરના હાથથી જેમ કઠપૂતળી નાચે છે તેમ નાચી રહ્યું છે. ભગવન્ ! દ્વેષના માર્યા સર્વ લોકપાલો આપની સહાય લીધા વિના મનુષ્ય, પશુ, નાગ તેમજ સ્થાવર વગેરે પ્રાણીઓની અમે જ રક્ષા કરીશું એમ માની આપનાથી અલગ થયા હતા છતાં તેઓ તે કાર્યને સફળ કરી શકયા નહિ.' હે અજન્મા પ્રભો ! પ્રલયકાળના સમુદ્રમાંથી આપ વિવિધ ઔષધિઓ અને લતાઓના આશ્રયે રહેલી પૃથ્વીને તથા મને લઇને આ સમુદ્રમાં ખેલી રહ્યાં હતા એવા જગતના પ્રાણસ્વરૂપ આપ મત્સ્યભગવાનને વારંવાર નમસ્કાર છે.

એમ રાજાઓમાં શ્રેષ્ઠપદે રહેલા મનુ ભગવાન શ્રીહરિની મત્સ્ય સ્વરૂપે સ્તુતિ કરે છે. જેઓ ભગવાનના ધ્યાન યોગ દ્વારા પાપોનો નાશ કરી ભક્તિથી ભગવાનનું ધ્યાન કરતા, સેવા કરતા આ રમ્યક ખંડમાં બિરાજે છે. ૨૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'શ્રીહરિના અનેક રૂપની ઉપાસના' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### કચ્છપ અને વરાહ રૂપની સ્તુતિ

નારાયણ ઉવાચ

હિરણ્મયે નામવર્ષે ભગવન કુર્મરુપધૃક ।
આસ્તેયોગપતિઃ સોઙડયમર્યમ્ણા-
પૂજ્ય ઈયતે ॥

ભગવાન નારાયણે કહ્યું: 'નારદજી! હિરણ્મય નામક ખંડમાં યોગેશ્વર ભગવાન શ્રીહરિ કચ્છપ રૂપે વિરાજે છે અને તે અર્યમા વડે પૂજાય છે. તે સમયે આ મંત્રોચ્ચાર કરે છે: ઓમનમો ભગવતે અંકુપારાય સર્વસત્ત્વગુણ વિશેષાયનોપલક્ષિત સ્થાનાય નમસ્તે સંપૂર્ણ સત્ત્વાદિ ગુણ જેમનું વિશેષણ છે તથા અલક્ષિત સ્થાનવાળા ઓમકાર સ્વરૂપ ભગવાન કચ્છપને વારંવાર નમસ્કાર છે. પ્રભો! વિવિધ રૂપે દેખાતું જગત આપની માયાથી ભાસતું હોવાથી આપનું જ રૂપ છે, પરંતુ તે યથાર્થ નહીં જણાતું હોવાથી એની ગણના થઇ શકતી નથી, એવા અનિવર્ચનીય સ્વરૂપ આપ શ્રીહરિને નમસ્કાર છે.

ભગવન! જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ, જંગમ, સ્થાવર, દેવ, ઋષિ, પિતૃઓ, ભુતો, ઈંદ્રિયો, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વતો, સાગરો, દ્વીપો, ગ્રહો અને નક્ષત્રો વગેરે જે કંઇ દેખાય છે તે આપ જ છો. પ્રભો! આપનાં અસંખ્ય નામ છે, રૂપ છે અને આકૃતિઓ પણ ઘણી છે. એવા સાંખ્યસ્વરૂપ ભગવાન આપને નમસ્કાર હો.

આ રીતે હિરણ્મય ખંડના અન્ય અધ્યક્ષો સાથે અર્યમા ભગવાન કચ્છપની સ્તુતિ, ગુણાનુવાદ અને ભજન કરે છે. પુનઃ ઉત્તરકુરૂ ખંડમાં યજ્ઞપુરુષ ભગવાન શ્રીહરિ વારાહરૂપે વિરાજે છે. એ આદિવારાહ ભગવાનની પૃથ્વી સદા સર્વદા ઉપાસના કરે છે. કૃપારસથી ભરપૂર હૃદયવાળી પૃથ્વી, દૈત્યોનો નાશ કરનારા ભગવાન યજ્ઞવારાહની ભકિત સાથે વિધિપૂર્વક પૂજા કરીને એમના ગુણોનું કીર્તન કરતા મંત્રોચ્ચાર કરે છે: ૐ નમો ભગવતે મંત્રતત્ત્વલિંગાય યજ્ઞક્રતવે મહાધ્વરાવયવાય મહાવરાહય નમઃ કર્મશુકલાય ત્રિયુગાય નમસ્તે— મંત્રોથી જાણવામાં આવતા તત્ત્વવાળા, યજ્ઞરૂપી શરીરવાળા તથા શુકલકર્મમય, ત્રિયુગમૂર્તિ ૐકારસ્વરૂપ ભગવાન વારાહને વારંવાર પ્રણામ છે. ભગવાન્! કાષ્ટમાં છૂપાયેલ અગ્નિને પ્રકટ કરવા માટે મંથન કરનારા ઋત્વિજગણોની જેમ પરમ પ્રવીણ મહાપુરુષો જેમના દર્શન માટે મનરૂપ મંથનદંડથી શરીરને મથે છે ત્યારે પોતાના સ્વરૂપને પ્રકટ કરતા આપ ભગવાન શ્રીહરિને વારંવાર નમસ્કાર છે.

પ્રભો! એક હાથી પોતાના પ્રતિસ્પર્ધિ બીજા હાથીને પછાડે તેમ જેમણે યુદ્ધમાં પ્રતિદ્વંદ્વી હિરણ્યાક્ષને હણીને મને પોતાની દાઢંના અગ્રભાગથી ઊઠાવી રસાતલથી બહાર કાઢી હતી, છે જગતના આદિકારણ સ્વરૂપ સર્વ શકિતમાન

વારાહ ભગવાનને હું નમસ્કાર કરું છું.

કિંપુરૂષ ખંડમાં ચરાચર જગતના શાસક દશરથનંદન શ્રીરામચન્દ્ર સીતા સાથે વિરાજે છે, તેમની હનુમાનજી સ્તુતિ કરતાં મંત્રોચ્ચાર કરે છે: ઓમનમો ભગવતે ઉત્તમ શ્લોકાય નમ: આર્યલક્ષણ શીલવ્રતાય નમ: ઉપશિક્ષિતાત્મને ઉપાસિતલોકાય નમ: સાધુવાદનિકષણાય નમો બ્રહ્મણ્યદેવાય મહાપુરુષાય મહાભાગાય નમ: । ઓમકાર સ્વરૂપ પવિત્ર કીર્તિવાળા ભગવાન શ્રીરામને મારા નમસ્કાર છે. સાધુતાની પરીક્ષા માટે કસોટીરૂપ ભગવાન શ્રીરામને નમસ્કાર છે. બ્રાહ્મણોના પરમ ભક્ત તેમજ મહાન ભાગ્યશાળી આપ મહાપુરુષ શ્રીરામચન્દ્રને નમસ્કાર.

ભગવાન ! મનુષ્યરૂપ આપનો અવતાર કેવલ રાક્ષસોના વધના નિમિત્તે નહીં પણ પ્રાણીઓને સુખ દુ:ખ આવે છે એ જણાવવા માટે થયો હતો, આપ પરમ સમર્થ પ્રભુને વળી સીતાના વિયોગમાં આટલાં દુ:ખ શા માટે સહન કરવાં પડે ? જાનકી માટે દુ:ખી થવું તથા લક્ષ્મણ વિયોગથી ઉદ્વિગ્ન થવું એ આપને માટે ક્યારેય સંભવતું નથી. તો પણ જગતને ઉપદેશ આપવા માટે આપ આ સર્વ કરી રહ્યા છો.

ભગવન્, દેવ, દાનવ, માનવ અથવા વાનરોએ મનુષ્યરૂપે પધારેલા આપ શ્રી રામનું ભજન કરવું જોઈએ. ઉપકારીના સાધારણ ઉપકારને પણ મહાન માનનારા, હૃદયમાં અસીમ દયાવાળા આપ પરમધામમાં પધારતી વેળા એકલા ન જતાં ઉત્તર કોસલના નિવાસીઓને પણ સાથે લઇ ગયા હતા. એવા આપને પ્રણામ.

શ્રી નારાયણ બોલ્યા: 'નારદ ! એ રીતે કિંપુરૂષ ખંડમાં વાનરશ્રેષ્ઠ હનુમાન સત્ય પ્રતિજ્ઞાવાળા, દૃઢવ્રતી તથા કમલ પાંખડીઓ સમાન વિશાળ નેત્રવાળા ભગવાન શ્રીરામની સ્તુતિ, ગુણગાન તથા ભક્તિપૂર્વક પૂજા કરે છે. જે મનુષ્ય ભગવાન શ્રીરામની આ અદ્ભુત કથા સાંભળે છે તેના સર્વ પાપો નાશ પામે છે અને તે પરમાત્મા રામચન્દ્રજી સમાન લોકને પામે છે.' ૨૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે
'કચ્છપ અને વરાહ રૂપની સ્તુતિ' નામનો
૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### ભરતખંડના ઉપાસ્ય દેવો

નારાયણ ઉવાચ

ભારતાખ્યેચવર્ષેઽસ્મિન્નહમાદિજ પૂરુષ: ।
તિષ્ઠામિ ભવતા ચૈવ—
સ્તવનંક્રિયતેઽનિશમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : નારદ ! આ ભરતખંડમાં આદિપુરૂષ હું રહ્યો છું તમે મારી નિરંતર મંત્રોચ્ચાર વડે સ્તુતિ કરો છો: નમો ભગવતે ઉપશમશીલાયોપરતાનાત્મ્યા નમોઽકિંચનવિત્તાય ઋષિઋષભાય નરનારાયણ પરમહંસપરમગુરવે આત્મારામધિપતયે નમો નમો નમ: । શાંત સ્વભાવવાળા, અહંકાર—રહિત,

ત્યાગીઓના ધનરૂપ, ઋષિઓમાં શ્રેષ્ઠ, પરમહંસોના પરમગુરૂ તથા આત્મારામ પુરૂષોના અધીશ્વર ઓમકાર સ્વરૂપ ભગવાન નારાયણને વારંવાર નમસ્કાર છે. આ જગતની સૃષ્ટિ વગેરેના કર્તા હોવા છતાં પણ કર્તૃત્વાભિમાનથી નહીં બંધાતા દેહમાં રહેવા છતાં પણ દૈહિક ગુણ ભુખ–તરસથી ક્ષુબ્ધ નહીં થનારા તથા દૃષ્ટા હોવા છતાં પણ દૃશ્યના ગુણ–દોષોથી દૂષિત નહીં થનારી દૃષ્ટિવાળા, પરમ અસંગ તેમજ વિશુદ્ધ સાક્ષી સ્વરૂપ આપ ભગવાન નારાયણને નમસ્કાર છે. હે યોગેશ્વર! બ્રહ્માએ યોગમાંની જે કુશળતા કહી છે તે આજ છે કે, અંત સમયે અહંકાર–રહિત થઇ નિર્ગુણબ્રહ્મ આપવામાં જે મનુષ્ય ભક્તિપૂર્વક મનને જોડે છે તેજ યોગની સફળતા છે. ભગવન્! સાંસારિક અને પારલૌકિક ભોગોની ઇચ્છા રાખનાર વ્યકિત સ્ત્રી, પુત્ર અને ધનની ચિંતા કરતાં કરતાં મૃત્યુ પામે છે.

તેમ જે વિદ્વાન પણ પોતાના આ નિંદિત શરીરના છૂટી જવાના ભયથી ભયભીત રહે તો એનો કરેલો વિદ્યાભ્યાસ કેવલ પરિશ્રમ માત્ર છે. માટે તમારામાં સ્વાભાવિક રહેનારો ભકિતયોગ આપ મને આપો, જેના સહારે હું માયારચિત અત્યંત દ્રઢ મમતા તેમ જ અહંકાર જલદી તોડી નાખું.

આ રીતે સમગ્ર સારદૃષ્ટિના જાણકાર મુનિવર નારદ દ્વારા મારી–અપ્રમેય સ્વરૂપ નારાયણની હંમેશાં સ્તુતિ થયા કરે છે. હે દેવર્ષિ! આ ભરતખંડમાં જેટલી નદીઓ તથા પર્વતો છે એને હું કહું છું તેને તમે એકાગ્રચિત્તે સાંભળો. પર્વતોમાં: મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકુટ, ઋષભ, કુટક, કોલ્લ, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વ્યંકટ, અદ્રિ, મહેન્દ્ર, વારિધાર, વિંધ્ય, મુક્તિમાન, ઋષ, પર્વત, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, સૈવતક, કકુભ, નીલ, ગોરમુખ, ઇંદ્રકીલ તથા કામગિરિ પર્વતો આવેલા છે.

એ સિવાય અન્ય પુણ્યદાયી પાર વગરના પર્વતો આવેલા છે. એમાંથી નીકળેલી હજારો નદીઓના મધુરા જળ પીવાથી અને તેમાં સ્નાન કરવાથી તથા એમના દર્શન અથવા નામોચ્ચારથી જીવાત્માઓના ત્રણે પ્રકારના પાપ નાશ પામે છે. તે નદીઓના નામ તામ્રપર્ણી, તુંગભદ્રા, કૃષ્ણાવેણા, શર્કરાવર્તકા, ગોદાવરી, ભીમરથી, નિર્વિંધ્યા, પયોષ્ણિકા, તાપી, રેવા, સુરસા, નર્મદા, સરસ્વતી, ચર્મણ્વતી, સિંધુ તથા અંધ તેમ જ શોણ નામક બે મોટા નદ, ઋષિકુલ્યા, ત્રિસામા, વેદસ્મૃતિ, કૌશિકી, યમુના, ગંગા, મંદાકિની, દૃષદ્વતી, ગોમતી, સરયુ, રોધસ્વતી, સપ્તવતી, સુષોમા, શતદ્રુ, ચંદ્રભાગા, મરૂદ્વૃધા, વિતસ્તા, અસિકની અને વિશ્વ.... આ મુખ્ય નદીઓ કહી છે.

હે નારદ! આ ભારતવર્ષમાં પોત–

પોતાના કર્મોથી જન્મ લેનારા પુરૂષોને પોતપોતાના સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મોના પ્રભાવથી જ દિવ્ય, માનવ તેમજ પશુની યોનિ મળે છે, જાતજાતના ભોગ ભોગવવા મળે છે.

પોતપોતાના વર્ણાશ્રમ પ્રમાણે વ્યવહાર કરવાથી ભરતખંડના વાસીઓને મોક્ષ પણ મળવાની વાત બિલકુલ સ્પષ્ટ છે. એ મોક્ષરૂપી પરમ કાર્યની સિદ્ધિના સાધન હોવાને કારણે જ આ ભરતખંડની મુખ્યતા છે. સ્વર્ગવાસીઓ પણ કહે છે કે, 'અહો ! આ ભરતખંડના મનુષ્યોએ એવું તે શું ઉત્તમ કાર્ય કર્યું છે અથવા ભગવાન પોતે એમના પર પ્રસન્ન થયેલા છે, જેને લીધે તેઓ આ ભરતખંડમાં મનુષ્ય જન્મીને નારાયણ ભગવાનની સદા સેવા કરે છે. અમને પણ આવો શ્રેષ્ઠ અવસર મળવો જોઇએ. અમે પણ કઠોર તપ, યજ્ઞ, વ્રત અને દાનના પ્રભાવથી સ્વર્ગ તો મેળવ્યું, પણ એથી શું ? કેમ કે ભગવાન નારાયણના ચરણકમળોની અમને સ્મૃતિ સુદ્ધાં રહી નથી.

મનુષ્યયોનિ ઉત્તમ જ્ઞાન, ક્રિયા અને દ્રવ્ય વગેરે વિવિધ સામગ્રીઓથી યુક્ત છે.

ભગવાન શ્રીહરિના ચરણકમળ સર્વ ઇચ્છાઓ શાંત કરે છે. નિષ્કામભાવથી ભજતો પુરુષ શ્રીહરિની કૃપાથી એમના ચરણકમળને પામી સદાને માટે પૂર્ણકામ થાય છે. માટે પૂર્વજન્મકૃત યજ્ઞ, ધ્યાન, તેમ જ કર્મોના ફળભોગનો જો કંઇ પણ અંશ બાકી હોય તો તેના પ્રભાવથી અમે આ ભરતખંડમાં ભગવચ્ચિંતન કરનારો માનવજન્મ મેળવીએ, કારણ કે આ ભરતખંડમાં ભગવાન નિરંતર પોતાના ભકતોનું કલ્યાણ કરે છે.

હે નારદ ! જંબુદ્વીપમાં બીજા આઠ ઉપદ્વીપો કહેવાય છે. સગર રાજાના પુત્રો અશ્વમેધના ઘોડાનો માર્ગ જ્યારે શોધતા ત્યારે તેઓએ આ પેટા-દ્વીપો કર્યા છે.

સુવર્ણપ્રસ્થ, ચન્દ્રશુક, આવર્તન, રમણક, મંદર, હરિણ, પાંચજન્ય, સિંહલ, તથા લંકા-આ નામના તે દ્વીપનાં ઉપ-દ્વીપો કહ્યા છે. આ રીતે મેં તમને જંબુદ્વીપનું વર્ણન કહ્યું, હવે પ્લક્ષદ્વીપ વગેરે છ દ્વીપનું વર્ણન હું કરીશ. ૩૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'ભરતખંડના ઉપાસ્ય દેવો' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### પ્લક્ષ, શાલ્મલિ અને કુશદ્વીપનું વર્ણન

નારાયણ ઉવાચ :

જંબુદ્વીપો યથાચાયંયતપ્રમાણેનકીર્તિતઃ ।
તાવતા સર્વતઃક્ષારોદધિના પરિવેષ્ટતઃ ॥

શ્રી નારાયણ બોલ્યા : નારદ ! જેટલા માપવાળો જંબુદ્વીપ કહ્યો છે તેટલા જ એક યોજનના માપવાળા ખારા સમુદ્રથી આ દ્વીપ વીંટળાયેલો છે. જેમ મેરુ પર્વતની ચારે તરફ જંબુદ્વીપ છે તેમ એની ચારે બાજુ ખારો સમુદ્ર વીંટળાયેલો છે. એ ખારા સમુદ્રથી બે-ગણો પ્લક્ષદ્વીપ ખાઇથી વીંટળાયેલ ઉપવનની જેમ ઘેરાયેલો રહ્યો છે.

પ્લક્ષદ્વીપનો રાજા પ્રિયવ્રતનો પુત્ર યજ્ઞબાહુ હોઇ તેનું 'ઇધ્મજિહ્વ' એવું

નામ છે, રાજા પ્રિયવ્રતે પોતાના દ્વીપના સાત ખંડો કરી સાતે પુત્રોને વહેંચી દીધા અને પોતે આત્મજ્ઞાનીઓને માન્ય યોગસાધનામાં જોડાયા તેથી તેમને ભગવાનની પ્રાપ્તિ થઇ.

પ્લક્ષદ્વીપના શિવ, યવસ, ભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય—એ સાત ખંડ છે. એ સાત ખંડમાં નદીઓ: અરુણા નૃમ્ણા, અંગિરસી, સાવિત્રી, સુપ્રભાતિકા, ઋતંભરા અને સત્યંભરા એ નદીઓ છે. તથા પર્વતોમાં મણિકુટ, વજ્રકુટ, ઇંદ્રસેન જ્યોતિષ્માન્ , સુપર્ણ, હિરણ્યષ્ઠીય અને મેઘમાલ એ સાત પર્વતો આવેલા છે. એ નદીઓના જળના દર્શન અને સ્પર્શ માત્રથી ત્યાંના લોકોના પાપસમુહ ધોવાઇને તેઓ પવિત્ર થયા છે. આ પ્લક્ષદ્વીપમાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ નામક ચાર વર્ણ રહે છે. અને તેમનું આયુષ્ય લગભગ એક હજાર વર્ષ ગણાય છે. તેઓ ત્રણે વેદોમાં દર્શાવેલી વિધિથી સૂર્યોપાસના કરે છે. પ્લક્ષ વગેરે પાંચે દ્વીપોમાં જન્મ લેનારાં પ્રાણીઓ પરિમિત આયુષ્ય ઇંદ્રિય, શક્તિ, બળ, બુદ્ધિ અને પરાક્રમ સાથે ઉત્પન્ન થાય છે.

પ્લક્ષદ્વીપથી બમણા વિસ્તારવાળો શાલ્મલિદ્વીપ છે અને એના જ જેટલા લાંબા–પહોળા મદિરા-સમુદ્રથી તે વીંટળાયેલો છે. પ્લક્ષદ્વીપમાંના પીપળાના વૃક્ષ જેવું ત્યાં સમડાનું વૃક્ષ છે. પક્ષીરાજ ગરુડ આ દ્વીપમાં રહે છે.

મદિરા સમુદ્ર કરતાં બમણો કુશદ્વીપ છે જે ઘૃત સમુદ્રથી વીંટળાયેલો છે. ત્યાં દર્ભનું ઝુંભડું પ્રકાશી રહ્યું છે તેથી તે કુશદ્વીપ કહેવાય છે. પ્રિયવ્રતકુમાર હિરણ્યરેતા દ્વીપનો શાસક છે. હિરણ્યરેતાએ આ દ્વીપના સાત ખંડ કરી તેને વસુ, વસુદાન, દઢરૂચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને ભામદેવ નામના પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા. એ ખંડની સીમા નક્કી કરનારા પર્વતો: ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકુટ, દેવાનિક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ નામના સાત પર્વતો આવેલા છે તેમ જ નદીઓ રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાલિકા નામની સાત નદીઓ વહે છે. કુશદ્વીપવાસીઓ એના પાણી પીએ છે. એ ખંડોમાં કુશલ, કોવિદ, અભિયુક્ત અને કુલક સંજ્ઞાવાળા ચાર વર્ણ રહે છે. તેઓ અગ્નિરૂપ દેવને શ્રીહરિસ્વરૂપે ઉપાસે છે:

હે અગ્નિ! તમે સાક્ષાત પરબ્રહ્મને હવ્ય પહોંચાડનારા છો માટે પરબ્રહ્મના અંગરૂપ દેવોના યજ્ઞ વડે તે પરબ્રહ્મને જ બધું અર્પણ કરજો.' એ રીતે કુશદ્વીપવાસીઓ અગ્નિને પૂજે છે. ૩૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'પ્લક્ષ શાલ્મલિ અને કુશદ્વીપનું વર્ણન' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### ક્રૌંચ, શાક, પુષ્કર આદિ દ્વીપોનું વર્ણન

નારદ ઉવાચઃ

શાકદ્વીપ પ્રમાણં ચ વદ સર્વાર્થદર્શન ।
યેન વિજ્ઞાતમાત્રેણ પરાનંદમયો ભવેત્ ॥

નારદે કહ્યું : હે સર્વ પદાર્થોને જોનારા

ભગવન્! હવે આપ બાકીના દ્વીપોનું કૃપા કરી માપ પ્રમાણ બતાવો.

શ્રી નારાયણ બોલ્યા : ઘૃતોદ સમુદ્રથી વીંટળાયેલા કુશદ્વીપથી બે-ગણો ક્રૌંચદ્વીપ છે. એટલા જ વિસ્તારવાળા ક્ષીરોદ સમુદ્રથી તે ઘેરાયેલો છે. આ દ્વીપમાં ક્રૌંચ નામે પર્વત છે. એથી એ ક્રૌંચદ્વીપ કહેવાય છે.

પહેલાં કાર્તિકેયની શક્તિથી-સાંગ નામના હથિયારથી એનો મધ્યભાગ ચિરાઈ ગયો હતો તે સમયે ક્ષીરોદ સમુદ્રે ખેંચીને અને વરુણે રક્ષણની વ્યવસ્થા કરવાથી તે પુનઃ સ્થિર રહ્યો છે. પ્રિયવ્રતકુમાર ઘૃતપૃષ્ઠ એ દ્વીપનો રાજા હતો. તેણે એ દ્વીપના સાત ખંડ કરી પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા. ઘૃતપૃષ્ઠની આજ્ઞાથી એક એક પુત્ર એકએક પર્વતનો રાજા બન્યો. એ રીતે પુત્રોને નિયુક્ત કરી પોતે શ્રીહરિના શરણે ગયો. આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામક, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ એ એમના પુત્રોનાં નામ છે. એ દ્વીપમાં પર્વતો : શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર એ સાત પર્વતો તથા નદીઓ : અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, શુક્લ અને પવિત્રવતી એ સાત નદીઓ છે, જે નદીઓનાં જળ પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક એ ચારે વર્ણના લોક પીએ છે. તેઓ વરુણને ઉપાસે છે.

ક્ષીરોદસમુદ્રની પછી તેની ચારે બાજુ બત્રીસ લાખ યોજનના વિસ્તારવાળો ઉત્તમ શાકદ્વીપ છે. જે તેના જેટલા જ વિશાળ દહીંના સમુદ્રથી વીંટળાયેલો છે. આ દ્વીપમાં શાક નામક મોટું ઝાડ છે જેથી તે શાકદ્વીપ કહેવાય છે. પ્રિયવ્રતનો કુમાર મેધાતિથિ ત્યાંનો રાજા હતો. તેણે પણ તે દ્વીપના સાત ભાગલા પાડી પોતાના પુત્રો : પુરોજય, મનોજય, પવમાન, ધૂમાનીક, ચિત્રરેખ, બહુરૂપ અને વિશ્વધૃત-સાતેય પુત્રોને વહેંચી આપ્યા. એની સીમા નક્કી કરનારા પર્વતોઃઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેશર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાસન એ સાત પર્વતો તેમજ નદીઓ : અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રશ્રુતિ અને નિજધૃતિ એ નદીઓ છે. આ દ્વીપમાં રહેતા લોકો : સત્યવ્રત, ક્રતુવ્રત, દાનવ્રત અને અનુવ્રત એ ચારે વર્ણના પરાક્રમી લોકો પ્રાણાયામથી મુક્ત રહી ભગવાન તરીકે પ્રાણવાયુને ઉપાસે છે.

એ રીતે દહીંના સમુદ્ર પછી તેની આગળ એનાથી ઘણાં લાંબા-પહોળા વિસ્તારવાળો પુષ્કર દ્વીપ છે જે પોતાના જેટલા માપના મીઠા જળના સમુદ્રથી વીંટળાયેલો છે. એ દ્વીપમાં સોનાનું એક કમળ પ્રકાશી રહ્યું છે. અગ્નિની જ્વાળાઓ જેવી પાંખડીઓવાળું અત્યંત પ્રકાશિત તે કમળ છે. એ કમળ સંસારના એકમાત્ર શાસક બ્રહ્મદેવના નિવાસ માટે સ્થાપિત કરવામાં આવ્યું છે.

એમાં પૂર્વ અને પશ્ચિમના ખંડોની

સીમા બતાવનારો દશ હજાર યોજન ઊંચો અને એટલો જ વિસ્તૃત માનસોત્તર નામક એક પર્વત આવેલો છે. એની ચારે દિશામાં ઇંદ્રાદિ લોકપાલોના ચાર નગરો છે. એના ઉપર થઇને સૂર્ય સુમેરૂની પ્રદક્ષિણા કરે છે. સૂર્યના રથનું ચક્ર સંવત્સરનું પ્રતિક છે. તે દેવયાન અને પિતૃયાન માર્ગથી આગળ વધે છે. પ્રિયવ્રતકુમાર વીતિહોત્ર તે પુષ્કર દ્વીપનો રાજા હતો. આ દ્વીપને પોતાના રમણ અને ધાતકી નામના બે પુત્રોને તેમણે વહેંચી આપ્યો અને પોતે પોતાના મોટાભાઇઓની જેમ ભગવાનની ભક્તિમાં તત્પર થઇ ગયો. આ ખંડમાં રહેતા લોકો કર્મસહિત યોગના અભ્યાસી હોઈ સાક્ષાત્ પરબ્રહ્મ પરમેશ્વર સ્વરૂપે માની તેમની ઉપાસના કરે છે. શ્રીહરિની આરાધના કરતા તેઓ કહે છે: કર્મના ફળરૂપ, બ્રહ્મને જણાવનાર, કેવળ પરમેશ્વરમાં જ સ્થિતિવાળા, જગત્પૂજ્ય અદ્વૈત તથા પરમ શાંત સ્વરૂપવાળા તે ભગવાનને અમારા નમસ્કાર છે. ૩૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'ક્રૌંચ, કાક, પુષ્કર આદિ દ્વીપોનું વર્ણન' નામનો

## અધ્યાય ૧૪ મો

### લોકાલોક પર્વતની રચના

નારાયણ ઉવાચ

તતઃ પરસ્તાદચલો લોકાલોકેતિનામતઃ ।
અંતરાલે ચ લોકાલોકયોર્યઃ પરિકલ્પિતઃ ॥

શ્રી નારાયણ બોલ્યા : દેવર્ષિ નારદ! તે મીઠા જળના સમુદ્ર પછી લોકાલોક પર્વત છે. જેને લોક તથા આ લોકની વચ્ચે તે બન્ને પ્રદેશોના વિભાગ માટે કલ્પ્યો છે. માનસોત્તર પર્વતથી લઇ સુમેરૂ પર્વત વચ્ચે જેટલું અંતર છે તેટલા માપનો તે પર્વત છે. ત્યાંની ભૂમિ સોનાની હોઇ દર્પણ જેવી છે. ત્યાં કેવલ દેવતાઓ જ રહે છે. ત્યાં કોઇ પદાર્થ પડે તો તે પાછો મળી શકતો નથી. એટલે કે સોનું જ થઇ જાય છે. માટે ત્યાં સર્વ પ્રકારનો પ્રાણી સમુદાય રહી શકતો નથી એથી એ લોકાલોક કહેવાય છે. સૂર્ય જેને પ્રકાશિત કરે છે ને જેને નથી કરતો તે બંને લોકની બરોબર મધ્યમાં એ પર્વત રહેલો છે. અને ભગવાન શ્રીહરિએ ત્રણે લોકો ઉપર ચારે તરફ સીમા નક્કી કરવા માટે એ પર્વત બનાવેલો છે. સૂર્યથી લઇને ધ્રુવ સુધી સર્વ ગ્રહો એ પર્વતને આધીન છે. એથી એ ગ્રહોના કિરણો લોકાલોક પર્વતની પાછળ રહેનારા ત્રણે લોકોને જ પ્રકાશિત કરે છે. બીજી તરફના લોક એ કિરણોનો પ્રકાશ મેળવી શકતા નથી. આ પર્વત જેટલો ઊંચો છે તેટલો જ લાંબો છે. એ પર્વત ઉપર બ્રહ્માએ ઋષભ, પુષ્પચુડ, વામન અને અપરાજિત નામક ચાર દિગ્ગજોની સમસ્ત લોકોની સ્થિતિને માટે નિયુક્તિ કરી છે. તેઓની તથા પોતાના અંશરૂપ ઇન્દ્રાદિ લોકપાલોની શક્તિઓને પુષ્ટ રાખવા માટે વિશુદ્ધ સત્ત્વગુણ તથા ઐશ્વર્યના કર્તા સ્વયં શ્રીહરિ એ લોકાલોક પર્વત પર રહે છે. તેમની સેવામાં આઠ સિદ્ધિઓ સહિત

વિષ્વકસેન આદિ પાર્ષદો રહે છે. શંખ, ચક્ર, ગદા અને પદ્મ વગેરે આયુધોથી શોભતા ચતુર્ભુજ સનાતન પરમાત્મા શ્રીહરિ કલ્પ પર્યંત લોકોનું કલ્યાણ કરવા અહીં રહે છે. પોતાની માયાથી રચેલા આ જગતના રક્ષણ માટે તેઓ ત્યાં બિરાજે છે. લોકાલોક પર્વતની અંદર ભુમિ જેટલી બહાર પણ છે. એની આગળ જે વિશુદ્ધ ભુમિ છે ત્યાં યોગીપુરૂષ જ જઇ શકે છે.

નારદ ! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે રહેલા બ્રહ્માંડની મધ્યમાં સુર્ય રહે છે. સુર્યમંડલ અને બ્રહ્માંડ પચીસ કરોડ યોજન દૂર છે. મૃતખંડ અર્થાત્ ચેતના–શુન્ય ખંડમાં વિરાજવાથી સુર્ય 'માર્તંડ' કહેવાય છે અને હિરણ્યમય બ્રહ્માંડથી પ્રકટેલા હોવાથી 'હિરણ્યગર્ભ' પણ કહેવાય છે. દિશા, આકાશ, અંતરિક્ષલોક, પૃથ્વીલોક, સ્વર્ગ, અપવર્ગ, નરક અને પાતાલનો વિભાગ સુર્ય કરે છે. દેવ, મનુષ્ય, પશુ, જમીન વગેરે જેટલા પ્રાણી છે એ બધાનો આત્મા સુર્ય છે. તે નેત્રેન્દ્રિયના સ્વામી કહેવાય છે.

એ બંને લોકોની મધ્યમાં અંતરિક્ષ લોક છે જ્યાં પ્રકાશ ફેલાવનાર ભગવાન સુર્ય બિરાજે છે, ઉત્તરાયણ થતાં તેમની ગતિ મંદ પડી જાય છે. કારણ કે ઉત્તરાયણ સ્થાન ઘણું ઊંચું છે. જ્યારે એ સ્થાન પર સુર્ય આવે છે ત્યારે દિવસ મોટો થાય છે અને દક્ષિણાયન માર્ગે જતાં ગતિની તીવ્રતાને લઇને ને સ્થાન નીચું હોઇને દિવસ નાનો થતો જાય છે. સુર્યનું ત્રીજું વિસુવૃત છે તે સમાન હોવાથી સુર્યની ગતિ એકસરખી રહે છે એથી ત્યાં જતા દિવસના માપમાં કોઇ ખાસ અંતર પડતું નથી. જે વખતે સુર્ય મેષ અને તુલા રાશિ પર આવે છે ત્યારે ઘણું ખરૂં દિવસ–રાત સરખાં રહે છે. જ્યારે વૃષભ વગેરે પાંચ રાશિઓમાં તે રહે છે ત્યારે દિવસ લાંબો ને રાત્રિ ટુંકી થતી જાય છે અને જ્યારે વૃશ્ચિક વગેરે પાંચ રાશિઓમાં સુર્ય પોતે ગતિ કરે છે ત્યારે ત્યારે રાત્રિ લાંબી થાય છે અને દિવસો ટુંકા થતા જાય છે. ૨૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે
'લોકાલોક પર્વતની રચના' નામનો
૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### સુર્યનું ત્રણ પ્રકારનું ગમન

**નારાયણ ઉવાચ :**

**અતઃ પરં પ્રવક્ષ્યામિભાનોર્ગમનમુત્તમમ્ ।**
**શીઘ્રમંદાદિગતિભિસ્ત્રિવિધં ગમનં રવેઃ ॥**

નારાયણ બોલ્યા: 'હે નારદ ! આ સુર્યની ઉતાવળી, ધીમી તથા મધ્યમ એવી ગતિઓથી સુર્યનું ગમન ત્રણ પ્રકારનું છે.

સર્વ ગ્રહોના 'જરદ્ગવ, ઐરાવત અને વૈશ્વાનર.' એ ત્રણ સ્થાન છે. તેમાં વચ્ચેનું 'જરદગવ' સ્થાન, ઉત્તરનું 'ઐરાવત' સ્થાન અને દક્ષિણનું 'વૈશ્વાનર' સ્થાન બરાબર દર્શાવ્યું છે. પ્રત્યેક સ્થાન ત્રણ ત્રણ વીથીઓ–શેરીઓવાળું હોય છે. 'અશ્વિની, ભરણી ને કૃત્તિકા.'

એ નાગવીથી, 'રોહિણી, મૃગશિર ને આર્દ્રા'એ ગજવીથી ને 'પુષ્ય, પુનર્વસુ ને આશ્લેષા'એ ઐરાવતીવીથી કહેવાય છે.

એ ત્રણે વીથીઓ 'ઉત્તરમાર્ગ'-ઉત્તર માર્ગ, કહેવાય છે. તેમજ 'મઘા, પૂર્વા-ફાલ્ગુની, ઉત્તમ ફાલ્ગુની એ ત્રણ નક્ષત્રોને આર્ષભીવીથી માનેલી છે. 'હસ્ત, ચિત્રા તેમજ સ્વાતિ' ગોવીથી કહેવાય છે: 'વિશાખા, અનુરાધા અને જ્યેષ્ઠા જારદ્ગવી વીથી મનાય છે. આ ત્રણ વીથીઓ તે મધ્યમાર્ગ કહેવાય છે. તેમજ 'મૂળ, પૂર્વાષાઢા તથા ઉત્તરાષાઢા'એ અજવીથી કહેવાય છે. 'શ્રવણ, ધનિષ્ઠા તથા શતભિષા'એ મૃગવીથી કહેવાય છે. અને 'પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા તથા રેવતી' એ વૈશ્વાનરી વીથી કહેવાય છે. આ ત્રણે વીથીઓને દક્ષિણમાર્ગ કહે છે. જ્યાં સૂર્યરથ ઉત્તરાયણના માર્ગે રહે છે ત્યારે તેનાં બન્ને પૈડાં પવનરૂપી પાશથી બંધાઈ ધ્રુવ દ્વારા ખેંચાઈ જાય છે. તે વખતે એ સુર્યની આરોહણ ગતિ કહેવાય છે. મંડળની અંદર રથ ચાલે છે ત્યારે રથની ગતિ ધીમી થાય છે, ત્યારે દિવસો લાંબા અને રાત્રિ ટૂંકી થાય છે. આ પ્રમાણે ઉત્તરાયણની ગતિ છે. જે સમયે સુર્ય, ચંદ્ર વગેરે લોકપાલની નગરીમાં જાય છે તે વેળા ત્રણે લોકો પ્રકાશિત થાય ત્યારે યમની સંયમની નગરીમાં મધ્યાહન થાય છે, તેજ સમયે વરૂણની નિમ્લોચની નગરીમાં સુર્યનો અસ્ત અને ત્યારે જ સોમની વિભાવરી નગરીમાં મધ્યરાત્રિ થાય છે. બ્રહ્મવાદીઓનું આવું મંતવ્ય છે. એ રીતે વરૂણલોક, ચંદ્રલોક અને ઇન્દ્રલોકમાં જવા માટે સમય તથા માર્ગના દુરપણાનો નિયમ છે. એ રીતે સુર્ય જેમ ફર્યા કરે છે તેઓ પણ નક્ષત્રો સાથે ઉદય અને નક્ષત્રો સાથે અસ્ત પામે છે. એ રીતે સુર્યનો રથ બે ઘડીમાં ચોત્રીસ લાખ આઠસો યોજનનું ચક્કર કાપે છે. એમાં ચારે દિશાઓની ચારે નગરીઓ આવી જાય છે.

એમના રથનું પૈંડું વર્ષરૂપ છે, તેમાં બાર મહિનાઓરૂપી પૈંડાની ધાર છે. આમ વર્ષરૂપ ચક્ર વિદ્વાનોએ વર્ણવ્યું આ રથની એક ધરાની સિરા સુમેરૂ પર્વતના શિખર પર અને બીજી માનસોત્તર પર્વત પર હોય છે. સુર્યના રથનાં પૈંડાં તેલ પીલવાની ઘાણીની જેમ ફરે છે. એમ જ માનસોત્તર પર્વત ઉપર સુર્ય પરિભ્રમણ કરે છે. સુર્યના રથનો બેસણીનો ભાગ છત્રીસ લાખ યોજન લાંબો છે. તેનાથી ચોથા ભાગે તે પહોળો છે. રથની ધુંસરી પણ તેટલાજ માપની છે. જેમાં સુર્યના સારથિ અરૂણે 'છંદસ' નામના સાત ઉત્તમ અશ્વો જોડયા છે. સારથિ દ્વારા રથે જોડાતા એ ઘોડા જગતના કલ્યાણ માટે સુર્યને તે સ્થાનો પર પહોંચાડે છે. સારથિ તરીકે ગરુડના અરુણ સુર્ય સન્મુખ મુખ રાખી અશ્વો હાંકવા બેસે છે.

એવી જ રીતે અંગુઠાના પારા જેવડા

સાઠ હજાર વાલખિલ્ય ઋષિગણ સુર્યની સન્મુખ ઊભા રહી વેદના મંત્રોથી તેમની સ્તુતિ કરે છે તેવી જ રીતે બીજા ઋષિઓ, ગંધર્વો, અપ્સરા, નાગો, યક્ષો, રાક્ષસો અને દેવતાઓ છે તેમાંથી એક એક દેવ એક મહિનો સુર્યની ઉપાસના કરે છે. એમ સાત મહિનામાં સાત દેવો દ્વારા અનુક્રમે સુર્યની આરાધના થતી રહે છે, દેવોના પણ મોટા દેવ અને વિશ્વવ્યાપક ભગવાન સુર્યનારાયણ સાડાનવ કરોડ ને એક લાખ યોજન વિસ્તારવાળા ભુમંડળ ઉપર હંમેશાં એક ક્ષણના સમયે બે હજાર યોજન અને બે કોશ ગતિ કરે છે, આ પ્રમાણે એમની ગતિનો નિયમ છે. ૪૫

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'સુર્યનું ત્રણ પ્રકારનું ગમન' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૬ મો

### ચંદ્ર વગેરે ગ્રહો અને ગતિના ફળ

શ્રી નારાયણ ઉવાચ

અથાતઃ શ્રુયતાં ચિત્રં–
સોમાદીનાં ગમાદિકમ્ ।
યદનત્યનસ્તા નૃણાં શુભાશુભનિદર્શની ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! જેની ગતિથી મનુષ્યને શુભ ને અશુભ સમયનું જ્ઞાન થાય છે તે ચન્દ્ર વગેરે ગ્રહોની ગતિ વિષે હવે સાંભળો : જેમ કુંભારનો ચાક ફરતો હોય ત્યારે તેની ઉપર રહેલા જીવ-જંતુઓ પણ તેની સાથે ફરે છે, છતાં તેઓની પોતાની ગતિ તે વખતે જુદી જુદી હોઇ શકે છે. કેમકે ચાક પર રહેલી કીડી એક



જગ્યાએ ચોંટી રહેતી નથી પણ આમ તેમ ફર્યા કરે છે એ રીતે રાશિઓથી ઉપલક્ષિત કાલચક્ર અનુસાર સુમેરૂ અને ધ્રુવને જમણી તરફ રાખીને ફરનારા સુર્ય વગેરે મુખ્ય ગ્રહોની એક બીજી ગતિ પણ જોવામાં આવે છે, અને તે નક્ષત્ર ઉપર આધાર રાખે છે. આમ કાળચક્રની ગતિ તથા તેના આધારે રહેલા ગ્રહો વગેરેની ગતિ....એ બન્ને વિરૂદ્ધ નથી.

સાથે સાથે મનુષ્યોના કર્મોની શુદ્ધિ માટે પોતાના વેદમય શરીરને ૧૨ ભાગમાં વહેંચીને વસંત વગેરે ૬ ઋતુઓમાં પ્રાણીઓના કર્મભોગ પ્રમાણે ઋતુઓના ગુણોને રચે છે.

પ્રાણીમાત્રના આત્મા સુર્ય 'ધ્રુવ-લોક' અને 'પૃથ્વીલોક'ની મધ્યમાં કાળ-ચક્ર પર સ્થિર રહી ચાલે છે. બાર મહિના તે એક વર્ષના અંગ ગણાય છે. મેષ વગેરે રાશિઓ એની પ્રસિદ્ધ છે. સુર્ય બાર મહિનાઓને ભોગવે છે તે એક મહિનો એમ સૌરમાપથી કહેવાયું છે; વળી પિતૃઓના માપથી પણ કહેવાય છે. તેમ જ સવાબે નક્ષત્રોને સુર્ય ભોગવે છે તે એક મહિનો એ સૌરમાપથી કહેવાય છે.

વર્ષનો છઠ્ઠો ભાગ એટલે બે રાશિને જેટલા કાળથી સુર્ય ભોગવે તેટલો કાળ 'ઋતુ' કહેવાય છે. આ ઋતુઓને વર્ષના અવયવ તરીકે વિદ્વાનોએ વર્ણવેલ છે. સુર્ય આકાશમાર્ગે થઇ જેટલા સમયમાં સ્વર્ગ ને પૃથ્વી સહિત સારાયે આકાશ

મંડળનું ચક્કર લે છે એટલા સમયને વર્ષ જાણવું. એ વર્ષ પણ સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર ને વત્સર એમ પાંચ પ્રકારનું છે.

ચન્દ્રમાં સુર્યનાં કિરણોથી એકલાખ યોજન ઊંચો જણાયો છે. સુર્યના એક વર્ષના ભોગકાળને ચન્દ્ર બે પખવાડિયાથી ભોગવે છે. સુર્યના એક મહિનાના ભોગકાળને ચંદ્ર સવાબે દિવસથી ભોગવી લે છે અને સુર્યના એક પખવાડિયાના ભોગકાળને ચન્દ્ર એક દિવસે ભોગવી લે છે, આવી ઉતાવળી ગતિવાળો ચન્દ્ર નક્ષત્ર મંડળને ભોગવી રહ્યો છે. આમ તીવ્રગામી ચંદ્ર નિશ્ચિતરૂપે ભુમંડળમાં ભ્રમણ કરે છે. તે પોતાની પૂર્ણ થતી કલાઓથી દેવોને અને ક્ષીણ થતી કલાઓથી પિતૃઓને પ્રસન્ન કરે છે. પોતાના પૂર્વ અને ઉત્તર પક્ષો દ્વારા દેવોના રાત્રિ–દિવસનો વિભાગ કરે છે. સમસ્ત જીવોના પ્રાણ અને જીવન ગણો તો તે ચન્દ્ર જ છે. સોળ કલાવાળા તે ત્રીસ મુહુર્તમાં પ્રત્યેક નક્ષત્રને ભોગવે છે, વળી તે ચંદ્ર મનોમય, અન્નમય, અમૃતનું ધામ તથા અમૃતની ખાણરૂપ હોઇ દેવો, પિતૃઓ. મનુષ્યો, સર્પો તથા વેલાઓ વગેરેના પ્રાણનો પોષાક છે.

એ ચંદ્રની ઉપર ત્રણ લાખ યોજન દુર નક્ષત્રોનું મંડળ ફર્યા કરે છે. ઇશ્વરે યોજેલું તે નક્ષત્રમંડળ પણ મેરૂને પ્રદક્ષિણા કરીને જ ફર્યા કરે છે. તે નક્ષત્રો અભિજિત સાથે અઠ્ઠાવીસની સંખ્યાવાળા ગણ્યાં છે. તે નક્ષત્રમંડળથી ઉપર બે લાખ યોજન દુર શુક્ર ગ્રહ રહેલો છે, તે સુર્યની આગળ, પાછળ કે સાથે જ ઉતાવળી, ઘટતી તથા મધ્યમ ગતિએ ફર્યા કરે અને ફરતો ફરતો લોકોને કલ્યાણકારી બને છે. તે વર્ષાનાં વિઘ્નોને સદા દુર કરે છે. એનાથી બે લાખ યોજન પર બુધનું સ્થાન છે. તેની પણ ઉપર પ્રમાણે ત્રણ ગતિ છે. તે જે વેળા સુર્યને ઓળંગીને ચાલે છે ત્યારે પ્રાયઃ આંધી થવી, વાદળો થઇને વીખરાઇ જવા, આવી રીતે દુષ્કાળની ચેતવણી મળે છે. બુધથી બે લાખ યોજન ઉપર મંગલ પરિભ્રમણ કરે છે, જે અમંગલ થવાની આગાહિરૂપ હોઇ ઘણું ખરું સર્વને માટે અનિષ્ટદાયક થાય છે. બે લાખ યોજન ઉપર બૃહસ્પતિ રહે છે. એ જો વક્રી થયેલો ન હોય તો એક વર્ષ સુધી એક જ રાશિમાં રહે છે. અને તે બ્રાહ્મણકુળને અનુકુળ રહે છે. તે પછી તેની ઉપર બે લાખ યોજન દુર ભયંકર શનિશ્ચર છે. એ મહાગ્રહ સુર્યનો પુત્ર કહેવાય છે અને એકએક રાશિમાં ત્રીસ ત્રીસ મહિને ફરીને સર્વ રાશિઓ ભોગવે છે. કાલજ્ઞ જનોનું કહેવું છે કે શનિશ્ચર ગ્રહ ઘણું ખરૂં દરેકને માટે અનિષ્ટકારક ફળ આપનાર છે.

એનાથી અગિયાર લાખ યોજન ઉપર સપ્તર્ષિ મંડળ છે. જેઓ પ્રાણીમાત્રનું કલ્યાણ કરવાની ભાવના રાખતા હોઇ જેને વિષ્ણુપદ કહે છે એ ધ્રુવ--

લોકની પ્રદક્ષિણા કરે છે. ૩૭

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'ચન્દ્ર વગેરે ગ્રહો અને ગતિના ફળ' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૭ મો

## ધ્રુવમંડળ અને રાહુમંડળ

નારાયણ ઉવાચ

**અથાર્ષિમણ્ડલાદૂર્ધ્વંયોજનાનાં પ્રમાણતઃ ।**
**લક્ષૈસ્ત્રયોદશમિતૈઃ પરમં વૈષ્ણવંપદમ ॥**

શ્રી નારાયણ બોલ્યા : વિષ્ણુનું ઉત્તમ સ્થાન–વિષ્ણુપદ તે સપ્તર્ષિમંડળની ઉપર તેર લાખ યોજન દૂર આવેલું છે. અહીં ઉત્તાનપાદ રાજાના ઉત્તમ પુત્ર ધ્રુવ રહે છે. સમસ્ત જગત તેમને મસ્તક ઝુકાવે છે. ઇન્દ્ર, અગ્નિ, કશ્યપ અને ધર્મએ સર્વ નિરંતર તેમની પ્રદક્ષિણા કરે છે. તેઓ કલ્પ પર્યંતના પ્રાણીઓના જીવનાધાર બની આ લોકમાં વિરાજે છે. તે ભક્ત ધ્રુવ કલ્પ સુધી જીવનારાઓને પણ આશ્રય કરવા યોગ્ય હોઇ ભગવાનના ચરણની ઉપાસના કર્યા કરે છે.

આંખના એક પલકારા જેટલો સમય પણ નહિ રોકાતા અને અસ્પષ્ટ વેગવાળા કાળને લીધે ભમતા ગ્રહો તથા નક્ષત્રો વગેરે જ્યોતિર્ગણોનો જાણે મૂળ આધાર હોય એવું ઇશ્વરે બનાવેલું તે દેવપૂજિત ધ્રુવમંડળ પોતાની કાંતિથી સર્વને પ્રકાશમાન કરતું પ્રકાશ્યા કરે છે. જેમ ધાન્યને કણસલાંથી છૂટું પાડવા હાલરાંથી બંધાયેલા બળદ ચારે તરફ ઘુમ્યા કરે છે તે રીતે કાળચક્રમાં જોડાઈ તેઓ અંદર અને બહાર ફર્યા કરે છે. ધ્રુવનો આશ્રય લઇ વાયુની પ્રેરણાથી કલ્પપર્યંત આ રીતે ચક્કર લગાવ્યા કરે છે. ચક્કર કાપતા દરેક ગ્રહોનો પ્રકૃતિ અને પુરુષ સાથે સંયોગ સુલભ છે. એથી તેઓ જમીન પર પડતા નથી. કેટલાક જ્ઞાનીઓ કહે છે કે, એ જ્યોતિશ્ચક્ર 'શિશુમાર' નામના એક માછલા જેવા આકારનું છે. અને ભગવાનની યોગધારણારૂપ કર્મ માટે ઉપયોગી છે. એ આડા મસ્તકવાળા શિશુમારના પૂંછડાના આગલા ભાગમાં ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ રહેલો છે. પૂચ્છના અગ્રભાગથી નીચેના ભાગમાં દેવોથી પૂજિત પ્રજાપતિ કશ્યપ, અગ્નિ, ઇંદ્ર તથા ધર્મ રહેલા છે. પૂચ્છના મુલમાં ધાતા, વિધાતા અને કટીમાં સપ્તર્ષિઓ છે. એ શિશુમારના જમણા પડખે અભિજિતથી પુનર્વસુ સુધીનાં ઉત્તર ગતિવાળાં ચૌદ નક્ષત્રો છે. અને ડાબા પડખે પુષ્પથી લઇ ઉત્તરાષાઢા સુધીના દક્ષિણ ગતિવાળાં ચૌદ નક્ષત્રો છે. શરીરને ગોળ વાળી બેઠેલાંના બન્ને પડખામાં એક સરખા અવયવો હોય છે. પીઠના ભાગમાં અજવીથીના નક્ષત્રો છે, પેટના ભાગમાં આકાશગંગા છે. અને ડાબા જમણા કેડના પાછલા ભાગમાં પુનર્વસુ તથા પુષ્ય નક્ષત્રો છે. આર્દ્રા તથા આશ્લેષ નક્ષત્રો જમણા–ડાબા પાછલા પગમાં છે અને અભિજિત્ તથા ઉત્તરાષાઢા નક્ષત્રો જમણા–ડાબા એ નાકમાં છે. તેની જમણી–ડાબી આંખમાં શ્રવણ તથા પૂર્વાષાઢા નક્ષત્રને અનુક્રમે કલ્પ્યાં, મઘા વગેરે આઠ દક્ષિણાયન

નક્ષત્રો ડાબા પડખાનાં હાડકામાં મૃગ-શીર્ષ વગેરે ઉત્તરાયણ નક્ષત્રો જમણા પડખાના હાડકામાં ઊલટા ક્રમથી ગોઠવેલા છે. તેમ જ શતભિષા–જયેષ્ઠા નક્ષત્રો બન્ને પડખામાં રહેલાં છે, ઉપરની હડપચીમાં અગસ્ત્ય અને નીચેની હડપચીમાં યમ, મુખમાં મંગળ અને ગુહ્યેન્દ્રિયમાં શનિ રહ્યો છે, બૃહસ્પતિ ખાંધમાં, સૂર્ય છાતીમાં, ચંદ્ર મનમાં અને નારાયણ હૃદયમાં રહેલાં છે. વક્ષ સ્થળમાં બે અશ્વિનિકુમારો, નાભિમાં શુક્રાચાર્ય, પ્રાણ તથા અપાનમાં બુધ અને ગળામાં રાહુ તથા કેતુ છે. તેના સર્વ અંગોમાં રૂંવાટાના જે છિદ્રો છે તે તારાના સમુહ કહેવાય છે. આ જ્યોતિશ્ચક્ર વિષ્ણુ ભગવાનનું સર્વદેવમય શરીર છે. મુનિઓએ સંધ્યા સમયે તેનું ધ્યાન ધરવું.

બુદ્ધિમાન મનુષ્યે આ મંત્રોચ્ચારપૂર્વક દર્શન કરતાં પ્રાતઃકાળે ઊઠવું : 'નમો જ્યોતિ ર્લોકાય કાલાયાનિમિષાં પતયે મહાપુરુષાયાભિધી મહિ.'

જ્યોતિર્લોકરૂપ કાલરૂપ અને દેવોના સ્વામિ મહાપુરૂષને નમસ્કાર હો. અમે તેમનું ધ્યાન કરીએ છીએ. એમ કહી પ્રાતઃકાળે ઊઠવું. ગ્રહો, નક્ષત્રો, તારા, અને સર્વદેવમય જ્યોતિ–ચક્રના મંત્રને ત્રણે કાળ જપવા અને તેમને નમસ્કાર અને સ્મરણ કરવાથી સત્વર તે તે કાળના પાપો નાશ પામે છે. ૩૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'ધ્રુવમંડળ અને રાહુમંડળ' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### રાહુમંડળ અને પાતાલનું વર્ણન

શ્રી નારાયણ ઉવાચ

અધસ્તાત્ સવિતુર્યોજનાયુતં રાહુમંડલમ્ ।
નક્ષત્ર વચ્ચહાત ચ સૌહિકેયોડતદહરણઃ ॥

શ્રી નારાયણ બોલ્યા : સૂર્યથી દસ હજાર યોજન નીચે રાહુમંડલ કહ્યું છે. તે રાહુ નક્ષત્રપણાને અયોગ્ય હોવા છતાં પોતે નક્ષત્રની પેઠે ફર્યા કરે છે.

સૂર્ય–ચન્દ્રને પીડનાર રાહુ, વિષ્ણુ ભગવાનની કૃપાથી અમરત્વ અને ગ્રહપદ પામ્યો છે. દશ હજાર યોજન વિસ્તારવાળા તપતા સુર્યના બિંબને અને બાર હજાર યોજન વિસ્તારવાળા ચન્દ્રને તેર હજાર યોજન વિસ્તારનો રાહુ પૂર્વનું વેર યાદ કરી ઢાંકવાના પ્રયત્ન કરે છે. એ જોઇ ભગવાન વિષ્ણુએ મોકલેલું પ્રજ્વલિત ચક્ર સૂર્ય–ચન્દ્રની આસપાસ ફર્યા કરે છે. એ સુદર્શન ચક્રને જોઇ ભયભીત થયેલા મનવાળો એ રાહુગ્રહ લગભગ બે ઘડી સુધી ચંદ્ર–સુર્યને આડો આવી જઇ હેરાન કરતો દૂરથી જ પાછો ફરે છે. જેટલો સમય તે આડો આવે છે. તેટલા સમયને 'ગ્રહણ' કહેવામાં આવે છે. એ રાહુગ્રહની નીચે પરમ પવિત્ર લોકો કહેવાય છે. સિદ્ધો, ચારણો તથા વિદ્યાધરોના એ લોકો રાહુથી દસ હજાર યોજન નીચે કહેવાય છે અને પુણ્યથી પ્રાપ્ત થાય છે. તેઓની નીચે યક્ષો, રાક્ષસો, પિશાચો, પ્રેતો તથા ભુતોને રહેવાનું ઉત્તમ અંતરિક્ષ કહેવાય

છે. જ્યાં સુધી વાયુ વાય છે અને વાદળાં ઉત્પન્ન થતાં જણાય છે ત્યાં સુધીના ભાગને 'અંતરિક્ષ' કહે છે. એ અંતરિક્ષથી ૧૦૦ યોજન નીચે પૃથ્વી કહેવાય છે. જ્યાં સુધી ગરૂડ, બાજ, સારસ, હંસ વગેરે પક્ષીઓ ઊડી શકે છે, એ સર્વ પાર્થિવ પદાર્થ છે. આમ પૃથ્વીનું પરિમાણ અને સ્થિતિનું વર્ણન કર્યું છે.

આ પૃથ્વીની નીચે એક હજાર યોજન ઊંચા ને એટલા લાંબા વિવરો કહ્યાં છે. તે પ્રત્યેક દસ–દસ હજાર યોજન જેટલાં દુર છે. સર્વ ઋતુઓમાં એ સુખદાયી છે. એમાંના પહેલાંને અતલ, બીજાને વિતલ, ત્રીજાને સુતલ, ચોથાને તલાતલ, પાંચમાને મહાતલ, છઠ્ઠાને રસાતલ અને સાતમાને પાતાલ કહેવાય છે. એ વિવરોમાં સ્વર્ગથી પણ અધિક સુખ સામગ્રીઓ છે. વિષયભોગ, ઐશ્વર્ય ને સુખ તેમ જ સમૃદ્ધિથી ભરેલા ભવન છે, તે ઉપરાંત અનેક ઉદ્યાનો તથા વિહાર–સ્થાનો છે, એટલે જ્યાં ત્યાં સુખનું સામ્રાજ્ય જોવા મળે છે. ત્યાં રહેનારા અસુરો તેમ જ નાગો પોતાના પરિવાર સાથે નિત્ય આનંદ કરે છે. તેઓ માયાવી પણ છે. એટલે તેમની કોઇ પણ ઇચ્છા ઇશ્વરથી પણ રોકી શકાતી નથી. મહામાયાવી મયદાનવે એ પાતાલોમાં જ્યાં જ્યાં પોતાની ઇચ્છાનુસાર વિભાગોવાળી નગરીઓ બનાવેલી છે તે તે નગરીઓમાં ઉત્તમ આવાસો અત્યંત સુશોભિત ને મણિજડિત્ર છે. આ નગરીઓ દેવોને પણ દુર્લભ એવી શોભાવાળી છે. ત્યાં વિવિધ પ્રકારના પક્ષીઓના સમૂહોથી વ્યાપ્ત અને ઘણા સ્વચ્છ જળથી ભરેલા જળના ધરા માછલાંથી શોભી રહ્યાં છે, તેમ જ જળ–જંતુઓથી ઉછળતા તેમના પાણીમાં અનેક વિવિધ રંગોના કમળના સમૂહો પણ રહેલા છે.

મોટા મોટા સાપોના મસ્તક પર રહેલા મણિઓના પ્રકાશથી ત્યાં અંધકાર રહી શકતો નથી. ત્યાંના રહેવાસીઓને દિવ્ય ઔષધિ, રસાયણ પદાર્થ, રસ અન્નપાન તેમ જ સ્નાન વગેરેની કશી જ જરૂર રહેતી નથી.

વળી તેઓને માનસિક કે શારીરિક પીડાઓ થતી નથી. તેમ જ વળિયાં, પળિયાં, ઘડપણ, ફિક્કાશ, પરસેવાની દુર્ગંધ, અનુત્સાહ કે ઉંમરને લગતી અવસ્થા ત્યાંના લોકોને કદી કષ્ટ આપતી નથી. તેઓને ભગવાનના તેજરૂપ સુદર્શન ચક્ર સિવાય બીજા કોઇથી પણ મૃત્યુનો ભય રહેતો નથી. જ્યારે સુદર્શન ચક્ર એ નગરીઓમાં પહોંચી જાય છે, ત્યારે તેના ભયથી રાક્ષસીઓના ગર્ભ ગળી–પડી જાય છે. ૪૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'રાહુમંડલ અને પાતાલનું વર્ણન' નામનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### જુદા જુદા પાતાલનું વર્ણન

શ્રી નારાયણ ઉવાચ

પ્રથમે વિવરે વિપ્ર અતલાખ્યે અનેરમે ।
મયપુત્રો બલોનામ વર્તતેડખર્વગર્વકૃત ॥

શ્રી નારાયણ બોલ્યા : અતલ નામના

પ્રથમ પાતાલમાં માયાવી મયદાનવનો 'બલ' નામે અભિમાની પુત્ર રહે છે.

એણે સર્વ કામના સિદ્ધ કરનારી છન્નુ પ્રકારની માયા રચી છે એમાંની કેટલી માયાથી માયાવી લોક જાણકાર છે. તે બધાં અસુરો અતિબળવાન અને પરાક્રમી છે. એ બળવાન 'બલ' દાનવ જ્યારે બગાસુ ખાય છે ત્યારે તેના પહોળા થયેલા મુખમાંથી લોકોને મોહ ઊપજાવતા ત્રણ પ્રકારનાં સ્ત્રીઓના ટોળા ઉત્પન્ન થાય છે. એ સ્ત્રીઓ 'પુંશ્ચલી' એટલે કે પરપુરૂષ સેવનારી, સ્વૈરિણી એટલે પોતાની જાતના પુરૂષ સાથે વ્યભિચાર કરનારી ને કામિની એટલે પોતાની જાત સિવાય અન્ય જાતિના પુરૂષ સાથે રતીક્રિડા કરનારી એવા નામથી પ્રખ્યાત છે. આ બધી સ્ત્રીઓ એટલી બધી ચતુર છે કે પાતાળમાં જે પુરૂષ પ્રવેશે તેના પર મોહજાળ પાથરી તેને એકાંતમાં લઇ જઇ 'હાટક' નામના સોનાનો રસ પાઇ પોતાની સાથે સમાગમ કરવા તેને પ્રોત્સાહિત કરે છે. એ રસનો ઉપભોગ કરનાર પુરુષ 'હું ઇશ્વર છું, સિદ્ધ છું, દશ સહસ્ર હાથી જેવો બળવાન છું.' એમ પોતાને ખૂબ પ્રતાપી માને છે ને મદાંધ જેવો બને છે.

એ અતલ પછી વિતલ નામનું પાતાળ આવેલું છે. એ પાતાળમાં મોટા દેવોથી પૂજાતા 'હાટકેશ્વર' નામના ભગવાન શંકર બ્રહ્મા એ રચેલી સૃષ્ટિની વૃદ્ધિના ઉદ્દેશને લઇને તેઓ પાર્વતીની સાથે જોડાઇને રહે છે. ત્યાંથી શંકર અને પાર્વતીના તેજથી 'હાટકી' નામની એક નદી નીકળેલી છે. તેના જળનું પાન વાયુથી પ્રેરાયેલ અગ્નિ કરે છે અને પછી તે થૂંકે છે ત્યારે તેમાંથી દૈત્યોને પ્રિય 'હાટક' નામનું સોનું બની જાય છે, દાગીનાને યોગ્ય તે સોનાને દૈત્યોની સ્ત્રીઓ કાયમ ધારણ કરે છે. એ વિતલની નીચે 'સુતલ' નામનું ઉત્તમ પાતાળ આવેલું છે. ત્યાં પવિત્ર યશવાળો વિરોચનનો પુત્ર બલિરાજા રહે છે. ઇંદ્રનું કાર્ય કરવા શ્રી હરિએ વામન સ્વરૂપે પ્રકટ થઈ બલિને અહીં રહેવા માટે વ્યવસ્થા કરેલી છે. ભગવાને ત્રણે લોકની સંપત્તિ અહીં મોકલ્યા પછી બલિને રાખ્યો છે. ઇંદ્ર વગેરે દેવો પણ પ્રાપ્ત ન કરી શકે તેટલી અમિત લક્ષ્મી બલિરાજા પાસે છે, તેવી લક્ષ્મીને બલિરાજા ભોગવે છે. એ બલિરાજા દેવોના પણ મોટા દેવ એ વામન ભગવાનને જ ભક્તિથી આરાધે છે અને જરાયે ભય રાખ્યા વગર આજે પણ ત્યાં રહે છે. તે બલિરાજાએ સર્વના ઇશ્વર વિષ્ણુરૂપી સુપાત્રને પૃથ્વીનું દાન કર્યું, તેના ફળરૂપે બલિરાજાને સુતલનું રાજ્ય પ્રાપ્ત થયું છે.

એમ કેટલાક મહાત્માઓનું મંતવ્ય છે, પણ એ વ્યાજબી નથી. કેમકે જેઓ દેવ વિદેવ શ્રીહરિનું વિવશતાથી નામોચ્ચારણ કરે છે તે પોતાના કર્મ બંધનરૂપી દોરડા અનાયાસે છેદી નાખે છે. જે સમગ્ર સંસારના નિપુણ શાસક ભગવાનને

યોગીપુરુષ ક્લેશરૂપ બંધન કાપવા માટે નિરંતર સાંખ્ય યોગ વગેરે સાધન દ્વારા ઉપાસે છે, એવા પ્રભુદ્વારા બલિને સુતલનું રાજ્ય મળે એ કાંઇ ઉદારતા નથી. વિષ્ણુ ભગવાનનું નામ પણ કોઇ પરાધીન પ્રાણી જો ઉચ્ચારે છે, તો તે જ ક્ષણે પોતાના કર્મબંધનના ક્લેશોને અનાયાસે દૂર કરી શકે છે, તે ભગવાન વિષ્ણુએ બલિરાજા પર કંઇ કૃપા જ કરી નથી. કારણ કે તેમણે તો તેને માયામય ભોગોનું મહૈશ્વર્ય આપ્યું છે, પણ મોક્ષ નથી આપ્યો. ભગવાન વિષ્ણુને જ્યારે બીજો કોઇ ઉપાય ન જડયો ત્યારે યાચના કરવાના બહાનાથી પ્રથમ બલિરાજાનું સર્વસ્વ લીધું અને કેવળ તેનો દેહ જ બાકી રાખ્યો, પછી બલિને વરૂણપાશથી બાંધી સુતલલોકમાં લઇ જઇ ત્યાં તેને વસાવ્યો. એ વખતે બલિએ આ પ્રમાણે કહ્યું હતું :

બૃહસ્પતિ જેવા મંત્રીને મેળવ્યા છતાં ઇંદ્ર ખરેખર મોટો મૂઢ છે, કેમ કે અત્યંત પ્રસન્ન થયેલા આ ભગવાન પાસેતેણે સાંસારિક સંપત્તિ માગી. ભલા આ ત્રૈલોકયનું ઐશ્વર્ય કેટલું તુચ્છ છે. ભગવાનના આશીર્વાદના અપાર મહિમાને છોડી સંસાર પ્રત્યે આસકિત રાખનાર જરૂર મૂર્ખ છે. સર્વ લોકોનું કલ્યાણ ઇચ્છનારા મારા પિતામહ પ્રહલાદ શ્રીહરિ ઉપર ઘણો ભકિતભાવ રાખતા હતા. એટલે જ તેમણે ભગવાનનું દાસપણું જ માંગ્યું હતું. પ્રહલાદના પિતાની જીવન-લીલા સમાપ્ત થતાં શ્રી ભગવાન વિષ્ણુ મારા પિતામહ પ્રહલાદને અગણિત સંપત્તિ, ઘણું ઐશ્વર્ય આપી રહ્યા હતા પણ તેમણે તેનો અસ્વીકાર કર્યો હતો. મારા જેવા દોષના ભંડાર જેવાને શ્રી હરિની લીલાની કયાંથી ખબર પડે? સુતલમાં રહેલા બલિરાજાના દ્વારપાલ તરીકે શ્રીહરિ પોતે જ ત્યાં રહે છે. એક સમય અભિમાની રાજા રાવણ એકાએક એ સુતલમાં આવ્યો ત્યારે ત્યાં દ્વારપાલ તરીકે રહેલા ભગવાને માત્ર પગના અંગુઠા વડે તેને ઉછાળીને દશ હજાર યોજન દુર ફેંકી દીધો હતો. આવા પરમ દાની અને સમસ્ત સુખ ભોગવનાર બલિરાજા, શ્રીવિષ્ણુની કૃપાથી સુતલલોકનું રાજ્ય ભોગવે છે. ૩૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'જુદા જુદા પાતાળનું વર્ણન' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### તલાતલ આદિ પાતાલોનું વર્ણન

શ્રી નારાયણ ઉવાચ

તતોઽધસ્તાદ વિવરકં-
તલાતલ સુદારિતમ્ ।
દાનવેન્દ્રા મયોનામ ત્રિપુરાધિ-
પતિ ર્મહાન્ ॥

શ્રી નારાયણ બોલ્યા : સુતલની નીચેના ભાગમાં "તલાતલ" નામનું પાતાલ છે, ત્યાં ત્રિપુરાધિપતિ દાનવોનો રાજા 'મયદાનવ' રહે છે.

એક વેળા ભગવાન શંકરે તેનાં ત્રણ પુરો—નગરો બાળી નાખ્યા હતાં, પણ

પાછળથી તેનું રક્ષણ કર્યું હતું, તેથી દેવોના દેવ શંકરની કૃપાથી એ તલાતલ-રૂપી રાજ્ય તેને મળ્યું હતું. આ મય-દાનવ વિવિધ માયાઓમાં કુશળ હોવાથી માયાવી લોકોનો આચાર્ય ગણાય છે. એટલે પોતાના કાર્યોની સિદ્ધિ અર્થે સર્વ રાક્ષસો તેને પૂજે છે. એ તલાતલની નીચે 'મહાતલ' નામે વિવર છે. ત્યાં અસંખ્ય સર્પો વસે છે, એ સર્પોને એક નહિ પણ ઘણાં મસ્તકો હોય છે. એમાંના મુખ્ય સર્પો: 'કુહક, તક્ષક, સુષેણ અને કાલિય છે તે મોટી ફેણવાળા, ભયાનક અને ઘણી શક્તિવાળા છે, પરંતુ પક્ષીરાજ ગરૂડનો તેમને સદાય ભય રહે છે.

તેઓ અનેક ક્રીડાઓમાં મગ્ન રહી આનંદ કર્યા કરે છે. એ મહાતલની નીચે 'રસાતલ' નામનું પાતાલ છે, તેમાં 'પણિ' નામના દૈત્યો વસે છે, તેઓ દેવોના શત્રુઓ છે. તેઓ અત્યંત બળિયા છે. પરંતુ વિષ્ણુ ભગવાનના તેજથી તેઓનું સાહસ નાશ પામ્યું છે અને તેથી જ તેઓ પાતાળમાં ભરાઇ રહે છે. એ રસાતલની નીચે પણ 'પાતાળ' છે, જ્યાં સર્વ નાગલોકના સ્વામિ 'વાસુકિ' વગેરે ઘણા સર્પો રહે છે. તેમના નામો : 'શંખ, કુલિક, શ્વેત, ધનંજય, મહાશંખ, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, શ્વેતજ્ઞ, ધૃતરાષ્ટ્ર, કંબલ, અશ્વતર અને દેવદત્ત છે; તેઓ મોટી ફેણવાળા અને કાતિલ વિષ ધારણ કરનારા છે. આ નાગોમાંમા કેટલાક તો પાંચ, સાત, દસ, સો તેમજ હજાર મસ્તકોવાળા છે. તેઓના મસ્તકમાં એવો તેજસ્વી મણિ રહેતો હોય છે કે તેના તેજના પ્રભાવથી પાતાળનો ઘોર અંધકાર દુર થતાં તેઓ સુખરૂપ રહી શકે છે. એ પાતાળના મુળ ભાગમાં ત્રીસ હજાર યોજન દુર 'શેષનાગ' નામનો ભગવાનનો તમોગુણી અંશ સર્વ દેવોથી પૂજાતો રહે છે. જે શેષનાગને અહંકારનો અધિષ્ઠાતા કહે છે, અને તે દ્રષ્ટ-આત્માનું તથા દ્રશ્ય-દેહાદિનું એક બીજામાં ખેંચાણ કરી દે છે.

તેથી પચંરાત્ર સિદ્ધાંતના ઉપાસકો તેમને 'સંકર્ષણ' કહે છે. સહસ્ત્ર મસ્તકોવાળા ભગવાન શેષ 'અનંત' કહેવાય છે. એમના મસ્તક પર રહેલ આ ગોળાકાર ભુમંડળ સરસવના દાણા જેવું લાગે છે. કોઇ કાળે એ પ્રભુના મનમાં સૃષ્ટિના સંહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે તેમની ભ્રમરોમાંથી 'સંકર્ષણ' નામના એક રુદ્ર પ્રકટે છે. અગિયાર રુદ્રમૂર્તિથી શોભતા ત્રણ નેત્રોવાળા, અમિત શક્તિવાળા, તે રુદ્ર સૃષ્ટિના સંહારના ઉદ્દેશથી ત્રિશુળને ઉગામતા પોતે જ મહાભુતોનો નાશ કરનાર તરીકે ઉત્પન્ન થાય છે, વળી એકાંતમાં કરેલા ભક્તિ-યોગથી પોતાના મસ્તકોથી પ્રણામ કરતા એ નાગરાજાઓ શેષ ભગવાનનાં ઝળકતા કુંડળોથી પ્રકાશિત સુખકમળ, સુંદર કપોલ તથા ગાલ ભગવાનના મણિમય નખોમાં કાયમ જોયા કરે છે, તેવી જ રીતે સુંદર કાંતિવાળી, તેજસ્વી, અમર

અને કેસરના વિક્ષેપનો કરેલી શેષનાગના સ્પર્શથી ઉત્તેજીત થઇ કામના આવેશ-વાળી, આશીવાદને ઇચ્છતી નાગકન્યાઓ પણ પ્રેમ તથા મદથી ઉન્મત્ત, લાલ નેત્રોવાળા અને કરૂણાદ્રષ્ટિથી યુક્ત નેત્રોવાળા એ શેષનાગ ભગવાનને લજ્જા-પૂર્વક જોયા કરે છે.

અતિ બળવાન, અનંત ગુણોના સાગર, ઉદાર, ધૈર્યના ભંડાર ને સર્વ દેવોથી પૂજાતા શેષનાગ લોકોના કલ્યાણ માટે આજે પણ ક્રોધ વગેરે સમેટી લઇ ત્યાં વિરાજ્યા છે. દેવો, સિધ્ધો, અસુરો, સર્પો, વિદ્યાધરો, ગંધર્વો અને મૂર્તિઓ તેમનું નિરંતર ધ્યાન કરે છે.

પોતાના વાકયોરૂપી અમૃતથી દેવોને તથા પોતાના પાર્ષદોના ગણોને પણ તે પ્રભુ તૃપ્ત કરી રહ્યા છે.

તે દેવોના દેવ અત્યંત શોભાવાળી વૈજયંતિમાળાને કાયમ ધારણ કરે છે. કાળાં વસ્ત્રો પહેરે છે ને એક કુંડળથી શોભી રહ્યા છે, વળી હળની ટોચ ઉપર તેમણે પોતાની પુષ્ટ ભુજા રાખી છે, વળી તે દેવેશ્વર કેડે બાંધવાનું સોનેરી વસ્ત્ર ધારણ કરે છે.

આમ ભકતો શેષનાગ ભગવાનનું ઉત્તમ વર્ણન કરે છે. શેષનાગ ભગવાનની ભકિત ને પૂજન જે મનુષ્યો શ્રદ્ધાભક્તિ-પૂર્વક કરે છે તેના આધિ-વ્યાધિ ને ઉપાધિ ટળી જાય છે. વળી તેના સર્વ મનોરથ પૂર્ણ થાય છે. ૩૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'તલાતલ આદિ પાતાળોનું વર્ણન' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત



# અધ્યાય ૨૧ મો

## નરકલોકનાં નામો

### શ્રી નારાયણ ઉવાચ

તસ્યાનુભાવ ભગવાન્ બ્રહ્મપુત્ર સનાતનઃ ।
સભાયાં બ્રહ્મ દેવસ્ય ગાયમાન ઉપાસતે ॥

શ્રી નારાયણ બોલ્યા : પ્રજાપતિ બ્રહ્માના પુત્ર ભગવાન સનાતન મુનિ નારદ, બ્રહ્માની સભામાં એ અનંતના પ્રભાવનું મહિમાગાન કરે છે. જેમનું માત્ર દર્શન કરવાથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના હેતુભુત સત્વાદિ પ્રાકૃતિક ગુણોમાં પોતાનું કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે તથા કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે તથા જેમનું રૂપ અનંત અને અનાદિ છે અને પોતામાં કપટમય જગતને ધારણ કરે છે તે ભગવાન સંકર્ષણના રહસ્યને કોણ જાણી શકે છે?

જેમણે સ્વજનોને વશ કરવા કરેલી લીલાઓને મૃગરાજ સિંહે અપનાવી છે. એ ભગવાન સંકર્ષણે અમારા પર કૃપા કરી આ સાત્વિક સ્વરૂપ ધર્યું છે. કોઇ દુઃખી અથવા પાપી વ્યક્તિ જાણતાં કે અજાણતાં, હસતાં હસતાં પણ જો તેમનાં સાંભળેલાં નામોને ઉચ્ચારે છે તો તેનાં સર્વ પાપો બળી જાય છે, તો પછી આવા દયાળુ ભગવાન શેષને છોડી ભાવિકો બીજા કોને શરણે જાય? અમિત પરા-ક્રમી ને સહસ્ત્ર મસ્તકવાળા આ અનંત ભગવાનના મસ્તક પર પર્વતો, નદીઓ, સમુદ્રો તેમજ સઘળાં પ્રાણીઓથી શોભતું આ ભુમંડળ રહેલું છે. સહસ્ત્ર જીભવાળું

કોઈ પણ આ ભગવાનના પ્રભાવને વર્ણવી શકતું નથી, એવી અનુપમ શકિતથી શોભતા ભગવાન અનંતના વીર્ય, ગુણ અને પ્રભાવની સીમા કહી શકાતી નથી. રસાતલના મૂળ ભાગમાં પરમ સ્વતંત્ર રીતે બિરાજતા તેમણે ચરાચર જગત રહે એ માટે લીલાપૂર્વક પૃથ્વીને ધારણ કરી છે.

હે મુનિવર ! મનુષ્યોને કર્મ પ્રમાણે ઉચ્ચ–નીચ ગતિ મળે છે અને એ જ કર્મનો પરિપાક કહેવાય છે. કર્તાની શ્રદ્ધા મુજબ જ ગતિઓ પણ ભિન્ન–ભિન્ન થયા કરે છે. શ્રદ્ધા ત્રણ પ્રકારની છે એથી એના ફળમાં ભિન્નતા થવી સ્વાભાવિક છે.

કર્તામાં જો સાત્ત્વિક શ્રધ્ધા હોય તો કર્મના ફળસ્વરૂપ એને સુખદાયક ગતિ મળે છે. રાજસી શ્રધ્ધા હોય તો કષ્ટપ્રદ ગતિ મળે છે અને તામસી શ્રદ્ધા હોય તો તેના પ્રભાવથી કર્તા દુ:ખી થાય છે અને મૂર્ખ બને છે. અનાદિ માયાએ બનાવેલાં કર્મ જ ગતિઓનાં ઉત્પાદક છે. એ ગતિઓ હજારોની સંખ્યામાં છે. ત્રૈલોકયની અંદર દક્ષિણ દિશામાં અગ્નિષ્વાત્ત નામક પિતૃગણ તથા અન્ય પિતૃઓ પણ વસે છે. એ સ્થાન પૃથ્વીની નીચે અને અતલલોકની ઉપર છે. અમારા વંશજોનું કલ્યાણ થાય એવી આશા રાખી તેઓ સમાધિમાં રહે છે. ત્યાં પિતૃઓના સ્વામી યમરાજ પણ રહે છે. તેમણે પોતાના કાર્ય માટે યોજેલા અનેક પુરૂષો મૃત પ્રાણીઓને ત્યાં લાવે છે. અને તેમને યમરાજ ભગવાનની આજ્ઞાથી દંડ આપે છે. પોતાના ગણો સાથે રહી તેઓ ગુણ–દોષ અનુસાર પ્રાણીઓને યથાયોગ્ય શિક્ષા કરે છે. પરમજ્ઞાની તેઓ ધર્મના રહસ્યના જાણકાર આજ્ઞાકારી ગણો સાથે હંમેશાં સાવધાન રહે છે.

હે નારદ ! હવે નરકોનું વર્ણન કરું છું : નરકો એકવીસ પ્રકારના છે. કેટલાક અઠ્ઠાવીસ જાતના કહે છે. હું ક્રમથી તેને કહું છું–તામિસ્ત્ર, અંધતામિસ્ત્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસુત્ર, સુકરમુખ, અંધકુપ, કૃમિભોજન, સંદંશ, તપ્તસુર્મિ, વજ્રકંટક, શાલ્મલિ, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અય:પાન, ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટારોધ પર્યાવર્તન ને સુચીમુખ....એ નામવાળાં અઠ્ઠાવીસ નરકો છે, ને તે બધાય યાતના ભોગવવાના સ્થાન કહેવાય છે. પ્રાણી પોતપોતાના કર્મો પ્રમાણે યાતના શરીર પ્રાપ્ત કરી એ નરકોમાં જાય છે. ૨૮

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'નરકલોકના નામો' નામનો ૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### નરકની પ્રાપ્તિ કરાવતાં પાપકર્મો

નારદ ઉવાચ

કર્મભેદાઃ કતિવિધાઃ સનાતનમુને મમ ।
શ્રોતવ્યઃ સર્વદૈવેતે યાતનાપ્રાપ્તિભૂમયઃ ।।

નારદે પૂછયું : હે સનાતનમુનિ ! નરકયાતનાની પ્રાપ્તિનાં સ્થાનરૂપ કર્મો

કેટલા પ્રકારનાં છે તે હું જાણવા ઇચ્છું છું.

શ્રી નારાયણ બોલ્યા : જે દુરાત્મા બીજાના સ્ત્રી, પુત્ર અને ધન પડાવી લે છે તેને મૃત્યુલોકમાંથી યમરાજના ભયંકર દૂતો પકડીને લઇ જાય છે, અને કાળપાશથી બાંધીને તેને યાતનાના ભોગ માટે તામિસ્ત્ર નામના નરકમાં નાખે છે. ત્યાં યમદુત જાડાં દોરડાંથી પ્રાણીને ફટકારે છે ઘસડે છે, એમ અનેક પ્રકારે શિક્ષા કરે છે એથી એ પાપી જીવને મહાન કલેશ ભોગવવો પડે છે.

જે પુરૂષ કોઇ સ્ત્રીના પતિથી છાના એ સ્ત્રીને ભોગવી તેની સાથે જારકર્મ કરે છે તે અંધતામિસ્ત્ર નામના નરકમાં પડે છે, ત્યાં તેને આંધળા બનીને અસહ્ય વેદના સહન કરવી પડે છે, અને મૂળિયાં છેદાયેલા વૃક્ષની જેમ નરકમાં પડતાં એને વાર લાગતી નથી. એ કારણોને લીધે આ નરક અંધતામિસ્ત્ર કહેવાય છે.

'આ મારું છે અને આ તારું છે' એમ 'મારા-તારા'નું મમત્વ રાખી બીજાનો દ્વેષ કરતો અને પ્રતિદિન માત્ર પોતાના પરિવારના પોષણમાં વ્યસ્ત રહેતો પુરૂષ મૃત્યુ બાદ પોતાના અશુભ કર્મોના પ્રભાવથી સર્વ પ્રાણીઓને માટે ભયંકર એવા રૌરવ નરકમાં જાય છે, એ લોકમાં પુરુષના હાથથી જે પ્રાણીઓ મરાયાં હોય તે બધાં ભયંકર રુરુ નામક જાનવર બની એ નરકમાં રહે છે અને મારનાર મરીને નરકમાં આવે છે ત્યારે તેને અત્યંત દુઃખ આપે છે એથી આ નરક રૌરવ નામથી ઓળખાય છે. આ રુરુ નામક જાનવર ઘણાં વિચિત્ર સર્પોથી પણ ભયંકર છે એથી તે મહા રૌરવ કહેવાય છે. યાતના ભોગવવા માટે જીવાત્મા બીજું સૂક્ષ્મ યાતના શરીર પામી તે મહારૌરવમાં પડે છે અને માંસ ખાનારા રુરુ જાનવર તેને કોચી કોચીને તેનું માંસ ખાય છે.

હે નારદ! જે ઉગ્ર સ્વભાવવાળો, મૂર્ખ, તેમ જ હિંસક-નિર્દયી પશુપક્ષી વગેરે જીવોને મારી પકાવે છે તેને યમરાજના દુતો કુંભીપાક નામના નરકમાં લઇ જઇ ઊકળતા તેલમાં નાખે છે. મરેલાં પશુઓના શરીરના રૂંવાડાં જેટલાં વર્ષો સુધી એ વ્યક્તિને કુંભીપાકમાં પકવે છે. પિતા અને બ્રાહ્મણ સાથે વેર રાખનાર નારકી પ્રાણી, સર્વ બ્રાહ્મણ સાથે વેર રાખનાર નારકી પ્રાણી, સૂર્ય અને અગ્નિ સંતપ્ત રહેતા કાલસુત્ર નામક નરકમાં જાય છે અને ભુખ તરસથી પીડાતાં તેને સુર્ય અને અગ્નિનો પ્રચંડ તાપ બાળતો રહે છે. એથી ગભરાઇને તે ક્યારેક બેસે છે, ક્યારેક સુએ છે તો ક્યારેક ઊભો થઇ જઇ દોડવા લાગે છે. પોતાને કોઇ વિપત્તિ ન હોવા છતાં જે પોતાનાં વેદ-વિહિત માર્ગથી ભ્રષ્ટ થઇ પાખંડ ધર્મનો આશ્રય કરે છે એ પાપીને યમદુતો અસિપત્રક નામક નરકમાં નાખે છે, ત્યાં એને કોરડાથી મારે છે એટલે આમતેમ દોડતા તે જીવનાં અંગ અસિપત્રથી છેદાઇ જાય છે ને 'હું માર્યો ગયો' એવી ચીસો

પાડતો તે ડગલે ને પગલે પડતો આખડતો અપાર કષ્ટ ભોગવે છે. એ રીતે પોતાના ધર્મથી વિમુખ થનાર તે મૂર્ખ પ્રાણીને પોતાના કુકર્મનું ફળ ભોગવવું પડે છે. જે પુરુષ રાજા અથવા રાજકર્મચારી થઇ અધર્મથી શાસન કરે છે તથા બ્રાહ્મણને શારીરિક શિક્ષા કરે છે તે નરકની અધિકારી વ્યક્તિ, યમરાજના દુતો દ્વારા શુકરમુખ નામક નરકમાં નંખાય છે, બળવાન યમદુતો ત્યાં શેરડીની જેમ તેના અંગોને કોલુમાં પીલે છે એની પીડાથી તે કરુણ સ્વરથી રડે છે.

મચ્છર તેમજ માંકડ વગેરે જંતુ મનુષ્યનું લોહી ચૂસે છે પરંતુ તે અન્યની પીડાને પોતે સમજી શકતા નથી. પરંતુ જે મનુષ્ય બીજી વ્યકિતઓની વ્યથાને સમજી શકે છે, તે જો કોઇને દુઃખ આપે તો તે કુકર્મના ફળસ્વરૂપ તેને અંધકૂપ નામક નરકમાં જવું પડે છે. વેર લેનારાં પશુ, પક્ષી, મૃગ, સર્પ, મચ્છર, જુ, માંકડ, મધમાખ તથા દંદશૂક વગેરે જાનવરોથી ભરપૂર અને અંધકારમય તે નરકમાં આ બધાં જંતુઓ તેને કરડી કરડીને પીડે છે અને તથા તે રોગગ્રસ્ત શરીરવાળા પ્રાણીની જેમ વ્યાકુળ આમતેમ દોડતો રહે છે. જે પંચયજ્ઞ કરી ભોજન પદાર્થને વહેંચીને જમવાના શાસ્ત્રોકત નિયમનું ઉલ્લઘન કરે છે તે જીવાત્માને યમદૂતો કૃમિભોજન નામના નરકમાં નાખે છે. એ નરકમાં એક લાખ યોજનનો ભયંકર કૃમિકુંડ છે, તેમાં એકલપેટો મનુષ્ય કૃમિ બની એ કુંડમાં રહે છે. આપાત્તકાળ સિવાય જે મનુષ્ય બ્રાહ્મણ અથવા અન્ય કોઇનું ચોરીથી અથવા બળજબરીથી સોનું કે રત્ન પડાવી લે છે એને યમદુતો સંદંશ નામક નરકમાં નાખે છે. ત્યાં અગ્નિમાં તપાવેલા લોખંડના ગોળાઓથી એને બાળે છે. જે મનુષ્ય અગમ્ય સ્ત્રી સાથે જારકર્મ કરે અથવા જે સ્ત્રી અગમ્ય પુરૂષ સાથે રતીકાર્ય કરે છે એને યમદુતો તપ્તમૂર્તિ નામના નરકમાં નાખી કોરડાથી પીટે છે, પછી એને ધગધગતી લોખંડની સ્ત્રીની મૂર્તિ સાથે આલિંગન કરાવે છે. જે પાપી વ્યકિત પશુ વગેરે પ્રાણીઓ સાથે વ્યભિચાર કરે છે તે મૃત્યુ બાદ વજ્રમય લોઢાના કાંટાથી ભરેલા શાલ્મલિ નામક નરકમાં પડે છે.

જે રાજા અથવા અધિકારી—સત્તાલિપ્ત પાખંડી થઇ ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તે મર્યાદાભંગરૂપી પાપને લઇને તેના મૃત્યુ બાદ તેને નરકોની ખાઇ જેવી ભયાનક વૈતરણી નદીમાં યમદૂતો ધકેલી દે છે. અને એ નરકમાં પડેલા પ્રાણીઓને જલચર જંતુઓ ચારે તરફથી ફોલી ખાઇ આમતેમ ભાગે છે, પણ તે પ્રાણ નીકળતા નથી અને પોતાના ખરાબ કર્મોના ફળને ભોગવવા માટે તેને સદા સંતપ્ત રહેવું પડે છે. એ વૈતરણી નદી મળ, મૂત્ર, પરૂ, લોહી, કેશ, હાડકાં, નખ, ચરબી, માસ અને મજ્જા વગેરે અપવિત્ર વસ્તુઓથી ભરેલી

રહે છે. એમાં પડી એ પ્રાણી ડુબકાં ખાય છે. જે મનુષ્ય ઉચ્ચકુળનો હોવા છતાં શૂદ્રોનો સ્વામી બને છે, સદાચારથી વિમુખ બની નિર્લજ્જ થઈ પશુ જેવો વ્યવહાર કરે છે તેનો અત્યંત કષ્ટદાયક ગતિ થાય છે અને તે મરી ગયા બાદ વિષ્ઠા, મૂત્ર, કફ, લોહી અને મળથી ભરેલા પૂયોદ નામના ભયંકર નરકમાં પડે છે. અને યમદૂતો ક્રુરતાપૂર્વક તેને એ મલિન વસ્તુ ખવડાવે છે.

જે દ્વિજજાતિનો પુરુષ શ્રેષ્ઠ કુળમાં જન્મી કુતરા અને ગધેડા વગેરે પશુઓને પાળે છે. શિકાર કરવામાં આસક્તિ રાખી અપવિત્ર સ્થાનોમાં જઈ હમેશાં મૃગોના શિકાર કરે છે એના મૃત્યુ બાદ યમદૂત તેને પ્રાણરોધ નામના નરકમાં નાખી બાણોથી છેદે છે. જે દંભી મનુષ્ય દેખાવ માટે યજ્ઞ કરી તેમાં પશુઓના હિંસા કરે છે તે મૃત્યુ બાદ વિશસન નામના ભયંકર નરકમાં પડીને યમદૂતોના હાથે કોરડાનો માર ખાય છે. જે દ્વિજ કામને વશ થઈ સગોત્ર સ્ત્રી સાથે સહગમન કરે છે એ મૂર્ખ વ્યક્તિને વીર્યથી ભરેલા લાલાભક્ષ નરકમાં નાખી ત્યાં તેને યમદૂતો બળાત્કારે વીર્ય પાવડાવે છે. જે ચોર, રાજા અથવા અધિકારી આગ લગાડે, કોઈને વિષ આપે, બીજાના સંપત્તિ છિન્નભિન્ન કરે તથા ગામ અને ધનને લૂંટે છે તેમને મૃત્યુ બાદ યમદૂતો સારમેયાદન નામના નરકમાં નાખે છે, જ્યાં રહેતા સાતસો વાસ વિચિત્ર સારમેય એ નારકી પ્રાણીઓને કરડી કરડીને ખાય છે. હે મુને! એથી એ નરક 'સારમેયાદન' કહેવાય છે. હવે હું તમને અવીચિ વગેરે મુખ્ય નરકો વિષે કહીશ. ૫૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'નરકની પ્રાપ્તિ કરાવતા પાપકર્મો' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### અવીચિ વગેરે મુખ્ય નરકોનું વર્ણન

નારાયણ ઉવાચ:

યે નરાઃસર્વદા સાક્ષ્યેઅનૃતં ભાષયન્તિચ ।।
દાને વિનિમયેઽર્થસ્યદેવર્ષે પાપબુદ્ધયઃ ।।

શ્રીનારાયણ બોલ્યા : હે દેવર્ષિ ! જે મનુષ્યો પોતાના સ્વાર્થને ખાતર પૈસાની લેવડદેવડમાં સાક્ષી બની જુઠું બોલે છે, જુઠી સાક્ષી આપે છે તેવા પાપબુદ્ધિ મનુષ્યોને મૃત્યુ બાદ યમદુતો લઈ જઈ તેને સો યોજન ઊંચા પર્વતના શિખર પરથી અવીચિ નામક નરકમાં ગબડાવે છે. આ ભયંકર નરકમાં પ્રાણીઓને આધાર રહિત નીચે મસ્તકે પડવું પડે છે. એ નરકની પથરાળ ભૂમિ પાણીના જેવી દેખાય છે એથી એ અવીચિ કહેવાય છે. ત્યાં પથ્થરો જ પડેલા હોય છે જેના પર પડવાથી પ્રાણીઓના છુંદેછુંદા નીકળી જાય છે, પણ મૃત્યુ થતું નથી એથી તેઓ અસહ્ય દુઃખ ભોગવે છે.

જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય પ્રમાદી બની ધર્મના વિરૂદ્ધ આચરણ કરે છે, મદિરા પીએ છે તેને યમદુત 'અયઃપાન' નામક નરકમાં નાખે છે અને લોખંડને ગરમ કરીને તેનો રસ એના મુખમાં રેડે

છે. જેઓ નીચ કુળમાં જન્મી અભિમાનવશ જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ કે આશ્રમવાળા પોતાથી શ્રેષ્ઠ પુરુષોને માન આપતો નથી અને અપમાન કરે છે તે પુરુષ અધમ ગણાય છે. યમદુતો તેને મૃત્યુ બાદ ક્ષારકર્દમ નરકમાં નાખે છે. જ્યાં તે અસહ્ય પીડા ભોગવે છે.

કામમોહિત બની જે મનુષ્ય નરબલી દ્વારા ભૈરવ, યક્ષ વગેરે પૂજે છે અથવા જે સ્ત્રીઓ નરપશુનું માંસ ખાય છે તેઓ મૃત્યુ પછી 'રક્ષોગણભોજન' નામના નરકમાં પડે છે. તેમણે જે મનુષ્યોને આ લોકમાં માર્યા હોય તેઓ સઘળા રાક્ષસ બની યમરાજને ત્યાં રહે છે અને જ્યારે મારનાર તથા ખાનાર વ્યક્તિ એ નરકમાં પ્રવેશે છે ત્યારે જેવી રીતે માર્યા હોય કે ખાધા હોય તેવી જ રીતે તેઓ તીક્ષ્ણ કુહાડીઓથી એમના શરીરને કાપે છે અને એમના લોહીને પીને નાચગાન કરે છે.

જે પ્રાણીઓનું જીવન વિશ્વાસલાયક વ્યક્તિઓ પર આધાર રાખી રહેલું છે તેમને વિશ્વસનીય વ્યક્તિઓ ફોસલાવીને પોતાની પાસે બોલાવે છે ને મનોરંજન માટે તેમના શરીરમાં કાંટા ખોસે છે અથવા દોરડાથી બાંધી ખુબ કષ્ટ આપે છે, અને તેને મૃત્યુબાદ શુલપ્રોત નરકમાં નાખે છે. ને તેનાં સર્વાંગમાં કાંટા ખોસવામાં આવે છે, તેને ભુખ–તરસની અસહ્ય પીડા થાય છે, કંક અને બટેર વગેરે પક્ષીઓ એને જ્યાં ત્યાં કોચે છે.

જે ક્રુર સ્વભાવવાળો મનુષ્ય સર્પોની જેમ નિર્દોષ પ્રાણીઓને દુઃખ દે છે તે મૃત્યુબાદ 'દંદશુક' નામક નરકમાં પડે છે. તે નરક પાંચ મોઢાના અને સાત મોઢાવાળા સર્પોથી ભરેલું રહેલું છે. જ્યારે પ્રાણી ત્યાં જાય છે કે તરત જ તેઓ તેને કરડે છે.

જે પુરૂષ અન્ય વ્યક્તિને વિના કારણે અંધારી કોટડીમાં અથવા પ્રકાશહીન ઘરમાં પૂરે છે તે અવટારોધ નરકમાં જાય છે ને તેને યમદુતો પોતાના હાથે એવાજ અંધકારભર્યા સ્થળે રાખી ઝેરી ધૂમાડાથી કષ્ટ આપે છે.

જે દ્વિજ પોતાને ત્યાં આવેલા અતિથિ તરફ પાપી દષ્ટિથી જુએ છે, તે પુરૂષને મર્યા બાદ યમદૂતો પર્યાવર્તન નરકમાં ધકેલે છે જ્યાં રહેતા કાક, કંક, ગીધ વગેરે ઘણાં ઘાતકી પક્ષીઓ પોતાની વજ્ર જેવી ચાંચથી તેની આંખોને કાઢી લે છે એથી એને પર્યાવર્તન કહે છે.

જે આ જન્મમાં પોતાને ધનિક માની અભિમાનથી બીજા તરફ હીન દષ્ટિથી જુએ છે, જેને સત્કર્મ કરવાનું સુઝતું નથી. જેનું હૃદય ને મુખ હંમેશાં સુકાતું રહે છે, જેને કયાંય શાંતિ મળતી નથી અને યક્ષની જેમ ધનનું રક્ષણ કરવામાં લાગ્યો રહે છે, તે નીચ પુરૂષને યમદુતો 'સુચિમુખ' નામના નરકમાં નાખે છે અને યમદુતો દરજીની જેમ તે પાપીઓનાં સઘળાં અંગોને દોરાથી સીવી લે છે.

પાપકર્મી, વ્યભિચારી, હિંસક, દ્વેષી મનુષ્યો યાતના ભોગવવા માટે આ રીતના સેંકડો તથા હજારોની સંખ્યામાં બીજા ઘણા નરકો આવેલા છે. આ બધા દુઃખદાયી જુદા જુદા નરકોમાં પાપી મનુષ્યોને જવું પડે છે. ધર્મપરાયણ પુરૂષ સારી મતિ થવાથી સુખદાયી લોકોમાં જાય છે. હે મુનિવર! મેં જે રીતે ભગવતી દેવીના પૂજનનો વિધિ અને આરાધનનો મહિમા જે કહ્યો છે તે જ જીવાત્મા માટેનો ઉત્તમ ધર્મ છે. ૩૧

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'અવીચિ વગેરે મુખ્ય નરકોનું વર્ણન' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### દેવીની આરાધનાનો પ્રકાર

**નારાયણ ઉવાચ :**

**ધર્મશ્ચ કીદૃશસ્તાત દેવ્યારાધનલક્ષણઃ ।**
**કથમારાધિતા દેવી સાદદાતિ પરંપદમ્ ॥**

નારદે પૂછ્યું : હે તાત! દેવીના આરાધનરૂપી શ્રેષ્ઠ ધર્મનું શું સ્વરૂપ છે તથા કઇ રીતે દેવીની ઉપાસના કરવાથી દેવી પરમપદ આપે છે? પૂજાનો વિધિ કયો છે, તેમ જ કયા સ્તોત્રથી આરાધવાથી ભગવતી દુર્ગા કષ્ટપ્રદ નરકથી મનુષ્યોનો ઉદ્ધાર કરે છે?

શ્રી નારાયણ બોલ્યા: હે નારદ! જે રીતે શ્રદ્ધાભક્તિપૂર્વક આરાધવાથી ભગવતી જગદંબા સ્વયં પ્રસન્ન થાય છે તે વૃત્તાંત હવે તમે એકાગ્રચિત્તે સાંભળો. આ સંસારમાં જન્મીને જે મનુષ્ય ભગવતી જગદંબાને ઉપાસે છે, એને માટે સર્વશક્તિથી ભગવતી પોતે તેના રક્ષણમાં જોડાય છે, એટલે પ્રાણીઓને માટે સારી રીતે દેવીનું પૂજન–આરાધન કરવું એ જીવાત્માઓનું પરમ કર્તવ્ય છે. હવે દેવીની પૂજાનો વિધિ આપને કહું છું.

સુદિ પડવાને દિવસે ભગવતી જગદંબાનું ષોડશોપચાર પૂજન કરી નૈવેદ્યમાં ગાયનું ઘી ધરવું, પછી તે ઘી બ્રાહ્મણને આપી દેવું, આથી મનુષ્ય ક્યારેય રોગી થતો નથી. બીજને દિવસે દેવીનું પૂજન કરી જગદંબાને ખાંડ ધરાવીને તે બ્રાહ્મણને આપવામાં આવે તો પૂજન કરનારને દીર્ઘાયુ મળે છે. ત્રીજે પૂજામાં દેવીને દુધ ધરાવી તે બ્રાહ્મણને આપવામાં આવે તો સઘળાં દુઃખથી છૂટાય છે. ચોથે પૂજનમાં માલપૂવા નૈવેદ્યમાં ધરાવી બ્રાહ્મણને આપવાથી પુરૂષની બુદ્ધિ ખીલે છે. છઠ્ઠને દિવસે દેવીના પૂજનમાં નૈવેદ્યમાં મધ ધરાવીને બ્રાહ્મણને આપવાથી એના પ્રભાવથી સુંદર રૂપ મળે છે. સાતમે પૂજનમાં ગોળનું નૈવેદ્ય ધરાવી બ્રાહ્મણને આપવાથી પુરૂષ શોકમુક્ત–દુઃખમુક્ત થાય છે. આઠમને દિવસે પૂજાના નૈવેદ્યમાં ભગવતીને શ્રીફળ ધરાવવું, પછી તેજ શ્રીફળને બ્રાહ્મણને આપવું જેથી કોઇ પ્રકારનો સંતાપ થતો નથી. નોમને દિવસે પૂજનના નૈવેદ્યમાં અનાજ અર્પણ કરી બ્રાહ્મણને આપવાથી આ લોક અને પરલોકમાં સુખ મળે છે. હે મુને! દશમને દિવસે ભગવતી મહેશ્વરીના પૂજનમાં

નૈવેદ્યમાં કાળા તલ અર્પણ કરી બ્રાહ્મણને આપવાથી યમલોકનો ભય નાસી જાય છે. જે એકાદશીને દિવસે પૂજનના નૈવેદ્યમાં દહીં ધરાવી બ્રાહ્મણને આપે છે, તેના પર જગદમ્બા નિરંતર રાજી રહે છે. બારસને દિવસે પૂજનના નૈવેદ્યમાં પૌંઆ ધરાવી બ્રાહ્મણને આપવાથી તે ભગવતીને પ્રેમપાત્ર બને છે. તેરશે પૂજનના આપવાથી સંતાનપ્રાપ્તિ થાય છે. જે ચૌદશને દિવસે પૂજનના નૈવેદ્યમાં સાથવાનો ભોગ ધરાવી બ્રાહ્મણને આપે છે એના પર પરમાત્મા શંકર પ્રસન્ન થાય છે. પૂનમને દિવસે પૂજનમાં ખીર ધરાવી બ્રાહ્મણને આપવાથી સમસ્ત પિતૃઓનો ઉદ્ધાર થાય છે. પૂનમ અને અમાસ તિથિનું ફળ એક જ છે. મહામુને ! ભાવિકે જગદમ્બા દેવીને પ્રસન્ન કરવા હવન પણ કરવો, પૂજનવિધિમાં જે તિથિમાં જે વસ્તુ નૈવેદ્ય માટે કહી છે તે વસ્તુથી તે તે તિથિઓમાં હવન પણ કરવો. એ હવન બધાય અનિષ્ટોનો નાશ કરે છે. આમ તિથિની પૂજાનો મહિમા કહ્યો, હવે વારની પૂજાની વિશેષતા કહું છું. રવિવારે ખીરનું નૈવેદ્ય, સોમવારે દુધનું નૈવેદ્ય, મંગળવારે કેળાં, બુધવારે માખણ, ગુરૂવારે ખાંડ, શુક્રવારે સાકર અને શનિવારે ગાયનું નૈવેદ્ય ધરાવવું. હવે નક્ષત્રોના નૈવેદ્ય સાંભળો : ઘી, તેલ, ખાંડ, દહીં, દૂધ, મલાઇ, લસ્સી, લાડુ, સુતરફેણી, સકરપારા, કંસાર, પાપડ, ઘેબર, વડાં, ખરકી, પેંડા, ખજુરમિશ્રપાણી, મધ, ચુરમું, ગોળ, પૌંઆ, દ્રાક્ષ, ખજુર, રાજગરો, માલપૂડા, મગનો લાડુ અને બિજોરું એ સત્તાવીસ વસ્તુઓ ક્રમથી એક એક નક્ષત્રમાં ધરાવવી. એને નક્ષત્ર સંબંધી નૈવેદ્ય કહ્યું છે.

હે નારદ ! હવે વિષ્કુંભ વગેરે યોગોમાં આપવાનાં નૈવેદ્ય વિષે કહું છું. નિયમ પ્રમાણે પદ્ધતિસર પદાર્થોનું નૈવેદ્ય ધરાવવાથી જગદંબા પ્રસન્ન થાય છે. તે વસ્તુઓ : ગોળ, મધ, ઘી, દુધ, દહીં, છાસ, પૂડા, માખણ, કાકડી, કોળું, લાડુ, ફણસ, કેળાં, જાંબુ, કેરી, તલ, નારંગી, દાડમ, બોર, આમળાં, દૂધપાક, પૌંઆ, ચણા, નાળિયેર, બિજોરું, કસેરું નામક ફળ અને સૂરણ. આ નૈવેદ્ય સત્તાવીસ યોગોનાં છે. હવે તમને કરણોના નૈવેદ્ય કહું છું. કંસાર, સકરપારા, સુતરફેણી, લાડુ, પાપડ, ઘેબર, તલ, દહીં, ઘી અને મધ–આ નૈવેદ્ય કરણો માટે નક્કી કરેલાં છે. આ સિવાય બીજો પણ ભગવતીને પ્રસન્ન કરનારો પૂજાવિધિ કહું છું. ચૈત્ર શુક્લપક્ષની ત્રીજે મહુડાના ઝાડમાં ભગવતીની ભાવના કરી તેનું પૂજન કરવું અને નૈવેદ્યમાં પાંચ પ્રકારના ખાદ્ય પદાર્થો ધરાવવા. એ રીતે ૧૨ મહિનાની પ્રત્યેક શુક્લ પક્ષની ત્રીજે પૂજન કરવું. અને વિધિથી અનુક્રમે નૈવેદ્ય અર્પણ કરવું. વૈશાખમાં ગોળનો પદાર્થ, જેઠમાં મધ, અષાડમાં મહુડાના રસનો પદાર્થ, શ્રાવણમાં દહીં, ભાદરવામાં સાકર, આસોમાં દૂધપાક, કારતકમાં

દુધ, માગશરમાં સુતરફેણીમાં, પોષમાં દહીંની મલાઇ, મહામાં ગાયનું ઘી અને ફાગણમાં નાળિયેર ધરાવવું. આ રીતે બાર મહિનામાં અનુક્રમે બાર પ્રકારનાં નૈવેદ્યો અર્પણ કરી ભગવતીને પૂજવાં. મંગલા, વૈષ્ણવી, માયા, કાલરાત્રી, દુરત્યાયા, મહામાયા, માતંગી, કાલી, કમલવાસિની, શિવા, સહસ્રચરણા અને સર્વમંગલરૂપિણી—એ બાર નામો ઉચ્ચારી મહુડાના ઝાડનું ભગવતીની ભાવનાથી પૂજન કરવું. પછી મહુડામાં બિરાજેલાં દેવી ઇશ્વરીની સર્વ મનોરથોની સિદ્ધિ માટે કથા—વ્રતની પૂર્ણતાની સિદ્ધિ માટે આ રીતે દેવીની સ્તુતિ કરવી.

'કમળ જેવાં નેત્રોવાળાં, જગતનું ધારણ—પોષણ કરનારાં ભગવતી માહેશ્વરીને નમસ્કાર છે. તમારા અનેક નામો વડે ભક્તજનોથી તમારી સ્તુતિ થાય છે.

પ્રલયકાળના મેઘની જેમ કાંતિવાળા તમને દેવો અને દાનવોએ મોટા મોહનો નાશ કરવા માટે નિરંતર પૂજ્યાં છે તથા યમલોકનો અભાવ કરનારા હે જગદંબે! તમે યમપૂજ્યા, યમાગ્રજા તથા યમનિગ્રહરૂપા છો, સર્વ સંગવિવર્જિતા, સંગનાશકરી, કામ્યરૂપા, કારુણ્યવિગ્રહા, કંકાલક્રુરા, કામાક્ષી, મર્મભેદિની, માધુર્યરૂપશીલા, મધુરસ્વરપૂજિતા, મહામંત્રવતી, મંત્રગમ્યા, મંત્રપ્રિયંકરી, મનુષ્યમાનસગમ્યા તથા મન્મથારિપ્રિયંકરી આ નામોથી તમે વિખ્યાત છો. અને એ નામોથી ભક્તો તમારી સ્તુતિ કરે છે.

હે દુધેલીના વેલામાં વસનારા દેવી તમે પરમકૃપાળુ અધિક—દયાવાળા છો. તમારૂં સ્વરૂપ કરુણાથી ઓતપ્રોત છે. તમારા પર સઘળા લોકો શ્રદ્ધા ધરાવે છે, હે ભગવાન શંકરના પત્ની તમારો જય હો. એમ પૂજા કર્યા પછી આ રીતના સ્તવનથી દેવેશ્વરીની સ્તુતિ કરનારા મનુષ્યને વ્રતનું સંપૂર્ણ ફળ મળે છે. આ સ્તોત્ર ભગવતીને પ્રસન્ન કરવાનું સાધન છે. જે મનુષ્ય આ ભગવતીના સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે તેને કદી આધિ—વ્યાધિ તેમ જ ઉપાધિ—ભય પહોંચાડતા નથી.

આ સ્તોત્રનો પાઠ કરનાર ધનની ઇચ્છાવાળો હોય તો તે ધનને પામે છે. ધર્મપ્રેમી હોય તે ધર્મને મેળવી શકે છે. આ સ્તોત્રનો પાઠ કરનાર બ્રાહ્મણ વેદસંપન્ન બને, ક્ષત્રિય પાઠ કરે તો વિજયી બને, વૈશ્ય પાઠ કરે તો ધન—ધાન્યવાળો થાય તથા શુદ્ર પાઠ કરે તો તે સુખી થાય છે. જે મનુષ્ય શ્રાદ્ધના સમયે મનને એકાગ્ર કરી આ સ્તોત્રનો પાઠ કરે છે એના પિતૃઓને એક કલ્પ સુધી ટકતી અક્ષય તૃપ્તિ પ્રાપ્ત થાય છે.

આ રીતે દેવોએ માન્ય કરેલું જગદમ્બાનું આરાધન તમને કહ્યું. સારી રીતે જે મનુષ્ય ભક્તિથી ભગવતીને આરાધે છે તે દેવીના લોકને પામનારો થાય છે.

આ સ્તોત્રનો પાઠ કરનાર ભાવિક

ભગવતીની કૃપાથી જ્યાં જાય ત્યાં માન ને ધન મેળવે છે. ભગવતીનો પરમ ઉપાસક એમની પ્રસન્નતાથી પુત્ર અને પૌત્રો આદિની વૃદ્ધિ કરનાર થાય છે.

હે નારદ ! મેં ભગવતીનું આ દિવ્ય ચરિત્ર કહ્યું છે. એમાં નરકમાં પડેલાઓનો પણ ઉદ્ધાર કરવાની શક્તિ રહેલી છે. મહાદેવીની પૂજા સર્વમંગલો કરનારી છે. દેવી ભગવતીએ સ્વમુખે વારંવાર કહ્યું છે કે, પહેલાં હું જ હતી, મારા સિવાય કંઇ જ ન હતું. એ સમયે મારૂં રૂપ, ચેતન, વિજ્ઞાન આનંદમય, અદ્વિતીય પરબ્રહ્મ હતું. એ રૂપ અતર્ક્ય, અનિર્દેશ્ય, અનોપમ્ય ને અનામય છે. એનાથી કોઇ એક શક્તિ સ્વયં પ્રકટ થઇ એ 'માયા' તરીકે વિખ્યાત થઇ. મારી માયાશક્તિએ સંપૂર્ણ સ્થાવર જંગમ જગતની રચના કરી. પરમાર્થ દ્રષ્ટિએ માયા મારાથી ભિન્ન નથી. વ્યવહારની દ્રષ્ટિએ એ 'વિદ્યા' અને 'માયા' નામથી પ્રચલિત છે. તત્ત્વ કેવલ એ છે અને તે હું છું. સમગ્ર સંસારની રચના કરી હું સ્વરૂપમાં લીન બની જાઉં છું.

ઇશ્વર, સૂત્રાત્મા ને વિરાટ આત્મા હું જ છું. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સરસ્વતી, લક્ષ્મી ને ગૌરી હું છું, સુર્ય, ચંદ્ર અને નક્ષત્રગણ હું છું. મારાથી જ મરુતગણ, ગંધર્વ, અપ્સરાઓ અને કિન્નર ઉત્પન્ન થયા છે. સમગ્ર ભોગ્ય પદાર્થ અને અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજ, જરાયુજ, સ્થાવર–જંગમ મનુષ્યાદિ પ્રાણીમાત્ર મારાથી જ ઉત્પન્ન થયા છે. હું જ રુદ્ર છું, હું જ વસુ છું, હું જ આદિત્ય છું અને હું જ મિત્ર, વરુણ, ઇંદ્ર, અગ્નિ ને અશ્વિનીકુમારોનું રૂપ ધારણ કરું છું. માયા, મહામાયા, મૂલપ્રકૃતિ, વિદ્યા, અવિદ્યા આદિ મારા જ રૂપ છે.

હવે એક બીજો પ્રસંગ કહું છું. આનું નામ પ્રકૃતિપંચક છે. ધારેશ્વરી, મિનાક્ષી, અરૂણા, જમ્બવાહિની, મધુકૈશ્વરી, એ પાંચ પ્રકૃતિ પંચક કહેવાય છે. જે નામરૂપ તથા ઉત્પત્તિથી અખિલ જગતને આનંદ પમાડનાર છે. હે મુને ! આ પ્રકૃતિપંચક અત્યંત અદ્‌ભુત આશ્ચર્યકારક કામ કરનાર તથા મુક્તિ આપનાર છે. એ પાંચે પ્રકૃતિઓને તેના માહાત્મ્ય સહિત તમે સાવધાન થઇને સાંભળો. ૬૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં અષ્ટમ સ્કંધ વિષે 'દેવીની આરાધનાનો પ્રકાર' નામનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

**શ્રી દેવીભાગવત–સ્કંધ આઠમો સમાપ્ત**

**ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे नमः**



# બ્રહ્મચારીણી

## સ્કંધ નવમો

# સ્કંધ નવમો

## અધ્યાય ૧ લો

### પાંચ પ્રકારની પ્રકૃતિઓનું વર્ણન

શ્રી નારાયણ ઉવાચ

ગણેશજનની દુર્ગારાધાલક્ષ્મીઃ સરસ્વતી ।
સાવિત્રીચસૃષ્ટિવિધૌપ્રકૃતિઃપંચધાસ્મૃતા ॥

શ્રી નારાયણ બોલ્યા : ગણેશની માતા દુર્ગા, રાધા, લક્ષ્મી, સરસ્વતી અને સાવિત્રી એ પાંચ દેવીઓ પાંચ પ્રકારની 'પ્રકૃતિ' કહેવાય છે. એમના આધારે સૃષ્ટિ છે.

નારદે પૂછ્યું : હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ભગવન્! તે પ્રકૃતિ કયા કારણે પાંચ પ્રકારે ક્યાંથી પ્રકટી, એનું સ્વરૂપ તથા લક્ષણ શું છે? અને તે પાંચ પ્રકારની શી રીતે થઇ? એ સર્વ પ્રકૃતિ-દેવીઓનાં ચરિત્ર, પૂજાપ્રકાર, એમના ગુણ તથા કોને ત્યાં કોનો અવતાર થયો એ સઘળો પ્રસંગ મને કૃપા કરીને કહો.

શ્રી નારાયણ બોલ્યા: વત્સ! 'પ્રકૃતિ' 'પ્ર' શબ્દમાં અવ્યય ઉત્કૃષ્ટવાચી છે ને 'કૃતિ' એટલે સૃષ્ટિ—એથી સૃષ્ટિ—રચનામાં જે પ્રવીણ છે તેને પ્રકૃતિ દેવી કહે છે. સર્વોત્તમ સત્ત્વગુણના અર્થમાં 'પ્ર' શબ્દ મધ્યમ, રજોગુણના અર્થમાં 'કૃ' શબ્દ ને તમોગુણના અર્થમાં 'તિ' શબ્દ છે. જે ત્રિગુણાત્મિકા છે તેજ પરમ શક્તિશાળી થઇ સૃષ્ટિ કરવામાં જે મુખ્ય છે તે 'પ્રધાન પ્રકૃતિ' કહેવાય છે. 'પ્ર' પ્રથમ અર્થમાં અને 'કૃતિ' સૃષ્ટિ અર્થમાં છે એથી સૃષ્ટિની આદિમાં જે દેવી હયાત જ હોય છે, તેને 'પ્રકૃતિ' કહે છે. સૃષ્ટિરચના માટે પરબ્રહ્મ પરમાત્મા સ્વયં પ્રકૃતિ અને પુરુષ એ બે રૂપે અર્ધનારીશ્વર પ્રકટયા. એમનું અરધું જમણું અંગ પુરુષ અને અડધું ડાબું અંગ પ્રકૃતિ થયું. તે જ પ્રકૃતિ બ્રહ્મસ્વરૂપ, નિત્ય ને સનાતની છે. પરબ્રહ્મ પરમાત્માના સર્વ ગુણો એ પ્રકૃતિમાં રહેલા છે. જેમ અગ્નિમાં દાહકશક્તિ તેના એક જ રૂપે રહે છે તેમ, જેવો, આત્મા છે, તેવી જ તેની જે શક્તિ તે પ્રકૃતિ છે. જે પરમ યોગીઓ મહાજ્ઞાની છે તે સ્ત્રી અને પુરુષમાં ભેદ માનતા નથી. સત્-અસત્ જે કંઇ છે તે સર્વ બ્રહ્મમય છે. સ્વેચ્છામય ભગવાન શ્રીકૃષ્ણની સૃષ્ટિ રચવા માટેની ઇચ્છા થતાં જ તુરત 'મૂળ પ્રકૃતિ' જ ભકતોના કાર્ય માટે પરમેશ્વરી પ્રકટે છે. તે પછી પરમેશ્વરની આજ્ઞાથી તેમનાં પાંચ સ્વરૂપો થાય છે. ભિન્ન ભિન્ન સૃષ્ટિ સર્જન કરવાનો એમનો મુખ્ય ઉદ્દેશ હોય છે. ભગવતી પ્રકૃતિ ભકતોના અનુરોધથી અથવા એમના ઉપર કૃપા કરવા માટે-એમને સંકટથી મુક્ત કરવા માટે વિવિધ રૂપ ધારણ કરે છે.

તેમાં ગણેશના માતા ભગવતી દુર્ગા છે. તે શિવને પ્રિય શિવસ્વરૂપા કહેવાય છે. નારાયણી, વિષ્ણુમાયા અને પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છે. બ્રહ્માદિ દેવો મુનિઓ તથા મનુ વગેરે તે સનાતની દેવીની પૂજા કરે છે. વળી તે પરમપાવન ચરિ-

ત્રવાળા દુર્ગાદેવીના યશ, મંગલ, સુખ, મોક્ષ, અને હર્ષ આપવો એ સ્વાભાવિક ગુણો છે. દુઃખ, શોક અને ઉદ્વેગનો નાશ કરી શરણે આવેલા દીનદુઃખી મનુષ્યોના રક્ષણ માટે તત્પર રહેનારા, તેજસ્વરૂપ, સર્વ શ્રેષ્ઠ દેવી તેજના અધિષ્ઠાતા દેવતા કહેવાય છે. સૂર્યમાં જે શક્તિ છે તે એમનું જ રૂપ છે. તેઓ શંકરને નિરંતર શક્તિશાળી બનાવે છે, સિદ્ધિઓને આપનારા માતા સિદ્ધેશ્વરી, સિદ્ધોરૂપ, સિદ્ધિદા, સિદ્ધિ, ઇશ્વરી, બુદ્ધિ, નિદ્રા, ક્ષુધા, તૃષા, છાયા, તંદ્રા, દયા, સ્મૃતિ, ક્ષાંતિ, ભ્રાંતિ, શાંતિ, કાંતિ, ચેતના, તુષ્ટિ, પુષ્ટિ, લક્ષ્મી, ધૃતિ, માયા એ બધાં એમના નામ છે. પરમાત્મા શ્રીકૃષ્ણ સમીપે શક્તિરૂપે તેઓ વિરાજે છે. શ્રુતિથી ગવાતા યશવાળા દેવી અનંતા અનંત ગુણવાળા છે. હવે બીજી શક્તિના સ્વરૂપને વર્ણવું છું.

જે શુદ્ધ સત્વસ્વરૂપા છે તે બીજી શક્તિ "ભગવતી લક્ષ્મી" કહેવાય છે. પરમપ્રભુ શ્રીહરિના તેઓ શક્તિ છે. જગતભરની સારીય સંપત્તિ એમનું જ સ્વરૂપ છે, તેઓ સંપત્તિના અધિષ્ઠાત્રી દેવતા છે. તેઓ પરમસુંદર અત્યંત જિતેંદ્રિય, શાંતસ્વરૂપ, સુશીલ, સર્વ મંગલરૂપ, લોભ, મોહ, કામ, ક્રોધ, મદ અને અહંકાર આદિ દુર્ગુણોથી રહિત ભક્તો પર પ્રેમવાળા, શ્રીહરિ પર પ્રેમવાળા, સર્વ સ્ત્રીઓ કરતા વિશેષ પતિવ્રતા હોઇ તેમના ઉપર શ્રીહરિ અત્યંત પ્રેમ કરે છે. સર્વ ધાન્યરૂપ બધે રમનારા જેમણે પ્રાણીઓના જીવન ટકાવવા માટે જ સ્વરૂપ ધારણ કર્યું છે.

એ સતી મહાલક્ષ્મી વૈકુંઠમાં પોતાના સ્વામીની સેવામાં હંમેશા તત્પર રહે છે. સ્વર્ગમાં લક્ષ્મીરૂપે રાજાઓને ત્યાં રાજલક્ષ્મીરૂપે, મૃત્યુલોકમાં રહેતા ગૃહસ્થાશ્રમી મનુષ્યોને ત્યાં ગૃહલક્ષ્મીરૂપે તેઓ વિરાજે છે. સર્વ પ્રાણીઓ તથા પદાર્થોમાં શોભારૂપ, મનોહર, પુણ્યશાળીઓની કીર્તિરૂપ, રાજાઓમાં કાંતિરૂપ અને વેપારીઓને ત્યાં વેપારરૂપે બિરાજે છે. પાપીઓને ત્યાં કલહરૂપે, અશિષ્ટ વ્યવહારવાળાને ત્યાં પણ તેમનો વાસ છે. સર્વમાન્ય, વેદોક્ત દયારૂપે, સર્વપૂજ્યા તથા વંદનિય તે કહેવાય છે. સર્વે લોકો એમની આરાધના અને વંદન કરે છે.

હે નારદજી! હવે તમે ત્રીજી શક્તિ વિષે સાંભળો....પરબ્રહ્મ પરમાત્માની વાણી, બુદ્ધિ, વિદ્યા અને જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી છે. તેમની કૃપાથી દરેક મનુષ્યને બુદ્ધિ, કવિતા, મેધા, પ્રતિભા અને સ્મરણશક્તિ પ્રાપ્ત થાય છે. અનેક પ્રકારના સિદ્ધાંતોના અર્થોના જ્ઞાનરૂપ હરકોઇ વ્યાખ્યાનના બોધસ્વરૂપ તેમની કૃપાથી સમસ્ત સંદેહ નાશ પામે છે. વિચાર કરનારા ને ગ્રંથ કરનારાં તે દેવી શક્તિસ્વરૂપ છે. સ્વર, સંગીત અને તાલ એ ત્રણ એમના જ રૂપ છે. તેઓ વિષયોના જ્ઞાનરૂપ અને

વાણીમય છે. સર્વ જીવોને જીવિકા આપનારા પરમ પ્રસિદ્ધ વાદ-વિવાદનાં અધિષ્ઠાત્રી તેમજ શાંતમૂર્તિ છે. હાથમાં પુસ્તક તથા વીણા ધારણ કરનારા, શુદ્ધ સત્ત્વમય શરીરવાળા તેઓ સદાચારપરાયણ હોઈ શ્રી વિષ્ણુને પ્રિય છે. હિમ, ચંદન. ધૃવ, ચન્દ્ર, કુમુદ, મોગરાનું પુષ્પ ને કમલ સમાન કાંતિવાળા તેઓ ભગવાન શ્રીકૃષ્ણને ગળામાં રત્ન હાર પહેરાવી તેમનું પૂજન-ઉપાસના કરે છે, તપોમયી મૂર્તિવાળા, તપસ્વીઓને ફળ આપનારાં, સિદ્ધિસ્વરૂપ, સંપૂર્ણ સિદ્ધિઓને આપનારાં, જેના વિના બ્રાહ્મણોનો સમુદાય હંમેશા મુઢ થઈ શબ સમાન થઈ જાય છે, આ ત્રીજા વેદોક્ત દેવી જગદંબા શાસ્ત્રાનુસાર મેં કહ્યાં. હવે જે ચોથાં દેવી છે તેમના વિષે આગમ શાસ્ત્ર પ્રમાણે કહું છું. ચારે વર્ણોનાં માતા ગાયત્રી દેવીથી છંદ અને વેદ ઉત્પન્ન થયા છે. સંધ્યા-વંદનના મંત્રો અને તંત્રનિર્માણ એમને લઈને છે. દ્વિજવર્ણોની જાતિ માટે એમણે પોતે સ્વરૂપ ધારણ કર્યું છે. તેઓ જપરૂપ, તપસ્વીની, બ્રહ્મતેજથી યુકત તથા સર્વ સંસ્કારરૂપ છે. એ પવિત્ર રૂપ ધારણ કરનારા દેવીને સાવિત્રી અથવા 'ગાયત્રી' કહે છે. તે બ્રહ્માને પરમ પ્રિય શકિતનો સ્પર્શ કરવાની તીર્થો પણ પોતાની શુદ્ધિ માટે કામના રાખે છે. શુદ્ધ સ્ફટિકમણિ સમાન સ્વચ્છ કાંતિવાળાં, સર્વશ્રેષ્ઠ, શુદ્ધ સત્ત્વમય શરીરવાળાં, પરમાનંદરૂપ પરબ્રહ્મસ્વરૂપ, મોક્ષ આપનારા, બ્રહ્મતેજથી સંપન્ન પરમશકિત અને શકિતના અધિષ્ઠાત્રી જેમના પવિત્ર ચરણની રજથી અખિલ જગત પવિત્ર થયું છે.

નારદજી! હવે હું પાંચમા દેવીનું વર્ણન કરૂં છું. પાંચે પ્રાણોના અધિષ્ઠાત્રી અને પાંચે પ્રાણો સ્વરૂપ રાધાદેવી પરમાત્મા શ્રીકૃષ્ણને પ્રાણોથી પણ અધિક પ્રિય, સર્વ દેવીઓમાં અતિસુંદર, સદગુણી, પરમ સૌભાગ્યવતી, અનુપમ ગૌરવવાળાં, શ્રીકૃષ્ણના અર્ધા ડાબા અંગરૂપ, કાર્ય-કારણરૂપ, શ્રીકૃષ્ણ સમાન ગુણ અને તેજથી યુકત તેઓ સર્વના સારરૂપ. આદ્ય, સનાતની, પરમાનંદરૂપ, ધન્ય, માન્ય અને પૂજ્ય કહેવાય છે. એ રાધા નિત્યનિકુંજેશ્વરી શ્રીકૃષ્ણ પરમાત્માની રાસક્રીડાના અધિષ્ઠાત્રી દેવી છે. પરમાત્મા શ્રીકૃષ્ણના રાસમંડળમાં એમનો આવિર્ભાવ થયો છે. એમના બિરાજવાથી રાસમંડળ અત્યંત શોભે છે. ગોલોકમાં વસનારા એ દેવી 'રાસેશ્વરી' તેમજ 'સુરસિકા' નામથી પ્રસિદ્ધ છે. ગોપીના વેશ ધારણ કરનાર, પરમ આનંદરૂપ, સંતોષ તથા હર્ષરૂપ, પૂર્ણ સ્વરૂપવાળા, નિર્ગુણ, નિરાકાર, નિર્લેપ, આત્મસ્વરૂપ નિસ્પૃહ, અહંકારરહિત ભકતો પર કૃપા કરનારા છે.

ઇચ્છા અને અહંકાર વિનાનાં, ભકતો પર કૃપાવંત થવા માટે અવતાર ધારણ કરનારા, તેમના રહસ્યને વેદોકત વિધિથી ધ્યાન કરનાર વિદ્વાન પુરૂષ જ

સમજી શકે છે દેવોના ઇન્દ્ર તેમ જ મુનિઓના ઇન્દ્ર વગેરે સમસ્ત દેવોએ પણ પોતાના ચર્મચક્ષુથી તેમને નજરે જોયા નથી. નીલરંગના દિવ્ય વસ્ત્ર ધારણ કરનારાં, દિવ્ય આભૂષણોથી શોભતાં, કરોડો ચંદ્ર જેવી કાંતિથી પ્રકાશતાં, સઘળાં ઐશ્વર્યોથી યુક્ત સ્વરૂપવાળાં, ભગવાન શ્રીકૃષ્ણનું દાસત્વ કરનારાં દેવી વરાહકલ્પના સમયે વૃષભાનુને ત્યાં પુત્રીરૂપે અવતર્યાં છે. જેમના ચરણસ્પર્શથી પૃથ્વી પરમ પવિત્ર થઇ છે. હે મુને! જેમને બ્રહ્મા વગેરે દેવો જોઇ શકતા નથી તે દેવી ભરતખંડમાં વ્રજવાસીને દ્રષ્ટિગોચર થઇ રહ્યાં છે. ઉત્તમ સ્ત્રીરત્નોમાં સારરૂપ નવીન નીલ મેઘોમાં ચમકતી વીજળીની જેમ શ્રીકૃષ્ણની છાતી ઉપર રહેલાં દેવીની કૃપા પ્રાપ્ત કરી પવિત્ર થવા માટે તો બ્રહ્માએ સાઠ હજાર વર્ષ મોટું તપ કર્યું હતું છતાં તેઓ સ્વપ્નમાં પણ તેમનું દર્શન પામી શક્યા ન હતા, પછી પ્રત્યક્ષ દર્શનની વાત જ શી? પછી એ જ તપના પ્રભાવથી બ્રહ્માએ પૃથ્વી પર વૃંદાવનમાં તેમને જોયા હતા. આ પાંચમા રાધાદેવી કહ્યાં.

આ સિવાય બીજી પણ પ્રકૃતિ દેવીના અંશ, કલા, કલાંશ અને કલાંશાંશ ભેદથી અનેક રૂપ છે. પ્રત્યેક વિશ્વની સઘળી સ્ત્રીઓ એમનું રૂપ મનાય છે. એ દુર્ગા વગેરે પાંચે દેવીઓને ભગવતી વિદ્યા કહે છે. હવે એ દેવીઓના મુખ્ય પ્રધાન અંશો વર્ણવું છું. જગતને પવિત્ર કરનારાં. વિષ્ણુ ભગવાનના શરીરથી ઉત્પન્ન થયેલાં સનાતની જલમયી ગંગા જેઓ પ્રકૃતિનો પ્રધાન અંશ છે. પાપીઓનાં પાપરૂપી કાષ્ટને બાળવા માટે પ્રજ્વલિત અગ્નિરૂપ એ ગંગાના સ્પર્શથી, સ્નાનથી અથવા એમનું જળ પીવાથી તરત જ મોક્ષ દેનાર છે.

ગોલોકમાં જવા માટે સીડીરૂપે રહેલાં, સમસ્ત તીર્થો અને નદીઓમાં શ્રેષ્ઠ, ભગવાન શંકરના મસ્તક પરની જટારૂપ મેરૂમાં રહી, ત્યાંથી નીકળેલા દુધ સમાન સ્વચ્છ સત્ત્વરૂપવાળાં, મલ અને અહંકાર વગરનાં પરમ સાધ્વી ગંગા ભગવાન નારાયણને ખૂબ પ્રિય છે.

વિષ્ણુની સ્ત્રી તુલસી પણ પ્રકૃતિ દેવીનો પ્રધાન અંશ છે. જે વિષ્ણુને પ્રિય, વિષ્ણુને વિભૂતિ કરનારાં, તેમના ચરણમાં રહેનારાં એ દેવીથી તપ સંકલ્પ અને પૂજા વગેરે સઘળાં શુભ કાર્ય સફળ થાય છે. પુષ્પોના સારરૂપ પરમ પવિત્ર તેમ જ પુણ્ય આપનારાં તેમના દર્શનથી અને સ્પર્શ માત્રથી મનુષ્યોને મોક્ષનાં અધિકારી બનાવનારાં, પાપમય સૂકાં લાકડાને બાળી નાખવા અગ્નિ સમાન રૂપ ધારણ કરી ભરતખંડના રહેવાસીઓને પ્રસન્ન કરવા ભરતખંડમાં પધારેલાં છે. એ દેવી તુલસીના ચરણ-કમળનો સ્પર્શ થતાં જ પૃથ્વી પરમ-પાવન થઇ ગઇ. તીર્થો પણ પોતે પવિત્ર થવા માટે એ દેવીનાં દર્શન તેમજ સ્પર્શ કરવા ઇચ્છે છે. એમના સિવાય અખિલ

જગતનાં સઘળાં કર્મ નિષ્ફળ મનાય છે. એમની કૃપાથી મુમુક્ષુ મુક્ત થાય છે. જેઓ જે કામનાથી તેમને ઉપાસે છે. તેમની તે સઘળી ઇચ્છા પૂરી થાય છે. ભરતખંડમાં કલ્પવૃક્ષરૂપે ઉત્પન્ન થયેલાં એ દેવી ખરેખર, કલ્પવૃક્ષ જેવાં છે.

મુળપ્રકૃતિ દેવીના એક અન્ય પ્રધાન અંશનું નામ દેવી 'મનસા' છે. જે કશ્યપનાં માનસપુત્રી છે. શંકરની પ્રિયશિષ્યા હોઇ મોટાં જ્ઞાનમાં કુશળ, પરમ વિદુષી તેમને નાગરાજ શેષે બહેન માન્યાં છે. નાગોથી સન્માન પામતાં, નાગ ઉપર સૂનારી એ દેવી 'નાગેશ્વરી' ને 'નાગમાતા' પણ કહેવાય છે. એમની સાથે મુખ્ય નાગ રહે છે. અને સિદ્ધિ ને યોગનાં સાક્ષાત્મૂર્તિ રૂપ તે દેવીની નાગરાજ સ્તુતિ કરે ૫.

નાગરૂપ શય્યાવાળાં, વિષ્ણુરૂપ, વિષ્ણુભક્ત, વિષ્ણુની મૂજામાં તત્પર ભગવાન વિષ્ણુમાં અટલ શ્રદ્ધાવાળા, તપોમય વિગ્રહવાળા, તપસ્વીઓને ફળ આપવામાં કુશળ જેમણે ત્રણ લાખ દિવ્ય વર્ષો સુધી વિષ્ણુનું તપ કર્યું હતું તે ભરતખંડના સઘળા તપસ્વી અને તપસ્વીઓમાં શ્રેષ્ઠ. સંપૂર્ણ મંત્રોનાં અધિષ્ઠાત્રી બ્રહ્મતેજથી પ્રકાશતાં, પરબ્રહ્મસ્વરૂપ, બ્રહ્મના ચિંતનમાં સંલગ્ન રહેનારાં, શ્રીકૃષ્ણના અંશરૂપ જરત્કારૂ મુનિના પત્ની તપસ્વી શ્રેષ્ઠ આસ્તીક મુનિની તે માતા છે.

હે નારદજી ! પ્રકૃતિ દેવીના છઠ્ઠા મુખ્ય અંશને ષષ્ઠી નામથી ઓળખાય છે, તેને 'દેવસેના' કહે છે. માતૃકાઓમાં પરમશ્રેષ્ઠ આ ભગવતી 'ષષ્ઠી' પુત્રપૌત્ર વગેરે સંતાન આપનારાં છે. સંતાનોત્પત્તિના અવસરે અભ્યુદય માટે એ ષષ્ઠીદેવીનું પૂજન થાય છે. સમસ્ત જગતમાં ભાવિકો બારે મહિના તેમની પૂજા કરે છે. પુત્ર જન્મતા બાળકના છઠ્ઠા દિવસે સુતિકાગૃહમાં એમને પૂજે છે. કેટલીક વ્યક્તિઓ તેમને એકવીસમાં દિવસે પૂજે છે. પ્રણામ કરવાથી મુનિઓની અભિલાષાને પૂરનારાં માતૃકારૂપ એ દેવી નિરંતર રક્ષણ કરવામાં તત્પર રહી જળ, સ્થળ, આકાશ અને ઘરમાં બાળકોનું રક્ષણ કરે છે.

પ્રકૃતિદેવીનો એક મુખ્ય અંશ 'મંગલચંડી' નામથી વિખ્યાત છે. એ દેવી પ્રકૃતિના મુખથી પ્રકટયા છે, જેમની કૃપાથી સમસ્ત મંગલ સુલભ બને છે સૃષ્ટિ સમયે મંગલસ્વરૂપા અને સંહાર વેળા ક્રોધસ્વરૂપા બનનારા દેવીને વિદ્વાનો મંગલચંડી કહે છે દરેક મંગળવારે જગતમાં તે પૂજાય છે. એમની પૂજા કરનારો પુત્ર, પૌત્ર, ધન, સંપત્તિ, યશ અને કલ્યાણ મેળવે છે. વ્રત-પૂજનથી પ્રસન્ન થતાં સમસ્ત સ્ત્રીઓના મનોરથોને પૂરનારા ભગવતી મહેશ્વરી જ્યારે કોપાયમાન થાય છે ત્યારે ક્ષણમાત્રમાં વિશ્વનો નાશ કરે છે. પ્રકૃતિ દેવીના પ્રધાન અંશ મનાતાં કમલનેત્ર દેવી કાલી, શુંભ-નિશુંભ સામે દુર્ગા યુદ્ધમાં ઊતર્યાં હતા તે સમયે દુર્ગા-

દેવીના લલાટમાંથી પ્રકટ્યા છે. તે દુર્ગાદેવીના અર્ધા અંશ હોઇ તેમના જેવા ગુણ અને તેજથી કરોડો સુર્ય સમાન પ્રકાશે છે. સર્વ શક્તિઓમાં મુખ્ય, બળવાનોમાં બળવાન, યોગસ્વરૂપ દેવી સંપૂર્ણ સિદ્ધિઓ આપે છે. શ્રીકૃષ્ણ પ્રત્યે અટુટ શ્રદ્ધાવાળાં તેઓ તેજ, પરાક્રમ અને ગુણમાં શ્રીકૃષ્ણના જેવાં જ છે. તેમનો સારો યે સમય શ્રીકૃષ્ણની ભક્તિમાં જ વીતે છે તેથી તેમના શરીરનો વર્ણ પણ શ્યામ છે. તેઓ ઇચ્છે તો એક જ શ્વાસમાં સર્વ બ્રહ્માંડનો નાશ કરવા સમર્થ છે. પોતાના મનોરંજન માટે અથવા લોકોને શિખામણ આપવાના વિચારથી જ સંગ્રામભૂમિમાં દૈત્યો સાથે તેઓ યુધ્ધ કરે છે. પૂજવાથી તેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપવામાં સમર્થ છે. તેમ જ બ્રહ્માદિ દેવો, મુનિઓ મનુ વગેરે અને મનુષ્યો તેમની ઉપાસના કરે છે. અખિલ જગત જેમના પર રહેલું છે, જે 'સર્વશસ્યા', 'રત્નાકર' અને 'રત્નગર્ભા' પણ કહેવાય છે તે પૃથ્વી પણ પ્રકૃતિ દેવીનો પ્રધાન અંશ છે, રાજા-પ્રજા સર્વ તેમની પૂજા તેમ જ સ્તુતિ કરે છે. સર્વ જીવાત્માઓની આજીવિકા માટે એમણે આ સ્વરૂપ ધર્યું છે. સઘળી સંપત્તિના સ્થાનરૂપ તેમના સિવાય ચરાચર જગત ક્યાંયે રહી શકતું નથી, સ્થાવર-જંગમ સર્વ જગત નિરાધાર જ થઇ જાય.

હે મુનિવર ! હવે મૂળ પ્રકૃતિ દેવીની જે જે કલાઓ તથા તે જેમની પત્નીઓ છે તે તમને કહું છું. સમસ્ત જગતમાં પૂજાતાં 'સ્વાહા' દેવી તે અગ્નિના પત્ની છે, જેમના સિવાય દેવો લોકોએ આપેલાં બલિદાન 'હવિ'ને પામી શકતાં નથી. જેમના નહિ રહેવાથી વિશ્વનાં લોકોનાં ઉત્તમ સઘળાં કર્મ નિષ્ફળ બને છે તે દક્ષિણા તથા દીક્ષાદેવી યજ્ઞનાં પત્ની છે. પિતૃઓની પત્ની સ્વધા છે જેમનું ઉચ્ચારણ કર્યા સિવાય સર્વ કર્મ અને પિતૃઓને આપેલી વસ્તુ નિષ્ફળ બને છે. સ્વસ્તિ દેવી એ વાયુનાં પત્ની છે. પ્રત્યેક વિશ્વમાં એમનો સત્કાર થાય છે અને એના ઉચ્ચાર વિના દાન તથા પ્રતિગ્રહ બન્ને નિષ્ફળ થાય છે.

'પુષ્ટિ' દેવી ગણપતિના પત્ની છે. પૃથ્વી પર સર્વ કોઇ તેમને પૂજે છે. તેમના વિના પુરુષ અને સ્ત્રી શક્તિહીન બને છે. અનંતની પત્નીનું નામ 'તુષ્ટિ' દેવી છે. સર્વ લોકો એમનું નિત્ય પૂજન વંદન કરે છે. એમના સિવાય સંપૂર્ણ સંસાર સારી રીતે સંતુષ્ટ થઇ શકતો નથી. ઇશાનની પત્નીનું નામ સંપત્તિ દેવી છે, જેમનું દેવો ને મનુષ્યો સન્માન કરે છે. તેમના નહિ રહેવાથી વિશ્વની જનતા દરિદ્ર થઇ જાય છે. 'ધૃતિદેવી' કપિલમુનિના પત્ની હોઇ સર્વ લોકો તેમનું સ્વાગત કરે છે. એમના સિવાય જગતમાં ધીરજ રહેતી નથી. 'સતિ' દેવી સત્યનાં પત્ની કહેવાયાં છે, તે સર્વનો

આદર પામતાં દેવી લોકપ્રિય છે, જેમના સિવાય જગત સર્વથા બંધુભાવથી રહિત થાય છે. પરમ સાધ્વી 'દયાદેવી' મોહની પત્ની છે જે પૂજ્ય તેમજ જગતપ્રિય છે, જેમના સિવાય લોકો સર્વ સ્થળે નિષ્ફળ બને છે.

પુણ્ય આપનારાં ને સદા પૂજાયેલાં દેવી 'પ્રતિષ્ઠા' તે પુણ્યનાં પત્ની છે. જેમના સિવાય સારોય સંસાર જીવિત છતાં મડદાં સમાન છે. જેમને સર્વ લોકો સારી રીતે જાણે છે, ભાગ્યશાળી પુરુષો દ્વારા જેમનું સન્માન થાય છે અને જેમના વિના ચરાચર જગત યશ વિનાનું અને ચેષ્ટા રહિત થાય છે. તે 'કીર્તિ-દેવી' સુકર્મનાં પત્ની છે. સર્વના આદર-પાત્ર, જેમના વિના સારોય સંસાર વિધિ રહિત થઇ જાય છે તે 'ક્રિયાદેવી' ઉદ્યોગનાં પત્ની છે.

ધૂર્તોથી સત્કારાતાં, સત્યયુગમાં અદ્રશ્ય બનતાં, ત્રેતામાં સૂક્ષ્મરૂપે રહેતાં, દ્વાપરમાં અરધા શરીરે પ્રકટતાં અને કળિયુગમાં દરેક ધૂતારા લોકોએ પૂજેલાં સ્થૂલ શરીરવાળાં 'મિથ્યાદેવી' અધર્મનાં પત્ની છે, જેઓ હઠથી સર્વત્ર આધિ-પત્ય જમાવે છે. એમના ભાઇનું નામ કપટ છે, જેની સાથે તે લોકોના ઘરે ઘરમાં ચક્કર લગાવે છે. શાંતિ અને લજ્જા એ નામની બે સુશીલની પત્નીઓ છે, જેમના સિવાય સારું યે જગત ઉન્મત્તની જેમ જીવન વીતાવે છે. આ બન્ને પણ પૂજાયેલી છે. બુદ્ધિ, મેધા અને ધૃતિ એ ત્રણ જ્ઞાનની પત્નીઓ છે, જેના નહિ રહેવાથી સમસ્ત સંસાર મૂઢ અને પાગલ જેવો બની જાય. ધર્મની પત્નીનું નામ મૂર્તિ છે. તે કાંતિવાળાં તથા મનોહર છે. એ દેવી સર્વના મનને મુગ્ધ કરે છે. એના વિના વિશ્વવ્યવસ્થાપક પરમાત્મા નિરાધાર રહે છે. એમના સ્વરૂપને અપનાવીને જ લક્ષ્મી સર્વત્ર શોભે છે. 'શ્રીરૂપ અને મૂર્તિરૂપ' બંને એમનાં સ્વરૂપ છે. રુદ્રની પત્નીનું નામ 'કાલાગ્નિ' છે, એને 'યોગ-નિદ્રા' પણ કહે છે. રાત્રિના સમયે એમના સહયોગથી સર્વ જીવાત્મા નિદ્રામાં પડે છે. સંધ્યા, રાત્રિ અને દિવસ એ ત્રણ કાળની ભાર્યા છે. એમના નહિ હોવાથી બ્રહ્મા પણ સંખ્યાની ગણતરી કરી શકતા નથી, ભુખ અને તરસ એ બન્ને લોભની ભાર્યા છે એમના પ્રતિકૂળ રહેવાથી સારું યે જગત ચિંતાતુર અને શોકમગ્ન બની જાય છે. પ્રભા અને દાહિકા એ બન્ને તેજની પત્નીઓ છે, એમના અભાવે જગત્સ્રષ્ટા બ્રહ્મા પોતાનું કાર્ય કરવા સમર્થ થતા નથી. જરા અને મૃત્યુ એ બન્ને કાળની પુત્રીઓ છે, જે પ્રિય લાગતી હોવા છતાં અપ્રિય છે. એમની સત્તા ન રહેતાં બ્રહ્માએ બનાવેલા જગતની વ્યવસ્થા જ વેરણ-છેરણ થાય. નિદ્રાની કન્યાનું નામ તંદ્રા છે તે અને પ્રીતિ એ બન્ને સુખની પ્રિયાઓ છે. વિધિના વિધાનમાં રહેનાર આ જગત એનાથી વ્યાપ્ત છે. શ્રદ્ધા અને ભકિત વૈરાગ્યની પત્નીઓ છે, જેની

કૃપાથી જગત સદા જીવનમુકત થઇ શકે છે. દેવોની માતા અદિતિ, ગાયોને ઉત્પન્ન કરનારાં, સુરભિ દૈત્યોની માતા દિતિ. કદ્રુ, વિનતા અને દનુ એ દેવીઓ સૃષ્ટિનું કાર્ય સંભાળે છે. તેઓ ભગવતી પ્રકૃતિની 'કલા' કહેવાય છે. બીજી પણ ઘણી કલાઓ છે, જેમાંથી કેટલીક તમે મારી પાસેથી સાંભળો :

ચંદ્રની પત્ની રોહિણી, સૂર્યની પત્ની 'સંજ્ઞા, મનુની સ્ત્રી શતરૂપા, શચી એ ઇન્દ્રની સ્ત્રી, તારા બૃહસ્પતિની સ્ત્રી, અરૂંધતી વસિષ્ઠની સ્ત્રી, અહલ્યા ગૌતમની સ્ત્રી, અનસુયા અત્રિની સ્ત્રી, દેવહુતિ કદર્મની સ્ત્રી ને પ્રસુતિ દક્ષની પત્ની છે. પિતૃઓની કન્યા માનસી, અંબિકા—પાર્વતીની માતા મેનકા, લોપામુદ્રા, કુંતી કુબેરની પત્ની, વરૂણની પત્ની વરૂણા પણ પ્રસિધ્ધ છે. વિંધ્યાવલી એ બાલરાજાની પ્રસિદ્ધ પત્ની છે. સુંદરી, દમયંતી, દેવકી, યશોદા, ગાંધારી, દ્રોપદી, શૈબ્યા, સત્યવતી, વૃષભાનુપ્રિયા અને રાધાજીની માતા કુલોદ્વહી, મંદોદરી, કૌશલ્યા, સુભદ્રા, રેવતી, સત્યભામા, કાલિંદી, બીજી લક્ષ્મણા, જાંબવતી, નાગ્નાજતી, મિત્રવિંદા, રૂકિમણી, સીતા, કાલી, યોજનગંધા, બાણપુત્રી ઉષા, એની સખી ચિત્રલેખા, પ્રભાવતી, ભાનુમતી, માયાવતી, પરશુરામની માતા રેણુકા, બલરામની માતા રોહિણી અને એકનંદા જે ભગવાન શ્રીકૃષ્ણની બહેન 'દુર્ગા' નામથી કહેવાય છે. આ અને બીજી ભરતખંડમાં થયેલી ઘણી સતીઓ ભગવતીની મૂળ પ્રકૃતિની કલાઓ છે. ઉપરાંત જે જે ગ્રામદેવીઓ છે તે બધીએ પ્રકૃતિની કલાઓ છે.

વિશ્વમાં જેટલી સ્ત્રીઓ છે.... એ બધી કલાના અંશનો અંશ સમજવી, માટે સ્ત્રીઓનું અપમાન કરવાથી મૂળ પ્રકૃતિનું અપમાન કર્યું ગણાય છે. જે મનુષ્ય પતિ—પુત્ર સહિત જે સાધ્વી બ્રાહ્મણીને વસ્ત્ર, અલંકાર ને ચંદનથી પૂજે છે તેણે પ્રકૃતિને જ પૂજે છે, એમ સમજવું. ઉત્તમ, મધ્યમ ને અધમ— બધી સ્ત્રીઓ પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલી છે. જે મનુષ્ય બ્રાહ્મણની આઠ વર્ષની કુમારિકાને એ રીતે પૂજે છે તેની પૂજા પણ પ્રકૃતિની પૂજા બરોબર ગણાય છે. એમા જે સદાચારી ને પતિવ્રતા ઉત્તમ સ્ત્રીઓ છે તેને પ્રકૃતિના સત્વગુણના અંશરૂપે સમજવી. ભોગપ્રિયા સ્ત્રીઓને રજોગુણના અંશરૂપસમ ને જે પ્રકૃતિના તામસ અંશથી પ્રકટી છે તે કુરૂપ, ખરાબ મુખવાળી, કુળનો નાશ કરનારી, ધૂર્ત, સ્વેચ્છાચારિણી અને કલહપ્રિય હોય છે, તે કુલટા કહેવાય છે. તેમ જ પ્રકૃતિના તમોગુણના અંશરૂપ પુંશ્ચલી સ્ત્રી પણ પ્રકૃતિનો તામસ અંશ છે. પૃથ્વી પર જે કુલટા સ્ત્રીઓ છે તેઓ પણ તમોગુણના અંશરૂપ છે.

હે નારદ ! આ રીતે પ્રકૃતિના સંપૂર્ણ રૂપનું મેં વર્ણન કર્યું. ભરતખંડમાં પધારી સર્વ દેવીઓ આ દેશમાં પૂજાય

છે. રાજા સુરથે દુર્ગતિનાશક દુર્ગાદેવીની સર્વ પ્રથમ પૂજા કરી હતી, તે પછી રાવણનો નાશ (વધ) કરવાની ઇચ્છાથી શ્રી રામચન્દ્રજીએ મા જગદંબાને પૂજ્યા હતા. ત્યારથી ભગવતી જગદંબા ત્રણે લોકમાં પૂજાય છે. જે દુર્ગા અસુરોનો તથા દાનવોનો નાશ કરી દક્ષને ત્યાં પ્રથમ જન્મ્યા, તેણે પછી પોતાના સ્વામી શિવનું અપમાન જોઇ યજ્ઞમાં પોતાનું શરીર યોગાગ્નિથી બાળી નાખ્યું હતું.

તે પછી હિમાલયને ત્યાં મેનકાના ઉદરથી પાર્વતીજી તરીકે જન્મી શંકરને પોતાના પતિ બનાવ્યા. ગણેશ અને સ્કંદ એ એમના પુત્ર થયા. જેમાંના શ્રી ગણેશ શ્રીકૃષ્ણ મનાય છે. સ્કંદ વિષ્ણુ–પુત્ર થઇ ચૂકયા છે. તે પછી રાજા મંગલે સૌ પ્રથમ લક્ષ્મીને પૂજ્યાં અને આરાધ્યા હતાં તે ઉપરાંત ત્રણે લોકમાં દેવતાઓ, મુનિઓ ને મનુષ્યોએ ત્રણે લોકમાં તેમને પૂજ્યાં હતાં, તે પછી પ્રધાનપદે ને શ્રેષ્ઠ મુનિ એમના ઉપાસક થઇ ગયા. બ્રહ્માએ પ્રથમ સરસ્વતી દેવીને પૂજ્યાં હતાં તે પછી તે ત્રણે લોકમાં તેમને પૂજ્યાં. રાજા અશ્વપતિએ સૌ પ્રથમ સાવિત્રીને પૂજ્યાં હતાં, તે પછી પ્રધાન દેવ અને શ્રેષ્ઠ મુનિ એમના ઉપાસક થઇ ગયા. બ્રહ્માએ પ્રથમ સરસ્વતી દેવીને પૂજ્યાં હતાં તે પછી ત્રણે લોકમાં દેવો અને મુનિઓને માટે પૂજ્ય થયાં. સર્વ પ્રથમ ગોલોકમાં રાસમંડલના અવસરે ભગવતી રાધાની પૂજા થઇ. ગોપો, ગોપીઓ ગોપકુમારીઓની સાથે શોભતા ભગવાન શ્રીકૃષ્ણે રાધાજીનું પૂજન કર્યું હતું.

એ વેળા કાર્તિક પુર્ણિમાનો દિવસ હતો. એ ઉત્સવમાં ગાયો પણ હતી. અને બ્રહ્માની આજ્ઞાથી પ્રધાન દેવો તથા મુનિઓ આનંદિત થઇ ભકિતપુર્વક પુષ્પ તેમ જ ધુપ વગેરેથી નિરંતર એમની પૂજા (વંદન) કરવા લાગ્યા અને સ્તુતિ પણ કરી હતી. આ ભુમંડલ પર તેમની પુજા સૌ પ્રથમ શંકરે ઉપદેશેલા સુયજ્ઞ રાજાએ કરી હતી. પુણ્ય–ક્ષેત્રે ભરત ખંડમાં જન્મી એ રાજાએ ભગવાન શંકરની આજ્ઞાથી શ્રીરાધાદેવીની ઉપાસના કરી હતી. તે પછી શ્રીકૃષ્ણની આજ્ઞા મેળવી ત્રૈલોકયમાં મુનિઓ પુષ્પ–ધૂપ વગેરેથી એમની પૂજામાં સદા તત્પર થયા. જે જે કલાઓ ભરત–ખંડમાં પ્રગટી છે તે સર્વની પૂજા થાય છે, ત્યારથી લઇ પ્રત્યેક ગામ ને નગરમાં ગ્રામદેવીઓ છે તે પણ સદા પૂજાય છે. હે મુનિ ! આમ ભગવતી પ્રકૃતિનું સઘળું ચારત્ર મેં તમને કહ્યું છે. હવે તમે બીજું વધારે શું સાંભળવા ઇચ્છા છો....? જે ભાવિકો ભગવતી પ્રકૃતિના ચરિત્રને નિત્ય સ્મરે છે, પાઠ કરે છે તેના પર દેવી ભગવતી સદાય પ્રસન્ન રહે છે. ૧૫૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'પાંચ પ્રકારની પ્રકૃતિઓનું વર્ણન' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### પાંચ પ્રકૃતિ કેવી રીતે પ્રકટયાં?

નારાયણ ઉવાચ

સમાસેન શ્રુતં સર્વં દેવીનાં ચરિતં પ્રભો ।
વિબોધનાય બોધસ્ય-
વ્યાસેન વક્તુમર્હસિ ॥

નારદે પુછ્યું : હે પ્રભો ! દેવીનું સર્વ ચરિત્ર મેં સંક્ષેપમાં સાંભળ્યું, પરંતુ મનુષ્યોને વિશેષ બોધ ઉપજે તે માટે વિસ્તારથી તે મને કહો. સૃષ્ટિ સમયે સૃષ્ટિના પ્રથમ કારણરૂપ આદ્ય દેવી શી રીતે પ્રકટયાં ? દેવી પાંચ પ્રકારે થવાં હતાં એનું શું કારણ છે ? જેના અંશ અને કલાથી પ્રાણી ઉત્પન્ન થયાં છે તે ત્રિગુણાત્મક પ્રકૃતિથી જે ગંગા–તુલસી વગેરે જન્મી તે દેવીનું ચરિત્ર સાંભળવા ઇચ્છું છું....એ દેવીઓના મંગલમય પ્રાકટયનો પ્રસંગ, પૂજા તેમજ ધ્યાનનો વિધિ, સ્તોત્ર, કવચ, ઐશ્વર્ય તથા પરાક્રમ પણ સાંભળવા ઉત્સુક છું.

શ્રીનારાયણ બોલ્યા : 'જીવાત્મા જેમ નિત્ય છે, તેમ આકાશ, કાળ, દિશાઓ બ્રહ્માંડ તથા ગોલોકધામ એ બધાં નિત્ય છે. એનો કયારેય અંત હોતો નથી. ગોલોકધામમાં તેની નીચેના ભાગમાં રહેલું એક બીજું વૈકુંઠધામ છે જયાં વિવેકી પુરુષ જઇ શકે છે, એ રીતે પ્રકૃતિ પણ નિત્ય છે. જે પરબ્રહ્મની સનાતની લીલા છે. જેમ અગ્નિમાં દાહકશક્તિ, ચંદ્ર તથા કમળમાં શોભા તથા સુર્યમાં પ્રભા સદા રહે છે, તે જ પ્રમાણે આ પ્રકૃતિ પણ આત્મામાં સદા જ જોડાયેલી રહે છે, તેનાથી કયારેય અલગ જણાતી નથી. જેમ સોની સોના વિના અલંકાર-કુંડલ બનાવી શકતો નથી, તથા કુંભાર માટી વિના ઘડો બનાવવા અસમર્થ છે તેમ જ પરમાત્મા પ્રકૃતિ સિવાય સૃષ્ટિ સર્જવાને સમર્થ થતા નથી. જેમના સહાયથી શ્રીહરિ સદાય શક્તિમાન બની રહે છે તે પ્રકૃતિ જ સર્વ શક્તિસ્વરૂપ છે, એમાં વાક્ચાતુર્ય, શક્તિ અને પરાક્રમ રહેલાં છે, જે પરમાત્મામાં પણ એ ગુણોનો સંનિવેશ કરાવે છે એથી જ એ 'શક્તિ' કહેવાય છે. જ્ઞાન, સમૃદ્ધિ, સંપત્તિ, યશ અને બલ અને ઐશ્વર્યથી પૂર્ણ હોવાને લીધે એમનું નામ ભગવતી શક્તિ પડયું છે. જે ઐશ્વર્યમયી દેવી કયારેય તિરોહિત થતાં નથી. પરમાત્મા એમની સાથે બિરાજે છે, એથી જ એ 'ભગવાન' કહેવાય છે. જે સ્વેચ્છામય હોઇ સાકાર અને નિરાકાર પણ છે. તેમાંથી તેજમય નિરાકારનું યોગીઓ હંમેશા ધ્યાન કરતા રહે છે. પરબ્રહ્મ અને ઇશ્વર એક છે. પરમઆનંદમય વિગ્રહવાળા પરમાત્માને કોઇ જોઇ શકતું નથી. પણ તેઓ સર્વને જુએ છે. જે સર્વત્ર, સર્વના કારણ, સર્વદા અને સર્વરૂપ છે, વૈષ્ણવો એમને પ્રણામ કરતાં કહે છે, આ પરમ તેજસ્વી બ્રહ્મ સિવાય બીજા કોનું તેજ છે ? એ પરબ્રહ્મ તેજસ્વી મંડળમાં બિરાજે છે, જે સ્વેચ્છામય, સર્વરૂપ અને સમસ્ત કારણોના પણ કારણ છે.

જયારે તેમને સાકારરૂપે પ્રકટવાની

ઇચ્છા થઇ ત્યારે તેમણે અત્યંત સુંદર તેમજ મનને મુગ્ધ કરનારૂં દિવ્યરૂપ પ્રકટ કર્યું. જે કિશોર ઉંમરના, શાંત, સર્વ કરતાં સુંદર, જેનાથી અધિક જગતમાં અન્ય કોઇ છે નહિ એવા નવા મેઘની કાંતિ જેવા તેજસ્વી, શરદ ઋતુમા મધ્યાહ્નને વિકસિત થતા કમળ જેવા નેત્રવાળા, મોતીઓની શોભા તુચ્છ કરનારા સુંદર દંતપંક્તિવાળા, મોરપીછથી શોભતા મુકુટવાળા, માલતીમાળાથી શોભતા, સુંદર નાસિકાવાળા, મંદહાસ્યવાળા, ભક્તો પર અનુગ્રહ કરવા માટે પધારેલા, પ્રજ્વાલત અગ્નિ સમાન પીતાંબરથી શોભતા વિગ્રહવાળા, રત્નના આભુષણોથી શણગારાયેલા ભુજાઓવાળા, હાથમા મુરલીવાળા, સર્વના આશ્રય, સર્વાધાર, સર્વેશ્વર, સર્વના સ્વામી, સઘળા શક્તિઓથી યુક્ત તેમ જ પૂર્ણ પુરૂષ છે, સમસ્ત ઐશ્વર્યને આપનારા, પરમ સ્વતંત્ર તેમજ સંપૂર્ણ મંગલના ભંડાર, જઓ અતિશય પરિપુર્ણ સિધ્ધિઓને કરનાર સિધ્ધેશ, સિધ્ધ, તથા પરિપુર્ણતમ બ્રહ્મ કહેવાય છે, એ ભવને હરનારા દેવાધિદેવ સનાતન પ્રભુનું વૈષ્ણવપુરૂષો નિરંતર ધ્યાન કરે છે, એમના કૃપાથી જન્મ મૃત્યુ, ઘડપણ, રોગ, શોક અને ભય સર્વ પ્રભાવ–રહિત થઇ જાય છે. બ્રહ્માનું આયુષ્ય એમના નિમેષ માત્ર છે તેજ આત્મા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ કહેવાય છે.

'કૃષ' શબ્દ તદ્ભક્તિપૂરક છે અને 'ન'નો અર્થ પરમાત્માનું દાસપણું કરનારો છે. એથી ભક્તિ ને દાસ્યભાવ આપવાની યોગ્યતા જેનામાં છે તે 'કૃષ્ણ' કહેવાય છે. સર્વસ્રષ્ટા કૃષ્ણ એકલા જ સૃષ્ટિ રચવાના વિચારમાં હતા ત્યારે સ્વેચ્છામય એ પરમેશ્વર પોતાની રૂચિ પ્રમાણે બે પ્રકારના રૂપવાળા થયા તેમાં તેમના વામાંગથી સ્ત્રીરત્ન કહેવાય અને દક્ષિણાંશ ભાગથી પુરૂષ કહેવાયા. પછી મોટી ઇચ્છાવાળા તે સનાતન પુરૂષ એ દિવ્ય સ્ત્રીરત્નને જોવા લાગ્યા. જે સુંદર અંગવાળાં, વિકસિત કમળ જેવી કાંતિવાળાં, ચન્દ્રમંડળને પણ તિરસ્કૃત કરતાં બંને નિતંબવાળા, કદલીસ્તંભ જેવી મનોહર સાથળોવાળાં, પુષ્પહારથી શોભતા વક્ષ:સ્થળવાળાં પાતળી કટિવાળાં, અસીત સ્વરૂપ ધારણ કરનારાં, મંદ મુસ્કાનથી વાંકા કટાક્ષોવાળી દૃષ્ટિથી શ્રીકૃષ્ણ તરફ જોતાં, સુંદર વસ્ત્ર ધારણ કરેલાં, રત્નમય દિવ્ય આભુષણોથી શોભતા પોતાના ચકોરીરૂપ ચક્ષુઓથી શ્રીકૃષ્ણના કોટિચન્દ્રથી પણ અતિ સુંદર મુખ ચન્દ્રનું નિરંતર હર્ષપુર્વક પાન કરી રહેલા, લલાટમાં કસ્તુરીની નાનકડી બિંદીવાળા, નીચે નાની નાની ચંદનની ટીપકીવાળાં અને વચ્ચે સિંદુરની બિંદીથી સુશોભિત ઘુંઘરીયાળા કેશવાળા, માલતીપુષ્પોના સુંદર સુવાસિત હારથી શોભતાં, કરોડો ચન્દ્રના પ્રભાથી પ્રકાશિત પરિપુર્ણ શોભાથી યુક્ત રાજહંસ અને

ગજરાજના ગર્વને ખંડન કરતી પોતાની ગતિથી હરનારી એક સુંદર સ્ત્રીને જોઇને અત્યંત રસિક રાસેશ્વર શ્રીકૃષ્ણ એમની સાથે રાસમંડળમાં પધાર્યા ને તેની સાથે રાસક્રીડા કરી. પછી સ્વયં મુર્તિમાન શૃંગાર આવ્યો હોય એ રીતે બ્રહ્માના એક દિવસ જેટલા સમય સુધી તેની સાથે હર્ષપુર્વક સુખ–સમાગમ કરી જગતપિતા શ્રીકૃષ્ણ કંઇક શ્રમિત થયેલા જણાયા.

નારદ ! રાસક્રીડા પછી સ્ત્રી સંસર્ગને લીધે શ્રમિત થવાથી અથવા શ્રીકૃષ્ણના અસહ્ય તેજથી એ દેવીના શરીરમાંથી દિવ્ય પ્રસ્વેદ વહેવા લાગ્યો અને આ સર્વ જગતરૂપી ગોળાને ચારે તરફથી વીંટી લીધો. ને જે નિઃશ્વસરૂપી વાયુ થયો તેના આશ્રયે સારૂં યે જગત રહેલું છે. સંસારમાં જેટલાં સજીવ પ્રાણી છે એ બધાંમાં આ વાયુનો નિવાસ છે. એ જ સમયે પ્રકૃતિએ સર્વ પ્રાણીઓના નિઃશ્વાસ વાયુની અધિષ્ઠાત્રી વાયુની મૂર્તિ પણ પ્રકટ કરી હતી. આમ વાયુ પણ મુર્તિમાન થઇ ગયો. મુર્તિમાન વાયુના ડાબા અંગમાંથી તેને પ્રાણ કરતાં પણ વધારે પ્રિય તેની સ્ત્રી પ્રકટી જેનાથી પાંચ પુત્ર થયા, જે પ્રાણીઓના શરીરમાં રહીને પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન નામક પંચ પ્રાણપુત્રો કહેવાય છે. પસીનારૂપે વહેતા જળના અધિષ્ઠાતા વરુણ થયા અને તે વરૂણ દેવના ડાબા અંગથી એમની પત્ની વરૂણા પ્રકટ થઇ.

એ વેળા શ્રીકૃષ્ણની ચૈતન્યશક્તિ એમની કૃપાથી--સંગથી ગર્ભવતી થઇ. બ્રહ્મતેજથી તેમનું શરીર સો મન્વંતર સુધી દેદીપ્યમાન થઇ રહ્યું. શ્રીકૃષ્ણની છાતી પર રહેલાં એ દેવીએ સો મન્વંતર પછી એક સુવર્ણ જેવા પ્રકાશમાન વિશ્વને ધારણ કરવાની યોગ્યતાવાળા એક શ્રેષ્ઠ બાળકને જન્મ આપ્યો. પરંતુ એ બાળકને ભયંકર મોટા ઇંડા જેવો જોઇ દેવી દુઃખી થઇ ઊઠયાં તેમણે એ બાળકને બ્રહ્માંડરૂપ ગોળાનાં ઊંડા જળમાં ફેંકી દીધો. બાળકને ત્યજી દેવાથી શ્રીકૃષ્ણે હાહાકાર કર્યો. તરત જ દેવીને શાપ આપતાં કહ્યું: 'અરે ! તેં આ બાળકનો ત્યાગ કર્યો છે તેથી તું આજથી સંતાન રહિત થઇશ. એટલું જ નહિ પણ તારા અંશથી જે જે દેવીઓ થશે તે પણ તારા જેવી તરુણી હોવા છતાં સંતાનનું સુખ જોઇ નહિ શકે.' એટલામાં જ એ દેવીના જીભના ટેરવામાંથી ધોળા વર્ણવાળી, શ્વેત વસ્ત્રો ધારણ કરેલી, વીણા અને પુસ્તકથી શોભતા બે હાથવાળી સમગ્ર શાસ્ત્રોની અધિષ્ઠાત્રી, રત્નમય આભુષણોથી અધિક શોભતી મનોહર એક કન્યા પ્રકટી. સર્વ શાસ્ત્રોનાં અધિષ્ઠાત્રી તે સરસ્વતી દેવીએ ધોળાં વસ્ત્રો, વીણા તથા પુસ્તક ધારણ કર્યાં હતાં અને રત્નોના શણગારોની શોભાથી યુક્ત હતાં. તે પછી કેટલોક સમય જતાં શ્રીકૃષ્ણની પેલી સ્ત્રી મૂળ પ્રકૃતિ દેવી બે સ્વરૂપોવાળાં થયાં. તેમના જમણા

અંગથી 'દ્વિભુજા'વાળા રહ્યા અને ડાબા અંગથી 'ચાર ભુજાવાળા' નારાયણ-વિષ્ણુ થયા. ત્યારે બે ભુજાવાળા શ્રીકૃષ્ણે સરસ્વતીને તથા લક્ષ્મીને કહ્યું : 'હે લક્ષ્મીદેવી ! તમે આ ચાર ભુજાવાળા વિષ્ણુની પ્રિયા થાઓ. અને આ માનિતી રાધા તો અહીં જ રહેશે. તમારૂં કલ્યાણ થાઓ.' એમ પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે લક્ષ્મીને તથા સરસ્વતીને નારાયણની સેવામાં રહેવાની આજ્ઞા આપી. પછી જગતની વ્યવસ્થામાં તત્પર રહેનારા વિષ્ણુ ભગવાન સરસ્વતી અને લક્ષ્મી સાથે વૈકુંઠમાં પધાર્યા. મૂલ પ્રકૃતિરૂપ રાધાના અંશથી જન્મેલી એ બંને દેવીઓ પૂર્વોક્ત શાપને લીધે સંતાનવિહીન રહી. પછી નારાયણના અંગમાંથી ચાર ભુજાઓવાળા ગુણ તેજ, રૂપ અને અવસ્થામાં શ્રીહરિ જેવા પાર્ષદો થયા. તેમજ લક્ષ્મીના અંગથી એમના જેવી જ કરોડો દાસીઓ પ્રકટી.

મુનિવર નારદ ! બીજી તરફ ગોલોકેશ્વર ભગવાન કૃષ્ણનાં રૂંવાડાંના છિદ્રોમાંથી એમના જેવા જ તેજ, રૂપ, ગુણ અને પરાક્રમી અસંખ્ય ગોવાળિયા ઉત્પન્ન થયા. પ્રાણસમા ને પ્રેમભાજન એ ગોવાળિયા શ્રીકૃષ્ણ જેવા જ હોઇ તેઓને શ્રીકૃષ્ણે પોતાના પાર્ષદ બનાવ્યા. એ જ રીતે શ્રી રાધાજીના રૂંવાડાના છિદ્રોમાંથી તેમના જેવી જ ઘણી ગોવાળ-કન્યાઓ પ્રકટ થઇ જેને રાધાએ પોતાની દાસીઓ બનાવી. તે બધીઓ પણ ભગવાન શ્રીકૃષ્ણના શાપથી સંતાનવિહીન જ રહી.

હે બ્રાહ્મણ ! જે સમયે રાધા તથા કૃષ્ણના શરીરના વિભાગ થયા એટલામાં શ્રીકૃષ્ણની ઉપાસના કરનારાં સનાતની વિષ્ણુમાયા દેવી દુર્ગા સહસા પ્રકટયાં. જે દુર્ગા સનાતની તેમજ ભગવાન વિષ્ણુની માયા છે. નારાયણી, ઇશાની અને સર્વ શકિત સ્વરૂપિણી કહેવાય છે, જે પરમાત્મા શ્રીકૃષ્ણની બુદ્ધિની અધિષ્ઠાત્રી દેવી છે, એટલું જ નહિ પણ તે સંપુર્ણ દેવીઓ એમનાથી પ્રકટ થઇ તેથી તેઓ મુળ પ્રકૃતિ કહેવાય છે. એ તેજ સ્વરૂપિણી દેવીમાં ત્રણે ગુણો વિદ્યામાન છે. તપાવેલા સોના સમાન વર્ણ-વાળાં, કરોડો ચમકતા સૂર્ય જેવા પ્રભાવ-વાળાં, મંદ હાસ્યથી પ્રસન્ન મુખવાળાં, અનેક પ્રકારના શસ્ત્રો-અસ્ત્રો ધારણ કરનારાં, ત્રણ નેત્રોવાળાં, અગ્નિશુદ્ધ વસ્ત્રો પહેરેલાં, આભુષણોથી શોભતાં, જેના અંશની કલામાંથી સઘળી સ્ત્રીઓ ઉત્પન્ન થઇ છે એવાં, પોતાની માયાથી સમસ્ત જગતને મોહિત કરનારાં, ગૃહસ્થોને સર્વ ઐશ્વર્ય આપનારાં, એ વિષ્ણુની શકિતરૂપ હોઇ જેમની કૃપાથી શ્રીકૃષ્ણમાં ભકિત ઉત્પન્ન થાય છે એવાં વૈષ્ણવોના માટે ભગવતી વૈષ્ણવી સ્વરૂપ, મુમુક્ષુઓને મુકિત આપનારાં અને સુખ ઇચ્છનારાંને સુખ આપનારાં, સ્વર્ગમાં સ્વર્ગની લક્ષ્મીરૂપ અને ગૃહસ્થોને ત્યાં ગૃહલક્ષ્મી-રૂપે વિરાજતાં, તપસ્વીઓ પાસે તપસ્યા-રૂપથી, રાજાઓને ત્યાં લક્ષ્મીરૂપે, અગ્નિમાં

દાહિકારૂપે, સૂર્યમાં પ્રભારૂપે તથા ચંદ્ર તેમ જ કમલમાં શોભારૂપે પ્રકાશતાં શકિતવાળાં સર્વશકિતસ્વરૂપા દેવી પરમાત્મા પાસે વિરાજે છે. એમના સહયોગથી આત્મા શકિતવાળો છે. એમના વડે જગત શકિતવાળું છે, પણ એમના સિવાય પ્રાણી જીવતાં છતાં મૃતક જેવાં છે.

હે નારદ ! એ સનાતની સંસારરૂપી વૃક્ષના બીજસ્વરૂપ છે. સ્થિતિરૂપ, બુદ્ધિરૂપ, ફળરૂપ, ભુખ, તરસ, દયારૂપ, નિદ્રા, તંદ્રા, ક્ષમા, મતિ, શાંતિ, લજ્જા, તુષ્ટિ, પુષ્ટિ, ભ્રાંતિ અને કાંતિ વગેરે સર્વ એ દુર્ગાના જ રૂપ છે.

એ દુર્ગા દેવી સર્વના ઇશ્વર શ્રીકૃષ્ણની સ્તુતિ કરી એમની સામે ઊભા રહ્યાં એટલે રાધિકેશ્વર શ્રીકૃષ્ણે એમને એક રત્નમય સિંહાસન આપ્યું. મહામુને ! એટલામાં કમળ જેવી નાભિવાળા, વિષ્ણુના નાભિકમળમાં નીકળેલા, હાથમાં કમંડલ ધારણ કરેલા, બ્રહ્મતેજથી શોભતા ચાર મુખથી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં બ્રહ્મા પોતાની કરોડો ચંદ્ર જેવી કાંતિવાળી શક્તિ 'સાવિત્રી' સાથે ત્યાં પધારીને સામેના સિંહાસન પર બેઠા એ વેળા ભગવાન શ્રીકૃષ્ણ બે સ્વરૂપવાળા થયાં. એમનું ડાબું અર્ધું અંગ મહાદેવરૂપે પરિણમ્યું અને જમણું અંગ રાધિકાપતિ શ્રીકૃષ્ણ રહ્યું. શુદ્ધ સ્ફટિકમણિ જેવી કાંતિવાળા, એક સહસ્ર સૂર્ય સમાન ચમકતા પટ્ટિશ નામના આયુધથી શોભતી ભુજાવાળા, વ્યાઘ્રચર્મને ધારણ કરેલા, તપ્ત સુવર્ણ સમાન આભાવાળા, મસ્તક પર જટાવાળા, શ્રેષ્ઠ ભસ્મથી શોભતા શરીરવાળા, મસ્તક પર ધારણ કરેલી જટામાં ચંદ્રમાની કલાથી શોભતા, મંદ મંદ હસતા, કાળા કંઠથી શોભતા, દિગંબર, સર્પોરૂપી આભુષણોથી શોભતા, જમણા હાથમાં રત્નમયમાળા ધારણ કરેલા ભગવાન શંકર પોતાનાં પાંચ મુખો વડે સનાતન બ્રહ્મ જ્યોતિઃસ્વરૂપ માયાબીજ મંત્રોનો જપ કરતા હતા, તે મહાદેવ સત્યસ્વરૂપ, પરમાત્મા તેમજ ઇશ્વર છે. જેઓ કારણોના પણ કારણ, સમસ્ત મંગલોના મંગલ, જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, શોક અને ભયને હરનારા અને મૃત્યુંજય પણ કહેવાય છે. મહાભાગ શંકર શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરી સામે રાખેલા સિંહાસન પર બેઠા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'પાંચ પ્રકૃતિ કેવી રીતે પ્રકટ્યાં ?' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### વિરાટ સ્વરૂપનું પ્રાકટ્ય

**શ્રી નારાયણ ઉવાચ**

**અથ ડિંભો જલે તિષ્ઠન્ યાવદ્ વૈ બ્રહ્મણોવયઃ ।**
**તતઃ સ કાલે સહસા દ્વિધા ભૂતો બભૂવ હ ॥**

ભગવાન નારાયણે કહ્યું : તે પછી જે અંડાકાર બાળક હતો તે બ્રહ્માના આયુષ્ય જેટલાં કાળ સુધી જળમાં રહ્યો. પછી સમય પૂરો થતાં બે રૂપે પ્રકટ થયો. એક અંડાકારરૂપે રહ્યો અને એક શિશુરૂપે પરિણમ્યો. સો કોટિ સૂર્ય એક

સાથે પ્રકાશિત થયા હોય એવી કાંતિવાળો તે બાળક દૂધપાન નહિ મળવાથી કેટલોક સમય રડતો રહ્યો. માતાપિતાથી ત્યજાયેલો તે નિરાશ્રય થઈ જળમાં સમય વીતાવતો હતો. અસંખ્ય બ્રહ્માંડના સ્વામી એ બાળકે અનાથની જેમ આશ્રય માટે ઊંચે દ્રષ્ટિ કરી.

એની સ્થૂલની પણ સ્થૂલ આકૃતિ હતી તેથી તે મહાવિરાટ કહેવાયો. જેમ પરમાણું અત્યંત સૂક્ષ્મતમ હોય છે તેમ તે બાળક સ્થૂલતમ હતો. શ્રીકૃષ્ણના સોળમા અંશના તેજથી પ્રકાશતો વિરાટ બાળક સંપૂર્ણ વિશ્વનો આધાર હોઈ મહાવિષ્ણુ કહેવાય છે. એના પ્રત્યેક રૂંવાડાના છિદ્રમાં જેટલા વિશ્વ છે, એની ગણતરી કરવી એ શ્રીકૃષ્ણ માટે પણ અસંભવ છે. જેમ જગતના રજકણો ગણી શકાતાં નથી તેમ એ શિશુના શરીરમાં કેટલા બ્રહ્મા અને વિષ્ણુ વગેરે છે તે બતાવી શકાતું નથી. પ્રત્યેક બ્રહ્માંડમાં વિષ્ણુ અને શિવ વિદ્યમાન છે. પાતાળથી લઈ બ્રહ્મલોક સુધી અગણિત બ્રહ્માંડ બતાવ્યાં છે. એથી એની સંખ્યા શી રીતે નક્કી થાય? ઉપર વૈકુંઠલોક આવેલો છે જે બ્રહ્માંડની બહાર છે. એના ઉપર પચાસ કરોડ યોજન વિસ્તારવાળું ગોલોકધામ છે. જે શ્રી કૃષ્ણની જેમ નિત્ય અને ચિન્મય સત્ય સ્વરૂપ છે. સાત સમુદ્રથી વીંટળાયેલી પૃથ્વી સાત દ્વીપોથી શોભે છે. આ બધાયે દ્વીપોમાં પર્વતો અને વનોની તો કોઈ સંખ્યા જ નથી. સૌથી ઉપર ભૂર્લોક, એથી ઉપર સ્વર્લોક ને એ રીતે ક્રમથી જનલોક, તપલોક, સત્યલોક અને સૌથી ઉપર તપ્ત સુવર્ણલોક જેવો પ્રકાશતો બ્રહ્મલોક છે. આ સર્વ કૃત્રિમ છે. કેટલાક તેનાથી બહાર છે. નારદ! બ્રહ્માંડનો નાશ થતાં પાણીના પરપોટાની જેમ આ બધા નાશ પામે છે. ગોલોક અને વૈકુંઠલોક નિત્ય, અવિનાશી ને અકૃત્રિમ છે. એ વિરાટમય બાળકના પ્રત્યેક રોમછિદ્રમાં અસંખ્ય બ્રહ્માંડ વિરાજે છે. એક એક બ્રહ્માંડના અલગ અલગ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આદિ ત્રણ કરોડ દેવો છે. તેમજ દિશાઓના સ્વામિઓ, દિકપાલો નક્ષત્રો, ગ્રહો વગેરે પૃથ્વી ઉપરના ચાર વર્ણો, નીચેના નાગલોકો અને ચરાચર સર્વ પદાર્થો બ્રહ્માંડની અંદર જ આવી જાય છે. તે પછી એ વિરાટ બાળકે વારંવાર ઊંચે જોઈ તથા ઈંડાની અંદર જોઈને કેવલ શુન્ય જ જોયું. ત્યારે ભુખથી પીડાતો તે બાળક વારંવાર રડવા લાગ્યો પછી જ્ઞાન થતાં તેણે પરમ પુરૂષ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું ત્યારે તેને નવા જ મેઘ જેવા શ્યામ, બે ભુજાવાળા, પીળાં વસ્ત્રવાળા મંદ હસતા, હાથમાં મુરલી ધારણ કરતા, ભકતો પર અનુગ્રહ કરવામાં રોકાયેલા લાગતા શ્રીકૃષ્ણના દર્શન થયા. પિતાને જોઈ બાળક રડતો બંધ થઈ હસવા લાગ્યો. પછી શ્રીકૃષ્ણે તેને વરદાન આપ્યું. વત્સ! તું મારા જેવો જ્ઞાની થા, તારી પાસે ભુખ–તરસ ન આવો, આ બ્રહ્માંડ પ્રલય

સુધી તારે આધારે રહેશે, તું અસંખ્ય બ્રહ્માંડોના રહેઠાણ રૂપ, નિષ્કામ, નિર્ભય સર્વ વરદાન દેનાર અને ઘડપણ, મૃત્યુ, રોગ, શોક તથા કષ્ટ વગેરેથી રહિત થા.' એમ કહી શ્રીકૃષ્ણે તેના કાનમાં છ અક્ષરવાળો, ૐકાર જેના આદિમાં છે એવો, બે અક્ષરવાળા 'કૃષ્ણ' શબ્દની ચોથી વિભકિતવાળો, જેના અંતમાં 'સ્વાહા' છે એવો અને સર્વ કષ્ટને હરનારો 'ૐ કૃષ્ણાય સ્વાહા' એ ઉત્તમ મંત્ર ત્રણ વાર જપ્યો. હે નારદ! બાળકને મંત્રોપદેશ કર્યા પછી શ્રીકૃષ્ણે એ બાળક માટે ભોજનની જે વ્યવસ્થા કરી તે જાણો. પ્રત્યેક વૈષ્ણવભકત જે કંઇ પણ નૈવેદ્ય ભગવાનને ધરે છે એનો સોળમો ભાગ વિષ્ણુને મળે અને પંદર ભાગ એ બાળકના નક્કી કર્યા. શ્રીકૃષ્ણ પોતે તો નિર્ગુણ અને પરિપૂર્ણ પરમાત્મા જ છે; તેથી તેમને નૈવેદ્યની કંઇ જ જરૂર નહોતી. ત્યારથી ભાવિકો જે જે નૈવેદ્ય તે દેવને ધરાવે છે તે બધું લક્ષ્મીપતિ (વિષ્ણુ) અને બાળક (મહાવિરાટ) ખાઇ જાય છે.

એમ મંત્ર તથા વરદાન એ બાળકને આપી શ્રીકૃષ્ણે તેને પૂછ્યું 'પુત્ર! હવે તારે બીજું કંઇ જોઇતું હોય તે કહે.' એટલે બાળક સ્વરૂપે રહેલા તે વિરાટ પ્રભુએ કહ્યું: 'પ્રભો! મારે તો હવે એટલું જ જોઇએ છીએ કે આપના ચરણકમળમાં મારી અવિચળ ભકિત રહે, જ્યાં સુધી મારૂં જીવન રહે ત્યાં સુધી તમારામાં મારી અટલ શ્રદ્ધા રહે.

જે આપનો ભકત હોય તેને જીવનમુકત સમજવો. જે મૂઢમતિના હૃદયમાં આપના પ્રત્યે ભકિતભાવ નથી તે જીવતો છતાં મડદાં સમાન સમજવો. જે પૂજન, વ્રત, ઉપવાસ, જપ કરતો નથી એનું જીવન નિષ્ફળ છે, કારણ કે જે પરમાત્માએ તેને જીવાડયો છે, તેને જ એ માનતો નથી. હે ભગવાન શ્રીકૃષ્ણ! પ્રકૃતિથી પર, સર્વના આદ્ય, સનાતન એવા તમે જ સર્વના તે આત્મારૂપ છો.'

હે નારદ! એમ કહી તે મહાવિરાટ (બાળક) બોલતો બંધ થયો, પછી શ્રીકૃષ્ણ મધુરતાથી બોલ્યા: 'વત્સ! તું મારી જેમ ઘણા કાળ સુધી સ્થિર રહેજે. અસંખ્ય બ્રહ્માના જીવન સમાપ્ત થવા છતાં તારો નાશ થશે નહિ. પ્રત્યેક બ્રહ્માંડમાં તું પોતાના સ્વલ્પ અંશથી રહીશ. તારા નાભિકમળમાંથી બ્રહ્મા પ્રકટશે અને તેમના લલાટ–ભ્રમરમાંથી અગિયાર રુદ્રો પ્રકટશે, તેઓ શિવના અંશથી યુકત હોઇ સૃષ્ટિનો સંહાર કરવા તત્પર થશે. તે રુદ્રોમાં કાલાગ્નિરુદ્ર છે તેજ જગતનો સંહારકર્તા થશે. અને જે વિષયભોગવાળા વિષ્ણુ છે, તે પણ પોતાના થોડા અંશથી અનેક વિષ્ણુઓ રૂપ થઈ સૃષ્ટિનું પાલન કરનાર થશે. મારૂં વરદાન પામેલો તું મારી ભકિત અને ધ્યાન વડે સુંદર એવા મને તથા મારી છાતી પર રહેલી તારી સુંદર માતાને નિઃસંદેહ જોઇ શકીશ. હવે હું ગોલોકમાં જઇશ, તારે અહીં જ રહેવાનું છે.' પછી શ્રીકૃષ્ણ પોતાના ગોલોકમાં ગયા.. ત્યાં જઇ તેમણે બ્રહ્મા અને રુદ્રને બોલાવી

કહ્યું: 'હે બ્રહ્મન્ ! મારું કહેવું ધ્યાનથી સાંભળો. મહાવિરાટના રૂંવાડાના છિદ્રોમાં પાર વગરના બ્રહ્માંડ આવેલા તેમાંના એક નાનકડા બ્રહ્માંડમાં વિરાજતા વિરાટ પુરુષની નાભિથી નીકળેલા કમળ પર તમે પ્રકટ થાઓ.' બ્રહ્માને આમ કહ્યા પછી શ્રીકૃષ્ણે રુદ્રને કહ્યું : 'મહાદેવ ! તમે હવે પોતાના અંશથી જગતના સંહાર માટે બ્રહ્માના લલાટથી પ્રકટો, પછી લાંબા કાળની તપશ્ચર્યામાં લાગી જાઓ.'

હે નારદ ! પછી બ્રહ્મા અને રુદ્ર તેમને પ્રણામ કરી ત્યાંથી જતા રહ્યા, ત્યાર બાદ વિશ્વવ્યાપી પ્રભુ જનાર્દનના નાભિકમળમાંથી બ્રહ્મા પ્રકટ્યા પછી તો બ્રહ્મા કમળના દાંડામાં એક લાખ યુગ સુધી ભમ્યા, તો પણ તેઓ કમળનો અંત પામી શક્યા નહિ. આથી મારા પિતા બ્રહ્મા મહાવ્યથામાં પડી ગયા. પછી તેમણે પોતાના સ્થાને પાછા આવી શ્રીકૃષ્ણના ચરણકમળનું ધ્યાન કર્યું. એથી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થતાં તેમને જલશય્યા પર પોઢેલા વિરાટ પુરુષની ઝાંખી થઇ, તે પછી ભગવાન શ્રીકૃષ્ણનાં પણ તેમને દર્શન થયાં, ત્યાં તેમણે સુંદર ગોલોક ધામને જોયું, જ્યાં ગોપ–ગોપીઓ હતા. બ્રહ્માએ પછી સ્તુતિથી શ્રીકૃષ્ણને પ્રસન્ન કરી તેમની પાસેથી વરદાન મેળવી સૃષ્ટિ રચવાનો આરંભ કર્યો. સૌ પ્રથમ બ્રહ્માથી સનકાદિ ચાર માનસપુત્ર થયા ત્યારબાદ શિવની અગિયાર કલાઓ રુદ્રરૂપે પ્રકટ થઇ. તે બાદ ચતુર્ભુજ વિષ્ણુ સૃષ્ટિના રક્ષક તરીકે પ્રકટ થયા તે વિરાટ પુરુષના વામ ભાગમાંથી પ્રકટ થઇ શ્વેત દ્વીપમાં બિરાજ્યા, ત્યારબાદ ક્ષુદ્ર બ્રહ્માએ સ્વર્ગ, મનુષ્યલોક અને પાતાળ એ ત્રૈલોક્ય સ્થાવર–જંગમ સહિત વિશ્વ ઉત્પન્ન કર્યું. હે નારદ ! આ પ્રમાણે મહાવિરાટ પુરુષનાં રૂંવાડાનાં સઘળાં છિદ્રોમાંથી એક એક કરી અનેક બ્રહ્માંડ થયાં. દરેક બ્રહ્માંડમાં એક વિરાટ પુરુષ અને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ વગેરે રહેલા છે. હે બ્રાહ્મણ ! એમ સુખદાયી તથા મોક્ષ આપનાર શ્રીકૃષ્ણનું મંગલમય ચરિત્ર વર્ણવ્યું. હવે તમારી બીજું શું સાંભળવાની ઇચ્છા છે ?

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'વિરાટ સ્વરૂપનું પ્રાકટ્ય' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### સરસ્વતી સ્તોત્ર અને પૂજાવિધિ

નારદ ઉવાચ

શ્રુતં સર્વં મયા પૂર્વં ત્વત્પ્રસાદાત્ સુધોપમમ્ ।
અધુના પ્રકૃતીનાંચવ્યસ્તં વર્ણય પૂજનમ્ ॥

નારદે કહ્યું: આપની કૃપાથી મેં પ્રકૃતિઓની સંપૂર્ણ કથા સાંભળી, હવે પ્રકૃતિ સંજ્ઞક દેવીઓનાં જુદાં જુદાં પૂજન પ્રકાર વિષે તમે કહો.

નારાયણ બોલ્યા : નારદ ગણેશની માતા રાધા, લક્ષ્મી, સરસ્વતી અને સાવિત્રી ગાયત્રી) આ પાંચ પ્રકારની પ્રકૃતિ સૃષ્ટિ રચનામાં કહી છે.

એમની પૂજા તથા પ્રભાવ જગતમાં પ્રસિદ્ધ છે. અમૃત સમાન તેમના ચરિત્રથી સઘળા કલ્યાણ સુલભ થાય છે. તે

પ્રકૃતિના અંશરૂપ કલાઓનું સર્વ શુભ ચરિત્ર સાંભળનારનું કલ્યાણ થાય છે એ દેવીઓના નામ 'કાલી, વસુંધરા, ગંગા, ષષ્ઠી, મંગલચંડિકા, તુલસી, મનસા નિદ્રા, સ્વધા, સ્વાહા અને દક્ષિણા છે. આ દેવીઓના દરેક ચરિત્ર પુણ્યદાયી તથા સાંભળવા ગમે તેવાં છે. તે તમે સાંભળો, પાછળથી દુર્ગા તથા રાધાનું મોટું ચરિત્ર પણ કહીશ. જે દેવીના કૃપા થવાથી મૂઢ તે જ્ઞાની થાય મુર્ખ તે પંડિત થાય છે, તે દેવી સરસ્વતીના પ્રથમ પૂજા શ્રીકૃષ્ણ કરી હતી. જે વખતે સરસ્વતી દેવી શ્રીકૃષ્ણના સ્ત્રી રાધિકાજીના મુખમાંથી પ્રકટ્યા હતા ત્યારે મનવાંચ્છિત રૂપ ધરનારા તેમણે કામને લીધે શ્રીકૃષ્ણના પત્ની બનવાનું ઇચ્છ્યું હતું. તે વેળા શ્રીકૃષ્ણે તેમના મનનો ભાવ જાણી લઇ સર્વના માતા તે સરસ્વતીને કહ્યું કે 'હે સતી! તમારી ઇચ્છા પૂર્ણ નહિ થાય, તે કરતા તમે અંશથી જન્મેલા, ચાર ભુજાવાળા યુવાન, અતિસુંદર, સર્વગુણસંપન્ન મારા જેવા જ, સ્ત્રીઓના કામનાઓ પૂરનારા, ઇશ્વર નારાયણને તમે પતિ તરીકે સ્વીકારી તેમની સેવામાં જોડાઓ. તમને પત્ની તરીકે રાખવામાં મને કંઇ જ વાંધો નથી. પરંતુ રાધા તમારાથી બળવાન છે તેથી તમને સુખ મળશે નહિ. હું જો કે સર્વનો શાસક છું; તો પણ રાધાને કંઇ કહેવા અગર ક્રોધ કાર્યથી અટકાવવા સમર્થ નથી, માટે દેવી! તમારે શુભ ચાહતા હોય તો અહીંથી વૈકુંઠમાં જાઓ, અને સર્વ સમર્થ વિષ્ણુને તમારા પતિ બનાવો. ત્યાં જ તમારૂં કલ્યાણ થશે. ત્યાં તેમને તમારાં તેમ જ તેજસ્વી 'લક્ષ્મી' નામે પત્ની છે, તે લક્ષ્મીમાં કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષ્યા નામ માત્ર નથી એટલે એમની સાથે તમને સારૂં બનશે અને તમે બધા સુખરૂપ દિવસો વ્યતીત કરશો. સરળ સ્વભાવના વિષ્ણુ પણ તમને બંનેને સમાનરૂપ રાખશે. દર વર્ષે પ્રત્યેક બ્રહ્માંડમાં મહા સુદિ પાંચમ—વસંત પંચમીના દિવસે વિદ્યારંભના શુભ અવસરે સુજ્ઞજનો તમારી પૂજા કરશે. તમને આપેલ મારા વરદાનના પ્રભાવને લીધે હવેથી પ્રત્યેક કલ્પમાં મનુષ્યો, મનુગણ, દેવો, મુનિઓ, વસુઓ, યોગીઓ, સિદ્ધો, નાગો, ગંધર્વો અને રાક્ષસો એ સર્વ કણ્વશાખામાં કહેલા વિધિ પ્રમાણે શોડષોપચારથી ભક્તિપૂર્વક તમારી પૂજા કરશે વળી સોનાનું માદળિયું લઇ સુગંધી ચંદનથી ભોજપત્રમાં લખેલું તમારૂં કવચ....તે માદળિયામાં નાખી મનુષ્યો ડોકમાં અથવા જમણા હાથમાં બાંધશે ને વિદ્વાનો તમારા કવચનો પાઠ પૂજા વખતે તેમજ ઉત્તમ સમયે કરશે.' એમ કહીને ભગવાન શ્રીકૃષ્ણે પ્રથમ પોતે જ તે સરસ્વતીદેવીનું પૂજન કર્યું તે પછીથી બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, અનંત શેષનાગ, ધર્મ, મુનિશ્વર રાજા અને મનુગણ એ સર્વ દેવી સરસ્વતીની પૂજા અને ઉપાસના કરવા લાગ્યા. એમ સર્વ લોકો દેવી સરસ્વતીને હંમેશાં પ્રેમથી

પૂજવા લાગ્યા.

શ્રી નારાયણ બોલ્યા : હે નારદજી ! ભગવતી સરસ્વતીના પૂજનનો વિધિ જે કણ્વશાખામાં દર્શાવેલો છે તે તમને કહું છું. વિદ્યાનો આરંભ કરવાનો દિવસ વસંત પંચમી ( માઘ સુદિ પાંચમ ) છે તે દિવસે સંકલ્પ કરવો, પ્રાતઃકાળમાં સ્નાન અને નિત્યકર્મ પતાવ્યા પછી ભક્તિથી કળશનું સ્થાપન કરી પોતાની શાખામાં કહેલ વિધિથી અથવા તાંત્રિક વિધિથી પ્રથમ ગણેશનું પૂજન કરવું પછી ઇષ્ટદેવી સરસ્વતીનું પૂજન કરવું, પછી તે વ્રતધારી ભાવિકે, હવે પછી જે કહેવામાં આવશે તે ધ્યાનથી બહારના કળશમાં ધ્યાન કરી, ફરી સોળ ઉપચારોથી પૂજન કરવું, તે પૂજનમાં ઉપયોગી દ્રવ્ય વેદ આધારિત આ પ્રમાણે છે : 'માખણ, દહીં, દુધ, ચોખા, તલના લાડુ, ધોળી શેરડી, શેરડીનો રસ, પાકો ગોળ, મધ, માંગલિક પદાર્થ સાકર, ધોળા રંગના મિઠાઇ, હવિષ્યાન્ન, જવ તથા ઘઉંના લોટમાંથી બનાવેલ ઘીમાં તળેલા પદાર્થ, પાકાં કેળાં, નાળિયેળ, મૂળા, આદુ, બોર અને ઋતુ પ્રમાણે મળી આવતાં ફળફળાદિ પણ તે શ્વેત વર્ણના કરવાં. દેવીને પૂજામાં સફેદ પુષ્પ અને શ્વેત ચંદન અર્પણ કરવા. નવીન શ્વેત વસ્ત્ર, શંખ, શ્વેત પુષ્પોની માળા અને આભુષણો ભગવતીને ચડાવવાં પછી ભગવતીનું વેદોક્ત ધ્યાન નીચે દર્શાવ્યા પ્રમાણે ભકિતપૂર્વક કરવું.

'ધોળા રંગના, મંદ હસતાં, અતિ મનોહર, કરોડો ચંદ્રની પ્રભાને પોતાના વિગ્રહથી તિરસ્કારતાં, વિશુદ્ધ ચિન્મય વસ્ત્ર પહેરેલાં, વીણા તથા પુસ્તકને ધારણ કરેલાં, બ્રહ્મા-વિષ્ણુ-શિવ આદિ દેવોના ગણોએ સારી રીતે પૂજેલાં અને મોટા મનુઓ, મહામુનિઓ તથા માનવો જેમના ચરણમાં મસ્તક ઝુકાવે છે એ ભગવતી સરસ્વતીને હું ભક્તિપૂર્વક પ્રણામ કરૂં છું.

આ પ્રમાણે સરસ્વતી દેવીનું ધ્યાન કરી બુદ્ધિમાન મનુષ્યે પૂજનના સર્વ પદાર્થ, મૂલમંત્રથી વિધિપૂર્વક ભગવતી સરસ્વતીને અર્પણ કરવા, પછી કવચનો પાઠ કરી દેવીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા. હે મુનિ ! જેઓના ઇષ્ટદેવી આ સરસ્વતીદેવી હોય, તે સર્વ મનુષ્યોની વિદ્યાના આરંભ સમયે, વર્ષના છેલ્લા દિવસે અને મહા સુદી પાંચમના દિવસે આ નિત્ય ક્રિયા સમજવી. તેમજ વેદોક્ત આઠ અક્ષરોવાળો જે મુળમંત્ર છે, તે સર્વને ઉપયોગી છે, 'શ્રીં હ્રીં સરસ્વત્ય સ્વાહા' અથવા "સરસ્વતી" એ શબ્દ સાથે ચોથી વિભક્તિ જોડી અંતે 'સ્વાહા' શબ્દ જોડવો. લક્ષ્મી ને એમ માયાનું આરાધન પણ આ મંત્રપ્રયોગથી થાય છે. આ મંત્ર પૂર્વે શ્રીનારાયણે ભરત ખંડના પવિત્ર ક્ષેત્ર ગંગા નદીને કિનારે વાલ્મિકી ઋષિને આપ્યો હતો, ને ભૃગુઋષિએ સુર્યગ્રહણ વેળાએ પુષ્કર ક્ષેત્રમાં શુક્રને આપ્યો હતો, મારીચે ચંદ્રગ્રહણ વખતે આ મંત્ર બૃહસ્પતિને કહ્યો હતો. ક્ષીરસાગરની પાસે બિરાજતા

જરત્કારૂ મુનિએ આ મંત્ર આસ્તીકને ઉપદેશ્યો હતો. મેરૂ પર્વત પર ઋષ્યશૃંગ મુનિએ વિભાંડકને ભણાવ્યો હતો. ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલા કણ્વમુનિને ભગવાન શિવે આ મંત્ર આપ્યો હતો. સૂર્યની કૃપાથી યાજ્ઞવાલ્કય અને કાત્યાયન આ મંત્ર મેળવવા ભાગ્યશાળી થયા હતા. પાતાળમાં બિરાજેલા અનંત શેષભગવાને 'પાણિનિ, ભારદ્વાજ અને શાકટાયન'ને આ મંત્ર ભણાવ્યો હતો. જે મનુષ્યો આ મંત્રના ચાર લાખ જપ કરે છે તેને મંત્રસિદ્ધિ મળે છે, સાથે સાથે તેનામાં બૃહસ્પતિ જેવી યોગ્યતા આવે છે. દેવી કવચનો પાઠ કરવાથી વાલ્મિકી મુનિ ઉત્તમ વાણીવાળા કવિન્દ્ર થયા હતા અને આ કવચને ધારણ કરનારા મનુ સર્વથી પૂજાયા હતા. આ કવચ ધારણ કરવાથી કણાદ, ગૌતમ, કણ્વ, પાણિનિ, શાકટાયન, દક્ષ તથા કાત્યાયન ગ્રંથ રચવા સમર્થ થયા હતા. વ્યાસે આ કવચ ધારણ કરી તેનો પાઠ કરનારા શાતાતપ, સંવર્ત, વશિષ્ઠ, પરાશર તથા યાજ્ઞવલ્ક્ય' ઘણા ગ્રંથો રચવા શક્તિમાન થયા હતા.

હે નારદ! એક વેળા પવિત્ર પર્વત 'ગંધમાદન' પર બ્રહ્માએ સરસ્વતીદેવીનું વિશ્વજય' નામનું જે કવચ ભૃગુઋષિને આપ્યું હતું તે વિષે તમે સાંભળો : બ્રહ્માએ ભૃગુઋષિની ઇચ્છાથી સરસ્વતીના કવચ અંગે જણાવતાં તેમને કહ્યું: મનુષ્યોને સર્વ કામનાઓ આપનારૂં, વેદમાં કહેલું અને વેદે પૂજેલું આ કવચ અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય, કલ્પવૃક્ષ જેવું ફળતું ઉત્તમ અને મંત્રોના સમુહોથી યુકત છે. આ કવચ મને ભગવાન શ્રીકૃષ્ણે વૃંદાવનમાં રાસના સમયે રાસમંડળમાં જ કહ્યું હતું.

આ દિવ્ય સરસ્વતી કવચના પ્રજાપતિ ઋષિ બૃહતિ છંદ અને સરસ્વતી (શારદા) માતા પોતે જ દેવતા છે. સર્વ તત્ત્વોના જ્ઞાનમાં સર્વ પ્રયોજનો સિદ્ધ કરવામાં તથા સર્વ કવિતાઓમાં આ કવચનો વિનિયોગ કહ્યો છે. 'શ્રીં હ્રીં સર્વજિહ્વાગ્રવાસન્ય સ્વાહા—આ મંત્ર મારૂં નિરંતર અગ્નિકોણમાં રક્ષણ કરો.' 'ૐ ઐં હ્રીં ક્લીં સરસ્વત્યૈ બુધજન્યા સ્વાહા'—આ મંત્ર મારૂં નિરંતર દક્ષિણ દિશામાં રક્ષણ કરો.' 'ૐ ઐં હ્રીં શ્રીં'—આ મંત્ર મારૂં સદા નૈઋત્ય કોણમાં રક્ષણ કરો.'

સરસ્વત્યૈ સ્વાહા'—આ મંત્ર ચારે તરફથી મારા મસ્તકનું રક્ષણ કરો. 'શ્રીં વાગ્દેવતાયૈ સ્વાહા'—આ મંત્ર નિરંતર મારા લલાટનું રક્ષણ કરો. 'ૐ સરસ્વત્યૈ સ્વાહા' આ મંત્ર નિત્ય મારા બંને કાનનું રક્ષણ કરો. 'ૐ હ્રીં ભગવત્ય સરસ્વત્યૈ સ્વાહા' આ મંત્ર હંમેશા મારી બે આંખોનું રક્ષણ કરો. 'ઐં શ્રીં વાગ્વાદિન્યૈ સ્વાહા' આ મંત્ર નિરંતર મારા નાકનું રક્ષણ કરો.

'હ્રીં વિદ્યાધિષ્ઠાતૃદેવ્યૈ સ્વાહા'—આ મંત્ર નિત્ય મારા ઓષ્ઠનું રક્ષણ કરો. ૐ શ્રીં હ્રીં બ્રાહ્મ્યૈ સ્વાહા'—આ મંત્ર મારા દાંતની બત્રીશીનું સદા રક્ષણ કરો.' ઐં—આ એકાક્ષરી મંત્ર મારા

કંઠનું હંમેશા રક્ષણ કરો. 'ૐ શ્રીં હ્રીં'–આ મંત્ર નિરંતર મારી ડોકનું રક્ષણ કરો.' 'શ્રીં'–આ મંત્ર સદા મારી બે ખાંધનું રક્ષણ કરો.' ૐ હ્રીં વિદ્યાધિષ્ઠાતૃદેવ્યૈ સ્વાહા'–આ મંત્ર સદા સર્વદા મારી છાતીનું રક્ષણ કરો.' ૐ હ્રીં વિદ્યાધિસ્વરૂપાય સ્વાહા'–આ મંત્ર નિરંતર મારી નાભિનું રક્ષણ કરો.'

ૐ હ્રીં કલીં વાણ્યૈ સ્વાહા–આ મંત્ર હંમેશાં મારી બે ભુજાઓનું રક્ષણ કરો. 'ૐ સર્વવર્ણાત્મિકાયૈ સ્વાહા'–આ મંત્ર સદા મારા બંને પગનું રક્ષણ કરો. 'ૐ વાગધિષ્ઠાતૃદેવ્યૈ સ્વાહા–આ મંત્ર નિરંતર મારી રક્ષા કરો.' 'ૐ સર્વકણ્ઠવાસિન્ય સ્વાહા'–આ મંત્ર મારૂ નિરંતર પૂર્વ દિશામાં રક્ષણ કરો.' 'ૐ

'ૐ એં જિહ્વાગ્રિવાસિન્યૈ સ્વાહા'–આ મંત્ર મારૂં સદા પશ્ચિમ દિશામાં રક્ષણ કરો. 'ૐ સર્વામ્બિકાયૈ સ્વાહા' આ મંત્ર મારૂં નિત્ય વાયવ્યકોણમાં રક્ષણ કરો.' 'ૐ એં શ્રીં કલીં ગંધવાસિન્યૈ સ્વાહા'–આ મંત્ર મારૂં નિત્ય ઉત્તર દિશામાં રક્ષણ કરો.' એં સર્વશાસ્ત્રવાસિન્યૈ સ્વાહા'–આ મંત્ર ઇશાનકોણમાં મારૂં રક્ષણ કરો. 'ૐ હ્રીં સર્વપૂજિતાયૈ સ્વાહા.' આ મંત્ર મારૂં નિરંતર ઉપરની દિશામાં રક્ષણ કરો. 'ૐ હ્રીં પુસ્તકવાસિન્ય સ્વહા'–આ મંત્ર મારૂં નીચેની દિશામાં રક્ષણ કરો અને 'ૐ ગ્રન્થબીજ સ્વરૂપાયૈ સ્વાહા'–આ મંત્ર સર્વ તરફથી મારૂં રક્ષણ કરો. હે બ્રાહ્મણ! આ પ્રમાણે વેદમંત્રોના ગુચ્છરૂપ આ 'વિશ્વવિજય' નામનું બ્રહ્મરૂપ 'કવચ' મેં તમને વિસ્તારથી કહ્યું. આ કવચ બ્રહ્માએ ભૃગુઋષિને આપતાં કહ્યું હતું તે તમારા ભક્તિભાવને લીધે મેં તમને કહ્યું.

સજ્જન પુરૂષે વસ્ત્ર, ચંદન, અલંકાર વગેરે સામગ્રીથી વિધિપૂર્વક ગુરૂજીનું પૂજન કરી તેમને દંડવત પ્રણામ કરી આ સરસ્વતીનું કવચ ધારણ કરવું.

આ કવચ પાંચ લાખ જપ કરવાથી સાધકને સિધ્ધ થાય છે અને બૃહસ્પતિ જેવી તેનામાં યોગ્યતા આવે છે. આ કવચના પ્રભાવથી મનુષ્ય મોટો વકતા–ભાષણ કરવામાં ચતુર, મહાકવિ અને પોતાના વાકયચાતુર્યથી ત્રણે લોક પર વિજય મેળવી સર્વ કંઇ જીતી લેવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. કણ્વશાખામાં કહેલું આ કવચ સર્વેએ પોતાના હિત માટે ધારણ કરવા જેવું છે. હવે દેવી સરસ્વતીનું સ્તોત્ર, ધ્યાન, વંદન અને પૂજાવિધિ કહીશ. ૯૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'સરસ્વતી સ્તોત્ર અને પૂજાવિધિ' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### સરસ્વતીનું સ્તવન–સ્તોત્ર

શ્રી નારાયણ ઉવાચ

વાગ્દેવતાયાઃ સ્તવનં શ્રુયતાં સર્વકામદમ્ ।
મહામુનિર્યાજ્ઞવલ્કયો યેન તુષ્ટાવ તાં પુરા ।।

શ્રી નારાયણ બોલ્યા : અગાઉ જે સ્તોત્રથી મહામુનિ યાજ્ઞવલ્કયે સરસ્વતી દેવીનું પહેલાં સ્તવન (સ્તુતિ) કર્યું હતું

તે તમે સાંભળો. એક વેળા યાજ્ઞવલ્કય મુનિએ ગુરૂએ શાપ આપેલો તેથી તેમની શ્રેષ્ઠ વિદ્યા નાશ પામી હતી, આથી દુ:ખી થયેલા મુનિએ લોલાર્ક કુંડ પર જઇ તપ આરંભ્યું. તેઓ સૂર્યનારાયણની ઉપાસના કરતા હતા તેથી પ્રસન્ન થયેલા સુર્યદેવે તેમને વેદ-વેદાંગ ભણાવ્યા અને વધુમાં જણાવ્યું કે 'હે વત્સ! તું સ્મરણ શક્તિ માટે બુધ્ધિની દેવી સરસ્વતીની સ્તુતિ કર.' તે પછી યાજ્ઞવલ્કય મુનિ સ્નાન કરી આવી શ્રધ્ધાભક્તિપૂર્વક સરસ્વતીદેવીની સ્તુતિ કરવા લાગ્યા: 'હે જગન્માતા! ગુરૂના શાપથી મારી સ્મરણ શક્તિ નાશ પામવાથી હું નિસ્તેજ થઇ ગયો છું, તો વિદ્યાવિહિન મારા પર કૃપાવંત થઇ મને જ્ઞાન, સ્મૃતિ, શિષ્યો તથા શ્રોતાવર્ગને સમજાવવાની શક્તિ, અપૂર્વ વિદ્યા તથા ગ્રંથરચના કરવાનું કૌશલ્ય આપી આપનો ઉત્તમ શિષ્ય બનાવો, હે સર્વ વિદ્યાના અધિષ્ઠાત્રી, જયોતિરૂપા, બ્રહ્મસ્વરૂપા દેવી સરસ્વતી, આપને વારંવાર મારા પ્રણામ હો. હે દેવી તમે તો વ્યાખ્યારૂપ ને અક્ષરોનાં અધિષ્ઠાત્રી દેવી છો તે જ્ઞાનશક્તિરૂપ, બુદ્ધિશક્તિરૂપ દેવી તમને નમસ્કાર હો.'

જે સમયે સનત્કુમારે પ્રજાપતિ બ્રહ્માને જ્ઞાન પૂછયું ત્યારે બ્રહ્મા પણ મૌન સેવી બેઠા હતા, તે બ્રહ્મ સિધ્ધાંત કહેવા પણ શક્તિમાન થયા ન હતા. ત્યારે સર્વેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને ત્યાં



પધારી તેમને કહેલું કે.... 'હે બ્રહ્મા! તમને જે વસ્તુનો અભાવ છે તેની પ્રાપ્તિ માટે તમે એકાગ્રતાથી ઇષ્ટ દેવી સરસ્વતીની સ્તુતિ કરો.' પછી બ્રહ્માએ ભાવપૂર્વક સરસ્વતી દેવીની સ્તુતિ કરી ત્યારે દેવી કૃપાથી તેઓ ઉત્તમ બ્રહ્મ-સિધ્ધાંત રચવા સમર્થ થયા હતાં. જે વખતે વ્યાસ મુનિએ વાલ્મીકિ મુનિને પુરાણસૂત્ર પૂછયું હતું, ત્યારે તેમણે કંઇ કહેવાને બદલે મૌન સેવ્યું હતું ને ત્યારે તેમણે ભગવતી સરસ્વતીનું જ એકાગ્રચિત્તે સ્મરણ કર્યું હતું. તે વખતે તે દેવીના વરદાનથી નિર્મળ જ્ઞાન પ્રાપ્ત કરી સિધ્ધાંત કર્યો હતો. ત્યારે વ્યાસે તે મંગલસ્વરૂપ સરસ્વતીને જાણ્યા હતાં. પછી તેમણે પુષ્કર ક્ષેત્રમાં જઇ ૧૦૦ વર્ષ સુધી દેવી સરસ્વતીનું ધ્યાન કર્યું હતું, ત્યારે પણ તમે પ્રસન્ન થઇ તેમને વરદાન આપેલું તેના પ્રતાપે તે મહાકવિ થયા હતા. તે પછી જ તેમણે વેદના વિભાગ તથા પુરાણો કર્યાં હતાં.

એક સમયે દેવરાજ ઇન્દ્રે સદાશિવને તત્ત્વજ્ઞાન પૂછ્યું હતું ત્યારે તેમણે પણ તે વખતે સરસ્વતી દેવીનું જ ચિંતન કરી દેવરાજ ઇન્દ્રને જ્ઞાન આપ્યું હતું, એક વેળા દેવેન્દ્ર ઇન્દ્રે બૃહસ્પતિને વ્યાકરણશાસ્ત્ર પૂછયું હતું, ત્યારે તેમણે પણ તુરત જ પુષ્કર ક્ષેત્રમાં જઇ એક હજાર વર્ષ સુધી તમારૂં ધ્યાન કર્યું હતું, તે પછી તમારી પાસેથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી બૃહસ્પતિએ દેવતાઇ એક

હજાર વર્ષ સુધી વ્યાકરણશાસ્ત્ર અર્થ સહિત ઇન્દ્રને કહ્યું.

બૃહસ્પતિએ જેટલા શિષ્યોને ભણાવ્યા છે અને જેટલા વિખ્યાત મુનિઓ તેનું અધ્યયન કરી ચૂકયા છે તે સર્વે મા ભગવતી–સરસ્વતીનું આરાધન કર્યા પછી જ સફળ થયા છે.

હે દયાળુ માતા! તમારી ઉપાસના મુનિઓ, મનુ અને મનુષ્યો બધાએ કરી છે, તે બધાયે તમારૂં પૂજન કર્યું છે, ઉપરાંત બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરે દેવો અને દાનવોએ પણ તમારી ઉપાસના કરી છે, તમારો મહાયશ ગાવા કોણ શક્તિમાન છે? હજારો મુખવાળા શેષ, પાંચ મુખવાળાં શંકર તથા ચાર મુખવાળાં બ્રહ્મા પણ તમારો યશ ગાવામાં જડતુ થઇ ગયા. તો પછી એક મુખવાળો હું માનવ તમારી સ્તુતિ કેવી રીતે કરી શકવાનો હતો?

હે નારદ! આ પ્રમાણે દેવી સરસ્વતીની સ્તુતિ કરી યાજ્ઞવલ્કય મુનિ દેવીને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. તેમની પ્રાર્થનાથી જ્યોતિરૂપ મહામાયાએ પ્રકટ થઇ કહ્યું: 'હે મુનિ! હું તમારા પર પ્રસન્ન થઇ તમને વરદાન આપું છું કે: 'તમે સુવિખ્યાત કવિ થાઓ.' આટલું કહી ભગવતી અંતર્ધ્યાન થયાં. જે ભાવિક પુરૂષો યાજ્ઞવલ્કયે રચેલા આ ઉત્તમ દેવી સરસ્વતી-સ્તોત્રનો પાઠ કરે છે એને જ્ઞાન પ્રાપ્ત થતાં તે કવિન્દ્ર બને છે. જો કોઇ મુઢ અથવા દુર્બુધ્ધિ મનુષ્ય બાર મહિના પર્યંત નિયમપૂર્વક એકાગ્રતાથી આ દેવી સરસ્વતી–સ્તોત્રનો પાઠ કરે તો તે પંડિત, ચતુર ને સારો કવિ થાય છે. ૩૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે સરસ્વતીનું સ્તવન–સ્તોત્ર' નામનો
૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### શાપને લીધે ગંગા પૃથ્વી પર

**શ્રી નારાયણ ઉવાચઃ**

સરસ્વતી તું વૈકુંઠસ્વયં નારાયણાંતિ કે ।
ગંગા શાપેનકલહાતકલયા ભારતે સરતિ ॥

શ્રી નારાયણ બોલ્યા: સરસ્વતી વૈકુંઠમાં ભગવાન નારાયણ પાસે રહેતા હતાં, પણ કજિયા-કંકાશને લીધે ગંગાએ શાપ આપવાથી સરસ્વતી ભરતખંડમાં પોતાના અંશથી નદી રૂપે થયા. આ સરસ્વતી નદી પુણ્ય આપનાર છે તેથી પુણ્યાત્મા મનુષ્યોએ અવશ્ય તેનું સેવન કરવું. આ સરસ્વતી નદી તપસ્વીઓને તપરૂપ, તપનાં ફળરૂપ અને પાપોને ધોઇ નાખનારાં છે. ગમે તેવું પાપ કરેલો પાપી મનુષ્ય આ નદીમાં એક જ વાર સ્નાન કરે તો તે પળવારમાં પાપમુક્ત થાય છે. અમુક દિવસોમાં સરસ્વતીમાં સ્નાન કરવાનું માહાત્મ્ય ઘણું છે.

ચાતુર્માસમાં પૂનમના દિવસે, અક્ષયનવમીના દિવસે, ક્ષય તિથિએ વ્યકતિપાતના સમયે, ગ્રહણના સમયે અથવા કોઇ પણ પવિત્ર દિવસે, પ્રસંગોપાત અથવા ગમે તે કારણે અશ્રધ્ધાથી પણ જે મનુષ્ય સરસ્વતીમાં સ્નાન કરે છે તે

નિઃસંદેહ વૈકુંઠમાં વિષ્ણુના જેવા સ્વરૂપને પણ પામી શકે છે.

મહામૂર્ખ મનુષ્ય પણ એક મહિના સુધી સરસ્વવીદેવીના સ્તોત્રનો પાઠ કરે તો તે મહાન કવિ તરીકે વિખ્યાત થાય છે. જે મનુષ્ય માથે મુંડન કરાવી નિત્ય સરસ્વતી નદીમાં સ્નાન કરે તે જન્મ-મરણના ફેરામાંથી છૂટી જાય છે. આમ મેં સુખ, બુદ્ધિ તથા કામનાઓ આપનાર સરસ્વતીના ગુણો કહ્યા. હવે બીજું વધારે સાંભળવા તમે શું ઇચ્છો છો?

સૂત બોલ્યા : હે શૌનક! ભગવાન નારાયણનું કહેવું સાંભળી મુનિશ્રેષ્ઠ નારદે એક સંદેહ જણાવી કહ્યું : પુણ્યકારી, શુભદાતા ગંગાએ સરસ્વતીને શાપ આપ્યો તેનું કારણ શું? એ બન્ને વચ્ચે થયેલો વાદ-વિવાદ પણ સાંભળવામાં કર્ણપ્રિય હશે માટે તે મને કહો.

શ્રી નારાયણે કહ્યું : નારદ! આ કથા ઘણી પ્રાચીન છે, છતાં જાણવા જેવી છે. શ્રીહરિનાં ત્રણ પત્ની 'લક્ષ્મી, સરસ્વતી ને ગંગા.' બધાંય હળીમળીને સુખ-શાંતિથી રહેતાં હતાં; પરંતુ કેટલાય સમયથી સરસ્વતીને એમ લાગતું હતું કે શ્રીહરિ ગંગા પર વધારે હેતભાવ રાખે છે, ને મને માત્ર બોલાવવા ખાતર બોલાવે છે.

આવા ભ્રમને લીધે સરસ્વતી ગંગા પ્રત્યે કઠોરપણે વર્તવા લાગ્યાં, એક વખત ગંગા અને સરસ્વતી ઝઘડી રહ્યાં હતાં ત્યારે શાંતસ્વરૂપ લક્ષ્મીએ વચ્ચે પડી તેમને લડતાં અટકાવ્યાં ત્યારે સરસ્વતીએ આવેશમાં આવી લક્ષ્મીને શાપ આપ્યો કે : 'તું પૃથ્વી ઉપર વૃક્ષરૂપે અને નદીરૂપે થા.' પરંતુ શાંતમૂર્તિ લક્ષ્મીએ સરસ્વતી પર જરાયે રોષ ન કરતાં પ્રેમથી તેનો હાથ પકડી લીધો.

આ ગંગાથી ખમાયું નહિ એટલે તેણે સરસ્વતીને શાપ આપ્યો કે, 'બહેન લક્ષ્મી! તને આ સરસ્વતીએ શાપ આપ્યો છે, તો હું હવે સરસ્વતીને શાપ આપું છું કે, 'આ સરસ્વતી પણ મૃત્યુલોકમાં નદીરૂપે રહે.' ગંગાએ આવું કહ્યું એટલે રોષે ભરાયેલ સરસ્વતીએ ગંગાને શાપ આપ્યો કે, 'હે ગંગા! તું પણ મૃત્યુલોકમાં નદીરૂપે રહી પાપીઓના પાપને ગ્રહણ કર.'

એવામાં જ ચતુર્ભુજ ભગવાન વિષ્ણુ ત્યાં આવ્યા અને કોપિત થયેલ સરસ્વતીનો હાથ પકડી પોતાના હૃદય સાથે ચાંપી શું બન્યું તે પૂછ્યું તો સરસ્વતીએ સર્વ વૃત્તાંત કહ્યું : આમ શાપ અને કંકાશનું કારણ જાણ્યા પછી ભગવાને પોતાની ત્રણે દુઃખી થયેલી સ્ત્રીઓને આશ્વાસન આપી સહુ પ્રથમ તેમણે લક્ષ્મીને કહ્યું, 'હે લક્ષ્મી! શાપ પામેલા તમે અંશથી અયોનિ, પૃથ્વી પર ધર્મધ્વજરાજાને ઘેર કન્યા તરીકે જાઓ. થોડા સમય પછી ત્યાં જ દૈવના દોષના લીધે તમે વૃક્ષરૂપે થશો. તે પછી મારા જ અંશરૂપ તમે મહાઅસુર શંખચુડના પત્ની તરીકે થશો, તે પછીથી તમે તુલસી 'વૃક્ષ' રૂપે મારા જ પત્ની થશો. હે સુમુખી! હવે

મહાપુણ્યકારક ભરતખંડમાં તમે તુલસી 'વૃક્ષ' થાઓ. અને નદીપણાને પણ શીઘ્ર પામો. તમે 'પદ્માવતી' નદીના નામે ત્યાં વિખ્યાત થશો.' તે પછી ભગવાને ગંગાને પાસે બોલાવી હૃદય સાથે ચાંપીને કહ્યું :

'હે ગંગા! શાપ પામેલાં તમે પોતાના અંશથી પાપીઓના પાપને નષ્ટ કરવા વિશ્વને પાવન કરનારી નદીરૂપે ભરત-ખંડમાં જાઓ. પાછળથી ભગીરથરાજા તપ કરીને તમને સારી રીતે પૃથ્વી પર લઇ જશે એટલે વિશ્વમાં તમે 'ભાગીરથી' ના પવિત્ર નામે પંકાશો ને મારા અંશ રૂપ તમે સમુદ્રના અને રાજા શંતનુનાં પણ પત્ની થશે.' ગંગાને આમ કહ્યા પછી ભગવાને સરસ્વતીને હૃદય સાથે ચાંપીને કહ્યું : 'હે સરસ્વતી ! તમે પણ ગંગાના શાપને લીધે પોતાના એક અંશથી ભરતખંડમાં જાઓ અને બન્ને શોક્યો તમારા કંકાશનું ફળ ભોગવો તેમ જ તમે પોતે બ્રહ્મલોકમાં બ્રહ્માના પત્ની થાઓ.' ગંગા પણ શિવલોકમાં જઇ શિવના પત્ની થાઓ. લક્ષ્મીને તો અહીં જ પોતાને પૂર્ણ સ્વરૂપે રહેવાનું છે. કેમ કે તે શાંત, સત્વરૂપ, શ્રદ્ધાવાન, સૌભાગ્યવતી, નિરંતર ધર્મનું પાલન કરનાર, ક્રોધ રહિત અને મારી પરમ ભક્ત છે. જે ગૃહમાં સ્ત્રીનું જ વર્ચસ્વ હોય અને ઘરનો પુરૂષ તે સ્ત્રીને વશ થયો હોય તેઓનો જન્મારો વૃથા ગણાય છે. તે ઘરમાં વારંવાર સંકટ ઉતરી આવે છે. જે પુરૂષની પત્ની મોંટેથી વાતો કરનારી હોય, વ્યભિચારીણી-પર પુરૂષને સેવનારી હોય અને લડવા-ઝઘડવામાં નિત્ય તત્પર રહેતી હોય તે પુરૂષે પોતાના હિત માટે વનમાં જઇને વસવું સારૂં. વેદમાં કહ્યું છે કે ત્રણ નોકરો, ત્રણ ભાઇઓ અને ત્રણ સ્ત્રીઓ એકઠાં રહે તો તેઓ એક જગ્યાએ સુખ-શાંતિથી રહી શકતા નથી. જે ઘરમાં દુષ્ટ સ્ત્રી નિત્ય લડતી-ઝઘડતી હોય તે ઘરમાં રહેવા કરતાં ભડભડતા અગ્નિ પાસે રહેવું સારૂં કે હિંસક પશુ પાસે રહેવું સારૂં, કારણ કે કંકાશણી સ્ત્રી પાસે રહેનાર મનુષ્યને સ્વપ્નેય સુખ સાંપડતું નથી. સ્ત્રીને તાબે રહેનાર પુરૂષની શુદ્ધિ જ્યારે તેનું શરીર બળીને ખાખ થાય ત્યારે જ થાય છે. સ્ત્રીને વશ રહેલ પુરૂષ ગમે તે સત્કર્મ કરે તેનું કશું જ ફળ તેને મળતું નથી. જેઓ પત્નીને લીધે દુઃખી થાય છે તેઓ યશ-કીર્તિથી દૂર રહે છે ને તે બધાયથી નિંદાય છે, અને જેની કંઇ આબરૂ નથી તે જીવતો છતાં મરેલો જ સમજવો. જ્યાં એક પત્નીવાળો સુખ પામી શકતો નથી ત્યાં બે-ત્રણ પત્ની-વાળાની દશાની તો વાત જ શું કરવી? માટે હે ગંગા ! તમે હવે શિવના મહા-પવિત્ર કૈલાસ ધામમાં ચાલ્યા જાઓ અને હે સરસ્વતી ! તમે હવે બ્રહ્મલોકમાં જતા રહો. તમારે માટે બ્રહ્મલોક જ સુખકારક નીવડશે, અહીં મારે માટે સદ્‌ગુણી અને સરળ સ્વભાવની લક્ષ્મીજી બસ છે.

કારણ કે જે પત્ની પતિના વશમાં રહેતી હોય, પતિની આજ્ઞાનું પાલન કરતી હોય, પતિવ્રતા હોય તેનેજ સુખ સાંપડે છે, પણ દુરાચારી અને દુષ્ટા પત્નીનો પતિ તો જીવતા છતાં મરેલો ને દુઃખમાં દહાડા વિતાવતો હોય છે. ૬૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'શાપને લીધે ગંગાજી પૃથ્વી પર' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### ત્રણે દેવીઓના શાપનો ઉદ્ધાર

નારાયણ ઉવાચ :

ઇત્યુક્ત્વા જગતાં નાથો વિરરામ ચ નારદ ।
અતીવરુરુદુર્દેવ્યઃસમાલિંગ્ય પરસ્પરમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! ત્રણે દેવીઓને આમ કહી ભગવાન વિષ્ણુએ મૌન સેવ્યું, પછી દુઃખી થયેલ સરસ્વતી, ગંગા અને લક્ષ્મી આંખમાંથી આંસુ સારતી, પશ્ચાતાપ કરતી એક બીજીને ભેટી પડી, પછી વારાફરતી ત્રણે દેવીઓ ભગવાનને કહેવા લાગી : પ્રથમ સરસ્વતી બોલી : 'હે નાથ ! હું તો શાપને લીધે બહુ જ દુઃખી થઇ છું, તો તમે તેમાંથી મારો ઉદ્ધાર કરો. આપ જેવા શ્રેષ્ઠ પતિને ત્યજીને હું કેવી રીતે જીવી શકીશ ?' પછી ગંગા બોલી: 'હે પ્રભો ! આપ મારો ત્યાગ કરો છો તો હું આપના વિના જીવી શકવાની નથી. જે પુરૂષ પોતાની નિર્દોષ પત્નીને ત્યજી દે છે તેનો ઘોર નરકમાં વાસ થાય છે.'

પછી બાકી રહેલા લક્ષ્મીએ કહ્યું : સ્વામિન્ ! સત્યસ્વરૂપ કહેવાતા આપ, ક્રોધિત થયા તેથી મને નવાઇ લાગે છે, હું તમને નમ્ર વિનંતિ કરૂં છું કે તમે આ સરસ્વતી ને ગંગાને ક્ષમા આપો, કારણ કે ક્ષમા એજ વીર પુરૂષનું ભુષણ છે. મારે પણ હવે સરસ્વતીના શાપને લીધે ભરતખંડમાં જવું પડશે. તો મને એ કહો કે મારે ત્યાં કેટલા કાળ સુધી રહેવું પડશે અને મને ફરી આપનાં ચરણકમળનાં દર્શનનો લાભ ક્યારે મળશે ? હે પ્રભો ! ભરતખંડમાં નદી-રૂપે રહેલી મારામાં પાપીઓ સ્નાન ને આચમન કરી તેમનું પાપ મને વ્હોરાવશે તે પાપથી નિર્મળ હું ક્યારે થઇશ, અને આપના ચરણોની સેવા કરવાનો અધિકાર મને ક્યારે મળશે ? હું મારા એક અંશથી તુલસીરૂપ થઇશ અને રાજા ધર્મધ્વજની પુત્રી પણ બનીશ, પરંતુ તે બધું ભોગવ્યા પછી આપની પાસે ક્યારે આવીશ ? તે શાપમાંથી મારો ઉદ્ધાર આપ કેવી રીતે કરશો ? મારી જેમ આ ગંગાજી પણ ભરત ખંડમાં નદીરૂપે થશે, તે પણ ક્યારે શાપથી મુક્ત થઇ ક્યારે આપના ચરણ-કમળને સેવશે ? હે નાથ ! આપે આ સરસ્વતીને બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે જવાની આજ્ઞા કરી. અને ગંગાજીને શિવલોકમાં શિવજી પાસે જવાની આજ્ઞા આપી છે. તે માટે ક્ષમા કરો.

એમ કહી લક્ષ્મી ભગવાનના ચરણ પકડી ખૂબ રડવા લાગ્યાં, પછી લક્ષ્મીને પ્રેમથી ઊભાં કરી ભગવાને કહ્યું : 'હે દેવેશ્વરી ! તમે ચિંતા ન કરો, સમય

આવતાં તમો ત્રણેનું સમાનપણું પણ હું કરીશ; તે કેવી રીતે તે તમને કહું છું. આ સરસ્વતી છે તે કલાના એક અંશથી નદી સ્વરૂપે ભરત ખંડમાં વહે, અર્ધા અંશથી બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે રહે અને પૂર્ણ અંશે નિરંતર મારી પાસે રહે. એવી જ રીતે આ ગંગાજી ભગીરથના તપના પ્રભાવથી ત્રણે લોકને પવિત્ર કરવા માટે કૈલાસ પર્વત ઉપરથી ભરતખંડમાં વહે અને પૂર્ણ અંશથી મારી સમીપ રહે, વળી કૈલાસમાં તેને શંકર ભગવાનના મસ્તકની જટામા રહેવાનું ઉચ્ચ પદ પણ મળશે.'

હે કમળલોચને! હવે તમે પોતાની કલાના અંશથી ભરતખંડમાં પદ્માવતી નદીરૂપ અને તુલસી વૃક્ષરૂપ રહો. જ્યા સુધી કલિયુગના પાચ હજાર વર્ષ પુરા નહિ થાય ત્યાં સુધી તમારો ઉદ્ધાર થવાનો નથી, તે પછી તમે ત્રણેય શાપ-મુક્ત થશો અને મારા ભવનમાં સુખરૂપ પાછા પધારશો. દરેક જીવાત્માને સુખ કે દુઃખ, સંપત્તિ કે વિપત્તિ આવે છે તેમાં દૈવના કોઈને કોઈ આદેશ રહેલા હોય છે. કષ્ટ સહન કર્યા સિવાય કોઈને સુખ સાંપડતું નથી અને ગૌરવ પણ મળતું નથી. સંકટો વેઠયા વિના સિદ્ધિ કદી મળતી નથી. હવે હું તમારા શુદ્ધિનો ઉપાય કહું છું. મારી નિરંતર સ્તુતિ અને મારા મંત્રના જપ કરનારા ઘણા મહાત્મા પુરૂષો પણ તમારા પુનિત જળમાં સ્નાન કરવા આવશે ત્યારે તેમના સ્પર્શ ને દર્શનથી તમે સંઘરેલાં પાપોથી મુક્ત થશો.

વળી ભરતખંડમાં જેટલાં તીર્થો છે તે બધાંય મારા ભક્તના સ્પર્શ અને દર્શનથી પવિત્ર બની જશે. મારા ભક્તો જે સ્થળે પોતાના ચરણ ધુએ છે તે જગ્યા મહાતીર્થરૂપ ને પવિત્ર બને છે. ગમે તેવો દુષ્ટાત્મા પણ મારા ભક્તના દર્શન અને સ્પર્શથી પવિત્ર થઇ સંસાર-બંધનનાંથી મુક્ત થઈ શકે છે. બ્રાહ્મણ હોય અને ગમે તેવા હલકા કામ કરતો હોય, જ્યાં ત્યાં ફરી ભીખ માંગતો હોય તે પણ મારા ભક્તનાં દર્શન ને સ્પર્શથી પવિત્ર બની જાય છે. જે મનુષ્ય પોતાના પરિવારના ભરણ-પોષણની વ્યવસ્થા કરતો નથી તે મહાપાતકી ગણાય છે. તેવો મનુષ્ય પણ મારા ભક્તના સત્સંગ અને દર્શનથી પવિત્ર થાય છે.'

આ સાંભળી લક્ષ્મીજી બોલ્યા: 'ખરેખર, આપ ભક્તવત્સલ ભગવાન છો, તો એવા આપના પરમ ભક્તોનાં લક્ષણો જણાવો કે મનુષ્યો જેનાં દર્શન અને સ્પર્શ કરવાથી પોતાના દુષ્ટ વિચારો, અધમ કર્મો ત્યજી પવિત્ર થાય. આવા સાક્ષાત્ દેવ જેવા વિષ્ણુભક્તો વિષે કહો.'

શ્રી ભગવાને કહ્યું: 'જે તમે જાણવા માગો છો એ ભક્તોના લક્ષણો શ્રુતિ અને પુરાણોમાં વર્ણવેલાં છે. મારી સતત ભક્તિ કરવાને લીધે તેવા ભક્તોમાં બીજાનાં પાપોનો નાશ કરવાની, સુખ-

ભોગ તથા મોક્ષ આપવાની યોગ્ય શક્તિ આવેલી હોય છે. પરંતુ એ તત્ત્વરૂપ લક્ષણો ગુપ્ત છે. એને જેવા તેવા મનુષ્યને ન કહેવાં જોઈએ, પરંતુ તમે શુદ્ધસ્વરૂપ, સદ્‌ગુણી ને મને પ્રાણથી પણ અધિક પ્રિય છો, તેથી જ તમને કહું છું : જે મનુષ્યને સદ્‌ગુરૂના મુખથી મારો.....વિષ્ણુનો મંત્ર મળ્યો હોય, ઉપરાંત જે સર્વ મોહ-માયાનો ત્યાગ કરી માત્ર મને જ સર્વસ્વ માનતો હોય છે તે જ શ્રેષ્ઠ મનુષ્ય કહેવાય છે.

મારા પર હૃદયપૂર્વકની ભક્તિ કરનારો મનુષ્ય મારા ગુણોથી યુક્ત થઈ જાય છે. જેની વૃત્તિ નિરંતર મારા જ ગુણગાન ગાવામાં લીન રહે છે, અને મારા કથા-કીર્તનમાં પ્રવૃત રહે છે, એનું શરીર પુલકિત થાય છે, વાણી ગળગળી બને છે અને એની આંખમાં હર્ષના આંસુ આવતાં ભાન ખોઈ બેસે છે, વળી તેવો ભક્ત નિત્ય મારી સેવા-સ્મરણ કરતો હોવા છતાં કોઈ પ્રકારના સુખ-ભોગની ઇચ્છા, ચાર પ્રકારની સાલોક્ય વગેરેની મુક્તિ કે અમરત્વની ઇચ્છા રાખતો નથી. આવા નિસ્પૃહી મારા ઘણાયે ભક્તો ભરતખંડમાં વસે છે. એમના જેવો ઉત્તમ જન્મ કાંઈ દરેકને માટે સુલભ હોતો નથી. હે દેવી! આ રીતે તમારે જાણવું હતું તે મેં કહ્યું : હવે તમને ઠીક લાગે તેમ કરો. ત્યાર બાદ ત્રણેય દેવીઓ ભગવાનના આદેશ પ્રમાણે પોતપોતાના કાર્ય કરવામાં જોડાઈ ગઈ. આમ તેઓને સાંત્વન આપીને ભગવાન પોતાના સુખાસન પર બિરાજ્યાં. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'ત્રણેય દેવીઓના શાપનો ઉધ્ધાર' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### કલિયુગના મનુષ્યોનું વર્ણન

**શ્રી નારાયણ ઉવાચ**

**સરસ્વતી પુણ્ય ક્ષેત્રમાજગામ ચ ભારતે ।**
**ગંગા શાપેન કલયા સ્વયં તસ્થૌ હરે પદે ॥**

શ્રી નારાયણ બોલ્યા : 'ત્યાર બાદ ગંગાજીથી શાપિત થયેલ સરસ્વતીજી અંશથી ભરતખંડના પુણ્યક્ષેત્રમાં પધાર્યાં અને પૂર્ણ અંશથી વૈકુંઠમાં શ્રીહરિની પાસે રહ્યા. એ સરસ્વતીજી ભરતખંડમાં જઈને 'ભારતી' કહેવાયા, બ્રહ્માની પત્ની થવાને લીધે 'બ્રાહ્મી' કહેવાયા અને તે વાણીના અધિષ્ઠાત્રી હોવાને લીધે વાણી કહેવાયાં. સરોવર તથા વાવના જળમાં સર્વવ્યાપી શ્રીહરિ જોવામાં આવે છે તેથી શ્રીહરિ 'સરસ્વાન' કહેવાયાં. અને સરસ્વતી તેમને પ્રિય હોવાથી એ દેવી 'સરસ્વતી' તરીકે તીર્થરૂપ થયાં. નદીરૂપ થયેલાં સરસ્વતી તીર્થરૂપ અને પાવનકારી હોઈ પાપીઓનાં પાપ બાળવા માટે અગ્નિસ્વરૂપ છે.

હે નારદ! ત્યાર બાદ ભગીરથનાં તપના પ્રભાવથી ગંગા કૈલાસથી પૃથ્વી પર પોતાની કળાથી પધાર્યાં અને તેઓ પધાર્યાં તે સાથે જ ભગવાન શંકરે તેમને પોતાના મસ્તકે જટામાં ધારણ કર્યાં,

કેમકે તેના વેગને સહન કરવાનું સામર્થ્ય માત્ર શંકરમાં જ હતું એટલે પૃથ્વીની પ્રાર્થનાથી તેમણે ગંગાજીને ધારણ કર્યાં હતાં. જે લક્ષ્મી હતાં તે પોતાની એક કળાથી ભરતખંડમાં નદીરૂપે પધાર્યાં. જે 'પદ્માવતી' નામથી પ્રસિદ્ધ થયાં તેઓ પૂર્ણ અંશથી શ્રીહરિની પાસે જ વૈકુંઠમાં રહ્યાં. ત્યાર બાદ તે પોતાની બીજી એક કળાથી પૃથ્વી પર ધર્મધ્વજ રાજાને ત્યાં કન્યા–રત્નરૂપે પ્રકટ્યા, ત્યારે તે 'તુલસી' નામથી વિખ્યાત થયા અને શ્રીહરિના આદેશથી તેણે પોતાની એક કળાથી તુલસી (વૃક્ષ) બનવાનું સ્વીકાર્યું. આ ત્રણે દેવીઓ કલિયુગના પાંચ હજાર વર્ષ પુરાં થતાં સુધી ભરતખંડમાં જ રહેશે. પછી નદીનું રૂપ ત્યજી પુનઃ વૈકુંઠમાં જશે. ભરતખંડમાં અસંખ્ય તીર્થો આવેલાં છે. તેમાંના કાશી તથા 'વૃંદાવન' સિવાય બાકીનાં બધાં જ તીર્થો શ્રીહરિના આદેશથી એ ત્રણે દેવીઓ સાથે વૈકુંઠમાં જશે. જ્યારે કલિયુગનાં દશ હજાર વર્ષ પૂરાં થતાં શાલિગ્રામ, શિવ–શક્તિ અને ભગવાન પુરૂષોત્તમ ભરતખંડને ત્યજી પુનઃ પોતાના સ્થાનમાં પધારશે.

ત્યારે એમની સાથે જ સાધુ, પુરાણ, શ્રાદ્ધ, શંખ, તર્પણ તથા વેદોક્તકર્મ પણ ચાલ્યાં જશે, ઉપરાંત દેવપૂજા, દેવનામ, દેવોના ગુણાનુવાદ, વેદશાસ્ત્ર, પુરાણ, સંત, સત્ય, ધર્મ, વ્રત, તપ, ઉપવાસ એ બધા પણ તેમનો સંગાથ કરીને ભરતખંડમાંથી ચાલ્યા જશે. તે પછી ભરતખંડના મોટા ભાગના લોકો મદિરા અને માંસનું સેવન કરશે. જૂઠું બોલતાં અને કપટ કરતાં કોઇને સંકોચ થશે નહિ. દેવીઓ, દેવતાઓ વગેરે ભરતખંડમાંથી ચાલ્યા જવાથી શઠતા, ધૂર્તકીપણું, દંભ, અહંકાર, ચોરી, હિંસા વ્યભિચાર વગેરે દુષણો લોકોમાં ફેલાઇ જશે. મિત્રતા દેખાવ પૂરતી રહેશે, જ્યાં ત્યાં કુસંપ જોવા મળશે, જાતિભેદનું નામ–નિશાન નહિ રહે, માત્ર સ્ત્રી અને પુરૂષોનો જ ભેદ રહેશે. આથી જરાયે ડર રાખ્યા વગર કોઇ પણ પુરૂષ કોઇ પણ સ્ત્રી સાથે વિના સંકોચે લગ્ન સંબંધથી જોડાશે.

કોઇ મનુષ્ય પોતાની વસ્તુ અન્યને આપશે નહિ, લોકો એકલપેટા બનશે. પુરૂષો સ્ત્રીઓના ગુલામ જેવા થઇ જશે, તે સ્ત્રીઓનું દાસપણું કરશે. ઘરે ઘરમાં પુંશ્ચલિઓ વસશે, તે દુષ્ટા સ્ત્રીઓ નિરંતર પોતાના પતિનો તિરસ્કાર કરશે ને અવળી ચાલશે. સેવક કરતાં સ્વામી વધુ હલકટપણું દેખાડશે. જે બળવાન હશે તેનું જ ઘરમાં જોર ચાલશે. પુરૂષો પત્નીનાં સગાં–પિયરિયાં ઉપર વધુ હેત રાખનારાં થશે. જે એક સાથે બેસીને ભણ્યા હશે તેઓ વચ્ચે આગળ જતાં બોલ–ચાલનો વ્યવહાર રહેશે નહિ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પોતપોતાની જાતિના આચાર ત્યજી મરજી પ્રમાણે વર્તશે.

ઉત્તમ ગણાતા સંસ્કારો : સંધ્યા-વંદન, યજ્ઞોપવિત વગેરે મોટા ભાગે બંધ

થઇ જશે. ત્યારે ચારેય વર્ણ પોતપોતાના સંસ્કારો ભુલી મલેચ્છોની જેમ આચરણ કરતી થઇ જશે. અને તેઓ પોતાના શાસ્ત્રો છોડીને ઇતર શાસ્ત્રો ભણશે. મોટા ભાગના લોકો નોકરી–ચાકરી કરીને આજિવિકા ચલાવશે. સત્યનું આચરણ કોઇ જ કરશે નહિ, જમીન કસ વગરની થવાથી જરૂર પૂરતું ધાન ઉગશે નહિ. ગોળમાં ગળપણ રહેશે નહિ અને સગામાં સગપણ રહેશે નહિ. વૃક્ષો પર ફળ–ફળાદિ જોવા નહિ મળે, ગાયો નામનું જ દૂધ આપશે, લોકો સત્ત્વહીન અને મલાઇ વગરના દૂધનો ઉપયોગ કરશે. સ્ત્રી–પુરુષમાં પ્રેમભાવ રહેશે નહિ, સજ્જન હશે તે પણ જુઠું બોલતાં જરાયે વિચાર નહિ કરે રાજાઓનું તંત્ર સમાપ્ત થઇ જશે. લોકો દેવાના દાસ બની જશે. લોકોમાં ધર્મ અને પુણ્યનો અભાવ રહેવાથી લાખોમાં એક પણ પુણ્યવાન જોવા મળશે નહિ, લોકો અપશબ્દોમાં વાતચીત કરશે. ખેતરોને બદલે નદી અને તળાવોમાં ધાન્ય થશે, એટલે કે સમય પ્રમાણે વૃષ્ટિ નહિ થવાથી ખેડૂતો ખેતરને બદલે જળાશયના કાંઠે ખેતી કરશે, ગામડાંઓ તથા નગરોની જગ્યાઓ જંગલો થઇ જશે, રાજાઓ પ્રતાપ વિનાના ને પ્રજા કરના બોજથી લદાયેલી રહેશે. મોટી નદીઓ, તળાવો, વાવો, ઝિણો વગેરે જળ વગરનાં રહેશે.

હે નારદ ! કલિયુગમાં બધા લોકો જુઠા, કપટી, દ્વેષી, લુચ્ચા અને દંભી થઇ જશે. હલકા લોકો ધનપતિ થશે, પૂજારીઓ પાંખડી અને નાસ્તિક થશે. લોકો હિંસક, ઘાતકી–દયા વિનાના તેમજ મનુષ્યો તથા પ્રાણીઓને મારી નાખનારા થશે, કલિયુગમાં મોટા ભાગના લોકો ઠીંગણા, રોગિષ્ઠ, અલ્પ આયુષ્યવાળા અને યૌવનરહિત–નિસ્તેજ થશે. સોળ વર્ષની ઉંમરના કિશોરો પળિયાંવાળા થશે અને વીસમે વર્ષે તો વૃદ્ધ જેવા થઇ જશે. માત્ર આઠ વર્ષની છોકરી રજસ્વલા થઇ ગર્ભ ધારણ કરશે. કલિયુગમાં સ્ત્રીને વર્ષે વર્ષે પ્રસુતિ થશે, સોળમે વર્ષે તે જાણે ઘરડી હોય તેવી દેખાશે. જવલ્લે જ સ્ત્રીઓ પતિ કે પુત્રવાળી જણાશે, મોટા ભાગની સ્ત્રીઓ વાંઝણી જ દેખાશે. ચારે વર્ણના લોકો પોતાની કન્યાનો વિક્રય કરી પાપી પેટ ભરનારા થશે, વળી માતા, બહેનો કે પત્નીના રખાત પુરૂષોએ આપેલાં ધન, અન્ન ભોગવનારાં થશે. કેટલાક પાખંડી લોકો ભગવાનના નામે ચરી ખાશે. કલિયુગના સુખી માણસો પ્રથમ પોતાની કીર્તિ વધારવા દાન આપશે અને પછી પોતે આપેલું દાન પોતે જ પાછું લઇ લેશે. કલિયુગમાં કેટલાક પાપી પુરૂષો પોતાની પુત્રીઓ સાથે, છોકરાઓની વહુઓ સાથે, સાળી સાથે, પોતાની માસુ સાથે, બહેન સાથે, સાવકી માતા સાથે, ભાઇની સ્ત્રી સાથે ને ગુરૂપત્ની સાથે વ્યભિચાર કરનારા થશે.

પુરૂષો એવા લંપટ થશે કે ન

ભોગવવા જેવી સ્ત્રીને પણ ભોગવતા અચકાશે નહિ, કેવળ પોતાની માતાને મૂકી ગમે તે સ્ત્રી સાથે જારકર્મ કરનારા થશે. કલિયુગમાં બધા નિયમ વિરૂધ્ધ વર્તશે, કોઇ કોઇની આમન્યા રાખશે નહિ. બ્રાહ્મણો, ક્ષત્રિઓ અને વૈશ્યો પાપકર્મમાં રાચનારા થશે, અને લાખ, લોખંડ, રસ વગેરેનો વેપાર કરી ધન કમાશે. ઉત્તમ ગણાતા બ્રાહ્મણોની પંચયજ્ઞોમાં પ્રવૃત્તિ થશે નહિ. તેમને જનોઇ ભારરૂપ લાગશે, બ્રાહ્મણોને ત્યાં ગમે તેવી સ્ત્રી, કુટની તથા રજસ્વલા હોવા છતાં રસોઈ કરવા રહેશે. જ્યારે ઘોર કલિયુગ આવશે ત્યારે મોટા ભાગના મનુષ્યો મ્લેચ્છો જેવા આચરણોવાળા થઇ જશે. અને જ્યારે કલિયુગ પૂરેપૂરો વ્યાપ્ત થઇ જશે ત્યારે આખીય પૃથ્વી પર પાપનો ભાર વધી જશે ત્યારે એક વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ઘેર એના પુત્રરૂપે ભગવાન કલ્કિ પ્રકટ થશે તે એના પુત્રરૂપે ભગવાન નારાયણના અંશ છે. તે પૃથ્વી પર પ્રકટ થઇ ઘણાં ઊંચા-લાંબા ઘોડા પર સ્વાર થઇ ઘોડાને પૂરપાટ દોડાવી ચારે દિશામાં જઇ પોતાની પ્રચંડ તાતી તલવારથી મ્લેચ્છોનો સંહાર કરવા માંડશે અને માત્ર ત્રણ દિવસ ને ત્રણ રાત્રિમાં આખી પૃથ્વીને મ્લેચ્છ-વિહોણી કરી પોતે એકાએક અંતર્ધાન થઇ જશે. તે વખતે પૃથ્વી પર બહુ જ અંધાધુંધી ફેલાશે, લુંટારાઓ જ્યાં ત્યાં લૂંટ કરવા માંડશે, ચોર-ડાકુઓ માટે મેદાન મોકળું મળી જશે. એ અરસામાં જ ૬ દિવસને ૬ રાત સુધી, વાવાઝોડા અને વિજળીના તોફાન સાથે પૃથ્વી પર મૂસળધાર વરસાદ વરસશે, અને સર્વત્ર જળબંબાકાર થઇ જશે. એ મેઘ તાંડવથી આખી પૃથ્વી પ્રાણી, વૃક્ષ અને ગૃહો વિહોણી થઇ જશે, ત્યાર બાદ એક સાથે બાર સૂર્ય ઉદય પામીને પ્રચંડ તેજ પ્રકટાવી જળથી ભરપૂર થયેલી પૃથ્વીને સુકવી દેશે. આ રીતે કલિયુગની પૂર્ણાહુતિ થશે, પૃથ્વી પર ધર્મનું પૂર્ણપણે સ્થાપન થશે. ત્યારે પૃથ્વી વેદજ્ઞ બ્રાહ્મણો, મુનિઓ, તપસ્વીઓ અને ધર્માત્માઓથી અત્યંત શોભાયમાન થશે. લોકો સદાચારી અને વ્યસનરહિત થશે. સ્ત્રીઓ ધર્મની રાગી અને પતિવ્રતા થશે. ક્ષત્રિયો ન્યાયપરાયણ થવાથી રાજસત્તાની ધૂંસરી તેમના હાથમાં રહેશે. તે બધા બ્રાહ્મણભક્ત અને પુણ્યઉપાર્જન કરનારા થશે. વૈશ્યો પ્રામાણિકપણે વ્યાપાર કરી ગૌ-બ્રાહ્મણની પૂજા કરશે. શુદ્રો હશે તે પણ ધર્મ પર શ્રદ્ધા રાખી બધાની પવિત્રપણે સેવા-ચાકરી કરશે. ત્યારે જગદંબાના પરમ ઉપાસક થશે. તેઓ નિત્ય માતા અંબિકાનું પૂજન અને સ્મરણ કરશે, લગભગ બધા જ લોકો ભગવતી દેવીનું ધ્યાન કરતા થશે, સર્વે દેવીની ભક્તિમાં પરાયણ, દેવીના મંત્રમાં તત્પર રહેશે. વેદ, સ્મૃતિ તથા પુરાણો જાણનારા પુરૂષો ઋતુકાળે જ પોતાની સ્ત્રીનો સંગ

કરનારા થશે. એમ સત્યયુગમાં લેશ પણ અધર્મ નહિ રહે, અને પૂર્ણ ધર્મ ત્રેતાયુગમાં ત્રણ પગવાળો થઇ કલિયુગનો પ્રારંભ થતાં એક પગવાળો રહી છેવટે તે સંપૂર્ણ નાશ પામે છે. હવે કાળનું સ્વરૂપ સાંભળો.

હે બ્રાહ્મણ ! વાર સાત છે અને તિથિઓ સોળ કહી છે, મહિનાઓ ૧૨ અને ઋતુઓ ૬ છે. મહિનાના શુકલ અને કૃષ્ણ બે પક્ષ હોય છે તથા ઉત્તરાયણ અને દક્ષિણાયન એ બે 'અયન' હોય છે. દિવસ ચાર પ્રહરનો અને રાત્રિ પણ ચાર પ્રહરની હોય છે. એક મહિનો ત્રીસ દિવસનો ગણાય છે. સંવત્સર તથા ઇડાવત્સર આદિ ભેદથી પાંચ પ્રકારના વર્ષ સમજવા. જેમ દિવસો આવે છે ને જાય છે તેમ ચાર યુગો આવે છે ને જાય છે. મનુષ્યોનું એક વર્ષ પુરૂં થતાં દેવોનાં એક દિવસ--રાત થાય છે. મનુષ્યોના ત્રણસોને સાઠ યુગો જાય છે ત્યારે દેવોનો એક યુગ વીતે છે. એ પ્રમાણેના ઇકોતેર દિવ્ય યુગોને એક મન્વંતર કહે છે. એક મન્વંતર સુધી એક ઇન્દ્ર રહે છે. એમ અઠ્ઠાવીસ ઇન્દ્રો થઇ જાય ત્યારે બ્રહ્માનો એક દિવસ–રાત થાય છે. એવાં એકસો ને આઠ વર્ષો જાય ત્યારે બ્રહ્માનો નાશ થાય છે. એ પ્રાકૃત પ્રલય જાણવો. એ વખતે પૃથ્વી દેખાતી નથી. ત્યારે પૃથ્વી સહિત આખું યે બ્રહ્માંડ જળમાં લીન થઇ જાય છે. ત્યારે બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ઋષિ વગેરે બધા સચ્ચિદાનંદમાં પ્રવેશે છે.

એ બ્રહ્મમાં પ્રકૃતિ લીન થઇ જાય છે એટલે કે પ્રકૃતિ–પુરૂષ એક થઇ જાય છે આ 'પ્રાકૃત પ્રલય' કહેવાય છે, આવો પ્રલય થાય ત્યારે બ્રહ્મરૂપ શ્રીદેવીનો આંખના એક પલકારા જેટલો કાળ થાય છે, અને એટલા સમયમાં તો આખાં બ્રહ્માંડો નાશ પામે છે ને વળી પાછા આંખના એક પલકારામાં જ ફરી સૃષ્ટિના ક્રમથી અનંત બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. આ રીતે સૃષ્ટિ અને પ્રલય વારંવાર થતાં રહે છે આવી રીતે કેટલાયે કલ્પો ગયા અને કેટલાયે આવ્યા એની સંખ્યાને જાણવા કોઇ સમર્થ નથી.

સમસ્ત બ્રહ્માંડના એક માત્ર ઇશ્વર તે પરમાત્મા કહવાય છે. એમનો વિગ્રહ સતચિત્ અને આનંદમય છે. બ્રહ્માદિ દેવો, મહાવિરાટ ને સ્વલ્પ વિરાટ–એ સર્વ પરમાત્માના અંશ છે. અને એ પરમાત્મા જ 'પરાશક્તિ' કહવાય છે, અર્ધનારીશ્વર શ્રીકૃષ્ણ પણ તે મૂળ પ્રકૃતિથી જ ઉત્પન્ન થયા છે. તેજ શ્રીકૃષ્ણ બે સ્વરૂપોવાળા થાય છે. એક શ્રીકૃષ્ણ બે ભુજાઓવાળા અને બીજા ચાર ભુજાઓવાળા. તેમાંના ચાર ભુજાઓવાળા વૈકુંઠમાં રહે છે અને બે ભુજાઓવાળા પોતે ગોલોકમાં રહે છે. બ્રહ્માથી લઇને તૃણ સુધી સર્વ પ્રાકૃતિક કહવાય છે, અને પ્રકૃતિથી ઉત્પન્ન થતી બધી વસ્તુના નાશ થવાથી એ સર્વ નશ્વર છે.

એ પ્રકારે સૃષ્ટિના કારણભૂત પરબ્રહ્મ પરમાત્મા નિત્ય સત્ય, સનાતન,

સ્વતંત્ર, નિર્ગુણ અને પ્રકૃતિથી પર છે. તે પરમાત્મા ઉપાધિરહિત અને નિરાકાર હોઈ ભક્તો પર કૃપા કરવા તત્પર રહે છે. તેમના જ્ઞાનથી કમળમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મા બ્રહ્માંડ રચે છે. અને જેમના જ્ઞાનથી સર્વ પદાર્થોને જાણતા મૃત્યુંજય શંકર સંહાર કરે છે. અને જેમનું તપ કરવાથી જ તે શંકર મોટા સર્વેશ્વર થઈ હજી સુધી તપ કર્યા કરે છે. વળી જેમના ભક્તિ તથા સેવાથી જ શ્રીકૃષ્ણ મોટા ઐશ્વર્યવાળા, સર્વજ્ઞ, સર્વદ્રષ્ટા, સર્વવ્યાપી, સર્વરક્ષક, સર્વસંપત્તિઓ આપનારા, સર્વના ઈશ્વર અને શ્રીમાન થાય છે. તે જ મહામાયા પ્રકૃતિ, સર્વશક્તિમય, ઈશ્વરી અને સચ્ચિદાનંદરૂપ ભગવતી કહેવાય છે. એમને જાણીને ભક્તિથી તપસ્યા તેમ જ સેવા કરવાથી દેવમાતા સાવિત્રી વેદોની અધિષ્ઠાતા દેવતા થઈ છે એ દેવીનું બ્રાહ્મણો નિરંતર પૂજન કરે છે. એ સચ્ચિદાનંદ પ્રકૃતિની સેવાના પ્રભાવથી જ સરસ્વતી સમસ્ત વિદ્યાની અધિષ્ઠાત્રી મનાય છે. બધાય વિદ્વાનો એને ઉપાસે છે. એ મૂળ પ્રકૃતિને જાણી તે તથા એમની સેવા અને તપસ્યાથી લક્ષ્મી સર્વત્ર પૂજાય છે, અને એમના ઉપાસક હોવાથી દુર્ગાને સર્વ મનુષ્યો પૂજે છે, અને સર્વેશ્વરી સર્વ મનુષ્યોની કામનાઓ પૂરે છે. શ્રીકૃષ્ણના ડાબા ખભામાંથી ઉત્પન્ન થયેલાં અને શ્રીકૃષ્ણના પ્રાણની અધિષ્ઠાત્રી દેવી રાધિકા શ્રીકૃષ્ણને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય થયાં છે. એ રાધાએ મૂળ પ્રકૃતિની સેવાથી જ સર્વ કરતાં અધિકરૂપ, સૌભાગ્ય, માન તથા ગૌરવ મેળવ્યાં છે.

એથી જ શ્રી રાધાએ શ્રીકૃષ્ણના પત્ની બનીને તેમના વૃક્ષઃસ્થળ પર રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. ભગવતી રાધાએ શતશૃંગ નામના પર્વત પર જઈ શ્રીકૃષ્ણને પતિરૂપે મેળવવા માટે તપ કર્યું હતું. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ તરત જ તેમની આગળ પ્રત્યક્ષ થઈ સામે ચંદ્રની કલાની જેમ શોભતા રાધાને જોઈ તેમને પોતાના હૃદય સાથે આલિંગન આપ્યું અને આંખમાંથી આંસુ સરી પડયાં. તેમણે રાધાને કહ્યું, 'હે રાધિકે! હું સદા તારી ઇચ્છાને અનુકુળ રહીશ. સૌભાગ્ય અને ગૌરવ તમારા નિત્યસંગી થશે.' એ રીતે રાધાને વરદાન આપી શ્રીકૃષ્ણે તેમને પોતાના પ્રાણપ્રિયા બનાવ્યાં. આ સિવાય રાધાનો અન્ય કોઈ સાથે કોઈ પ્રકારનો સંપર્ક નથી.

હે મુને! ભગવતી દુર્ગાદેવી દેવતાઓનાં એક હજાર વર્ષો સુધી હિમાલય ઉપર તપ કરી તથા તેમના ચરણનું ધ્યાન કરી સર્વ પૂજ્ય થયાં છે. સરસ્વતી ગંધમાદન પર્વત ઉપર દેવતાઓનાં એક લાખ વર્ષ સુધી તપ કરી સર્વને વંદનીય થયાં છે. લક્ષ્મીદેવી પુષ્કરક્ષેત્રમાં દેવતાઈ સો યુગ સુધી તપ કરી, દેવીની સેવા કરવાથી સર્વ સંપત્તિઓ આપનારાં થયાં છે.

સાવિત્રીએ મલયાગિરિ પર આરાધના કરી હતી, તેથી પણ વંદનીય અને પૂજનીય બન્યાં છે. હે નારદ! આ પ્રકારે

દેવતા, મુનિ, મનુષ્ય, રાજા તથા બ્રાહ્મણ પણ તેથી જ પૂજાયા છે. એમ ગુરુના મુખથી મેં જે પ્રમાણે જાણ્યું છે તે સર્વ દેવીનું પુરાણ ચરિત્ર શાસ્ત્ર અનુસાર મેં તમને કહ્યું, બીજું શું વધારે સાંભળવા ઇચ્છા છે ? ૧૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'કાલિયુગના મનુષ્યોનું વર્ણન' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### પૃથ્વીની ઉત્પત્તિ

નારદ ઉવાચ :

દેવ્યા નિમેષમાત્રેણ બ્રાહ્મણઃ પાત એવ ચ ।
તસ્ય પાતઃપ્રાકૃતકઃ પ્રલયઃ પરિકીર્તિતઃ ॥

નારદે પૂછ્યું : ભગવન્ ! આપ કહો છો કે દેવીના આંખના માત્ર એક પલકારા જેટલા સમયમાં બ્રહ્માનું આયુષ્ય પૂરું થાય છે, બ્રહ્માનો નાશ થાય છે. એ પ્રાકૃત પ્રલય કહેવાય છે. એ વેળા પૃથ્વી અદૃશ્ય થઇ જાય છે. તે વેળાએ સમસ્ત વિશ્વ જળમાં ડૂબી જળજળબંબાકાર થઇ જાય છે. બધુંય પરબ્રહ્મ પરમાત્મામાં લીન થઇ જાય છે ત્યારે પૃથ્વી લુપ્તપ્રાય રહે છે અને સૃષ્ટિ સમયે પુનઃ કેવી રીતે પ્રકટે છે ? તેને વન્ય, માન્ય, સર્વના આશ્રય અને વિજયી થવા સૌભાગ્ય કેવી રીતે મળે છે ? પ્રભો ! પૃથ્વીના ઉત્પત્તિના મંગલ ચરિત્રને કહો.

શ્રી નારાયણ બોલ્યા : નારદ ! શ્રુતિ કહે છે કે સઘળી સૃષ્ટિઓના આરંભમાં આદિશક્તિ ભગવતી જગદંબાથી જ જગત ઉત્પન્ન થાય છે અને પ્રલય વેળા પાણી-જળમાં લીન થાય છે. હવે પૃથ્વીની ઉત્પત્તિ કહું છું. કેટલાકનું કહેવું છે કે મધુ-કૈટભ દૈત્યોના પ્રચંડ શરીરના મેદથી આ પૃથ્વી ઉત્પન્ન થયેલી છે. એ દૈત્યોના જીવનકાળમાં પૃથ્વી સ્પષ્ટ દેખાતી ન હતી. એમના મૃત્યુ બાદ તેમના શરીરમાંથી નીકળેલો મેદ સૂર્યના તાપથી સુકાઇ જતાં મેદના નામથી પૃથ્વી વિખ્યાત થઇ. પહેલાં બધું જળબંબાકાર હતું પૃથ્વી પણ જળમાં ડૂબેલી હતી. મેદથી એનો માત્ર સ્પર્શ જ થયો એથી લોકો એને મેદિની કહે છે. હવે હું પૃથ્વીના સાર્થક જન્મનું ચરિત્ર કહું છું.

પુષ્કર ક્ષેત્રમાં ધર્મના મુખે આ વિષે મેં જે સાંભળ્યું છે તે હું તમને કહીશ. અનંતકાળથી મહાવિરાટ પુરુષ જળમાં રહે છે. સમય પ્રમાણે એમની અંદર સર્વવ્યાપ્ત સમષ્ટિ મન પ્રકટે છે. મહાવિરાટ પુરુષના બધાં રૂંવાડાંના છિદ્રો એના આશ્રય બને છે. એમાંથી પૃથ્વી પ્રકટે છે. જેટલાં રૂંવાડાંના છિદ્રો છે એ એક એક છિદ્રમાંથી જળ સાથે પૃથ્વી વારંવાર પ્રકટે છે ને પ્રલયકાળે પાછી લુપ્તપ્રાય જાય છે. સૃષ્ટિ સમયે પ્રકટ થઇ જળની ઉપર સ્થિર રહેવું અને પ્રલયવેળા આવતાં જળમાં લુપ્તપ્રાય જવું એ પૃથ્વીનો નિયમ છે. પૃથ્વી અખિલ બ્રહ્માંડમાં વિરાજે છે. દરેક બ્રહ્માંડમાં વન અને પર્વત એની શોભા વધારે છે. સાત સમુદ્રોથી એ ઘેરાયેલી રહે છે. સાત દ્વીપ એનાં અંગ છે. હિમાલય ને સોનાના મેરૂ પર્વત તથા સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહ

એને સદા શોભાવે છે.

મહાવિરાટની આજ્ઞાથી બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ આદિ દેવો પ્રકટ થાય છે તથા સમસ્ત પ્રાણી એના પર રહે છે. પુણ્ય-તીર્થ તથા પવિત્ર ભરતખંડ જેવા દેશોથી યુક્ત થવાનો એને સુઅવસર મળે છે. આ પૃથ્વી સોનાની છે. એના ઉપર સાત સ્વર્ગ ને નીચે સાત પાતાળ છે. ઉપર બ્રહ્મલોક તથા તેનાથી પણ ઉપર ધ્રુવલોક છે.

હે નારદ! આ રીતે આ પૃથ્વી ઉપર અખિલ વિશ્વ થયું છે અને તે નશ્વર કહેવાય છે. પ્રાકૃત પ્રલય આવતાં બ્રહ્મા પણ ચાલ્યા જાય છે. તે વખતે માત્ર એક મહાવિરાટ પુરુષ જ રહે છે. કારણ કે સૃષ્ટિના આરંભમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણે એમને પ્રકટ કરી એમને આ કાર્યમાં યોજેલા છે. સૃષ્ટિ અને પ્રલય પ્રવાહરૂપે નિત્ય હોઈ એનો ક્રમ નિરંતર ચાલ્યા કરે છે. જે સમય પર નિયંત્રણ રાખનારી અદૃષ્ટ શક્તિને આધીન થઈ રહે છે. પ્રવાહક્રમથી પૃથ્વી પણ નિત્ય છે, વારાહકલ્પમાં આ મૂર્તિમાન રૂપે રહી હતી અને દેવો એ મુનિઓએ એમના ભક્તિપૂર્વક એને પૂજી હતી. મુનિ, મનુ, ગંધર્વ અને બ્રાહ્મણ પ્રાય: સઘળા એની પૂજામાં એકઠા થયા હતા. એ બધા ભગવાનના વરાહ અવતાર થયા હતા. અંતસમત આ પૃથ્વી એમના પત્ની તરીકે રહી હતી અને એનાથી મંગળના જન્મ થયો અને મંગળથી ઘટેશના ઉત્પત્તિ થઈ.

નારદે પૂછ્યું : પ્રભો વારાહકલ્પમાં દેવોએ પૃથ્વીની શી રીતે પૂજા કરી હતી? સૂર્યના આશ્રયભૂત એ દેવીને એ કલ્પમાં સઘળા પૂજતા હતા. આ મૂળ પ્રકૃતિ જ પંચીકરણ માર્ગથી પ્રકટેલી છે. હે ભગવન્! નીચેના તથા ઉપરના લોકોમાં એની વિવિધ પૂજાનો પ્રકાર તથા મંગલનો જન્મ વિસ્તારથી કહો.

ભગવાન નારાયણે કહ્યું : નારદ! ઘણા પ્રાચીન સમયની વાત છે, ત્યારે વારાહકલ્પ ચાલતો હતો. બ્રહ્માની સ્તુતિથી ભગવાન શ્રીહરિએ વરાહાવતાર લઈ હિરણ્યાક્ષને મારી પૃથ્વીને રસાતલથી બહાર કાઢી પાણી ઉપર સ્થિર કરી હતી અને એના ઉપર જ બ્રહ્માએ વિશ્વના રચના કરી હતી, પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવી પણ એક સુંદરી સ્વરૂપે હતા, એને જોતાં જ શ્રીહરિના મનમાં પ્રેમ પ્રકટયો એથી શ્રીહરિએ પોતાનું વરાહરૂપ બનાવ્યું અને એ દેવી સાથે તેઓ એકાંતમાં આનંદ કરતા દિવ્ય એક વર્ષ સુધી રહ્યા હતા, ત્યાર બાદ તેનો સંગ છોડી દીધો હતો. અને લીલા માત્રમાં પૂર્વનું વરાહરૂપ થયું હતું. પછી તે પૃથ્વી દેવીને સતી માની વિષ્ણુએ ધુપ, દીપ, નૈવેદ્ય, સિંદૂર, વિલેપન, વસ્ત્રો, પુષ્પો તથા ઉત્તમ બલિદાનો વડે પૂજન કર્યું હતું હે કલ્યાણી! તમે સર્વને આશ્રય આપો. મુનિઓ, દેવો, દાનવો અને સિદ્ધોથી પૂજાઈને તમે સુખ ભોગવશો. સોરમાં

નથી આર્દ્રા નક્ષત્રના પ્રથમ ચરણમાં પૃથ્વી ઋતુમતિ રહે છે એટલા સમય સિવાયના દિવસે ગૃહપ્રવેશ, ગૃહારંભ, વાવ તથા તળાવ ખોદવામાં અથવા ગમે-તે ગૃહકાર્ય વખતે દેવો આદિ સર્વ લોકો મારા વરદાનના પ્રભાવથી તમારૂં પૂજન કરશે અને જે મૂઢમતિ તમારૂં પૂજન નહિ કરે તેનો નરકમાં વાસ થશે.

આ સમયે પૃથ્વી ગર્ભવતી થઇ હતી, સમય થતાં એના ગર્ભથી તેજસ્વી 'મંગલ' નામનો ગ્રહ જન્મ્યો, ત્યારે ભગવાનના અંશથી સર્વે પૃથ્વીની ઉપાસના કરવા લાગ્યા. તે બધાએ કણ્વશાખામાં કહેલા મંત્રોદ્વારા ભાવથી પૃથ્વીનું ધ્યાન તથા સ્તુતિ કરી તેમણે મૂલમંત્ર બોલી નૈવેદ્ય અર્પણ કર્યું. એ રીતે સારાયે ત્રિલોકમાં પૃથ્વીની પૂજા અને સ્તુતિ થવા લાગ્યાં :

નારદે પૂછ્યું : ભગવાન ! સર્વના કલ્યાણાર્થે પૃથ્વીના ધ્યાનનો તથા પૂજાનો વિધિ મૂળમંત્ર સહિત કહો.

શ્રી નારાયણ બોલ્યા: મુને! પહેલાં તો વરાહ ભગવાને પૃથ્વીનું પૂજન કર્યું: તે પછી બ્રહ્માએ પૂજન કર્યું, તે પછી મહામુનિઓ, મનુઓ ને મનુષ્યો દ્વારા પૃથ્વી ખૂબ જ સન્માન પામી. હવે હું એના ધ્યાન, પૂજન અને મંત્ર વિષે કહું છું. 'ૐહ્રીં શ્રી વસુધાયૈ સ્વાહા' એ મંત્રથી ભગવાને એનું ભાવથી પૂજન કર્યું હતું હવે તેમનું ધ્યાન આ પ્રમાણે થાય છે : સ્વચ્છ કમળ સમાન ઉજજ-વળ, શરદપૂનમના ચંદ્ર જેવા વદનવાળા, ચંદનથી લેપાયેલા સુવાસિત અંગવાળા, રત્નજડિત આભુષણોથી શોભતા, વિશુદ્ધ વસ્ત્રવાળાં, મંદમંદ હસતાં સર્વ લોકોથી પૂજાતાં પૃથ્વી દેવીની હું આરાધના કરૂં છું.

આ પ્રમાણે ધ્યાન કરી સર્વેએ પૃથ્વીની પૂજા કરી. હવે કણ્વશાખામાં દર્શાવેલી સ્તુતિ કહું છું: 'જળનાં આધાર, જળશીલ, જળ દેનારાં દેવી, તમારો જય થાઓ. હે વારાહ ભગવાનના પત્ની, જયને દેનારાં, જય આપો. હે મંગળમયી, મંગળનો આધાર, માંગલ્ય તથા મંગળને દેનારાં તમારો જય થાઓ. હે મંગળના ઇશ્વરી! હું આપના કલ્યાણ માટે પ્રાર્થના કરું છું, માટે મારા પર કૃપાવંત થઇ મને મંગળ આપો. હે સર્વનાં આધાર ! સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, સર્વ કામના-ઓને પૂરનારાં દેવી ! તમે સર્વ ઇષ્ટ પદાર્થ મને આપો. હે પુણ્યોના આશ્રયરૂપ ! પુણ્યવાનોનાં દેવી, સર્વને પુણ્ય દેનારાં દેવી, તમે જય પામો. હે સર્વ ધાન્યોનાં સ્થાનરૂપ ! સર્વ ધાન્યોવાળાં, સર્વ ધાન્યો દેનારા, સર્વ ધાન્યોને લઇ લેનારાં, હે સંસારનાં સર્વ ધાન્યોરૂપ ! હે પૃથ્વી ! હે રાજાઓનાં સર્વ સ્વરૂપ ! હે રાજા-ઓમાં પરાયણ, રાજાઓને સુખ કરનારા, હે ભુમિ આપનારાં ! મને ભુમિ આપો,

આ ઉત્તમ સ્તોત્ર અતિ પવિત્ર છે જે ભાવિક મનુષ્ય પ્રાતઃકાળે ઊઠી આ સ્તોત્રનો પાઠ કરે છે, તે કરોડો જન્મોમાં ચક્રવર્તી રાજા થાય છે. આ સ્તોત્રનો

એકાગ્રતાથી પાઠ કરવાથી મનુષ્યો પૃથ્વીનું દાન કર્યાનું પુણ્ય ઉપાર્જન કરે છે. વળી તે મનુષ્ય પૃથ્વીનું દાન લીધાના પાપથી અને રજસ્વલા પૃથ્વી ખોદવાના પાપથી નિ:સંદેહ છુટે છે. વળી તે, જે કુવો પાણી વગરનો અને પારકો હોય તેવા કુવાના ધણીની રજા વિના કુવો ખોદવાના પાપથી અને પારકી જમીનને પોતીકી ગણવાના પાપથી પણ મુકત થાય છે. હે મુનિ ! આ સ્તોત્રનો શ્રદ્ધા-ભકિતપૂર્વક પાઠ કરવાથી મનુષ્યો પૃથ્વી પર વીર્યપાત કર્યાના પાપથી અને પૃથ્વી પર દીવો વગેરે મુકવાના પાપથી પણ છુટે છે. પૃથ્વીદેવીનું આ ઉત્તમ મહા–સ્તોત્ર મનુષ્યો માટે અતિ કલ્યાણકારક છે એટલે તેનો પાઠ કરનાર મનુષ્યો સો અશ્વમેધ યજ્ઞનું પુણ્ય પ્રાપ્ત કરે છે. ૯૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'પૃથ્વીની ઉત્પત્તિ' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### પૃથ્વીદેવીનો અપરાધ કરવાનું ફળ

**શ્રી નારાયણ ઉવાચ :**

ભૂમિદાનકૃતં પુણ્યં પાપં તદ્ધરણેન ચ ।
પરભૂહરણાદ્ પાપ કૂપે કૂપખનસ્તથા ॥

નારદે પૂછ્યું : ભગવન્! પૃથ્વીનું દાન આપવાથી થતાં પુણ્ય અને પૃથ્વીનું દાન લઇ લેવાથી, કે બીજાની ભુમિ લઇ લેવાથી, ગમે તેમ પૃથ્વીનો ઉપયોગ કર-વાથી, ભુમિ ઉપર વીર્યપાત કરવાથી તથા પૃથ્વી ઉપર દીપક રાખવાથી જે પાપો થાય છે તે સાંભળવા હું ઇચ્છું છું, તદ્‌ઉપરાંત અન્ય પણ જે પૃથ્વીજન્ય પાપો છે તેને તથા તેના ઉદ્ધારને વિસ્તા-રથી કહો.

શ્રી નારાયણ બોલ્યા : મુને ! ભરત-ખંડમાં જે પુરુષ પવિત્ર બ્રાહ્મણને એક વેંત જેટલી પણ ભુમિ આપે છે તે શિવના મંદિર બનાવવા જેટલા પુણ્યને મેળવે છે અને તે શિવના ધામમાં જાય છે. સર્વ ધાન્યોથી ભરેલા ખેતરનું બ્રાહ્મણને દાન કરવાથી ભુમિના રજકણ જેટલાં વર્ષો સુધી તે મનુષ્ય વિષ્ણુના ધામમાં રહે છે. બ્રાહ્મણને જે ગામ, ભુમિ અને ધાન્ય આપે છે એના પુણ્યથી દાન આપનારો અને લેનારો સઘળાં પાપોથી છુટી જગદમ્બાના ધામમાં જાય છે.

જે પરોપકારી પુરુષ ભુમિદાન કરવા માટે કોઇ દાતાને ઉત્સાહિત કરે છે, તે પોતાના મિત્ર તથા ગોત્ર સાથે વૈકુંઠમાં જાય છે. પોતાની અથવા બીજાએ આપેલી બ્રાહ્મણની ભુમિ જે મનુષ્ય પડાવી લે છે તે સૂર્ય અને ચન્દ્ર રહે ત્યાં સુધી 'કાલસૂત્ર' નામક નરકમાં રહે છે, વળી ફળરૂપ એના પુત્ર, પૌત્ર વગેરે પાસે પણ પૃથ્વી રહેતી નથી. તે લક્ષ્મી વગરનો, પુત્ર વગરનો અને દરિદ્ર થઇ ઘોર રૌરવ નરકનો અધિકારી થાય છે.

જે મનુષ્ય ગાચર ભુમિને ખેડી તેમાં અનાજ પકાવે છે, ને તે ધાન્ય બ્રાહ્મ-ણને આપે છે, એ આવાનંદિત કર્મના લીધે દેવોનાં વર્ષોથી સો વર્ષ સુધી 'કુંભીપાક' નરકમાં રહે છે જે મનુષ્ય ગાયોના નેસડા, તળાવ તથા રસ્તાને ખેડી ઉત્પન્ન કરેલા અન્નનું દાન આપે

છે તે મનુષ્ય ચૌદ ઇન્દ્રના આયુષ્ય સુધી 'અસિપત્ર' નામક નરકમાં રહે છે. જે કામાંધ મનુષ્ય એકાંતમાં પૃથ્વી પર વીર્યપાત કરે છે તે જમીનના જેટલા રજકણો હોય તેટલા સમય સુધી રૌરવ નરકમાં પડે છે.

અંબુવાચીમાં ભુમિ ખોદનારો મનુષ્ય 'કૃમિદંશ' નામક નરકમાં જાય છે અને ત્યાં તે ચાર યુગો સુધી દુઃખ ભોગવતો રહે છે. જે બીજાના તળાવના પાણી-માંથી કાદવ કાઢી લઇ તેમાં નહાય છે તે મનુષ્ય અવશ્ય બ્રહ્મલોકમાં જાય છે. જે મંદબુદ્ધિ મનુષ્ય ભુમિપતિના પિતૃ-ઓને શ્રાદ્ધમાં પિંડ આપ્યા સિવાય શ્રાદ્ધ કરે છે એ મનુષ્ય નિઃસંદેહ નર-કમાં જાય છે. મનુષ્યોએ નીચે જણાવેલી વસ્તુઓની પવિત્રતા જાળવવી જોઇએ.

શિવલિંગ, ભગવતીની મૂર્તિ, શંખ, યંત્ર, શાલિગ્રામનું જળ, ફળ, તુલસી, જપમાળા, પુષ્પમાળા, કપૂર, ગોરોચન, ચંદનકાષ્ઠ, રુદ્રાક્ષની માળા, કુશની જડ, પુસ્તક અને યજ્ઞોપવીત–આ બધી ઉત્તમ વસ્તુઓને ભુમિ પર મૂકવાથી મનુષ્ય નરકમાં જાય છે. યજ્ઞસુત્રની પૂજા કરવાનું સર્વ દ્વિજો માટે આવશ્યક છે. ભુકંપ તેમ જ ગ્રહણ વખતે પૃથ્વીને ખોદવાથી ઘણું મોટું પાપ લાગે છે.

એ મર્યાદાને ઓળંગવાથી બીજા જન્મમાં અંગહીન.....શરીરે ખોડવાળા થવું પડે છે. આ પૃથ્વી પર સર્વ પ્રાણીનાં રહેઠાણુ....'ભવન' બનેલાં છે તેથી તે 'ભુમિ' કહેવાય છે. એક વેળા આખી પૃથ્વી કશ્યપની હોવાથી તેથી તે 'કાશ્યપી' કહેવાય છે. તથા સ્થિરરૂપે રહેવાથી 'અચલા' પણ કહેવાય છે.

હે મહામુને! પ્રાણી માત્રને ધારણ કરવાથી તે 'વિશ્વંભરા' કહેવાય છે અને અનંતરૂપે હોવાથી 'અનંતા' તથા પૃથુ રાજાની કન્યા હોવાથી અથવા સર્વત્ર ફેલાયલી હોવાની એ 'પૃથ્વી' નામથી ઓળખાય–કહેવાય છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'પૃથ્વી દેવીનો અપરાધ કરવાનું ફળ' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### સર્વ શ્રેષ્ઠ ગંગાનું આખ્યાન

**નારદ ઉવાચ :**

શ્રુતં પૃથિવ્યુપાખ્યાન મતીવ સુમનોહરમ્ ।
ગંગોપાખ્યાન મધુનાવદ વેદાવદાં વર ॥

નારદજીએ કહ્યું : હે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ ! તમારા મુખેથી અત્યંત મનોહર પૃથ્વીનું ઉત્તમ આખ્યાન મેં સાંભળ્યું, હવે આપ કૃપા કરી મને સર્વશ્રેષ્ઠ ગંગાજીનું આખ્યાન કહો.

હે પ્રભો ! સુરેશ્વરી, વિષ્ણુ સ્વરૂપા તેમ જ સ્વયં વિષ્ણુપદી નામથી સર્વ-શ્રેષ્ઠ ગંગાજી સરસ્વતીના શાપને લીધે ભરતખંડમાં શી રીતે અને કયા યુગમાં પધાર્યાં ? કોની પ્રાર્થના અને પ્રેરણાથી એમને ત્યાં જવું પડયું ? પાપનાશક અને પુણ્ય આપનાર આ પવિત્ર પ્રસંગ

મને કહો.

શ્રી નારાયણે કહ્યું : હે નારદ ! સૂર્ય-વંશમાં જન્મેલા એક સગર નામક ચક્રવર્તી રાજા થઈ ગયા. તેમને વૈદર્ભી અને શૈબ્યા નામની બે સુંદર પત્નીઓ હતી. તેમાંથી શૈબ્યાએ કુળદીપક એક સોહામણા અસમંજસ નામના પુત્રને પ્રસવ્યો અને વૈદર્ભીને પણ ભગવાન શંકરની ઉપાસનાથી મળેલા વરદાનથી ગર્ભ રહ્યો. અને પૂરા ૧૦૦ વર્ષ પછી એણે એક માંસપિંડને જન્મ આપ્યો. ત્યારે તે માંસપિંડને જોઈ દુઃખી થયેલી વૈદર્ભી ભગવાન શિવજીનું ધ્યાન કરી ખૂબ રડવા લાગી. એટલે શિવજીએ બ્રાહ્મણ વેશે પધારી તેમણે એ માંસ પિંડના ૬૦ હજાર ભાગો કર્યા. તેમાંથી તેજસ્વી અસંખ્ય પુત્રો થયા. પરંતુ તે સઘળા અશ્વમેધનો ઘોડો શોધતા કપિલ-મુનિના શાપથી બળીને ભસ્મ થઈ ગયા. એ દુઃખદ સમાચાર જાણી રાજા સગરની આંખો નિરંતર આંસુ વહાવવા લાગી અને તેઓ અત્યંત શોકાતુર થઈ ઘોર જંગલમાં ચાલ્યા ગયા. ત્યારે એમના પુત્ર અસમંજસે પોતાના ૬૦ હજાર ભાઈઓ અંગે ગંગાને લાવવા માટે ઘણાં વર્ષ સુધી તપ કર્યું. ખૂબ લાંબા કાળના તપ પછી છેવટે તેઓ મરણ પામ્યા એટલે તેમના પુત્ર અંશુ-માને ગંગાજીને લાવવા માટે લાંબા સમય સુધી તપ કર્યું પરંતુ તે પણ કાળનો કોળિયો થઈ ગયો. તે પછી તેમનો પુત્ર ભગીરથ જે પરમ ભગવદ્-ભક્ત, વિદ્વાન અને ગુણજ્ઞ હતો તેણે ગંગાજીને લાવવાનો મક્કમ નિશ્ચય કરી ઘણા વર્ષો સુધી તપસ્યા કરી. છેવટે તેને સુંદર વેષભુષાવાળા ભગવાન શ્રી-કૃષ્ણના સાક્ષાત્ દર્શન થયા. તે વેળા કરોડો સુર્ય સમાન ઝળહળતા પ્રકાશ-વાળા, બે ભુજાવાળા, મોરલી ધારણ કરેલા, કિશોર અવસ્થાવાળા, ગોપાલના વેશવાળા ભગવાનના રૂપનાં તો ક્યારેક વળી તેમને રાધાના રૂપે દર્શન થતાં હતાં.

હે મુને ! પૂર્ણ પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તો માટે ઇચ્છે એવું રૂપ ધારણ કરી શકે છે. તે વખતે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વગેરે એમની સ્તુતિ કરતા હતા ને મુનિઓ મસ્તક ઝુકાવી ઊભા હતા. સદા નિર્લિપ્ત, નિર્ગુણ, ભક્તો પર અનુગ્રહ કરનારા એ ભગવાન શ્રીકૃષ્ણનું મુખમંડળ તે વેળાએ મંદમંદ હાસ્યથી શોભતું હતું. વિશુદ્ધ અગ્નિ-શુદ્ધ વસ્ત્ર તથા દિવ્ય રત્નોનાં બનાવેલાં આભુષણોથી એમનું શ્રીવિગ્રહ ખૂબ જ શોભતું હતું. એમનાં એ દિવ્ય દર્શન પામી ભગીરથે તેમને વારંવાર પ્રણામ કરી સ્તુતિ કરી.

ભગવાન શ્રીહરિએ ગંગાજીને કહ્યું: હે સુરેશ્વરી ! તમે સરસ્વતીના શાપને લીધે હમણાં ભરતખંડમાં જાઓ અને મારી આજ્ઞાથી સગરના સઘળા પુત્રોને પવિત્ર કરો. તમારા સ્પર્શવાળા વાયુથી પવિત્ર થયેલા તેઓ બધા મારા જેવું

સ્વરૂપ ધારણ કરી દિવ્ય રથ ઉપર બેસી મારા ધામને પામી મારા પાર્ષદો થશે. તેથી એમના જન્મ-જન્માંતરનાં સમસ્ત પાપો નાશ પામશે. શ્રુતિમાં કહ્યું છે કે ભરતખંડમાં મનુષ્યોએ કરેલાં કરોડો જન્મનાં પાપ ગંગાના વાયુના સ્પર્શ માત્રથી નાશ પામે છે. ગંગાદેવીના સ્પર્શ અને દર્શનથી દસગણું પુણ્ય થાય છે. ગંગામાં મૂસળસ્નાન-જેમ સાંબેલું ધોવાય છે તેમ હાથ-પગ હલાવ્યા સિવાય-કરવાથી ૧૦૦ કરોડ જન્મોનું પાપ નાશ પામે છે. પવિત્ર દિવસોએ....પર્વો તથા પુણ્યતિથિઓએ ગંગા-સ્નાનનું વિશેષ ફળ કહ્યું છે. સામાન્ય રીતે ગંગાસ્નાન કરતાં ચન્દ્ર ગ્રહણ વખતે સ્નાન કરવાનું કરોડગણું અધિક પુણ્ય કહ્યું છે. સૂર્ય-ગ્રહણમાં એનાથી બમણું સમજવું અને એનાથી સોગણું પુણ્ય અર્ધોદય સમયે સ્નાન કરવાથી મળે છે. ચાતુર્માસની પૂનમના દિવસે સ્નાન કરવાથી અનંતગણું પુણ્ય મળે છે.

નારદજી ! એ રીતે ગંગાજી ને ભગીરથની આગળ કહી બધાના પ્રભુ શ્રીકૃષ્ણ મૌન રહ્યા એટલે ગંગાએ નમ્રતાથી કહ્યું : પ્રભુ ! પ્રથમ થયેલા સરસ્વતીના શાપની અને આપની આજ્ઞાથી તેમ જ ભગીરથા તપથી પ્રેરાઈને હું હમણાં જ ભરતખંડમાં જાઉં છું, પરંતુ ત્યાં જવાથી પાપીજનો તેમના પાપોને મારામાં સ્નાન કરી ધોશે એથી મારામાં આવેલા પાપો કયા ઉપાયથી નાશ પામશે ? મારે એવી સ્થિતિમાં ત્યાં કેટલા કાળ સુધી રહેવું પડશે ? આપના ધામમાં આવવા, વિષ્ણુના પરમપદને પામવા હું ક્યારે અધિકારિણી થઈશ ? હે સર્વજ્ઞ પ્રભો, અંતર્યામી ! આપનાથી કોઈ વાત ગુપ્ત નથી. મારા અંતઃકરણમાં અન્ય જે જે કામનાઓ છુપાયેલી છે તે તમે જાણો છો તેને પણ પૂરી થવાનો ઉપાય બતાવો.

શ્રી ભગવાન બોલ્યા : 'હે દેવોના ઇશ્વરી ! તમારી સર્વ ઇચ્છા હું જાણું છું. નદીરૂપે તમે ભરતખંડમાં જશો અને ત્યાં મારા અંશરૂપ લવણસમુદ્ર તમારો પતિ થશે. અને સરસ્વતી વગેરે સર્વ નદીઓમાં સમુદ્ર માટે તમે જ અધિક સૌભાગ્યવતી મનાશો. તમારો આજથી માંડી ત્યાં કલિયુગનાં પાંચ હજાર વર્ષો સુધી રહેવું પડશે. લક્ષ્મીરૂપ તમે રસિક હોઇ મારા સ્વરૂપ સમુદ્રની સાથે એકાંતમાં રતિક્રીડા કરશો. ભરતખંડમાં રહેતા સર્વ મનુષ્યો ભગીરથે રચેલા સ્તોત્રથી તમારી સ્તુતિ કરશે ને એમનાથી તમે પૂજાશો. કણ્વશાખામાં કહેલી રીતે તમારું ધ્યાન કરી લોકો તમને પૂજશે. સ્તવશે ને નમશે. જે તમને સ્તુતિપૂર્વક પ્રણામ કરશે તેને અશ્વમેધ યજ્ઞનું ફળ મળશે. જેથી મનુષ્ય સેંકડો યોજન દૂર હોવા છતાં પણ વારંવાર 'ગંગા, ગંગા' એવું બોલી સ્નાન કરશે તે સર્વ પાપોથી છૂટી વિષ્ણુલોકમાં જશે. હજારો દુષ્ટ પાપીજનોના સ્નાનથી તેમનાં પાપો તમારામાં આવશે પરંતુ તે મૂળ પ્રકૃતિ ભુવનેશ્વરીના ભક્તોના

સ્પર્શ માત્રથી જ નાશ પામશે. હજારો પાપી પ્રાણીઓનાં મડદાંનો સ્પર્શ થવાથી તમારામાં જે પાપ લાગુ પડશે તે ભુવનેશ્વરીના મંત્રનુ અનુષ્ઠાન કરનારો પુણ્યાત્મા ભક્ત પુરુષ પણ તમારામાં સ્નાન કરવા આવશે એના સ્નાનથી તમારામાં રહેલા તે સઘળાં પાપો નાશ પામશે.

પવિત્ર ભરતખંડમાં તમારો નિવાસ થશે. અને એ પાપમોચન સ્થાન પર સરસ્વતી વગેરે સઘળી નદીઓ તમને સાથ આપશે. જ્યાં નિત્ય તમારા ગુણોનું કીર્તન થશે તે સ્થાન તરત જ તીર્થરૂપ થશે. તમારા રજકણના સ્પર્શમાત્રથી પણ પાપી પવિત્ર થાય છે અને એ રજકણોની સંખ્યા જેટલાં વર્ષો સુધી તે દેવીલોકમાં વસવાને અધિકારી મનાય છે.

દેવી! જે ભક્તિથી તેમ જ જ્ઞાનવાન થઇ મારું સ્મરણ કરતો કરતો મૃત્યુ પામે છે તે સીધો જ મારા પાર્ષદરૂપે દીર્ઘકાળ સુધી વસે છે. અને અત્યંત પ્રાકૃતિક પ્રલય જુએ છે. મૃત વ્યક્તિનું શબ તમારામાં આવવાથી એનાં હાડકાં જ્યાં સુધી જળમાં રહે છે ત્યાં સુધી તે વૈકુંઠમાં વસે છે.

જે કોઇ મૂર્ખ વ્યક્તિ પણ તમારા જળનો સ્પર્શ કરી પ્રાણ ત્યાગે છે તે મારી કૃપાથી સાલોકય પદનો અધિકારી થાય છે. અથવા કોઈ પણ સ્થળે મૃત્યુ પામતો મનુષ્ય તમારા નામને સ્મરે તો તેને હું સાલોકય પદ આપું છું. અને તે બ્રહ્માના આયુષ્ય પર્યંત ત્યાં રહે છે કોઇ તીર્થ કે અતીર્થમાં મરનાર તમારૂં સ્મરણ કરે તો તેના પ્રભાવથી ત્રૈલોકયને પવિત્ર કરવા સારૂપ્ય પદનો અધિકારી બને છે. જેના બંધુઓ મારા ભક્ત હોય છે તે પશુ જેવો હોવા છતાં રત્નમય વિમાન પર બેસી ગોલોકમાં જાય છે.'

મુનિવર! એ રીતે ગંગાને કહીને શ્રીહરિએ ભગીરથને કહ્યું, 'રાજન! હમણાં તું આ ગંગાની સ્તુતિ તથા ભકિતભાવથી પૂજા કર.' ત્યારે ભગીરથ ગંગાનાં સ્તવન–પૂજનમાં સંલગ્ન થઇ ગયો. કૌથુમિ શાખામાં કહેલાં ધ્યાન ને સ્તોત્રથી એણે ગંગાની પૂજા કરી તે પછી ભગીરથ અને ગંગાએ પરમ પ્રભુ પરમાત્મા શ્રીકૃષ્ણને વારંવાર પ્રણામ કર્યા. એ પછી પોતાના ઇષ્ટ સ્થાન તરફ ચાલવા માંડયું ને ભગવાન ત્યાં અંતર્ધાન થઇ ગયા.

શ્રી નારાયણ બોલ્યા: વેદજ્ઞ ભગવાન! નિત્યકર્મથી પરવારી ભગીરથે સ્નાન કરી બે સ્વચ્છ વસ્ત્ર પહેરી, ઇંદ્રિયોને વશ રાખી ગણેશ, સૂર્ય, અગ્નિ, વિષ્ણુ, શિવ ને ભગવતી શિવા એ છ દેવતાઓનું પૂજન કર્યું. એમ કરવાથી ગંગાપૂજન માટે તે અધિકારી થયા.

હે નારદ! રોગને દૂર કરવા માટે સૂર્યની, પવિત્રતા માટે અગ્નિની, લક્ષ્મી માટે વિષ્ણુની, વિઘ્નનાશ માટે ગણેશની પૂજા કરવી, જ્ઞાન માટે જ્ઞાનેશ્વર શિવની તથા મુકિત માટે ભગવતી શિવાની પૂજા કરવી જરૂરી છે. આ દેવતાઓના પૂજન પછી જ અન્ય કોઇ પણ પૂજનમાં સફ-

ળતા મળે છે. મુને ! આ રીતે ભગીરથે ગંગાનું ધ્યાન કર્યું હતું. ૭૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'સર્વશ્રેષ્ઠ ગંગાનું આખ્યાન' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### પરમપાવની ગંગાનાં ધ્યાન-સ્તવન

શ્રી નારાયણ ઉવાચ

ધ્યાનં ચ કણ્વશાખોક્તં-
સર્વં પાપપ્રણાશનમ્ ।
શ્વેતપંકજવર્ણાભાં ગંગા-
પાપપ્રણાશિનીમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! સર્વ પાપોને ટાળનારું ગંગાનું ધ્યાન કણ્વશાખામાં કહેલું છે કે : શ્વેત કમળ જેવા ધોળાં, સમસ્ત પાપ સમૂહનો નાશ કરનારાં, ભગવાન શ્રીકૃષ્ણના અંગથી પ્રકટેલાં, અગ્નિશુદ્ધ વસ્ત્રથી શોભતા, વિવિધ રત્નજડિત આભૂષણોથી શોભતાં, શરદ પૂનમના સેંકડો ચંદ્ર જેવી પ્રતિભાવાળાં, મંદ હસતાં શાંત-સ્વરૂપા, માલતીની પુષ્પમાલા ધારણ કરેલાં, અર્ધચંદ્રાકારે ચર્ચિત ચંદનવાળાં અને એના ઉપર સિંદૂરની બિંદીવાળાં, પાકેલાં બિંબફળ જેવાં બન્ને હોઠવાળાં, મનોહર નેત્રથી શોભતાં મુખવાળાં, શ્રીફળ જેવાં સ્તનપ્રદેશવાળાં, બન્ને ચરણોમાં રત્નમય પાદુકા પહેરેલાં, ઇંદ્રના મુકુટમાં રહેલાં મંદાર પુષ્પોના રજકણોથી લાલ ચરણોવાળાં, દેવો, સિદ્ધો તથા મુમુક્ષુઓને મુક્તિ આપવામાં અને કામીજનોની કામના પૂર્ણ કરવામાં કુશળ, સર્વનાં પૂજ્ય, વર આપવામાં પ્રવીણ, ભક્તો પર કૃપા કરવામાં કુશળ, ભગવાન વિષ્ણુના પદને આપનારાં તથા વિષ્ણુપદી નામથી પ્રસિદ્ધ એ પરમ સાધ્વી ગંગાદેવીની હું ઉપાસના કરું છું.

બ્રહ્મન્ ! એક ધ્યાનથી ત્રણ માર્ગથી વિચરનારાં કલ્યાણી ગંગાનું હૃદયમાં સ્મરણ કરવું. તે પછી ષોડશોપચાર-આસન, પાદ્ય, અર્ઘ્ય, સ્નાન, વિલેપન, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ શીતળ, જળ, વસ્ત્ર, આભૂષણ, માળા, ચંદન, આચમન અને સુંદર શય્યાથી પૂજન કરવું, પછી તેમની સ્તુતિ કરવી. એ રીતે ગંગાજીની ઉપાસના કરનાર ભાગ્યશાળી પુરુષને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

નારદે કહ્યું : દેવેશ ! લક્ષ્મીકાંત ! હવે હું ભગવાન વિષ્ણુનાં ચિરસંગિની ભગવતી ગંગાના પાપહારી તેમજ પુણ્યકારક સ્તોત્રને સાંભળવા ઇચ્છું છું.

ભગવાન નારાયણે કહ્યું: નારદ ! તે પાપધ્વંશક પુણ્યદાયી સ્તોત્ર કહું છું. ભગવાન શંકરનું સંગીત સાંભળી પરમ મુગ્ધ બનેલા શ્રીકૃષ્ણના શરીરમાંથી પ્રકટેલા તથા શ્રીરાધાના અંગદ્રવથી સંપન્ન ભગવતી ગંગાને હું પ્રણામ કરું છું. હું સૃષ્ટિના આરંભ સમયે ગોલોકના રાસમંડલમાં પ્રકટેલાં, શંકરની સમીપ બિરાજતાં ગંગાને નમસ્કાર કરું છું. કાર્તિકી પૂનમે રાધામહોત્સવ વેળા અનેક ગોપ અને ગોપીઓના સમાજમાં શોભતાં ગંગાને હું પ્રણામ કરું છું. કરોડો યોજન વિસ્તૃત અને લાખ યોજન પહોળા

તથા ગોલોકને ઢાંકનારાં ભગવતી ગંગાને પ્રણામ કરું છું. સાઠલાખ યોજન પહોળાં અને એનાથી ચારગણાં યોજન વિસ્તારમાં વૈકુંઠમાં વિરાજતાં ભગવતી ગંગાને નમસ્કાર કરું છું. ત્રીસ લાખ યોજન પહોળાં અને એનાથી ચારગણી લંબાઇમાં શિવલોકને શોભાવતાં ગંગાને પ્રણમું છું. બે લાખ યોજન લાંબા અને સાતગણાં પહોળાં થઇ ધ્રુવલોકમાં વિરાજનારા ગંગાને નમસ્કાર કરું છું.

ચન્દ્રલોકમાં લાખ યોજન વિસ્તારથી અને પાંચગણી લંબાઇથી રહેનારાં ગંગાને નમસ્કાર કરું છું. સાઠ હજાર યોજન વિસ્તારવાળા અને તેનાથી દસગણા લાંબા સુર્યલોકમાં વિંટળાયેલા ગંગાને પ્રણમું છું. લાખ યોજન લાંબા તથા તેનાથી પણ પાંચગણા પહોળા વિસ્તારથી તપોલોકમાં રહેનારા ગંગાને પ્રણામ કરું છું. એક હજાર યોજન વિસ્તૃત તથા દસગણાં લાંબી થઇ જનલોકમાં રહેનારાં ગંગાને પ્રણમું છું. દસલાખ યોજન લાંબાં ને એનાથાં પાંચ–ગણા વિસ્તારથી મહર્લોકમાં રહેનારાં ભગવતી ગંગાને હું પ્રણામ કરું છું.

કૈલાસમાં એક એક હજાર યોજન વિસ્તૃત તથા સો યોજન લંબાઇએ રહેલાં ગંગાને હું પ્રણામ કરૂં છું. સો યોજન લાંબા અને દસ યોજન પહોળાં થઇ મંદાકની નામથી ચન્દ્રલોકમાં શોભતાં ભગવતી ગંગાને હું વારંવાર પ્રણામ કરું છું. દસ યોજન વિસ્તારવાળાં તથા દસગણાં પહોળાં થઇ પાતાળલોકમાં 'ભોગવતી' નામથી પ્રસિધ્ધ ભગવતી ગંગાને હું પ્રણામ કરૂં છું. એક કોસ વિસ્તૃત તથા કયાંય એનાથી પણ ઓછાં 'અલકનંદા' નામથી પૃથ્વી પર વિરાજતાં ગંગાને પ્રણામ કરું છું.

સત્યયુગમાં દૂધ જેવાં, ત્રેતાયુગમાં ચન્દ્રમા જેવાં, દ્વાપરમાં ચંદન સમાન તથા કલિયુગમાં જળ જેવાં થઇ પૃથ્વી પર જે તે સ્થળે વિચરનારાં તેમ જ સ્વર્ગમાં નિરંતર દૂધ સમાન આભાવાળાં ગંગાને હું પ્રણામ કરૂં છું. તમારા જળકણને સ્પર્શ થતાં જ પાપીઓના હૃદયમાં જ્ઞાન પ્રકટી અનેક જન્મોનાં કરેલાં પાપોને ભસ્મ કરી દેનારા ગંગાને હું પ્રણામ કરૂં છું.

બ્રહ્મન્ ! એ રીતે એકવીસ શ્લોકોમાં ગંગાની સ્તુતિ કહી છે. આ ઉત્તમ સ્તોત્રનો પાઠ કરવાથી મનુષ્યના સર્વ પાપ નાશ પામે છે. જે ભાવિક, સજ્જન મનુષ્ય હંમેશાં ભકિતથી પુણ્યનાં ઉદ્‌ગમસ્થાનરૂપ ગંગાનું પૂજનપૂર્વક આ સ્તોત્ર ભણે છે તે નિ:સંદેહ અશ્વમેધયજ્ઞનો અધિકારી થાય છે.

આ ઉત્તમ સ્તોત્રના પ્રભાવથી વાંઝિયાને સંતાનપ્રપ્તિ થાય છે, જેને પત્ની નથી તે સુંદર સ્ત્રીને પામે છે, રોગી વ્યાધિથી મુકત થાય છે તથા ગમે તે બંધનમાં પડેલ મનુષ્યનાં સઘળાં બંધન કપાઇ જાય છે. વળી આ સ્તોત્રનો પાઠ કરનારનો જગતમાં ઉત્તમ યશ ફેલાય

છે તથા મૂઢમતિના હૃદયમાં વિચારવા માટેની શ્રેષ્ઠ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જે મનુષ્ય પ્રાતઃકાળે ઊઠીને નિત્ય આ ગંગા સ્તોત્રનો પાઠ કરે છે તેને ક્યારેય ખરાબ સ્વપ્ન આવતાં નથી ને ગંગા-સ્નાનના ફળનો અધિકારી થાય છે.

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! ભગીરથ રાજાએ આ ઉત્તમ સ્તોત્રથી ગંગાજીની સ્તુતિ કરી હતી, પછી તે ગંગાજીને સાથે લઇ, જ્યાં સગરના ૬૦ હજાર પુત્રો બળીને ભસ્મ થઇ ગયા હતા ત્યાં ગયો. ત્યાં ગંગાજીનો સ્પર્શ કરી વહેતા વાયુનો સ્પર્શ થતાં જ તે ૬૦ હજાર રાજકુમારો તરતજ વૈકુંઠમાં ચાલ્યા ગયા. ભગીરથના મહાપ્રયત્નથી ગંગા પૃથ્વી પર આવેલાં છે એથી તે 'ભાગીરથી' કહેવાય છે. આ રીતે મેં તમને ગંગાજીનું સઘળું આખ્યાન વિસ્તારથી કહ્યું, હવે તમે બીજું શું સાંભળવા ઇચ્છો છો ?

નારદે પૂછ્યું : 'ભગવન્ ! ભુમંડળને પવિત્ર કરનારાં એ પાવનકારી ગંગા કેવી રીતે પ્રકટયાં ? પૃથ્વી પર એમનો ક્યાં અને કેવી રીતે આવિર્ભાવ થયો એ સર્વ વૃત્તાંત આપ કૃપા કરીને કહો.

શ્રી નારાયણ બોલ્યા : મુને ! એક વેળા કાર્તિકી પૂનમને દિવસે અત્યંત ઉત્સાહથી રાધા-મહોત્સવ ઊજવાતો હતો તે વખતે પ્રભુ શ્રીકૃષ્ણ રાધાજીની પૂજા કરી રાસમંડળમાં બિરાજ્યા હતા. ત્યારે ત્યાં આવેલા બ્રહ્મા વગેરે દેવો તથા શૌનક વગેરે ઋષિઓએ રાધાજીની પૂજા કરી અને ત્યાં બેઠા, એવામાં પ્રભુ શ્રીકૃષ્ણને સંગીત સંભળાવનારાં દેવી સરસ્વતી સફેદ વસ્ત્રો પહેરી, હાથમાં વીણા લઈ મધુર કંઠે ગીત ગાવા લાગ્યાં.

તેમના ગાનથી પ્રસન્ન થઇ બ્રહ્માએ પ્રસન્ન થઇ સરસ્વતીને એક રત્નમય-હાર ભેટ આપ્યો. તે બાદ સદાશિવે અખિલ બ્રહ્માંડમાં જેવા ન મળે એવો એક શ્રેષ્ઠ મણિ આપ્યો. પ્રભુ શ્રીકૃષ્ણે પોતાની પાસેનો કૌસ્તુભમણિ ભેટ ધર્યો. રાધાજીએ હર્ષપૂર્વક અમૂલ્ય રત્નોનો બનાવેલો હાર આપ્યો, નારાયણે સુંદર પુષ્પમાળા અર્પણ કરી, લક્ષ્મીજીએ રત્નોથી જડેલાં બે કુંડળ સરસ્વતીજીને ભેટ આપ્યાં. ત્યાર પછી વિષ્ણુમાયા ઇશ્વરી, દુર્ગા, નારાયણી અને ઇશા નામથી વિખ્યાત થયેલા મા ભગવતી મૂલ પ્રકૃતિએ સરસ્વતીના અંતઃકરણમાં પરમ દુર્લભ પરમાત્માશક્તિ પ્રકટ કરી. ધર્મે સરસ્વતીમાં ધાર્મિક બુદ્ધિ ઉત્પન્ન કરી, કપટથી ભરેલા જગતમાં એની કીર્તિ ફેલાવી. અગ્નિદેવે શુદ્ધ કરેલા ઉત્તમ વસ્ત્ર આપ્યાં ને અંતમાં વાયુએ મણિમય નૂપુર આપ્યાં.

સર્વ દેવો ઉલ્લાસથી ત્યાં બિરાજ્યા હતા એવામાં બ્રહ્માથી પ્રેરાયેલા ભગવાન શંકર એકાએક શ્રીકૃષ્ણ સંબંધી તેમની શક્તિનો મહિમા વર્ણવતા પદો વારંવાર ગાવા લાગ્યા. એ સાંભળી સર્વ દેવો પૂતળા જેવા સ્તબ્ધ થઇ ગયા. ઘણી જ મુશ્કેલીએ તેઓ ભાનમાં આવ્યા. તે

વેળા સમસ્ત રાસમંડળમાં બધું જ સ્થળ જળથી ભરાઇ ગયું હતું. રાધા અને શ્રીકૃષ્ણ ક્યાંય દેખાતા નહોતા, પછી ગોપી, દેવ અને બ્રાહ્મણ બધા જ ઘણા મોટા અવાજે વિલાપ કરવા લાગ્યા. તે વેળાએ બ્રહ્માએ ધ્યાન દ્વારા પ્રભુ શ્રીકૃષ્ણનો વિચાર જાણ્યો કે શ્રીકૃષ્ણ જ રાધા સાથે જળમય થઇ ગયા છે. ત્યારે તે સઘળા દેવો પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા.

'વિભો! આપની શ્રીમૂર્તિના અમને પુનઃ દર્શન કરાવો.' તે જ વેળા મધુર શબ્દોમાં આકાશવાણી થઇ : સર્વાત્મા શ્રીકૃષ્ણ મેં અને મારી શક્તિ રાધાએ ભક્તો પર અનુગ્રહ કરવાની ઇચ્છાથી આ જળમય વિગ્રહ ધારણ કરેલ છે.

સુરેશ્વરો, તમારે મારા તથા રાધાના શરીરનું શું પ્રયોજન છે? મનુ, મુનિ માનવ તથા અગણિત વૈષ્ણવો મારા મંત્રોથી પવિત્ર થઇ જવા માટે મારા ધામમાં આવશે. એવો જ પ્રયત્ન તમે પણ કરો. શંભુ ત્યાં રહી મારી આજ્ઞા પાળે, વિધાતા તમે શંકરને કહો કે તેઓ તંત્ર-શાસ્ત્ર રચે ને એમાં અભીષ્ટ ફળ આપનારા ઘણા મંત્રો હોય, સ્તોત્ર, ધ્યાન, પૂજાવિધિ, મંત્ર અને કવચ એ સઘળાં આ તંત્રશાસ્ત્રમા હોય, મારા સાચા ઉપાસકોને જ મંત્ર આપવો, મારાથી વિમુખ પાપીઓથી તે ગુપ્ત જ રાખવો. મારા મંત્રના પ્રભાવથી પુણ્યાત્મા બની મનુષ્ય મારા ધામમાં જશે. એ મારૂં તંત્રશાસ્ત્ર બનાવવામાં આવશે જ નહિ તો કોઇ પણ ગોલોકમાં રહી શકશે નહિ.

સારૂં થે બ્રહ્માંડ વ્યર્થ જાય એ ઠીક નહિ, માટે તમે પ્રત્યેક સૃષ્ટિમાં પાંચ પ્રકારના મનુષ્યો રચો. જેથી કેટલાક પુરૂષ પૃથ્વી પર રહેશે ને ઘણાને સ્વર્ગ પણ મળશે. જો ભગવાન શંકર દેવ–સભામાં આમ કરવાની પ્રતિજ્ઞા કરે તો તેમને તરત જ મારા દર્શન થશે.

આકાશવાણી દ્વારા આમ કહીને ભગવાન બોલતા બંધ થયા. એમની વાણી સાંભળી જગતના વ્યવસ્થાપક બ્રહ્માએ ભગવાન શંકરને કહ્યું. અધિષ્ઠાતા શંકર ભગવાને બ્રહ્માની વાત સાંભળી હાથમાં ગંગાજળ લઇને તુરત જ મારી આજ્ઞા પાળવા માટે પ્રતિજ્ઞા કરી. પછી તો તે ભગવતી જગદંબાના મંત્રોવાળું ઉત્તમ તંત્રશાસ્ત્ર રચવા લાગ્યા. 'પ્રતિજ્ઞા પાલન માટે હું વેદના સારભુત મહાન તંત્રશાસ્ત્ર રચીશ' એ વિચાર ગુંજવા લાગ્યો. તેમણે પોતાનો વિચાર પ્રગટ કરતાં કહ્યું કે જે કોઇ મનુષ્ય હાથમાં ગંગાજળ લઇ પ્રતિજ્ઞા કરશે અને પછી તેને પાળશે નહિ તો તે 'કાલસૂત્ર' નામક નરકમાં બ્રહ્માના આયુષ્ય સુધી રહેશે.

બ્રહ્મન્! ગોલોકમાં મળેલી દેવસભામાં ભગવાન શંકર આમ બોલ્યા કે તરત જ પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ ભગવતી રાધા સહિત ત્યાં પ્રકટ થયા. શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન થવાથી દેવો પ્રસન્ન થઇ તેમની સ્તુતિ કરવા લાગ્યા.

તે પછી દેવોએ આનંદથી ઉત્સવ ઊજવ્યો ત્યાર બાદ સમયાનુસાર ભગવાન શંકરે મુક્તિદીપ સાત્ત્વિક તંત્રશાસ્ત્ર રચ્યું.

નારદ ! આ રીતે મેં તમને અત્યંત ગોપનીય પ્રસંગ સંભળાવ્યો, જે સર્વને માટે સાંભળવો ઘણો દુર્લભ છે. તે જ પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણ જળરૂપે ગંગા થયા હતા. ગોલોકમાંથી પ્રકટનારાં ગંગાનું આ રહસ્ય છે. આમ તો ભગવાન શ્રી રાધાકૃષ્ણ જ ગંગાના રૂપમાં પ્રકટયાં છે.

શ્રી રાધા અને શ્રીકૃષ્ણના અંગથી પ્રકટેલાં આ ગંગા ભક્તિ અને મુક્તિ આપે છે. પરમાત્મા શ્રીકૃષ્ણની વ્યવસ્થા પ્રમાણે સ્થળે સ્થળે કહેવાનો અવસર એમને મળ્યો છે. શ્રીકૃષ્ણસ્વરૂપા ગંગા દેવીને સારાયે બ્રહ્માંડના લોકો પૂજે છે. ૭૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'પરમ પાવની ગંગા ધ્યાન–સ્તવન' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### વિષ્ણુના શરણમાં ગંગાનું જવું

નારદ ઉવાચ

શ્લોઃ પંચસહસ્રાબ્દે સમતીતે સુરેશ્વર ।
કવ ગતા સા મહાભાગ–
તન્મે વ્યાખ્યાતુમર્હસિ ॥

નારદે પૂછયું : સુરેશ્વર ! કલિયુગનાં પાંચ હજાર વર્ષ વીતી ગયાં બાદ તે ગંગા કયાં ગયાં તે સઘળું મને કહો.

ભગવાન નારાયણે કહ્યું, 'સરસ્વતીના શાપથી ગંગા ભરતખંડમાં આવ્યાં છે અને શાપનો અવધિ પૂરો થતાં તે પાછાં ભગવાન શ્રીવિષ્ણુની આજ્ઞાથી વૈકુંઠમાં જશે. એ પ્રમાણે સરસ્વતી તથા લક્ષ્મી પણ કાળ પુરો થતાં વૈકુંઠમાં શ્રીહરિની પાસે આવશે નારદ ! આ ત્રણેય દેવીઓ ગંગા, સરસ્વતી અને લક્ષ્મી ભગવાન શ્રીહરિની પ્રિય પત્નીઓ છે અને તુલસી સાથે ગણતાં તેમની ચાર સ્ત્રીઓ કહેવાય છે.

નારદે પૂછયું : ભગવન્ ! મને એ જણાવો કે, ભગવાન શ્રીહરિનાં ચરણ-કમલોમાંથી નીકળેલાં ગંગા પરબ્રહ્મના કમંડલમાં શી રીતે રહ્યાં તથા શંકરના પ્રિયા શાથી થયાં ? ગંગા તો શ્રીનારાયણનાં જ પ્રિયા છે. આ બધું રહસ્ય મને તમે કહો.

શ્રી નારાયણ બોલ્યા : હે મુને ! અગાઉના સમયમાં લોકોમાં જલમયી ગંગા રહ્યાં હતાં. રાધા અને શ્રીકૃષ્ણના અંગથી પ્રકટેલાં ગંગા એમનો અંશ તથા સાક્ષાત્ તેમનું સ્વરૂપ જ છે. એ જલમયી ગંગાની અધિષ્ઠાત્રી દેવી સુંદર રૂપ ધારણ કરી પૃથ્વી ઉપર પધાર્યાં. વિવિધ રત્નજડિત અલંકારોથી શોભતાં, સુંદર શરીરવાળાં, ખીલેલાં કમળ જેવા મુખવાળાં, તપાવેલા સુવર્ણ જેવા કાંતિમાન. સુંદર કેશોવાળાં માલતીપુષ્પોનો હાર પહેરેલાં, લલાટમાં અર્ધ ચંદ્રાકાર તિલક અને તેના ઉપર સિંદુરની બિંદીથી શોભતાં, પૂર્ણ વિકસિત પુષ્પ જેવા અધરોષ્ઠવાળાં, દાડમની કળી જેવા દાંતવાળાં, અગ્નિ શુદ્ધ વસ્ત્રો ધારણ કરેલાં એ ગંગા સંકોચ પામી, શરમાતાં ભગવાન શ્રીકૃષ્ણની પાસે બિરાજ્યાં અને

એકીટસે ભગવાનના મુખરૂપી અમૃતનું પાન કરવા લાગ્યાં.

એટલામાં ત્યાં ભગવતી રાધા અસંખ્ય ગોપીઓ સાથે પધાર્યાં. કરોડો ચંદ્રની કાંતિવાળાં, ક્રોધથી લાલ કમળ જેવાં નેત્રોવાળાં, મદોન્મત્ત હસ્તિની જેવી ચાલવાળાં, અમુલ્ય રત્નોથી જડાયેલાં આભુષણોથી શોભતાં, રત્નજડિત્ર સોનાવર્ણું પીતાંબર ધારણ કરેલાં રાધા રત્નથી મઢેલા વિમાનમાંથી ઊતરી શ્રીકૃષ્ણની પાસે આવી સખીઓના સમુહ સાથે રત્નજડિત્ર સિંહાસન આગળ આવી ઊભા રહ્યાં રાધાજીને આવેલાં જોઇ ભગવાન શ્રીકૃષ્ણ ઊભા થઇ મંદ હાસ્ય સાથે આશ્ચર્ય પ્રકટ કરતા તેમની સાથે મધુર વચનોમાં વાર્તાલાપ કરવા લાગ્યા.

એ વેળા રાધાજીના ક્રોધથી ગોપો પણ ભયભીત થઇ રાધાને મસ્તક ઝુકાવી તેમની સ્તુતિ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણે તેમજ ભયથી ગભરાયેલી ગંગાએ પણ રાધાજીની સ્તુતિ કરી. આવેલાં રાધાજી વિનયથી ક્ષેમકુશળ પૂછી સિંહાસન નીચે ઊભાં હતાં પછી શ્રીકૃષ્ણે પોતાના હૃદયમળમાં રહેલાં તેમને શાંત પાડી અભય આપ્યું. જેથી તેઓ સ્વસ્થ ચિત્તવાળાં થઇ સિંહાસન ઉપર બેઠાં. પછી ઊંચા સિંહાસન પર બેઠેલા તેજસ્વી રાધાને ગંગાને જોયાં તો તે વખતે રાધાજી મનોહર સ્વરૂપવાળાં, બ્રહ્મતેજથી શોભતાં, સૃષ્ટિના પ્રારંભમાં અસંખ્ય બ્રહ્માઓને રચનારાં, બાર વર્ષની અવસ્થાવાળાં, અપ્રતિમ રૂપ તથા ગુણવાળાં, પરમશાંત, શુભા, સુભદ્રા અને સુભગા નામથી કહેવાતાં, સઘળી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ, શ્રીકૃષ્ણનાં અર્ધાંગિની, પરમાત્મા શ્રીકૃષ્ણની સભાને પોતાની તેજસ્વી કાંતિથી ઢાંકી દેતાં, શ્રીકૃષ્ણના પ્રાણોનાં સાક્ષાત્ અધિષ્ઠાત્રી, રાસેશ્વરી તે રાધાને ઘણીવાર જોવા છતાં ગંગા તૃપ્તિ પામ્યાં નહીં. તે તો એકીટસે જ રાધા પ્રત્યે જોઇ જ રહ્યાં, ગંગાને આશ્ચર્યમુગ્ધ થયેલાં જોઇ મંદ મંદ હસતાં રાધા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાં : 'પ્રાણેશ ! આપના અને મારા મુખકમળને વારંવાર અને એકીટસે જોતી આ કલ્યાણી કોણ છે ? એનાં તીરછાં નયનો આપના પર કટાક્ષ ફેંકી આપને મોહ પમાડવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. એમની અંદર મિલનેચ્છાનો ભાવ સ્પષ્ટ વર્તાય છે. આપના મનોહર રૂપથી તે ભાન ભુલીને વસ્ત્રથી વારંવાર પોતાનું મુખ ઢાંકતી તે આપને જોયા કરે છે, તેવી જ રીતે આપ પણ તેના તરફ વારંવાર નજર કરતા મધુર મધુર હસી રહ્યા છો. સ્ત્રી કોમળ સ્વભાવની હોવાથી પ્રેમવશ હું કંઇ બોલું તો મને ક્ષમા કરજો. અગાઉ પણ કોઇ વિરજા નામની ગોપી સાથે મેં તમને વાર્તાલાપ કરતા જોયા હતા ત્યારે સખીઓના કહેવાથી મેં રોષને દબાવી દઇ તમને ક્ષમા આપી હતી. તે વખતે માત્ર મારો અવાજ સાંભળતાં જ તમે અંતર્ધાન થયાં હતાં અને વિરજા ખૂબ જ મોટી નદીરૂપે થઇ હતી. એક કરોડ યોજન વિસ્તારવાળી અને તેનાથી ચારગણી લાંબી વિરજા નદી થઇ, આજે પણ તમારી કીર્તિરૂપે તે

દૃશ્યમાન છે. તમારી પાસેથી મારા ગયા પછી પણ તમે તેની પાસે જઇ 'વિરજા વિરજા' એમ પોકારી રડયા હતા.

અને તે વખતે યોગસિદ્ધા વિરજાએ નદીમાંથી નીકળી તમને દર્શન આપ્યું હતું ત્યારે તમે તેની સાથે રતિક્રીડા કરી તેને ભોગવી હતી, જેથી તેનાથી સાત સમુદ્રોના અધિષ્ઠાતા સાત પુરુષો જન્મ્યા હતા. એવો જ બીજો પ્રસંગ છે: એક વેળા ચંપકવનમાં 'શોભા' નામની ગોપી સાથે મેં તમને વાર્તાલાપ કરતા બરાબર જોયા હતા ત્યારે પણ મારો શબ્દ સાંભળતાં તમે અંતર્ધાન થયા હતા, અને એકલી પડેલી ગોપી શોભા શરીર છોડી ચંદ્રલોકમાં જતી રહી હતી. પછી તેનું શરીર અતિશય તેજોમય બની જતાં તમે એ તેજના ટુકડા કરી તેને 'રત્ન, સુવર્ણ મણિ, સ્ત્રીઓનું મુખ, રાજા, પુષ્પોની કળીઓ, પાકેલાં ફળ, ધાન્યો, રાજાઓના મહેલ, નવીન પાત્ર અને દૂધ' વગેરેમાં વહેંચી આપ્યું હતું. ત્રીજા પ્રસંગમાં એક સમયે મેં તમને પ્રભા સાથે પ્રેમાલાપ કરતાં જોયાં હતા. તે પણ મને જોતાં જ શરીર છોડી સત્વર સૂર્યમંડળમાં ચાલી ગઇ હતી. ત્યારે તેનું શરીર અત્યંત તેજસ્વી થઇ ગયું હતું. એ તેજોમયી પ્રભાનાં વિભાગ કરી તેને તમે સ્થળે સ્થળે વહેંચી દીધું હતું. હે પ્રભો! એ પ્રભા અગ્નિ, યક્ષ, નરેશ, દેવતા, વૈષ્ણવજન, નાગ, બ્રાહ્મણ, મુનિ, તપસ્વી, સૌભાગ્યવતી સ્ત્રી તથા યશસ્વી પુરુષ ઇત્યાદિને થોડા થોડા રૂપે મળી હતી.

ચોથા પ્રસંગમાં મેં તમને શાંતિ નામની ગોપી સાથે રાસમંડળમાં પ્રેમાલાપ કરતા જોયા હતા! પ્રભો તે શાંતિ પણ પોતાના તે શરીરને ત્યજી દઇ તમારામાં લીન થઇ હતી. એ વેળા ઉત્તમ ગુણોરૂપે પ્રભાવિત થયેલા એના શરીરને તમે વિભાજિત કરી વિશ્વમાં વહેંચી દીધું. એમાંનો કંઇક અંશ મારા (રાધા)માં, કેટલોક આ નિકુંજમાં અને કેટલોક ભાગ બ્રહ્માને મળ્યો પછી તેનો કેટલોક લક્ષ્મીજીને, કંઇક તપસ્વીઓને, કંઇક ભાગ તમે સત્ત્વસ્વરૂપા ધર્મને અને કંઇક ધર્માત્મા પુરુષોને સોંપી દીધો.

પહેલાં ક્ષમા સાથે હેત કરતાં પણ મેં આપને જોયા હતા, ત્યારે ક્ષમા પણ પોતાના તે શરીરને ત્યજી પૃથ્વી પર ચાલી ગઇ હતી. તે પછી ઉત્તમ ગુણમાં પરિણમેલા તેના શરીરના વિભાગ કરી તેનો કેટલોક અંશ શ્રીવિષ્ણુને, કેટલોક વૈષ્ણવોને, કેટલોક ધાર્મિક પુરુષોને, કેટલોક ધર્મને, કેટલોક દુર્બળને, કેટલોક તપસ્વીઓને તેમ જ કેટલોક દેવો અને પંડિતોને આપી દીધો હતો. પ્રભો! આ બધી સત્ય બીના મેં તમને કહી દીધી. આપનામાં આવા તો ઘણાયે લક્ષણો છે. નિરંતર આપ સુંદરી-દેવીઓ સાથે રમણ કર્યા કરો છો.

એમ કમલાક્ષી રાધાજીએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યા પછી સાધ્વી ગંગાજીને કંઇક કહેવા ઇચ્છયું. યોગમાં પ્રવીણ ગંગાજી તુરત જ રાધાજીના મનોભાવને

સમજીજઇને સભાની મધ્યમાં જ અંતર્ધાન થઇ પાછી પોતાના જળમાં પ્રવેશી ગઇ. તે જોઇ સિદ્ધિયોગિની રાધાએ અંજલિ દ્વારા ગંગાને પી જવાનો આરંભ કર્યો, પરંતુ રાધાની આ વાત ગંગાથી ગુપ્ત ન રહેતાં ગંગા તુરત જ પ્રભુ શ્રીકૃષ્ણના ચરણ કમળમાં લીન થઇ ગઇ. રાધા વિચારમાં પડી કે ગંગા એકાએક કયાં જતી રહી? એટલે રાધાજીએ ગોલોક, વૈકુંઠલોક તથા બ્રહ્મલોક વગેરે સઘળાં સ્થળો ગંગાજીને શોધવા જોઇ નાખ્યા, પરંતુ કયાંય તે દેખાઇ નહીં. ગંગાના જવાથી સર્વત્ર જળનો અભાવ થઇ ગયો હતો. કાદવ પણ સુકાઇ ગયો હતો. પાણી વિના મરી ગયેલા જળચર જંતુઓનાં મૃત શરીરોથી આખું બ્રહ્માંડ ઉભરાઇ ગયું હતું. પછી તો પાણીના અભાવથી બ્રહ્મા, વિષ્ણુ, શંકર, અનંત, ધર્મ, ઇન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, મનુગણ, મુનિ સમાજ, દેવો, સિધ્ધો અને તપસ્વીઓ બધા જ ગોલોક આવ્યા. બધાયના કંઠ, હોઠ અને તાળવું સુકાઇ ગયાં હતા. બધાએ આવીને પ્રકૃતિથી પર સર્વના પૂજ્ય પ્રભુ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા પછી ગોપ-ગોપીઓના સમાજમાં પ્રમુખ, નિરાકાર, નિર્વિકાર, નિરંજન તથા ભકતો પર કૃપા કરવા માટે સ્વેચ્છાથી સાકારરૂપે પ્રકટતા તેમ જ જગતના અદ્વિતીય શાસકપૂર્ણ બ્રહ્મ પરમેશ્વરનું બ્રહ્મા વગેરેએ ગદ્‌ગદ્ કંઠે સ્તવન કર્યું હતું. તે સમયે પરાત્પર બ્રહ્મ જ્યોતિર્મય પ્રભુ શ્રીકૃષ્ણ રત્નજડિત્ર સિંહાસન પર બિરાજેલા હતા. ગોપાલો એમની આસ-પાસ ઊભા રહી ચામર ઢોળી રહ્યા હતાં. સામે થઇ રહેલા ગોપીઓના નાચ-ગાનને જોતાં રાધા ભગવાનના વૃક્ષઃસ્થળ પર શોભી રહ્યા હતા. એ સમયે ભગવાન શ્રીકૃષ્ણ રાસમંડળમાં બિરાજ્યા હતા.

ત્યાં તેમના ભાવથી દર્શન કરી મુનિઓ, મનુષ્યો, સિધ્ધો ને તપસ્વીઓ તેમના તેજના પ્રભાવથી આનંદવિભોર થઇ આશ્ચર્યથી એક-બીજા તરફ જોવા લાગ્યા. થોડી વાર પછી એ બધાએ પોતાની વાત બ્રહ્માને કહી. તેમની પ્રાર્થના સાંભળી બ્રહ્મા પોતાની જમણી બાજુ વિષ્ણુને અને ડાબી બાજુ મહાદેવને સાથે રાખી તુરત જ પ્રભુ શ્રીકૃષ્ણની પાસે ગયાં ત્યારે પ્રભુ શ્રીકૃષ્ણ આનંદમૂર્તિ રાધાજી સાથે બિરાજેલા હતા. અને સમગ્ર રાસમંડળ એક સરખી વેષભૂષાવાળું એક સરખા આસન પર બેઠેલું, બે ભુજાવાળા શ્રીકૃષ્ણરૂપે, હાથમાં મુરલી ધારણ કરેલું, વનમાલાથી અને કૌસ્તુભમણિથી શોભતું, બધું ય શ્રીકૃષ્ણમય જોઇને આમાં કોણ સેવક છે અને કોણ સ્વામી છે એનો નિર્ણય કોઇ કરી શકયું નહિ.

ઘડીકમાં પ્રભુ શ્રીકૃષ્ણ તેજ સ્વરૂપે બેઠેલા જણાતા હતા તો ઘડીકમાં એમના નિરાકાર ને સાકાર રૂપો જણાતાં. વળી થોડી જ વારમાં એકલા શ્રીકૃષ્ણ દેખાતા, તો કયારેક વળી રાધા અને કૃષ્ણ બેઠેલાં

જણાતાં. ક્યારેક વળી શ્રીકૃષ્ણને રાધાસ્વરૂપે ને રાધાને શ્રીકૃષ્ણસ્વરૂપે જોતાં. વારંવાર પલટાતા સ્વરૂપો જોઇ આમાં કોણ સ્ત્રીના વેશમાં છે ને કોણ પુરૂષના વેશમાં છે તેનો બ્રહ્મા નિર્ણય કરી શકયા નહિ. પછી તેમણે પોતાના હૃદયકમળ પર રહેલા ભગવાન શ્રીકૃષ્ણનું એકાગ્રતાથી ધ્યાન કર્યું ત્યારે તેમને ભગવાનના દર્શન થયા. પછી ભગવાનની આજ્ઞાથી એમણે આંખો મીંચી પછી જોયું તો ત્યાં શ્રી રાધાજીની સાથે પ્રભુ શ્રીકૃષ્ણને આસન ઉપર બેઠેલા જોયાં. હવે તેઓ તેજસ્વી પાર્ષદોથી વીંટળાયેલા, ગોપીઓનાં વૃંદથી શોભતા હતાં. બ્રહ્મા આદિ દેવોએ તેમનાં દર્શન કરી ભકિતપૂર્વક પ્રણામ કર્યો, પછી તે લક્ષ્મીપતિ ભગવાન શ્રીકૃષ્ણે બ્રહ્માને કહ્યું: 'બ્રહ્મન્ ! આપનું કલ્યાણ થાઓ, આપ હવે મારી પાસે આવો. તમે બધા ગંગાજીને લઇ જવા માટે અહીં મારી પાસે આવ્યા છો....એની મને ખબર પડી છે. પરંતુ ગંગાજી મારા શરણે આવી મારા ચરણકમળમાં સંતાઇ ગઇ છે. કારણ કે, તે મારી પાસે બેઠી હતી ત્યારે રાધા તેને પી જવા લાગી. એટલે તે મારા ચરણોમાં સંતાઇ ગઇ છે. માટે પ્રથમ તેને નિર્ભય બનાવવાનો પ્રયત્ન કરો, પછી હર્ષપૂર્વક ગંગાજીને હું તમને આપીશ.'

હે નારદ ! પ્રભુ શ્રીકૃષ્ણનું વચન સાંભળી બ્રહ્મા આદિ દેવો પછી ભગવતી રાધાની સ્તુતિ કરવા લાગ્યા. બ્રહ્માએ પોતાનાં ચારેય મુખોથી રાધાની સ્તુતિ કરવા માંડી :

હે દેવી ! આ ગંગા આપના તથા શ્રીકૃષ્ણના અંશથી ઉત્પન્ન થયેલાં છે. જ્યારે આપ ભગવાન સાથે રાસમંડલમાં પધાર્યાં હતાં ત્યારે ભગવાન શંકરના ગાન–સંગીતથી મુગ્ધ થયેલા આપના હૃદયથી ગંગા પ્રકટયાં હતાં. એટલે ગંગા આપના મંત્રોનો અભ્યાસ કરી આપને આરાધે એથી ઉપાસનાના ફળરૂપે વૈકુંઠાધિપતિ ચતુર્ભુજ ભગવાન શ્રીહરિ એમના પતિ થશે. સાથે સાથે પોતાની એક કલાથી ભૂમંડળ પર પણ આવશે અને ત્યાં ભગવાનના અંશ લવણસમુદ્ર એમના પતિ થશે. હે માતા ! આ ગંગા જેમ ગોલોકમાં રહે છે, તેવી જ રીતે તેઓ સર્વત્ર રહેશે. આપ દેવેશ્વરી એમના પરમ પૂજ્ય માતા છો અને તેઓ સદાને માટે આપનાં આજ્ઞાંકિત પુત્રી છે.

હે નારદ ! બ્રહ્માની એ ભક્તિપૂર્વકની પ્રાર્થના સાંભળી રાધાજીએ હસીને તેનો પ્રેમથી સ્વીકાર કર્યો અને ગંગા શ્રીકૃષ્ણના ચરણના અંગુઠાના નખમાંથી નીકળી ત્યાં પ્રકટયાં એટલે સર્વથી સન્માન પામેલા જળસ્વરૂપા ગંગામાંથી એમના અધિષ્ઠાત્રી દેવી નીકળી અત્યંત શોભવા લાગ્યા. તે પછી પ્રજાપતિ બ્રહ્માએ ગંગાના એ જળને કમંડલમાં લઇ લીધું.

ભગવાન શંકરે એ જળને પોતાના મસ્તક પરની જટામાં સ્થાન આપ્યું.

ત્યાર બાદ બ્રહ્માએ ગંગાને 'રાધામંત્ર'ની દીક્ષા આપી, સાથે રાધાનું સ્તોત્ર 'કવચ' પૂજા અને ધ્યાનનો વિધિ પણ જણાવ્યો. આ બધો અનુષ્ઠાનનો ક્રમ સામવેદમાં સારી પેઠે કહ્યો છે ગંગાએ એ પ્રમાણે રાધાની પૂજા કરી, પછી વૈકુંઠમાં જવા નીકળ્યાં. એમ લક્ષ્મી, સરસ્વતી, ગંગા, તથા તુલસી–એ ચારે વૈકુંઠપતિ ભગવાન નારાયણની જ સ્ત્રીઓ કહેવાય છે.

પછી ભગવાન શ્રીકૃષ્ણે અજ્ઞાનીને જાણવું કઠિન એવું કાળનું રહસ્ય બ્રહ્માને કહેવાની શરૂઆત કરી : હે બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ્વર ! તમે બધાયે ગંગાને ભલે લઈ જાઓ, પણ તે પહેલાં કાળના રહસ્યને હું કહું છું તે સાંભળો. તમે અને આ બીજા દેવો, મુનિઓ, મનુઓ તથા યશસ્વી સિદ્ધો કાલચક્રરહિત આ ગોલોકમાં આવ્યા છો તેજ બધા અહીં જીવો છો, બાકી હમણાં તો સમગ્ર વિશ્વ જળમાં ડૂબી ગયું છે અને કલ્પોનો નાશ થયો છે. બીજા બ્રહ્માંડોમાં રહેલા જે બ્રહ્મા વગેરે હતા તે હમણાં મારામાં લય પામ્યા છે અને વૈકુંઠ વિના સઘળું વિશ્વ જળમાં ડુબી ગયું છે. માટે હે બ્રહ્મા ! તમે ફરીથી અહીંથી જઈને સૃષ્ટિ ઉત્પન્ન કરો, પોતાનું બ્રહ્માંડ રચો એટલે ગંગા આવશે. બીજાં બ્રહ્માંડોની રચના માટે હું ફરી બ્રહ્માઓ વગેરેને ઉત્પન્ન કરું છું, માટે તમે પણ દેવો સાથે અહીંથી જલદી જાઓ. તમને અહીં આવ્યે ઘણો જ કાળ વીતી ગયો છે અને એટલામાં તો કેટલાય પ્રકારના બ્રહ્માઓ થઈ ગયા છે અને થશે.' એમ કહી હે નારદ ! રાધિકાના સ્વામી શ્રીકૃષ્ણ અંતઃપુરમાં જતા રહ્યા અને દેવો પણ ત્યાંથી જઈને પુનઃ સાવધાનીથી સૃષ્ટિરચનાના કાર્યમાં જોડાઈ ગયા. પછી ગંગા પરમાત્માની આજ્ઞાથી ગોલોકમાં રહ્યાં અને પહેલાંની જેમ વૈકુંઠમાં, શિવલોકમાં, બ્રહ્મલોકમાં તથા બીજે જ્યાં જ્યાં પ્રથમ રહેલાં તે સ્થળે ગયાં. એમ ગંગા શ્રીવિષ્ણુ (શ્રીકૃષ્ણ)ના ચરણકમળમાંથી નીકળ્યાં માટે તે 'વિષ્ણુપદી' કહેવાય છે. આમ મેં તમને આદરપૂર્વક ગંગાનું આખ્યાન કહ્યું, હવે તમે બીજું શું સાંભળવા ઇચ્છો છો ? ૧૩૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'વિષ્ણુના શરણમાં ગંગાનું જવું' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### વિષ્ણુ અને ગંગાનો સંબંધ

**નારદ ઉવાચ**

**લક્ષ્મી સરસ્વતી ગંગા તુલસી વિશ્વપાવની ।**
**એતા નારાયણસ્યૈવ ચતસ્રશ્ચ પ્રિયા ઇતિ ॥**

નારદે પૂછ્યું : મેં જાણ્યું કે 'લક્ષ્મી, સરસ્વતી, ગંગા અને વિશ્વને પાવન કરનારી તુલસી' એ ચારે દેવી શ્રીનારાયણનાં જ પ્રિયા છે, વળી ગંગા વૈકુંઠમાં ગયાં એ પણ મેં જાણ્યું, પરંતુ ગંગા સ્ત્રી વિષ્ણુનાં સ્ત્રી કેવી રીતે થયાં, તે કહો.

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! ગંગા જ્યારે વૈકુંઠમાં જવા નીકળ્યાં ત્યારે બ્રહ્મા પણ એમની સાથે જ વૈકુંઠમાં ગયા, ત્યાં જઈ શ્રીહરિને પ્રણામ કરી

કહેવા લાગ્યા : ભગવન્ ! શ્રી રાધા અને શ્રીકૃષ્ણના અંગથી રસરૂપે પ્રકટેલાં આ ગંગા એક સુશીલ દેવીના રૂપમાં બિરાજમાન છે. દિવ્ય યૌવનથી સંપન્ન હોવાને લીધે એમનું શરીર ઘણું સોહામણું છે. આ શુદ્ધ તેમ જ સત્ત્વગુણરૂપ દેવીમાં ક્રોધ અને અહંકાર લેશમાત્ર પણ નથી. શ્રીકૃષ્ણના અંગથી પ્રકટેલાં ગંગા એમના સિવાય કોઇ અન્યને પતિ તરીકે ઇચ્છતાં નથી, પરંતુ પરમ તેજસ્વિની રાધા તેમની ઇચ્છા પાર પાડવા દેતા નથી. તે રોષે ભરાઇ આ ગંગાને પી જવા જ ઇચ્છતાં હતાં પરંતુ ગંગા બુદ્ધિપૂર્વક એકાએક શ્રીકૃષ્ણનાં ચરણોમાં પ્રવેશી ગયાં એથી એ બચી શક્યાં. એ વખતે જળના અભાવથી સર્વત્ર સુકાઇ ગયેલા બ્રહ્માંડને જોઇને હું ગોલોકમાં ગયો હતો, ત્યાં ભગવાને સર્વની મુશ્કેલી જાણી લઇ તુરત જ પોતાના ચરણકલમના નખના અગ્રભાગમાંથી ગંગાને બહાર કાઢ્યાં ત્યારે હે પ્રભો, મેં આ ગંગાને રાધાની પૂજાના મંત્રો યાદ કરાવ્યા. એમના જળથી સર્વ બ્રહ્માંડ ભરી દીધું તે પછી રાધા અને રાધાપતિ શ્રીકૃષ્ણના ચરણોમાં મસ્તક નમાવી ગંગાને સાથે લઇને હું અહીં આવ્યો છું. પ્રભો ! મારી પ્રાર્થના છે કે આ દેવોના ઇશ્વરી ગંગાને તમે ગાંધર્વ વિવાહથી તમારી પત્ની બનાવો. દેવેશ ! તમે મોટા દેવોમાં રસિક છો, જેથી આ સર્વ સ્ત્રીઓમાં રસિક 'ગંગા' તમારી પાસે આવી છે. સત-અસતના પૂર્ણ જ્ઞાનવાળા પંડિત પુરુષો ક્યારેય પ્રકૃતિનું અપમાન કરતા નથી. કારણ કે સઘળા પુરુષો પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થાય છે અને સર્વ સ્ત્રીઓ પણ પ્રકૃતિની જ કલાઓ છે. કેવલ આપ ભગવાન શ્રીહરિ જ એ પ્રકૃતિથી પર અને નિર્ગુણ પ્રભુ છો. શ્રીકૃષ્ણ સ્વયં બે ભુજાવાળા શ્રીકૃષ્ણ રહ્યા અને અરધા અંગથી ચારભુજાવાળા શ્રીહરિના રૂપમાં પ્રકટ્યા. એ જ રીતે શ્રીકૃષ્ણના ડાબા અંગથી પ્રકટેલાં રાધા પણ દક્ષિણ અંગથી પોતે રહ્યાં અને એમનાં ડાબા ભાગથી લક્ષ્મી પ્રકટ્યાં એટલે શ્રીકૃષ્ણ તથા નારાયણ એક જ છે એમ સમજી આ ગંગા આપને વરવા ઇચ્છે છે, કારણ આપના શ્રીઅંગથી જ આ પ્રકટ્યાં છે. પ્રકૃતિ અને પુરુષની જેમ સ્ત્રી-પુરુષ બંને એક અંગ રૂપ જ છે.'

હે મુને ! એમ કહી બ્રહ્મા, વિષ્ણુને ગંગા સોંપી તેમની પાસે બેસાડી ત્યાંથી જતા રહ્યાં. પછી સ્વયં શ્રીહરિએ ગાંધર્વ વિવાહથી ગંગાનો પુષ્પ-ચંદનથી ચર્ચિત હસ્ત સ્વીકાર્યો અને પોતે તેમના પ્રિયતમ પતિ થયા પૃથ્વી પર પધારેલા ગંગા પણ અવધિ પૂરી થતાં પોતાના સ્થાન પર પાછા આવી ગયાં હતાં. આમ ભગવાન વિષ્ણુના ચરણકમળમાંથી પ્રકટવાથી આ ગંગા 'વિષ્ણુપદી' નામથી પ્રસિદ્ધ થયાં. ગંગા પ્રત્યે સરસ્વતીના મનમાં દ્વેષભાવ હતો તે ગયો નહિ, પણ ગંગા સરસ્વતી ઉપર બિલકુલ દ્વેષ રાખતા ન હતા. છેવટે મહેણાં-ટોણાંથી

અકળાઈને વિષ્ણુપ્રિયા ગંગાએ સરસ્વતીને ભરતખંડમાં જવાનો શાપ આપ્યો હતો. હે મુને ! શ્રી નારાયણને આમ ગંગા સાથે ત્રણ પત્નીઓ છે. પાછળથી તુલસીને પણ પ્રિય પત્ની બનવાનું સૌભાગ્ય મળ્યું એથી જ તુલસી સાથે તેમની ચાર પત્નીઓ થઈ છે. ૨૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'વિષ્ણુ અને ગંગાનો સંબંધ' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૫ મો

### વૃષધ્વજ રાજાનું પરમ ચરિત્ર

નારદ ઉવાચ

**નારાયણપ્રિયા સાધ્વીકથં સાચ બભૂવ હ ।**
**તુલસી કુત્રસંભૂતાકા વાસા પૂર્વજન્મનિ ।।**

નારદે પૂછયું: તે સતી તુલસી ભગવાન નારાયણનાં પત્ની શી રીતે થયાં, એમની ઉત્પત્તિ કયાં થઈ હતી અને પૂર્વજન્મમાં તે કોણ હતાં ? એ દેવીએ કોના કુળને પવિત્ર કર્યું હતું તથા એમનાં માતા-પિતા કોણ હતાં ? કયા તપને લીધે પ્રકૃતિના અધિષ્ઠાતા શ્રીહરિ નિસ્પૃહ હોવા છતાં તેમને પતિરૂપે પ્રાપ્ત થયાં ? બીજો પ્રશ્ન એ છે કે એવાં સુયોગ્ય દેવીને વૃક્ષ કેમ થવું પડયું અને એ પરમ તપસ્વીની દેવી કયા અસુરના હાથમાં ફસાઈ ગયાં ? પ્રભો ! મારા આ સંશયને આપ દુર કરો.

ભગવાન નારાયણે કહ્યું : હે નારદ ! દક્ષસાવર્ણિ નામક એક પુણ્યાત્મા મનુ થઈ ગયા. ભગવાન વિષ્ણુના અંશમાંથી પ્રકટેલાં એ મનુ પરમપવિત્ર, યશસ્વી, કીર્તિવાળા તથા શ્રીહરિ પ્રત્યે અનન્ય શ્રદ્ધા રાખતા હતા. એમના પુત્રનું નામ પણ બ્રહ્મસાવર્ણિ–તે પણ શુદ્ધ અંતઃકરણવાળા તથા મનમાં ધાર્મિક ભાવનાવાળા હતા. અને તે શ્રીહરિ પર શ્રદ્ધા રાખતા. બ્રહ્મસાવર્ણિનો પુત્ર ધર્મસાવર્ણિ નામથી પ્રસિદ્ધ થયો. જે જિતેન્દ્રિય હોઈ તેનું મન શ્રીહરિની ઉપાસનામાં જ મગ્ન રહેતું, ધર્મસાવર્ણિથી ઇંદ્રિયનિગ્રહી તેમજ પરમ ભક્ત રુદ્રસાવર્ણિ પુત્રરૂપે પ્રકટયા. એ રુદ્રસાવર્ણિના દેવસાવર્ણિ અને દેવસાવર્ણિના ઇંદ્રસાવર્ણિ હતા. પછી ભગવાન વિષ્ણુના અત્યંત ઉપાસક એ રુદ્રસાવર્ણિથી વૃષધ્વજ થયા. જેમની શ્રદ્ધા ભગવાન શંકર ઉપર વધારે પ્રમાણમાં હતી. શંકર પોતે એને ત્યાં ઘણા કાળ સુધી રહ્યા હતા. એના ઉપર શંકરનો હેતભાવ પણ પુત્રથી અધિક હતો.

રાજા વૃષધ્વજની શ્રદ્ધા ડગી ગઈ હતી. તેને નારાયણ, લક્ષ્મી અને સરસ્વતી એમાંથી કોઈના ઉપર શ્રદ્ધા નહોતી, આથી એણે દેવપૂજન છોડી દીધું હતું. મદથી છકી ગયેલો તે ભાદરવામાં મહાલક્ષ્મી દેવીની પૂજામાં અંતરાય (વિઘ્ન) કરતો હતો. મહાસુદ પાંચમને દિવસે સર્વ દેવો સરસ્વતી દેવીની વિધિપૂર્વક મોટી પૂજા કરતા હતા ત્યારે આ રાજા શુભ કાર્યમાં ભાગ લેવા જતો ન હતો. યજ્ઞને વખોડવા અને વિષ્ણુપૂજાની નિંદા કરવી એજ એનો સ્વભાવ થઈ પડયો હતો. તે કેવલ

પરમાત્મા શિવમાં જ શ્રદ્ધા રાખતો. આવા સ્વભાવવાળા વૃષધ્વજને એક સમયે સુર્યે 'હે રાજન્ ! તારી શ્રદ્ધા નાશ પામો.' એવો શાપ આપ્યો હતો.

ભકતને કષ્ટમાં પડેલો જોઇ આશુતોષ ભગવાન શંકર હાથમાં ત્રિશૂળ લઇ શાપ આપનાર સુર્ય ઉપર તૂટી પડયા, તે વેળા સુર્ય પોતાના પિતા કશ્યપ સાથે બ્રહ્માના શરણે ગયા. તો તેમની પાછળ શંકર પણ ત્રિશૂળ ઉગામતાં બ્રહ્મલોકમાં ગયા. આમ તો બ્રહ્માને પણ શંકરનો ભય હતો એથી એમણે સુર્યને આગળ કરી વૈકુંઠ તરફ પ્રયાણ કર્યું. એ વખતે બ્રહ્મા, કશ્યપ ને સુર્ય ત્રણે ભયભીત હાલતમાં હતા. એ ત્રણે શ્રી નારાયણના શરણે ગયા. અને ત્રણેએ અલગ અલગ પ્રણામ પૂર્વક વારંવાર પ્રાર્થના કરી ને પોતાના ભયની હકીકત કહી ત્યારે શ્રી નારાયણે તેઓને અભય આપતાં કહ્યું : 'તમે નિર્ભય થાઓ. હું છું પછી તમને કોઇ ભય નથી. દુઃખ આવી પડતાં ભયભીત થયેલી કોઇ પણ વ્યક્તિ મને સ્મરે છે કે હું તરત જ તેની રક્ષા કરું છું. હું સમગ્ર જગતનો કર્તા–હર્તા છું. હું જ બ્રહ્મારૂપે સૃષ્ટિનું સૃજન કરૂં છુ. અને હું જ શંકરરૂપે સૃષ્ટિનો સંહાર કરૂં છું. હું જ શિવ (રુદ્ર) છું, તમે પણ મારું જ સ્વરૂપ છો. અને શંકર પણ મારાથી ભિન્ન નથી.

સ્વયં હું જ અનેક રૂપો લઇ સૃષ્ટિ અને પાલનની વ્યવસ્થા કરૂં છું. દેવો ! તમારું કલ્યાણ થાઓ, જાઓ હવે તમને કોઇ ભય સતાવશે નહિ. મારું વચન છે કે તમને હવે શંકરથી કોઇ પ્રકારનો ભય થશે નહિ. તેઓ તો સત્પુરુષોના સ્વામી છે, તેઓ ભકતો પર કૃપા કરનારા ભકતવત્સલ કહેવાય છે અને સદા ભકતોને આધીન રહે છે.

બ્રહ્મન્ ! સુદર્શન ચક્ર ને શંકર એ બંને મને પ્રાણોથી અધિક પ્રિય છે. બ્રહ્માંડમાં એમના સિવાય અન્ય કોઇ તેજસ્વી મને લાગતું નથી. એ શંકર ધારે તો કરોડો સુર્યને રમત માત્રમાં પ્રકટ કરી શકે છે. કરોડો બ્રહ્મા નિર્માણ કરવાનું પણ તેમને રમત જેવું છે. એ સર્વજ્ઞ ત્રિશુળધારી ભગવાન શંકરજીને માટે સૃષ્ટિનું કોઇ પણ કાર્ય અસાધ્ય નથી, તો પણ બહારનું કંઇ પણ ધ્યાન ન રાખતાં તે નિરંતર મારા જ ધ્યાનમાં મગ્ન રહે છે. સદા પોતાના પાંચે મુખોથી મારા મંત્રોનો જપ કરવો અને ભકિતપૂર્વક મારા ગુણો ગાવા એ એમનો સ્વભાવ થઇ ગયો છે.

હું પણ રાત–દિવસ એમના કલ્યાણની ભાવનામાં જ લાગ્યો રહું છું, કેમ કે જેઓ જે રીતે મને ઉપાસે છે એ રીતે જ હું પણ એની સેવામાં પતત્પર રહું છું. આ મારો નિયમ છે.'

એવામાં પરમાત્મા શંકર હાથમાં ત્રિશુળ સાથે વૃષભ પર બેસી ત્યાં આવી પહોંચતાં તરત જ વૃષભ ઉપરથી નીચે

ઊતરી તેમણે ભગવાન નારાયણને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કર્યાં. એ વેળા ભગવાન શ્રીહરિ સિંહાસન પર બિરાજ્યા હતા. રત્નજડિત્ર આભૂષણોથી એમનું શરીર શોભતું હતું. કિરીટ, કુંડલ, ચક્ર અને વનમાલાથી તેઓ બહુજ શોભતા હતા. નવીન મેઘ સમાન શ્યામ કાંતિવાળા ચાર ભુજાઓથી સોહામણા લાગતા હતાં. અને ચાર ભુજાવાળા ઊભેલા પાર્ષદો ચામર વડે તેમને વાયુ ઢોળી રહ્યા હતા.

હે નારદ! સુવાસિત ચંદનથી ચર્ચિત અંગવાળા ને પિતાંબર ધારણ કરેલાં, પ્રભુને જોઇ શંકર ભગવાનનું મસ્તક એમના ચરણોમાં ઝુકી પડયું. બ્રહ્માએ પણ પરમાત્મા શંકરને પ્રણામ કર્યા તથા અત્યંત ભયભીત થયેલો સૂર્ય તથા કશ્યપ પણ શંકરને નમસ્કાર કરવા લાગ્યા. કશ્યપે અતિશય ભક્તિ સાથે સ્તુતિ અને પ્રણામ કર્યા. તે પછી ભગવાન શિવ સર્વેશ્વર વિષ્ણુની સ્તુતિ કરી એક સુખકારક આસન પર બિરાજ્યા. પાર્ષદોએ ધોળા ચામરોથી વાયુ ઢોળી તેમની સેવા કરી. પ્રભુ વિષ્ણુએ પછી અમૃત તુલ્ય અત્યંત મનોહર તેમ જ મધુર વચનથી મહાદેવને કહ્યું : 'મહાદેવ ! અહીં એકાએક તમારૂં શા માટે પધારવું થયું ? તમારા કોપનું કારણ બતાવો.'

મહાદેવે કહ્યું : 'ભગવન્ ! રાજા વૃષધ્વજ મારો પ્રિય ભક્ત છે અને સૂર્યે શાપ આપ્યો તે મારા કોપનું કારણ છે. જ્યારે હું મારા પ્રિય પુત્ર જેવા ભક્તના શોકથી પ્રભાવિત થઇ સૂર્યને મારવા તૈયાર થયો ત્યારે તે બ્રહ્માને શરણે ગયો અને હમણાં બ્રહ્મા સાથે તે તમારે શરણે આવ્યો છે. જે વ્યક્તિ ધ્યાનથી અથવા વચનથી આપને શરણે આવે છે તેના પર વિપત્તિ પોતાનો પ્રભાવ નાખી શકતી નથી. તેઓ જરા, મૃત્યુથી રહિત બને છે. શરણાગતિનું ફળ તો પ્રત્યક્ષ જ છે પછી હું વધુ શું કહું ? આપનું સ્મરણ કરતાં જ મનુષ્ય સદાને માટે અભય તેમ જ મંગલમય બને છે. પરંતુ હવે મારા ભક્તની જીવન-ચર્યા શી રીતે ચાલશે એ કહો. કેમ કે સૂર્યના શાપથી એની બુદ્ધિ નાશ પામી છે. એનામાં વિચારવાની કે સમજવાની શક્તિ સહેજ પણ રહી નથી.

ભગવાન વિષ્ણુએ કહ્યું : શંભો ! દૈવની પ્રેરણાથી ૨૧ યુગ થઇ ગયા. જો કે વૈકુંઠમાં અડધી ઘડી જેટલો જ સમય થયો છે તો આપ પોતાના સ્થાન પર ચાલ્યા જાઓ. બહાર કોઇથી પણ ન અટકનારા કાળે આ વેળા વૃષધ્વજને પોતાનો ગ્રાસ બનાવી લીધો છે, એટલું જ નહીં એનો પુત્ર રથધ્વજ પણ હમણાં જગતમાં નથી. રથધ્વજના ધર્મધ્વજ અને કુશધ્વજ એ બંને પુત્રો છે. તેઓ સૂર્યના શાપથી શ્રીહીન જીવન વીતાવે છે. રાજ્ય પણ એમના હાથમાં રહ્યું નથી. એકમાત્ર લક્ષ્મીજીની કૃપા-

સના જ એમના જીવનનો ઉદ્દેશ બન્યો છે. માટે એમની સ્ત્રીઓના ઉદરથી ભગવતી લક્ષ્મી પોતાની એક કળાથી પ્રગટ થશે ત્યારે બંને રાજા લક્ષ્મીવાળા થશે. આપના સેવક વૃષધ્વજનું શરીર હવે રહ્યું નથી એથી આપ અહીંથી પધારી શકો છો અને દેવો! તમે પણ જવાની તૈયારી કરો.

નારદ! એ રીતે કહીને શ્રીહરિ લક્ષ્મી સાથે સભામાંથી ઊઠયા ને અંતઃપુરમાં ચાલ્યા ગયા. દેવો પણ પ્રસન્ન ચિત્તે પોતાના સ્થાન પ્રત્યે ગયા. શંકર ભગવાન પણ તે જ ક્ષણે તપ કરવાના વિચારથી ચાલી નીકળ્યા. ૫૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'વૃષધ્વજ રાજાનું પરમ ચરિત્ર' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૬ મો

### મહાલક્ષ્મીનું પ્રાકટ્ય

નારાયણ ઉવાચ :

લક્ષ્મીં તૌ ચ સમારાધ્ય-
ચોગ્રેણ તપસા મુને ।
વરમિષ્ટં ચ પ્રત્યેકં-
સંપ્રાપતુરભીપ્સિતમ્ ॥

ભગવાન નારાયણે કહ્યું : મુને! ધર્મધ્વજ ને કુશધ્વજ એ બંને રાજાએ કઠિન તપસ્યા દ્વારા ભગવતી લક્ષ્મીની ઉપાસના કરીને પોતાના એકએક મનોરથ મેળવ્યા. મહાલક્ષ્મીના વરદાનથી તેઓને રાજપદ મળ્યું હતું.

અને બંનેને ત્યાં પુત્રો થયા. તેમાં કુશધ્વજની પત્ની માલાવતીને ઘણેકાળે સમય થતાં લક્ષ્મીજીના અંશરૂપ એક કન્યા જન્મી. એ પુત્રી જન્મથી જ જ્ઞાની હતી. તે જન્મતાં જ વેદમંત્રો સ્પષ્ટરૂપે બોલતી....બોલતી સુતિકાગૃહમાંથી નીકળી આવી એથી વિદ્વાનોએ એનું 'વેદવતી' નામ જાહેર કર્યું. પછી બધા એને એજ નામથી ઓળખવા લાગ્યા.

જન્મતાં જ તે કન્યા સ્નાન કરી તપ કરવાના વિચારથી વનમાં જવા તત્પર થઇ એટલે તેને વનમાં જતી અટકાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. પણ કોઇનું તેણે સાંભળ્યું નહીં. તપસ્વીની કન્યા એક મન્વન્તર સુધી પુષ્કરક્ષેત્રમાં રહી અતિ ઉગ્ર તપશ્ચર્યા કરતી હતી. કષ્ટસાધ્ય તપ કરવા છતાં એનામાં દુર્બળતા આવી નહોતી અને શરીર હૃષ્ટપુષ્ટ થયું હતું. એ નવયૌવનવાળી જ રહી હતી. એવામાં એણે આકાશવાણી સાંભળી : 'હે સુંદરી! બીજા જન્મમાં શ્રી વિષ્ણુ સ્વયં તારા પતિ થશે. બ્રહ્મા વગેરે દેવો પણ ઘણી કઠિનાઇથી જેમની આરાધના કરી શકે છે તે પરમ પ્રભુને સ્વામી બનાવવા તું ભાગ્યશાળી થઇશ.'

એવી આકાશવાણી સાંભળીને વેદવતી કન્યાએ ત્યાંથી ગંધમાદન પર્વત પર જઇને પહેલાં કરતાં પણ કઠિન તપ લાંબા કાળ સુધી કરવા માંડયું. એક દિવસ રાવણને ત્યાં આગળ તેણે નજરે જોયો વેદવતીએ અતિથિધર્મ અનુસાર પાદ્ય, પરમ સ્વાદિષ્ટ ફળ અને શીતલ જળથી તેનો સત્કાર કર્યો. અત્યંત પાપી રાવણ ફળાહાર કરી વેદવતી પાસે આવીને પૂછવા લાગ્યો : 'હે કલ્યાણી! તું કોણ ને અને

અહીં કેમ રહે છે?' અત્યંત સૌન્દર્યવતી અને મંદ મંદ હસતી તે વેદવતીને જોઇ દુરાચારી રાજા રાવણ ભાન ભુલી કામદેવના બાણોથી સંતપ્ત થઇ ઊઠયો અને તેણે વેદવતીનો હાથ પકડી પાસે ખેંચવાનો પ્રયાસ કર્યો. રાવણની એ કુચેષ્ટા અને અધમતા જોઇ ક્રોધે ભરાયેલી સતી વેદવતીએ પોતાના તપોબળથી તેને જડ જેવો કરી નાખ્યો, તેના હાથ–પગ સ્થિર થઇ ગયા. તેનું મોઢું પણ બંધ થઇ ગયું, તે કંઇ પણ કહેવા કે કરવા સમર્થ થયો નહિ. આમ બનતાં ગભરાઇ ગયેલા રાવણે એ દેવીની માનસિક સ્તુતિ કરી.

તેથી પ્રસન્ન થયેલાં દેવીએ એ સ્તુતિના ફળને પરલોકમાં આપવા વિચાર્યું અને સાથે સાથે શાપ પણ આપ્યો કે 'હે દુરાત્મા, તું મારે લીધે તારા બાંધવો સાથે કાળનો કોળિયો બનીશ, કેમકે તેં કામભાવથી મારો સ્પર્શ કર્યો છે, હવે તું એ મારું બળ જો.' એમ કહી દેવી વેદવતીએ યોગથી પોતાના દેહનો ત્યાગ કર્યો. પછી રાવણ એના શબને ગંગામા પધરાવી દઇ પોતાના સ્થાને ચિંતા કરતો ચાલી નીકળ્યો. માર્ગમાં તે વિચારતો કે 'અહો, આ મેં કેવું અદ્ભુત દૃશ્ય જોયું, આ કન્યાએ હમણાં શું કર્યું ? એમ વિચાર કરતો રાવણ વિલાપ કરવા લાગ્યો. પછી કાળાંતરે એ વેદવતી બીજા જન્મમાં જનકની પુત્રી થયાં અને 'સીતાદેવી' નામથી પ્રસિદ્ધ થયાં, જેને લઇને રાવણ મરાયો. વેદવતીના પૂર્વજન્મના ઉગ્ર તપના પ્રભાવથી વિષ્ણુસ્વરૂપ સ્વયં ભગવાન શ્રીરામ એના પતિ થયા. સાક્ષાત્ પરિપૂર્ણતમ જગત્પતિ શ્રીહરિની આરાધના ઘણી મુશ્કેલ છે. દેવી વેદવતી ઘોર તપસ્યા દ્વારા સીતારૂપે બિરાજી ઘણા દિવસો સુધી શ્રી રામની સાથે રહ્યા હતા. એને પોતાના પૂર્વજન્મનું સ્મરણ હોવા છતાં તપના કષ્ટ પર ધ્યાન આપ્યું નહોતું. વર્તમાન સુખ આગળ એ પૂર્વ કલેશો ભુલી ગઇ હતી. શ્રીરામ પરમ ગુણવાન, સમસ્ત સુલક્ષણોવાળા, રસિક, શાંત સ્વભાવવાળા, અત્યંત કમનીય તથા સ્ત્રીઓ માટે સાક્ષાત્ કામદેવ સમાન સુંદર, સ્ત્રીઓના મનને જાણનારા તેમજ શ્રેષ્ઠતમ દેવતા હતા. અત્યંત બળવાન કાળનો મહિમા અપાર છે. દૈવની કળાને લીધે રઘુકુલભુષણ, સત્યવચની ભગવાન શ્રી રામચંદ્ર પિતા દશરથ મહારાજાના વચનને સત્ય કરવા ૧૨ વર્ષના વનવાસે ગયા હતા. તેઓ વલ્કલ ધારણ કરી સીતા અને લક્ષ્મણ સાથે વનમાં રહ્યા હતા. વનમાં તેમને ત્યાં બ્રાહ્મણરૂપે અગ્નિ મળ્યા હતા. ભગવાન રામચંદ્રને દુ:ખી જોઇ બહુ જ સંતપ્ત થયેલા અગ્નિએ શ્રીરામને કહ્યું, 'ભગવન ! મારી એક પ્રાર્થના સાંભળો. હે શ્રીરામ ! હવે જાનકીના હરણનો સમય આવી રહ્યો છે. તે તમને દુ:ખકારક થશે, માટે જગતજનની સીતાને મારી પાસે રાખો અને તેમની છાયારૂપ સીતાને તમારી પાસે રાખો. પછી પરીક્ષાનો સમય આવતાં

અસલ સીતાને હું પાછાં આપીશ. એ વખતે એમની કસોટી પણ થઇ જશે. અને આ કાર્ય માટે ખાસ મને દેવતાઓએ મોકલ્યો છે. હું બ્રાહ્મણ નહિ પણ અગ્નિ પોતે છું.

ભગવાન શ્રી રામે અગ્નિની વાત માની, પણ તે વાત લક્ષ્મણને પણ ન જણાવી. તેમણે સીતાને અગ્નિને સોંપી દીધી ત્યારે અગ્નિએ એ સીતામાંથી બીજી એક માયાવી સીતા પ્રકટ કરી, જેનાં સઘળાં અંગ અને ગુણ સાક્ષાત્ સીતા જેવાં જ હતાં. અગ્નિના પ્રભાવથી એ સીતાને લઇ શ્રીરામ આગળ વધ્યા. આ રહસ્ય લક્ષ્મણ પણ ન જાણે એ માટે કોઇને કહેવાની સીતાને મના કરી હતી. એવામાં શ્રી રામે સોનાનો મૃગ જોયો. સીતાએ એ મૃગને લઇ આવવા પ્રેરણા કરી અને અત્યંત આગ્રહ કર્યો. શ્રી રામચંદ્ર સીતાના રક્ષણ માટે ત્યાં બાઇ લક્ષ્મણને મૂકી મૃગની પાછળ દોડયા અને બાણથી તેને વીંધી નાખ્યો. મરતી વખતે એ માયામૃગે કપટથી 'હા લક્ષ્મણ' એ શબ્દ ઉચ્ચાર્યા અને અકસ્માત શ્રી રામરૂપ વિષ્ણુને જોઇ તેમનું સ્મરણ થતાં મૃગના પ્રાણ ચાલ્યા ગયા. મૃગનું શરીર ત્યજી દિવ્ય દેહ ધારણ કરી તે મારીચ રાક્ષસ રત્નમય વિમાન પર બેસી સીધો વૈકુંઠમાં ચાલ્યો ગયો. આ મારીચ પૂર્વજન્મમાં વૈકુંઠલોકના દ્વારપાલોનો સેવક બની વૈકુંઠમાં જ રહેતો હતો. પરંતુ કોઇ કારણથી તેને રાક્ષસયોનિમાં જન્મવું પડયું હતું. શ્રી રામના બાણથી મરીને તેનો ઉદ્ધાર થવાથી પુનઃ તે વૈકુંઠમાં પહોંચી ગયો.

તે પછી 'હા લક્ષ્મણ' એ દુઃખભર્યા વ્યાકુળ શબ્દોને સાંભળી સીતાએ લક્ષ્મણને શ્રી રામ પાસે જવા આજ્ઞા કરી. રાવણ પોતાની ધૂનમાં અડગ હતો. એથી લક્ષ્મણના શ્રી રામ પાસે ગયા બાદ સીતાનું રમત માત્રમાં પોતાની લીલાથી તે અપહરણ કરી લંકા તરફ ચાલી નીકળ્યો. આ તરફ લક્ષ્મણને પોતાની પાસે વનમાં આવેલા જોઇ રામની વ્યાકુળતાની સીમા ન રહી. તેમણે તરત જ આશ્રમ-પર્ણકુટી આગળ જઇ જોયું ત્યાં સીતાને નહિ જોતાં તે દુઃખી દુઃખી થઇ ગયા. પછી સીતાને શોધતા વારંવાર 'હે સીતે, હે સીતે' એમ પોકારતા આમતેમ ઘુમવા લાગ્યા. કેટલાક સમય પછી ગોદાવરી નદીના કિનારા પર સીતાની ખબર મળતાં, તે ત્યાં આગળ રહેતા અસંખ્ય વાનરોને પોતાના સહાયક બનાવી તેમણે સમુદ્ર ઉપર સેતુ પુલ બાંધ્યો, અને વાનર સેના સહિત જોતજોતામાં લંકામાં જઇ પહોંચ્યા ને ત્યાં રાવણ સાથે યુધ્ધ થયું, તેમાં રામચન્દ્રે રાવણનો તેના બંધુ—બાંધવો સાથે વધ કર્યો. તે પછી અશોકવાટિકામાં રહેલા સીતા તેમની પાસે આવતાં સીતાની અગ્નિ-પરીક્ષા થઇ. અગ્નિએ એજ વખતે પોતાની પાસે રાખેલા મૂળ સીતાને શ્રી રામની આગળ હાજર કર્યાં. ત્યારે

છાયારૂપે રહેલી આબેહુબ સીતા એ અગ્નિ અને શ્રીરામને કહ્યું, 'મારે ક્યાં જવું અને શું કરવું, તે કહો.'

શ્રી રામ ને અગ્નિ સાથે બોલ્યા : દેવી ! તમે હવે અહીંથી તપશ્ચર્યા કરવા માટે પુણ્યદાયી પુષ્કર ક્ષેત્રમાં ચાલ્યાં જાઓ. અને ત્યાં રહી તમે ઉગ્ર તપશ્ચર્યા કરશો એટલે તમને વૈકુંઠના લક્ષ્મી બનવાનો અવસર મળશે.

શ્રી રામ અને અગ્નિનાં વચન સાંભળી છાયા સીતાએ તેઓને પ્રણામ કરી તુરત જ ત્યાંથી પુષ્કરક્ષેત્રમાં જઇ તપ આરંભ્યું. ઘણા લાંબા કાળની તપશ્ચર્યા પછી તેમને વૈકુંઠના લક્ષ્મી થવાનું સૌભાગ્ય મળ્યું. સમય આવતાં એ જ છાયારૂપી સીતા દ્રુપદના યજ્ઞમાં વેદીથી પ્રકટયાં અને 'દ્રૌપદી' કહેવાયાં અને પાંચ પાંડવો તેમના પતિ થયા. આ રીતે સત્યયુગમાં વેદવતી કુશધ્વજની કન્યા, ત્રેતાયુગમાં છાયા સીતા બન્યાં, શ્રી રામના અર્ધાંગિની થયાં તથા દ્વાપરયુગમાં દ્રુપદકુમારી દ્રૌપદી થયાં તેથી તેઓ "ત્રિહાયણી" કહેવાય છે. ત્રણે યુગમાં એ વિદ્યમાન રહે છે.

નારદે પૂછયું : હે મુનિવર ! મને આશ્ચર્ય થાય છે કે દ્રૌપદીના પાંચ પતિ શી રીતે થયા ? મારી આ શંકા દૂર કરો.

નારાયણ બોલ્યા : નારદ ! સુવર્ણપુરી લંકામાં જ્યારે મૂળ સત્ય સીતા શ્રીરામ પાસે આવ્યા ત્યારે રૂપ યૌવનથી શોભતી છાયા સીતા બહુ વ્યાકુળ બની ગઇ. તે પછી તેણે શ્રી રામ અને અગ્નિની આજ્ઞાથી ઉગ્ર તપ કરી શંકર ભગવાનની ઉપાસના કરવી શરૂ કરી.

પતિ મેળવવાની ઇચ્છાથી વ્યગ્ર થઇ તે બોલી, 'હે ત્રિલોચન ! હે શંકર ! મને પતિ આપો, પતિ આપો, પતિ આપો, પતિ આપો, પતિ આપો.' એમ સીતાએ વારંવાર પ્રાર્થના કરી. એ સાંભળીને તને પાંચ પતિઓ થશે.' એમ ભગવાન શંકરે વરદાન આપ્યું હતું.

આ રીતે ત્રેતાયુગમાં જે છાયા સીતા હતાં તે દ્વાપરયુગમાં દ્રૌપદીરૂપે પાંચ પાંડવોની પત્ની બન્યાં. હવે હું તમને ચાલુ વિષય સંભળાવું છું.

હે નારદ ! શ્રીરામચન્દ્રે લંકામાંથી મનોહર સીતાને મેળવી ત્યાંનું લંકાનું રાજ્ય વિભીષણને સોંપી દીધું ને પોતે અયોધ્યા ચાલ્યા ગયા. ભરતખંડમાં આવેલ અયોધ્યા નગરીમાં રહી તેમણે ભરતખંડ ઉપર અગિયાર હજાર વર્ષ રાજ્ય કર્યું હતું, પછી શ્રી રામ સમસ્ત નગરજનો સાથે વૈકુંઠધામમાં પધાર્યા. લક્ષ્મીના અંશરૂપ વેદવતી ( સીતા )એ લક્ષ્મીમાં પ્રવેશ કર્યો હતો. આ રીતે મેં તમને પુણ્યદાયી પવિત્ર આખ્યાન કહી સંભળાવ્યું છે જેના પ્રભાવથી સાંભળનારા મનુષ્યના સઘળા પાપો નાશ પામે છે. હવે હું ધર્મધ્વજની પુત્રી (તુલસી)નું આખ્યાન કહું છું. ૬૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'મહાલક્ષ્મીનું પ્રાકટ્ય' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

તુલસીનું આખ્યાન

શ્રી નારાયણ ઉવાચ

ધર્મધ્વજસ્ય પત્ની ચ–
માધવીતિ ચ વિશ્રુતા ।
નૃપેણ સાર્ધં સાડરામે રેમેચ ગંધમાદને ।।

શ્રી નારાયણ બોલ્યા : 'રાજા ધર્મધ્વજની પત્નીનું નામ 'માધવી' હતું. તે નિત્ય પોતાના પતિ રાજાની સાથે ગંધમાદન પર્વત પર જઇ ત્યાં આવેલા સુંદર ઉપવનમાં રાજા સાથે આનંદ–વિનોદ કરતી હતી.

એમ કરતાં ઘણો લાંબો કાળ વીતી ગયો, પરંતુ આનંદ–વિનોદમાં ક્યારે રાત વીતી અને ક્યારે દિવસ વીત્યો એનું બન્ને રાજા–રાણીને કંઇ ભાન રહ્યું નહિ. તે પછી ધર્મધ્વજને ભાન થતાં તેણે સુખ–ભોગથી અલગ થવા ચાહ્યું. પરંતુ માધવીને પોતાના સંગથી હજુ તૃપ્તિ થઇ નહોતી. પણ દૈવયોગે એને ગર્ભ રહ્યો અને સો વર્ષ સુધી પ્રતિદિન વધતા તે ગર્ભમાંથી કાર્તિકી પૂનમે પદ્મિની જાતિની એક કન્યાનો જન્મ થયો. એ સમયે શુભ દિવસ, શુભ ક્ષણ, શુભ લગ્ન અને શુભ ગ્રહનો સંયોગ હતો. શુક્રવારનો દિવસ હતો. આવા મુહૂર્તમાં માધવીથી લક્ષ્મીના અંશરૂપ, પૂનમના ચંદ્રના જેવા મુખવાળી, કમળ જેવાં નેત્રોવાળી, રક્ત અધરોષ્ઠવાળી, મનને મુગ્ધ કરનારાં લાલ લાલ રંગના હાથ–પગનાં તળિયાવાળી, ઊંડી નાભિવાળી, શીતલકાળે સુખકારક, ઉષ્ણ સર્વ અંગવાળી અને ગરમીમાં શીતલ રહેતાં અંગવાળી, શ્યામવર્ણવાળી, વડની વડવાઇ જેવા કેશવાળી, પીળા ચંપાનાં ફૂલ જેવી કાંતિવાળી અને સુંદરમાં સુંદર સ્ત્રીઓ કરતાં પણ અતિ સુંદર સ્ત્રી–પુરુષ એને જોઇ કોઇની સાથે તુલના કરી શકે તેવી સુંદર કન્યા હતી, જેથી તેનું 'તુલસી' એવું ઉત્તમ નામ રાખવામાં આવ્યું.

જન્મતાં જ તે યોગ્ય વયની સ્ત્રી જેવી લાગવા માંડી. બધાંના રોકવા છતાં તે તપ કરવાના ઇરાદે બદરીવનમાં ગઇ અને ત્યાં લાંબા સમય સુધી 'ભગવાન નારાયણ મારા સ્વામી થાઓ' આવો નિશ્ચય કરી કઠિન તપ કરવા લાગી. ઉનાળામાં તે પંચાગ્નિમાં તપતી, શિયાળામાં ઠંડા પાણીમાં રહી તપ કરતી, વર્ષામાં આસન લગાવી બેસી રહેતી અને સ્વાભાવિક રીતે વરસતી મુસળધાર જળધારાઓ સહન કરતી. હજારો વર્ષ તપ કરતાં સુધી તે માત્ર ઝાડના પાન, ફળ અને જળ ઉપર રહી; પછી હજારો વર્ષ સુધી કેવળ માત્ર વાયુનું ભક્ષણ કરી તેણે પ્રાણ ટકાવી રાખ્યો. આવી ઉગ્ર તપશ્ચર્યાથી એનું શરીર ક્ષીણ થઇ ગયું. તે પછી નિરાહાર રહી એક પગ ઉપર ઊભી રહી તે તપ કરવા લાગી. એ જાણી બ્રહ્મા પ્રસન્ન થઇ તેને વરદાન આપવા માટે બદરીવનમાં આવ્યા. તેમને જોઇ તુલસીએ હર્ષપૂર્વક તેમને પ્રણામ કર્યા ત્યારે બ્રહ્માએ એને કહ્યું, તુલસી ! શ્રીહરિની ભક્તિ, શ્રીહરિનું દાસપણું અથવા અજરા-

અમરપણું એમાંથી તારે જે કંઇ ઇચ્છા હોય તે માગી લે, તે આપવા માટે હું તૈયાર છું.

તુલસીએ કહ્યું : હે તાત ! આપ સર્વજ્ઞ છો છતાં મારા મનની અભિલાષા કહું છું. પૂર્વ જન્મમાં હું તુલસી નામની ગોપી હતી અને તે વખતે ગોલોકમાં રહેતી હતી અને મને સદ્ભાગ્યે શ્રીકૃષ્ણની પ્રિયા, એમની દાસી, અર્ધાંગિની તથા પ્રેયસી બનવાનું સૌભાગ્ય મળ્યું હતું.

એ પ્રભુ સાથે સુખ–સમાગમમાં રત રહેતી છતાં એ સુખથી હું તૃપ્ત થઇ નહોતી, તેટલામાં એક દિવસ રાસેશ્વરી ભગવતી રાધાએ રોષમાં રાસમંડળમાં પધારી એકાએક મને શાપ આપ્યો કે, 'તું મનુષ્ય યોનિને પામ.' એ સાંભળી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, 'તું હવે ઉગ્ર તપ કર. તારા તપથી પ્રસન્ન થઇ તને બ્રહ્મા વરદાન આપશે. જેથી મારા અંશરૂપ ચતુર્ભુજ શ્રી વિષ્ણુને તું પતિ તરીકે પ્રાપ્ત કરીશ.'

એમ કહી શ્રીકૃષ્ણ અંતર્ધાન થઇ ગયા. ગુરો ! પછી હું મારું એ શરીર ત્યજી દઈ હમણાં ભુમંડળ પર ઉત્પન્ન થઇ છું. શાંતસ્વરૂપ ભગવાન નારાયણ મારા પતિ હતા તેમને જ આ જન્મમાં પણ પતિ તરીકે મેળવવા ઇચ્છું છું. મારી એ અંતરની એકમાત્ર અભિલાષા આપ પૂરી કરો.

બ્રહ્મા બોલ્યા : ભગવાન શ્રીકૃષ્ણના અંગથી પ્રકટેલો સુદામા નામનો ગોવાળિયો હમણાં રાધાના શાપથી ભરતખંડમાં જન્મ્યો છે. એ ગોપ શ્રીકૃષ્ણનો સાક્ષાત્ અંશ છે. રાધાના શાપને લીધે તે દૈત્ય કુળમાં ભરતખંડમાં ઉત્પન્ન થયો છે અને 'શંખચૂડ' નામથી તે પ્રસિદ્ધ છે. બળમાં તેની બરોબરી કરી શકે એવો ત્રંલોકયમાં કોઇ પણ નથી. એ સુદામા હાલમાં સમુદ્રમાં રહે છે. શ્રીકૃષ્ણના અંશરૂપ તેને પૂર્વ જન્મનું સર્વ વૃત્તાંત યાદ છે એવી રીતે હે સુંદરી ! તું પણ પૂર્વજન્મથી પરિચિત છે. આ જન્મમાં તે શ્રીકૃષ્ણના અંશરૂપ શંખચૂડ તારો પતિ થશે તે પછીથી શાંતસ્વરૂપ ભગવાન નારાયણ તને પતિરૂપે મળશે. વળી, દૈવયોગે તે જ નારાયણ તને શાપ આપશે એથી અંશથી તારે ભરતખંડમાં પવિત્ર વૃક્ષરૂપે રહેવું પડશે. સમસ્ત વનસ્પતિમાં ઉત્તમ તારામાં જગતને પવિત્ર કરવાની યોગ્યતા આવશે. ભગવાન વિષ્ણુને તું અતિ પ્રિય થઇ પડીશ. તે તને પ્રાણોથી પણ અધિક પ્રિય માનશે. તારા સિવાયની એમની તે પૂજા નિષ્ફળ થઇ ગણાશે. તું ભરતખંડમાં આવેલ વૃંદાવનમાં વૃક્ષરૂપે રહેવાથી લોકો તને 'વૃંદાવની' કહેશે, તારાં પાંદડાંથી ગોપ અને ગોપીઓ દ્વારા શ્રીકૃષ્ણની પૂજા થશે. તું મારા વરદાનના પ્રભાવથી વૃક્ષોની અધિષ્ઠાત્રી દેવી બની ગોપરૂપ ભગવાન શ્રીકૃષ્ણ સાથે પછી તારી ઇચ્છાનુસાર વિવાહ કરીશ.

બ્રહ્માની આવી વાણી સાંભળી તુલસી હર્ષ પામેલા મનવાળી થઇ અને બ્રહ્માને પ્રણામ કરી તે કહેવા લાગી :

'હે તાત! હું સાચું જ કહું છું કે બે ભુજાવાળા શ્યામસુંદર શ્રીકૃષ્ણને મેળવવા મારી ઇચ્છા છે તેવી ચતુર્ભુજ વિષ્ણુને માટે નથી પરંતુ શ્રીકૃષ્ણની આજ્ઞાથી હું ચાર ભુજાઓવાળા શ્રી નારાયણ માટે પ્રાર્થના કરૂં છું, કેમકે, તે શ્રીકૃષ્ણ મારે માટે અતિ દુર્લભ બન્યા છે. તો હે ભગવાન! આપ મારા પર કૃપા કરો કે જેથી હું પુન: તેમને મેળવી શકું, સાથે....સાથે મને રાધાના ભયથી પણ મુક્ત કરો.'

બ્રહ્મા બોલ્યા : 'દેવી! હું તને રાધાનો સોળ અક્ષરવાળો મંત્ર આપું છું. એ મંત્રના જપના પ્રભાવથી રાધાને પણ તું પ્રાણતુલ્ય અતિપ્રિય બનીશ. સુભગે! રાધાની સમાન તું પણ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રેયસી બનીશ.' એમ કહી જગતના સ્રષ્ટા બ્રહ્માએ તુલસીને રાધાનો ષોડશાક્ષર મંત્ર વિધિ સહિત આપ્યો. સાથે સાથે સ્તોત્ર, કવચ, પૂજનવિધિ તથા અનુષ્ઠાનનો-પુરશ્ચરણનો ક્રમ વગેરે બધું બતાવ્યું. તે પછી તુલસીએ બ્રહ્માની પૂજા કરી અને તેમની કૃપાથી તે દેવી લક્ષ્મી સમાન સિદ્ધ થઇ. મંત્રના પ્રભાવે તેને બ્રહ્માના કહેવા પ્રમાણેનું ફળ મળતું ગયું. પ્રસન્ન મનવાળાં તે દેવીનું તપનું કષ્ટ દૂર થઇ મન પ્રસન્ન બન્યું, કેમકે ફળસિદ્ધિ થતાં મનુષ્યોનાં દુ:ખ જ ઉત્તમ સુખરૂપે પરિણમે છે. એ રીતે તુલસી ખાન-પાનથી સંતુષ્ટ થઇ સુખરૂપ રહેવા લાગી.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'તુલસીનું આખ્યાન' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૮ મો

## તુલસી ને શંખચુડ વચ્ચે વાર્તાલાપ

શ્રી નારાયણ ઉવાચ

તુલસી પરિતુષ્ટા ચ સુષ્વાપ હૃષ્ટમાનસા ।
નવયૌવનસંપન્ના વૃષધ્વજવરાંગના ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ! એક સમયે વૃષધ્વજની કન્યા તુલસી હર્ષયુક્ત મનવાળી થઇ સૂઇ રહી હતી. તે પુષ્પ અને ચંદનની શય્યામાં સુતી હતી. એણે સ્વપ્નમાં એક સુંદર વેષ-વાળા પુરુષને જોયો. તે મંદહાસ્ય કરતો, ચંદનથી લેપાયેલા અંગવાળો, રત્ન-મણિના આભુષણો ધારણ કરેલો, સુંદર નેત્રવાળો હતો. તે નવયુવક તુલસીના મુખને વારંવાર ચૂમીને રસપાન કરતો ને તેની સાથે છેડછાડ કરી આનંદ કરવા લાગ્યો.

આવું સુખદ સ્વપ્ન જોયા પછી તુલસી જાગૃત થતાં વિલાપ કરવા લાગી : 'અરેરે, એ પુરુષ ક્યાં ગયો?' એ વખતે મહાન યોગી શંખચૂડ એ બદરીવનમાં આવ્યો. જીગીષવ્ય મુનિ પાસેથી શ્રીકૃષ્ણનો મનોહર મંત્ર મેળવી તેણે પુષ્કર ક્ષેત્રમાં રહી સિદ્ધ કર્યો હતો. બ્રહ્મા પાસેથી તેણે ઇષ્ટ વરદાન 'તારા મનમાં જે ઇચ્છા હશે તે સફળ થશે' મેળવ્યું હતું અને એમની આજ્ઞાથી તે બદરીકાશ્રમમાં આવ્યો હતો. કામદેવ સમાન રૂપવાળો, એની પાસે આવીને બેઠો અને મધુર શબ્દોથી કહેવા લાગ્યો : 'દેવી! તમે કોણ છો? તમારા પિતા કોણ છે? તમે સર્વ સ્ત્રી-ઓમાં શ્રેષ્ઠ ને ધન્યવાદને પાત્ર છો.

સમસ્ત મંગલ આપનારાં કલ્યાણી ! મારે એ જાણવું છે કે, તમે કોણ છો ? તમારો સઘળો પરિચય આપો.

શંખચુડનાં મધુર વચનો સાંભળી કામનાવાળી થયેલી તુલસી મુખ નીચું રાખી કહેવા લાગી :

હે શ્રીમાન્ : રાજા ધર્મધ્વજની પુત્રી હું તપશ્ચર્યા કરવા માટે આ તપોવનમાં રહી છું. તમે કોણ છો ? તમે મને એકલી જોઈ આવ્યા છો, તો તમારે અહીંથી સત્વર ચાલ્યા જવું જોઈએ.

'હું તો પ્રજાપતિ બ્રહ્માની આજ્ઞાથી તમારા કાર્યની સિદ્ધિ માટે તમારા પરમ કલ્યાણ માટે તમારા ઉત્કર્ષ માટે ખાસ અહીં આવ્યો છું. તેમના આદેશથી હું ગાંધર્વ વિવાહથી તમને મારી પત્ની બનાવીશ. મારી ઓળખાણ આપું તો દેવોને નાસભાગ કરાવનાર શંખચૂડ હું જ છું. હું દનુવંશમાં જન્મ્યો છું. મારી ખાસ વિશેષતા એ છે કે, હું પૂર્વ જન્મમાં વિષ્ણુની સાથે રહેનારો એમનો જ અંશ સુદામા નામક ગોવાળ છું. જે ઘણા જ પ્રસિદ્ધ ભગવાનના આઠ પાર્ષદ હતા તેમાંનો જ હું એક ગોપ-પાર્ષદ છું. રાધાજીના શાપથી હમણાં જ હું દાનવેંદ્ર બન્યો છું. પ્રભુ શ્રીકૃષ્ણના મંત્રના પ્રભાવથી પૂર્વજન્મની બધી વાતો હું સારી રીતે જાણું છું. મારી જેમ તું પણ પૂર્વ જન્મમાં કૃષ્ણની પાસે રહેનારી તુલસી હતી એ તો તને પણ પૂર્વજન્મનું જ્ઞાન હોવાને લીધે તું જાણે છે. તારે પણ વૈકુંઠથી રાધાના રોષને લીધે ભરતખંડમાં જન્મવું પડયું છે.'

હે મહામુનિ નારદજી ! એમ કહી તે પુરૂષ (શંખચૂડ) બોલતો બંધ થઈ ગયો ત્યારે મંદમંદ હસતી, પ્રસન્ન થયેલા મનવાળી તુલસી તેને કહેવા લાગી : આવો વિદ્વાન અને વિવેકી પુરૂષ જ વિશ્વમાં વખણાય છે. એવા સજ્જન પતિની નિરંતર કામનાપૂર્વક અભિલાષા કરવી એ સુંદર સ્ત્રીનું કર્તવ્ય છે. ખરેખર તમારા જેવા વિવેકી અને વિચારશીલ પુરૂષથી હું પોતે આ વખતે પરાજિત થઈ છું.

હે તપસ્વી નારદજી ! આમ કહીને તુલસીએ મૌન સેવ્યું. એટલામાં બ્રહ્મા એ ત્યાં આવીને શંખચૂડને કહ્યું : 'શંખચૂડ ! તું આ દેવી સાથે શાનો વાર્તાલાપ કરે છે ? હવે ગાંધર્વવિવાહ વિધિથી એને પત્નીરૂપે સ્વીકાર, એ જ તમો બન્ને માટે કલ્યાણકારક છે. કેમકે તમે પુરૂષોમાં રત્ન સમાન છો અને આ દેવી પણ કન્યાઓમાં રત્ન સમાન છે.' તે પછી બ્રહ્માએ નીચી નજરે ઊભેલી તુલસીને કહ્યું : 'હે સતી ! તું આવા ગુણવાન પતિની પરીક્ષા કરવા કેમ તત્પર થઈ છે ? દેવો, દાનવો અને અસુરો સર્વને કચડી નાખવાની એનામાં શક્તિ છે. જેમ નારાયણ પાસે લક્ષ્મી, શ્રીકૃષ્ણની પાસે રાધાજી, મારી પાસે સાવિત્રી, સ્કંદની પાસે દેવસેના તથા ધર્મની પાસે મૂર્તિ પત્નીરૂપે શોભે છે

તેવી જ તું પણ આ શંખચૂડની પ્રિયા બનીને શોભશે. એ પછી તું કેટલાક કાળ બાદ ગોલોકમાં શ્રીકૃષ્ણ પાસે જઈશ અને તારો પતિ બનેલો આ શંખચૂડ પણ અંતે આ શરીરનો ત્યાગ કરશે. ત્યારે વૈકુંઠમાં નારાયણને તું પામીશ અને તે પછી ગોલોકમાં પુનઃ ભગવાન શ્રીકૃષ્ણને જ પામીશ. ૧૦૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'તુલસી અને શંખચુડ વચ્ચે વાર્તાલાપ' નામનો ૧૮ મો. અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### તુલસી અને શંખચુડનો વિવાહ

**શ્રી નારદ ઉવાચ :**

**વિચિત્રમિદમાખ્યા ભવતા સમુદાહૃતમ્ ।**
**શ્રુતેન યેન મે તૃપ્તિર્ન કદાપિ હિ જાયતે ॥**

નારદે પૂછ્યું : આપે કહેલા આ અદ્‌ભુત આખ્યાનને સાંભળી હજુ મને તૃપ્તિ થઈ નથી, માટે તે પછી જે બન્યું હોય તે મને કહો.

શ્રી નારાયણ બોલ્યા : શંખચૂડ અને તુલસીને આ રીતે આશીર્વાદ આપી બ્રહ્મા પોતાના સ્થાને ગયા એટલે શંખચૂડે ગાંધર્વ વિવાહથી તુલસીને સ્વીકારી, તે વેળા સ્વર્ગમાં દુંદુભિ વાગ્યાં. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી, તે પછી શંખચૂડ તુલસી સાથે પોતાના ભવનમાં જઈ આનંદથી સુખભોગ ભોગવતો રહેવા લાગ્યો. તુલસી સાથે અત્યંત ભોગપ્રિય જીવન વીતાવતા પ્રતાપી, શંખચૂડે પુરા એક મન્વંતર સુધી રાજ્ય કર્યું. એના શાસનકાળમાં દેવો, દાનવો, અસુરો, ગાંધર્વો, કિન્નરો અને રાક્ષસો બધા એ શંખચૂડની હાકને લીધે શાંત રહેતા હતા. અધિકાર છિનવાઈ જવાથી દેવોની સ્થિતિ માર્ગમાં ભીખ માંગતા ભિખારી જેવી થઇ ગઇ હતી એથી તેઓ બધા અત્યંત ઉદાસ થઇ એક વેળા બ્રહ્મસભામાં ગયા, અને પોતાનું સર્વ વૃત્તાંત જણાવી વારંવાર રૂદન કરવા લાગ્યા.

બ્રહ્મા કંઇક વિચારી દેવોને સાથે લઇને કૈલાસમાં ભગવાન શિવની પાસે ગયા અને ત્યાં તેમને સઘળી હકીકત જણાવી. પછી બ્રહ્મા ને શિવ ત્યાંથી દેવો સાથે વૈકુંઠમાં શ્રી નારાયણ પાસે જવા નીકળ્યા.

ભગવાન વિષ્ણુ એ સભા–ભવનની વચ્ચે નક્ષત્રોની મધ્યે બિરાજેલા ચન્દ્રની જેમ શોભતા હતા. દેવો સાથે બ્રહ્મા ને શંકરે તેમના સાક્ષાત્ દર્શન કર્યાં. તે વેળા શ્રી વિષ્ણુ રત્નમય દિવ્ય સિંહાસન ઉપર બેઠા હતા. ત્યાં હાજર રહેતા સર્વે તેમની સ્તુતિ કરી રહ્યા હતા.

તે વખતે રોમાંચિત અંગોવાળા અને આંસુ વહાવી રહેલા દેવોના મુખ ઉપરનો ભય સ્પષ્ટ વર્તાઇ રહ્યો હતો. સ્તુતિ કર્યા પછી બ્રહ્માએ શ્રી વિષ્ણુ સામે બે હાથ જોડી વિનયપૂર્વક સર્વ દુઃખદ વૃત્તાંત તેમને જણાવ્યું. બ્રહ્માનું કહેલું સાંભળી સર્વજ્ઞ ભગવાન વિષ્ણુ બ્રહ્માને કહેવા લાગ્યા : તમે જે શંખચૂડની વાત કરી તે પૂર્વે મારો ભક્ત ગોપ પાર્ષદ હતો. મારા પ્રત્યે ખૂબ શ્રદ્ધા રાખનારા તેના સર્વ

વૃત્તાંતને હું સારી રીતે જાણું છું. તે સમયે આ શંખચૂડ વૈકુંઠપુરીમાં 'સુદામા' નામે ગોવાળ હતો. તેને મેં મારા પાર્ષદોમાં મુખ્ય બનાવ્યો હતો. પરંતુ રાધાના શાપને લીધે તે હાલ દાનવની યોનિને પામ્યો છે. એક વેળા આ પાર્ષદે રાધાની સખીઓનો તિરસ્કાર કર્યો હતો તેથી ક્રોધે ભરાયેલી રાધાએ તેને શાપ આપ્યો હતો. આથી તેની આંખમાં પુષ્કળ આંસુ આવી ગયાં અને તે રડતો રડતો મને પ્રણામ કરીને સભાખંડમાંથી બહાર જવા લાગ્યો, ત્યારે વળી રાધાને તેના પર દયા આવી અને તેના પર પ્રસન્ન થઇ તેને રોકતાં બોલી : 'હે વત્સ ! જાય છે કયાં, ઊભો રહે.' આમ વારંવાર કહ્યું પણ તે તો બહાર જવા લાગ્યો એટલે રાધા પણ વ્યાકુળ થઇ એની પાછળ જવા લાગી. ત્યારે મેં રાધાને બોલાવી તેને શાંત પાડી કહ્યું, 'પ્રિયે ! તમે ચિંતા ન કરો. આ સુદામા ગોપ માત્ર અર્ધી ક્ષણમાં જ શાપનું પાલન કરી પુન: અહીં પાછો આવી જશે.' પછી સુદામાને કહ્યું: 'સુદામા, તું જાય છે તો ભલે, પણ ઝટ અહીં આવજે.'

હે બ્રહ્મા ! આવી રીતે મેં રાધાને શાંત પાડયાં. ગોલોકની અર્ધી ક્ષણથી પૃથ્વીનો મન્વંતર થાય છે. આ બધાનો નિર્ણય પહેલાથી જ થઇ ગયો છે તેથી તે પ્રમાણે થઇ રહ્યું છે, એથી શંખચુડ ફરીથી ગોલોકમાં જ જશે. હવે તમે આ મારા ત્રિશૂળને લઇ અહીંથી ભરતખંડમાં જાઓ. ત્યાં આ મારા ત્રિશુળથી શંકર તે મહાબળવાન દાનવેન્દ્ર શંખચુડનો નાશ કરશે. એ દાનવ મારૂં કવચ (બખ્તર) કંઠમાં ધારણ કરે છે તેથી સંસારમાં તેને કોઇ જીતી શકતું નથી, એટલે એ કવચ (બખ્તર) તેની પાસે ન હોય ત્યારે જ તેને મરાય તેમ છે. એ માટે બ્રાહ્મણનું રૂપ લઇ તેની પાસે જઇ હું ચતુરાઇથી તેની પાસેનું દિવ્ય બખ્તર માગી લઇશ. વળી હે બ્રહ્મા ! તમે જ તેના તપથી પ્રસન્ન થઇને તેને વરદાન આપેલું છે કે: 'જે સમયે તારી પત્નીના સતીવ્રતનો ભંગ થશે તેજ સમયે તારૂં મૃત્યુ થશે.' એટલે હું કવચ લઇ લીધા પછી એની પત્નીના સતીત્વનો પણ નાશ કરીશ અને તેજ વખતે શંખચુડનું મૃત્યુ થશે, પાછળથી તેની સ્ત્રી દેહ ત્યજીને મારી પત્ની થશે.

બ્રહ્માને એમ કહી ભગવાન વિષ્ણુએ બ્રહ્માની સાથે ઊભેલા શંકરને પોતાનું ત્રિશુળ આપ્યું, પછી તેમને પ્રણામ કરી બ્રહ્મા, રુદ્ર વગેરે દેવો હર્ષપૂર્વક ત્યાંથી ભરતખંડમાં જવા નીકળી પડયા. ૯૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'તુલસી અને શંખચુડનો વિવાહ' નામનો
૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### શંખચુંડ અને દેવો યુધ્ધે ચડયા

શ્રી નારાયણ ઉવાચ :

બ્રહ્મા શિવં સંનિયોજ્ય–
સંહારે દાનવસ્ય ચ ।
જગામ સ્વાલયં તુર્ણં–
યથાસ્થાનં સુરોત્તમા: ॥

શ્રી નારાયણ બોલ્યા : પછી બ્રહ્માએ

ભગવાન શંકરને શંખચુડનો નાશ કરવાની ભલામણ કર્યા બાદ બ્રહ્મા પોતાના ધામમાં ચાલ્યા ગયા. અને દેવો પણ પોતપોતાના સ્થાને જતા રહ્યા. પછી દેવોના કલ્યાણ માટે મહાદેવે ચન્દ્રભાગા નદીના કિનારે જઈ આસન જમાવ્યું. ને ત્યાં પોતાના ચતુર દૂત ગંધર્વ ચિત્રરથને બોલાવી તેને બધી સમજણ પાડી શંખચુડ દાનવ પાસે મોકલ્યો.

જ્યારે તે શંખચુડના નગરમાં પ્રવેશ્યો ત્યારે તેની શોભા જોઇ તે આશ્ચર્યમુગ્ધ થઇ ગયો. મહાદેવનો દૂત ચિત્રરથ આગળ વધતો શંખચુડના મહેલ પાસે આવી પહોંચ્યો, પરંતુ તે રત્નમણિ જડિત્ર કાંગરાવાળા ભવનને બાર દરવાજા હતા, એટલે કયા દરવાજામાંથી અંદર જવું તે દૂતને સમજાયું નહિ. એવામાં એક દરવાજા ઉપર ત્રિશૂળ લઇને ઊભેલા ભયાનક દ્વારપાળને તેણે જોયો. તેની પાસે જઇ ચિત્રરથે શંકરના દૂત તરીકેની પોતાની ઓળખાણ આપી અને પોતે દૈત્યેન્દ્ર શંખચુડને મળવા માગે છે એમ જણાવ્યું એટલે દ્વારપાળે તેને આદરથી અંદર જવા દીધો. અંદર જોતા જોતા તે વિશાળ સભાખંડ આગળ આવી સ્તબ્ધ બનીને ઊભો રહ્યો. વચમાં રત્નજડિત્ર સિંહાસન ઉપર સુંદર વસ્ત્રો અને રત્નમય આભુષણો ધારણ કરેલો શંખચુડ દમામથી બેઠો હતો. તેની આસપાસના આસને બીજા દાનવો બેઠેલા હતા. પાર્ષદો ઊભેલા હતા અને ઘણા દાનવો હાથમાં આયુધો સાથે આમતેમ ફરતા હતા. પછી તે હિંમત રાખી શંખચુડના સિંહાસન પાસે ઊભો રહ્યો, અને આદરપૂર્વક તેણે ભગવાન શંકર તરફનો યુદ્ધનો સંદેશો તેને સંભળાવવા માંડયો: 'હે દૈત્યેન્દ્ર! ભગવાન શંકરે આપને કહેવડાવ્યું છે કે તમે જે દેવોનું રાજ્ય અને અધિકારો પચાવી પાડયા છે, તે હવે તેમને સોંપી દો.

કેમકે દેવો પોતાનું દુઃખ કહેવા શ્રી વિષ્ણુ પાસે ગયા હતા તો શ્રીહરિએ પોતાનું ત્રિશુળ અમારા સ્વામિ શંકરને આપી આપનો નાશ કરવનું સૂચન કર્યું છે. હાલ અમારા સ્વામિ શંકર પુષ્પભદ્રા નદિને કિનારે વડના વિશાળ વૃક્ષ નીચે આસન જમાવી બેઠા છે. તેમણે મારી મારફત આપને ખાસ કહેવડાવ્યું છે કે: 'તમે કયાં તો દેવોનું રાજ્ય પાછું આપો, કયાં તો યુદ્ધ કરવા તૈયાર થાઓ.' હવે આપ કહો કે, હું અમારા સ્વામિ ભગવાન શંકર પાસે જઇ આપના તરફથી શું ઉત્તર આપું?'

દૂત ચિત્રરથનું કહેવું સાંભળી, વરદાનથી અભિમાની બનેલા શંખચુડે હસીને કહ્યું, 'હે દૂત! તું જઇને તારા સ્વામિ શંકરને કહેજે કે, હું આવીને તેમને મળી જઇશ. મારે એ સિવાય બીજું કંઇ કહેવાનું નથી.'

દૂતે જઇને શંખચુડનો સંદેશો ભગવાન શંકરને કહ્યો. સર્વજ્ઞ ભગવાન શંકર તો શું થવાનું છે, તે બધુ જાણતાં જ હતા. એટલે તેમણે કરેલી ગોઠવણ મુજબ ત્યાં કાર્તિકેય સ્વામિ મોટી ગણસેના સાથે

તુરત આવી પહોંચ્યા.

આ બધા ઉપરાંત તીક્ષ્ણ દ.ઢ ધરાવતો ઉગ્રદંડા, કોટરા, કૈ.ભી ને આઠ ભુજાવાળી ભયંકર ભદ્રકાળી પણ પોતાના દિવ્ય વિમાનમાં બેસી ત્યાં આવી પહોંચ્યા. તેમણે લાલ રંગના વસ્ત્રો ને લાલ-લાલ આભુષણો ધારણ કરેલાં હતાં. અને આયુધો પણ હાથોમાં હતાં.

તે બધાની આગળ ઊભા રહી કાર્તિકેયકુમારે પોતાના પિતા શંકરને પ્રણામ કર્યા અને પોતાને શું કાર્ય કરવાનું છે તે પૂછી તેમની આજ્ઞા લઇ તેમની પાસે જ બેઠા.

આ બાજુ આમ ભગવાન શંકરજી આગળ યુદ્ધની તૈયારી થઇ રહી હતી. ત્યારે બીજી બાજુ શંખચૂડે પોતાની પત્ની તુલસી પાસે જઇ, ભગવાન શંકરનો સંદેશો તેને સંભળાવી પોતે યુદ્ધ કરવા તત્પર છે, એમ જણાવ્યું. યુદ્ધનું નામ સાંભળતાં જ તુલસી ગભરાઇ ગઇ. ગભરાટમાં અને ભયને લીધે તેના હોઠ સુકાઇ ગયા, પછી તે સ્વસ્થ થઈ શંખચૂડને કહેવા લાગી: 'હે નાથ! કોઇ વખત નહિ ને આજે રાતના મને બહુ જ ખરાબ સ્વપ્નું આવ્યું હતું અને છેલ્લા પ્રહરનું સ્વપ્નું સાચું જ પડે છે!' શંખચૂડે આ સાંભળ્યું પરંતુ તેને જરાય ઉદ્વેગ થયો નહિ, તે ખૂબ જ્ઞાની હતો. તે વાત મન ઉપર ન લાવતાં તેણે ભોજન કર્યું, પછી પાણી પી તેણે તુલસીને કહ્યું: સર્વે કાળસૂત્રની બંધાયેલા છે. એટલે દરેકે કાળને આધિન થયે જ છૂટકો છે. સારૂં થાય કે ખોટું, સુખ આવે કે દુ:ખ, જન્મ થાય કે મૃત્યુ, હર્ષ થાય કે શોક તે બધું ય કાળને આધિન છે.

હે પ્રિયે! પ્રથમ બદરિકાશ્રમમાં તેં જેમને માટે તપ કર્યું છે, તે ભગવાન નારાયણને તું નિ:સંદેહ પતિ તરીકે પામીશ. મે તપ કરીને બ્રહ્માના વરદાનથી તને પ્રાપ્ત કરી હતી, જ્યારે તું જે તપ કરી રહી હતી તે તો શ્રી નારાયણ માટે જ હતું, માટે હે કામિની! તું અવશ્ય નારાયણને પામીશ. ત્યારબાદ તું ગોલોકમાં વૃંદાવન વિષે શ્રીકૃષ્ણ પર માત્માને પામીશ. ત્યાં ભગવાન તને પોતાની પ્રાણપ્રિયા બનાવશે. તારા પછી હું પણ આ દાનવનું શરીર ત્યજીને એ દિવ્યલોકમાં આવીશ, ત્યાં આપણે બન્ને એકબીજાને જોઇ શકીશું હાલ હું ભરતખંડમાં આવ્યો છું તે રાધાના કોપને લીધે જ, મારે પણ અવશ્ય ગોલોકમાં જવાનું છે, અને તે નિશ્ચિત જ છે, માટે તું કોઇ પ્રકારનો શોક કરીશ નહિ, બધાને કાળની મર્યાદામાં રહેવાનું છે.

મને લાગે છે કે તું પણ હવે જેમ બને તેમ જલ્દીથી તારા આ શરીરને ત્યજી શ્રીહરિને પતિરૂપે પામીશ.'

શંખચૂડ અને તુલસી આમ વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યાં સંધ્યાકાળ થઇ ગયો. સેવકોએ રત્નોના દીપકોવાળા રત્નથી મઢેલા શયનખંડમાં પુષ્પો બીછા-

વેલી શય્યા તૈયાર કરી રાખી હતી તેમાં શંખચૂડ અને તુલસી આરામ કરવા સુતા અને ઘણો આનંદ વિનોદ તથા ક્રીડા—રમત આદિ ભોગો ભોગવી એ રાત્રિ વિતાવી નાખી, પરંતુ તુલસીનો શોક મટયો નહોતો તેથી શંખચૂડે તેને પોતાના હૃદય પર રાખી, અગાઉ ગોલોકમાં શ્રીકૃષ્ણે જે ઉત્તમ જ્ઞાન પોતાને આપ્યું હતું તે દિવ્યજ્ઞાન તેને સમજાવ્યું, આથી તુલસી તે દિવ્યજ્ઞાન પામી પ્રસન્નમુખ તથા પ્રસન્ન નેત્રોવાળી થઇ. તેને સમજાયું કે 'સમસ્ત જગત નશ્વર છે' પછી તે બન્ને સુખસમાગમને લીધે આનંદિત થઇ સુખરૂપ સુઇ ગયા. ૮૪

ઈતિ શ્રીદેવીભાગવત મહાપુરાણ નવમ સ્કંધ વિષે 'શંખચૂડ અને દેવો યુધ્ધે ચડયા' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૧ મો

### શંખચૂડ અને ભગવાન શંકર

નારાયણ ઉવાચ

શ્રીકૃષ્ણં મનસા ધ્યાવારક્ષઃકૃષ્ણપરાયણઃ ।
બ્રાહ્મમુહૂર્તઉત્થાયપુષ્પતલ્પાન્મનોહરાત્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ! શ્રીકૃષ્ણમાં પરાયણ રહેતો કૃષ્ણભક્ત શંખચૂડ મનમાં કૃષ્ણનું ધ્યાન કરી બ્રાહ્મ-મુહૂર્તમાં જ શય્યામાંથી ઊઠયો, પછી નિત્યકર્મથી પરવારી બ્રાહ્મણો તથા યાચકોને મહેલે બોલાવી દાન દેવા માંડયું. શંખચૂડનો નિત્યદાન દેવાનો નિયમ હતો.

તેણે બ્રાહ્મણોને રત્ન, મણિ—માણેક મોતી, સોનું, વસ્ત્ર વગેરેનું દાન કર્યું, તેણે પોતાના ગુરુને પણ કિંમતી રત્નો હીરા. નિલમ, માણેક વગેરે આપ્યાં, તે ઉપરાંત પોતાના શ્રેય માટે હાથી, ઘોડા વગેરે જરૂરિયાતવાળાને આપી દીધાં, ઉપરાંત જમીન, ગામો વગેરે પણ દાનમાં આપી દીધાં. પોતાના ભાવિની તેને ખબર હતી તેથી તેણે પોતાના પુત્રને દાનવોનો રાજા બનાવી તેને સર્વ ઐશ્વર્ય સોંપી દીધું અને પોતે દિવ્ય કવચ પહેરી હાથમાં ધનુષ્ય—બાણને ધારણ કર્યા. પછી તેણે પ્રચંડ સેના તૈયાર કરાવી. તેમાં દશહજાર રથો, ત્રણ લાખ ઘોડા અને અસંખ્ય હાથી, કરોડો ધનુર્ધારી, કવચધારી અને ત્રિશુળ વગેરે ધારણ કરેલા દૈત્યો હતા. પછી શંખચુડે યુધ્ધકલાના પારંગત અને ચાણક્ય દૈત્યને તે અગણિત અક્ષૌહિણી સેનાનો સેનાપતિ બનાવ્યો, પછી પ્રચંડ સેનાને પુષ્પભદ્રા નદીના તટ પર લઇ જવાનો સેનાપતિને આદેશ આપી શંખચૂડ મનથી શ્રીહરિનું સ્મરણ કરી પોતાને માટે ખાસ બનાવેલા ઉત્તમ રત્નો મઢેલા વિમાનમાં બેઠો. પછી ગુરુવર્ગને આગળ કરી શંકર પાસે જવા વાજતે—ગાજતે નીકળી પડયો.

હે નારદ! ભગવાન શંકરે જ્યાં આસન જમાવ્યું હતું તે સુંદર અક્ષયવડ અને તે જ સિધ્ધાશ્રમ કહેવાય છે. આ જ જગ્યા કપિલદેવને તપ કરવાનું ઉત્તમ અને એકાંત સ્થાન છે.

શંખચુડે અક્ષયવડ તરફ નજર કરી તો ભગવાન શંકર વડના નીચે આસન

જમાવી બેઠા હતા. તે કરોડો સૂર્યસમાન તેજવાળા, યોગાસને બેઠેલા, મંદ મંદ હસતા, દેહ પર વ્યાઘ્રાંબર ધારણ કરેલા હાથમાં ત્રિશુળ લઈ બેઠા હતા.

શંખચૂડ પોતાના વિમાનમાંથી ઉતરી અત્યંત ભક્તિયુક્ત થઇ મસ્તક વડે સર્વને નમ્યો. ભગવાન શંકરને વારંવાર પ્રણામ કરી તેમની ડાબી બાજુ રહેલાં ભદ્રકાલીને તથા તેમની સામે ઊભેલાં કાર્તિકસ્વામીને પણ તેણે પ્રણામ કર્યા. એ ત્રણેયે શંખચૂડને આશીર્વાદ આપ્યા. તેને આવેલો જોઇ નંદીશ્વર વગેરે કયારનાય ઊભા થઇ ગયા હતા. તે બધાની સાથે વાતચીત કરીને શંખચૂડ પછી આદરથી ભગવાન શંકરની પાસે બેઠો. એટલે પ્રસન્ન થયેલા મનવાળા ભગવાન શંકરે શંખચૂડને કહેવા માંડયું : હે રાજન્ ! હું તને થોડુંક વૃત્તાંત કહું છું તે એકાગ્રતાથી સાંભળ : જગતને સર્જનારા બ્રહ્મા ધર્મના પિતા અને ધર્મને સારી રીતે જાણનારા છે. ધર્મના પુત્ર મરીચિ થયા અને તેમના પુત્ર કશ્યપ થયા. દક્ષ પ્રજાપતિએ પોતાની ઘણી કન્યાઓમાંથી તેર કન્યાઓ આ કશ્યપ સાથે પરણાવી હતી. તેઓમાં કશ્યપના સૌભાગ્યથી વૃદ્ધિ પામેલી 'દનુ' નામની એક પતિવ્રતા સ્ત્રી છે. તે દનુને ચોત્રીસ પુત્રો છે તે બધા 'દાનવ' કહેવાય છે. તે પુત્રોમાં એક અતિ બળવાન અને પરાક્રમી પુત્ર 'વિપ્રચિત્ત' છે. આ વિપ્રચિત્તનો જે પુત્ર છે તે 'દંભ' નામનો છે, તે ધર્મનો રાગી વિષ્ણુભક્ત અને જિતેન્દ્રિય છે. આ દંભે શુક્રાચાર્યને ગુરૂ તરીકે સ્થાપી મહાપવિત્ર પુષ્કર ક્ષેત્રમાં એક લાખ વર્ષ સુધી પરમાત્માનો ઉત્તમ મંત્ર જપ્યો હતો, તેના પ્રતાપે તું શ્રીકૃષ્ણપરાયણ ઉત્તમ પુત્ર તેને પ્રાપ્ત થયો છે. હે શંખચૂડ ! પૂર્વે તું શ્રીકૃષ્ણનો પાર્ષદ–ઉત્તમ ગોવાળિયો હતો, તું ધર્મિક વૃત્તિવાળો હતો છતાં કૃષ્ણપ્રિય રાધિકાના શાપથી ભરતખંડમાં હાલ દાનવોનો રાજા થયો છે. વૈષ્ણવજન હોય તે બ્રહ્માથી લઇ સ્તંભ પર્યંતની તમામ વસ્તુને તુચ્છ સમજે છે. તેને માત્ર શ્રીહરિની સેવા જ અભિષ્ટ હોય છે. વિષ્ણુ ભગવાન તો પોતાના ભક્તોને પોતાના જેવો લોક, પોતાના જેવું ઐશ્વર્ય અને પોતાની પાસે રહેઠાણ આપે છે. છતાં તે વૈષ્ણવ ભક્તો તેમની સેવા વિના કંઇ જ ઇચ્છતા નથી, તે ચાર પ્રકારની મુક્તિઓને પણ ઇચ્છતા નથી. એના મનમાં બ્રહ્મત્વ અને અમરત્વ પ્રત્યે કોઇ આસ્થા હોતી નથી. તે બ્રહ્માપણું, દેવપણું, ઈંદ્રપણું કે વામનપણું પણ કબુલ કરતા નથી. આવો જ વૈષ્ણવજન–કૃષ્ણભક્ત તું છે....તો પછી દેવોના રાજ્ય જેવા તુચ્છ પદાર્થમાં તારી બુદ્ધિ કેમ સ્થિત થઇ છે? તું જો તારૂં હિત ઇચ્છતો હોય તો દેવોનું રાજ્ય તેમને પાછું આપી દઇ તેમની રક્ષા કર, તારે પછી તારા સ્થાનમાં રહેવાનું અને દેવો એમના સ્થાનમાં જઇને સુખરૂપ રહે. શંખચૂડ તું જ્ઞાની થઇને એમનો દ્વેષી અને તે અયોગ્ય છે. એમની સાથે વિરોધ

કરવાનું તારે કોઇ પ્રયોજન નથી. કારણ કે દેવો, દાનવો અને તમે બધા પ્રાણીઓ કશ્યપના જ વંશજો છો. બ્રહ્મહત્યા વગેરે જે મોટા પાપો ગણાય છે, તે જ્ઞાતિદ્રોહના પાપના સોળમા ભાગને યોગ્ય નથી. દેવોનું જે રાજ્ય તેં આંચકી લીધું છે, તે તેમને પાછું સોંપી દેવાનું છે. એમ કરવામાં તું જો તારી સંપત્તિની હાનિ માનતો હોય તો, કોની સંપત્તિ સ્થિર રહી છે? કોની હાલત એક સરખી રહી છે? ચડતી–પડતીનું ચક્ર સર્વને માથે ફર્યા જ કરે છે.'

હે નારદ! ભગવાન શંકર દાનવેન્દ્ર શંખચુડને આમ કહી બોલતા બંધ થયા. તે સાંભળી શંખચુડે ઘણી પ્રશંસા કરી આનંદ વ્યક્ત કર્યો પછી તે મધુર વાણીમાં બોલવા લાગ્યો, 'ભગવન્! આપે જે કહ્યું તે સાચું જ છે, કદી ખોટું હોય જ નહિ: હવે મારી પણ થોડીક વાત સાંભળો, હમણાં આપે જ્ઞાતિદ્રોહ અંગે 'મોટું પાપ' જણાવ્યું, છતાં એ બલિરાજાનું સર્વસ્વ લઇને તેની જ જ્ઞાતિવાળા વિષ્ણુએ જ તેને પાતાળમાં કેમ પહોંચાડયો? એ બલિરાજાનું બધું ઐશ્વર્ય મેં પાતાળમાંથી ઊઠાવીને આણ્યું છે, એથી મારા પર તેમનો પૂર્ણ અધિકાર છે; હાલ તો ત્યાં પાતાળમાં શ્રી વિષ્ણુ ગદા લઇને ચોકી કરી રહ્યા છે, તેથી બલિને હું લાવી શકયો નથી. વળી દેવોએ પોતાના બંધુ જેવા હિરણ્યાક્ષને કેમ મારી નાખ્યો? શુંભ–નિશુંભ વગેરે દૈત્યોને દેવોએ શા માટે મરાવી નાખ્યા? પૂર્વે દેવો તથા અસુરોએ મળીને સમુદ્ર મંથન કર્યું ત્યારે તેમાંથી જે નીકળે તેના ઉપર બન્નેનો સરખો જ હક્ક હતો ત્યારે માત્ર દેવોએ જ અમૃતનું પાન કર્યું અને અમે કલેશ પામી જોતાં જ રહ્યા. આ કેમ બન્યું? જગત પ્રકૃતિરૂપ પરમાત્માનું રમકડું છે. જેને જે સમયે તે સંપત્તિ (ઐશ્વર્ય) આપે છે તે સમયે તે સર્વ તેનું જ થાય છે. વળી દેવો તથા દાનવોનો વિવાદ કોઇને કોઇ નિમિત્તથી હોય છે એટલે તે તો કાયમ ચાલ્યા જ કરે છે. કોઇ કાળે દેવો જીતે છે ને અમે હારીએ છીએ, કયારેક અમે જીતીએ છીએ ને દેવો હારે છે એટલે અમારી બાબતમાં આપ દરમ્યાનગીરી કરો તે વ્યર્થ છે. વળી આપ બન્ને પક્ષના સંબંધી, ઇશ્વર જેવા છો એટલે પણ તમે વચ્ચે પડો તે વ્યાજબી નથી. વળી અમે ગમે તેટલા ઐશ્વર્યવાળા છીએ છતાં નીચ છીએ, જ્યારે તમે તો અમારા કરતાં ઘણાયે ઊંચા છો એટલે આપ અમારી સાથે યુદ્ધ કરો તેમાં શરમાવા જેવું તમારે છે. વળી આ યુદ્ધમાં જો અમે જીત મેળવીશું તો તમારા જય કરતાં અમારી કીર્તિ વધારે ફેલાશે, કારણ કે સિંહ. શિયાળ જેવાને મારીને શી રીતે કીર્તિ પામે?'

દાનવરાજ શંખચુડનાં આવાં વચનો સાંભળી ભગવાન શંકર ખૂબ હસ્યા પછી તેને કહેવા લાગ્યા: 'હે દાનવેન્દ્ર!

તમે નીચ શી રીતે કહેવાઓ ? બ્રહ્માના વંશમાં જન્મેલા તમારી સાથે લડવામાં મારે શી લજ્જા હોય ? વળી અમે દેવો તો નિરંતર દૈત્યો સાથે લડીએ છીએ અને લડવાના, એ તો અમારો સનાતન ધર્મ છે, એટલે તેમાં અમારે શરમાવા જેવું કંઇ જ નથી. અને અમે યુધ્ધમાં કદાચ હારીશું તો અમારી અપકીર્તિ પણ કેવી રીતે થવાની છે ? આના પહેલાં શ્રીહરિ અને મધુ–કૈટભ વચ્ચે યુધ્ધ થઇ ગયેલું છે, એકવાર શ્રીહરિ હિરણ્યકશિપુ સાથે પણ લડયા હતા. હું પોતે પણ એ પહેલાં ત્રિપુર નામના દૈત્ય સાથે ભારે યુધ્ધ ખેલી ચૂકયો છું વળી પ્રકૃતિ નામથી પ્રસિધ્ધ છે તે દેવી જગદમ્બાને શુંભ નિશુંભ આદિ અસુરો સાથે ભયંકર યુધ્ધ થયું હતું.

હે શંખચુડ ! વળી તું તો ભગવાન શ્રીકૃષ્ણનો અંશ અને ગોપ–પાર્ષદ છું અત્યાર સુધીમાં જે જે દૈત્યો હણાયા છે તેઓમાં તારા જેવો બળવાન અને પરાક્રમી કોઇ નહોતો, તો પછી તારી સાથે યુધ્ધ કરવામાં મને લજ્જા કેવી ? તારી સાથે લડવાનો મને શ્રીહરિએ જ આદેશ આપેલો છે. જો તારે યુધ્ધ ન કરવું હોય તો તું રજી ખુશીથી દેવોનું રાજ્ય પાછું આપી દે, કયાં તો લડવા તૈયાર થા.’ આ માટે ખોટો વાદવિવાદ કરવાનો શું અર્થ છે ?’

હે નારદ ! એમ કહી ભગવાન શંકરે મૌન સેવ્યું એટલે દૈત્યેન્દ્ર શંખચૂડ પણ પોતાની સેના સાથે ઊઠીને ત્યાંથી જવા માટે તત્પર થયો. ૮૨

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
‘શંખચૂડ અને ભગવાન શંકર’ નામનો
૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### શંકરના ગણો અને શંખચૂડ વચ્ચે યુદ્ધ

નારાયણ ઉવાચ :

શિવં પ્રણમ્યશિરસાદાનવેન્દ્રપ્રતાપવાનમ્ ।
સમારુરોહયાનં ચ સહામાત્યૈ સસત્વરમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : જતી વેળાએ દાનવેન્દ્ર શંખચૂડ ભગવાન શંકરને મસ્તક વડે પ્રણામ કરી પોતાના મંત્રીઓ સાથે ઊઠીને પોતાના રથમાં જઇને બેઠો અને યુદ્ધ કરવાની તૈયારી કરવા લાગ્યો એટલે ભગવાન શંકરે પણ પોતાની ગણસેનાને બધા દેવો ને યુધ્ધ શરૂ કરવાનો આદેશ આપ્યો.

બન્ને પક્ષે જોરદાર યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે શંખચૂડ રત્નજડિત આભુષણોથી શોભતો પોતાના વિમાન પર બેસીને યુદ્ધ જોઈ રહ્યો હતો. યુદ્ધમાં દાનવો જોરમાં હતા અને દેવો ઢીલા પડી ગયા હતા, એટલે જોતજોતામાં દાનવસેનાએ શંકરના ગણોને અને દેવોને હરાવી દીધા. દેવો ખૂબ ઘાયલ અને નિરાશ થયા હતા તેથી યુદ્ધભુમિમાંથી ભાગવા લાગ્યા ત્યારે કાર્તિકેય સ્વામીએ કોપાયમાન થઇ તેઓને રોકયા અને અભય આપ્યું. પછી કાર્તિકેયે પોતાનાં તેજથી બધાય ગણો અને દેવોનું બળ વધાર્યું તે પછી તે એકલા જ દાનવો સાથે કુશળતાથી લડવા

લાગ્યા. એતજોતામાં કાર્તિકેય સ્વામીએ યુદ્ધભુમિમાં સો અક્ષૌહિણી સૈનિકોને મારી નાખ્યા. મોટા ભાગના અસુરો તો ભદ્રકાલીના આઘાતથી જ ધૂળ ચાટના થઇ ગયા હતા. ધીમે ધીમે યુદ્ધ વધુ ભયંકર–ભિષણ થતું ગયું, આતી શંખચૂડે પોતાના પક્ષના સૈનિકોને ગભરાયેલા જોઇ વિમાનમાંથી જોરદાર બાણો શંકરના પક્ષમાં છોડવા માંડયા, તેણે એટલા બધા બાણો છોડયા કે ચારે તરફ ઘોર અંધકાર છવાઇ ગયો, પછી તેણે આગ્નેયાસ્ત્રને અજમાવ્યું તેથી દેવો ગભરાઇને નાસ ભાગ કરવા લાગ્યા. એટલે કાર્તિકેય યુદ્ધના મોરચે આવી અડગતાથી ઊભા રહ્યા હવે ક્રોધે ભરાયેલા શંખચૂડે માયા કરી જેથી મોટા મોટા વિશાળ પર્વતો, સર્પો, વૃક્ષો વગેરે તેમના પર ફેંકાવા લાગ્યા. આ બધાની એટલી બધી વૃષ્ટિ થવા માંડી કે તેને રોકી શકવા કોઇ સમર્થ બને નહિ. ત્યાર બાદ એ ભયંકર દાનવે કાર્તિકેયના ભારે ધનુષ્યને ભાંગી નાંખ્યું, તેના દિવ્ય રથને તોડી નાખ્યો ને રથના રક્ષકોને હણી નાખ્યા.

બાકી રહ્યું હતું તે બળવાન શંખચૂડે કાર્તિકેય સ્વામીના વાહન મોરને દિવ્ય અસ્ત્રોથી ઢીલો કરી નાખ્યો પછી તેણે સુર્ય જેવી તેજસ્વી પ્રાણ–હારક શક્તિ કાર્તિકેયની છાતી પર છોડી, તેના પ્રચંડ આઘાતથી ઘડીભર કાર્તિકેય બેશુદ્ધ થઇ ગયા, પરંતુ ભાન આવતા સ્વસ્થ થઇને પોતાને વિષ્ણુની પ્રસન્નતાથી જે દિવ્ય ધનુષ્ય મળ્યું હતું તેને ઊઠાવ્યું, પછી તેને લઇ આયુધોથી સભર રથ ઉપર બેસી શંખચૂડ સાથે લડવા માંડ્યું. આ વખતે યુદ્ધની પ્રબળતા ઘણી વધી ગઇ હતી છતાં કાર્તિકેય સ્વામી શંખચૂડને હરાવી શક્યા નહિ. પછી તો તપસ્વી યોગી જેવા ને વરદાન પામેલા શંખચૂડે પોતાની માયાથી યુદ્ધ ભુમિમાં અસંખ્ય બાણોની જાળ ફેલાવી દીધી. જેનાથી કાર્તિકેય સ્વામી સાવ ઢંકાઇ ગયા.

એટલે કાલીએ પોતાના પ્રલયકાળના અગ્નિ જેવા બાણો એકસામટા તેના પર છોડવા માંડયા, પરંતુ શંખચુડે અટ્ટહાસ્ય કરીને તે બધાંયે બાણો પોતાની પાસેના પાર્જન્યાસ્ત્રથી શાંત કરી દીધાં. કાલીએ સામે વારુણાસ્ત્ર છોડયું તો શંખચૂડે તેને ગંધર્વાસ્ત્ર શંખચૂડ સામે છોડયું તો તેણે પોતાની પાસેના વૈષ્ણવાસ્ત્રથી શાંત કરી દીધું. પરંતુ જ્યારે કોપે ભરાયેલા ભદ્રકાળીએ શંખચૂડ પર નારાયણાસ્ત્રને મંત્રપૂર્વક છોડયું ત્યારે શંખચૂડ ગભરાઇને રથ પરથી નીચે ઊતર્યો ને તેણે દેવી સામે પોતાના બન્ને હાથ જોડયા. આથી નારાયણાસ્ત્ર તેના ઉપરથી સડસડાટ ચાલ્યું ગયું. ત્યાર પછી ભદ્રકાળીએ મંત્રોચ્ચાર પૂર્વક એક દિવ્ય અસ્ત્ર શંખચુડ સામે છોડ્યું તો દાનવેન્દ્ર શંખચુડે પોતાની પાસેના દિવ્યાસ્ત્રથી એની સર્વ શક્તિ નષ્ટ કરી નાખી. ભદ્રકાળી દેવીએ વિચાર્યું કે હવે હું પાશુપતાસ્ત્રને શંખચુડ પર છોડું.... પરંતુ ત્યાં તો આકાશવાણી થઇ કે, 'હે ભદ્રકાળી! દાનવોનો રાજા આ શંખચૂડ

એકદમ ક્રોધથી જિતાય એવો નથી. એની પત્ની પણ પરમ સાધ્વી છે. તમે તેના પર જે પાશુપતાસ્ત્ર છોડવા ઇચ્છો છો તેનાથી તે હણાવાનો નથી, કારણ કે એ કવચથી રક્ષાયેલો છે. જ્યાં સુધી એની ડોકમાં શ્રીહરિનું મંત્રકવચ છે, અને જ્યાં સુધી એની પત્નીનું સતીત્વ જળવાઇ રહ્યું છે ત્યાં સુધી તે મરશે નહિ. તેના પર કાળનો કંઇ જ પ્રભાવ પડી શકશે નહિ, આ બ્રહ્માનું વચન છે.

ભદ્રકાળીએ આ પ્રમાણે આકાશવાણી સાંભળી એટલે તેમણે શંખચૂડ પર અસ્ત્ર–શસ્ત્ર છોડવા બંધ કર્યા. પરંતુ હવે તે દેવી જાણે બહુ જ ભુખ્યાં થયાં હોય તેમ યુદ્ધભૂમિમાં ઘુમી એક પછી એક મરેલા ને જીવતા દાનવોને ગળી જવાં લાગ્યાં. અને અંતે ભયંકર અને બિહામણા લાગતાં કાળીદેવી શંખચુડને ગળી જવા તેના પર ધસ્યાં, તો તે બળવાન દાનવે પોતાની પાસેનાં તેજસ્વી દિવ્ય અસ્ત્રથી દેવીને પોતાની પાસે આવતાં અટકાવી દીધાં. એટલે ભદ્રકાળી પાછાં પોતાની સહાયક જોગણીઓ સાથે યુદ્ધ ભૂમિમાં ઘુમીને દાનવોનો વિનાશ કરવા લાગ્યાં. વળી પાછાં દેવી પૂર્ણ વેગથી શંખચુડ સામે ધસ્યાં તો આ વખતે સર્વ સિદ્ધોમાં શ્રેષ્ઠ શંખચુડ ક્રદમાં એકદમ વધી ગયો. તો કોપાયમાન થયેલાં કાળીકાએ તેના રથને એક જ જોરદાર મુઠી મારી ભાંગી નાખ્યો. પછી તેમણે શંખચૂડ ઉપર પ્રલયકાળના અગ્નિ જેવું ત્રિશૂળ ફેંક્યું તો સાવધ રહેલા શંખચૂડે જાણે પોતે રમત કરતો હોય તેમ ત્રિશૂળને ડાબા હાથે પકડી લીધું.

આથી ભદ્રકાળીને તેના પર એટલો બધો ક્રોધ ચડયો કે તેને પકડી ચકકર ચકકર ઘુમાવીને વેગથી ઊંચે ઊછાળ્યો, ને તે નીચે પડયો ત્યારે હસતો હસતો દેવીને પ્રણામ કરી ઊભો રહ્યો.

આમ દેવીને પ્રણામ કરીને શંખચૂડ તુરત જ પોતાના રત્નજડિત્ર વિમાનમાં હર્ષપૂર્વક બેસી ગયો, હાલ લડવા માટે તે રોકાયો નહિ. એટલે ભદ્રકાળી દેવી પાછાં દાનવોનું લોહી પીવા લાગ્યાં. આમ ક્ષુધા–તૃષા સંતોષી તૃપ્ત થઇ દેવી ભદ્રકાળી ભગવાન શંકર પાસે ગયાં ને તેમને યુદ્ધ કરવાનું સર્વ વૃત્તાંત રસપૂર્વક કહ્યું, દેવીએ ઘણા દાનવોનો નાશ કર્યો તે જાણી ભગવાન શંકરને હસવું આવી ગયું. ત્યાં તો કાળીકાએ વધુમાં કહ્યું કે, 'હે દેવેશ્વર! જો કે બધાં દાનવો હણાયા નથી. હું દાનવોને ગળવા માંડી ત્યારે મારા મોઢાંમાંથી જે નીકળી ગયા તે બાકી રહ્યા છે, તે જીવતા રહી ગયા છે. જ્યારે મને લાગ્યું કે આ બળવાન દૈત્ય કોઇ ઉપાયે મરાય તેવો લાગતો નથી એટલે દિવ્ય પાશુપતાસ્ત્રથી દૈત્યેન્દ્રનો નાશ હું કરવા વિચારી રહી હતી, ત્યાં તો આકાશવાણી થઇ અને હું લડવા રોકાઇ ગઇ.' એમ કહી કાળીકાએ ભગવાન શંકરને આકાશવાણીનો આદેશ જણાવી કહ્યું, 'એ શંખચુડ મહાજ્ઞાની, તપસ્વી, મહાબળવાન, વિષ્ણુભક્ત ને મહાપરાક્રમી છે. તેણે પછી મારા ઉપર

અસ્ત્રો છોડવા બંધ કર્યાં હતાં. તે તો માત્ર મારા છોડેલાં અસ્ત્રોને અધવચથી કાપતો હતો ૭૫

ઈતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'શંકરના ગણો અને શંખચુડ વચ્ચે યુદ્ધ' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### દૈત્યેન્દ્ર શંખચૂડ બળીને ભસ્મ થયો

શ્રી નારાયણ ઉવાચ:

શિવસ્તત્ત્વંસમાકર્ણ્ય તત્ત્વજ્ઞાનવિશારદઃ ।
યયૌ સ્વયં ચ સમરે સ્વગણૈઃ સહનારદ ।।

શ્રી નારાયણ બોલ્યા : 'હે મુને ! ભગવાન શંકર તો તત્ત્વજ્ઞાનને જાણનારા હતા તેથી ભદ્રકાળીના મુખથી યુદ્ધનું સર્વ રોમાંચક વૃત્તાંત સાંભળી તે પોતે અસંખ્ય ગણોની સેના સાથે યુદ્ધભૂમિમાં મોખરે જઈ પહોંચ્યા. તેમને આવેલા જોઈ રથમાં બેઠેલો શંખચુડ નીચે ઉતર્યો ને ભગવાનને ભક્તિપૂર્વક પ્રણામ કરી પાછો રથ ઉપર ચડી ગયો, પછી તેણે ગણોની સેના તરફ બાણો છોડવા માંડયા. ત્યાર બાદ તે ભગવાન શંકર ઉપર બાણો છોડવા લાગ્યો, તો ભગવાન પણ તેના ઉપર દિવ્ય બાણો છોડવા માંડયાં. તે બન્ને વચ્ચે જોરદાર યુદ્ધ ઘણા સમય સુધી ચાલતું રહ્યું પરંતુ બન્નેમાંથી કોઈ જીતતું નહોતું કે કોઈ હારતું નહોતું.

એવામાં ભગવાન શ્રીહરિ વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ લઈ એકાએક યુદ્ધભૂમિ પર આવી પહોંચ્યા અને શંખચુડ પાસે રથ આગળ જઈ દયામણું મોઢું કરી કહેવા લાગ્યા : 'હે દૈત્યેન્દ્ર ! આ બ્રાહ્મણ તમારી પાસે કંઈક ભીખ માગવાની ઇચ્છાથી આવ્યો છે. આ મોકો જ એવો છે કે તમે યાચકને જે માગે તે આપી શકો એવી શક્તિવાળા થયા છો, તો મારી ઇચ્છા પૂર્ણ કરો.

આ સાંભળી શંખચુડે પ્રસન્ન થઈ કહ્યું, 'તમે જે ઇચ્છા હોય તે વિના સંકોચે કહો, તમે માગશો તે આપવા હું બંધાઉં છું.' આ તક જોઈ આવેલા વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું, 'હે શંખચુડ, તમારી પાસે જે 'કૃષ્ણકવચ' છે તે હું માગું છું' આ સાંભળી ઉદાર શંખચુડે કંઈ પણ લાંબો વિચાર કર્યા વિના પોતે ગળામાં પહેરી રાખેલું તે કૃષ્ણકવચ પ્રસન્નતાપૂર્વક તે વૃદ્ધ બ્રાહ્મણને આપી દીધું. ત્યારબાદ બ્રાહ્મણ સ્વરૂપે આવેલા શ્રીહરિ આબેહુબ શંખચુડનું રૂપ લઈ તેના પત્ની તુલસીની પાસે ગયા. તુલસીએ તો તેમને પોતાના પતિ જ સમજીને તેમની સાથે આનંદવિલાસ કર્યો– આ રીતે કપટકલાથી પણ શંખચુડની પત્ની તુલસીના સતીત્વનો ભંગ થઈ ગયો. જો કે તત્ત્વરૂપે જોતાં તો તુલસી શ્રીહરિનાં પ્રિય પત્ની જ હતાં, પછી શ્રીહરિ ત્યાંથી યુદ્ધભૂમિમાં ગયા ને શંકરને શંખચુડને મારવા કહ્યું એટલે ભગવાન શંકરે શંખચુડને હણવા માટે અગ્નિ જેવું તેજસ્વી, ચક્ર જેવા તેજવાળું ભયંકર ત્રિશૂળ હાથમાં લીધું, એટલું વજનદાર ત્રિશૂળ હતું કે તેને શંકર કે વિષ્ણુ સિવાય અન્ય કોઈ ઊઠાવી

શકે નહિ. એવા પ્રચંડ ત્રિશૂળને શંકરે જોરથી શંખચૂડ ઉપર ફેંક્યું. શંખચૂડ બુદ્ધિવંત હતો તેથી તેણે જાણીજોઈને પોતાના ધનુષ્યને ધરતી ઉપર ફેંકી દીધું. પછી તે યોગાસને બેસી ભક્તિપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળનું ધ્યાન કરવા લાગ્યો, એટલે પેલું ભગવાન શંકરે ફેંકેલું ત્રિશૂળ કેટલીક વાર સુધી તેની ચારે તરફ ઘુમતું રહ્યું, પણ અંતે તે દૈત્યેન્દ્ર શંખચુડ પોતાના રથ સહિત ત્યાં બળીને ભસ્મ થઈ ગયો અને તે ભસ્મ માંથી એક દિવ્ય ગોપસ્વરૂપ પ્રકટ્યું.

આ ગોપ કિશોર હતો, તેને બે ભુજા હતી. એક હાથમાં મોરલી હતી. તેણે અંગ ઉપર દિવ્ય આભુષણો ધારણ કરેલાં હતાં. એવામાં દિવ્યમણિઓથી જડેલું એક દિવ્ય વિમાન ગોલોકમાંથી તેની પાસે આવ્યું. એ દેવવિમાનમાં અસંખ્ય ગોપીઓ બેઠેલી હતી. પછી દિવ્ય કિશોર સ્વરૂપે થઈ ગયેલો શંખચૂડ તેમાં બેસી ગોલોકમાં ચાલ્યો ગયો.

ત્યાં જઈ દિવ્યરૂપે રહેલા શંખચુડે ભગવાનના ચરણકમળમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. પોતાના ચિર સેવક સુદામાને પાછો ગોલોકમાં આવેલો જોઈ ભગવાન શ્રીકૃષ્ણે પ્રસન્નતાથી તેને ઊંચકીને પોતાના ખોળામાં લીધો.

તે વખતે પેલું ભગવાન શંકર પાસે રહેલું પ્રચંડ ત્રિશૂળ પણ પૂરવેગે પાછું શ્રીકૃષ્ણ પાસે આવી ગયું. યુદ્ધભુમિમાં જે શંખચૂડ મરાયો હતો તેના હાડકાં માંથી અનેક પ્રકારના શંખ ઉત્પન્ન થયા. આ બધાય શંખ ઘણા ઉત્તમ દેવપૂજામાં રાખવા પવિત્ર અને કલ્યાણકારી મનાય છે. એ શંખમાં રાખેલું જળ પવિત્ર તીર્થરૂપ શ્રેષ્ઠ અને દેવોને પ્રસન્ન કરનારું મનાય છે.

આ શંખ પ્રત્યે કેવળ ભગવાન શંકર જ આદર રાખે છે એવું નથી, પરંતુ જ્યાં જ્યાં શંખ ધ્વનિ થાય છે. ત્યાં ત્યાં લક્ષ્મીનો વાસ થાય છે. જે ભાવિક મનુષ્ય શંખના જળથી સ્નાન કરે છે તેને સર્વ તીર્થોમાં સ્નાન કર્યા બરાબરનું ફળ મળે છે. શંખ શ્રીવિષ્ણુનું રહેઠાણ હોવાથી જ્યાં શંખ હોય ત્યાં શ્રી વિષ્ણુ વસે છે એટલું જ નહિ, પણ ત્યાં લક્ષ્મી પણ વસે છે, અને ત્યાંથી અમંગળ દૂર થાય છે.

આ તરફ ભગવાન શંકર અક્ષયવડ નીચે રહ્યા હતા તે દેવેન્દ્ર શંખચૂડને ત્રિશુળથી હણ્યા પછી આનંદિત થઈ પોતાના ઉત્તમ વાહન વૃષભ પર બેસી કાર્તિકેય સ્વામી તથા ગણો સહિત કૈલાસમાં ચાલ્યા ગયા. દેવો હવે ભયમુક્ત થયાં હતા તેથી પોતાનું રાજ્ય સંભાળવા ચાલ્યા ગયા. આ પ્રસંગે સ્વર્ગમાં દુદુંભિ નગારાં વાગવાં લાગ્યા, ગંધર્વો તથા કિન્નરો ગાન કરવા લાગ્યાં, આ ઉત્તમ કાર્ય થવાથી દેવો તથા મુનિગણો ભગવાન શંકરની પ્રશંસા કરવા લાગ્યા. ૩૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'દૈત્યેન્દ્ર શંખચુડ બળીને ભસ્મ થયા' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૪ મો

### તુલસીનો મહિમા

નારદ ઉવાચ

**નારાયણશ્ચ ભગવાન વીર્યાધાનં ચકાર હ ।
તુલસ્યાં કેનરુપેણ તન્મે વ્યાખ્યાતુમર્હસિ ॥**

નારદે પૂછ્યું : ભગવાન નારાયણે કેવું રૂપ ધારણ કરી તુલસીમાં વીર્યસ્થાપન કર્યું હતું તે સર્વ વૃત્તાંત આપને યોગ્ય લાગે તો મને કહો.

શ્રીનારાયણ બોલ્યા : નારદ! દેવોનું દુઃખ દુર કરવા, તેમણે ગુમાવેલું રાજ્ય પાછું અપાવવા માટે ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણ સ્વરૂપે શંખચૂડ પાસેથી કવચ લઈ લીધું, પછી વિષ્ણુ માયાથી શંખચૂડનુ આબેહુબ રૂપ લઇ તુરત જ શંખચૂડની સતી પત્ની તુલસી પાસે ગયા. કારણ કે શંખચૂડ પાસે શ્રીકૃષ્ણ કવચ ન હોય અને તુલસીના પતિવ્રતા ધર્મનો ભંગ થાય તો જ શંખચૂડ મરાય તેમ હતો. એટલે તે કાર્ય પાર પાડવા શ્રીહરિ તુલસી પાસે શંખચૂડનું રૂપ ધારણ કરીને ગયા. તુલસી સમજી કે પોતાના પતિ શંખચૂડ યુદ્ધ જીતીને પાછા ફર્યા છે એટલે એણે તો હર્ષપૂર્વક શ્રીહરિને આવકાર આપ્યો અને તેમને ભેટી પડી. પછી શ્રીહરિએ શંખચૂડના સ્વરૂપે તુલસી સાથે સહશયન કર્યું પછી બન્ને યુદ્ધ સંબંધી ઘણો વાર્તાલાપ કર્યો.

પરંતુ દરરોજ પોતાના પતિ શંખચુડ સાથે જે રીતે ભોગ–વિલાસ (ક્રીડા) થતો હતો તે રીતમાં ઘણો જ ફરક જણાવાથી પતિવ્રતા તુલસી તર્ક કરીને જાણી ગઇ કે જેની સાથે મેં ભોગ ભોગવ્યા તે વ્યક્તિ મારા પતિ નથી, કોઇ બીજો જ પુરુષ મારા પતિનું સ્વરૂપ લઇ મને ભોગવી ચુકયો છે.

એમ વિચારી તુલસી તરત જ બોલી ઊઠી, 'હે માયાવી પુરુષ ! તમે કોણ છો ? તમે કપટથી મને ભોગવી. મારા શિયળનો ભંગ કર્યો છે. આથી હવે હું તમને શાપ આપીશ.

તુલસીને ક્રોધિત થઇને શાપ આપવા તૈયાર થયેલી જોઇ ભગવાન વિષ્ણુએ લીલાપૂર્વક પોતાનું અસલ મનોહર સ્વરૂપ ત્યાં આગળ પ્રકટ કર્યું. સતી તુલસીએ આશ્ચર્યપૂર્વક પોતાની સમક્ષ શંખચુડને બદલે દેવોના દેવ સનાતન વિષ્ણુને ઊભેલા જોયા. તે ભગવાન મેઘ જેવા શ્યામ, શરદઋતુનાં કમળ જેવા નેત્રોવાળા, કામદેવ સમાન સ્વરૂપવાળા, પીળું પીતાંબર ધારણ કરેલા અને રત્નમય આભુષણોથી અત્યંત શોભતા હતા. સાક્ષાત ભગવાનને સામે જોતાં જ તુલસી મૂર્છા પામી, થોડીવારે આપોઆપ ભાનમાં આવતાં તે બોલવા લાગી : 'હે નાથ ! તમે સ્વરૂપવાન છો પરંતુ તમારા પથ્થર જેવા હૃદયમાં દયાનો છાંટો નથી, તેથી તો મારા પ્રત્યે નિષ્ઠુર બન્યા અને કપટ કરીને મને ભોગવી. તમે મારા પતિને મારીને મારા સતીત્વનો ભંગ કર્યો. પ્રભો ! આપનું હૃદય પાષાણ જેવું છે તેથી જ આપ મારી સાથે અઘટિત કર્મ કરવા પ્રેરાયા. તમે પાષાણ હૃદયી છો તો

તમે હવે ખરેખર પથ્થર બની જાઓ.' કારણ કે આપના પરમભક્ત મારા પતિ (શંખચુડ) વગર અપરાધે માર્યા ગયા છે.

આમ કહેતાં તુલસીની આંખોમાંથી દડદડ આંસુ સરવા લાગ્યાં. તે બહુ જ વિલાપ કરવા લાગી ત્યારે શ્રીહરિ તેને આશ્વાસન આપી સમજાવવા લાગ્યા: 'હે ભદ્રે ! હું જાણું છું કે તેં ભરતખંડમાં રહી મારે માટે ઘણું ઉગ્ર તપ કર્યું છે. પરંતુ એજ સમયે મારા અંશરૂપ શંખચુડ પણ તારા માટે તપ કરી રહ્યો હતો, તેનું તપ ફળ્યું અને તને સ્ત્રીરૂપે ભોગવીને પાછો ગોલોકમાં ચાલ્યો ગયો છે. હવે મારે તારી તપશ્ચર્યાનું ફળ તને આપવું જ જોઇએ. તું હવે બધો શોક છોડી દઇ તારા આ શરીરને ત્યજી દઇ, દિવ્ય દેહ ધારણ કરી મારી સાથે રહી આનંદ કરજે. મારી સાથે જેમ લક્ષ્મી રહે છે તેવી જ રીતે તારે પણ રહેવાનું વળી તારૂં આ શરીર ભરતખંડમાં 'ગંડકી' નદીરૂપે વિખ્યાત થશે. ભરતખંડમાં આ પવિત્ર નદીમાં સ્નાન કરનાર મનુષ્યોને ઉત્તમ પુણ્ય પ્રાપ્ત થશે. તારો જે ઉત્તમ કેશકલાપ છે તે ભરતખંડમાં પવિત્ર વૃક્ષ થશે, એ વૃક્ષનાં પત્ર અને પુષ્પ, દેવોના પૂજનમાં આવતાં સર્વ પત્રો–પુષ્પોમાં મુખ્ય મનાશે. તેમ જ ત્રૈલોકમાં અને ગોલોકમાં સદા મારી સમીપ જ તું શોભીશ. તારો નિવાસ પણ ભરત–ખંડમાં વૃંદાવન, રાસમંડળ, ભાંડીરવન, ચંપકવન અને ચન્દ્રવનમાં થશે, તેમ જ માધવી, કેતકી, કુંદ અને મલ્લિકાના વનમાં પણ તારો નિવાસ થશે.

તુલસી વૃક્ષરૂપે રહેલી તારા નીચેનું સ્થાન ઘણું પવિત્ર થશે. તુલસીનાં પાન એટલાં ગૌરવવંતા હશે કે વૃક્ષની નીચે દેવો વસશે, તેઓની જેમ હું પણ રહીશ. તુલસીપત્રના જળથી જેનો અભિષેક થાય છે, તેને સમગ્ર તીર્થોમાં સ્નાન કરેલો ને બધાય યજ્ઞોમાં દીક્ષીત સમજવો. અમૃતના હજારો કળશથી શ્રીહરિને જેટલી તૃપ્તિ થાય એટલી જ તૃપ્તિ માત્ર તુલસીના એક પાંદડાંને ચડાવવાથી થાય છે. દશ હજાર ગાયોનું દાન કરવાથી જે ફળપ્રાપ્તિ થાય છે, તેવા જ ફળની પ્રાપ્તિ કારતક માસમાં તુલસીપત્રનું દાન કરવાથી થાય છે.

જે વ્યકિતના અંતઃકાળે તેના મુખમાં તુલસીપત્રનું જળ મુકેલું હોય છે તે જીવાત્મા સર્વ પાપોથી મુકત થઇ વૈકુંઠ ધામનો અધિકારી થાય છે. જે મનુષ્ય નિરંતર શ્રદ્ધાભકિત પૂર્વક નિત્ય તુલસીજળ સ્વીકારે છે, તે ભાવિક મનુષ્યને લાખ અશ્વમેધ યજ્ઞ કર્યા બરાબરનું ફળ મળે છે. તીર્થોમાં ગયેલા જે ભાવિક મનુષ્યના હાથમાં મરતી વખતે તુલસી હોય છે તેનો વિષ્ણુલોકમાં વાસ થાય છે. જે ભાવિક પુરૂષ ગળામાં નિરંતર તુલસી–કાષ્ટની માળા ધારણ કરે છે તે પગલે....પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવે છે.

જે મનુષ્ય તુલસીને હાથમાં ગ્રહણ કરી કોઇ પણ પ્રતિજ્ઞા લે છે અને પછી એ પ્રતિજ્ઞાનો ભંગ કરે છે, તે મનુષ્ય

જ્યાં સુધી સુર્ય–ચન્દ્ર રહે ત્યાં સુધી 'કાલસુત્ર' નામના નરકમાં રહી ભયંકર યાતના ભોગવે છે. જે મનુષ્ય તુલસી સમક્ષ જુઠી પ્રતિજ્ઞા લે છે તેને 'કુંભી-પાક' નરકમાં લાંબા કાળ સુધી રહેવું પડે છે. મરણ સમયે જેના મુખમાં તુલસીના જળનું માત્ર એક ટીપું પણ જાય છે તેનો અવશ્ય વિષ્ણુલોકમાં વાસ થાય છે. તુલસી તોડવાના નિયમ પણ ભાવિકે જાણવા જોઇએ. 'પૂનમ, અમાસ, બારસ, સુર્યસંક્રાંતિ, મધ્યાન્હકાળ, રાત્રિ, બંને સંધ્યાઓ, અશૌચ સમય, રાત્રે સુતાં પછી, સ્નાન કર્યા સિવાય તથા અંગે તેલ લગાવેલું હોય ત્યારે જે મનુષ્ય તુલસીના પાન ચૂંટે છે, તોડે છે તેણે સમજવું કે તે જાણે શ્રીહરિનું મસ્તક છેદી રહ્યો છે. હે સાધ્વી સ્ત્રી! તારો મહિમા ભરતખંડમાં બહુ જ મોટો ગણાશે. તુલસીપત્ર રોજ ન મળી શકે તેમ હોય તે માટે શું કરવું તે પણ જાણવા જેવું છે. શ્રાદ્ધ, વ્રત, દાન, પ્રતિષ્ઠા, તેમ જ દેવને અર્ચન કરવા માટે તુલસીપત્ર વાસી હોય તો પણ તે ત્રણ રાત્રિ સુધી પવિત્ર ગણાય છે. જમીન પર પડેલું, જળમાં પડેલું તેમ જ શ્રીવિષ્ણુને અર્પણ કરેલું તુલ-સીપત્ર ધોઇને લેવાથી તેને શુદ્ધ થયેલું ગણી શુભ કાર્ય માટે ઉપયોગમાં લેવાય છે. તું પૃથ્વી પર વૃક્ષરૂપે રહીશ અને તે વૃક્ષની અધિષ્ઠાત્રી દેવીરૂપે રહીશ તે ઉપરાંત નિર્દોષ ગોલોકમાં ભગવાન કૃષ્ણ સાથે રહી નિરંતર આનંદ કરીશ.

વળી ભરતખંડમાં ગંડકી નદીની અધિષ્ઠાત્રી દેવીરૂપે જે તું રહીશ, તે જ મારા અંશરૂપ સમુદ્રની પત્ની થઇશ, અને પતિવ્રતા તું પોતે જ પછી વૈકું-ઠમાં પધારી લક્ષ્મી સમાન મારી પત્ની થઇને રહીશ. એમાં સંશય રાખવા જેવું નથી. હું પણ તેં આપેલા તારા શાપને સત્ય ઠરાવવા માટે ભરતખંડમાં 'શાલિગ્રામ' પાષાણ થઇશ, મારો વાસ એ ગંડકી નદીના કિનારે જ રહેશે. તે નદીના કાંઠે રહેતા અસંખ્ય કિટકો પોતાની તીક્ષ્ણ દાઢોથી એ પાષાણને કોરીને મારા ચક્રના ચિન્હ કરશે. તેમાં એક મુખ તથા ચાર ચક્રોવાળો અને વનમાલાથી શણગારેલો અને નવા મેઘ જેવા કાળા રંગનો જે હશે તે પાષાણ 'લક્ષ્મીનારાયણ' કહેવાશે, વળી જેમાં એક દ્વાર અને ચાર ચક્રના ચિન્હ હશે, પણ તેમાં વનમાલાની રેખા નહિ જણાતી હોય એવા શ્યામ રંગના પાષા-ણને લક્ષ્મી અને જનાર્દનની પ્રતિમા સમજવી. જેને બે મુખ ને ચાર ચક્ર હોય, ગાયના પગલાંથી જે સુશોભિત હોય અને વનમાલાથી રહિત હોય તે 'રઘુનાથ' નામે ઓળખાશે. અત્યંત નાનો બે ચક્રવાળો, નવા મેઘ જેવી કાંતિવાળો તથા વનમાલાથી જે રહિત હોય તેને 'વામન' નામે જાણવો, અત્યંત નાના આકારનાં બે ચક્ર તેમ જ વન-માલથી શોભતો પાષાણ સ્વયં 'શ્રીધર' રૂપે છે, એમ સમજવું. એવી મૂર્તિ

સજ્જનોને નિત્ય લક્ષ્મી આપે છે.

જે પાષાણ પૂરેપૂરો સ્થૂળ, ગોળાકાર તથા વનમાલાના ચિન્હથી રહિત હોય તથા તેમાં બે ચક્રનાં ચિન્હ સ્પષ્ટ વર્તાતાં હોય તે પાષાણ 'દામોદર' કહેવાય છે. જે પાષાણ ગોળ પણ મધ્યમ પ્રકારનો હોય, જેમાં ચક્ર ઉપરાંત ધનુષ તથા બાણનાં ચિન્હ હોય એ પાષાણને 'રામ' નામે માનવો. જે પાષાણ મધ્યમ શ્રેણીનો સાત ચક્રવાળો તેમ જ છત્ર તથા આભુષણોથી શોભતો હોય તેને ભગવાન 'રાજેશ્વર'ની પ્રતિમા સમજવી. આ મૂર્તિની ઉપાસના કરનાર મનુષ્યને રાજ્યલક્ષ્મી સંપન્ન થાય છે. વળી જે પાષાણ સાત ચક્રોવાળો, જાડો તથા નવા મેઘ જેવી કાંતિવાળો હોય તે 'અનંત' કહેવાય છે, તે ચાર વર્ગરૂપ ફળ આપે છે. જે પાષાણ ચન્દ્ર જેવા આકારવાળો, બે ચક્રોવાળો, ડાબી બાજુ લક્ષ્મીના ચિન્હવાળો, મેઘ જેવી કાંતિવાળો, ગાયનાં પગલાંવાળો, મધ્યમ જાડો હોય તે 'મધુસુદન' નામે ઓળખાય છે. જે પાષાણ સારા દેખાવનો, એક ચક્રવાળો તથા ગુપ્ત મુખવાળો હોય તેને 'ગદાધર' નામે જાણવો, જે પાષાણ બે ચક્રોવાળો, ઘોડાના મુખ જેવા આકારનો હોય તે 'હયગ્રીવ' નામે ઓળખાય છે. જે પાષાણ અત્યંત પહોળા મુખવાળો હોય, બે ચક્રોવાળો હોય અને ભયંકર હોય તેને 'નરસિંહ' નામે જાણવો.

જે પાષાણમાં બે ચક્ર, વિશાળ મુખ તથા વનમાલાનું ચિન્હ હોય તે 'લક્ષ્મી-નૃસિંહ' સમજવો. આ સજ્જનો માટે અતિ સુખદાયક મનાય છે. જે પાષાણના મુખ પર બે ચક્રો હોય, લક્ષ્મીનું ચિન્હ હોય, સરખો અને સ્પષ્ટ હોય તે 'વાસુદેવ' નામે ઓળખાય છે. તે મનુષ્યોની સર્વ કામનાઓ પૂરનાર મનાય છે.

જે પાષાણને સુક્ષ્મ ચક્ર હોય, નવા મેઘ જેવી કાંતિ હોય, મુખમાં પુષ્કળ છિદ્રો હોય તે 'પ્રદ્યુમ્ન' નામે ઓળખાય છે. આ પણ ગૃહસ્થો માટે સુખકારક મનાય છે. જે પાષાણમાં લગોલગ મુખવાળાં બે ચક્રો હોય અને પીઠ વિશાળ હોય, તે 'સંકર્ષણ' નામે ઓળખાય છે. આ પણ સજ્જનો માટે અતિ સુખકારક મનાય છે.

જે પાષાણ અત્યંત ગોળ તથા પીળા રંગનો હોય તે 'અનિરૂદ્ધ' નામે ઓળખાય છે, આ પણ સદ્‌ગૃહસ્થોને માટે સુખકર્તા છે. જ્યાં શાલિગ્રામ હોય ત્યાં શ્રીહરિ વિરાજ્યા હોય અને તેજ સ્થળે સર્વ તીર્થો સાથે ભગવતી લક્ષ્મી પણ રહેતાં હોય છે. બ્રહ્મહત્યા વગેરે ઘોર પાપો છે તે બધાય શાલિગ્રામની પૂજાથી નાશ પામે છે. છત્રાકાર શાલિગ્રામ પૂજવામાં આવે તો રાજ્ય પ્રાપ્તિ થાય, વર્તુળાકાર શાલિગ્રામ પૂજવામાં આવે તો સંપત્તિની પ્રાપ્તિ થાય છે. શકટના આકારના શાલિગ્રામનું પૂજન કરવામાં આવે તો દુઃખ દુર થાય છે. શુળની અણીવાળા શાલિગ્રામનું પૂજન કરવામાં આવે તો

કાળ ભરખી જાય છે. વિકૃત મુખવાળો શાલિગ્રામ દરિદ્રતા અપાવે છે, પિંગલ વર્ણવાળો શાલિગ્રામ કોઇ ને કોઇ પ્રકારે હાનિ પહોંચાડે છે. ભગ્ન ચક્રવાળો શાલિગ્રામ વ્યાધિકારક છે, કપાયેલા શાલિગ્રામનું પૂજન કરવાથી મોત વહેલું આવે છે. જો શાલિગ્રામની સમક્ષ વ્રત, પ્રતિષ્ઠા, દાન તથા શ્રાદ્ધ વગેરે કાર્ય કરવામાં આવે તો તે સર્વોત્તમ થાય. છે શાલિગ્રામ સમક્ષ રહેનાર પુરૂષ બધાય તીર્થોની યાત્રા કરી ચૂકેલો, સ્નાન કરી ચૂકેલો તેમજ બધાય યજ્ઞોમાં સફળ થયેલો ગણાય છે.

ચાર વેદો કંઠસ્થ કરીને ભણવાથી તથા તપશ્ચર્યા કરવાથી જે પુણ્યફળ મળે છે તેટલું જ ફળ શાલિગ્રામની ઉપાસના કરનાર મુમુક્ષુને મળે છે. જે મનુષ્ય નિરંતર શાલિગ્રામના જળથી અભિષેક કરે છે તે સર્વસ્વ દાનનું પુણ્ય તથા પૃથ્વીની પ્રદક્ષિણાના ફળનો ભોક્તા થાય છે. જે મનુષ્ય શાલિગ્રામશિલાના જળનું પાન નિરંતર કરે છે તે દિવ્ય પ્રસાદ મેળવે છે, અને એ ઉત્તમ પુરુષનો સ્પર્શ કરવા સમસ્ત તીર્થો ઇચ્છે છે. જે વ્યકિત મહાપવિત્ર અને જીવન્મુકત હોય તે જ શ્રીહરિના પદની અધિકારી થાય છે. તેવી વ્યકિત ભગવાનના પુનિત ધામમાં અસંખ્ય પ્રાકૃત પ્રલય સુધી રહે છે. તે ભગવાનના ધામમાં જાય છે કે તરત જ ભગવાન તેને પોતાનો દાસ બનાવે છે. એવા પવિત્ર પુરુષને જોઇને બ્રહ્મહત્યા જેવાં જેટલાં પાપો હોય તે એકાએક દૂર થઇ જાય છે. એવા પુરુષના ચરણની રજથી પૃથ્વી તરત જ પવિત્ર થઇ જાય છે, અંતઃકાળે જે મનુષ્ય શાલિગ્રામ જળનું પાન કરે છે તે પોતે કરેલાં સર્વ પાપોથી છૂટી વિષ્ણુલોકમાં જાય છે અને તેને નિર્વાણ–મુકિત મળે છે. તે મનુષ્ય કર્મભોગોથી મુકત થઇ શ્રીહરિના શાલિગ્રામ ઉપરથી તુલસીને દૂર કરે છે એને બીજા જન્મમાં સ્ત્રી તરફથી સહકાર મળતો નથી. જે મનુષ્ય શંખ વડે તુલસીનો વિચ્છેદ કરે છે તે ભાર્યાહીન તથા સાત જન્મ સુધી રોગીષ્ટ થાય છે. શાલિગ્રામ, તુલસી ને શંખ–આ ત્રણેયને જે એકત્ર ને સુરક્ષિત રાખે છે તેના પર શ્રીહરિની નિરંતર કૃપા રહે છે.

હે નારદ! શ્રીવિષ્ણુ આ પ્રમાણે તુલસીને કહી બોલતા બંધ થયા. પછી સતી તુલસી પોતાનું શરીર ત્યજી દિવ્ય રૂપ વાળાં થઇ ભગવાન શ્રી વિષ્ણુના વક્ષઃસ્થળ ઉપર લક્ષ્મીની જેમ શોભવા લાગ્યાં. ભગવાન શ્રીવિષ્ણુ તુલસીને સાથે લઇ પોતાના દિવ્ય ધામ વૈકુંઠમાં ચાલ્યા ગયા. હે નારદ! લક્ષ્મી, સરસ્વતી, ગંગા અને તુલસી–એ ચાર દેવીઓ શ્રીહરિની અર્ધાંગનાઓ છે. એજ વેળા તુલસીના દેહથી ગંડકી નદી ઉત્પન્ન થઇ અને ભગવાન શ્રીહરિ એજ નદીના કિનારા પર મનુષ્યોના કલ્યાણ માટે પુણ્યપ્રદ શાલિગ્રામ (શિલા) બની ગયા. પવિત્ર ગંડકી નદીના કિનારે રહેતા અસંખ્ય કીડાઓ એ શિલાને કોચી–

કોચીને અનેક પ્રકારની બનાવે છે. કીડાઓ જે શિલાઓ કોતરે છે તે વખતે તેમાંની જે જે શિલાઓ ગંડકીના પવિત્ર જળમાં પડે છે તે તે શિલાઓ અવશ્ય ફળ આપનારી હોય છે. પરંતુ જે શિલાઓ જમીન ઉપર પડી હોય તે સૂર્યના તાપથી પિંગળી થયેલી જાણવી. આ પ્રકારે મેં તમને તુલસીનો સઘળો મહિમા કહ્યો, હવે તમારે બીજું શું સાંભળવાની ઇચ્છા છે? ૧૦૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'તુલસીનો મહિમા'નામનો ૨૪મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૫ મો

### તુલસીપૂજાનો વિધિ

નારદ ઉવાચ

તુલસી ચ યદા પૂજ્યા કૃતા નારાયણ પ્રિયા ।
અસ્યાઃપૂજાવિધાનંચસ્તોત્રંચવદસાંપ્રતમ ॥

નારદે પૂછ્યું : આપે કહ્યું કે તુલસી પૂજવા યોગ્ય અને શ્રી નારાયણની પ્રિયા થયાં, તો તેમની પૂજાનો વિધિ તથા જે સ્તોત્ર હોય તે કહો. હે મુનિ! મારે એ પણ જાણવું છે કે તે દેવીને પ્રથમ કોણે પૂજેલા? કોણે પ્રથમ સ્તુતિ કરેલી? વધુ આશ્ચર્ય એ થાય છે કે એવું તે શું કારણ હતું કે તેઓ પૂજાવા લાગ્યા?

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ! વિષ્ણુ તુલસીને પ્રેમથી પાસે રાખી નિત્ય તેની સાથે આનંદ કરવા લાગ્યા. અને ધીમે ધીમે અતિ સન્માનપૂર્વક તેમને લક્ષ્મી સમાન સૌભાગ્યવાળા કર્યાં. તુલસી સાથેનો શ્રીહરિનો આનંદ-વિનોદ લક્ષ્મી તથા ગંગા સહન કરી લેતા હતા. પરંતુ સરસ્વતીથી તુલસીનું સુખ ખમાતું ન હતું, તેને આ બધું અપ્રિય થઇ પડ્યું હતું અને એક દિવસ સરસ્વતીએ તુલસીનું અપમાન કર્યું એટલે તુલસી અંતર્ધાન થઇ ગયાં. એ સર્વ સિદ્ધોનાં ઇશ્વરી, જ્ઞાનીઓના દેવી તથા સિદ્ધ યોગવાળા હતાં. આવા દેવીએ રોષને લીધે શ્રીહરિની આંખોથી પોતાને છૂપાવી લીધાં. પછી તુલસીને ત્યાં ન જોતાં ભગવાન વિષ્ણુએ સરસ્વતીને સમજાવી તેમની સંમતિ લઇ તુલસીના વનમાં જઇ ત્યાં સ્નાન કર્યા બાદ ભાવથી તુલસીનું પૂજન કર્યું, પછી તેમનું ધ્યાન કરીને ભક્તિપૂર્વક સ્તુતિ કરી. તુલસીનું બીજ 'શ્રીં', માયાબીજ 'હ્રીં', કામદેવનું બીજ 'ક્લીં' તથા સરસ્વતીનું બીજ 'ઐં', પહેલાં ઉચ્ચારી 'વૃંદાવની' એ શબ્દની છેવટે ચોથી વિભક્તિ લગાવી અને છેવટે 'સ્વાહા' શબ્દ મુકવાથી દશ અક્ષરોવાળો 'શ્રીં હ્રીં ક્લીં ઐં વૃંદાવન્યૈ સ્વાહા'–આ તુલસીનો મહામંત્ર સિદ્ધ થાય છે. આ દશાક્ષર મંત્રનો ઉચ્ચાર કરી વિધિપૂર્વક તુલસીની પૂજા કરનારને સર્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ઘીનો દીવો, ધૂપ, સિંદુર, ચંદન, નૈવેદ્ય અને પુષ્પ વગેરે દ્રવ્યોથી તથા સ્તોત્ર દ્વારા ભગવાનથી પૂજાયેલા તુલસી ઘણાં પ્રસન્ન થયાં.

એથી તેઓ વૃક્ષમાંથી તરત જ બહાર નીકળી શ્રી વિષ્ણુના ચરણકમળોને શરણે

આવ્યાં, ત્યારે ભગવાને તેમને વરદાન આપતાં કહ્યું: 'તમે સર્વને પૂજ્ય થાઓ, સુંદર રૂપવાળા તમને હું મસ્તક પર ધારણ કરીશ.' એમ તુલસીને કહી તેમને સાથે લઇ વિષ્ણુ ભગવાન પોતાના ધામમાં ગયા હતા.

નારદે પૂછ્યું : 'હે મહાભાગ ! મારે તુલસીના ધ્યાન, સ્તોત્ર તથા પૂજાવિધાન અંગે જાણવું છે, તો તે મને કહો.'

શ્રી નારાયણ બોલ્યા : એ વેળા જ્યારે તુલસી વિષ્ણુની નજરે ન પડયાં ત્યારે વૃંદાવનમાં જઇ તેમની આ પ્રમાણે સ્તુતિ કરી હતી : 'જેમાં સમુહરૂપે વૃક્ષો એકઠાં થયાં છે, વૃંદાવનરૂપ તે વૃક્ષ એકઠાં થાય છે ત્યારે તેને સજ્જનો 'વૃંદા' કહે છે. એવી 'વૃંદા' નામથી અતિ વિખ્યાત પ્રિયા તુલસીની હું ઉપાસના કરૂં છું, જે દેવી અગાઉ વૃંદાવનમાં પ્રકટ થવાથી 'વૃંદાવની' કહેવાય છે, તે સૌભાગ્યવતી દેવીની હું ઉપાસના કરૂં છું. જે અસંખ્ય વૃક્ષોમાં સદા સર્વદા પૂજાય છે જેથી 'વિશ્વજિતા' નામે વિખ્યાત થયેલા દેવીની હું ઉપાસના કરૂં છું, જેના વિના ઘણાં પુષ્પો અર્પણ કરવા છતાં દેવો પ્રસન્ન થતા નથી તે 'પુષ્પસારા' નામથી કહેવાતાં દેવીના શોકથી ગભરાઇ હું તેમના દર્શન કરવા ખૂબ આતુર થઇ ગયો છું.

સંસારમા કેવળ જેની પ્રાપ્તિ થવાથી ભક્તના આનંદનો પાર રહેતો નથી. એવાં 'નંદિની' નામથી પ્રસિદ્ધ થયેલાં તે તુલસી અત્યારે મારા પર પ્રસન્ન થાઓ. સમગ્ર બ્રહ્માંડમાં જે દેવીની તુલના થઇ શકતી નથી તેથી 'તુલસી' નામથી વિખ્યાત થયેલ એ મારી પ્રિયાને હું શરણે જાઉં છું. તે સતી તુલસી ભગવાન શ્રીકૃષ્ણના જીવનરૂપ હોઇ 'કૃષ્ણજીવની' નામથી વિખ્યાત છે તે દેવી તુલસી તમે પ્રસન્ન થઇ મારા જીવનની રક્ષા કરો.' એમ સ્તુતિ કરીને વિષ્ણુ ત્યાં ઊભા રહ્યા, એવામાં જ પોતાના ચરણકમળમાં નમી પડેલા સતી તુલસીને તેમણે પ્રત્યક્ષ જોયાં હતાં.

પહેલાં ઘણાં માન–સન્માન પામેલાં એ માનિનીનું અપમાન થવાથી આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં, અને સરસ્વતીની સંમતિથી તેમણે તરત જ તુલસીને વરદાન આપ્યું કે 'દેવી ! તમે સર્વને પૂજ્ય અને સર્વના મસ્તકે રહેશો, સર્વ લોકો તમારૂં નિત્ય પ્રેમપૂર્વક સન્માન કરશે.' ભગવાન વિષ્ણુએ એમ કહ્યું એટલે તુલસી અત્યંત પ્રસન્ન થયાં અને સરસ્વતીએ પણ સરળતાથી તેમને પાસે બેસાડયાં. એ વખતે ગંગા અને લક્ષ્મી હસતાં હસતાં તુલસીનો હાથ પકડી હર્ષપૂર્વક તેમને ભવનમાં લઇ ગયાં. તુલસીનાં વૃંદા, વૃંદાવની, વિશ્વપૂજિતા, વિશ્વપાવની, પુષ્પસારા, નંદિની, તુલસી અને કૃષ્ણજીવની'એ અષ્ટ નામોવાળા નામાષ્ટક સ્તોત્રનો જે ભાવિક પુરૂષ નિરંતર પાઠ કરે છે તેને અશ્વમેધ યજ્ઞ કર્યા બરાબરનું ફળ મળે

છે. કારતકી પૂનમે તુલસી દેવીનું પ્રાકટ્ય થયું અને સૌ પ્રથમ શ્રીવિષ્ણુ ભગવાને તેમણે પૂજ્યાં ત્યારથી માંડી કારતકી પૂનમે શ્રદ્ધા ભકિતપૂર્વક તેમનું પૂજન કરનાર વ્યકિત સર્વ પાપસમૂહથી છુટી વિષ્ણુલોકમાં જાય છે. કારતક માસમાં જે ભાવિક શ્રીવિષ્ણુને તુલસીપત્ર ભાવથી ચડાવે છે તેને દશ હજાર ગાયોનું દાન કર્યા બરાબરનું ફળ મળે છે. આ પવિત્ર તુલસીનામાષ્ટક ભણનારને અથવા સાંભળનાર સર્વના દુઃખો દૂર થાય છે.

હે નારદ ! હવે હું તમને દેવીના ધ્યાન વિષે કહું છું. વેદની કણ્વશાખામાં તુલસીના ધ્યાનને દર્શાવેલું છે. તુલસીના વૃક્ષમાં તેમનું આવાહન કર્યા વિના જ તેમનું ધ્યાન કરી શ્રદ્ધાભકિતથી અને ઉપચારોથી તેમની પૂજા કરવી. એકાગ્રતાથી કરેલું તુલસીનું ધ્યાન પાપોનો ક્ષય કરે છે. વેદમાં વર્ણવેલું છે કે પુષ્પોમાં જેની તુલના નથી, એવા તુલસી સર્વથી પવિત્ર, દરેક ભાવિકે મસ્તકે ધારણ કરવા યોગ્ય, સર્વને પ્રિય તથા જગતને પાવન કરનારાં કહેવાય છે. પુષ્પોના સારરૂપ, સતિ, પવિત્ર, મનોહર, પવિત્ર અંગવાળાં, પાપોને ભસ્મ કરવામાં પ્રજ્જ્વલિત અગ્નિ સમાન, પુષ્પોમાં અતુલનિય, વેદોમાં વર્ણવેલા અધિક ઉત્તમ મહિમાવાળાં સર્વ અવસ્થામાં પ્રસિદ્ધ, ભગવાનથી મસ્તક પર ધારણ કરાતાં, જેમને મેળવવા સઘળા ઇચ્છે છે તેવા નિત્યમુકત અને વિશ્વને પવિત્ર કરનારાં, મુકત ને શ્રીહરિની ભકિત આપનારા તુલસીની હું ઉપાસના કરૂં છું. આ પ્રમાણે ધ્યાન કરી પૂજન અને સ્તવન કરી દેવી તુલસીને પ્રણામ કરવા. નારદ ! આ રીતે મેં તમને તુલસીનું આખ્યાન કહ્યું : હવે બીજું આપ શું સાંભળવા ઇચ્છો છો? ૪૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'તુલસી પૂજાનો વિધિ' નામનો ૨૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૬ મો

### સાવિત્રીનું આખ્યાન

નારદ ઉવાચ :

તુલસ્યાખ્યાનમિદં શ્રુતં આતિસુધોપમમ્ ।
તતઃ સાવિત્ર્યુપાખ્યાનં તન્મે-
વાખ્યાતુમર્હસિ ॥

નારદે પૂછ્યું : ભગવન્ ! તુલસીદેવીની કથા મેં સાંભળી. હવે આપ સાવિત્રીનું આખ્યાન કહો. સાવિત્રી વેદજનની છે એમ મેં સાંભળ્યું છે. તો એ દેવી સૌ પહેલા કોનાથી પ્રકટયા અને સૌ પ્રથમ એમને કોણે પૂજ્યાં તે કહો.

ભગવાન નારાયણે કહ્યું : નારદ ! વેદજનની સાવિત્રીની સૌ પ્રથમ પૂજા બ્રહ્માએ કરી હતી તે પછી તેઓ દેવોથી પૂજાયા અને તે પછી વિદ્વાનો પણ તેમણે પૂજવા લાગ્યા. ત્યાર બાદ ભરતખંડમા રાજા અશ્વપતિએ તેમની ઉપાસના કરી. ત્યાર પછી ચારે વર્ણોના લોકો તેમનું ભકિતપૂર્વક આરાધન કરવા લાગ્યા.

નારદે પૂછ્યું : 'ભગવન્ ! રાજા અશ્વપતિ કોણ હતા અને શા માટે તેમણે

સાવિત્રીને પૂજ્યા હતા ?

ભગવાન નારાયણે કહ્યું: શત્રુઓની શકિત નષ્ટ કરવાના અને મિત્રોના કષ્ટોનું નિવારણ કરવાના સ્વભાવવાળો અશ્વપતિ મદ્ર દેશનો પરાક્રમી, દયાળુ રાજા હતો. તેની પત્નીનું નામ માલતી હતું. રૂપવાન તે જેમ લક્ષ્મી વિષ્ણુ ભગવાનની પાસે શોભે છે, તેમ રાજા અશ્વપતિ સાથે શોભતાં હતાં. એમને કોઇ સંતાન નહિ હોવાથી મુનિ વસિષ્ઠની આજ્ઞાથી સાવિત્રીનું આરાધન કર્યું પરંતુ દેવી તરફથી કોઇ સંકેત કે તેમનું સાક્ષાત્ દર્શન થયુ નહિ એથી તે કષ્ટથી કંટાળી દુઃખી થતી ઘેર ચાલી આવી. રાજા અશ્વપતિએ એને નીતિવચનો કહી સમજાવી અને પોતે સાવિત્રીના તપ માટે પુષ્કરક્ષેત્રમાં ગયો. ત્યાં જઇ ઇન્દ્રિયોને વશમાં રાખી તેણે ઘણી તપસ્યા કરી ત્યારે સાવિત્રીના દર્શન તો થયાં નહિ પણ આકાશવાણી દ્વારા ઉપદેશ મળ્યો : 'હે રાજન્ ! તું દસલાખ ગાયત્રીનો જપ કર !' એટલામાં ત્યાં પરાશર મુનિને આવેલા જોઇ રાજાએ તેમને પ્રણામ કર્યા એટલે મુનિ તેમને ગાયત્રીનો મહિમા કહેવા લાગ્યા.

મુનિએ કહ્યું : 'રાજન્ ! ગાયત્રીના એકવાર કરેલા જપથી દિવસનું પાપ નાશ પામે છે. દસવાર જપ કરવાથી દિવસ અને રાત્રિનું પાપ દુર થાય છે. સો વખત જપવાથી મહિનાનું પાપ નાશ પામે છે, અને એક લાખ જપથી આ જન્મનું અને દસલાખ જપથી અન્ય જન્મોનાં પાપો નાશ કરવાની ગાયત્રીમાં અમોઘ શક્તિ છે. એક કરોડ જપ કરવાથી સઘળા જન્મનાં પાપો દુર થાય છે. તેના દશ કરોડ જપ કરનાર બ્રાહ્મણની મુકિત થાય છે; એથી બ્રાહ્મણે પુર્વાભિમુખ બેસી હાથને સર્પની ફેણ જેવો રાખી આંગળીના પર્વથી ક્રમથી નીચેથી ઉપર ગણતાં જપ કરવો. આને કરમાલાનો ક્રમ કહે છે.

હે રાજન્ ! મલયાગિરિ ચંદનના બીજની અથવા સ્ફટિકમણિની પવિત્રમાળા લઇ તીર્થમાં અથવા તો કોઇ દેવમંદિરમાં જપ કરવા. પીપળો અથવા કમળના પત્ર ઉપર સંયમપૂર્વક માળાને મૂકી તેને ગોરોચન લગાવવું. ત્યારબાદ ગાયત્રીના જપ કરી માળાને ધોઇ નાખવી. પછી એ માળા ઉપર વિધિપૂર્વક ગાયત્રીના સો મંત્રો જપવા અથવા પંચગવ્ય કે ગંગાજળથી ધોઇ શુદ્ધ કરેલી માળાથી પણ જપ થઇ શકે છે.

હે રાજર્ષિ ! આ ક્રમથી તું ગાયત્રીના દશલાખ જપ કર, જેથી તારાં ત્રણે જન્મોનાં પાપ નાશ પામી તને ભગવતી સાવિત્રીનાં સાક્ષાત દર્શન થશે. રાજન્ ! પ્રતિદિન પ્રાતઃ મધ્યાન્હ અને સાયં એમ ત્રણે સંધ્યા પવિત્ર રહી કરવી; કેમકે નિરંતર સંધ્યા નહીં કરનારી વ્યકિત સઘળાં કાર્યોમાં અનધિકારી થઇ જાય છે. તે દિવસમાં જે કંઇ સત્કર્મ કરે છે તેના ફળથી વંચિત રહે છે. જે પ્રાતઃ અને સાયંકાળની સંધ્યા કરતો નથી તે

બ્રાહ્મણ બ્રાહ્મણોચિત કર્મથી બહિષ્કૃત મનાય છે. જીવનપર્યંત ત્રિકાલસંધ્યા કરનારા બ્રાહ્મણમાં તેજ અથવા તપના પ્રભાવથી સુર્ય સમાન તેજસ્વિતા આવે છે. એવા બ્રાહ્મણના ચરણની રજથી પૃથ્વી પવિત્ર બને છે. જે બ્રાહ્મણના હૃદયમાં સંધ્યાના પ્રભાવથી પાપ સ્થાન પામી શકતું નથી તે તેજસ્વી દ્વિજ જીવન્મુક્ત જ ગણાય છે. એના સ્પર્શ માત્રથી સઘળાં તીર્થ પવિત્ર થાય છે. ગરુડને જોઇ જેમ સર્પ નાસી જાય છે તેમ એ બ્રાહ્મણને જોઇ પાપો નાસી જાય છે. ત્રિકાલ સંધ્યા નહિ કરનાર દ્વિજે આપેલા પિંડ અને તર્પણ એના પિતૃઓ સ્વીકારતા નથી અને દેવગણો સ્વતંત્રતાપૂર્વક તેને લેવા ઇચ્છતા નથી. મુને ! એમ કહી પરાશર મુનિએ અશ્વપતિને સાવિત્રી ગાયત્રી પૂજાનું વિધાન તથા ધ્યાન વગેરે કહીને તેઓ પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. પછી રાજાએ સાવિત્રીની ઉપાસના કરી ને તેમણે તેમનાં સાક્ષાત્ દર્શન મેળવ્યાં અને અભિષ્ટ વરદાન પણ મેળવ્યું.

નારદે પૂછ્યું : ભગવન્ ! પરાશર મુનિએ સાવિત્રીનાં ધ્યાન, પૂજાવિધાન, સ્તોત્ર ને કયા મંત્રનો ઉપદેશ કર્યો હતો તથા રાજાએ કઇ વિધિથી સાવિત્રીની પૂજા કરી કેવું વરદાન મેળવ્યું હતું ? રહસ્યમય મહિમાવાળી સાવિત્રીની પૂજાવિધિનો સઘળો મહિમા મને સંભળાવો.

ભગવાન નારાયણે કહ્યું : 'જેષ્ઠ વદ તેરસે સંયમપૂર્વક રહી ચૌદશને દિવસે વ્રત કરી શુદ્ધ થઇ ભક્તિપૂર્વક ભગવતી સાવિત્રીની પૂજા કરવી. આ ચૌદ વર્ષનું વ્રત છે. એમાં ચૌદ ફળ અને ચૌદ નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે. પુષ્પ, ધૂપ તથા યજ્ઞોપવિત વગેરેથી પૂજન કર્યા પછી નૈવેદ્ય ધરવું. એક મંગલ કળશની સ્થાપના કરી તેના ઉપર પલ્લવ રાખવા. પછી ગણપતિ, સુર્ય, અગ્નિ, વિષ્ણુ, શિવ અને પાર્વતીની પૂજા કરી સ્થાપેલા કલશ ઉપર ઇષ્ટદેવી સાવિત્રીનું ધ્યાન, સ્તોત્ર, પૂજાવિધિ તથા સમસ્ત કામના આપનારો મંત્ર ભણવો તે પણ હું તમને કહું છું.

'તપાવેલા સોનાના જેવા વર્ણવાળાં, બ્રહ્મતેજથી દેદીપ્યમાન, ગ્રીષ્મકાળના હજારો સુર્ય જેવા પ્રભાવવાળા, મંદ મંદ હસતાં, રત્નમય આભુષણો ધારણ કરેલાં, બે વિશુધ્ધ ચિન્મય વસ્ત્રવાળા, ભક્તો પર કૃપા કરવા સાકારરૂપે પ્રકટ થયેલાં, જગદ્ધાતા પ્રભુના પ્રાણપ્રિયા, સુખદા, મુક્તિદા, શાંતા, સર્વ સંપત્સ્વરૂપા તથા સર્વ સંપત્પદાત્રી એવા નામવાળા, દેવના અધિષ્ઠાત્રી, વેદશાસ્ત્રોરૂપ રૂપવાળા, વેદબીજસ્વરૂપ વેદમાતા ભગવતી સાવિત્રીની હું ઉપાસના કરું છું.' આવું ધ્યાન કરી નૈવેદ્ય અર્પણ કરવું. પછી શ્રદ્ધા સાથે કળશ ઉપર ભગવતી સાવિત્રીનું આવાહન કરવું. વેદોક્ત મંત્રોથી ષોડશોપચાર પૂજા કરવી. પૂજા અને સ્તુતિ કર્યા પછી દેવેશ્વરી સાવિત્રીને પ્રણામ કરવા. આસન,

પાદ્ય, અર્ધ્ય, સ્નાન, અનુલેપન, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, શીતળ જળ, વસ્ત્ર, આભૂષણ, માલા, ચંદન, આચમન, ને શય્યા એ સોળ ઉપચારો આપવાના હોય છે. (તે સર્વ મંત્રોચ્ચારપૂર્વક એક એક આપવા.)

આસનમંત્ર–દેવી ! આ આસન ઉત્તમ ચંદનના કાષ્ઠનું અથવા સોનાનું બનાવેલું છે, દેવોને વસવાયોગ્ય આધાર રૂપ અને પુણ્ય આપનારું આ આસન આપને માટે મેં અર્પણ કર્યું. પાદ્યમંત્ર-દેવી ! તીર્થનું આ પવિત્ર જળ પાદ્યરૂપે હું તમને અર્પણ કરું છું. પ્રીતિ ઉપજાવનારું આ પાદ્ય પૂજાનું એક પ્રધાન અંગ મનાય છે. અર્ધ્ય–મંત્રદેવી ! ફળ, તુલસી તથા શંખના જળથી બનાવેલ પવિત્ર તેમજ પુણ્યપ્રદ અર્ધ્ય હું તમને અર્પણ કરું છું. સ્નાનમંત્ર–ચંદનમિશ્ર સુગંધી જળ તથા સુગંધ ફેલાવનાર આ તેલ સ્નાન માટે અર્પણ કરું છું. અનુલેપનમંત્ર-અંબિકે ! સુગંધિત વસ્તુઓથી બનાવેલું સુગંધી ચંદન જળથી ભીંજવેલું આ પવિત્ર અનુલેપન ભકિતપૂર્વક આપને અર્પણ કરું છું. ધૂપમંત્ર–પરમેશ્વરી ! સર્વ મંગલમય, પુણ્યપદ આ ધૂપને આપ સ્વીકારો. દીપમંત્ર–દેવી ! સુગંધી, તેમજ સુખદ તથા પ્રકાશ ફેલાવનારા આ દીપને જગતને દર્શન માટે હું આપને અર્પણ કરું છું. આ દીપ અંધકારને દૂર કરવામાં પ્રધાનબીજ છે. નૈવેદ્યમંત્ર–દેવી ! તુષ્ટિ, પુષ્ટિ, પ્રીતિ તેમજ પુણ્ય આપનાર તથા ભુખને શાંત કરવા માટે પરમ સાધનરૂપ આ સ્વાદિષ્ટ નૈવેદ્ય મેં આપને અર્પણ કર્યું છે તેને સ્વીકારો. જળમંત્ર-દેવી ! તરસ મટાડનારું, શીતળ જગતને રૂપ આપનારૂં તથા જગતના જીવનરૂપ આ જળ આપની સેવામાં હાજર છે એને સ્વીકારો વસ્ત્ર-મંત્ર–પરમેશ્વરી ! રૂ તથા રેશમથી બનેલા આ વસ્ત્રને આપ સ્વીકારો, શરીરને માટે શોભારૂપ આ વસ્ત્રને પહેરવાથી સભામાં પ્રતિષ્ઠા મળે છે. ભુષણ મંત્ર–દેવી ! સોનું તથા રત્નોથી બનાવેલ શોભા આપતા તથા પુણ્યકારક આ રત્નમય ભુષણને આપ સ્વીકારો. ફળ મંત્ર અનેક વૃક્ષોથી ઉત્પન્ન, વિવિધરૂપવાળા ફલસ્વરૂપ તથા ફળ આપવામાં સાધન રૂપ આપ આ ફળને સ્વીકારો.

માળામંત્ર–દેવી ! અનેક જાતનાં પુષ્પોથી બનાવેલી ને સઘળાં મંગળોની પ્રતિમારૂપ, પુણ્ય આપનારી તથા પ્રસન્ન કરનારી આ માળાને આપ સ્વીકારો. ચંદનમંત્ર–દેવી ! પુણ્યપ્રદ તેમજ અત્યંત સુગંધવાળા આ ચંદનને તમે સ્વીકારો. સિંદુરમંત્ર–લલાટની શોભા વધારનાર સિંદૂરને આપ સ્વીકારો. યજ્ઞોપવીત–મંત્ર-ગ્રંથિવાળું પરમ પવિત્ર, શુદ્ધ સુતરથી બનાવેલું, વૈદિક મંત્રોથી પવિત્ર કરેલું આ યજ્ઞોપવીત આપ સ્વીકારો.

વિદ્વાન પુરુષે આ દ્રવ્યોને મૂળ મંત્રથી ભગવતી સાવિત્રીને અર્પણ કરી

સ્તોત્ર ભણવું. પછી ભક્તિથી બ્રાહ્મણને દક્ષિણા આપવી. 'સાવિત્રી' એ શબ્દને ચોથી વિભક્તિ જોડી છેવટે 'સ્વાહા' શબ્દનો પ્રયોગ કરવો. એના પહેલાં લક્ષ્મી, માયા અને કામબીજનું ઉચ્ચારણ કરવું. ૐ હ્રીં ક્લીં શ્રીં સાવિત્ર્યં–સ્વાહા' આ અષ્ટાક્ષર મંત્ર કહેવાય છે. ભગવતી સાવિત્રીનું સમસ્ત કામનાઓને આપનાર સ્તોત્ર જે માધ્યંદિની શાખામાં આવેલું હોઈ બ્રાહ્મણના જીવનસ્વરૂપ છે. એ સ્તોત્રને હું કહું છું. પ્રાચીન સમયમાં ભગવાન શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા હતા. તેમણે સાવિત્રીને બ્રહ્માની સાથે બ્રહ્મલોકમાં જવા કહ્યું છતાં તેઓ બ્રહ્મલોકમાં જવા તૈયાર થયાં નહિ ત્યારે ભગવાનના કહેવાથી બ્રહ્મા વેદમાતા સાવિત્રીની ભક્તિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. તે પછી સંતુષ્ટ થયેલાં સાવિત્રીએ બ્રહ્માને પતિ તરીકે સ્વીકાર્યા હતા. બ્રહ્માએ તે સ્તુતિ આ પ્રકારે કરી હતી.

બ્રહ્માએ કહ્યું, 'હે સુંદરી! સચ્ચિદાનંદસ્વરૂપ, મૂલ પ્રકૃતિ, દિવ્ય હિરણ્યમય વિગ્રહવાળાં, પરમ તેજસ્વરૂપ, પ્રત્યેક અંગમાં વ્યાપ્ત આનંદવાળાં, દ્વિજાતિઓને માટે જાતિસ્વરૂપ તમે મારા પર પ્રસન્ન થાઓ. સુંદરી! નિત્ય, નિત્યપ્રિયા, નિત્યાનંદ સ્વરૂપા તથા સંપૂર્ણ મંગલમય દેવી, તમારી હું પ્રસન્નતા ચાહું છું. શોભને! બ્રાહ્મણોનાં સર્વસ્વ, સઘળા મંત્રોના સારતત્ત્વરૂપ, ઉપાસના કરવાથી સુખ અને મોક્ષ આપનારાં તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. બ્રાહ્મણોના પાપરૂપી ઈંધનને બાળવા માટે પ્રજ્વલિત ગુણવાળા તમે મારા પર પ્રસન્ન થાઓ. મનુષ્ય મન, વાણી અને કાયાથી જે પાપ કરે છે તે સઘળાં પાપ તમારા નામના સ્મરણ માત્રથી ભસ્મ થઈ જશે.'

એમ સ્તુતિ કરી બ્રહ્મા સભામાં બેઠા ત્યારે સાવિત્રી એમની સાથે બ્રહ્મલોકમાં જવા માટે તૈયાર થયા. મુને! આ સ્તોત્રરાજથી અશ્વપતિએ સાવિત્રીની સ્તુતિ કરી હતી ત્યારે દેવીએ પ્રસન્ન થઈ તેને દર્શન આપ્યાં હતાં ને રાજાએ તેમની પાસેથી ઇષ્ટ વરદાન મેળવ્યું હતું. આ પરમ પવિત્ર સ્તોત્રરાજને જે મનુષ્ય સંધ્યા કર્યા પછી ભણે છે તેને ચારે વેદના પાઠ કરવાથી જે ફળ મળે તે ઉત્તમ ફળનો તે અધિકારી થાય છે. ૮૭

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'સાવિત્રીનું આખ્યાન' નામનો
૨૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૭ મો

### સાવિત્રીનો જન્મ અને વિવાહ

**નારાયણ ઉવાચ**

સ્તુત્વાઽનેન સોઽશ્વપતિઃ–
સંપૂજ્ય વિધિપૂર્વકમ્ ।
દદર્શ તત્ર તાં દેવીં સહસ્રાર્કસમપ્રભામ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : 'હે નારદ! અશ્વપતિ રાજાએ પુષ્કરક્ષેત્રમાં વિધિપૂર્વક સાવિત્રીની પૂજા કરી, આ સ્તોત્રથી સ્તવન કર્યું એટલે સહસ્ર સૂર્ય સમાન પ્રભાવાળાં દેવીનાં તેમને દર્શન થયાં. અને અત્યંત પ્રસન્ન થયેલાં મંદ

હાસ્યવાળા તે દેવી અશ્વપતિને, માતા પોતાનાં પુત્રની સાથે વાત કરે તેમ કહેવા લાગ્યા : 'હે મહારાજા અશ્વપતિ! તારા અને તારી પત્નીના મનની અભિલાષાને હું જાણું છું. એટલે સર્વ કંઈ આપવા માટે હું તૈયાર છું. હે રાજન્! તારી પતિવ્રતા પત્ની કન્યા ઇચ્છે છે અને તું પુત્ર ચાહે છે એથી એ બંને તમને અનુક્રમે મળશે.'

એમ કહી તે સાવિત્રીદેવી બ્રહ્મલોકમાં ચલ્યા ગયા અને રાજા પણ પોતાના રાજ્યમાં પાછો આવ્યો. સમય આવતાં પ્રથમ કન્યાનો જન્મ થયો. ભગવતી સાવિત્રીની આરાધનાથી જન્મેલી કન્યાનું નામ રાજા અશ્વપતિએ સાવિત્રી રાખ્યું. તે કન્યા બીજી લક્ષ્મી જેવી સુંદર હતી તે શુકલ પક્ષના ચંદ્રની જેમ પ્રતિદિન મોટી થવા લાગી. સમય આવતાં તેનામાં નવયૌવનનાં લક્ષણ પ્રકટ થયાં. દ્યુમત્સેનકુમાર સત્યવાનને તે પતિ તરીકે મેળવવા ઇચ્છતી હતી કારણ કે, સત્યવાન સત્યવાદી, સુશીલ, રૂપવાન તેમજ અનેક ઉત્તમ ગુણોવાળો હતો.

રાજાએ રત્નમય ભુષણોથી શણગારી પોતાની કન્યા સાવિત્રીને સત્યવાનને આપી. સત્યવાન પણ કૌતુક સાથે એ કન્યાને મેળવી પોતાને ઘેર ગયો. એક વર્ષ વીત્યા પછી સત્યવાન પોતાના પિતાની આજ્ઞાથી ફળ અને ઈંધન લેવા માટે અરણ્યમાં ગયો. એની પાછળ પાછળ સાવિત્રી પણ ગઈ. દૈવવશ સત્યવાન વૃક્ષ ઉપરથી પડી ગયો અને એના પ્રાણ ઊડી ગયા. મુને! યમરાજે એને જોઇ એના અંગુઠા જેવડા સૂક્ષ્મ શરીરને સાથે લઇ યમપુરી પ્રત્યે પ્રયાણ કર્યું ત્યારે સાધ્વી સાવિત્રી પણ એમની પાછળ ગઇ. ત્યારે યમપુરીના સ્વામી યમરાજાએ સાવિત્રીને પાછળ પાછળ આવતી જોઇ મધુર વાણીથી કહ્યું.

યમરાજ બોલ્યા : અહો સાવિત્રી! તું આ માનવી દેહથી કયાં જઇ રહી છે? જો તારા પતિ સાથે જવાની ઇચ્છા હોય તો પહેલાં આ શરીરને ત્યજી દે. કોઇ પણ મનુષ્ય પાંચ ભુતોથી બનેલા નાશવંત શરીરની સાથે મારા લોકમાં પ્રવેશી શકતો નથી. હે સતિ! હવે તારા પતિનો ભરતખંડમાં રહેવા માટેનો સમય પૂરો થઇ ગયો છે. તેથી પોતાનાં કર્મોનાં ફળ ભોગવવા સત્યવાન મારે ઘેર જાય છે. પ્રાણીનાં કર્મથી જ જન્મ અને કર્મથી જ મૃત્યુ થાય છે. સુખ–દુ:ખ, ભય અને શોક–એ સર્વ કર્મ પ્રમાણે ઉત્પન્ન થાય છે. કર્મના પ્રભાવથી જીવાત્મા ઇન્દ્ર પણ થઇ શકે છે, જો તેનું કર્મ ઘણું ઉત્તમ હોય તો. જો તેનું કર્મ ઘણું ઉત્તમ હોય તો તેને બ્રહ્માના પુત્ર બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. મનુષ્ય પોતાના શુભ કર્મોના પ્રભાવને લીધે શ્રીહરિનો સેવક બની જન્મ–મરણના ફેરામાંથી મુકત થઇ શકે છે, પોતાના ઉત્તમ કર્મથી મનુષ્ય અવશ્ય દેવપણું પામે છે. અને પોતાના કર્મથી

વિષ્ણુનું સાલોક્ય આદિ ચાર પ્રકારની મુકિત પામે છે. પોતાના કર્મથી જીવ દેવપણું, શિવપણું, રાજવીપણું, ગણેશપણું, માનવપણું, મુનિંદ્રપણું, તપસ્વીપણું પામે છે. કર્મ પ્રમાણે તેને યોનિઓ મળે છે. જેમ કે: સ્થાવર, જંગમ, પર્વત, રાક્ષસ, કિન્નર, વૃક્ષ, પશુ. કિરાત, સુક્ષ્મ જંતુ, કિટક, દૈત્ય, દાનવ તથા અસુર એ સર્વ યોનિઓ પ્રાણીને પોતાના કર્મ અનુસાર મળે છે.' એવા વચન સાવિત્રીને કહી યમરાજ બોલતા બંધ થયા. ૨૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'સાવિત્રીનો જન્મ અને વિવાહ' નામનો ૨૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૮ મો

### યમરાજ–સાવિત્રીનો સંવાદ

**શ્રી નારાયણ ઉવાચ**

**યમસ્ય વચનં શ્રુત્વા સાવિત્રી ચ પતિવ્રતા ।**
**તુષ્ટાવ પરયાભકત્યાતસ્તુવા ચ મનસ્વની ।।**

શ્રી નારાયણ બોલ્યા : હે મુને ! યમરાજાના વચન સાંભળી સતી સાવિત્રી પરમભકિત સાથે યમરાજને સ્તુતિથી સંતુષ્ટ કરી પૂછવા લાગી : 'ભગવન્ ! કાર્ય કોને કહે ? કયા કર્મના પ્રભાવથી કેવું ફળ મળે છે ? કયા ફળમાં કયું કર્મ કારણભુત છે ? દેહ કોણ અને દેહી કોણ ? સંસારમાં પ્રાણી માત્ર કોની પ્રેરણાથી કાર્ય કરે છે ? જ્ઞાન કયું છે ? બુદ્ધિ કઇ છે ? ઇંદ્રિયોના દેવતાઓ કોણ અને ભોકતા કોણ છે ? જીવ એ કોણ છે અને પરમાત્મા કોણ છે ? આ સર્વ મને કહો.

યમરાજ બોલ્યા : વેદમાં દર્શાવેલો ધર્મ તે પરમ મંગલરૂપ શુભકર્મ છે. શુભ અને અશુભ એમ બે પ્રકારના કર્મ છે. શુભ કર્મના પ્રભાવથી પ્રાણી કલ્યાણને પામે છે. અશુભ કર્મ નરકને આપનારાં છે. ઉત્તમ દેવસેવા તે શુભ કર્મરૂપ હોઇ કર્મોનો નાશ કરનાર થાય છે. આવી ઉત્તમ ભક્તિને પામેલો પરમાત્માનો પરમભક્ત જીવનમુકત થાય છે. તે પછી જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, શોક અને ભય એ તેના ઉપર પ્રભાવ નાખી શકતા નથી. બે પ્રકારની ભક્તિ શ્રુતિમાં કહી છે, (૧) નિર્વાણપદા ભકિત (૨) સારૂપ્યપદા ભકિત–મનુષ્ય એ બન્નેનો અધિકારી છે. કર્મ બીજરૂપ છે. નિરંતર ફળ આપવું એ એનો સ્વાભાવિક ગુણ છે. એ અન્ય કોઇ નથી પણ ભગવાન શ્રીહરિ તથા ભગવતી પ્રકૃતિનાં જ રૂપ છે.

સગુણ બ્રહ્મની ભક્તિ પ્રભુ સ્વરૂપને આપનારી છે, તેને મધ્યમ અધિકારીઓ ઇચ્છે છે અને બ્રહ્મવેત્તાઓ નિર્વાણપદને આપનારી નિર્ગુણ ભકિતને જ ઇચ્છે છે. કર્મ બીજરૂપ છે. નિરંતર ફળ આપવું એ એનો સ્વાભાવિક ગુણ છે. દેવી પ્રકૃતિ માયા વિશિષ્ટ બ્રહ્મ છે. કર્મ પણ એમ નાથી જ ઉત્પન્ન થયેલાં છે. દેહ નિત્ય નશ્વર કહેવાય છે. પૃથ્વી, તેજ, જળ, વાયુ અને આકાશ એ પાચભુત સૂત્રરૂપ છે. પરમાત્માના સૃષ્ટિ પ્રકરણમાં એનો ઉપયોગ થાય છે. નેત્ર, શ્રવણ, ઘ્રાણ,

ત્વચા તથા રસના—આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તે પ્રાણીઓના અંગરૂપ છે. સૂર્ય, વાયુ, પૃથ્વી અને બ્રહ્મા આદિ ઇંદ્રિયોના દેવ છે. પ્રાણ તેમજ દેહાધિને ધારણ કરે છે તેને 'જીવ' કહે છે. પ્રકૃતિથી પર જે સર્વવ્યાપી નિર્ગુણ "બ્રહ્મ" એને 'પરમાત્મા' કહે છે, જે કારણોના પણ કારણ છે. હે પુત્રી! તારા પ્રશ્નના ઉત્તરરૂપે શાસ્ત્ર અનુસાર મેં બધું બતાવી દીધું છે, હવે તું સુખેથી પાછી ફર!'

સાવિત્રીએ કહ્યું : 'પ્રભો! આપ તો જ્ઞાનના અથાગ સાગર છો, એવા આપને અને મારા પ્રાણનાથને છોડી હું કયાં જાઉં? હું જે પ્રશ્નો પૂછું તેના યોગ્ય ઉત્તર આપવાની કૃપા કરો. કયા કયા કર્મથી જીવ કઇ કઇ યોનિમાં જાય છે? કયા કર્મથી જીવ સુખી અથવા દુ:ખી થઇ જાય છે?

કયા કર્મથી સ્વર્ગમાં જાય છે? કયા કર્મથી નરકમાં પડે છે? કયા કર્મથી મુક્તિ થાય છે? કયા કર્મથી ગુરુ પર ભક્તિ થાય છે? કયા કર્મનાં ફળથી રોગી થાય છે? કયા કર્મના પ્રભાવથી પ્રાણી સુખી ને કયા કર્મના પ્રભાવથી મનુષ્ય અંગહીન—ક્ષત અંગવાળો, ખોડવાળો થાય છે, આંધળો, પાંગળો, થાય છે? મુક્તિ પ્રાપ્ત થવામાં કયાં કર્મ સહાયક બને છે? કયાં કર્મના પ્રભાવથી જીવાત્મા બ્રાહ્મણ થાય છે! અને કયા કર્મના પ્રભાવથી તપસ્વી બને છે? કયા કર્મથી વૈકુંઠ તથા કયા કર્મથી ગોલોક પ્રાપ્ત થાય છે? નરકો કેટલા પ્રકારના છે? પાપીઓને કયા કર્મથી કયો રોગ થાય છે? ભગવન્! મેં જે જે પ્રશ્નો પૂછયા છે, તે બધાયનો કૃપા કરી યોગ્ય ઉત્તર આપો. ૧૦૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'યમરાજ—સાવિત્રીનો સંવાદ' નામનો ૨૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૯ મો

### સાવિત્રીને યમરાજનું વરદાન

**નારાયણ ઉવાચ**

**સાવિત્રી વચનં શ્રુત્વા જગામવિસ્મયં યમઃ ।**
**પ્રહસ્યવકતુમારેભે કર્મપાકં તુ જીવિનામ્ ॥**

શ્રી નારાયણ બોલ્યા : 'હે નારદ! સાવિત્રીના વિવિધ પ્રશ્નો સાંભળી યમરાજને ઘણું આશ્ચર્ય થયું, પછી તે હસીને પ્રાણીઓના કર્મનાં ફળ કહેવા તત્પર બન્યા. તેમણે કહ્યું, 'પુત્રી! અત્યારે તારી બાર વર્ષની અવસ્થા છે. તું કન્યા કહેવાય, છતાં તારામાં મહાજ્ઞાનીઓ કરતાં પણ વિપુલ જ્ઞાન છે, અને વધુ જ્ઞાન મેળવવાની ઇચ્છા કરી રહી છે, તને ધન્ય છે. પુત્રી! ભગવતી સાવિત્રીના અંશરૂપ હે સાવિત્રી! તારો ઉત્તમ જન્મ થયો છે. અશ્વપતિરાજાએ તપ કરી તારા જેવા કન્યારત્નને પ્રાપ્ત કર્યું છે, તને સદ્ગુણી, સત્યવકતા સત્યવાન જેવો પતિ મળ્યો છે. જેમ વિષ્ણુ પાસે લક્ષ્મી, શંકર પાસે પાર્વતી, કશ્યપ પાસે અદિતિ, ગૌતમ પાસે અહલ્યા, ઇંદ્ર પાસે ઇંદ્રાણી, ચંદ્ર પાસે રોહિણી, કામદેવ પાસે રતિ, અગ્નિ પાસે સ્વાહા, પિતૃઓ પાસે

સ્વધા, સૂર્ય પાસે સંજ્ઞા, વરુણ પાસે વરુણા, યજ્ઞ પાસે દક્ષિણા, વારાહ પાસે પૃથ્વી અને કાર્તિકેય સ્વામિ પાસે દેવ-સેવા નિરંતર રહે છે ને શોભે છે, તેમ હે પુત્રી! તું પણ સત્યવાનની પત્ની છે, અને તમે બન્ને એક બીજાથી શોભો છો. હું તને વરદાન આપું છું કે આ સિવાય પણ તારી ઇચ્છા પ્રમાણે વરદાન ખુશીથી માગ, હું તને સર્વ ઇચ્છિત અવશ્ય આપીશ.'

સાવિત્રી વિનયથી બોલી : 'મહાભાગ! મારી એ માગણી છે કે સત્યવાનથી મને સો ઔરસ પુત્રે પ્રાપ્ત થાય. વળી સાથે સાથે મારા પિતાને પણ સો પુત્રના જનક થવાનું સૌભાગ્ય મળે. મારા પૂજ્ય સસરા જે પ્રજ્ઞાચક્ષુ છે તે દેખતા થાય ને એમણે ગુમાવેલી રાજ-લક્ષ્મી પુનઃ પ્રાપ્ત થાય; બીજી મારી એ ઇચ્છા છે કે મારા સ્વામિ સત્યવાનની સાથે હું લાંબો કાળ સુખભોગ ભોગવી અંતે શ્રીહરિના પરમધામમાં જાઉં. આ પ્રમાણે વરદાન આપી મને સંતુષ્ટ કરો. સાથે સાથે મને આ કષ્ટદાયક સંસાર સાગરને તરવાનો ઉપાય પણ બતાવો.'

યમરાજે કહ્યું : 'હે મહાસતી! હું તારા પર પ્રસન્ન છું. તેં કહેલા તારા સર્વ મનોરથ પૂર્ણ થાઓ. હવે હું પ્રાણીઓનાં કર્મફળ વિષે કહું છું. લોકો પવિત્ર ભરતખંડમાં જન્મી શુભ તથા અશુભ બન્ને કર્મોનાં ફળ ભોગવે છે. ભરતખંડ એજ પુણ્યક્ષેત્ર છે. કર્મનાં ફળ દરેકને ભોગવવાં પડે છે. દેવ, દૈત્ય, દાનવ, ગંધર્વ, યક્ષ, કિન્નર, રાક્ષસ તથા માનવ-આ બધા જ કર્મ કરવાના અધિકારી છે. માત્ર પશુ આદિ જીવોને જ કર્મના અધિકારી કહી શકાતા નથી.

એટલે મનુષ્ય વગેરે ઉત્તમ જીવો જ કર્મના અધિકારી હોવાથી સર્વ યોનિ-ઓમાં શુભ કે અશુભ કર્મને ભોગવે છે. શુભ કે અશુભ કર્મફળ ભોગવવાના સ્થાન તરીકે સ્વર્ગ કે નર્ક નક્કી જ થયેલાં છે. કર્મના પ્રાબલ્યને લીધે પ્રાણી જુદી જુદી યોનિઓમાં ચક્કર કાપ્યા કરે છે. એણે પૂર્વજન્મમાં સત્કર્મો કર્યાં હોય તો બીજા જન્મમાં તેને શુભ ફળ મળે છે, ને ખરાબ કર્મો કર્યાં હોય તો તેને અશુભ ફળ ભોગવવું પડે છે શુભ કર્મ કર્યાં હોય તે પ્રાણી સ્વર્ગમાં જાય છે અને ખરાબ કર્મો કર્યાં હોય તેને નર-કમાં જઇ યાતના ભોગવવી પડે છે. અશુભ કર્મથી પ્રાણી રોગી થાય છે અને શુભ કર્મથી તંદુરસ્ત રહે છે. કર્મથી જ તે સુખી કે દુઃખી અને અલ્પાયુષી કે દીર્ઘાયુષી થાય છે, સર્વો-ત્કૃષ્ટ શ્રેષ્ઠ કર્મથી જ મનુષ્ય સિદ્ધિ વગેરેને પ્રાપ્ત કરે છે. હે દેવી! હવે શાસ્ત્રો-પુરાણોમાં પણ નહિ વર્ણવેલી એવી ગુપ્ત વાત તને કહું છું. ભરત-ખંડ વિષે સર્વ જાતિઓને મનુષ્ય જન્મ મળવો ઘણો દુર્લભ છે.

સર્વ જાતિઓમાં 'બ્રાહ્મણ' જાતિ

શ્રેષ્ઠ ગણાય છે, કેમકે સર્વ કર્મોમાં તે ઉત્તમ ગણાય છે. બ્રાહ્મણના બે પ્રકાર છે : સકામ તથા નિષ્કામ. આમાં નિષ્કામ બ્રાહ્મણ જ શ્રેષ્ઠ ગણાય છે કારણ કે, સકામની જેમ તે કર્મોનાં ફળ ભોગવતો નથી અને એવો નિષ્કામ ભક્ત તો દેહ છોડયા પછી પરમ પદને પામે છે. તેઓને ફરી સંસારમાં આવવાનું રહેતું નથી. તે દિવ્યરૂપ ધરીને ગોલોકમાં જાય છે. સકામી વૈષ્ણવજન ઉચ્ચ વૈષ્ણવલોકમાં જઇ સમય અનુસાર પુનઃ પવિત્ર ભરત-ખંડમાં આવે છે અને તે પણ દ્વિજાતિ કુળમાં જન્મ લઇને તેના ઉત્તમ ગુણોને લીધે નિષ્કામ ભક્ત બને છે, ને મારી પ્રસન્નતાથી તેને નિર્મળ ભક્તિ પણ સુલભ થાય છે. સકામ બ્રાહ્મણ હોય તે અને સકામ વૈષ્ણવજન હોય તે ઘણા જન્મોમાં પણ વિષ્ણુભક્તિમાં નહિ પ્રેરા-વાને લીધે વિશુધ્ધ બુધ્ધિ મેળવી શકતો નથી. જે દ્વિજ તીર્થસ્થાનમાં રહી નિરંતર તપ કરે છે તે અવશ્ય બ્રહ્મ-લોકમાં જાય છે અને કેટલા કાળ પછી ત્યાંથી તેને પુનઃ ભરતખંડમાં આવવું પડે છે. જે મનુષ્ય હમેશાં તીર્થસ્થાનો સાથે સંકળાયેલો રહે છે તેને દેહ ત્યજ્યા પછી અવશ્ય સત્યલોક મળે છે.

તે પણ કેટલાક કાળ પછી ત્યાંથી ભરતખંડમાં આવી પુનઃ જન્મ પામે છે. જે વિપ્ર પોતાના ધર્મમાં રહી સૂર્યની ઉપાસના કરે છે તેનો સૂર્યલોકમાં વાસ થાય છે, અને કેટલાક કાળ પછી તેને પાછું ભરતખંડમાં આવવું પડે છે. જે ભાવિક મનુષ્ય નિષ્કામ ભાવથી ભગવતી જગદંબાને ઉપાસે છે તે દેવીના દિવ્ય ધામ મણિદ્વીપલોકમાં જાય છે, પરંતુ ત્યાંથી તેને ભરતખંડમાં પાછું આવવું પડતું નથી. જે ભાવિક મનુષ્યે સ્વધર્મ પરાયણ રહી શિવના, ગણપતિના તથા શક્તિના ઉપાસકો હોય છે, તે બધાયે પછી ત્યાંથી પાછા ભરતખંડમાં આવે છે. જે બ્રાહ્મણો સ્વધર્મ પરાયણ રહી પંચાયતન વિના બીજા દેવોને ઉપસે છે, તેઓ તે બધા દેવોના લોકમાં જાય છે, જે મનુષ્યો સ્વધર્મનું પાલન કરતા નથી તે આચારહીન ને કામાલોલુપ મનુષ્યોને નરકમાં જ સ્થાન મળે છે. ચારે વર્ણ પોતપોતાના ધર્મમાં કટિબદ્ધ રહે તો તે બધાયે શુભકર્મના ફળ ભોગવવાના અધિકારી થાય છે.

જે મનુષ્ય પોતાના ધર્મનું બરાબર પાલન કરતો નથી તે અવશ્ય નરકમાં જાય છે. પછી તે પાછો ભરતખંડમાં આવી શકતો નથી. માટે ચારે વર્ણો માટે સ્વધર્મનું પાલન કરવું હિતકારક છે. સ્વધર્મનું પાલન કરતા જે બ્રાહ્મણો સ્વધર્મમાં તત્પર રહેતા જે બ્રાહ્મણને પોતાની કન્યા આપે છે તે અવશ્ય ચન્દ્રલોકમાં જાય છે. અને તે ત્યાં ચૌદ ઇન્દ્રો થાય છે ત્યાં સુધી વાસ કરે છે. જે શણગારેલી કન્યાનું દાન કરવામાં આવે તો તે કરતાં બે ગણું ફળ મળે છે, જે ભાવિકો ચન્દ્રલોકમાં જવાના

જિજ્ઞાસુ હોય તેઓ જ એ કન્યાદાનથી ચન્દ્રલોકમાં જાય છે, પણ જે મનુષ્યો કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા રાખ્યા વગર ઇશ્વર પ્રીત્યર્થે કન્યાદાન કરે છે તેઓ ચન્દ્રલોકમાં જતા નથી, પણ વિષ્ણુલોકમાં જાય છે. દૂધ, ચાંદી, સોનું વસ્ત્ર, ઘી, ફળ અને જળ બ્રાહ્મણોને અર્પણ કરનારો પુણ્યાત્મા પણ ચન્દ્ર લોકમાં જઇ એક મન્વંતર સુધી ત્યાં વાસ કરે છે. જો તેણે નિષ્કામ ભાવથી યાચકોને દાન કર્યું હોય તો જ તે ભગવાન વિષ્ણુના વૈકુંઠધામમાં જાય છે. જે મનુષ્ય પવિત્ર બ્રાહ્મણને સુવર્ણ, ગાય, ને તાંબુ વગેરેનું દાન કરે છે તે મનુષ્ય સૂર્યલોકમાં જઇ લાંબા કાળ સુધી રહે છે. જે મનુષ્ય બ્રાહ્મણને ભુમિ તથા પુષ્કળ દ્રવ્ય આપે છે, તે ભગવાન વિષ્ણુના શ્વેત દ્વીપમાં જઇને ત્યાં ઘણા સમય સુધી રહે છે. જે ભાવિક મનુષ્ય બ્રાહ્મણને રહેઠાણ માટે ઘરનું દાન કરે છે, તે ઉત્તમ મનુષ્ય શ્રી હરિના ધામમાં જ રહે છે. જે મનુષ્યો જે જે દેવને ઉદ્દેશી દાન કરે છે તે વ્યક્તિઓ અંતે તે તે દેવના લોકમાં જાય છે, જે મનુષ્ય પોતાના ઘર આંગણે દાન કરે તે કરતાં રાજભવન પર દાન કરે છે તેનુ ચોગણું ફળ મળે છે. જો તે ઘર આંગણે દાન કરવાને બદલે તીર્થમાં જઇને દાન કરે તો તેનું સો ગણું ફળ મળે છે. વળી તે દાન જો કોઇ ઉત્તમ સ્થાનમાં જઇને કરવામાં આવે તો તેનાથીયે બમણું ફળ મળે છે. આવું બ્રહ્માનું વચન છે. સર્વ પાપોથી મુક્ત થવા માટે મનુષ્ય તળાવનું દાન કરે તો તે રેણું સુધીના વર્ષોની અવધિ લઇ જનલોકમાં જાય છે. જે વાવડીનું દાન કરે છે તેને સોગણું ફળ મળે છે, તે તળાવનું દાન કર્યા બરાબરનું પુણ્ય પણ મેળવી લે છે. સુપાત્રને જો કન્યાનું દાન કરવામાં આવે તો એવી દશ વાવોનું દાન કર્યા જેટલું ફળ પ્રાપ્ત થાય છે, વાવમાં રહેલો કાદવ દૂર કરવાથી પણ ઘણું પુણ્ય થાય છે. જે ભાવિક પુરુષ પીપળાનું ઝાડ રોપી એની પ્રતિષ્ઠા કરે છે તે સહસ્ત્ર વર્ષ સુધી વિષ્ણુના ધામમાં જાય છે. જે જીવાત્માઓના આરામ માટે બાગ—બગીચા બનાવે છે તે દશ હજાર વર્ષ સુધી ધ્રુવલોકમાં જઇને આનંદ કરે છે. જે મનુષ્ય શ્રીહરિને સંબંધી વિમાનનું દાન કરે છે તે મનુષ્ય એક મન્વંતર સુધી વિષ્ણુલોકમાં રહે છે. જો એ વિમાન મોટું અને સુશોભિત હોય તો તેનાથી ચારગણું ફળ મળે છે. જે ભાવિક મનુષ્ય ભક્તિપૂર્વક શ્રી વિષ્ણુને ઉદ્દેશી દેવાલયનું દાન કરે છે તે લાંબા કાળ સુધી વૈકુંઠમાં રહે છે.

જે ભાવિક મનુષ્ય રાજાના મહેલ સુધી રાજમાર્ગ બનાવે છે તે સહસ્ત્ર વર્ષો સુધી ઇંદ્રલોકમાં રહે છે. બ્રાહ્મણોને કે દેવોને આપેલા દાનનું ફળ એક સરખું જ મળે છે. મનુષ્યે આગલા જન્મમાં જે આપ્યુ હોય છે તે જ તેને બીજા જન્મમાં મળે છે, જો તે જન્મમાં

કશું જ ન આપ્યું હોય તો બીજા જન્મમાં તેને શું મળવાનું છે? પુણ્યવાન મનુષ્ય હોય તેજ સ્વર્ગનું સુખ ભોગવી પુનઃ ભરતખંડમાં જ જન્મે છે, તે પણ ઉત્તમમાં ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મવાનું સૌભાગ્ય તેને સાંપડે છે. પુણ્યશાળી બ્રાહ્મણ સ્વર્ગમાં ગયો હોય તે ત્યાં સુખ ભોગવી પુનઃ ભરતખંડમાં બ્રાહ્મણ જ જન્મે છે. ક્ષત્રિયો માટે પણ આ જ નિયમ લાગુ પડે છે. શ્રુતિમાં કહેલું છે કે, ક્ષત્રિય અથવા વૈશ્ય તપ કરીને તેના પ્રભાવથી બ્રાહ્મણત્વ પામી શકતા નથી.

કોઇ પણ કર્મ ભોગવ્યા વિના કરોડ કલ્પોએ પણ નાશ પામતું નથી; એટલે મનુષ્યે જે શુભ કે અશુભ કર્મ કર્યું હોય તે અમે ત્યારે અવશ્ય ભોગવવું જ પડે છે. દેવો તથા તીર્થની કે વ્રતની સહાયથી જીવાત્મા અનેક શરીરો ધરવાથી કર્મથી છૂટી જાય છે. પુત્રી! આ વિષે મેં તને જે કહેવા જેવું હતું તે કહ્યું, હવે તારી બીજી શું સાંભળવાની ઇચ્છા છે?

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણ નવમ સ્કંધ વિષે 'સાવિત્રીને યમરાજાનું વરદાન' નામનો ૩૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૦ મો

### દાનનાં પ્રકાર અને ફળ

સાવિત્ર્યુ ઉવાચ

પ્રયાન્તિ સ્વર્ગમન્યં ચ-
યેનૈવ કર્મણા યમ :
માનવા પુણ્યવંતશ્ચ તન્મે-
વ્યાખ્યા તુમર્હસિ ॥

સાવિત્રીએ કહ્યું: હે યમરાજ! કેવા કર્મો કરવાથી પુણ્યશાળી મનુષ્યો સ્વર્ગમાં તથા બીજા લોકોમાં જાય છે તે જાણવાની મને ઇચ્છા છે.

યમરાજ બોલ્યા: હે પતિવ્રતે! જે ભાવિક મનુષ્ય બ્રાહ્મણને અન્નનું દાન કરે છે તે શિવલોકમાં જાય છે અને તેણે દાનમાં અન્નના જેટલા કણ આપ્યાં હોય તેટલાં વર્ષો સુધી તે ત્યાં રહે છે. તેથી જ તો સર્વ દાનોમાં અન્નદાનને શ્રેષ્ઠ કહેવામાં આવ્યું છે. તેનાથી ઉત્તમ બીજું કોઇ દાન થયું નથી અને થશે પણ નહિ. કારણ કે અન્નદાન વખતે પાત્ર-કુપાત્ર કે સમય—અસમય જોવામાં આવતાં નથી. જે મનુષ્ય બ્રાહ્મણોને અથવા દેવોને આસનનું દાન આપે છે તે હજારો વર્ષો સુધી શ્રી વિષ્ણુના ધામ વૈકુંઠમાં રહેવાનું સૌભાગ્ય મેળવે છે. જે સદ્‌ગૃહસ્થ દૂધાળી ગાયનું બ્રાહ્મણને દાન કરે છે તે ગાયને જેટલાં રૂંવાડા હોય તેટલાં વર્ષો સુધી સ્વર્ગમાં રહે છે. આવી રીતે ગાયનું દાન કરનારને પુણ્ય પણ ઘણું જ પ્રાપ્ત થાય છે અને તેનો પરિવાર સુખી રહે છે. સુંદર નવાં વસ્ત્રો દાનમાં આપનાર વરુણલોકમાં જઇને આનંદ કરે છે. જે ભાવિક કોઇ દુઃખી બ્રાહ્મણને માત્ર બે નવા વસ્ત્રનું દાન કરે છે તે ઘણાં વર્ષો સુધી વાયુલોકમાં રહે છે. જે વસ્ત્ર સાથે શાલિગ્રામ અર્પણ કરે છે તે ઘણા કાળ સુધી વૈકુંઠમાં શ્રીહરિ સમિપ રહે છે. જે મનુષ્ય દેવો અથવા બ્રાહ્મણોને દીવાનું દીપદાન કરે છે તેનો અગ્નિલોકમાં

વસવાટ થાય છે. ભરતખંડમાં હાથીનું દાન કરનાર મનુષ્ય, સ્વર્ગમાં ઇન્દ્રના અર્ધા આસન પર બેસવાનો અધિકારી થાય છે. જે ભાવિક બ્રાહ્મણને ઘોડાનું દાન કરે છે તેને વરુણલોકમાં જવાનો અધિકાર મળે છે. જે પાલખી આપે છે તેને પણ ઉત્તમલોક મળે છે. બ્રાહ્મણને વાડીનું દાન કરે છે તેને પણ વાયુલોકમાં જવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય રત્ન અથવા ધનનું દાન કરે છે તે મનુષ્ય દીર્ઘાયુ અને વિદ્વાન થઇ ઘણું જ માન મેળવે છે. દાન દેનાર દાતા અને દાન લેનાર યાચક બન્ને વૈકુંઠમાં જઇને આનંદ કરે છે.

જે નિરંતર શ્રીહરિનું નામ–કીર્તન કરે છે તેવા સાત્ત્વિક મનુષ્યને જોતાં જ કાળ ભાગી જાય છે. જે સજ્જન પૂનમની રાતે દોલોત્સવ કરે છે તે જીવન્મુક્ત થઇ આ લોકમાં અપાર સુખ ભોગવી અંતે વૈકુંઠમાં ભગવાન વિષ્ણુના ધામમાં જાય છે. જો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં દોલોત્સવ કરવામાં આવે તો એથી બમણું ફળ મળે છે. બ્રાહ્મણને તલનું દાન કરનાર શિવના કૈલાસ ધામમાં જઇ ઘણું માન મેળવે છે, તે પછી ભરતખંડમાં ઉત્તમ યોનિમાં જન્મી ઘણાં સુખભોગ ભોગવે છે. જો તલનું દાન તાંબાના પાત્રમાં તલ રાખીને આપવામાં આવે તો તે ફળ બમણું થઇ જાય છે. જે પોતાની કન્યાને વસ્ત્રો–આભુષણોથી બરાબર શણગારીને કોઇ યોગ્ય બ્રાહ્મણને પત્ની તરીકે આપે છે તે દીર્ઘકાળ સુધી ચંદ્રલોકમાં રહે છે, ત્યાંથી તે ગંધર્વલોકમાં જઇ દિવસ–રાત ઘણું સુખ ભોગવે છે, તે પછીના તેના અસંખ્ય જન્મોમાં તેને પતિવ્રતા અને સુંદર પત્ની મળે છે. જે ભાવિક બ્રાહ્મણને પાકા ઉત્તમ ફળોનું દાન કરે છે તે ઇંદ્રલોકમાં જઇ ઘણું સન્માન પામે છે. જો તે ફળને બદલે આખું ફળાઉ વૃક્ષ દાનમાં આપી દે તો તેને હજારગણુ ફળ મળે છે. ફળનું દાન કરનાર મનુષ્ય સમય થતાં પુનઃ સ્વર્ગમાંથી ભરતખંડમાં આવી ઉત્તમ યોનિમાં જન્મ લે છે. જે મનુષ્ય બ્રાહ્મણને અનાજ સહિત બધી ઘરવખરી સાથેનું ઘર દાનમાં આપે છે તે દીર્ઘકાળ સુધી દેવલોકમાં વસે છે.

તે પછી ભરતખંડમાં ઉત્તમ યોનિમાં જન્મી બહુ જ ધનવંત બને છે. જે હરિયાળી ભુમિનું દાન કરે છે તેને સહેલાઇથી વૈકુંઠ મળે છે. જે મનુષ્ય ફળદ્રુપ જમીન, ફળાઉ વૃક્ષો અને સુંદર લતાઓથી શોભતા નગરનું બ્રાહ્મણને દાન કરે છે, તે લાંબા કાળ સુધી કૈલાસમાં રહે છે, પછી સમય થતાં ભરતખંડમાં જન્મી મોટા રાજ્યનો અધિષ્ઠાતા બને છે.

જે મનુષ્ય વાવ, તળાવ, મોટા આવાસો અને વિવિધ વૃક્ષોથી શોભતા નગરનું બ્રાહ્મણને દાન કરે છે તે વૈકુંઠલોકમાં જાય છે. લાંબા સમય સુધી ત્યાં રહી ભરતખંડમાં જન્મી ચક્રવર્તી રાજા થાય છે. જે મનુષ્ય પોતાના સર્વ અધિકાર બ્રાહ્મણને આપે છે તે ચાર ગણું ફળ

મેળવે છે, જે પુરુષ તપ કરનારા બ્રાહ્મણને જંબુદ્વીપનું દાન કરે છે એને સોગણું ફળ મળે છે. આવો જંબુદ્વીપનું દાન કરનારો મનુષ્ય સઘળાં તીર્થો સેવનારો હોય, ઘણી વાર તપ કરી ચૂકયો હોય, શ્રેષ્ઠ સ્થાનમાં રહેતો હોય, સર્વસ્વનું દાન કરનારો હોય, તેમ જ સઘળી સિદ્ધિઓ પ્રાપ્ત કરી ચૂકયો હોય અને ભગવતી જગદંબાનો પરમ ઉપાસક હોય, તે મનુષ્ય જન્મ–મરણના ફેરામાંથી સદા માટે મુકત થાય છે. પછી તે અનેક બ્રહ્માને પોતાની નજર સામે બદલાતા જોતો દેવીના પરમધામ મણિદ્વીપમાં જઇને વસે છે. જે ભગવતીનો અને ભગવતીના મંત્રનો પરમ ઉપાસક હોય તે માનવશરીર ત્યજ્યા પછી જન્મ–મરણ તેમ જ વૃદ્ધાવસ્થા રહિત ઐશ્વર્યસંપન્ન દિવ્યરૂપ ધારણ કરી જગદમ્બાની સેવા–સ્મરણમાં લીન રહે છે તે ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી ભગવતીના મણિદ્વીપમાં રહે છે. સમય આવતાં પ્રલય વખતે દેવો, સિધ્ધો તથા અખિલ વિશ્વ બધું જ નાશ પામે છે, પરંતુ ભગવતી દેવીના પરમ ભકતોનો કયારેય નાશ થતો નથી; તેમજ જન્મ, જરા ને મૃત્યુ તેમની પાસે ફરકતા નથી.

કારતક માસમાં જે ભાવિક વિષ્ણુને તુલસી ચડાવે છે તે ત્રણ યુગ પર્યંત વૈકુંઠમાં શ્રીહરિના ભવનમાં રહી પુન: ભરતખંડમાં ઉત્તમ કુળમાં જન્મ લે છે ને ભગવાનના પરમભકત તરીકે પંકાય છે. જે પુરુષ મધ્યાન્હકાળે ગંગા નદીમાં સ્નાન કરે છે તેને ઘણા કાળ સુધી શ્રીવિષ્ણુના મંદિરમાં આનંદ મેળવવાનો સુઅવસર સાંપડે છે. ત્યારબાદ તે ઉત્તમ યોનિમાં જન્મ લઇ ભગવાન વિષ્ણુના મંત્રનો ઉપાસક બને છે. પછી તે શરીર છોડી ભગવાનના ધામમાં જાય છે; તે પછી તેને ત્યાંથી પુન: પૃથ્વી પર આવવું પડતું નથી. જે મનુષ્ય નિરંતર ગંગા નદીમાં સ્નાન કરે છે તે પવિત્ર પુરુષને પગલે....પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. એની પવિત્ર ચરણરજથી પૃથ્વી પવિત્ર થઇ જાય છે. તે પવિત્ર પુરૂષ જીવન્મુકત હોઇ મોટા તપસ્વીઓ એનો આદર કરે છે, પછી તે કૈલાસમાં ઘણું સુખ ભોગવી ભરતખંડમાં પુન: આવી શ્રેષ્ઠ જાતિમાં જન્મ લઇ મોટો વિદ્વાન અને શિવભકત થાય છે.

જે ભાવિક મનુષ્ય વૈશાખ મહિનામાં સત્તુનું દાન કરે છે તે શિવમંદિરમાં વસે છે જે ભાવિક મનુષ્ય કૃષ્ણજન્માષ્ટમિનું વ્રત કરે છે તે સો જન્મોનાં પાપથી મુકત થઇ લાંબા કાળ સુધી વૈકુંઠમાં આનંદ કરે છે, તે પછી ભરતખંડમાં ઉત્તમ કુળમાં જન્મ લઇ શ્રીકૃષ્ણનો પરમભકત બને છે. ભરતખંડમાં ભગવાન શિવનું મહાશિવરાત્રિનું વ્રત કરનાર લાંબા કાળ સુધી કૈલાસમાં વસે છે. જે ભાવિક દિવસના સમયે મહાદેવને બિલીપત્ર ચડાવે છે તે અનેક યુગો સુધી કૈલાસમાં રહી અત્યંત સુખ ભોગવે છે, પછી પુન: ભરતખંડમાં શ્રેષ્ઠ કુળમાં જન્મી ભગવાન

શિવના પરમભક્ત તરીકે પંકાય છે, તેને માટે વિદ્યા, પુત્ર, સંપત્તિ અને ભુમિ સુલભ રહે છે.

શિવરાત્રિ વ્રત કરનારો મનુષ્ય ચૈત્ર અથવા મહા માસમાં મહાદેવનું પૂજન કરે અને રાત દિવસ એમનું સ્મરણ–ભજન કરવામાં તત્પર રહી ત્રીસ દિવસ પંદર દિવસ, દસ દિવસ, સાત દિવસ, બે દિવસ અથવા એક દિવસ, પણ ભગવાન સમક્ષ ભાવવિભોર બની નૃત્ય કરે છે તેનો અવશ્ય શિવલોકમાં વાસ થાય છે. હે સાવિત્રી ! શરદઋતુમાં જે દેવી-ભક્ત ભગવતીની મહાપૂજા, નૃત્ય, ગીત, વાદ્ય વગેરે દ્વારા ઉત્સવ પ્રમાણે કરે છે તે કૈલાસમાં વસે છે, અને ત્યાં ઘણો કાળ રહ્યા પછી પૃથ્વીમાં શ્રેષ્ઠ કુળમાં જન્મી રાજાધિરાજ થાય છે, તેને સત્કર્મોના પ્રતાપે અતુલ સંપત્તિ, પુત્ર–પૌત્રોની અભિવૃદ્ધિ, હાથી–ઘોડા વગેરે વાહન મળે છે.

જે દેવીભક્ત આસો સુદિ અષ્ટમીને દિવસે મહાલક્ષ્મીની ઉપાસના ભક્તિ–પૂર્વક કરે છે અને ષોડશોપચારે પૂજન કરે છે તેને ગોલોકમાં વસવાનો અધિકાર મળે છે. વૈષ્ણવજનો માટે કાર્તકી પૂનમનો મહિમા ઘણો મોટો છે. કાર્તકી પૂનમે સેંકડો ગોપ-ગોપીઓ સાથે રાસ-મંડળનો ઉત્સવ ભાવિકે ઉજવવો જોઇએ. એ ઉત્તમ દિવસે પાષાણની બનાવેલી રાધા–કૃષ્ણની મુર્તિનું પૂજન કરનાર મનુષ્ય અંતઃકાળે ગોલોકમાં જઇને વસે છે અને તે ભગવાન શ્રીકૃષ્ણનો પરમ ભક્ત બને છે, તે નિરંતર શ્રીહરિના મંત્ર જપીને તેમના જેવું રૂપ પામી ભગવાનનો મુખ્ય પાર્ષદ બને છે. વળી જરા અને મૃત્યુને જીતનારા તે ભક્ત પુરુષનું ત્યાંથી કયારેય પતન થતું નથી.

જે મનુષ્ય મહિનામાં સુદ અને વદ પક્ષની બન્ને એકાદશીનું શ્રદ્ધાભક્તિપૂર્વક વ્રત કરે છે તે વૈકુંઠમાં જાય છે અને કેટલાક સમય પછી પુનઃ ભરતખંડમાં જન્મ લઈ ભગવાન શ્રીકૃષ્ણનો પરમ ઉપાસક થાય છે. આ રીતે શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ વધુ દૃઢ કરી શરીર છોડયા પછી તે પુનઃ ગોલોકમાં જઇ ભગવાન શ્રીકૃષ્ણનું સારૂપ્ય મેળવી એમનો પાર્ષદ બને છે પછી તે જન્મ–મરણના ફેરામાંથી મુક્ત થાય છે.

જે મનુષ્ય ભાદરવા મહિનાની બારશે ઇન્દ્રની પૂજા કરે છે તેને જ્યાં ત્યાં માન પાન મળે છે. જે મનુષ્ય રવિવાર, સંક્રાંતિ અથવા શુક્લ પક્ષની સપ્તમીએ સુર્ય પૂજા કરી હવિષ્યાન્ન જમે છે, તેનો સુર્યલોકમાં વાસ થાય છે, ત્યાં થોડોક સમય રહ્યા બાદ પુનઃ પૃથ્વી પર જન્મ લઈ ધનપતિ અને આરોગ્યવાન થાય છે. જેઠ માસમાં કૃષ્ણપક્ષની ચૌદશે જે મનુષ્ય દેવી સાવિત્રીનું પૂજન કરે છે તેને બ્રહ્મલોકમાં સ્થાન મળે છે. ત્યાં કેટલોક કાળ રહી પુનઃ તે પૃથ્વી પર જન્મ લઇ જ્ઞાની ચિરંજીવી અને વૈભવશાળી થઇ સુખી જીવન જીવે છે.

જે મનુષ્ય મહાસુદ પાંચમના દિવસે

સરસ્વતીદેવીનું ષોડશોપચારે પૂજન કરે છે તેને પણ દેવી અંતઃકાળે મણિદ્વીપમાં બોલાવી લે છે. જે મનુષ્ય ભકિતભાવથી બ્રાહ્મણને સુવર્ણ, ગાય વગેરેનું દાન કરે છે તે વૈકુંઠવાસી થાય છે. જે ભાવિક બ્રાહ્મણોને મિષ્ટાન્ન જમાડે છે તે વિષ્ણુની પ્રસન્નતા પામી વૈકુંઠલોકમાં જાય છે. જે મનુષ્ય નિરંતર શ્રી વિષ્ણુનું કીર્તન પોતે કરે છે અથવા બીજામાં પોતે કીર્તન કરાવવાની ભાવના જમાડે છે તે એક યુગ સુધી વૈકુંઠમાં વસે છે. જે ભાવિક મનુષ્ય નારાયણ ક્ષેત્રમાં રહી ભગવાનના સહસ્રનામોનું સ્મરણ કરે છે તેને કરોડગણું ફળ મળે છે અને જો તે ભગવાનના નામના એક કરોડ જપ કરે છે તો સર્વ પાપોથી મુકત થઇ જીવન્મુક્ત થાય છે. પછી તેના જન્મ–મરણના ફેરા ટળી જતાં તે વિષ્ણુલોકમાં જઈ ભગવાન સમિપ રહે છે.

જે શિવભકત પ્રતિદિન ભગવાન શંકરની પાર્થિવપૂજા કરે છે તે અંતે કૈલાસમાં જઇને વસે છે, ત્યાં થોડો કાળ રહ્યા પછી પુનઃ તે પૃથ્વી પર જન્મી મોટો રાજા બની શાલિગ્રામની પૂજા કરી એમના ચરણોદકને પીનારો પરમ વૈષ્ણવ ભક્ત બની પછી વૈકુંઠમાં જઇને વસે છે. પછી તેને કદી સંસારમાં આવવું પડતું નથી. બધાંય તપ અને વ્રત કરનારો મનુષ્ય એ સત્કર્મોના ફળસ્વરૂપ વૈકુંઠધામમાં રહેવાનો અધિકારી બને છે. તેને પણ પુનઃ જન્મ લેવો પડતો નથી. મનુષ્ય સર્વ તીર્થોમાં સ્નાન કરવા સાથે પૃથ્વીની પરિક્રમા કરે છે તેનો અવશ્ય મોક્ષ થાય છે. ભરતખંડ જેવા પુણ્યક્ષેત્રમાં જે ભાવિક અશ્વમેધ યજ્ઞ કરે છે તે ઇંદ્રનું અર્ધું આસન પ્રાપ્ત કરે છે અને જે રાજસૂય યજ્ઞ કરે તેને એનાથી ચાર ગણા ફળની પ્રાપ્તિ થાય છે.

બધા યજ્ઞોમાં ભગવતીનો યજ્ઞ શ્રેષ્ઠ મનાય છે. ભગવાન વિષ્ણુ અને બ્રહ્માએ પૂર્વકાળથી ભગવતી દેવીની આરાધના કરી છે. જ્યારે ત્રિપુરાસુરનો વધ કરવાનો હતો ત્યારે ભગવાન શંકરે દેવીને આરાધ્યાં હતાં. સર્વ યજ્ઞોમાં દેવી ભુવનેશ્વરીનો યજ્ઞ શ્રેષ્ઠ છે. પહેલાં એકવેળા દક્ષ પ્રજાપતિ અને શંકર ભગવાન વચ્ચે વાદવિવાદ થયેલો તે વખતે દક્ષ પ્રજાપતિએ જગદંબાને પૂજ્યાં હતાં. તેમાં બ્રાહ્મણોએ કોપાયમાન થઇ નંદીને શાપ આપ્યો હતો જેથી ભગવાન શંકરે દક્ષના યજ્ઞનો વિરોધ કર્યો હતો, તો પણ ફરીવાર દક્ષ પ્રજાપતિએ દેવીનો યજ્ઞ ઘણાએ કર્યો છે: ધર્મ, કશ્યપ, શેષ, કંર્દમમુનિ, સ્વાયંભુવ મનુ, પ્રિયવ્રત, શિવ, સનત્કુમાર, કપિલ તથા ધ્રુવ ભગવતીનો યજ્ઞ કરી ચૂકયા છે. દેવીનો યજ્ઞ આરંભ્યો હતો. આવી રીતે દેવીનો યજ્ઞ કરનારો પુરૂષ હજારો રાજસૂય યજ્ઞો કર્યા જેટલું ફળ મેળવે છે. દેવીભક્ત ૧૦૦ વર્ષ જીવી છેવટે જીવન્મુકત બને છે.

હે સતી ! જેવી રીતે દેવોમાં વિષ્ણુ, વૈષ્ણવોમાં નારદ, શાસ્ત્રોમાં વેદ, વર્ણોમાં

બ્રાહ્મણ, તીર્થોમાં ગંગા, પુણ્યાત્માઓમાં શિવ, વ્રતોમાં એકાદશી, પુષ્પોમાં તુલસી, નક્ષત્રોમાં ચન્દ્ર, પક્ષીઓમાં ગરૂડ, સ્ત્રીઓમાં ભગવતી મૂલ પ્રકૃતિ રાધા, સરસ્વતી અને વસુંધરા, ચંચળ સ્વભાવ વાળી ઈંદ્રિઓમાં રાજા, વનોમાં વૃંદાવન, વર્ષોમાં ભારતવર્ષ, શ્રીમાનોમાં લક્ષ્મી, વિદ્વાનોમાં સરસ્વતી, પતિવ્રતાઓમાં ભગવતી દુર્ગા અને સૌભાગ્યવતી શ્રીકૃષ્ણની પત્નીઓમાં શ્રી રાધા સર્વોપરિ મનાય છે, એવી જ રીતે સર્વ યજ્ઞોમાં 'દેવીયજ્ઞ'ને શ્રેષ્ઠ માનવામાં આવે છે. સઘળાં તીર્થોમાં સ્નાન, અખિલ યજ્ઞોની દીક્ષા તથા સમસ્ત વ્રતો તેમ જ તપસ્યાઓ અને ચાર વેદોના પાઠનું તથા પૃથ્વીની પ્રદક્ષિણાનું ફળ છેવટે એ જ હોય છે કે ભગવતી ભુવનેશ્વરીની ઉપાસના કરી પુરૂષ મુક્તિ મેળવી લે. પુરાણો, વેદો અને ઇતિહાસમાં સર્વત્ર ભગવતી જગદંબાના ચરણ-કમલોની ઉપાસનાને જ સારભુત માનેલી છે. દેવીના સ્વરૂપનું વર્ણન, એમનું ધ્યાન, એમનું નામ અને ગુણોનું કીર્તન, સ્તોત્રપાઠ, નમસ્કાર, જપ, એમનુ ચરણોદક અને નૈવેદ્ય લેવું એ નિત્યનું પરમ કર્તવ્ય છે. હે સતી ! એમને બધા ઇચ્છે છે અને સર્વની સંમતિથી સર્વને પ્રિય છે.

પુત્રી ! હવે તું મૂલપ્રકૃતિ નિર્ગુણ પરબ્રહ્મની નિરંતર ઉપાસના કર. તુ આ તારા પતિદેવને લઇ જા, અને સુખેથી પોતાના ભવનમાં વસ. મનુષ્યો માટે મંગલમય કર્મવિપાક ( ફળરૂપે ) મેં તને કહ્યો, જે વૃત્તાંત સર્વને ઇષ્ટ, સર્વ સંમત ઉત્તમ તથા તત્ત્વજ્ઞાન આપનારૂં છે ૧૪૦

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'દાનના પ્રકાર અને ફળ' નામનો
૩૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૧ મો

સાવિત્રીએ કરેલી યમરાજની સ્તુતિ

શ્રી નારાયણ ઉવાચ

શક્તેરુત્કીર્તનં શ્રુત્વા—
સાવિત્રી યમવક્ત્રતઃ ।
સાશ્રુનેત્રા સપુલકા યમં—
પુનરુવાચ સા ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! યમરાજના મુખ ઉપરનું વૃત્તાંત સાંભળી સાવિત્રીની આંખમાં હર્ષનાં આંસુઓ આવ્યાં, શરીરે રોમાંચ ખડા થઇ ગયાં તેણે પુન: યમરાજને કહ્યું.

સાવિત્રી બોલી : હે મહાત્મન્ ! મારે હવે કઇ વિધિથી આ ભગવતી-જગદંબાને આરાધવા તે આપ કહો. ભગવાન ! આપના મુખેથી મેં કર્મવિપાક સાંભળ્યો હવે મને તમે અશુભ કર્મના ફળની વ્યાખ્યા કહો.

યમરાજને એમ કહીને સતીસાવિત્રી પુન: ભક્તિપૂર્વક વેદોક્ત સ્તોત્રથી યમરાજની સ્તુતિ કરવા લાગી: પ્રાચીનકાળમાં પુષ્કર-તીર્થમાં સૂર્યતપ દ્વારા ધર્મની ઉપાસના કરી ત્યારે ધર્મ પોતે જેમના પુત્ર બન્યા તે યમરાજને હું પ્રણમું છું. જે સઘળાં પ્રાણીઓમાં

સમભાવ રાખે છે, સર્વના સાક્ષી હોવાથી જે શમન કહેવાય છે, તે ભગવાનને મારા નમસ્કાર છે. જે કાળની ઇચ્છાથી વિશ્વનાં સમસ્ત પ્રાણીઓનો નાશ કરે છે તે ભગવાન કૃતાંતને હું પ્રણામ કરું છું. જે જગત પર નિયંત્રણ કરવા માટે તથા પાપીઓને શુદ્ધ કરવાના નિમિત્તે સંપૂર્ણ જીવોના શાસક બની હાથમાં દંડ ધારણ કરે છે, તે ભગવાન દંડધરને મારા પ્રણામ.

જે તપસ્વી, બ્રહ્મનિષ્ઠ, સંયમી, જિતેન્દ્રિય ને જીવોને કર્મફળ આપવા તત્પર રહે તે ભગવાન યમને હું પ્રણામ કરું છું. જે પોતાના આત્મામાં રમણ કરનારા, સંપૂર્ણ જ્ઞાનવાળા, પુણ્યાત્મા પુરુષોના મિત્ર તથા પાપીઓને કષ્ટ આપનારા છે તે 'પુણ્યમિત્ર' નામથી પ્રસિદ્ધ ભગવાન યમરાજને હું પ્રણમું છું. બ્રહ્માના અંશથી જન્મેલા, બ્રહ્મતેજથી સદા પ્રકાશતા તેમજ પરધર્મનું સતત ધ્યાન કરનારા 'ઈશ' નામક ભગવાન યમરાજને મારા પ્રણામ છે.

મુને! આમ પ્રાર્થના કરી સાવિત્રીએ યમરાજને પ્રણામ કર્યા. ત્યારે યમરાજે સાવિત્રીને ભગવતી મૂલ પ્રકૃતિનો મંત્ર તથા કર્મવિપાક કહ્યો : જે મનુષ્ય સવારમાં ઊઠીને નિરંતર આ યમાષ્ટકનો પાઠ કરે છે—યમરાજનો પાઠ કરે છે એને યમરાજનો ભય રહેતો નથી અને તેનાં સઘળાં પાપો નાશ પામે છે. જે મહાપાપી પણ ભક્તિપૂર્વક આ યમાષ્ટકનો નિરંતર પાઠ કરે છે તેની યમરાજ પોતાના કાયવ્યુહથી નિશ્ચિત એની શુદ્ધિ કરી દે છે. ૧૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'સાવિત્રીએ કરેલી સ્તુતિ' નામનો
૩૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૨ મો

### અશુભ કર્મોનાં ફળ

**શ્રી નારદ ઉવાચ :**

માયાબીજં મહામંત્રં પ્રદત્વા વિધિપૂર્વકમ્।
કર્માશુભવિપાકં ચ તામુવાચ રવેઃ સુતઃ ॥

ભગવાન નારાયણ બોલ્યા : નારદ! રવિનંદન યમરાજે સાવિત્રીને મૂળ પ્રકૃતિ ભગવતી ભુવનેશ્વરીનો મહામંત્ર તથા વિધિપૂર્વકનો ઉપાસનાનો પ્રકાર બતાવી હવે 'અશુભ કર્મનો વિપાક' કહેવો શરૂ કર્યો.

યમરાજે કહ્યું : પતિવ્રતે! શુભ કર્મના વિપાકથી માનવ નરકમાં જતો નથી. પરંતુ અશુભ કર્મવિપાક જ નરકનો હેતુ છે. એટલા માટે હું તને હવે અશુભ કર્મોનો વિપાક કહું છું. પુરાણભેદ અને નામભેદથી સ્વર્ગ અનેક પ્રકારનાં છે અને તેમાં પ્રાણી પોતપોતાના કર્મ મુજબ જાય છે. કોઇ પણ નરકમાં જવા ઇચ્છતું નથી પણ અશુભ કર્મવિપાક જ તેને જુદા જુદા નરકમાં લઇ જાય છે. નરકોના મોટા મોટા અનેક પ્રકારના કુંડ પાપીઓને દુઃખ ભોગવવા માટે છે. અત્યંત કુત્સિત અને ભયંકર છયાસી કુંડ પ્રસિદ્ધ છે એના સિવાય બીજા અપ્રસિદ્ધ પણ છે. એમાંના પ્રસિદ્ધ કુંડોનાં નામ

કહું છું : અગ્નિકુંડ, તપ્તકુંડ, ક્ષાર-કુંડ, વિષ્ટકુંડ, મૂત્રકુંડ, શ્લેષ્મકુંડ, દૂષિકાકુંડ, ગરકુંડ, વસા–શુક્ર–અસૃક–આંસુ–ગાત્રમલકુંડ, કર્ણકુંડ, માંસ–નક–લોમ-કેશ-અસ્થિકુંડ, તામ્રકુંડ, લોઢાનો કુંડ, ચામડાનો, ગરમસુરાનો, તીક્ષ્ણ કાંટાઓનો, વિષનો કુંડ, ઊકળતા તેલનો, ભાલાનો, કૃમિનો, પરૂનો, સર્પોનો, મચ્છરોનો કુંડ અને દંશ તથા ગરલકુંડ છે. સુવ્રતે! એવો જ વજ્ર જેવા દાંતવાળા વીંછી વગેરે ભયંકર જીવોનો કુંડ, શર, શૂલ, ખડ્ગ, ગોળા અને નક્રકુંડ (બીજો) કાક, મન્થાન કુંડ, બીજ, વજ્ર, ગરમ પથ્થરોનો તીક્ષ્ણ પાષાણ કુંડ, લાળનો, મેશનો, ચૂર્ણનો, ચક્રનો, વક્રનો, કૂર્મનો કુંડ તથા જ્વાલાકુંડ, ભસ્મ, દગ્ધ તથા સૂચીકુંડ, અસિપત્રનો, ક્ષુરધાર, સૂચી-મુખ, ગોકામુખ, નક્રમુખ, ગજદંશકુંડ, ગોમુખ તથા કુંભીપાક, કાલસૂત્ર, મત્સ્યોદ, કૃમિકુંડ, પાંસુભોજ્ય, પાશવેષ્ટ, શૂલપ્રોત, પ્રકંપન, ઉલ્કામુખ, અંધકૂપ, વેધનકુંડ તેમજ તાડન, જ્વાલારંધ્ર, દેહચૂર્ણ, દલન, શોષણક, સૂર્પજ્વાલામુખ, ધૂમાંધ તથા નાગવેષ્ટન કુંડ છે. સાવિત્રી! આ બધા કુંડો પાપીઓને કષ્ટ યાતના આપવા માટે બનાવેલા છે અને તેની દેખરેખ રાખવા દસ લાખ દૂતો–અનુચરો નીમેલા છે. હાથમાં મોટા દંડ રાખેલા, ભયંકર તેમ જ મદોન્મત દેખાતા તેમના હાથમાં ખડગ, ગદા, તરવાર, ત્રિશૂળ, શક્તિ વગેરે શસ્ત્રો રહેતા. ક્રોધથી લાલચોળ મુખવાળા નિર્દયી–ઘાતકી, અપ્રતિહત ગતિવાળા, તેજસ્વી, પિંગળી અને બિહામણી આંખોવાળા, યોગબળે અનેક પ્રકારના અને વિચિત્ર રૂપો ધારણ કરનારાં તેઓ અંતઃકાળ વખતે પાપી જીવાત્માઓને દેખાય છે. હે દેવી! જેઓ સૂર્યદેવ ને ગણપતિના ઉપાસક છે, પોતાના કર્મોમાં તત્પર રહેનારા સિદ્ધ તેમ જ યોગી છે. તેઓને પોતાના પુણ્યપ્રભાવથી કયારેય તેમની આગળ જવું પડતું નથી. તેમ જ પોતાના ધર્મમાં સદાય રાચનારાં વિશાળ અને ઉદાર હૃદયવાળા અને પૂર્ણ સ્વતંત્ર, નિરંતર સ્વપ્નમાં ઇષ્ટદેવનાં દર્શન પામનારા વૈષ્ણવજનોને ભયંકર દુત–અનુચરો દેખાતા નથી.

હે પતિવ્રતા! આ કુંડોની સંખ્યા મેં તને કહી. હવે કયા પાપીઓનો કયાં કુંડમાં વાસ થાય છે તે તને કહું છું. ૨૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'અશુભ કર્મોના ફળ' નામનો ૩૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૩ મો

### નરક કુંડમાં જનારા પાપીઓ

ધર્મરાજ ઉવાચ

હરિસેવારતઃશુદ્ધો યોગસિદ્ધો વ્રતી સતિ ।
તપસ્વી બ્રહ્મચારી ચ ન-
યાતિ નરકં ધ્રુવમ્ ॥

યમરાજે કહ્યું: હે સતી! શ્રીહરિની સેવામાં તત્પર રહેનારા પુણ્યાત્મા, યોગી, સિદ્ધો, વ્રતનીષ્ઠ, તપસ્વી અને બ્રહ્મચારી પુરુષ–આ બધા કદી નરકમાં જતા નથી

એ સાચું છે. જે પુરુષ પોતાના બળ અને ધનના અભિમાનને લઇને કટુવચનોથી પોતાના બંધુઓને બાળે છે તે અગ્નિકુંડ નામના નરકમાં જાય છે અને પોતાના શરીરમાં જેટલા રુંવાડાં હોય એટલા વર્ષો ત્યાં રહે છે, ત્યારબાદ ત્રણ વખત તેને પશુયોનિમાં જન્મ લેવો પડે છે. જે મનુષ્ય ઘર આંગણે આવેલા ક્ષુધાર્થીને ને ભુખ્યા–તરસ્યા બ્રાહ્મણને જમાડતો નથી તે તપ્તકુંડ નામના નરકમાં પડે છે, તે પછી સાત જન્મો સુધી તેને પક્ષી થવું પડે છે. જે મનુષ્ય રવિવાર, સુર્ય સંક્રાંતિ, અમાસ અને શ્રાદ્ધને દિવસે વસ્ત્રોને ક્ષાર–સોડા વગેરેથી ધૂએ છે તેને ક્ષારકુંડમાં જવું પડે છે. જે અધમ મનુષ્ય જ્યાં ત્યાં ભગવતી જગદંબા, વેદ, શાસ્ત્ર, પુરાણ વગેરે શાસ્ત્રો, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગૌરી તથા સરસ્વતી દેવો અને દેવીઓને નિંદે છે તેઓ નરક વિષેના ભયંકર કુંડમાં જાય છે અને ત્યાં લાંબો કાળ રહી પુનઃ સર્પોની યોનિમાં જન્મે છે. પોતે અથવા બીજાના દ્વારા બ્રાહ્મણ તથા દેવોની વૃત્તિ–આજીવિકાને છીનવી લેનારો મનુષ્ય વિટકુંડ નામક નરકમાં જાય છે અને પુનઃ પૃથ્વી પર આવી વિષ્ઠાનો કીડો જન્મે છે. જે બીજાએ ધન ખરચીને અને શ્રમ લઇને બનાવેલા તળાવને પોતે બનાવડાવ્યું છે એમ અસત્ય બોલી યશ લે છે તથા તેમાં મળ–મૂત્ર કરે છે તે મનુષ્ય નરકમાં આવેલા મૂત્રકુંડ નામના નરકમાં જાય છે અને ત્યાં મૂત્રાદિ અપવિત્ર વસ્તુઓ આરોગે છે, તે પછી ભરતખંડમાં બળદ થાય છે. ઘરના બધાંને ટાળી પદાર્થને એકલો જ ખાઇ જનારો મનુષ્ય શ્લેષ્મકુંડમાં પડે છે, તે પછી તે ભુતયોનિમાં જાય છે. આંગણે આવેલા અતિથિને ક્રોધે ભરેલા નેત્રોથી જોનાર વ્યક્તિએ આપેલ જળ પિતૃઓ સ્વીકારતા નથી. બ્રહ્મહત્યા જેવા ઘોર પાપ કરનાર મનુષ્ય દુષિકાકુંડમાં જાય છે અને ત્યાં નિરંતર દુષિત પદાર્થ ખાય છે. પછી ભુતયોનિમાં રહ્યા બાદ તે પવિત્ર થાય છે. જે મનુષ્ય બ્રાહ્મણને આપેલી વસ્તુ પુનઃ બીજાને આપી દે, તે મનુષ્ય દાતા વસાકુંડ નામના નરકમાં જાય છે. તે પછી સાત જન્મો સુધી તેને કાચંડો થવું પડે છે અને તે પછી અલ્પ સુધી મનુષ્ય થાય છે. જે સ્ત્રી–પુરુષ એકબીજાને પોતપોતાનું વીર્ય પાય છે તેઓ નરકમાં વીર્યના કુંડમાં પડી સો વર્ષ સુધી માત્ર વીર્ય જ આરોગે છે અને પછી સો વર્ષ સુધી કીડાની યોનિ પામ્યા પછી તે શુદ્ધ થાય છે. જે પાપી મનુષ્ય બ્રાહ્મણને કે ગુરૂને મારીને લોહીલુહાણ કરે છે તે નરકમાં લોહીના કુંડમાં જાય છે અને ત્યાં લોહી આરોગતો પડયો રહે છે અને પછી સાત જન્મો સુધી પૃથ્વી પર વાઘ તરીકે જન્મીને શુદ્ધ થાય છે. ગદ્‌ગદ વાણીથી ભાવવિભોર બની ભગવદ્દભજન કરનારા ભક્તને જોઇ જેને પ્રેમાશ્રુ આવતાં નથી અને મૂઢની જેમ બેસી જ રહે છે અને

હસ્યા જ કરે છે, તે આંસુ આરોગતો અશ્રુકુંડમાં સો વર્ષ સુધી પડયો રહે છે અને ત્યારબાદ પૃથ્વી પર ત્રણ જન્મો પર્યંત ચાંડાલ થયા પછી પવિત્ર થાય છે. મિત્રનો વિશ્વાસઘાત કરનારો મનુષ્ય નરકમાં આવેલા શરીરના મેલના કુંડમાં પડે છે અને તે પછી પૃથ્વી પર ત્રણ જન્મો સુધી ગધેડો અને ત્રણ જન્મો શિયાળની જાતિમાં જઇ છેવટે શુદ્ધ થાય છે. વળી બહેરા માણસને હસનારો તથા નિંદનારો સો વર્ષ સુધી કર્ણમેલ નામક-કુંડમાં તેનો જ આહાર કરતો રહે છે અને પછી સાત જન્મ સુધી બહેરો અને સાત જન્મ પર્યંત અંગહીન થઇ શુદ્ધ થાય છે.

પોતાના પોષણ માટે લોભથી પ્રાણીને હણનારો એક લાખ વર્ષ પર્યંત મજ્જા-કુંડમાં તેનો આહાર કરતો રહે છે. ત્યારબાદ સાત જન્મો સુધી સસલો, સાત જન્મ પર્યંત માછલું, ત્રણ જન્મો સુધી ભુંડ અને સાત જન્મો સુધી કૂકડો અને મૃગલો વગેરે થઇને શુદ્ધ થાય છે. જે મનુષ્ય કન્યાને છોકરી ધનના લોભે વેચી દે છે તે માંસનાં કુંડમાં કન્યાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી માંસભક્ષણ કરતો રહે છે અને યમનો માર ખાતો તે લોહી ચાટે છે. તે પછી સાઠ હજાર વર્ષ સુધી તે જ કન્યાના ઉદરમાં કૃમિ જન્મે છે, તે પછી સાત જન્મ સુધી પારધી, ત્રણ જન્મ પર્યંત ભુંડ, સાત જન્મો સુધી કુકડો, દેડકો, જળો અને કાગડો થાય છે, ત્યારબાદ શુદ્ધ થાય છે.

જે મનુષ્ય વ્રત, ઉપવાસ, અગિયારશ, અને શ્રાદ્ધને દિવસે હજામત કરાવે છે તે સઘળાં કર્મોમાં અપવિત્ર ગણાય છે. તે નખ, રૂંવાડાં, કેશ તથા હાડકાના કુંડમાં દેવોના એક વર્ષ સુધી રહી તે તે પદાર્થો ખાતો યમદુતોનો માર ખાય છે. માથે કેશ રાખી પાર્થિવ પૂજન કર-નારો માટીના રજકણો જેટલાં વર્ષો પર્યંત કેશના કુંડમાં રહે છે ને છેવટે શિવના ક્રોધને લઇ મ્લેચ્છરૂપે જન્મે છે ત્યાર બાદ સો વર્ષ સધી રાક્ષસ થઇ શુદ્ધ થાય છે. ગયા તીર્થક્ષેત્રમાં આવેલ વિષ્ણુપદમાં પિતૃઓને પિંડ નહીં આપ-નારો પોતાના રુંવાડાં જેટલાં વર્ષ સુધી અસ્થિકુંડમાં રહે છે અને સાત જન્મો પર્યંત ઉત્તમ કુળમાં જન્મી લંગડો, બેડોળ કે દરિદ્ર થાય છે. તે પછી શુદ્ધ બને છે. જે મૂર્ખ માનવી પોતાની ગર્ભ-વતી સ્ત્રીને સેવે છે તે સો વર્ષ સુધી તપ્ત તામ્રકુંડમાં વસે છે. જે પતિ–પુત્ર વિનાની અને ઋતુમતી સ્ત્રીના હાથનું ચોથા દિવસે જમે છે તે સો વર્ષ સુધી તપ્ત લોહકુંડમાં રહે છે. અને પછી સાત વર્ષ સુધી તે કાગડારૂપે જન્મે છે. છેવટે ગડગુમડાંવાળો થઇ દરિદ્ર થઇ શુધ્ધ થાય છે. ચામડાના અપવિત્ર હાથે દેવના દ્રવ્યને અડકનારો મનુષ્ય સો વર્ષ સુધી ચર્મકુંડમાં રહે છે. જે બ્રાહ્મણ શૂદ્રનું અન્ન જમે છે તે સો વર્ષ સુધી મદિરાના કુંડમાં રહે છે અને પછી સાત જન્મ પર્યંત શૂદ્રનું અન્ન ખાનારો બ્રાહ્મણ થાય છે અને તે પછી

શુદ્ધ થાય છે. જે મનુષ્ય કડવી વાણી બોલી પોતાના સ્વામીનો તિરસ્કાર કરે છે તે તીક્ષ્ણ કંટકકુંડમાં પડે છે ને ત્યાં કાંટાઓ ખાય છે અને યમદુતોનો માર ખાય છે. પછી સાત જન્મો સુધી ઘોડો થઇ શુદ્ધ થાય છે. ઝેર આપીને બીજાનો પ્રાણ લેનારો વિષકુંડમાં ઝેર ખાતો હજાર વર્ષો સુધી રહે છે અને ભીલ જાતિમાં ૧૦૦ વાર જન્મી ગડગુમડાં-વાળો થાય છે અને સાત જન્મો સુધી કોઢવાળો થઇ શુદ્ધ થાય છે. ભરત-ખંડમાં ગાય ને બળદોને પોતે મારતો હોય અથવા સેવકો દ્વારા માર મરાવતો હોય તે ચાર યુગો સુધી ઊકળતા તેલના કુંડમાં રહે છે. અને પછી ગાય કે, બળદનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી તેને બળદ થવું પડે છે. તીક્ષ્ણ ભાલાથી ને ગરમ કરેલા લોઢાથી પ્રાણીને મારનારો દશ હજાર વર્ષો સુધી તીક્ષ્ણ ખીલાના-ભાલાના કુંડમાં રહ્યા પછી શ્રેષ્ઠ જાતિમાં જન્મીને પણ ઉદર રોગથી ખૂબ પીડાયા પછી શુદ્ધ થાય છે. યજ્ઞ-શ્રાદ્ધાદિક્રિયા વિના માંસ માટી આરોગનારો અને ભગવાનને નૈવેદ્ય ધરાવ્યા સિવાય ભોજન કરનારો દ્વિજ કીડાઓના કુંડમાં પડીને કીડાઓનું ભક્ષણ કરતો પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી રહે છે અને પછી ત્રણ જન્મો પર્યંત મ્લેચ્છ થઇ છેવટે દ્વિજ થાય છે. ધનના લોભે શૂદ્રનાં મડદાં બાળનાર બ્રાહ્મણ પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી પરૂના કુંડમાં રહીને પરૂનું ભક્ષણ કરતો, યમદૂતોનો માર ખાતો રહે છે અને પછી ભરતખંડમાં સાત જન્મો સુધી મહારોગી, દરિદ્ર, બહેરો અને મૂગો થઇ શુદ્ર જાતિમાં જન્મે છે. વગર કારણે કમળના ચિન્હ-વાળા સાપને કે કોઇ પણ સર્પને મારનારો પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી સર્પોની વિષ્ઠા ભક્ષણ કરતો રહે છે, તે સર્પયોનિમાં જન્મે છે. ત્યાર બાદ ટુંકા આયુષ્યવાળો ને ગરમીના દર્દોનો રોગી થઇ સર્પદંશથી મૃત્યુ પામે છે. માંકડ, મચ્છર અને જુ વગેરે લોહી પીનારાં ક્ષુદ્ર જંતુઓને મારનારો તેણે જેટલા જંતુઓ માર્યા હોય તેટલાં વર્ષો સુધી દિવસ-રાત તેમનાથી કરડાતો, ભુખ્યો, ચીત્કાર કરતો અને યમદૂતોનો પુષ્કળ માર ખાતો પડયો રહે છે અને પછી તે પાપાત્મા અનેક જંતુરૂપે પૃથ્વી પર હેરાન થઇ, પછી ક્ષુદ્ર જંતુ મ્લેચ્છ જાતિનાં જન્મ લે છે અને છેવટે તે ખોડવાળો જન્મી શુદ્ધ થાય છે. જે મનુષ્ય મધપુડામાંથી જેટલી મધમાખી-ઓને મારી મધ લઇ લે છે તેટલી મધ-માખીઓથી કરડાતો અને યમદૂતોનો વિવિધ શસ્ત્રોથી અને ત્રિશુળ-ગદાથી માર ખાતો રહે છે. પછી તે મધમાખી થઇ શુદ્ધ થાય છે. નિર્દોષ અને ભલા બ્રાહ્મણને મારનારો વજ્રદંષ્ટ્ર કીડાઓના કુંડમાં જઇ પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી ત્યાં દિવસ-રાત તેમનાથી કરડાતો યમદૂતોનો માર ખાતો કરૂણ

કલ્પાંત કરે છે. તે પછી સાત જન્મો સુધી કાગડાઓની યોનિમાં જન્મી શુદ્ધ થાય છે. ધનના લોભથી પ્રજાને આકરા દંડ કરનારા રાજા પોતાની પ્રજાના રૂંવાડાં જેટલાં વર્ષો સુધી વીંછીઓના કુંડમાં રહે છે અને સાત જન્મો સુધી વીંછી થઇ છેવટે ખોડવાળો તથા રોગી થઇ શુધ્ધ થાય છે. જાતજાતના શસ્ત્રો ધારણ કરનારો, બીજાનાં મેલા કપડાં ધોનારો અને કયારેય સંધ્યા નહીં કરનારો બ્રાહ્મણ પોતાનાં રૂંવાડાં જેટલા વર્ષો સુધી બાણ-શૂળ કે તલવાર વગેરેના કુંડમાં રહે છે ને ત્યાં તેમનાથી વીંધાઇને ખૂબ યાતના ભોગવ્યા પછી શુદ્ધ થઇ મનુષ્ય થાય છે. જે મદોન્મત મનુષ્ય મૂંગા નિર્દોષ પ્રાણીઓને અંધારિયા વાડામાં પૂરીને હેરાન કરે છે તે કીચડવાળા તથા પાણીવાળા, અંધકારવાળા, ભયંકર અને તીક્ષ્ણ દાઢોવાળા કીડાઓથી યુકત કુપમાં પડે છે.

રાજા પોતે હેરાન કરેલ પ્રજાના રૂંવાડા જેટલા વર્ષો સુધી કીડાઓથી વાંધાતો પ્રજાઓનો સેવક થઇ શુદ્ધ થાય છે. સરોવરમાંથી બહાર નીકળેલા ઝુંડ વગેરે પ્રાણીઓને લાગ જોઇને મારનારો હત્યારો તેમના કાંટા જેટલા વર્ષો સુધી નર્ક કુંડમાં જાય છે અને પછી ઝુંડ વગેરેનો જન્મ લઇ દંડ ભોગવી શુદ્ધ થાય છે. ભરતખંડમાં પરસ્ત્રીના નિતંબ, સ્તન તથા મુખને કામીદ્રષ્ટિથી જોનારો પુરૂષ પોતાના રૂંવાડાં કાગડાઓથી કોચાતી આંખોવાળો થઇ અત્યંત વેદના ભોગવતો રહે છે. તે પછી ત્રણ જન્મો સુધી અગ્નિથી દઝાતો રહે છે. દેવ અને બ્રાહ્મણોનું સોનું ચોરનારો પોતાના રોમ જેટલા વર્ષો સુધી મંથાનકુંડમાં યમદૂતોનો માર ખાતો, મંથાન કીડાઓની વિષ્ઠા ખાતો પડયો રહે છે અને ત્રણ જન્મો સુધી દરિદ્ર, મહા ઘાતકી અને પાપી થઇ છેવટે ભરતખંડમાં સોની તથા સોનાનો વેપાર કરનારો થાય છે. તાંબુ કે લોઢાની ચોરી કરનારો પોતાના રૂંવાડા જેટલા વર્ષો સુધી નરકમાં બીજ નામક કીડાઓના કુંડમાં પડયો રહે છે અને ત્યાં તેની વિષ્ઠા ખાતો તથા યમદુતોનો પુષ્કળ માર ખાતો છેવટે મનુષ્ય થાય છે. દેવદ્રવ્યને ચોરનારો નરકમાં ભયંકર વજ્રકુંડમાં રહી વજ્રોથી પીડાતો, ભૂખ્યો થઇ યમદુતોનો માર ખાતો રહે છે ને પછી શુધ્ધ થાય છે. જે મનુષ્ય દેવ-બ્રાહ્મણનાં રૂપું કે વસ્ત્રો ચોરી લે છે તે પોતાના રૂંવાડાં જેટલાં વર્ષો સુધી નરકમાં તપ્ત પથ્થરોના કુંડમાં રહે છે. તે પછી ત્રણ જન્મો સુધી કાચબો, ત્રણ જન્મો સુધી શ્વેતકોઢી થઇ શ્વેત પક્ષીઓની જાતિ પામે છે અને સાત જન્મો સુધી લોહીના વિકારવાળો, શૂલરોગી તથા અલ્પાયુષી થઇ શુધ્ધ થાય છે. દેવ-બ્રાહ્મણના તાંબા પિત્તળનાં વાસણ ચોરનારો પોતાનાં રૂંવાડા જેટલાં વર્ષો સુધી તીક્ષ્ણ પથ્થરોના કુંડમાં વસે છે અને પછી ૧૦૦

વાર ઘોડો થઇ વધરાવળનો રોગી થઇ બહુ પીડા ભોગવ્યા પછી શુધ્ધ થાય છે. વ્યભિચારિણી સ્ત્રીનું તથા તેવી રીતે આજીવિકા કરનાર મનુષ્યનું અન્ન ખાનારો પોતાના રૂંવાડાં જેટલાં વર્ષો સુધી નરકમાં લાલાકુંડમાં રહી, વિકાળ યમદુતોનો પુષ્કળ માર ખાતો તથા લાળ ભક્ષણ કરતો દુઃખી થાય છે. ધનને ખાતર મ્લેચ્છોની સેવા કરનારો તથા શાહીનો ધંધો કરનારો બ્રાહ્મણ પોતાનાં રૂંવાડા જેટલાં વર્ષો સુધી નરકમાં મેશના કુંડમાં દુઃખ ભોગવતો, યમદુતોનો માર ખાતો અને મેશનું ભક્ષણ કરતો રહે છે અને ત્રણ જન્મો સુધી બકરો થઇ એક જન્મ સુધી તાડ થઇને મનુષ્ય થાય છે. જે મનુષ્ય દેવ–બ્રાહ્મણનું ધન, નાગરવેલનું પાનબીડું, આસન અથવા શય્યાની ચોરી કરે છે તે સો વર્ષો સુધી નરકમાં ચૂર્ણ નામના કુંડમાં રહી યમદુતોનો પુષ્કળ માર ખાય છે. પછી ત્રણ જન્મ વાંદરો થઇ, પૃથ્વી ઉપર ઉધરસનો રોગી, વંશ-વિનાનો વાંઝિયો, દરિદ્ર તથા અલ્પાયુષી મનુષ્ય થઇ શુદ્ધ થાય છે. બ્રાહ્મણનું ધન ચોરીને ચક્રપૂજા કરનારો મનુષ્ય સો વર્ષ સુધી યમદંડ ભોગવતો નરકમાં ચક્ર-કુંડમાં રહે છે. તે પછી ત્રણ જન્મો સુધી તેલી, રોગી તથા વસ્ત્ર વિનાનો વાંઝિયો થઇ પવિત્ર થાય છે. ગાયો તથા બ્રાહ્મણો તરફ વક્ર નજરે જોનારો મનુષ્ય નરકમાં વક્રકુંડમાં જઇ સો વર્ષ સુધી રહે છે. પછી સાત જન્મો સુધી ખોડ-વાળો, દરિદ્ર તથા કુંવારો રહી શુદ્ધ થાય છે. ત્યાર બાદ ત્રણ જન્મ ગીધના, ત્રણ જન્મ ભુંડના, ત્રણ જન્મ બિલાડાના અને ત્રણ જન્મ મોરનો અવતાર લે છે. કાચબાનું માંસ ખાનારો બ્રાહ્મણ સો વર્ષ સુધી કાચબાથી કરડાતો કૂર્મકુંડમાં રહે છે. પછી ત્રણ જન્મ કાચબો, ત્રણ જન્મ ભુંડ વગેરે યોનિમાં જન્મી શુધ્ધ થાય છે. દેવ–બ્રાહ્મણનું ઘી તથા તેલ લઇ લેનારો જ્વાલાકુંડમાં તથા ભસ્મકુંડમાં જઇ સો વર્ષ સુધી તેલમાં તળાય છે પછી સાત જન્મો સુધી ઉંદર ને મત્સ્યને આરોગી તે પછી શુધ્ધ થાય છે. જે મનુષ્ય બ્રાહ્મણનું સુગંધી તેલ, આમ-ળાનું ચૂર્ણ તથા બીજો કોઇ સુગંધી પદાર્થ ચોરે છે તે પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી દગ્ધકુંડમાં રહે છે. પછી તે સાત જન્મો સુધી દુર્ગંધ મારતા શરીર-વાળો, ત્રણ જન્મો સુધી વાસ મારતા શરીરવાળો, ત્રણ જન્મો સુધી કસ્તુરીમૃગ અને સાત જન્મો સુધી મંથાન નામક કીડો જન્મી છેવટે મનુષ્ય થઇ શુધ્ધ થાય છે. કપટથી દગો કરીને બીજાઓની જમીન પડાવી લેનારો નરકમાં તપ્તસૂચી-કુંડમાં પડે છે અને સાત મન્વંતર સુધી ઊકળતા તેલમાં તળાયા કરતો, યમદુ-તોનો પાર વગરનો માર ખાતો, ભુખથી પીડાતો ચીસો પાડયા કરે છે. તે પછી સાઠ હજાર વર્ષ સુધી વિષ્ટાનો કીડો થાય છે. ત્યાર બાદ ભુમિવિહોણો દરિદ્રી મનુષ્ય થઇ શુભ કર્મ કરવા માંડે છે. ૧૨૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'નરકકુંડમાં જનારા પાપીઓ' નામનો
૩૩ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૩૪ મો

## નરકકુંડમાં જનારાં પાપાત્માઓ

**ધર્મરાજ ઉવાચઃ**

**છિનત્તિ જીવં ખડ્ગેન દયાહીનઃ સુદારુણઃ ।**
**નરઘાતી હંતિ નરમર્થલોભેન ભારતે ॥**

યમરાજ બોલ્યા : જે દયાહીન ઘાતકી મનુષ્ય તલવારથી મૂંગા પ્રાણીઓને કાપી નાખે છે અને ધનના લોભથી માનવઘાતી થઇ મનુષ્યને હણે છે, તે અસિપત્ર નામના નરકમાં જાય છે અને ત્યાં યમદુતોની તીક્ષ્ણ તલવારથી વારંવાર છેદાતો, ભુખને લીધે કરુણ પોકારો પાડવાથી યમદુતોનો માર ખાતો રહે છે. એ પછી સાત સાત જન્મોમાં તે મંથાન નામક જંતુ, સુવર, મરઘો, શિયાળ, વાઘ તથા ત્રણ જન્મોમાં ઘેટો તથા સાત જન્મોમાં દેડકો થાય છે. તે પછી ભરતખંડમાં ભેંસ થાય છે. ગામડા અને નગરોને બાળીને આનંદ માણનારો પાપી મનુષ્ય ક્ષુરધાર નામક નરકનો અધિકારી થાય છે અને ત્રણ યુગો સુધી તેમાં રહી યમદુતોથી છેદાતા અંગવાળો થયા પછી પ્રેત થઇ મોઢામાંથી અગ્નિ ઓકતો જગતમાં જ્યાં ત્યાં ભટકયા કરે છે. તે પછી સાત જન્મોમાં કબૂતર તથા શુળરોગી અને ગળતા કોઢવાળો મનુષ્ય થાય છે. જે મનુષ્ય હંમેશા દેવ-બ્રાહ્મણની નિંદા કરતો ફરે છે તે ત્રણ યુગો સુચીમુખ નામના નરકમાં જાય છે અને ત્યાં સોયાથી છેદાતા અંગવાળો થયા પછી વીંછી, સાપ, વજ્રકીટ તથા આગ ફેલાવનાર કીડાઓની યોનિમાં સાત-સાત જન્મો સુધી ભટકે છે. લાગ જોઇને ગૃહસ્થોના ઘરમાંથી ચીજ-વસ્તુઓ ચોરી લેનારો તથા ગાય, બકરાં અને ઘેટાંનું હરણ કરનારો ચોરીના રવાડે ચડેલો મનુષ્ય ગોકાસુખ નામના નરકમાં જાય છે અને ત્યાં મારા દુતો (યમદુતો)નો માર ખાતો ત્રણ યુગો સુધી રહે છે. સામાન્ય વસ્તુ ચોરનાર મનુષ્ય નક્રસુખ નામના નરકમાં જઇ મારા દુતના પુષ્કળ મારને સહન કરીને બહુ પીડાયા પછી શુધ્ધ થાય છે. જે મનુષ્ય હાથી, ઘોડા અને ગાયને વગર કારણે પીડે-મારે છે તથા વૃક્ષો કાપે છે તે મહાપાપી મનુષ્ય ગજદંશ નામના નરકમાં ઘણા કાળ સુધી રહે છે ને ત્રણ જન્મો સુધી તે હાથી, ઘોડા, ગાય તેમજ મ્લેચ્છ જાતિમાં ઉત્પન્ન થાય છે. જળાશયમાં કે ઘરના આંગણામાં તરસી ગાયને પાણી પીતી અટકાવનારો મનુષ્ય ગોમુખ નામના નરકમાં જાય છે, તે પછી તે રોગીષ્ઠ તેમજ દરિદ્ર માનવી થાય છે.

શાસ્ત્રના વચનોનો અનાદર કરી જે મનુષ્ય ગાય, બ્રાહ્મણ, સ્ત્રી, ભિક્ષુક તથા ગર્ભની હત્યા કરે છે, તેમજ અગમ્ય સ્ત્રી સાથે, વેશ્યા સાથે સહગમન કરે છે તે નીચ વ્યક્તિ કુંભીપાક નરકમાં રહે છે ને ત્યાં હંમેશ મારા દુતોનો પુષ્કળ માર ખાતો, પ્રજ્વલિત અગ્નિમાં, કાંટા

અને ઊકળતા તેલમાં તથા ગરમ લોખંડ અને અગ્નિથી તપાવેલા તાંબા પર વારંવાર પડતો રહે છે. પછી ગીધ, ભુંડ તથા કાગડો અને સર્પ થાય છે, ત્યારબાદ વિષ્ઠાનો કીડો અને બળદ થાય છે તે પછી કોઢિયો મનુષ્ય અને દરિદ્ર થાય છે.

હે સતી ! શ્રીકૃષ્ણમાં તથા તેમની મુર્તિમાં, બીજા દેવોમાં તથા તેમનાં શરીરોમાં, શિવ તથા શિવલિંગમાં, સુર્ય તથા સુર્યકાંતિમણિમાં, ગણેશમાં તથા ગણેશની પ્રતિમામાં, દુર્ગા તથા તેમની મુર્તિમાં સર્વત્ર ભેદબુદ્ધિ રાખનાર વ્યક્તિને આતિદેશકી અર્થાત્ શાસ્ત્રની આજ્ઞા મુજબ આતિદેશકી બ્રહ્મહત્યા લાગે છે વળી વૈષ્ણવો પર, ભક્તો પર, બ્રાહ્મણો તથા બીજાઓ પર ભેદબુધ્ધિ રાખનારાને બ્રહ્મહત્યા લાગે છે. બ્રાહ્મણના પગ ધોયાના પાણીમાં અને શાલિગ્રામના જળમાં ભેદ જોનારને બ્રહ્મહત્યા ચોંટે છે. શિવના નૈવેદ્યમાં, શ્રી વિષ્ણુના નૈવેદ્યમાં ભેદ જોનારને બ્રહ્મહત્યા લાગે છે. પરિપૂર્ણતમ ભગવાન, સર્વના ઇશ્વર, કારણોના કારણ, સર્વના આદ્ય, આદિપુરુષ, સર્વના ઉપાસક, માયાથી અનેક રૂપવાળા, વસ્તુત: નિર્ગુણ-બ્રહ્મ શ્રીકૃષ્ણ અને મહાદેવમાં ભેદભાવ રાખનારાને આતિદેશકી બ્રહ્મહત્યા લાગે. શક્તિના ભકત અને તેમના શાસ્ત્ર પ્રત્યે દ્વેષ રાખે, ભેદબુદ્ધિ રાખે તેને બ્રહ્મહત્યા લાગે છે. વેદોક્ત દેવપૂજન ને પિતૃનું પૂજન નહિ કરીને નિષિધ્ધ કર્મ કરનારા મનુષ્યને બ્રહ્મહત્યા લાગે છે. શ્રીહરિની અને એમના ઉપાસકોની નિંદા કરનારો; તેમજ પરમ પવિત્ર, આનંદમય જ્ઞાનાનંદ સ્વરૂપ, વૈષ્ણવોના પરમ આરાધ્ય તેમજ દેવોને પણ સેવવા યોગ્ય ઇશ્વર, વિષ્ણુ, ભગવાનની પૂજા નહીં કરતાં ઊલટી તેમની નિંદા કરે છે તે બ્રહ્મહત્યાનો અધિકારી બને છે. મુલપ્રકૃતિ ભગવતી સર્વશક્તિ સ્વરૂપ, સર્વદેવસ્વરૂપ જગજનની મહાદેવીની નિંદા કરનારને બ્રહ્મહત્યા લાગે છે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, રામનવમી, અગિયારશ, અતિપુણ્યદાયી શિવરાત્રી અને રવિવારે આવતી પુણ્ય આપનારી એકાદશી.... આ પાંચ વ્રતો નહિ કરનારો બ્રહ્મહત્યાનો ભાગી થાય છે જે ભરતખંડમાં રહેનારો મનુષ્ય આર્દ્રા નક્ષત્રના પહેલા ચરણમાં અંબુવાચી યોગમાં રજસ્વલા પૃથ્વી ખોદે છે તથા જળમાં શૌચાદિ ક્રિયા કરે છે, તેને બ્રહ્મહત્યા લાગે છે. જે પૈસેટકે સમર્થ હોવા છતાં ગુરૂ, માતા, ભાઇ–બહેન, સ્ત્રી, પુત્ર તથા પુત્રીનું ભરણપોષણ કરતો નથી તેને પણ બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. શ્રી વિષ્ણુની ભક્તિથી વંચિત રહેનારને પણ બ્રહ્મહત્યા લાગે છે. નિરંતર ભગવાનને નૈવેદ્ય ધરાવી પ્રસાદ નહીં લેનારો તેમ જ વિષ્ણુ ભગવાન તથા પાર્થિવેશ્વરની પૂજાથી વિમુખ રહેનારો બ્રહ્મહત્યારો કહેવાય છે.

જે મનુષ્ય ગાયને મારનારને નજરે

જોવા છતાં અટકાવે નહિ તે મનુષ્ય ગોવધનો અધિકારી થાય છે. લાકડીથી ગાયને મારનારો બળદ પર બેસનારો, પ્રતિદિન ગોવધનો ભાગી બને છે. જે મનુષ્ય ગાયને એઠું ખવડાવે, બળદ ઉપર બેસે, 'હાંકનાર'ને જમાડે ને તેનું અન્ન પોતે ખાય તેને ગોહત્યા લાગે છે. જે મનુષ્ય અગ્નિ ઉપર પગ મૂકે અને પગથી ગાયને લાત મારે તથા સ્નાન કર્યા સિવાય દેવ-મંદિરમાં જાય તે મનુષ્યને ગોવધનું પાપ લાગે છે.

જે મનુષ્ય પતિ-પુત્ર વિનાની સ્ત્રીનું અથવા વેશ્યાનું અન્ન ખાય તેને અને સંધ્યા નહીં કરનાર બ્રાહ્મણને ગોહત્યાનું પાપ લાગે છે. જે સ્ત્રી પોતાના પતિ ઉપર અને દેવ ઉપર ભેદબુદ્ધિ રાખે છે તથા કડવા વચનથી પતિના હૃદયને આઘાત પહોંચાડે છે તેને જરૂર ગોહત્યા લાગે છે. ગાયોના જવાના માર્ગનો તળાવનો તથા કિલ્લાનો નાશ કરી તેમાં ખેતી કરી અન્ન વાવનારો ગોહત્યાના પાપનો ભાગીદાર થાય છે. રાજા તરફના ઉપદ્રવ અને દૈવી પ્રકોપ વખતે ગાયનું રક્ષણ નહિ કરનાર મૂઢ મનુષ્યને ગોહત્યા લાગે છે. અતિથિઓને હંમેશા 'ના'-'નથી' કહેનારો, અસત્ય બોલનારો અને બીજાને ઠગનારો, દેવો તથા ગુરુનો દ્વેષ કરનારો મનુષ્ય ગોહત્યાનો ભાગી થાય છે. દેવપ્રતિમા, ગુરુ અને બ્રાહ્મણને જોઈ સંદેહ ઉત્પન્ન કરી પ્રણામ નહીં કરનારને ગોહત્યા લાગે છે. જે બ્રાહ્મણ પોતાને પ્રણામ કરનારને આશીર્વાદ નહીં આપનાર, વિદ્યાર્થીઓને નહીં ભણાવતો હોય તેને ગોહત્યા લાગે છે. સર્વ પુરુષોએ પોતાની જ સ્ત્રીને સંગ કરવા યોગ્ય જાણવી, તે સિવાયની સ્ત્રી સાથે સંગ થાય નહિ. જેમ કે, ગુરુપત્ની રાજપત્ની, સપત્ની, માતા, પુત્રી, પુત્રવધુ, સાસુ, ગર્ભવતી સ્ત્રી, મિત્રપત્ની, ભાઈની કન્યા, પતિવ્રતા, ભાઈની વહુ, ભાભી, બહેન, ફોઈ, બહેનની સાસુ, શિષ્યા-શિષ્યની પત્ની, ભાણેજવહુ, ભાઈના પુત્રની સ્ત્રી એ બધાંને બ્રહ્માએ અગમ્યા ગણાવેલ છે. આવી સ્ત્રીઓ ઉપર કામાસક્ત થનાર અને કામભાવથી જોનાર અધમ માનવીને માતૃગામી કહેવાય છે તેને ઘોર બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. હે કલ્યાણી! નરકમાં જનારા કેટલાક પાપીઓના લક્ષણો મેં તમને કહ્યાં છે. હવે એના સિવાય જેઓ બીજાં નરકોમાં જાય છે તેઓને હું કહું છું. ૯૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'નરકકુંડમાં જનારા પાપાત્માઓ' નામનો ૩૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૫ મો

### કુકર્મીઓ માટે બીજા નરકકુંડો

યમરાજ ઉવાચ

દેવસેવા વિના સાધ્વિનશ્વેતકર્મં કુંતનમ્ ।
શુદ્ધકર્મં શુ બીજ નરકશ્ચ કુકર્મણા ॥

યમરાજ બોલ્યા : હે પતિવ્રતા! દેવસેવા કર્યા વિના કર્મો નાશ પામતા નથી. ઉત્તમ પુણ્યકર્મ શુદ્ધ કર્મોનું બીજ છે કુકર્મથી નરકની પ્રાપ્તિ થાય છે. હે

સતી ! જે બે પુરૂષ સાથે સંગ કરે તે કુલટા કહેવાય અને ત્રણ પુરૂષ સાથે સંગ કરે તે નારી ધર્ષિણી કહેવાય. ચાર પુરૂષ સેવનારી પુંશ્ચલી કહેવાય, પાંચ પુરૂષ સાથે સહગમન કરનારી વેશ્યા કહેવાય છે. છ પુરૂષ સેવનારી પુંગી કહેવાય અને એથી વધુ સાત, આઠ તથા ગમે તેટલા પુરૂષો સાથે સમાગમ કરનારી સ્ત્રી મહાવેશ્ય કહેવાય છે. જે દ્વિજ વર્ણ ઉપરોક્ત કુલટા, પુંશ્ચલી, વેશ્યા વગેરે સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરે છે તે નરકમાં મત્સ્યોદ નામના કુપમાં જાય છે અને ત્યાં કુલટાને ભોગવનારો ૧૦૦ વર્ષ, ધર્ષિણી સાથે સંગ કરનારો ૪૦૦ વર્ષ, પુંશ્ચલીને ભોગવનારો ૬૦૦ વર્ષ, વેશ્યાગામી ૮૦૦ વર્ષ, પુંગી સાથે સંગ કરનારો ૧૦૦૦ વર્ષ તથા મહાવેશ્યાગામી....બહુ જ કામી મનુષ્ય એનાથી દશગણાં વર્ષો સુધી નરકના કુપમાં યમદૂતોનો માર ખાતો રહે છે અને અનુક્રમે તે પુરૂષ તેતર, કાગડો, કોકિલ, શિયાળ, સૂવર તથા શીમળાનું ઝાડ થઈને સાત જન્મો સુધી પાપનું ફળ ભોગવે છે.

જે અજ્ઞાની મનુષ્ય સુર્ય કે ચંદ્રના ગ્રહણ વખતે જમે છે તે નરકમાં અરૂંતુદ નામના કીડાઓના કૂપમાં જાય છે ને ખાધેલા અન્નના કણ જેટલા વર્ષો સુધી ત્યાં રહે છે. ત્યાર પછી પેટના વિવિધ રોગથી પીડાય છે અને તે પછી ગુલ્મ રોગી, કાણો અને દાંત વગરનો થાય છે. જે મનુષ્ય પોતાની કન્યા પ્રથમ કોઈને આપી હોય અને પછી બીજાને આપી દે છે તે નરકમાં ધુળના કૂપમાં વસે છે અને એવી રીતે કન્યાનું દાન લેનારો નરકમાં પાંશુવેષ્ટ કૂપમાં જઈને બાણ-શય્યા પર સુઈ રહે છે, અને નિત્ય મારા દુતોનો માર ખાય છે.

કુતર્કથી (ખોટી દલીલોથી) બ્રાહ્મણને ચૂપ કરનારો તથા બ્રાહ્મણને ભય ઉપજાવનારો હોય તે પ્રકંપન નામક નરકમાં જાય છે. જે સ્ત્રી ક્રોધ કરીને પોતાના પતિને કડવાં (કટાક્ષભર્યાં) વચન કહે છે તે ઉલ્કામુખ નામના નરકમાં જાય છે અને મારા દૂતો તેના મસ્તક પર વારંવાર દંડાનો પ્રહાર કરે છે. તે પછી મનુષ્યરૂપે થઈ મહારોગી થાય છે. વેશ્યા સ્ત્રીને વેધનકુંડમાં જવું પડે છે, પુંગીને દંડતાડનકુંડમાં જવું પડે છે, મહાવેશ્યાને દલદલનકુંડમાં જવું પડે, કુલટાને દેહચૂર્ણ કુપમાં જવું પડે, સ્વૈરિણીને દલનકુપમાં જવું પડે તથા દુષ્ટાને શોષણકુપમાં યાતના-કષ્ટ ભોગવવા માટે વસવું પડે છે. એ બધી મહાપાપીણી-દુષ્ટાઓ નિરંતર વિષ્ઠા-મૂત્ર વગેરે વસ્તુઓ આરોગીને કષ્ટ ભોગવે છે.

જે પુરૂષે હાથમાં તુલસી લઈને પ્રતિજ્ઞા કરી હોય, પછી કરેલી પ્રતિજ્ઞા તે તોડે છે, જુઠી સાક્ષી પુરે છે તથા જુઠા સોગન્દ ખાય છે તે જ્વાલામુખી

નામના નરકમાં જઈ બહુ કષ્ટ ભોગવે છે. જે મનુષ્ય હાથમાં ગંગાજળ કે શાલીગ્રામ લઈ પ્રતિજ્ઞા કરી તેનો ભંગ કરે છે તે મનુષ્ય પણ જ્વાળામુખી નામના નરકમાં પડી મારા દુતોથી ખૂબ પીડાય છે. જમણો હાથ ઊંચો કરી તેમને પાળવા-પોષવાનું કહી વચનથી બંધાનરો પછી તેને પાળતો નથી તે પણ જ્વાળામુખી નરકમાં પડે છે. મિત્રનો દ્રોહ કરનારો, કૃતઘ્ની, વિશ્વાસઘાત કરનારો, દગો કરનારો તથા જુઠી સાક્ષી આપનારાને પણ તે નરકમાં સળગતા અંગારા આરોગવા પડે છે અને એમ મારા દૂતોથી નિત્ય દુઃખી થાય છે. તે પછી સાત જન્મો સુધી ચાંડાલ થાય છે. હાથમાં ગંગાજળ લઈ અમુક બાબતની પ્રતિજ્ઞા કરી તેને જે પાળતો નથી તે મનુષ્ય પાંચ જન્મો સુધી મ્લેચ્છ થાય છે. શાલીગ્રામનો સ્પર્શ કરીને જે પ્રતિજ્ઞા લે, અને પછી તે પ્રતિજ્ઞા તોડે તે મનુષ્ય સાત જન્મો સુધી-વિષ્ઠાનો કીડો થાય છે. જુઠી સાક્ષી પૂરનારો સાત જન્મો સુધી ઝેરી સાપ થાય છે. તે પછી ઘણા કાળ બાદ બ્રાહ્મણેતર યોનિમાં જન્મ લઈ શુદ્ધ થાય છે. દેવમંદિરમાં જઈ જુઠું બોલે તે મનુષ્ય સાત જન્મો સુધી દેવલ-દેવનો પૂજારી થાય છે. જે મનુષ્ય પુરોહિત-બ્રાહ્મણ વગેરેની આગળ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરે છે તે વાઘરૂપે જન્મે છે. તે પછી ત્રણ જન્મો સુધી ગુંગો અને બહેરો મૂઢ માનવ થાય છે. મિત્રનો દ્રોહ કરનાર સાત જન્મો સુધી નોળિયો થાય છે, કૃતઘ્ની મનુષ્ય ગેંડો થાય છે, વિશ્વાસઘાત કરનારો વાઘ થાય છે અને જુઠી સાખ પૂરનારો દેડકો થાય છે. આ બધા પાપીઓ પોતે નરકમાં જાય અને પોતાની આગળની ને પાછળની સાત સાત પેઢીઓને પણ નરકમાં નાખે છે. અજ્ઞાનતાને લઈને અથવા જાણી-બુઝીને પોતાની નિત્યક્રિયા નહિ કરનારો, વેદવચનોમાં આસ્થા નહિ રાખતો, નિરંતર દ્વેષપૂર્વક તેનો ઉપહાસ કરનારો, તેમ જ જેની તેની નિંદા-વગોવણી કરનારો બ્રાહ્મણ ધુમ્રકુંડ નામના નરકમાં જાય છે અને પછી અનુક્રમે મત્સ્ય વગેરે અનેક પ્રકારની જલચર યોનિમાં જન્મ લે છે. જે મનુષ્ય દેવના અને બ્રાહ્મણના ધનને હરી લે છે તે ધુમ્રાન્ધ નામના નરકમાં જઈને ધુમાડો આરોગીને દુઃખી થતો ત્યાં પારાવાર યાતના ભોગવે છે. તે પછી સાત જન્મો સુધી ઉંદર થાય છે. ત્યાર બાદ અનેક જાતના પક્ષીઓ, કીડા, ઝાડો અને પશુઓની યોનિમાં જન્મી અંતે તે પાપફળથી મુક્ત થઈ શુદ્ધ થાય છે.

હે પતિવ્રતે! આ પ્રસિદ્ધ કુંડો મેં તને કહ્યા, એ સિવાય બીજા પણ અપ્રસિદ્ધ નાના નાના ઘણા નરકકુંડો છે. તેમાં પોતપોતાના દુષ્ટકર્મના ફળ ભોગવવા પાપીઓ પડે છે, અને પછી કર્મફળ ભોગવવા અનેક પ્રકારની યોનિ-

એમાં ભટકે છે. હે સતી, હવે બીજું શું સાંભળવા ઇચ્છો છો? ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'કુકર્મી માટે બીજા નરકકુંડો' નામનો ૩૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૬ મો

### દેવોનો ભક્ત યમપુરીમાં જતો નથી

**સાવિત્ર્યુવાચ**

**ધર્મરાજ મહાભાગ વેદ વેદાંગપારગ ।**
**નાનાપુરાણેતિહાસે યત્ સારં–**
**તત્ પ્રદર્શય ॥**

સાવિત્રીએ પૂછ્યું : વેદ ને વેદાંગના પારગામી હે ધર્મરાજ ! હે મહાભાગ્યશાળી ! જાતજાતનાં પુરાણો, ઇતિહાસોમાં જે સાર હોય તે હવે મને કહો. સર્વમાં સારરૂપ હોય, સર્વને પ્રિય, સર્વને સંમત હોય, કર્મનો ઉચ્છેદ કરવા માટે મૂળ આધારરૂપ હોય, વળી પરમ–ઉત્તમ, મનુષ્યોને સુખકારક, સર્વ મંગલ આપવા સમર્થ, સર્વને સર્વ પ્રકારનું અભિષ્ટ આપનાર જે હોય તે મને કહો. વળી જેને લીધે મનુષ્યો ભય કે દુઃખ જોતા નથી, નરક કુંડોમાં પડતા નથી ને જેથી જન્મ વગેરે થતા નથી તે કર્મ હવે મને કહો. સાથેસાથે એ કુંડો કેવા આકારના બનેલા છે, કેવી રીતે બનેલા છે. કયો પાપી કયારૂપે એમાં રહે છે એ હું સાંભળવા ઇચ્છું છું. પોતાનો દેહ અગ્નિમાં ભસ્મ થયા પછી મનુષ્ય કયા દેહથી બીજા લોકમાં જાય છે અને કયા દેહથી પોતે કરેલાં શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે તથા અત્યંત ક્લેશ ભોગવ્યા છતાં તે શરીર કેમ નાશ પામતું નથી? એ દેહ કેવા પ્રકારનો હોય છે? વગેરે મને કૃપા કરીને કહો.

શ્રી નારાયણ બોલ્યા : નારદ ! સાવિત્રિનાં વચન સાંભળી યમરાજે, ભગવાન શ્રીહરિનું સ્મરણ કરી કર્મરૂપી બંધનનો નાશ કરનારી પવિત્ર કથા શરૂ કરી : હે ઉત્તમ વ્રતવાળી પુત્રી ! ચારે વેદોમાં, ધર્મશાસ્ત્રોમાં, સંહિતારૂપ ગ્રંથોમાં પુરાણ, ઇતિહાસ, પંચરાત્ર આદિ શાસ્ત્રોમાં અન્ય ધર્મશાસ્ત્રોમાં તેમ જ વેદના અંગોમાં પંચદેવોની ઉપાસનાને સર્વપ્રિય તેમજ સારભુત કહેલી છે.

જન્મ, મૃત્યુ વૃદ્ધાવસ્થા અને રોગ તથા શોક-સંતાપનો નાશ કરનાર આ સાધન સર્વમંગલરૂપ, પરમ આનંદનું કારણ, સર્વ સિદ્ધિઓને આપનારૂ, નરકરૂપી સમુદ્રમાંથી ઉગારનારૂં, ભક્તિરૂપી વૃક્ષમાં અંકુર ઉગાડનારૂં તથા કર્મરૂપી વૃક્ષને કાપનારૂં છે. વળી મોક્ષમાર્ગના પગથીયારૂપ, ભગવાનનાં સાલોકય, સાષ્ટિ, સારૂપ્ય તથા સામીપ્ય આદિ મુક્તિઓને આપનારૂં હોઇ, શુભ પદ આપનારૂં છે. હે કલ્યાણી ! મારા અસંખ્ય દુતો એ નરક કુંડોની બરાબર દેખરેખ રાખે છે. પાંચ દેવોનું પૂજન કરનાર, યથાર્થ ઉપાસના કરનાર મનુષ્ય એ નરક કુંડોને સ્વપ્નમાં પણ જોતા નથી.

જેઓ દેવીની ભક્તિ–ઉપાસના કરતા નથી તેઓને મારી યમપુરી અવશ્ય જોવી પડે છે. એકાદશીનું વ્રત કરનાર, હંમેશાં

ભગવાન વિષ્ણુની પ્રતિમાને પ્રણામ કરનાર ને નિત્ય ભગવાનની પૂજા કરે છે તેને પણ મારી યમપુરીમાં ક્યારેય આવવું પડતું નથી. ભગવાન શંકરના ભક્તોથી મારા દુતો ડરે છે. છતાં પણ તેઓ હિંમત કરી પાશ લઇ તેમના તરફ ક્યારેક જાય છે તો તેમને હું અટકાવું છું. ભગવાન શ્રીહરિના ભક્તોના ઘરને છોડી સર્વત્ર મારા દુતો જઇ શકે છે, કેમકે ભગવાન શ્રીકૃષ્ણના ઉપાસકોથી મારા દુતો ડરે છે. વળી દેવીનાં મંત્રના જપ કરનારા ભગવતી જગદંબાના ભક્તોને ત્યાં ક્યારેક દુતો જઇ પહોંચે છે તો ચિત્રગુપ્ત ભય પામીને મધુપર્ક વગેરે ઉપચારોથી વારંવાર તેમનો સત્કાર કરી તેમને બ્રહ્મલોકમાં જવાનું તેના ચોપડામાં લખે છે. હે સતી! એ ભગવતીના ભક્તો બ્રહ્મલોકને ઓળંગી મણિદ્વીપ લોકની યાત્રા કરે છે. જેના સ્પર્શ માત્રથી સઘળાં અશુભ કર્મ નાશ પામે છે તે દેવીભક્તો મોટા ભાગ્યશાળી છે. કારણ કે એમના જન્મવાથી એમના કુળ સહિત અનેક કુળો શુદ્ધ થાય છે, એમનાં પાપ હોય તે પ્રચંડ આગમાં પડતાં સુકાં પાંદડાની જેમ ભક્તિથી બળીને ભસ્મ થઇ જાય છે. દેવીભક્તોને જોઇને મોહ પણ ભય પામે છે. હે પતિવ્રતા! કામ, ક્રોધ, લોભ, મૃત્યુ. વ્યાધિ, ઘડપણ, શોક, ભય કાળ, શુભાશુભ કર્મ, હર્ષ તથા ભોગ એ બધા દેવીભક્તોને જોઇને ક્યાંના ક્યાં છૂપાઇ જાય છે. તેઓ પોતાનો પ્રભાવ પ્રકટ કરવા અસમર્થ બને છે.

જે જે વ્યક્તિઓને નરકની યાતના સહન કરવી પડતી નથી તેનું વર્ણન હવે કરું છું, સાથે સાથે આગમશાસ્ત્ર પ્રમાણે દેહનું વિવરણ પણ કરું છું, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વ છે. વિધાતાની સૃષ્ટિની રચનામાં પ્રાણીઓને માટે એક દેહબીજ પૃથક નિમિત્ત થાય છે. પૃથ્વી વગેરે પાંચ ભુતોથી બનેલા શરીરને કૃત્રિમ તેમજ નશ્વર કહે છે, કારણ કે, તે દેહ અંતે ચિતાના અગ્નિમાં બળીને ભસ્મ-રાખ થઇ જાય છે. એ વખતે જીવ અંગુઠા જેવડો હોય છે. તે ફળ ભોગવવા માટે સુક્ષ્મરૂપે દેહ ધારણ કરે છે. તે સૂક્ષ્મ દેહ પ્રજ્વલિત અગ્નિથી પણ ભસ્મ થતો નથી. દેહ તો બળવાથી અથવા લાંબા સમય સુધી પ્રહાર કરવાથી નાશ પામે છે, પરંતુ એ સૂક્ષ્મ દેહનો અસ્ત્ર કે શસ્ત્ર નાશ કરી શકતાં નથી. તેના પર અત્યંત તીક્ષ્ણ કાંટા, ઊકળતું ગરમ તેલ, લોઢું અને પથ્થરના ઘા તેના પર કરવા છતાં તે તેવો ને તેવો જ રહે છે. બળતી પ્રતિમાને ભેટવા છતાં ને સુક્ષ્મ દેહ બળતો નથી તેમ મરતો પણ નથી. પણ કેવળ દુ:ખ જ ભોગવ્યા કરે છે.

એ રીતે શાસ્ત્રાનુસાર દેહનું વૃત્તાંત તથા કારણ મેં તને કહ્યું. હવે તને નરકકુંડોનાં લક્ષણો જાણવા માટે કહું છું.

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'દેવીનો ભક્ત યમપુરીમાં જતો નથી' નામનો ૩૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૭ મો

### છયાસી નરકકુંડોનું વર્ણન

**યમરાજ ઉવાચ**

**પૂર્ણેન્દુમંડલાકારં સર્વં કુંડં ચ વર્તુલમ્ ।**
**નિમ્નં પાષાણભેદૈશ્ચ પાચિતઃ બહુભિઃ સાતઃ ॥**

યમરાજે કહ્યું: સાત ! સઘળા કુંડો પૂનમના ચન્દ્ર જેવા ગોળ આકારના, ઊંડા અને વિલક્ષણ પથ્થરોરૂપી પુષ્કળ અંગારા વડે પ્રજવલિત હોય છે અને તે ઇશ્વરની ઇચ્છાથી રચાયા હોવાથી તેમનો નાશ નહિ થતાં તે પ્રલયકાળ સુધી રહે છે. ભગવાન શ્રીહરિની પ્રેરણાથી પાપીઓને કષ્ટ આપવા માટે અનેક પ્રકારે તેમને રચવામાં આવ્યા છે. બળતા અંગારા જેવો અગ્નિકુંડ એક કોસ લાંબો–પહોળો છે અને જે સો હાથ ઊંચી અગ્નિ-જવાળાઓવાળો છે ભયાનક ચિત્કાર કરતા પાપીઓથી તે હંમેશા ભરેલો રહે છે અને તે પાપીઓ પર પ્રહાર કરનારા મારા દુતો એ કુંડની નિરંતર રક્ષા કરે છે. હિંસક અને ઝેરી જંતુઓથી ભરેલા અને અડધા કોસના વિસ્તારમાં ફેલાયેલા નરકને 'તપ્તકુંડ' કહે છે, જેમાં મારા દૂતોથી કષ્ટ પામતા નારકી જીવો બુમ–બરાડા પાડતા રહે છે. હવે જે ખખળતાં ખારાં જળથી ભરેલો કુપ છે તે 'તપ્ત-ક્ષારોદકુપ' કહેવાય છે. તેનો વિસ્તાર એક કોસમાં ફેલાયેલો હોઇ તેમાં પાપીઓ તથા કાગડાઓ રહે છે. જે એક કોસ વિસ્તારવાળો 'વિટકુપ' છે તેમાં નિત્ય ભુખ્યા રહેવાથી સુકાયેલા કંઠ અને હોઠવાળા પાપીઓ વ્યતીત થઇ આમતેમ નાસભાગ કર્યા કરે છે.

એ કુંડ વિષ્ટાથી ભરપુર હોઇ તેમાં ઘણી દુર્ગંધી આવે છે અને પાપીઓનાં અંગોને વિષ્ટાના કીડાઓ ફોલી નાખે છે. ઊકળતા ગરમાગરમ મૂત્ર તથા અસંખ્ય કીડાઓથી ભરેલો 'મૂત્રકુંડ' બે કોસમાં ફેલાયેલો છે અને તેમાં રહેલા અસંખ્ય કીડા પાપીઓને ફોલી ખાય છે. એવો જ એક કુપ શ્લેષ્મ–કફ વગેરે અપવિત્ર પદાર્થોથી તથા એના કીડાથી ભરેલો છે. તે 'ગરકુંડ' નામનો નરકકુંડ કહેવાય છે. જેમાં સર્પના જેવા આકારના વજ્ર જેવા દાંતોવાળા ભયંકર જંતુઓ ખીચો-ખીચ ભરેલા હોય છે. તે પછી આંખોના મળવાળો 'દુષિકાકુંડ' છે જેમાં પાપીઓ વ્યાકુળ થઇ નિરંતર ઘુમ્યા કરે છે. તે પછી ચરબીથી ભરેલો ચાર કોસ લાંબો–પહોળો વિસ્તાર ધરાવતો 'વસાકુંડ' છે. જેમા ચરબીનો ભક્ષ કરનારા પાપી જીવો રહે છે, એક કોસ લાંબો–પહોળો 'શુક્રકુંડ' છે, તેમાં ભરપુર વીર્યના કીડાઓ હોય છે. જેમાં રહેતા પાપીઓ વીર્યના કીડા-ઓથી કરડાતા આમતેમ નાસભાગ કરે છે.

ચામડી જેવો દુર્ગંધિત વસ્તુઓથી ભરેલો 'રક્તકુંડ' લોહીનો કુંડ છે, જે લોહી પીનારાં પ્રાણીઓ તથા કરડનારા કીડાઓથી ભરપૂર છે. નેત્રોના આંસુથી ભરેલો ચાર વાવડી જેટલા પાપીઓથી વ્યક્ત છે. મનુષ્યોના ગાત્રોના મળો તથા મળભક્ષી પાપી જીવોથી ભરેલો ગાત્રમ-

લકુંડ છે. જેમાં કીડાના દંશથી તથા મારા દુતોના મારથી પીડા પામીને ગભરાયેલા જીવો કોઇપણ પ્રકારે સમય વિતાવે છે. કાનોનો મેલ ખાનારા પાપીઓથી ભરેલો, ચાર વાવડી જેટલા વિસ્તારનો, કીડાઓ દ્વારા કરડાતા પાપીઓના ચિત્કારથી ભરેલો 'કર્ણવિટકુંડ' છે. તે પછી મહાપાપીઓથી ભરેલો ચાર વાવડી જેટલા વિસ્તારનો, મનુષ્યોની મજ્જા તથા અત્યંત દુર્ગંધથી યુક્ત 'મજ્જાકુંડ' છે. એક મોટી વાવ જેટલો, ભયાનક પ્રાણીઓથી ભરેલો 'માંસકુપ' છે, જેમાં પોતાની પુત્રીને વેચનાર પાપી ત્યાં રહી કન્યાનું માંસ ખાય છે અને કીડા કરડવાથી ગભરાતો તે બચાવો, બચાવો પોકાર કરતો રહે છે. ચાર વાવ જેટલા લાંબા–પહોળાં 'નખાંદ' ચાર કુપ છે. તાંબાની ઉલકાવાળો તથા બળતા તાંબા જેવો બે કોસ વિસ્તારનો 'તામ્રકુપ' છે, જેમાં તાંબાની તપાવેલી અસંખ્ય પ્રતિમાઓ ભરેલી હોય છે. પાપીઓને એ પ્રતિમા સાથે આલિંગન કરાવવામાં આવે છે તેથી તેઓ બરાડા પાડે છે. વળી બે કોસ વિસ્તારમાં ફેલાયેલો, બળતી લોખંડની પ્રતિમા તથા બળબળતા અંગારાથી ભરપૂર બે કોસના વિસ્તારનો અંધારિયો 'લોહકુપ' છે, જેમાં નિરંતર બળતાં પ્રાણીઓ 'રક્ષા કરો, રક્ષા' એમ ચિલ્લાયા કરે છે. અરધી વાવડી જેટલા ચર્મકુપ ,અને 'તપ્તસુરાકુપ છે, જેમાં ચર્મભક્ષણ તથા સુરાપાન કરનારા પાપી જીવો રહે છે.

જે શાલ્મલિકુપ છે તેમાં ઘણાં કાંટાવાળા વૃક્ષો છે તેનો વિસ્તાર એક કોસનો છે, તેમાં ચાર હાથ લાંબા એવા અસંખ્ય અણીદાર કાંટાઓ વેરાયેલા પડયા હોય છે એટલે તેમાં રહેલા પાપીઓનાં અંગો વારંવાર છેદાય છે તેથી પીડાને લીધે વારંવાર ચિત્કારો કરતા 'અમને પાણી આપો' એમ બરાડયા કરે છે. તે પછી 'વિષોદકકુપ' આવે છે તે એક કોસના વિસ્તારનો તક્ષક નામના સર્પોના ઝેરથી ભરેલો છે, તેમાં રહેલા પાપીઓને ઝેર ખાવું પડે છે. 'પ્રાતપ્ત તૈલકુંડ' એ ઊકળતા તેલથી ભરેલો છે, તેમાં રહેલા પાપીઓને નિત્ય ઊકળતું તેલ પીવું પડે છે. જે 'અંગારકુપ' છે તે નારકી જીવો માટે ઘણો ભયંકર છે, તે એક કોસના વિસ્તારનો અંધારિયો છે, તેમાં રહેલા પાપીઓને અંગારાથી અંગે મોટા મોટા ફોલ્લાઓ થયેલા હોય છે તેથી વારંવાર ચિત્કારો કર્યા કરતા હોય છે. જે 'કુંતલ કુપ' છે તે ત્રિશુળ જેવા આકારનો, તીક્ષ્ણધારવાળો છે તેમાં પાપીને શસ્ત્રોની અણીદાર શય્યા પર સુઇ રહી પારાવાર વેદના સહન કરવી પડે છે. જે 'કૃમિકુંડ' છે, તેમા સર્પ જેવા લાંબા અસંખ્ય કીડાઓ પાપીઓને કષ્ટ આપવા માટે રહેલા હોય છે. જેમાં પરૂનો ભક્ષ કરનારા કરોડો કીડાઓ રહે છે તે 'પૂયકુપ' કહેવાય છે. તે કીડાઓ પાપીને ફોલી ખાય છે. જે 'સર્પકુપ' છે તેની

ઊંડાઈ તાડના ઝાડ જેટલી છે, તેમાં રહેલા અસંખ્ય સર્પો તેમાં આવેલા પાપીઓના શરીરે વીંટળાઈ વળી તેઓને બહુ કષ્ટ આપે છે. વળી મશકકુપ, દંશકૂપ અને ગોલકૂપ છે. આ કુંડો અર્ધા કોસના વિસ્તારમાં ફેલાયેલા છે, તેમાં યમદૂતો પાપીને દોરડાં બાંધેલી હાલતમાં લાવીને નાખે છે.

આ પાપીઓ શસ્ત્રોથી ઘવાયેલા લોહી નીગળતા હોય છે તેમને કુંડમાં રહેલા મોટા મોટા મચ્છરો અને જંતુઓ વારંવાર કરડીને હેરાન કરી મૂકે છે. તે પછી 'મશકકુંડ, દશકુપ ને ગરલકુપ' આવેલા છે. આ ત્રણે કુંડો અનુક્રમે મચ્છરો, ડાંસો તથા ઝેરી મધમાખીઓથી ભરેલા હોય છે. તેમાં મારા દૂતો એ મરેલા ને ઘવાયેલા પાપીઓને આ જંતુઓ કરડાવીને વારંવાર બેશુદ્ધ કરી નાખે છે, તે પછી વજ્રદંષ્ટ્રકુપ ને વૃશ્ચિકકુપ આવેલા છે તે અનુક્રમે સર્પો તથા વિંછીઓથી ભરેલા છે, આ અર્ધીવાવ જેટલા વિસ્તારવાળા કુંડોમાં દાઢોવાળા 'વજ્ર' નામના કીડા ને વિંછીઓથી કરડાતા પાપીઓ બહુ જ કલ્પાંત કરતા હોય છે. તે પછી 'શરકુપ', 'શુલકુપ' અને 'ખડગકુપ' આવેલા છે, એ ત્રણે કુંડો અનુક્રમે બાણોથી, શુળોથી તથા તીક્ષ્ણ તલવારોથી ભરેલા છે. અર્ધીવાવ જેટલા વિસ્તારવાળા આ કુંડોમાં આવનારા પાપીઓ નિરંતર આ શસ્ત્રોના ઘાથી લોહીલુહાણ થઇ ચિત્કાર કર્યા કરે છે. જે 'ગોલકુપ' છે તે ભયંકર કીડાઓથી ખદમદતો હોય છે, આ અંધારિયા કુપમાં નાખવામાં આવેલા પાપીઓને કીડાઓ કોચે છે તેથી ત્યાં રડારોળ અને ભુમરાણ મચી જાય છે, તે જોઇને મારા દૂતો તેમને કહે છે કે તમે જો પાપ કર્યું ન હોત તો તમારી આવી દશા થાત નહિ.' જે 'નક્રકુપ' છે તેમાં કરોડો મગરમચ્છો રહેલ છે, તેઓ પાપીઓને કરડી કરડીને ઘણું કષ્ટ આપે છે, જે 'કાકકુપ' છે તેમાં વિષ્ટા, મુત્ર અને બળખા ભરેલા છે. તેને કાગડાઓ આરોગે છે, અને તેજ કાગડાઓ તે કુપમાં આવેલાં પાપીઓને નિત્ય કોચ્યા કરે છે. તે પછી 'મંથાન કુપ અને બીજકુપ' આવેલા છે.

આ બન્ને કુપમાં અનુક્રમે મંથન અને બીજ નામના અસંખ્ય કીડાઓ રહેલા છે. સોસો ધનુષ માપવાળા વિસ્તારના આ કુપો, કીડાઓ વડે ખવાતા તથા ચીસો પાડતા પાપીઓ વડે વ્યાપ્ત છે. એના જેટલો જ પાપી જીવોથી ભરેલો અંધારિયો 'વજ્રકુપ' છે. તે પછી બે વાવ જેટલા લાંબા–પહોળા વિસ્તારવાળો અને બળબળતા અગ્નિ જેવો 'તપ્ત પાષાણકુપ' છે. જેમાં અગ્નિજવાળાથી દઝાતા પાપીઓ દોડાદોડ કરતા હોય છે. તે પછી તીક્ષ્ણ અણીવાળા પાષાણોથી ભરેલો 'તીક્ષ્ણ પાષાણકુપ' છે જેમાં રહેનારા મહાપાપીઓ વારંવાર તે પથ્થરોમાં ઘવાઇ કષ્ટ પામ્યા કરે છે. તે પછી લોહીલોહાણ થયેલા પાપીઓથી ભરેલો 'લાલાકુપ' છે. આમાં રહેલા

પાપીઓને રૂધિરનું પાન કરવું પડે છે. તે પછી સો ધનુષના વિસ્તારવાળો, કાજળ જેવા કાળા પથ્થરવાળો 'મસીકુપ' છે, આ કુંડમાં પાપીઓ કાળા મોઢાના થઈ મારા દુતોના મારથી ખૂબ ત્રાસ પામે છે. તે પછી એક કોસમાં ફેલાયેલો ને દઝાડે એવી તપેલી રેતીથી ભરેલો 'ચૂર્ણ-કુંડ' છે, જેમાં પડેલા, પાપીઓ ગરમ રેતીથી બળતા રહે છે. જે 'ચક્રકુપ' છે તે ચાર કોસ લાંબા–પહોળા વિસ્તારવાળો તીક્ષ્ણ ધારવાળા સોળ આરાવાળો ઊંડો છે, તેમાં ઉકળતું જળ ભરેલુ હોય છે, તેમાં પડેલાં પાપી પ્રાણીઓ કાયમ આક્રંદ કર્યા કરે છે. જે 'કુર્મકુપ' છે તે તે વિકૃત આકારનો અને કાચબાઓથી વ્યાપ્ત છે, એ કાચબાઓ તેમાં પડેલા નારકી જીવોને કોચીકોચીને ખાતા રહે છે.

જે 'જ્વાળાકુંડ' છે તે એક કોસ લાંબા–પહોળા વિસ્તારવાળો અને પ્રજ્વલિત જ્વાળાઓથી વ્યાપ્ત છે, તેમાં પડેલા ઘાતકી પાપાત્માઓ કાયમ ચિત્કાર કર્યા કરે છે. જે 'ભસ્મકુંડ' છે તે એક કોસ ઊંડો ભસ્મથી ભરેલો છે તેમાં રહેલા પાપીઓ ભસ્મ આરોગીને બળતા શરીરવાળા રહે છે. તે પછી 'દગ્ધકુપ' તે એક કોસના વિસ્તારવાળો, અંધારિયો ને ઊંડો છે! તેમ જ અતિઘાતકી ને માર મારેલા તથા બળી જતા પાપીઓથી વ્યાપ્ત છે. તે પછી જે 'તપ્તસૂચી' કૂપ કહેવાય છે તેમાં ખારૂં પાણી ભરેલું છે અને તે વિવિધ પ્રકારના શબ્દ કરતા જળજંતુઓથી વ્યાપ્ત છે, તેમાં રહેલા પાપીઓ, બળતા, ચીસો પાડતા અને આક્રંદ કરતા જોવા મળે છે. જે 'અસિપત્ર કુપ' છે તે અર્ધા કોસના માપવાળો છે, તે તલવારની ધાર જેવા પાંદડાંઓવાળા તાલવૃક્ષની નીચે આવેલો છે; તે વૃક્ષ ઉપરથી પડતાં પાંદડાંથી વ્યાપ્ત, ઝાડની ટોચેથી પડતા અને 'બચાવો...બચાવો...! એમ પોકારતા દુષ્ટ પાપીઓના લોહીથી ભરપુર અને ભયાનક છે. તે પછી 'ક્ષુરધાર કુંડ' આવે છે. આ કુંડ સો ધનુષ માપના વિસ્તારવાળો, સજૈયાની ધાર જેવા અસ્ત્રોથી ભરેલો અને ભયંકર છે. 'સુચીમુખકુંડ' છે તે સોયની અણી જેવા અસ્ત્રોથી ભરેલો, પાપીઓના લોહીથી પૂર્ણ, પચાસ ધનુષના વિસ્તારવાળો અને અત્યંત દુઃખદાયી છે. તે પછી 'ગોકામુખકુંડ' આવે છે.

તે 'ગોલ' નામના એક જાતના પ્રાણીના મુખ જેવી આકૃતિવાળો, કુવા જેટલો ઊંડો, વીસ ધનુષના માપ જેટલા વિસ્તારવાળો છે. તે કુપમાં પડેલા પાપીઓ કીડાઓથી કોચી ખાધેલા અને નીચા નમેલા મુખવાળા રૂદન કરતા હોય છે. જે ગોમુખાકાર કુપ છે તે ત્રીસ ધનુષ માપના વિસ્તારવાળો, ગાયના મુખ જેવી આકૃતિવાળો અને પાપીઓને કાયમ કષ્ટ આપનારા ઉપદ્રવોવાળો છે. જે કુંભીપાક કુપ છે તે ભમતા ચક્રથી યુક્ત ભયાનક, ઘડા જેવા આકારવાળો, અંધારિયા ચાર કોશ માપના વિસ્તારવાળો,

લાખ મથોડાં ઊંચાઇવાળો તેમ જ ઉક-ળતા તેલના કુપવાળો છે, તેમાં મોટા પાપીઓ વારંવાર મૂર્છા પામતા અને ભાનમાં આવતા નાસભાગ કરતાં હોય છે. આ પાપીઓને યમદૂતો સાંબેલા અને મોગર મારતા હોય છે તેથી વારં-વાર ચક્કર ખાઇને ઢળી પડે છે ને પછી પોક મુકીને રડયા કરે છે. જે 'કુંભીપાક' નરક છે, તેમાં સર્વ કુંડોમાં જેટલા પાપીઓ છે, તેથી ચારગણા પાપીઓ દુઃખદાયી કુંભીપાકમાં છે. અત્યંત લાંબા કાળ સુધી માર મરાયા છતાં એ ભોગ-દેહધારી પાપીઓ નાશ પામતા નથી. એથી જ કુંભીપાક કુંડ સર્વ કુંડોમાં મુખ્ય કહેલો છે. જે 'કાલસુત્ર કુપ' છે તેમાં મજબુત દોરડાથી બંધાયેલા પાપી-ઓને યમદુતો ક્ષણવાર જળમાં ડુબાડે છે, ને પાછા પાણીમાંથી બહાર કાઢે છે, તેથી લાંબો કાળ શ્વાસ રોકાવાથી તેઓ મૂર્છા પામે છે અને દેહભોગથી દુઃખ પામે છે. જે 'મત્સ્યોદકુપ' છે તે એક કુવા જેવો ઊંડો છે તેમાં ખૂબ ગરમ કરેલું પાણી ભરેલું હોય છે. તે ચોવીસ ધનુષ માપના વિસ્તારવાળો છે તેમાં યમદૂતોએ પુષ્કળ માર મારેલા કષ્ટ પામતા પાપીઓ રહે છે.

જેમાં પાપીઓને અસંતુદ નામના કીડા કરડતાં રહે છે તે 'અસંતુદકુપ' કહેવાય છે, જેમાં કષ્ટ પામતા જીવા-



ત્માઓ દુઃખને લીધે બહુ હાહાકાર કરે છે. જે 'પાંસુકુપ' છે તેમાં અત્યંત તપેલી ધૂળ હોવાથી તેમાં પડેલા પાપીઓ નિરંતર સેકાયા કરે છે: જે કુપમાં પડ-તાંની સાથે જ પાપીઓને અનેક જીવ-જંતુઓથી વીંટળાઇ જાય છે તેને 'પાપ-વેષ્ટિત કુપ' કહે છે. જેમાં પડવાથી પાપી પ્રાણીઓ શુળથી વીંધાયા કરે છે તેને 'શુલપ્રોત કુપ' કહેવાય છે. જે કુપમાં બરફ જેવું ઠંડુ પાણી રહેલું હોય છે તે 'પ્રકંપન કુંડ' છે. તેમાં પડેલા પાપી પ્રાણીઓ નિરંતર કંપ્યા કરે છે. જેનું નામ 'ઉલ્કામુખ' છે તે વીસ ધનુષ જેટલા વિસ્તારનો લાંબો પહોળો છે. આ કુપમાં પડેલા પાપીઓના મુખમાં ગરમ કરેલી ઉલ્કા ઘુસાડવામાં આવે છે. જેનું નામ 'અંધકુપ છે તે લાખ મથોડા ઊંડો તથા સો ધનુષ લાંબો છે. જે 'વેધન કુપ' છે તેમાં પડેલા પ્રાણીઓ વિવિધ પ્રકારના શસ્ત્રોથી વિંધાઇ જાય છે. જેનું નામ 'દંડતાડન કુપ' છે તેમાં પાપી પ્રાણીઓને દુતો વારંવાર ડંડાથી ફટ-કાર્યા કરે છે.

જ્યાં પાપીઓને માછલાંની પેઠે જાળથી બાંધ્યા હોય છે તે વીસ ધનુષ માપના વિસ્તારવાળો 'જાલરંધ્રકુપ' કહે-વાય છે. જે કુંડમાં પાપીઓ પડતાંની સાથે જ લોખંડની બેડીઓથી બંધાઇ જાય છે, પછી દૂતોના મારથી જડ ને મૂર્છિત થતાં પાપીઓનો દેહ ચૂરો થઇ

જાય છે. એક કરોડ માથોડાં ઊંડો, બહુ જ અંધકારમય અને વીસ ધનુષ-માપના વિસ્તારવાળો 'દેહચૂર્ણકુપ' કહેવાય છે. જેનું નામ 'દલનકુંડ' છે તેમાં મારા દૂતોએ મારેલા પાપીઓ દળાઇ જાય છે. આ કુપ સોળ ધનુષ માપના વિસ્તારવાળો કહેવાય છે. જે 'શોષણકુંડ' છે તેમાં ધગધગતી રેતી ભરેલી છે, તેમાં પાપી પ્રાણી પડતાંની સાથે જ તેનું ગળું તરસથી સુકાઇ જાય છે, હોઠ ને તાળવાં પણ સુકાઇ જતાં તે બહુ જ દુઃખી થાય છે. જેને 'કુષકુંડ' કહે છે તે અનેક પ્રકારનાં ચામડાં સાથે મેલા પાણીથી ભરેલો છે. તેનો વિસ્તાર સો ધનુષના માપનો છે. આ કુંડ દુર્ગંધ-યુક્ત રહે છે. જે 'શુર્પકુપ' છે તે સુપડા જેવાં આકારના મુખવાળો, બાર ધનુષ માપના વિસ્તારવાળો, લોખંડના તપેલા રજકણોથી ભરેલો, દુર્ગંધ મારતો અને અત્યંત કષ્ટ ભોગવતા પાપીઓથી વ્યાપ્ત છે.

જેનું નામ 'જવાલામુખ કુપ' છે તેમાં પડેલા પાપીઓ અગ્નિની શિખાઓની જવાળાઓથી બળે છે તેવા પાપીઓથી વ્યાપ્ત હોય છે. જેને 'ધુમ્રાંધ કુપ' કહે છે તેમાં ગરમ તપેલી ઇંટો છવાયેલી છે, તે વાંકોચુંકો, ધૂમાડાના લીધે અંધકારભર્યો, અસંખ્ય પાપીઓથી વ્યાપ્ત બહુ જ ઊંડા છિદ્રોવાળો અને બહુ જ ધુમાડાને લીધે આંધળા કરનારો છે. જે કુપનું નામ 'નાગવેષ્ટન કુપ' છે તેનો વિસ્તાર સો ધનુષના માપ જેટલો છે. આ કુપમાં મારા દૂતો પાપીઓને નાખે છે તેવા જ તેમાં રહેલા નાગો પાપીને વિંટળાઇ જાય છે. આ પ્રમાણે નરકના કુપો જે છયાસી છે તેઓનાં નામો લક્ષણો સહિત કહ્યાં. હવે બીજું શું સાંભળવાની ઇચ્છા છે? ૧૧૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'છયાસી નરક કુંડોનું વર્ણન' નામનો ૩૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૮ મો

### દેવીનું ઉત્તમ આખ્યાન

સાવિત્ર્યુવાચ

દેવીભક્તિં દેહ મહ્યં–
સારાણાં ચૈવ સારકમ્ ।
પુંસાં મુક્તિદ્વારબીજ–
નરકાર્ણવતારણાં વતારકમ્ ॥

સાવિત્રીએ પૂછ્યું : 'ભગવાન! હવે મને સર્વ સારોમાં સારરૂપ, મનુષ્યોના મુક્તિદ્વારનું બીજ, મનુષ્યોને નરકરૂપી સમુદ્રમાંથી તારનાર, સર્વ અશુભોનો નાશ કરનાર, મનુષ્યોએ કરેલા સર્વ પાપોનો ક્ષય કરનાર, ભગવતી દેવીની ભક્તિ મને કહો. વળી ભક્તિ કોને કહે, તેના પ્રકાર કેટલા? તેનું સ્વરૂપ કેવું? લક્ષણો કયાં? ભક્તિના ભેદો કેટલા છે? કરેલા કર્મોના ભોગનો નાશ કેવી રીતે થાય? આ બધાનું કંઇક સારભુત જ્ઞાન આપવાથી જે પુણ્ય થાય છે તેનાથી સોળમાં ભાગનું પુણ્ય 'જ્ઞાન, તીર્થ,

દાન, વ્રત, તપ આ બધાંથી પણ મળતું નથી. પિતા કરતાં માતા સોગણી પૂજ્ય અને શ્રેષ્ઠ છે. પરંતુ જ્ઞાન આપનાર ગુરુ તો માતાથી સોગણા શ્રેષ્ઠ અને પૂજ્ય છે.'

યમરાજે કહ્યું, 'હે પુત્રી! તારી જે જે ઇચ્છા હતી તે તે વરદાન તને આપી મેં તને સંતુષ્ઠ કરી છે. હવે હું તને વરદાન આપું છું કે, તારામાં શક્તિની ભક્તિ પ્રાપ્ત થાઓ. હવે તેં જે ભગવતીનાં ગુણાનુવાદ સાંભળવાની ઉત્કંઠા સેવી છે તેનું વર્ણન હું કેવી રીતે કરી શકું? કારણ કે, શેષનાગ પોતાનાં હજારો મુખોથી, મહાદેવ પાંચ મૂખથી, દેવો તથા બ્રહ્મા ચાર મુખથી અને કાર્તિકેય સ્વામી પોતાના છ મુખથી પણ ભગવતીનાં ગુણો વર્ણવવા સમર્થ નથી, તો મારું તો ગજું જ શું? વળી સનક, સનંદન, સનાતન, સનત્કુમાર, ધર્મ, કપિલ, સુર્ય, બ્રહ્માના બીજા જ્ઞાની પુત્રો પણ દેવીના પૂર્ણ મહિમાને કહેવા શકિતમાન નથી, તો પછી બીજાઓની શી ગણતરી? ભગવતી દેવીના ગુણાનુવાદ મોટા સિદ્ધો, મુનિંદ્રો તથા યોગીન્દ્રો જેવા પણ કરી શકતા નથી, તો પછી બીજું કોણ સમર્થ છે કે કરી શકે? અને હું પણ એ કહેવા શક્તિમાન નથી.'

બ્રહ્મા, વિષ્ણુ તથા મહાદેવ નિરંતર જેમનું ધ્યાન કરે છે તે ભગવતીનું ચરણકમળ તેમના પોતાના પરમભકતો માટે અત્યંત સુલભ છે, પણ જે દેવી ભકતો નથી તેઓને માટે તો તે અત્યંત દુર્લભ છે.

જો કે કેટલાક ભગવતીના પવિત્ર ગુણાનુવાદના કંઇક અંશને જાણે છે. બ્રહ્મા પણ તેના કેટલાક અંશના જાણકાર છે. જ્ઞાનીઓના ગુરુ અને વિઘ્નહર્તા ગણપતિજી પણ તેમના અમુક અંશને જાણતા હતા, પરંતુ સર્વજ્ઞ પરમાત્મા શંકર તેમના ગુણાનુવાદને પૂર્ણપણે જાણે છે, કારણ કે પૂર્વે ગોલોકમાં રાસ મંડળમાં વિરાજેલા ભગવાન શ્રીકૃષ્ણે તેમને આ જ્ઞાન આપ્યું હતું.

અગાઉ એક વેળા ભગવાન શંકર ગોલોકમાં ગયા હતા. તે વખતે વનમાં નિર્જન જગ્યામાં રાસમંડળમાં રાસ રચાયો હતો, તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે શંકરને ભગવતીના ગુણાનુવાદ સંભળાવ્યા હતા. તે જ્ઞાન લીધા પછી ભગવાન શંકરે કૈલાસમાં આવી ધર્મને તેનો ઉપદેશ કર્યો હતો. તે જાણવાની સુર્યને જિજ્ઞાસા થયેલી એટલે ધર્મે મહાદેવની સમક્ષ સુર્યને ભગવતીના ગુણાનુવાદ સંભળાવ્યા હતા.

હે પતિવ્રતા! મારા પિતા સુર્યએ તપ કર્યું હતું, તે પછી ભગવતીદેવીની ઉપાસના કરી હતી તેથી તેઓ દેવીનો મહિમા કંઇક અંશે જાણી શકયા હતા. એક વાર તો મારા પિતાએ મને યમપુરીની રાજ્યગાદી પર બેસવા કહેલું પણ ત્યારે મને વૈરાગ્ય ઉપજવાથી હું તપ કરવા તત્પર થયો હતો. તે વખતે

મારા પિતાએ મને ભગવતીના ગુણાનુવાદ બહુ જ પ્રેમથી સંભળાવ્યા હતા અને ત્યારે મેં જે સાંભળેલું તેજ અત્યારે કહું છું. હે સતી! જેમ આકાશને પોતાના અંતની જાણ નથી, તેમ એ ભગવતી પોતાના ગુણોને પોતે જ જાણતા નથી, તો બીજાની તો વાત જ શી કરવી? એ બ્રહ્મસ્વરૂપા ભગવતી સર્વાત્મા છે, જે સર્વ કારણોનાં કારણ, સર્વેશ્વર, સર્વના આદ્ય, જાણકાર, સર્વના રક્ષણકર્તા, અવિનાશી રૂપવાળા, સદા પરમાનંદથી પરિપૂર્ણ રહેનારા, નિર્ગુણ, નિરામય, નિર્લિપ્ત, સર્વના સાક્ષી, સર્વના આધાર, પરથી પર ને માયાથી મુકત પરમાત્મા છે તેજ મૂળ પ્રકૃતિ-મા ભગવતી છે.

એ પ્રકૃતિના વિકારો છે તે પ્રાકૃત કહેવાય છે: જેમ અગ્નિ ને તેની દાહકશક્તિ કયારેય જુદાં નથી તેમ સ્વયં પરમાત્મા અને પ્રકૃતિ એક બીજાથી અલગ નથી. આ પરમાત્માની શકિત મહામાયા સચ્ચિદાનંદરૂપ હોઇ રૂપરહિત છે. એમનું કોઇ રૂપ નથી તો પણ તે ભકતો પર કૃપા કરવા માટે અવારનવાર વિવિધરૂપ ધારણ કરે છે. ભગવતીએ પ્રથમ ગોપાલ-સુંદરીનું રૂપ લીધું હતું. જેથી સ્વયં પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ એમના અભિન્ન સ્વરૂપ છે. તેઓ અવર્ણનીય શોભાવાળા, અતિ મનોહર, પરમ કમનીય કાયાવાળા, નવા મેઘ જેવા શ્યામ, કોટિ કામદેવ જેવા લાવણ્યવાળા, રત્નજડિત વિવિધ શણગારોથી શોભતાં, મંદમંદ હસતાં, પિતાંબર ધારણ કરવાથી દેદિપ્યમાન, પરબ્રહ્મ સ્વરૂપ, બંને હાથ વડે મોરલી ધારણ કરી વગાડતા દિવ્ય લીલાઓના પરમ ધામસમાન, પૂજેલા શરીરવાળા, સુંદર ચંપાના પુષ્પો વડે વ્યાપ્ત, નવ કિશોર ગોપ વેષવાળા, શરદ પૂર્ણિમાના કરોડો ચન્દ્ર છૂપાઈ જાય તેવા અતિ મનોહર મુખચન્દ્રવાળા, સુંદર ચાંલ્લાથી શોભતું આ ગોપાલ-સુંદરીનું સ્વરૂપ હતું. ભગવાન શ્રીકૃષ્ણના આ ગોપાલ-સુંદરી સ્વરૂપનું ભકતો ભકિતપૂર્વક નિરંતર આ પ્રમાણે ધ્યાન કરે છે: જેમના ભયથી બ્રહ્મા સૃષ્ટિની રચના કરે છે અને જીવાત્માઓના કર્મોને અનુસરી તે પ્રમાણે સર્વનું ભાગ્ય આલેખે છે. જેમના ભયથી વિષ્ણુ સર્વનું પાલન કરે છે અને એમની જ આજ્ઞાથી તપ કરનારાઓને તેમના તપનું ફળ આપે છે. જેમના ભયથી મૃત્યુંજય શંકર સંહારકાર્ય કરે છે ને એમનાજ જ્ઞાનથી ભગવાન શંકર યોગેશ્વર, વૈરાગ્યવાન ને જ્ઞાનવાન થયા છે. જેમના ભયથી શ્રેષ્ઠ વાયુ વાયા કરે છે. અને જેમના ભયથી સુર્ય નિરંતર તપ્યા કરે છે, એમની જ આજ્ઞાથી મેઘ વૃષ્ટિ કરે છે. એમની આજ્ઞાથી જીવાત્માઓમાં મૃત્યુ ભમ્યા કરે છે ને એમની જ આજ્ઞાથી અગ્નિ પ્રજવલ્યા કરે છે તે શ્રીકૃષ્ણ સર્વના એક માત્ર મહેશ્વર છે. એમના ભયથી દિક્પાલો દિશાઓનું રક્ષણ કરે છે, ગ્રહો

રાશિચક્ર પર વ્યવસ્થિત ભ્રમણ કરે છે અને વૃક્ષો ફુલે ફાલે છે. એમની જ આજ્ઞાથી કાળ જગતને સંહારે છે, એમની આજ્ઞા સિવાય જલચર અને સ્થલચર કોઇ પ્રાણી જિવિત રહી શકતું નથી. એમની આજ્ઞા સિવાય ગમે તે સ્થળે રહેલા પ્રાણીઓને મૃત્યુ મારી શકતું નથી. એમની જ આજ્ઞાથી વાયુ સમુદ્રને, સમુદ્ર કુર્મને, કુર્મ શેષનાગને, શેષનાગ પૃથ્વીને ને પૃથ્વી સમુદ્રો તથા પર્વતોને તેમ જ અનેક પ્રકારના રત્નોને ધારણ કરે છે. એમનીજ આજ્ઞાથી સૃષ્ટિ પર પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. જ્યારે શ્રીકૃષ્ણની એક આંખનો પલકારો થાય ત્યારે બ્રહ્માનો નાશ થાય છે.

આ એક પલકારાના કાળને પ્રાકૃતિક પ્રલય કહે છે. એ સમયે સર્વ દેવો, ચરાચર પ્રાણીઓ, ધાતા તથા વિધાતા બધાયે ભગવાન શ્રીકૃષ્ણના નાભિકમલમાં લીન થઈ જાય છે. ક્ષીરસમુદ્રમાં શયન કરતાં વિષ્ણુ અને વૈકુંઠમાં રહેલા ચાર ભુજાવાળા નારાયણ શ્રીકૃષ્ણના ડાબા પડખામાં લય પામે છે. તે જ્ઞાનના અધીશ્વર શ્રીકૃષ્ણ સનાતન છે. સર્વ શક્તિઓ વિષ્ણુની માયા દુર્ગામાં લય પામે છે. વિષ્ણુમાયા દુર્ગા શ્રીકૃષ્ણની બુદ્ધિમાં પ્રવેશે છે કેમકે તેઓ તેમની બુદ્ધિષ્ઠાત્રી છે. નારાયણના અંશરૂપ કુમાર કાર્તિકેય સ્વામી એમના વક્ષઃસ્થળમાં અને શ્રીકૃષ્ણના અંશરૂપ ગણોના સ્વામી દેવેશ્વર ગણપતિ તેમની ભુજાઓમાં પ્રવેશે છે. જે જે લક્ષ્મીના અંશો છે તે લક્ષ્મીમાં લય પામે છે અને લક્ષ્મી રાધામાં લય પામે છે અને તેવી જ રીતે સર્વ ગોપીઓ તથા દેવોની સ્ત્રીઓ પણ રાધામાં લય પામે છે અને તે રાધા શ્રીકૃષ્ણના પ્રાણના અધિષ્ઠાત્રી છે. સાવિત્રી, વેદ તેમ જ સમસ્ત શાસ્ત્રો સરસ્વતીમાં અને સરસ્વતી પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની જીભમાં વિલિન થઇ જાય છે. ગોલોકના સઘળા ગોપ તેમના રૂંવાડામાં લીન થાય છે : એ પ્રભુના પ્રાણમાં સઘળા પ્રાણીઓના પ્રાણવાયુ, એમના જઠરાગ્નિમાં સમસ્ત અગ્નિઓ અને એમની જીભના ટેરવામાં અને સારમાં પણ અત્યંત સારરૂપ ભક્તિરસરૂપી અમૃતનું પાન કરતા વૈષ્ણવ ભક્તો આનંદવિભોર બની શ્રીકૃષ્ણના ચરણકમળમાં લય પામે છે. મહાવિરાટના અંશરૂપ નાના વિરાટો મહાવિરાટમાં લય પામે છે અને મહાવિરાટ શ્રીકૃષ્ણમાં લય પામે છે.

બ્રહ્માના સો વર્ષ પૂરા થતાં સૃષ્ટિનો પ્રલય થાય છે. બ્રહ્માની સૃષ્ટિ અને પ્રલયની કોઇ ગણતરી જ નથી. જે પ્રભુની આંખના એક પલકારામાં પ્રલય તથા શયન કર્યા પછી જેમની ઇચ્છાથી પુનઃ સૃષ્ટિ થાય છે તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પ્રલયકાળ આવતાં તે મુલપ્રકૃતિ પરત્પર–સ્વરૂપા શક્તિમાં મળી જઇ એક થઇ જાય છે. એ સમયે માત્ર પરાશક્તિ જ રહે છે, તે પરાશક્તિ એક જ નિર્ગુણ

પરપુરુષ છે અને તેમને જ વેદવેત્તાઓ સત્સ્વરૂપે જાણે છે. આવાં તે ભગવતીના ગુણોનું વર્ણન કરવા બ્રહ્માંડોમાં કોણ સમર્થ છે? કોઇ પણ સમર્થ નથી. ચાર પ્રકારની મુક્તિ વેદોએ કહી છે અને એ મુક્તિ પ્રભુની ભક્તિથી જ મળી શકે છે, તેથી ભક્તિને મુક્તિ કરતાં પણ ઘણી શ્રેષ્ઠ કહી છે. એક મુક્તિ 'સાલોક્ય' આપનારી, બીજી 'સારૂપ્ય આપનારી, ત્રીજી 'સામીપ્ય' આપનારી અને ચોથી નિર્વાણપદ પર પહોંચાડનારી છે. જે ભક્ત પુરુષો છે તે પરમાત્માની ભક્તિ છોડી મુક્તિઓને ઇચ્છતા નથી. તેઓ તો શિવત્વ અને બ્રહ્મત્વને પણ અવગણે છે. વળી તેઓ દેવપણાને કે દિવ્યરૂપ ધારવાને પણ ઇચ્છતા નથી. વળી જન્મ, મરણ, જરા, વ્યાધિ, ભય તથા શોક વગેરેના નાશરૂપ નિર્વાણ-પદને કે મોક્ષને પણ પ્રભુના ભક્તો તુચ્છ સમજે છે. કારણ કે મુક્તિ પ્રભુ-સેવાથી રહિત હોય છે, જ્યારે ભક્તિ પ્રભુ સેવાને વધારનારી હોય છે, આમ ભક્તિ તથા મુક્તિ વચ્ચે ભેદ છે. હવે કર્મોના ભોગનો નાશ કેવી રીતે થાય છે તે કહું છું.

મહાજ્ઞાનીઓ કહે છે કે કરેલાં કર્મોનો ભોગ તે જ 'નિષેક' કહેવાય છે. મુમુક્ષુએ શ્રીમૂલપ્રકૃતિનું સેવન કરવું જોઇએ. એજ કરેલા સર્વ કર્મોનો નાશ કરનાર હોઇ અત્યંત કલ્યાણકારી છે. લોકમાં તથા વેદમાં જેને સ્થિર તત્ત્વજ્ઞાન કહે છે, તે આ જ છે. અને તેજ નિર્વિઘ્ન તથા શુભદાયી તત્ત્વજ્ઞાન મેં તને કહ્યું, માટે તું એ વિઘ્નરહિત તેમજ શુભદાયક સાધનને કર. એમ સાવિત્રીને 'હે પુત્રી! હવે તું સુખેથી જા' એમ કહી યમરાજે સાવિત્રીના પતિ સત્યવાનને સજીવન કરી, સતી સાવિત્રીને શુભ આશીર્વાદ આપી પોતાને સ્થાને જવા તૈયાર થયા ત્યારે સાવિત્રીએ યમરાજના ચરણોમાં મસ્તક નમાવ્યું ને આંખમાંથી આંસુ સરવા લાગ્યાં, એ વિયોગના આંસુ હતાં, કારણ કે પરમ ઉદાર યમરાજ–ધર્મરાજના વિયોગથી તે દુઃખી થઇ રહી હતી.

સાવિત્રીનું રડવું સાંભળી કૃપાસાગર યમરાજની આંખો પણ ભીની થઇ ગઇ, તેમનું હૃદય ભરાઇ આવ્યું, પછી તે સ્વસ્થ થઇ કહેવા લાગ્યા: 'હે સાવિત્રી! તું પરમપવિત્ર ભરતખંડમાં ઘણા જ લાંબા કાળ સુધી સુખભોગ ભોગવી અંતે જ્યાં ભગવતી દેવી બિરાજે છે ત્યાં તેમના લોકમાં તું જઇશ.

હે કલ્યાણી! તું હવે તારા રહેઠાણે જઇ સાવિત્રીનું વ્રત કર. આ 'સાવિત્રી વ્રત' લાગલાગટ ચૌદ વર્ષ સુધી કરવું પડે. આ વ્રત સ્ત્રીઓને મોક્ષ આપનારૂં છે. આ સાવિત્રી વ્રતનો આરંભ જ્યેષ્ઠ સુદ ચૌદશના દિવસે કરવો. વળી ભાદ્ર-પદ માસમાં શુક્લ પક્ષની અષ્ટમીના દિવસે સોળ વર્ષ સુધી મહાલક્ષ્મીનું વ્રત આદરવું. જે ભાવિક સ્ત્રી શ્રદ્ધા-ભક્તિથી આ વ્રતો કરે છે તે અંતે શ્રીમૂલપ્રકૃતિ ભગવતીના ધામમાં જાય છે.

આ ઉપરાંત પોતાનું કલ્યાણ ઇચ્છતી સ્ત્રીએ દરેક મંગળવારે 'મંગળચંડિકા દેવીનું વ્રત' કરવું. દરેક મહિનાના શુકલ પક્ષની છઠના દિવસે સર્વ મંગળો આપનારી ષષ્ઠી દેવીનું વ્રત કરવું. અષાઢ મહિનાની સંક્રાંતિને દિવસે સર્વ સિદ્ધિને સુખ દેનારાં મનસાદેવીનું વ્રત કરવું. કારતક માસની પૂર્ણિમાના દિવસે શ્રીકૃષ્ણના પ્રાણપ્રિય રાધાજીનું વ્રત કરવું. દરેક માસની શુકલપક્ષની અષ્ટમીના દિવસે ઉપવાસ કરી, અસહ્ય કષ્ટો અને પીડાઓનો નાશ કરનારા વિષ્ણુમાયા શ્રી દુર્ગાદેવીનું વ્રત કરવું. જે પતિ અને પુત્રોવાળી સ્ત્રી ધન તથા સંતાનની પ્રાપ્તિ અર્થે યંત્રોમાં કે મૂર્તિઓમાં શ્રદ્ધા ભક્તિથી દુર્ગાદેવીનું પૂજન કરે છે તે આ લોકમાં સુખ-શાંતિ ભોગવી અંતે શ્રીમૂલપ્રકૃતિ ભગવતીના ધામને પામે છે. પોતાનું શ્રેય ઇચ્છનારા સાધકે નિરંતર દેવીની વિભુતિઓનું પૂજન ભક્તિપૂર્વક કરવું. ખરૂં જોતાં હરકોઇ સમયે પરમેશ્વરી સેવવાં વધુ કલ્યાણકારક છે. એ સિવાય બીજું કોઇ સાધન કૃતાર્થ કરનાર નથી.

સાવિત્રીને એમ કહી યમરાજ ત્યાંથી પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. પતિવ્રતા સાવિત્રી પણ હર્ષભેર પતિદેવ સત્યવાનને લઇ પોતાના આશ્રમે આવી. હે નારદ! સાવિત્રી તથા સત્યવાનને મોડા મોડા પણ કુશળ આવેલાં જોઇ બધાને આનંદ થયો. પછી સાવિત્રીએ સર્વ વૃત્તાંત બધાને જણાવ્યું. યમદેવે વરદાન આપ્યા મુજબ સત્યવાનના પિતા તે સાવિત્રીના સસરાનું અંધત્વ મટયું, તેમને પુનઃ જ્યોતિ પ્રાપ્ત થઇ અને ગયેલું રાજ્ય પાછું મળ્યું, સાવિત્રીના પિતાને પુત્રોનું સુખ સાંપડયું, વળી સાવિત્રીએ પણ વરદાન મુજબ પુત્રો મેળવ્યા. આ સતી સાવિત્રી પોતાના પતિ સત્યવાન સાથે ભરતખંડમાં લાંબા કાળ સુધી સુખ-ભોગ ભોગવી અંતે સત્યવાન સાથે દેવીના ધામમાં ગઇ. ગાયત્રીદેવી સઘળા મંત્રની તથા સૂર્યમંડળની અધિષ્ઠાત્રી અને વેદમાતા છે. તે જ 'દેવી સાવિત્રી' તરીકે પણ વિખ્યાત છે.

હે વત્સ! તારી ઇચ્છા મુજબ મેં તને દેવી ગાયત્રી-સાવિત્રીનું ઉત્તમ આખ્યાન સંભળાવ્યું, સાથે સાથે પ્રાણીઓના કર્મવિપાક વિષે પણ કહ્યું. હવે તારે બીજું શું જાણવાની ઇચ્છા છે? ૯૬

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણ નવમ સ્કંધ વિષે
'દેવીનું ઉત્તમ આખ્યાન' નામનો
૩૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩૯ મો

### મહાલક્ષ્મીનું આખ્યાન પ્રાકટ્ય સહિત

**નારદ ઉવાચ :**

**શ્રીમૂલપ્રકૃતે-દેવ્યા ગાયત્ર્યાસ્તુ નિરાકૃતેઃ ।**
**સાવિત્રીયમ સંવાદે શ્રુતં વૈ નિમલં યશઃ ॥**

નારદે પૂછ્યું : ભગવન્! યમરાજ અને સાવિત્રીના સંવાદમાં શ્રીમૂલપ્રકૃતિ ભગવતી ગાયત્રીદેવીનો નિર્મળ યશ મેં આપના મુખેથી સાંભળ્યો. હવે મહાલક્ષ્મીનું આખ્યાન તેમના પ્રાકટ્ય સાથે સાંભળવાની મારી ઇચ્છા છે. તે શ્રેષ્ઠ

મહાલક્ષ્મીને પ્રથમ કોણે પૂજેલાં? એ દેવીનું સ્વરૂપ કેવું છે? કયા મંત્રથી અથવા કયા સ્તોત્રથી તે દેવીનું પૂજન થાય છે? તે તેમના ગુણાનુવાદ કહો.

શ્રી નારાયણ બોલ્યા : હે બ્રહ્મન્! પૂર્વે સૃષ્ટિના આદિકાળે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ રાસમંડળમાં વિરાજ્યા હતા ત્યારે તેમના ડાબા ખભામાંથી ભગવતી શ્રી રાધા પ્રકટયાં હતાં. તે રાધા સોળ વર્ષની ઉંમરનાં તારૂણ્યથી શોભતાં, શ્વેત ચંપાના પુષ્પ જેવા દિવ્ય દેહવાળા, સુખપૂર્વક દર્શન કરવા યોગ્ય, સોહામણા, શરદપૂર્ણિમાના પૂર્ણચંદ્રની કાંતિને ઝાંખી પાડે તેવા વદનવાળાં, કમળ જેવાં નેત્રોવાળાં, જાણે બાર વર્ષનાં હોય તેવાં જણાતાં હતાં. પરબ્રહ્મ પરમાત્મા સાથે બિરાજેલાં એ દેવી એકાએક બે રૂપે થયાં.

શ્રી રાધાનાં તે બન્ને રૂપો એક સરખાં હતાં. રૂપ, વર્ણ, તેજ, ઉંમર, કાંતિ, યશ, વસ્ત્ર, આભુષણ, ગુણ, કૃત્ય, મંદ હાસ્ય, દર્શન, પ્રેમ, અવલોકન, અનુનય-આ બધાં ય ગુણો બન્નેમાં એક સરખાં હતાં. શ્રી રાધાના ડાબા ખભામાંથી નીકળેલાં સ્વરૂપવાળાં 'મહાલક્ષ્મી' કહેવાયાં અને જમણા ખભામાંથી પ્રકટેલા તે સ્વયં શ્રી રાધાજી કહેવાયાં. તે પરથી પણ બે ભુજાવાળા શ્રી રાધાજી પ્રથમ શ્રીકૃષ્ણને વર્યાં હતાં, તે પછી મહા-લક્ષ્મીને પણ સર્વાંગસુંદર શ્રીકૃષ્ણને જ વરવાની ઇચ્છા થઇ. આથી ભગવાન પોતે બે રૂપવાળા થયા. તેમના જમણા ભાગમાં તે બે ભુજાવાળા શ્રીકૃષ્ણ જ રહ્યા અને ડાબા ભાગમાં ચાર ભુજાવાળા વિષ્ણુરૂપે થયા. શ્રીકૃષ્ણે લક્ષ્મી હતાં તે શ્રીવિષ્ણુને આપ્યાં. તેજ દેવી વિશ્વમાં 'મહાલક્ષ્મી' નામે વિખ્યાત થયાં. આ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણ રાધાજીના પ્રાણપતિ થયા અને ચતુર્ભુજ ભગવાન શ્રીવિષ્ણુ લક્ષ્મીના પ્રાણપતિ થયા.

લક્ષ્મીને મહાલક્ષ્મી એટલા માટે કહે છે કે એ દેવી મોટાં હોઇ જગત ઉપર કાયમ સ્નેહભરી દ્રષ્ટિ રાખે છે. જે રાધાજી હતાં તે શુદ્ધ સત્વગુણ સ્વરૂપા છે તથા તે નિરંતર ગોપ-ગોપીઓથી વીંટળાયેલાં રહે છે. તે પછી ચતુર્ભુજ ભગવાન વિષ્ણુ પોતાની પત્ની લક્ષ્મીને લઇ ત્યાંથી વૈકુંઠમાં ગયા. શ્રીવિષ્ણુ અને શ્રીકૃષ્ણ જુદાં નથી, બન્ને સઘળા અંશોમાં એકસમાન તથા શ્રેષ્ઠ છે. તે પછી મહાલક્ષ્મી યોગશક્તિથી અનેક સ્વરૂપોવાળાં થયાં. તે સત્વરૂપા; સર્વ સૌભાગ્યથી યુકત મહાલક્ષ્મી છે. તેમણે વિષ્ણુધામ વૈકુંઠમાં જ વાસ કર્યો છે.

પ્રેમને લીધે તેઓ વિશ્વના સમસ્ત નારીવર્ગમાં મુખ્ય થયાં; વળી સ્વર્ગમાં ઇન્દ્રની સંપત્તરૂપ જે સ્વર્ગની લક્ષ્મી છે, પાતાળમાં જે નાગલક્ષ્મી છે, રાજાઓને ત્યાં જે રાજલક્ષ્મી છે, ગૃહસ્થોને ત્યાં સર્વ મંગલોના મંગલરૂપ, સંપત્તિરૂપે જે ગૃહલક્ષ્મી છે, તે સર્વ લક્ષ્મીઓ મહાલક્ષ્મીના જ અંશ સ્વરૂપે છે. તેમજ

ગાયોની માતા કામધેનુ (સુરભી), યજ્ઞોમાં દક્ષિણા, ક્ષીરસાગરમાં કન્યા–લક્ષ્મીરૂપે. અને કમળોની જે શોભા જણાય છે, ચન્દ્રની જે શોભા જણાય છે, જે સૂર્ય-મંડળની શોભા દેખાય છે તે સર્વ પણ મહાલક્ષ્મીના જ અંશરૂપ છે.

વિશ્વની દરેક વસ્તુઓમાં પણ મનોહર લક્ષ્મી અંશરૂપે રહ્યાં છે, જેમ કે : આભુષણો, રત્નો, કિંમતી હીરા, ફળો, જળ, રાજા–રાણી, દેવતાની સ્ત્રીઓ ઘર (ગૃહ), સર્વ પ્રકારનાં ધાન્ય, દેવોની પ્રતિમા, મંગલકલશ, માણેક, મોતી, ઉત્તમ મણિ, દૂધ, ચંદન, નૂતન મેઘ તથા નવીન વસ્તુઓમાં પણ લક્ષ્મી અંશરૂપે રહ્યાં છે, તે મહાલક્ષ્મી દેવીને સૌ પ્રથમ ભગવાન નારાયણે પૂજ્યાં હતાં. તે પછી ચતુર્મુખ બ્રહ્માએ તેમનું પૂજન કર્યું હતું અને ભગવાન શિવે પણ ભક્તિથી તેમને પૂજ્યાં હતાં. વિષ્ણુએ ક્ષીરસમુદ્રની અંદર ભક્તિથી મહાલક્ષ્મીને પૂજ્યાં હતાં, તે પછી ભરતખંડમાં સ્વયંભુવ મનુએ, માનવેન્દ્રે, ઋષિશ્વરોએ, મુનિશ્વરોએ એ દેવી મહાલક્ષ્મીનું ભક્તિ–પૂર્વક પૂજન કર્યું હતું, ત્યાર બાદ ગંધર્વોએ તથા પાતાળમાં રહેતા નાગોએ તેમની પૂજા કરી હતી.

હે નારદ ! પ્રજાપતિ બ્રહ્માએ ભાદરવા મહિનામાં શુકલપક્ષની અષ્ટમીથી પંદર દિવસ સુધી ત્રણે લોકમાં શ્રી લક્ષ્મીજીની પૂજા કરી હતી. ભગવાન વિષ્ણુએ ચૈત્ર, પોષ તથા ભાદરવા માસમાં આવતા પવિત્ર મંગળવારના દિવસે ત્રણે લોકમાં ભક્તિપૂર્વક શ્રી લક્ષ્મીજીને પૂજ્યાં હતાં. સ્વાયંભુવ મનુએ પોષ માસની સંક્રાંતિના સમયે મંગળવારે ત્રણે ભુવનમાં વિરાજતા શ્રીમહાલક્ષ્મી દેવીનું આવાહન કરી તેમની પૂજા કરી હતી. ત્યાર બાદ તે મંગલમૂર્તિ શ્રી લક્ષ્મીજીને ઇન્દ્રે, મંગલ રાજાએ, કેદાર રાજાએ, નીલે, સુબલે, નલે, ધ્રુવે, ઉત્તાનપાદ રાજાએ, શુક્રે, બલિરાજાએ, કશ્યપે, દક્ષ રાજાએ, કર્દમે, વિવસ્વાને, પ્રિયવ્રત રાજાએ કુબેરે, વાયુએ, યમરાજે, અગ્નિએ અને વરૂણે શ્રી લક્ષ્મીદેવીને પૂજ્યાં હતાં. એમ સર્વ ઐશ્વર્યોના અધિષ્ઠાત્રી સર્વ સંપત્તિ સ્વરૂપ ભગવતી દેવી મહાલક્ષ્મી સર્વત્ર સર્વલોક નિરંતર પૂજાયા છે અને વંદાયા છે. ૩૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'મહાલક્ષ્મીનું આખ્યાન પ્રાકટ્ય સહિત' નામનો ૩૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૦ મો

### શ્રી મહાલક્ષ્મીજીના પ્રાકટ્યનું કારણ

**શ્રી નારાયણ ઉવાચ :**

**નારાયણપ્રિયા સા ચ પરા વૈકુંઠવાસિની ।**
**વૈકુંઠાધિષ્ઠાતૃદેવી મહાલક્ષ્મીઃસનાતની ॥**

નારદે પૂછ્યું : ભગવન્ ! શ્રી મહાલક્ષ્મી શ્રી નારાયણનાં પત્ની થઇ સદા વૈકુંઠમાં રહ્યા છે, તે સનાતની દેવી જ વૈકુંઠના અધિષ્ઠાત્રી છે. પૂર્વે શ્રી નારાયણનાં વચનને સત્ય કરનારા એ દેવીએ પૃથ્વી ઉપર આવી કયા કારણે સમુદ્રની કન્યા થવા સ્વીકાર્યું હતું ? એ દેવી સમુદ્રની કન્યા કેવી રીતે બન્યાં ? એ

મને કહેવા યોગ્ય છો.

શ્રી નારાયણ બોલ્યા : નારદ ! પહેલાં દુર્વાસા મુનિના શાપથી શ્રી લક્ષ્મીજી દેવરાજ ઇન્દ્રની પાસેથી ચાલ્યા ગયા. એવી સ્થિતિમાં દેવો મૃત્યુલોકમાં ભટકવા લાગ્યા. રોષે ભરાયેલા લક્ષ્મીજી સ્વર્ગનો ત્યાગ કરી વૈકુંઠમાં ચાલ્યા ગયા. તેઓ ત્યાં ગયા એટલે મહાલક્ષ્મીજીએ પોતાનું સ્વરૂપ છુપાવી દીધું. એ વેળા દુ:ખી થયેલા બધા દેવોના શોકની સીમા ન રહી. તેઓ ઘણા ઉદાસ થઇ બ્રહ્મલોકમાં બ્રહ્માની પાસે ગયા.

ત્યાં જઇ બ્રહ્માને આગળ કરી બધા ત્યાંથી નીકળી વૈકુંઠમાં આવ્યા, અને ત્યાં બિરાજેલા પરમેશ્વર શ્રીનારાયણને શરણે ગયા. દેવોના કંઠ, એોષ્ઠ અને તાળવા સુકાવાથી ઘણા દુ:ખી થઇ ગયા હતા. ત્યારે પુરાણપુરૂષ શ્રીહરિની આજ્ઞાથી સર્વ સંપત્તિરૂપ લક્ષ્મીજી પોતાની કળાથી સમુદ્રની કન્યારૂપ થયાં.

દેવો અને દૈત્યોના ગણોએ મળી ક્ષીરસાગર ખૂબ મથ્યો. તેમાંથી દેવી મહાલક્ષ્મી પ્રકટયાં, ને ભગવાન વિષ્ણુએ તેમને બરાબર જોયાં. એ વેળા દેવોને વરદાન આપી ક્ષીરસાગરમાં શયન કરતા ભગવાન વિષ્ણુને વરમાળા અર્પી લક્ષ્મી પોતે એમની પાસે ચાલ્યાં ગયાં. એ દેવીની પરમ કૃપાથી દેવોને અસુરોના હાથમાં ગયેલું રાજ્ય પાછું મળ્યું. તે પછી દેવો લક્ષ્મીદેવીનું સારી રીતે પૂજન કરી આપત્તિરહિત થઇ સર્વત્ર આનંદ કરવા લાગ્યા.

નારદે પૂછ્યું : હે નારાયણ ! મુનિશ્રેષ્ઠ દુર્વાસા તો બ્રહ્મનિષ્ઠ હતા, તેમણે કયા અપરાધને લીધે, કયારે અને કયાં ઇન્દ્રને શાપ આપ્યો હતો ? દેવોએ દૈત્યો સાથે મળીને સમુદ્રમંથન કેવી રીતે કર્યું ? કયા સ્તોત્રથી પ્રસન્ન થઇ દેવી લક્ષ્મીજીએ ઇન્દ્ર રાજાને સાક્ષાત્ દર્શન આપ્યું હતું ? દુર્વાસા અને ઇન્દ્ર વચ્ચે કેવો સંવાદ થયો હતો ?'

શ્રી નારાયણ બોલ્યા : હે નારદજી ! પૂર્વે કોઇક વેળા મુનિશ્રેષ્ઠ દુર્વાસા વૈકુંઠથી કૈલાસ શિખર પર જઇ રહ્યા હતા તેમને ઇન્દ્રે જોયા. બ્રહ્મ તેજથી દીપતા, મધ્યાન્હ કાળના હજારો સુર્યની પ્રભાઓથી દીપતા, મહાસમર્થ, તપ્ત સુવર્ણ સમાન સ્વચ્છ ચમકતી જટાના ભારથી ઉજ્જવળ, ધોળી જનોઇ ધારણ કરેલા, મૃગચર્મ, ચીરવસ્ત્ર, ધારણ કરેલાં હાથમાં દંડ ને કમંડલુથી શોભતા, લલાટ પર ચન્દ્રમાના જેવું ઉજ્જવલ તિલક ધારણ કરતા, વેદ–વેદાંગના પારંગત, અસંખ્ય શિષ્યોથી યુક્ત તે દુર્વાસા મુનિને જોઇને ઇન્દ્રએ તેમને પ્રણામ કર્યા અને તેમના શિષ્યોને પણ ભકિતથી સંતુષ્ઠ કરી તેમની પ્રશંસા કરી, ત્યારે શિષ્યો સાથે દુર્વાસા મુનિએ ઇન્દ્રને આશીર્વાદ આપ્યા ને ભગવાન વિષ્ણુએ આપેલું પારિજાતનું અતિ–મનોહર કલ્પ વૃક્ષનું પુષ્પ આપ્યું હતું. રાજ્યસંપત્તિથી છકેલા ઇન્દ્રએ જરા,

મૃત્યુ અને શોકનો વિનાશ કરનારું તથા મોક્ષદાયી એ પુષ્પ લીધું તો ખરું પણ તેને ઐરાવત હાથીના માથા પર મુક્યું. એટલે એનો સ્પર્શ થતાં જ ઐરાવત એકદમ રૂપ, ગુણ, તેજ અને ઉંમરમાં વિષ્ણુ જેવો થઈ ગયો. પછી તે ઉત્તમ હાથી ઈન્દ્રને ત્યજી ઘોર વનમાં ચાલ્યો ગયો. મુને! એ હાથીને જતો ઇન્દ્ર રોકી શકયો નહિ. તે વખતે ઇંદ્રિએ પુષ્પની અવગણના કરવાથી ક્રોધમુર્તિ દુર્વાસાએ ક્રોધે ભરાઇ તેને શાપ આપ્યો. દુર્વાસા બોલ્યા: 'અરે! રાજ્યલક્ષ્મીના અભિમાનથી છકી જઇ તું મારું અપમાન કેમ કરે છે? મેં તને આપેલાં પારિજાતનાં પુષ્પનો પોતે ઉપયોગ ન કરતાં ગર્વથી હાથીના મસ્તક પર મૂકયું. તે પુષ્પ વિષ્ણુને અર્પણ થયું હતું. શ્રી વિષ્ણુને અર્પણ કરેલ નૈવેદ્ય, ફળ યા જળ મળતાં જ તેનો ઉપભોગ કરવો જોઇએ. એનો ત્યાગ કરવાથી બ્રહ્મહત્યાનું પાપ લાગે છે એવો નિયમ છે. ભગવાન વિષ્ણુને અર્પણ કરેલી વસ્તુ મળતાં જ તેને મેળવનારો પોતાના સો પૂર્વજોનો ઉદ્ધાર કરી પોતે મુકત થઇ જાય છે. જે મનુષ્ય નૈવેદ્ય જમીને હમેશાં ભગવાન શ્રીવિષ્ણુ સમાન થાય છે. તેના સ્પર્શવાળા વાયુથી સર્વ તીર્થો પવિત્ર થાય છે. તેના ચરણની રજથી પૃથ્વી તરત પવિત્ર બને છે શ્રીહરિને ધરાવ્યા સિવાયનું અન્ન વ્યભિચારિણી સ્ત્રી, પતિ–પુત્ર વિનાની સ્ત્રી, કાયર અને શૂદ્રના અન્ન જેવું દોષપ્રદ હોય છે અને તે માંસભક્ષણ કરતાં પણ અધિક દોષિત મનાય છે.

શિવલિંગને અર્પણ કરેલું અન્ન તથા શૂદ્રને યજ્ઞ કરાવનાર, પૂજારી, કન્યાનો વિક્રય કરનાર અને દેહવિક્રય કરનાર રૂપજીવીનું અન્ન, ઉચ્છિષ્ટ, વાસી, બધાંના જમતાં બચેલું, શુદ્રાપતિ, વૃષવાહી, અદીક્ષિત, મડદાં બાળનારનું, અગમ્યાગામી, મિત્રદ્રોહી, વિશ્વાસઘાતી, કૃતઘ્ની ખોટી સાક્ષી આપનાર ને મિથ્યાભાષી બ્રાહ્મણોનું અન્ન દુષિત ગણાય છે; છતાં એ બધાનું અન્ન વિષ્ણુને અર્પણ કરી જમવાથી શુદ્ધ થાય છે. જે ચાંડાલ પણ વિષ્ણુની ઉપાસના કરતો હોય તો એનામાં એક કરોડ વંશનો ઉદ્ધાર કરવાની શકિત આવે છે. શ્રીહરિની ભકિત કરતો નથી તે માનવ પોતે પોતાનું રક્ષણ પણ કરી શકતો નથી. અજાણતા પણ ભગવાનને ધરાવેલું નૈવેદ્ય લેવામાં આવે તો તે મનુષ્ય પોતાના સાત જન્મોમાં મેળવેલા પાપોથી છુટે છે. ભકિતપૂર્વક શ્રીવિષ્ણુને નૈવેદ્ય ધરાવીને જમનારાંનાં તો કેટલાંયે જન્મોનાં પાપો ભસ્મ થઇ જાય છે. હે ઇન્દ્ર! તેં સંપત્તિ ને ઐશ્વર્યના અભિમાનથી ભગવાનના નૈવેદ્યરૂપ પરિજાત-ઉત્તમ પુષ્પને હાથીના મસ્તક પર મુકયું એ તારા દોષથી–અપરાધથી લક્ષ્મી તારો ત્યાગ કરી શ્રી વિષ્ણુ પાસે જતાં રહે. હું તો શ્રીનારાયણનો ભકત છું તેથી મને દેવો તથા બ્રહ્માનો કંઇ પણ ભય નથી. હું કાળ, મૃત્યુ અને ઘડપણથી પણ ડરતો

નથી, પછી બીજાની તો શી ગણતરી? તારા પિતા કશ્યપ પ્રજાપતિ છે, તે પણ મને શું કરશે? દેવરાજ! તારા ગુરુ બૃહસ્પતિ પણ મારા જેવા પુરુષનું શું બગાડી શકે તેમ છે? આ પારિજાત પુષ્પ જેમના મસ્તક પર છે તેની પૂજા ઉત્તમ મનાય છે.

મુનિશ્રેષ્ઠ દુર્વાસાના વચન સાંભળી ઇન્દ્રે તેમનાં ચરણ પકડી લીધાં અને ભયને લઇને શોકાતુર થઇ ઊંચે સ્વરે પોકે પોકે રડતો તેમને કહેવા લાગ્યો: 'પ્રભો! માયાને દૂર કરનાર આ યોગ્ય શાપ આપી આપે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે, જે મારી માયાનો નાશ કરશે, હવે હું ગયેલી સંપત્તિ પણ માગવા ઇચ્છતો નથી. આપ મને કંઇક જ્ઞાનનો ઉત્તમ ઉપદેશ કહો. ઐશ્વર્ય એ દુઃખનું બીજ છે, એનાથી જ્ઞાન ઢંકાઇ જાય છે અને એથી તે મુક્તિમાર્ગ માટે કુહાડારૂપે કહેવાય છે. એનાથી ભક્તિ કરવામાં પગલે પગલે વિઘ્ન થયા કરે છે.

મુનિ બોલ્યા: દેવરાજ! સંપત્તિ, જન્મ, મૃત્યુ, જરા, શોક અને રાગના બીજના પ્રભાવથી આંધળો બનેલો માનવ મુક્તિમાર્ગને જોઇ શકતો નથી. જે મુઢ સંપત્તિથી છકી ગયો હોય તેને મદિરા પીધેલો સમજવો. એને જ બાંધવો બંધુજન કહી વીંટળાઇને રહે છે. ભવમત્ત, વિષયાંધ, વિહ્વળ, મહાકામી અને રાજસિક વ્યક્તિમાં સત્ત્વમાર્ગને જોવાની શક્તિ રહેતી નથી. વિષયાંધ પણ રાજસ અને તામસ એમ બે પ્રકારના કહેવાય છે. જેમાં શાસ્ત્રનું જ્ઞાન નથી તે તામસ અને શાસ્ત્રનો જાણકાર રાજસ કહેવાય છે. શાસ્ત્ર પણ એક પ્રવૃત્તિબીજ અને બીજો નિવૃત્તિબીજ એ બે પ્રકારનો માર્ગ બતાવે છે. પહેલો પ્રવૃત્તિબીજ–માર્ગ દુઃખથી ભરેલો છે છતાં પ્રાણી સ્વચ્છંદી પ્રસન્ન થતો ઉન્મતની પેઠે કાયમ ફર્યા કરે છે. નિરંતર એના પર મધ માટે પુષ્પ પર બેસતા ભમરાની જેમ વિચાર્યા વગર પગ રાખી જન્મ, મૃત્યુ અને નાશ મેળવે છે. વળી જીવાત્મા અનેક જન્મમાં પોતે કરેલાં કર્મના ફળસ્વરૂપ અનેક જાતિની યોનિયોમાં ક્રમશઃ ભટકીને ભગવાનની કૃપાથી મનુષ્ય થાય છે, તે પછી સજ્જનનો સંગ કરવાનો તેને અવસર મળે છે. સત્સંગ સંસારરૂપી અગાધ સાગરને પાર કરવા માટે પરમ ઉત્તમ સાધન છે તથા તત્ત્વ જ્ઞાનને પ્રકાશિત કરનાર પ્રજ્વલિત દીપક છે. જગતમાં કોઇ વિરલા પુરુષ જ એના પ્રકાશથી મુક્તિમાર્ગ જોઇ શકે છે અને ત્યારે સંસારના બંધનને છોડવા માટે એના હૃદયમાં યત્ન કરવાની–ભક્તિનું સાધન કરવાની ભાવના ઉત્પન્ન થાય છે. જ્યારે મનુષ્યને અનેક જન્મોનાં પુણ્ય, વ્રત તેમજ તપ અને ઉપવાસ મદદરૂપ થાય છે ત્યારે પ્રાણીને મુક્તિમાર્ગ દેખાય છે. આ માર્ગ નિર્વિઘ્ન, સરળ અને પરમ સુખદ છે. હે ઇંદ્ર! તું જે આ વિષય પૂછી રહ્યો છે તે મેં ગુરુના મુખથી

બરાબર સાંભળ્યો છે. અને તે જ મેં તને કહ્યું છે.' મુનિશ્રેષ્ઠ દુર્વાસાના વચન સાંભળી ઇંદ્રને વૈરાગ્ય થઇ ગયો. ધીમે ધીમે એના હૃદયમાં વૈરાગ્યની ભાવના વધવા લાગી. એ સ્થાનેથી સ્વર્ગમાં જઇ એણે જોયું તો પોતાની અમરાવતી નગરી અસુરો અને દૈત્યોના ગણોથી ભરાઇ ગઇ છે. તેમાં રહેનારા દેવો ભયથી થથરી રહ્યા છે. પરિસ્થિતિ બહુ જ ખરાબ–વિષમ બની ગઇ હતી. ક્યાંક કોઇના ભાઇ–પિતા ન હતા તો ક્યાંક તેનાં માતા–પિતા ન હતાં તથા પત્નીએ તેનો સાથ છોડી દીધો હતો. ચારે તરફ શત્રુ સિવાય કંઇ જ દેખાતું ન હતું. આવી પરિસ્થિતિ જોઇ ઇંદ્ર દેવોના ગુરૂ બૃહસ્પતિની પાસે ગયો. તે વખતે બૃહસ્પતિ મંદાકિનીના કિનારા પર રહીને પરમાત્મા પરબ્રહ્મનું ધ્યાન કરતા ઇંદ્રના જોવામાં આવ્યા. તેમની નજીક જઇ જોયું તો ગંગાના જળમાં પૂર્વ તરફ મુખ રાખી અર્ઘ્ય આપી રહ્યા હતા, નેત્રોમાંથી દડ દડ આંસુ વહી રહ્યા હતા.

વળી પુલકિત શરીરવાળા, આનંદિત થયેલા, પરમશ્રેષ્ઠ, ધર્માત્મા, બંધુ વર્ગમાં અત્યંત આદર પામતા, દેવશત્રુઓને માટે હાનિકારક, ગુરુવર્ય બૃહસ્પતિ એકાગ્રચિત્તે મંત્રજાપ કરી રહ્યા હતા. બરાબર એક પ્રહર પછી ધ્યાનથી નિવૃત્ત થયેલા બૃહસ્પતિ ગુરુને ઇંદ્રે બે હાથ જોડી પ્રણામ કર્યા. પછી તેમના ચરણોમાં મસ્તક ઝુકાવી તેણે ગળગળા સાદે અને આંસુ સારતાં દુર્વાસામુનિએ પોતાને આપેલા શાપની સઘળી હકીકત વિસ્તારથી કહી. ઇંદ્રની બધી વાત શાંતિથી સાંભળી બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ બૃહસ્પતિ બોલ્યા : 'દેવરાજ ! હું બધું જાણું છું. તે માટે તું વ્યર્થ ખેદ ન કરીશ, હવે તારા હિતની વાત સાંભળ. નીતિમાન પુરુષ પર અચાનક વિપત્તિ આવતાં ક્યારે પણ ગભરાતો નથી: કેમ કે વિપત્તિ પોતે જ પૂર્વ જન્મનાં કરેલા કર્મના ફળરૂપ છે. એને આધીન થઇ કર્મ કરનાર ફળ ભોગવે છે. પ્રાય: સર્વ જીવાત્માઓ માટે પ્રત્યેક જન્મમાં આ જ શાશ્વત નિયમ છે. ચક્રની જેમ તે નિયમ સદા ફરતો રહે છે. પછી એ સંબંધી ચિંતા શા માટે કરવી ? કરેલા કર્મનું શુભ કે અશુભ કોઇ પણ પ્રકારનું કર્મ-ફળ ભોગવવા માટે પુરુષશરીર પ્રાપ્ત થાય છે. કરોડો કલ્પો સુધી કર્મ ભોગવ્યા સિવાય તેનો અંત આવતો નથી. માટે શુભ–અશુભ કર્મનું ફળ દરેકે ભોગવવું અનિવાર્ય છે. એમાં છૂટકો જ નથી. પરમાત્મા શ્રીકૃષ્ણે બ્રહ્માને સંબોધી સામવેદની શાખામાં સ્પષ્ટ રીતે કહ્યું છે. કરોડો જન્મોમાં જીવાત્માએ કરેલાં સઘળાં કર્મોને ભોગવવા બાકી રહેલાં કર્મોનુસાર પ્રાણીઓને ભરતખંડમાં અથવા ગમે ત્યાં જન્મ લેવો પડે છે. કરોડો જન્મોમાં જીવાત્માએ કરેલાં કર્મો તેમની પાછળ લાગ્યાં રહે છે. છાયાની માફક એ ભોગવ્યા સિવાય નષ્ટ થતાં નથી. એટલું ખરૂં કે કાળ, દેશ અને પાત્રના ભેદથી કર્મોમાં ઓછાવધતાપણું

થયા કરે છે. જે રીતે કુશળ કુંભાર પોતાના સાધનો–દંડ ચક્ર, શરાવ અને ભ્રમણ દ્વારા અનુક્રમે માટીમાંથી સુંદર આકૃતિઓ–ઘાટ બનાવે છે.

તે રીતે વિધાતા કર્મસૂત્રથી જીવાત્માઓને ફળ આપે છે. માટે જેની આજ્ઞાથી આ સૃષ્ટિ થયેલી છે તે ભગવાન નારાયણની તું ભક્તિ–ઉપાસના કર તે પ્રભુ ત્રણેલોકમાં વિધાતાના વિધાતા, રક્ષકના રક્ષક. સ્રષ્ટાના સ્રષ્ટા, સંહર્તાના સંહારકર્તા તથા કાળના પણ કાળ છે. જે પુરુષ પોતાની વિપત્તિવેળા એ મધુસુદન ભગવાનનું સ્મરણ કરે છે એને માટે એ વિપત્તિમાં પણ સંપત્તિની ભાવના ઉત્પન્ન થાય છે એવો ભગવાન શંકરે આદેશ આપ્યો છે.

હે નારદ! એમ કહ્યા પછી તત્ત્વજ્ઞાની દેવગુરુ બૃહસ્પતિએ દેવરાજ ઈન્દ્રને હૃદયે લગાવ્યો ને શુભ આશીર્વાદ આપી ઇષ્ટદેવનું જ્ઞાન કરાવ્યું. ૯૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'શ્રીમહાલક્ષ્મીના પ્રાકટ્યનું કારણ' નામનો ૪૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૧ મો

### સમુદ્રમાંથી લક્ષ્મી પ્રકટયાં

નારાયણ ઉવાચ

હરિંધ્યાત્વા હરિ બ્રહ્મન્–
જગામ બ્રાહ્મણઃ સભામ્ ।
બૃહસ્પતિં પુરસ્કૃત્ય સર્વૈઃ સુરગણૈઃ સહ ॥

શ્રી નારાયણ બોલ્યા : 'હે મુને! તે પછી ભગવાન શ્રી નારાયણનું ધ્યાન કરી દેવરાજ ઇન્દ્ર પોતાના ગુરુ બૃહસ્પતિને આગળ કરી સર્વ દેવો સાથે બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે બ્રહ્મસભામાં જવા માટે નીકળ્યા. ત્યાં જઇ બધાએ બ્રહ્માનાં દર્શન કર્યાં. ઈંદ્ર અને બૃહસ્પતિ સહિત સઘળાં દેવોએ તેમના ચરણોમાં મસ્તક ઝુકાવ્યું, ને પછી દેવગુરુ બૃહસ્પતિએ પ્રજાપતિ બ્રહ્માને બધી હકીકત કહી સંભળાવી. તે સાંભળી બ્રહ્મા હસતા હસતા બોલ્યા, 'વત્સ! તને અભિમાન નડયું છે. તું મારો વંશજ, શ્રેષ્ઠ બુદ્ધિવાળો, મારો પ્રપૌત્ર, બૃહસ્પતિ જેવા ગુરુવાળો, સર્વ દેવોનો સ્વામી, ખૂબ જ પ્રતાપી, વિષ્ણુભકત, દક્ષ પ્રજાપતિ જેના માતામહ છે એવા ત્રણ પવિત્ર કુળવાળો, તારા જેવો સમજદાર પુરુષ અહંકાર કેમ કરે? પતિવ્રતા માતાવાળો, શુદ્ધસ્વરૂપ પિતાવાળો, જિતેન્દ્રિય માતામહ તેમજ મમતાવાળો પુરુષ ગર્વિષ્ઠ કેમ બને? કેમકે માતા, માતામહ–નાના અને ગુરુ એ ત્રણે દોષવાળા હોય તો એમના દોષથી યુકત પુરુષ શ્રીવિષ્ણુ ભગવાનનો દ્રોહી થાય છે. સર્વના અંતરાત્મા શ્રી નારાયણ સર્વ જીવાત્માના શરીરમાં બિરાજે છે. દેહમાંથી એમના નીકળી જવાથી એ જ ક્ષણે પ્રાણી શબ થઇ જાય છે. તેઓ આપણા સ્વામી છે અને આપણે બધા તેના સેવકો છીએ. પ્રાણીઓમાં હું ઇંદ્રિયોના સ્વામી તરીકે રહું છું, શંકર જ્ઞાનસ્વરૂપે રહે છે તથા વિષ્ણુના પ્રાણનાં અધિષ્ઠાત્રી દેવી રાધા પ્રકૃતિરૂપે રહે છે. બુદ્ધિ એ દુર્ગાનું રૂપ મનાય

છે. નિદ્રા તેમજ ક્ષુધા વગેરે એ બધી ભગવતી પ્રકૃતિની કલાઓ છે. આત્માનું જે બુદ્ધિમાં પ્રતિબિંબ છે તે જીવ છે. એણે આ ભોગશરીરને ધારણ કરી રાખ્યું છે. જ્યારે દેહનો સ્વામી આત્મા દેહમાંથી નીકળી જવા લાગે છે ત્યારે બધાયે સત્વર એની સાથે નીકળી જાય છે, જેમ વરઘોડામાં રસ્તામાં વરરાજાના આગળ ચાલવાથી બધા જાનૈયા એને અનુસરે છે, તેમ હું શિવ, શેષનાગ, વિષ્ણુ, ધર્મ તેમજ મહાવિરાટના પગલે ચાલીએ છીએ. હે ઇંદ્ર ! તમે બધા જેના અંશ અને ભકત છો એ ભગવાન શ્રી કૃષ્ણના નમણરૂપ પુષ્પનું તેં અપમાન કર્યું છે. જે પુષ્પથી ભગવાન શંકરે શ્રી હરિના ચરણકમળો પૂજ્યા હતા તે જ પુષ્પ ભાગ્યવશ મુનિવર્ય દુર્વાસાની કૃપાથી તને મળ્યું હતું. પરંતુ તેં એનો આદર ન કર્યો. ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળમાં અર્પણ કરાયેલું પુષ્પ જેના મસ્તક પર સ્થાન પામે છે તે વ્યકિત સઘળા દેવોમાં મુખ્ય ગણાય છે અને એની પહેલી પૂજા થાય છે. તારા દુર્ભાગ્યે બળવાન દુર્દૈવે તને ઠગ્યો છે. આ વખતે ભગવાન શ્રીકૃષ્ણના નમણરૂપ પુષ્પનો ત્યાગ કરવાથી રોષે ભરાયેલા શ્રીદેવી લક્ષ્મીજી તારી પાસેથી ચાલ્યા ગયાં છે.

હવે તું મારી અને બૃહસ્પતિ સાથે વૈકુંઠમાં ચાલ મારે તને વરદાન છે કે તું ત્યાં શ્રી નારાયણની સેવા કરીને લક્ષ્મીને અવશ્ય મેળવીશ.' એમ કહી બ્રહ્મા દેવો સહિત વૈકુંઠમાં શ્રી વિષ્ણુ પાસે ગયા. ત્યાં તેમને પરબ્રહ્મ સનાતન ભગવાન શ્રી નારાયણના દર્શન થયાં તે વખતે તેજપુંજ સમાન ભગવાન પોતાના તેજથી જ પ્રકાશતા હતા. ગ્રીષ્મઋતુમાં બપોરના સમયે કરોડો સૂર્ય જાણે એક સાથે પ્રકાશતા હોય એવા તેજસ્વી આદિ–મધ્ય અને અંતથી રહિત, શાંતપણે, બિરાજતા, ચતુર્ભુજ પાર્ષદો અને સરસ્વતીથી યુકત, ચારે વેદો સહિત ભક્તિ પ્રદર્શિત કરતી ગંગાથી યુકત શ્રી વિષ્ણુને જોઇને સઘળા દેવો સહિત બ્રહ્માએ તેમને ઝુકીને પ્રણામ કર્યા. પછી ગદ્‌ગદ્‌ કંઠે તેઓ તેમની સ્તુતિ કરવા લાગ્યા. ત્યાર બાદ બ્રહ્માએ શ્રીહરિને બે હાથ જોડી જે બન્યું હતું તે સર્વ વૃત્તાંત જણાવ્યું. તે વેળા અધિકાર ગુમાવી ચૂકેલા બધાય દેવો રડવા લાગ્યા. એમના હૃદયની વ્યાકુળતાથી તેમના અંગ પર એક પણ આભુષણ નહોતું. બધા જ મ્લાન–નિસ્તેજ મુખવાળા હતા અને શ્રીદેવીએ તો પહેલેથી જ એમનો સંગ છોડી દીધો હતો. નિસ્તેજ તેમજ શકિતહીન અને દીન દશામાં પડેલા સર્વને જોઇ તેમને ભગવાન શ્રી વિષ્ણુએ કહ્યું : 'બ્રહ્મન્ તથા દેવો ! ભય ત્યજી દો, હું તમને પુષ્કળ ઐશ્વર્ય વધારનારી અચલ લક્ષ્મી આપીશ. પરંતુ તમે ધ્યાનથી મારું કહેવું સાંભળો. જેમ સમગ્ર વિશ્વના સર્વ પ્રાણીઓ નિરંતર મારે આધીન રહે છે તેવો જ હું પણ મારા પરમ ભકતોને આધીન છું. હું મારી ઇચ્છાથી

કંઈ પણ કાર્ય કરતો નથી. મારા ભજન-ચિંતનમાં લાગ્યો રહેતો નિરંકુશ ભક્ત જેના ઉપર ક્રોધે ભરાય છે તેના આવાસમાં લક્ષ્મી સાથે હું ક્યારેય રહેતો નથી. હે શંકરના અંશરૂપ વિષ્ણુવપુરુષ ! એ મુનિશ્રેષ્ઠ દુર્વાસાએ તને શાપ આપ્યો છે એથી લક્ષ્મી સહિત હું તારા આવાસમાંથી નીકળી આવ્યો છું કેમકે જ્યાં શંખધ્વનિ થતો નથી, ત્યાં લક્ષ્મી રહેતા નથી, તુલસી હોતાં નથી. જ્યાં મહાદેવની પૂજા થતી નથી તથા બ્રાહ્મણોને ભોજન કરાવાતાં નથી ત્યાં, જ્યાં મારા ભક્તોની નિંદા થાય છે, ત્યાં રહેતાં મહાલક્ષ્મીના મનમાં અપાર ક્રોધ થાય છે અને તેથી કોપાયમાન થયેલા તે સ્થાનને દેવી તુરત જ છોડી દે છે. જે મારી ઉપાસના કરતો નથી તેમ જ એકાદશી અને જન્માષ્ટમીને દિવસે અન્ન જમે છે તે મૂર્ખ વ્યક્તિના ઘરમાંથી પણ જોતજોતામાં લક્ષ્મી ચાલી જાય છે. જે મારા નામનો તથા પોતાની કન્યાનો વિક્રય કરે છે તેમ જ જ્યાં આંગણે આવેલ અતિથિ ભોજન પામી શકતો નથી તેને તુરત ત્યજી મારી પ્રિયા લક્ષ્મી બીજે પગ કરી જાય છે. જે બ્રાહ્મણ વ્યભિચારિણી સ્ત્રીના ઉદરે જન્મ્યો હોય અથવા વેશ્યાનો પતિ હોય તે મહાપાપી દુષ્ટાત્મા કહેવાય છે એને ઘેર લક્ષ્મી રહેતી નથી, હોય તો તુરત જ જતી રહે છે.

જે બ્રાહ્મણ જાતે જમીનમાં બળદથી ખેતી કરે છે તેને ત્યાં લક્ષ્મી રહેતી નથી. જે અશુદ્ધ હૃદયનો, મેલા મનનો, ઘાતકી, હિંસક અને નિંદક છે, તે બ્રાહ્મણના હાથનું જળ પીવા માટે પણ લક્ષ્મી ડરે છે એથી તેઓ એને ત્યાંથી વિના વિલંબે ચાલ્યાં જાય છે. જે માનવ શુદ્રો પાસે યજ્ઞ કરાવે છે, કાયરોનું અન્ન જમે છે, વ્યર્થ તૃણ અને પર્ણ તોડે છે, નખોથી ધરતીને ખોતરે છે, જે અત્યંત નિરાશાવાદી છે, સૂર્યોદય વખતે જમે છે, દિવસે સુએ છે અને સમય-કસમયે મૈથુન કરે છે અને જે સદાચારહીન છે એવા આળસુ, કામી અને મૂર્ખાઓને ત્યાંથી મારી પ્રિયા લક્ષ્મી તુરત જ ચાલી જાય છે.

જે અલ્પજ્ઞાની વ્યક્તિ ભીના પગે અથવા નગ્ન બની શયન કરે છે તથા નિરંતર ખોટો-ખરો બકવાદ કર્યા કરે છે, જેના ઘરમાં કાયમ કકળાટ રહે છે એને ઘેરથી લક્ષ્મી ચાલી જાય છે. જે માથા પર તેલ લગાવી બીજાના અંગને અડકે છે, અર્થાત્ પોતાના માથાનું તેલ બીજાને લગાવે છે તથા પોતાના ખોળામાં વાદ્ય લઈને વગાડે છે, એને ઘેરથી ક્રોધે ભરાઈને લક્ષ્મી જતી રહે છે. જે બ્રાહ્મણ વ્રત, ઉપવાસ, સંધ્યા અને વિષ્ણુની ભક્તિથી હીન છે તે અપવિત્ર પુરુષના ઘેરથી મારી પ્રિયા લક્ષ્મી ચાલી જાય છે. જે બ્રાહ્મણોની નિંદા તથા દ્વેષ કરે છે અને દયાહીન છે તેને ઘેરથી જગજજની લક્ષ્મી ચાલી જાય છે.

જે જગ્યાએ શ્રીહરિની ચર્ચા થાય છે અને એમના ગુણોનું કીર્તન થાય

છે ત્યાં સઘળાં મંગલ આપનારાં લક્ષ્મી વસે છે. પિતામહ ! જ્યાં ભગવાન શ્રીકૃષ્ણની તથા તેમના ભક્તોની કીર્તિ ગવાય છે ત્યાં એમના પ્રાણપ્રિયા લક્ષ્મી સદા રહે છે. જ્યાં શંખ, શાલિગ્રામ, તુલસી હોય છે તેમ જ તેમની પૂજા, વંદન અને ધ્યાન થાય છે ત્યાં લક્ષ્મી હમેશાં રહે છે. શિવલિંગનું અને દુર્ગાનું પૂજન–કીર્તન થાય છે ત્યાં લક્ષ્મી વસે છે. જ્યાં બ્રાહ્મણોની સેવા થાય છે, એમને ઉત્તમ ભોજન અપાય છે તથા જ્યાં બધા દેવો નિત્ય પૂજાય છે ત્યાં સાધ્વી લક્ષ્મી સદાય બિરાજે છે.'

હે નારદ ! રમાપતિ ભગવાન શ્રીહરિ બધા દેવોને એમ કહી લક્ષ્મીને કહેવા લાગ્યા, 'દેવી ! હવે તમે તમારા અંશથી ક્ષીરસમુદ્રને ત્યાં જન્મ લો.' એમ કહી તેઓ ફરીથી બ્રહ્માને કહેવા લાગ્યા : 'બ્રહ્મન્ ! તમે સમુદ્રમંથન કરો એથી એમાંથી લક્ષ્મી નીકળશે એટલે તેમને હું દેવોને સોંપીશ.' એમ કહી ભગવાન અંતઃપુરમાં ચાલ્યા ગયા અને દેવો ક્ષીરસમુદ્ર તરફ ગયા. ત્યાં બધા દેવો અને દાનવો એકઠા થયા અને મંદરાચલનો રવૈયો, કચ્છપનું પાત્ર તથા શેષ–નાગનું મથવા માટેનું દોરડું બનાવી તેઓ ક્ષીરસમુદ્રને મથવા લાગ્યા. તેમાંથી ધન્વંતરિ વૈદ્ય, અમૃત, ઉચ્ચૈઃશ્રવા ઘોડો, વિવિધ રત્નો, ઐરાવત, લક્ષ્મી, સુદર્શનચક્ર તથા વનમાળા એ અમૂલ્ય પદાર્થો તેમને મળ્યા.

એ વેળા ભગવાન વિષ્ણુ ઉપર અપાર શ્રદ્ધા રાખનારાં સાધ્વી શ્રી લક્ષ્મીએ સર્વેશ્વર શ્રીવિષ્ણુ ભગવાનનાં ગળામાં વરમાળા પહેરાવી, પછી દેવોએ, બ્રહ્માએ, અને શંકરે સ્તુતિ કરી પૂજેલા લક્ષ્મીદેવીએ દેવોના ભવન પર દૃષ્ટિ ફેલાવી. એટલામાં જ દેવોએ દુર્વાસા મુનિના શાપથી મુક્ત થઇ દૈત્યોના હાથમાં ગયેલા પોતાના રાજ્યને પાછું મેળવ્યું. હે નારદ ! મહાલક્ષ્મીની કૃપાથી વરદાન પામી દેવો ઘણા સુખી થયા. આ રીતે મહાલક્ષ્મીનું ઉત્તમ આખ્યાન મેં તમને સંભળાવ્યું. એ સારભુત આખ્યાનના પ્રભાવથી બધાં સુખ મળે છે. હવે તમે બીજું નવીન શું સાંભળવા ઇચ્છો છો ? ૫૯

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'સમુદ્રમાંથી લક્ષ્મી પ્રકટયા' નામનો ૪૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૨ મો

### મહાલક્ષ્મીની પૂજા તથા સ્તોત્ર

નારદ ઉવાચ

હરેરુત્કીર્તનં ભદ્રં શ્રુતં તજ્જ્ઞાનમુત્તમમ્ ।
ઇપ્સિતં લક્ષ્મ્યુપાખ્યાનં ધ્યાનં સ્તોત્રં વદપ્રભો ।।

નારદે પૂછયું : પ્રભો ! મેં શ્રીહરિનું મંગલ કીર્તન, ઉત્તમ જ્ઞાન તથા ભગવતી લક્ષ્મીનું શ્રેષ્ઠ આખ્યાન સાંભળ્યું. હવે તેમનું ધ્યાન અને સ્તોત્ર કહો.

ભગવાન નારાયણે કહ્યું : હે નારદ ! પહેલાં દેવરાજ ઇંદ્રએ ક્ષીરસમુદ્રના તટ પર આવેલા તીર્થમાં સ્નાન કરી, બે સ્વચ્છ વસ્ત્ર પહેરી, એક કલશનું સ્થા-

પન કર્યું અને ગણપતિ, સૂર્ય, અગ્નિ, વિષ્ણુ, શિવ અને દુર્ગા એ છ દેવોની ગંધ-પુષ્પ વગેરે ઉપચારોથી ભકિતપૂર્વક સારી રીતે પૂજા કર્યા પછી મહાલક્ષ્મીનું પૂજન કર્યું.

એ વખતે તે પવિત્ર સ્થળે અનેક ઋષિમુનિઓ, મહર્ષિઓ, સિદ્ધો, ગુરૂદેવો, શ્રીવિષ્ણુ, દેવો તથા જ્ઞાનાનંદરૂપ ભગવાન શંકર ત્યાં સામે ઊભા હતા. દેવરાજ ઇન્દ્રે પારિજાતનું ચંદન છાંટેલું પુષ્પ લઇ ભગવતી મહાલક્ષ્મી દેવીનું ધ્યાન કર્યું અને તેમની પૂજા કરી. પહેલાં ભગવાન શ્રીહરિએ બ્રહ્માને સામ વેદમાં કહેલું તે લક્ષ્મીનું ધ્યાન કહ્યું હતું તે ધ્યાનથી ઇન્દ્રએ ભગવતીનું ચિંતન કર્યું તે ધ્યાન હું તમને કહું છું. સાંભળો: ભગવતી મહાલક્ષ્મી સહસ્ત્ર પાંખડીવાળા કમળ ઉપર બિરાજેલાં છે. શરદ ઋતુના કરોડો ચન્દ્રમાની શોભાને ઢાંકી દેનારી એમની કાંતિ છે, મુર્તિમાન, સતી, સર્વસંપત્તિ આપનારાં એ પરમ તેજસ્વી દેવી પોતાના તેજથી પ્રકાશે છે. એ દેવીનાં દર્શનથી મન પ્રફૂલ્લિત બને છે. મૂર્તિમાન થઇ તેઓ તપાવેલા સોનાની કાંતિને ધારણ કરે છે. રત્નજડિત્ર આભુષણોથી શોભી રહેલાં, પીતાંબર ધારણ કરેલાં, મંદ મંદ હસતાં, સદા યુવાન અવસ્થાવાળાં જેમનાથી સર્વ ઐશ્વર્યો સુલભ થાય છે, એવાં કલ્યાણસ્વરૂપિણી ભગવતી મહાલક્ષ્મીને ભજું છું.

આ રીતે અનેક પ્રકારનાં ગુણોવાળાં દેવીનું ધ્યાન કરી બ્રહ્માની આજ્ઞાથી ષોડશોપચારથી દેવરાજ ઇન્દ્રએ ભકિતપૂર્વક એ ભગવતી મહાલક્ષ્મીનું પૂજન કર્યું, દરેક સામગ્રી વિધિપૂર્વક અને મંત્રસહિત અર્પણ કરી. તે પૂજાના ઉત્તમ મંત્રો આ રહ્યાં : હે મહાલક્ષ્મી ! અમુલ્ય રત્નોના સારરૂપ તથા વિશ્વકર્માએ બનાવેલું ઉત્તમ કલાત્મક આસન આપ સ્વીકાર કરો. સર્વ લોકોએ વંદન કરેલું આ શુદ્ધ ગંગાજળ જે પાપરૂપી ઈંધનને બાળવામા અગ્નિરૂપ, તેને આપ પાદ્યરૂપે સ્વીકારો. પુષ્પ, ચંદન, દુર્વા વગેરે વસ્તુઓથી યુકત શંખજળથી અર્ઘ્ય સ્વીકારો. હે વિષ્ણુપત્ની ! ઉત્તમ સુંગધી પુષ્પોથી બનાવેલું સુવાસિત તેલ તથા આમળાનાં ફળનું ચૂર્ણ સ્નાન માટે સ્વીકારો. હે દેવી ! આ કપાસ ને રેશમનું બનાવેલું વસ્ત્ર તમે સ્વીકારો.

હે દેવી ! રત્નો અને સુવર્ણના બનાવેલાં વિવિધ આભુષણો પહેરવાથી શરીરની શોભા વધી જાય છે, માટે તેને આપ સ્વીકારો. હે શ્રીકૃષ્ણપ્રિયે ! વૃક્ષના સુકાયેલા રસથી બનેલો અને સુગંધી દ્રવ્યો વગેરેથી યુકત આ પવિત્ર ધૂપ તમે સ્વીકારો. સુખદાયી તેમજ મધુર સુગંધવાળું આ ચંદન પણ તમારી સેવામાં તૈયાર છે તેને સહર્ષ સ્વીકારો. હે અંધકારનો નાશ કરનાર પ્રજ્વલિત દીપકનો સ્વીકાર કરો. દેવી ! બ્રહ્મસ્વરૂપ, પ્રાણોની રક્ષા કરનાર, તુષ્ટિ અને પુષ્ટિ-

કારક અન્નને આપ સ્વીકારો. હે મહાલક્ષ્મી! આ શાળના ચોખામાં સાકર અને ગાયનું ઘી નાખી બનાવેલ ઉત્તમ દૂધપાક આપ ગ્રહણ કરો. સાકર અને ઘીથી બનાવેલ અત્યંત સ્વાદિષ્ટ સ્વસ્તિક નામનું પકવાન આપની સેવામાં રજુ કરું છું તેને આપ ગ્રહણ કરો.

હે વિષ્ણુપત્ની! આ અનેક પ્રકારનાં સુંદર પાકેલાં ફળના રસો તથા સુરભી ગાયનું દૂધ જે મૃત્યલોકનું અમૃત છે તેને આપ સ્વીકારો. દેવી! શેરડીના રસમાંથી બનાવેલો આ ઉત્તમ ગોળ આપ સ્વીકારો. હે દેવી! ઘઉં જવ તથા ઘી ને ગોળનો બનાવેલ સ્વાદિષ્ટ લાડુ આપ સ્વીકારો.

ગરમીના દિવસોમાં શીતળવાયુ અર્પતા આ પંખો તથા સ્વચ્છ ધોળા ચામરને ગ્રહણ કરો. આ ઉત્તમ તાંબુલ (પાન-બીડું) કપૂર વગેરે સુગંધી પદાર્થોથી બનાવેલું છે અને જીભને સ્વાદ આપનાર છે તેનો સ્વીકાર કરો. તૃષાને છીપાવનારું, અત્યંત શીતલ સુવાસિત તેમજ જગતના જીવનરૂપ આ જળ આપ સ્વીકારો. દેવી! વિવિધ સુવાસિત રંગબેરંગી પુષ્પોથી ગુંથેલી, અત્યંત શોભતી તથા દેવરાજને પણ પરમ પ્રિય આ માળાને સ્વીકારો. આ શુદ્ધિ કરનાર સમસ્ત મંગલોના પણ મંગલ, સુવાસિત વસ્તુઓથી યુક્ત, દિવ્ય ચંદન આપની સેવામાં અર્પણ કર્યું છે તે આપ પ્રેમથી વીકારો. હે કૃષ્ણનાં પ્રિયા! તીર્થજળ, પોતે શુદ્ધ છે. તથા અન્યને પણ શુદ્ધ કરનારું છે એને આપ આચમનરૂપે પ્રેમપૂર્વક ગ્રહણ કરો.

દેવી! આ અમુલ્ય રત્નોથી બનાવેલી સુંદર શય્યા પત્ર-પુષ્પ-ચંદનથી ચર્ચિત છે તેને આપ ગ્રહણ કરો. દેવી! એટલું જ નહિ પણ પૃથ્વી પર જેટલાં અપૂર્વ નવીન પ્રકારનાં દ્રવ્ય શરીર શણગારવા માટે ઉપયોગી છે તે અવનવી દુર્લભ વસ્તુઓ પણ આપની સેવામાં હાજર છે. તેને આપ ગ્રહણ કરો.

મુને! ઇન્દ્ર રાજાએ એમ મુળ મંત્ર ભણી ભગવતી મહાલક્ષ્મીને ઉપરનાં દ્રવ્ય અર્પણ કરી ભક્તિપૂર્વક વિધિસહિત એમના મુળમંત્રના દશ લાખ જપ કરી મંત્ર સિદ્ધ કર્યો હતો.

આ કલ્યાણકારી મુળમંત્ર સર્વને માટે કલ્પવૃક્ષ સમાન છે. એ મંત્ર બ્રહ્માએ એને આપ્યો હતો. તેમાં લક્ષ્મીજીનું શ્રીબીજ (શ્રીં), માયાબીજ (હ્રીં), કામબીજ (ક્લીં) ને સરસ્વતીનું બીજ (ઐં) પ્રયોગ કરી 'કમલવાસિની' આ શબ્દને ચોથી વિભક્તિ જોડી અંતમાં સ્વાહા શબ્દ જોડેલો (ૐ શ્રી હ્રીં ક્લીં ઐં કમલવાસિન્યૈ સ્વાહા) આ ઉત્તમ મંત્રરાજ વેદમાં પ્રસિદ્ધ છે. કુબેરે આજ મંત્રથી ભગવતી મહાલક્ષ્મીની આરાધના કરી પરમ ઐશ્વર્ય મેળવ્યું છે. વળી આ મંત્રના પ્રભાવથી દક્ષ તથા સાવર્ણિ મનુ પણ મહારાજા થયા હતા. મંગલ નામનો રાજાધિરાજ ૭ દ્વીપોનો

અધિપતિ દેવીના આ મંત્રના પ્રભાવથી થયો હતો. પ્રિયવ્રત, ઉત્તાનપાદ તથા કેદાર રાજા એ બંને સિદ્ધ પુરૂષોને આ મંત્રથી જ રાજા કહેવડાવવાનું સૌભાગ્ય મળ્યું છે.

આ મંત્ર સિદ્ધ થયો ત્યારે દેવી ભગવતી મહાલક્ષ્મીએ ઇન્દ્રને દર્શન આપ્યા હતાં. તે વખતે એ દેવી ભગવતી ઉત્તમ રત્નોથી બનાવેલ વિમાન પર બેઠેલાં હતાં. એમના તેજપૂંજથી સપ્ત દ્વીપવાળી પૃથ્વી વ્યાપ્ત થઈ હતી. શ્વેત ચંપકના પુષ્પ જેવા વર્ણવાળાં, રત્નમય આભુષણોથી શોભતાં, મંદમંદ હસતાં, ભક્તો પર કૃપા કરવાના સ્વભાવવાળા, ગળામાં રત્નોના હારથી શોભતાં, કરોડો ચન્દ્રની કાંતિવાળાં, સર્વ ઇચ્છિત પદાર્થો આપનારાં, શાંતસ્વરૂપા ભગવતી જગદંબાનાં દર્શન કરી, રોમાંચિત થયેલા અંગોવાળો દેવ રાજ ઇન્દ્ર તેમની સ્તુતિ કરવા લાગ્યો. એ વખતે આનંદાશ્રુથી યુક્ત તે બંને હાથ જોડી બ્રહ્માએ અર્પણ કરેલા આ વૈદિક સ્તોત્રરાજથી સ્તુતિ કરવા લાગ્યો: હે કમળમાં વસનારાં નારાયણીને મારા નમસ્કાર છે. કૃષ્ણપ્રિયા મહાલક્ષ્મીને નિરંતર મારા અનેકવાર પ્રણામ છે. કમલપત્ર સમાન નેત્રવાળાં કમલમુખી ભગવતી મહાલક્ષ્મીને નમસ્કાર છે. પદ્મિની તેમ જ વૈષ્ણવી, દેવી ભગવતી મહાલક્ષ્મીને વારંવાર નમસ્કાર છે. ભગવાન શ્રીહરિમાં ભક્તિ ઉત્પન્ન કરનારાં તથા આનંદ આપનારાં પરમ કુશળ દેવીને વારંવાર નમસ્કાર છે. શ્રીકૃષ્ણની છાતી પર રહેલા શ્રીકૃષ્ણના ઇશ્વરી, સર્વ કાર્યમાં કુશળ તેવાં ચન્દ્ર સમાન સુંદર સ્વરૂપવાળાં દેવીને મારા વારંવાર પ્રણામ છે. સર્વ સંપત્તિના અધિષ્ઠાત્રી અને સંપત્તિમાં વૃદ્ધિ કરનારાં મહાદેવીને મારા વારંવાર નમસ્કાર છે. તમે વૈકુંઠમાં મહાલક્ષ્મીરૂપે રહો છો. ક્ષીરસમુદ્રને ત્યાં લક્ષ્મીરૂપે રહો છો. રાજાઓના ભવનમાં રાજલક્ષ્મી, ઇન્દ્રનાં સ્વર્ગમાં સ્વર્ગ લક્ષ્મીરૂપે રહો છો, ગૃહસ્થોને ઘેર ગૃહલક્ષ્મીરૂપે રહો છો. ગૃહદેવતા સાગરને ત્યાં સુરભીરૂપે રહો છો અને યજ્ઞની પાસે દક્ષિણારૂપે રહો છો. તેજ તમે દેવમાતા અદિતિ છો ને તમે જ કમલમાં વસતાં કમલા કહેવાઓ છો, દેવોને બલિદાન આપતી વખતે 'સ્વાહા' ને પિતૃઓને તેમનું કર્તવ્ય આપતી વેળા જે 'સ્વધા'નું ઉચ્ચારણ થાય છે તે તમારાંજ નામ છે. સર્વને ધારણ કરનારાં વિષ્ણુમયી પૃથ્વી તમે જ છો. ભગવાન નારાયણની ઉપાસનામાં તત્પર રહેનારાં દેવી! તમારૂં સત્ત્વમય સ્વરૂપ પરમ શુદ્ધ છે, તમારામાં ક્રોધ અને હિંસા લેશમાત્ર પણ નથી. તમે વરદાન દેનારાં સરસ્વતીરૂપ, શુભ પરમાર્થ આપનારાં, હરિનું દાસપણું આપનારાં ને સર્વથી શ્રેષ્ઠ છો.

હે દેવી! તમારા વિના સર્વ જગત જાણે ભસ્મીભુત થયું હોય તેવું, જીવતાં છતાં મરેલું હોય તેવું બને છે, તે તમે

ત્યાંથી બ્રહ્મલોક અને કૈલાસમાં ચાલ્યા ગયા. સર્વના ગયા પછી આનંદિત થયેલાં લક્ષ્મીદેવી ક્ષીરસમુદ્રમાં શયન કરતા ભગવાન વિષ્ણુ પાસે ગયા.

જે ભાવિક મનુષ્ય આ ઉત્તમ અને મહાપવિત્ર સ્તોત્રનો પાઠ ત્રણ સંધ્યા સમયે એકાગ્રતાથી કરે છે તે કુબેર જેવી સંપત્તિ પામી મોટો રાજાધિરાજ બને. જો પાંચ લાખ વખત તેનો પાઠ કરવામાં આવે તો તે સિદ્ધ થાય છે; પાઠ સિદ્ધ થયા પછી જો એક મહિનો રોજ પાઠ કરવામાં આવે તો તે મનુષ્ય સુખભોગ ને ઐશ્વર્ય ભોગવતો રાજેન્દ્ર થાય છે. ૭૫

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'મહાલક્ષ્મીની પૂજા તથા સ્તોત્ર' નામનો ૪૨ મો અધ્યાયસમાપ્ત

## અધ્યાય ૪૩ મો

### ભગવતી સ્વાહાનું ચરિત્ર

નારદ ઉવાચ

**નારાયણ મહ ભાગ નારાયણ સમ પ્રભો।**
**રુપેણૈવ ગુણેનૈવ યશસા તેજસા ત્વિષા॥**

નારદે કહ્યું: હે હરિનારાયણ! આપ રૂપ, ગુણ, યશ, તેજમાં અપૂર્વ કાંતિવાળા છો અને આપ જ જ્ઞાનીઓ, સિદ્ધો, યોગીઓ, તપસ્વીઓ, મુનિંદ્રો આદિમાં અતિ શ્રેષ્ઠ છો, વળી આપ વેદવેત્તાઓમાં પણ ઉત્તમ છો. આપના મુખેથી દેવી મહાલક્ષ્મીનું અદ્‌ભુત આખ્યાન મેં સારી રીતે સાંભળ્યું. હવે ભગવતી સ્વાહાનું ચરિત્ર સાંભળવાની મારી ઇચ્છા છે. જે દેવી સર્વ કર્મોમાં દેવોને હવિષ આપવામાં સ્વાહાદેવી ને પિતૃઓને કવ્ય

સર્વનાં ઉત્તમ માતા સર્વના બાંધવરૂપ તેમ જ ધર્મ, અર્થ અને કામ તથા મોક્ષના કારણરૂપ છો. બાળપણમાં દૂધ પીતાં બાળકની માતા જેમ તમે બધાંના માતા બની બાળકની ઇચ્છા પૂર્ણ કરો છો. સ્તનપાન કરતું બાળક, તેના દુર્ભાગ્યે માતા મરી જતાં બીજા દૂધથી જીવી પણ જાય છે, પરંતુ તમારા વિના કોઇ જીવી શકતું નથી. માટે હે દયાળુ અંબિકે! તમે મારા પર પ્રસન્ન થાઓ. દુશ્મનોએ મારું રાજ્ય છિનવી લીધું છે તે મને પાછું અપાવો. આપના દર્શનથી હું ધન્ય બન્યો છું, જ્યાં સુધી મને આપના દર્શન થયા નહોતાં ત્યાં સુધી હું નિરાશ્રીત, બંધુ વગરનો, ભિક્ષુક તથા સર્વ સંપત્તિઓ વગરનો હતો, પરંતુ તમારે શરણે આવ્યો છું, તો મને જ્ઞાન, ધર્મ, મનોરથ, સૌભાગ્ય, અને પરમ ઐશ્વર્ય સાથે યુદ્ધમાં વિજય આપની કૃપાથી મળે.' આમ કહી દેવરાજ ઇન્દ્ર રાજાએ મા જગદંબાને વારંવાર પ્રણામ કર્યા, સાથે બીજા દેવોએ પણ નમન કર્યું, તે પછી દેવોના કલ્યાણ માટે પ્રજાપતિ બ્રહ્મા, મહાદેવ, અનંત શેષનાગ, ધર્મ, તથા કેશવ વગેરે ભક્તિપૂર્વક મહાલક્ષ્મીની પ્રાર્થના સ્તુતિ કરી. સ્તુતિથી દેવી પ્રસન્ન થયાં. તેમણે દેવોનું શુભ થવા માટે વરદાન આપ્યાં, શ્રીકૃષ્ણને સુવાસિત પુષ્પમાળા આપી. તે પછી વરદાન પામેલા સર્વ દેવો પ્રસન્નચિત્તે પોતપોતાના સ્થાને જતા રહ્યા, તે પછી દેવીને વંદન કરી બ્રહ્મા ને શંકર પણ

આપવામાં સ્વાધાદેવી કહેવાય છે.

સૂત બોલ્યા : હે મુનિઓ ! નારદજીની ઇચ્છા સાંભળી મુનિવર્ય નારાયણે ભગવતી સ્વાહાનું ચરિત્ર કહેવા માંડયું.

શ્રી નારાયણે કહ્યું, સૃષ્ટિના આરંભકાળે સર્વ દેવોને આહાર મળતો નહિ હોવાથી ત્રાસ પામતા તેઓ બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે ગયા અને તેમને આહાર માટે પ્રાર્થના કરી. બ્રહ્માએ તેમની પ્રાર્થના સાંભળી કહ્યું, 'તમે તેની ચિંતા તજી દો. બ્રાહ્મણો નિત્ય જે હવન કરે છે તેમાંથી તમને હવિષ મળે તેવી ગોઠવણ થશે.' આમ દેવોને આશ્વાસન આપ્યા પછી બ્રહ્મા ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરી તેમને શરણે ગયા અને સર્વ વૃત્તાંત જણાવ્યું તો ભગવાનના આદેશથી બ્રહ્મા ધ્યાનથી પ્રકૃતિદેવીની પૂજા કરી ઉપાસના કરવા લાગ્યા, ત્યારે તેમની સમક્ષ ભગવતી ભુવનેશ્વરીની કલાથી ભગવતી દેવી 'સ્વાહા' સુંદરીસ્વરૂપે પ્રકટ થયાં. ભક્તો પર અનુગ્રહ કરવામાં તત્પર એવાં સ્વાહાદેવીએ બ્રહ્માને વરદાન માગવા કહ્યું ત્યારે બ્રહ્માએ બે હાથ જોડીને કહ્યું, હે પરમ દેવીસ્વરૂપ સુંદરી! તમે અગ્નિની દાહિકા શક્તિ થાઓ, તમારા વિના અગ્નિ આહુતિઓને બાળીને ભસ્મ કરવા સમર્થ ન થાય. જે બ્રાહ્મણ મંત્રના અંતે તમારા 'સ્વાહા' નામનો ઉચ્ચાર કરી દેવોને હવ્ય અર્પણ કરશે તે દેવોને સહજ રીતે પ્રાપ્ત થશે, માટે હે અંબિકે ! દેવોને તથા મનુષ્યોને નિરંતર પૂજવા યોગ્ય તમે અગ્નિની સંપત્તિરૂપ તથા શોભારૂપ થઇ તેના ગૃહેશ્વરી થઇ તેના ગૃહને શોભાવો, દેવો ને મનુષ્યો નિરંતર તમારૂં પૂજન કરશે.' બ્રહ્માનું કહેવું સાંભળી ભગવતી 'સ્વાહા' ખેદ પામ્યા. પછી તેમણે બ્રહ્માને કહ્યું, 'હે બ્રહ્મન્ ! હું ઘણા લાંબા કાળનું તપ કરી શ્રીકૃષ્ણને આરાધીશ. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ સિવાય જે કંઇ છે તે સર્વ સ્વપ્નવત્ કેવલ બ્રહ્મ છે. એમની જ કૃપાથી તમે જગતના સૃષ્ટા થયા છો, ભગવાન શંકર મૃત્યુંજય થયા છે. તેજ ભગવાનની કૃપાથી અનંત શેષનાગ પૃથ્વીને ધારણ કરે છે, ધર્મને ધર્મિષ્ઠ પુરુષોને ઓળખવાની યોગ્યતા મળી છે. દેવોના સમુહમાં ગણપતિનું પ્રથમ પૂજન થાયછે, પ્રકૃતિદેવી સર્વને પૂજવા યોગ્ય થયાં છે. આ બધું પરમકૃપાળુ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ ઉપાસનાનું ફળ છે. ઉપર દર્શાવેલા સર્વ દેવો શ્રીકૃષ્ણને આરાધી ચૂકયા છે, તેમજ પૂર્વના ઋષિમુનિઓ એમની જ સેવાથી પૂજ્ય બન્યા છે. માટે હવે હું શ્રીકૃષ્ણના ચરણકમળનું ભાવથી ચિંતન કરીશ.' એમ કહીને સ્વાહાદેવી ભગવાન શ્રીકૃષ્ણને તપ કરીને આરાધવા માટે વનમાં ગયા. ત્યાં એક પવિત્ર જગ્યાએ ઝાડના ઠુંઠાની જેમ ઊભા રહી તેમણે શ્રીકૃષ્ણનું એકાગ્રપણે ધ્યાન કરતાં ઘણાં વર્ષ તપ કર્યું. તેમના તપથી પ્રસન્ન થયેલાં શ્રીકૃષ્ણે તેમને દર્શન આપ્યાં. ભગવાનનાં અપ્રતિમ શણગારવાળા સન્દર્યને જોઇ

સ્વાહાદેવી સ્તબ્ધ જેવા થઇ ગયાં. ભગવાનનું કામદેવ જેવું સુંદરરૂપ જોઇ રૂપવતી સ્વાહાદેવી કામયુક્ત થઇ ભાન ગુમાવી બેઠા, એટલે તેમના મનની ઇચ્છા જાણી સર્વજ્ઞ ભગવાન, તપથી દુર્બળ થયેલાં સ્વાહાદેવી પાસે જઇ તેમને સાવધાનીથી ઊઠાડી કહેવા લાગ્યા : હે દેવી ! તમારી ઇચ્છા પાર પડે તેમ નથી. કારણ કે તમારે અગ્નિના સાનિધ્યમાં રહેવાનું છે. વારાહ કલ્પમાં તમે અંશથી નગ્નજિત રાજાને ત્યાં 'નાગ્નજિતી' નામે કન્યારૂપે થયાં પછી તમને મારાં પત્ની થવાનું સૌભાગ્ય સાંપડશે, હમણાં તમે દાહકાશક્તિથી યુક્ત થઇ અગ્નિના પ્રિય ગૃહદેવી બનો. મારી પ્રસન્નતાથી તમે સર્વ મંત્રોના અંગ બની સર્વત્ર પૂજાશો. અગ્નિદેવ તમને પોતાની અર્ધાંગિની બનાવી ભક્તિપૂર્વક તમને પૂજશે. તમને નિત્ય એમની સાથે આનંદ–વિનોદ કરવાનો સુઅવસર સાંપડશે.' હે નારદ ! આ પ્રમાણે સ્વાહાદેવીને કહી ભગવાને શ્રીકૃષ્ણ અંતર્ધાન થયા.

ભગવાન અગ્નિદેવને સ્વાહાદેવીને સ્વીકારવાનો મનથી આદેશ આપેલો હતો એટલે તે ડરતાં ડરતાં ત્યાં દેવી પાસે ઉપસ્થિત થયા અને સામવેદમાં કહેલા વિધિથી તે જગદંબાનું ધ્યાન કરી, તેમને સારી રીતે પૂજીને સ્તુતિ કર્યા બાદ તેને પત્ની તરીકે સ્વીકારવા તત્પર થયા. તે પછી ભગવતી સ્વાહાદેવી અને અગ્નિદેવનો મંત્રપૂર્વક વિવાહ થયો. એ પ્રદેશમાં બંને દેવતાઇ સો વર્ષ સુધી રહ્યાં અને રતિક્રીડા કરતાં સુખ–ભોગ ભોગવતા ઘણા જ આનંદથી રહ્યાં. અગ્નિદેવ ને સ્વાહાદેવીનાં સંસર્ગથી સ્વાહાદેવીએ 'દક્ષિણાગ્નિ' ગાર્હપત્યાગ્નિ તથા આહવનીય નામના સોહામણા, ત્રણ પુત્રોને અનુક્રમે જન્મ આપ્યો. તે સમયે ઋષિઓ, મુનિઓ, બ્રાહ્મણો તથા ક્ષત્રિયો વગેરે હોમ કરતી વખતે 'સ્વાહાન્ત' મંત્રોનું ઉચ્ચારણ કરી અગ્નિમાં હોમ કરવા લાગ્યા. ને દેવોને હવિષ આપ્યા. જે પુરુષ સ્વાહાયુક્ત ઉત્તમ મંત્ર ભણે છે તેને માત્ર મંત્રોચ્ચારથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જેમ વિષ વિનાનો સર્પ, વેદ નહિ જાણનાર બ્રાહ્મણ, પતિસેવા નહિ કરનારી સ્ત્રી, વિદ્યા વગરનો વિપ્ર, પુષ્પ વગરનો છોડ, ફળ તથા શાખાહીન વૃક્ષની જેમ સ્વાહા વિનાનો મંત્ર પણ નિંદાને પાત્ર છે. એવા મંત્રોથી કરેલા હોમ–હવન–યજ્ઞ કશું જ ફળ આપતા નથી. 'સ્વાહા' અંતવાળા મંત્રોચ્ચારથી સર્વ બ્રાહ્મણો અત્યંત પ્રસન્ન થયા, અને દેવો પણ સદા સર્વદા યજ્ઞની આહુતિઓ (હવિષ) પામવા લાગ્યા, હે મુને ! ભગવતી સ્વાહા દેવી સાથે સંબંધ રાખતું ઉત્તમ સાર રૂપ 'સ્વાહા'નું ચરિત્ર મેં તમને કહ્યું, 'હવે તમારી બીજું શું નવીન જાણવાની ઇચ્છા છે ?'

નારદે કહ્યું, 'હે મુનિશ્વર ! હવે મને સ્વાહાદેવીના પૂજનના વિધિ, ધ્યાન

તેમજ સ્તોત્ર જે કલ્યાણ કરનારું છે તે કૃપા કરીને કહો, કે જેના વડે અગ્નિદેવે તે દેવીની ભક્તિપૂર્વક સ્તુતિ કરી હતી?

શ્રી નારાયણ બોલ્યા : 'હે મુને! વેદમાં દર્શાવેલું તેમનું ધ્યાન, સ્તોત્ર તથા પૂજાનું વિધાન તમને કહું છું તે એકાગ્રચિત્તે સાંભળો : ફળપ્રાપ્તિ અર્થે સર્વ યજ્ઞના આરંભમાં શાલિગ્રામની પ્રતિમાનું અથવા કળશમાં સ્વાહાદેવીનું પૂજન કરી યજ્ઞનો આરંભ કરવો. અને આ પ્રમાણે ધ્યાન કરવું :

મંત્રોના અંગો સાથે સંકળાયેલાં, મંત્રસિદ્ધિરૂપ, સિદ્ધિ આપનારાં, મનુષ્યોને કર્મના ફળ આપનારા શ્રેષ્ઠ સ્વાહા દેવીનું હું ભજન કરું છું.' આમ ધ્યાન કર્યા પછી મૂલ મંત્રથી પાદ્ય વગેરે અર્પણ કરી, પછી એકાગ્રપણે સ્તોત્રનો પાઠ કરવાથી મનુષ્યની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. તેમનો મૂળમંત્ર આ પ્રમાણે. 'ૐહ્રીં શ્રીં વહ્નિજાયાય દેવ્યૈ સ્વાહા !' આ પ્રમાણે મંત્ર ભણીને જે મનુષ્ય ભક્તિથી તેમને પૂજે છે તેના સર્વ મનોરથ સિદ્ધ થાય છે. હવે અગ્નિદેવે ત્યારે સ્વાહાની જે સ્તુતિ કરેલી તે કહું છું : સ્વાહા, અગ્નિપ્રિયા, અગ્નિજાયા, સંતોષકારિણી, શક્તિ, ક્રિયા, કાલરાત્રિ, પરિપાક કરી, ધ્રુવા, ગતિ, દાહિકા, દહનક્રિયામાં સમર્થ, સંસારના સારરૂપ, સંસાર-તારિણી, દેવોનું પોષણ કરનાર-આ સોળ ઉત્તમ નામો ભગવતીના સ્વાહાનાં છે.

આ સોળ નામોનો પાઠ કરનાર મનુષ્ય આ લોકમાં સર્વ ભોગો ભોગવી પરલોકમાં જાય છે ત્યારે તેને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે મનુષ્યનું કોઈ પણ કાર્ય અધુરૂં નહિ રહે. તેનાં બધાં જ કાર્યો નિર્વિઘ્ને પાર પડશે. જે સંતાન-વિહોણો હશે તેને પુત્રફળ મળશે, જેને પત્ની નહિ હોય તેને રંભા જેવી સુંદર સ્ત્રી મળશે અને સુખ પામશે. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'ભગવતી સ્વાહાનું ચરિત્ર' નામનો ૪૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૪ મો

### સ્વધાદેવીનું આખ્યાન પૂજનવિધિ સહિત

શ્રી નારાયણ ઉવાચઃ

શ્રૃણુનારદવક્ષ્યામિસ્વધોપાખ્યાનમુત્તમમ્ ।
પિતૃણાંચતૃપ્તિકરં શ્રાદ્ધાન્નફલ વર્ધનમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ! જે દેવીનું આખ્યાન પિતૃઓને પ્રસન્ન-તૃપ્ત કરનાર તેમજ શ્રાદ્ધાન્નના ફળમાં વૃદ્ધિ કરનાર છે તે સ્વધાદેવીનું આખ્યાન તમને કહું છું : જગત્સ્રષ્ટા બ્રહ્માએ સૃષ્ટિના આરંભમાં ચાર મૂર્તિમાન અને ત્રણ તેજસ્વરૂપ મળી સાત પિતૃગણોને ઉત્પન્ન કર્યા હતા. આ સાતે પિતૃગણોને સુખરૂપ એવું તેમના આહારરૂપે તર્પણ-પૂર્વક શ્રાદ્ધ ઉત્પન્ન કર્યું. સ્નાન, તર્પણ, શ્રાદ્ધ, દેવપૂજન તથા પ્રતિદિન ત્રિકાલ સંધ્યા-આ સાધનો બ્રાહ્મણોનાં પરમ કર્તવ્યરૂપ છે, શ્રુતિમાં પણ આમ દર્શાવેલું છે. જે બ્રાહ્મણ નિત્ય ત્રિકાલ

સંધ્યા, શ્રાધ્ધ, તર્પણ, બલિદાન તથા વેદોનું પઠન નથી કરતો તે વિષ વિનાના સર્પ જેવો અને સુવાસ વિનાના પુષ્પ જેવો નિસ્તેજ છે. ભગવતીદેવીની સેવાથી વંચિત અને ભગવાનને નૈવેદ્ય ધરાવ્યા સિવાય ભોજન કરનાર મનુષ્ય જીવનપર્યંત અપવિત્ર રહે છે, એને કોઇ પણ શુભ કાર્ય કરવાનો અધિકાર નથી. પિતૃઓના આહાર માટે શ્રાદ્ધ આદિ ઉત્પન્ન કરી પ્રજાપતિ બ્રહ્મા ગયા, ત્યાર બાદ બ્રાહ્મણો વગેરે શ્રાધ્ધાદિક કરવા લાગ્યા. પરંતુ પિતૃઓ તેને પામતા ન હતા, એથી તેઓ બધા ક્ષુધા શાંત નહિ થવાથી ઉદાસ અને વ્યાકુળ થઇ બ્રહ્મ–સભામાં બ્રહ્મા પાસે આવી પહોંચ્યા અને સર્વ વૃત્તાંત બ્રહ્માને કહ્યું.

પછી બ્રહ્માએ એક મનોહર, રૂપગુણ ને યૌવન સંપન્ન માનસી કન્યા ઉત્પન્ન કરી, જે સેંકડો ચંદ્રની પ્રભાને ઝાંખા પાડે તેવા મુખવાળી, વિદ્યાવાન સતી, ધોળા ચંપાના પુષ્પના વર્ણવાળી, રત્ન જડિત આભુષણોથી સુશોભિત, પ્રકૃતિના અંશરૂપ, વરદાન આપવામાં તત્પર, મનોહર દંતપંક્તિવાળી અને લક્ષ્મીનાં સર્વ લક્ષણોથી યુક્ત 'સ્વધા' નામની કન્યા ઉત્પન્ન કરી. આ કન્યા કમળ જેવા મુખવાળી, લક્ષ્મી જેવી દેદિપ્યમાન અને તુષ્ટિરૂપ હતી. આવી કન્યા ઉત્પન્ન કરી તે કન્યાને બ્રહ્માએ સંતુષ્ઠ થયેલા પિતૃઓને પત્ની તરીકે અર્પણ કરી, પછી સર્વ બ્રાહ્મણોને ગોપ્ય ઉપદેશ કર્યો કે 'હવેથી તમારે અંતમાં 'સ્વધા' જોડી મંત્રોચ્ચાર કરી પિતૃઓને ઉદ્દેશી શ્રાદ્ધ વગેરે અર્પણ કરવાં' ત્યારથી બ્રાહ્મણો એજ ક્રમથી પિતૃઓને શ્રાદ્ધાદિ આપવા લાગ્યા. એ રીતે દેવો માટે 'સ્વાહા' અને પિતૃઓ માટે 'સ્વધા' શબ્દનું ઉચ્ચારણ શ્રેષ્ઠ મનાયું છે. તેમજ હરકોઇ કર્મમાં 'દક્ષિણા' ઉત્તમ ગણાય છે. દક્ષિણા વિનાનો યજ્ઞ કંઇ જ ફળ આપતો નથી. તે સમયે દેવો, પિતૃઓ, મુનિઓ, મનુષ્યો એ બધાએ સ્વધા દેવીની પૂજા તેમજ સ્તુતિ કરી. દેવીના વરદાનથી એ સર્વ પ્રસન્ન થયાં હતાં, કારણ કે તેમની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઇ હતી. એમ સર્વને સંતુષ્ઠ કરનારું દેવી સ્વધાનું આખ્યાન તમને કહ્યું, હવે તમારે બીજું શું સાંભળવાની ઇચ્છા છે?

નારદે કહ્યું: 'હે મહામુને! સ્વધા દેવીનું ચરિત્ર સાંભળ્યા પછી તેમનું પૂજાવિધાન, ધ્યાન તથા સ્તોત્ર સાંભળવા મારી ઇચ્છા છે.'

શ્રી નારાયણ બોલ્યા: 'હે નારદ! તમે તો વેદના જ્ઞાતા છો, એ સર્વ વેદમાં દર્શાવેલું છે, છતાં તે મારી પાસે જાણવા કેમ ઇચ્છો છો? તો પણ તમને હું કહું છું: શરદઋતુમાં આસોવદિ તેરશના દિવસે સ્વધા દેવીનું પૂજન કર્યા પછી શ્રાધ્ધ કરવું. જે મનુષ્ય કોઇ પણ પ્રકારના અભિમાનને લીધે સ્વધા દેવીનું પૂજન કર્યા સિવાય શ્રાદ્ધ–તર્પણ કરે છે. એનાં

એ કર્મ કંઇ જ ફળ આપતાં નથી. સ્વધાદેવી તે બ્રહ્માના માનસી કન્યા હોઈ નિત્ય યુવાવસ્થાવાળા, નિરંતર પિતૃઓથી પૂજાતાં રહે છે. તેમની કૃપાથી શ્રાદ્ધનું ફળ મળે છે, એવાં વરદાયક દેવીને હું ઉપાસું છું. આમ ધ્યાન કર્યા પછી મંગલમય કળશ ઉપર એમનું આવાહન કરવું. ત્યારબાદ મૂલ મંત્ર ઉચ્ચારી પાદ્ય વગેરે ઉપચારોથી એમને પૂજવાં. ૐ હ્રીં ક્લીં સ્વધા દેવ્યૈ સ્વાહા !' એ મંત્રોચ્ચાર વડે દેવીની પૂજા કરવી, ને સ્તુતિ કરીને બે હાથ જોડી પ્રણામ કરવા. દેવીનું એ સ્તોત્ર જે મનુષ્યોના સર્વ મનોરથો પૂરા કરનારું છે અને જેને બ્રહ્માએ પ્રથમ પાઠ કરેલું છે તે સ્તોત્ર હવે તમને કહું છું. 'સ્વધા'ના ઉચ્ચારણ માત્રથી ભાવિક મનુષ્ય તીર્થમાં સ્નાન કરનારો થઇ સર્વ પાપોથી છૂટી જાય છે, અને તે વાજપેય યજ્ઞનું ફળ પામે છે. 'સ્વધા, સ્વધા, સ્વધા' એમ ત્રણ વાર સ્મરણ કરવાથી શ્રદ્ધા, બલિ અને તર્પણનું ફળ મનુષ્યને મળે છે. શ્રાદ્ધ સમયે જે મનુષ્ય સાવધાન થઇ આ સ્વધાદેવીના સ્તોત્રને સાંભળે છે તેને શ્રાદ્ધનું ફળ અવશ્ય મળે છે. જે મનુષ્ય આ 'સ્વધા' નામનો ત્રિકાલ સંધ્યા વખતે પાઠ કરે છે, એને ઉત્તમ પુત્રો ઉત્પન્ન કરનારી, સદ્ગુણોવાળી પતિવ્રતા સ્ત્રી સાંપડે છે. હે સ્વધાદેવી ! તમે જ પિતૃઓનાં પ્રાણતુલ્ય અને બ્રહ્મણોના જીવન રૂપ છો, તમે જ શ્રાદ્ધના અધિષ્ઠાત્રી દેવી કહેવાયાં છો, તમારી જ કૃપાથી શ્રાદ્ધ અને તર્પણ વગેરેનું ફળ મળે છે.

તમારું સ્વરૂપ નિત્ય, સત્ય અને પુણ્યમય છે, તમે સૃષ્ટિ સમયે પ્રકટ થાવ છો અને પ્રલયકાળમાં તમારો તિરોભાવ થાય છે, તે તેવાં પ્રણવસ્વરૂપ, સ્વસ્તિ, સ્વાહા, સ્વધા, તેમ જ દક્ષિણામયી દેવીને નમસ્કાર હો. ચારે વેદો દ્વારા કર્મફળને આપવા માટે તમે થયેલાં છો. કર્મોની પૂર્તિ માટે ઇશ્વરે તમારાં આ ચાર રૂપ બનાવ્યાં છે.'

એ રીતે સ્વધાદેવીનું સ્તોત્ર માહાત્મ્ય ગાઇને બ્રહ્મા પોતાની સભામાં ગયાં. એટલામાં જ સ્વધાદેવી એમના આગળ પ્રકટ થયાં. ત્યારે બ્રહ્માએ તેમને પિતૃઓને આપ્યાં. ને એથી પિતૃઓ ઘણાં પ્રસન્ન થયાં. જે મનુષ્ય ભગવતી સ્વધાના શ્રેષ્ઠ પવિત્ર સ્તોત્રને એકચિત્તે સાંભળે છે એના સઘળા મનોરથો પૂરા થાય છે અને તે સર્વ તીર્થોમાં સ્નાન કરેલો ગણાય છે, તેને તેથી સ્નાન કર્યા જેટલું પુણ્ય મળે છે. ૩૬

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણ નવમ સ્કંધ વિષે 'સ્વધાદેવીનું આખ્યાન પૂજનવિધિ સહિત' નામનો ૪૪ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૫ મો

### દક્ષિણાનું આખ્યાન પ્રાકટ્ય સહિત

શ્રી નારાયણ ઉવાચઃ

ઉક્તં સ્વાહા સ્વધાખ્યાનં-
પ્રશસ્તં મધુરં પરમ્ ।
વક્ષ્યામિ દક્ષિણાખ્યાનં-
સાવધાનો નિશામય ॥

શ્રી નારાયણ બોલ્યા-હે મુને ! મેં

તમને અત્યંત શ્રેષ્ઠ સ્વાહા અને સ્વધાનું આખ્યાન સંભળાવ્યું. હવે દક્ષિણાનું આખ્યાન કહું છું. તે તમે એકાગ્રતાથી સાંભળો. પૂર્વે ગોલોકમાં ભગવાન શ્રીકૃષ્ણને બહુ જ પ્રિય એક સુશીલા નામે ગોપી હતી. તે પણ રાધા જેવી મુખ્ય હોઇને રાધા સમાન પતિવ્રતા, ધન્ય, માન્ય, વિદ્યા, ગુણ અને સૌન્દર્યમાં શ્રેષ્ઠ હતી. કલાવતી, કોમલાંગી, કાંતા, કમલલોચના, સુશ્રોણી, સુસ્તની અને શ્યામા વગેરે વિશેષણો એને સંબોધાય એવાં છે.

નિરંતર મંદમંદ હસતી, રત્ન-જડિત્ર અલંકારોથી શોભતી, સ્વચ્છ કમલ જેવા સુશોભિત શરીરવાળી, પરવાળા જેવા લાલ હોઠવાળી, મૃગ સમાન ગતિવાળી ઉપરાંત તે રતિશાસ્ત્રમાં કુશળ હતી. તેના ઉપર શ્રીકૃષ્ણ ઘણો જ પ્રેમ ભાવ રાખતા અને તે પણ તેવી જ રીતે અનુસરતી.

એક વેળા રાધાએ સુશીલાને કહ્યું કે: 'તું હવેથી ગોલોકમાં આવી શકીશ નહિ.' આ જાણીને શ્રીકૃષ્ણ એકાએક અંતર્ધાન થઇ ગયા. એટલે રાધાએ શ્રીકૃષ્ણને ઉચ્ચ સ્વરે બોલાવવા માંડયાં છતાં એટલામાં દેખાયા નહિ તેથી રાધા વિયોગમાં વ્યાકુળ થઇ, એક એક ક્ષણ કરોડો યુગો સમાન વીતવા લાગી. કૃષ્ણવિરહથી તે કરુણ વિલાપ કરવા લાગી: 'હે કૃષ્ણ! શ્યામસુંદર! હે મુરલીધર! હે પ્રાણનાથ! મારા પ્રાણોથી પણ અધિક, આપ જલદીથી મારી પાસે પધારી દર્શન આપો. આપના સિવાય ક્ષણભર હું જીવી શકીશ નહિ. દરેક સ્ત્રી-પતિના સૌભાગ્ય પર ગર્વ અનુભવે છે. પતિ સાથે જ હંમેશાં એનું સુખ-સૌભાગ્ય વધતું રહે છે. એથી તેણે નિરંતર પતિની સેવામાં જ રહેવું જોઇએ.

કુલીન સ્ત્રીઓ માટે બંધુ, દેવતા, આશ્રય, પરમ સંપત્તિ સ્વરૂપ તથા હંમેશાં સ્નેહ કરવા માટે જે ગણો તે માત્ર એક પતિ જ છે. પતિવ્રતા સ્ત્રીઓ પોતાના સ્વામીથી ધર્મ, સુખ, પ્રીતિ, શાંતિ તેમ જ સન્માન મેળવે છે. પતિ જ સ્ત્રીનું સર્વસ્વ છે, સમય આવતાં તે સ્ત્રીનો પરમ બંધુ પણ ગણાય છે. એનું ભરણ-પોષણ કરવાથી ભર્તા ગણાય છે, પાલન કરવાથી પતિ ગણાય છે, શરીરનો શાસક હોવાથી સ્વામી કહેવાય છે તથા કામનાને પૂરી કરનાર હોવાથી કાંત કહેવાય છે. સુખની વૃદ્ધિ કરવાથી બંધુ, પ્રીતિ આપવાથી પ્રિય, ઐશ્વર્ય આપવાથી ઇશ, તથા પત્નીના પ્રાણોનો સ્વામી હોવાથી તે પ્રાણનાયક કહેવાય છે તથા તે રતિ-સુખ આપતો હોવાથી રમણ કહેવાય છે. માટે કુલીન સ્ત્રીઓને વિશ્વમાં પતિથી અધિક કોઇ પ્રિય નથી. પતિના વીર્યદાનથી સંતાન જન્મે છે તેથી તે પ્રિય મનાય છે.

પતિવ્રતા સ્ત્રી પોતાના ૧૦૦ પુત્રો કરતાં પણ પતિને અધિક પ્રિય સમજે છે, નીચ કુળમાં જન્મેલી સ્ત્રી જ પતિનું

એ ધાર્મિક રહસ્ય–પતિનો મહિમા જાણતી નથી. સઘળાં તીર્થોમાં સ્નાન કરવાં, અખિલ યજ્ઞોમાં દક્ષિણા–દાન કરવું, પૃથ્વીની પ્રદક્ષિણા કરવી અનેક પ્રકારનાં તપ કરવાં, સઘળાં વ્રત કરવાં, અમૂલ્ય વસ્તુઓનું દાન કરવું, પૃથ્વીની પ્રદક્ષિણા કરવી, દેવ–દેવીની ઉપાસના કરવી તથા ગુરૂ, દેવ અને બ્રાહ્મણોની નિરંતર સેવા કરવી....એ બધાં કાર્યો ઉત્તમ અને વખાણવા લાયક છે, છતાં એ બધાં સ્ત્રીને માટે પોતાના સ્વામીના ચરણકમળની સોળમી કલા જેટલાં પણ નથી. જો કે ગુરૂ, બ્રાહ્મણ અને દેવ એ બધા એક કરતાં એક ઉત્તમ મનાય છે પરંતુ એ બધાં કરતાંયે સ્ત્રીને માટે પતિ જ પરમ ગુરૂ છે, જેવી રીતે પુરૂષોને માટે વિદ્યાદાતા ગુરૂ એ જ ગુરૂ છે.

હે ભગવન્ ! હે કૃપાનાથ ! આપ અસંખ્ય ગોપ–ગોપીઓ, બ્રહ્માંડો તથા ત્યાં રહેતા પ્રાણીઓના એક માત્ર નાથ છો, વિશ્વથી લઇ અખિલ બ્રહ્માંડ–ગોલોક સુધીના વિસ્તારનું સામ્રાજ્ય મને ઇશ્વરીને આપની પ્રસન્નતાથી જ મળ્યું છે.

સ્ત્રીનો સ્વભાવ જ એવો છે કે ક્યારેક વગર વિચાર્યું બોલી નાખે વળી છે, જે વાતના રહસ્યને સમજ્યા વિના ક્યારેક આવો દુરાગ્રહ કરી બેસે છે. મને આપ ક્ષમા આપો. એમ કહી રાધાજી પ્રભુ શ્રીકૃષ્ણનું ધ્યાન કરવા લાગ્યાં. તેમની આંખોમાંથી વિયોગના આંસુઓ વહી રહ્યાં હતાં. વારંવાર 'નાથ ! નાથ !' એવો કરૂણ અવાજ મુખમાંથી નીકળી રહ્યો હતો, વિયોગના કઠિન દુઃખનો અનુભવ કરતાં રાધાજી અત્યંત વ્યાકુળ બની બોલી રહ્યા હતાં. 'પ્રભુ ! હવે તરત જ પધારી દર્શન આપો.' રાધાની પ્રાર્થના સાંભળી તે પછી શ્રીકૃષ્ણે પ્રકટ થઇ રાધાના વિરહાગ્નિને શાંત કર્યો.

હે મુને ! સુશીલા શ્રીરાધાની સખી ગોપી હતી. રાધાએ રોષે ભરાઇ તેને ગોલોકથી જવા માટે કહેલું હોવાથી તે પૃથ્વી પર દક્ષિણા નામે પ્રકટી. લાંબા–કાળ સુધી તપ કરી તેણે અંતે લક્ષ્મીના શરીરમાં સ્થાન મેળવ્યું.

તે સમયે ઘણો મોટો યજ્ઞ કરવા છતાં દેવોને તેનું ફળ મળતું નહોતું. એથી તેઓ બધા ઉદાસ થઇ બ્રહ્મલોકમાં બ્રહ્માની પાસે ગયા. તેમની પ્રાર્થના સાંભળી લીધા પછી તેઓના કષ્ટના નિવારણ માટે બ્રહ્માએ શ્રીહરિનું ધ્યાન કર્યું. એમ ઘણા સમય સુધી ધ્યાન કર્યા બાદ તેમને આદેશ મળ્યો તે મુજબ સ્વયં ભગવાન નારાયણે મહાલક્ષ્મીના શરીરમાંથી મર્ત્યલક્ષ્મીને પ્રકટ કર્યાં અને તેનું 'દક્ષિણા' નામ રાખી તેને બ્રહ્માને સોંપી દીધાં. બ્રહ્માએ તે દેવીને યજ્ઞ સંબંધી કાર્યો પૂરેપૂરાં થાય તે માટે યજ્ઞપુરૂષને આપ્યાં. એથી યજ્ઞપુરૂષે પણ ઘણા આનંદની સાથે દક્ષિણાની વિધિપૂર્વક પૂજા ને સ્તુતિ કરી. અને તેને પોતાનાં પત્ની બનાવ્યાં. કેટલાક કાળ પછી યજ્ઞપુરૂષના સંગથી

દક્ષિણા ગર્ભવતી થયાં અને ૧૨ દિવ્ય વર્ષ સુધી ગર્ભાધાન રહ્યા પછી કર્મોના ફળ સ્વરૂપ એક પુત્ર ઉત્પન્ન કર્યો. કર્મની સમાપ્તિ થતાં ફળસ્વરૂપ એ પુત્રનો સ્વાભાવિક ગુણ થયો. વેદના જ્ઞાતાઓ એમ કહે છે કે યજ્ઞપુરૂષ દેવી દક્ષિણાને તથા પોતાના પુત્રને પામી 'ફળ'થી સંપન્ન થવાથી જ કર્મોના ફળ આપે છે.

હે નારદ! આ પ્રમાણે યજ્ઞપુરૂષ પોતાના પત્ની દક્ષિણાથી ફળદાતા પુત્રને મેળવી સઘળાં કર્મોનું ફળનું ફળ આપવા લાગ્યા. તેથી દેવો ઘણા પ્રસન્ન થયા અને તેમની કામના પૂરી થતાં સર્વ દેવો પોતપોતાના સ્થાનમાં ગયા, એવું મેં ધર્મદેવના મુખે સાંભળ્યું છે. માટે યજ્ઞાદિ કર્યા પછી તે તે કર્મ કરનારે બ્રાહ્મણોને દક્ષિણા આપવી અને એથી તે જ ક્ષણે ફળ મળે છે એમ વેદો કહે છે. જો દૈવયોગે અથવા અજ્ઞાનથી યજ્ઞ કરનારો કર્મ પૂરું થઇ ગયા પછી તરત જ બ્રાહ્મણોને દક્ષિણા નથી આપતો તો એ દક્ષિણાની બેઘડી વીતતાં બે ગણી, એક રાત વીતતા ત્રણ કરોડ ગણી–સંખ્યા ઉત્તરોત્તર વધતી જ રહે છે અને યમરાજનું સઘળું કર્મ પણ નિષ્ફળ થઇ જાય છે. બ્રાહ્મણનું ધન લઇ લેવાથી તે ધનનો ચોર બની અપવિત્ર માનવ કોઇ પણ કર્મ કરવાને અધિકારી રહેતો નથી. અને પાપના ફળરૂપે એ પાતકી માનવ અયોગ્ય, અપવિત્ર, દરિદ્ર અને રોગી થાય છે. લક્ષ્મી પણ તેને ભયંકર શાપ આપી એના ઘરમાંથી ચાલી જાય છે. એણે કરેલાં શ્રાધ્ધ અને તર્પણને તેના પિતૃઓ સ્વીકારતા નથી. ને દેવો એજ પ્રમાણે એણે કરેલી પૂજા ને અગ્નિમાં આપેલી આહુતિ સ્વીકારતા નથી. જો દાન કરતી વેળા સંકલ્પ કરેલું ધન (દક્ષિણા) યજમાન આપે નહીં અને સંકલ્પ સ્વીકારનારો એને જો માગે નહીં તો એ બન્ને જેમ દોરડું તૂટવાથી ઘડો કૂવામાં પડી જાય છે તેમ નરકમાં પડે છે. એમ મેં દક્ષીણાનું આખ્યાન કહ્યું, હવે તમે બીજું વધારે શું સાંભળવા ઇચ્છો છો?

નારદે પૂછ્યું : 'હે મુનિ! દક્ષિણા વગરના કર્મનું ફળ કોણ ભોગવે છે? તથા પૂર્વે યજ્ઞપુરૂષે દક્ષિણાને કયા વિધિથી પૂજ્યા હતાં તે પણ કહો.

શ્રી નારાયણ બોલ્યા, 'હે નારદમુનિ! દક્ષિણાહીન કર્મનું ફળ કયાંથી મળે? કેમ કે ફળ પ્રસવવાની યોગ્યતા તો દક્ષિણાવાળા કર્મમા જ હોય છે. દક્ષિણા સિવાયના કર્મનુ ફળ બલિરાજા ભોગવે છે. પૂર્વે વામન ભગવાને બલિના માટે તેને આહારરૂપે કલ્પ્યું છે. હે નારદ! વેદાભ્યસન સહિતના શ્રાદ્ધ દ્રવ્યને, અશ્રધ્ધાપૂર્વકના દાનને, ગુરુભકિત રાહતના કર્મફળને બલિરાજા ભોગવે છે.

હે મુનિ! ભગવતી દક્ષિણાનાં ધ્યાન, સ્તોત્ર અને પૂજાવિધિનો ક્રમ કણ્વશા-

ખામાં જે બતાવ્યો છે તેજ હું કહું છું. પૂર્વે કર્મફળ આપવામાં ચતુર દેવી દક્ષિણાને જ્યારે યજ્ઞપુરુષે પ્રથમવાર જોયાં ત્યારે તેઓ તેમના પર મોહિત થયા, પછી કામના માટે આતુર થઇ તેમની સ્તુતિ કરી હતી.

યજ્ઞપુરુષ બોલ્યા : 'હે શોભને ! પહેલાં તમે ગોલોકમાં ગોપીઓમાં મુખ્ય શ્રેષ્ઠ એક ગોપી હોઇને રાધાનાં સખી હતાં ને શ્રીકૃષ્ણ તેને અત્યંત ચાહતા હતા. કાર્તિકી પૂનમે રાધામહોત્સવરૂપ રાસોત્સવ વખતે કંઇ કાર્ય ઊભું થતાં તમે મહાલક્ષ્મીના જમણા ખભાથી પ્રકટયાં છો, તેથી તમે 'દક્ષિણા' નામે થઇ મને મળ્યાં છો. તમે મને તમારો સ્વામી બનાવો. તમે યજ્ઞ કરનાર પુરુષોને કર્મ ફળ આપનારાં દેવી છો. તમારા સિવાય સમસ્ત પ્રાણીઓનાં કરેલા બધાં કર્મ ફળ વિનાના થઇ જાય છે. તમારી ગેરહાજરીમાં કર્મીઓનાં કર્મ પણ શોભતાં નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા દિક્‌પાલ વગેરે સર્વ દેવો તમારા નહીં રહેવાથી કર્મોનું ફળ આપી શકતા નથી. બ્રહ્મા પોતે કર્મરૂપ છે, શંકર ફળરૂપ છે અને હું વિષ્ણુ સ્વયં યજ્ઞરૂપે પ્રકટયો છું, એ બધામાં તમે જ સારરૂપે છો. ફળ આપનારા પરબ્રહ્મ અને નિર્ગુણ પરાપ્રકૃતિ અને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ તમારી સાથે રહીને જ ફળ આપવા સમર્થ થયા છે.

હે સુંદરી ! તમે જ મારી શક્તિ છો, માટે તમે જન્મજન્માંતરમાં સદા મારી પાસે રહો ને હું તમારાં સઘળાં કાર્યોમાં સહાયતા આપવા સંમત થાઉં. એમ કહી યજ્ઞના અધિષ્ઠાતા દેવ યજ્ઞ–પુરુષ સામે ઊભા રહ્યા એટલે યજ્ઞની અધિષ્ઠાત્રી દેવી દક્ષિણા પ્રસન્ન થઇને તેમની આગળ પ્રકટ થયાં, ને તેમને પોતાનાં સ્વામી બનાવ્યા. આ ભગવતી દક્ષિણાના સ્તોત્રનો જે મનુષ્ય યજ્ઞના સમયે પાઠ કરે છે તેને સર્વ યજ્ઞોનું ફળ મળે છે. સર્વ પ્રકારના યજ્ઞોના પ્રારંભમાં જે આનો પાઠ કરે છે એના તે યજ્ઞો કોઇ પણ જાતના અંતરાય–વિઘ્ન વગર પૂરા થાય છે.

આ રીતે મેં દક્ષિણાનું સ્તોત્ર તમને કહ્યું. હવે તેનાં ધ્યાન ને પૂજા–વિધિ સાંભળો. ભાવિક પુરુષે શાલિગ્રામની મૂર્તિમાં અથવા કળશમાં આવાહન કરી ભગવતી દક્ષિણાનું પૂજન કરવું અને ત્યાર પછી આ પ્રમાણે ધ્યાન કરવું : 'ભગવતી મહાલક્ષ્મીના જમણા સ્કંધમાંથી પ્રકટવાને લીધે દક્ષિણા નામથી વિખ્યાત થયેલાં આ દેવી સાક્ષાત્ કમલાનો અંશ છે. દરેક પ્રકારનાં યજ્ઞ-યાગાદિ કર્મોમાં સમસ્ત કર્મોનું ફળ આપવું એ એનો સ્વાભાવિક ગુણ છે. વળી તે ભગવાન વિષ્ણુનાં શક્તિ હોઇ સર્વને વંદવા યોગ્ય છે અને 'શુભા, શુદ્ધિ, શુદ્ધિરૂપા તેમજ સુશીલા' નામથી

પ્રસિદ્ધ ભગવતી દક્ષિણાની હું ઉપાસના કરું છું.' ધ્યાન કરી બુદ્ધિમાન પુરુષે મૂળ મંત્રથી એ વરદાન આપનારાં દેવીને પાદ્ય, અર્ધ્ય વગેરે આ વેદોક્ત મંત્રો દ્વારા અર્પણ કરવું 'ૐ શ્રીં ક્લીં હ્રીં દક્ષિણાયૈ સ્વાહા' આ મંત્રથી સર્વથી પૂજાયેલાં આ દક્ષિણાદેવીની ભક્તિપુર્વક વિધિપૂર્વક અર્ચના કરવી.

હે બ્રહ્મન્ ! એમ સુખ–ભોગ તથા સર્વ કર્મનું ફળ આપનાર ભગવતી દક્ષિણાનું આખ્યાન મેં તમને આદરથી કહ્યું. ભરતખંડમાં જે કોઈ પુરુષ દક્ષિણાદેવીનું આ ચરિત્ર ભક્તિપૂર્વક સાંભળે છે એનું આદરેલું કોઈપણ કર્મ અધુરું રહેતું નથી. ૯૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'દક્ષિણાનું આખ્યાન પ્રાકટ્ય સહિત' નામનો ૪૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૬ મો

### ષષ્ઠીદેવીનું આખ્યાન

નારદ ઉવાચ :

**અનેકાનાં ચ દેવીનાં શ્રુતમાખ્યાનમુત્તમમ્ ।**
**અન્યાસાં ચરિતં બ્રહ્મન્ વદ વેદવિદાં વર ॥**

નારદે પૂછ્યું : હે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મન્ ! અનેક શ્રેષ્ઠ આખ્યાનો મેં સાંભળ્યાં છે માટે હવે કૃપા કરી અન્ય દેવીઓનાં ચરિત્રો સંભળાવો. ષષ્ઠી મંગલચંડિકા તથા મનસાદેવી એ પ્રકૃતિ અંશરૂપ મનાય છે. તો એમના ચરિત્રો સારરૂપે સાંભળવા ચાહું છું.

શ્રી નારાયણ બોલ્યા : હે મુનિ ! મૂલપ્રકૃતિના છઠ્ઠા અંશથી પ્રકટ થનારા 'ષષ્ઠી' દેવી કહેવાય છે. એ બાળકોની અધિષ્ઠાત્રી દેવી હોઈને એમને વિષ્ણુ માયા અને 'બાલદા' પણ કહે છે. બાળકો આપનારાં અને માતૃકાઓમાં પ્રખ્યાત તે 'દેવસેના' નામવાળા, ઉત્તમ વ્રતવાળાં તે સ્વામી કાર્તિકેયનાં પત્ની થયાં છે. તેઓ તેમને પ્રાણોથી પણ અધિક ચાહે છે. તે બાળકોનું રક્ષણ કરનારા દયાળુ દેવી ગણાય છે. બાળકોનું દીર્ધાયુ કરવા તથા તેમનું ભરણપોષણ તેમજ કાયમ તેમનું રક્ષણ કરવું એ એમનો સ્વાભાવિક ગુણ છે. એ દેવી સિદ્ધિયોગના પ્રભાવથી બાળકો પાસે હંમેશાં રહે છે. બ્રહ્મન્ ! તે દેવીની પૂજાવિધિ સાથે ઇતિહાસ-આખ્યાન ધર્મદેવના મુખે મેં સાંભળેલું છે.

સ્વાયંભુવ મનુનો પુત્ર પ્રિયવ્રત નામે રાજા હતો. તેણે યોગ સાધેલો તેથી સ્ત્રીની ઇચ્છા રાખતો નહોતો, તપ કરવું તેમને વધુ પ્રિય હતું.

પરંતુ એક વખત બ્રહ્માએ બહુ સમજાવવાથી બ્રહ્માની આજ્ઞા અને પ્રયત્નને લઈને તેમણે લગ્ન કર્યું. લગ્ન કર્યા બાદ ઘણા સમય સુધી સંતાનપ્રાપ્તિ ન થઈ ત્યારે કશ્યપ મુનિએ એની પુત્રેચ્છા માટે એની પાસે પુત્રેષ્ટિયજ્ઞ કરાવ્યો ને એની પત્ની માલિનીને યજ્ઞનો ચરુ આપ્યો. ચરુ આરોગ્યા પછી રાણી માલિનીને ગર્ભાધાન થયું અને સમય વીતતાં તેણે સોહામણા એક પુત્રને જન્મ આપ્યો પણ તે મૃત હતો. એની આંખોની પૂતળી અવળી થઈ ગઈ હતી. એને જોઈ સ્ત્રીઓ

રૂદન કરવા લાગી. પુત્ર મરેલો આવવાથી રાણી અસહ્ય શોકથી બેભાન થઇ ગઇ. રાણીનું મરેલા પુત્ર પ્રત્યેનું માતૃહૃદય જોઇ રાજા પ્રિયવ્રત એ મૃત બાળકને લઇને સ્મશાનમાં ગયો અને પુત્રને છાતીએ લગાવી ચોધાર આંસુ વહાવવા લાગ્યો. એટલામાં તેણે ત્યાં આગળ એક દિવ્ય અને તેજસ્વી વિમાન જોયું. શુધ્ધ સ્ફટિક જેવું ચમકતું તે વિમાન અમૂલ્ય રત્નોથી બનાવેલું અને રેશમી વસ્ત્રોથી શોભતું હતું. અંદર અને બહાર અનેક જાતનાં સુરમ્ય ચિત્રો અંકિત કરેલું તે પુષ્પોની માળાથી શણગારાયેલું હતું. એના પર બેઠેલી મન હરી લે તેવી એક સુંદરીને રાજાએ જોઇ. શ્વેત ચંપાના પુષ્પ જેવા વર્ણવાળી, તારુણ્યથી દીપતી પ્રસન્નવદના વિવિધ પ્રકારના રત્નમય આભુષણોથી શોભતી, યોગની જાણકાર હોવાથી ભકતો પર અનુગ્રહ કરનારી, એવી મૂર્તિમાન દેવીને જોઇને રાજાએ બાળકને સાવધા-નીથી નીચે જમીન પર મૂકી દઇ આદરપૂર્વક તે દેવીની પૂજા અને સ્તુતિ કરીને રાજાએ પૂછ્યું.

'હે સુલોચને! તમે અહીં એકાએક કયાંથી આવ્યા? તમે કોણ છો, તમારા પતિ કોણ છે અને તમે કોની કન્યા છો? તમે સર્વે સ્ત્રીઓમાં ધન્યવાદને પાત્ર છો.'

હે નારદ! આ દેવી તે જગતને મંગલ આપનારા, દેવોને યુધ્ધમાં સહાય કરનારાં ભગવતી 'દેવસેના' હતાં, તેમણે અગાઉ દેવોના પક્ષે રહી દૈત્યો સાથે યુધ્ધ કર્યું હતું અને દૈત્યોને હરાવ્યા હતા. એમની જ કૃપાથી દેવો વિજયી થયા હતા. એથી તેમનું 'દેવસેના' નામ પડ્યું હતું.

દેવસેનાએ કહ્યું, રાજન્! મારું નામ 'દેવસેના' છે. હું બ્રહ્માની કન્યા છું અને જગત પર શાસન કરું છું. વિધાતાએ મને કાર્તિકસ્વામીને પત્ની તરીકે આપી છે. સર્વ માતૃકાઓમાં હું પ્રમુખ છું. ભગવતી મૂલપ્રકૃતિના છઠ્ઠા અંશથી પ્રકટ થવાથી મને 'ષષ્ઠી' પણ કહે છે. મારી કૃપાથી વાંઝિયા પુત્રને, સ્ત્રીહીન સુંદરીને, દરિદ્રી ધનને તથા કર્મશીલ પુરુષ કર્મોનું ઉત્તમ ફળ પામે છે. રાજન્! દરેક જીવાત્માને સુખ, દુઃખ, ભય, શોક, હર્ષ, મંગલ, સંપત્તિ અને વિપત્તિ એ બધાં કર્મ પ્રમાણે આવી મળે છે. પોતાના જ કર્મના પ્રભાવથી મનુષ્ય અનેક પુત્રોનો પિતા થાય છે અને કેટલાકને એક પણ સંતાન હોતું નથી કોઇને મરેલા પુત્રની પ્રાપ્તિ થાય છે તો કોઇને લાંબા આયુષ્યવાળો પુત્ર આવી મળે છે. મનુષ્યને કર્મ અનુસાર રોગ થાય છે અને આરોગ્ય પણ કર્મ પ્રમાણે મળે છે. માટે રાજન્! કર્મ સૌથી બળ-વાન છે. શ્રુતિમાં પણ એમ કહ્યું છે.'

કહીને દેવી ષષ્ઠીએ મૃત બાળકને ભુમિ પરથી લઇને પોતાની યોગશકિતથી રમત માત્રમાં પુનઃ જીવતો કર્યો. રાજાએ જોયું તો સૂર્ય જેવી પ્રભાવાળો તેજસ્વી બાળક

હતો એટલામાં દેવી દેવસેના ત્યાં પ્રકટ થયાં. રાજા તેમની આજ્ઞા લઇ પોતાના સજીવન થયેલા બાળકને લઇ જવા તૈયાર થયો ત્યારે દેવીએ રાજાને કહ્યું :

'હે પ્રિયવ્રત ! તું સ્વાયંભુવ મનુનો પુત્ર છે, તારું ત્રણે લોકમાં રાજ્ય છે, તો સર્વત્ર મારી પૂજા કરાવ અને તું પોતે પણ મારી પૂજા કર. એથી હું તને સોહામણો પુત્ર આપીશ, જે સુવ્રત નામથી વિખ્યાત થઇ પ્રભુ નારાયણનો કલાવતાર તથા મહાયોગી થશે. એને પૂર્વ જન્મની બધી વાતોનું સ્મરણ રહેશે. ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ તે બાળક આગળ જતાં સો અશ્વમેધયજ્ઞ કરશે. બધા એને માન-પાન આપશે, તે ધની, ગુણી, યોગીઓ, જ્ઞાનીઓ તેમ જ તપસ્વીઓમાં પ્રશંસા-પાત્ર થશે. ત્રણે લોકમાં એની કીર્તિ--યશ ફેલાશે, તે મોટો દાની થવાથી સર્વને સંપત્તિનું દાન કરશે.'

એમ કહી ભગવતી દેવસેના પ્રિય-વ્રતને તેનો પુત્ર આપવા લાગ્યા ત્યારે રાજાએ સર્વત્ર એમની પૂજા કરાવવાની વાત સ્વીકારી લીધી. તે પછી દેવી દેવસેના તુરત જ ત્યાંથી સ્વર્ગ પ્રત્યે ચાલ્યા ગયાં.

પ્રિયવ્રત રાજા પણ પુત્રને લઇને ગયો, સર્વને સઘળી હકીકત કહી સંભળાવી. એ સાંભળનારાં સ્ત્રી–પુરુષો ઘણો આનંદ પામ્યા, બીજા જ દિવ-સથી રાજાએ પુનઃ પુત્રની પ્રાપ્તિ માટે રાજ્યભરમાં માંગલિક કાર્યો શરૂ કરાવ્યાં.

પોતે ભગવતીની શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રેષ્ઠ પૂજા કરી બ્રાહ્મણોને દાનમાં ઘણું આપ્યું. તે દિવસથી પ્રત્યેક મહિ-નાની શુકલપક્ષની છઠે ભગવતી ષષ્ઠી દેવીનો ઉત્સવ ઠેરઠેર મનાવા લાગ્યો. બાળકનો જે ગૃહમાં પ્રસવ થયો હોય તે ગૃહમાં છઠે દિવસે, એકવીસમાં દિવસે તથા અન્નપ્રાશનના શુભ સમયે ષષ્ઠી દેવીની પૂજા કરાવવા માંડી.

રાજાએ દેવીનો પુત્રપ્રાપ્તિનો મહિમા વધારવા રાજ્યભરમાં સર્વત્ર માંગલિક કાર્યો શરૂ કરાવ્યાં. પોતે પણ ભગવતીની પૂજા કરી બ્રાહ્મણોને દાનમાં ઘણું ધન આપ્યું. ત્યારથી સર્વત્ર ષષ્ઠી દેવીની પૂજા થવા માંડી ને દિવસે....દિવસે ષષ્ઠી દેવીનો મહિમા વધવા લાગ્યો.

હવે હું દેવીનું ધ્યાન, પૂજનવિધિ અને સ્તોત્ર કહું છું, જે વેદની કૌથુમી શાખામાં વર્ણવેલું છે અને મેં તે ધર્મ-દેવના મુખે સાંભળ્યું છે.

મુને ! વિદ્વાન મનુષ્યે શાલિગ્રામની પ્રતિમા, ઘડામાં અથવા મૂળ ભાગમાં અથવા દીવાલ પર પૂતળી બનાવી (તે દેવીનું આવાહન કરી) પ્રકૃતિના છઠ્ઠા અંશથી પ્રકટ થનારાં એ ભગવતીની આ રીતે પૂજા કરવી. અને આ રીતે ધ્યાન કરવું : પ્રકૃતિના છઠ્ઠા અંશરૂપ, પુત્ર આપનારાં, કલ્યાણ તથા દયા આપનારાં દેવી, જગતનાં માતા, શ્વેત ચંપાના પુષ્પ જેવા વર્ણવાળાં, રત્નના

આભૂષણોથી શોભતાં, પવિત્ર રૂપવાળા દેવસેનાની પ્રતિષ્ઠા કરી હું તેમને ભજું છું.' એમ ધ્યાન કરી ભગવતીને પુષ્પાંજલિ આપવી. ફરીથી ધ્યાન કરી મૂલ મંત્રથી એ ઉત્તમ દેવીનું પૂજન કરવું.

પાદ્ય, અર્ધ્ય આચમનીય, ગંધ, પુષ્પ દીપ, વિવિધ પ્રકારનાં ઉત્તમ ફળ વડે ભગવતીની પૂજા કરવી. આમાં 'ૐ હ્રીં ષષ્ઠીદેવ્યૈ સ્વાહા' એ મંત્ર બોલવો. અને આ અષ્ટાક્ષર મહામંત્રનો જપ પણ ભાવિકે પોતાની શક્તિ પ્રમાણે કરવો. તે પછી એકચિત્તે ભક્તિપૂર્વક સ્તુતિ કરી દેવીને પ્રણામ કરવા. ફળ આપનાર આ ઉત્તમ સ્તોત્ર સામવેદમાં કહ્યું છે. જે મનુષ્ય દેવીના આ આઠ અક્ષરવાળા મંત્રનો એક લાખ વાર જપ કરે છે તે અવશ્ય ઉત્તમ પુત્ર પામે છે, એમ બ્રહ્માએ કહ્યું છે. હવે સઘળી શુભ કામનાઓ પૂરનારું અને વેદોમાં ગુપ્ત ગણાતું દેવીનું સ્તોત્ર સાંભળો :

શાંતિરૂપ સિધ્ધરૂપ અને શુભ દેવી દેવસેનાને નમસ્કાર હો. મહાદેવીને નમસ્કાર હો. વર આપનારા તથા ધન આપનારાં ષષ્ઠી દેવીને વારંવાર નમસ્કાર હો. પુત્ર અને ધન આપનારાં મોક્ષપ્રદા ભગવતી ષષ્ઠી દેવીને વારંવાર પ્રણામ હો. મૂલ પ્રકૃતિના છઠ્ઠા અંશથી પ્રકટનારાં સિદ્ધસ્વરૂપા ભગવતી ષષ્ઠી દેવીને નમસ્કાર હો. માયારૂપ સિદ્ધયોગિની, શારદારૂપ એ પરાદેવીને મારા વારંવાર નમસ્કાર હો. બાળકોનાં અધિષ્ઠાત્રી, કલ્યાણ સ્વરૂપા તેમજ કર્મોનાં ફળને આપનારાં ષષ્ઠીદેવીને વારંવાર નમસ્કાર છે. પોતાના ભકતોને પ્રત્યક્ષ થતાં તથા સર્વને માટે સર્વ કાર્યોમાં સર્વને પૂજ્ય સ્વામી કાર્તિકેયનાં પત્ની અને દેવોનું રક્ષણ કરનારાં ષષ્ઠી દેવીને વારંવાર નમસ્કાર. મનુષ્યો જેમને હંમેશાં વંદે છે એ શુદ્ધ સ્વરૂપવાળાં, હિંસા ને ક્રોધથી રહિત ભગવતી ષષ્ઠીદેવીને મારા વારંવાર પ્રણામ હો. ઉત્તમ પ્રકારે પૂજાયેલાં તમે મને ધન આપો. પ્રિય વસ્તુ આપો. વિજય આપો અને મારા શત્રુઓને સંહારો. હે ધર્મ ને યશ આપનારાં ભગવતી ષષ્ઠીદેવીને મારા પ્રણામ હો. ઉત્તમ પ્રકારે પૂજાયેલાં તમે મને ભૂમિ આપો, પ્રજા આપો, વિદ્યા આપો તથા કલ્યાણ તેમજ જય આપો. તમને ષષ્ઠીદેવીને મારા વારંવાર નમસ્કાર હો.

એમ દેવીની સ્તુતિ કર્યા પછી મહારાજા પ્રિયવ્રતે દેવીની કૃપાથી યશસ્વી પુત્ર મેળવ્યો. જે મનુષ્ય ષષ્ઠીદેવીના આ ઉત્તમ સ્તોત્રને એક વર્ષ સુધી ભક્તિથી સાંભળે છે તે જો પુત્ર વગરનો હોય તો દીર્ઘાયુષી સુંદર પુત્ર મેળવે છે. જે મનુષ્ય એક વર્ષ સુધી ભક્તિથી દેવીની પૂજા કરી આ સ્તોત્ર સાંભળે છે તેનાં સમસ્ત પાપો નાશ પામે છે. વાંઝણી પણ એમની કૃપાથી સંતાન પ્રસવ કરવાને યોગ્ય બને છે. તે ભગવતી દેવસેનાની કૃપાથી સ્ત્રી વિદ્વાન, યશસ્વી, દીર્ઘાયુ તેમજ શ્રેષ્ઠ પુત્રની

જનની બને છે. કાકવંધ્યા એકજ સંતાન પામેલી અથવા મૃતવત્સા નારી એક વર્ષ સુધી આ સ્તોત્રના શ્રવણથી ભગવતી ષષ્ઠી દેવીની કૃપાથી એ બાળને રોગ લાગુ પડે તો, તેનાં માતા-પિતા એક મહિના સુધી ભક્તિપૂર્વક આ સ્તોત્ર સાંભળે તો ષષ્ઠી દેવીની કૃપાથી એ રોગ મટી જાય છે. ૭૩

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'ષષ્ઠીદેવીનું આખ્યાન' નામનો ૪૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૭ મો

### મંગલચંડીનું આખ્યાન

**શ્રી નારાયણ ઉવાચ**

**કથિતં ષષ્ઠ્યુપાખ્યાનં-**
**બ્રહ્મપુત્ર યથાગમમ્ ।**
**દેવી મંગલચંડી ચં-**
**તદાખ્યાનં નિશામય ।।**

શ્રી નારાયણ બોલ્યા : 'હે બ્રહ્માપુત્ર નારદ ! શાસ્ત્ર પ્રમાણે મેં તમને ષષ્ઠી દેવીનું ઉત્તમ આખ્યાન કહ્યું. હવે ભગવતી 'મંગલચંડી' નામના જે દેવી છે તેમનું આખ્યાન અને તેમની પૂજાનો વિધિ પણ કહું છું. જે મેં ધર્મદેવના મુખેથી સાંભળ્યો છે. આ વેદસંમત આખ્યાન સઘળા વિદ્વાનોને પણ ઇષ્ટ છે. જે દેવી કલ્યાણ કરવામાં કુશળ છે તે આ 'મંગલચંડી' દેવી સર્વ મંગલોમાં મંગલરૂપ છે તેથી તે મંગલચંડી' નામથી પ્રખ્યાત છે. અથવા પૃથ્વીના પુત્ર મંગલને પણ જે દેવી પૂજ્ય છે તથા જે એમના ઇષ્ટ દેવીરૂપ છે એથી પણ તે દેવી મંગલચંડિકા કહેવાય છે. મનુના વંશમાં મંગલ નામનો એક પ્રતાપી રાજા હતો. સાત દ્વીપ સુધીની પૃથ્વીનું તે રાજ્ય કરતો હતો, એણે આ દેવીનું પૂજન કર્યું હતું તેથી એ દેવી મંગલચંડી કહેવાયાં છે. જે મૂલપ્રકૃતિ ભગવતી જગદીશ્વરી 'દુર્ગા' કહેવાય છે. તેમનું જ આ રૂપાંતર છે કૃપારૂપે એ દેવી સર્વના આગળ પ્રકટયાં છે તે સ્ત્રીઓનાં ઇષ્ટદેવી અને પ્રત્યક્ષ કૃપારૂપ ઇશ્વરી છે.

સૌ પહેલાં ભગવાન શંકરે આ સર્વશ્રેષ્ઠ દેવીને પૂજ્યાં હતાં. હે નારદ ! ત્રિપુરાસુર નામના દૈત્યનો નાશ કરતી વેળાનો આ પ્રસંગ છે. ભગવાન શંકર એક વેળા મોટા સંકટમાં આવી પડયા હતા. કોઇ દૈત્યે ક્રોધે ભરાઈ એમના વિમાનને યુદ્ધ પ્રસંગે આકાશમાંથી નીચે પાડી નાખ્યું હતું. ત્યારે બ્રહ્મા અને વિષ્ણુએ એમને દુર્ગાદેવીને આરાધવાની પ્રેરણા કરી. અને એમના ઉપદેશને માન આપી ભગવાન શંકરે ભગવતી દુર્ગાની સ્તુતિ કરી હતી ત્યારે દેવી મંગલચંડીરૂપે પ્રકટયાં હતાં. માત્ર સ્વરૂપ બદલ્યું હતું. તે દેવી ભગવાન શંકરને કહેવા લાગ્યાં, 'પ્રભો ! તમારે હવે ભય ત્યજી દેવાનો. સ્વયં ભગવાન શ્રીવિષ્ણુ વૃષભરૂપે તમારી આગળ આવશે અને હું યુદ્ધશક્તિ બની તમને સહાયરૂપ થઇશ. પછી મારી અને શ્રી વિષ્ણુની મદદથી તમે દેવોને પદભ્રષ્ટ કરનારા એ દાનવને, જે તમારો ઘોર દુશ્મન છે તેને હણી શકશો. હે મુનિવર્ય !' એમ કહી ભગ-

વતીદેવી અંતર્ધાન થઇ ગયાં. એ જ વખતે ભગવાન શંકર શક્તિરૂપી દેવીગાળા થઇ ગયા. ભગવાન શ્રીહરિએ તેમને એવું અસ્ત્ર આપ્યું કે એ અસ્ત્રથી જ તેઓ ત્રિપુરાસુરનો વધ કરવા સફળ થયા. પ્રચંડ દૈત્ય મરાયાથી બધા દેવો અને મહર્ષિઓએ પોતાની ડોક નમાવી ભગવાન શંકરની સ્તુતિ કરી. તે વખતે ભગવાન શંકર મસ્તક પર પુષ્પવૃષ્ટિ થવા લાગી. બ્રહ્મા અને વિષ્ણુએ સંતુષ્ટ થઇ તેમને શુભ આશીર્વાદ આપ્યા. પછી વિષ્ણુ તથા શંકરે ઉપદેશેલા ભગવાન શંકર સ્નાન કરીને ભગવતી મંગલચંડીની આરાધના કરવા લાગ્યા. પાદ્ય, અર્ઘ્ય, આચમન, જાતજાતના વસ્ત્ર, પુષ્પ, ચંદન, ભાતભાતના નૈવેદ્ય, વસ્ત્રો, અલંકારો, માળા, મધ, દૂધપાક, પકવાન તથા નાના પ્રકારનાં ફળો દ્વારા ભક્તિપૂર્વક તેમણે દેવીની પૂજા કરી નૃત્ય, ગાન, વાદન અને નામકીર્તન પણ કર્યું.

તે પછી માધ્યંદિની શાખામાં કહેલાં ધ્યાન વડે મૂળ મંત્ર દ્વારા ભગવતી મંગલચંડીનું ભકિતપૂર્વક ધ્યાન કર્યું. તેમણે મૂળમંત્રનો ઉચ્ચાર કરીને જ ભગવતીને સઘળા પદાર્થો અર્પણ કર્યા હતા. તે મંત્ર 'ૐ હ્રીં શ્રીં કલીં સર્વપૂજ્યે દેવિ મંગલચડિકે હું હું ફટ્ સ્વાહા' છે. આ એકવીસ અક્ષરવાળો મૂળ મંત્ર ભકતોને કલ્પવૃક્ષ સમાન છે, આના દશ લાખ જપ કરવાથી તે અવશ્ય સિદ્ધ થાય છે.

મહાદેવે કહ્યું : હે જગતના માતા મંગલચંડિકે ! તમે સમસ્ત વિપત્તિઓને હરનારાં છો તેમ જ હર્ષ તથા મંગલ આપવામાં સદા તત્પર રહો છો. તમે મારું રક્ષણ કરો, હે દેવી ! તમે મંગલદાયિકા, શુભા, મંગલા, મોક્ષરૂપ મંગલને આપનારાં કહેવાવ છો. હે દેવી ! સાધુ પુરૂષોને મંગલ આપવાના સ્વભાવવાળાં તમે સર્વને માટે મંગલનો આશ્રય છો. દરેકને મંગળવારે પૂજ્ય, મંગલ ગ્રહે તમને પોતાની અધિષ્ઠાત્રી દેવી માનેલાં, મંગળવારે તમારી પૂજા કરીને શંકર ગયા હતા. એ રીતે શંકરે સર્વ પ્રથમ દેવીને પૂજ્યા, બીજી વાર મંગળ ગ્રહે પૂજ્યા, ત્રીજી વાર મંગળ રાજાએ પૂજ્યા હતા. ચોથી વાર મંગળવારે કેટલીક સુંદર સ્ત્રીઓએ એ દેવીની પૂજા કરી હતી. પાંચમી વાર મંગલ કામનાવાળા ઘણા મનુષ્યોએ તેમનું પૂજન કર્યું. પછી તો વિશ્વેશ શંકરથી પૂજાયેલા તે દેવી પ્રત્યેક વિશ્વમાં સદા પૂજાવા લાગ્યા. મુને ! તે પછી દેવો, મુનિઓ, મનુ અને માનવો બધા જ સર્વત્ર તેમને પુજવા લાગ્યા.

જે મનુષ્ય સાવધાન થઇ ભગવતી મંગલ ચંડિકાના આ મંગલમય સ્તોત્રને સાંભળે છે તેનું મંગલ જ થાય છે અને અમંગલ તેની પાસે ટકી શકતું નથી. એના પુત્ર તથા પૌત્રો દ્વારા તેને પ્રતિદિન મંગલ જ જોવા મળે છે.

શ્રી નારાયણ બોલ્યા : હે બ્રહ્માના પુત્ર ! ષષ્ટીદેવી અને મંગલચંડિકા એમ

બે દેવીઓનું આખ્યાન મેં તમને કહી સંભળાવ્યું. હવે મનસાદેવીનું આખ્યાન જેવું મેં ધર્મના મુખે સાંભળ્યું છે એ રીતે કહું છું. એ ભગવતી કશ્યપઋષિના માનસી કન્યા છે તેથી જ 'મનસા' કહેવાય છે. તે દેવી મન સાથે જ રમ્યા કરે છે.

એ વૈષ્ણવી દેવી ત્રણ યુગ ભગવાન શ્રીકૃષ્ણનું તપ કરીને યોગસિદ્ધિ થયાં. ગોપીઓના પતિ પરમ પ્રભુ એ પરમેશ્વરે મનસા દેવીના વસ્ત્ર અને શરીરને તપ કરવાને લીધે જીર્ણ થઈ ગયેલાં જોઈ એમનું 'જરત્કારૂ' નામ પાડ્યું. સાથે સાથે એમની ઇચ્છિત અભિલાષાઓ પણ પૂરી કરી, સર્વ સ્થળે એમની પૂજાનો પ્રચાર કર્યો. સ્વર્ગમાં પુજાયા પછી તે નાગલોકમાં ગયાં, ત્યાંથી બ્રહ્મ લોકમાં ગયાં અને ત્યાંથી પૃથ્વી પર ગયાં. મનને મુગ્ધ કરનારાં ધોળા રંગના એ સુંદરી 'ગૌરી' નામથી જગતમાં હંમેશાં પૂજાવા લાગ્યાં, એથી તેઓ 'જગદ્ગૌરી' નામથી વિખ્યાત થઈ સન્માન પામ્યાં. વળી તે દેવી ભગવાન શિવનાં શિષ્યા હોઈ, તેમની પાસે શિક્ષા મેળવવાથી તે 'શૈવી' કહેવાય છે. ભગવાન વિષ્ણુનાં એ અનન્ય ઉપાસિકા હોવાથી લોકો એમને 'વૈષ્ણવી' કહે છે. પરીક્ષિતના પુત્ર રાજા જનમેજયના યજ્ઞમાં એમના પ્રયત્નથી નાગોના પ્રાણ બચ્યા હતા એથી તેમનું નામ 'નાગેશ્વરી' ને 'નાગભગિની' એવું પડી ગયું. વળી ઝેર દૂર કરવામાં તે સમર્થ હોવાથી તે 'વિષહરી' નામથી પ્રસિદ્ધ થયાં. મહાદેવ પાસેથી તેમને સિદ્ધિયોગ મળેલો તેથી 'સિદ્ધિયોગિની' કહેવાયાં. તેમ જ યોગ સિદ્ધિથી મરેલાંને જીવાડવાની વિદ્યા મેળવવાથી વિદ્વાનો એમને 'મૃત-સંજીવિની' તથા 'મહાજ્ઞાનયુતા' પણ કહે છે. એ પરમ તપસ્વીની દેવી 'આસ્તીક' મુનિની માતા છે એથી જગતમાં 'આસ્તીકમાતા' નામથી પણ પ્રસિદ્ધ થયાં.

મુનિશ્રેષ્ઠ જરત્કારૂએ પછી એમને પત્નીરૂપે સ્વીકાર્યાં એથી તેઓ 'જરત્કારૂપ્રિયા' નામથી વિખ્યાત થયાં. જરત્કારૂ, જગદ્ગૌરી, મનસા, સિદ્ધયોગિની, વૈષ્ણવી, નાગભગિની, શૈવી, નાગેશ્વરી, જરત્કારૂપ્રિયા, આસ્તીકમાતા, વિષહરી અને મહાજ્ઞાનયુતા.....આ ૧૨ નામોથી સમસ્ત વિશ્વ એમને પૂજે છે. જે પુરૂષ પૂજન વખતે આ બાર નામોનો પાઠ કરે છે તેને તથા તેના વંશજોને પણ સર્પનો ભય રહેતો નથી.

જે ઠેકાણે શયન-સ્થાનમાં અથવા ભવનમાં નાગો રહેતા હોય એ સ્થાનમાં આ સ્તોત્રનો પાઠ કરનાર પુરૂષ હંમેશ માટે સર્પના ભયથી છુટે છે. હંમેશાં પાઠ કરનારને જોતાં જ ઘરમાં સર્પ હોય તો તે નાસી જાય છે. જે મનુષ્ય દશ લાખવાર આ સ્તોત્રનો પાઠ કરે તેને મંત્ર સિદ્ધ થાય છે. અને આ સ્તોત્રને સિદ્ધ કરનાર પોતે વિષ આરોગવા માટે તથા નાગોને આભુષણ

બનાવી નાગો ઉપર સવારી કરવામાં પણ સમર્થ થાય છે. તે નાગરૂપ આસન વાળો, નાગરૂપ શય્યાવાળો તથા મહાન સિદ્ધ થઇ છેવટે ભગવાન વિષ્ણુની સાથે દિવસ–રાત આનંદ કરવાનું સૌભાગ્ય મેળવે છે. ૫૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'મંગલ–ચંડીનું આખ્યાન' નામનો
૪૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૮ મો

### મનસા દેવીનું આખ્યાન

નારાયણ ઉવાચ

મત્તઃ પૂજાવિધાનં ચ શ્રુયતાં મુનિપુંગવ ।
ધ્યાનં ચ સામવેદોક્તં-
પ્રોક્તં દેવ્યા વિધાનકમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા: હે મુનિવર્ય, હવે હું મનસા દેવીનું સામવેદમાં કહેલ પૂજાવિધિ તથા ધ્યાન કહું છું: 'દેવી ભગવતી–મનસા શ્વેત ચંપાના પુષ્પ જેવા વર્ણવાળાં, રત્નજડિત્ર આભુષણોથી શોભતાં, શુદ્ધ ઉત્તમ વસ્ત્ર પહેરેલાં સર્વોપરૂપી શ્રેષ્ઠ જનોઇવાળાં, વિખ્યાત, જ્ઞાનીઓમાં પણ અગ્રેસર ગણાતાં, સિદ્ધપુરૂષોના અધિષ્ઠાત્રી અને સિદ્ધિ આપનારાં દેવી ભગવતી–મનસાને હું ઉપાસુ છું.' એવું ધ્યાન કરી મૂળમંત્રથી ભગવતીની પૂજા થાય છે તે બધા જ ઉપચારો મૂળમંત્ર બોલીને કરવા. હે મુને! 'ૐ હ્રીં શ્રીં ક્લીં ઐં મનસા દેવ્યૈ સ્વાહા' આ મંત્ર સિદ્ધ થવાથી ભક્ત પુરૂષોના મનોરથો પૂરા કરવામાં એક કલ્પવૃક્ષ સમાન બને છે. આ મંત્રનો પાંચ લાખવાર જપ કરવાથી આ મંત્ર સિદ્ધ થાય છે અને એને માટે ઝેર પણ અમૃત સમાન થઇ જાય છે.

બ્રહ્મન્ ! જે પુરૂષો સંક્રાંતિને દિવસે સ્નાન કરી ભક્તિથી આ દેવી ભગવતી–મનસાનું આવાહન કરી પૂજન કરે છે તથા પાંચમે મનથી ધ્યાન કરી એમને બલિ આપે છે તે ધનવાન, પુત્રવાન અને કીર્તિમાન બને છે. હે મહાભાગ! આ રીતે મેં પૂજાવિધાન કહ્યું. હવે ધર્મના મુખે સાંભળેલું આખ્યાન કહું છું:

પ્રાચીન સમયમાં સારૂં યે ભુમંડળ નાગ–સર્પોથી ઉભરાઇ ગયું હતું એથી બધા મુનિ કશ્યપને શરણે ગયા. કશ્યપ પણ એ જાણી ભયભીત થઇ ગયા પણ સ્વસ્થ થયા પછી બ્રહ્માના સહયોગથી એમણે મંત્રો રચ્યા. એમાં બ્રહ્મા ઉપદેષ્ટા હતા. વેદબીજ પ્રમાણે મંત્રો રચ્યા. સાથે સાથે બ્રહ્માએ મનથી એક સુંદરી ઉત્પન્ન કરી આ દેવીને મંત્રની અધિષ્ઠાત્રી બનાવી. તપ તથા મનથી પ્રકટવાને લીધે એ દેવી 'મનસા' નામથી પ્રખ્યાત થયાં. કૌમાર્ય અવસ્થામાં જ કૈલાસમાં જઇ ભક્તિથી ચન્દ્રશેખર ભગવાનની તેમણે દેવતાઇ એક હજાર વર્ષ સુધી ઉપાસના કરી. તે પછી આશુતોષ ભગવાન શંકરે તેમની ભક્તિથી પ્રસન્ન થઇ તેમને જ્ઞાન આપ્યું. સામવેદ ભણાવ્યો ને ભગવાન શ્રીકૃષ્ણના કલ્પવૃક્ષ જેવા અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો.

એ મંત્રમાં પ્રથમ લક્ષ્મીબીજ, માયા બીજ ને કામબીજનો પૂર્વમાં પ્રયોગ કરી 'કૃષ્ણ' શબ્દને અંતે ચોથી વિભક્તિ નમઃ પદ સાથે જોડવાથી 'શ્રીં હ્રીં ક્લીં કૃષ્ણાય નમઃ' આમ અષ્ટાક્ષર મંત્ર પ્રભુ શંકરની કૃપાથી મનસાને મળ્યો, પછી ત્રૈલોકય મંગલ નામક કવચ ને વેદમાં કહેલો પૂજનનો ક્રમ, સર્વસંમત વેદમાન્ય પુરશ્ચરણનો ક્રમ પણ બતાવ્યો. આમ મંત્ર પ્રાપ્ત થયા પછી તે મુનિપુત્રી શંકરની આજ્ઞા લઇ પુષ્કર ક્ષેત્રમાં તપ કરવા માટે ગયા હતા અને ત્યાં ત્રણ યુગ સુધી ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના કરવાથી તેમને તપશ્ચર્યામાં અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થઇ અને તેથી પ્રસન્ન થઇ ભગવાન શ્રીકૃષ્ણે પ્રત્યક્ષ દર્શન આપ્યાં.

એ વેળા તપથી ખૂબ દુર્બળ થયેલી દેવી પર ભગવાને કૃપાદ્રષ્ટિ કરી પ્રથમ બીજા પાસે તેમનું પૂજન કરાવ્યું અને પોતે પણ કર્યું અને વરદાન આપ્યું કે 'દેવી તમે જગતમાં પૂજાઓ.' એમ તપસ્વીની મનસાને વરદાન આપી શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થઇ ગયા.

આ રીતે સૌ પ્રથમ મનસા દેવીને ભગવાન શ્રીકૃષ્ણે પૂજ્યાં હતા. ત્યારબાદ મહાદેવ, કશ્યપ, દેવતા, મુનિ, મનુ, નાગ તેમજ મનુષ્ય વગેરેથી ત્રણેલોકમાં શ્રેષ્ઠ વ્રતનું પાલન કરનારાં આ દેવી પૂજાયાં. પછી કશ્યપે તેમને જરત્કારુ મુનિ સાથે પરણાવ્યાં. તે જરત્કારુ મુનિ પણ વિવાહ કર્યા પછી સુખભોગ ત્યજી વનમાં જઇ તપ કરવા લાગ્યા. એક દિવસ તેઓ પુષ્કર ક્ષેત્રમાં વડના ઝાડ નીચે તેમની પત્ની જરત્કારુના ખોળામાં માથું રાખી સુઇ ગયા હતા એટલામાં સાયંકાળ થતાં સૂર્ય અસ્તાચળે જવા લાગ્યો. એ જોઇ પરમસાધ્વી પતિવ્રતા મનસાએ મનમાં વિચાર્યું : 'દ્વિજો માટે નિત્ય સાયંસંધ્યા કરવાનું વિધાન છે. જો મારા પતિ આમ ઊંઘતા રહેશે તો એમને પાપ લાગશે; કેમકે જે મનુષ્ય પ્રાતઃ અને સાયંસંધ્યા યોગ્ય સમયે કરતો નથી તે અપવિત્ર થઇ પાપનો ભાગી બને છે.' આમ વિચારી મનસાએ પોતાના પતિ મુનિને જગાડયાં. એથી તપ ભંગ થવાથી મુનિ એકદમ ક્રોધે ભરાઇને બોલ્યા : 'સાધ્વી! મારી નિદ્રા તમે કેમ બગાડી? જે સ્ત્રી પોતાના સ્વામીની આમન્યા જાળવતી નથી, તેના પર અપકાર કરે છે તેના વ્રત, તપ, ઉપવાસ અને દાન વગેરે સર્વ કાર્યો નિષ્ફળ જાય છે. સ્વામીનું અપ્રિય કરનારી સ્ત્રીને કોઇ પણ સત્કર્મનું ફળ મળતું નથી. જેણે પોતાના પતિને પૂજ્યા છે તેણે માનો કે સાક્ષાત્ શ્રીકૃષ્ણને પૂજ્યા છે એમ માનવું. પતિવ્રતાના વ્રત માટે સ્વયં ભગવાન શ્રીહરિ તેના પતિરૂપે થયા હોય છે. સર્વ દાન, સર્વ યજ્ઞ, તીર્થ સેવન, વ્રત, તપ, ઉપવાસ, ધર્મ, સત્ય અને દેવપૂજા—એ બધા સ્વામીની સેવાના સોળમા અંશને પણ પહોંચતા નથી. જે સ્ત્રી ભરતખંડ જેવા પુણ્ય-

ક્ષેત્રમાં નિશદિન ખંતથી પતિની સેવા કરે છે તે પોતાના સ્વામી સાથે વૈકુંઠમાં જઇ શ્રીહરિચરણને પામે છે. જે સત્કુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી પોતાના પતિથી પ્રતિકુળ–વિરૂધ્ધ આચરણ કરે છે તથા તેને વારંવાર કડવાં વચન કહે છે તે કુંભીપાક નામના નરકમાં પડીને સૂર્ય–ચન્દ્રના અવધિ સુધી રહે છે. તે પછી પૃથ્વી પર ચાંડાલને ઘેર જન્મ લઈ પતિ–પુત્રના સુખથી વંચિત રહે છે.' એમ કહી તે મુનિશ્રેષ્ઠ બોલતા બંધ થયા ત્યારે સાધ્વી મનસા ભયથી કંપતી કંપતી પોતાના પતિદેવને કહેવા લાગી: 'હે ઉત્તમ વ્રતધારી મહાભાગ! આપની સંધ્યા લોપ ન થઇ જાય એ ભયથી મેં આપની નિદ્રાનો ભંગ કર્યો એ મારો અવશ્ય દોષ છે, છતાં મારા પર દયા રાખો.' એમ કહી મનસા દેવી ભક્તિથી પોતાના સ્વામી જરત્કારૂનાં ચરણોમાં પડયાં ને ભયને લીધે ચોધાર આંસુએ રડવા લાગ્યાં. એ વખતે ક્રોધે ભરાયેલા મુનિ સૂર્યને પણ શાપ દેવા તૈયાર થઇ ગયા. એમનો ક્રોધ જોઇને સ્વયં ભગવાન સૂર્યદેવ સંધ્યાને સાથે લઇ ત્યાં આવી ભય પામતાં વિનયપૂર્વક જરત્કારૂ મુનિને યથાર્થ વચન કહેવા લાગ્યાં: 'ભગવાન! આપ ઘણા શક્તિશાળી અને નિત્ય કર્મમાં ચૂસ્ત રહેનારા બ્રાહ્મણ છો. સંધ્યાનો સમય જોઇ ધર્મનો નાશ થવાના ભયથી આપની ધર્મપત્નીએ આપને જગાડયા છે. માટે એને ક્ષમા કરો. હું આપને શરણે આવ્યો છું. મને શાપ આપવા આપ યોગ્ય નથી. બ્રાહ્મણોનાં હૃદય સદા માખણની જેમ નરમ અને કુણા હોય છે.

સુર્યના વચન સાંભળી મુનિશ્રેષ્ઠ જરત્કારૂ પ્રસન્ન થયા. પછી એમના આશીર્વાદ લઇ સુર્ય પોતાના ધામમાં ચાલ્યા ગયા. જરત્કારૂએ પરણતી વેળા પ્રતિજ્ઞા કરેલી કે મારી પત્ની જો મારી આજ્ઞા નહિ પાળે તો હું તેનો ત્યાગ કરીશ. એ પ્રતિજ્ઞાના પાલન માટે એ પતિવ્રતા દેવી મનસાનો જરત્કારુ મુનિએ ત્યાગ કર્યો. આથી દેવી રડતાં રડતાં શ્રીહરિને સ્મરવા લાગ્યાં. એટલે તરત જ ગોપીપતિ શ્રીકૃષ્ણ, પરમાત્મા શંકર, બ્રહ્મા ને કશ્યપ મુનિ ત્યાં આવ્યા. ભગવાન શ્રીકૃષ્ણને જોઇ મુનિ તેમને વારંવાર પ્રણામ કરી એમની સ્તુતિ કરવા લાગ્યા. પછી ભગવાન શંકર, બ્રહ્મા ને કશ્યપને પણ નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા, પછી પૂછ્યું 'હે દેવતાઓ! આપ સર્વે અહીં કયા પ્રયોજનથી પધાર્યા છો?' આ સાંભળી સર્વે દેવોની વતી બ્રહ્મા કહેવા લાગ્યા: 'મુને! તમારી આ ધર્મપત્ની મનસા તો પરમ સાધ્વી તેમજ ધર્મમાં પૂર્ણ રાગવાળી છે. તમે એને સાધારણ ભુલ માટે જો ત્યજી દેવા ઇચ્છતા હોય તો પહેલાં એને કોઇ સંતાનની માતા બનાવો, જેથી તેના સહારે જીવીને તે પોતાના ધર્મનું પાલન કરી શકે. સંતાન થયા બાદ સ્ત્રીને ત્યજી દેવાથી

દોષ લાગતો નથી.

બ્રહ્માની વાત યોગ્ય લાગવાથી મુનિવર્ય જરત્કારુએ મંત્રોચ્ચાર વડે યોગબળથી પત્નીની નાભિને સ્પર્શ કરી કહ્યું: આ ગર્ભથી તને જે પુત્ર થશે તે જિતેંદ્રિય, પુરૂષોમાં ઉત્તમ, ધાર્મિક વૃત્તિવાળો બ્રહ્મજ્ઞાની, તેજસ્વી, તપસ્વી, યશસ્વી, સદ્‌ગુણી, વેદવેત્તાઓ, જ્ઞાનીઓ અને યોગીઓમાં મુખ્ય વિષ્ણુભક્ત તથા પોતાના કુળનો ઉદ્ધારક થશે.

સાધ્વી! તું તારા શ્રેય માટે નિરંતર ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના કર. એમની ઉપાસનાથી સારાંયે કર્મનાં બંધન તરત કપાઇ જાય છે. પ્રિયે! મેં જે ક્રોધ કરી તને ત્યજી દીધી છે એ મારા અપરાધને ક્ષમા આપ; કેમકે સાધ્વી સ્ત્રીઓ હંમેશાં ક્ષમાપરાયણ હોય છે. સત્ત્વગુણને લીધે એનામાં ક્રોધ–રોષ રહેતો નથી. દેવી! હવે તપ કરવા માટે પુષ્કરક્ષેત્રમાં હું જઉં છું. તું પણ હવે અહીંથી સુખેથી જઇ શકે છે; કારણ કે નિઃસ્પૃહ પુરૂષો માટે મુખ્ય ને ઉત્તમ કર્તવ્ય ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળોની સેવામાં જોડાઇ જવું એ જ છે.

મુનિવર્ય જરત્કારુનું કહેવું સાંભળી દેવી મનસાને બહુ કલેશ ઉપજ્યો. તે પોતાના પતિને કહેવા લાગી : પ્રભો! મેં આપની નિદ્રા બગાડી એમાં કોઇ મારો દોષ નથી કે, જેથી આપ મને ત્યજી દો છો? મારી આપને નમ્ર પ્રાર્થના છે કે જ્યાં હું આપને યાદ કરૂં ત્યાં મને દર્શન આપવાની કૃપા કરજો. પતિવ્રતા સ્ત્રીઓ માટે પતિ એ સો પુત્રો કરતાં પણ અધિક પ્રિયવસ્તુ છે. પતિ જ સ્ત્રીઓને હંમેશાં હરેક પ્રકારે પ્રિય હોય છે. તેથી વિદ્વનો પતિને 'પ્રિય' કહે છે.

કૃપાસાગર મુનિ જરત્કારુએ પ્રેમવશ બની થોડીવાર માટે તેને પોતાના ખોળામાં લઇ લીધી, પછી મુનિનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી, તેથી મનસા દેવી પણ પતિનો વિયોગ થવાના ભયથી તેમના ખોળામાંથી ઊઠયાં નહિ અને તે પણ આંસુ વહાવવા લાગ્યાં. પછી બન્ને જ્ઞાન દ્વારા શોકથી મુક્ત થયાં. તે પછી કેટલીકવાર પછી મુનિવર્ય જરત્કારુ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણ–કમળોનું વારંવાર સ્મરણ કરતા ઊભા થયાં અને પોતાની પ્રિય પત્ની મનસાને સમજાવી તપ કરવા માટે એકાંત સ્થાનમાં ચાલ્યા ગયા.

દેવી મનસા પણ કૈલાસ પર જઇ પોતાના ગુરુ ભગવાન શંકરના ભવનમાં ચાલી ગઇ. શોકથી વ્યાકુળ તેને શિવપ્રિયા પાર્વતીએ ઘણી રીતે સમજાવી અને ભગવાન શંકરે પણ તેને ઉત્તમ જ્ઞાન આપ્યું. પછી એક સમયે મંગળવારે શુભ યોગમાં મનસાને પુત્ર જન્મ્યો જે નારાયણનો અંશ અને યોગીઓ તેમજ જ્ઞાનીઓનો પણ ગુરુ હતો. ગર્ભવાસમાં જ તેને ભગવાન શંકરના મુખથી જ્ઞાન મળ્યું હતું. એથી એ બાળક યોગી તથા યોગીઓના ગુરુ થવાનો અધિકારી બન્યો. ભગવાન શંકરે એના જાતકર્મ

અને નામકરણ વગેરે ઉત્તમ સંસ્કાર કરાવ્યા. વેદ અને શાસ્ત્ર મુજબ ઘણાં સુવર્ણમણિ, રત્ન ને કિરીટ બ્રાહ્મણોને દાનમાં આપ્યાં.

દેવી પાર્વતીએ પણ અસંખ્ય ગાયો અને વિવિધ રત્નો બ્રાહ્મણોને વહેંચ્યાં. ભગવાન શિવ પોતે એ બાળકને હંમેશાં વેદ અને વેદાંગ ભણાવતા હતા. સાથે મૃત્યુંજયનું શ્રેષ્ઠ જ્ઞાન પણ આપ્યું-એમની કૃપાથી બાળકમાં ગુરુ પ્રત્યે અપાર શ્રદ્ધા ઉત્પન્ન થઇ. પિતા અસ્ત થવાના સમયે (અવસાન પામવાના અવસરે) પુત્રની ઉત્પત્તિ થઇ એથી એ પુત્રનું નામ 'આસ્તિક' પાડયું.

મુનિવર્ય જરત્કારૂ એ જ વેળાએ પરમાત્મા શંકરની આજ્ઞા મેળવી ભગવાન વિષ્ણુના તપ માટે પુષ્કર–ક્ષેત્રમાં ચાલ્યા ગયા હતા. એ તપોધન મુનિએ ભગવાન શ્રીકૃષ્ણનો મહામંત્ર મેળવી તેનો જપ કરતાં લાંબા સમય સુધી તપ કર્યું. પછી તેઓ ભગવાન શંકરને પ્રણામ કરવા માટે કૈલાસમાં આવ્યા ને તેમને નમસ્કાર કરી થોડોક કાળ ત્યાં રહી ગયા. તે વખતે તે બાળક પણ ત્યાં હતો. પછી ઉદાર મનવાળી મનસા બાળકને સાથે લઇ પોતાના પિતા કશ્યપને ત્યાં ગઇ. એ પુત્રવતી કન્યાને જોઇ પ્રજાપતિ કશ્યપ ઘણાં આનંદિત થઇ ગયા. મુને ! એ શુભ પ્રસંગે તેમણે બ્રાહ્મણોને ઘણું ધન આપ્યું. શિશુના કલ્યાણ માટે અસંખ્ય બ્રાહ્મણોને જમાડયા. હે પરંતપ ! કશ્યપની દિતિ–અદિતિ તથા બીજી પત્નીઓને પણ ઘણો આનંદ થયો. એમની કન્યા મનસા પોતાના પુત્ર સાથે ઘણો સમય એ આશ્રમમાં રહી હવે એનું આખ્યાન વિસ્તૃત કહું છું તે આપ ધ્યાનથી સાંભળો.

તે પછી અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજાને બ્રાહ્મણનો શાપ લાગ્યો. બ્રહ્મન્ ! દુર્દૈવની પ્રેરણાથી રાજાથી એવું કર્મ થઇ ગયું કે, પરીક્ષિત એકદમ શાપનો ભોગ થઇ ગયો. બ્રાહ્મણના પુત્રે તેમને શાપ આપતાં કહ્યું કે 'એક અઠવાડિયું પૂરું થતાં જ તક્ષક સર્પ તને કરડશે.' તે મુજબ તક્ષક સાતમા દિવસે પરીક્ષિત રાજાને કરડયો. રાજા પોતાનું શરીર ત્યજી યમલોકમાં ચાલ્યા ગયા. તેના પુત્ર જનમેજયે તેના મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો, તે પછી તેને સર્પયજ્ઞ યોજ્યો તે યજ્ઞમાં સાપનાં ટોળાંનાં ટોળાં યજ્ઞકુંડમાં હોમાવા લાગ્યાં. એ જોઇ પોતાની જાતિનું નિકંદન નીકળતું જોઇ તક્ષક નાગ ભયથી ગભરાઇને ઇન્દ્ર રાજાના શરણે ગયો. ત્યારે બ્રાહ્મણો ઇન્દ્ર પાસેથી તક્ષકને લઈ હોમવા તૈયાર થયા. એટલે ઇન્દ્ર સાથે દેવોએ મનસા દેવી પાસે જઈ તેમની સ્તુતિ કરી તેના ફળરૂપે મુનિ આસ્તિકે જનમેજયના સર્પયજ્ઞમાં પધારી તક્ષકના પ્રાણની યાચના કરી. બ્રાહ્મણોની આજ્ઞાથી લાગણીવશ બનેલા રાજાએ અભય આપ્યું પછી યજ્ઞની

પૂર્ણાહુતિ કરવામાં આવી. બ્રાહ્મણોને યજ્ઞની દક્ષિણા આપી સંતુષ્ટ કર્યા. તે પછી બ્રાહ્મણ, દેવ અને મુનિ બધા એ મનસા દેવી પાસે ગયા પછી દરેકે જુદી જુદી તેમની પૂજા કરી સ્તુતિ કરી, ઇન્દ્રરાજાએ પવિત્ર થઇ ઉત્તમ સામગ્રીઓ દ્વારા મનસા દેવીનું પૂજન કર્યું.

ત્યાર પછી તે ભક્તિથી હંમેશાં પૂજન કરવા લાગ્યો. એમ ષોડશોપચાર પૂજન કરી બ્રહ્મા, વિષ્ણુ અને શિવની આજ્ઞાથી સંતુષ્ટ થઇ બધા દેવો પોત–પોતાના ધામમાં ચાલ્યા ગયા.

હે મુને! મેં તમને આ રીતે તમારે જાણવા યોગ્ય સઘળી કથાઓ કહી. હવે આગળ તમે બીજું ખાસ શું સાંભળવા ઇચ્છો છો?

નારદે પૂછ્યું: પ્રભો! તે સમયે દેવરાજ ઇન્દ્રએ કયા સ્તોત્રથી મનસા દેવીની સ્તુતિ કરી હતી? કઇ વિધિથી મનસા દેવીનું પૂજન કર્યું હતું? તે વૃત્તાંત હું સાંભળવા ઇચ્છું છું.

શ્રી નારાયણ બોલ્યા: હે નારદ! દેવરાજ ઇન્દ્રએ સારી રીતે સ્નાન કરી પવિત્ર થઇ આચમન લઇ બે ધોયેલાં વસ્ત્ર પહેર્યાં પછી તેણે મનસા દેવીને રત્ન–સિંહાસન પર ભક્તિપૂર્વક પધરાવી સ્વર્ગના જળને રત્નમય કળશમાં લઇ વેદ–મંત્રોના ઉચ્ચાર પૂર્વક દેવીને સ્નાન કરાવ્યું. બે અગ્નિશુદ્ધ વસ્ત્ર પહેરાવ્યાં. દેવીનાં સર્વાંગે ચંદન લગાવ્યું, ભક્તિથી પાદ્ય અને અર્ઘ્ય આપ્યાં.

એ રીતે પ્રથમ ઇન્દ્ર રાજાએ ગણેશ, સૂર્ય, અગ્નિ, વિષ્ણુ, શિવ અને ગૌરી એ છ દેવોનું પૂજન કર્યા પછી મનસા દેવીનું પૂજન કર્યું હતું. 'ૐ હ્રીં શ્રીં મનસા દેવ્યૈ સ્વાહા' એ દશ અક્ષરોવાળો મંત્ર બોલી યથોચિત રૂપથી પૂજનની બધી સામગ્રી દેવીને અર્પણ કરી. એ રીતે સોળ પ્રકારની દુર્લભ વસ્તુઓ ઇન્દ્રએ સેવામાં અર્પણ કરી. ત્યાર બાદ ભગવાન વિષ્ણુની પ્રેરણાથી ઇંદ્રએ ભક્તિપુર્વક પુજા કરી. તે સમયે તેણે અનેક પ્રકારનાં વાજાં વગડાવ્યાં. દેવીની આજ્ઞાથી મનસાદેવી ઉપર પુષ્પ-વૃષ્ટિ થવા લાગી. તે પછી બ્રહ્મા, વિષ્ણુ અને શિવની આજ્ઞાથી આંસુ ભરેલા નેત્રોથી રોમાંચિત શરીરવાળા ઇન્દ્રએ દેવી મનસાની સ્તુતિ કરી: હે દેવી! સ્ત્રીઓમાં તમે પતિવ્રતા, સર્વશ્રેષ્ઠ તથા પરાત્પર દેવી છો. હવે હું તમારી સ્તુતિ કરવા ચાહું છું. પરંતુ આ કાર્ય હું કરવા સમર્થ નથી.

'સ્તોત્ર' એટલે ઇષ્ટ દેવના ગુણ–સ્વભાવનું વર્ણન, અને તેમાં જ સાર-તત્ત્વ હોય તે, આવા સ્તોત્રોનું લક્ષણ શ્રુતિ વેદોમાં વર્ણવેલું છે. હું તમારા ગુણોની ગણતરી કરી શકતો નથી. શુધ્ધ સત્ત્વગુણ રૂપ તમારામાં ક્રોધ ને હિંસાનો બિલકુલ અભાવ છે. તે જ કારણથી જરત્કારૂ તમને ત્યજવા સમર્થ ન હતા એટલે તમારી પાસે ક્ષમાની યાચના કરી હતી. મેં મારી માતા અદિતિની જેમ તમને ભાવથી પૂજ્યાં છે. તમે દયા રૂપે

બહેન ને ક્ષમારૂપે માતા છો. હે દેવોના ઇશ્વરી ! તમારી કૃપાથી પુત્ર અને સ્ત્રી સહિત મારા પ્રાણોની રક્ષા થઇ છે, હું તમારી પુજા કરૂં છું, તેથી તમારા પ્રત્યે મારી પ્રીતિ હંમેશા વધતી રહે. હે જગદંબિકે ! તમે સનાતન દેવી છો, સર્વત્ર તમારી નિત્ય પુજા થાય છે તો પણ હું લોકોમાં તમારો મહિમા વધારવા સાથે તમારી પુજાનો પ્રચાર કરી રહ્યો છું. જે ભાવિકો અષાઢ મહિનાની સંક્રાંતિના સમયે નાગપંચમીએ તેમ જ તે માસના અંતિમ દિવસે અથવા દરરોજ ભક્તિપુર્વક તમારી પુજા કરશે એને ત્યાં પુત્ર–પૌત્રની વૃદ્ધિ થશે. એટલું જ નહિ પણ તે યશસ્વી કીર્તિમાન, વિદ્યાવાન ને ગુણવાન થશે. જે અજ્ઞાનને લઇને તમારી પુજાથી વિમુખ થઇ નિંદા કરશે એને ત્યાં લક્ષ્મી રહેશે નહિ, હશે તો પણ જતી રહેશે એને હંમેશાં સર્પોનો ભય રહેશે. તમે સ્વયં સ્વર્ગની લક્ષ્મી છો. વૈકુંઠમાં જે લક્ષ્મી છે તેમના અંશરૂપ તમને 'કમલાલયા' કહે છે. આ મુનિશ્વર જરત્કારુ ભગવાન નારાયણના અંશરૂપ છે. તપ અને તેજમાંથી તમારા પિતાએ તમને મનથી સર્જ્યાં છે અને એમાં અમારી રક્ષા કરવાનો જ હેતુ છે એથી તમે મનસાદેવી કહેવાયાં છો, તમે તમારી શક્તિથી જ યોગસિદ્ધિ મેળવી છે એથી તમે સર્વથી પૂજેલાં અને વંદેલા થાઓ, દેવો તમારી ભક્તિપૂર્વક હંમેશાં પૂજા કરે છે, એથી વિદ્વાનો તમને મનસાદેવી કહે છે. દેવી ! તમે હમેશાં સત્યની ઉપાસના કરો છો એથી 'સત્યસ્વરૂપા' છો. જે હમેશાં તમારું ચિંતન કરે છે તે તમને પામે છે.

દેવી મનસા પણ પોતાના પુત્ર સાથે પિતા કશ્યપના આશ્રમમાં લાંબા કાળ સુધી રહ્યાં. પોતાના ભાઇઓ–દેવતાઓ તેમનું સદા સન્માનપૂર્વક પૂજન કરતા હતા. તે પછી ગોલોકથી સુરભિ (કામધેનુ) ગાય આવી અને પોતાના દૂધથી મનસાને સ્નાન કરાવી પૂજવા લાગી અને સાથે સાથે ગુપ્ત જ્ઞાનોપદેશ પણ કર્યો. તે પછી સુરભિ તથા દેવોથી પૂજાયેલાં દેવી મનસા પુનઃ સ્વર્ગલોકમાં ચાલ્યાં ગયાં. જે મનુષ્ય ઇંદ્રે કહેલા પુણ્યના બીજરૂપ આ સ્તોત્રનો પાઠ કરે છે તે મનસાદેવીના ઉપાસકને તથા તેના કુટુંબીઓને ક્યારેય નાગોનો ભય રહેતો નથી. આ સ્તોત્ર સિદ્ધ કરવાથી મનુષ્યને માટે વિષ પણ અમૃત તુલ્ય થઇ જાય છે. આ સ્તોત્રનો પાંચ લાખ વાર પાઠ કરવાથી એ સિદ્ધ થાય છે પછી મંત્રસિધ્ધ પુરુષ સર્પ ઉપર સૂએ કે બેસે છે તો એના ઉપર સર્પ કોઇ ઉપદ્રવ કરી શકતા નથી. ૧૪૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે 'મનસાદેવીનું આખ્યાન' નામનો ૪૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪૯ મો

### સુરભિનું આખ્યાન

નારદ ઉવાચ

કા વા સા સુરભિર્દેવી ગોલોકાદાગતા ચ યા ।
તજ્જન્મચરિતં બ્રહ્મન્–
શ્રોતુમિચ્છામિ યત્નતઃ ॥

નારદે પૂછ્યું : હે નારાયણ ! ગોલો-

કમાંથી આવેલાં એ સુરભિદેવી કોણ હતાં? હું એમના જન્મ સહિત ચરિત્ર જાણવા ઇચ્છું છું.

શ્રી નારાયણ બોલ્યા : નારદ! દેવી સુરભિ ગોલોકમાં જન્મેલાં છે. તે ગાયોનાં અધિષ્ઠાત્રી દેવી છે. ગાયોનાં માતા તથા સમસ્ત ગાયોમાં મુખ્ય છે. મુને! તેમનો જન્મ પૂર્વે વૃંદાવનમાં થયો હતો, એક સમયે રાધાપતિ ભગવાન શ્રીકૃષ્ણ રાધા સાથે ગોપીઓથી વીંટળાઇને વૃંદાવનમાં ગયા હતા. ત્યાં આરામ કરવા કોઇ એકાંત સ્થાનમાં બેઠા. એવામાં પ્રભુના મનમાં દૂધ પીવાની ઇચ્છા થઇ. તે જ ક્ષણે લીલામાત્રમાં તેમણે પોતાના ડાબા ભાગમાંથી વાછરડા સહિત સુરભિ નામની ગાય ઉત્પન્ન કરી, દૂધાળી ગાયને જોઇ સુદામાએ એક નવીન પાત્રમાં દૂધ દોહ્યું. તે દૂધ જન્મ અને મૃત્યુને દૂર કરનારું એક બીજું અમૃત જ હતું. એ સ્વાદિષ્ટ દૂધને ભગવાન શ્રીકૃષ્ણે આનંદથી પીધું. પરંતુ પીતાં પીતાં હાથમાંથી એ પાત્ર પડી ગયું એટલે ઢળી ગયેલું દૂધ ધરતી ઉપર ફેલાઇ ગયું અને જોતજોતામાં તે ચારે બાજુથી સો સો યોજન પહોળું અને લાંબુ 'ક્ષીરસાગર' નામક સરોવર બની ગયું. આજ સરોવર ગોપીઓ તથા રાધા માટે ક્રીડા સરોવર બન્યું. ત્યાં સર્વ ગોપીઓ ટોળે મળી આવીને નિત્ય મનોરંજન કરવા લાગી. એ સરોવરના ઘાટ રત્નથી મઢેલા હતા. ભગવાન શ્રીકૃષ્ણની ઇચ્છાથી એ જ વખતે ત્યાં એકદમ અસંખ્ય કામધેનુઓ પ્રકટ થઇ અને તે ગાયો જેટલી જ સંખ્યાના ગોવાળિયા સુરભિના રૂંવાડામાંથી નીકળ્યા. પછી એ ગાયોથી અસંખ્ય સંતાનો ઉત્પન્ન થયાં. આ રીતે સુરભિદેવીથી ગાયો ગોવાળોની ઉત્પત્તિ થઇ એમ કહે છે અને એ જ ગાયોથી ચરાચર જગત વ્યાપ્ત છે. ભગવાન શ્રીકૃષ્ણે ત્યારે એ સુરભિનું પૂજન કર્યું હતું. તે પછી ત્રણે લોકમાં એ ગાયમાતાની પૂજાનો મહિમા વધ્યો. દિવાળીને બીજે દિવસે ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી સુરભિની પૂજા થઇ હતી. એ વૃત્તાંત મારા પિતા ધર્મના મુખે મેં જાણ્યું હતું.

દેવી સુરભિનાં ધ્યાન, સ્તવન, મૂળમંત્ર તથા પૂજનવિધિ દરેકે અવશ્ય જાણવા જોઇએ, કારણ કે તે અતિ કલ્યાણકારી છે. તે હું તમને સંભળાવું છું : 'ૐ સુરભ્યૈ નમઃ' આ તેમનો ષડાક્ષર મૂળ મંત્ર છે. આ છ અક્ષરવાળા મંત્રના એક લાખ જપ કરવાથી તે સિદ્ધ થઇ ભક્તો માટે સર્વકામનાઓ પૂરનાર કલ્પવૃક્ષનું કામ કરે છે. તેના ધ્યાન અને પૂજન યજુર્વેદમાં સારી રીતે દર્શાવ્યા છે' 'જે ઋદ્ધિ, તુષ્ટિ, મુક્તિ અને સઘળી કામનાઓ પૂર્ણ કરનારાં છે; જે લક્ષ્મીસ્વરૂપ, શ્રી રાધાનાં સહચરી, ગાયોના અધિષ્ઠાત્રી, ગાયોના આદિજનની, પવિત્ર, ભક્તોના મનોરથો સિદ્ધ કરનારાં છે તથા જેનાથી આ સારું યે વિશ્વ પવિત્ર થયું છે તે ભગવતી સુરભિની હું ઉપાસના

કરું છું. કળશમાં, ગાયના મસ્તકમાં, ગાયો બાંધવાના થાંભલે, શાલિગ્રામની મૂર્તિમાં, પાણી અથવા અગ્નિમાં દેવી સુરભિની ભાવના કરી દ્વિજોએ એમને પૂજવા. દિવાળીને બીજે દિવસે પૂર્વ ભાગના સમયે શ્રધ્ધા–ભક્તિથી તેમની પૂજા કરવી. જે આ રીતે સુરભિદેવીને પૂજશે તે જગતમાં પૂજાશે.

એક વેળા વારાહ કલ્પ ચાલી રહ્યો હતો તેવામાં દેવી સુરભિએ એકાએક દૂધ આપવું બંધ કરી દીધું. તે વખતે ત્રણે લોકમાં દૂધનો અભાવ થઇ ગયો. ત્યારે દેવો ચિંતા કરતા બ્રહ્મલોકમાં ગયા અને બ્રહ્માને સર્વ વૃત્તાંત કહ્યું તો બ્રહ્માએ ઇન્દ્રને સુરભિદેવીએ સ્તુતિ કરવા કહ્યું.

ઇંદ્રે સ્તુતિ કરવા માંડી : કલ્યાણકારી મહાદેવી સુરભિને વારંવાર મારા નમસ્કાર છે. હે જગદંબિકે ! જગતની ગાયોના આદિકારણ તમને વારંવાર મારા પ્રણામ છે. ગાયો ઉત્પન્ન કરનારાં આપને વારંવાર મારા નમસ્કાર છે. સર્વને માટે કલ્પવૃક્ષ રૂપ તથા દૂધ, બુદ્ધિ અને પુષ્ટિ આપવા સદા તત્પર રહેનારાં દેવી સુરભિને વારંવાર નમસ્કાર છે. શુભા, સુભદ્રા અને ગોપ્રદાનામથી શોભતાં દેવીને વારંવાર નમસ્કાર છે. યશ કીર્તિ અને ધર્મ આપનારાં સુરભી દેવીને વારંવાર નમસ્કાર છે.

આ સ્તોત્ર સાંભળતાં જ જગદંબા સુરભિ સંતુષ્ટ થઇ ત્યાં બ્રહ્મલોકમાં જ પ્રકટયાં, પછી ઇન્દ્રને ઇચ્છિત વરદાન આપી ગોલોકમાં જતાં રહ્યાં. ત્યારબાદ દેવો પણ પોતપોતાના સ્થાનોમાં ગયા. વિશ્વમાં જે દૂધનો અભાવ થઇ ગયો હતો તે દુર થયો. દુધમાંથી ઘી બનવા લાગ્યું અને ઘીથી નિત્ય મોટામોટા યજ્ઞો થવા લાગ્યા તેથી હવિષ મળવાથી દેવો સંતુષ્ટ થયા.

જે ભાવિક આ મહા પવિત્ર સ્તોત્રનો ભક્તિપૂર્વક પાઠ કરશે તે ગાયોવાળો, ઘણી સંપત્તિવાળો, યશવાળો અને પુત્રવાળો થશે. બધા જ તીર્થોમાં સ્નાન કરવાનું તથા સમસ્ત યજ્ઞોમાં દીક્ષિત થવાનું સૌભાગ્ય તેને પ્રાપ્ત થશે. એવો ભાગ્યશાળી પુરુષ આ લોકમાં સુખભોગ ભોગવી અંતે ભગવાન શ્રીકૃષ્ણના ધામમાં લાંબા સમય સુધી રહીને ભગવાનની સેવા કરે છે, તેને ફરીવાર આ સંસારમાં આવવાનું રહેતું નથી, પણ તે પ્રજાપતિ બ્રહ્માનો પુત્ર થઇ બ્રહ્મલોકમાં વસે છે. ૩૩

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં નવમ સ્કંધ વિષે
'સુરભિનુ આખ્યાન' નામનો
૪૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫૦ મો

### ભગવતી રાધા તથા દુર્ગાની પૂજાના વિધાન

નારદ ઉવાચ :

શ્રુતં સર્વં સુખાખ્યાનમ્પ્રકૃતીનાંયથાતથમ્ ।
યચ્છ્રુત્વા મુચ્યતે જન્તુર્જન્મસંસારબંધનાત્ ॥

નારદે પુછ્યું : પ્રભો ! જેને સાંભળવાથી જીવાત્મા જન્મ–મૃત્યુના ફેરામાંથી મુક્ત થાય છે, તે પ્રકૃતિનાં સઘળાં યથાર્થ આખ્યાન મેં સાંભળ્યાં. હવે હું ભગવતી રાધા અને દુર્ગાનાં વેદમાં રહેલા

ગુપ્ત રહસ્યને તથા તેમની પૂજાનું વિધાન અને મંત્રનો અનુષ્ઠાન પ્રયોગ સાંભળવા ઇચ્છું છું. હે મુનિશ્વર! આપે એ બંને દેવીઓનો મહિમા વિસ્તારથી મને કહ્યો છે. જેના અંશથી આ સારુંયે જગત વ્યાપ્ત છે, જે સ્થાવર-જંગમ જગત પર શાસન કરે છે તથા જેમની ભક્તિ કરવાથી મુક્તિનો માર્ગ મોકળો થાય છે, ભગવતી રાધા તથા દુર્ગાનું પુજા વિધાન કૃપા કરી કહો.

શ્રી નારાયણ બોલ્યા : હે મુને ! એ વેદમાં વર્ણવેલું ગુપ્ત રહસ્ય હું તમને કહું છું : જગતની ઉત્પત્તિ વખતે મૂળ-પ્રકૃતિ સ્વરૂપિણી ભગવતી ભુવનેશ્વરીથી બે મહા શક્તિઓ પ્રકટ થઇ. શ્રીરાધા ને શ્રીદુર્ગા. રાધા તે શ્રીકૃષ્ણના પ્રાણોની અધિષ્ઠાત્રી દેવી છે અને શ્રી દુર્ગા એમના બુદ્ધિનાં અધિષ્ઠાત્રી છે. એ બન્ને દેવીઓ સમસ્ત વિશ્વને વશમાં રાખે છે અને પ્રેરણા આપે છે. વિરાટ આદિ ચરાચર સમસ્ત જગત એમને આધીન છે. એથી બુદ્ધિમાનોએ રાધા અને દુર્ગાને પ્રસન્ન કરવા માટે નિરંતર એમનું પૂજન તથા ઉપાસના કરવી જોઇએ.

હે નારદ! પ્રથમ હું શ્રી રાધાજીનો મંત્ર કહું છું. એ શ્રેષ્ઠ મંત્રને બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોએ ભાવથી સેવ્યો છે. 'શ્રી રાધા' એ શબ્દના અંતે ચોથી વિભક્તિ જોડી છેવટે 'સ્વાહા' જોડવો. (શ્રીં રાધાયૈ સ્વાહા) આ ભગવતી દેવી રાધાનો છ અક્ષરોવાળો મહામંત્ર ધર્મ અને અર્થનો પ્રકાશક છે, એના પહેલાં માયાબીજ (હ્રીં)નો પ્રયોગ કરવાથી તે રાધાનો ચિંતામણિ મંત્ર કહેવાય છે. (હ્રીં રાધાયૈ સ્વાહા). અસંખ્ય મુખ અને જીભવાળા પણ એ મંત્રનું માહાત્મ્ય વર્ણવી શકતા નથી.

હું હંમેશા એ મંત્રનો જપ કરૂં છું એથી ઋષિ-મુનિઓ નિરંતર મારો આદર-માન સન્માન કરે છે. બ્રહ્મા આદિ સર્વ દેવો નિત્ય પ્રસન્ન થઇ એ ભગવતી રાધાનું ધ્યાન કરે છે. શ્રી રાધાનું પૂજન નહિ કરનારો મનુષ્ય શ્રીકૃષ્ણના પૂજનનો અધિકારી થતો નથી. એથી વૈષ્ણવજનોએ શ્રી રાધાની પૂજા અવશ્ય કરવી જોઇએ. શ્રી રાધાજી ભગવાન શ્રીકૃષ્ણના પ્રાણોના અધિષ્ઠાત્રી છે એથી ભગવાન સદા-સર્વદા એમને આધીન રહે છે. રાસનાં એ નિત્ય સ્વામિની છે. શ્રીકૃષ્ણ શ્રી રાધાજી વિના ક્ષણ પણ રહી શકતા નથી, તે સર્વની બધી કામનાઓને સિદ્ધ કરતાં હોવાથી એ દેવીનું નામ 'રાધા' પડયું છે. આ નવમા સ્કંધમાં જેટલા મંત્રો દર્શાવ્યા છે એમાં જે આ રાધાનો મંત્ર છે એનો ઋષિ હું નારાયણ છું, ગાયત્રી છંદ છે, શ્રી રાધા એ મંત્રના દેવતા છે. તારાબીજ અને શક્તિબીજ એની શક્તિ છે.

મુને! એ પછી રાસેશ્વરી ભગવતી રાધાનું સામવેદમાં કહેલી પૂર્વોક્ત રિતિથી ધ્યાન કરવું. હે શ્રીકૃષ્ણના પ્રાણ, શ્વેત ચંપાના પુષ્પ જેવા વર્ણવાળા, શરદઋતુના

ચંદ્ર જેવા મુખવાળા. કરોડો ચંદ્ર સમાન ચમકતા, શરદઋતુના વિકસિત કમળ જેવા નેત્રોવાળા, બિંબફળ સમાન ઓષ્ઠવાળા, સ્થૂલ શ્રોણી અને કંદોરાથી યુક્ત નિતંબવાળા, મોગરાના પુષ્પ સમાન દંતપંક્તિઓથી શોભતા, અગ્નિશુધ્ધ દિવ્ય વસ્ત્ર પહેરેલા, મંદમંદ હાસ્ય કરતાં, ઘાટદાર સ્તનવાળા, રત્નમય આભુષણોથી શોભતાં, બાર વર્ષની ઉંમરના, શૃંગારનાં સમુદ્ર, ભક્તો પર સદા કૃપા કરવા આતુર, મલ્લિકા અને માલતીની વેણીથી શોભતા કેશવાળા, અત્યંત કોમળ અંગવાળા, રાસમંડળમાં બિરાજી સર્વને અભય આપનારા, શાંત સ્વરૂપ અને શાશ્વત યૌવનવાળા, સર્વ ગોપીઓના સ્વામિની બની રત્નમય સિંહાસન પર બિરાજતા એ પરમેશ્વરી રાધા દેવી ગોપીમંડળના નાયક પરમાત્મા શ્રીકૃષ્ણના પ્રાણોની અધિષ્ઠાત્રી છે. વેદોમાં એમનો મહિમા સારી રીતે વર્ણવ્યો છે.

આ રીતે ધ્યાન કર્યા પછી બહાર શાલિગ્રામમાં, કળશમાં અથવા આઠ દલવાળા યંત્રમાં શ્રીરાધા દેવીનું આવાહન કરી તેમનું વિધિથી પૂજન કરવું. સૌથી પહેલાં આવાહન કરી તે પછી આસન વગેરે મૂલમંત્ર બોલી તેમને અર્પણ કરવાં. પાદ્ય (પગ ધોવાનું જળ) એમના ચરણોમાં, અર્ધ્ય મસ્તક પર, અને મુળ મંત્રથી ત્રણવાર મુખ પાસે જળ લઇ આચમન કરાવવું. તે પછી મધુપર્ક આપી એક દુધાળી ગાય આપવી. તે પછી સ્નાન–ગૃહમાં લઇ તેમની પૂજા કરવી. તેલ વગેરે સુગંધીત વસ્તુઓથી વિધિપૂર્વક તેમને ઉત્તમ સ્નાન કરાવવું પછી બે વસ્ત્ર અર્પણ કરવાં. અલંકારો પહેરાવી ચંદન અર્પણ કરીને અનેક પ્રકારની પુષ્પમાલા અને તુલસી ચડાવવા, તે પછી પૂજકે પરમેશ્વરી રાધાજીના પવિત્ર પરિવારનું પૂજન કરવું. પહેલાં અગ્નિ–ખૂણામાં અને વાયવ્ય દિશાની મધ્યમાં શ્રી રાધાજીનું દિશાસંબંધી પૂજન થાય છે. એ પછી અષ્ટદલયંત્રના અગ્ર ભાગમાં માલાવતી, અગ્નિખૂણામાં માધવી, દક્ષિણમાં રત્નમાલા, નૈઋત્યમાં પારિજાતા, ઉત્તરમાં પરાવતી તથા ઇશાનમાં સુંદરી પ્રિયકારિણી એ દેવીઓનું પૂજન કરવું.

યંત્ર પર જ દલની બહાર બ્રહ્મા વગેરે દેવો સામે ભુમિ ઉપર દિકપાલો તેમ જ વજ્ર આદિ આયુધોની પૂજા કરવી. એ રીતે રાધાજીનું પૂજન કરવું. આ બધા દેવતા દેવીનું આવરણ છે. એમની સાથે ગંધ ચંદનાદિ ઉત્તમ ઉપચારોથી બુદ્ધિમાન પુરૂષે ભગવતી રાધાની અર્ચના કરવી. તે પછી એમનાં સહસ્રનામનો પાઠ કરી સ્તુતિ કરવી.

આ રીતે જે પુરૂષ રાસના સર્વોત્તમ ઇશ્વરી રાધાદેવીનું પૂજન કરે છે તે ભગવાન વિષ્ણુની સમાન થઇ ગોલોકમાં બિરાજે છે. જે બુદ્ધિમાન પુરૂષ કાર્તિક સુદિ પુનમના દિવસે અથવા

કોઈ શુભ અવસરે રાધાજીનો જન્મોત્સવ ઊજવે છે તેને શ્રી રાધાજી પોતાનું સાન્નિધ્ય આપે છે. ગોલોકમાં કાયમ રહેતાં રાધાજી કોઈ કારણથી વૃંદાવનમાં વૃષભાનુના પુત્રી થયા હતાં.

આ અધ્યાયમાં દર્શાવેલા દેવીના સર્વ મંત્રોના વર્ણોની સંખ્યા તથા વિધિ–વિધાનને અનુસરી પુરશ્ચરણ ક્રમમાં કહેલો દશાંશ હોમ કરવો. તે દશાંશ હોમ ઘી, મધ તથા દૂધથી મિશ્ર કરેલા તલ વડે કરવો.

નારદે પૂછ્યું : હે મુનિ ! જે ઉત્તમ સ્તોત્રથી શ્રી રાધાજી પ્રસન્નતા અનુભવે છે તે સ્તોત્ર મને કહો.

શ્રી નારાયણ બોલ્યા : 'હે રાસમંડલમાં વિરાજતાં પરમેશ્વરી, આપને મારા નમસ્કાર છે. ભગવાન શ્રીકૃષ્ણને પ્રાણથી પણ અધિક પ્રિય, આપને મારા નમસ્કાર છે. હે ત્રૈલોક્યના જનની, હે દયાના સાગર ! આપને મારા નમસ્કાર હો. હે કૃપાળી, હે સરસ્વતી, હે જગદંબે, તમે જ સાવિત્રી, શાકંભરી ને ષષ્ઠી–મંગલચંડી એ સ્વરૂપોથી વિશ્વમાં સર્વત્ર બિરાજો છો, તમને મારા વારંવાર નમસ્કાર હો. હે ગંગા તથા પદ્માવતીરૂપ ! હે મોક્ષલક્ષ્મી સ્વરૂપ ! તમને મારા વારંવાર નમસ્કાર હો. હે સર્વસ્વરૂપ, હે ભગવતી દુર્ગે ! તમને મારા વારંવાર નમસ્કાર હો. હે મૂળ પ્રકૃતિરૂપ અને કરુણાના ભંડારરૂપ તમને અમે નિરંતર ભજીએ છીએ. દેવી, અમારા કષ્ટ કાપીને,



અમારા પર દયા કરીને અમારો ઉદ્ધાર કરો, તમારું જ શરણ અમે ગ્રહ્યું છે.

જે ભાવિક મનુષ્ય નિત્ય ત્રણ સંધ્યા સમયે શ્રી રાધાજીનું ધ્યાન કરતાં આ સ્તોત્રનો પાઠ કરે છે, તેને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થશે. ને તે પોતાનું શરીર ત્યજ્યા પછી ગોલોકમાં જઈ રાસમંડળમાં ઉત્તમ સ્થાન પામે છે.

હે નારદ ! હવે તમને દુર્ગાદેવીની પૂજાનું વિધાન કહું છું. દુર્ગાદેવીની ઉપાસના ન થતી હોય એવું કોઈ પણ સ્થળ નથી, તે દેવી શક્તિ જે સર્વના જનની છે તે સર્વને પૂજવા–ઉપાસવા યોગ્ય છે. દુર્ગાદેવી સર્વની બુદ્ધિનાં અધિષ્ઠાત્રી દેવી છે, અંતર્યામીરૂપે સર્વની અંદર તેઓ વસે છે. આ દેવી ગમે તેવા ઘોર સંકટોનો નાશ કરનારા હોવાથી પૃથ્વી પર 'દુર્ગા' નામે અતિ વિખ્યાત થયા. શૈવભક્તો અને વૈષ્ણવભક્તો નિરંતર તેમની ઉપાસના કરે છે. એ મૂળપ્રકૃતિ દુર્ગાદેવીના આદેશથી વિશ્વમાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર થાય છે. હવે હું તે દેવીના સર્વ મંત્રોમાં ઉત્તમ નવાક્ષર મંત્ર કહું છું, તેમાં પ્રથમ સરસ્વતીનું 'ઐં' બીજ, તે પછી ભુવનેશ્વરીનું 'હ્રીં' બીજ, તે પછી કામનું 'ક્લીં' બીજ, તે પછી 'ચામુણ્ડાયૈ' પદ અને પછી વિચ્ચે એવા બે અક્ષરો હોય છે. આ પ્રકારે મળીને 'ઐં હ્રીં ક્લીં ચામુણ્ડાયૈ વિચ્ચે' એમ નવાક્ષર મંત્ર થયો. આ મંત્ર ઇચ્છિત પદાર્થો આપનાર કલ્પવૃક્ષરૂપ છે. આ ઉત્તમ મંત્રના ઋષિઓ:

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ગાયત્રી ઉષ્ણિહ તથા અનુષ્ટુપ છંદો છે. દેવતાઓ તરીકે મહાકાલી, મહાલક્ષ્મી તથા મહાસરસ્વતી છે. રક્તદંતિકા, દુર્ગા તથા ભ્રામરી બીજ છે. શક્તિઓમાં નંદા, શાકંભરી તથા ભીમા છે અને 'ધર્મ', અર્થ', કામ તથા મોક્ષ'માં એ મંત્રનો વિનિયોગ કહ્યો છે. સર્વ પુરૂષાર્થોની સિદ્ધિ માટે સાધકે આ મંત્રના ઋષિ, છંદ તથા દેવતાનો મસ્તક, મુખ તથા હૃદયમાં ન્યાસ કરવો અને બીજોનો જમણા વક્ષમાં તથા ત્રણ શક્તિઓનો ડાબા વક્ષમાં ન્યાસ કરવો અને જ્ઞાતા પાસેથી ઉપદેશ પામેલા સાધકે આ મંત્રના ત્રણ બીજોથી, ચાર અક્ષરોથી અને સંપૂર્ણ મંત્રથી 'નમઃ સ્વાહા, વષટ્, હું, વૌષટ, ફટ' એ જાતિઓથી યુક્ત છ અંગો કરવા. આ મંત્રના દરેક અક્ષરોનો ક્રમ પ્રમાણે શિખામાં, બે નેત્રોમાં, બન્ને કાન, નાસિકા, મુખ અને ગુદા વગેરે સ્થાનોમાં ન્યાસ કરવો, તે પછી આખોય મંત્ર ભણવો. તે પછી આ રીતે મહા–કાલીનું ધ્યાન કરવું :

ત્રણ નેત્રોવાળાં, વિવિધ આભુષણો ને શણગારોથી શોભતાં, જેમના હસ્ત–કમળોમાં તલવાર, ચક્ર, ગદા, બાણ, ધનુષ, પરિઘ, શૂલ, ભુશુંડી, મસ્તક તથા શંખને ધારણ કરેલાં છે, તે કાળી મેઘ જેવી કાંતિવાળાં, દશ ચરણવાળાં, દશ મુખવાળાં એ ભગવતી મહાકાલીની બ્રહ્માએ પ્રચંડ દૈત્યો મધુ–કૈટભનો નાશ કરવા માટે સ્તુતિ કરી હતી. એ દૈત્ય-દલિનીને હું ભાવથી ભજું છું. ભાવિક મનુષ્યે એમ કામબીજ 'ક્લીં' સ્વરૂપ મહાકાલીનું ધ્યાન કરવું. પોતાના હસ્ત-કમળમાં 'અક્ષમાળા, ફરશી, ગદા, બાણ, વજ્ર, પદ્મ, ધનુષ, કુંડી, દંડ, સાંગ, તલવાર, ઢાલ, ઘંટા, કમળ, મદિરાપાત્ર, ત્રિશૂલ, પાશ તથા સુદર્શનને ધારણ કરતાં, લાલકાંતિવાળા, રાતા કમળરૂપ શ્રેષ્ઠ આસને બિરાજેલાં, મહિષાસુરમર્દિની ભગવતી દેવી મહાલક્ષ્મીને હું ભજું છું. મુમુક્ષુએ એમ દેવી મહાલક્ષ્મીનું ધ્યાન કરવું. હે હસ્તમાં ઘંટા શુલ, હળ, શંખ, મુશળ, ચક્ર, ધનુષ તથા બાણોને ધારણ કરતાં, મોગરાના પુષ્પ જેવ ધોળા વર્ણવાળાં, કુંદસમાન મનોહર કાંતિવાળાં શુભાદિ દૈત્યોનો સંહાર કરનારાં, વાણી-બીજ 'એં' સ્વરૂપવાળાં મહાસરસ્વતીનું હું ધ્યાન કરૂં છું. હવે દુર્ગા દેવીના યંત્રનો પૂજાવિધિ કહુ. છું. યંત્ર આ રીતે કલ્પવું.

પ્રથમ ત્રણ ખૂણા, પછી છ ખૂણા (ત્રિકોણ અને ષટકોણ), તે પછી અષ્ટ-દળ, તે પછી ચોવીસ પાંખડીઓવાળું કમળ અને અંતે ભુગૃહ જેવાં હોય છે, એવા યંત્રને ચિતરવું. તેજસ્વી ને સ્થિર બુદ્ધિવાળા ભાવિક મનુષ્યે 'કળશમાં, શાલિગ્રામમાં, પ્રતિમામાં, યંત્રમાં, સુર્યમાં કે બાણલિંગમાં દેવીનું આવાહન કરી ભક્તિપૂર્વક તેમનું પૂજન કરવું, સાથે સાથે જયા આદિ શક્તિઓથી યુક્ત પીઠમાં દેવીનું પૂજન કરવું. પૂજા કર-નાર ભાવિકે દેવીની આગળના પૂર્વ

ભાગના ખૂણામાં સરસ્વતી સહિત બ્રહ્માની પૂજા કરવી, નૈઋત્ય ભાગમાં લક્ષ્મી સહિત ભગવાન વિષ્ણુની પૂજા કરવી, વાયવ્ય ભાગમાં પાર્વતી સહિત મહાદેવની પૂજા કરવી. તેમજ દેવીની જમણી બાજુ સિંહને પૂજવો અને ડાબી બાજુએ મહિષાસુરને પૂજવો. ત્યારબાદ ષટ્કોણમાં ક્રમવાર નંદજા, રક્તદંતા, શાકંભરી, દુર્ગા, ભીમા તથા ભ્રામરીની પૂજા કરવી. તે પછી અષ્ટદલમાં બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, નારસિંહી, ઐન્દ્રી તથા ચામુંડાનું પૂજન કરવું. તે પછી ચોવીસ દલમાં દેવીના આગળના દલથી માંડી ક્રમવાર 'વિષ્ણુમાયા', ચેતના, બુદ્ધિ, નિદ્રા, ક્ષુધા, છાયા, પરાશક્તિ, તૃષ્ણા, શાંતિ, જાતિ, લજ્જા, ક્ષાંતિ, શ્રદ્ધા, કીર્તિ, લક્ષ્મી, ધૃતિ, વૃત્તિ, શ્રુતિ, સ્મૃતિ, દયા, તુષ્ટિ, પુષ્ટિ, માતા તથા ભ્રાંતિની પૂજા કરવી, ત્યારબાદ ભૂગૃહના ખૂણાઓમાં ગણેશ, ક્ષેત્રપાલ, બટુક તથા યોગિની-ઓનું પણ ભાવિક સુજ્ઞ મનુષ્યે પૂજન કરવું, સાથે સાથે ભૂગૃહના બહારના ભાગમાં વજ્ર વગેરે આયુધો સહિત ઇંદ્ર વગેરેનું પણ પૂજન કરવું. એમ પૂજકે આવરણ દેવતાઓ સહિત દેવીનું પૂજન કરવું. ત્યારબાદ દેવીની પ્રસન્નતા માટે વિવિધ પ્રકારના રાજોપચારો અર્પણ કરવા, તે પછી નવાર્ણ મંત્રનો જપ કરવો—આ નવાર્ણ મંત્રના જપનું પુરશ્ચરણ ચાર લાખનું છે, એટલે ચાર-લાખ મંત્ર જપતાં પુરશ્ચરણની સમાપ્તિ થાય ત્યારે ભાવિકે દૂધપાક વડે દશાંશ હોમ કરવો. આ વિધાન કાત્યાયની તંત્રનું છે, તે પછી પુજકે માર્કંડેય પુરાણના સપ્તશતી સ્તોત્ર—ચંડીપાઠનો દેવી સમક્ષ પાઠ કરવો. દુર્ગાના આ ઉત્તમ સ્તોત્રના જેવું ત્રણે લોકમાં બીજું ઉત્તમ અને કલ્યાણકારી સ્તોત્ર નથી, માટે પોતાનું કલ્યાણ ઇચ્છતા મોક્ષવાંચ્છુ પુરુષે આ સ્તોત્રનો નિત્ય અને નિય-નિત પાઠ કરી ભગવતી ચંડિકાદેવીને પ્રસન્ન કરવાં. આ રીતે પાઠ કરનાર મનુષ્ય 'ધર્મ', અર્થ', કામ અને મોક્ષ'નો અધિકારી બને છે. હે મુનિ! શ્રી દુર્ગા-દેવીનું વિધાન આ પ્રમાણે મેં કહ્યું, જેનાથી મનુષ્ય ધન્ય બને છે.

હે શરદઋતુના પૂનમના ચંદ્રના કિરણો જેવી ઉજજવળ કાંતિવાળાં, ઉત્તમ રત્નો જડેલાં મકરાકૃતિ કુંડળ તથા હાર વગેરે આભુષણોથી શોભતાં, દિવ્ય આયુ-ધોથી દીપતા, • લરંગના હજારો હાથ-વાળાં, લાલ કમળ જેવા ચરણોવાળાં પરમેશ્વરી! દુર્ગાદેવીને પ્રાતઃકાળમાં હું ભક્તિપુર્વક સ્મરૂં છું.

જે સમયે દુર્ગાદેવીનું સ્મરણ થાય તેજ ક્ષણે મનુષ્યે જન્મની સાર્થ-કતા માનવી. અમાઉ ચૌદ મનુઓએ શ્રીદુર્ગા દેવીના ચરણકમળોનું નિરંતર ધ્યાન કરીને મનુપદ મેળવ્યું હતું. એ દુર્ગા દેવીની કૃપાથીજ સર્વ દેવો પોત-પોતાના સ્થાન પર ગૌરવથી બિરાજે છે અને પોતાનું કર્તવ્ય કરે છે. આ

પ્રમાણે અતિ ગોપ્ય રહસ્ય ભરેલું આ પાંચે પ્રકૃતિઓનું તેમજ તેમના અંશોનું વર્ણન તમને સંભળાવ્યું. આ રહસ્ય સાંભળીને ભાવિક મનુષ્ય ચારે પુરૂષાર્થને પામે છે, એમાં સંદેહ રાખવા જેવું નથી. આ મેં સત્ય કહ્યું છે. આ રહસ્યના પ્રભાવથી જેને સંતાન નથી તે સંતાન મેળવે છે, જેને વિદ્યા મેળવવાની ઇચ્છા છે તેને વિદ્યા મળે છે અથવા મનુષ્ય જે પ્રમાણિક ઇચ્છા કરે છે તે તેની ઇચ્છા અવશ્ય પાર પડે છે. જે દેવીભકત વસંત અને શરદઋતુના નવરાત્રમાં ભક્તિપૂર્વક શુધ્ધ હૃદયથી દેવીની સમક્ષ આ નવમા સ્કંધનો પાઠ કરે છે તેના પર માતા જગદંબાની પ્રસન્નતા ને કૃપા ઉતરે છે. જે ભાવિક મનુષ્ય શ્રી દેવી ભાગવતના આ નવમા સ્કંધના એક એક અધ્યાયનો હંમેશા પાઠ કરે છે, તેને દેવી વશ થઇ તેનાં કાર્યો પાર પાડી આપે છે, કેમકે એનાથી દેવીનું પ્રિય થાય છે. આ સપ્તશતી ચંડીપાઠ–સ્તોત્ર ભગવતી જગદંબાને પ્રસન્ન કરવાનું પરમ શ્રેષ્ઠ સાધન છે, આ નવમો સ્કંધ એવો છે કે તેમાંથી શુભ–અશુભ શકુનોની પરીક્ષા થાય છે. આ પરીક્ષા કોઇ કુમારી કે બટુકના હસ્તકમળથી થાય છે. ભાવિકે આ પુસ્તક સામે રાખી પોતાના મનોરથનો સંકલ્પ કરી પુસ્તકની પૂજા કરવી, ને મા જગદંબા દેવીને વારંવાર પ્રણામ કરવા. પછી સ્નાન કરીને પવિત્ર થયેલી, શુદ્ધ સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરેલી કન્યાને ત્યાં લાવી તેને પુસ્તક સામે બેસાડી તે કન્યાનું વિધિ પ્રમાણે પૂજન કરી તેની પાસે પુસ્તક ઉઘડાવવું. તેણે ઉઘાડેલા પાનામાં શું છે તે જોયા–જાણ્યા વિના તેને એક સોનાની સળી આપીને તેની પાસે પુસ્તકમાં મૂકાવવી. પછી જે પાનાંની વચ્ચે તે સળી મૂકાઇ હોઇ તે વાચી જવું, તેમાં જે કઇ શુભ કે અશુભ આવ્યું હોય તે પ્રમાણે કાર્ય થશે એમ સમજવું, પરંતુ શુભ કે અશુભ ન હોય અને સામાન્ય હોય તો તે પ્રમાણે થાય છે. મનુષ્યને દેવી જગદંબિકાની પ્રસન્નતા પ્રમાણે કર્મનું શુભાશુભ ફળ મળે છે, માટે મનુષ્યે દેવીને પ્રસન્ન રાખવા માટે નિત્ય તેમની પૂજા–ઉપાસના કરવી જોઇએ. દેવીની પ્રસન્નતા ને કૃપા વગર કોઇ પણ મનુષ્ય સુખ–શાંતિ ભોગવી શકતો નથી. ૧૦૮

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણે નવમ સ્કંધ વિષે 'ભગવતી રાધા તથા દુર્ગાની પૂજાના વિધાન' નામનો ૫૦ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–સ્કંધ નવમો સમાપ્ત

ॐ ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चै नमः




# ચન્દ્રઘંટા

## સ્કંધ દશમો

# સ્કંધ દશમો

## અધ્યાય ૧ લો

### બ્રહ્માના પુત્ર સ્વાયંભુવ મનુનું આખ્યાન

શ્રી નારાયણ ઉવાચઃ

નારાયણ ધરાધાર સર્વના પાલનકારણ ।
ભવતોદીરિતં દેવી ચરિતં પાપનાશનમ્ ॥

નારદે કહ્યું : 'હે સર્વ પ્રાણીઓનું પાલન–રક્ષણ કરવામાં કારણભુત પૃથ્વીના આધાર નારાયણ! તમે સર્વ મનુષ્યોના પાપોનો નાશ કરનારું, દેવીનું દિવ્ય ચરિત્ર કહ્યું. હવે જુદા જુદા સર્વ મન્વંતરોમાં તે ભગવતી દેવી, જે આકાર અને સ્વરૂપવાળા પ્રકટયાં છે અને તે દેવીને જેઓએ આ લોકમાં સેવ્યાં, પૂજ્યાં હોય તે સર્વ દેવીનો મહિમા અને પ્રાદુર્ભાવ સહિત કહો. હે કૃપાવંત! એ દેવી પોતાની ઉપાસના નિરંતર કરતાં ભક્તો પર પ્રેમ રાખનારાં અને તેમના સર્વ મનોરથો પૂર્ણ કરનારાં છે, તો અમને એ કૃપાળુ દેવીનું ઉત્તમ ચરિત્ર કહો, જે જાણીને જગતના સર્વ જીવાત્માઓ સુખ–શાંતિ પામે.

શ્રી નારાયણ બોલ્યા : 'હે મહર્ષિ! ભગવતી દેવીનું ચરિત્ર જે સર્વ મનુષ્યના પાપોનો નાશ કરનારું, મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન કરનારું તેમ જ ભક્તોને સુખ સંપત્તિ આપનારું ને કલ્યાણ કરનારું છે, તે હવે કહું છું. સો પ્રથમ જગતના આદિકારક લોકપિતામહ બ્રહ્મા, ભગવાન શ્રીવિષ્ણુના નાભિકમળમાંથી પ્રકટયા એ વખતે બ્રહ્મા ચાર મુખવાળા હતા તેથી ઘણા શોભતા હતા. તે પછી પ્રજાપતિ બ્રહ્માએ સ્વાયંભુવ મનુને પોતાના માનસપુત્ર રૂપે પ્રકટ કર્યા, ત્યારબાદ મનુની પત્ની તરીકે ધર્મસ્વરૂપિણી શતરૂપાને પોતાના મનથી પ્રકટ કરી તેને સ્વાયંભુવ મનુને સોંપ્યાં આ સ્વાયંભુવ મનુએ પરમ પવિત્ર ક્ષીરસાગરના તટ પર જઇ, સર્વને ઉત્તમ ફળ આપનારાં ભગવતી દેવીની આરાધના કરી હતી.

આરાધના કરતાં પહેલાં મનુએ માટીમાંથી દેવીની મૂર્તિ બનાવી, વાણીના 'એં' બીજનો જપ કરી દેવીની પૂજા કરી ઉપાસના કરવા માંડી હતી, તેમણે ઉગ્ર તપ આદર્યું હતું. નિરાહાર રહી, જિતેંદ્રિય બની વ્રત ને નિયમોનું પૂર્ણ પાલન કરતા હતા. આવા કષ્ટસાધ્ય તપથી મનુ શરીરે અશક્ત–દુર્બળ થવા માંડયા છતાં ઘણાં વર્ષ પર્યંત પૃથ્વી પર એક પગે સ્થિર ઊભા રહી દેવીનું ધ્યાન કરી રહ્યા હતા. કામ, ક્રોધ અને ક્ષુધા, તૃષા પર વિજય મેળવી, અત્યંત ધૈર્ય ધારણ કરી તપના સંકલ્પ કર્યા મુજબના સો વર્ષ પૂરા કર્યાં. નિત્ય જગદમ્બાનું સ્મરણ કરી તપ કરી રહેલા મનુનું શરીર સાવ દુર્બળ, ઝાડના ઠુંઠા જેવું બની ગયું હતું. આખરે ભગવતી જગદમ્બા મનુના તપથી પ્રસન્ન થઇ તેની સમક્ષ પ્રકટ થઇને કહેવા લાગ્યાં : હે વત્સ! તારી ઇચ્છા હોય તે વરદાન

માગ, તારા ઉપરની મારી પ્રસન્નતાને લીધે તારો મનોરથ હું પૂર્ણ કરીશ.

આ સાંભળી તપસ્વી સ્વાયંભુવ મનુએ પોતે ઇચ્છેલું વરદાન માગ્યું : હે પરમપૂજ્ય, જગતને ધારણ કરનારાં અને પ્રાણીમાત્રમાં વસતા દેવી, આપનો જય થાઓ, હે દેવી ! તમારા સંકેત માત્રથી કમળમાંથી પ્રકટેલા બ્રહ્મા સૃષ્ટિને સર્જી રહ્યા છે, ભગવાન વિષ્ણુ લોકનું પાલન–રક્ષણ કરી રહ્યા છે અને ભગવાન રુદ્ર સંહારનું કાર્ય કરી રહ્યા છે. હે દેવી ! તમારા જ આદેશથી યમરાજ દંડ અને પાશ વડે પ્રાણીઓને શિક્ષા કરે છે, વરુણ જે જલચર પ્રાણીઓના સ્વામિ છે તે સર્વનું પાલન કરવા આપની આજ્ઞાથી તત્પર રહે છે. આપની કૃપાદૃષ્ટિથી જ કુબેર સંપત્તિઓના સ્વામિ બન્યા છે. હે સઘળાં મંગલોના પણ પરમ મંગલરૂપ દેવી, તમારો જય હો. હે દેવી ! સર્વ તમારા અંશમય છે. 'અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઇશાન અને શેષનાગ એ બધા તમારા જ અંશરૂપ છે. સર્વમાં તમારી જ શકિત વ્યાપ્ત છે. હે દેવી જગદમ્બિકે ! તમે મને વરદાન આપવા માગતા હોય તો એટલું જ માગું છું કે, હું જે સૃષ્ટિ રચનાનું કાર્ય કરૂં તેમાં કોઇ પ્રકારનો અંતરાય આવે નહિ, મારા એ કાર્યમાં કોઇ પ્રકારનું વિઘ્ન આવે નહિ.

વળી જેઓ સરસ્વતીના બીજરૂપ એં મંત્રની ઉપસના કરે, તે ઉપાસકોના મનોરથો સત્વર સિદ્ધ થાઓ. હે કલ્યાણકારી દેવી ! જેઓ આ પ્રસંગનો ભક્તિપૂર્વક પાઠ કરે અથવા બીજાઓને આદરથી સંભળાવે, તે વક્તા અને શ્રોતાને પણ આ લોકમાં ભોગ તથા મોક્ષ સુલભ થાઓ. વળી હે દેવી ! તમારા ઉપાસકને પૂર્વજન્મનું સ્મરણ રહે, તે ઉત્તમ વકતા બને, તેને જ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત થાય અને કર્મયોગીની સિદ્ધિ પ્રાપ્ત થાય, તેમ જ પુત્ર, પૌત્ર અને સર્વ પ્રકારની સમૃદ્ધિ તેને મળે, આજ મારી માગણી છે. ૨૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'બ્રહ્માના પુત્ર સ્વાયંભુવ મનુનું આખ્યાન' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### પર્વતરાજ વિંધ્યાચળનું વૃત્તાંત

દેવ્યુવાચ

ભૂમિપાલ મહાબાહો સર્વમેતદ્ ભવિષ્યતિ ।
યત્ત્વયા પ્રાર્થિતં તતે દદામિ મનુજાધિપ ।।

શ્રી દેવી બોલ્યા : હે મનુજાધિપ ! હે મહાબાહો રાજા ! તારી સર્વ ઇચ્છા મુજબ વરદાન હું આપું છું. તેં લાંબા કાળ સુધી ઉગ્ર તપ કરી સાથે સાથે મારી ઉપાસનામાં સરસ્વતીના મંત્રબીજના સતત જપ કર્યા તેથી હું મોટા દૈત્યોને હણનારી અને અદ્ભુત પરાક્રમવાળી તારા પર પ્રસન્ન થઇ છું. હે પુત્ર ! તેં માગ્યા ઉપરાંત તને નિષ્કંટક રાજ્યની પ્રાપ્તિ સાથે વંશવૃદ્ધિ કરનારા ઉત્તમ પુત્રો પણ પ્રાપ્ત થાઓ. હે વત્સ ! મારામાં તારી ભકિત વધતાં વધતાં અતિ ૬૯

થશે, અંતે તું પરમ પદને પામીશ.'

સ્વાયંભુવ મનુ દેવીનું કહેવું એકાગ્રતાથી સાંભળી રહ્યા હતા ત્યાં જ દેવી એકાએક અંતર્ધાન થઇ વિંધ્યાચળ પર્વત પર ચાલ્યાં ગયાં. એ વિંધ્યાચળ પર્વત પોતાની મહત્તા વધારવા આકાશમાં વ્યાપીને સૂર્યના માર્ગમાં અંતરાય ઊભો કરવા જ્યારે તત્પર થયો ત્યારે મહર્ષિ અગસ્ત્યે તેમ કરતાં તેને રોકયો હતો. વિંધ્યવાસિની દેવી જે ભગવાન શ્રીકૃષ્ણનાં નાનાં બહેન, વરદાન આપવામાં તત્પર રહેનારાં તે સમસ્ત પ્રાણીઓનાં પૂજ્ય બની એ પર્વતરાજને શોભાવે છે.

આ સાંભળી શૌનક આદિ ઋષિઓએ પૂછ્યું : હે સૂત! સૂર્યના માર્ગ રોકનાર વિંધ્યાચળ કોણ છે? એને છેક આકાશની ટોચે અડવાનું કારણ શું? અને એ મદથી ઉન્મત બનેલા વિંધ્યાચળને અગસ્ત્ય મુનિએ શા માટે આગળ વધતો અટકાવ્યો? આ સર્વ વૃત્તાંત વિસ્તારથી જાણવાની અમારી ઇચ્છા છે.

સુત બોલ્યા : 'હે ઋષિઓ! અસંખ્ય પર્વતોમાં આ વિંધ્યાચળ સર્વશ્રેષ્ઠ પર્વત ગણાતો હતો, તેનાં પર મોટાં મોટાં ગીચ વનો આવેલાં હતાં. તેમાં મધુર ફળોવાળાં અસંખ્ય વૃક્ષો ને રંગબેરંગી સુવાસિત પુષ્પોથી છવાયેલા અસંખ્ય છોડો હતા. લતાઓ અને વલ્લીઓથી આચ્છાદિત એ પર્વત પર ઘણાં ઝરણાં આવેલાં હતાં. આ વિશાળ વિસ્તારવાળાં પર્વત ઉપર હરણાંઓ, ભૂંડો, વૃષભો, પાડા, વાઘ, સિંહ, વાંદરા, સસલાં, દીપડા, રીંછો, ચિત્તા તથા શિયાળો વગેરે પશુઓ પાર વિનાના હતાં. આ પર્વતમાંથી અનેક નદીઓ નીકળીને વહી રહી હતી. આ પવિત્ર નદીઓમાં સ્નાન કરવા દેવો, ગંધર્વો, કિન્નરો, અપ્સરાઓ અવારનવાર આવતાં હતાં. અહીંયા ઇચ્છિત ફળ આપનારાં કલ્પવૃક્ષ જેવાં ઘણાં વૃક્ષો આવેલાં હતાં. આવો રમણિય વિંધ્યાચળ હતો.

એક વેળા દેવર્ષિ નારદમુનિ પૃથ્વી પર સ્વેચ્છાએ ફરતા ફરતા પ્રસન્નચિત્તે વિંધ્યાચળ પર્વતમાં ગયેલા. દેવર્ષિના પુનિત પગલાં એકાએક પોતાને ત્યાં થયેલાં જોઇ આસન પર બેઠેલા વિંધ્યાચળે એકદમ ઊભા થઇ નારદજીને આવકારી પાદ્ય, અર્ઘ્ય તથા શ્રેષ્ઠ આસન અર્પણ કરી પ્રણામ કર્યા.

દેવર્ષિએ આસન પર બેસી ક્ષેમકુશળ પૂછ્યા ત્યારે વિંધ્યાચળે પણ સામા ક્ષેમકુશળ પૂછી કહ્યું, હે દેવર્ષિ! આપના શુભ પગલાં એકાએક મારે ત્યાં કયાંથી થયાં છે! આપના આગમનથી હું ધન્ય બન્યો છું. હે દેવ! આપ સૂર્યની પેઠે નિરંતર ફર્યા કરો છો અને સર્વને નિર્ભય કરો છો. આપ ચાહીને આવ્યા છો તો કંઇ જાણવા જેવી નવીન વાત હોય તો મને કહો.

નારદે કહ્યું : હે વિંધ્યાચળ! હું હમણાં સુમેરુ પર્વતથી આવું છું. તે પર્વત પર મેં ઘણું નવીન જોયું. ત્યાં

આગળ મેં ઇન્દ્રલોક, અગ્નિલોક, યમ-લોક અને વરૂણલોક જોયાં અને ત્યાં ચારે દિશાએ ઉત્તમ સામગ્રીથી ભરપુર અને લોકોના સુશોભિત આવાસો જોયા.' પછી આગળ ન કહેતાં મહર્ષિ નારદે નિસાસો મૂકયો. આથી વિંધ્યાચળને થયું કે નારદજીએ નિસાસો મૂકયો એની પાછળ કંઇ રહસ્ય હોવું જોઇએ. એમ વિચારી વિનયથી મુનિને નિસાસો મૂક-વાનું કારણ પૂછયું ત્યારે દેવર્ષિએ ગંભીર થઇને કહ્યું : હે પુત્ર વિંધ્યાચળ ! કારણ વગર કોઈ કાર્ય બનતું નથી. મારા નિસાસા પાછળ પણ કારણ રહેલું છે. કેટલાક સમયથી શંકરની પાર્વતીનો પિતા હિમાલય ભગવાન શંકરનો સસરો–સંબંધી થવાથી પર્વતોમાં પૂજ્ય થયો છે. પર્વતોમાં તેને ગૌરવવંતુ સ્થાન મળ્યું છે. એવી જ રીતે હવે કૈલાસ પર્વતનું મહત્ત્વ પણ ઘણું જ વધી ગયું છે. તે હવે પ્રભુનું રહેઠાણ બન્યો છે. એટલે કૈલાસ પણ સર્વ પર્વતોમાં પુજ્ય અને લોકના પાપસમૂહનો નાશ કરનાર તરીકે ગણાયો છે.

આ બંને પર્વતો ઉપરાંત નિષધ, નીલ, તેમજ ગંધમાદન–આ ત્રણ પર્વતો પણ પુજ્ય જેવા થયા છે. તેમાંય મેરૂ પર્વતના અભિમાનનો તો પાર જ નથી. કારણ કે, સૂર્ય, ગ્રહો તથા નક્ષત્રગણો સહિત વારંવાર મેરૂ પોતાને સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ–સર્વોચ્ચ માની બેઠો છે. એના મનમાં થઇ ગયું છે કે....સર્વ પર્વતોનો અધિષ્ઠાતા હું જ છું, મારા જેવો બીજો કોઇ નથી.' અહીં બેઠા પછી મને એ વિંધ્યાચળનું અભિમાન યાદ આવ્યું, તેની અજ્ઞાનતા જોઇ મને અચંબો થયો અને મારાથી એકાએક નિઃસાસો નંખાઇ ગયો. હે વિંધ્યાચળ ! અમારે નિત્ય તપ–ભકિત કરવાવાળાને તેની કંઇ જ નિસ્બત ન હોય, છતાં તમે કંઇ નવીન છે એમ પૂછ્યું, તો મને તેની વાત યાદ આવતાં મેં તમને સ્વાભાવિક કહ્યું છે, હવે હું અહીંથી આગળ જઇશ. ૨૮



શ્રી ઇતિ દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'પર્વતરાજ વિંધ્યાચળનું વૃત્તાંત' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### વિંધ્યાચળે સૂર્યનો માર્ગ અવરોધ્યો

સૂત ઉવાચ

એવં સમુપપદિશ્યાથં દેવર્ષિઃ
પરમઃ સ્વરાટ્ ।
જગામ બ્રહ્મણો લોકં–
સ્વૈરચારી મહામુનિ ॥

સુતે કહ્યું: વિંધ્યાચળને આ પ્રમાણે જણાવી તેજસ્વી મુનિ શ્રેષ્ઠ નારદજી ફરતા ફરતા બ્રહ્મલોકમાં ગયા. આ બાજુ પર્વત વિંધ્યાચળ નારદ મુનિના કહેવાથી તેમના ગયા પછી મહાચિંતામાં પડી ગયો હતો, આથી તેની શાંતિ હણાઈ ગઇ હતી. મેરૂ પર્વતની મહત્તા સાંભળ્યા પછી તેને વારંવાર એમ જ થવા માંડયું કે : 'એ મેરૂ પર્વત કરતાં હું કેવી રીતે વધી જાઉં ? કેવી રીતે તેને જીતું ?' કામના અને અદેખાઇથી

પાપબુદ્ધિ ઉત્પન્ન થાય છે. એથી વિંધ્યાચળના મનમાં દોષિત બુદ્ધિ ઉત્પન્ન થઈ. તેના મનમાં થયું કે વિંધ્યાચળને ઝારવવંતો સુર્યે બનાવ્યો છે.

એ સુર્ય ગ્રહો ને નક્ષત્રોથી યુક્ત થઇ સુમેરૂ પર્વતની પ્રદક્ષિણા કરે છે એથી જ તે પોતાને સર્વોત્કૃષ્ટ માનવા લાગ્યો છે, તો હવે હું એ સુર્યને પણ બરાબર ખબર પાડી દઇશ. હવે હું મારા ઊંચા શિખરોથી સુર્યને ભ્રમણ કરવાનો માર્ગ રોકી દઇશ, પછી જોઉં છું કે સુર્ય સુમેરૂની પ્રદક્ષિણા કેવી રીતે ફરે છે? અને સુર્યનો માર્ગ રોકાઇ જવાથી સુમેરૂ પર્વતનું અભિમાન ઓગળી જશે. આ પ્રમાણે સુમેરૂની ઇર્ષ્યા કરતા વિંધ્યાચળે સુર્યનો માર્ગ અવરોધવા માટે પોતાના શિખરોને ખુબ જ ઊંચા આકાશ સુધી ફેલાવ્યાં, પછી તે સુર્યોદય થવાની રાહ જોવા લાગ્યો. રાત્રિનો સમય જોતજોતામાં વીતી ગયો અને નિર્મળ પ્રભાત થયું, તે સાથે જ સુર્ય દિશાઓના અંધકારને ચીરતો ઉદયાચળ પર્વત પર નીકળ્યો. ધીમે ધીમે સુર્યના કિરણોએ આકાશને ઝળકાવવા માંડ્યું, કમળ ખીલવા લાગ્યા ને કુમુદ સંકોચાવા લાગ્યા. લોકો પોતપોતાના કાર્ય માટે પ્રવૃત્ત થઇ ગયા. સુર્ય હવે પૂર્વ દિશા તથા અગ્નિ ખૂણાને ધીમે ધીમે છોડી દક્ષિણ દિશામાં જવા લાગ્યો, પણ સુર્યરથના અશ્વો આગળ વધતાં અટકી ગયા. કારણ કે વિંધ્યાચળના ઊંચા શિખરો તેના આડે આવ્યા હતા. સુર્યના રથ પર બેઠેલા સારથિ અરૂણે સુર્યને કહ્યું, 'હે આદિત્ય નારાયણ! કોઇ દિવસ નહિ ને આજે વિંધ્યાચળ પોતાના માપથી ઘણો જ ઊંચો થઇ આકાશમાં વ્યાપ્ત થઇ ગયો છે. મને લાગે છે કે સુમેરૂની તેને ઇર્ષ્યા આવી છે અને તેથી તે તમે તેની પ્રદક્ષિણા કરો એવું ઇચ્છી રહ્યો હોય તેમ મારું માનવું છે.'

સુત બોલ્યા, 'સુર્યરથનો સારથિ અરૂણ હતો. તેણે આવું કહ્યું એટલે સુર્ય વિચારમાં પડી ગયો કે, અહો! આ તો મોટું આશ્ચર્ય! આકાશનો માર્ગ પણ રોકાય છે ખરો? ખરેખર, બળિયો માણસ બાથ ભીડે ત્યારે તે શું ન કરે? કોઇ દિવસ નહિ, ને આજે મારા રથના ઘોડાઓ આગળ વધતા અટકી ગયા, ખરેખર, દૈવ ક્યારે શું કરશે તે કોઈ કળી શકતું નથી.

આમ સુર્યને આગળ વધવાનો માર્ગ રુંધાઇ ગયો એટલે દેવો સહિત બધાય લોકો મુંઝાઇ ગયા અને હવે શું કરવું, તે માટે ઉપાય શોધવા લાગ્યા, વળી ચિત્રગુપ્તને પણ મહા મૂંઝવણ થઇ પડી. સમગ્ર જગતમાં હાહાકાર મચી ગયો, કોઇને કંઇ સુઝતું નહોતું, પિતૃઓનાં શ્રાદ્ધ–તર્પણ બંધ થઇ જવાથી ઇંદ્ર આદિ દેવો હવે શું કરવું? એમ બોલતાં ત્રાસ પામી ગયા હતા. ૨૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'વિંધ્યાચળે સુર્યનો માર્ગ અવરોધ્યો' નામનો
૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### વિંધ્યાચળે દેવોને ત્રાસ પમાડયો

**સૂત ઉવાચ**

**તતઃ સર્વે સુરગણા મહેન્દ્રપ્રમુખાસ્તદા ।**
**પદ્મયોનિં પુરસ્કૃત્ય રુદ્રં શરણમન્વયુઃ ॥**

સુત બોલ્યા : 'ત્રાસ પામેલા દેવોએ પરમાત્મા શંકરને શરણે જવા વિચાર્યું. બ્રહ્માને આગળ કરી ઇંદ્ર આદિ દેવગણો કૈલાસમાં પરમાત્મા શંકર પાસે જઇ તેમના ઐશ્વર્યની ઘણી જ પ્રશંસા કરી સ્તોત્રોથી તેમને આરાધવા લાગ્યા.

સુત બોલ્યા : દેવો તરફથી બ્રહ્માની સ્તુતિ સાંભળી દેવેશ્વર શંકર થોડુંક હસ્યા બાદ ગંભીર વાણીથી બોલ્યા, 'હે દેવો ! તમારી પ્રાર્થનાથી હું ઘણો પ્રસન્ન થયો છું, તમારી જે વિવશતા છે, જે કષ્ટ છે તેને હું મટાડીશ. છતાં કોઇ દુઃખ હોય તો મને વિદિત કરો.

દેવોએ કહ્યું, 'હે દેવેશ્વર ! વિંધ્ય નામનો અત્યંત ઊંચો પર્વત છે, તે મેરુ નામના પર્વતના ઐશ્વર્યથી તેનો દ્વેષ કરી રહ્યો છે. વિંધ્ય અદેખાઇને લીધે પોતાના શિખરોને ઘણાં ઊંચા કરી સુર્યને જવાના માર્ગને અવરોધી સર્વના દુઃખનું કારણ બન્યો છે, માટે હે મહાદેવ ! આપ તે વિંધ્યાચળને કોઇ પણ ઉપાયે ઊંચો વધતો અટકાવી સુર્યને જવાનો માર્ગ મોકળો કરી આપો, જેથી સર્વને શાંતિ થાય.

પરમાત્મા શંકરે કહ્યું, 'હે દેવો ! તમે મારી શકિતને જાણો છો, તેમ છતાં વિંધ્યાચળને ઊંચો વધતો અટકાવવા જેટલો હું સમર્થ નથી. મને લાગે છે કે શ્રીવિષ્ણુ આનો કાંઇ માર્ગ બતાવશે, એટલે સર્વનું દુઃખ ટળી જશે. ૧૮

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'વિંધ્યાચળે દેવોને ત્રાસ પમાડયો' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

**સૂત ઉવાચ**

**તે ગત્વાં દેવદેવેશં રમાનાથ જગદ્ ગુરુમ્ ।**
**વિષ્ણું કમલપત્રાક્ષં દદશુઃ પ્રભયાન્વિતમ્ ॥**

સુત બોલ્યા : 'ભગવાન શ્રીવિષ્ણુને દુઃખ વિદિત કરવા સર્વ દેવો વૈકુંઠમાં આવી પહોંચ્યા. અહીં તેમણે દેવોના પણ ઇશ્વર, લક્ષ્મીના પતિ, જગદ્ગુરુ, કમળ જેવા નેત્રોવાળા, મહા તેજસ્વી શ્રીવિષ્ણુના દર્શન કર્યાં પછી ભકિતથી ગળગળા સાદવાળા થયેલા અને મહાદેવથી સત્કાર કરાયેલા તેઓ ગદગદ કંઠે શ્રી વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા : હે વિષ્ણુ ! હે રમેશ ! હે લક્ષ્મીના પતિ ઇશ્વર ! આપનો જય થાઓ. આપ આદ્ય મહાપુરુષ, દૈત્યોના શત્રુ, કામદેવના પિતા, સર્વ કામનાઓનું ફળ આપનારા તથા ગોવિંદ નામથી પ્રસિદ્ધ છો. હે મહાવરાહ ! હે મહાયજ્ઞ સ્વરૂપ ! હે મહા વિષ્ણુ ! આપ પ્રુવેશ તથા જગતની ઉત્પત્તિના આદિ કારણ છો.

હે શ્રીહરિ, આપે જ મત્સ્યાવતાર ધારણ કરી વેદોનો ઉદ્ધાર કર્યો છે. હે જગત્પ્રભો ! સત્યવ્રતમાં અટલ રહેનારા આપને મારા વારંવાર નમસ્કાર છે. હે

અધીશ્વર ! હે દયાના સાગર ! હે દેવોનું કાર્ય સિદ્ધ કરનારા દૈત્યશત્રુ ! આપનો જય થાઓ. હે દેવોને અમૃત પ્રાપ્ત કરાવનાર પ્રભો વિષ્ણો ! હે કૂર્મરૂપધારી ભગવાન આપનો જય થાઓ. હે ઈશ્વર ! મહાદૈત્ય હિરણ્યાક્ષનો નાશ કરવા વરાહ અવતાર ધારણ કરનાર, તમે જય પામો, નૃસિંહ અવતાર ધારણ કરી મહાદૈત્ય હિરણ્યકશિપુને પોતાના ન્હોરથી ચીરી નાખનાર આપ ભગવાન નૃસિંહને મારા નમસ્કાર છે. હે પ્રભો ! આપે જ વામન અવતાર ધારણ કરી ત્રૈલોક્યના ઐશ્વર્યથી મોહિત અને અભિમાની થયેલા બલિ–રાજાની સર્વ સંપત્તિ છીનવી લીધી હતી તે વામનરૂપ આપ ભગવાનને અમારા નમસ્કાર છે. હે પ્રભો ! આપ જ દુષ્ટ ક્ષત્રિયોનો નાશ કરવા રેણુકાના ઉદરમાં જન્મેલા એ પરશુરામસ્વરૂપ ભગવાન આપને વારંવાર અમારા નમસ્કાર છે. હે વિષ્ણુ ! આપ જ લંકાપતિ રાવણના દશ મસ્તકો છેદવા દશરથ પુત્ર મહાસમર્થ અને પરાક્રમી રામચંદ્રરૂપ થયા હતા, તે રામાવતાર લેનાર ભગવાન આપને નમસ્કાર હો. હે હરિ ! રાક્ષસોમાં લાંછનરૂપ, પોતાના ભારથી પૃથ્વીને દબાવતા ને પીડતા કંસ અને દુર્યોધન વગેરે રાક્ષસોનો વધ કરી સૃષ્ટિમાં ધર્મને સ્થાપનારા શ્રીકૃષ્ણસ્વરૂપ આપને નમસ્કાર હો. અધમ અને નિંદીત યજ્ઞોનો નાશ કરવા તથા પશુહિંસા રોકવા માટે બુદ્ધાવતાર ધારણ કરનારા બુદ્ધરૂપધારી આપ ભગવાનને અમારા વારંવાર નમસ્કાર હો.

દુષ્ટોના સંસર્ગથી મ્લેચ્છમય બની ગયેલા જગતના દુરાચારી અને દુષ્ટ રાજાઓથી ત્રાસ પામેલી પ્રજાના રક્ષણ માટે કલ્કિરૂપે અવતાર લેનારા આપ ભગવાનને અમારા નમસ્કાર હો. હે પ્રભો ! આપના આ બધા દશ અવતારો ધર્મનો ધ્વંશ થતો અટકાવવા માટે, ભક્તોના રક્ષણ માટે તથા પાપીઓના સંહાર માટે જ થયેલા છે; એથી જ આપ 'સર્વ દુઃખહારી' નામથી પ્રસિદ્ધ છો. હે દેવેશ્વર ! ભક્તોના કષ્ટોનો નાશ કરવા આપ સ્ત્રીરૂપ થયા છો ને જળચરરૂપ પણ ધારણ કર્યું હતું, એવા આપથી અન્ય દયાળુ બીજો કોણ છે? આપના જેવો દયાસાગર કોઈ જ નથી.

સર્વ દેવોએ વિવિધ સ્તોત્રોથી ભક્તિ-પૂર્વક શ્રી વિષ્ણુની સ્તુતિ કરી સાષ્ટાંગ નમસ્કાર કર્યા, તે પછી બધા તેમની સામે આતુર દ્રષ્ટિથી જોઈ રહ્યા. એમની સ્તુતિ સાંભળી સુદર્શન ચક્ર ને ગદાધારી ભગવાન પુરૂષોત્તમ પ્રસન્ન થઈ દેવોને કહેવા લાગ્યા : હે દેવો ! તમારી ભાવભરી સ્તુતિથી મને સુખ ઉપજ્યુ છે. હવે તમારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી હું તમારા અસાધ્ય દુઃખને અવશ્ય દૂર કરીશ,....હું તમારા પર પ્રસન્ન થયો છું, તો તમે ઇચ્છિત અને અતિ દુર્લભ એવું વરદાન માગો. તમારી મનોકામના હું પૂર્ણ કરીશ.

જે ભાવિક મનુષ્ય નિત્ય પ્રાતઃ

કાળે ઊઠી ભકિતપૂર્વક મારા આ સ્તોત્રનો પાઠ કરશે એની મારામાં અપાર શ્રદ્ધા થશે એથી રોગ–શોક ક્યારેય એને સ્પર્શી શકશે નહિ. હે દેવો ! આ સ્તોત્રનો એકાગ્રતાથી પાઠ કરનાર મનુષ્યનાં ઘરમાં અલક્ષ્મી, કાલકર્ણિ, ઉપસર્ગો, વૈતાલો, ગ્રહો અને બ્રહ્મરાક્ષસ ક્યારેય સતાવશે નહિ, તે ઘરમાં કોઈનું અકાલ મૃત્યુ નહિ થાય, એનાં સંતાનો લાંબું આયુષ્ય ભોગવનારાં થશે.

આ ઉત્તમ સ્તોત્રનો નિત્ય પાઠ કરનાર ભાગ્યશાળી પુરુષના ઘરમાં સુખાદિ ભોગની સર્વ સામગ્રીઓ હમેશાં હાજર રહેશે, વધારે કહેવાથી શું ? આ સ્તોત્ર સર્વ પુરૂષાર્થોને, સર્વ મનોરથોને સિદ્ધ કરનારૂં છે. આ સ્તોત્રનો પાઠ કરનાર માટે આ લોકમાં ભોગ અને અંતમાં મોક્ષ દૂર નહિ રહે, તેઓ માટે ભકિત ને મુકિત સુલભ બનશે. આ સ્તોત્રનો નિયમિત પાઠ કરનારના ઘરમાં સદા સર્વદા સુખ-શાન્તિ રહે છે. હે દેવો ! હવે તમને જે દુ:ખ હોય તે વિના સંકોચે અને સંશય રહિત થઇ મને કહો. તમારા કષ્ટને હું દૂર કરીશ, એમાં સંદેહ રાખશો નહિ.

સુત બોલ્યા : ભગવાન શ્રી વિષ્ણુનાં આવાં વચનો સાંભળી ચિંતામુક્ત અને પ્રસન્નચિત્ત થયેલા સર્વ દેવો પુનઃ લક્ષ્મી પતિ ભગવાન વિષ્ણુને કહેવા લાગ્યા. ૨૭

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'દેવોએ કરેલી ભગવાન શ્રી વિષ્ણુ સ્તુતિ' નામનો

૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### દેવોએ અગસ્ત્ય મુનિને કરેલી પ્રાર્થના

સૂત ઉવાચ :

**શ્રીશસ્યવચનાદ્દ દેવાસ્તુષ્ટાઃસર્વ એવંહિ ।**
**પ્રસન્ન મનસો ભૂત્વા પુનરેન સમુચિરે ॥**

સૂત બોલ્યા : ભગવાન વિષ્ણુના વચનો સાંભળી ચિંતા દૂર થવાથી દેવો પ્રસન્નપણે પુન: શ્રી વિષ્ણુને કહેવા લાગ્યા : હે દેવોના ઇશ્વર ! રમાપતિ ! હે સૃષ્ટિ, સ્થિતિ ને નાશના કારણ ! હે વિષ્ણુ ! હમણાં પર્વતરાજ વિંધ્યાચળે બહુ જ ઊંચા વધીને સૂર્યના આવાગમનનાં માર્ગને ઢાંકી દીધો છે. એથી અમે દેવો અમારા હવિર્ભાગ–ભોગભાગ પામી શકતા નથી, તો હવે અમે શું કરીએ અમારે ક્યાં જવું ?

શ્રી વિષ્ણુ બોલ્યા : જે ભગવતી દેવી સર્વ જગતને રચનારાં, કુળની અભિવૃધ્ધિ કરનારાં, આદ્ય છે તેમનું નિત્ય પૂજન–ઉપાસના કરનાર, પરમ તેજસ્વી અને સર્વ મુનિઓમાં પ્રમુખ અગસ્ત્ય મુનિ હાલ કાશી ક્ષેત્રમાં બિરાજે છે. તેઓ જ વિંધ્યાચળને ઊંચો વધતો અટકાવવા સમર્થ છે. માટે હે દેવો ! તમે અહીંથી તુરત જ મોક્ષના સ્થાનરૂપ કાશીક્ષેત્રમાં જઇ તમે બ્રાહ્મણ શ્રેષ્ઠ અગસ્ત્ય મુનિને સ્તુતિથી પ્રસન્ન કરી તમારા કાર્યને પાર પાડવા માટે તેમને પ્રસન્ન કરો.

સુતે કહ્યું : 'હે ઋષિઓ : શ્રી વિષ્ણુ ભગવાને વારંવાર આમ કહેવાથી દેવોમાંથી મુખ્ય દેવો નિસંદેહ થઇને ત્યાંથી

તુરત જ કાશીનગરીમાં ગયાં. ત્યાં મહાપવિત્ર મણિકર્ણિકાના ઘાટ પર જઈ ભક્તિભાવ પૂર્વક ગંગામાં સ્નાન કર્યું. ત્યારબાદ ત્યાંથી તેઓ અગસ્ત્યમુનિના ઉત્તમ આશ્રમમાં ગયા. ત્યાં મુનિના દર્શન કરી દેવો એમનાં ચરણોમાં પડી વારંવાર પ્રણામ કરવા લાગ્યા.

પછી વિનયથી બોલ્યા: હે દ્વીજગણોના સ્વામિ! સર્વને માન્ય તેમજ પૂજ્ય! હે અગસ્ત્ય! મિત્રા-વરૂણથી પ્રકટેલા અને લોપામુદ્રાના સ્વામિ! હે ઘટમાંથી પ્રકટેલા આપને અમારા નમસ્કાર હો. હે વાતાપીનો નાશ કરનાર, સમસ્ત વિદ્યાઓના સાગર દ્વીજવર અગસ્ત્યને અમારા નમસ્કાર હો. હે કાસડાના પુષ્પને ખીલવનારા, લંકા જવાના અભિલાષી રામચન્દ્રના પરમ પ્રિય, જટાજુથથી અત્યંત શોભતાં તેમ જ શિષ્ય-મંડળીથી વીંટળાયેલા આપને અમારા વારંવાર પ્રણામ છે. હે મહામુને! અમે સર્વ દેવો આપને શરણે આવી સ્તુતિ કરીએ છીએ. આપનો જય હો. જેમનો ઉદય થતાં જળાશયોના જળ નિર્મળ થાય છે તે તમને નમસ્કાર હો. હે સર્વથી શ્રેષ્ઠ, પૂજ્યતથા સ્ત્રી સહિત આપને નમસ્કાર હો. હે ભગવન્! અમે અમારૂં દુઃખ વિદિત કરવા આવ્યા છીએ. વિંધ્યાચળથી થયેલા અસહ્ય કષ્ટથી અમે બધા પીડાઈ રહ્યા છીએ.

દેવોની વિનયભરી સ્તુતિ સાંભળી અગસ્ત્ય મુનિ હસતાં.....હસતાં દેવોને કહેવા લાગ્યા: દેવો! તમે બધા ઘણા સમર્થ છો છતાં તમારૂં દુઃખ દુર કરી શક્યા નથી. તો મને કહો. આપ બધાયે ઉત્તમ પુરુષો ત્રિલોકના શાસક છો, વળી લોકપાલ ને નિગ્રહ-અનુગ્રહમાં ક્ષમતા રાખનારા છો. તમારામાં ઇન્દ્રરાજા તો અમરાવતીનો અધિશ્વર છે, જેની પાસે વજ્ર જેવું આયુધ હમેશાં રહે છે, જેના દ્વારે આઠે સિદ્ધિઓ તત્પર રહે છે, અને જેણે સર્વ દેવોનું સ્વામિપત્ય મેળવ્યું છે એવા ઇન્દ્રને માટે કયું કાર્ય મુશ્કેલ થઈ પડયું છે? વળી નિરંતર હવ્ય તેમ જ કવ્ય મેળવનાર વૈશ્વાનર, તેમ જ 'કૃશાનુ' નામથી પ્રસિદ્ધ તથા સર્વ દેવોના મુખસ્વરૂપ જે અગ્નિ છે એવા સમર્થને માટે પણ કોઈ કાર્ય મુશ્કેલ નથી. વળી રાક્ષસગણોના અધિપતિ યમ ઘણા સામર્થ્યવાળા છે. જેઓ પ્રાણી માત્રના કાર્યના સાક્ષી તથા શાસક છે, તથા જે હાથમાં દંડ અને પાશ લઈ સદા વ્યગ્ર રહે છે એવા યમદેવ માટે કયું કાર્ય દુષ્કર હોય છે? છતાં હે દેવતાઓ! તમારૂં કાર્ય જો મારી શક્તિથી સિદ્ધ થઈ શકે એવું હશે તો તે જરૂર કરી આપીશ.'

સુત બોલ્યા: જ્ઞાની મુનિ શ્રેષ્ઠ અગસ્ત્યનું કહેવું સાંભળી દેવો હર્ષ પામ્યા પછી બોલ્યા: હે મહર્ષિ! હાલ વિંધ્યાચળે ખૂબ જ ઊંચા વધી સુર્યને જવા-આવવાના માર્ગને રોકી દીધો છે, એથી ત્રૈલોકયમાં હાહાકાર મચી ગયો

છે. સર્વ જીવાત્માઓ જીવતા છતાં અચેત જેવાં બની ગયાં છે. હે મુને! આપ તો મહાસિદ્ધિવાળા છો, તો આપના પ્રભાવથી એ વિંધ્યાચળ પર્વતને ઊંચો વધતો અટકાવો, અમને વિશ્વાસ છે કે આપના અપૂર્વ તેજથી, યોગબળથી અને પ્રભાવિક વાણીથી તે જરૂર નમ્ર બનશે. આ જ અમારૂં કાર્ય આપે કરવાનું છે. ૨૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'દેવોએ અગસ્ત્ય મુનિને કરેલી પ્રાર્થના' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### અગસ્ત્યમુનિ અને વિંધ્યાચળ

સૂત ઉવાચ

ઇતિ વાક્યં સમાકર્ણ્ય-
વિબુધાનાં દ્વિજોત્તમ ।
કરિષ્યે કાર્યમેદ્દત વઃપ્રત્યુવાચ તતો મુનિઃ ॥

સૂત બોલ્યા: દેવોનું કહેવું સાંભળી અગસ્ત્ય મુનિએ કહ્યું: 'તમે ચિંતા ત્યજી દો, તમારૂં કાર્ય અવશ્ય થઇ જશે. હવે તમે તમારા સ્થાને જતા રહો.' બધા યે દેવો હર્ષ પામતા ત્યાંથી જતા રહ્યા. તેમના ગયા પછી અગસ્ત્ય મુનિ પણ પોતાની પત્નીને સર્વ વૃત્તાંત કહી કાશી જઇ ત્યાં મણિકર્ણિકાના ઘાટે સ્નાન કરી વિશ્વનાથ પ્રભુના દર્શન કરવા ગયા. તે પછી દંડપાણિનું પૂજન કરી, કાળભૈરવના સ્થાનકે આવી દર્શન કરી સ્તુતિ કરવા લાગ્યા, હે ભક્તોના ભયને હરનાર કાળભૈરવ! તમે તો આ પવિત્ર કાશી ક્ષેત્રમાં ઇશ્વર છો, છતાં તમે મને અહીંથી કેમ દુર કરો છો? આમ કાળભૈરવને પ્રાર્થના કરી, પછી ભગવાન સાક્ષી વિનાયકને પ્રણામ કરી ધીમે ધીમે ચાલતા કાશીપુરીની બહાર નીકળી પડયા.

તેમની સાથે પત્ની સતી લોપામુદ્રા પણ પાછળથી આવ્યાં હતાં. દક્ષિણ દિશા તરફનો પંથ તેઓએ લીધો હતો. કાશી છોડવાને લીધે મુનિને વારંવાર તેનું સ્મરણ થતું હતું ને આંખોમાંથી આંસુ સરી પડતાં હતાં. થોડુંક ચાલ્યા બાદ મુનિ જાણે પોતાના તપથી બનાવેલા વિમાન પર બેસી જતા હોય તેમ અર્ધી ક્ષણમાં લાંબો પંથ કાપી એ આકાશને રોકી રહેલા વિંધ્યાચળ પાસે આવી ગયા. તેમણે વિંધ્યાચળને પોતાના માપથી ઘણો ઊંચો વધેલો અને સુર્યને જવાના માર્ગને રોકીને ઊભેલો જોયો, એવામાં વિંધ્યાચળની દ્રષ્ટિ મહામુનિ અગસ્ત્ય પર પડતાં જ એકદમ અત્યંત કંપી ગયો અને તેમના ભયથી તુરત જ એકદમ નીચો થઇ પૃથ્વીને જાણે રહસ્યભરી વાત કહેવા માગતો હોય તેમ દંડની માફક પડયો અને મહર્ષિ અગસ્ત્યને વારંવાર સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો, ત્યારે મહાપર્વતને નીચાં શિખરોવાળો જોઇ પ્રસન્ન થયેલા અગસ્ત્ય મુનિએ તેને કહ્યું: 'વત્સ! હું તારા ભક્તિભાવથી અને ગુરૂ પ્રત્યેની વાત્સલ્યતાથી તારા પર પર ઘણો પ્રસન્ન થયો છું, હવે હું અમુક કારણ માટે અહીંથી જાઉં છું. પરંતુ જયાં સુધી

હું અહીં તારી પાસે પાછો ન ફરું ત્યાં સુધી તું આમ પડયો રહેજે. કારણ કે, તારા ઊંચા શિખર પર મારાથી ચડી શકાય તેમ નથી. આમ વિંધ્યાચળને કહી અગસ્ત્ય મુનિ ત્યાંથી દક્ષિણ દિશાના પંથે જવાનો વિચાર કરી તે વિંધ્યાચળના નમેલા શિખરો પર ચડી અનુક્રમે નીચે ઉતર્યા અને દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યા માર્ગમાં તેમણે શ્રૃંગ પર્વતને જોયો એટલે મલયાચળ પર જઈ ત્યાં પોતાનો આશ્રમ સ્થાપ્યો. પછી તો સ્વાયંભુવ મનુએ પૂજેલાં દેવી પણ વિંધ્યાચળ પર્વતમાં આવ્યાં હતાં તેથી તે વિશ્વમાં 'વિંધ્યવાસિની' નામથી વિખ્યાત થયાં.

સુત બોલ્યા : હે શૌનક ! અગસ્ત્ય અને વિંધ્યાચળને સંબંધીત આખ્યાન રૂપ આ ચરિત્ર શત્રુઓ તથા પાપનો સંહાર કરનારૂં છે. એને એકાગ્રતાથી અને શ્રધ્ધા-ભકિતથી સાંભળનાર મનુષ્યોની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. આ ઉત્તમ ચરિત્ર રાજાઓને યુદ્ધમાં વિજય આપનાર, બ્રાહ્મણોના જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર, વૈશ્યોને ધન તથા ધાન્ય દેનાર અને વ્યાપારમાં વૃદ્ધિ કરનાર તેમજ શૂદ્રોને સુખ આપનાર છે. જો માત્ર એક જ વાર આ ઉત્તમ ચરિત્રને શ્રધ્ધા ભકિતપૂર્વક સાંભળવામાં આવે તો ધનની ઇચ્છાવાળાને ધનપ્રાપ્તિ થાય છે, ધર્મની ઇચ્છાવાળાને ધર્મપ્રાપ્તિ થાય છે, પુત્રની ઇચ્છાવાળાને સંતાન પ્રાપ્તિ થાય છે, કામનાઓની ઇચ્છાવાળાની કામનાઓ પૂરી થાય છે.

આ પ્રમાણે શ્રધ્ધા ભક્તિપૂર્વક દેવીનું આરાધન કરીને સ્વાયંભુવ મનુએ પોતાના મન્વંતર સુધી પૃથ્વી ઉપર રૂડી રીતે રાજ્ય કર્યું હતું. હે સૌમ્ય ! આ પહેલા મન્વંતર સાથે સંબંધ રાખનારૂં પ્રથમ ચરિત્ર મેં તને પ્રેમપૂર્વક કહ્યું. હવે તારે બીજું નવીન શું સાંભળવાની ઇચ્છા છે ? ૨૬

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'અગસ્ત્યમુનિ અને વિંધ્યાચળ' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### સ્વારોચિષ, ઉત્તમ આદિ મનુઓની કથા

શૌનક ઉવાચ

આદ્યો મન્વંતરઃ પ્રોક્તો ભવતા ચાયમુત્તમઃ ।
અન્યેષા મુદભવં બ્રુહિ મનુનાં
દિવ્ય તેજસામ્ ॥

શૌનકે પૂછ્યું : હે સુત ! આપે મને વિસ્તારથી પ્રથમ મન્વંતરનું ચરિત્ર કહ્યું, તો તેવા જ તેજસ્વી બીજા મનુઓ વિષે પણ કહો.

સુત બોલ્યા : હે શૌનક ! એમ પ્રથમ સ્વાયંભુવ મનુની ઉત્પત્તિનું વૃત્તાંત સાંભળી નારદજીએ બીજા મુનિઓનું ચરિત્ર સાંભળવાની ઇચ્છા પ્રકટ કરી એટલે શ્રી નારાયણ બોલ્યા : હે મહામુનિ ! સ્વાયંભુવ મનુએ ભગવતીની આરાધના કરી તેમની પ્રસન્નતા મેળવી પૃથ્વી પર નિષ્કંટક રાજ્ય કર્યું હતું. એ મનુને 'પ્રિયવ્રત' અને 'ઉત્તાનપાદ'

નામે બે પુત્ર હતા. તેઓ બન્ને શ્રેષ્ઠ રાજ્યકર્તા તરીકે પૃથ્વી પર ઘણા વિખ્યાત થયા હતા. આમાં પ્રિયવ્રતને જે પુત્ર હતો તેને 'સ્વારોચિષ' મનુ—બીજા મનુ તરીકે વિદ્વાનોએ કહ્યો છે. આ બીજા મનુ પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા રાખનારા હતા. તેઓ રાજપાટ છોડીને યમુનાતટ પર તપ કરવા ગયા. આહારમાં માત્ર તે સુકા પાંદડાં ખાતા હતા. ત્યાં તેમણે માટીમાંથી ભગવતીની સુંદર મૂર્તિ બનાવી હતી તેની સન્મુખ બેસી નિરંતર તેમની ઉપાસના કરવા લાગ્યા. આ મનુએ બાર વર્ષ સુધી યમુનાતટે આવેલા વનમાં રહી ઉગ્ર તપ કર્યું ત્યારે હજારો સૂર્યના પ્રકાશ જેવા તેજસ્વી દેવી તેના સમક્ષ પ્રકટ થયાં. કારણ કે આ બાર વર્ષ દરમ્યાન મનુએ સ્તવરાજથી તેમની સ્તુતિ કરી હતી અને તે સ્તવરાજ સ્તોત્રના પ્રભાવથી પ્રસન્ન થઇ દેવી તેને વરદાન આપવાં પ્રકટ થયાં હતાં. દેવીએ આ બીજા મનુને સર્વ મન્વંતરનું આધિપત્ય આપ્યું, આથી તે દેવી જગદમ્બા 'તારિણી' નામે ત્રણે લોકમાં વિખ્યાત થયાં.

આમ તે તારિણીદેવીની પ્રસન્નતાથી રાજા સ્વારોચિષ મનુ શત્રુ વગરનું આબાદ રાજ્ય પામ્યા હતા. આ ધર્મિષ્ઠ રાજા રાજ્યભરમાં વિધિ પ્રમાણે ધર્મ સ્થાપીને પુત્રો સાથે રાજ્યસુખ ભોગવી, યુગધર્મોનું પાલન કરી અંતે સ્વર્ગે સંચર્યા હતા. આ પ્રમાણે બીજા મનુનું ચરિત્ર કહ્યું. ને પછી રાજા પ્રિયવ્રતનો પુત્ર 'ઉત્તમ' તે ત્રીજો મનુ થયો હતો. આ ત્રીજો મનુ ઉત્તમ પણ ગંગા તટે તપ કરવા ગયો હતો. ત્યાં આસન જમાવી તેણે સરસ્વતીના બીજનો—ભુવનેશ્વરીના મંત્રનો જપ કરી તપ દ્વારા ઉપાસના કરવા માંડી. તેની ત્રણ વર્ષની ઉપાસના બાદ ભગવતી તેના પર પ્રસન્ન થયાં. આ ઉત્તમ નામના ત્રીજા મનુએ પણ પૂર્ણ ભક્તિથી ઉત્તમ સ્તોત્રથી દેવીનું સ્તવન કરીને દેવીની પ્રસન્નતાથી સમૃદ્ધ રાજ્ય તથા ઘણાં વર્ષના આયુષ્યવાળી સંતતિ પ્રાપ્ત કરી હતી. તેણે ઘણાં સુખ ભોગ ભોગવી રાજ્યભરમાં યુગના ધર્મો સ્થાપીને રાજર્ષીઓમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ચોથા મનુ તરીકે રાજા પ્રિયવ્રતનો પુત્ર 'તામસ' આવ્યો. તેણે પણ રાજસુખ ભોગવવાનું ત્યજી નર્મદાના દક્ષિણ તટ પર જઇ આસન જમાવી ભગવતી જગદમ્બાની ઉપાસના કરવા માંડી. ને મહેશ્વરીનો શ્રેષ્ઠ કામબીજ મંત્ર જપતાં તપ કરવા માંડ્યું, વળી તેણે વસંત ઋતુમાં ચૈત્ર માસમાં અને શરદ ઋતુમાં આસો માસમાં—બન્ને નવરાત્રમાં ઉત્તમ સ્તોત્રોના પાઠ કરી દેવી જગદમ્બિકાની ઉપાસના કરી તેથી તેની સમક્ષ કમળસમાન નેત્રોવાળા દેવી પ્રકટ થયાં અને તેમની પ્રસન્નતાથી આ ચોથા મનુ 'તામસ'ને નિષ્કંટક ઉત્તમ રાજ્યની પ્રાપ્તિ થઇ. તેણે પોતાની પત્નીથી

શુરવીર દશ પુત્રો ઉત્પન્ન કરી ઘણાં વર્ષો સુધી રાજ્ય સુખ ભોગવ્યું અને અંતે ઉત્તમ લોકમાં તેની ગતિ થઇ.

'ઉત્તમ' મનુના પાંચમા ભાઇ 'રૈવત' તે પાંચમો મનુ કહેવાય છે. તેણે પણ સુખભોગ ત્યજી યમુના કિનારે જઇ તપ દ્વારા દેવીની આરાધના કરવા માંડી. ત્યાં તેણે સાધનાનાં આશ્રયરૂપ વાગ્બીજ મંત્રના જપ કરવા માંડયા હતાં. તેથી દેવીની પ્રસન્નતા પામવાથી તેને સર્વોત્તમ ચક્રવર્તિ રાજ્યની ખુબ સમૃદ્ધિ સાથે ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનું બળ મેળવ્યું હતું. તેણે પણ ખુબ લાંબા આયુષ્યવાળા પુત્રો પ્રાપ્ત કરી રાજ્યભરમાં વિભાગપૂર્વક ધર્મને સ્થાપી, તેના રક્ષણ માટેનો પૂરતો પ્રબંધ કરી, તે પાંચમો 'રૈવત' નામનો મનુ ઘણાં વર્ષો સુધી રાજ્યસુખ ભોગવી અંતે સ્વર્ગે સંચર્યો. ૨૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'સ્વારોચિષ, ઉત્તમ આદિ મનુઓની કથા' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### છઠ્ઠા મનુ ચાક્ષુષનું ચરિત્ર

**શ્રી નારાયણ ઉવાચ**

**અથાતઃ શ્રુયતાં ચિત્રંદેવી–માહાત્મ્યમુત્તમમ્ ।**
**અંગપૂત્રેણ મનુનાયથાપ્તં રાજ્યમુત્તમમ્ ।।**

શ્રી નારાયણ બોલ્યા : હે મુનિ ! હવે તમે ભગવતી જગદંબાના અપૂર્વ અને દિવ્ય માહાત્મ્યને સાંભળો. છઠ્ઠો મનુ અંગરાજાનો ચાક્ષુષ નામનો પુત્ર થયો. તે એકવેળા બ્રહ્મર્ષિ પુલહને શરણે જઇ તેમની સ્તુતિ કરીને બોલ્યો હતો કે, હે બ્રહ્મર્ષિ ! હું ખૂબ ઉત્કંઠાથી મારા શ્રેય માટે આપને શરણે આવ્યો છું, તો મને આપનો કિંકર સમજી કંઇક ઉપદેશ આપો, જેના પ્રતાપે હું લક્ષ્મી પામું અને પૃથ્વીનું અખંડ આધિપત્ય મેળવું, મારી ભુજાઓ અત્યંત બળવાન થાઓ અને યુદ્ધકળામાં હું નિપૂણ બનું, લાંબા કાળ સુધી ચિરંજીવ રહેનારી સંતતિ થાઓ અને મારૂં આયુષ્ય કોઇ પ્રકારની ઘાત વિનાનું બનો અને અંતે મોક્ષનો લાભ મળો.

ચાક્ષુષ મનુનું કહેવું સાંભળી પુલહ મુનિએ તેને ભગવતી દેવીની ઉપાસના કરવાનો ઉપદેશ આપતાં કહ્યું : 'હે રાજન્ ! તમે સર્વને હિતકારી મારી વાત ધ્યાનથી સાંભળો. હાલ તમે મા ભગવતી–જગદંબાની આરાધના કરો, તેમની પ્રસન્નતાથી તમારા સર્વ મનોરથો સફળ થશે.' એ સાંભળી ચાક્ષુષ મનુએ પૂછયું : આપના કહેવા મુજબ જરૂર એ દેવીને આરાધીશ, પરંતુ મારે તેમને કયા સ્વરૂપે આરાધવા ? તેમની ઉપાસના કેવી રીતે કરવી જોઇએ ? એ મને આપ જણાવો.

પુલહ મુનિ બોલ્યા : 'રાજન્ ! તમારે એકાગ્રચિત્તે સરસ્વતી બીજનો અવ્યક્ત રૂપે નિરંતર જપ કરવો. આ જપ સવાર, બપોર અને સંધ્યાએ કરનારને સિદ્ધિ સાંપડે છે. વળી આ

બીજમંત્ર વીર્ય અને બળ વધારનાર હોઇ એના જ જપના પ્રભાવથી સર્વ-દેવો અપૂર્વ સામર્થ્યવાળા થયા છે. મા જગદંબાનો આવો મહિમા છે, માટે તમે પણ તમારા કલ્યાણ માટે અવશ્ય મા જગદંબાની ઉપાસના કરો, એથી તમારી ઇચ્છા મુજબ તમને શીઘ્ર રાજ્યની પ્રાપ્તિ થશે.'

શ્રેષ્ઠ મુનિ પુલહના બોધથી અંગનો પુત્ર ચાક્ષુષ તપ કરવા પવિત્ર વિરજા નદીના તટ પર ગયો, ત્યાં આસન જમાવી સરસ્વતી દેવીના બીજનો જપ કરવામાં મગ્ન રહી, માત્ર વૃક્ષ પરથી ખરી પડેલા પાંદડાંનો આહાર કરી ઉગ્ર તપ કરતો હતો.

પહેલા વર્ષે તેણે માત્ર ખરી પડેલાં સુકાં પાંદડાં જ આરોગ્યાં, બીજા વર્ષે માત્ર જળ પર જ રહ્યો ને ત્રીજે વર્ષે માત્ર વાયુનું જ ભક્ષણ કર્યું. આવું કષ્ટદાયક તપ કરવાથી ચાક્ષુષનું શરીર સાવ દુર્બળ બની ગયું હતું, તેને જોતાં એમ જ લાગે છે કે, અહીં સુકાયેલા ઝાડનું ઠુંઠું ઊભું છે. આ રીતે તેમણે બાર વર્ષ સુધી નિરાહાર રહી સતત સરસ્વતી દેવીના બીજમંત્રનો જપ કરવાથી તેના અંતઃકરણમાં કલ્યાણમયી બુદ્ધિ ઉત્પન્ન થઇ, કારણ કે તેમણે દેવીના શ્રેષ્ઠ મંત્રના જપને જ મહત્ત્વ આપ્યું હતું. એથી પ્રસન્ન થયેલા દેવી પરમેશ્વરીએ તેને સાક્ષાત દર્શન આપ્યાં. એ દેવી અત્યંત તેજસ્વી હતા. તેમની આસપાસ પ્રકાશના પુંજ રેલાયા હતા. તે દેવીએ ચાક્ષુષ મનુને કહ્યું:

'રાજન્ ! તારા તપથી હું પ્રસન્ન થઇ તને વરદાન આપવા આવી છું, માટે તારી ઇચ્છા હોય તે માગ.' આ સાંભળી ચાક્ષુષ મનુએ આંખ ઊંચી કરી દેવીને બે હાથ જોડી પ્રણામ કરીને કહ્યું : હે દેવેશ્વરી ! મારા સર્વ મનોરથને આપ સર્વજ્ઞ જાણો જ છો, છતાં આપે પધારી મને દર્શન દીધાં તેને મારા હું અહોભાગ્ય માનું છું. હવે હું એટલું જ માગું છું કે, આપ મને મન્વંતરનું રાજ્ય આપો.

દેવીએ 'તથાસ્તુ' કહ્યું. આમ દેવીની પ્રસન્નતાથી ચાક્ષુષને મન્વંતરનું સમૃધ્ધ રાજ્ય મળ્યું અને અનેક પ્રતાપી પુત્રો સંપન્ન થવાથી તે છઠ્ઠા મનુ તરીકે પંકાયો, એને અખિલ ભુમંડનું સુખ મળ્યું. વળી તેના બળવાન પુત્રોએ રાજકારોબાર સંભાળી લીધો હતો તેથી તેને સુખ–શાંતિ મળ્યાં હતાં. તેના બધા જ પુત્રો શુરવીર, ભગવતીના પરમ ઉપાસક અને રાજસુખના ભોક્તા હતા.

એ રીતે છઠ્ઠા મનુ ચાક્ષુષે મા ભગવતીની ઉપાસનાના પ્રતાપે મનુ-ઓમાં ખૂબ જ સારી પ્રતિષ્ઠા મેળવી, ઘણાં વર્ષો સુધી રાજ્ય ભોગવ્યા બાદ તે અંતે મા ભગવતી–જગદંબાના પરમ ધામ મણિદ્વીપમાં ગયો.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે

'છઠ્ઠા મનુ ચાક્ષુષનું ચરિત્ર' નામનો

૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

**વૈવસ્વત અને સાવર્ણિ મનુનું ચરિત્ર**

**શ્રી નારાયણ ઉવાચ**

**સપ્તમો મનુરાખ્યાતો મનુર્વૈવસ્વતઃ પ્રભુઃ ।**
**શ્રાદ્ધદેવઃ પરમાનંદ ભોક્તા–**
**માન્યસ્તુ ભૂભુજામ ॥**

શ્રી નારાયણ બોલ્યા : સાતમા મનુ તરીકે 'વૈવસ્વત વિશ્વમાં પ્રસિદ્ધ થયા, તેઓ 'શ્રાદ્ધ દેવ' નામથી પણ ઓળખાતા હતા. તે પરમાનંદ ભોગવનાર અને સર્વ રાજાઓમાં માનવંતા હતા. આ વૈવસ્વત મનુએ પણ ભગવતીની આરાધના કરેલી. તેથી દેવીની પ્રસન્નતાથી તે મન્વંતરના અધિપતિ થયા હતા.

તેના પછી આઠમા મનુ 'સાવર્ણિ' પણ પૃથ્વી પર અતિ પંકાયા. તેમણે પણ મા ભગવતીની સતત આરાધના કરી, તેમની કૃપા થવાથી મન્વંતરનું આધિપત્ય પદ પ્રાપ્ત કર્યું હતું. તેમણે પણ રાજાઓમાં માનવંત, ગૌરવવંત સ્થાન મળ્યું હતું. વળી તે પૂર્ણ પરાક્રમી અને વિદ્વાન હોવાથી સર્વમાં અતિ પ્રિય થઇ પડયા હતા.

નારદે પૂછ્યું : એ સાવર્ણિ મનુએ જન્માંતરમાં મા ભગવતીની પૃથ્વીમય મૂર્તિનું આરાધન કેવી રીતે કરેલું, તે આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા : સ્વારોચિષ મન્વંતરમાં ચૈત્ર ( ચન્દ્ર ) વંશમાં જન્મેલો 'સુરથ' નામે અતિ જાણીતો રાજા હતો. તે અતિબળવાન, ધનુધારી, પરાક્રમી અને યુદ્ધ-કળામાં પારંગત જેવો જ ઉદાર-દાની હતો. એક વખત કોઇ રાજાની 'કોલા' નામની નગરીનો નાશ કરનારા રાજાઓ તેના દુશ્મન બન્યા, તે રાજાઓએ મોટી સેના વડે સુરથ રાજાની નગરીને રાજા સહિત ઘેરી લીધી. પછી તેની સર્વ રાજ્ય-સંપત્તિ લૂંટી લીધી. એથી દુઃખી થયેલો સુરથ રાજા મૃગયા ખેલવાને બહાને ઘોડા પર બેસી નગરીની બહાર નીકળી એકલો જ નજીકમાં આવેલા જંગલમાં જતો રહ્યો.

પરંતુ રાજ્ય જવાથી તેનું મન ખૂબ જ ભ્રમિત થઇ ગયું હતું તેથી સુરથ રાજા વ્યાકુળ થઇ આમ-તેમ ભટકવા લાગ્યો, એવામાં તેના સદ્‌ભાગ્યે એક રમણિય આશ્રમ તેના જોવામાં આવ્યો. તે આશ્રમ 'સુમેધા' નામના મુનિનો હતો. તે આશ્રમમાં ગયો ત્યારે મુનિ પૂજા-પાઠ કરવામાં જ મગ્ન હતાં. અહીં આવવાથી સુરથ રાજા બધું દુઃખ ભુલી ગયો. તેને શાંતિ મળી. જ્યારે મુનિ પૂજા-પાઠથી પરવાર્યા ત્યારે સુરથ રાજા તેમની પાસે ગયો અને બે હાથ જોડી પ્રણામ કરી કહેવા લાગ્યો : 'મુને ! હું સુરથ રાજા છું, દુશ્મન રાજાએ મારા રાજ્યને ઘેરી લઇ જીતી લીધું છે, હું મારો જીવ બચાવવા ત્યાંથી ભાગી છૂટી અહીં આપના આશ્રયે આવ્યો છું. હું જાણું છું કે, જગતમાં આપણું કંઇ જ નથી, જગતમાં ખોટી માયા છે.

આમ તત્ત્વને જાણવા છતાં મારી મમતા એમાં રહે છે. હજુ રાજ્ય, મહેલ અને કુટુંબીઓ પ્રત્યેનો મારો મોહ છૂટતો નથી. હે મુને! આપ મને બતાવો કે હું હવે ક્યાં જાઉં, શું કરૂં? કેવી રીતે મને સુખ–શાંતિ મળે? મને કંઇ માર્ગ બતાવો.'

સુરથ રાજાની વ્યથા સાંભળી સુમેધા મુનિ બોલ્યા: 'હે રાજન્! હું તને ભગવતી માતાનો મહિમા સમજાવું છું, જે સાંભળી તને અવશ્ય આત્મજ્ઞાન થશે. સર્વમાં શ્રેષ્ઠ અને સર્વ કામનાઓ આપનારૂં ભગવતી માતાનું માહાત્મ્ય તને સંભળાવું છું તે એકાગ્રચિત્તે સાંભળ: તે જગન્માતા બ્રહ્મા વિષ્ણુ ને મહેશને ઉત્પન્ન કરનારાં છે તે મહામાયા પ્રાણીઓને ગમે તે રીતે મોહિત કરે છે અને એ દેવી જ બ્રહ્મસ્વરૂપે પાળે પોષે છે ને રુદ્રરૂપે જગતને સંહારે છે. ભક્તિથી સર્વના મનોરથ પૂર્ણ કરનારાં તે દેવી 'કાલરાત્રી, કાલીસ્વરૂપ અને લક્ષ્મી સ્વરૂપ' છે. સર્વ ચરાચર જગત દેવીના આધારે જન્મ્યું છે અને ટક્યું છે, અને તેમનાથી જ વ્યાપ્ત છે, લય પણ તેમનાની જ પામે છે, હે રાજન્! જેના પર ભગવતી દેવીની કૃપા થાય છે તે જ મોહ–માયાના સમુદ્રને ઓળંગી જાય છે, બીજા કોઇ પણ પ્રકારે મોહને ઓળંગી શકાતો નથી. ૨૫

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'વૈવસ્વત અને સાવર્ણિ મનુનું ચરિત્ર' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૧ મો

## દેવી મહાકાલીનું ચરિત્ર

રાજોવાચ

કા સા દેવીત્વયાપ્રોક્તા બ્રૂહિ કાલવિદાંવર।
કા મોહયતિ સત્ત્વાનિ–
કારણં કિં ભવેદ્ દ્વિજ॥

સુરથ રાજાએ પૂછ્યું: હે કાળજ્ઞ શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમે જે દેવી વિષે કહ્યું તે કોણ છે? પ્રાણીઓને મોહિત કોણ કરે છે? મોહ ઉપજાવવામાં મુખ્ય તત્ત્વ શું હશે? વળી તે દેવી કોનાથી ઉત્પન્ન થયાં છે? તેમનું સ્વરૂપ કેવું છે? તે સર્વ વૃત્તાંત આપ મને કહો.

મુનિ બોલ્યા: 'હે રાજન! હવે હું તને દેવીનો મહિમા તેમના પ્રાકટ્ય સાથે કહું છું: યોગેશ્વર ભગવાન શ્રી નારાયણ વિશ્વનો સંહાર કર્યા પછી સમુદ્રમાં શેષનાગ રૂપ શય્યામાં યોગનિદ્રાને પામ્યા હતા ત્યારે તેમના કાનના મેલમાંથી મધુ ને કૈટભ નામના બે દૈત્યો ઉત્પન્ન થયા હતાં ને એકાએક તે બંને દૈત્યો વિના કારણે બ્રહ્માનો નાશ કરવા તત્પર થયા, આથી બ્રહ્મા ગભરાયા, કારણ કે આ વખતે દેવાધિદેવ શ્રી વિષ્ણુ નિદ્રાધીન હતા.

બ્રહ્માએ વિચાર્યું કે આ બંને પ્રચંડ દૈત્યો સાથે લડવામાં હું પહોંચી વળીશ નહિ, તો મારે હવે શું કરવું? અહીંથી જવું પણ ક્યાં? કારણ કે બંનેની દ્રષ્ટિ મારા પર જ છે. આખરે બ્રહ્માએ વિચાર્યું કે નિદ્રાદેવીને શરણે જાઉં. અને બ્રહ્માજી પછી નિદ્રાદેવીની

સ્તુતિ કરવા લાગ્યા : હે દેવેશ્વરી ! હે જગન્માતા ! હે માયા ! હે શિવા ! સર્વ લોકો તમારી આજ્ઞાને વશ રહી પોતપોતાના કાર્ય કરે છે. તમે કાલરાત્રી, મહારાત્રી, મોહરાત્રી, ઉત્કટ, વ્યાપક, મહા આરાધ્ય, માયારૂપ, મધુર, પૃથ્વી-રૂપ, મહા આનંદનાં ભંડાર, સર્વ કરતાં પણ પર અને સર્વોત્કૃષ્ટ કહેવાઓ છો. લજ્જા, પુષ્ટિ, ક્ષમા, કીર્તિ, કાંતિ તથા કરૂણામય શરીરવાળા તમે ઇચ્છવા યોગ્ય જગતને વંદવા યોગ્ય અને જાગ્રત આદિ ચાર અવસ્થાઓ રૂપ છો. હે દેવી ! તમે જ સર્વ શ્રેષ્ઠ, પરમેશ્વરી, પરમા-નંદરૂપ, પરમાત્મારૂપ, આશ્રયવાળા, અદ્વિતીય, એકી સંખ્યાવાળા, બીજી કાયારૂપ વસ્તુથી યુક્ત ને બેકી સંખ્યાવાળા પદાર્થરૂપ છો. વળી ત્રણ વેદોરૂપ, ત્રણ ગુણોરૂપ, ધર્મ–અર્થ –કાળરૂપ, વિગ્રહનો આશ્રય કરનારાં, ચતુર્થ અવસ્થારૂપ, બ્રહ્મરૂપ, પાંચની સંખ્યારૂપ, છઠ્ઠા પદાર્થના ઇશ્વરી, સાતની સંખ્યારૂપ, સાત વારના ઇશ્વરી, ચૌદ રત્નોરૂપી વરદાન આપનારાં, આઠની સંખ્યારૂપ આઠ વસુઓનાં ઇશ્વરી, નવ ગ્રહમય અને તેઓનાં સ્વામિની પણ તમે જ છો, વળી નવીન કળાથી નવની સંખ્યારૂપ નવ પદાર્થોના ઇશ્વરી, દશની સંખ્યારૂપ દશે દિશાઓમાં પૂજ્ય તથા વ્યાપક, લક્ષ્મીરૂપ, અગિયારની સંખ્યા-રૂપ, અગિયાર રુદ્રો વડે સેવાયેલા, અગિયારથી પ્રસન્ન થતા, અગિયાર ગણોના અધિપતિ, બારની સંખ્યારૂપ બાર ભુજાઓવાળા, બાર સુર્યોનાં જન્મનું સ્થાન, તેરની સંખ્યારૂપ, તેર ગણો પર પ્રીતિવાળાં, તેર નામોવાળાં.

વિશ્વના દેવોનાં અધિષ્ઠાત્રી, ચૌદ ઇન્દ્રોને વર આપનારાં, ચૌદ મનુને ઉત્પન્ન કરનારાં, પંદરમી કામરાજ વિદ્યારૂપ, ત્રિપુર સુંદરી વડે જાણવા યોગ્ય પંદરમી તિથિરૂપ, સોળની સંખ્યાવાળાં, સોળ ભુજાઓવાળાં, સોળ ચંદ્ર કળામય અને સોળ કળામય ચન્દ્રના કિરણોથી વ્યાપ્ત દિવ્ય શરીરવાળા તમે છો. હે દેવી ! તમે દેવોના દેવ લક્ષ્મીપતિ ભગ-વાનને તમારે સ્વાધિન કર્યા છે અને આ પ્રચંડ મધુ–કૈટભ નામના બે દૈત્યો મહા પરાક્રમી હોઇ મહાકષ્ટે પહોંચી વળાય એવા છે. માટે હે દેવી ! તમે કૃપા કરી આ મધુ-કૈટભ બંને દૈત્યોનો નાશ કરવા વિષ્ણુને જાગ્રત કરો.

મુનિ બોલ્યા : દૈત્યોથી ભયભીત થયેલા બ્રહ્માની આવી સ્તુતિ સાંભળી ભગવતી તામસી દેવી નિદ્રાએ તુરત જ વિષ્ણુ ભગવાનનો ત્યાગ કરી એ બન્ને દૈત્યોને મોહિત કર્યા હતા. પછી વિષ્ણુ ભગવાને જાગીને જોયું તો બન્ને પ્રચંડ દૈત્યો સામે ઊભા હતા. તેઓને યુદ્ધ કરવા તત્પર થયેલા જોઇ વિષ્ણુ ભગવાને પાંચ હજાર વર્ષ સુધી એ બન્ને દૈત્યો મધુ–કૈટભ સાથે ઘણાં પ્રકારે યુદ્ધ કર્યા પછી બાહુયુદ્ધ કર્યું.

એ વખતે બન્ને મદોન્મત દૈત્યોએ

ભગવાન વિષ્ણુને ઇચ્છિત વરદાન માગવા કહ્યું. એટલે ભગવાન વિષ્ણુએ તેમની પાસે વરદાનમાં એવું માગ્યું કે, 'તમે મારા હાથે નાશ પામો.' ભગવાનની આવી ઇચ્છા જાણી દૈત્યોએ કહ્યું: 'પરંતુ જ્યાં પૃથ્વી પાણીથી ડૂબેલી ન હોય તેવા સ્થળે જ તમે અમને મારી શકો.'

'બહુ સારૂં, તેમ જ થશે. એમ કહી ભગવાન વિષ્ણુએ ગદા, ચક્ર તથા શંખને ધારણ કર્યા, પછી પોતાની જાંઘોને ખૂબ વિશાળ બનાવી તેના પર બન્ને દૈત્યોનાં મસ્તકોને રાખી ચક્ર વડે છેદી નાખ્યાં. આમ મધુ–કૈટભ દૈત્યોનો વધ થયો. હે સુરથરાજા ! આ રીતે એ દેવીનું પ્રાકટ્ય થયું હતું, અને તે દેવી બ્રહ્માથી સ્તુતિ કરાયાં હતા. એ મહાકાલી સર્વ યોગેશ્વરોનાં ઇશ્વરી છે. હવે મહાલક્ષ્મીની ઉત્પત્તિનું વર્ણન કરૂં છું તે સાંભળો. ૩૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'દેવી મહાકાલીનું ચરિત્ર' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનો મહિમા

મુનિરુવાચ

માહિષી ગર્ભ સંભૂતો મહાબલ પરાક્રમઃ ।
દેવાન્ સર્વાન પરાજિત્ય
મહાષોડભૂજ્જગત્પ્રભુઃ ॥

મુનિ બોલ્યા : હે સુરથરાજા ! પૂર્વે મહિષી (ભેંસ)ના ગર્ભથી જન્મેલો મહા બળવાન, અતિપરાક્રમી ને સર્વ દેવોને યુદ્ધમાં હરાવી જગતનો સ્વામી થયો હતો અને લોકપાલોને જીતી લઇ ત્રૈલોક્યનું રાજ્ય ઐશ્વર્યસહિત ભોગવતો હતો. મહિષાસુરથી હારેલા દેવો આ દુઃખનું નિવારણ કરવા માટે બ્રહ્માને આગળ કરી પ્રથમ કૈલાસમાં શંકર પાસે ને પછી વૈકુંઠમાં વિષ્ણુ પાસે ગયા હતા અને તેઓએ બન્ને ઠેકાણે મહિષાસુરના ઉત્પાતનું સર્વ વૃત્તાંત તેમને કહેલું : હે દેવેશ્વરો ! વરદાનથી બળવાન થયેલો બળથી અભિમાની થઇ છકી ગયેલો મહિષાસુર નામે દૈત્ય અમો સર્વ દેવોના સ્થાનો અને અધિકારોને બળપૂર્વક છીનવી લઇ તેને પોતે અત્યારે ભોગવી રહ્યો છે. તો તે અભિમાની મહિષાસુરનો નાશ કરવાનો કોઇ ઉત્તમ ઉપાય વિચારો.

દેવોની દુઃખદ કથની સાંભળી બંને દેવેશ્વરો ઘણા જ કોપાયમાન થયા, એ જ વખતે ભગવાન વિષ્ણુના મુખમાંથી હજાર સૂર્યના કિરણોની પ્રભાવાળું દિવ્ય તેજ પ્રકટ્યું, તે પછી સર્વ દેવોના શરીરમાંથી પણ અનુક્રમે તેજ પ્રકટ થયું, આમાં શંકરના તેજથી મુખ થયું, યમદેવના તેજમાંથી કેશકલાપ થયો, વિષ્ણુના તેજમાંથી બાહુઓ થયા, મહેન્દ્રના તેજથી શરીરનો મધ્યભાગ થયો. વરુણના તેજથી જંઘ તથા સાથળો થયાં. પૃથ્વીના તેજથી કેડનો પાછળનો ભાગ થયો. બ્રહ્માના તેજથી બે પગ થયા, સૂર્યના તેજથી પગની આંગળીઓ થઇ, વસુના તેજથી હાથનાં આંગળાં થયાં, કુબેરના તેજથી નાક થયું. પ્રજાપતિના તેજથી દાંત થયાં, અગ્નિના તેજથી

ત્રણ નેત્રો થયાં, સંધ્યાનાં તેજથી તેજના ભંડારરૂપ બે ભ્રમરો ને વાયુના તેજથી બે કાન થયાં. એ રીતે સર્વાંગ સુંદર સ્વરૂપ મહાલક્ષ્મી સર્વ દેવોના શરીરના તેજમાંથી એકત્ર થઇને પ્રકટયા. તે પછી ભગવાન શંકરે ત્રિશુળ આપ્યું, વિષ્ણુએ ચક્ર આપ્યું, વરૂણે ઉત્તમ શંખ આપ્યો, અગ્નિએ સાંબ આપી, વાયુએ ધનુષ–બાણ આપ્યાં, મહેન્દ્રએ વજ્ર આપ્યું, ઐરાવત હાથીની ઘંટડી આપી, યમદેવે કાળદંડ આપ્યો, બ્રહ્માએ અક્ષમાળા તથા કમંડલુ પણ આપ્યાં, સુર્યે રુવાંડાંના છિદ્રોમાં કિરણોની પંક્તિ આપી, કાળે તલવાર તથા ઢાલ આપી, સમુદ્રે હાર તથા સદાય નવીન રહેતાં બે વસ્ત્રો આપ્યાં, વિશ્વકર્માએ બે મુકુટ, બે કુંડળો કડાં, બાજુબંધ, નિર્મળ અર્ધ ચન્દ્ર, ઝાંઝર તથા ડોકનાં આભુષણો આપ્યાં, હિમાલયે વાહન માટે સિંહ સહિત જાતજાતનાં રત્નો આપ્યાં.

કુબેરે મદિરાથી ભરપૂર પાત્ર આપ્યું અને શેષનાગે હાર આપ્યો. બાકીના બધા દેવોએ કંઇ ન આપતાં તે દેવીનું સન્માન કર્યું અને ભક્તિપૂર્વક દેવીનું સ્તવન કર્યું. એટલે દેવીએ તે મહિષાસુર દાનવનો નાશ કરવા પ્રચંડ ગર્જના કરી મુકી એટલે એ ગર્જના સાંભળી આશ્ચર્યચકિત થયેલા મહિષાસુર દાનવ પોતાના અસુરોના સૈન્યોથી વીંટળાઇ દેવી જગદંબાની સામે લડવા આવ્યો અને જોતજોતામાં અનેક શસ્ત્રાસ્ત્રોથી આકાશને ભરી દેતો તે મહિષાસુર દેવીની સાથે જોરદાર યુદ્ધ કરવા લાગ્યો. એની સાથે મદદમાં અસુરો: ચિક્ષુર, ગ્રામણી, દુર્ધર, દુર્મુખ, બાષ્કલ, નાક, બિડાલવદન અને બીજા અસંખ્ય યોદ્ધાઓ હતા. કોપે ભરાયેલા દેવીએ તે બધાય દાનવોનો યુધ્ધમાં નાશ કર્યો. એથી દેવી પર અત્યંત રોષે ભરાયેલા માયાવી મહિષાસુરે દેવીની સામે આવી જુદા જુદા ચિત્ર–વિચિત્ર રૂપો ધારણ કરવા માંડયા. દેવીએ એના તે રૂપોનો પણ પોતાના દિવ્ય આયુધોથી નાશ કર્યો એટલે છેવટે પાડાનું રૂપ ધારણ કરેલા તેને પાશથી બાંધી દઇ દેવીએ તેનું મસ્તક તલવારથી કાપી નાખ્યું.

એટલે હાહાકાર કરતું દાનવોનું સૈન્ય ગભરાઇને ત્યાંથી નાસી ગયું. દાનવનો વધ થવાથી બધા દેવો આનંદ પામી દેવીની સ્તુતિ કરવા લાગ્યા. આમ મહિષાસુરનો વધ કરવા મહિષાસુર મર્દિની–લક્ષ્મી પ્રકટયાં હતાં. હવે દેવી સરસ્વતીના પ્રાકટયને કહું છું: એક વખત શુભ–નિશુંભ નામના બંને મદોન્મત્ત અને બળના અભિમાની દાનવોથી ભ્રષ્ટ થઇ દેવો હિમાલય પર્વત પર જઇ દેવીની સ્તુતિ કરવા લાગ્યા: હે ભક્તોની ભીડ ભાંગનારાં, ભક્તોની પીડાને દુર કરવામાં કુશળ દેવેશ્વરી! દુષ્ટ દાનવોના કાળરૂપ દેવી, જરા–મરણ રહિત દેવી, તમે જય પામો દેવોનાં નિયંત્રી, ભક્તિથી સુલભ, કરૂ-

ણાના ભંડાર, મહા બળવાળાં, મહા–પરાક્રમવાળાં, હે વિષ્ણુ, ભગવાન શંકર તથા બ્રહ્મા વગેરે સ્વરૂપ, અનંત પરાક્રમવાળાં! સૃષ્ટિ, સ્થિતિ તથા સંહાર કરનારાં, મહા તાંડવથી અત્યંત પ્રસન્ન થનારાં, શરણાગતોના દુઃખોનો ત્વરાથી નાશ કરનારાં, શુંભ–નિશુંભથી ઉત્પન્ન થયેલા ભયરૂપી અગાધ સમુદ્રમાંથી ઊગરવા માટે અમે તમારે શરણે આવ્યા છીએ, તો હે દેવી! અમારા પર કૃપાવંત થઇ અમારો ઉદ્ધાર કરો.'

દેવી બોલ્યા: 'તમે ચિંતા ન કરો. દેવોના શત્રુ શુંભ–નિશુંભનો હું નાશ કરીશ. તમે શાંત થાઓ. તમારું અવશ્ય કલ્યાણ થશે.' ઇન્દ્ર રાજા સહિત દેવોને એમ કહી દેવી અંતર્ધાન થઇ ગયા. દેવો પણ મેરૂ પર્વતની ઉત્તમ ગુફામાં ગયા. શુંભ–નિશુંભના સેવક ચંડ–મુંડે હિમાલય પર સુંદર અંગવાળા દેવીને જોઇ રાજા શુંભને કહ્યું: 'હે અસુર–શ્રેષ્ઠ! આજે એક અપૂર્વ સ્ત્રી જોઇ છે અને તે મનોહર સ્ત્રી આપને યોગ્ય જ છે. અને એના જેવી દાનવની, મનુષ્યની કે દેવની સ્ત્રી પણ નથી.' એવું સાંભળી શુંભે સુગ્રીવ નામક દુતને દેવીની પાસે મોકલ્યો. દુતે જલદીથી ત્યાં જઇ સઘળું વૃત્તાંત દેવીને કહ્યું: હે સુંદરી! શુંભે કહ્યું છે તે તું સાંભળ, રત્નોનો ભોગવનાર હું અમર છું. એવા મારો તું સ્વીકાર કર. દેવો, અસુરો તથા મનુષ્યોમાં જે રત્નો હતાં તે બધાં મારી પાસે જ છે માટે તું પ્રેમપૂર્વક મારો સ્વીકાર કર.



દેવી બોલ્યા: હે દાનવરાજનું હિત ચાહનાર દુત! તારૂં કહેવું સાચું છે પણ મેં પહેલાં પ્રતિજ્ઞા કરી છે કે જે પુરૂષ યુધ્ધમાં મારા ગર્વને ઉતારે અને મારા બળને ભાંગી મને જીતી લે તે જ મને ભોગવનાર થાય. આ મારી પ્રતિજ્ઞા પૂરી કરીને તારા સ્વામિ અસુરરાજ મને ભલે સ્વીકારે. માટે તું જઇને તારા સ્વામીને મારી આ પ્રતિજ્ઞા કહે એટલે તે આ પ્રતિજ્ઞા પૂરી કરશે.

મુનિ બોલ્યા: મહાદેવીનાં આવાં વચન સાંભળી તે દાનવદુતે અસુરરાજ શુંભ પાસે જઇને દેવીનું સઘળું વૃત્તાંત કહ્યું: એટલે ક્રોધે ભરાયેલા શુંભે ધુમ્રાક્ષ નામના અસુરને બોલાવી આજ્ઞા કરી કે: 'હે ધુમ્રાક્ષ! તું અહીંથી જલદી ત્યાં જા ને એ અભિમાની ને ચાલાક સ્ત્રીનો ચોટલો પકડી અહીં મારી પાસે લાવ.' એમ આજ્ઞા થતાં મહાબળવાન ધુમ્રાક્ષ આઠ હજાર અસુરના સૈન્ય સાથે હિમાલય પર દેવી સામે આવી મોટા અવાજે દેવીને કહેવા લાગ્યો: 'હે સુંદરી! અમારા શુંભ નામના મહા-પરાક્રમી દાનવ રાજાનો તું જલદીથી સ્વીકાર કર અને તેમની સાથે સર્વ ભોગો ભોગવ. નહીં તો તારો ચોટલો પકડીને તને અસુરરાજ પાસે લઈ જવી

સાચું છે પણ તારો રાજા શુંભાસુર અને તું મને શું કરશે એ કહે.' એ વચન સાંભળતા ધુમ્રાક્ષ શસ્ત્રો લઇ દેવી સામે દોડયો એટલે મહેશ્વરીએ તેને હુંકાર માત્રથી ભસ્મ કરી નાખ્યો, પછી દેવીના વાહન સિંહે અસુરોની સેના વચ્ચે જઇ અસુરોને મારવા માંડયા એટલે તે બધું સૈન્ય હાહાકાર કરતું નાસી ગયું. દુતો મારફત આ બધું વૃત્તાંત સાંભળી શુંભાસુર હવે દેવી પર ઘણો જ ક્રોધે ભરાયો. તેણે હવે ચંડ, મુંડ તથા રક્તબીજને દેવી પાસે વારા ફરતી મોકલ્યા, ત્યાં જઇ તે બધા દેવીને પકડવા પ્રયત્ન કરવા લાગ્યા પણ દેવીએ તે બધાયનો પણ ત્રિશુળથી નાશ કર્યો. આ ખબર મળતાં શુંભ-નિશુંભ એ બંને અસુરો મહેશ્વરી દેવી સામે યુદ્ધ કરવા લાગ્યા એટલે દેવીએ તે બંનેનો પણ વધ કરી નાખ્યો. આથી પ્રસન્ન થયેલા દેવોએ સરસ્વતી દેવીની સ્તુતિ કરી. પછી હે રાજન્ ! આ રીતે મહાકાલી, મહાલક્ષ્મી તથા મહાસરસ્વતીનો પ્રાદુર્ભાવ મેં આપને ક્રમથી કહ્યો છે. એ પરમેશ્વરી દેવી જ સર્વ જગતમાં સર્જન, પાલન અને સંહાર કરે છે. માટે તું તારા ચિત્તની સ્વસ્થતા માટે જગદીશ્વરી મહામાયા તે દેવીને શરણે જા, તે તારૂં સર્વ કાર્ય કરશે. તે મહામાયા દેવી અતિ કરુણાવાળા છે, તે તને સહાય કરશે.

શ્રી નારાયણ બોલ્યા: સુમેધા મુનિને આમ કહેતા જોઇ સુરથ રાજાએ દેવીને શરણે જઇ નિરાહાર રહી, ઇન્દ્રિયોને વશમાં કરી, દેવીને વિષે મનને એકાગ્ર કરી, સાવધાન થઇ દેવીની માટીની મૂર્તિ બનાવી મૂર્તિનું ભક્તિપૂર્વક પૂજન કરવા માંડયું અને બલિદાન તરીકે પોતાના શરીરનું રક્ત આપવા માંડયું. એથી પ્રસન્ન થયેલા દેવી 'વરદાન માગ' એમ કહેતાં ત્યાં પ્રકટ થયાં. એટલે સુરથ રાજાએ પોતાના મોહનો નાશ, મમતાની વિસ્મૃતિ, જ્ઞાન તથા નિષ્કંટક રાજ્ય દેવી પાસે માગ્યું.

દેવી બોલ્યાં : રાજન્ ! આ જન્મમાં તને હું નિષ્કંટક રાજય તથા મોહ દૂર કરનારૂં જ્ઞાન આપું છું. વળી બીજું તારા જન્માંતરનું ભવિષ્ય પણ સાંભળ. સુર્યથી જન્મ પામી તું સાવર્ણિ નામક મનુ થઇશ. ત્યારે પણ તું મારા વરદાનથી તું મન્વંતરનો રાજા બનીશ ને પુષ્કળ સંતતિ પામીશ.

ભગવાન નારાયણે કહ્યું : દેવી એ રીતનું વરદાન આપી અંતર્ધાન થયાં, અને સુરથ રાજા પણ તેમની કૃપાથી મન્વંતરનો અધિપતિ થયો. નારદ ! આ રીતે સાવર્ણિ મનુનો જન્મ તથા કર્મ તમને કહ્યાં. આ ચરિત્રનો પાઠ કરવાથી અને સાંભળવાથી ભગવતી દેવીની કૃપા મળે છે. ૯૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'મહાલક્ષ્મી અને મહાસરસ્તીનો મહિમા' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### ભ્રામરીદેવીનું ચરિત્ર

શ્રી નારાયણ ઉવાચ:

અથાતઃ શ્રુયતાં શેષમનુનાં ચિત્રમુદ્દભવમ્ ।
યસ્ય સ્મરણમાત્રેણ દેવીભક્તિઃ પ્રજાયતે ॥

ભગવાન નારાયણે કહ્યું : નારદ ! હવે બાકીના મનુઓની ઉત્પત્તિ સાંભળો, જેના માત્ર સ્મરણથી દેવી વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે. વૈવસ્વતમનુના છ પુત્રો હતા : કરૂષ, પૃષધ્ર, નાભાગ, દિષ્ટ, શર્યાતિ અને ત્રિશંકુ. બધા જ મહા પરાક્રમી અને નિર્મળ બુદ્ધિવાળા હતા. એ છયે પુત્રો યમુનાના તટ પર જઇ ભગવતીની ઉપાસના કરવા લાગ્યા. તેઓ નિરાહાર રહી શ્વાસને કાબૂમાં રાખી, દેવીની માટીની મૂર્તિ અલગ અલગ બનાવી ભિન્ન ભિન્ન ઉપચારોથી પૂજા કરવા લાગ્યા. પછી તેમણે અતિશય કઠિન તપ કરવું શરૂ કર્યું. પહેલાં તો તે સુકાં પાંદડાં ખાતાં. પછી વાયુ, જલ, ધુમાડો ને કિરણોનો આહાર કરી ક્રમશઃ કઠોર તપ કરવા લાગ્યાં.

તપથી દેવીભગવતી પ્રસન્ન થાય છે.

તપ કરવાથી સર્વ પ્રકારની સિદ્ધિ મળે છે. તપ કરવાથી પરભવના પાપોનો ક્ષય થાય છે. તપ કરવાથી દેવીના પરમ ધામમાં જવાનો અધિકાર મળે છે.

તપ ફળની આશા રાખ્યા વગર કરવાથી ઘણું જ ઉત્તમ ફળ મળે છે.

આમ ભક્તિપૂર્વક તપ કરતાં તેમને સંપૂર્ણ મોહનો નાશ કરનારી નિર્મળ બુદ્ધિ પ્રાપ્ત થઇ તેઓ માત્ર દેવીના જ ચરણોનું ચિંતન કરતા હતા. તે પવિત્ર બુદ્ધિના પ્રભાવથી અખિલ જગતનો પોતાના આત્મામાં સાક્ષાત્કાર કરવા લાગ્યા. એમની ઘણી વિચિત્ર સ્થિતિ થઇ ગઇ. એ રીતે લાગલગાટ વર્ષો સુધી તેઓ જગદીશ્વરીની તપસ્યામાં લાગ્યા રહ્યા. તે પછી હજારો સુર્યો સમાન તેજવાળાં દેવેશ્વરી તેમના આગળ પ્રકટ થયાં. એ પુણ્યાત્મા છયે મનુપુત્રોએ દેવીનાં દર્શન કર્યાં. પછી ભક્તિથી વિનમ્ર થઇ તેઓ સકામભાવથી દેવીની સ્તુતિ કરવા લાગ્યા.

સ્તુતિ ભાવપૂર્વક–શ્રદ્ધાપૂર્વક કરવાથી જગદમ્બા પ્રસન્ન થાય છે, પ્રસન્ન થયેલા દેવી ભક્તના સર્વ કષ્ટની નિવૃત્તિ કરે છે.

રાજકુમારોએ કહ્યું : મહેશ્વરી ! સર્વના સ્વામીની તેમ જ કરુણાનાં આશ્રય, આપનો જય થાઓ. દેવી ! વાણીબીજથી આરાધના કરવાથી આપ ઘણાં જલદી પ્રસન્ન થાઓ છો. મહામાયે ! કામેશ્વરના મનને પ્રસન્ન કરનારાં તથા પરમ પ્રભુને સંતુષ્ટ કરવામાં ઘણાં નિપુણ છો. આપની આરાધનાથી વિપુલ હર્ષ તેમ જ મહાન સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે. બ્રહ્મા, વિષ્ણુ, અને શંકર એ આપના જ રૂપ છે.

એમ રાજપુત્રોની સ્તુતિથી દેવી પ્રસન્ન થઇ કરુણામય વચન બોલ્યાં.

દેવીએ કહ્યું : હે કઠિન તપ કરનારા રાજપુત્રો ! તમે મહાત્મા પુરુષ થઇ ગયા છો. હવે મારી ઉપાસનાથી તમારાં સઘળાં પાપો ધોવાઇ ગયાં છે અને તમને નિર્મળ બુદ્ધિ મળી છે. હવે તમે તમારાં મનમાન્યાં વરદાન માગી લો. હું ઘણી જ

પ્રસન્ન છું. મારા દ્વારા તમારા સઘળાં મનોરથ પૂરા થશે. આ એવો સમય છે કે તમે માગતા ભુલ્યા ને હું આપતાં ભુલી, પરંતુ વરદાનમાં તમે કોઇને હાનિ થાય તેવું માગશો, તો અંતમાં તમારે દુ:ખી થવું પડશે, માટે સમજી વિચારીને ઇચ્છિત વસ્તુ માગશો તો તમારું શ્રેય થશે.

રાજપુત્રોએ કહ્યું : હે દેવી! અમને નિષ્કંટક રાજ્ય, દીર્ઘજીવી સંતાન, અવ્યાહત ભોગ, યથેચ્છ યશ, તેજ અને બુદ્ધિ તથા સર્વને જીતી લઇએ એવું વરદાન આપવાની કૃપા કરો. બસ, આ જ મારી પ્રાર્થના છે.

દેવી બોલ્યા : ઘણું સારું, એમ જ થશે. તમારા બધાના મનમાં જે જે કામનાઓ છે તે બધી પૂરી થશે. તમે બધા મન્વંતરોના સ્વામી થશો. તમને લાંબા કાળ સુધી જીવનારી ઉત્તમ અને પરાક્રમી સંતાત થશે, અનેક પ્રકારના ભોગો ભોગવવા મળશે. તમારા બળને કોઇ ખંડિત કરી શકશે નહિ. ઐશ્વર્ય, યશ, અને વિભુતિઓ તમને સાથ આપશે. હે રાજપુત્રો! તમે અનુક્રમે મન્વંતરોના અધિષ્ઠાતા થશો.

ભગવાન નારાયણે કહ્યું : હે નારદ! ભગવતી ભ્રામરીની રાજકુમારોએ ભક્તિપૂર્વક સ્તુતિ કરી હતી. તેથી તેમના પર પ્રસન્ન થઇ જગદબાએ તેમને વરદાન આપ્યાં અને તે પછી તરત જ તેઓ અંતર્ધાન થઇ ગયાં.

એમના કૃપાથી એ તેજસ્વી પુત્રો પણ તે જન્મમાં પરાક્રમી થઇ રાજ્ય ને પૃથ્વીના ભોગોને ભોગવવા લાગ્યા. એમને ઘણાં ઉત્તમ સંતાન થયાં. તે બધાં પૃથ્વી પર પોતાનો વંશ સ્થાપીને બીજા જન્મમાં ક્રમથી સાવર્ણિ વગેરે મનુ કહેવાયા. પહેલા રાજપુત્રનું નામ 'દક્ષસાવર્ણિ' હતું. તે નવમો મનુ કહેવાયો. બીજો રાજપુત્ર 'મેરુસાવર્ણિ' નામે દસમો મનુ કહેવાયો. તેણે પણ મહાદેવીની કૃપાથી મન્વંતરના સ્વામી થઇ રાજ્ય ભોગવ્યું. ત્રીજો રાજકુમાર 'સુર્ય સાવર્ણિ' નામથી વિખ્યાત થયો. પોતાના તપથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર એ ઉત્સાહી મનુ અગિયારમો મનુ કહેવાયો ચોથો 'ચન્દ્રસાવર્ણિ' નામે બારમો સમર્થ મનુ રાજા થશે. દેવીના ઉત્તમ આરાધનથી એ મન્વંતરનો પતિ થશે. પાંચમો રાજપુત્ર 'રુદ્રસાવર્ણિ' નામે તેરમો મનુ કહેવાયો. તે મહાબળવાન ને સત્યવાદી હોવાથી જગતભરનો રાજા થશે. અને છઠ્ઠો રાજપુત્રનું નામ 'વિષ્ણુસાવર્ણિ' તે ચૌદમો મનુ થશે. જે દેવીના વરદાનથી જગતમાં સુવિખ્યાત રાજા થયો. આ ચૌદ મનુઓ દેવીના આરાધનથી લોકોમાં કાયમ પૂજ્ય તથા વંદનિય થયા છે. અને છેલ્લા છ મનુઓ બધાયે ભ્રામરી દેવીની પ્રસન્નતાથી મહાપ્રતાપી થાય છે. અને હંમેશાં તેમનો યશ ગવાય છે.

નારદે પૂછ્યુ : ભગવન! તે ભ્રામરીદેવી કોણ છે, તે કેવી રીતે ઉત્પન્ન થયાં છે? કવાં સ્વરૂપવાળાં છે? શોકનો નાશ કરનારું ને કલ્યાણ કરનારું તે અદ્દભુત

આખ્યાન મને કહો.

શ્રી નારાયણ બોલ્યા : 'હે નારદ ! હવે હું અચિંત્ય તથા અવ્યક્ત સ્વરૂપિણી જગદમ્બાનું મોક્ષદાયી અદ્‌ભુત-ચરિત્ર વર્ણવીશ. શ્રી દેવીનાં જે જે ચરિત્ર હોય છે તે સર્વ નિષ્કપટ અને કોઇ ને કોઇ સ્વરૂપે જગતના કલ્યાણ માટે જ હોય છે. એ કરૂણામયી દેવીનાં કાર્ય, જેમ માતાનું પુત્ર પ્રત્યે જે વર્તન હોય છે તે નિષ્કપટ અને દયાથી યુક્ત હોય છે તેમ શ્રી દેવીનું ચરિત્ર જગતમાં સર્વને માટે હિતકારક થાય છે. શ્રી દેવીના ચરિત્રનું સ્મરણ કરનારનાં સર્વ પાપો બળી જાય છે.

પૂર્વે અરુણ નામનો એક મહા-પરાક્રમી, દેવો સાથે દ્વેષ કરનારો દૈત્ય પાતાળમાં રહેતો હતો. તે દેવોને અને તેમના સામ્રાજ્યને જીતવાની ઇચ્છાથી હિમાલય પર જઇ પદ્મયોનિ બ્રહ્માને પ્રસન્ન કરવા માટે કઠોર તપ કરવા લાગ્યો. આસન પર બેસી તેણે એકાગ્ર ચિત્ત કરી શ્વાસને રોકી લીધો. ભૂખ લાગતી ત્યારે તે માત્ર ઝાડના પડેલાં સુકાં પાંદડાં ખાઇ લેતો. એમ તામસિક કામનાથી દશહજાર વર્ષ માત્ર થોડું જળ પીને તપ કર્યું. તે પછી તેના દશહજાર વર્ષ કેવળ વાયુનું ભક્ષણ કરવામા વીતી ગયાં તે પછીના દશહજાર વર્ષ તેણે બિલકુલ નિરાહાર (જળ પણ નહિ) રહી તપ કર્યું. એ રીતે લાંબા કાળ સુધી ઘોર તપ કરવાથી એના શરીરમાંથી એક પ્રચંડ અગ્નિ નીકળ્યો, જે સારાયે જગતને પોતાની જ્વાળાઓથી બાળવા લાગ્યો. આ ઘણી અદ્‌ભુત ઘટનાને લીધે 'આ શું, આ શું ?' કહી સઘળા દેવો કંપી ઊઠયા. તેઓ બહુ જ ગભરાઇ ગયા હતા. સમસ્ત પ્રાણીઓના હૃદયમાં બળતરા પીડા થવા લાગી. આનું કારણ જાણવા અંતે મુખ્ય મુખ્ય દેવો બ્રહ્માને શરણે ગયા અને તેમને આ વૃત્તાંત કહ્યું. દેવોની આ વાત સાંભળી ચતુર્ભુજ બ્રહ્મા ગાયત્રી દેવીની સાથે હંસ પર બેસી ત્યાંથી નીકળી પડયા.

એ વખતે તપ કરી રહેલા દાનવ અરુણના શરીરમાં માત્ર પ્રાણ રહ્યો હતો. એનું પેટ સુકાઇ ગયું હતું. અને બધાં અંગ સુક્ષ્મ થઇ ગયા હતા. તે નેત્રો મીંચીને ધ્યાનમાં લીન રહેતો હતો. પરંતુ પોતાના તપના તેજથી તે બીજા અગ્નિ જેવો દેખાતો હતો. બ્રહ્માએ તેની પાસે પ્રકટ થઇ કહ્યું, 'વત્સ ! તારા મનમાં જે કંઇ ઇચ્છા હોય તે મારી પાસે માગી લે.' બ્રહ્માની આ વાણી સાંભળતાં જ અરૂણ દાનવનું મન સંતુષ્ટ થઇ ગયું. તેણે મહા પ્રયત્ને આંખો ઉઘાડી જોયું તો એને બ્રહ્માનાં દર્શન થયાં. તે વખતે ચારે વેદોથી યુક્ત બ્રહ્મા ગાયત્રી દેવી સાથે બિરાજ્યા હતા. હાથમાં અક્ષમાલા અને કુંડિકા લઇ અવિનાશી બ્રહ્મા પ્રણવનો જપ કરી રહ્યા હતા. અરૂણદાનવે ઊભા થઇ બ્રહ્માના ચરણોમાં મસ્તક ઝુકાવ્યું તથા અનેક પ્રકારનાં સ્તોત્રોથી એમની સ્તુતિ કરી. પછી પોતે જે મનોરથ સેવ્યો હતો તે 'હું

ક્યારેય મરું નહિ' એવું વરદાન બ્રહ્મા પાસે માગ્યું.

દૈત્ય અરુણની માગણી અયોગ્ય હતી, કારણ કે પ્રાણીમાત્રને માટે મૃત્યુ એ નક્કી જ છે, તેને ટાળવા કોઇ સમર્થ નથી.

દૈત્ય અરુણની ઇચ્છા સાંભળી બ્રહ્માએ એને સમજાવ્યો, 'સંસારમાં જન્મ લેનારો અવશ્ય મરે છે, એ સિદ્ધાંત છે, કોઇ અમર રહી શકતું નથી' એથી તું કોઇ એવું બીજું વરદાન માગ કે જે હું તને આપી શકું.' બ્રહ્માની વાત સાંભળી અરુણે પુનઃ કહ્યું, 'પ્રભો ! મને એવું વરદાન આપો કે યુદ્ધમાં હું મરું નહિ, કોઈ શસ્ત્ર-અસ્ત્રથી મારું મૃત્યુ ન થાય, તેમ જ બે પગ તથા ચાર પગવાળું કોઈ પણ પ્રાણી મને મારી શકે નહિ. સાથે સાથે મને એવું અદ્‌ભુત બળ આપો જેથી સર્વ દેવો પર વિજય મેળવું.' અરુણની આવી અંતિમ માગણી સાંભળી બ્રહ્મા 'તથાસ્તુ–તેમ જ થાઓ.' એમ કહી પાછા બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા.

તે પછી અરુણ દૈત્યે પોતાના રહેઠાણે જઇ પાતાળમાંના અસુરોને બોલાવ્યા અને તેઓ બધા તેની આજ્ઞામાં રહેવા લાગ્યા. પછી દેવો સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી તેણે પોતાના દૂતને સ્વર્ગમાં આવેલ અમરાતીમાં મોકલ્યો. દૂતની વાત સાંભળી ઇંદ્ર ભયથી ધ્રુજવા લાગ્યો. એ શું કરવું, તે માટે હજી વિચારતો હતો તેટલામાં જ દૈત્યરાજ અરુણે પોતાની દાનવસેના સાથે 'સ્વર્ગ'માં પહોંચી જઇ રમત વાતમાં બધા દેવોને જીતી લઇ સ્થાનભ્રષ્ટ કરી દીધા. હે મુને ! તપના પ્રભાવથી તેણે વિવિધ પ્રકારના રૂપો લઇ સુર્ય, ચન્દ્ર, યમ તથા અગ્નિના બધા અધિકારોને ધીમે ધીમે પોતાના હાથમાં લઇ લીધા ને પછી મનમાની રીતે પોતે જ સર્વનું શાસન કરવા લાગ્યો.

પોતપોતાનાં સ્થાનથી ભ્રષ્ટ થઇ અત્યંત દુ:ખી થયેલા દેવો ઉદાસ થઇ કૈલાસમાં ભગવાન શંકર પાસે ગયા અને એક એક કરીને બધાએ શંકરને પોતાનું કપરું દુ:ખ જણાવ્યું. એ વેળા એમની દુ:ખ કથની સાંભળી ભગવાન શંકર પણ વિચારમાં પડી ગયા. એમણે વિચાર્યું કે આવી સ્થિતિમાં શું કરવું જોઇએ ? કારણ કે બ્રહ્માએ એને વરદાન આપ્યું હતું, અને એ વરદાનના પ્રતાપે અરુણ દાનવ યુદ્ધમાં, અસ્ત્રશસ્ત્રોથી, પુરુષથી, સ્રીથી અથવા બે પગવાળા કે ચાર પગવાળા અને તે સિવાયનાં બીજાં પ્રાણીઓથી મરી શકે એમ નથી. આ રીતે અસુરના મોત માટે ઊંડો વિચાર કરતાં કોઇ પણ ઉપાય જડયો નહિ. તે વખતે જ એકાએક આકાશવાણી થઇ, 'દેવો ! તમે બધા દુ:ખમુક્ત થવા ભગવતી ભુવનેશ્વરીની ઉપાસના કરો. તે દેવી અવશ્ય તમારું કાર્ય સિદ્ધ કરશે. જો દાનવરાજ અરુણ ગાયત્રીના જપ કરતો અટકી જાય તો એના મૃત્યુ માટે યોગ્ય પરિસ્થિતિ થઇ શકે.' એ દિવ્ય વાણી સાંભળી દેવોએ પોતાના ગુરુ બૃહસ્પતિને

બોલાવ્યા ને દેવરાજ ઇંદ્રે તેમને કહ્યું: 'ગુરુજી! આપ દેવીના કાર્ય માટે દૈત્યરાજ અરૂણ પાસે જાઓ અને કોઇ પણ રીતે તેને ગાયત્રીનો જપ કરતાં અટકાવો. અમે બધા અહીં ભક્તિપૂર્વકના ધ્યાનથી પરમેશ્વરી ભગવતીની ઉપાસના કરીએ છીએ તેથી ભગવતી દેવી પ્રસન્ન થઇને સહાયતા કરશે.'

બૃહસ્પતિને એમ દાનવ પાસે જવાનું કહી બધા દેવો ઉપાસના કરવા જાંબુનદેશ્વરી દેવીની પાસે જવા તૈયાર થયા. ત્યાં જઇ તેઓ બધા ય દેવીના માયાબીજનો જપ કરતાં તપ કરવા લાગ્યા. બીજી બાજુ દેવોના ગુરૂ બૃહસ્પતિ અરૂણ દાનવ પાસે ગયા. તેમને જોઇ અરૂણ દાનવે પૂછ્યું: 'મુને! તમે અહીં મારી પાસે શા માટે આવ્યા છો અને કયાંથી આવો છો તે મને તુરત કહો. હું કોઇની સાથે મિત્રતા રાખતો નથી.

દેવગુરૂ મુનિ બૃહસ્પતિએ અરૂણને કહ્યું: હે દાનવરાજ! જે દેવીને અમે ઉપાસીએ છીએ તેની તું પણ ઉપાસના કર જેથી તું અમારો મિત્ર બનીશ. પછી 'હું કોઇની સાથે મિત્રતા રાખતો નથી' એમ તારે કહેવાનું રહેશે નહિ.

બૃહસ્પતિનું કહેવું સાંભળી દેવમાયાથી મોહિત થયેલા અભિમાની તે રાક્ષસે કહ્યું કે: 'ઠીક હવે હું ગાયત્રીની ઉપાસના કરીશ નહિ, દેવોના પક્ષનું મારે કંઇ ન જોઇએ.' એમ કહી તે ગાયત્રી જપ કરતો બંધ થયો એટલે તરત જ તેજ રહિત થઇ ગયો. આ રીતે યુક્તિથી પોતાનું કાર્ય સિધ્ધ કરી બૃહસ્પતિ સીધા અમરાવતીમાં ગયા અને અરૂણ દાનવનું સર્વ વૃત્તાંત ઇન્દ્રને કહ્યું, દાનવે ગાયત્રી જપ મૂકી દીધા હતા તે જાણી સર્વ દેવો મા પરમેશ્વરીની ઉપાસના કરવા લાગ્યા.

હે મુને! એ રીતે ઘણો કાળ વીતી ગયો ત્યારે એક મંગલ દિવસે જગતના કલ્યાણ માટે મા જગદંબા પ્રકટયા. એમનું સર્વ અંગ કરોડો સૂર્ય સમાન પ્રકાશિત હતું. તે અસંખ્ય કામદેવ જેવા સુંદર હતાં. સુવાસિત વિલેપન શરીરે લગાવેલું હતું. રંગબેરંગી વસ્ત્ર પહેર્યાં હતા. ગળામાં રત્નમાળા અને વિવિધ અલંકારોથી તે શોભતા હતાં.

તેમના હાથની મુઠીમાં અદ્દભુત ભમરાઓ હતા. વરદાન તથા અભય ધારણ કરનારાં તે દેવીને જાતજાતના ભમરાઓથી યુક્ત પુષ્પમાલા શોભાવી રહી હતી. તેમની ચારે તરફ અદ્દભુત ભમરાઓ ગુન ગુન કરતા ઊડતા હતાં. તે ભમરાઓ 'હ્રીં' એ શબ્દનો ગુંજારવ કરતા હતા અને દેવી તેને અનુમોદન આપતા હતાં. એમની ચારે બાજુ અસંખ્ય ભમરાઓ વીંટળાઇ વળ્યા હતાં. વેદમાં કહેલા બધા ગુણોવાળાં તે દેવી સર્વ સ્વરૂપ, સર્વમયી, સર્વ મંગલરૂપિણી, સર્વજ્ઞા, સર્વના માતા ઇશ્વરી તથા કલ્યાણ સ્વરૂપ હતા. અને શિવા એ નામથી શોભતા હતાં. એવાં દેવીનાં દર્શન કરી પ્રથમ બ્રહ્મા વગેરે દેવો ગભરાયા, પણ પછી મા ભગવતીની

સ્તુતિ કરવા લાગ્યા.

દેવો બોલ્યા : હે ભગવતી દેવી ! હે મહાવિદ્યા ! સૃષ્ટિ, સ્થિતિ ને સંહાર કરનારાં મા ભગવતી આપને અમારા નમસ્કાર છે. કમળની પાંખડી જેવાં નેત્રોથી શોભતાં, સમસ્ત જગતને ધારણ કરનારાં દેવીને વારંવાર પ્રણામ છે. હે વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, વિરાટ તથા સૂત્રાત્મા રૂપ દેવીને અમારા નમસ્કાર છે.

હે અવ્યાકૃત સ્વરૂપ તથા તટસ્થ ! તમને વારંવાર નમસ્કાર છે. હે જન્મ આદિથી રહિત, સૃષ્ટિ, સ્થિતિ અને સંહારથી રહિત તથા દુષ્ટો માટે સાંકળસ્વરૂપ, તથા નિર્મળ ભક્તિથી પ્રાપ્ત થનારાં હે દુર્ગે ! હે બગલામુખિ દેવી ! આપને મારા નમસ્કાર છે. હે માતા કાલિકા ! હે માતા ચંડિકા ! હે માતા મહેશ્વરી ! આપને મારા નમસ્કાર છે. હે નીલસરસ્વતી, ઉગ્રતારા અને મહોગ્રા. હે ત્રિપુરસુંદરી, ભૈરવી, માતરંગી, હે ધુમાવતી, હે છિન્નમસ્તકા, હે ક્ષીર–સાગરની કન્યા, હે શાકંભરી, હે શિવે, રક્તદંતિકા આપને મારા નમસ્કાર છે. શુંભ–નિશુંભ અને રક્તબીજ, વૃત્રાસુર તથા ધુમ્રલોચનનો નાશ કરનારાં તેમજ ચંડ–મુંડ વગેરે અનેક દાનવોને કાળના મુખમાં હોમનારાં વિજ્યા માતા આપને મારા નમસ્કાર છે. હે પૃથ્વી રૂપ અને દયાસ્વરૂપ દેવી, આપને નમસ્કાર છે. હે પ્રાણરૂપા, હે મહારૂપા, હે ભુતરૂપા, દયાળુ દેવીને મારા નમસ્કાર છે. હે દેવીમૂર્તિ, હે જ્યોતમૂર્તિ ને જ્ઞાનમૂર્તિ આપ દેવીને મારા નમસ્કાર છે. હે વિશ્વમૂર્તિ ! હે દયામૂર્તિ અને હે ધર્મ-મૂર્તિ ! આપને મારા વારંવાર નમસ્કાર છે. હે માતા ! હે ગાયત્રી ! હે વરદા, હે સાવિત્રી, હે સરસ્વતી, હે સ્વાહા, હે સ્વધા અને હે દક્ષિણા, આપને મારા નમસ્કાર છે. સઘળાં વેદો જેમને નેતિ નેતિ' વાકયોથી બોધ કરાવે છે એ પ્રત્યક્ષ સ્વરૂપા આપ પરાશકિત દયાળુ દેવીને અમે ભજીએ છીએ. જે દેવી ભમરાઓથી વીંટળાયેલાં હોવાથી તેઓ 'ભ્રામરી' નામથી પ્રસિધ્ધ છે તે આપ માતા ભગવતીને અમારા વારંવાર નમ-સ્કાર છે. મણિદ્વીપમાં વસનારા મહા–દેવી ! અમારા પર આપ કૃપા કરો. હે અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી, હે જગ-દંબા મા, હે જગન્માતા, હે સર્વોત્ત-મોત્તમા, કલ્યાણકારી ગુણોની ખાણરૂપ, સંસારને ઉત્પત્તિના સ્થાનરૂપ હે માતા પરમેશ્વરી ! તમે અમારા પર કૃપા કરો.

શ્રી નારાયણ બોલ્યા: હે નારદ ! દેવોની પરમ મધુર વાણી સાંભળી કોયલ જેવી મધુર વાણીથી મા ભગવતી–જગદંબા બોલ્યા :

શ્રી ભગવતી દેવીએ કહ્યું : હે દેવો ! તમારા પર હું પ્રસન્ન છું અને વરદાન આપવું એ મારો સ્વાભાવિક ગુણ છે. તમારા બધાના મનમાં જે ઇચ્છા હોય તે મારી પાસે વરદાન માગો.

દેવીનું આ વચન સાંભળી દેવોએ

પોતાના દુઃખનું કારણ કહ્યું ને દાનવોથી જગતની પીડાના અસહ્ય પીડાનું વર્ણન કરતાં બોલ્યા : 'માતા ! દેવો, બ્રાહ્મણો અને વેદોની સર્વત્ર નિંદા થઇ રહી છે, અમે બધા દેવો પોતપોતાનાં સ્થાનથી ભ્રષ્ટ થયા છીએ. કારણ કે, બ્રહ્માએ એ દાનવને વિચિત્ર વરદાન આપ્યું છે.'

દેવોની આર્તવાણી સાંભળી ભ્રામરી દેવીએ પોતાની મુઠીમાં રહેલા ભમરાઓને પ્રેરણા કરી, અને એમાંથી અસંખ્ય ભમરાઓ ઉત્પન્ન કરી ત્રિલોકયને ભરી દીધું. એ બધા ભમરાઓએ તરત જ જઇને દાનવની છાતી છેદી નાખી અને મધપુડામાંથી મધ કાઢનાર વ્યક્તિને ક્રોધે ભરાયેલી મધમાખીઓની જેમ તેને ડંખ મારવા લાગ્યા. જે જે રૂપમાં જે કોઇ દાનવ હતા તેતે રૂપમાં તેઓ પ્રાણ ખોઇ બેઠા. આવું અદ્દભુત કાર્ય કરી બધા ભમરા દેવી પાસે પાછા આવ્યા.

એ જોઇ 'ઘણું આશ્ચર્ય કહેવાય ! ઘણું આશ્ચર્ય કહેવાય ?' એમ ચારે બાજુ અવાજ થવા લાગ્યો.

તે પછી દેવી પર પુષ્પવૃષ્ટિ થઇ. આકાશમાં દુંદુભિ વાગવા લાગ્યાં.

બધા દેવો અનેક પ્રકારના સ્તોત્રોથી સ્તુતિ કરતા વારંવાર કહેવા લાગ્યા : 'માતા ઇશાની ! આપનો જય થાઓ.' એટલે દેવીએ પ્રસન્ન થઇ બધા દેવોને પૃથક પૃથક વરદાન આપ્યા અને પોતાની દૃઢ ભક્તિ આપી અને ત્યાંથી અંતર્ધાન થઇ ગયાં. હે મહિષાસુર, ચંડ, મુંડ અને શુંભાસુર જેવા વિકાળ દાનવોનો વિનાશ કરવામાં ચતુર, પ્રસંગોપાત વિવિધ સ્વરૂપો ધારણ કરનારાં, હે ચંડીકા દેવી ! હે મા દુર્ગાદેવી ! હું તમને પ્રાતઃકાળમાં ભક્તિપૂર્વક નમું છું.

હે નારદજી ! આમ મેં તમને ભ્રામરીદેવીનું ચરિત્ર વિસ્તારથી સંભળાવ્યું. આ ઉત્તમ ચરિત્રનો નિત્ય પાઠ કરવાથી અને સાંભળવાથી ભાવિક મનુષ્યોનાં સર્વ પાપો નાશ પામે છે. એના પ્રભાવથી મનુષ્ય સંસાર–સાગરને તરી જાય છે. આ ચરિત્રની જેમ સર્વ મનુઓનાં ચરિત્ર પણ પાપોનાં નાશક છે. દેવીના માહાત્મ્ય સાથે સંબંધ રાખનારો આ પ્રસંગ, પાઠ કરનારા (ભણનારા) અને સાંભળનારાઓને માટે કલ્યાણપ્રદ છે. જે પુરૂષ નિત્ય આ પ્રસંગનો પાઠ કરે છે કે, સાંભળે છે તે સમસ્ત પાપોથી છૂટી જઇ ભગવતીના પરમપદને પામે છે. ૧૨૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'ભ્રામરી દેવીનું ચરિત્ર' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત–સ્કંધ દશમો સમાપ્ત

ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः



## ॐ ભગવતી–સ્તુતિ ॐ

પ્રાતઃ સ્મરામિ શરદિન્દુકરોજ્જવલાભાં સદ્રત્નવન્મકરકુણ્ડલહારભૂષામ્ ।
દિવ્યાયુધોર્જિતસુનીલસહસ્રહસ્તાં રક્તોત્પલાભચરણાં ભવતીં પરેશામ્ ॥

પ્રાતઃકાળે હું ભગવતી પરમેશ્વરીને સ્મરું છું. શરદના ચંદ્રના કિરણ જેવી તેની કાંતિ ઉજ્જવળ છે; સુંદર રત્નવાળાં, મકરાકાર કુંડલો તથા હારથી તે વિભુષિત છે; તેના સુંદર તથા સુનીલ સહસ્ર હાથોમાં દિવ્ય ઝળહળતાં આયુધો છે અને તેના ચરણ રક્તકમળની આભાવાળા છે.

પ્રાતઃ નમામિ મહિષાસુરચણ્ડમુણ્ડશુમ્ભાસુરપ્રમુખદૈત્યવિનાશદક્ષામ્ ।
બ્રહ્મેન્દ્રરુદ્રમુનિમોહનશીલલીલાં ચણ્ડીં સમસ્તસુરમૂર્તિમનેકરૂપામ્ ॥

પ્રાતઃકાળે હું સર્વ દેવોની મૂર્તિરૂપ ચંડીને નમું છું. મહિષાસુર, ચંડ, મુંડ તથા શુંભાસુર આદિ મહાદૈત્યોનો વિનાશ કરવામાં તે દક્ષ છે; તેની લીલા બ્રહ્મા, ઇંદ્ર, રુદ્ર તથા મુનિઓને મોહ પમાડનારી છે અને તેનાં અનેક રૂપ છે.

પ્રાતર્ભજામિ ભજતામભિલાષદાત્રીં ધાત્રીં સમસ્તજગતાં દુરિતાપહન્ત્રીમ્ ।
સંસારબન્ધનવિમોચનહેતુભૂતાં માયાં પરાં સમધિગમ્ય પરસ્ય વિષ્ણોઃ ॥

પ્રાતઃકાળે હું પરમ વિષ્ણુની પરમ માયાને ભજું છું. તે પોતાને ભજનારાઓની સર્વ અભિલાષા પૂરે છે; તે સમસ્ત જગતની ધાત્રી છે; તે દુરિતમાત્રને હણનારી છે અને તે સંસારના બંધનમાંથી વિમોચન માટે કારણરૂપ છે.




# શ્રી બહુચરાજી

## સ્કંધ અગિયારમો

# સ્કંધ અગિયારમો

## અધ્યાય ૧ લો

### પ્રાતઃકાળનાં સદાચાર

નારદ ઉવાચ

ભગવન્ ભૂતભવ્યેશ નારાયણ સનાતન ।
આખ્યાનં પરમાશ્ચર્યં દેવીચરિતમુત્તમમ્ ।।

નારદે કહ્યું: ભગવન્ ! ભૂત-ભવિષ્યના ઇશ્વર ! સનાતન નારાયણ ! આપે અતિ અદ્દભુત ઉત્તમ દેવી ચરિત્ર કહ્યું. દેવોનાં કાર્ય કરવા ભગવતીના પ્રાદુર્ભાવની વાતો કહી. ભગવતીની કૃપાથી દેવતાઓને જે અધિકાર મળ્યા તે પ્રસંગ પણ તમે કહ્યો. હવે જે સદાચારથી ભગવતી પ્રસન્ન થઇ પોતાના ભક્તોનું રક્ષણ કરે છે એ કૃપા કરીને કહો.

ભગવાન નારાયણે કહ્યું : નારદજી ! હવે હું ક્રમથી દેવીને પ્રસન્ન કરનારા સદાચારને કહું છું સાંભળો : પ્રતિદિન પ્રાતઃકાળે ઊઠી જે કરવા જોઇએ એ સદાચાર હું વર્ણવીશ. સુર્યોદયથી સુર્યાસ્ત પર્યંત દ્વિજવર્ણે દિવસભર ધર્મ સાધનમાં–સત્કર્મમાં લાગ્યા રહેવું. કેમ કે માતા, પિતા, પુત્ર સ્ત્રી ને બંધુ–બાંધવ કોઇ પણ આત્માની સહાયતા કરતા નથી, અંતે માત્ર એક ધર્મ જ સહાયક છે, ધર્મનો નિત્ય સંચય કરવો, ધર્મની સહાયતાથી પુરૂષ દુષ્કર સંસારને પાર કરે છે. એથી આચાર એ પ્રથમ ધર્મ કહેવાયો છે એ વાત શ્રુતિ ને સ્મૃતિમાં સિદ્ધ છે. એથી જગતમાં દ્વિજે પોતાના કલ્યાણ માટે સદાચારી થવું જોઇએ. આચારથી જ આયુ, સંતાન તથા અન્ન મળે છે. આચાર સમસ્ત પાપોને દૂર કરે છે. મનુષ્યો માટે સદાચાર કલ્યાણકારક પરમ ધર્મ છે. આચારવાન પુરૂષ આ લોકમાં સુખ ભોગવી પરલોકમાં પણ સુખી થાય છે. ધર્મમય આચાર મહાન દીપકરૂપે મુક્તિનો માર્ગ બતાવે છે. સદાચારથી જ ગૌરવ વધે છે અને આચાર જ મનુષ્યને સત્કર્મી બનાવે છે. કર્મથી જ્ઞાન વધે છે એ મનુવાક્ય છે. આ સદાચાર સંપૂર્ણ ધર્મોથી શ્રેષ્ઠ હોવાથી પરમ તપ કહેવાય છે.

આચાર શાસ્ત્રીય અને લૌકિક એમ બે પ્રકારે છે. શુભ ઇચ્છતા પુરૂષે એ બંનેનું પાલન કરવું. એમાંથી કોઇને પણ છોડવું નહિ. સત્પુરૂષોએ ગ્રામધર્મ, જાતિધર્મ, દેશધર્મ અને કુળધર્મ–બધાનો આદર કરવો જોઇએ. હે મુને ! આમાંથી કોઇ પણ ધર્મનું ઉલ્લંઘન અનુચિત્ત છે; કેમ કે દુરાચારી પુરૂષ લોકમાં નિંદાપાત્ર ગણાય છે અને તેને હંમેશાં કષ્ટ ભોગવવાં પડે છે અને વ્યાધી છોડતી નથી. જે અર્થ કામ ને ધર્મથી હીન છે એનો ત્યાગ કરવો. જો ધર્મ પણ લોક વિરૂદ્ધ હોય તો તે પણ સુખકારક થતો નથી.

નારદે પૂછ્યું : હે મુને ! જગતમાં અનેક પ્રકારના શાસ્ત્રો છે તેમાંથી કોના પર આધાર રાખવો ! અને ધર્મ માર્ગનો બતાવનારાં તે કેટલાં પ્રમાણભુત છે? એ કૃપા કરીને કહો.

ભગવાન નારાયણે કહ્યું : નારદજી ! શ્રુતિ અને સ્મૃતિ એ બે નેત્ર છે. પુરાણ હૃદય છે. એ ત્રણેની વાણી જ ધર્મ છે અન્ય નહીં. જો ત્રણેમાં પરસ્પર ભેદ જણાય તો તેમાંથી શ્રુતિ–વેદનાં વચન માન્ય ગણવાં અને શ્રુતિ–સ્મૃતિમાં વિરોધ લાગે તો સ્મૃતિને માનવી. જો શ્રુતિ જ બે વાતોનું સમર્થન કરે તો તે બંને ધર્મ મનાય છે. જો સ્મૃતિમાં પણ બે પ્રકારનાં વચન મળે તો તે વિષયમાં પૃથક્ પૃથક્ કલ્પના કરી લેવી. બધાં પુરાણ વેદમુલક નથી: પરંતુ તેમાં ક્યાંક ક્યાંક તંત્રશાસ્ત્ર પણ જોવામાં આવે છે. ઋષિઓ જેને ધર્મ કહે છે એને ધર્મરૂપે સ્વીકારવું, બીજું ગમે તેટલું સારું હોય છતાં તે ગ્રહણ ન કરવું. જો તંત્રશાસ્ત્ર વેદસંમત હોય તો તેની પ્રમાણિકતામાં કોઈ સંદેહ ન કરવો. જે શ્રુતિથી પ્રત્યક્ષ વિરુદ્ધ છે એને પ્રમાણ મનાતું નથી. સમ્યક પ્રકારે એ વેદ જ ધર્મમાર્ગનું પ્રમાણ છે. એટલે વેદ સાથે વિરોધી ન હોય એ બધું પ્રમાણિત છે. જે વેદોક્ત ધર્મનો ત્યાગ કરી બીજાને પ્રમાણ માની વ્યવહાર કરે છે એને શિક્ષા આપવા માટે યમલોકમાં નરકના કુંડો ઘણા છે. એ માટે પ્રયત્ન કરી વેદોક્ત ધર્મનો જ આશ્રય લેવો. જે મનુષ્યોને નિંદિત શાસ્ત્રો ઉપદેશે છે તેને ઊંધા મસ્તકે નરકમાં વસવું પડે છે. માટે મનુષ્યે વેદોક્ત ધર્મનું જ પાલન કરવું. વારંવાર સાવધાન થઈ પુરુષે પોતે વિચારવું કે આજે મેં કયું કયું કાર્ય કર્યું ? મેં કોને શું આપ્યું અને શું અપાવ્યું ? અથવા વાણીથી કોને શી મદદ કરી ? બધા પાતકો ઉપપાતકો અત્યંત દારૂણ છે, એમાં તો હું ફસાયો નથી.

રાત્રિના ચોથા પ્રહરે ઊઠી વીરાસને બેસી બ્રહ્મનું ધ્યાન કરવું. સીધું મુખ રાખી, આંખો બંધ કરી, જીભ તાળવા પાસે રાખી, દાંતોને એકબીજાને સ્પર્શ ન થાય તેમ મુખ ખુલ્લું રાખી શાંત મને બધી ઇંદ્રિયોને વશમાં રાખી બે વાર કે ત્રણ વાર પ્રાણાયામ કરવા. પછી હૃદયમાં દીપક સ્વરૂપે બિરાજમાન શ્રી ભગવાનનું ધ્યાન કરવું. વિવેકી પુરુષે પોતાના હૃદયમાં પરમાત્મા રહેલા છે એમ ધારણા રાખવી. સધુમ, વિધૂમ, સગર્ભ, અગર્ભ, સલક્ષ્ય અને અલક્ષ્ય. ક્રમથી પ્રાણાયામ છ પ્રકારના હોય છે. એ પ્રાણાયામમાં પણ રેચક, પૂરક અને કુંભક ત્રણ પ્રકારના ભેદ છે. એ પ્રાણાયામ વર્ણત્રયાત્મક અર્થાત્ પ્રણસ્વરૂપ છે. એ પ્રણવ જ પરમાત્માનું સ્વરૂપ છે. તે તન્મય પ્રાણાયામ પણ છે. ઇડા નાડીથી શ્વાસ ઊંચે ખેંચી ઉદરમાં પૂર્ણરૂપે સ્થિર કરવો. પછી બીજી પિંગલા નાડીથી ધીરે ધીરે સોળ માત્રામાં વાયુને છોડવો. મુને ! એ રીતે પ્રાણોનો આયામ 'સધૂમ' પ્રાણાયામ કહેવાય છે.

મૂલાધાર, લિંગ, નાભિ, હૃદય, કંઠ અને ભ્રૂમધ્ય એ છ સ્થાનોએ ચતુર્દલ, ષડદલ, દશદલ, દ્વાદશદલ, ષોડષદલ ને દ્વિદલ કમલો છે. એ કમલોના પત્રો પર

પ્રદક્ષિણા ક્રમથી બધા વર્ણ રહેલા છે જે બ્રહ્મસ્વરૂપ છે એમને પ્રણામ કરું છું એવી ભાવના કરવી. મુલાધારમાં ચાર દલવાળા લાલ કમલ પર બિરાજેલી, રજોગુણી, માયાબીજથી ચિન્હિત તથા કાલતંતુ સમાન સૂક્ષ્મસ્વરૂપ. ત્રિબિંદુ-રૂપી મુખવાળી તથા અગ્નિ અને ચંદ્રમા-રૂપી સ્તનવાળી કુંડલિની સ્વરૂપ જગદંબા ચિત્તમાં એક વખત ધ્યાન દ્વારા વસી જાય તો તે જીવન્મુક્ત થાય છે.'

આ પ્રમાણે કુંડલિની દેવીનું ધ્યાન કરી પોતાના હૃદયમાં તેની સાથે ભગ-વતીની પ્રાર્થના કરવી કે 'હે પરમકૃપાળુ દેવી ! હું પૂર્ણ રીતે આપ સ્વરૂપ જ છું, તેથી મારી સ્થિતિ આપની સેવારૂપ થાય, મારી ગતિ આપની યાત્રારૂપ બને, મારી બુદ્ધિ આપના ચિંતનરૂપ બને અને હે દેવી. મારી વાણી આપની સ્તુતિરૂપ થાઓ. પછી આનંદપૂર્વક કુંડલિની દેવીની ભાવના કરવી કે પ્રથમ બ્રહ્મરંધ્ર-રૂપ સ્થાન પ્રત્યે જતી વખત વીજળી માફક પ્રકાશતી, અને મુલાધાર તરફ પ્રતિગમન કરતાં અમૃત તુલ્ય આચરણ કરતી અને અંતે સુષુમ્ણા નાડીમાં જતી આનંદસ્વરૂપિણી કુંડલિનીને શરણે હું જાઉં છું.' એમ ધ્યાન કર્યા પછી સાધકે પોતાના બ્રહ્મરંધ્રમાં તે ઇશ્વરરૂપ ગુરૂનું સ્મરણ-ધ્યાન કરવું. અને માનસિક ઉપચારોથી વિધિ પ્રમાણે પૂજન કરવું, પછી આ મંત્રથી પ્રાર્થના કરવી: ગુરૂ જ બ્રહ્મા, ગુરૂ જ વિષ્ણુ, ગુરૂ જ દેવતા પરબ્રહ્મ છે. એ શ્રી ગુરૂ દેવને મારા નમસ્કાર છે. ૪૯

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણ એકાદશ સ્કંધ વિષે 'પ્રાતઃકાળના સદાચાર' નામનો પહેલો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### શોચદિ ક્રિયાઓનું વર્ણન

શ્રી નારાયણ ઉવાચ:

આચારહીનં ન પુનન્તિ વેદાઃ
યદ્યપ્યધીતાઃ સહષડ્‌ભિરંગૈઃ ।
છંદાસ્યેનં મૃત્યુકાલે ત્યજન્તિ-
નીડંશકુંતા ઇવ જાતપક્ષાઃ ॥

શ્રી નારાયણ બોલ્યા : આચારહીન મનુષ્ય ષડંગ વેદ ભણે છતાં તે તેને પવિત્ર કરતા નથી. એવા મનુષ્યને અંતઃકાળે-જેમ પાંખ આવતાં પક્ષીઓ માળાને ત્યજી દે છે તેમ... ભણેલા વેદો તેને છોડી દે છે. બુદ્ધિમાન મનુષ્યે નિત્ય બ્રાહ્મમુહુર્તમાં ઊઠી પોતાના સદાચાર પાળવા. રાત્રીના ચોથા પ્રહરમાં વેદાભ્યાસ કરવાનું ઘણું મહત્ત્વ છે, ને એજ પરમ-ધર્મ છે. ત્યારબાદ થોડોક વખત પોતાના ઇષ્ટ દેવનું ચિંતન-ધ્યાન કરવું. યોગી પુરૂષે બ્રહ્મનું ધ્યાન કરવું. આથી જીવ અને બ્રહ્મ એકત્ર થઇ જાય છે. હે નારદ ! એવો પુરૂષ સત્વર જીવન્મુક્ત બને છે. રાત્રિના અંતે પંચાવન ઘડી પછી ઉષ-કાલ, સત્તાવન ઘડી પછી અરુણોદયકાલ અને અઠ્ઠાવન ઘડી પછી પ્રાતઃકાલ થાય છે, ત્યારબાદના સમયને સુર્યોદય કાલ કહેવામાં આવે છે. ઉત્તમ દ્વિજે શૌચ માટે નૈઋત્ય ખૂણામાં બાણ જેટલે દૂર જઇ શકે તેટલે દુર જઇને મળ-મુત્રના

ત્યાગ માટે પ્રવૃત્તિ કરવી. જો તે પુરૂષ બ્રહ્મચારી હોય તો શૌચ વેળાએ તેણે પોતાની જનોઇને કાન પર રાખવી. વાનપ્રસ્થ તથા ગૃહસ્થ હોય તો જનોઇને ગળામાં વીંટી વાંસા પર રાખવી. આ સર્વ સામાન્ય નિયમ છે. જે જગ્યાએ બેસવાનું હોય તે જગ્યાને ઘાસ વગેરેથી ઢાંકવી, માથા પર વસ્ત્ર રાખવું. બોલવું નહિ. જો દોડવાથી શ્વાસ વધારે પ્રમાણમાં ચડયો હોય તો તે વેળા શૌચની પ્રવૃત્તિ ન કરવી. શૌચ માટે આટલી જગ્યાનો નિષેધ કરવામાં આવ્યો છે: ખેડેલી જમીન–ખેતર પર, જળાશયમાં, જ્યાં ચિતા રચાતી હોય ત્યાં, જે ખાડામાં ઘણાં જીવ–જંતુઓ હોય તે જગ્યામાં, લોકોના અવર–જવરના માર્ગે, બે સંધ્યાના સમયે, જપ કરતી વેળાએ, ભોજન કરતી વેળાએ ને દાતણ કરતી વેળાએ, મળ–મૂત્રનો ત્યાગ કરવો નહિ. તેમજ દેવનું કાર્ય કરતી વખતે, પિતૃ-કાર્ય કરતી વખતે, મૈથુન સમયે અને ગુરૂની હાજરીમાં મળ–મૂત્રનો ત્યાગ કરવો એ નિષિદ્ધ છે. સુજ્ઞજને શૌચ જતાં પહેલાં આ પ્રમાણે મંત્ર ભણવો : દેવ, ઋષિ, પિશાચ, ઉરગ, રાક્ષસ અને સર્વ ભુત સમુદાય આ સ્થળેથી આઘા જતા રહેવા કૃપા કરો. કારણ કે, હું અહીં શૌચ કરવા ઇચ્છું છું. આમ પ્રાર્થના કર્યા પછી મનુષ્યે વિધિથી અને શાંતિથી શૌચકર્મ કરવું. મળ–મૂત્રનો ત્યાગ કરતી વખતે વાયુ, અગ્નિ, બ્રાહ્મણ, સૂર્ય, જળાશય અને ગાય તરફ જોવું નહિ. જો મળ–મૂત્રનો ત્યાગ કરવા દિવસનો સમય હોય તો ઉત્તર તરફ મુખ રાખી બેસવું, રાત્રિનો સમય હોય તો દક્ષિણ બાજુ મુખ રાખી બેસવું. શૌચ કર્યા પછી એ જગ્યાને પાંદડાં કે ઘાસથી ઢાંકી દેવી. તે પછી શુદ્ધિ માટે પાત્રમાં જળ લઇ બ્રાહ્મણ હોય તો સફેદ માટી લેવી, ક્ષત્રિય હોય તો લાલ માટી લેવી, વૈશ્ય હોય તો પીળી માટી લેવી, અને શુદ્ર હોય તો તેણે કાળી માટી લેવી, અથવા જે સ્થાને જેવી માટી મળે તે લઇ તેનાથી અને જળથી હાથ–પગ ધોવા.

મૂત્ર કરતાં બમણી સ્વચ્છતા વિષ્ઠાના શૌચમાં કરવા કહેલ છે. જનનેન્દ્રિયને એકવાર માટીથી સ્વચ્છ કરવી. ડાબા હાથને ત્રણવાર માટી લગાડી જળથી ધોવો અને પછી બન્ને હાથને બેવાર માટી લઇ જળથી સાફ કરવા. આ મૂત્ર–શૌચ માટે કહ્યું છે, જ્યારે વિષ્ઠાશૌચમાં ઉપરના પ્રમાણથી બમણું પ્રમાણ કહ્યું છે.

સમજુ મનુષ્યે પાણીની અંદરથી માટી લેવી નહિ. ઘરના દેવ મંદિરમાંથી માટી લેવી નહિ અને ઉંદરના દરમાંથી પણ માટી લેવી નહિ. મૂત્ર ત્યાગ કર્યા પછી જનનેન્દ્રિયને બે વખત ધોવી ને મૈથુન પછી ત્રણ વાર ધોવી પડે, તો જ તે શુદ્ધ થાય છે. મલ શૌચ પછી પહેલાં ડાબો પગ ધોવો, પછી જમણો પગ ધોવો. આ નિયમ ગૃહસ્થાશ્રમીઓ માટે

છે. બ્રહ્મચારીએ એનાથી બમણી માટી શુદ્ધિ માટે લેવી પડે, વાનપ્રસ્થાશ્રમીએ તેથી ત્રણગણી માટી લેવી પડે, સંન્યાસીએ ચાર ગણી માટી લેવાનું કહેલું છે. આ નિયમ દિવસના શૌચ માટે લાગુ પડે છે, જ્યારે રાત્રિના શૌચમાં એનાથી અરધા ભાગમાં કામ ચલાવવું. જે દુર્બળ મનુષ્યો છે, માંદા માણસો છે, સ્ત્રીઓ અને બાળકો છે તેઓને શૌચ આદિ કર્મમાં માટી લગાવવાના પ્રમાણની કંઈ જરૂર નથી. આ બધાની શુદ્ધિ જ્યાં સુધી દુર્ગંધ જતી ન રહે ત્યાં સુધી માટી લગાવવાથી થાય છે, મનુએ આ નિયમ દરેક વર્ણ માટે રાખેલો છે. દરેકે ડાબે હાથે શૌચ કરવું પણ જમણે હાથે શૌચ કરવું નહિ. દ્વિજોએ નાભિથી નીચેના ભાગની શૌચ ક્રિયામાં ડાબા હાથનો ઉપયોગ કરવો, અને નાભિથી ઉપરના ભાગમાં જમણા હાથનો ઉપયોગ કરવો, પણ એથી ઊલટું કરવું નહિ.

મળ–મૂત્ર કરતી વખતે જળપાત્ર હાથમાં ન રાખવું, જો મોહ કે આળસને લીધે શુદ્ધિની ક્રિયા પૂરી ન થઇ શકે તો ત્રણ રાત સુધી માત્ર જળ પીને રહેવું અથવા ગાયત્રી જપ કરવા, તો જ પ્રાયશ્ચિત થાય છે. મનુષ્યે દેશ, કાળ અને દ્રવ્ય પર વિચાર કરી શૌચ ક્રિયામાં પ્રવૃત્ત થવું, શૌચ માટે કયારેય આળસ કરવી નહિ, કારણ કે કુદરતી હાજત રોકવાથી પ્રકૃતિ બગડે છે. હાથ પગ વગેરેની શુદ્ધિ થયા પછી બાર વાર જળ વડે બરાબર કોગળા કરવા, મુત્રત્યાગ કર્યા પછી ચાર વાર કોગળા કરવા, તે પછી આચમન કરી દાતણ કરવા બેસવું. દાતણ માટે પણ વિધિ છે. કાંટા તથા દૂધળા ઝાડની ડાળીનું બાર આંગળ માપનું, છિદ્ર વગરનું દાતણ લેવું. સૌ પ્રથમ દાતણને મુખમાં નાખી દાંત વડે તેનો આગલો ભાગ ચાવી ચાવીને બરાબર કુચો કરવો અને તે કુચા વડે દાંત ઘસીને સાફ કરવા. તેમાં કરંજ, આંબો, કદંબ, લોધ્ર, ચંપો, બોરડી અને બાવળ વગેરે વૃક્ષોની ડાળીના દાતણ શ્રેષ્ઠ ગણાય છે. દાતણ પણ મંત્રપૂર્વક કરવું. તે મંત્ર આ પ્રમાણે છે. 'અન્નને પચાવવા તથા શરીરની બાધાને દૂર કરવા માટે સ્વયં રાજા સોમ દાતણરૂપે મારી પાસે પધાર્યા છે, તે યશ અને તેજથી મારા મુખને પખાળો.

હે વનસ્પતે! તે સોમરાજા તમે જ છો, માટે તમે મારા પર કૃપાવંત થઇ મને આયુ, બળ, પ્રજા, તેજ, પશુધન, બ્રહ્મજ્ઞાન અને બુદ્ધિપ્રદાન કરવા ઉત્સુક બનો.' કોઇ વખતે દાતણ પ્રાપ્ત ન થાય ત્યારે અને દાતણ કરવા નિષેધ કરેલા દિવસે જળના બાર કોગળાથી દાતણ કરવું. જે મનુષ્ય પડવો, અમાસ, છઠ, નોમ, અગિયારશ તથા રવિવારે કાષ્ટનું દાતણ કરે છે, તેણે સૂર્યને આરોગેલો ગણાય છે, તેણે પોતાના કુળનો નાશ કરેલો મનાય છે. દાતણ કર્યા પછી સારી રીતે જળથી પગ ધોઇ ત્રણ વાર આચ-

મન કર્યા પછી બે વાર વસ્ત્રથી મુખ લુછવું. તે પછી જળ લઇ અંગુઠા અને તર્જનીથી નાસિકાનાં બન્ને છિદ્રોને સ્પર્શ કરવો. જળયુક્ત અંગુઠો અને અનામિકાથી બંને નેત્રોને તથા બંને કાનોને સ્પર્શ કરવો. જળયુક્ત અંગુઠો અને કનિષ્ઠિકા આંગળીથી નાભિપ્રદેશને સ્પર્શ કરવો તથા હથેળીથી હૃદયને સ્પર્શ કરવો, ત્યારબાદ બધી આંગળીઓથી મસ્તકને સ્પર્શ કરવો. ૪૨

શ્રી ઇતિ દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે શૌચાદિ ક્રિયાઓનું વર્ણન નામનો ૨ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૩ જો

### સ્નાનનો વિધિ અને રુદ્રાક્ષ માહાત્મ્ય

શ્રીનારાયણ ઉવાચ

સ્મૃત્વા ચોંકારગાયત્રીં–
નિબધ્નીયાચ્છિખાં તથા ।
પુનરાચમ્ય હૃદયં બાહૂ–
સ્કન્ધૌ ચ સંસ્પૃશેત્ ॥

શ્રી નારાયણ બોલ્યા: એ રીતે આચમન તથા જળસ્પર્શ કર્યા પછી ઓંકાર સાથે ગાયત્રી ઉચ્ચારીને શિખા બાંધવી, પછી ફરીથી આચમન કરી હૃદય, બાહુ અને ખભાઓનો સ્પર્શ કરવો. કદાચ છીંક આવે, થૂંકવું પડે, દાંતમાં એઠું રહી ગયું હોય, જૂઠું બોલી જવાય અને પાપી–દુષ્ટાત્મા સાથે વાર્તાલાપ થઇ જાય તો જમણો કાનનો સ્પર્શ કરવો.

કારણ કે, બ્રાહ્મણના જમણા કાનમાં અગ્નિ, જળ, વેદ, સૂર્ય, ચન્દ્ર અને વાયુ રહેલા છે. ત્યારબાદ નદી વગેરે જળાશયે જઇ દેહશુદ્ધિ માટે સ્નાન કરવું. માનવ–શરીરમાં નવ દ્વારોથી મેલ વહેતો રહે છે તેથી દેહને શુદ્ધ કરવા માટે નિત્ય પ્રાત:સ્નાન કરવું. પરસ્ત્રી સાથે સમાગમ કરવાથી તથા દાન વગેરે દેવા એકાંતમાં કરેલા દુષ્ટકૃત્ય, પાપથી સ્નાન કરવાથી છૂટાય છે. સ્નાન કર્યા વગર કરેલી સર્વ ક્રિયાઓ નિષ્ફળ જાય છે. માટે સમજુ મનુષ્યોએ દરરોજ પ્રાત:સ્નાન અવશ્ય કરવું. સ્નાન, સંધ્યાવંદન વગેરે પાસે દર્ભ રાખીને કરવાં.

સાત દિવસ સુધી સ્નાન નહિ કરનારો મનુષ્ય, ત્રણ દિવસ સંધ્યા નહિ કરનારો મનુષ્ય, અને બાર દિવસ વૈશ્વદેવ નહિ કરનારો મનુષ્ય દ્વિજ હોય તો પણ તે શુદ્ર જેવો ગણાય છે. સ્નાનવિધિ ઘણો મોટો હોવાથી પ્રાત:કાળમાં ટુંકમાં સ્નાનવિધિ પતાવવો. આ લોકમાં અને પરલોકમાં ગાયત્રી જેવો બીજો કોઇ મંત્ર ઉત્તમ નથી. ગાયત્રી મંત્ર રટનારનું રક્ષણ કરે છે, તેથી તે આ ગાયત્રી કહેવાય છે. માટે બુદ્ધિમાન મનુષ્યે તો ત્રણ વ્યહૃતિઓ અને પ્રણવ સાથે ગાયત્રી બોલી ત્રણ પ્રાણાયામ કરી પ્રાણ અપાનને સમાન કરવા.

વેદજ્ઞ બ્રાહ્મણે પ્રાણાયામ કરતી વેળા હંમેશા વૈદિક મંત્રનો જપ એકાગ્રપણે કરવો. ગાયના શિંગડા પર સરસવનો દાણો જેટલી વાર રહી શકે તેટલી વાર પણ જેનો પ્રાણવાયુ સ્થિર

રહી શકતો નથી, તેઓ પિતૃપક્ષને તારી શકતા નથી, પણ પ્રાણાયામ કરનાર પિતૃપક્ષ તથા માતૃપક્ષનાં એકસો એક પિતૃઓનો ઉધ્ધાર કરે છે. મંત્રજપ સાથેનો પ્રાણાયામ સગર્ભ કહેવાય છે અને ધ્યાન–યુકત પ્રાણાયામ અગર્ભ કહેવાય છે. દેવ–ઋષિ–પિતૃ તર્પણ કરી સાધકે જળાશયમાંથી બહાર નીકળી શુધ્ધ વસ્ત્ર પહેરી ભસ્મ લગાવવી અને જપની સિદ્ધિ માટે અહીં દર્શાવ્યા પ્રમાણે રૂદ્રાક્ષ ધારણ કરવા. ગળામાં બત્રીસ, માથા પર ચાળીસ, બંને કાનમાં થઇ બાર, એક એક કાંડામાં બાર–બાર ભુજા પર સોળ–સોળ, નેત્ર પર એક–એક, શિખામાં એક અને છાતી ઉપર એમ મળીને જેટલા થાય તે રૂદ્રાક્ષોને સોનાના કે ચાંદીના તારમાં ગુંથી પંચાક્ષર મંત્રથી અથવા પ્રણવથી ધારણ કરવા હિતાવહ છે. હે બ્રહ્મન્ ! રૂદ્રાક્ષ ધારણ શિખામાં ૐકારના તત્ત્વરૂપ, બંને કાનમાં દેવ કે દેવીતત્ત્વરૂપ, જનોઇ પર વેદરૂપ, હાથમાં દિશાઓરૂપ, કંઠે સરસ્વતીદેવી તથા અગ્નિરૂપ જાણવું. સર્વ વર્ણોએ અને દરેક આશ્રમવાળાએ રૂદ્રાક્ષ પહેરવા જોઇએ. તેમાં દ્વિજોએ મંત્ર બોલી રૂદ્રાક્ષ પહેરવા. રૂદ્રાક્ષ પહેરવાથી મનુષ્ય નિઃસંશય રૂદ્રરૂપ થાય છે અને રૂદ્રાક્ષ પહેરનાર શ્રધ્ધાળુ મનુષ્ય શાસ્ત્રનિષ્ઠ પદાર્થને જોવાથી, સાંભળવાથી, યાદ કરવાથી, સુંઘવાથી, ખાવાથી, બોલવાથી, નિષિધ્ધ સ્થળે જવાથી અને શાસ્ત્રોકત કાર્યને છોડવાથી થતા પાપથી લેપાતો નથી.

જેને રૂદ્રાક્ષ પહેરવાથી લજ્જા–શરમ આવે છે તેનો કરોડો જન્મ સુધી સંસારમાંથી છુટકારો થતો નથી. જે મનુષ્ય રૂદ્રાક્ષ ધારણ કરનારને નિંદે છે તે વર્ણસંકર મનુષ્ય છે. રૂદ્રાક્ષ પહેરવાથી ઘણા મહાપુરૂષો રૂદ્રત્વ પામ્યા છે. ઘણા મુનિઓ સત્યસંકલ્પી સાથે અને બ્રહ્મા બ્રહ્મત્વ પામ્યા છે. રૂદ્રાક્ષ ધારણ કરેલી વ્યકિતને જે કોઇ વસ્ત્ર કે ધન આપે છે, તે સર્વ પાપથી મુકત થઇ અંતકાળે શિવલોકમાં જાય છે અને તેવા મનુષ્યને શ્રાધ્ધોમાં જમાડવાથી પિતૃ લોકની પ્રાપ્તિ થાય છે. એવા મનુષ્યનું ચરણામૃત લેનાર મનુષ્ય સર્વ પાપોથી મુકત થઇ અંતે શિવલોકમાં જઇ પૂજાય છે. કોઇ પણ મનુષ્ય મંત્ર સાથે કે મંત્ર વગર, ભાવનાથી કે ભાવના વગર ભકિત સાથે કે લજ્જાથી રુદ્રાક્ષ ધારણ કરે છે, તે સર્વ પાપોથી મુકત થઇ ઉત્તમ જ્ઞાની થાય છે. અહો ! રૂદ્રાક્ષનો મહિમા ઘણો મોટો છે. તેના માહાત્મ્યને હું કહી શકતો નથી, માટે મનુષ્યે હરકોઇ પ્રયત્ને કોઇ પણ રીતે રૂદ્રાક્ષ પહેરવા. ૩૭

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દશમ સ્કંધ વિષે 'સ્નાનનો વિધિ અને રૂદ્રાક્ષમાહાત્મ્ય' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### રૂદ્રાક્ષની ઉત્પત્તિ અને ધારણ પદ્ધતિ

નારદ ઉવાચ

એવં ભૂતાનુભાવોઽયં રુદ્રાક્ષો ભવતાઽનઘ ।
વર્ણિતોમહતાં પૂજ્યઃકારણં તત્ર કિં વદ ॥

નારદે પૂછ્યું : હે નારાયણ ! આવા

પ્રભાવવાળો રુદ્રાક્ષ મહાન પુરૂષોના માટે પણ પૂજ્ય છે એમ તમે કહ્યું તેમાં શું કારણ છે તે કહો.

શ્રી નારાયણ બોલ્યા: 'પૂર્વે કાર્તિક–સ્વામીએ ભગવાન શંકરને તમારા જેવો જ પ્રશ્ન કર્યો હતો અને તેમણે જે કહ્યું હતું તે હું સવિસ્તાર કહું છું.

શંકર બોલ્યા, હે કાર્તિકસ્વામી ! હું તમને સંક્ષેપમાં કહું છું, સાંભળો. પૂર્વે વિશ્વમાં કોઈથી ન જીતી શકાય એવો અજિત, ત્રિપુર નામનો દૈત્ય હતો. તેણે પોતાના અપૂર્વ બળથી બ્રહ્મા વગેરે સર્વ દેવોને જીતી લીધા હતા. પછી દેવોની પ્રાર્થનાથી તે અસુરને જીતવા માટે મેં અઘોર નામના મહાશસ્ત્રનું ચિંતન આંખો બંધ કરીને કર્યું હતું.

એ રીતે ચિંતન કરતા મારી આંખો ઊઘડતાં તેમાંથી જલબિંદુઓ પડવાં હતાં. તેમાંથી એક પછી એક કરતાં આડત્રીસ પ્રકારના રુદ્રાક્ષના વૃક્ષો ઉત્પન્ન થયાં હતા. તેમાં મારા સૂર્યરૂપ નેત્રોમાંથી બાર પિંગળા રંગના રુદ્રાક્ષો થયા, ચંદ્ર-રૂપ નેત્રોમાંથી ધોળા રંગના સોળ રુદ્રાક્ષો થયા અને અગ્નિરૂપ નેત્રમાંથી દસ કાળા રંગના રુદ્રાક્ષો ઉત્પન્ન થયા. તેમાં શ્વેત રંગવાળા રુદ્રાક્ષ બ્રાહ્મણના, લાલ રંગવાળા રુદ્રાક્ષ ક્ષત્રિયના, પિંગળા રંગના રુદ્રાક્ષ વૈશ્યના અને કાળા રંગના રુદ્રાક્ષ શૂદ્ર જાતિના કહેવાય છે. એક મુખવાળો રુદ્રાક્ષ શિવરૂપ કહેવાય છે, તે ઉત્તમ રુદ્રાક્ષ બ્રહ્મહત્યાને દૂર કરે છે. બે મુખવાળો રુદ્રાક્ષ દેવી–દેવતા-ઓરૂપ હોઈ તે ધારણ કરનારાના અનેક પ્રકારના પાપોનો નાશ કરે છે. ત્રણ મુખવાળો રુદ્રાક્ષ અગ્નિસ્વરૂપ હોઈ તે ધારણ કરનારે કરેલી સ્ત્રીહત્યાને ક્ષણ વારમાં ભસ્મ કરે છે. ચાર મુખવાળો રુદ્રાક્ષ બ્રહ્મરૂપ હોઈ તે ધારણ કરનારની મનુષ્યહત્યા દૂર કરે છે. પાંચ મુખવાળો રુદ્રાક્ષ જે કહેવાય છે તે અતિ ઉત્તમ કામાગ્નિ નામનો રુદ્રરૂપ હોઈ તેને ધારણ કરનારના અભક્ષ્યાભક્ષ, અગમ્યાગમન વગેરે સર્વ પાપોથી છુટે છે. છ મુખવાળો રુદ્રાક્ષ કાર્તિકેય રૂપ હોઈ તેને જમણા હાથમાં ધારણ કરનાર મનુષ્ય બ્રહ્મહત્યા વગેરે પાપોથી દૂર થાય છે. સાત મુખ-વાળો રુદ્રાક્ષ અનંગરૂપ કહેવાય છે, તેને ધારણ કરવાથી સુવર્ણની ચોરીથી મુક્ત થવાય છે અને આઠ મુખવાળો રુદ્રાક્ષ ગણપતિરૂપ હોઈ, તેને ધારણ કરનાર મનુષ્યના સર્વ જાતના પાપો નાશ પામે છે અને તે ઉત્તમ મનુષ્ય અંતે પરમ પદને પામે છે. નવ મુખવાળો રુદ્રાક્ષ ભૈરવરૂપ હોઈ તેને ડાબા હાથે ધારણ કરનાર મનુષ્ય ભોગ તથા મોક્ષને પ્રાપ્ત કરે અને તેનાથી થયેલી બાળહત્યા તથા બ્રહ્મહત્યા વગેરે પાપો નાશ પામે છે. દશ મુખવાળો રુદ્રાક્ષ વિષ્ણુરૂપ હોઈ તેને ધારણ કરનાર મનુષ્ય આગળ ગ્રહો, પિશાચો વેતાલો, બ્રહ્મરાક્ષસો તથા સર્પો શાંત થાય. અગિયાર મુખવાળો રુદ્રાક્ષ અગિયાર રુદ્રરૂપ કહેવાય છે. તેને

શિખામાં ધારણ કરનાર મનુષ્યને એક હજાર અશ્વમેધ યજ્ઞોનું, તે ઉપરાંત સો વાજપેય યજ્ઞોનું અને એક લાખ રુદ્રાક્ષ ધારણ કરનારને ગાયોના દાનનું ફળ મળે છે. બાર મુખવાળા રુદ્રાક્ષને કાનમાં ધારણ કરવાથી બાર સૂર્યો પ્રસન્ન થાય છે અને ધારણ કરનાર ગોમેધ તથા અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે.

વળી તે ઉત્તમ મનુષ્યને કોઈ જાતનો ભય કે રોગ થતો નથી. આ બાર મુખ વાળા રુદ્રાક્ષનો પ્રભાવ ઘણો મોટો છે. હાથી, ઘોડા, મૃગો, બિલાડાં, સર્પો, ઉંદરો, દેડકાં, ગધેડાં, કુતરાં તથા શિયાળો વગેરે અનેક જાતનાં પ્રાણીઓને મારવાથી થતાં પાપો આ બાર મુખ-વાળા રુદ્રાક્ષ ધારણ કરવાથી નાશ પામે છે અને તે સર્વ ઇચ્છા મનોરથો પૂરા કરી આપે છે. અને તેને ધારણ કર-નારો મનુષ્ય માતા–પિતા કે ભાઈના વધથી થનારાં પાપોથી છુટે છે. ચૌદ મુખવાળો રુદ્રાક્ષ શિવસ્વરૂપ હોઈ તેને મસ્તક પર ધારણ કરનાર મનુષ્ય દેવોથી પૂજાય છે. મસ્તકે પહેરવાની માળા છવ્વીસ રુદ્રાક્ષની હોવી જોઈએ, હૃદય ઉપર પહેરવાની માળા પચાસ રુદ્રાક્ષોની હોવી જોઈએ, ભુજા પર પહેરવાની માળા સોળ રુદ્રાક્ષોવાળી હોવી જોઈએ, અને કાંડા પર પહેરવાની માળા બાર રુદ્રાક્ષોની કરવી જોઈએ. એકસો આઠ, હૃદયમાળા અથવા સત્તાવીસ રુદ્રાક્ષોની માળા બનાવી ધારણ કરવાથી અથવા તેનાથી જપ કરવાથી અનંત ફળ મળે છે. હે કાર્તિકેય! એકસો આઠ રુદ્રાક્ષની માળા ધારણ કરનારને ક્ષણે ક્ષણે અશ્વ-મેધ યજ્ઞનું ફળ મળે છે અને એકવીસ કુળનો ઉદ્ધાર કરી તે શિવલોકમાં જઈને પૂજાય છે. ૪૦

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'રુદ્રાક્ષની ઉત્પતિ અને ધારણ પદ્ધતિ' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૫ મો

## જપમાળા અને તેનું વિધાન

**સૂત ઉવાચ**

**લક્ષણં જપમાલાયાઃ શ્રૃણુવક્ષ્યામિષણ્મુખ ।**
**રુદ્રાક્ષસ્ય મુખં બ્રહ્મા બિન્દુ રુદ્ર ઇતીરિત ॥**

શ્રી શંકર બોલ્યા : 'હે કાર્તિકેય! હવે હું જપમાળાનું લક્ષણ કહું છું તે સાંભળો. રુદ્રાક્ષનું મૂખ બ્રહ્મા અને બિંદુ રુદ્ર કહેવાય છે. તેનું પૂંછડું ભોગ મોક્ષ આપનાર વિષ્ણુ છે. પાંચ મુખ-વાળા, કાંટાવાળા, લાલ અથવા ધોળા કે મિશ્ર રંગના પચીસ રુદ્રાક્ષો લાવી તે રુદ્રાક્ષમાં છિદ્ર કરી તેની ગાયના પૂંછડાના આકારની માળા બનાવી અને તેના બંને છેડાને એટલે કે મુખથી મુખને ને પૂંછ-ડાથી પૂંછડાને જોડી દઈ ઊભા મુખવાળો મેરુ બનાવવો ને તેના ઉપર ગાંઠ વળી ગાંઠરૂપી નાગપાશ બનાવવો. એ રીતે બનાવેલી મંત્રસિદ્ધિને આપનારી માળાને ચંદનમિશ્રિત જળથી ધોઈ નાખી તેના ઉપર પંચગવ્ય છાંટવું. પછી તેને શુધ્ધ

જળથી ધોઇ તેના પર મંત્ર ગણોનો ન્યાસ કરવો. શિવમંત્રષડંગમાં જે અસ્ત્ર-મંત્ર છે તેથી સ્પર્શ કરી. 'હું' એ કવચ મંત્રથી માળાને એકઠી કરી દેવી. પછી એના પર પોતાને જે મંત્રનો જપ કરવાનો હોય તે મુલમંત્રનો ન્યાસ કરવો. આ ક્રિયા જાતે કરવી અથવા ગુરૂના હાથે કરાવવી. પછી 'સદ્યોજાત' વગેરે મંત્રોથી એકસો આઠ વાર પ્રોક્ષણ કરી મુળ મંત્ર ઉચ્ચારી પવિત્ર અને શુદ્ધ ભુમિ પર માળા મૂકી તેના પર સાંબ-સદાશિવનું સ્થાપન કરવું. એ રીતે પ્રતિષ્ઠિત કરેલી માળા ઇચ્છિત ફળ આપે છે. સર્વ મનોરથ પૂરા કરે છે. જે દેવોનો જે મંત્ર જપવાનો હોય તે જ મંત્રથી તે માળાનું પૂજન કરવું અને જપ સિવાયના સમયે એ માળાને કંઠ, મસ્તક અથવા કાન પર ધારણ કરવી. આ રીતે મનુષ્યે રુદ્રાક્ષની માળાથી સાવધાન થઇને જપ કરવો તેમ જ રુદ્રાક્ષોને કંઠ, મસ્તક હૃદય, કાંડું, કાન અથવા બન્ને બાહુઓમાં ધારણ કરવા. વળી સ્નાન, દાન. જપ, હોમ, વૈશ્વદેવ, દેવપૂજા, પ્રાયશ્ચિત, શ્રદ્ધા અને દીક્ષા વખતે રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવા. મોહને લીધે રુદ્રાક્ષ ધારણ કર્યા સિવાય વૈદિક કર્મ કરનારો બ્રાહ્મણ નરકમાં જાય છે. બીજાએ ધારણ કરેલા રુદ્રાક્ષ અપવિત્ર ગણાતા હોઇ ધારણ કરવા નહિ. જાબાલશ્રુતિ કહે છે કે 'રુદ્રાક્ષ ધારણ કરનારો મનુષ્ય પાપ કરે તો પણ તે સર્વ પાપથી રહિત જ છે. અરે ! પશુઓ પણ રુદ્રાક્ષ ધારણ કરવાથી રુદ્રત્વ પામે એમાં શું કહેવાનું હોય ? સર્વ કલ્યાણને ઇચ્છતા મનુષ્યે એક રુદ્રાક્ષ તો અવશ્ય મસ્તકે ધારણ કરવો. મહાદેવ, વિષ્ણુ, બ્રહ્મા અને તેમની વિભુતિરૂપ બીજા દેવો પણ ભક્તિથી તેમ જ સર્વના અંતર્યામી રુદ્રાક્ષ પહેરે છે. મુલપુરુષ ગોત્રઋષિઓ અને તેમના વંશમાં ઉત્પન્ન થયેલા રુદ્રાક્ષ ધારણ કરે છે. રુદ્રાક્ષ ધારણ કરવા વિષે અનેક જન્મો પછી મહાદેવની કૃપાથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.' આ રીતે રુદ્રાક્ષનું માહાત્મ્ય જાબાલ શાખાનું અધ્યયન કરતા સર્વ મુનિઓએ તથા મેં પણ કહ્યું છે. રુદ્રાક્ષના દર્શનથી મનુષ્યને જે પુણ્ય થાય છે એથી કરોડગણું પુણ્ય તેના સ્પર્શથી થાય છે અને તેને ધારણ કરવાથી સેંકડો કરોડ ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. વળી રુદ્રાક્ષની માળા વડે જપ કરવાથી સેંકડો, હજારો તથા લાખોગણું પુણ્ય મળે છે. જે મનુષ્ય હાથ, છાતી, ગળું, કાન તથા મસ્તક પર કાયમ રુદ્રાક્ષ પહેરે છે, તે શિવસ્વરૂપ જ ગણાય છે. તે ધારણ કરનાર જો કદાચ પાપાત્મા હોય તો પણ તેને વંદન કરવું. ગળામાં રુદ્રાક્ષ ધારણ કરેલો કુતરો પણ જો મરણ પામે તો તે પરમ ગતિને પામે છે' માટે એક રુદ્રાક્ષ તો અવશ્ય ધારણ કરવો. એથી એકવીસ પેઢીનો ઉદ્ધાર કરી મનુષ્ય રુદ્રલોકમાં પૂજાય છે. હવે હું તમને ફરીથી રુદ્રાક્ષનો વિધિ કહું છું. ૩૬

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'જપમાળા અને તેનું વિધાન' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### રુદ્રાક્ષના મહિમાનો પાર નથી

ઈશ્વર ઉવાચ

મહાસેન કુશગ્રંથિ પુત્રજીવાદયઃ પરે ।
રુદ્રાક્ષસ્ય તું નૈકોઽપિ કલામર્હતિષોડશીમ્ ॥

શ્રી શંકર બોલ્યા : હે કાર્તિકેય! કુશગ્રંથિ અને પુત્રજીવ વગેરે બીજા પણ માળામાં ઉપયોગી છે. છતાં તેમાંથી એકેય રુદ્રાક્ષના સોળમા ભાગને પણ યોગ્ય નથી. જેમ પુરુષોમાં વિષ્ણુ શ્રેષ્ઠ છે, ગ્રહોમાં સૂર્ય શ્રેષ્ઠ છે, નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, મુનિઓમાં કશ્યપ શ્રેષ્ઠ છે ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા શ્રેષ્ઠ છે, દેવોમાં ઈશ્વર શ્રેષ્ઠ છે અને દેવીઓમાં પાર્વતી શ્રેષ્ઠ છે તેમ આ રુદ્રાક્ષ માળાઓમાં ઉપયોગી વૃક્ષોમાં અતિ શ્રેષ્ઠ છે, એનાથી અધિક બીજું કંઈ શ્રેષ્ઠ છે નહિ. જે શિવભક્તને રુદ્રાક્ષનું દાન કરે છે, તેના પુણ્યફળને કહેવા કોઈ તો શું, હું પણ સમર્થ નથી. ગળામાં રુદ્રાક્ષને ધારણ કરેલા હોય તેવા મનુષ્યને અન્નદાન કરનારો મનુષ્ય સાત કુળનો ઉદ્ધાર કરી રુદ્રલોકમાં જાય છે, જેના લલાટમાં ભસ્મ લેપન નથી, જેના શરીર પર રુદ્રાક્ષ નથી અને જેના ઘરમાં શિવપૂજન નથી તે બ્રાહ્મણ ચાંડાલ કરતાં ય નીચ મનાય છે. રુદ્રાક્ષને ધારણ કરનાર કદાચ માંસભક્ષી હોય, મદિરાપાન કરતો હોય તો પણ તે રુદ્રાક્ષના પ્રભાવને લીધે પાપથી છુટી જાય છે. સર્વ યજ્ઞો, તપ, દાન અને વેદાભ્યાસથી જે ફળ મળે, ચાર વેદોના અધ્યનથી, પુરાણના અધ્યયનથી તીર્થસેવાથી અને સર્વ વિદ્યાથી ભાવિકને જે પુણ્યફળ મળે છે તેટલું જ ફળ રુદ્રાક્ષને ધારણ કરનારો તાત્કાલિક મેળવે છે. મૃત્યુ સમયે રુદ્રાક્ષ ધારણ કરેલાનું મરણ થાય તો તે રુદ્રત્વને પામે છે અને તેનો પુનર્જન્મ થતો નથી.

ગળામાં અને બાહુમાં રુદ્રાક્ષ ધારણ કરનારો મનુષ્ય મૃત્યુ પામે તો તે પોતાના એકવીસ કુળનો ઉદ્ધાર કરી રુદ્રલોકમાં વસે છે. રુદ્રાક્ષ મસ્તક પર ધારણ કરવાથી એક કરોડ રુદ્રાક્ષ ધારણ કર્યાનું ફળ મળે છે, કાન પર પહેરવાથી દશ કરોડ રુદ્રાક્ષ ધારણ કર્યાનું ફળ મળે છે, રુદ્રાક્ષ ગળે બાંધવાથી સો કરોડ રુદ્રાક્ષ ધારણ કર્યાનું ફળ મળે છે, મસ્તકે રુદ્રાક્ષ ધારણ કરવાથી એકહજાર કરોડ રુદ્રાક્ષ ધારણ કર્યાનું ફળ મળે છે, જનોઇ પર રુદ્રાક્ષ ધારણ કર્યાનું દશહજાર કરોડ રુદ્રાક્ષ ધારણ કર્યાથી ફળ મળે છે, ભુજા પર ધારણ કર્યાથી એક લાખ કરોડ રુદ્રાક્ષ ધારણ કર્યાનું ફળ મળે છે. રુદ્રાક્ષ ધારણ કરેલો બ્રાહ્મણ નિત્ય વૈદિક કર્મ કરે તો તે મહાન ફળ પામે છે. ભક્તિરહિત અને પાપકર્મી મનુષ્ય પણ રુદ્રાક્ષની માળા ધારણ કરે તો તે સંસારના સર્વ બંધનથી છુટે છે. વિદ્વાન કે વિદ્યા-રહિત, જાણતાં કે અજાણતાં હરકોઇ પ્રાણી રુદ્રાક્ષને ધારણ કરવાથી કીકટ દેશમાં રુદ્રાક્ષને ધારણ કરતા ગધેડા પેઠે શિવલોક પામે છે.

કાર્તિકેયે પૂછ્યું : હે દેવ ! મને નવાઇ લાગે છે: કીકટ દેશમાં ગધેડાએ રુદ્રાક્ષ શી રીતે ધારણ કર્યા હતા ? તેને કોણે રૂદ્રાક્ષ આપ્યા હતા ?

શ્રી શંકર બોલ્યા : વિંધ્યાચળમાં રૂદ્રાક્ષના બોજાને વહન કરતા એક ગધેડાને તેનો માલિક ડફણાં મારીને હાંકયે જતો હતો. ચાલી ચાલીને અને બોજાથી થાકી જવાથી તે ગધેડો બોજો ઊંચકવા શક્તિમાન ન થવાથી માર્ગમાં અધવચ્ચે પૃથ્વી પર પડી જઇ મૃત્યુ પામ્યો. મરણ પછી તે ગધેડો મારી કૃપાથી ત્રિનેત્ર, ત્રિશુળધારી ને મહેશ્વર-રરુપ બની જઇ મારી પાસે આવ્યો હતો આવા કલ્યાણકારી રુદ્રાક્ષને ધારણ કરનાર મનુષ્ય રૂદ્રાક્ષનાં મુખો જેટલા યુગો સુધી દેવલોકમાં પૂજાય છે. આ માહાત્મ્ય ઘણું ગુપ્ત રાખવા જેવું છે, શિષ્યોને જ કહેવું.

જે મનુષ્ય વ્રતધારી થઈ ૧૦૦૦ રૂદ્રાક્ષો ધારણ કરે છે તેને સર્વ દેવો માન આપે છે ને નમે છે. વળી રૂદ્રાક્ષને મોતી, પરવાળાં, સ્ફટિક, રૂપું. વૈડુર્ય તથા સોનામાં ગુંથીને જે ધારણ કરે છે તે શિવરૂપ થાય છે. જે આળસથી માત્ર એકલા રૂદ્રાક્ષને ધારણ કરે છે તેને જેમ અંધકાર સુર્યને આભડી શકતો નથી તેમ પાપો સ્પર્શ કરી શકતા નથી. રૂદ્રાક્ષની માળા વડે મંત્ર જપવામાં આવ્યો હોય તે મંત્ર અનંત ફળ આપે છે. જેના શરીર પર સોગંદ ખાવા પૂરતો એક પણ રૂદ્રાક્ષ નથી તેનો જન્મારો નકામો ગયો સમજવો. જે ભાવિક મનુષ્ય રૂદ્રક્ષને મસ્તક પર ધારણ કરે છે તેને ગંગાસ્નાનનું ફળ મળે છે. રુદ્રાક્ષોમાં કેટલાક રૂદ્રાક્ષો એક મુખ-વાળા, અગિયાર મુખવાળા અને ચૌદ મુખવાળા હોય છે શંકર સ્વરૂપ ગણાતા પવિત્ર રૂદ્રાક્ષને ભક્તિથી પૂજવાથી રંક પુરૂષ પણ રાજા બને છે આ સંબંધમાં એક પ્રાચીન દ્રષ્ટાંત જાણવા જેવું છે.

કૌસલ દેશમાં નિરનાથ નામે એક ધનવંત બ્રાહ્મણ રહેતો. ગુણનિધિ નામે તેને એક સુંદર પુત્ર હતો. યૌવના-વસ્થામાં તેણે સુધિષ્ણ નામના પોતાના ગુરૂની મુકતાવલી નામની પત્નીને ધનના પ્રભાવથી મોહિત કરી હતી ને કેટલાક કાળ સુધી તેની સાથે રમણ કરતાં તેણે વગર કારણે પોતાના ગુરૂને ઝેર આપી મારી નાંખ્યા. પછી નિર્ભય થઇ તે ગુરૂપત્ની સાથે છડેચોક વ્યભિચાર કરવા લાગ્યો. એ અધર્મ કર્મ એના માતા-પિતાના ધ્યાનમાં આવતાં તેઓને પણ તેમના આ કુલાંગાર પુત્રે ઝેર આપી મારી નાખ્યા. પછી એમ ભોગવિલાસમાં ધન ખરચાઇ જતાં એ દુષ્ટ અંતે શ્રીમંતોના આવાસોમાં ચોરી કરવા લાગ્યો અને મદિરા પી મદાંધ થઇ ફાવે તેમ વર્તવા લાગ્યો. તેની અસામાજિક પ્રવૃત્તિ જોઇ તેનો તેની જ્ઞાતિએ બહિષ્કાર કર્યો ને બધાએ મળીને ગામમાંથી તેને હાંકી કઢયો. પછી મુકતાવલીને સાથે

લઇ જઇ તે એકાંત વનમાં જઇને રહ્યો. તેણે દ્રવ્યના લોભથી અનેક બ્રાહ્મણોને મારી નાખ્યા હતા. પછી તે દુષ્ટ બ્રાહ્મણ રોગનો ભોગ બની મરી ગયો એટલે તેને યમદુતો લેવા આવ્યા તો તેની પાસે તે જ સમયે શિવલોકમાંથી શિવજીના ત્રિશુળધારી ગણો પણ ત્યાં આવ્યા.

બંને પક્ષના ગણો વચ્ચે વાદવિવાદ થયો. તે વખતે યમદુતો શિવગણોને કહેવા લાગ્યા: 'હે શિવ–દુતો! આ મરનાર મનુષ્યનું એવું તે શું પુણ્ય છે કે તમે એને લઇ જવા આવ્યા છો? ત્યારે શિવદુતોએ કહ્યું: 'જે સ્થળે આ મનુષ્ય મૃત્યુ પામ્યો છે તે જગ્યાએ દશ હાથ નીચે જમીનમાં રૂદ્રાક્ષ છે. તેના પ્રભાવથી અમે એને શિવની પાસે લઇ જઇશું.' પછી દિવ્યરૂપ ધારણ કરી ગુણનિધિ વિમાન પર બેસી ભગવાન શિવજીનાં દૂતો સાથે શિવલોકમાં ગયો. રૂદ્રાક્ષનો આ પ્રકારે ઉત્તમ અને પાવનકારી મહિમા મેં સંક્ષેપમાં કહ્યો છે, તે પાપોનો નાશ કરનાર તથા મહા–પુણ્યફળ આપનાર છે. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'રૂદ્રાક્ષના મહિમાનો પાર નહિ' નામનો ૬ ઠ્ઠો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૭ મો

### વિવિધ મુખવાળા રુદ્રાક્ષનું વર્ણન

નારાયણ ઉવાચ

એવં નારદ ષ વક્ત્રો ગિરીશેન વિબોધિતઃ ।
રુદ્રાક્ષમહિમાનં ચજ્ઞાત્વાસીત્ સકૃતાર્થકઃ ॥

શ્રી નારાયણ બોલ્યા: હે નારદ! જગતપિતા ભગવાન શંકરે કાર્તિકેય સ્વામિને રૂદ્રાક્ષનો અપૂર્વ મહિમા કહ્યો તે સાંભળી કાર્તિકેય ધન્ય બન્યા. પછી મેં સદાચારના પ્રસંગમાં રૂદ્રાક્ષનું વર્ણન કર્યું, હવે તમને રૂદ્રાક્ષના લક્ષણ વગેરેનું વૃત્તાંત કહું છું. રુદ્રાક્ષના દર્શનથી લાખગણું પુણ્ય મળે છે, સ્પર્શ કરવાથી કરોડપણું પુણ્ય મળે છે અને તેને ધારણ કરવાથી મનુષ્ય અગણિતગણું પુણ્ય પામે છે. રૂદ્રાક્ષ કરતાં રુદ્રાક્ષ ધારણ કરવાનું વધારે પુણ્ય છે. આમળાના ફળ જેવડો રુદ્રાક્ષ શ્રેષ્ઠ કહ્યો છે. રુદ્રાક્ષ ધારણ કરવા છતાં તેની માળા વડે જપ કરવાથી મનુષ્યને કરોડોગણું પુણ્યફળ મળે છે. બોર જેવડો રુદ્રાક્ષ મધ્યમ અને ચણા જેવડો રુદ્રાક્ષ અધમ કહેવાય છે. શિવની આજ્ઞાથી પૃથ્વી પર રુદ્રાક્ષોનાં વૃક્ષો બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય તથા શુદ્ર જાતનાં થયાં છે. તેમાં શ્વેત વર્ણના બ્રાહ્મણ, લાલ રંગના ક્ષત્રિય, પીળા રંગના વૈશ્ય અને કાળા વર્ણના રુદ્રાક્ષોને શુદ્ર જાણવા.

અને ક્રમ પ્રમાણે બ્રાહ્મણ વગેરે વર્ણોએ રુદ્રાક્ષ ધારણ કરવા. ચળકતા, સુંવાળા મજબૂત ને કાંટાવાળા રુદ્રાક્ષ હોય તે શુભ ગણાય છે. કીડાએ કરડેલા, છિન્નભિન્ન, કાંટા વગરના ને સંકોચાયેલા રુદ્રાક્ષો અશુભ ગણાય છે માટે તે લેવા નહિ. જેમાં સ્વયં છિદ્ર પડયું હોય છે તે રુદ્રાક્ષ ઉત્તમ કહેવાય છે, અને જેમાં સાધનથી છિદ્ર પાડવામાં

આવ્યું હોય તે મધ્યમ ગણાય છે. જેમાં સોનેરી રેખા કુદરતી રીતે હોય તે રુદ્રાક્ષ ઉત્તમ ગણાય છે. આવા રુદ્રાક્ષને શિવ-પૂજન કરનારાએ ધારણ કરવા. શિખાએ એક રુદ્રાક્ષ, મસ્તકે ત્રીસ રુદ્રાક્ષ, ગળામાં છત્રીસ રુદ્રાક્ષ, બાહુમાં સોળ રુદ્રાક્ષ, કાંડામાં બાર રુદ્રાક્ષ અને ખભા પર પચાસ રુદ્રાક્ષ ધારણ કરવા. એકસોઆઠ રુદ્રાક્ષવાળી માળા બનાવી તેને બે સેર ત્રણ સેરની કરી પહેરવી. રુદ્રાક્ષ ઘણી રીતે ધારણ કરાય છે. કુંડળમાં, મુકુટમાં કર્ણાભુષણમાં, હારમાં, બાજુબંધમાં તથા કડામાં તેમજ સૂતાં, ખાતાં–પીતાં વગેરે સર્વકાળે મનુષ્યે રુદ્રાક્ષ ધારણ કરવા. ત્રણસો રુદ્રાક્ષ અધમ, પાંચસો રુદ્રાક્ષ મધ્યમ અને હજાર રુદ્રાક્ષ ધારણ કરવા ઉત્તમ ગણાય છે.

મસ્તક પર ઇશાનમંત્રથી માળા ધારણ કરવી, કાનમાં તત્પુરુષ મંત્રથી માળા ધારણ કરવી, લલાટ પર અઘોર મંત્રથી માળા પહેરવી, હૃદય પર તેજ મંત્રથી પચાસ રુદ્રાક્ષોની માળા ધારણ કરવી. એ રીતે 'સદ્યોજાત' વગેરે પાંચ બ્રહ્મમંત્રોથી અને શિવષડંગમાં દર્શાવેલા પ્રસિદ્ધ અંગમંત્રોથી પણ રુદ્રાક્ષ ધારણ કરી શકાય. એકમુખી રુદ્રાક્ષ પરમ તત્ત્વનો પ્રકાશક છે તેને ધારણ કરવાથી પરમ તત્ત્વનો પ્રકાશ થાય છે. દ્વિમુખી રુદ્રાક્ષ અર્ધનારી સ્વરૂપ હોય છે તેને ધારણ કરવાથી ભગવાન અર્ધનારીશ્વર



પ્રસન્ન રહે છે. ત્રિમુખી રુદ્રાક્ષ અગ્નિ-રૂપ છે તે સ્ત્રીહત્યાને બાળી નાખે છે અને તેને પહેરવાથી અગ્નિદેવ પ્રસન્ન રહે છે. ચતુર્મુખી રુદ્રાક્ષ બ્રહ્માસ્વરૂપ હોઈ તેને પહેરવાથી મનુષ્ય શ્રીમંત થઇ ઉત્તમ આરોગ્ય તથા જ્ઞાન પામે છે. તેથી બ્રહ્મા પ્રસન્ન થાય છે. પંચમુખી રુદ્રાક્ષ 'સદ્યોજાત' વગેરે પાંચ મંત્રોરૂપ પંચબ્રહ્મ સ્વરૂપ છે તેને ધારણ કરવાથી શંકર ભગવાન પ્રસન્ન થાય છે.

ષણ્મુખીના અધિષ્ઠાતા કાર્તિકેય-સ્વામિ અને ગણપતિ છે. સપ્તમુખીના અધિષ્ઠાતા દેવતા સપ્તમાતૃકા, સૂર્ય તથા સપ્તર્ષિઓ છે, તેને ધારણ કરવાથી લક્ષ્મી, આરોગ્ય અને જ્ઞાન મળે છે. આઠ મુખવાળા રુદ્રાક્ષની અધિષ્ઠાતા દેવતા આઠ માતૃકાઓને, આઠ વસુઓને અને ગંગાને પ્રસન્ન કરે છે. નવ મુખવાળા રુદ્રાક્ષ સાક્ષાત્ યમરૂપ હોઇ તેને ધારણ કરવાથી યમનો ભય રહેતો નથી. દશ મુખવાળા રુદ્રાક્ષની અધિષ્ઠાતા દેવતા દશ દિશાઓ કહેવાય છે તેને ધારણ કરવાથી દશે દિશાઓ પ્રસન્ન થાય છે. અગિયાર મુખવાળા રુદ્રાક્ષ વિષ્ણુસ્વરૂપ છે અને બાર સૂર્યો તેના અધિષ્ઠાતા દેવતા છે તેર મુખવાળા રુદ્રાક્ષને ધારણ કરવાથી કામ-દેવ પ્રસન્ન થાય છે. ચૌદ મુખવાળા રુદ્રાક્ષ રુદ્રના નેત્રમાંથી ઉત્પન્ન થયેલા હોઈ સર્વ રોગોને દૂર કરી આરોગ્ય આપનારા છે. રુદ્રાક્ષ ધારણ કરતા મનુષ્યે મદ્ય, માંસ, લસણ, ડુંગળી, સરગવો,

તથા ગૂંદા તથા ભીંડા આરોગવા નહિ. ગ્રહણ વખતે, વિષુવકાળે, સંક્રાંતિ સમયે, અયનકાળે, અમાસ, પૂનમ તથા કોઈ પવિત્ર દિવસે રુદ્રાક્ષ ધારણ કરનાર મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. ૪૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'વિવિધ મુખવાળા રુદ્રાક્ષનું વર્ણન' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### ભૂતશુદ્ધિ અને તેના પ્રકાર

**શ્રી નારાયણ ઉવાચઃ**

**ભૂતશુદ્ધિ પ્રકારં ચ કથયામિ મહામુને ।**
**મૂલાધારાત્ સમુત્થાયકુંડલી પરદેવતામ્ ॥**

શ્રી નારાયણ બોલ્યા : 'હે નારદ ! હવે હું ભૂતશુદ્ધિનો પ્રકાર કહું છું. શુદ્ધ વસ્ત્ર પહેરી, અંગે ભસ્મ ધારણ કરી પ્રથમ કુંભક પ્રાણાયામ દ્વારા મૂલાધારથી ઊભી થયેલી કુંડલીરૂપ પરદેવતાને સુષુમણાના માર્ગનો આશ્રય કરી બ્રહ્મરંધ્રમાં ગયેલી ચિંતવવી, પછી હંસમંત્રથી જીવને બ્રહ્મમાં જોડી દઈ પગથી માંડી ગોઠણ સુધી ચારેખૂણે ત્રેસઠ અંકોવાળા, લં બીજવાળા અને સુવર્ણ જેવા રંગવાળા પૃથ્વી મંડળનું ધ્યાન કરવું.

ઘુંટણથી નાભિ સુધીમાં અર્ધચંદ્ર સમાન બે કમળોથી અંકિત, વંબીજથી યુક્ત અને શ્વેત કાંતિવાળું જળમંડળ ચિંતવવું. નાભિથી હૃદય સુધીમાં ત્રણ ખૂણાવાળું સાથિયા સહિત, રંગબીજથી યુક્ત લાલ રંગનું અગ્નિ મંડળ ચિંતવવું. હૃદયથી ભ્રુકુટિના મધ્ય ભાગ સાથે ગોળ, છ બિંદુઓથી ચિન્હિત યં બીજથી યુક્ત ભૂખરા રંગનું વાયુમંડળ ચિંતવવું ભ્રુકુટિ મધ્યેથી બ્રહ્મરંધ્ર સુધી ગોળ, સ્વચ્છ, મનોહર અને હં બીજથી યુક્ત આકાશમંડળનું ચિંતન કરવું. એમ પાંચ ભૂતોનું ચિંતન કર્યા બાદ તે દરેકનો તેના કારણમાં લય કરવો. જેમ કે પૃથ્વીનો જળમાં, જળનો અગ્નિમાં, અગ્નિનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં, અહંકારનો મહત્તત્વમાં, મહત્તત્વનો પ્રકૃતિમાં અને પ્રકૃતિનો આત્મામાં લય કરવો. પછી શુધ્ધ જ્ઞાનમય થઈ ડાબીકુખમાં રહેલા, કાળા, અંગુઠા જેવડા માપવાળા, બ્રહ્મહત્યારૂપ મસ્તકવાળા, સુવર્ણની ચોરીરૂપ બાહુવાળા, મદિરાપાનરૂપ હૃદયવાળા ગુરૂતુલ્યગમનરૂપ, કેડવાળા, પાપના સંગરૂપ બે પગવાળા, ઉપપાતકોરૂપ મસ્તકવાળા, તલવાર તથા ઢાલને ધારણ કરતા, નીચા મુખવાળા પાપરૂપ પુરુષનું ચિંતન કરવું. પછી વાયુબીજ યંનું સ્મરણ કરતાં મનુષ્યે પૂરક પ્રાણાયામથી દેહને ભરી દઈને પાપપુરુષને કુંભમાં જપેલા અગ્નિબીજ રં થી ભસ્મ કરવો. પછી વાયુબીજથી તેની ભસ્મને રેચક પ્રાણાયામથી ઉછાળીને બહાર ફેંકી દેવી. પછી અમૃત બીજ વંથી એ ભસ્મને ભીંજવવી. પછી પૃથ્વીબીજ લંથી તે ભસ્મને સોનાના ઈંડાની જેમ ઘટ્ટ કરી, દર્પણ સમાન આકારવાળા વિશુદ્ધ આકાશબીજ લંનો જપ કરતા મનુષ્યે મસ્તકથી લઈ પગ સુધીનાં અંગોની રચના કરવી.

આ રીતની ભાવના કરવી, પછી જે

ક્રમથી લય કર્યો હોય તેજ ક્રમે ચૈતન્ય-રૂપ બ્રહ્મમાંથી આકાશ વગેરે ભુતોને ઉત્પન્ન કરવાં ને તે તે ભુતોને પહેલાંની જેમ પોતપોતાનાં સ્થાનમાં સ્થાપી 'સોઽહં' મંત્રથી જીવને પોતાના હૃદય કમળમાં લાવવો. પરમાત્માના સંગથી અમૃતમય થયેલા એ જીવને લાવી હૃદ-યકમળમાં સ્થાપી મુલાધારમાં રહેલી કુંડલિનીનું સ્મરણ કરવું પછી પ્રાણ-શકિતનું ધ્યાન કરવું : 'લાલ સમુદ્રમાં રહેલા વહાણમાં શોભતાં, લાલ કમળ પર બિરાજતાં, હસ્તકમળમાં ત્રિશૂળ, ધનુષ્ય, પાશ, અંકુશ, પંચબાણ તથા લોહી ભરેલું ખપ્પર ધારણ કરતાં, ત્રિનેત્રથી શોભતાં, પુષ્ટ સ્તનવાળાં, લાલ સુર્ય જેવા રંગવાળાં અને સર્વો-ત્કૃષ્ટ આ પ્રાણશકિતનું ધ્યાન કરી સર્વ અધિકારની સિદ્ધિ માટે ભસ્મ ધારણ કરવી. હવે તમને ભસ્મ ધારણ કરવાનો વિસ્તાર–વિધિ કહું છું. ભસ્મ ધારણ કરવાથી ફળને શ્રુતિઓ તથા સ્મૃતિઓ રૂપ પ્રમાણથી દર્શાવેલું ભસ્મ ધારણ ઉત્તમ મનાય છે. ૨૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ભુતશુદ્ધિ અને તેના પ્રકાર' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### શિરોવ્રતનું વિધાન

શ્રી નારાયણ ઉવાચઃ

ઇદં શિરોવ્રતં ચીર્ણં વિધિવદ્ યૈર્દ્વિજાતિભિઃ ।
તેષામેવ પરાં વિદ્યાં વદેદજ્ઞાનબાધિકામ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : જે દ્વિજ વર્ણોએ આ શિરોવ્રત વિધિ પ્રમાણે કર્યું હોય તેમને જ અજ્ઞાનનો નાશ કરનારી ઉત્તમ બ્રહ્મવિદ્યા કહેવી. પરંતુ જેમણે શ્રદ્ધા સહિત આ વ્રત કર્યું ન હોય તેમને શ્રૌત કે સ્માર્ત આચાર ઉપકારક થતો નથી. આ શિરોવ્રત કરવાથી જ બ્રહ્મા વગેરે દેવો દેવતા થયા છે.

અને આ ઉત્તમ શિરોવ્રતનું પ્રાચીન માહાત્મ્ય વિદ્વાનોએ સ્વીકાર્યું છે. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર તથા અન્ય દેવો પણ આ શિરોવ્રત કરે છે. જેણે વિધિપૂર્વક આ શિરોવ્રત કર્યું હોય તે પાપોથી છૂટે છે. અથર્વવેદના શિરરૂપ આ વ્રત ઉપનિષદમાં કહેલું છે, એથી આ શિરોવ્રત કહેવાય છે. વેદની જુદી જુદી શાખાઓમાં આ વ્રત શિરોવ્રત, પાશુપતવ્રત, શિવવ્રત વગેરે જુદા જુદા નામથી ઓળખાય છે. પણ તે વ્રત મૂળ એક જ છે. સર્વ શાખા-ઓમાં 'શિવ' નામની એક જ ચિદ્દ્ઘન વસ્તુ કહેવાય છે અને તે વિષેનું જ્ઞાન અને વ્રત પણ એક જ છે. સર્વ વિદ્યાનો અધિકારી હોવા છતાં શિરોવ્રત વિનાનો મનુષ્ય સર્વ ધર્મોથી રહિત ગણાય છે. આ શિરોવ્રત પાપરૂપી વનને બાળનાર હોઇ સર્વ વિદ્યાનું સાધન છે માટે મુમુ-ક્ષુએ તેને અવશ્ય કરવું જોઇએ. સૂક્ષ્મ અર્થને પ્રકટ કરતી અથર્વવેદની શ્રુતિએ કહેલા આ વ્રતને કાયમ પ્રેમથી કરવું જોઇએ. 'ૐ અગ્નિરિતિ ભસ્મ, જલમિતિ ભસ્મ, સ્થૂલમિતિ ભસ્મ, વાયમિતિ ભસ્મ, વ્યોમેતિ ભસ્મ, સર્વં હ વા ઇદં

ભસ્મ' એ અથર્વવેદના છ મંત્રોથી સર્વાંગે ભસ્મલેપન કરવું. તેજ શિરોવ્રત કહેવાય છે.

અને તે બ્રહ્મવિદ્યા પ્રકટે ત્યાં સુધી સંધ્યા વખતે કરવું જોઈએ; કારણ કે શિરોવ્રત કરનારને જ ઉત્તમ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે. આ શિરોવ્રત બાર વર્ષ, એક વર્ષ, છ માસ, ત્રણ માસ અથવા બાર દિવસનો સંકલ્પ કરીને પણ અવશ્ય કરવું. આ શિરોવ્રત કરનારને જે ગુરુ બ્રહ્મવિદ્યનો ઉપદેશ કરતા નથી તે ગુરુ સાવ નિર્દય કહેવાય છે અને આ શિરોવ્રતમાં જેણે હજારો જન્મમાં ધર્માચરણ કર્યાં હોય તેને જ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. બીજાઓને અજ્ઞાનતાથી ઊલટો દ્વેષ જ ઉત્પન્ન થાય છે. જે દ્વિજોએ આદર–સત્કારથી શિરોવ્રત–પાશુપતવ્રત કર્યું હોય તેમને જ બ્રહ્મ–વિદ્યાનો ઉપદેશ કરવો એવી વેદની આજ્ઞા છે. જેણે શિરોવ્રત કર્યું નથી તે પશુ જેવો માનવો. તેણે પોતાના શ્રેય ખાતર આ વ્રત કરી પશુત્વ ત્યજી દેવું અને આ શિરોવ્રત કરનારો પશુઓને મારવા છતાં પણ પાપી ગણાતો નથી, આવો વેદાંતનો નિશ્ચય છે.

જાબાલશ્રુતિના જાણકારો કહે છે કે 'ત્ર્યંબકમ્' એ મંત્રથી તથા ૐકાર સાથેના શિવપંચાક્ષર મંત્રથી ગૃહસ્થે તથા વાનપ્રસ્થાશ્રમીઓએ ત્રિપુંડ કરવું અને સન્યાસીએ 'હંસ:' મંત્ર સાથે ૐકાર વડે ત્રિપુંડ કરવું. બ્રહ્મચારીએ પણ 'મેધાવી' ઇત્યાદિ મંત્રોથી પ્રતિદિન ત્રિપુંડ કરવું. વિધિ પ્રમાણે જનોઈ વગેરે ધારણ કરેલા બ્રાહ્મણે જળ સાથે કે જળ વગર ભસ્મથી લલાટમાં આડી ત્રણ રેખાઓરૂપ ત્રિપુંડ કરવું. બ્રાહ્મણે હંમેશા ત્રિપુંડ કરવું. બ્રાહ્મણોમાં આદિબ્રહ્માએ ભસ્મથી ત્રિપુંડ કરેલું છે. બ્રાહ્મણોએ નિત્ય શિવલિંગનું પૂજન કરવું. હે મહામુનિ! ગૃહસ્થોએ 'ત્ર્યંબક' એ મંત્રથી લલાટે, ૐ સાથે પંચાક્ષર મંત્રથી હૃદયે અને એકલા ૐથી બન્ને બાહુઓ પર ત્રિપુંડ કરવું. બ્રહ્મચારીએ 'ત્રિયાયુષ' અથવા 'મેધાવી' વગેરે મંત્રોથી અને સંન્યાસીએ ઓંકારથી ત્રિપુંડ કરવું. સેવાભાવી શૂદ્રે 'શિવાય નમ:' એ મંત્રથી આખા શરીરે ભસ્મ લગાવવી અને ત્રિપુંડ કરવું. અગ્નિહોત્રગ્નિ કે વિરજાગ્નિથી ઉત્પન્ન થયેલી ભસ્મને શુદ્ધ પાત્રમાં લઇ, હાથ-પગ ધોઈ આચમન કરી, સાવધાન થઇ મનુષ્યે 'સદ્યોજાત૦' વગેરે પાંચ બ્રહ્મમંત્રો વડે તે ભસ્મને લઇ ત્રણ વાર પ્રાણાયામ કરી 'ૐ અગ્નિરિતિ ભસ્મ' ઇત્યાદિ છ મંત્રોથી શુદ્ધિ કરવી અને 'તેજોભસ્મ' એ મંત્રથી તે ભસ્મને મંતરવી. 'ૐ આપો જ્યોતિ.' એ મંત્રથી મહાદેવનું ધ્યાન કરી પૂર્વોક્ત મંત્રો બોલી જળ સાથે શ્વેત ભસ્મથી વિલેપન કરવું. પછી જળ સિવાયની ભસ્મ લગાવવી. આથી મનુષ્ય પાપ તથા રજોગુણ વગરનો થાય છે. જગન્નાથ મહાવિષ્ણુ અને જલાધિ-

પતિ વરુણનું ધ્યાન કર્યા પછી ભસ્મ સાથે જળ મેળવી 'ૐ અગ્નિરિતિ ભસ્મ' ઇત્યાદિ મંત્રોથી શુદ્ધિ કરી સદાશિવનું ધ્યાન કરી પહેલાં લલાટે ભસ્મ લગાવી પછી આખા શરીરે ચોળવી. બ્રહ્માની ભાવના કરી બ્રહ્મરૂપ થયેલી ધોળી ભસ્મથી પોતાના આશ્રમને યોગ્ય મંત્રો બોલી લલાટ, છાતી તથા ખભા પર ત્રિપુંડ કરવાં. તેમાં પણ વચલી તથા અનામિકા એમ બે આંગળીઓથી ડાબા ભાગ તરફથી માંડી જમણા ભાગ સુધી બે આડી રેખાઓ કરવી ને અંગુઠા વડે જમણી બાજુથી ડાબી બાજુ સુધી એક રેખા કરવી એમ ત્રિપુંડ હમેશાં ત્રણે કાળ ભક્તિપૂર્વક કરવું. ૪૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'શિરોવ્રતનું વિધાન' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### ભસ્મનો મહિમા

શ્રી નારાયણ ઉવાચઃ

આગ્નેયંગૌણમજ્ઞાનધ્વંસક જ્ઞાનસાધકમ્ ।
ગૌણનાનાવિધં વિદ્ધિબ્રહ્મન્ બ્રહ્મવિંદાવર ॥

હે નારદ ! અગ્નિ સંબંધી ગૌણ ભસ્મ પણ અજ્ઞાનનો ધ્વંશ કરનાર તથા જ્ઞાનની સાધક અને તે અનેક પ્રકારની છે. અગ્નિહોત્રના અગ્નિથી ને વિરજાગ્નિથી ઉપત્ન્ન થયેલ ભસ્મ ત્રણે વર્ણના લોકો ધારણ કરી શકે છે. વિવાહાગ્નિથી ઉત્પન્ન થયેલી ભસ્મ ગૃહસ્થોથી ધારણ કરી શકાય. શુદ્રોથી શ્રોત્રિય બ્રાહ્મણના ઘરના ચૂલાના અગ્નિની ભસ્મ ધારણ કરી શકાય. ચારે વર્ણથી બહારના અન્ય લોકોએ દાવાગ્નિથી ઉત્પન્ન થયેલી ભસ્મ ધારણ કરી શકાય. હવે વિરજાગ્નિ ભસ્મનો મહિમા જાણો.

ચિત્રા નક્ષત્રવાળી ચૈત્રી પૂનમે પોતે જ્યાં રહેતા હોય ત્યાં પૂનમ આગળની તેરશને દિવસે આચાર્યની પૂજા કરી, તેમની આજ્ઞા લઇ શ્વેત વસ્ત્ર પહેરી શુદ્ધ જનોઇ ધારણ કર્યા પછી દર્ભાસન પર પૂર્વ કે ઉત્તરાભિમુખ બેસી હાથમાં દર્ભ લઈ ત્રણ વાર પ્રાણાયામ કરી દેવ-દેવીનું ધ્યાન કરી 'હું આ કરું છું' એવો સંકલ્પ કરી વ્રતની દીક્ષા લેવી. પછી જેટલો સમય વ્રત કરવું હોય તે સંકલ્પ કરવો. વળી પૂનમની પહેલી ચૌદશને દિવસે મુળમંત્રથી સમિધ વગેરેથી એક હજાર ને આઠ આહુતિઓનો હોમ કરવો અને તે વખતે 'મારા દેહમાં રહેલાં આ તત્ત્વો શુદ્ધ થાઓ.' એમ ચિંતન કરવું.

પછી પાંચ મહાભુતો, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેંદ્રિયો, સાત ધાતુઓ, પાંચ વાયુઓ; પાંચ ગુણો, પ્રકૃતિ, રાત્ર, વિદ્યા, દેવ, કાળ, માયા, શુદ્ધવિદ્યા, મહેશ્વર સદાશિવ, શકિત અને શિવતત્ત્વ છે તે પ્રત્યેકનું નામ લઇ 'વિરજ' નામના મંત્રોથી હોમ કરવો. આવો હોમ કરનારો પુરુષ 'વિજ'–પાપ વગરનો થાય છે. પછી ગોમય લઇ તેનો પિંડો કરી પંચાક્ષર મંત્રથી અગ્નિમાં મુકી તે દિવસે હવિષ્યન્ન જમવું, પછી ચૌદશની સવારે પંચાક્ષર મંત્રથી તે અગ્નિમાં હોમ કરી

નિરાહાર રહી બાકીનો સમય વીતાવવો પછી પૂનમે પ્રાતઃકાળે તે તે પ્રમાણે હોમ કરી રુદ્રસ્વરૂપ અગ્નિનું વિસર્જન કરી કાળજીથી ભસ્મ લેવી.

પછી સ્નાન કરી, નગ્નાવસ્થામાં રહી અથવા શરમ આવતી હોય તો એક ભગવું વસ્ત્ર, મૃગચર્મ, ચીરવલ્કલ અથવા કોઇ પણ એક વસ્ત્ર પહેરી દંડ તથા મેખલા ધારણ કરવાં પછી પગ ધોઇ આચમન કરી વિરનલથી ઉત્પન્ન થયેલી ભસ્મ એકત્ર કરી અથર્વ વેદમાં કહેલા 'ૐ અગ્નિરિતિ ભસ્મ' ઇત્યાદિ છ મંત્રોથી અનુક્રમે મસ્તકથી લઇ પગ સુધીના સર્વ અંગોને માર્જન કરી સ્પર્શ કરવો. પછી એજ ક્રમે પંચાક્ષરથી સર્વાંગે ભસ્મ લગાવવી, પછી 'ત્રિયાયુષમ્' એ મંત્રથી ત્રિપુંડ કરવું. એ રીતે શિવ ભાવને પ્રાપ્ત કરી શિરોવ્રત ત્રણે સંધ્યા સમયે કરવું. આ વ્રત ભોગ–મોક્ષદાયક હોઇ પશુત્વ ત્યજી શિવલિંગનું પૂજન કરવું. આ રીતે કરેલું ભસ્મસ્નાન મહાપવિત્ર, સુખકારક તથા શ્રેષ્ઠ હોઇ આયુષ્ય, બળ, આરોગ્ય, લક્ષ્મી તથા પુષ્ટિને આપનાર છે. એટલું જ નહિ પણ તે રક્ષણ માટે મંગલકારી તથા સર્વ સંપત્તિઓમાં વૃદ્ધિ કરનાર છે. જે મનુષ્યો ભસ્મથી લેપાયેલા હોય છે તેઓને મોટી મરકીનો કે કોઇ અસાધ્ય રોગનો ભય રહેતો નથી આ ભસ્મ; શાંતિક, પૈષ્ટિક અને કામદ એમ ત્રણ પ્રકારની હોય છે. ૩૩

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ભસ્મનો મહિમા' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### ત્રણ પ્રકારની ભસ્મ

નારદ ઉવાચ

ત્રિવિધત્વં કથં ચાસ્યભસ્મતઃ પરિકીર્તિતમ્ ।
એતત્ કથયમે દેવ મહત્ કૌતૂહલં મમ ।।

નારદે પૂછ્યું : હે દેવ ! ભસ્મના ત્રણ પ્રકારો કયા કયા છે એ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા : દેવર્ષિ ! ઘણી કીર્તિ આપનાર અને પાપોનો નાશ કરનાર ભસ્મના ત્રણ પ્રકારો સાંભળો.

ગાય છાણ કરતી હોય ત્યારે લીધેલા છાણને 'સદ્યોજાત ! વગેરે પાંચ બ્રહ્મમંત્રથી બાળીને રાખ કર્યું હોય તે ભસ્મ 'શાંતિ કૃત' કહેવાય છે અને જે છાણને નીચે પડતાં પહેલાં અધ્ધર ઝીલી ષડંગમંત્રથી ભસ્મ કરી હોય તેને 'પૈષ્ટિક' ભસ્મ કહે છે અને જે છાણને ભૂમિ એ પ્રાસાદ મંત્રથી ભસ્મ કરે તે 'કામદ' ભસ્મ કહેવાય છે. ભસ્મ ધારણનું વ્રત કરતા મનુષ્યે પ્રાતઃકાળે ઊઠી પવિત્ર થઇ ગાયોના વાડામાં જઇ ત્યાં ગાયોને નમસ્કાર કરવા. પછી યોગ્ય વર્ણવાળી ગાયનું છાણ લેવું. બુદ્ધિમાન મનુષ્યે પૂનમ, અમાસ કે આઠમે ગાયનું છાણ લઇ 'નમઃ' મંત્રથી તેનો ગોળો કરવો. પછી તેને સુર્યના તડકામાં સુકવી પછી તેને અરણિ મંથનથી ઉત્પન્ન કરેલા ગૃહાગ્નિમાં શિવબીજ મંત્રથી તે છાણનો ગોળો નાખવો. તે પછી એની ભસ્મ તેમાંથી લઇ નવીન કોઇ પાત્રમાં પ્રસાદ મંત્રથી લેવી. પછી તેમાં 'સદ્યોજાત' મંત્રથી જુદી જુદી જાતનાં સુગંધી દ્રવ્યો

નાખવા. પછી એ ભસ્મથી સ્નાન કરવું. જે મનુષ્ય જળસ્નાન કરવા અશક્ત હોય તેણે માત્ર ભસ્મસ્નાન કરવું. હાથ-પગ ધોઇ 'ઇશાનઃ સર્વ વિદ્યા.' એ મંત્રથી મસ્તકે, 'તત્પુરુષ.' એ મંત્રથી મુખે, 'અઘોર.' મંત્રથી હૃદયે અને 'વામ.' મંત્રથી સર્વાંગે ચોળવી. પછી બીજું વસ્ત્ર લઇ પહેલાં પહેરેલું વસ્ત્ર બદલી નાખવું. જો ભસ્મ આખા શરીરે ન લગાડવી હોય તો માત્ર લલાટમાં ત્રિપુંડ કરવું. મધ્યાહ્ન પહેલાં જળમિશ્ર ભસ્મથી. ને પછી કોરી ભસ્મથી તર્જની, અનામિકા અને વચલી આંગળીઓથી ત્રિપુંડ કરવું અને લલાટ, કંઠ, કાન, હૃદય અને બન્ને બાહુઓ ઉપર ત્રિપુંડ કરવા. પ્રાસાદમંત્રથી પાંચે આંગળીઓથી મસ્તક પર, 'સ્વાહા' મંત્રથી ત્રણ આંગળીઓથી લલાટમાં, 'સદ્યોજાત' મંત્રથી વચલી આંગળીથી જમણા કાને અને 'વામદેવ.' મંત્રથી ડાબા કાન પર, 'અઘોર.' મંત્રથી વચલી આંગળીથી કંઠ પર અને 'નમઃ' મંત્રથી ત્રણ આંગળીઓથી હૃદય પર, 'હુમ' 'મંત્રથી વામ બાહુ પર અને 'ઇશાન.' એ મંત્રથી વચલી આંગળીથી નાભિ પર ભસ્મ લગાવવી. ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રે ભસ્મને આખા અંગે ન લગાડતાં માત્ર ત્રિપુંડ જ કરવું. તેમાંય અંત્યજ જાતિના મનુષ્યો મંત્ર વિના જ ત્રિપુંડ ધારણ કરી શકે છે. ૨૭

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણે એકાદશ સ્કંધ વિષે 'ત્રણ પ્રકારની ભસ્મ' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### ભસ્મધારણનો બીજો વિધિ

શ્રી નારાયણ ઉવાચઃ

દેવર્ષે શ્રુણુ તત્સર્વં ભસ્મોદ્ધુલનજં ફલમ્ ।
સરહસ્યવિધાનં ચ સર્વકામ ફલપ્રદમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે દેવર્ષે ! ઇચ્છિત ફળ આપનાર ભસ્મ ધારણ કરવાનો બીજો પ્રકાર કહું છું તે આપ સાંભળો. કપિલા ગાયના અદ્ધર ઝીલેલા છાણને લેવું. કદાચ તે જમીન પર પડી જાય તો ઉપર–નીચેનો ભાગ કાઢી નાખીને તેનો ગોળો કરી મૂળ મંત્રથી મંત્રી વિરજાગ્નિ વગેરે અગ્નિમાં નાંખી બાળવું, પછી તેમાંથી ભસ્મ લઇ તેને પવિત્ર સ્થળે મૂકવી.

પછી તેને શુધ્ધ પાત્રમાં કે શુદ્ધ વસ્ત્રમાં રાખવી. શિવભક્તોએ એ પવિત્ર ભસ્મનું ભક્તિપૂર્વક પૂજન કરવું. પ્રથમ ભક્તિ-પૂર્વક મંત્રો બોલી તે ભસ્મથી લલાટમાં ત્રિપુંડ કરવું અને શરીરે પણ ભસ્મ-લેપન કરવું, તેમ નહિ કરનારો મનુષ્ય મહાપાપી ગણાય છે. ત્રિપુંડ તથા ભસ્મ નહિ લગાવનારનો કરોડો જન્મે પણ મોક્ષ થતો નથી. ભસ્મ વિનાના લલાટને, શિવાલય રહિત ગામને, ઇશ્વરપૂજન વિનાના જન્મને અને શિવના આશ્રય વિનાની વિદ્યાને તથા ત્રિપુંડ અને શિવની નિંદા કરનારને ધિક્કાર હો. ભસ્મ વિના બધાં સાધનો હોવા છતાં શિવપૂજન શોભતું નથી. જગત્સ્રષ્ટાએ સૃષ્ટિ કરવાના બહાને ત્રિપુંડ કરવાનું સૂચવ્યું છે. તેથી

તેમણે લલાટને ગોળ ઊભું નહિ બનાવતાં આડું બનાવ્યું છે.

વળી લલાટમાં ત્રણ રેખાઓ પણ આડી જ દેખાય છે. છતાં મૂર્ખ મનુષ્યો ભસ્મ લગાવતા નથી. ત્રિપુંડ વિનાના મનુષ્યને શિવપૂજનમાં અધિકાર નથી. વિદ્વાને પ્રથમ પૂર્વોક્ત મંત્રોથી ભસ્મસ્નાન કર્યા પછી ત્રિપુંડ કરવું અને તે પછી જ સર્વ કર્મો કરવાં. જે શ્રેષ્ઠ પવિત્ર બ્રાહ્મણ ત્રિપુંડ કરે છે ને રુદ્રાક્ષ ધારણ કરે છે તેના રોગ અને પાપ દૂર થાય છે અને તે પરબ્રહ્મને પામે છે અને તે બ્રાહ્મણ દેવોને પણ પૂજ્ય છે. શ્રાદ્ધ, યજ્ઞ, જપ, હોમ, વૈશ્વદેવના પૂજન વેળા ત્રિપુંડ ધારણ કરેલો મનુષ્ય મૃત્યુને જીતે છે. હવે ભસ્મ ધારણ કરવાનું વધારે માહાત્મ્ય તમને કહું છું. ૪૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ભસ્મધારણનો બીજો વિધિ' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### ભસ્મનો પરમ મહિમા

**શ્રી નારાયણ ઉવાચઃ**

**મહાપાતક સંઘાશ્ચ પાતકાન્ય પરાણ્ય પી।**
**નશ્યન્તિ મુનિશાર્દૂલ સત્યં–**
**સત્યં ન ચાન્ય થા ॥**

શ્રી નારાયણ બોલ્યા : મુનિશ્રેષ્ઠ ! ભસ્મ ધારણ કરવાથી મોટા પાપો બળી જાય છે અને મહા પુણ્ય મળે છે. ગૃહસ્થો ભસ્મ ધારણ કરે તો તેમના ધર્મમાં વૃદ્ધિ થાય છે, યતિઓને જ્ઞાન આપનાર તથા વાનપ્રસ્થાશ્રમીઓને ભસ્મધારણ વૈરાગ્ય આપનાર કહેલ છે, જ્યારે બ્રહ્મચર્યાશ્રમીઓને સ્વાધ્યાય આપે છે. શુદ્રોને પુણ્ય આપનાર અને અન્યનાં પાપોનો નાશકર્તા છે. અંગે ભસ્મનું વિક્ષેપન તથા આડું ત્રિપુંડ્ સર્વના ધર્મ તરીકે વેદની આજ્ઞારૂપ છે. દેવોએ ત્રિપુંડ્ તથા વિક્ષેપન રૂપે ભસ્મ ધારણ કરેલા છે અને ઉમાદેવીએ, લક્ષ્મી દેવીએ સરસ્વતીએ તથા અન્ય સ્ત્રીઓએ પણ ત્રિપુંડ્ તથા વિક્ષેપન રૂપે ભસ્મ ધારણ કરેલ છે, તેમજ યક્ષો, રાક્ષસો, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો અને મુનિઓએ પણ ભસ્મ ધારણ કરેલ છે. બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શુદ્રો, વર્ણસંકરો તથા બીજા ભ્રષ્ટ થયેલા લોકો પણ ભસ્મ ધારણ કરે છે. ભસ્મથી લેપાયેલો મનુષ્ય ગમે તેવો અપવિત્ર હોય છતાં કાશી જેવો પવિત્ર ગણાય છે. શિવમંત્રથી શ્રેષ્ઠ કોઇ મંત્ર નથી, ભગવાન શિવથી કોઇ શ્રેષ્ઠ નથી, શિવપૂજનથી શ્રેષ્ઠ કોઇ તીર્થ નથી. જે મનુષ્યે શિવના આભુષણ રૂપ આ ભસ્મનું ત્રિપુંડ લલાટમાં કર્યું હોય તો તે લલાટ પર દેવે અંકિત કરેલા અશુભ અક્ષરોને પણ ભુંસી નાખે છે. ૩૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ભસ્મનો પરમ મહિમા' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### ભસ્મનું અપૂર્વ માહાત્મ્ય

**શ્રી નારાયણ ઉવાચ :**

**ભસ્માદગ્ધ શરીરસ્ય યો દદાતિ ધન મુદા।**
**તસ્યસર્વાણિપાપાનિ વિનશ્યંતિનસંશય ॥**

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! ભસ્મ ધારણ કરનારાને ધન આપનારના

સર્વ પાપો નાશ પામે છે. ત્રિકાળ સંધ્યા વખતે ભસ્મ ધારણ કરનારો મનુષ્ય પાપોથી મુક્ત થવાથી શિવલોકમાં પૂજાય છે. આખા અંગે ભસ્મ લેપન કરનારો પોતાના કુળને ઉધ્ધારે છે. સઘળા તીર્થોના સ્નાનનું ફળ મનુષ્યને ભસ્મસ્નાનથી મળે છે. ભસ્મસ્નાન જેવું પવિત્ર કોઇ નથી, એવું પરમાત્મા શંકરે કહ્યું છે. ભસ્મ સ્નાન કરવાથી માયાનો અવશ્ય નાશ થાય છે. ભગવાન શંકરે પાર્વતીને પ્રથમ ભસ્મ આપેલ હતી. ભસ્મસ્નાન કરવાથી દરેક પ્રકારના જ્વર, કુષ્ઠ, ગુલ્મ રોગ, ભગંદર, એંશી પ્રકારના વાયુના રોગો, ચોસઠ પ્રકારના પિત્તરોગ, કફ રોગ વગેરે વ્યાધિઓ તથા અન્ય ઉપાધિઓ દૂર થઇ જાય છે. નડતા ગ્રહો શાન્ત થઇ જાય છે. કંઠે ભસ્મ લગાવવાથી ગળાના બધા રોગો મટી જાય છે.

જે જે અંગોથી પાપકર્મ થતાં હોય તે તે અંગો પર ભસ્મ લેપન કરવાથી તે તે અંગો દ્વારા થયેલા પાપો નાશ પામે છે. જેણે ભસ્મનું ત્રિપુંડ કર્યું હોય તેની પાસેથી ભુત, પ્રેત, પિશાચ તેમજ અસાધ્ય રોગો નાસી જાય છે. લલાટમાં ત્રિપુંડ જોઇને ભુત-પ્રેત વગેરે પાસે આવતાં જ નથી. સોમવતી અમાસે જે મનુષ્ય ભસ્મનું લેપન કરીને શંકરના દર્શન કરે તે જીવન્મુક્ત થાય છે. જળથી કરેલું સ્નાન માત્ર શરીરના બહારના મેલને દુર કરે છે ત્યારે ભસ્મ સ્નાન તો



બહારના તેમ જ અંદરના બન્ને મેલનો નાશ કરે છે. મૂત્ર ત્યજ્યા બાદ ભસ્મ સ્નાન અવશ્ય કરવું. વાછૂટ થાય બગાસું આવે, નાક સાફ કરવું પડે, આવી ક્રિયાઓ પછી પણ ભસ્મ સ્નાન કરવું જોઇએ. હે મુને ! ભસ્મસ્નાનનું માહાત્મ્ય એટલું બધું મોટું છે કે કહેતાં તેનો પાર આવે નહિ; આ તો મેં તેનો અમુક જ અંશ કહ્યો છે, હજુ પણ હું ભસ્મસ્નાનનું વધારે ફળ તમને કહીશ. ૫૭

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ભસ્મનું અપૂર્વ માહાત્મ્ય' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૫ મો

## ત્રિપુંડ તથા ઊર્ધ્વ પુંડ ધારણનો મહિમા

### શ્રી નારાયણ ઉવાચ

અગ્નિરિત્યાદિભિર્મંત્રૈર્ભસ્મસંશોધ્યસાદરમ્ ।
ધારણીય લલ ટા દૌ ત્રિપુંડ કેવલ દ્વિજૈઃ ।।

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ 'ૐ અગ્નિરિતિ ભસ્મ' વગેરે મંત્રેથી દ્વિજોએ ભસ્મ ધારણ કરી, લલાટમાં ત્રિપુંડ ધારણ કરવું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો એ દ્વિજ કહેવાય છે. જેને જનોઇના સંસ્કાર થાય છે તે દ્વિજ કહેવાય છે. ભસ્મ ધારણ કર્યા વગરનું સત્કર્મ તે ન કર્યા જેવું જ થાય છે. ગાયત્રીનો ઉપદેશ પણ ભસ્મ ધારણ કર્યા સિવાય કરી શકાય નહિ. માટે મુમુક્ષુએ અંગે ભસ્મનું લેપન કર્યા પછી જ ગાયત્રી જપ કરવા. ભસ્મ વગરનું લલાટ બ્રાહ્મણત્વનું અનુમાન કરાવી શકતું નથી. ભસ્મ લગાવ્યા સિવાય શિવપૂજન કરે

તે નરકમાં જાય છે. ભસ્મ લેપ્યા સિવાય ફળ ખાવામાં આવે તો તે નરકમાં જાય છે. ભસ્મ લેપ્યા વિના સંધ્યા થઇ શકે નહિ, ક્યારેક જનોઇ નીકળી જાય તો તેના પ્રાયશ્ચિત રૂપે ઉપવાસ કરવો અથવા ગાયત્રી જપ કરવા.

બ્રાહ્મણોએ પોતાના જમણા હાથની વચલી ત્રણ આંગળીઓથી ભસ્મ ધારણ કરવી. લલાટમાં છ આંગળાનું કે તેથી વધુ બન્ને નેત્ર સુધી લાંબું ત્રિપુંડ કરવું. આવું ત્રિપુંડ કરનાર મનુષ્ય રુદ્રસ્વરૂપ ગણાય છે. આ ત્રિપુંડનો વિધિ કહ્યો. હવે ઉર્ધ્વ પુંડનો વિધિ પણ કહું છું. ઉર્ધ્વ પુંડ માટે પર્વતની ટોચની માટી લેવી, નદીના તટની કે સમુદ્રના કાંઠાની માટી લેવી. રાફડાની અથવા તુલસીના મૂળની માટી લેવી.

ઉર્ધ્વપુંડમાં કાળું શાંતિદાયક, લાલ વશિભુત કરનાર, પીળું ધન આપનાર અને ધોળું ધર્મ આપનાર ગણાય છે. જુદીજુદી આંગળીઓથી ઉર્ધ્વપુંડ કરી શકાય, પણ નખથી ન કરાય. નવ આંગળનું ઉર્ધ્વપુંડ મધ્યમ ગણાય છે, આઠ આંગળનું કનિષ્ઠ ગણાય છે. અને માછલી, શંખ કે કાચબાના આકારનું કરેલું ઉત્તમ ગણાય છે. ઉર્ધ્વપુંડ કરતી વખતે ભગવાનના નામો સ્મરવા: 'કેશવ, નારાયણ, માધવ, ગોવિંદ, વિષ્ણુ, મધુસુદન, ત્રિવિક્રમ, વામન, શ્રીધર, હૃષીકેશ, પદ્મનાભ અને દામોદર આ બાર નામોનું સ્મરણ કરી અનુક્રમે લલાટ, ઉદર, હૃદય, કંઠ, દક્ષિણકુક્ષિ, દક્ષિણ બાહુ, જમણો કાન, વામકુક્ષિ, વામબાહુ, ડાબો કાન, પીઠ અને ખાંધમાં ઊર્ધ્વપુંડ કરવા. અને વાસુદેવનું સ્મરણ કરી મસ્તક પર ઊર્ધ્વ-પુંડ કરવું. આ ઊર્ધ્વપુંડો સાયંકાળે, પ્રાતઃકાળે પૂજા વખતે કરવાં. ગમે તેવો પાપાત્મા પણ મસ્તક પર ઊર્ધ્વપુંડ કરે તો તેની પણ શુભ ગતિ થાય છે, જે ભક્તો મારા સ્વરૂપને ઓળખે છે તેઓ વિષ્ણુના ચરણ જેવી આકૃતિના ઊર્ધ્વપુંડો કરે છે. મને પરાયણ રહેતા મારા ભક્તો હળદરના ચૂર્ણથી ત્રિશૂળ જેવી આકૃતિનાં ઊર્ધ્વપુંડો કરે છે અને વિષ્ણુના ભક્તો છિદ્ર વગરનાં ઊર્ધ્વપુંડ પણ કરે છે, તેમાં તેમને દોષ લાગતો નથી. વૈષ્ણવજને 'કેશવાયનમઃ' બોલી મધ્યમાં છિદ્રવાળું લાકડીના જેવા આકારવાળું ઊર્ધ્વપુંડ કરવું; એમાં લક્ષ્મી સહિત વિષ્ણુ રહે છે. દ્વિજે શિખા અને જનોઇની જેમ ઊર્ધ્વપુંડ કરવાં, વૈદિકોએ ત્રિપુંડ અવશ્ય કરવું, જે આળસથી કે મોહથી ત્રિપુંડ ધારણ કર્યા સિવાય બીજા ઊર્ધ્વપુંડો ધારણ કરે છે તે નરકમાં જાય છે. ઊર્ધ્વપુંડ વૈદિક નથી, માટે વેદમાર્ગમાં શ્રદ્ધા રાખનારાઓએ લલાટમાં ભસ્મનું ત્રિપુંડ કરવું. તાંત્રિક માર્ગને અનુસરનારો જે નારાયણ ભગવાનને શરણે ગયો હોય તો તેણે લલાટમાં જળથી ત્રિશૂળ જેવું ઊર્ધ્વપુંડ કરવું.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ત્રિપુંડ્ તથા ઊર્ધ્વ પુંડ્ ધારણનો મહિમા' નામનો ૧૫ મો અધ્યાય સમાપ્ત

# અધ્યાય ૧૬ મો

## પવિત્ર સંધ્યાની ઉપાસના

શ્રી નારાયણ ઉવાચઃ

અથાતઃ શ્રુયતાં પુણ્ય-
સંધ્યોપાસન મુત્તમમ્ ।
ભસ્મધારણ માહાત્મ્યં-
કથિંત ચૈવ વિસ્તરાત્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! ભસ્મ ધારણનો મહિમા કહ્યા પછી હવે સંધ્યોપાસના વિષેનું ઉત્તમ પુણ્ય કહું છું. પ્રથમ પ્રાતઃસંધ્યા–દ્વિજવર્ણે નક્ષત્ર સહિતના પ્રાતઃકાળે પ્રાતઃસંધ્યા, મધ્યાન્હમાં મધ્યાન્હ સંધ્યા અને સૂર્યાસ્ત વખતે સાયં સંધ્યા કરવી જોઈએ, તારાઓ દેખાતા હોય તે સમયે કરેલી સંધ્યા મધ્યમ ગણાય છે અને સુર્યોદય પછી કરેલી સંધ્યા અધમ ગણાય છે. આ લોકમાં બ્રાહ્મણને વૃક્ષરૂપ માન્યા છે. તેનું મૂળ સંધ્યા ગણાય છે, વેદ એ શાખાઓ ગણાય છે અને પાંદડાં એ ધર્મકર્મ ગણાય છે. માટે વૃક્ષના મૂળનું કાળજીથી રક્ષણ કરવુ જોઈએ. સંધ્યા નહિ કરનાર શુદ્ર જેવો ગણાય છે ને મૃત્યુ બાદ શ્વાનયોનિ પામે છે.

(૧) પ્રાતઃસંધ્યા–પ્રાતઃકાળમાં સુર્યોદય સુધી (૨) મધ્યાન્હ સંધ્યા સુર્યોદયથી લઈ ત્રણ ઘડી સુધી (૩) સાયં–સંધ્યા-સુર્યાસ્તથી લઈ ત્રણ ઘડી સુધી. આ પ્રમાણે નિયમપૂર્વક સંધ્યા કરવાથી ઉત્તમ ફળ મળે છે. જો સંધ્યામાં સમય વધી–ઘટી જાય તો પ્રાયશ્ચિતરૂપે સાધક એકસો આઠ ગાયત્રી જપ કરવા અને એક અર્ધ્ય વધુ આપવો. સંધ્યા ગૃહમાં કરવામાં આવે તે સામાન્ય ગણાય છે. ગોષ્ઠમાં સંધ્યા કરવામાં આવે તો મધ્યમ ગણાય છે, નદી કિનારે કરાતી સંધ્યા ઉત્તમ ગણાય છે અને દેવીમંદિરમાં સંધ્યા કરવામાં આવે તો તે અતિ ઉત્તમ ગણાય છે, કારણ કે સંધ્યા એ દેવીની ઉપાસનાનો એક ઉત્તમ પ્રકાર છે. બ્રાહ્મણો માટે સંધ્યા જેવું બીજું કોઈ દૈવત નથી. ગાયત્રી ઉપાસના નિત્ય થઈ શકે છે, જ્યારે વિષ્ણુ કે શિવની ઉપાસના નિત્ય નથી.

બ્રહ્મા આદિ સંધ્યા સમયે ગાયત્રીના ધ્યાન–જપ કરે છે તેનું કારણ એ કે ગાયત્રી ઉપાસના વેદના સારરૂપ છે. વેદો પણ ગાયત્રી જ જપે છે. બધા જ દેવો શકિતના ઉપાસક છે. પણ શૈવકે વૈષ્ણવ નથી. કારણ કે તેઓ નિરંતર આદિ–શક્તિરૂપ વેદની માતા ગાયત્રીને ઉપાસે છે, સંધ્યા કરનાર સાધકે સંધ્યાના આરંભમાં ભગવાનના કેશવાદિ નામોથી આચમન કરી પ્રાણાયામ કરીને સંકલ્પ કરવો: 'કેશવ, નારાયણ, માધવ, ગોવિંદ, વિષ્ણુ, મધુસુદન, ત્રિવિક્રમ, વામન, શ્રીધર, હૃષીકેશ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, પુરુષોત્તમ, અધોક્ષજ, નારસિંહ, અચ્યુત, જનાર્દન, ઉપેન્દ્ર, રવિ અને કૃષ્ણ આ ભગવાનના ચોવીસ નામોમાં પહેલાં 'ૐકાર' મૂકી અંતે 'સ્વાહા' લગાડી 'કેશવાય સ્વહા' ઇત્યાદિ બાર નામોથી આચમન કરવું.

અને અંતે નમઃ લગાડી 'સંકર્ષણાય નમઃ' વગેરે બાર નામોથી, અંગોને

સ્પર્શ કરવો. જેમકે 'કેશવાય સ્વાહા' ઇત્યાદિ ત્રણ નામોથી ત્રણ આચમન કરી 'ગોવિંદાય નમઃ' વિષ્ણવે નમઃ' એમ બે નામોથી બે હાથ ધોવા અને બે નામોથી મુખ ધોવું, તે પછી બે નામોથી હોઠનું માર્જન કરી એક નામથી હાથનું પ્રોક્ષણ કરવું, તે પછીના એક નામથી ચરણ અને એક નામથી બીજું ચરણ ને એક નામથી મસ્તકે પ્રોક્ષણ કરવું. ને સંકર્ષણ વગેરે બાર નામથી મુખ, નાક, ચક્ષુ, કાન, નાભિ, હૃદય, મસ્તક તથા બન્ને બાહુના મૂળનો સ્પર્શ કરવો. સાધકે ડાબા હાથથી જમણા હાથે સ્પર્શ કરી આચમન કરવું એથી જળ શુદ્ધ થાય છે. આચમન વખતે હાથનો દેખાવ ગાયના કાન જેવો કરી તેમાં અડદનો દાણો ડુબી જાય તેટલું જળ લઇ આચમન કરવું, એથી વધુ જળ લેવું નહિ, કારણ કે તે મદિરાપાન કર્યા બરાબર ગણાય છે. ટચલી આંગળી અને હાથનો અંગુઠો છુટો રાખી, બાકીની આંગળી ભેગી રાખી આચમન કરવું.

---

પછી ॐ કારનું સ્મરણ કરી મસ્તક અને ચોથા પાદ સાથે ગાયત્રી બોલી પ્રાણાયામ કરવો. પ્રાણાયામમાં નાસિકાના ડાબા છિદ્રથી વાયુને પૂરવો, પછી જમણા છિદ્રથી તેને બહાર કાઢવો. આ ક્રિયાને પ્રાણાયામ કહેવાય છે. પ્રાણાયામ કરતી વેળા જમણી નાસિકાને અંગુઠાથી દબાવવી, ડાબી નાસિકાને કનિષ્ઠિકા તથા અનામિકાથી દબાવવી અને મધ્યમા તથા તર્જનીને છુટી રાખવી મનને વશમાં રાખનારા યોગીઓ સર્વ શાસ્ત્રોમાં રેચક, કુંભક તથા પૂરક પ્રાણાયામ કરે છે. રેચક વાયુને બહાર કાઢે છે, પૂરક પૂરે છે અને જેનાથી તે વાયુની સમાન સ્થિતિ થાય છે તે કુંભક કહેવાય છે. સાધકે પૂરક કરતી વખતે કાળા કમળની પાંખડી જેવા કાળા અને નાભિના મધ્ય પ્રદેશમાં રહેલા ચતુર્ભુજ ભગવાન વિષ્ણુનું ચિંતન કરવું. જ્યારે કુંભક કરતી વખતે હૃદયરૂપ સ્થાનમાં કમળ પર બેઠેલા પ્રજાઓના પતિ, જગતના નાથ અને ચતુર્મુખ બ્રહ્માનું ધ્યાન કરવું. અને રેચક કરતી વખતે લલાટમાં રહેલા શુદ્ધ સ્ફટિક સમાન મહેશ્વર શંકરનું ધ્યાન કરવું, પૂરક કરવાથી વિષ્ણુનું સાયુજ્ય મળે, કુંભક કરવાથી બ્રહ્માની ગતિ મળે અને રેચક કરવાથી શંકરની ગતિપ્રાપ્તિ થાય છે.

હે નારદ! આ રીતે પુરાણોક્ત આચમનની સમજણ આપી. હવે વેદોક્ત પ્રમાણ કહું છું. પહેલાં પ્રણવ ઉચ્ચારી 'તત્સવિતુઃ' એ ગાયત્રી બોલી તેના પહેલાં ત્રણ 'ભુઃ ભુવઃ સ્વઃ' વ્યાહૃતિઓ બોલી આચમન કરવું. પછી પ્રણવ સહિત વ્યાહૃતિ તથા શિર સાથે ગાયત્રીમંત્ર બોલી ત્રણ પ્રાણાયામ કરવા, 'આપોહિષ્ઠા૦' આદિ ઋચાઓથી દર્ભવાળા જળથી ત્રણવાર પ્રોક્ષણ કરવું, અથવા તો એ ઋચાના નવ પાદોથી

નવવાર પ્રોક્ષણ કરવું, આ ક્રિયાથી એક વર્ષનું પાપ નાશ પામે છે. પછી સુર્યાશ્ચ૦' એ ઋચાથી આચમન કરી જળ પીવું, જેથી મનુષ્યના અંતઃકરણ સાથે મળી ગયેલું પાપ નાશ પામે છે અથવા પ્રણવથી, વ્યાહૃતિઓથી પ્રણવપૂર્વક ગાયત્રીથી અને 'આપો હિષ્ઠા૦' એ સુકતથી માર્જન કરવું. ત્યારબાદ હાથમાં જળ લઈ વામકૂખે કાળા વર્ણનાં પાપપુરુષનું સ્મરણ કરી 'ઋતં ચ સત્યં ચ૦' એ ઋચાનું અથવા દ્રુપદાદિવ૦' એ ઋચાનું ઉચ્ચારણ કરવું, તે પછી જમણી નાસિકાથી શ્વાસના માર્ગે તે પાપપુરુષને હાથના જળમાં લાવવો. અને તે જળમાં દ્રષ્ટિ કર્યા સિવાય તે જળ ડાબી તરફ પથ્થર પર રેડી દેવું. પછી 'મારું શરીર પાપ–રહિત થયું છે' એવી ભાવના કરવી.

તે પછી ઊભા થઈને બન્ને પગને સરખા જોડી રાખવા અને જળથી ખોબો ભરી રાખી તર્જની તથા અંગુઠાને અલગ રાખી સુર્ય સામે જોઇ ગાયત્રી મંત્રથી ત્રણ વાર અર્ઘ્ય આપવા, પછી 'અસાવાદિત્ય૦ એ મંત્રથી પ્રદક્ષિણા કરવી. અર્ઘ્ય મધ્યાહ્નને એકવાર આપવો, પણ સંધ્યા વખતે ત્રણ વખત આપવો. પ્રાતઃકાળે નમનપૂર્વક અર્ઘ્ય આપવો, બપોરે કાષ્ટની જેમ સ્થિર રહીને અને સાયંકાળે આસન પર બેઠા જ અર્ઘ્ય આપવો. બ્રાહ્મણોએ નિત્ય અચૂક સંધ્યા કરવી જોઇએ એથી મહા પુણ્ય ઉપાર્જન થાય છે. અર્ઘ્યના અંગભુત મંત્ર વડે અર્ઘ્ય આપ્યા પછી પવિત્ર આસન પર બેસી ગાયત્રી જપ કરવા. પ્રાણાયામ પછીની ક્રિયાને 'ખેચરી મુદ્રા' કહે છે. ખેચરી મુદ્રા કરવાથી જીવ આકાશમાં વિહર્યા કરે છે. બે ભ્રમર વચ્ચે દ્રષ્ટિ સ્થિર રાખવી તે ક્રિયા 'ખેચરી મુદ્રા' કહેવાય છે. આસનોમાં સિદ્ધાસન મુખ્ય છે, પ્રાણાયામમાં કુંભક મુખ્ય છે, અને મુદ્રાઓમાં 'ખેચરી મુદ્રા' મુખ્ય છે. સાધકે સિદ્ધાસને સ્થિર રહી ગાયત્રીનું આવાહન કરવું : 'હે વરદાયિની ગાયત્રી! આપ વેદતુલ્ય અક્ષરરૂપ છો. હે માતા! તમે મારા પર પ્રસન્ન થઇ મારા હૃદયાકાશમાં બિરાજો, ત્રણે કાળની સંધ્યાની ઉપાસનાથી મારા સર્વ પાપો દૂર થાઓ.

હે દેવી, તમને નમસ્કાર હો. ત્યારબાદ 'તેજો સીતિ' ઇત્યાદિ મંત્રોથી દેવીનું આવાહન કરવું: 'હે દેવી! મારું મેં જે અનુષ્ઠાન કર્યું છે તે પૂરું થાઓ.' એમ ક્ષમા પ્રાર્થના કરવી. તે પછી, સંધ્યાના અંગભુત મંત્રોથી ન્યાસ કરવો. તે પછી ગાયત્રીના પ્રત્યેક વર્ણથી કરાતો અક્ષર ન્યાસ કરવો. તે પછી સો અક્ષરો વાળી ગાયત્રીની એક આવૃત્તિ કરવી; એટલે કે ગાયત્રીના ચોવીસ અક્ષરો તેની સાથે 'જાતવેદસે સુનવામ સોમ૦' તથા 'ત્ર્યમ્બકં યજા મહે૦' એ વૈદિક મંત્રો બોલવાથી ગાયત્રીના સો અક્ષરો થાય છે. એનો એકવાર જપ કરવો. તે પછી 'ૐભુર્ભુવઃસ્વઃ' એમ ઉચ્ચારીને ચોવીસ અક્ષરોવાળી 'તત્સ વિતુર્વરેણ્ય' એ

ગાયત્રીનો જપ કરવો. જે બ્રાહ્મણ આ પ્રમાણે નિત્ય ગાયત્રીનો જપ કરે છે, તે સર્વ સંધ્યાનું બધું જ ફળ પ્રાપ્ત કરી સુખી થાય છે. ૧૦૧

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'પવિત્ર સંધ્યાની ઉપાસના' નામનો ૧૬ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૭ મો

### સંધ્યાની ઉપાસના

શ્રી નારાયણ ઉવાચઃ

ભિન્નપાદા તુ ગાયત્રી બ્રહ્મહત્યા પ્રણાશિની ।
અભિન્ન પાદાગાયત્રી બ્રહ્મહત્યા પ્રયચ્છતિ ।।

શ્રી નારાયણ બોલ્યા : 'હે નારદ ! જુદાજુદા પાદોવાળી ગાયત્રી બ્રહ્મહત્યાના પાપનું શમન કરે છે, પરંતુ અભિન્ન પાદવાળી ગાયત્રી બ્રહ્મહત્યાને આપે છે. શાસ્ત્રોની આજ્ઞા છે કે પ્રણવથી સંપુટિત, છ ૐકારથી યુક્ત તથા પાંચ પ્રણવવાળી ગાયત્રી જપવી. જપની સંખ્યાના આઠમા ભાગના અંતે ચોથા પાદનો પણ જપ કરવો. આ પ્રકારે જપ કરનાર દ્વિજ શ્રેષ્ઠ મનાય છે. સંધ્યાને જ ગાયત્રી કહે છે. એથી દ્વિજોએ ગાયત્રીદેવીનું નિત્ય પૂજન કરવું. ગાયત્રી અગ્નિમુખી કહે વાય છે. ભાવિકોએ સૌ પ્રથમ દેવીની પૂજા કરી ક્રમશઃ અન્ય દેવોને પૂજવા, કારણ કે ગાયત્રીદેવીની પૂજાથી અધિક પુણ્ય બીજા કોઇ સાધનમાં જોવામાં આવતું નથી. એટલા માટે સંધ્યાઓમાં ગાયત્રીની ઉપાસના કહેલી છે. ક્યારેય અક્ષતથી વિષ્ણુની પૂજા ન કરવી, તુલસીથી ગણપતિની પૂજા ન કરવી, દૂર્વાથી દુર્ગાની પૂજા ન કરવી.

અને કેતકીથી શંકરની પૂજા ન કરવી : માલતી, ચમેલી, બોરસલી, કેવડો, ચંપો અને જુઇ વગેરે પુષ્પો ગાયત્રીદેવીને અતિ પ્રિય છે. ભવાનીને માટે તેલનો અને ઘીનો એમ બે દીવા પ્રકટાવવા, ધૂપ ગુગળનો કરવો. ગાયત્રીદેવીનો મહિમા એટલો બધો મોટો છે કે તેને કહેતાં પાર આવે તેમ નથી. ગાયત્રીદેવીની પૂજા પૂર્ણ કર્યા પછી સાધકે વેદાભ્યાસ કરવો અને તે પછી શાણા મનુષ્યે દિવસના ત્રીજા ભાગમાં કુટુંબના ઉદરનિર્વાહ માટે નિયમપૂર્વક ધન ઉપાર્જન કરવું. ૪૭

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'સંધ્યાની ઉપાસના' નામનો ૧૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૮ મો

### દેવીપૂજાનો ખાસ વિધિ

નારદ ઉવાચ :

પૂજા વિશેષ શ્રી દેવ્યાઃ-
શ્રોતુમિચ્છામિ માનાદ ।
યેનાશ્રિતેન્ મનુજ, કૃતકૃત્યત્વ માવહેત ।।

નારદે પૂછયું : 'હે માન આપનારા ! હવે મને શ્રી દેવીની ખાસ પૂજાનો વિધિ કહો.

શ્રી નારાયણ બોલ્યા : શ્રી દેવીનું પૂજન કરતી વખતે સૌ પ્રથમ આચમન કરી, મૌનપણે સંકલ્પ કરવો, પછી ભુતશુદ્ધિ, માતૃકાન્યાસ, ષડંગન્યાસ વગેરે કરવા, પછી શંખની સ્થાપના કરી અર્ઘ્ય વગેરેની સામગ્રી એકત્ર કરવી અને પૂજાનાં દ્રવ્યોનું જપથી પ્રોક્ષણ કરવું, પછી પૂજા શરૂ કરવી.

પીઠ પૂજા કર્યા પછી દેવીનું ધ્યાન કરવું. પછી આસન વગેરે ઉપચાર અર્પણ કર્યા બાદ પંચામૃત તેમજ રસ વગેરેથી સ્નાન કરાવવું, શેરડીના રસનું સ્નાન ઘણું ઉત્તમ મનાયું છે, વળી કપૂર, અગુરૂ, કેસર, કસ્તુરી અને કમળના જળથી અભિષેક કરવામાં આવે તે પણ શ્રેષ્ઠ મનાય છે. દેવીને દહીં અને મધથી પણ સ્નાન કરાવાય છે. ભગવતીને બે રેશમી વસ્ત્રો અર્પણ કરનારો વાયુલોકમાં જઇને વસે છે, રત્નજડિત બે આભુષણો અર્પણ કરનારો રાજ્ય ભોગવે છે. ભગવતીને કેસર-કસ્તુરીની બિંદી, તેમ જ લલાટ પર સિંદૂર અને દેવીના ચરણોમાં મેંદી પૂરનારો ભાવિક ઇંદ્રાસન પર બેસવાનો અધિકારી થાય છે. ભગવતીને બિલ્વપત્ર અર્પણ કરનારો ક્યારેય દુઃખી થતો નથી. જે જે ઋતુમાં જે જે પુષ્પો ઉત્પન્ન થતાં હોય તેવા હજારો પુષ્પોથી ભગવતીની પૂજા-ઉપાસના કરનારનાં સર્વ પાપો બળીને ભસ્મ થઇ જાય છે. પૂજન વખતે લોબાન, ઘી અને ગુગળ-યુક્ત ધૂપ કરવાથી પ્રસન્ન થયેલાં દેવી સાધકને ત્રણે લોક સોંપી દે છે, નૈવેદ્યમાં અનેક પ્રકારનાં ફળો ધરવાથી ભગવતી તૃપ્ત થાય છે, પછી સુવાસીત પાનબીડું અર્પણ કરવાથી દેવીની પ્રસન્નતાનો પાર રહેતો નથી.

ભગવતી દેવીના મહાપૂજનનો વિધિ ઘણા અલંકારો યુક્ત છે. તેનું વર્ણન કહેતાં પાર ન આવે, તેમ છતાં ભાવિકો પોતપોતાની શક્તિ પ્રમાણે પૂજાના દ્રવ્યો લાવી દેવીનું પૂજન કરી દેવીની કૃપા મેળવી શકે છે. ૭૧

શ્રી ઇતિ દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'દેવી પૂજાનો ખાસ વિધિ' નામનો ૧૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૯ મો

### મધ્યાન્હ સંધ્યા સંક્ષેપમાં

શ્રી નારાયણ ઉવાચ

અથાતઃ શ્રુયતાં બ્રહ્મન્ સંધ્યાં
માધ્યાન્હિ કીં શુભામ્ ।
યદનુષ્ઠાનતોઽપૂર્વં જાયતેઽત્યુત્તમં ફલમ્ ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! હવે મધ્યાન્હ સંધ્યા વિષે સાંભળો, જેને કરવાથી મનુષ્યને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. મધ્યાન્હ સંધ્યામાં પ્રથમ ભગવતી દેવીનું ઘણી રીતે સ્મરણ કરી, પૂર્વવત્ આચમન વગેરે ક્રિયાઓ કરવી, પછી અર્ધ્ય તૈયાર કરી સુર્ય સન્મુખ બેઇ તેને અર્ધ્ય આપવો. આ સંધ્યામાં મોટા ભાગના નિયમો પ્રાતઃસંધ્યા જેવા જ છે. આ મધ્યાન્હ સંધ્યામાં 'આ કૃષ્ણેન' એ મંત્રથી પુષ્પ અને જળ સુર્યને નિવેદિત કરવા. યત્નપૂર્વક અર્ધ્ય આપવાથી પુરુષ સર્વ સંધ્યાના ફળનો અધિકારી થાય છે : એ પછી મંત્રોચ્ચારથી તર્પણ કરવું. તે પછી આરાધનમાં તત્પર રહી મંત્રજપ કરવા. જપ કરવાનો પણ વિધિ છે. પ્રાતઃકાળમાં જપ કરતી વખતે બન્ને હાથોને ઉત્તાન, સાયંકાળે ઊંધા અને મધ્યાન્હકાળે હૃદય પર હાથ રાખી મંત્રના જપ કરવા.

હજાર ગાયત્રી મંત્રના જપથી મહાપાપી બ્રાહ્મણ પણ પવિત્ર બને છે. જે મનુષ્ય ગાયત્રીને જાણતો નથી તેની બધી મહેનત વ્યર્થ જાય છે. મનુષ્ય એક બાજુ ચાર વેદોનો પાઠ કરે ને બીજી બાજુ કેવળ એક ગાયત્રીનો જપ કરે તો તે બન્નેમાં ગાયત્રીની ઉત્તમતા વધી જાય છે. આમ મધ્યાન્હ સંધ્યાનો પ્રકાર સંક્ષેપમાં મેં કહ્યો. હવે બ્રહ્મયજ્ઞના વિધિ વિષે સંક્ષેપમાં કહીશ. ૨૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'મધ્યાન્હ સંધ્યા સંક્ષેપમાં' નામનો ૧૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૦ મો

### બ્રહ્મયજ્ઞનો સંક્ષેપમાં મહિમા

શ્રી નારાયણ ઉવાચઃ

ત્રિરાચમ્ય દ્વિજઃ પૂર્વં દ્વિર્માર્જનમથાચરેત્ ।
ઉપસ્પૃશેત્ સવ્યપાણિં પાદૌ ચ પ્રોક્ષયેત ॥

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ ! બ્રહ્મયજ્ઞ કરવા માટે દ્વિજે ત્રણ વાર આચમન કરી, બે વાર માર્જન કરવું અને બન્ને પગો પર પ્રોક્ષણ કરવું. પછી મસ્તક, નેત્ર, નાસિકા, બન્ને કાન, હૃદય અને શિખાનું સારી રીતે પ્રોક્ષણ કરવું પછી દેશકાળ ઉચ્ચારી બ્રહ્મયજ્ઞ કરવો. પછી દર્ભો હોય તેમાંથી જમણા હાથમાં બે, ડાબા હાથમાં ત્રણ, આસન પર એક, જનોઇમાં એક, શિખામાં એક અને પગના મૂળમાં એક એમ દર્ભો રાખવા, પછી દેવતાની પ્રસન્નતા માટે 'હું બ્રહ્મયજ્ઞ કરું છું.' એવો સંકલ્પ કરી, સૌ પ્રથમ ત્રણ વાર ગાયત્રીનો પાઠ કરવો. પછી અન્ય મંત્રો તથા ઋગ્વેદના પાંચ મંત્રો ભણવા, તે પછી દેવોનું તર્પણ કરી પ્રદક્ષિણા કરવી, પછી દેવ-દેવીઓ, પર્વતો, નદીઓ, યક્ષો-નાગો વગેરેનાં નામ બોલી તર્પણ કરવું, એ પછી જનોઇને કંઠે કરી ઋષિઓનું પણ તર્પણ કરવું તેમાં 'શતર્ચિ, માધ્યમ, ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભરદ્વાજ, વસિષ્ઠ આદિ ઋષિઓ તૃપ્ત થાઓ' એમ કહી તર્પણ કરવું, પછી ગાર્ગી અને વાચક્નવી તૃપ્ત થાઓ, સુલભા અને મૈત્રેયી તૃપ્ત થાઓ. બીજા જે આચાર્યો છે તે તૃપ્ત થાઓ અને જે કોઇ અમારા કુળમાં જન્મ્યા હોય તથા પુત્રરહિત મૃત્યુ પામ્યા હોય તે બધા મેં આપેલું આ વસ્ત્ર નિચોવવાનું જળ સ્વીકારો. એમ કહી વસ્ત્ર નિચોવવું, ને તે જળથી તેઓનું તર્પણ કરવું. હે નારદ ! આ પ્રમાણે બ્રહ્મયજ્ઞનો ટૂંકમાં વિધિ મેં કહ્યો. જે સાધક બ્રહ્મયજ્ઞની આ વિધિનું પાલન કરે છે તેને અંગોસહિતના સર્વ વેદોના પાઠનું ફળ મળે છે. સાયંસંધ્યા મહામાયાની પ્રસન્નતા આપે છે. સાયંકાળમાં સાધક યોગીએ આચમન, પ્રાણાયામ કરી પદ્માસન લગાવીને બેસવું. પછી લક્ષ્ય સ્થિર કરી પૂરક, કુંભક અને રેચક દ્વારા દેવોનું ધ્યાન કરવું. સાયંસંધ્યામાં ભગવતી સરસ્વતીનું ધ્યાન ઉત્તમ ગણાય છે. હે સ્વર્ગલોકના શાસક, સૂર્યમંડળમાંથી આવનારા દેવીનું હું આવાહન કરું છું. એમ સરસ્વતીનું ધ્યાન કરી સાયં-

સંધ્યાનો સંકલ્પ કરવો. પછી માર્જન તથા આચમન મંત્રપૂર્વક કરવું.

બાકીનો વિધિ પ્રાતઃ સંધ્યાની જેમ કરવો. પછી ગાયત્રી મંત્ર બોલી, મંડળસ્થ દેવોનાનું ધ્યાન કરી ક્રમશઃ અર્ધ્ય આપવો. તે પછી સુર્યમંત્રોથી ઉપસ્થાન કરી પુરશ્ચરણ કરવું. સાધકે તપ દ્વારા શરીરને તપાવવું કારણ કે, તપથી સ્વર્ગ પ્રાપ્તિ તથા મહાન ફળ મળે છે. તપ કરવું, એ દ્વિજ માટે પરમધર્મ છે. ગાયત્રી છંદમાં અક્ષરોની સંખ્યા પ્રમાણે ૨૪ લાખ જપ કરવાથી એક પુરશ્ચરણ થાય છે. ચંદન અને નક્ષત્ર અનુકુળ હોય ત્યારે શુકલ પક્ષમાં પુરશ્ચરણનો આરંભ કરવો. કારણ કે, એથી સત્વર સિદ્ધ થાય છે. જપ કરનારે પ્રારંભના દિવસથી લઇ સમાપ્તિ સુધી એક સરખા જપ કરવા, કોઇ વખત ઓછા કે વધારે કરવા નહિ. સાધકે પ્રાતઃકાળથી આરંભ કરી મધ્યાન્હ સુધી નિત્ય વિધિપૂર્વક જપ કરવા, જ્યાં સુધી કાર્યની સિદ્ધિ થાય નહિ ત્યાં સુધી જપ ચાલુ રાખવા.

હે દેવર્ષિ! વિધિપૂર્વક પુરશ્ચરણ કરવાથી મંત્રસિદ્ધિ થાય છે, જેના અનુષ્ઠાનથી દુઃખ દારિદ્રય દુર થાય છે. સર્વ સદાચારોમાં સંધ્યાને મુખ્ય ગણવામાં આવી છે. નિત્ય સંધ્યા કરનાર પર ભગવતી પ્રસન્ન થઇ તેને ઇચ્છિત પદાર્થ આપે છે. ૫૪

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે બ્રહ્મયજ્ઞનો સંક્ષેપમાં મહિમા' નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત



# અધ્યાય ૨૧ મો

## વિશ્વદેવ બલિ

### નારાયણ ઉવાચ

અથાતઃ શ્રુયતાં બ્રહ્મન્-વૈશ્વદે વિધાનકમ્ ।
પુરશ્ચર્યા પ્રસંગેનમમાપિસ્મૃતિ માગતમ્ ।।

શ્રી નારાયણ બોલ્યા : હે નારદ! હવે પાપનાશક વિશ્વદેવ બલિનો વિધિ કહું છું, જે પુરશ્ચરણ વિષે કહેતાં અચાનક મને યાદ આવ્યો. પાંચ પ્રકારના યજ્ઞોમાં જે 'મનુષ્યયજ્ઞ' છે એ જ 'વૈશ્વદેવ' કહેવાય છે. અગ્નિ પ્રજવલિત કરવા માટે તેને મોઢેથી ફુંકી પ્રજવલિત કરવો કારણ કે મુખથી જ અગ્નિનું પ્રાકટય થાય છે. વૈશ્વબલિ માટે યોગ્ય પદાર્થોનો અભાવ હોય તો કાષ્ઠ, મૂળ અથવા તૃણ વગેરે ઉપયોગમાં લઇ શકાય છે. જે ઘીનો અભાવ હોય તો જળથી પલાળેલી વસ્તુથી પણ હવન કરી શકાય છે. વૈશ્વદેવ કર્યા સિવાય જે બ્રાહ્મણ જમે છે એની બુદ્ધિ અવશ્ય ભ્રષ્ટ થયેલી હોય છે, માટે ફળ મૂળ કે પત્ર જે કંઇ ભોજન માટે હોય એમાંથી સંકલ્પ પૂર્વક અગ્નિમાં હોમ કરવો. વૈશ્વદેવ કર્યા પછી ગોગ્રાસ કાઢવો. 'ગોભ્યોનમઃ' એમ કહી ગાયની પૂજા કરી ગ્રાસ આપવો, એથી ગોમાતા સુરભિ પ્રસન્ન થાય છે. પ્રાણાગ્નિહોત્ર કર્મ એવું છે કે જેને જાણીને જીવાત્મા જન્મ, જરા અને મૃત્યુ આદિથી મુક્ત બને છે.

એ વિધિથી જમનારો મનુષ્ય એ ત્રણે ઋણોથી મુક્ત થાય છે. સમસ્ત યજ્ઞોનાં ફળ એને સુલભ થાય છે. હૃદય

રૂપી કમલ અરણિ છે, મનમંથન કાષ્ટ છે, વાયુ રજ્જુ છે, મંથન કરવાથી અગ્નિ પ્રકટયો છે. ને બન્ને નેત્ર અધ્વર્યુ બની યજ્ઞ કરી રહ્યા છે. એવી યજ્ઞની મનમાં ભાવના કરી તર્જની, મધ્યમા ને અંગુઠાથી પ્રાણરૂપી અગ્નિમાં આહૂતિ આપવી. એ નામ મંત્રની પહેલાં 'ૐ' અને અંતે 'સ્વાહા' શબ્દ બોલવો જોઇએ. એટલે કે 'ૐ પ્રાણાયામસ્વાહા.' એમ કહેવું. વાણી હોતા, પ્રાણ ઉદ્ગાતા અને ચક્ષુ જ અધ્વર્યુ છે. મન બ્રહ્મા છે, શ્રોત આગ્નિધ્ર, યજ્ઞ સંબંધી પશુ 'અહંકાર' છે, અને 'પય' તરીકે પ્રણવ મનાય છે. બુદ્ધિને પત્નીરૂપે કહી છે જેને વશ રહી પુરુષ કાર્ય કરે છે, છાતી તે વેદિ છે, રોમ તે દર્ભ છે. તથા બન્ને હાથ 'સ્રુક' 'સ્રુવ' છે. અને 'ૐપ્રાણાયામસ્વાહા.' એ મંત્રથી સુવર્ણ સમાન, તેજસ્વી શુદ્ધાગ્નિ નામે ઋષિ છે. સુર્ય તે દેવતા છે, ને ગાયત્રી તે એનો છંદ છે. 'ૐપ્રાણાયામસ્વાહા.'એ મંત્રમાં આ હવિ સુર્ય માટે છે, મારે માટે નહિ એટલે કે ઇદમાદિત્ય દેવાય ન મમ ! એવી જ રીતે અપાન મંત્ર, ઉદાન મંત્ર, સમાન મંત્ર ઇત્યાદિ મંત્રોના ઉચ્ચારપૂર્વક વિધિપૂર્વક શુદ્ધભાવથી પ્રાણાગ્નિ હોત્ર કરવામાં આવે છે. આ ઉત્તમ વિધિને જાણી લઇ પુરુષ બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે. ૪૫

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'વિશ્વદેવ બલિ' નામનો ૨૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૨ મો

### પ્રાજાપત્ય આદિ વ્રતો

શ્રી નારાયણ ઉવાચ

અમૃતાપધાનમિત્યેવમુચ્ચાર્ય-
સાધકોત્તમઃ ।
ઉચ્છિષ્ટભાગે પાત્રાન્નં દદ્યાદન્તે વિચક્ષણઃ ॥

શ્રી નારાયણ બોલ્યા : 'હે નારદ ! ભોજન કર્યા પછી જ્ઞાની સાધકે 'ૐ અમૃતાપિધાનમસિ' એ મંત્ર બોલીને આચમન કરવું. તે પછી થાળમાં વધેલા અન્નને ઉચ્છિષ્ટભાગી પિતૃઓને અર્પણ કરવું, તે પછી જળ અર્પણ કરવું, જે દ્વિજ હાથમાં પવિત્રી ધારણ કરી વિધિપૂર્વક જમે છે તેને પ્રત્યેક કોળિયામાં પંચગવ્યના પ્રાશન જેટલું પુણ્ય મળે છે.

ભાવિક મનુષ્યે રાત્રિના સમયે વૈદિક મંત્રનો જપ ન કરવો, દેવપૂજન અને સ્તવનમા સમય વીતાવવો, પૃથ્વી પર સુવું, બ્રહ્મચર્યના નિયમોનું પાલન કરવું, જપ, હોમ અને પૂજન કરતી વખતે કોઇને પ્રણામ કરી વાત ન કરવી, પુરુષે પોતાની ઋતુસ્નાતા સ્ત્રી સાથે વિધિપૂર્વક સંગ કરવો, પરનિંદામાં સમય બગાડવો નહિ. પ્રતિદિન ત્રણે સમય સ્નાન કરવું, મનુષ્યે તપ-હોમમાં સદા મગ્ન રહેવું, તપ અને અધ્યયન કરતા રહેવું. તપથી સ્વર્ગ મળે છે. હવે પ્રાજાપત્ય, સાન્તપન, પરાક, કૃચ્છ્ર અને ચાંદ્રાયણ વ્રતનો વિધિ કહું છું, જેના પ્રભાવથી મનુષ્ય સર્વ પાપો અને વિટંબણાઓથી મુક્ત થાય છે. 'તપ્તકૃચ્છ્ર' વ્રત કરનારનાં સઘળાં પાપો તેજ ક્ષણે બળીને ભસ્મ થઇ જાય

છે. ત્રણ ચાંદ્રાયણ વ્રત શ્રદ્ધા ભક્તિપૂર્વક કરવાથી પુરુષ સર્વ કષાયોથી શુદ્ધ થઈ ચંદ્રલોકમાં જાય છે. વ્રતના પ્રભાવથી વરદાન આપનાર દેવતાઓનો સાક્ષાતકાર કરવાની યોગ્યતા આવે છે.

દશ ચાંદ્રાયણ વ્રત કરવાથી છંદોનું જ્ઞાન પ્રાપ્ત કરી મનુષ્ય સંપૂર્ણ મનોરથ પાર પાડી લે છે.

વ્રત કરનારે ત્રણ દિવસ પ્રાતઃકાળ અને ત્રણ દિવસ સાયંકાળ માગ્યા વગર જે મળે તેનાથી ભોજન કરવું, તે પછી ત્રણ દિવસ ઉપવાસ કરવા. એ રીતે દ્વિજે પ્રાજાપત્ય વ્રત કરવું.

જે સાન્તપન વ્રત છે તેમાં પહેલે દિવસે ગોમૂત્ર, ગોમય, ગાયનું દૂધ, દહીં, ઘી અને કુશોદક એ સર્વ એકત્ર કરી પીવું બીજે દિવસે ઉપવાસ કરવો. આ વ્રત બે રાત્રિનું છે તે કૃચ્છ્રસાંતપન નામનું વ્રત કહેવાય છે.

ત્રણ દિવસ સુધી પહેલાંની પેઠે એક-એક કોળિયો ખાવો અને ત્રણ ઉપવાસ કરવા, એ રીતે દ્વિજવર્ણે અતિકૃચ્છ્ર વ્રત કરવું. વળી એ જ પ્રમાણે ત્રણ દિવસોથી યુક્ત મહાસાંતપન વ્રત કહેવાય છે. તપ્ત-કૃચ્છ્ર નામનું વ્રત કરનાર બ્રાહ્મણે ત્રણ દિવસ ગરમ પાણી પીને રહેવું, ત્રણ દિવસ ગરમ વાયુનો જ આહાર કરવો. બાર દિવસ સુધી કેવળ જળ ઉપર જ રહેવું, એ પરાકકૃચ્છ્ર નામનું વ્રત કહેવાય છે. જિતેન્દ્રિય અપ્રમાદી મનુષ્ય માટે આ પ્રાજાપત્યવિધિ કહેવાય છે અને તે સર્વ પાપોને દૂર કરનાર છે.

દરરોજ પ્રાતઃકાળે ચાર કોળિયા ખાય અને ચાર કોળિયા સૂર્યાસ્ત થયા પછી ખાય, એમ એક મહિના સુધી કરે તો યતિ ચાંદ્રાયણ નામનું વ્રત કહેવાય છે. આ બધાંયે વ્રતો શ્રદ્ધાથી કરનારનું શ્રેય થાય છે. મનુષ્યે સદા સત્કર્મનું અનુષ્ઠાન કરતા રહેવું જોઈએ.

ગાયત્રીના પુરશ્ચરણથી સમસ્ત કામનાઓ સિદ્ધ થાય છે. એટલું ધ્યાન રાખવું કે મંત્રના જપ કરનારે આરંભમાં શરીરને શુદ્ધ કરનારું વ્રત કરવું. તે પછી પુરશ્ચરણ શરૂ કરવું. એથી તે સઘળા ફળનો અધિકારી બને છે. આ ગુપ્ત વિધાન યોગ્ય વ્યક્તિ સિવાય કોઈને કહેવું નહિ. ૬૩

ઇતિશ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'પ્રાજાપત્ય આદિ વ્રતો' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨૩ મો

### ગાયત્રીમંત્રના વિવિધ અનુષ્ઠાનો

**નારદ ઉવાચઃ**

**નારાયણ મહાભાગ ગાયત્ર્યાસ્તુ સમાસતઃ ।**
**શાંત્યાદિકાન પ્રયોગાસ્તુ વદસ્વ કરુણાનિધે ॥**

નારદે પૂછયું : હે નારાયણ ! હવે ગાયત્રીના કલ્યાણકારક શાંતિ પ્રયોગો વિષે મારે વિસ્તૃત જાણવું છે.

શ્રી નારાયણ બોલ્યા : ગ્રહોની શાંતિ માટે સમડાની સમિધાઓનો એક હજાર ગાયત્રી જપ કરી હોમ કરવો એથી વ્યાધિ અને ગ્રહો શાંત થાય છે.

ઢીંચણ સુધી જળાશયમાં રહી ગાયત્રીનો જપ કરવાથી પુરુષના સઘળા દોષો દૂર થાય છે.

ભુમિ પર ચતુષ્કોણ મંડલ કરી એના મધ્ય ભાગમાં ગાયત્રી મંત્ર બોલી ત્રિશૂળ રોપવું, આ ક્રિયા કરવાથી પિશાચના ભયથી મનુષ્ય ઉગરી જાય છે. દ્વિજે શનિવારે પીપળાના વૃક્ષ નીચે ગાયત્રીનો સો વાર જપ કરવો એથી ભૌતિક રોગ તેમજ અભિચારથી ઉત્પન્ન થયેલા ભયથી મુક્ત થાય છે.

ગળોના કટકા કરી એને દૂધમાં ઝબોળી તેની આહુતિ અગ્નિમાં આપવાથી થતાં હોમને 'મૃત્યુંજય' કહે છે. આ હોમના પ્રભાવથી અસાધ્ય રોગો મટી જાય છે. જો દૂધમાં પલાળેલા આંબાનાં પાંદડાથી હોમ થાય તો તાવ મટી જાય છે. જો દૂધમાં પલાળેલી વજથી હોમ કરવામાં આવે તો ક્ષયનો રોગ મટી જાય છે.

જો શંખ પુષ્પથી હોમ કરવામાં આવે તો ફેફરનું દર્દ મટી જાય છે. જો ક્ષીરી વૃક્ષની સમિધાઓથી હોમ કરવામાં આવે તો ઉન્માદ—ગાંડપણ દુર થાય છે. જો ઉંબરાના વૃક્ષની સમિધાઓથી તેમજ મધ અને શેરડીની આહુતિ આપી હોમ કરવામાં આવે તો પ્રમેહનો રોગ મટી જાય છે. ઘીની આહુતિ આપવાથી મસુરિકા નામનો પગનો રોગ મટે છે. જો ઉમરો, વડ તથા પીપળાની સમિધો હોમવામાં આવે તો પશુઓ હાથી, ઘોડા, ગાય માંદા હોય તો સાજા થઈ જાય છે બીલીના ઝાડની સમિધથી અથવા બીલીના ટુકડા, પાંદડાં, પુષ્પો કે ફળનો હોમ કરવાથી ઉત્તમ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, પવિત્ર બીલીના મૂળના ટુકડાઓ વડે હોમ કરવાથી પણ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. વળી બીલીના ઝાડની સમિધો વડે તથા દુધપાક અને ઘી વડે સાત દિવસ સુધી સો સો આહુતિ હોમવાથી સંપત્તિ મળે છે. જો મનુષ્ય દુધ, દહીં તથા ઘી સહિત ડાંગર વડે હોમ કરે તો કન્યાને મેળવે છે અને એ જ વિધિ પ્રમાણે જો કન્યા હોમ કરે તો તેને ઇચ્છિત વરની પ્રાપ્તિ થાય છે. સો રાતાં કમળોનો સાત દિવસ સુધી હોમ કરીને મનુષ્ય સુવર્ણની પ્રાપ્તિ કરે છે. સુર્યના બિંબમાં જળ હોમવાથી જળમાં ગુપ્ત રહેલું સુવર્ણ મળે છે, જો અન્ન હોમે તો અન્નની પ્રાપ્તિ થાય છે, જો સાધક વાછરડાંના છાણના અડાયાંનો ભૂકો હોમે તો તેને પશુધન મળે છે અને જો કાગ, દુધપાક તથા ઘી વડે હોમ કરવામાં આવે તો પ્રજાની પ્રાપ્તિ થાય છે. જો દુધપાક રૂપ અન્નનો હોમ કરી સુર્યને તે ધરાવીને ઋતુકાળે નાહેલી સ્ત્રીને ખવડાવવામાં આવે તો તેને ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થાય છે. જો અગ્ર ભાગ સહિત લીલી ખાખરાની સમિધથી હોમ કરવામાં આવે તો આયુષ્યમાં વૃદ્ધિ થાય છે. જો ડાંગરની સો આહુતિઓ હોમવામાં આવે તો સુવર્ણની પ્રાપ્ત થાય છે, તેમ જ

આયુષ્યમાં પણ વધારો થાય છે. જે મનુષ્ય વડની સમિધો હોમ્યા પછી સાત દિવસ સુધી દુધપાકની સો સો આહુતિઓ હોમે તો તેનું અકાળ મૃત્યુ ટેલાય છે. માત્ર દુધનો જ આહાર કરી સાત દિવસ સુધી ગાયત્રીનો જપ કર્યા કરે, તો કાળના ઉપર તે વિજય મેળવે છે.

જે મનુષ્ય આહાર છોડી મૌન વ્રત ધરીને ત્રણ રાત્રિ સુધી જે એકાગ્રતાથી જપ કરે તો તે યમરાજના પંજામાંથી છુટી જાય છે.

ઘરમાં જે જીવ–જંતુઓ–કીડા, મંકોડા, માખી વગેરેનો ઉપદ્રવ વધી ગયો હોય તો ઘીવાળા ખીજડાની સમિધાથી સો વાર હોમ કરવો. કોઇ વખત વીજળીનો પાત, ભુંકપ, વાવાઝોડું વગેરે આકસ્મિક ઉપદ્રવો ઊભા થાય ત્યારે લાગલાગટ સાત દિવસ સુધી જે સ્થળે કોઇ પણ જાતનો ઉપદ્રવ થયો હોય તે સ્થળે સર્વ પ્રકારની શાંતિ માટે ચતુરસ્ર મંડળ કરી, તેમાં અષ્ટગંધથી ત્રિશુળ આલેખીને તેને ગાયત્રી મંત્રથી હજાર વાર મંતરી ભોંયમાં દાટી દેવું. સોનાના, રૂપાના, તાંબાના અથવા માટીના નવા અખંડ કળશને સૂતરથી વીંટી તેને રેતીના સ્થંડિલ પર સ્થાપી ચારે દિશાઓમાંથી ઉત્તમ બ્રાહ્મણો દ્વારા તીર્થજળ મંગાવી તેના વડે ભરવો.

પછી એલચી, ચંદન, કપૂર, જાઇ, જુઇ, માલ્લકા, બિલ્વપત્ર, વિષ્ણુક્રાંતા, શાળ, જવ, તલ, સરસવ અને છીરવાળાં વૃક્ષોની કુંપળો તે ઘડામાં નાખવી. એ પ્રમાણે સામગ્રી તૈયાર કરી, સ્નાન કરી વિદ્વાન બ્રાહ્મણે સત્યાવીસ દર્ભોથી ગુંથેલો કુચડો લઇ એક હજાર ગાયત્રીમંત્રથી તે ઘડાના જળને મંતરવું, વળી તે વખતે વેદના જ્ઞાતા બીજા બ્રાહ્મણોએ સર્વ દિશાઓમાં સુર્યના મંત્રો ભણવા, ભુત-પિશાચના ઉપદ્રવથી પીડાતા મનુષ્ય પર તે પવિત્ર મંત્રેલા જળનો છંટકાવ કરવો. પછી તે જળ પીવડાવવું.

આ પ્રમાણે મંત્રેલા જળનો અભિષેક કરવાથી ભુત–પ્રેતની પીડા, અસાધ્ય રોગ કે ગમે તે વ્યાધિથી મુક્ત થઇ તે તંદુરસ્ત અને સુખી થાય છે, અરે, મનુષ્ય માંદગીથી રીબાઇને મૃત્યુના મુખમાં ગયેલો હોય તો પણ તે બચી જાય છે.

પોતાના રહેઠાણમાં જો કીડીઓનો કે મધમાખીઓનો ઉપદ્રવ થયો હોય તો દ્વિજવર્ણે ઘીયુકત ખીજડાની સમિધનો સો વાર હોમ કરવો અને ઘીવાળા ભાતનો સો વાર હોમ કરવો પછી બાકી રહેલા ભાતનું જે ઠેકાણે ઉપદ્રવ થયો હોય ત્યાં બલિદાન દેવું, જેથી ઉપદ્રવ શાંત થઇ જાય છે.

ભુત, રોગ કે ઝેર આદિનો ઉપદ્રવ હોય તે મનુષ્ય જો દર્ભથી સ્પર્શ કરી ગાયત્રીનો જપ કરે તો તેને તે ઉપદ્રવો છોડાવી શકે છે. તેમ જ ગાયત્રી મંત્રથી મંતરેલું જળ પીએ તો ભુત વગેરે ભાગી જાય છે. ભુત–પ્રેતની શાંતિ માટે ભસ્મને સો વખત ગાયત્રી મંત્રથી મંતરી મસ્તક પર ધારણ કરવી

તેથી તે સર્વ વ્યાધિઓથી મુક્ત થઇ ઘણું જીવે છે. જે મનુષ્ય આ ક્રિયાઓ કરવા શરીરથી અશક્ત હોય તેણે બ્રાહ્મણને દક્ષિણા આપીને તેની પાસે ગાયત્રી મંત્રથી શાંતિકર્મ કરાવવું. જો દ્વિજ વર્ણ સુવાસિત પુષ્પોથી હોમ કરે તો તે લક્ષ્મીને પામે છે. લાંબુ આયુષ્ય ઇચ્છતો મનુષ્ય પવિત્ર સ્થાનમાં રહી એક મહિના સુધી વિધિપૂર્વક ગાયત્રી જપ કરે તો તે આયુષ્યવાન થાય છે. જેને સદાય તંદુરસ્ત રહેવાની આરોગ્યની ઇચ્છા હોય તે બે મહિના ગાયત્રી જપ કરે તો તેનું સ્વાસ્થ્ય સારું રહે છે.

જેને નિર્ધનતા ઘેરી વળી હોય, દારિદ્રયપણું મટતું ન હોય, કોઈ પણ ઉપાયે ધન પ્રાપ્તિ થતી ન હોય આમ લક્ષ્મીની ઇચ્છા હોય તે ત્રણ મહિના શ્રદ્ધા ભક્તિપૂર્વક ગાયત્રી જપ કરે તો તેને દ્રવ્યની પ્રાપ્તિ થાય છે.

અને જેને સંતતિ, સંપત્તિ, યશની પ્રાપ્તિ કરવી હોય તે ચાર મહિના શ્રદ્ધા ભક્તિપૂર્વક ગાયત્રી જપ કરે તો તેને તે સર્વની પ્રાપ્તિ થાય છે, મહાપાપી દ્વિજ હોય તે બાર દિવસ સુધી પાણીમાં રહી દરરોજ એક હજાર ગાયત્રી જપ કરે તો તેના સર્વ પાપ બળી જાય છે. મનુષ્ય ઘણાં પાપોથી છુટવા નિર્જન વનમાં જઇ એક મહિનો રોજ એક હજાર ગાયત્રી જપ કરે તો તે સર્વ પાપોથી મુક્ત થાય છે. હરકોઇ મનુષ્ય માટે 'આચાર' એ પ્રથમ ધર્મ છે અને તે ધર્મના સ્વામિની પરમેશ્વરી દેવી છે. શાસ્ત્રમાં સદાચારનું ફળ ઘણું કહ્યું છે.'

દરેક મનુષ્યે સદાચારી રહેવું જોઇએ. સદાચારી મનુષ્યનું તેજ અલૌકિક હોય છે. સદાચારી મનુષ્યનાં યશ-કીર્તિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતાં જ રહે છે. સદાચાર જે ઘરમાં પળાતો હોય, દેવીનું પૂજન થતું હોય, જે ઘરમાં શ્રી દેવી ભાગવતનો ગ્રંથ પૂજાસ્થાનમાં રહેતો હોય અને તેનું પૂજન થતું હોય તે ઘરમાં સુખ-શાંતિ રહે.

હે નારદ! સદાચારી સદ્‌ગુણી અને સંતોષી મનુષ્ય સદા પવિત્ર અને સુખી રહે છે, તેના અવતારને ધન્ય છે. ભગવતીદેવીને પ્રસન્ન કરનારું આ સદાચાર વિધાન સાંભળનાર પણ સંપત્તિ સાથે સુખ-શાંતિ પામે છે. સદાચારીને આ લોકનું તથા પરલોકનું સુખ સિદ્ધ થાય છે. માટે જ મેં તમને સદાચારનું ઉત્તમ વિધાન કહ્યું. હવે તમારે બીજું શું સાંભળવાની ઇચ્છા છે? ૧૦૦

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં એકાદશ સ્કંધ વિષે 'ગાયત્રીમંત્રના વિવિધ અનુષ્ઠાનો' નામનો ૨૩ મો અધ્યાય સમાપ્ત

## શ્રી દેવીભાગવત-સ્કંધ અગિયારમો સમાપ્ત

ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे नमः




# કાત્યાયની

## સ્કંધ બારમો

# સ્કંધ બારમો

## અધ્યાય ૧ લો

### ગાયત્રી માહાત્મ્ય

નારદ ઉવાચ

સદાચારવિધિર્દેવ ભવતા વર્ણિતઃ પ્રભો ।
તસ્યા પ્યતુલમાહાત્મ્યં
સર્વપાપ વિનાશનમ્ ॥

નારદે પૂછ્યું : 'હે પ્રભો ! આપના મુખેથી સદાચારનું વિધાન મેં જાણ્યું, દેવીની દિવ્ય કથા તેમજ વ્રતો વિષે પણ મેં સાંભળ્યું, આપે જે વ્રતો કહ્યાં તે અઘરાં હોવાથી, મનુષ્યો સરળતાથી કરી શકે તેવું અને દેવીને પ્રસન્ન કરનારું સાધન હોય તે કહો. વળી ગાયત્રીમાં રહેલા ચોવીસ અક્ષરો કહ્યા તેઓના ઋષિ, છંદો દેવતા કોણ છે, તે જાણવાની પણ મને તીવ્ર ઉત્કંઠા છે.

શ્રી નારાયણ બોલ્યા : એકમાત્ર ગાયત્રીમાં મનુષ્ય શ્રદ્ધા રાખે તો બહુ છે. ગાયત્રીદેવી દયાળુ અને સર્વને સુખ–શાંતિ કરનારાં છે, જે મનુષ્ય સંધ્યા સમયે સુર્યને અર્ઘ્ય આપી ત્રણ હજાર ગાયત્રી જપે તો તે દેવોને પણ પૂજ્ય થાય છે. ગાયત્રીના ચોવીસ વર્ણો–અક્ષરોના ઋષિઓ આ પ્રમાણે છે : 'વામદેવ, અગ્નિ, વસિષ્ઠ, શુક્ર, કણ્વ, પરાશર, વિશ્વામિત્ર, કપિલ, શૌનક, યાજ્ઞવલ્કય, ભરદ્વાજ, જમદગ્નિ, ગૌતમ, મુદ્ગલ, વેદવ્યાસ, લોમશ, અગસ્ત્ય, કૌશિક, વત્સ, પુલસ્ત્ય, માંડુલ, દુર્વાસા, નારદ અને કશ્યપ'એ ઋષિઓ.

પછી તેમાં છંદ આ પ્રમાણે છે : ગાયત્રી, ઉષ્ણિહ, અનુષ્ટુપ, જગતી, અતિજગતી, શક્વરી, અતિશક્વરી, ધૃતિ, અતિધૃતિ, વિરાટ, પ્રસ્તાર, પંક્તિ, કૃતિ, પ્રકૃતિ, આકૃતિ, વિકૃતિ, સંકૃતિ, અક્ષર પંક્તિ, ભુ, ભુવઃસ્વઃ અને જ્યોતિષ્મતી.' તેના ચોવીસ દેવતાઓ આ પ્રમાણે છે : અગ્નિ, પ્રજાપતિ, સોમ, ઇશાન, સવિતા, આદિત્ય, બૃહસ્પતિ, મિત્રાવરૂણ, ભગદેવ, અર્યમા, ગણેશ, ત્વષ્ટા, પૂષા, ઇંદ્ર તથા અગ્નિ, વાયુદેવ, વામદેવ, મિત્રાવરૂણદેવ, વિશ્વેદેવા, માતૃગણ, વિષ્ણુ, વસુ, રુદ્રદેવ, કુબેરદેવ અને અશ્વિનીકુમાર. આ ગાયત્રીના ચોવીસ વર્ણોના દેવો છે.

ગાયત્રીનું આ માહાત્મ્ય પરમ શ્રેષ્ઠ હોઇ પાપો બાળીને શુદ્ધ કરનારું છે. આ માહાત્મ્ય સાંભળવા માત્રથી જ મનુષ્યને અંગ સહિત ગાયત્રી જપનું ફળ મળે છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં બારમા સ્કંધ વિષે 'ગાયત્રી માહાત્મ્ય' નામનો ૧ લો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૨ જો

### ગાયત્રીના વર્ણો તથા મુદ્રાઓ

શ્રી નારાયણ ઉવાચ :

વર્ણાનાં શક્તયઃ કાશ્ચ–
તા શ્રુણુષ્વ મહામુને ।
વામદેવી પ્રિયા સત્યા–
વિશ્વા ભદ્ર–વિલાસિની ॥

શ્રી નારાયણ બોલ્યા : 'હવે ગાયત્રીના વર્ણો અને શક્તિઓ–મુદ્રાઓ વિષે કહું છું : ગાયત્રીની ચોવીસ શક્તિઓ આ પ્રમાણે છે : 'વામદેવી, પ્રિયા,

સત્યા, વિશ્વા, ભદ્રવિલાસિની, પ્રભાવતી જયા, શાંતા, કાંતા, દુર્ગા સરસ્વતી, વિદ્રુમા વિશાલેશા, વ્યાપિની, વિમલા, તમેપાહારિણી, સૂક્ષ્મા, વિશ્વયોનિ, જયા, વશા, પદ્માલયા, પરાશોભા, ભદ્રા અને ત્રિપદા.'

તેના ચોવીસ વર્ણો—રંગ છે.

તે મોટા પાપોને નિવારી શુદ્ધ કરનાર ગાયત્રીના ચોવીસ અક્ષરોના રંગના તત્ત્વો આ પ્રમાણે છે: પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, ગંધ, રસ, રૂપ, શબ્દ, સ્પર્શ, લિંગ, ગુદા, પગ, હાથ, વાણી, પ્રાણ, જિહ્વા, ચક્ષુ, ત્વચા, શ્રોત્ર, પ્રાણ, અપાન, સમાન અને વ્યાન.' ગાયત્રીના ચોવીસ અક્ષરોની મુદ્રાઓ આ પ્રમાણે છે. 'સુમુખ, સંપૂટ, વિતત, વિસ્તૃત, દ્વિમુખ, ત્રિમુખ, ચતુર્મુખ, પંચમુખ, ષણ્મુખ, અધોમુખ, વ્યાપકાંજલિક, શંકર, યમપાશ, ગ્રંથિત, સન્મુખોન્મુખ, વિલંબ, મુષ્ટિક, મત્સ્ય, કૂર્મ, વરાહ, સિંહાક્રાંત, મહાક્રાંત, મુદ્ગર ને પલ્લવ. આ ચોવીસ મુદ્રાઓ છે. ગાયત્રીના ચોથા ચરણની સાત મુદ્રાઓ આ પ્રમાણે છે: 'ત્રિશુલ, યોનિ, સુરભિ, અક્ષમાલા, લિંગ, કમાલી અને મહામુદ્રા.

હે મહામુનિ! તમારે જે જાણવું હતું તે ગાયત્રીનું સર્વ માહાત્મ્ય મેં વિસ્તારથી કહ્યું, આ વર્ણન મહાપાપનો નાશ કરનારું, યશ–કીર્તિ આપનારું છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'ગાયત્રીના વર્ણો તથા મુદ્રાઓ' નામનો ૨ જો અધ્યાય સમાપ્ત



# અધ્યાય ૩ જો

## કલ્યાણકારી ગાયત્રી કવચ

### નારદ ઉવાચ

સ્વામિન સર્વં જગન્નાથ
સંશયોऽસ્તિ મમ પ્રભો ।
ચતુ:ષષ્ટિકલાભિજ્ઞ પાતકાદ્ યોગવિદ્વર ॥

નારદે પૂછ્યું: હે પ્રભો! મનુષ્યદેહ કયા ઉત્તમ સાધનથી છૂટે છે, તે કહો.

શ્રી નારાયણ બોલ્યા: અગાઉ મેં જે ગાયત્રી મહામંત્રના અનુષ્ઠાન અંગે કહ્યું તે જ ગાયત્રીનું એક અતિશુદ્ધ કવચ તને કહું છું. એ કવચના ઋષિઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે. ઋક્, યજુ, સામ તથા અથર્વવેદ છંદ છે તે બ્રહ્મરૂપ દેવતા છે. તેમ જ ગાયત્રી શ્રેષ્ઠ કલા છે. એનું બીજ 'તત્' છે, શક્તિ ભર્ગ છે, કીલક 'ધિય:' છે અને મોક્ષ માટે તેનો વિનિયોગ' છે. ગાયત્રીના પહેલા ચાર અક્ષરો હૃદય છે, તે પછીના ત્રણ અક્ષરો શિર છે, તે પછીના ચાર અક્ષરો 'કવચ' છે, તે પછીના નેત્ર છે, તે પછીના ચાર અક્ષરો 'અસ્ત્ર' છે. પછી આ પ્રમાણે ધ્યાન કરવું: મુક્તા, પ્રવાલ, નીલમણિ સમાન શ્વેત કાંતિવાળા, ત્રણ નેત્ર અને પાંચ મુખવાળા, હાથમાં વર, અભય, અંકુશ, પાશ, ખપ્પર, ધનુષ્ય, પ્રત્યંચા, શંખ, ચક્ર તથા બે હાથમાં કમળો ધારણ કરતાં ભગવતી ગાયત્રીદેવીને હું ભજું છું, તે પછી આ પ્રમાણે કવચનો પ્રારંભ કરવો: ગાયત્રી દેવી પૂર્વ દિશામાં અને રક્ષો, સાવિત્રી દેવી દક્ષિણમાં રક્ષો, બ્રહ્મસંધ્યા પશ્ચિમમાં રક્ષો, પાર્વતી દેવી

અગ્નિ કોણમાં રક્ષો, રાક્ષસોને ભય કરનારાં દેવી નૈઋત્ય કોણમાં રક્ષો, વિલાસ કરનારાં દેવી વાયુ કોણમાં રક્ષા કરો. રુદ્ર સ્વરૂપ રુદ્રાણી ઇશાન કોણમાં મારી રક્ષા કરો. દેવી વૈષ્ણવી નીચે મારું રક્ષણ કરો, દેવી ભુવનેશ્વરી દશે દિશામાં મારૂં રક્ષણ કરો, મારા બે પગ 'તત' પદ અને બે જંઘાઓ 'સવિતુઃ' પદ, કટિ ભાગ 'વરેણ્ય' પદ, અને ગાલ 'ધિમહિ' પદ બન્ને નેત્ર 'ધિયઃ', લલાટ 'ય' પદ, મસ્તક 'ન' પદ અને શિખા 'પ્રચોદયાત્' પદ રક્ષો, વળી 'તત્' મસ્તકની, 'સ' કપાળની. 'વિ' નાસિકાની 'રે' મુખની, 'ણ્ય' ઉપલા હોઠની 'ય' અધરોષ્ઠની, 'ભ' મુખની, 'ર્ગો' દાઢીની, 'દે' કંઠની, 'વ' ખભાની, 'સ્ય' જમણા હાથની, 'ધી' ડાબા હાથની 'મ' હૃદયની, 'હિ' પેટની, 'ધિ' નાભિની, 'યો' કટિની, 'યો' ગુહ્ય ભાગની 'ન' સાથળોની, 'પ્ર' બન્ને ઢીંચણોની, અને 'ત' વ્યંજન મારા સર્વ અંગોને રક્ષો. આ કવચનો પાઠ કરવાથી કે સાંભળવાથી ભાવિક મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઇ અંતે પરબ્રહ્મને પામે છે. ૨૫

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'કલ્યાણકારી ગાયત્રી કવચ' નામનો ૩ જો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૪ થો

### ગાયત્રી હૃદય

શ્રી નારાયણ ઉવાચઃ

ભગવન દેવદેવેશ ભૂતભવ્ય જગત્પ્રભો ।
કવચં ચ શ્રુતં દિવ્યંગાયત્રીમંત્રવિગ્રહમ ।।

નારદે પૂછ્યું : 'ભગવન ! ગાયત્રી દેવીનું દિવ્ય કવચ જાણ્યા પછી ગાયત્રી-હૃદય સાંભળવાની મને ઇચ્છા થઇ છે.

શ્રી નારાયણ બોલ્યા : અથર્વ વેદમાં ગાયત્રી હૃદય કહ્યું છે. તે રહસ્ય અતિ ગુપ્ત રાખવા જેવું છે છતાં તારા ભક્તિભાવને લીધે તને કહું છું : આ ગાયત્રી-હૃદયના ઋષિ તરીકે હું નારાયણ છું, છંદ ગાયત્રી છે, અને પરમેશ્વરી ગાયત્રી દેવતા છે. સાધકે પ્રથમ ષડંગ કરી એકાગ્ર ચિત્તે ધ્યાન કરવું. તે પછી મસ્તકમાં 'દ્યો' રૂપ દેવની, દંતપક્તિમાં 'અશ્વિનીકુમારો'ની, હોઠમાં બન્ને સંધ્યાઓની, મુખમાં અગ્નિની, જિહ્વામાં સરસ્વતીની, કંઠમાં બૃહસ્પતિની, વક્ષઃ પ્રદેશમાં આઠ વસુઓની. બાહુઓમાં મરુતની, હૃદયમાં પર્જન્યની, ઉદરમાં આકાશની, નાભિમાં અંતરિક્ષની, બન્ને કટિમાં ઇન્દ્ર તથા અગ્નિની, પેઢુમાં પ્રજાપતિની, બન્ને સાથળોમાં કૈલાસ તથા મલયચલની, બન્ને ઢીંચણોમાં વિશ્વેદેવાઓની, બન્ને સાથળોમાં પિતૃઓની, બન્ને પગમાં પૃથ્વીની, આંગળીઓમાં વનસ્પતિની, રુંવાડામાં ઋષિઓની, અને દિવસ તથા રાત્રિ મંત્ર–સુર્ય તથા ચંદ્રની ભાવના કરવી, પછી દેવી ગાયત્રીની સ્તુતિ કરીને નમસ્કાર કરવા.

આ હૃદય નિત્ય એકાગ્રચિત્તે ભણવાથી એક હજાર યજ્ઞો કર્યાનું ફળ મળે છે અને સાઠ લાખ ગાયત્રી જપ કર્યા બરાબરનું ફળ મળે છે. આઠ બ્રાહ્મણોને આ ગાયત્રી હૃદય ભણાવવાથી સિદ્ધિ મળે છે. બ્રાહ્મણ પ્રાતઃકાળે પવિત્ર થઇ આ ગાયત્રી હૃદયનો પાઠ કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઇ

બ્રહ્મલોકમાં પૂજાય છે. ૧૦

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'ગાયત્રી હૃદય' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૫ મો

### ગાયત્રીનું ઉત્તમ સ્તોત્ર

ભક્તાનુકંપિન સર્વજ્ઞ હૃદયં પાપનાશનમ્ ।
ગાયત્ર્યાઃ કથિતં તસ્માદ્
ગાયત્ર્યા સ્તોત્રમીદય ॥

નારદે પૂછ્યું : હે સર્વજ્ઞ ! હવે મને ગાયત્રીદેવીનું ઉત્તમ સ્તોત્ર કહો.

શ્રી નારાયણ બોલ્યા : 'આ પ્રમાણે ભાવિકે સ્તોત્રનો પાઠ કરવો : હે આદિ-શકિત, હે જગન્માતા ! ભકતો પર સદા કૃપા કરનારા, સર્વત્ર વ્યાપ્ત, અનંત, સંધ્યારૂપ દેવી આપને નમસ્કાર છે. હે રકતવર્ણના ગાયત્રી, હે શ્વેતવર્ણનાં સાવિત્રી હે કૃષ્ણવર્ણના સરસ્વતી અને સંધ્યારૂપે તમેજ છો. તમેજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં પૂજ્ય છો, હે દેવી, મનુષ્યો તમને પ્રાતઃકાળે બાળારૂપે, મધ્યાહ્ને યુવતીરૂપે અને સાયંકાળે વૃદ્ધાસ્વરૂપે ચિંતવે છે, સ્મરે છે. હે દેવી, તમે જ હંસવાહના બ્રાહ્મી છો, ગરૂડવાહના સર-સ્વતી છો અને વૃષભવાહના પાર્વતી છો, આપ જ સપ્તર્ષિઓને પ્રીતિ ઉપજાવો છો અને ઘણાં વરદાનો આપો છો અને ત્રણે લોકમાં વસતાં દેવી તમે જ છો.

આ સ્તોત્રનો સ્નાન કરતી વખતે પાઠ કરવાથી ભાવિકને ગંગામાં સ્નાન કર્યા બરાબરનું ફળ મળે છે. જે ભાવિક ભક્તિપૂર્વક આ સ્તોત્ર ભણે છે કે સાંભળે છે તેના સર્વ પાપો બળી જતાં અંતે તે મોક્ષનો અધિકારી થાય છે. ૨૯

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'ગાયત્રીનું ઉત્તમ સ્તોત્ર' નામનો ૫ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૬ ઠ્ઠો

### ગાયત્રી સહસ્ર નામ

નારદ ઉવાચ

ભગવાન સર્વ ધર્મજ્ઞ સર્વશાસ્ત્ર વિશારદ ।
શ્રુતિ સ્મૃતિ પુરાણાનાં રહસ્યં
ત્વન્મુ ચ્છ્રુતામ્ ॥

નારદે પૂછ્યું : હે ભગવન્ ! આપના મુખેથી મેં શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોનું પાપનાશક અને પુણ્યકારક રહસ્ય સાંભળ્યું, હવે મનુષ્યને આ લોક તથા પરલોકમાં ઉત્તમ ફળ કયા સાધનથી મળે તે કહો. શ્રી નારાયણ બોલ્યા : એ માટે ઉત્તમ સાધન 'ગાયત્રી સહસ્ર' નામનો પાઠ કરવો તે છે. ગાયત્રી દેવીના એક હજારને આઠ નામ અત્યંત દિવ્ય, શુભ ને પાપનાશક છે. દેવીના આ નામો બ્રહ્મા એ સૃષ્ટિના આરંભમાં કહેલાં છે. એ સર્વ નામોનાં ઋષિ બ્રહ્મા છે, છંદ અનુષ્ટુપ છે, દેવતા ગાયત્રી દેવી છે, બીજ વ્યંજનો તથા કરન્યાસ માતૃકાના વર્ણોથી થાય છે. આ સહસ્રનામો ઘણાં પ્રચલિત છે. સ્થળ સંકોચને લીધે અત્રે આપ્યાં નથી. આ સહસ્રનામનો પાઠ કરનાર પર દેવી સદા પ્રસન્ન રહે છે.

ઈતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'ગાયત્રી સહસ્રનામ' નામનો ૬ ઠ્ઠો અધ્યા સમાપ્ત

## અધ્યાય ૭ મો

### દીક્ષા વિધિ

નારદ ઉવાચઃ

શ્રુત સહસ્રનામાખ્ય શ્રીગાયત્ર્યાઃ ફલપ્રદમ્ ।
સ્તોત્રમહોન્નતિકરં–મહાભાગ્યકરં પરમ્ ॥

નારદે પૂછ્યું : મેં ગાયત્રીના મહા ફળને આપનાર 'સહસ્રનામ' સ્તોત્ર

વિષે સંક્ષેપમાં જાણ્યું, હવે દીક્ષા વિષે સાંભળવાની ઇચ્છા છે.

શ્રી નારાયણ બોલ્યા : આમાં ગુરુ તથા શિષ્ય બન્ને શુદ્ધ હોવા જોઇએ. પ્રથમ ગુરુએ દીક્ષાની વિધિ પ્રમાણે પ્રાતઃકાળનાં સર્વ કર્મો કર્યાં પછી મૌન પણે હાથમાં કમંડળ લઈ ચાલતાં નદી કિનારેથી દીક્ષા આપવાના સ્થળે જઇ ત્યાં આસન પર બેસવું, પછી શિષ્યને સામે બેસાડી ગુરુએ દીક્ષાવિધિ મંત્રોચ્ચાર પૂર્વક શરૂ કરીને અગ્નિકુંડમાં વિવિધ દ્રવ્યોની આહુતિઓ આપવી, અંતમાં દશ મહાગણેશ મંત્રોથી હોમ કરવો. ત્યારબાદ મંત્રદેવતાને અગ્નિમાં પૂજી ધ્યાન કરી મૂલમંત્રથી દેવતાના મુખે પચ્ચીસ આહુતિઓ આપવી. તે પછી આવરણ દેવતાનો હોમ કરી, મૂલમંત્રથી એક હજારને આઠ તલથી આહુતિઓ આપવી. પછી મંત્રોચ્ચારને પૂજનથી પવિત્ર થયેલા શિષ્યને કુંડ પાસે લાવવો પછી દર્ભ સળીથી શિષ્યનો સ્પર્શ કરી ગુરુએ ઘી મિશ્રિત તલથી શિષ્યને સ્પર્શ કરી આઠ આહુતિઓ આપવી, પછી પૂર્ણાહુતિ હોમ કરી દેવતાને કળશમાં લાવી વ્યાહૃતિ હોમ કરી અગ્નિના અંગની એક એક આહુતિ આપી પછી અગ્નિનું પોતામાં વિસર્જન કરવું, પછી શિષ્યના નેત્રોને વૌષટ મંત્ર ભણી વસ્ત્રથી પાટો બાંધી શિષ્યને કુંડ પાસેથી કળશ પાસે લઇ જઇ તેની પાસે મુખ્ય દેવીને પુષ્પાંજલિ કરાવવી પછી આંખેથી પાટો છોડી નાખી શિષ્યને દર્ભના આસન પર બેસાડી તેની ભુતશુદ્ધિ કરવી, પછી શિષ્યે સ્નાન કરી બે શુદ્ધ વસ્ત્રો પહેરી, ભસ્મ ધારણ કરી ગુરુ સામે હાથ જોડીને બેસવું પછી ગુરુએ શિષ્યના મસ્તકે હાથ મુકી તેના જમણા કાનમાં દેવીના એકસો એકવાર જપ કરવા, શિષ્યે ગુરુને પ્રણામ કરવા. પછી દીક્ષા પામેલા શિષ્યે ગુરુ તથા બ્રાહ્મણોને દક્ષિણા આપી સંતોષવા. આ પ્રમાણે દીક્ષા વિધિ છે અને તે ઘણો જ સંક્ષેપમા મેં કહ્યો.

વ્યાસે કહ્યું, 'હે જનમેજય ! આ પ્રમાણે નારદમુનિને ઉપદેશ આપી ભગવાન નારાયણ દેવીનું ધ્યાન કરવા મગ્ન બન્યા અને નારદ પણ પોતાને ઉત્તમ ઉપદેશ કરનાર ગુરુ નારાયણને વારંવાર પ્રણામ કરી, દેવીનો સાક્ષાત્કાર કરવા માટે એકાંત સ્થળે તપ કરવા ચાલ્યા ગયા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'દીક્ષા વિધિ' નામનો ૭ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૮ મો

### કેન ઉપનિષદની કથા

જનમેજય ઉવાચ

ભગવન્ સર્વધર્મજ્ઞ સર્વશાસ્ત્ર વતાં વર ।
દ્વિજાતિનાં તું સર્વેષાં
શક્તયુપાસ્તિઃ શ્રુતિરિતા ॥

જનમેજયે પૂછ્યું : હે મુને ! અગાઉ આપે દેવીના પરમ ધામ મણિદ્વીપનું માહાત્મ્ય કહ્યું હતું તો એ ઉત્તમ સ્થાન કેવું છે ? એ જાણવાની મને ઇચ્છા છે.

વ્યાસ બોલ્યા : 'હે રાજન્ ! અગાઉ મેં મણિદ્વીપનું વર્ણન સારી રીતે કરેલું છે અને તે પ્રસંગ પણ મેં ઉત્તમ પ્રકારે કહ્યો છે. એક વેળા દેવો અને દૈત્યો

TEMPORA FOR THE ALUMNI PLEASE

વચ્ચે પ્રચંડ યુદ્ધ થયું એ વખતે દેવી ભગવતીની કૃપાથી દેવોએ દાનવોને હરાવી દીધા. આથી દેવો પોતે જ દાનવોને હરાવ્યા છે એમ અભિમાન કરતા દેવો નાચવા લાગ્યા. કારણ કે, પરાશક્તિ ભગવતી દેવીના પ્રભાવને તેઓ જાણતા નહોતા. પછી તેમના પર અનુગ્રહ કરવા ભગવતી તેમની સમક્ષ યક્ષસ્વરૂપે પ્રકટ થયા. તેમનું શરીર કરોડો સૂર્ય સમાન પ્રકાશતું હતું, તેથી દેવો આશ્ચર્યમાં પડી ગયા કે આ શું છે? આ કોણ છે? આ તો કોઇ દાનવની ચેષ્ટા છે કે કોણ છે તે જાણવા જુદા જુદા દેવોએ જુદી જુદી રીતે પ્રયત્ન કર્યા તો દેવીએ તેમને પોતાના સ્વરૂપની જાણ કરી અને કહ્યું: બ્રહ્મા, વિષ્ણુ ને કારણાત્મક રૂદ્રને મારાથી જ સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરવાની, પ્રેરણા મળે છે, મારા જ ભયથી વાયુ વાય છે મારા જ ભયથી સૂર્ય આકાશગમન કરે છે. એ પ્રકારે ઇન્દ્ર, અગ્નિ, યમ મારાથી ભય પામી પોતપોતાનાં કર્તવ્ય નિયમપૂર્વક કરે છે. કારણ કે હું સર્વશક્તિમાન છું તમે દાનવો સામે જે વિજય મેળવ્યો છે તે તમારા પરાક્રમને લઇને નહિ, મારી કૃપાથી તમે વિજયી થયા છો, તમે બધા કઠપૂતળી જેવા છો, ને હું દોરી ખેંચીને તમને નચાવું છુ તેમ તમે નાચો છો. આમ દેવોને વૃત્તાંત કહી ભગવતી દેવી બધાને વિમાનમાં બેસાડી પોતાના દિવ્ય ધામ મણિદ્વીપમાં લઈ ગયા અને તેની શોભા જોઇ સર્વ દેવો આશ્ચર્યચકિત થઇ ગયા, પછી તે બધા દેવો નિત્ય મા જગદંબિકાની ઉપાસના કરવા લાગ્યા: બધાયે ત્યારથી ગાયત્રી જપથી સંલગ્ન બન્યા. તે સત્ય યુગમાં દ્વીજો નિરંતર ગાયત્રી-જપ તથા મા ભગવતીના ચરણકમળોની ઉપાસનામાં જ સમય વ્યતિત કરતા હતા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'કેન ઉપનિષદની કથા' નામનો ૮ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૯ મો

### ગૌતમનો બ્રાહ્મણોને શાપ

**વ્યાસ ઉવાચ**

**કદાચિદથ કાલે તુ દશપંચસમા વિભો ।**
**પ્રાણિનાં કર્મવશતો ન વવર્ષ શતક્રતુઃ ॥**

વ્યાસે કહ્યું: હે રાજા! કોઇ એક વખત અનાવૃષ્ટિને લીધે સર્વત્ર વિનાશક દુષ્કાળ પડેલો ત્યારે બ્રાહ્મણો તેના નિવારણ માટે ગૌતમ ઋષિ પાસે તેમના આશ્રમમાં ગયેલા ત્યારે ગૌતમ ઋષિએ બધાને અભય આપેલું કે 'તમે સર્વ ચિંતા છોડીને આ સ્થળે રહો અને ગાયત્રી જપમાં મગ્ન બનો.' તે પછી ગૌતમ ઋષિએ મા ભગવતીની સ્તુતિ કરી એટલે મા જગદંબાએ પ્રસન્ન થઇ તેમને એવું દિવ્ય પાત્ર આપ્યું કે તે પાત્રના આધારે સર્વ વસ્તુ મળી શકે અને સર્વ જનોને અન્ન, જળ, વસ્ત્રો વગેરેથી સંતોષ્યા. બધાયનું દુષ્કાળનું દુઃખ મટી ગયું. સર્વત્ર ગૌતમ ઋષિની પ્રશંસા થવા લાગી તેથી કેટલાક અદેખા બ્રાહ્મણોએ કપટ કરીને તેમને નિંદિત બનાવવા પ્રયાસ કર્યો ત્યારે ગૌતમ ઋષિએ બ્રાહ્મણોને શાપ આપ્યો કે, તમે બધા અધમ બ્રાહ્મણો ગણાશો.

તમે રૂદ્રાક્ષ, બિલી અને ભસ્મથી વંચિત રહેશો. તમારા અધમ કૃત્યથી ગાયત્રી જગદંબાનો તમારા પર કોપ છે એથી તમે બધા અંધકુપ નરકમાં જઇ વસજો.'

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણ દ્વાદશ સ્કંધ વિષે 'ગૌતમનો બ્રાહ્મણોને શાપ' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૦ મો

### દેવીના ધામ મણિદ્વીપનું વર્ણન

વ્યાસ ઉવાચ

**બ્રહ્મલોકા દુર્ધ્વભાગે સર્વલોકોસ્તિઃ શ્રુતઃ ।**
**મણિદ્વીપઃ સ એવાસ્તિયત્ર દેવી વિ રાજતે ।।**

વ્યાસે કહ્યું : રાજન્ ! મણિદ્વાપ તે બ્રહ્મલોકની ઉપરના ભાગમાં આવેલો છે. તે જ પરમ પુનિત ધામમાં મા ભગવતી બિરાજે છે. તે 'સર્વલોક' નામથી પણ ત્રૈલોકયમાં પ્રસિદ્ધ છે. સર્વ બ્રહ્માંડ એની છત્ર-છાયામાં છે. એ મણિદ્વીપની ચારે બાજુ અનેક યોજન લાંબો અમૃત સાગર આવેલો છે. તે સાગરની રેતી રત્નમય છે. કિનારા પર રત્નમય વૃક્ષો છે.

આ દ્વીપમાં મનોહર સરોવરો, ઝરણાં અને ઉત્તમ બાગ આવેલાં છે. અગાઉ આ દ્વીપનું વર્ણન આવી ગયું છે એટલે અહીં ટુંકમાં જણાવ્યું છે. આ મણિદ્વિપની ઉત્તર દિશામાં યક્ષોનો મહાન લોક છે. ઇશાન ખુણામાં મહાન રુદ્રલોક છે, રુદ્રોમાં જેમનું વર્ણન આવે છે તે રુદ્રોથી વીંટળાયેલા પરમાત્મા શંકર આ ઉત્તમ લોકમાં બિરાજે છે. તેમની સાથે કરોડો રુદ્રાણીઓ અને ભદ્રકાળી આદિ માતૃકાઓ પણ રહે છે. ભગવાન રુદ્ર ઇશાન દિશાના સ્વામિ છે તેથી તેઓ ત્રૈલોકયમાં 'ઇશાન' નામથી વિખ્યાત છે.

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'દેવીના ધામ મણિદ્વીપનું વર્ણન' નામનો ૧૦ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૧ મો

### દેવીના ધામની અપૂર્વ શોભા

વ્યાસ ઉવાચ

**પુષ્પરાગમયાદગ્રે કુંકુમારુણ વિગ્રહઃ ।**
**પદ્મરાગમયઃ સાલો મધ્યે ભૂશ્ચૈ વ તાદશી ।।**

વ્યાસ બોલ્યા : એ મણિદ્વીપને રત્નો જડેલો કિલ્લો અત્યંત શોભાવી રહ્યો છે. અંદર સેંકડો મંડપો પદ્મરાગ મણિ જડેલા થાંભલાઓથી યુકત છે, એ મંડપોમાં ચોસઠ કળાઓ રત્નમય આભુષણો ધારણ કરેલી રહે છે. એ ચોસઠે કળાઓનાં પોતપોતાના અલગ નામ અને અલગ વાહન છે. પદ્મરાગના આવરણ નીચેના મંડપોમાં યુદ્ધ માટેની બધી સામગ્રી ભરેલી હતી. રથો પાલખીઓ, હાથીઓ, ઘોડાઓ, ગણો, વિવિધ પ્રકારનાં શસ્ત્રો અને અવનવા આયુધો પાર વિનાનાં હતાં. એક મંડપમાં બત્રીસ પ્રસિદ્ધ શક્તિઓ વસે છે. એમાંની એક જ શકિત લાખો બ્રહ્માંડોનો સંહાર કરી શકે એવી સામર્થ્યવાળી છે. આ ઉપરાંત ત્યાં સંજ્ઞક દેવતાઓનાં પણ ઘણાં કલાત્મક રત્નજડિત્ર ભવનો આવેલાં છે, શ્રીદેવીના જેટલા અવતારો છે તે બધાનાં રહેઠાણ આ મણિદ્વીપમાં આવેલાં છે.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'દેવીના ધામની અપુર્વ શોભા' નામનો ૧૧ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૨ મો

### દેવીનો ચિંતામણિ આવાસ

વ્યાસ ઉવાચ

**તદેવ દેવીસદનં મધ્યભાગે વિરાજતે ।**
**સહસ્ર સ્તમ્ભસંયુક્તાશ્ચત્વારસ્તેષુમંડપાઃ ।।**

વ્યાસ બોલ્યા : રત્નોના કિલ્લાની મધ્યે દેવીનું મોટું ચિંતામણિગૃહ આવેલું છે, તે ગૃહના રત્નમણિ જડેલા હજારો સ્તંભોના પ્રકાશથી આંખો અંજાઈ જાય.

આ ચિંતામણી ગૃહ ઘણું જ અલૌકિક હતું, તેમાં પ્રકાશના પૂંજ રેલાતા હોવાથી તે ઝગમગ ઝગમગ થઈ રહ્યું હતું. તેની રચના જ અલૌકિક હતી. જોનારની આંખો ઠરી જાય તેવી તેની અદ્‌ભુત રચના હતી.

ગૃહમાં જુદા જુદા મંડપો આવેલા છેઃ શૃંગાર મંડપ, મુક્તિ મંડપ, જ્ઞાન મંડપ, એકાંત મંડપ, આ મંડપોમાં ભાતીગળ ચંદરવા બાંધેલા છે ને નિરંતર થતા ધુપને લીધે સુવાસિત હોય છે. મંડપની આસપાસ રમણિય વાડીઓ આવેલી છે તેમાં કેસર, જુઇ અને મોગરાના પુષ્પો થાય છે. દેવીના ચિંતામણિ ગૃહમાં એક રત્ન જડિત પલંગ છે. એ પલંગના ચાર પાયા રૂપે 'બ્રહ્મા, વિષ્ણુ રુદ્ર અને ઇશ્વર' રહેલા કહેવાય છે, તેમાં વચ્ચેના પાટિયા રૂપે સદાશિવ રહેલા કહેવાય છે. આ પલંગ પર ભુવનેશ્વર નામના દેવ બિરાજે છે. એ મહાદેવના ડાબા ખોળામાં શ્રી ભુવનેશ્વરી દેવી બિરાજે છે.

ઇતિ શ્રીદેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'દેવીનો ચિંતામણિ આવાસ' નામનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૩ મો

### જન્મેજયે અંબિકાનો યજ્ઞ કર્યો

વ્યાસ ઉવાચ

**ઇતિ તે કથિતં ભૂપયદ્ યત્-**
**પૃષ્ટં ત્વયાઽનઘ ।**
**નારાયણેન યત્પ્રોકતં નારદાય મહાત્મને ।।**

વ્યાસ બોલ્યા : હે જનમેજય! આ શ્રી ભગવતી દેવીનું શ્રેષ્ઠ દિવ્ય પુરાણ સાંભળનાર મનુષ્યનો જન્મારો સફળ થાય છે, વળી તે વાંચનાર અને સાંભળનાર પર જગદમ્બિકા દેવી સદાય પ્રસન્ન રહે છે. હે રાજન્! હવે તું પણ તારા પિતાનો ઉદ્ધાર કરવા દેવીનો યજ્ઞ કર, વળી જન્મની સફળતા આપનારો સર્વ શ્રેષ્ઠ મહાદેવીનો મંત્ર શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગ્રહણ કર.

જનમેજય રાજાએ પછી મુનિવર્યને પ્રાર્થના કરીને તેમની પાસેથી દેવીના 'પ્રણવ' સંજ્ઞાત્મક બીજરૂપ મહામંત્રની વિધિપૂર્વક દીક્ષા લીધી, પછી જ્યારે આસો મહિનામાં નવરાત્ર આવ્યા ત્યારે જનમેજય રાજાએ મોટા ઋષિઓને બોલાવી છુટે હાથે ધન વાપરીને બહુ જ સામગ્રીથી અંબિકા દેવીનો યજ્ઞ–કોટિ હોમાત્મક દેવી યજ્ઞ કર્યો. પછી આ ઉત્તમ શ્રીમદ્ દેવીભાગવત મહાપુરાણનો બ્રાહ્મણો દ્વારા પાઠ કરાવ્યો. ભગવતી દેવી અંબિકાની પ્રસન્નતા મેળવવા માટે તેમની સમક્ષ જ આ દેવીપુરાણનું પારાયણ થયું હતું. આ પ્રસંગે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી ભોજન કરાવ્યું, સૌભાગ્યવતી સ્રીઓ, કુમારિકાઓ તેમ જ બ્રહ્મચારીઓને પણ

ભોજન કરાવ્યું તથા દીન અનાથોને પણ ભોજન સાથે દ્રવ્ય આપી સંતુષ્ઠ કર્યા. વ્યાસમુનિના આશીર્વચનોથી જનમેજય રાજાએ પણ સર્વસ્વ ત્યજી દઇ ભગવતીની ઉપાસના કરવા માંડી. જે મનુષ્ય આનો પાઠ કરે છે તેને વેદપાઠ કર્યા બરાબરનું પુણ્ય–ફળ મળે છે, માટે ભાવિકોએ અનુકુળતાએ આ શ્રીમદ્ દેવી ભાગવત–ભગવતી ભાગવતનું પારાયણ કરવું.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'જનમેજયે અંબિકાનો યજ્ઞ કર્યો' નામનો ૧૩ મો અધ્યાય સમાપ્ત

## અધ્યાય ૧૪ મો

### દેવી ભાગવતનું ફળ

**વ્યાસ ઉવાચ**

**અર્ધશ્લોકાત્મકં યત્તુ**
**દેવીવક્ત્રાબ્જનિર્ગતમ્ ।**
**શ્રીમદ્ભાગવતં નામ વેદસિદ્ધાંત બોધકમ્ ।।**

સુત બોલ્યા : શ્રી દેવીનાં મુખકમળથી 'સર્વં ખલ્વિદમેવાહં નાન્યદસ્તિ સનાતનમ્' એ જે અર્ધો શ્લોક નીકળ્યો હતો એનું જ નામ 'શ્રીમદ્ દેવીભાગવત' પડયું અને જે વેદના સિદ્ધાંતને જણાવતું અર્ધશ્લોકાત્મક છે. તેનો ઉપદેશ દેવીએ જ વડના પાંદડાં પર સૂતેલા બાળ–વિષ્ણુને કર્યો હતો. સૌ પ્રથમ બ્રહ્માએ આ ભાગવતનું સોકરોડ શ્લોકોમાં વિસ્તારથી વર્ણન કર્યું હતું. તે પછી શુકદેવજીને આ ભાગવત ભણાવવા માટે વેદવ્યાસે એમાંથી સારભાગ લઇ અઢાર હજાર શ્લોકોને બાર સ્કંધોમાં સમાવી દેવીપુરાણ રચી તે શુકદેવજીને ભણાવ્યું હતું. આ ઉત્તમ પુરાણના જેવું પુનિત–પવિત્ર, પાપનાશક કોઇ પુરાણ નથી.

જે ઘરમાં આ દિવ્ય દેવીભાગવતનું ઉત્તમ પુસ્તક નિત્ય પૂજાયેલું રહે છે, તે ઘરમાં લક્ષ્મી અને સરસ્વતી સાથે જ રહે છે અને કયારેય ઘરમાંથી જતાં નથી. તેમજ ભુત, પ્રેત. પિશાચ, ડાકિની, વૈતાલ, રાક્ષસો વગેરે પણ ત્યાં ઉપદ્રવ કરી શકતા નથી. માટે સર્વ દેવીભકતોએ આ ઉત્તમ દેવીપુરાણનો ગ્રંથ ઘરમાં રાખી તેનું પૂજન અને પાઠ કરવા.

સુત પુરાણીનું કહેવું સાંભળી નૈમિષારણ્યમાં વસતા તપસ્વી—મુનિઓએ સુતની ઉત્તમ પૂજા કરી અને તે બધાયે દેવીના ચરણકમળને પૂજનારા થયા. તેમણે કથા કહેવાનો શ્રમ લીધા બદલ સુતની ક્ષમા માગી, પછી સુતપુરાણી ત્યાં રહેલા સર્વેને આશીર્વાદોથી વધાવીને ભગવતીનું સ્મરણ કરતા ત્યાંથી નીકળ્યા.

ઇતિ શ્રી દેવીભાગવત મહાપુરાણમાં દ્વાદશ સ્કંધ વિષે 'દેવીભાગવતનું ફળ' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

## સ્કંધ બારમો સમાપ્ત

## શ્રી દેવીભાગવત સમાપ્ત

ॐ ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चै नमः